जैन साईट JAINSITE.com

જૈનમ્ જયતિ શાસનમ્

# JAINSITE E-BOOKS LITERATURE

## JAIN HISTORY • JAIN GRANTH • JAIN SUTRA
## JAIN VIDHI • JAIN STORY • JAIN ASTROLOGY

**And Many More Books in Gujarati, Hindi & English**

જૈનસાઇટ ઈ-બુક્સ લિટરેચર ના સંપુર્ણ લાભાર્થી

## શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ,
(જુના નાગરદાસ રોડ), અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.





www.jainsite.com

Blessings : **P. P. PANYAS SHREE NIPUNCHANDRA VIJAYJI M. S.**

Inspired by : **MUNI BHAGYACHANDRA VIJAYJI M. S.**

Created by : nikhil sambhav NEVER STOP

E-mail: info@jainsite.com • Tel.: 09867711171

।। ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

## જૈન ઈ-બુક્સ ના સંપુર્ણ લાભાર્થી

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)



।। ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

ટ્રસ્ટની નોંધણી નં. F-4210 (BOM)
સોસાયટીની નોંધણી નં. Bombay 381/1976 G.B.B.S.D.

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ, (જુના નાગરદાસ રોડ),
અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.

## પ્રસ્તાવના

અનેક પરમોપકારક આચાર્ય દેવ જ્ઞાની, તપસ્વી મુનિરાજ, સેવાભાવી સાધ્વીજી ભગવંતોના અદ્વિતિય-અદ્ભૂત-અવર્ણનીય આશિર્વાદથી તથા મહાપવિત્ર મંત્રોચ્ચાર અને વિધિ વિધાન દ્વારા સ્થાપિત આકર્ષક અલૌકિક અનેરૂ અને મનમોહક ૨૩મા ભગવાન શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી મનોરમ્ય, નેત્ર દિપક લાવણ્યમય પ્રતિમાજીને મૂળનાયક તરીકે બિરાજમાન કરેલ દેવવિમાન તુલ્ય તીર્થસમ જિનાલય એટલે મારું-તમારું અને આપણા સહુનુ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીનું શિખરબંધી જિનાલય તથા ધીર-વીર-ગંભીર-સરળ-ભક્તિ-ધાર્મિક પાપભીરૂ દાનવીર અને ઉત્તમોત્તમ શ્રાવક-શ્રાવિકાઓથી બનેલો ૨૫મા તીર્થંકર તરીકે ઓળખાતો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ, અંધેરી (પૂર્વ) એટલે અમારો શ્રી અને સરસ્વતીથી સભર બનેલો વિનયી-વિવેકી અને ગુરૂભગવંતોનો કૃપાપાત્ર બનેલ ચારે તરફ એ દશે દિશાઓમાં જૈનમ્ જયતિ શાસનમ્ ની યશોગાથા નો વિજયઘોષ ૧૪ રાજલોકમાં ગુંજતો કરનાર એટલે અમારો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ અંધેરી (પૂર્વ) અનેક નાના મોટા ધાર્મિક અનુષ્ઠાનો કરનાર શ્રી સંઘોને મદદરૂપ બનનાર, અનેક પાંજરાપોળોને સહાયભૂત થનારો અનેક સાધુ-સાધ્વીજી ભગવંતોના વૈયાવચ્ચમાં સદાય અગ્રેસર, ગૃહ જિનાલયમાંથી શરૂ થયેલ આજે ઉત્તુંગ ગગનચુંબી આકર્ષક શિખરબદ્ધ જિનાલય જેમાં દેવ-દેવીઓની દેવકુલિકાઓ શોભી રહી છે. શ્રી સંઘમાં કાયમી આયંબિલ ખાતુ-બે બે પાઠશાળાઓ, જ્ઞાનભંડાર એટલે શ્રી સંઘ શક્તિનું નમૂનેદાર નજરાણું કહેવાય.

યુગદિવાકર પ. પૂ. ઉપકારી ગચ્છના નાયક આ. ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ. સા. ની શુભ પ્રેરણા માર્ગદર્શક તથા તેમની શુભ નિશ્રામાં નિર્મિત અને સ્થાપિત શ્રી જિનાલય તથા પ. પૂ. શતાવધાની આ. ભ. શ્રી જયાનંદસૂરીજીની પ્રેરણાથી તા. ૪-૪-૧૯૭૬ માં શ્રી સંઘની સ્થાપનાના સુંદર વિચારોનું બીજ આજે ઘેઘુરો ઘટાદાર વૃક્ષ સમાન બન્યો છે. ચમત્કારી અને અલૌકિક મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરીને જૈન-જૈનતરોની ઇચ્છાઓ ફળીભૂત થઈ છે.

નિસહાય-અબોલ બનેલા ઢોરોની અને પાંજરાપોળોને અમારા શ્રી સંઘે ઉદાર હાથે મદદ કરી છે તથા હાલમાં કેળવણી ક્ષેત્રે, મેડીકલ ક્ષેત્રે, સાધર્મિક ક્ષેત્રે, અનુકંપા ક્ષેત્રે પણ શ્રી સંઘની જ એક શાખા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ફાઉન્ડેશન દ્વારા આર્થિક સહાય ચાલુ છે.

**શ્રી શ્વે. મૂ. જૈન સંઘ વતી**

પ્રમુખ

नमो नमो निम्मल दंसणस्स

# આગમદીપ

## ૪૫ આગમ ગુર્જર છાયાઃ-

ज्योतिषाचार्य
मुनिराज श्री जयप्रभविजयजी 'श्रमण'
श्री मोहनखेडा तीर्थ
पोस्ट : राजगढ (धार) पिन : 454116 (म.प्र.)



जैन साईट
JAINSITE.com

## આગમ :- ૫
## ભગવઈ / વિવાહપન્નત્તિ

-: ગુર્જર છાયા કર્તા :-

## મુનિ દીપરત્ન-સાગર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાલ બ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ

नमो नमो निम्मल दंसणस्स          ह्रीँ पद्मावती देव्यै नमः

શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# આગમ-દીપ

વિભાગ બીજો – આગમ-૫- ગુર્જરછાયા

## ભગવઈ

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

-: ગુર્જર છાયા કર્તા :-

મુનિ દીપરત્નસાગર

તા. ૩૧/૩/૯૭ સોમવાર ૨૦૫૩ ફા. વ. ૭

૪૫ આગમ - ગુર્જર છાયાનું મૂલ્ય રૂ. ૨૦૦૦/-

આગમ દીપ પ્રકાશન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ॐ ह्रीँ अर्हं श्री पार्श्वनाथाय नमः

ॐ नमो अभिनव नाणस्स

(મુદ્રક)
**નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ**
ઘીકાંટા રોડ, અમદાવાદ

(કમ્પોઝ)
**શ્રી ગ્રાફિકસ** ૨૧, સુભાષનગર,
ગિરધરનગર, શાહિબાગ, અમદાવાદ.

**-: આ આગમદીપ-સંપુટના મુખ્ય દ્રવ્ય સહાયક :-**
**રત્નત્રયરાધકા સાધ્વીજી સૌમ્યગુણાશ્રીજી ની પ્રેરણાથી**
૧- શાહ શાંતાબેન મનસુખલાલ બાખરીયા-અમદાવાદ
૨- શાંતાબેન શાંતિલાલ પી. દામાણી-મુંબઈ
૩- મંજુલાબેન ગુણવંતલાલ વોરા-અમદાવાદ

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

## ★ ૪૫ આગમદીપ-ગુર્જર છાયા - પ્રાપ્તિ સ્થાન ★

| | |
|---|---|
| શ્રી ડી.કે. ઠક્કર<br>૧૬, અલકાનગર, પ્રિયલક્ષ્મી મિલ્સ પાસે<br>એલેમ્બિક રોડ, વડોદરા. | શ્રી જગદીશભાઈ એમ. શાહ<br>૧, અલકનંદા સોસાયટી, આઝાદ સ્વીટ<br>સામે, આશ્રમરોડ, વાડજ, અમદાવાદ. |
| શ્રીમતી નયનાબેન રમેશચંદ્ર શાહ<br>૨૦, ગૌતમનગર સોસાયટી,<br>રેસકોર્સ સર્કલ પાસે, વડોદરા | ડૉ. પિનાકીન એન. શાહ<br>૨૧, સુભાષનગર, ગિરધરનગર,<br>શાહીબાગ, અમદાવાદ. |

**નોંધ :-** ૪૫ આગમ - "ગુર્જર છાયા" માટે **આગમ દીપ પ્રકાશન** અમદાવાદનો રૂા. ૨૦૦૦/-ની કિંમતનો ડ્રાફ્ટ આપીને જ સેટ મેળવી શકાશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# આગમદીપ - વિભાગ-૨ - અનુક્રમ



| શતક | અનુક્રમ | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧ | ૧-૧૦૪ | ૯-૪૨ |
| ૨ | ૧૦૫-૧૫૦ | ૪૨-૬૩ |
| ૩ | ૧૫૧-૨૦૬ | ૬૩-૯૫ |
| ૪ | ૨૦૭-૨૧૪ | ૯૫-૯૬ |
| ૫ | ૨૧૫-૨૭૧ | ૯૬-૧૨૧ |
| ૬ | ૨૭૨-૩૨૬ | ૧૨૧-૧૬૦ |
| ૭ | ૩૨૭-૩૮૦ | ૧૪૧-૧૬૧ |
| ૮ | ૩૮૧-૪૩૭ | ૧૬૧-૨૦૭ |
| ૯ | ૪૩૮-૪૭૩ | ૨૦૭-૨૪૩ |
| ૧૦ | ૪૭૪-૪૯૩ | ૨૪૪-૨૫૩ |
| ૧૧ | ૪૯૪-૫૨૮ | ૨૫૩-૨૭૭ |
| ૧૨ | ૫૯૨-૫૬૬ | ૨૭૭-૩૦૧ |
| ૧૩ | ૫૬૭-૫૯૫ | ૩૦૧-૩૨૧ |
| ૧૪ | ૫૯૬-૬૩૬ | ૩૨૧-૩૩૩ |
| ૧૫ | ૬૩૭-૬૫૯ | ૩૩૩-૩૪૬ |
| ૧૬ | ૬૬૦-૬૯૨ | ૩૪૬-૩૬૮ |
| ૧૭ | ૬૯૩-૭૨૦ | ૩૬૮-૩૭૫ |
| ૧૮ | ૭૨૧-૭૫૭ | ૩૭૫-૩૯૩ |
| ૧૯ | ૭૫૮-૭૭૮ | ૩૯૩-૪૦૧ |
| ૨૦ | ૭૭૯-૮૦૫ | ૪૦૧-૪૧૬ |
| ૨૧ | ૮૦૬-૮૨૧ | ૪૧૬-૪૧૮ |



જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| શતક | અનુક્રમ | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૨૨ | ૮૨૨-૮૨૮ | ૪૧૮-૪૧૯ |
| ૨૩ | ૮૨૯-૮૩૪ | ૪૨૦- |
| ૨૪ | ૮૩૫-૮૬૦ | ૪૨૦-૪૫૪ |
| ૨૫ | ૮૬૧-૯૭૪ | ૪૫૪-૪૯૧ |
| ૨૬ | ૯૭૫-૯૯૦ | ૪૯૧-૪૯૫ |
| ૨૭ | ૯૯૧- | ૪૯૫- |
| ૨૮ | ૯૯૨-૯૯૪ | ૪૯૬- |
| ૨૯ | ૮૨૩-૮૨૪ | ૪૯૭-૪૯૮ |
| ૩૦ | ૮૨૫-૮૨૯ | ૪૯૮-૫૦૨ |
| ૩૧ | ૮૩૦-૮૪૨ | ૫૦૨-૫૦૫ |
| ૩૨ | ૮૪૩-૮૪૪ | ૫૦૫- |
| ૩૩ | ૮૪૫-૮૫૦ | ૫૦૬-૫૦૮ |
| ૩૪ | ૮૫૧-૮૫૫ | ૫૦૮-૫૧૬ |
| ૩૫ | ૮૫૬-૮૬૦ | ૫૧૬-૫૧૯ |
| ૩૬ | ૮૬૧- | ૫૧૯-૫૨૦ |
| ૩૭ | ૮૬૨- | ૫૨૦- |
| ૩૮ | ૮૬૩- | ૫૨૧- |
| ૩૯ | ૮૬૪ | ૫૨૧- |
| ૪૦ | ૮૬૫-૮૬૬ | ૫૨૧-૫૨૪ |
| ૪૧ | ૮૬૭-૮૬૮ | ૫૨૪-૫૨૭ |
| શેષ | ૮૬૯- | ૫૨૮- |


JAINSITE.com જૈન સાઈટ જૈનમ્ જયતિ શાસનમ્

# આર્થિક અનુદાતા

## આગમ-દીપ-સંપુટના મુખ્ય દ્રવ્યસહાયકો

| | |
|---|---|
| ભાગ - ૧ | સમ્યગ્ શ્રુતાનુરાગી શ્રમણોપાસિકા<br>શ્રીમતી નયનાબેન રમેશચંદ્ર શાહ - પરિવાર, વડોદરા |
| ભાગ - ૨ | રત્નત્રયારાધકા સાધ્વીશ્રી સૌમ્યગુણાશ્રીજીની પ્રેરણાથી પૂ. ગુરુમાતા રત્નત્રયાશ્રીજી મ.સા.ની તૃતીય પુન્યતિથિ નિમિત્તે<br>(૧) શાંતાબેન મનસુખલાલ બાબરીયા, અમદાવાદ<br>(૨) શાંતાબેન શાંતિલાલ પી. દામાણી, મુંબઈ<br>(૩) મંજુલાબેન ગુણવંતલાલ વોરા. હ.નીતીનભાઈ, અમદાવાદ |
| ભાગ - ૩ | સ્વનામધન્યા સાધ્વીશ્રી સૌમ્યગુણાશ્રીજીના શિષ્યા તપસ્વીરત્ના સાધ્વી શ્રી.સમજ્ઞાશ્રીજીના ભદ્રતપનિમિત્તે તથા સંવત ૨૦૫૨ના ચાતુર્માસની સ્મૃતિમાં શ્રીશંખેશ્વર-પાર્શ્વનાથ જૈનસંઘ, તુલશીશ્યામ, નવાવાડજ અમદાવાદ. |
| ભાગ - ૪ | (૧) શ્રી ખાનપુર જૈન શ્વે. મૂ. સંઘ, અમદાવાદ<br>(૨) શ્રી ગગન વિહાર શ્વે. મૂ.જૈન.દે. ટ્રસ્ટ, અમદાવાદ |
| ભાગ - ૫ | શ્રી ભીડભંજન પાર્શ્વનાથ શ્વે.મૂર્તિ. સંઘ, પારૂલનગર શોલારોડ, અમદાવાદ |
| ભાગ - ૬ તથા ભાગ - ૭ | સમ્યગ્ શ્રુતાનુરાગી શ્રમણોપાસિકા<br>શ્રીમતી નયનાબેન રમેશચંદ્ર શાહ. પરિવાર, વડોદરા |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# કોઈ એક આગમના મુખ્ય દ્રવ્ય સહાયક

| | |
|---|---|
| (૧) આયારો<br>(૨) સૂયગડો | વ્યાખ્યાન વાચસ્પતિ **પ.પૂ.આ. દેવશ્રી મહાયશ સાગરસૂરીશ્વરજી મ.સા.** ની પુનિત પ્રેરણાથી શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જૈન શ્વે.મૂર્તિ. સંઘ. ગોદાવરીનગર, વાસણા, અમદાવાદ |
| (૧) ઠાણં<br>(૨) સમવાઓ | ક્રિયાનુરાગી **સા.શ્રી રત્નત્રયાશ્રીજી મ.**ની તૃતીય પુન્યતિથિ નિમિત્તે તેમના શિષ્યરત્ના તપસ્વીની **સા.શ્રી મોક્ષરત્ના શ્રીજી** ની પ્રેરણાથી **શાહ ખીમચંદ છગનલાલ** પરિવાર-ખેરવાવાળા હસ્તે **મંજુલાબેન**. |
| (૧) જંબુદ્દીવપન્નત્તિ<br>(૨) સૂરપન્નત્તિ | અ.સૌ. **સુમિત્રાબેન હસમુખભાઈ સંઘવી**, ઈન્દ્રોડાવાળા. |
| (૧) નિસીહ<br>(૨) મહાનિસીહ | **ચંદુબેન કેશવલાલ હરગોવનદાસ વોરા** પરિવાર-કોરડાવાળા. |
| (૧) નાયાધમ્મકહા :- | મૃદુભાષી **સાધ્વી શ્રી સૌમ્યગુણાશ્રીજી**ની પ્રેરણાથી ડો. **પ્રદીપકુમાર રસિકલાલ કામદાર** હસ્તે **પ્રજ્ઞાબેન પ્રદીપકુમાર કામદાર**, કલકત્તા |
| (૧) પણ્હાવાગરણં :- | **સ્વ.પૂ.આગમોદ્ધારકશ્રી આનંદસાગર સૂરીશ્વરજી મ.સા.** ના આજ્ઞાવર્તી **સ્વ. પૂ. પદ્મલતાશ્રીજી** તથા **સ્વ. પૂ. મયણાશ્રી** ની સ્મૃતિ નિમિત્તે શતાવધાની **સા.શ્રી અમિતગુણાશ્રીજી**ની પ્રેરણાથી શેઠ **શ્રી ઘેલાભાઈ કરમચંદ** ટ્રસ્ટ, પાર્લા વેસ્ટ, મુંબઈ |
| (૧) વિવાગસૂયં :- | કાર્યદક્ષા સા. **પૂ. મલયાશ્રીજી મ.**ના પ્રશિષ્યા. **સા. ભવ્યાનંદશ્રીજી**ના શિ. મીલનસાર. **સા.પૂર્ણપ્રજ્ઞાશ્રીજી** તથા કોકીલકંઠી **સા.કૈરવપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી- મેહૂલજૈન ઉપાશ્રય. જ્ઞાનખાનું |

**શેષ રકમ આગમ સુત્તાણિ ના સેટના બદલામાં મળી છે.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## -: અ-મા-રા - પ્ર-કા-શનો :-

[૧] अभिनव हेम लघुप्रक्रिया - १ - सप्ताङ्ग विवरणम्
[२] अभिनव हेम लघुप्रक्रिया - २ - सप्ताङ्ग विवरणम्
[३] अभिनव हेम लघुप्रक्रिया - ३ - सप्ताङ्ग विवरणम्
[४] अभिनव हेम लघुप्रक्रिया - ४ - सप्ताङ्ग विवरणम्
[૫] कृदन्तमाला
[૬] चैत्यवन्दन पर्वमाला
[૭] चैत्यवन्दन सङ्ग्रह - तीर्थजिनविशेष
[૮] चैत्यवन्दन चोविशी
[૯] शत्रुञ्जय भक्ति आवृत्ति-दो
[૧૦] अभिनव जैन पञ्चाङ्ग - २०४६
[૧૧] અભિનવ ઉપદેશ પ્રાસાદ - ૧. શ્રાવક કર્તવ્ય - ૧ થી ૧૧
[૧૨] અભિનવ ઉપદેશ પ્રાસાદ - ૨. શ્રાવક કર્તવ્ય - ૧૨ થી ૧૫
[૧૩] અભિનવ ઉપદેશ પ્રાસાદ - ૩. શ્રાવક કર્તવ્ય - ૧૬ થી ૩૬
[૧૪] નવપદ - શ્રીપાલ (શાશ્વતી ઓળીના વ્યાખ્યાન રૂપે)
[૧૫] સમાધિ મરણ [વિધિ - સૂત્ર - પદ્ય - આરાધના - મરણભેદ સંગ્રહ]
[૧૬] ચૈત્યવંદન માળા [૭૭૯ ચૈત્યવંદનોનો સંગ્રહ]
[૧૭] તત્ત્વાર્થ સૂત્ર પ્રબોધટીકા [અધ્યાય-૧]
[૧૮] તત્ત્વાર્થ સૂત્રના આગમ આધાર સ્થાનો
[૧૯] સિદ્ધાચલનો સાથી [આવૃત્તિ - બે]
[૨૦] ચૈત્ય પરિપાટી
[૨૧] અમદાવાદ જિનમંદિર ઉપાશ્રય આદિ ડિરેક્ટરી
[૨૨] શત્રુંજય ભક્તિ [આવૃત્તિ - બે]
[૨૩] શ્રી નવકારમંત્ર નવલાખ જાપ નોંધપોથી
[૨૪] શ્રી ચારિત્ર પદ એક કરોડ જાપ નોંધપોથી
[૨૫] શ્રી બારવ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો - [આવૃત્તિ - ચાર]
[૨૬] અભિનવ જૈન પંચાંગ - ૨૦૪૨ [સર્વપ્રથમ ૧૩ વિભાગોમાં]
[૨૭] શ્રી જ્ઞાનપદ પૂજા
[૨૮] અંતિમ આરાધના તથા સાધુ સાધ્વી કાળધર્મ વિધિ
[૨૯] શ્રાવક અંતિમ આરાધના [આવૃત્તિ ત્રણ]
[૩૦] વીતરાગ સ્તુતિ સંચય [૧૧૫૧ ભાવવાહી સ્તુતિઓ]
[૩૧] (પૂજ્ય આગમોદ્ધારક શ્રી ના સમુદાયના) કાયમી સંપર્ક સ્થળો
[૩૨] તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા - અધ્યાય-૧
[૩૩] તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા - અધ્યાય-૨
[૩૪] તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા - અધ્યાય-૩

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| [૩૫] | તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા - અધ્યાય-૪ |
| [૩૬] | તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા - અધ્યાય-૫ |
| [૩૭] | તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા - અધ્યાય-૬ |
| [૩૮] | તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા - અધ્યાય-૭ |
| [૩૯] | તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા - અધ્યાય-૮ |
| [૪૦] | તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા - અધ્યાય-૯ |
| [૪૧] | તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા - અધ્યાય-૧૦ |

o———×———o———×———o

| | | | |
|---|---|---|---|
| [૪૨] | आयारो | [आगमसुत्ताणि-१ ] | पढमं अंगसुत्तं |
| [૪૩] | सूयगडो | [आगमसुत्ताणि-२ ] | बीअं अंगसुत्तं |
| [૪૪] | ठाणं | [आगमसुत्ताणि-३ ] | तइयं अंगसुत्तं |
| [૪૫] | समवाओ | [आगमसुत्ताणि-४ ] | चउत्थं अंगसुत्तं |
| [૪૬] | विवाहपन्नति | [आगमसुत्ताणि-५ ] | पंचमं अंगसुत्तं |
| [૪૭] | नायाधम्मकहाओ | [आगमसुत्ताणि-६ ] | छठ्ठं अंगसुत्तं |
| [૪૮] | उवासगदसाओ | [आगमसुत्ताणि-७ ] | सत्तमं अंगसुत्तं |
| [૪૯] | अंतगडदसाओ | [आगमसुत्ताणि-८ ] | अठ्ठमं अंगसुत्तं |
| [૫૦] | अनुत्तरोववाइयदसाओ | [आगमसुत्ताणि-९ ] | नवमं अंगसुत्तं |
| [૫૧] | पण्हावागरणं | [आगमसुत्ताणि-१० ] | दसमं अंगसुत्तं |
| [૫૨] | विवागसूयं | [आगमसुत्ताणि-११ ] | एक्कारसमं अंगसुत्तं |
| [૫૩] | उववाइयं | [आगमसुत्ताणि-१२ ] | पढमं उवंगसुत्तं |
| [૫૪] | रायप्पसेणियं | [आगमसुत्ताणि-१३ ] | बीअं उवंगसुत्तं |
| [૫૫] | जीवाजीवाभिगमं | [आगमसुत्ताणि-१४ ] | तइयं उवंगसुत्तं |
| [૫૬] | पन्नवणासुत्तं | [आगमसुत्ताणि-१५ ] | चउत्थं उवंगसुत्तं |
| [૫૭] | सूरपन्नत्ति | [आगमसुत्ताणि-१६ ] | पंचमं उवंगसुत्तं |
| [૫૮] | चंदपन्नत्ति | [आगमसुत्ताणि-१७ ] | छठ्ठं उवंगसुत्तं |
| [૫૯] | जंबूद्दीवपन्नति | [आगमसुत्ताणि-१८ ] | सातमं उवंगसुत्तं |
| [૬૦] | निरयावलियाणं | [आगमसुत्ताणि-१९ ] | अठ्ठमं उवंगसुत्तं |
| [૬૧] | कप्पवडिंसियाणं | [आगमसुत्ताणि-२० ] | नवमं उवंगसुत्तं |
| [૬૨] | पुप्फियाणं | [आगमसुत्ताणि-२१ ] | दसमं उवंगसुत्तं |
| [૬૩] | पुप्फचूलियाणं | [आगमसुत्ताणि-२२ ] | एक्कारसमं उवंगसुत्तं |
| [૬૪] | वण्हिदसाणं | [आगमसुत्ताणि-२३ ] | बारसमं उवंगसुत्तं |
| [૬૫] | चउसरणं | [आगमसुत्ताणि-२४ ] | पढमं पईण्णगं |
| [૬૬] | आउरपच्चक्खाणं | [आगमसुत्ताणि-२५ ] | बीअं पईण्णगं |
| [૬૭] | महापच्चक्खाणं | [आगमसुत्ताणि-२६ ] | तीइयं पईण्णगं |
| [૬૮] | भत्तपरिण्णा | [आगमसुत्ताणि-२७ ] | चउत्थं पईण्णगं |
| [૬૯] | तंदुलवेयालियं | [आगमसुत्ताणि-२८ ] | पंचमं पईण्णगं |

JAINSITE जैन साईट सम्यग् ज्ञानं जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | | |
|---|---|---|---|
| [७०] | संथारगं | [आगमसुत्ताणि-२९ ] | छट्ठं पईण्णगं |
| [७१] | गच्छायार | [आगमसुत्ताणि-३० ] | सत्तमं पईण्णगं-१ |
| [७२] | चंदावेज्झयं | [आगमसुत्ताणि-३० ] | सत्तमं पईण्णगं-२ |
| [७३] | गणिविज्जा | [आगमसुत्ताणि-३१ ] | अट्ठमं पईण्णगं |
| [७४] | देविंदत्थओ | [आगमसुत्ताणि-३२ ] | नवमं पईण्णगं |
| [७५] | मरणसमाहि | [आगमसुत्ताणि-३३ ] | दसमं पईण्णगं-१ |
| [७६] | वीरत्थव | [आगमसुत्ताणि-३३ ] | दसमं पईण्णगं-२ |
| [७७] | निसीह | [आगमसुत्ताणि-३४ ] | पढमं छेयसुत्तं |
| [७८] | बुहत्कप्पो | [आगमसुत्ताणि-३५ ] | बीअं छेयसुत्तं |
| [७९] | ववहार | [आगमसुत्ताणि-३६ ] | तइयं छेयसुत्तं |
| [८०] | दसासुयक्खंधं | [आगमसुत्ताणि-३७ ] | चउत्थं छेयसुत्तं |
| [८१] | जीयकप्पो | [आगमसुत्ताणि-३८ ] | पंचमं छेयसुत्तं-१ |
| [८२] | पंचकप्पभास | [आगमसुत्ताणि-३८ ] | पंचमं छेयसुत्तं-२ |
| [८३] | महानिसीहं | [आगमसुत्ताणि-३९ ] | छठ्ठं छेयसुत्तं |
| [८४] | आवसस्सयं | [आगमसुत्ताणि-४० ] | पढमं मूलसुत्तं |
| [८५] | ओहनिज्जुत्ति | [आगमसुत्ताणि-४१ ] | बीअं मूलसुत्तं-१ |
| [८६] | पिंडनिज्जुत्ति | [आगमसुत्ताणि-४१ ] | बीअं मूलसुत्तं-२ |
| [८७] | दसवेयालियं | [आगमसुत्ताणि-४२ ] | तइयं मुलसुत्तं |
| [८८] | उतरज्झयणं | [आगमसुत्ताणि-४३ ] | चउत्थं मूलसुत्तं |
| [८९] | नंदीसूयं | [आगमसुत्ताणि-४४ ] | पढमा चूलिया |
| [९०] | अणुओगदारं | [आगमसुत्ताणि-४५ ] | बितिया चूलिया |

o——x——o——x——o

| | | | | |
|---|---|---|---|---|
| [૯૧] | આયારો - | ગુર્જરછાયા | [ આગમદીપ-૧ ] | પહેલું અંગસૂત્ર |
| [૯૨] | સૂયગડો - | ગુર્જર છાયા | [ આગમદીપ-૨ ] | બીજું અંગસૂત્ર |
| [૯૩] | ઠાણં - | ગુર્જર છાયા | [ આગમદીપ-૩ ] | ત્રીજું અંગસૂત્ર |
| [૯૪] | સમવાઓ - | ગુર્જરછાયા | [ આગમદીપ-૪ ] | ચોથું અંગસૂત્ર |
| [૯૫] | વિવાહપન્નત્તિ - | ગુર્જરછાયા | [ આગમદીપ-૫ ] | પાંચમું અંગસૂત્ર |
| [૯૬] | નાયાધમ્મકહાઓ - | ગુર્જરછાયા | [ આગમદીપ-૬ ] | છઠ્ઠું અંગસૂત્ર |
| [૯૭] | ઉવાસગદસાઓ - | ગુર્જરછાયા | [ આગમદીપ-૭ ] | સાતમું અંગસૂત્ર |
| [૯૮] | અંતગડદસાઓ - | ગુર્જરછાયા | [ આગમદીપ-૮ ] | આઠમું અંગસૂત્ર |
| [૯૯] | અનુત્તરોપપાતિકદસાઓ - | ગુર્જરછાયા | [ આગમદીપ-૯ ] | નવમું અંગસૂત્ર |
| [૧૦૦] | પણ્હાવાગરણં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૧૦ ] | દશમું અંગસૂત્ર |
| [૧૦૧] | વિવાગસૂયં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૧૧ ] | અગિયારમું અંગસૂત્ર |
| [૧૦૨] | ઉવવાઈયં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૧૨ ] | પહેલું ઉપાંગસૂત્ર |
| [૧૦૩] | રાયપ્પસેણિયં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૧૩ ] | બીજું ઉપાગંસૂત્ર |
| [૧૦૪] | જીવાજીવાભિગમં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૧૪ ] | ત્રીજું ઉપાંગસૂત્ર |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | | |
|---|---|---|---|
| [૧૦૫] પન્નવણા સુત્તં- | ગુર્જરછાયા | [ આગમદીપ-૧૫ ] | ચોથું ઉપાંગસૂત્ર |
| [૧૦૬] સૂરપન્નત્તિ - | ગુર્જરછાયા | [ આગમદીપ-૧૬ ] | પાંચમું ઉપાંગસૂત્ર |
| [૧૦૭] ચંદપન્નતિ - | ગુર્જરછાયા | [ આગમદીપ-૧૭ ] | છઠ્ઠું ઉપાંગસૂત્ર |
| [૧૦૮] જંબુદ્દીવપન્નતિ- | ગુર્જરછાયા | [ આગમદીપ-૧૮ ] | સાતમું ઉપાંગસૂત્ર |
| [૧૦૯] નિરયાવલિયાણં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૧૯ ] | આઠમું ઉપાગંસૂત્ર |
| [૧૧૦] કપ્પવડિંસિયાણં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૨૦ ] | નવમું ઉપાગંસૂત્ર |
| [૧૧૧] પુપ્ફિયાણં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૨૧ ] | દશમું ઉપાંગસૂત્ર |
| [૧૧૨] પુપ્ફચૂલિયાણં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૨૨ ] | અગિયારમું ઉપાંગસૂત્ર |
| [૧૧૩] વણ્હિદસાણં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૨૩ ] | બારમું ઉપાંગસૂત્ર |
| [૧૧૪] ચઉસરણં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૨૪ ] | પહેલો પયન્નો |
| [૧૧૫] આઉરપચ્ચક્ખાણં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૨૫ ] | બીજો પયન્નો |
| [૧૧૬] મહાપચ્ચક્ખાણં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૨૬ ] | ત્રીજો પયન્નો |
| [૧૧૭] ભત્તપરિણ્ણા - | ગુર્જરછાયા | [ આગમદીપ-૨૭ ] | ચોથો પયન્નો |
| [૧૧૮] તંદુલવેયાલિયં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૨૮ ] | પાંચમો પયન્નો |
| [૧૧૯] સંથારગં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૨૯ ] | છઠ્ઠો પયન્નો |
| [૧૨૦] ગચ્છાયાર - | ગુર્જરછાયા | [ આગમદીપ-૩૦ ] | સાતમો પયન્નો-૧ |
| [૧૨૧] ચંદાવેજ્ઝયં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૩૦ ] | સાતમો પયન્નો-૨ |
| [૧૨૨] ગણિવિજ્જા - | ગુર્જરછાયા | [ આગમદીપ-૩૧ ] | આઠમો પયન્નો |
| [૧૨૩] દેવિંદત્થઓ - | ગુર્જરછાયા | [ આગમદીપ-૩૨ ] | નવમો પયન્નો |
| [૧૨૪] વીરત્થવ - | ગુર્જરછાયા | [ આગમદીપ-૩૩ ] | દશમો પયન્નો |
| [૧૨૫] નિસીહં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૩૪ ] | પહેલું છેદસૂત્ર |
| [૧૨૬] બુહતકપ્પો - | ગુર્જરછાયા | [ આગમદીપ-૩૫ ] | બીજું છેદસૂત્ર |
| [૧૨૭] વવહાર - | ગુર્જરછાયા | [ આગમદીપ-૩૬ ] | ત્રીજું છેદસૂત્ર |
| [૧૨૮] દસાસુયક્ખંધં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૩૭ ] | ચોથું છેદસૂત્ર |
| [૧૨૯] જીયકપ્પો - | ગુર્જરછાયા | [ આગમદીપ-૩૮ ] | પાંચમું છેદસૂત્ર |
| [૧૩૦] મહાનિસીહં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૩૯ ] | છઠ્ઠું છેદસૂત્ર |
| [૧૩૧] આવસ્સયં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૪૦ ] | પહેલું મૂલસુત્ર |
| [૧૩૨] ઓહનિજ્જુત્તિ- | ગુર્જરછાયા | [ આગમદીપ-૪૧ ] | બીજું મૂલસુત્ર-૧ |
| [૧૩૩] પિંડનિજ્જુત્તિ - | ગુર્જરછાયા | [ આગમદીપ-૪૧ ] | બીજું મૂલસુત્ર-૨ |
| [૧૩૪] દસવેયાલિયં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૪૨ ] | ત્રીજું મૂલસુત્ર |
| [૧૩૫] ઉત્તરજ્ઝયણં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૪૩ ] | ચોથું મૂલસુત્ર |
| [૧૩૬] નંદીસુત્તં - | ગુર્જરછાયા | [ આગમદીપ-૪૪ ] | પહેલી ચૂલિકા |
| [૧૩૭] અનુયોગદ્દારાઈ - | ગુર્જરછાયા | [ આગમદીપ-૪૫ ] | બીજી ચૂલિકા |

**નોંધ :- પ્રકાશન ૧ થી ૩૧ અભિનવ શ્રુત પ્રકાશને પ્રગટ કરેલ છે.**
**પ્રકાશન ૪૨ થી ૯૦ આગમશ્રુત પ્રકાશને પ્રગટ કરેલ છે.**
**પ્રકાશન ૯૧ થી ૧૩૭ આગમદીપ પ્રકાશને પ્રગટ કરે છે.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

श्री यतीन्द्र श्रमण ज्ञान भण्डार
श्री मोहन खेड़ा तीर्थ
(जि.) धार मध्यप्रदेश

नमो नमो निम्मल दंसणस्स

પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામિને નમઃ

# ૫ ભગવઈ

## પાંચમું અંગસૂત્ર-ગુર્જરછાયા

### શતક-૧

#### -ઃઉદ્દેસો-૧ઃ-

[૧] અર્હતને નમસ્કાર થાઓ, સિદ્ધોને નમસ્કાર થાઓ, આચાર્યોને નમસ્કાર થાઓ, ઉપાધ્યાયને નમસ્કાર થાઓ અને સર્વ સાધુઓને નમસ્કાર થાઓ.

[૨] બ્રાહ્મી લિપિને નમસ્કાર થાઓ.

[૩] રાજગૃહ નગરમાં ભગવંત મહાવીરે આ શતકમાં દશ ઉદ્દેસા કહ્યા-તે આ રીતે- ચલન દુઃખ, કાંક્ષાપ્રદોષ, પ્રકૃતિ, પૃથિવિ, યાવન્ત, નૈરયિક, બાળ, ગુરુક, ચલનો.

[૪] શ્રુતને નમસ્કાર હો.

[૫] તે કાળે તે સમયે રાજગૃહ નામનું નગર હતું. વર્ણક, તે રાજગૃહ નગરની બહાર ઉત્તર અને પૂર્વ દિગ્ભાગમાં ઈશાન કોણમાં ગુણસિલ નામનું ચૈત્ય હતું, શ્રેણિક રાજા અને ચેલ્લણાદેવી રાણી હતાં.

[૬] તે કાળે, તે સમયે શ્રમણ ભગવન્ મહાવીર આદિકર, તીર્થંકર, સ્વયં તત્ત્વના જ્ઞાતા, પુરુષોત્તમ, પુરુષસિંહ, પુરુષોમાં ઉત્તમ કમલ, પુરુષોમાં ઉત્તમગંધહસ્તી, લોકોત્તમ, લોકનાથ, લોકમાં પ્રદીપ, લોકમાં પ્રદ્યોત કરનારા, અભય દેનાર, ચક્ષુ દેનાર, માર્ગને દેનાર, શરણદેનાર, ધર્મને દેનાર, ધર્મદેશક ધર્મરૂપરથના સારથી, ધર્મને વિષે ઉત્તમ ચતુરંગ ચક્રવર્તી, અપ્રતિહત જ્ઞાનના અને દર્શનના ધારણ કરનાર, છદ્મ, શઠતારહિત રાગદ્વેષના જીતનાર, સકલ તત્ત્વના ભણનાર, બુદ્ધતત્ત્વોના જાણનાર, મુક્ત, મોચક-મુકાવનાર, સર્વજ્ઞ સર્વદર્શી, એવા શ્રમણ ભગવાન મહાવીર શિવ, સર્વબાધા રહિત, અચલ, રોગરહિત, અનંતપદાર્થ વિષયક જ્ઞાન-સ્વરૂપ, અક્ષય, વ્યાબાધરહિત, પુનરાવૃત્તિરહિત, 'સિદ્ધગતિ' સ્થાન સંપ્રાપ્તીની ઈચ્છાવાળા યાવત્ સમવસરણ સુધી વર્ણન જાણવું.

[૭] સભા નીકળી, ધર્મ કહ્યો, સભા પાછી ગઈ.

[૮] તે કાળે તે સમયે શ્રમણ ભગવંત મહાવીરની પાસે ઉભડક રહેલા, નીચે નમેલ મુખવાળા અને ધ્યાનરૂપ કોષ્ઠમાં પ્રવિષ્ટ તેમના મોટા શિષ્ય ઈન્દ્રભૂતિ નામના અનગાર સાધુ સંયમવડે અને તપવડે આત્માને ભાવતા વિરહે છે. જે ગૌતમગોત્રવાળા વજ્રરૂષભનારાચસંઘયણી, સોનાની રેખા સમાન અને પદ્મકેસરો સમાન ધવલ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વર્ણવાળા, ઉગ્રતપસ્વી, દીપ્તતપસ્વી, તપ્તતપસ્વી, મહાતપસ્વી, ઉદાર,ઘોર, ઘોરગુણવાળા, ઘોરતપવાળા. ઘોરબ્રહ્મચર્યમાં રહેવાના સ્વભાવવાળા, શરીરના સંસ્કારોને ત્યજનાર શરીરમાં રહેતી હોવાથી સંક્ષિપ્ત અને દૂરગામી હોવાથી વિપુલ એવી તેજોલેશ્યાવાળા, ચૌદ પૂર્વના જ્ઞાતા, ચાર જ્ઞાનને પ્રાપ્ત અને સર્વાક્ષરસંનિપાતી છે.

[૯]ત્યારપછી જાતશ્રદ્ધ, જાતસંશય, જાતકુતૂહલ, ઉત્પન્ન- શ્રદ્ધ, ઉત્પન્નસંશય, ઉત્પન્નકુતૂહલ, સંજાતશ્રદ્ધ, સંજાતસંશય, સંજાતકુતૂહલ, સમુત્પન્નશ્રદ્ધ સમુત્પન્નસંશય અને સમુત્પન્નકુતૂહલ તે ભગવાન્ ગૌતમ ઉત્થાનવડે ઉભા થાય છે; ઉભા થઈને જે તરફ શ્રમણ ભગવંત મહાવીર છે ત્યાં આવે છે; શ્રમણ ભગવંત મહાવીરને ત્રણવાર પ્રદક્ષિણા કરે છે, પ્રદક્ષિણા કરી વાંદે છે, નમે છે, બહુ નિકટ નહીં તેમ બહુ દૂર નહીં એવી રીતે ભગવંતની સામે વિનયવડે લલાટે હાથ જોડી ભગવંતના વચનને શ્રવણ કરવાની ઈચ્છાવાળા ભગવંતને નમતા અને પર્યુપાસતા આ પ્રમાણે બોલ્યા :- હે ભગવન ! જે ચાલતું હોય તે 'ચાલ્યું' ? તેમજ જે ઉદીરાતું હોય તે 'ઉદીરાયું' વેદાતું હોય તે 'વેદાયું' પડતું હોય તે 'પડ્યું' છેદાતું હોય તે 'છેદાયું' ભેદાતું હોય તે 'ભેદાયું' બળતું હોય તે 'બળ્યું' મરતું હોય તે 'મર્યું' અને નિર્જરાતું હોય તે 'નિર્જરાયું' (એ પ્રમાણે કહેવાય ?) હા ગૌતમ ! ચાલતું હોય તે 'ચાલ્યું' યાવત્ નિર્જરાતું 'નિર્જરાયું', એ પ્રમાણે કહેવાય.

[૧૦] હે ભગવન ! આ નવ પદો શું એક અર્થવાળાં, નાના ઘોષવાળાં અને નાના વ્યંજનવાળાં છે ! કે નાના અર્થવાળા, નાના ઘોષવાળાં અને નાના વ્યંજનવાળા છે ? હે ગૌતમ ! ચાલતું ચાલ્યું, ઉદીરાતું ઉદીરાયું, વેદાતું વેદાયું, પ્રક્ષીણ થતું પ્રક્ષીણ થયું, આ ચાર પદો ઉત્પન્ન પક્ષની અપેક્ષાએ એક અર્થવાળાં નાના ઘોષવાળાં અને નાના વ્યંજનવાળાં છે. તથા છેદાતું છેદાયું-ભેદાતું, ભેદાયું-દહાતું દહાયું, મરતું-મર્યું, નિર્જરાતું-નિર્જરાયું, આ પાંચ પદો વિગતપક્ષની અપેક્ષાએ નાના અર્થવાળાં, નાના ઘોષવાળાં અને નાના વ્યંજનવાળાં છે.

[૧૧] હે ભગવન્ ! નૈરયિકોની સ્થિતિ કેટલા કાળની કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી દશ હજાર વર્ષની સ્થિતિ કહી છે, ઉત્કૃષ્ટતાથી તેત્રીસ સાગરોપમની સ્થિતિ કહી છે. હે ભગવન્ ! નૈરયિકો કેટલા કાળે શ્વાસ લે છે ? અને કેટલે કાળે શ્વાસ મૂકે છે ? હે ગૌતમ ! (પન્નવણામાં) ઉચ્છ્વાસ પદમાં કહ્યું છે તેમ જાણવું. હે ભગવન્ ! નૈરયિકો આહારાર્થી છે ? હે ગૌતમ ! જેમ પન્નવણાના આહારપદના પહેલા ઉદ્દેશકમાં કહ્યું છે, તેમ જાણી લેવું.

[૧૨] નૈરયિકોની સ્થિતિ ઉચ્છ્વાસ, આહાર વિષયક કહેવું, શું તેઓ આહાર કરે ? સર્વ આત્મ પ્રદેશે આહાર કરે ? કેટલામો ભાગ આહાર કરે ? અને આહારક દ્રવ્યોને કેવા વારંવાર પરિણમાવે ?

[૧૩] હે ભગવન્ ! નૈરયિકોએ પૂર્વે આહારેલા પુદ્ગલો પરિણામને પામ્યાં ? આહરેલા તથા આહરાતા પુદ્ગલો પરિણામને પામ્યાં ? જે પુદ્ગલો અનાહારિત-નહીં આહરેલા છે તે તથા આહરાશે તે પરિણામને પામ્યાં ? કે જે પુદ્ગલો નહીં આહરેલા છે તે તથા નહીં આહારાશે તે પરિણામને પામ્યાં ? હે ગૌતમ ! નૈરયિકોએ પૂર્વે આહરેલા પુદ્ગલો પરિણામને પામ્યાં, આહરેલા પુદ્ગલો પરિણામને પામ્યાં અને આહારાતાં પુદ્ગલો પરિણામને પામે છે. નહીં આહરેલા પુદ્ગલો પરિણામને પામ્યાં નથી અને જે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પુદ્ગલો આહરશે તે પરિણામને પામશે. તથા નહીં આહરેલા પુદ્ગલો પરિણામને પામ્યાં નથી. અને જે પુદ્ગલો નહીં આહરાશે તે પરિણામને પામશે નહીં

[૧૪] હે ભગવન્ ! નૈરયિકોએ પૂર્વે આહરેલા પુદ્ગલો ચયને પામ્યાં ? હે ગૌતમ ! જેવી રીતે પરિણામને પામ્યાં એ પ્રમાણે ઉપચયને પામ્યાં. ઉદીરણાને પામાયાં. વેદનને પામ્યાં તથા નિર્જરાને પામ્યાં.

[૧૫] પરિણત ચિત, ઉપચિત, ઉદીરિત, વેદિત, અને નિર્જિર્ણ એ એક એક પદમાં ચાર પ્રકારનાં પુદ્ગલો અર્થાત્ પ્રશ્ન અને ઉત્તરો થાય છે.

[૧૬] હે ભગવન્ ! નૈરયિકો કેટલા પુદ્ગલ ભેદે છે ? હે ગૌતમ કર્મવર્ગણાને આશ્રીને બે પ્રકારના પુદ્ગલો ભેદાય - સૂક્ષ્મ અને બાદર. હે ભગવન્ નૈરયિકો કેટલા પ્રકારના પુદ્ગલકોનો ચય કરે ? હે ગૌતમ ! આહાર દ્રવ્ય-વર્ગણાનો અપેક્ષા એ બે પ્રકારના પુદ્ગલોનો ચય કરે છે. સૂક્ષ્મ અને બાદર. એ પ્રમાણે ઉપચયમાં પણ જાણવું. હે ભગવન્ ! નૈરયિકો કેટલા પ્રકારના પુદ્ગલોની ઉદીરણા કરે કર્મદ્રવ્ય વર્ગણાની અપેક્ષાએ બે પ્રકારના પુદ્ગલોની ઉદીરણા કરે - સૂક્ષ્મ અને બાદર બાકીના પદો આ પ્રમાણે કહે છે. વેદે છે, નિર્જરે છે, અપવર્તન પામ્યા છે, અપવર્તન પામે છે, અપવર્તન પામશે. સંક્રમાવ્યા છે, સંક્રમાવે છે, સંક્રમાવશે. નિધત્ત થયા છે- થાય છે અને થશે, નિકાચિત્ત થયા છે- થાય છે અને થશે આ સર્વ પદમાં કર્મદ્રવ્ય વર્ગણાનો અધિકાર કહીને (સૂક્ષ્મ તથા બાદર) પુદ્ગલો કહેવા

[૧૭] ભેદાયા, ચય પામ્યા, ઉપચય પામ્યા, ઉદીરાયા, વેદાયા, નિર્જરાયા, સંક્રમણ, નિધત્ત અને નિકાચના (આ પાછલા ચાર પદોમાં) ત્રણ પ્રકારનો કાળ કહેવો.

[૧૮] હે ભગવન્ ! નૈરયિકો જે પુદ્ગલોને તૈજસ કાર્મણ પણે ગ્રહણ કરે છે તેને અતીતકાળમાં ગ્રહણ કરે છે ? વર્તમાન કાળમાં ગ્રહણ કરે છે કે ભાવિ કાળમાં ગ્રહણ કરે છે ? હે ગૌતમ તે અતીત કે ભાવિ કાળમાં ગ્રહણ કરતા નથી પણ વર્તમાન કાળમાં ગ્રહણ કરે છે. હે ભગવન્ ! નૈરયિકો તૈજસ કાર્મણપણા વડે ગ્રહણ કરેલા જે પુદ્ગલોની ઉદીરણા કરે તે અતીતકાળ સમયનાં (કે) વર્તમાનકાળ સમયના (કે) ભાવિકાળ સમયના પુદ્ગલોની ઉદીરણા કરે છે ? હે ગૌતમ અતીતકાળ સમયના પુદ્ગલોની ઉદીરણા કરે છે. વર્તમાન કે આગામી કાળ સમયના પુદ્ગલોની ઉદીરણા કરતો નથી. એ પ્રમાણે વેદે છે. નિર્જરે છે.

[૧૯] હે ભગવન્ ! નૈરયિકો જીવપ્રદેશથી ચલિકર્મને બાંધે છે કે અચલિત કર્મોને બાંધે છે ? હે ગૌતમ તેઓ ચલિત કર્મોને બાંધતા નથી પણ અચલિત કર્મોને બાંધે છે. એ પ્રમાણે... ઉદીરે છે, વેદન કરે છે, અપવર્તન કરે છે, સંક્રમણ કરે છે, નિધત કરે છે, નિકાચિત કરે છે. આ સર્વે પદોમાં અચલિત કર્મને યોજવું પણ ચલિત કર્મને યોજવું નહીં. હે ભગવન્ ! શું નૈરયિકો જીવપ્રદેશથી ચલિત કર્મને નિર્જરે છે કે અચલિત કર્મોને નિર્જરે છે ? હે ગૌતમ ! ચલિત કર્મોની નિર્જરા કરે છે પણ અચલિત કર્મોની નિર્જરા કરતા નથી.

[૨૦] બંધ, ઉદય, વેદન, અપવર્તન, સંક્રમણ, નિધત્તન, અને નિકાચનને વિશે અચલિત કર્મ હોય અને નિર્જરાને વિશે તો જીવથી ચાલેલું કર્મ હોય.

[૨૧] એવીરીતે સ્થિતિ અને આહાર કહેવા સ્થિતિ-જેવી રીતે સ્થિતિપદમાં કહી છે, તેવી રીતે કહેવી, સર્વજીવનો આહાર પણ પન્નવણાના આહારપદના પ્રથમ ઉદ્દેશમાં

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

છે તે પ્રમાણે કહેવો. આ સૂત્રથી શરૂ કરીને હે ભગવન્ ! અસુરકુમારોની કેટલા કાળ સુધી સ્થિતિ કહી છે. હે ગૌતમ ! તેઓની સ્થિતિ જઘન્ય દશ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ સાગરોપમ કરતાં વધારે કાળની કહી છે. હે ભગવન્ ! અસુરકુમારો કેટલે કાળે શ્વાસ લે છે અને નિઃશ્વાસ મૂકે ? હે ગૌતમ ! તેઓ જઘન્યે સાત સ્તોકરુપ કાળવડે ને ઉત્કૃષ્ટે એક પક્ષ કરતાં વધારે કાળ પછી શ્વાસ લે અને નિઃશ્વાસ મૂકે. હે ભગવન્ ! અસુરકુમારો આહારના અભિલાષી છે ? હા, તેઓ આહારના ઇચ્છુક છે. હે ભગવન્ ! અસુર-કુમારોને કેટલે કાળે આહારનો અભિલાષ ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! અસુરકુમારનો આહાર બે પ્રકારનો છે, આભોગનિર્વર્તિત અને અનાભોગનિર્વર્તિત. તેમાં જે અના-ભોગનિર્વર્તિત આહાર છે તેનો અભિલાષ તો તેઓને અવિરહિતપણે નિરંતર થયા કરે છે. અને હે ગૌતમ ! તેમાં જે આભોગનિર્વિર્તિત-જ્ઞાનપૂર્વક આહાર છે તેનો અભિલાષ તેઓને ઓછામાં ઓછો એક દિવસ પછી અને વધારેમાં વધારે હજાર વર્ષ કરતાં વધારે કાળ પછી થાય છે. હે ભગવન્ ! અસુરકુમારો કયા પદાર્થનો આહાર કરે ? હે ગૌતમ ! તેઓ દ્રવ્યથી અનંત પ્રદેશવાળાં દ્રવ્યોનો આહાર કરે, ઇત્યાદિ બધું ક્ષેત્ર, કાળ અને ભાવસંબંધે પ્રજ્ઞાપનાના ગમવડે પૂર્વવત્ જાણી લેવું. બાકી બધું નૈરયિકોની પેઠ જાણવું. યાવત્ - હે ભગવન્ ! તે અસુરકુમારોએ ખાધેલા પુદ્ગલો કેવે રૂપે વારંવાર પરિણામ પામે ? હે ગૌતમ ! શ્રોત્રેંદ્રિયપણે, સુરુપપણે, સુવર્ણપણે, ઇષ્ટપણે, ઇચ્છિતપણે, મનોહર-પણે, ઊધ્વપણે, અધઃપણે નહીં, સુખપણે પણ દુઃખપણે નહીં, એવા રૂપે તે પુદ્ગલો વારંવાર પરિણામ પામે. હે ભગવન્ ! અસુરકુમારોએ પૂર્વે આહરેલા પુદ્ગલો પરિ-ણામને પામ્યાં ? હે ગૌતમ ! અસુરકુમારના અભિલાપ પૂર્વક એ બધું નૈરયિકોની પેઠે કહેવું યાવત્-ચાલેલા કર્મને નિર્જરે છે. ભગવન્ ! નાગકુમારોની સ્થિતિ કેટલા કાળસુધી કહી છે ? હે ગૌતમ ! તેઓની સ્થિતિ ઓછામાં ઓછી દશહજાર વર્ષની અને વધારેમાં વધારે કાંઈક ઊણા બે પલ્યોપમની કહી છે.

હે ભગવન્ ! નાગકુમારો કેટલે કાળે શ્વાસ લે અને નિઃશ્વાસ મૂકે ? હે ગૌતમ ! તેઓ જઘન્યે સાત સ્તોકે અને ઉત્કૃષ્ટે મુહૂર્તપૃથકત્વે બે મુહુર્તથી નવ મુહૂર્તની અંદરના કોઇ પણ કાળે શ્વાસ લે અને નિઃશ્વાસ મૂકે. હે ભગવન્ ! નાગકુમારો આહારના અર્થી છે ? હે ગૌતમ ! હા, તેઓ આહારના અર્થી છે. હે ભગવન્ ! નાગકુમારોને કેટલો કાળ ગયા પછી આહારનો અભિલાષ ઉત્પન્ન થાય છે ? તેઓને બે પ્રકારનો આહાર કહ્યો છે, આભોગનિર્વિર્તિત અને અનાભોગનિર્વિર્તિત. તેમાં જે અનાભોગનર્વિર્તિત આહાર છે તેનો અભિલાષ નિરંતર થાય છે. તથા જે આભોગનિર્વિર્તિત આહાર છે. તેનો અભિલાષ જઘન્યે એક દિવસ પછી અને ઉત્કૃષ્ટે દિવસપૃથકત્વ પછી થાય છે. બાકી બધું અસુરકુમારોની પેઠે જાણવું, યાવત્-અચલિત કર્મને નિર્જરતા નથી, એ પ્રમાણે સુવર્ણકુમારોને પણ કહેવું તથા યાવત્-સ્તનિત કુમારોને માટે પણ જાણવું, હે ભગવન્ ! પૃથિવીકાયિક જીવોની સ્થિતિ કેટલા કાળ સુધી કહીછે ? હે ગૌતમ ! તેઓની સ્થિતિ જઘન્યે અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટે બાવીસહજાર વર્ષની કહીછે. હે ભગવન્ ! પૃથિવી-કાયિકો કેટલા કાળે શ્વાસ લે છે ? હે ગૌતમ ! તેઓ વિમાત્રાએ - વિવિધકાળે શ્વાસ લે છે. હે ભગવન્ ! પૃથિવીકાયિકો આહારાર્થી છે ? હા, તેઓ આહારાર્થી છે. હે ભગવન્ ! પૃથિવીકાયિકોને કેટલે કાળે આહારનો અભિલાષ થાય છે ? હે ગૌતમ ! તેઓને નિરંતર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આહારનો અભિલાષ થાય છે. હે ભગવન્ ! પૃથિવીકાયિકો શેનો આહાર કરે છે. હે ગૌતમ ! તેઓ દ્રવ્યથી અનંત પ્રદેશવાળાં દ્રવ્યનો આહાર કરે છે. ઇત્યાદિ બધું નૈરયિકોની પેઠે કહેવું અને યાવત્-તેઓ વ્યાઘાત ન હોય તો છએ દિશામાંથી આહાર લે છે, જો વ્યાઘાત હોય તો કદાચિત્ ત્રણ દિશામાંથી, ચાર દિશામાંથી અને પાંચ દિશામાંથી આહાર લે છે. વર્ણથી કાળાં, નીલાં, પીલાં, લાલ અને શુક્લ દ્રવ્યોનો આહાર કરે છે. ગંધથી સારા અને નરસાગંધવાળાનો રસથી તિક્તાદિ બધા રસવાળાનો અને સ્પર્શથી કર્કશાદિ બધા સ્પર્શવાળાનો આહાર કરે છે. બાકી પૂર્વવત્ જાણવું. હે ભગવન્ ! તેઓ કેટલા ભાગનો આહાર કરે અને કેટલા ભાગનો સ્પર્શ કરે-આસ્વાદ લે-ચાખે ? હે ગૌતમ ! તેઓ અસંખ્યેય ભાગનો આહાર કરે અને અનંત ભાગને ચાખે. યાવત્- હે ભગવન્ ! તેઓએ ખાધેલા પુદ્ગલો કેવે રુપે વારંવાર પરિણામ પામે ? હે ગૌતમ ! સ્પર્શેન્દ્રિય-વિવિધ પ્રકારે સ્પર્શેન્દ્રિયપણે-પરિણામ પામે. બાકી બધું નૈરયિકોની પેઠે જાણવું. યાવત્-અચલિતકર્મને નિર્જરતા નથી. એ પ્રમાણે યાવત્-જલકાયિક, અગ્નિ-કાયિક, વાયુકાયિક, તથા વનસ્પતિકાયિક સુધી જાણવું. વિશેષ એ કે, જેની જે સ્થિતિ હોય તે કહેવી. અને વિવિધપણે ઉચ્છ્વાસ જાણવો. બેઇંદ્રિયાવાળા જીવોની સ્થિતિ કહીને. તેઓનો ઉચ્છ્વાસ વિમાત્રાએ કહેવો.

બેઇંદ્રિવાળા જીવોનો આહારવિષયક (પૂર્વવત્) પ્રશ્ન કરવો. હે ગૌતમ ! અના-ભોગનિર્વિર્તિત આહાર તો પૂર્વની પેઠે જાણવો, તેમાં જે આભોગનિર્વિર્તિત આહાર છે તેનો અભિલાષ વિમાત્રાએ અસંખ્યેયસામયિક અંતર્મુહૂર્તે થાય છે. બાકી બધું તેજ પ્રમાણે જાણવું યાવત્-અનંતભાગને ચાખે છે. હે ભગવન્ ! જે પુદ્ગલોને બેઇંદ્રિયજીવો આહારપણે ગ્રહણ કરે છે તો શું તેઓ તે બધા પુદ્ગલોને ખાઇ જાય છે, કે બધાને નથી ખાતા ? હે ગૌતમ ! બેઇંદ્રિય જીવોનો આહાર બે પ્રકારનો કહ્યો છે. રોમાહાર-રુંવાદ્વારા લેવાતો આહાર પ્રક્ષેપાપહાર-મુખમાં પ્રક્ષેપાઇને થતો આહાર તેમાં તેઓ જે પુદ્ગલોને રોમાહારપણે ગ્રહે છે તે બધા સંપુર્ણપણે ખાવામાં આવે છે. અને જે પુદ્ગલો પ્રક્ષેપાહારપણે લેવાઇ છે તેમાંનો અસંખ્ય ભાગ ખાવામાં આવે છે અને બીજા અનેક ભાગો ચખાયાવિના, તેમજ સ્પર્શાયા વિના જ નાશ પામે છે. હે ભગવન્ ! એ નહીં ચખાએલા અને નહીં સ્પર્શાએલા પુદ્ગલોમાં કયા કયા પુદ્ગલો અલ્પ, બહુ, તુલ્ય, અને વિશેષાધિક છે ? હે ગૌતમ ! નહીં ચખાએલા પુદ્ગલો સૌથી થોડા છે અને નહીં સ્પર્શાએલા પુદ્ગલો અનંતગુણા છે. હે ભગવાન્ ! બેઇંદ્રિય જીવો જે પુદ્ગલોને આહારપણે લે છે, તે પુદ્ગલો તેઓને વારંવાર કેવે રુપે પરિણામે છે ! હે ગૌતમ ! તે પુદ્ગલો તેઓને વિવિધતાપૂર્વક જિહ્વેદ્રિયપણે અને સ્પર્શેદ્રિયપણે વારંવાર પરિણામે છે. હે ભગવન્ ! બેઇંદ્રિયજીવોને પૂર્વે આહરેલા પુદ્ગલો પરિણામ્યાં ? હે ગૌતમ ! એ બધું પૂર્વ પ્રમાણેજ કહેવું યાવત્-ચલિતકર્મને નિર્જરે છે.

ત્રણ ઇંદ્રિયવાળા અને ચાર ઇંદ્રિયવાળા જીવોની સ્થિતિમાં ભેદ છે. બાકી બધું પૂર્વ પ્રમાણે છે. યાવત્ અનેક હજાર ભાગો સુંઘાયા વિના, ચખાયા વિના અને સ્પર્શાયા વિનાજ નાશ પામે છે. હે ભગવન્ ! એ નહી સુંઘાએલા નહીં ચખાએલા અને નહીં સ્પર્શાયેલા પુદ્ગલોમાં કયા કોનાથી થોડા, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા નહીં સુંઘાએલા પુદ્ગલો છે તેથી અનંતગુણાં નહીં ચખાએલા અને તેથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનંતગુણ નહીં સ્પર્શએલા પુદ્ગલો છે. ત્રણ ઇંદ્રિયવાળા જીવોએ ખાધેલો આહાર ઘ્રાણેંદ્રિયપણે, જિભઇંદ્રિયપણે અને સ્પર્શેંદ્રિયપણે વારંવાર પરિણામે છે, અને ચાર ઇંદ્રિયો વાળા જીવોએ ખાધેલો આહાર આંખ પણે, નાક પણે જિભ પણે અને ચામડી પણે વારંવાર પરિણામે છે. પંચેન્દ્રિય તિર્યંચ યોનિકોની સ્થિતિ કહીને તેઓનો ઉચ્છ્વાસ વિમાત્રાએ કહેવો. અનાભોગનિર્વિર્તિત આહાર તેઓને વિરહ વિના પ્રતિ સમયે હોય છે અને આભોગનિર્વિર્તિત આહાર જઘન્યે અંતર્મૂહૂર્ત, તથા ઉત્કૃષ્ટે છઠ્ઠભક્તે હોય છે. બાકી બધું ચાર ઇંદ્રિયવાળા જીવોની પેઠે જાણવું યાવત્-ચલિત કર્મને નિર્જરે છે. એ પ્રમાણે મનુષ્યો સંબંધી પણ જાણવું, વિશેષ એ કે, તેઓને આભોગ- નિર્વિર્તિત આહાર જઘન્યે અંતર્મુહૂર્તે અને ઉત્કૃષ્ટે અઠ્ઠમભક્તે-હોય છે. મનુષ્યોએ ખાધેલો આહાર [પૂર્વોક્ત ચાર ઇંદ્રિયપણે અને] કાન [ઇંદ્રિય]પણે વિમાત્રાએ વારંવાર પરિણમે છે. બાકી બધું પૂર્વની પેઠે જાણવું અને યાવત્-નિર્જરે છે. વાણવ્યંતરોની સ્થિતિમાં ભેદ છે. બાકી બધું નાગકુમારોની પેઠે જાણવું. એ પ્રમાણે જ્યોતિષિક દેવો સંબંધે પણ જાણવું વિશેષ એ કેઃ- જ્યોતિષિક દેવોને જઘન્યે અને ઉત્કૃટે મુહૂર્તપૃથકત્વ પછી ઉચ્છ્વાસ હોય છે. અને આહાર પણ જઘન્યે અને ઉત્કૃષ્ટે દિવસ પૃથકત્વ પછી હોય છે. વૈમાનિકોની સ્થિતિ ઔધિક કહેવી. તેઓને ઉચ્છ્વાસ જઘન્યે મૂહૂર્ત પૃથકત્વ પછી, અને ઉત્કૃષ્ટે તેત્રીશ પખવાડીયા પછી હોય છે આભોગનિર્વિર્તિત આહાર તેઓને જઘન્યે દિવસ પૃથકત્વ પછી ને ઉત્કૃષ્ટે તેત્રીશ હજાર વરસ પછી હોય છે. બાકી બધું 'ચલિતાદિક નિર્જરાવે છે' પૂર્વ પ્રમાણે જાણવું.

[૨૨] હે ભગવન્ ! શું જીવો આત્મારંભ છે ? પરારંભ છે ? તદુભયારંભ છે, કે અનારંભ છે ? હે ગૌતમ ! કેટલાક જીવો આત્મરંભ પણ છે પરારંભ પણ છે. ઊભયારંભ પણ છે, પણ અનારંભ નથી, પરારંભ નથી, કેટલાક જીવો આત્મારંભ નથી, પરારંભ નથી, ઉભયારંભ નથી, પણ અનારંભ છે. હે ભગવન્ ! એ પ્રમાણે શા હેતુથી કહો છે હે ગૌતમ ! જીવો બે પ્રકારના કહ્યા છે-સંસારસમાપન્નક અને અસંસાર- સમાપન્નક તેમાં જે જીવો અસંસારસમાપન્નક છે તેઓ સિદ્ધરુપ છે અને તેઓ આત્મારંભ, પરારંભ કે ઉભયારંભ નથી, પણ અનારંભ છે. તેમાં જે સંસારસમાપન્નક જીવો છે તે બે પ્રકારના કહ્યા છે, સંયત અને અસંયત. તેમાં જે સંયતો છે તે બે પ્રકારના કહ્યા છે. પ્રમત્તસંયત અને અપ્રમત્તસંયત. તેમાં જે અપ્રમત્તસંયતો છે તેઓ આત્મારંભ, પરારંભ, કે ઉભયારંભ નથી, પણ અનારંભ છે. તેમાં જે પ્રમત્તસંયતો છે તેઓ શુભ યોગથી અપેક્ષાએ આત્મારંભ પણ છે અને યાવત્- અનારંભ નથી. તેમાં જે અસંયતો છે તેઓ અવિરતિને આશ્રીને આત્મારંભ પણ છે અને યાવત્-અનારંભ નથી. તેમાં જે અસંયતો છે તેઓ અવિરતિને આશ્રીને આત્મારંભ પણ છે અને યાવત્-અનારંભ નથી. માટે હે ગૌતમ ! તે હેતુથી એમ કહેવાય છે કે, યાવત્-અનારંભ પણ છે.

હે ભગવન્ ! નૈરયિકો શું આત્મારંભ, પરારંભ, તદ્દુભયારંભ છે કે અનારંભ છે ? હે ગૌતમ ! નૈયરિકો આત્મારંભ પણ છે અને યાવત્-અનારંભ નથી. હે ભગવન્ ! તે એ પ્રમાણે શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! અવિરતિની અપેક્ષાએ-નૈરયિકો યાવત્- 'અનારંભ' નથી. એ પ્રમાણે યાવત્-અસુરકુમારો પણ જાણવા. પૂર્વોક્ત સામાન્ય જીવોની પેઠે પંચેદ્રિયતિર્યંચયોનિકો અને મનુષ્યો જાણવા. વિશેષ એ કે :- તે જીવોમાંના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સિદ્ધો ન કહેવા. નૈરયિકોની પેઠે વાનવ્યંતરો અને યાવત્- વૈમાનિકો જાણવા. લેશ્યાવાળા જીવો સામાન્ય જીવોની પેઠે કહેવા. કૃષ્ણલેશ્યાવાળા અને નીલલેશ્યાવાળા જીવો પણ સામાન્ય જીવોની પેઠે જાણવા. વિશેષ એ કે :- અહીં તે સામાન્ય જીવોમાંનાં પ્રમત્ત અને અપ્રમત્ત જીવો ન કહેવા તથા તેજોલેશ્યા- પદ્મલેશ્યાવાળા અને શુલ્ક-લેશ્યાવાળા જીવો સામાન્ય જીવોની પેઠે જાણવા તેમાં વિશેષ એ કે-તે જીવોમાંના સિદ્ધો અહીં ન કહેવા.

[૨૩] હે ભગવન્ ! જ્ઞાન ઇહભવિક છે, પારભવિક છે કે તદુભયભવિક છે ? હે ગૌતમ ! જ્ઞાન ઈહભવિક પણ છે, પારભવિક પણ છે અને તદુભયભયિક પણ છે. દર્શન પણ એજ પ્રમાણે જાણવું. હે ભગવન્ ! ચારિત્ર ઈહભાવિક છે, પારભવિક છે કે તદુભયભવિક છે ? હે ગૌતમ ! ચારિત્ર ઈહભવિક છે, પણ પારભવિક કે તદુભયભવિક ચારિત્ર નથી એ પ્રમાણે તપ અને સંયમ પણ જાણવા.

[૨૪] હે ભગવન્ ! શું અસંવૃત અનગાર સિદ્ધ થાય છે, બોધ પામે છે, મૂકાય છે, નિર્વાણ પામે છે, સર્વ દુઃખોનો અંત કરે છે ? હે ગૌતમ ! આ અર્થ ઠીક નથી. હે ભગવન્ ! તે કયા કારણથી યાવત્-અંતને નથી કરતો ? અસંવૃત અનગાર આયુષ્યને છોડીને શિથીલ બંધને બાંધેલી સાતે કર્મપ્રકૃતિઓને ઘનબંધને બાંધેલી કરવાનો આરંભ કરેછે, હ્રસ્વ-અલ્પકાળ સ્થિતિવાળીને દીર્ઘકાળ સ્થિતિવાળી કરવાનો આરંભ કરે છે, મંદ અનુભાગવાળીને તીવ્રઅનુભાગવાળી કરવાનો આરંભ કરે છે. અલ્પ-થોડા- પ્રદેશ-વાળીને બહુ પ્રદેશવાળી કરવાનો આરંભ કરે છે. અને આયુષ્યકર્મનો તો કદાચિત્ બાંધે છે, તેમ કદાચિત્ બાંધતો પણ નથી. અશાતાવેદનીયકર્મને તો વારંવાર એકઠું કરે છે, તથા અનાદિ, અનંત, દીર્ઘમાર્ગવાળા, ચારગતિવાળા, સંસારારણ્યને વિષે પર્યટન કરે છે. ગૌતમ ! તે કારણથી અસંવૃત અનગાર સિદ્ધ થતો નથી, યાવત્-સર્વ દુઃખોનો અંત-નાશ કરતો નથી. હે ભગવન્ ! સંવૃત અનગાર સિદ્ધ થાય છે. યાવત્-સર્વ દુઃખોના અંતને કરે છે ? હે ગૌતમ ! હા, સિદ્ધ થાય છે, યાવત્ સર્વ દુઃખોનો અંતને કરે છે. હે ભગવન્ ! તે કયા અર્થથી-હેતુથી ? હે ગૌતમ ! સંવૃત અનગાર આયુને છોડીને ગાઢ બંધને બાંધેલી સાતકર્મપ્રકૃતિઓને શિથિલબંધને બાંધવાનો, દીર્ઘલાંબાકાળની સ્થિતિવાળીને હ્રસ્વ-થોડા-કાળની સ્થિતિવાળી કરવાનો, તીવ્ર અનુભાગવાળીને મંદ અનુભાગવાળી કરવાનો અને બહુ પ્રદેશાગ્રવાળીને અલ્પ પ્રદેશાગ્રવાળી કરવાનો આરંભ કરે છે આયુષ્યકર્મને બાંધતો નથી. તથા અશાતાવેદનીય કર્મનો વારંવાર ઉપચય પણ કરતો નથી. માટે અનાદિ, અનન્ત, મોટા-લાંબા માર્ગવાળા, ચાતુરન્ત, ચાર પ્રકારની ગતિવાળા-સંસારરૂપી અરણ્યનું ઉલ્લંઘન કરે છે, હે ગૌતમ ! તે કારણથી 'સંવૃત અનગાર સિદ્ધ થાય છે' યાવત્-સર્વ દુઃખોનો અંત કરે છે, એ પ્રમાણે કહેવાય છે.

[૨૫] હે ભગવન્ ! અસંયત, અવિરત તથા જેણે પાપકર્મ કર્મ હણ્યાં અને વર્જ્યાં નથી એવો જીવ અહીંથી ચ્યવીને પરલોકમાં દેવ થાય છે ? હે ગૌતમ ! કેટલાક (જીવો) દેવ થાય છે અને કેટલાક દેવ થતા નથી; હે ભગવન્ ! અહીંથી ચ્યવીને યાવત્-પૂર્વ પ્રમાણેના સ્વરૂપવાળા કેટલાક -પરલોકમાં-દેવ થાય છે અને કેટલાક દેવ થતા નથી; તેનું શું કારણ ? હે ગૌતમ ! જે જીવો ગામ, આકર, નગર, નિગમ, રાજધાનિ, ખેટ, કર્બટ, મડંબ, દ્રોણ-મુખ, પત્તન, આશ્રમ તથા સન્નિવેશમાં અકામ તૃષ્ણાવડે, અકામ ક્ષુધાવડે, અકામ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બ્રહ્મચર્યવાસવડે, અકામ, ઠંડી, આતાપ, ડાંસ અને મચ્છરથી થતા દુઃખના સહવાવડે થોડા અકામ- અસ્નાન, પરસેવો, જલ્લ, મેલ, તથા પંકથી થતા પરિદાહવડે થોડા કાળ સુધી અથવા વધારે કાળસુધી આત્માને કલેશિત કરે છે, તેઓ મૃત્યુકાળે મરીને વાણવ્યંતરદેવલોકમાં દેવપણાએ ઉત્પન્ન થાય છે. હે ભગવન્ ! તે વાણવ્યંતર દેવોના દેવલોકો કેવા પ્રકારના કહ્યા છે ? હે ગૌતમ ! જેમ અહીં મનુષ્યલોકમાં સદા પુષ્પવાળું, મયૂરિત, લવકિતવાળું, પુષ્પનાગુચ્છાવાળું, લતાના સમૂહવાળું, પાંદડાંઓના ગુચ્છા-વાળું, સમાનશ્રેણીવાળા વૃક્ષવાળું, યુગલ વૃક્ષોવાળું, પુષ્પ અને ફળોના ભારથી નમેલું, પુષ્પ અને ફળના ભારથી નમવાની શરુઆતવાળું, અત્યંત જુદી જુદી લુંબીઓ અને મંજરીઓરૂપ મુકુટોને ધારણ કરવાવાળું એવું અશોકવન, વૃક્ષોવન, ચંપાવન, આંબા-વન, તુંબડાંનાવેલાઓનું વન, વડવૃક્ષોનું વન, છત્રૌધ વન, અલસીના વૃક્ષોનું વન, સરસવનું વન, કસુંબાના વૃક્ષોનું વન, સફેદ સરસવનું વન તથા બપોરીયા વૃક્ષનું વન, ઘણી ઘણી શોભાવડે અતીવ શોભતું હોય છે તેજ પ્રમાણે વાણવ્યંતરદેવોના સ્થાનો જઘન્યથી દશહજારવર્ષની સ્થિતિવાળા અને ઉત્કૃષ્ટથી પલ્યોપમની સ્થિતિવાળા ઘણા વાણવ્યંતરદેવો અને દેવીઓવડે વ્યાપ્ત, વિશેષ વ્યાપ્ત, ઉપરાઉપર આચ્છાદિત, સ્પર્શ કરાએલાં, અત્યંત અવગાઢ થયેલાં શોભાવડે અતીવ અતીવ શોભતાં રહે છે. તે કારણથી હે ગૌતમ ! આ પ્રમાણે કહેવાય છે. 'અસંયત્ જીવ યાવત્-દેવ થાય છે' હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, હે ભગવન્ ! તે એ પ્રમાણે છે. એમ કહી ભગવાન્ ગૌતમ શ્રમણભગવંત મહાવીરને વાંદે છે, નમે છે, વાંદીને તથા નમસ્કાર કરીને, સંયમ તથા તપવડે આત્માને ભાવતા વિહરે છે.

**શતક-૧ -ઉદ્દેસો- ૧ -ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

**-: ઉદ્દેસો - ૨ :-**

[૨૬] રાજગૃહ નગરમાં સમવસરણ થયું, સભા નીકળી અને યાવદ્-આ પ્રમાણે બોલ્યા કેઃ- હે ભગવન્ જીવ સ્વંયકૃત કર્મને વેદે છે ? હે ગૌતમ ! કેટલુંક વેદે છે અને કેટલુંક નથી વેદતો. હે ભગવન્ ! તે એ પ્રમાણે શા હેતુથી કહો છો. હે ગૌતમ ! ઉદીર્ણ કર્મને વેદે છે અને અનુદીર્ણ કર્મને નથી વેદતો, માટે એમ કહેવાય છે કે, 'કેટલુંક વેદે છે અને કેટલુંક નથી વેદતો. એ પ્રમાણે ચોવીસે દંડકમાં યાવત્-વૈમાનિક પર્યંત જાણવું. હે ભગવન્ ! જીવો સ્વયંકૃત કર્મને વેદે છે ? હે ગૌતમ ! કેટલાંકને વેદે છે અને કેટલાંકને નથી વેદતા હે ભગવન્ ! તે આ પ્રમાણે શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! ઉદીર્ણ કર્મને વેદે છે અને અનુદીર્ણને નથી વેદતા, યાવદ્-વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્ ! જીવ સ્વયંકૃત આયુષ્યને વેદે છે ? હે ગૌતમ ! કેટલુંક વેદે છે અને કેટલુંક નથી વેદતો. જે પ્રમાણે દુઃખ સંબંધે બે દંડક કહ્યા, તેમ આયુષ્ય સંબંધી એકવચન અને બહુવચનવાળા બે દંડક કહેવા. યાવદ્-વૈમાનિક સુધી કહેવું.

[૨૭] હે ભગવન્ ! બધા નૈરયિકો સરખા આહારવાળા, સરખા શરીરવાળા તથા સરખા ઉચ્છ્વાસ અને નિઃશ્વાસવાળા છે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ-સંગત નથી. હે ભગવન્ ! તે એ પ્રમાણે શા હેતુથી કહો છો હે ગૌતમ ! નૈરયિકો બે પ્રકારના કહ્યા છે. મોટા શરીરવાળા અને નાના શરીરવાળા, તેમાં જે નૈરયિકો મોટા શરીરવાળા છે તેઓ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઘણા પુદ્ગલોનો આહાર કરે છે, ઘણા પુદ્ગલોને પરિણમાવે છે. ઘણો ઉચ્છ્વાસ અને નિઃશ્વાસ લે છે; વારંવાર આહાર કરે છે, વારંવાર પરિણમાવે છે અને વારંવાર ઉચ્છ્વાસ તથા નિઃશ્વાસ લે છે. તથા તેમાં જે નાના શરીરવાળા છે તેઓ થોડા પુદ્ગલોને પરિણમાવે છે, થોડો ઉચ્છ્વાસ અને નિઃશ્વાસ લે છે, કદાચિત્ આહાર કરે છે, કદાચિત્ પરિણમાવે છે, અને કદાચ ઉચ્છ્વાસ અને નિઃશ્વાસ લે છે; માટે હે ગૌતમ ! તે હેતુથી એમ કહેવાય છે કે 'બધા નૈરયિકો સરખા આહારવાળા, સરખા શરીરવાળા અને યાવત્-સરખા ઉચ્છ્વાસ તથા નિઃશ્વાસવાળા નથી ? હે ભગવન્ ! બધા નૈરયિકો સરખા કર્મવાળા છે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! એ પ્રમાણે શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! નૈરયિકો બે પ્રકારના કહ્યા છે ? પહેલાં ઉત્પન્ન થયેલાં અને પછી ઉત્પન્ન થયેલાં, તેમાં જે નૈરયિકો પહેલાં ઉત્પન્ન થયેલાં છે તેઓ અલ્પ કર્મવાળા છે અને જે પછી ઉત્પન્ન થયેલાં છે તેઓ મહાકર્મવાળા છે. માટે હે ગૌતમ ! તે હેતુથી એમ કહેવાય છે કે "નૈરયિકો બધા સરખા કર્મવાળા નથી" હે ભગવન્ ! બધા નૈરયિકો સમાન વર્ણવાળા છે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! એ પ્રમાણે શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! પૂર્વવત્ જાણવું

હે ભગવન્ ! બધા નૈરયિકો સમાન લેશ્યાવાળા છે ? હે ગૌતમ ! તે અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! તે એ પ્રમાણે શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! નૈરયિકો પૂર્વવત બે પ્રકારના કહ્યા છે તેમાં જે નૈરયિકો પ્રથમ ઉત્પન્ન થયેલા છે તે વિશુદ્ધલેશ્યાવાળા છે અને પછી ઉત્પન્ન થયા છે તે અવિશુદ્ધ લેશ્યાવાળા છે. હે ભગવન્ ! બધા નૈરયિકો સરખી વેદનાવાળા છે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! એ પ્રમાણે શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! નૈરયિકો બે પ્રકારના કહ્યા છે. સંજ્ઞિભૂત અને અસંજ્ઞિભૂત છે તેમાં જે સંજ્ઞીભૂત છે તે મોટી વેદનાવાળા છે અને જે અસંજ્ઞીભૂત છે તે ઓછી વેદનાવાળા છે, માટે હે ગૌતમ ! તે હેતુથી પૂર્વવત્ કહ્યું છે. હે ભગવન્ ! બધા નૈરયિકો સમાન ક્રિયાવાળા છે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! એ પ્રમાણે શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! નૈરયિકો ત્રણ પ્રકારના કહ્યા છે સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્મિથ્યા-દૃષ્ટિ, તેમાં જેઓ સમ્યગ્દૃષ્ટિ છે તેઓને ચાર ક્રિયા હોય છે તે આ પ્રમાણે :- આરંભની, પારિગ્રહની, માયાપ્રત્યયની અને અપ્રત્યયાખ્યાન ક્રિયા તેમાં જેઓ મિથ્યાદૃષ્ટિ છે, તેઓને પાંચ ક્રિયાઓ હોય છે તે આ પ્રમાણે :- આરંભિની, પારિગ્રહિની, માયાપ્રત્યયા, અપ્રત્યાખ્યાનક્રિયા, અને મિથ્યાદૃષ્ટિ પ્રત્યયા તથા તેમાં જેઓ સમ્યગમિથ્યાદૃષ્ટિ છે તેઓને પણ પૂર્વ પ્રમાણે પાંચક્રિયાઓ હોયછે,માટે હેગૌતમ!તે હેતુથી એપ્રમાણે કહ્યું છે.

હે ભગવન્ ! બધા નૈરયિકો સરખી ઉંમરવાળા અને સમોપપન્ન ઉત્પન્ન થએલા છે ? એ અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! એ પ્રમાણે શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! નૈરયિકો ચાર પ્રકારના કહ્યા છે, તે આ પ્રમાણે :- કેટલાક સરખી ઉંમરવાળા અને કેટલાક સાથે ઉત્પન્ન થયેલા, તથા કેટલાક વિષમ ઉંમરવાળા અને સાથે ઉત્પન્ન થયેલા તથા કેટલાંક સમ ઉંમરવાળા અને આગળ ઉત્પન્ન થયેલા તથા કેટલાક વિષમ ઉંમરવાળા અને સાથે ઉત્પન્ન થયેલા. માટે હે ગૌતમ ! તે હેતુથી પૂર્વ પ્રમાણે કહ્યું છે. હે ભગવન્ ! બધા અસુરકુમારો સરખા આહારવાળા અને સરખા શરીરવાળા છે ? ઇત્યાદિ પૂર્વની પેઠે સઘળા પ્રશ્નો કરવા. હે ગૌતમ ! અસુરકુમારો સંબંધે બધું નૈરયિકોની પેઠે કહેવું.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિશેષ એ કે, અસુરકુમારોના કર્મ, વર્ણ અને લેશ્યાઓ નૈરયિકોથી વિપરીત કહેવા. અર્થાત્ જે અસુરકુમારો પૂર્વોપપન્નક છે તેઓ મહાકર્મતર છે અને અવિશુદ્ધ વર્ણ તથા લેશ્યાવાળા છે. અને જે અસુરકુમારો પશ્ચાદુપપન્નક છે તેઓ પ્રશસ્ત છે. બાકી બધું એજ પ્રમાણે જાણવું. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમારો સુધી જાણવું. પૃથ્વિકાયિકોનાં આહાર, કર્મ, વર્ણ અને લેશ્યા એ બધું નૈરયિકોની પેઠે જાણવું. હે ભગવન્ ! બધા પૃથિવીકાયકો સરખી વેદનાવાળા છે ? હે ગૌતમ ! હા, બધા પૃથિવીકાયિકો સરખી વેદનાવાળા છે. હે ભગવન્ ! તે એ પ્રમાણે શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! બધા પૃથિવીકાયિકો અસંજ્ઞીઓ છે અને અસંજ્ઞીભૂત વેદનાને અનિર્ધારપણે વેદે છે, માટે હે ભગવન્ ! બધા પૃથિવીકાયિકો સમાન ક્રિયાવાળા છે ? હે ગૌતમ ! હા બધા પૃથિવી-કાયિકો સમાન ક્રિયાવાળા છે. હે ભગવન્ ! તે આ પ્રમાણે શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! બધા પૃથિવીકાયિકો માયી અને મિથ્યાદૃષ્ટિ છે. માટે તેઓને પાંચ ક્રિયાઓ નિયમપૂર્વક હોય છે. તે પાંચ ક્રિયાઓ આ છે-આરંભિકી યાવદ્-મિથ્યાદર્શન પ્રત્યયા. માટે જેમ સમાયુ અને સમોપપન્નક નૈરયિકો કહ્યા તેમ પૃથિવીકાયકો પણ કહેવા જેમ પૃથિવીકાયિકો કહ્યા તેમ બે ઇંદ્રિયો, તે ઇંદ્રિયો અને યાવત્-ચઉરિંદ્રિયો પણ કહેવા. તથા પંચેંદ્રિય તિર્યંચયોનિકો પણ નૈરયિકોની પેઠે જાણવા. માત્ર ક્રિયાઓમાં ભેદ છે.

હે ભગવન્ ! બધા પંચેદ્રિય તિર્યંચ યોનિકો સમાન ક્રિયાવાળા છે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! એ પ્રમાણે શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! પંચેન્દ્રિય તિર્યંચ યોનિકો ત્રણ પ્રકારના કહ્યા છે, તે આ પ્રમાણે સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિ તેમાં જેઓ સમ્યગ્દૃષ્ટિ છે તેઓ બે પ્રકારના કહ્યા છે,તે આ પ્રમાણે :- અસંયત અને સંયતાસંયત તેમાં જે સંયતાસંયત છે તેઓને ત્રણ ક્રિયાઓ હોય છે. તે આપ્રમાણે :- આરંભિકી, પારિગ્રાહિકી અને માયાપ્રત્યયા. તથા જે અસંયતો છે તેને ચાર અને મિથાયાદૃષ્ટિ તથા સમ્યગ્દૃષ્ટિ છે તેઓને પાંચ ક્રિયાઓ હોય છે. જેમ નૈરયિકો કહ્યા તેમ મનુષ્યો કહેવા. તેમાં ભેદ આ છે જે મનુષ્યો મોટા શરીરવાળાં છે તે ઘણા પુદ્ગલોનો આહાર કરે છે અને કદાચિત્ આહાર કરે છે. તથા જે મનુષ્યો નાના શરીરવાળા છે તે થોડા પુદ્ગલોનો આહાર કરે છે અને વારંવાર આહાર કરે છે બાકી બધું યાવદ્-વેદના સુધી નૈરયિકોની પેઠે જાણવું. હે ભગવન્ ! બધા મનુષ્યો સમાન ક્રિયાવાળા છે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી હે ભગવન્ ! એ પ્રમાણે શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! મનુષ્યો ત્રણ પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે-સમ્યગદૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ-મિથ્યાદૃષ્ટિ. તેમાં જેઓ સમ્યગદૃષ્ટિ છે. તેઓ ત્રણ પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે :- સંયત, સંયતાસંયત અને અસંયત. તેમાં જે સંયત છે તે બે પ્રકારના કહ્યા છે- સરાગ-સંયત. અને વીતરાગસંયત. તેમાં જે વીતરાગસંયત છે તેઓ ક્રિયા વિનાના છે. જે સરાગસંયત છે તેઓ બે પ્રકારના છે. - પ્રમત્તસંયત અને અપ્રમત્તસંયત. તેમાં જે અપ્રમત્તસંયત છે તેઓને એક માયાપ્રત્યયા ક્રિયા હોય છે. અને પ્રમત્તસંયત છે તેઓને બે ક્રિયાઓ હોય છે :- આરંભિકી અને માયાપ્રત્યયા. તેમાં જે સંયતાસંયત છે તેઓને પ્રથમની ત્રણ ક્રિયાઓ કહી છે, આરંભિકી, પારિગ્રાહિકી અને માયાપ્રત્યયા તથા અસં-યતોને ચાર ક્રિયાઓ હોય છે. આરંભિકી, પારિગ્રાહિકી, માયાપ્રત્યયા અને અપ્રત્ય-ખ્યાન- પ્રત્યયા. મિથ્યાદૃષ્ટિઓને તથા સમ્યગમિથ્યાદૃષ્ટિઓને પાંચ ક્રિયાઓ હોય છે

JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આરંભિકી, પરિગ્રહિકી, માયાપ્રત્યયા, અપ્રત્યાખ્યાનપ્રત્યયા, મિથ્યાદર્શનપ્રત્યયાવા-નવ્યંતર, જ્યોતિષિક અને વૈમાનિક, એ બધા અસુરકુમારોની પેઠે કહેવા. વેદનામાં ભેદ છે, જે આ પ્રમાણે છે જ્યોતિષ્ક અને વૈમાનિકોમાં જે માયી મિથ્યાદૃષ્ટિ ઉત્પન્ન થએલા હોય તે ઓછી વેદનાવાળા હોય છે અને જે અમાયી સમ્યગ્દૃષ્ટિ ઉત્પન્ન થએલા હોય તે મોટી વેદનાવાળા હોય છે એમ કહેવું.

હે ભગવન્ ! લેશ્યાવાળા બધા નૈરયિકો સમાન આહારવાળા છે ? હે ગૌતમ ! ઔધિક-સામાન્ય, સલેશ્ય અને શુકલલેશ્યાવાળા એ ત્રણેનો એક ગમ કહેવો. કૃષ્ણ-લેશ્યાવાળા અને નીલલેશ્યાવાળાઓનો પણ સમાન ગમ કહેવો. પણ તેમાં વેદનામાં ભેદ આ પ્રમાણે છે-માયી અને મિથ્યાદૃષ્ટિ ઉપપન્નક અને માયી તથા સમ્યગ્દૃષ્ટિ ઉપપન્નક કહેવા. તથા કૃષ્ણ અને નીલલેશ્યામાં મનુષ્યો સરાગસંયત, વીતરાગસંયત, પ્રમત્તસંયત, કે અપ્રમત્તસંયત ન કહેવા. વળી કાપોતલેશ્યાવાળામાં પણ એજ ગમ સમજવો. વિશેષ એ કે-કાપોતલેશ્યાવાળા નૈરયિકો ઔધિકદંડની પેઠે કહેવા. જેઓને તેજોલેશ્યા અને પદ્મલેશ્યા હોય, તેઓ ઔધિકદંડની પેઠે કહેવા વિશેષ એ કે, મનુષ્યોના સરાગ અને વીતરાગ એવા બે ભેદ કહેવા.

[૨૮] કર્મ અને આયુષ્ય જો ઉદીર્ણ હોય તો વેદે છે. આહાર, કર્મ, વર્ણ, લેશ્યા, વેદના, ક્રિયા, અને આયુષ્ય, એ બધાની સમતા સંબંધે પૂર્વે કહ્યું છે એમ જાણવું.

[૨૯] હે ભગવન્ ! લેશ્યાઓ કેટલી કહી છે ? હે ગૌતમ ! લેશ્યાઓ છ કહી છે. તે આ પ્રમાણે :- અહીં પ્રજ્ઞાપનાસૂત્રમાં કહેલ ચાર ઉદ્દેશકવાળા લેશ્યાપદનો બીજો ઉદ્દેશક કહેવો. તે યાવત્-ઇદ્ધી-ઋદ્ધિની વક્તવ્યતા સુધી કહેવો.

[૩૦] હે ભગવન્ ! અતીત કાળમાં આદિષ્ટ-નરકાદિ વિશેષણવિશિષ્ટ-થએલ જીવોને સંસારસંસ્થાનનો કાળ કેટલા પ્રકારનો કહ્યો છે ? હે ગૌતમ ! સંસારસંસ્થાનનો કાળ ચાર પ્રકારનો કહ્યો છે. તે આ પ્રમાણે-નૈરયિક સંસારસંસ્થાનકાળ, તિર્યંચસંસાર-સંસ્થાનકાળ, મનુષ્યસંસારસંસ્થાનકાળ અને દેવસંસારસંસ્થાનકાળ. હે ભગવન્ ! નૈરયિકસંસારસંસ્થાનકાળ કેટલા પ્રકારનો કહ્યો છે ? હે ગૌતમ ! ત્રણ જાતનો કહ્યો છે. તે આ પ્રમાણે :- શૂન્યકાળ, અશૂન્યકાળ, અને મિશ્રકાળ. હે ભગવન્ ! તિર્યંચયોનિક-સંસારસંસ્થાનકાળ કેટલા પ્રકારનો કહ્યો છે ? હે ગૌતમ ! તે બે પ્રકારનો કહ્યો છે. તે આ પ્રમાણે :- અશૂન્યકાળ અને મિશ્રકાળ. મનુષ્યોના અને દેવોના સંસારસંસ્થાનકાળના પ્રકારો નૈરયિકોની પેઠે જાણવા. હે ભગવન્ ! એ નૈરયિક સંબંધી સંસારસંસ્થાનકાળના ત્રણ-શૂન્યકાળ, અશૂન્યકાળ, અને મિશ્રકાળરૂપ-પ્રકારોમાં કયો કોનાથી ઓછો, વધારે, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડો અશૂન્યકાળ છે, તે કરતાં મિશ્રકાળ અનંતગુણ છે અને તે કરતાં પણ શૂન્યકાળ અનંતગુણ છે. તથા તિર્યંચયોનિકસંસાર-સંસ્થાનકાળના બે પ્રકારમાં સૌથી થોડો અશૂન્યકાળ છે અને તે કરતાં મિશ્રકાળ અનંતગુણ છે. મનુષ્યોના અને દેવોના સંસારસંસ્થાનકાળની ન્યૂનાધિકતા નૈરયિકોના સંસારસંસ્થાનકાળની ન્યૂનાધિકતા પેઠે જાણવી. હે ભગવન્ ! નૈરયિકના, તિર્યંચયો-નિકના, મનુષ્યના અને દેવના એ સંસારસંસ્થાનકાળમાં કયો કોનાથી ઓછો, વધારે, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! મનુષ્યસંસારસંસ્થાનકાળ સૌથી થોડો છે, તે કરતાં નૈરયિકસંસારસંસ્થાનકાળ અસંખ્યેયગુણ છે, તે કરતાં દેવસંસારસંસ્થાનકાળ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અસંખ્યેયગુણ છે અને તે કરતાં તિર્યંચ- યોનિકસંસારસંસ્થાનકાળ અનંતગુણ છે.

[૩૧] હે ભગવન્ ! જીવ અંતક્રિયા કરે અર્થાત્ જીવ મોક્ષપ્રાપ્તિ કરે ? હે ગૌતમ ! કોઇ કરે છે અને કોઈ કરતા નથી. તે માટે 'પન્નવણા'નું 'અંતક્રિયા' પદ જાણવું.

[૩૨] હે ભગવન્ ! સંયમરહિત અને દેવપણું પામવાને યોગ્ય એવા જીવો અખંડિત સંયમવાળા, ખંડિત સંયમવાળા, અખંડિત સંયમાસંમવાળા, ખંડિત સંયમા-સંયમવાળા, અસંજ્ઞિઓ, તાપસો, કાંદર્પિકો, ચરકપરિવ્રાજકો, કિલ્બિષિકો તિર્યંચ-યોનિકો, આજિવિકો, આભિયોનિકો, અને શ્રદ્ધા- ભ્રષ્ટવેષધારકો, એ બધા જો દેવલોકમાં ઉત્પન્ન થાય તો કોનો ક્યાં ઉત્પાદ- કહ્યો છે ? હે ગૌતમ ! સંયમરહિત અને દેવપણું પામવાને યોગ્ય એવા જીવોનો જઘન્યે ભવનવાસિમાં અને ઉત્કૃષ્ટે ઉપરના ગ્રૈવેયકમાં ઉત્પાદ કહ્યો છે. અખંડિત સંયમવાળાઓનો જઘન્યે સૌધર્મકલ્પમાં અને ઉત્કૃષ્ટે સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પાદ કહ્યો છે. ખંડિત સંયમવાળાઓનો જઘન્યે ભવનવાસિમાં અને ઉત્કૃષ્ટે સૌધર્મકલ્પમાં, અખંડિત સંયમવાળાઓનો જઘન્યે સૌધર્મકલ્પમાં અને ઉત્કૃષ્ટે અચ્યુતકલ્પમાં, ખંડિત સંયમાસંયમાવાળઓનો જઘન્યે ભવનવાસિમાં અને ઉત્કષ્ટે જ્યોતિષિકમાં, અસંયજ્ઞિઓને જઘન્યે ભવનવાસિમાં અને ઉત્કૃષ્ટે વાનવ્યંતરમાં ઉત્પાદ થાય છે. અને બાકી બીજા બધાનો જઘન્યે ભવનવાસિમાં ઉત્પાદ થાય છે અન ઉત્કૃષ્ટે જ્યાં ઉત્પાદ થાય છે તેને હવે કહીશ :- તાપસોનો જ્યો-તિષિકોમાં કાંદાર્પિકોનો સૌધર્મકલ્પમાં, પરિવ્રાજકોનો બ્રહ્મલોકમાં કિલ્બિષિકોનો લાંતકકલ્પમાં, તિર્યંચોનો સહસ્રાર કલ્પમાં, આજિવિકોનો તથા આભિયોગિકોનો અચ્યુતકલ્પમાં અને દર્શનભ્રષ્ટ વેષધારકોનો ઉત્પાદ ઉપરના ગ્રૈવેયકમાં થાય છે.

[૩૩] હે ભગવન્ ? અસંજ્ઞિનું આયુષ્ય કેટલા પ્રકારનું છે ? હે ગૌતમ ! અસંજ્ઞિનું આયુષ્ય ચાર પ્રકારનું છે, નૈરયિકઅસંજ્ઞિઆયુષ્ય, તિર્યંચઅસંજ્ઞિઆયુષ્ય, મનુષ્ય-અસંજ્ઞિઆયુષ્ય અને દેવઅસંજ્ઞિઆયુષ્ય. હે ભગવન્ ? શું અસંજ્ઞી જીવ નૈરયિકનું તિર્યંચનું, મનુષ્યનું કે દેવનું આયુષ્ય કરે ? હે ગૌતમ ! હા, નૈરયિકોનું આયુષ્ય પણ કરે અને તિર્યંચનું, મનુષ્યનું કે દેવનું આયુષ્ય પણ કરે, નૈરયિકનું આયુષ્ય કરતો અસંજ્ઞી જીવ જઘન્યે દસહજાર વરસનું અને ઉત્કૃષ્ટે પલ્યોપમના અસંખ્યેયભાગ જેટલું આયુષ્ય કરે તિર્યંચયોનિકનું આયુષ્ય કરતો જઘન્યે અંતર્મુહૂર્તનું અને ઉત્કૃષ્ટે પલ્યોપમના અસંખ્યેયભાગ જેટલું આયુષ્ય કરે, મનુષ્યનું આયુષ્ય કરતો પણ એજ પ્રમાણે કરે અને દેવનું આયુષ્ય નૈરયિકના આયુષ્યની પેઠે કરે. હે ભગવન્ ! એ નૈરયિક અસંજ્ઞિઆયુષ્ય, તિર્યંચયોનિક અસંજ્ઞિઆયુષ્ય, મનુષ્ય અસંજ્ઞિઆયુષ્ય, અને દેવ અસંજ્ઞિઆયુષ્ય એ બધામાં કયું કોનાથી અલ્પ, બહુ, તુલ્ય અને વિશેષાધિક છે ? હે ગૌતમ ! દેવ અસંજ્ઞિઆયુષ્ય સૌથી થોડું છે, તે કરતાં મનુષ્ય અસંજ્ઞિઆયુષ્ય અસંખ્યેયગુણ છે તે કરતાં તિર્યંચયોનિક અસંજ્ઞિઆયુષ્ય અસંખ્યેયગુણ છે અને તે કરતાં નૈરયિક અસંજ્ઞિઆયુષ્ય અસંખ્યેયગુણ છે. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, યાવત્ વિહરે છે.

**શતક : ૧ - ઉદ્દેસો - ૨ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## ઉદ્દેસો : ૩

[૩૪] હે ભગવન્ ! શું જીવો સંબંધિ કાંક્ષામોહનીય કર્મ કૃત-ક્રિયાનિષ્પાદ્ય છે ? હે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગૌતમ ! હા, તે ક્રિયા નિષ્પાદ્ય છે. હે ભગવન્ ! તે શું દેશથી દેશકૃત છે, દેશથી સર્વકૃત છે, સર્વથી દેશકૃત છે, કે સર્વથી સર્વકૃત છે ? હે ગૌતમ ! તે દેશથી દેશકૃત નથી, દેશથી સર્વકૃત નથી, સર્વથી દેશકૃત નથી પણ સર્વથી સર્વકૃત છે, હે ભગવન્ ! નૈરયિકો સંબંધિ કાંક્ષામોહનીય કર્મકૃત છે ? હે ગૌતમ ! હા, તે કૃત છે. સર્વથી સર્વકૃત છે. અને એ પ્રમાણે વૈમાનિકો સુધી દંડક કહેવો.

[૩૫] હે ભગવન્ ! જીવોએ કાંક્ષામોહનીય કર્મ કર્યું ? હે ગૌતમ ! હા, કર્યું. હે ભગવન્ ! તે શું દેશથી દેશે કર્યું ? હે ગૌતમ ! સર્વથી સર્વ કયુ છે. એ પ્રમાણે યાવત્-વૈમાનિકો સુધી દંડક કહેવો. એજ પ્રમાણે કરે છે અને કરશે, એ બન્નેનો અભિલાપ પણ યાવત્-વૈમાનિકો સુધી કહેવો. તથા એજ પ્રમાણે ચય, ચય કર્યો, ચય કરે છે તથા ચય કરશે; ઉપચય, ઉપચય કર્યો, ઉપચય કરે છે, ઉપચય કરશે. ઉદીર્યું, ઉદીરે છે, ઉદીરશે. વેદ્યું વેદે છે, વેદશે, નિર્જર્યુ નિર્જરે છે, અને નિર્જરશે, એ બધા અભિલાપો કહેવા.

[૩૬] કૃત, ચિત અને ઉપચિતમાં એક એકના ચાર ભેદ કહેવાના છે અર્થાત્ સામાન્યક્રિયા, પછી ભૂતકાળની તથા ભવિષ્યકાળની ક્રિયા; અને પાછળના ત્રણ પદમાં - ઉદીરિત, વેદિત, અને નિર્જીર્ણમાં -એક એક પદમાં માત્ર ત્રણ કાળનીજ ક્રિયા કહેવી.

[૩૭] હે ભગવન્ ! શું જીવો કાંક્ષામોહનીય કર્મને વેદે છે ? હે ગૌતમ ! હા વેદે છે. હે ભગવન્ ! જીવો કાંક્ષામોહનીય કર્મને કેવી રીતે વેદે છે ? હે ગૌતમ ! તે તે કારણો વડે શંકાવાળા કાંક્ષાવાળા, વિચિકિત્સાવાળા, ભેદસમાપન્ન અને કલુષસમાપન્ન, થઈને એ પ્રમાણે કાંક્ષામોહનીય કર્મને વેદે છે.

[૩૮] હે ભગવન્ ! તેજ સત્ય અને નિઃશંક છે કે જે જિનોએ જણાવ્યું છે?હે ગૌતમ ! હા તેજ સત્ય અને નિઃશંક છે કે જે જિનોએ જણાવ્યું છે.

[૩૯] હે ભગવન્ ! એજ પ્રમાણે મનમાં ધારતો, પ્રકરતો, રહેતો, અને સંવરતો પ્રાણી આજ્ઞાનો આરાધક થાય છે ? હે ગૌતમ ! હા એ પ્રમાણે મનમાં ધારતો યાવત્-સંવરતો પ્રાણી આજ્ઞાનો આરાધક થાય છે.

[૪૦] હે ભગવન્ ! અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણમે છે, નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણમે છે ? હે ગૌતમ ! હા, તે પ્રમાણે યાવત્-પરિણમે છે. હે ભગવન્ ! જે તે અસ્તિત્વ અસ્તિવમાં પરિણમે છે અને નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણમે છે. તે શું પ્રયોગથી-જીવના વ્યાપારથી-પરિણમે છે કે સ્વભાવથી પરિણમે છે ? હે ગૌતમ ! તે પ્રયોગથી અને સ્વભાવથી (બન્ને પ્રકારે) પરિણમે છે. હે ભગવન્ ! જેમ તારું અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણમે છે. તેમ તારું નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણમે છે ? અને જેમ તારું નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણમે છે તેમ મારું અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણમે છે. હે ગૌતમ ! હા, જેમ મારું અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણમે છે તેમ તારું નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણમે છે. અને જેમ મારું નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણમે છે તેમ મારું અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણમે છે. હે ભગવન્ ! અસ્તિત્વ અસ્તિત્વમાં ગમનીય છે ? હે ગૌતમ ! હા, જેમ 'પરિણમે છે' એ પદના બે આલાપક કહ્યા તેમ અહીં 'ગમનીય' પદ સાથે પણ બે આલાપક કહેવા. યાવત્-જેમ મારું અસ્તિત્વ અસ્તિત્વમાં ગમનીય છે.

[૪૧] હે ભગવન્ ! જેમ તારું અહીં ગમનીય છે તેમ તારું ઇહ ગમનીય છે ? જેમ તારું ઇહ ગમનીય છે તેમ તારું અહીં ગમનીય છે ? હે ગૌતમ ! હા, જેમ મારું અહીં

જૈન સાઈટ JAINSITE.com

ગમનીય છે યાવત્-તેમ મારું અહીં ગમનીય છે.

[૪૨] હે ભગવન્ ! જીવો કાંક્ષામોહનીય કર્મ બાંધે છે ? હે ગૌતમ ! હા બાંધે છે. હે ભગવન્ ! જીવો કાંક્ષામોહનીય કર્મ કેવી રીતે બાંધે છે ? હે ગૌતમ ! પ્રમાદરૂપ હેતુથી અને યોગરૂપ નિમિતથી જીવો કાંક્ષામોહનીય કર્મ બાંધે છે. હે ભગવન્ ! તે પ્રમાદ શાથી પેદા થાય છે ? હે ગૌતમ ! તે પ્રમાદયોગથી-પેદા થાય છે. તે યોગ શાથી પેદા થાય છે ? તે વીર્યથી પેદા થાય છે. તે વીર્ય શાથી પેદા થાય છે ? શરીરથી પેદા થાય છે. તે શરીર શાથી પેદા થાય છે ? જીવથી પેદા થાય છે, અને જ્યારે તેમ છે તો ઉત્થાન, કર્મ, બલ, વીર્ય, અને પુરુષાકાર પરાક્રમ છે.

[૪૩] હે ભગવન્ ! શું જીવ પોતાની મેળેજ તેને ઉદીરે છે ? પોતાની મેળેજ તેને ગર્હે છે ? અને પોતાની મેળેજ તેને સંવરે છે ? હે ગૌતમ ! હા, પોતાની મેળેજ પૂર્વ પ્રમાણે કરે છે હે ભગવન્ ! જે તે પોતાની મેળેજ ઉદીરે છે, ગર્હે છે અને સંવરે છે તે શું ઉદીર્ણને ઉદીરે છે ? અનુદીર્ણને ઉદીરે છે ? અનુદીર્ણ તથા ઉદીરણાને યોગ્યને ઉદીરે છે ? કે ઉદયાનંતર પશ્ચાત્કૃત કર્મ ઉદીરે છે ? હે ગૌતમ ! ઉદીર્ણને ઉદીરતો નથી તથા ઉદયાનંતર પશ્ચાત્કૃત કર્મને ઉદીરતો નથી પણ અનુદીર્ણ અને ઉદીરણાને યોગ્ય કર્મને ઉદીરે છે. હે ભગવન્ ! જે તે અનુદીર્ણ તથા ઉદીરણાને યોગ્ય કર્મને ઉદીરે છે તે શું ઉત્થાનથી, કર્મથી બલથી, વીર્યથી અને પુરુષાકાર પરાક્રમથી ઉદીરે છે ? કે અનુત્થાનથી, અકર્મથી અબલથી, અવીર્યથી અને અપુરુષાકાર પરાક્રમથી ઉદીરે છે ? હે ગૌતમ ! તે અનુદીર્ણ અને ઉદીરણાને યોગ્ય કર્મને ઉત્થાનથી, કર્મથી, બલથી, અવીર્યથી અને અપુરુષાકાર પરાક્રમથી ઉદીરતો નથી અને જ્યારે તેમ છે ત્યારે ઉત્થાન છે, કર્મ, બલ, વીર્ય અને પુરુષાકાર-પરાક્રમ પણ છે. હે ભગવન્ ! તે પોતાની મેળેજ ઉપશમાવે, ગર્હે અને સંવરે ? હે ગૌતમ ! હા, અહીં પણ તેમજ કહેવું. વિશેષ એ કે, અનુદીર્ણને ઉપશમાવે, બાકી ત્રણ વિકલ્પોનો નિષેધ કરવો. હે ભગવન્ ! જે તે અનુદીર્ણને ઉપશમાવે તે શું ઉત્થાનથી, યાવત્- પુરુષ-કારપરાક્રમથી ? કે અનુત્થાનથી, યાવત્-અપુરુષાકારપરાક્રમથી ? હે ગૌતમ ! પૂર્વ પ્રમાણેજ જાણવું. હે ભગવન્ ! તે પોતાની મેળેજ વેદે અને ગર્હે ? હે ગૌતમ ! અહીં પણ બધી પૂર્વોક્ત પરિપાટી જાણવી. વિશેષ એ કે, ઉદીર્ણને વેદે છે પણ અનુદીર્ણને વેદતો નથી, તથા એ પ્રમાણે યાવત્-પુરુષાકાર પરાક્રમથી વેદે છે.

[૪૪] હે ભગવન્ ! નૈરયિકો કાંક્ષામોહનીય કર્મને વેદે છે ? હે ગૌતમ ! જેમ ઔધિક-સામાન્ય-જીવો કહ્યા તેમ નૈરયિકો પણ જાણવા અને એ પ્રમાણે યાવત્-સ્તનિતકુમારો સુધી જાણવું. હે ભગવન્ ! પૃથિવીકાયિકો કાંક્ષામોહનીય કર્મને વેદે છે ? હે ગૌતમ ! હા વેદે છે. હે ભગવન્ ! તે પૃથિવીકાયિકજીવો કાંક્ષામોહનીય કર્મને કેવી રીતે વેદે છે ? હે ગૌતમ ! 'અમે કાંક્ષામોહનીય કર્મ વેદીએ છીએ' એ પ્રમાણે તે જીવોને-પૃથ્વિકાયિકોને તર્ક, સંજ્ઞા, પ્રજ્ઞા, મન કે વચન નથી, પણ તેઓ તેને વેદે છે. હે ભગવન્ ! તે નિઃશંક અને સત્ય છે કે જે જિનોએ પ્રવેદ્યું છે ? હે ગૌતમ ! હા, જિનોએ જે જણાવ્યું છે-તે નિઃશંક અને સત્ય છે યાવત્-પુરુષકાર, પરાક્રમ વડે નિર્જરે છે., એ પ્રમાણે યાવત્-ચાર ઈંદ્રિયવાળા જીવો સુધી જાણવું. જેમ સામાન્ય જીવો કહ્યા તેમ પંચેંદ્રિય-તિર્યંચયોનિકો અને યાવત્-વૈમાનિક કહેવા.

[૪૫] હે ભગવન્ ! શ્રમણ નિર્ગ્રંથો પણ કાંક્ષામોહનીય કર્મને વેદે છે ! હે ગૌતમ !

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હા વેદે છે. હે ભગવન્ ! શ્રમણ નિર્ગ્રંથો કાંક્ષામોહનીય કર્મને કેવી રીતે વેદે છે ? હે ગૌતમ ! તે તે જ્ઞાનાંતર, દર્શનાંતર, ચારિત્રાંતર, લિંગાંતર, પ્રવચનાનંતર, પ્રાવચનિકાંતર, કલ્પાંતર, માર્ગાંતર, મતાંતર, ભંગાંતર, નયાંતર, નિયમાંતર અને પ્રમાણાંતરવડે શંકાવાળા, કાંક્ષાવાળા, વિચિકિત્સાવાળા, ભેદસમાપન્ન અને કલુષસમાપન્ન થઈને, એ પ્રમાણે તે શ્રમણ નિર્ગ્રંથો પણ કાંક્ષામોહનીય કર્મને વેદે છે. હે ભગવન્ ! તેજ સત્ય અને નિઃશંક છે, જે જિનોએ જણાવ્યું છે ? હે ગૌતમ ! હા, તેજ સત્ય અને નિઃશંક છે. જે જિનોએ કહેલું છે, યાવત્-પુરુષાકારપરાક્રમથી નિર્જરે છે. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે.

**શતક : ૧ -ઉદ્દેસો : ૩ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## -: ઉદ્દેશક - ૪ :-

[૪૬] હે ભગવન્ ! કર્મકૃતિઓ કેટલી કહી છે ! હે ગૌતમ કર્મપ્રકૃતિઓ આઠ કહી છે, અહીં 'પ્રજ્ઞાપના'ના કર્મપ્રકૃતિ નામના ત્રેવીશમા પદનો પ્રથમ ઉદ્દેશક જાણવો યાવત્-અનુભાગ સમાપ્ત

[૪૭] કેટલી કર્મપ્રકૃતિ ! કેવી રીતે બાંધે છે ! કેટલાં સ્થાનોવડે પ્રકૃતિઓને બાંધે છે ! કેટલી પ્રકૃતિઓ વેદે છે ! અને કોનો કેટલા પ્રકારનો રસ છે !

[૪૮] હે ભગવન્ ! કૃતમોહનીય કર્મ જ્યારે ઉદયમાં આવેલું હોય ત્યારે જીવ ઉપસ્થાન કરે-હે ગૌતમ ! હા ત્યારે ઉપસ્થાન કરે. હે ભગવન્ ! તે ઉપસ્થાન શું વીર્યતાથી થાય ! કે અવીર્યતાથી થાય ! હે ગૌતમ ! તે ઉપસ્થાન વીર્યતાથી થાય, પણ અવીર્યતાથી ન થાય. હે ભગવન્ ! જો તે ઉપસ્થાન વીર્યતાથી થાય તો શું બાલવીર્યતાથી થાય, પંડિતવીર્યતાથી થાય કે બાલપંડિતવીર્યતાથી થાય ? હે ગૌતમ ! તે ઉપસ્થાન બાલવીર્યતાથી થાય, પણ પંડિતવીર્યતાથી કે બાલપંડિતવીર્યતાથી ન થાય. હે ભગવન્ ! કૃતમોહનીયકર્મ જ્યારે ઉદયમાં આવેલું હોય ત્યારે જીવ અપક્રમણ કરે-હે ગૌતમ ! હા અપક્રમણ કરે. હે ભગવન્ ! તે અપક્રમણ યાવત્ બાલવીર્યતાથી પંડિતવીર્યતાથી કે બાલપંડિતવીર્યતાથી થાય ? હે ગૌતમ ! બાલવીર્યતાથી થાય, અને કદાચિત્ બાલપંડિતવીર્યતાથી પણ થાય, પણ પંડિતવીર્યતાથી ન થાય. જેમ 'ઉદયમાં આવેલ' પદ સાથે બે આલાપક કહ્યા તેમ 'ઉપશાંત' સાથે પણ બે આલાપક કહેવા વિશેષ એ કે ત્યાં પંડિતવીર્યતાથી ઉપસ્થાન થાય અને બાલપંડિતવીર્યતાથી અપક્રમણ થાય. હે ભગવન્ ! તે અપક્રમણ શું આત્માવડે થાય, કે અનાત્મવડે થાય ? હે ગૌતમ ! તે અપક્રમણ આત્મા વડે થાય પણ અનાત્મા વડે ન થાય. હે ભગવન્ ! મોહનીય કર્મને વેદતો તે એ એ પ્રમાણે કેમ હોય ? હે ગૌતમ ! પહેલાં તેને એ એ પ્રમાણે રુચે છે. અને હમણા તેને એ એ પ્રમાણે રુચતું નથી, માટે તે એ એ પ્રમાણે છે.

[૪૯] હે ભગવન્ ! જે પાપ કર્મ કરેલું છે તેને વેદ્યા વિના નૈરયિકનો, તિર્યંચયોનિકનો, મનુષ્યનો કે દેવનો મોક્ષ નથી ? હે ગૌતમ ! હા, કરેલ પાપકર્મને અનુભવ્યા વિના નૈરયિકનો, તિર્યંચયોનિકનો, મનુષ્યનો કે દેવનો મોક્ષ નથી. હે ભગવન્ ! તમે એ પ્રમાણે શા હેતુથી કહો છો કે, હે ગૌતમ ! મેં કર્મના બે પ્રકાર કહ્યા છે. પ્રદેશકર્મ અને અનુભાગકર્મ. તેમાં જે પ્રદેશકર્મ છે તે ચોક્કસ વેદવું પડે છે અને જે અનુભાવકર્મ તે છે તે કેટલુંક વેદાય છે અને કેટલુંક વેદાતું નથી. એ અર્હતદ્વારા જ્ઞાત, સ્મૃત અને વિજ્ઞાત છે કે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીવ આ કર્મને આભ્યુ- પગમિક વેદના વડે વેદશે. આ જીવ આ કર્મને ઔપક્રમિક વેદના વડે વેદશે. યથાકર્મ- બાંધેલ કર્મને અનુસારે, નિકરણોને અનુસારે જેમ જેમ ભગવંતે તે જોયું છે તેમ તેમ તે વિપરિણામ પામશે. માટે હે ગૌતમ ! તે હેતુથી એમ કહ્યું છે કે, યાવત્-કરેલ કર્મોને અનુભવ્યા વિના નૈરયિક આદિનો મોક્ષ નથી.

[૫૦] હે ભગવન્ ! 'એ પુદ્ગલ વીતેલા અનંત અને શાશ્વત કાળે હતું' એમ કહી શકાય ! હે ગૌતમ ! હા, એ પુદ્ગલ વીતેલા અનંત અને શાશ્વત કાળે હતું એમ કહી શકાય. હે ભગવન્ ! એ પુદ્ગલ વર્તમાન શાશ્વતકાળે છે, એમ કહેવાય ! હે ગૌતમ ! હા, એમ કહેવાય. હે ભગવન્ ! એ પુદ્ગલ અનંત અને શાશ્વત ભવિષ્યકાળે થશે રહેશે-એમ કહી શકાય ? હે ગૌતમ ! હા, એમ કહેવાય. એ પ્રમાણે સ્કંધ સાથે પણ ત્રણ આલાપક કહેવા. તથા જીવ સાથે પણ ત્રણ આલાપક કહેવા.

[૫૧] હે ભગવન્ ! વીતેલા અનંત શાશ્વત કાળમાં છદ્મસ્થ મનુષ્ય કેવલ સંયમથી, કેવલ સંવરથી બ્રહ્મચર્યાવાસથી અને કેવલ પ્રવચનમાતાથી સિદ્ધ થયો, બુદ્ધ થયો, અને યાવત્-સર્વ દુઃખનો નાશ કરના થયો ! હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી હે ભગવન્ ! તે એ પ્રમાણે શા હેતુ કહો છો કે, હે ગૌતમ ! જે કોઈ અંત કરે કેવા અંતિમ શરીરવાળાએ સર્વ દુઃખોના નાશને કર્યો, તેઓ કરે છે કે કરશે તે બધા ઉત્પન્નજ્ઞાન-દર્શનધર, અરિહંત, જિન અને કેવલી થઈને ત્યારપછી સિદ્ધ, બુદ્ધ, અને મુક્ત થાય છે, પરિનિર્વાણ પામ્યા છે તથા તેઓએ સર્વ- દુઃખોનો નાશ કર્યો છે કરે છે અને કરશે. માટે હે ગૌતમ ! તે હેતુથી એમ કહ્યું છે કે યાવત્-સર્વ દુઃખોનો અંત કર્યો, વર્તમાનકાળમાં પણ એ પ્રમાણેજ જાણવું. વિશેષ એ કે, સિદ્ધ થાય છે, એમ કહેવું તથા ભવિષ્યકાળમાં તેવીજ રીતે જાણવું. વિશેષ એ કે-'સિદ્ધ થશે' એમ કહેવું. જેમ છદ્મસ્થ કહ્યો તેમ અધોવધિક પણ જાણવો, અને તેના ત્રણ ત્રણ આલાપક કહેવા. હે ભગવન્ ! વીતેલા અનંત શાશ્વત કાળમાં કેવલી મનુષ્યે યાવત્ સર્વદુઃખોનો નાશ કર્યો ! હે ગૌતમ ! હા, તે સિદ્ધ થયા, તેણે સર્વ દુઃખોનો નાશ કર્યો. અહીં પણ છદ્મસ્થની પેઠે ત્રણ આલાપક કહેવા. વિશેષ એ કે, સિદ્ધ થયા, સિદ્ધ થાય છે, અને સિદ્ધ થશે; એમ કહેવું. હે ભગવન્ ! વીતેલા અનંત શાશ્વતકાળને વિષે, વર્તમાન શાશ્વત સમયમાં અને અનંત શાશ્વત ભવિષ્યકાળમાં જે કોઈ અંતકરોએ, અંતિમ શરીરવાળાઓએ સર્વ દુઃખોનો નાશ કર્યો, કરે છે, અને કરશે; તે બધા ઉત્પન્નજ્ઞાન- દર્શનધર, અરિહંત, જિન અને કેવલી થઇ ત્યારપછી સિદ્ધ થાય છે, યાવત્ સર્વ દુઃખોનો નાશ કરશે ? હે ગૌતમ ! હા, વીતેલા અનંત શાશ્વત કાળને વિષે યાવત્-સર્વ દુઃખોનો નાશ કરશે. હે ભગવન્ ! તે ઉત્પન્નજ્ઞાનદર્શનધર, અરિહંત જિન અને કેવલી પૂર્ણ-કહેવાય ! હે ગૌતમ ! હા, ત ઉત્પન્નજ્ઞાનદર્શનધર, અરિહંત, જિન અને કેવલી પૂર્ણ કહેવાય. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, એમ કહી યાવત્-વિહરે છે.

**શતક-૧, ઉદ્દેસા-૪ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

**-: ઉદ્દેશક - ૫ :-**

[૫૨] હે ભગવન્ કેટલી પૃથિવીઓ કહી છે ! હે ગૌતમ ! સાત પૃથિવીઓ કહી છે, તે આ પ્રમાણે :- રત્નપ્રભા, યાવત્તમસ્તમાપ્રભા. હે ભગવન્ ! રત્નપ્રભા પૃથિવીમાં કેટલા લાખ નિરયાવાસો-કહેલાછે ! ત્યાં ત્રીસલાખ નિરયાવાસો કહ્યા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૫૩] ૧-માં ત્રીસલાખ ૨-માં પચીશલાખ ૩-માં પંદરલાખ ૪-માં દસલાખ ૫-માં ત્રણ લાખ ૬-માં ૯૯૯૯૫ અને ૭ માં પાંચજ અનુત્તર નિરયાવાસ છે.

[૫૪-૫૬] હે ભગવન્ અસુરકુમારોના કેટલા લાખ આવાસો કહ્યા છે ? હે ગૌતમ ! 'અસુરકુમારોના ચોસઠલાખ, નાગકુમારના ચોર્યાસીલાખ, સુવર્ણકુમારના બોંતેર લાખ તથા દીપકુમાર, દિકકુમાર, ઉદધિકુમાર, વિદ્યુતકુમારેન્દ્ર, સ્તનિતકુમાર, અને અગ્નિકુમાર, એ છ એ યુગલકોના છોંતેરલાખ આવાસો કહ્યા છે.

[૫૭] હે ભગવન્ ! પૃથિવીકાયિકોના કેટલા લાખ આવાસો કહ્યા છે ! હે ગૌતમ ! પૃથિવીકાયિકોના અસંખ્યેય લાખ આવાસો કહ્યા છે. અને એ પ્રમાણે યાવત્ જ્યોતિ-ષિકોના અસંખ્યેય લાખ વિમાનાવાસો જાણવા. હે ભગવન્ ! સૌધર્મકલ્પમાં કેટલા વિમાનવાસો કહ્યા છે ! હે ગૌતમ ! ત્યાં બત્રીશલાખ વિમાનવાસો કહ્યા છે-

[૫૮-૬૦] અનુક્રમે ૩૨ લાખ, ૨૮ લાખ, ૧૨ લાખ ૮ લાખ, ૮૪ લાખ, ૫૦ હજાર, ૪૦ હજાર વિમાનવાસો અને છ હજાર વિમાનવાસો સહસ્રાર દેવલોકમાં છે. આનત અને પ્રાણાતકલ્પમાં ચારસો, આરણ અને અચ્યુતમાં ત્રણસો વિમાનવાસો છે ૧૧૧ વિમાનાવાસો નીચલા અધસ્તન-માં, ૧૦૭ વચલા-મધ્યમાં તથા ૧૦૦ ઉપરના--ઉપરિમ-માં છે. અને અનુત્તર વિમાનો તો પાંચજ છે.

[૬૧] પૃથિવી વિગેરે જીવાવાસોમાં સ્થિતિ, અવગાહના શરીર, સંહનન, સંસ્થાનલેશ્યા, દૃષ્ટિ, જ્ઞાન, યોગ અને ઉપયોગ, એ દશ સ્થાન સંબંધે વિચારધાનું છે.

[૬૨] હે ભગવન્ ! એ રત્નપ્રભા પૃથિવીના ત્રીશલાખ નિરયાવાસોમાંના એક એક નિરયાવાસમાં રહેનારા નૈરયિકોના કેટલાં સ્થિતિસ્થાનો કહ્યાં છે ? હે ગૌતમ ! તેઓનાં અસંખ્ય સ્થિતિસ્થાનો કહ્યાં છે :- ઓછામાં ઓછી ઉમર દશહજાર વર્ષની છે તે એક સમયાધિક બે સમયાધિક એ પ્રમાણે યાવત્-જઘન્ય સ્થિતિ અસંખ્યેય સમયાધિક તથા તેને ઉચિત ઉત્કૃષ્ટ સ્થિતિ પણ એ પ્રમાણે છે. હે ભગવન્ ! એ રત્નપ્રભા પૃથવીની ત્રીશ લાખ નિરયાવાસોમાંના એક એક નિરયાવાસામાં ઓછામાં ઓછી ઉમરમાં વસનારા નૈરયિકો શું ક્રોધોપયુક્ત છે ? માનોપયુક્ત છે ? માયોપયુક્ત છે ? કે લોભોપ-યુક્ત છે ? હે ગૌતમ ! તે બધાય પણ ક્રોધોપયુક્ત હોય છે. અથવા ઘણા ક્રોધોપયુક્ત અને એકાદ માનોપયુક્ત, અથવા ઘણા ક્રોધોપયુક્ત અને માનોપયુક્ત, અથવા ઘણા ક્રોધોપયુક્ત અને માનોપયુક્ત, અથવા ઘણા ક્રોધોપયુક્ત અને એકાદ માયોપયુક્ત, અથવા ઘણા ક્રોધોપયુક્ત અને એકાદ લોભોપયુક્ત, અથવા ઘણા ક્રોધપયુક્ત અને લોભોપયુક્ત, અથવા ઘણા ક્રોધો- પયુક્ત અને એકાદ માનોપયુક્ત તથા માયોપયુક્ત, અથવા ઘણા ક્રોધપયુક્ત તથા એકાદ માનોપયુક્ત અને ઘણા માયોપયુક્ત, અથવા ઘણા ક્રોધોપયુક્ત, માનોપયુક્ત અને એકાદ માયોપયુક્ત, અથવા ઘણા ક્રોધોપયુક્ત, માનોપયુક્ત તથા માયોપયુક્ત, એ પ્રમાણે ક્રોધ, માન અને લોભ સાથે બીજા પણ ચાર ભાંગા કરવા. તથા એજ પ્રમાણે ક્રોધ, માયા અને લોભ સાથે પણ ચાર ભાંગા કરવા. પછી માન, માયા અને લોભની સાથે ક્રોધવડે ભાંગા કરવા. તથા તે બધા ક્રોધને મૂક્યા શિવાયના એ પ્રમાણે સત્તાવીશ ભેદ જાણવા.

[૬૩] હે ભગવન્ ! એ રત્નપ્રભા પૃથિવીના ત્રીસ લાખ નિરયાવાસોમાંના એક એક નિરયાવાસોમાં એક સમયાધિક જઘન્ય ઉમરમાં વર્તતા નૈરયિકો શું ક્રોધોપયુક્ત

જૈન સાહિત્ય JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે ? માનોપયુક્ત છે ? માયોપુયુક્ત છે ? કે લોભોપયુક્ત છે ? હે ગૌતમ ! તેઓમાં એકાદ ક્રોધોપયુક્ત માનોપયુક્ત, માયોપયુક્ત, અને લોભોપયુક્ત હોય છે. અથવા ઘણા ક્રોધોપયુક્ત, માનોપયુક્ત માયોપયુક્ત, અને લોભોપયુક્ત હોય છે. અથવા કોઈ એક ક્રોધોપયુક્ત અને માનોપયુક્ત, અથવા કોઈ એક ક્રોધોપયુક્ત અને ઘણા માનોપયુક્ત, હોય છે, ઈત્યાદિ એ પ્રમાણે એંસી ભેદ જાણવા. અને એ પ્રમાણે યાવત્ સંખ્યેય સમયાધિક સ્થિતિવાળા નૈરયિકો માટે પણ જાણવું. અસંખ્યેય સમયાધિક સ્થિતિને ઉચિત ઉત્કૃષ્ટ સ્થિતિમાં સત્તાવીસ ભાંગા કહેવા. હે ભગવન આ રત્નપ્રભા પૃથિવીમાં ત્રીશલાખ નિરયાવાસોમાંના એક એક નિરયાવાસમાં વસતા નૈરયિકોના અવગાહનાસ્થાનો કેટલાં કહ્યા છે ? હે ગૌતમ ! તેઓના અવગાહનાસ્થાનો અસંખ્યેય કહ્યાં છે. તે આ પ્રમાણે :- ઓછામાં ઓછી અંગુલના અસંખ્યેય ભાગ જેટલી અવગાહના તે એક પ્રદેશાધિક, બે પ્રદેશાધિક, એ પ્રમાણે યાવત્-અસંખ્યેયપ્રદેશાધિક જાણવી. તથા જઘન્ય અવગાહના અને તેને ઉચિત ઉત્કૃષ્ટ અવગાહના પણ જાણવી. હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથિવીમાં ત્રીશ લાખ નિરયાવાસોમાંના એક એક નિરયાવાસોમાંના એક એક નૈરયાવાસમાં જઘન્ય અવગાહનાએ વર્તતા નૈરયિકો શું ક્રોધોપયુક્ત છે ? હે ગૌતમ ! અહીં ભેદ જાણવા. અને એ પ્રમાણે યાવત્-સંખ્યેય પ્રદેશાધિક જઘન્ય અવગાહનાએ વર્તતા નૈરયિકો માટે પણ જાણવું. અસંખ્યેય પ્રદેશાધિક જઘન્ય અવગાહનાએ વર્તતા તથા તદુચિત ઉત્કૃષ્ટ અવગાહનાએ વર્તતા નૈરયેયિકોના અરઅથાત્ એ બન્નેના પણ સત્તાવીશ ભાંગા કહેવા.

હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથિવીમાં ત્રીશ લાખ નિરવાયવાસોમાંના એક એક નિરયાવાસમાં વસતા અને વૈક્રિયશરીરવાળા નૈરયિકો શું ક્રોધોપયુક્ત છે ? હે ગૌતમ ! અહીં સત્તાવીશ ભાંગા કહેવા. અને એ ગમ વડે બાકીના બે શરીર અર્થાત્ બધાં મળીને ત્રણ શરીર સંબંધે પૂર્વોક્ત પ્રમાણે જાણવું. હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથિવીમાં યાવત્-વસતા નૈરયિકોના શરીરોનું કયું સંઘયણ-સંહનન કહ્યું છે ! હે ગૌતમ ! તેઓનું શરીર સંઘયણ વિનાનું છે. વળી તેઓના શરીરમાં હાડકાં, નસો અને સ્નાયુ નથી. તથા જે પુદ્ગલો અનીષ્ટ, અકાંત અપ્રિય, અશુભ, અમનોજ્ઞ અને અમનોમ છે તે પુદ્ગલો એઓના શરીરસંઘાતપણે પરિણમે છે. હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથિવીમાં યાવત્-વસતા અને છ સંઘયણમાંથી એકપણ સંઘયણ વિનાના નૈરયિકો શું ક્રોધોપયુક્ત છે ! હે ગૌતમ ! અહીં સત્તાવીશ ભાંગા જાણવા. હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથિવીમાં યાવત્-વસતા નૈરયિકોના શરીરો કયા સંસ્થાનવાળા કહ્યાં છે ? હે ગૌતમ ! તે નૈરયિકોના શરીરો બે પ્રકારના કહ્યાં છે. ભવધારણીય- જ્યાંસુધી જીવે ત્યાંસુધી રહેનારાં અને ઉત્તરવૈક્રિય. તેમાં જે શરીરો ભવધારણીય છે તે હુંડકસંસ્થાનવાળાં કહ્યાં છે, અને જે શરીરો ઉત્તરવૈક્રિયરૂપ છે તે પણ હુંડકસંસ્થાનવાળાં કહ્યાં છે. હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથિવીમાં યાવત્-હુંડકસંસ્થાને વર્તતા નૈરયિકો શું ક્રોધોપયુક્ત છે ? હે ગૌતમ ! અહીં સત્તાવીશ ભાંગા કહેવા. હે ભગવન્ ! આ રત્નપ્રભા ! પૃથિવીમાં વસતા નૈરયિકોને કેટલી લેશ્યા પકહી છે ? હે ગૌતમ ! તેઓને એક કાપોતલેશ્યા કહી છે. હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથિવીમાં વસતા કાપોતલેશ્યાવાળા નૈરયિકો શું ક્રોધોપયુક્ત છે ? અહીં સત્તાવીશ ભાંગા કહેવા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૬૪] હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં વસતા નૈરયિકો શું સમ્યગ્દૃષ્ટિ છે ? મિથ્યાદૃષ્ટિ છે ? કે સમ્યગમિથ્યાદૃષ્ટિ છે ? હે ગૌતમ તેઓ ત્રણે પ્રકારના છે ? હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથિવીમાં વસતા ને સમ્યગ્દર્શનમાં વર્તતા નૈરયિકો શું ક્રોધોપયુક્ત છે ! હે ગૌતમ - અહીં સત્તાવીશ ભાંગા કહેવા. અને એ પ્રમાણે મિથ્યાદર્શન તથા સમ્યગ્ મિથ્યાદર્શનમાં એંસી ભાંગા કહેવા. હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથિવીમાં વસતા જીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ? હે ગૌતમ ! તેઓ જ્ઞાની પણ છે અને અજ્ઞાની પણ છે. જેઓ જ્ઞાની છે તેઓને ત્રણ જ્ઞાન નિયમપૂર્વક હોય છે અને જેઓ અજ્ઞાની છે તેઓને ત્રણ અજ્ઞાન ભજનાપૂર્વક હોય છે. હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથિવીમાં રહેતા અને આભિનિબોધિક જ્ઞાનમાં વર્તમા નૈરયિકો શું ક્રોધોપયુક્ત છે ? હે ગૌતમ ! અહીં સત્તાવીશ ભાંગા જાણવા. અને એ પ્રમાણે ત્રણ જ્ઞાન તથા ત્રણ અજ્ઞાન કહેવાં-જાણવાં હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથિવીમાં રહેનારા નૈરયિકો શું મનોયોગી છે ! વચનયોગી છે ? કે કાયયોગી છે ? હે ગૌતમ ! તેઓ પ્રત્યેક ત્રણ પ્રકારના છે હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથિવીમાં રહેનારા અને યાવત્-મનોયોગમાં વર્તતા જીવો શું ક્રોધોપયુક્ત છે ? હે ગૌતમ ! અહીં ૨૭ ભાંગા જાણવા. અને એ પ્રમાણે વચનયોગમાં તથા કાયયોગમાં કહેવું. હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથિવીમાં રહેનારા નૈરયિકો શું સાકારોપયુક્ત છે કે અનાકારોપયુક્ત છે ! હે ગૌતમ ! તેઓ સાકારોપયુક્ત પણ છે અને અનાકારોપયુક્ત પણ છે. હે ભગવન્ ! આ રત્નપ્રભામાં રહેનારા અને સાકારોપયોગમાં વર્તતા નૈરયિકો શું ક્રોધોપયુક્ત છે ? હે ગૌતમ ! અહીં સત્તાવીશ ભાંગા કહેવા. અને એ પ્રમાણે અના- કારોપયોગમાં પણ જાણવું. તથા એ પ્રમાણે સાતે પૃથિવીમાં પણ જાણવું. માત્ર વિશેષતા લેશ્યાઓમાં છે, તે આ પ્રમાણે છે,

જૈન સાઈટ JAINSITE.com જૈનમ જયતિ શાસનમ

[૬૫] પહેલી અને બીજી પૃથિવીમાં કાપોતલેશ્યા છે, ત્રીજીમાં મિશ્ર લેશ્યા-કાપોત અને નીલ લેશ્યા છે, ચોથામાં નીલલેશ્યા છે, પાંચમીમાં મિશ્ર-નીલ અને કૃષ્ણ લેશ્યા છે. છઠ્ઠીમાં કૃષ્ણ લેશ્યા છે અને સાતમીમાં પરમકૃષ્ણ લેશ્યા છે.

[૬૬] હે ભગવન્ ! ચોસઠલાખ અસુરકુમારવાસોમાંના એક એક અસુરકુમાર-વાસમાં વસતા અસુરકુમારેના સ્થિતિસ્થાનો કેટલાં કહ્યાં છે ! હે ગૌતમ ! તેઓના સ્થિતિસ્થાનો અસંખ્યેય કહ્યા છે. તે આ પ્રમાણે :- ઓછામાં ઓછી સ્થિતિ, તે એક સમયાધિક, બે સમયાધિક, ઈત્યાદિ નૈરયિકોની પેઠે જાણવાનું છે, વિશેષ એ કે, ભેદ પ્રતિલોભ-ઉલટા કહેવાના છે. તે બધાય પણ અસુરકુમારો લોભોપયુક્ત હોય, અથવા ઘણા લોભો- પયુક્ત અને એકાદ માયોપયુક્ત પણ હોય, ઈત્યાદિ એ ગમવડે જાણવું. અને એ પ્રમાણે યાવત્-સ્તનિતકુમારો સુધી. વિશેષ તેઓનું ભિન્નત્વ જાણવું.

[૬૭] હે ભગવન્ ! પૃથિવીકાયિકના અસંખ્યેય લાખ આવાસોમાંના એક એક આવાસમાં વસતા પૃથિવીકાયિકોના સ્થિતિસ્થાનો કેટલાં કહ્યાં છે ? હે ગૌતમ ! તેઓના સ્થિતિસ્થાનો અસંખ્યેય કહ્યાં છે. તેઓની ઓછામાં ઓછી સ્થિતિ, તે એક સમયાધિક, બે સમયાધિક, ઈત્યાદિ યાવત્ તેને ઉચિત ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી. હે ભગવન્ ! પૃથિવીકાયિકના અસંખ્યેય લાખ આવાસોમાંના એક એક આવાસમાં વસતા અને જઘન્ય સ્થિતિવાળા પૃથિવીકાયિકો શું ક્રોધોપયુક્ત છે ? માનોપપયુક્ત છે ! માયો-પયુક્ત છે ? કે લોભોપયુક્ત છે ? હે ગૌતમ ! તેઓ ક્રોધોપયુક્ત પણ છે, યાવત્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લોભોપયુક્ત પણ છે. એ પ્રમાણે પૃથિવી- કાયિકોને બધાય પણ સ્થાનોમાં અભંગક છે. વિશેષ એકે-તેજોલેશ્યામાં એંશી એંશી ભાંગા કહેવા. એ પ્રમાણે-અપ્કાય પણ જાણવો. તથા તેજસ્કાય અને વાયુ- કાયને પણ સર્વસ્થાનોમાં અભંગક છે. વળી વનસ્પતિકાયિકો પણ પૃથિવીકાયિકની પેઠે જાણવા.

[૬૮] જે સ્થાનોવડે નૈરયિકોને એંસી ભંગા છે તે સ્થાનો વડે બેઈંદ્રિય, તેઈંદ્રિય અને ચઉરિંદ્રિય જીવોને પણ એંસી ભાંગા છે, વિશેષ એકે, નીચે લખેલા ત્રણ સ્થાનમાં પણ તે જીવોને એંશી ભાંગા થાય છે, તે ત્રણ સ્થાનો :- સમ્યકત્વ, અભિનિબોધિકજ્ઞાન અને શ્રુતજ્ઞાન અર્થાત્ આ ત્રણ સ્થાનોમાં પણ બેઈંદ્રિયાદિ જીવોને એંસી ભાંગા થાય છે અને એટલું કરતાં વધારે છે. તથા જે સ્થાનોવડે નૈરયિકોને સત્તાવીશ ભાંગા છે તે બધાય પણ સ્થાનોમાં અહીં અભંગક છે. જેમ નૈરયિકો કહ્યા તેમ પંચેંદ્રિયતિર્યંચયોનિકો પણ જાણવા. વિશેષ એ કે :- જે સ્થાનોવડે નૈરયિકોમાં સત્તાવીશ ભાંગા કહ્યા છે, તે સ્થાનો-વડે અહીં અભંગક કહેવું. અને જ્યાં નૈરયિકોમાં એંશી ભાંગા કહ્યા છે ત્યાં અહીં પણ એંસી ભાંગાજ કહેવા. નૈરયિકોમાં જે સ્થાનોવડે એંસી ભાંગા કહ્યા છે તે સ્થાનોવડે મનુષ્યોમાં પણ એંસી ભાંગા કહેવા. અને એ નૈરયિકોમાં જે સ્થાનોવડે સત્તાવીશ ભંગા કહ્યા છે તે સ્થાનોવડે મનુષ્યોમાં અભંગક કહેવું. વિશેષ એ કે, મનુષ્યોને જઘન્ય સ્થિતિમાં અને આહારક શરીરમાં એંસી ભાંગા છે. અને એ નૈરયિકો કરતાં મનુષ્યોમાં અધિક છે. જેમ ભવનવાસીદેવો કહ્યા તેમ વાનવ્યંતર, જ્યોતિષિક અને વૈમાનિકો જાણવા. વિશેષ એ કે, જેનું જુદાપણું છે તે જાણવું, અને એ પ્રમાણે અનુત્તર સુધી જાણવું. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, તે એ પ્રમાણે છે, એમ કહી યાવત્ વિહરે છે.

**શતક :- ૧ ના ઉદ્દેસો - ૫ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## -: ઉદ્દેશક - ૬ :-

[૬૯] હે ભગવન્ ! અવકાશાંતરથી ઉગતો સૂર્ય શીઘ્ર નજરે જોવાય છે તેટલાજ દૂરથી આથમતો સૂર્ય પણ શીઘ્ર નજરે જોવાય છે ? હે ગૌતમ ! હા જેટલે દૂરથી ઉગતો સૂર્ય નજરે જોવાય છે તેટલાજ દૂરથી આથમતો સૂર્ય પણ શીઘ્ર નજરે જોવાય છે. હે ભગવન્ ! ઉગતો સૂર્ય પોતાના તાપદ્વારા જેટલા ક્ષેત્રને સર્વ પ્રકારે ચારે બાજુથી બધી દિશાઓમાં અને બધા ખુણામાં પ્રકાશિત કરે છે, ઉદ્યોતિત કરે છે, તપાવે છે, અને ખૂબ ઉષ્ણ કરે છે, તેટલાજ ક્ષેત્રને બધી દિશાઓમાં અને બધા ખૂણામાંઆથમતો સૂર્ય પણ પોતાના તાપ દ્વારા પ્રકાશિત કરે છે ? ઉદ્યોતિત કરે છે ? તપાવે છે ? અને ઉષ્ણ કરે છે ! હે ગૌતમ ! હા, ઉગતો સૂર્ય જેટલા ક્ષેત્રને પ્રકાશે છે તેટલાજ ક્ષેત્રને આથમતો સૂર્યપણ યાવત્-ઉષ્ણ કરે છે. હે ભગવન્ ! સૂર્ય જે ક્ષેત્રને પ્રકાશે છે ? તે ક્ષેત્રથી સૂર્યથી સ્પર્શાયેલું છે ? કે, અસ્પર્શાયેલું છે ? હે ગૌતમ ! તે ક્ષેત્ર સૂર્યથી સ્પર્શાયેલુ છે અને યાવત્-તે ક્ષેત્રને છએ દિશામાં પ્રકાશિત કરે છે, ઉદ્યોતિત કરે છે, તપાવે છે. તથા અત્યંત તપાવે છે હે ભગવન્ ! સ્પર્શ કરવાના કાળસમયે-સૂર્યના સાથે સંબંધવાળા જેટલા ક્ષેત્રને સર્વ દિશાઓમાં સૂર્ય સ્પર્શે છે, તેટલું ક્ષેત્ર 'સ્પર્શાયેલું' એમ કહેવાય ? હે ગૌતમ ! હા, હે ભગવન્ ! સ્પર્શાયેલ ક્ષેત્રને સ્પર્શે છે ? કે સ્પર્શાયા વિનાના ક્ષેત્રને સ્પર્શેજ છે ? હે ગૌતમ ! સ્પર્શાએલ ક્ષેત્રને સ્પર્શે છે, યાવત્ ચોક્કસ એ છએ દિશામાં સ્પર્શે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૭૦] હે ભગવન્ ! લોકનો અંત અલોકના અંતને સ્પર્શે, અલોકનો પણ અંત લોકના છેડાને સ્પર્શે ? હા, ગૌતમ ! લોકનો છેડો અલોકના છેડાને સ્પર્શે અને અલોકનો પણ અંત લોકના છેડાને સ્પર્શે. હે ભગવન્ ! જે સ્પર્શાય છે તે શું સ્પૃષ્ટ છે ? હે ગૌતમ ! નિયમપૂર્વક છએ દિશામાં સ્પર્શાય છે હે ભગવન્ ! બેટનો છેડો સમુદ્રના છેડાને સ્પર્શે ? સમુદ્રનો છેડો પણ બેટના છેડાને સ્પર્શે ? હા, યાવત્-નિયમ છ એ દિશામાં સ્પર્શે. એ પ્રમાણે અભિલાપવડેપાણીનો છેડો વહાણના છેડાને સ્પર્શે, છિદ્રનો છેડો વસ્ત્રના છેડાને સ્પર્શ ? અને છાયાનો છેડો તડકાના છેડાને સ્પર્શે ? હે ગૌતમ ! યાવત્-નિયમે છએ દિશામાં સ્પર્શે.

[૭૧] હે ભગવન્ ! જીવો દ્વારા પ્રાણાતિપાત ક્રિયા કરાય છે ? હા, કરાય છે. હે ભગવન્ ! જે ક્રિયા કરાય છે તે શું સ્પૃષ્ટ છે ? કે અસ્પૃષ્ટ છે ? હે ગૌતમ ! યાવત્-નિર્વ્યાઘાતવડે છએ દિશાને, વ્યાઘાતને આશ્રીને કદાચ ત્રણ દિશાને, કદાચ ચાર દિશાને અને કદાચ પાંચ દિશાને સ્પર્શે છે. હે ભગવન્ ! જે ક્રિયા કરાય છે ! તે શું કૃત છે ? કે અકૃત છે ? હે ગૌતમ ! તે ક્રિયાકૃત છે. પણ અકૃત નથી. હે ભગવન્ ! જે ક્રિયા કરાય છે તે શું આત્મકૃત છે ? પરકૃત છે ! કે ઉભયકૃત છે ? હે ગૌતમ ! તે ક્રિયા આત્મકૃત છે. પણ પરકૃત કે તદુભયકૃત નથી. હે ભગવન્ ! જે ક્રિયા કરાય છે ? તે અનુક્રમપૂર્વક કૃત છે ? કે અનુક્રમ સિવાયકૃત છે ? હે ગૌતમ ! તે અનુક્રમપૂર્વક કૃત છે. પણ અનુક્રમ સિવાય કૃત નથી, વળી જે કૃત ક્રિયા કરાય છે ? અને કરાશે તે બધી અનુક્રમપૂર્વક કૃત છે. પણ અનુક્રમ સિવાય કૃત નથી એમ કહેવાય. હે ભગવન્ ! નૈરયિકોદ્વારા પ્રાણાતિપાત ક્રિયા કરાય છે ? હે ગૌતમ ! હા, કરાય છે. હે ભગવન્ ! જે ક્રિયા કરાય છે તે શું સ્પૃષ્ટ છે ? કે અસ્પૃષ્ટ છે ? હે ગૌતમ ! યાવત્-નિયમે છએ દિશામાં કરાય છે હે ભગવન્ ! જે ક્રિયા કરાય છે ? તે શું કૃત છે ? કે અકૃત છે ? હે ગૌતમ તે પૂર્વ પ્રમાણે જાણવું. યાવત્-તે અનુક્રમ સિવાય કૃત છે એમ ન કહેવાય. નૈરયિકોની પેઠે એકેંદ્રિય સિવાયના યાવત્-વૈમાનિક સુધીના બધા જીવો કહેવા. અને જીવોની પેઠે એકેંદ્રિયો કહેવા. પ્રાણાતિપાતની ક્રિયા પેઠે મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, ક્રોધ અને યાવત્-મિથ્યાદર્શનશલ્ય સુધી જાણવું. અને એ પ્રમાણે એ અઢાર પાપસ્થાન વિષે ચોવીશ દંડક કહેવા. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, તે એ પ્રમાણે છે, એમ કહી ભગવં મહાવીરને નમીને યાવત્ વિહરે છે.

[૭૨] તે કાલે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના શિષ્ય રોહ નામના અનગાર હતા, જેઓ સ્વભાવે ભદ્ર, કોમળ, વિનયી, શાંત, ઓછા ક્રોધ-માન-માયા- અને લોભવાળા, અત્યંત નિરભિમાની, ગુરુને આશરે રહેનારા, કોઇને સંતાપ ન કરે તેવા અને ગુરુભક્ત હતા. તે રોહ નામના અનગાર પોતે ઉભડક રહેલા, નીચે નમેલ મુખવાળા, ધ્યાનરૂપ કોઠામાં પેઠેલા તથા સંયમ અને તાપ વડે આત્માને ભાવતા શ્રમણ ભગવંત મહાવીરની આજુબાજુ વિહરે છે. પછી તે રોહ નામના અનગાર જાતશ્રદ્ધ થઇ યાવત્-પર્યુપાસના કરતા આ પ્રમાણે બોલ્યા :- ભગવન્ ! પહેલો લોક છે અને પછી અલોક છે ? કે પહેલો અલોક છે ? અને પછી લોક છે ? હે રોહ ! લોક અને અલોક, એ પહેલો પણ છે અને પછી પણ છે. એ બન્ને પણ શાશ્વતા ભાવ છે. હે રોહ ! એ બેમાં 'અમુક પહેલો અને અમુક પછી' એવો ક્રમ નથી. હે ભગવન્ ! જીવો પહેલા છે ? અને અજીવો પછી છે ? કે પહેલા અજીવો છે અને પછી જીવો છે ! હે રોહ ! જેમ લોક અને અલોક વિષે કહ્યું તેમ

જીવો અને અજીવો સંબંધે પણ જાણવું. એ પ્રમાણે ભવસિદ્ધિકો, અને અભવસિદ્ધિકો, સિદ્ધિ અને અસિદ્ધિ સંસાર તથા સિદ્ધ અને સંસારિઓ પણ જાણવા. હે ભગવન્ ! પહેલાં ઈંડું છે અને પછી કુકડી છે ? કે પહેલાં કુકડી છે અને પછી ઈંડું છે ? 'હે રોહ ! તે ઈંડું ક્યાંથી થયું ? 'હે ભગવન્ ! તે ઈંડું કુકડીથી થયું' હે રોહ ! તે કુકડી ક્યાંથી થઈ ?'હે ભગવન્ ! તે કુકડી ઈંડાથી થઈ.' એજ પ્રમાણે હે રોહ ! તે ઈંડું અને કુકડી એ પહેલાં પણ છે અને પછી છેએ શાશ્વત ભાવ છે. પણ હે રોહ ! તે બેમાં કોઈ જાતનો ક્રમ નથી. હે ભગવન્ ! પહેલાં લોકાંત છે ? અને પછી અલોકાંત છે ? કે પહેલાં અલોકાતં છે ? અને પછી લોકાંત છે ? હે રોહ ! લોકાંત અને અલોકાંત એ બન્નેમાં યાવત્-હે રોહ કોઈ જાતનો ક્રમ નથી. હે ભગવન્ ! પહેલાં લોકાંત છે અને પછી સાતમું અવકાશાંતર છે ? ઈત્યાદિ પૂછવું. હે રોહ ! લોકાંત અને સાતમું અવકાશાંતર, એ બન્ને પહેલાં પણ છે. એ પ્રમાણે યાવત્-હે રોહ ! એ બેમાં કોઈ જાતનો ક્રમ નથી. એ પ્રમાણે લોકાંત, સાતમો તનુવાત, એ પ્રમાણે ઘનવાત, ઘનોદધિ અને સાતમી પૃથિવી. એ પ્રમાણે એકએકની સાથે લોકાંત જોડવો.

[૭૩-૭૪] અવકાશાંતર, વાત, ઘનોદધી, પૃથિવી, દ્વીપ, સાગર,-ક્ષેત્ર, નૈરયિકાદિ જીવ, અસ્તિકાય, સમય, કર્મ, લેશ્યા, દૃષ્ટિ, દર્શન, જ્ઞાન, સંજ્ઞા, શરીર, યોગ, ઉપયોગ, દ્રવ્યપ્રદેશો, અને પર્યવો તથા કાળ પહેલાં છે અને લોકાંત (પછી છે)

[૭૫] હે ભગવન્ ! પહેલાં લોકાંત છે અને પછી સર્વાદ્ધા છે ? હે રોહ ! જેમ લોકાંત સાથે એ બધાં સ્થાનો જોડ્યાં, તેમ આ સંબંધે પણ જાણવું. અને એ પ્રમાણે એ બધાં સ્થાનો અલોકાંત સાથે પણ જોડવાં. હે ભગવન્ ! પહેલા સાતમું અવકાશાંતર છે અને પછી સાતમો તનુવાત છે ? હે રોહ ! એ પ્રમાણે સાતમું અવકાશાંતર બધા સાથે જોડવું. અને એ પ્રમાણે યાવત્-સર્વાદ્ધા સુધી જાણવું. હે ભગવન્ ! પહેલાં સાતમો તનુવાત છે અને પછી સાતમો ઘનવાત છે ! હે રોહ ! એ પણ તે પ્રમાણે જાણવું. યાવત્-સર્વાદ્ધા. એ પ્રમાણે ઉપરના એક એકને સંયોજતાં અને જે નીચેનો હોય તેને છોડતાં પૂર્વ પ્રમાણે જાણવું. યાવત્-અતીત અને અનાગતકાળ અને પછી સર્વાદ્ધા, યાવત્- હે રોહ ! એમાં કોઈ જાતનો ક્રમ નથી. હે ભગવન્ ! તે પ્રમાણે છે, યાવત્ વિહરે છે.

[૭૬] હે ભગવન્ એમ કહીને ભગવંત ગૌતમે શ્રમણ ભગવંત મહાવીરને યાવત્-આ પ્રમાણે કહ્યું-હે ભગવન્ ! લોકની સ્થિતિ કેટલા પ્રકારની કહી છે ? હે ગૌતમ ! લોકની સ્થિતિ આઠ પ્રકારની કહી છે. તે આ પ્રમાણે :- વાયુ આકાશના આધારે રહેલો છે. ઉદધિ વાયુના આધારે રહેલો છે. જમીન ઉદધિના આધારે રહેલા છે. ત્રસ જીવો અને સ્થાવર જીવો પૃથિવીના આધારે રહેલા છે. અજીવો જીવના આધારે રહેલા છે. જીવો કર્મના આધારે રહેલા છે. અજીવોને જીવએ સંઘરેલા છે અને જીવોને કર્મોએ સંઘરેલા છે. હે ભગવન્ ! એમ કહેવાનું શું કારણ છે ? હે ગૌતમ ! જેમ કોઈ એક પુરુષ હોય, તે ચામડાની મસકને પવનવડે ફુલાવે. પછી તે મસકનું મુખ બંધ કરે, મસકને વચલે ભાગે ગાંઠ બાંધી, પછી તે મસકનું મુખ ઉઘાડે અને તેની અંદરનો પવન કાઢી નાખે. મસકના ઉપરના ભાગમાં પાણી ભરે, પછી પાછું તે મસકનું મુખ બાંધી દે, પછી તેની વચલી ગાંઠ છોડી દે. તો હે ગૌતમ ! તે ભરેલું પાણી તે પવનની ઉપરના ભાગમાં રહે ? હા, રહે તે કારણથી યાવત્-જીવોને કર્મોએ સંઘરેલા છે' એ પૂર્વ પ્રમાણે કહ્યું છે. અથવા હે ગૌતમ !' જેમ કોઈ એક પુરુષ હોય, તે ચામડાની મસકને પવનવડે ફુલાવી પોતાની કડે

બાંધે, પછી તે પુરુષ અપાર, તરી ન શકાય તેવા, અને માથોડા કરતાં વધારે ઉંડા પાણીમાં પ્રવેશ કરે. તો હે ગૌતમ ! તે પુરુષ તે પાણીની ઉપરના ભાગમાં રહે ? હા, રહે' એ રીતે લોકની સ્થિતિ આઠ પ્રકારની કહી છે, યાવત્-જીવોને કર્મોએ સંઘરેલા છે.

[૭૭] હે ભગવન્ ! જીવો અને પુદ્ગલો પરસ્પર સંબદ્ધ છે. પરસ્પર વધારે સંબદ્ધ છે. પરસ્પર એકબીજા મળી ગયેલા છે, પરસ્પર સ્નેહ ચિકાશથી પ્રતિબદ્ધ છે અને પરસ્પર ઘટ્ટ થઈને રહે છે ? હે ગૌતમ ! હા, હે ભગવન્ ! તેમ કહેવાનું શું કારણ હે ગૌતમ ! જેમ કોઈ એક પાણીનો ઝરો છે અને પાણીથી ભરેલો, પાણીથી છલોછલ ભરેલો, પાણીથી છલકાતો, પાણીથી વધતો છે તથા તે ભરેલા ઘડાની પેઠે રહે છે. હવે તે ઝરામાં કોઈ પુરુષ એક મોટી, સો નાના કાણાવાળી, સો મોટા કાણાવાલી નાવ નાખે. તે નાવ તે કાણાઓથી ભરાતી, વધારે ભરાતી, છલકાતી, પાણીથી વધતી થાય ? અને તે ભરેલા ઘડાની પેઠે રહે ? 'હા રહે' તે હેતુથી યાવત્-જીવો પૂર્વ પ્રમાણે રહે છે'

[૭૮] હે ભગવન્ ! હંમેશાં સૂક્ષ્મ સ્નેહકાય,અપ્કાય માપપૂર્વક પડે છે ? હે ગૌતમ ! હા, પડે છે. હે ભગવાન્ ! શું તે ઉંચે પડે છે, નીચે પડે છે, કે તીરછે પડે છે ? હે ગૌતમ ! તે ઉંચે પણ પડે છે. નીચે પણ પડે છે અને તીરછે પણ પડે છે. હે ભગવન્ ! તે સૂક્ષ્મ અપ્કાય આ સ્થૂલ અપ્કાયની પેઠે પરસ્પર સમાયુક્ત થઈને લાંબા કાળ સુધી રહે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી- તે સૂક્ષ્મ અપકાય શીઘ્રજ નાશ પામે છે. એ પ્રમાણે છે, હે ભગવન્ તે એ પ્રમાણે છે. એમ કહી યાવત્ વિહરે છે.

**શતક : ૧ - ના ઉદ્દેશા : ૬ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

**-: ઉદ્દેશક - ૭ :-**

[૭૯] હે ભગવન્ ! નૈરયિકોમાં ઉપજતો નૈરયિક શું એક ભાગવડે એક ભાગને, એક ભાગવડે સર્વ ભાગને, સર્વ ભાગ વડે એક ભાગને, કે સર્વ ભાગવડે સર્વ ભાગને આશ્રીને ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! તે એક ભાગવડે એક ભાગને, એક ભાગવડે સર્વ ભાગને, અને સર્વ ભાગવડે એક ભાગને આશ્રીને ઉત્પન્ન ન થાય. પરંતુ સર્વ ભાગવડે સર્વ ભાગને આશ્રીને ઉત્પન્ન થાય, જેમ નૈરયિક વિશે કહ્યું તેમ વૈમાનિક સુધી જાણવું.

[૮૦] હે ભગવન્ ! નૈરયિકોમાં ઉપજેલો નૈરયિક શું એક ભાગવડે એક ભાગને, એક ભાગવડે સર્વ ભાગને, સર્વ ભાગવડે એક ભાગને, કે સર્વ ભાગવડે સર્વ ભાગને આશ્રી આહાર કરે ? હે ગૌતમ ! તે એક ભાગવડે એક ભાગને, એક ભાગવડે સર્વ-ભાગને આશ્રીને આહાર ન કરે. પણ સર્વ ભાગવડે એક ભાગને, સર્વ ભાગવડે સર્વ ભાગને આશ્રીને આહાર કરે અને એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું. હે ભગવન્ ! નૈરયિકોથી ઉદ્વર્તતો નૈરયિક શું એક ભાગવડે એક ભાગને આશ્રીને ઉદ્વર્તે ? ઈત્યાદિ પૂછવું. હે ગૌતમ ! જેમ ઉત્પદ્યમાન વિષે કહ્યું તેમ ઉદ્વર્તમાન વિષે પણ દંડક કહેવો. હે ભગવન્ ! નૈરયિકોથી ઉદ્વર્તમાન નેરયિક શું એક ભાગવડે એક ભાગને આશ્રીને આહાર કરે ? હે ગૌતમ ! પૂર્વ પ્રમાણે જાણવું. યાવત્-સર્વભાગવડે એક દેશને, અને સર્વ ભાગવડે સર્વને આશ્રીને આહાર કરે તથા એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્ ! નૈરયિકોમાં ઉત્પન્ન નૈરયિક શું એક ભાગવડે એક ભાગને આશ્રીને ઉત્પન્ન છે ? ઈત્યાદિ પૂછવું. હે ગૌતમ ! એ દંડક પણ તેજ પ્રમાણે જાણવો. યાવત્-સર્વ ભાગ વડે સર્વ ભાગને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આશ્રીને ઉત્પન્ન છે. જેમ ઉત્પદ્યમાન અને ઉદ્વર્તમાન વિષે ચાર દંડક કહ્યા તેમ ઉત્પન્ન અને ઉદ્વર્ત સંબંધે પણ ચાર દંડક કહેવા. સર્વ ભાગવડે સર્વ ભાગને આશ્રીને ઉપપન્ન સર્વ ભાગવડે એક ભાગને આશ્રીને આહાર' અને સર્વ ભાગવડે સર્વ ભાગને આશ્રીને આહાર' એ અભિલાપવડે ઉપપન્ન અને ઉદ્વર્ત વિષે પણ જાણવું. હે ભગવન્ ! નૈરયિકોમાં ઉપજતો નૈરયિક શું અર્ધભાગવડે અર્ધ ભાગને, અર્ધ ભાગવડે સર્વ ભાગને, કે સર્વ ભાગવડે અર્ધ ભાગને, કે સર્વભાગવવડે સર્વ ભાગને આશ્રીને ઉત્પન્ન થાય ! હે ગૌતમ ! જેમ પ્રથમ સાથે આઠ દંડક કહ્યા. તેમ અર્ધની સાથે પણ આઠ દંડક કહેવા. વિશેષ એ કે, જ્યાં 'એક ભાગવડે એક ભાગને આશ્રીને ઉત્પન્ન થાય' એવો પાઠ આવે ત્યાં 'અર્ધ ભાગવડે અર્ધ ભાગને આશ્રીને ઉત્પન્ન થાય' આ પાઠ કહેવો, માત્ર એટલોજ ભેદ છે. અને એ બધા મળીને દંડક થયા છે.

[૮૧] હે ભગવન્ ! શું જીવ વિગ્રહગતિને પ્રાપ્ત છે ? કે અવિગ્રહગતિને પ્રાપ્ત છે ? હે ગૌતમ ! તે કદાચ વિગ્રહતિને પ્રાપ્ત છે. અને કદાચ અવિગ્રહગતિને પ્રાપ્ત છે એ પ્રમાણે યાવત્-વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્ ! શું જીવો વિગ્રહગતિને પ્રાપ્ત છે કે અવિગ્રહગતિને પ્રાપ્ત છે ? હે ગૌતમ ! જીવો વિહાયોગતિને પ્રાપ્ત છે અને અવિગ્રહ-વિહાયોગતિને પણ પ્રાપ્ત છે. હે ભગવન્ ! શું નૈરયિકો વિગ્રહગતિને પ્રાપ્ત છે કે અવિગ્રહગતિને પ્રાપ્ત છે ? હે ગૌતમ ! તે બધાય અવિગ્રહગતિને પ્રાપ્ત છે. અથવા ઘણા અવિગ્રહગતિને પ્રાપ્ત છે અને એકાદ વિગ્રહગતિને પ્રાપ્ત છે. અથવા ઘણા અવિગ્રહગતિને પ્રાપ્ત છે. અને ઘણા વિગ્રહગતિને પ્રાપ્ત છે. એ પ્રમાણે સર્વત્ર ત્રણ ભાંગા જાણવા. માત્ર એકેંદ્રિયમાં ત્રણ ભાંગા ન કહેવા.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

[૮૨] હે ભગવન્ ! મોટી ઋદ્ધિવાળો, મોટી દ્યુતિવાળો, મોટી કીર્તિવાળો, મોટા બળવાળો, મોટા સામર્થ્યવાળો અને મરણ સમયે ચ્યવતો મહેશ નામનો દેવ શરમને લીધે, ઘૃણાને લીધે, પરિષહને લીધે, કેટલાક કાળ સુધી આહાર કરતો નથી. પછી આહાર કરે છે અને લેવાતો આહાર પરિણત પણ થાય છે, અને છેવટ તે દેવનું આયુષ્ય સર્વથા નષ્ટ થાય છે, તેથી તે દેવ જ્યાં ઉત્પન્ન થાય થાય છે ત્યાંનું આયુષ્ય અનુભવે છે. તો હે ભગવન્ ! તે ક્યું આયુષ્ય જાણવું. - તિર્યંચયોનિકનું આયુષ્ય જાણવું. કે મનુષ્યનું આયુષ્ય જાણવું. હે ગૌતમ ! તે મહર્ધિક દેવનું -મર્યા પછી મનુષ્યનું આયુ જાણવું.

[૮૩] હે ભગવન્ ! ગર્ભમાં ઉત્પન્ન થતો જીવ શું ઈંદ્રિયવાળો કે ઈંદ્રિયવિનાનો ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! ઈંદ્રિયવાળો અને ઈંદ્રિયવિનાનો પણ ઉત્પન્ન થાય. હે ભગવન્ ! તેનું શું કારણ ? હે ગૌતમ ! દ્રવ્યેન્દ્રિયની અપેક્ષાએ ઈંદ્રિય વિનાનો અને ભાવ ઈંદ્રિયની અપેક્ષાએ ઈંદ્રિયાવાળો ઉત્પન્ન થાય. માટે હે ગૌતમ તે કારણથી પૂર્વ પ્રમાણે કહ્યું છે હે ભગવન્ ! ગર્ભમાં ઉપજતો જીવ શું શરીરવાળો કે શરીરવિનાનો ઉત્પન્ન થાય. હે ગૌતમ ! શરીરવાળો અને શરીરવિનાનો પણ ઉત્પન્ન થાય. હે ભગવન્ ! તેનું શું કારણ ? હે ગૌતમ ! ઔદારિક વૈક્રિય અને આહારક સ્થૂલ-શરીરોની અપેક્ષાએ શરીરવિનાનો અને સૂક્ષ્મ, તૈજસ તથા કાર્મણ શરીરની અપેક્ષાએ શરીરવાળો ઉત્પન્ન થાય. હે ગૌતમ ! એ કારણથી પૂર્વ પ્રમાણે કહ્યું છે. હે ભગવન્ ! જીવ ગર્ભમાં ઉત્પન્ન થતાં વેંતજ શું ખાય છે ? હે ગૌતમ ! પરસ્પર એક બીજામાં મળેલું માતાનું આર્તવ અને પિતાનું વીર્ય, તેને તે જીવ ગર્ભમાં ઉત્પન્ન થતાંવેંતજ ખાય છે. હે ભગવન્ ! ગર્ભમાં ગયો છતો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીવ શું ખાય છે ? માતાએ ખાધેલા અનેક પ્રકારના રસવિકારોના એક ભાગ સાથે માતાના આર્તવને ખાય છે.

હે ભગવન્ ! ગર્ભમાં ગએલ જીવને વિષ્ટા, મૂત્ર, શ્લેષ્મ, નાસિકાનો મેલ, વમન અને પિત્ત હોય ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! તેનું શું કારણ ? હે ગૌતમ ! ગર્ભમાં ગયા પછી જે આહારને ખાય છે. ચય કરે છે, તે આહારને કાનપણે ચામડીપણે, હાડકાપણે, મજ્જાપણે, વાળપણે, દાઢીપણે, રુંવાપણે અને નખપણે પરિણમાવે છે માટે હે ગૌતમ ! તે કારણથી ગર્ભમાં ગએલા જીવને વિષ્ટાદિક નથી હોતું. હે ભગવન્ ! ગર્ભમાં ગએલો જીવ મુખદ્વારા કોળિયારુપ આહારને લેવા શક્ત છે ! હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! તેનું શું કારણ ? હે ગૌતમ ! ગર્ભમાં ગએલો જીવ સર્વ આત્માવડે આહાર કરે છે, પરિણમાવે છે, ઉચ્છ્વાસ લે છે, નિઃશ્વાસ લે છે, કદાચિત આહાર કરે છે, કદાચિત્ પરિણમાવે છે, ઉચ્છ્વાસ લે છે, અને કદાચિત નિઃશ્વાસ પણ લે છે. તથા પુત્રના જીવને રસ પહોંચાડવામાં કારણભૂત અને માતાનો રસ લેવામાં કારણભૂત જે માતૃજીવરસ-નાડી છે તે માતાના જીવ સાથે સંબદ્ધ છે અને પુત્રના જીવને અડકેલી છે તેનાથી પુત્રનો જીવ આહાર લે છે અને આહારને પરીણમાવે છે. તથા બીજી પણ એક નાડી છે, જે પુત્રના જીવ સાથે સંબદ્ધ છે અને માતાના જીવને અડકેલી છે, તેનાથી પુત્રનો જીવ આહાર લે છે અને આહારનો ચય અને ઉપચય કરે છે. હે ગૌતમ ! તે કારણથી ગર્ભમાં ગએલો જીવ મુખદ્વારા કોળિયારુપ આહાર લેવા શક્ત નથી. હે ભગવન્ ! માતાના અંગો કેટલાં કહ્યાં છે ? માતાના અંગો ત્રણ કહ્યાં છે. માંસ, લોહી, અને માથાનું ભેજું હે ભગવન્ ! પિતાનાં અંગો કેટલાં કહ્યા છે ? પિતાનાં અંગો ત્રણ કહ્યાં છે. હાડકાં, મજ્જન અને કેશ, દાઢી, રોમ તથા નખ, હે ભગવન્ ! માતા તથા પિતાના અંગો સંતા-નના- શરીરમાં કેટલા કાળ સુધી રહે ? હે ગૌતમ ! સંતાનનું ભવધારણીય શરીર જેટલા કાળસુધી ટકે, તેટલા કાળસુધી તે અંગો રહે. અને જ્યારે તે ભવધારણીય શરીર સમયે સમયે હીન થતું છેવટને સમયે નષ્ટ થાય છે ત્યારે માતપિતાનાં અંગો પણ નાશ પામે છે.

[૮૪] હે ભગવન્ ! ગર્ભમાં ગયા પછી જીવ નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! કોઇ થાય અથવા કોઇ ન પણ થાય. હે ભગવન્ ! તેનું શું કારણ ? હે ગૌતમ ! સંજ્ઞી પંચેદ્રિય, અને સર્વ પર્યાપ્તિથી પૂર્ણ થએલો જીવ વીર્યલબ્ધિ વડે, વૈક્રિયલબ્ધિ વડે શત્રુનું લશ્કર આવેલું સાંભળી, અવધારી, આત્મપ્રદેશોને ગર્ભથી બહારના ભાગે ફેંકે છે, ફેંકી વૈક્રિયસમુદ્ઘાતવડે સમવહણી, ચતુરંગી સેનાને વિકુર્વે છે, એવી સેનાને વિકુર્વી તે સેનાવડે શત્રુના લશ્કર સાથે યુદ્ધ કરે છે. અને તે પૈસાનો, રાજ્યનો, ભોગનો અને કામનો લાલચુ, પૈસામાં, રાજ્યમાં, ભોગમાં અને કામમાં લંપટ. પૈસાનો તરસ્યો, રાજ્યનો, ભોગનો અને કામનો તરસ્યો જીવ તેમાં ચિત્તવાળો, તેમાં મનવાળો, તેમાં આત્મપરિણામવાળો, તેમાં અધ્યવસિત થએલો, તેમાં અધ્યવાસનાવાળો, તેમાં સાવધાનતા વાળો, તેને માટે ક્રિયાઓનો ભોગ આપનાર, અને તેનાજ સંસ્કારવાળો એ સમયે જો મરણ પામે તો નૈરયિકમાં ઉત્પન્ન થાય. માટે હે ગૌતમ ! તે હેતુથી યાવત્-કોઈ જીવ નરકે જાય અને કોઇ જીવ નરકે ન જાય. હે ભગવન્ ! ગર્ભમાં ગએલો જીવ દેવલોકમાં જાય ? હે ગૌતમ ! કોઈ જાય અને કોઈ ન જાય. હે ભગવન્ ! તેનું શું કારણ હે ગૌતમ ! તે સંજ્ઞી પંચેદ્રિય અને સર્વ પર્યાપ્તિથી પૂર્ણ થએલો જીવ તથારૂપ શ્રમણ કે



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

બાલપંડિત મનુષ્ય શું નૈરયિકનું આયુષ્ય બાંધે કે યાવત્-દેવનું આયુષ્ય બાંધી દેવમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! તે નૈરયિકનું આયુષ્ય ન કરે અને યાવત્-દેવનું આયુષ્ય બાંધી દેવમાં ઉત્પન્ન થાય હે ભગવન્ ! તેનું શું કારણ ? હે ગૌતમ ! બાલપંડિત મનુષ્ય તથા પ્રકારના શ્રમણ કે બ્રાહ્મણની પાસેથી એક પણ ધાર્મિક અને આર્યવચન સાંભળી, અવધારી, કેટલીક પ્રવૃત્તિથી અટકે છે અને કેટલીક પ્રવૃત્તિથી નથી અટકતો. કેટલાકનું પચ્ચક્ખાણ કરે છે અને કેટલાકનું પચ્ચ- ક્ખાણ નથી કરતો. માટે હે ગૌતમ ! તે હેતુથી નૈરયિકનું આયુષ્ય બાંધતો નથી યાવત્-દેવનું આયુષ્ય બાંધી દેવોમાં ઉત્પન્ન થાય છે તે કારણથી પૂર્વવત્ કહ્યું છે.

[૮૭] હે ભગવન્ ! હરણોથી આજીવીકા ચલાવનાર, હરણોનો શિકારી અને હરણોને મારવા માટે તલાલીન એવો કોઇ પુરુષ હરણને મારવા માટે નદીના પાણીથી ઘેરાયલા ઝાડીવાળા સ્થાનમાં ઝરા તરફ, પાણીના વહેળામાં, ઘાસ વગેરેના ઢગલામાં, ગોળાકાર નદીના વાંકાચુકા ભાગમાં, અંધારાવાળી જગ્યાએ, જંગલમાં, પર્વતના એક ભાગમાં રહેલા વનમાં, પર્વતના ડુંગરાવાળા પ્રદેશવનમાં, તથા અનેક વૃક્ષોવાળા વનમાં જઇ 'એ મૃગો છે' એમ કહી એક મૃગના વધ માટે ખાડા અને જાળ રચે. તો હે ભગવન્ ! તે પુરુષ કેટલી ક્રિયાવાળો કહેવાય ? હે ગૌતમ ! તે પુરુષ કચ્છમાં યાવત્-જળ રચે તો કદાચ ત્રણ ક્રિયાવાળો, કદાચ ચાર ક્રિયાવાળો અને કદાચ પાંચ ક્રિયાવાળો કહેવાય. હે ભગવન્ ! તેનું શું કારણ ? જ્યાંસુધી તે પુરુષ તે જાળને ધારણ કરે છે, અને મૃગોને બાંધતો નથી, તથા મારતો નથી, ત્યાંસુધી તે પુરુષ કાયિકી, અધિકરણિકી અને પ્રાદ્વેષિકી ક્રિયાઓથી સ્પર્શાયેલો છે. વળી જ્યાંસુધી તે પુરુષ તે જાળને ધરી રાખે છે અને મૃગોને બાંધે છે પણ મૃગોને મારતો નથી ત્યાંસુધી તે પુરુષ કાયિકી, અધિકરણિકી, પ્રાદ્વેષિકી અને પારિતાપનિકી ક્રિયાઓથી સ્પર્શાએલો છે વળી જ્યાંસુધી તે પુરુષ તે જાળને ધરી રાખે, મૃગોને બાંધે અને મૃગોને મારે ત્યાંસુધી તે પુરુષ કાયિકી, અધિ-કરણિકી, પ્રાદ્વેષિકી, પારિતાપનિકી અને પ્રાણાતિપાતક્રિયા એ પાંચ ક્રિયાવાળો કહેવાય છે. માટે હે ગૌતમ ! તે હેતુથી પાંચ ક્રિયાવાળો કહેવાય છે.

[૮૮] હે ભગવન્ ! અનેક વૃક્ષોવાળા વનમાં કોઇ પુરુષ તરણાંને ભેગા કરીને બાળે તો તે કેટલી ક્રિયાવાળો કહેવાય ? હે ગૌતમ ! તે પુરુષ કદાચ ત્રણ, ચાર અને પાંચ ક્રિયાવાળો કહેવાય. હે ભગવન્ ! તેનું શું કારણ ? હે ગૌતમ ! જ્યાંસુધી તે પુરુષ તરણાંને ભેગાં કરે ત્યાંસુધી ત્રણ ક્રિયાવાળો, અને આગ મૂકે પરંતુ બાળે નહિ ત્યાંસુધી ચાર ક્રિયાવાળો, અને આગ મૂકી બાળે ત્યારે તે કાયિકી વિગેરે પાંચ ક્રિયાવાળો કહેવાય માટે હે ગૌતમ ! તે કારણથી પૂર્વ પ્રમાણે કહ્યું છે

[૮૯] હે ભગવન્ ! હરણોથી આજીવિકા ચલાવનાર, હરણોનો શિકારી અને હરણોના શિકારમાં તલાલીન એવો કોઇ પુરુષ હરણને મારવા માટે કચ્છમાંવૃક્ષોવાળા વનમાં જઇ 'એ મૃગ છે' એમ કહી કોઇ એક હરણને મારવા બાણને ફેંકે છે, તો તે પુરુષ કેટલી ક્રિયાવાળો કહેવાય ? હે ગૌતમ ! તે પુરુષ કદાચ ત્રણ, ચાર, અને પાંચ ક્રિયાવાળો પણ કહેવાય. હે ભગવન્ ! તેનું શું કારણ ? હે ગૌતમ ! તે પુરુષ બાણને ફેંકે પરંતુ મૃગને વિંધે નહિ, મારે નહિં, ત્યાંસુધી ત્રણ ક્રિયાવાળો, અને તે પુરુષ બાણને ફેંકે અને મૃગને વિંધે છે પણ મારતો નથી ત્યાંસુધી ચાર ક્રિયાવાળો, વળી બાણને ફેંકે, વિંધે અને મૃગને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મારે ત્યાંસુધી પાંચ ક્રિયાવાળો કહેવાય.

[૯૦] હે ભગવન્ ! પૂર્વ પ્રકાશવાળો કોઈ એક પુરુષ કચ્છમાં-યાવત્ કોઇ એક મૃગના વધ માટે કાનસુધી લાંબા કરેલા બાણને પ્રયત્નપૂર્વક ખેંચીને ઉભો રહે, અને બીજો પાછળથી આવીને ઉભેલા પુરુષનું માથું પોતાના હાથથી તરવારવડે કાપી નાંખે. પછી તે બાણ પૂર્વના ખેંચાણથી ઉછળીને તે મૃગને વિંધે. તો હે ભગવન્ ! શું તે પુરુષ મૃગના વૈરથી સ્પૃષ્ટ છે કે પુરુષના વૈરથી સ્પૃષ્ટ છે ? હે ગૌતમ ! જે પુરુષ મૃગને મારે છે, તે પુરુષ મૃગના વૈરથી સ્પૃષ્ટ છે. અને જે પુરુષ પુરુષને મારે છે તે પુરુષ પુરુષના વૈરથી સ્પૃષ્ટ છે. હે ભગવન્ ! તેનું શું કારણ હે ગૌતમ ! તે નિશ્ચિત છે કે, કરાતું હોય તે કરાયું કહેવાય. સંધાતું હોય તે સંધાયું કહેવાય. વળાતું હોય તે વળાયું કહેવાય અને ફેંકાતું હોય તે ફેંકાયું કહેવાય ? માટે હે ગૌતમ ! તે હેતુથી જે મૃગને મારે તે મૃગના વૈરથી સ્પૃષ્ટ કહેવાય. અને જો મારનાર છ માસની અંદર મરે તો મરનાર પુરુષ કાયિકી યાવત્ પાંચ ક્રિયાઓથી સ્પૃષ્ટ કહેવાય અને જો મરનાર છ માસ પછી મરે તો મારનાર કાયિકી યાવત્-પારિતાપનિકી ક્રિયાથી-ચાર ક્રિયાથી સ્પૃષ્ટ કહેવાય.

[૯૧] હે ભગવન્ ! કોઈ એક પુરુષ બીજા પુરુષને બરછીવડે મારે, અથવા પોતાના હાથથી તલવાર વડે તે પુરુષનું માથું કાપી નાખે, તો તે પુરુષ કેટલી ક્રિયાવાળો કહેવાય ? હે ગૌતમ ! જ્યાંસુધી તે પુરુષ પુરુષને બરછીવડે મારે અથવા પોતાના હાથે તલવારવડે તે પુરુષનું માથું કાપી નાખે ત્યાંસુધી તે પુરુષ કાયિકી, અધિકરણિકી યાવત્-પ્રાણાતિપાત ક્રિયાવડે-પાંચ ક્રિયાવડે સ્પૃષ્ટ છે. અને તે પુરુષ આસન્નવધક તથા બીજાના પ્રાણની દરકાર નહીં રાખનાર પુરુષવૈરથી સ્પર્શાય છે.

[૯૨] હે ભગવન્ ! સરખા, સરખી ચામડીવાળા, ઉમરવાળા, દ્રવ્યવાળા તથા સમાન ઉપકરણવાળા કોઈ એક બે પુરુષ હોય અને તે પુરુષો પરસ્પર લડાઈ કરે તેમાં એક પુરુષ જીતે અને એક પુરુષ હારે, હે ભગવન્ ! તે કેવી રીતે બને ? હે ગૌતમ ! જે પુરુષ વીર્યવાળો હોય તે જીતે છે અને વીર્યરહિત હોય તે હારે છે. હે ભગવન્ ! તેનું શું કારણ ? હે ગૌતમ ! જે પુરુષે વીર્યરહિત કર્મો નથી બાંધ્યા, નથી સ્પર્શ્યા, યાવત્-નથી પ્રાપ્ત કર્યા અને તેના તે કર્મો ઉદીર્ણ નથી, પણ ઉપશાંત છે તે પુરુષ જીતે છે. અને જે પુરુષે વીર્યરહિત કર્મો બાંધ્યા છે, સ્પર્શ્યા છે અને યાવત્-તેના તે કર્મો ઉદયમાં આવેલા છે પણ ઉપશાંત નથી તે પુરુષ પરાજય પામે છે. માટે હે ગૌતમ ! તે કારણથી એમ કહ્યું છે કે, વીર્યવાળો પુરુષ જીતે છે અને વીર્યરહિત પુરુષ હારે છે.

[૯૩] હે ભગવન્ ! શું જીવો વીર્યવાળા છે ? કે વીર્યવિનાના છે ? હે ગૌતમ ! જીવો વીર્યવાળા પણ છે અને વીર્યરહિત પણ છે હે ભગવન્ ! તેનું શું કારણ ? હે ગૌતમ ! જીવો બે પ્રકારના કહ્યા છે- સંસારસમાપન્નક અને અસંસારસમાપન્નક તેમાં જે જીવો અસંસારસમાપન્નક છે તે સિદ્ધો છે,અને તેઓ વીર્યરહિત છે તથા તેમાં જે જીવો સંસારસમાપન્નક છે તે બે પ્રકારના કહ્યા છે. - શૈલપ્રતિપન્ન અને અશૈલપ્રતિપન્ન. તેમાં જે શૈલપ્રતિપન્ન છે તે લબ્ધીવીર્યવડે સવીર્ય છે અને કરણવીર્યવડે અવીર્ય છે. તથા જેમાં જે અશૈલેશીપ્રતિપન્ન છે તે લબ્ધિવીર્યવડે સવીર્ય હોય છે. પણ કરણવીર્યવડે તો સવીર્ય તથા અવીર્ય પણ હોય છે. માટે હે ગૌતમ ! તે હેતુથી એમ કહ્યું છે કે, જીવો બે જાતના છે- વીર્યવાળા અને વીર્યવિનાના પણ છે' હે ભગવન્ ! શું નૈરયિકો વીર્યવાળા છે કે

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વીર્યવિનાના છે ! હે ગૌતમ ! તે નૈરયિકો લબ્ધિવીર્યવડે સવીર્ય છે અને કરણવીર્યવડે સવીર્ય અને અવીર્ય પણ છે. હે ભગવન્ ! તેનું શું કારણ ? હે ગૌતમ ! જે નારકીઓ ઉત્થાન, કર્મ બલ, વીર્ય અને પુરુષાકાર પરાક્રમ છે, તે નૈરયિકો લબ્ધીવીર્યવડે અને કરણવીર્યવડે અવીર્ય છે. માટે હે ગૌતમ ! હે હેતુથી પૂર્વ પ્રમાણે જાણવું. એ પ્રમાણે યાવત્-પંચેંદ્રિયતિર્યંચયોનિકો સુધીના જીવો વિષે નૈરયિકોની પેઠે જાણવું અને સામાન્ય જીવોની પેઠે મનુષ્યો વિષે જાણવું. વિશેષ એ કે, સિદ્ધોને વર્જી દેવા, સામાન્ય જીવોમાં આવતા સિદ્ધોની પેઠે મનુષ્યો ન જાણવા. તથા વાનવ્યંતરો જ્યોતિષિકો અને વૈમાનિકો નૈરયિકોની પેઠે જાણવા. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, યાવત્ વિહરે છે.

**શતક : ૧ - ના ઉદ્દેસો - ૮ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## -: ઉદ્દેશક : ૯ :-

[૯૪] હે ભગવન્ ! શું સાતમો અવકાશાંતર ભારે છે, હળવો છે, ભારે હળવો છે, કે અગુરુ લઘુ-ભારે હળવા સિવાયનો છે ? હે ગૌતમ ! તે ભારે નથી, હળવો નથી, ભારે હળવો નથી પણ અગુરુલઘુ-ભારે હળવા સિવાયનો છે. હે ભગવન્ ! સાતમો તનુવાત ભારે છે, હળવો છે, ભારે હળવો છે કે અગુરુલઘુ છે ? હે ગૌતમ ! તે ભારે નથી, હળવો નથી, ભારે હળવો છે પણ અઘુરુલઘુ નથી.

[૯૫] એ પ્રમાણે સાતમો ઘનવાત, ઘનોદધિ, સાતમી પૃથ્વિ અને બધાં અવકાશાંતરો જાણવાં. સાતમા અવકાશાંતર વિષે તનુવાત વિષે જેમ કહ્યું છે-એ પ્રમાણે ઘનોદધિ પૃથિવી, દ્વીપ, સમુદ્રો, અને ક્ષેત્રો વિષે પણ જાણવું. હે ભગવન્ ! શું નૈરયિકો ભારે છે, યાવત્-અગુરુલઘુ છે ? હે ગૌતમ ! તેઓ ભારે નથી, હળવા નથી, ભારે હળવા છે અને ભારે હળવા સિવાયના પણ છે. હે ભગવન્ ! તેનું શું કારણ ? હે ગૌતમ ! નૈરયિકો વૈક્રિય અને તૈજસ શરીરની અપેક્ષાએ ભારે નથી, હળવા નથી, અને ભારે હળવા સિવાયના નથી. પરંતુ ભારેહળવા છે. અને જીવ તથા કર્મની અપેક્ષાએ ભારે નથી, હળવા નથી. ભારે હળવા નથી, પણ ભારે હળવા સિવાયના છે. હે ગૌતમ ! તે કારણથી પૂર્વ પ્રમાણે કહ્યું છે. અને એ પ્રમાણે યાવત્-વૈમાનિકો સુધી જાણવું. વિશેષ એ કે, શરીરોનો ભેદ જાણવો. તથા ધર્માસ્તિકાય અને યાવત્-જીવાસ્તિકાય એ બધા અગુરુલઘુ જાણવા. હે ભગવન્ ! શું પુદ્‌ગલાસ્તિકાયગુરુ છે, લઘુ છે, ગુરુલઘુ છે, કે અગુરુલઘુ છે ? હે ગૌતમ ! પુદ્‌ગલાસ્તિકાય ગુરુ નથી, લઘુ નથી પણ ગુરુલઘુ છે, અને અગુરુલઘુ પણ છે. હે ભગવન્ ! તેનું શું કારણ ! હે ગૌતમ ! ગુરુલઘુ દ્રવ્યની અપેક્ષાએ ગુરુ નથી, લઘુ નથી, અગુરુલઘુ નથી પણ ગુરુલઘુ છે અને અગુરુલઘુ દ્રવ્યોની અપેક્ષાએ ગુરુ નથી, લઘુ નથી, ગુરુલઘુ નથી, પણ અગુરુલઘુ છે. સમયો અને કર્મો અગુરુલઘુ છે. હે ભગવન્ ! શું કૃષ્ણલેશ્યા ગુરુ છે, યાવત્-અગુરુલઘુ છે ? હે ગૌતમ ! તે ગુરુ નથી. લઘુ નથી, પણ ગુરુલઘુ છે અને અગુરુલઘુ પણ છે. હે ભગવન્ ! તેનું શું કારણ ! હે ગૌતમ ! દ્રવ્યલેશ્યાની અપેક્ષાએ કૃષ્ણલેશ્યા ગુરુલઘુ છે અને ભાવલેશ્યાની અપેક્ષાએ કૃષ્ણ-લેશ્યા અગુરુલઘુ છે. એ પ્રમાણે યાવત્-શુકલલેશ્યા સુધી જાણવું. તથા દૃષ્ટિ, દર્શન, જ્ઞાન, અજ્ઞાન. અને સંજ્ઞાને અગુરુલઘુ જાણવા. હેઠળના ચાર શરીર ગુરુલઘુ જાણવા. કાર્મણ શરીરને ગુરુલઘુ જાણવું મન યોગ વચન- યોગ, શબ્દ, સાકાર ઉપયોગ અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નિરાકાર ઉપયોગ. એ બધા અગુરુલઘુ જાણવા. તથા કાયયોગ-શરીર, ગુરુલઘુ જાણવો. સર્વ પ્રદેશો, અને સર્વ પર્યવો પુદ્ગલાસ્તિકાયનીપેઠે જાણવા. અતીતકાળ, અનાગતકાળ, અને સર્વકાળ ચોથા પદવડે અગુરુલઘુ જાણવા.

[૯૬] હે ભગવન્ ! લાઘવ, અલ્પેચ્છા, અમૂર્ચ્છા અનાસ્તિક, અને અપ્રતિબદ્ધતા; એ બધું શ્રમણ નિર્ગ્રંથોને માટે પ્રશસ્ત છે ? હે ગૌતમ ! હા લાઘવ, અને યાવત્--અપ્રતિબદ્ધતા એ બધું નિર્ગ્રંથો માટે પ્રશસ્ત છે હે ભગવન્ ! અક્રોધપણું, અમાનપણું, અકપટપણું, અને અલોભપણું, એ બધું શ્રમણ નિર્ગ્રંથોના માટે પ્રશસ્ત છે ? હે ગૌતમ ! હા, અક્રોધપણું, અમાનપણું, એ બધું પ્રશસ્ત છે. હે ભગવન્ ! કાંક્ષાપ્રદોષક્ષીણ થયા પછી શ્રમણ નિર્ગ્રંથ અંતકર અને અંતિમ શરીરવાળો થાય ? અથવા પૂર્વની અવસ્થામાં બહુ મોહવાળો થઈ વિહાર કરે અને પછી સંવરયુક્ત થઈને કાળ કરે તો પછી સિદ્ધ થાય ? યાવત્-સર્વ દુઃખના નાશને કરે ? હે ગૌતમ ! હા, કાંક્ષાપ્રદોષક્ષીણ થયા પછી યાવત્-સર્વ દુઃખના નાશને કરે.

[૯૭] હે ભગવન્ ! અન્ય મતાવલંબીઓ આ પ્રમાણે કહે છે, આ પ્રમાણે ભાખે છે, આ પ્રમાણે જણાવે છે અને આ પ્રમાણે પ્રરૂપે છે કે, એકજીવ એક સમયે બે આયુષ્ય કરે છે. તે આ પ્રમાણે-૧ આ ભવનું આયુષ્ય અને પરભવનું આયુષ્ય. જે સમયે આ ભવનું આયુષ્ય કરે છે તે સમયે પરભવનું આયુષ્ય કરે છે અને જે સમયે પરભવનું આયુષ્ય કરે છે તે સમયે આ ભવનું આયુષ્ય કરે છે આ ભવનું આયુષ્ય કરવાથી પરભવનું આયુષ્ય કરે છે અને પરભવનું આયુષ્ય કરવાથી આ ભવનું આયુષ્ય કરે છે. એ પ્રમાણે એક જીવ એક સમયે બે આયુષ્ય કરે છે. હે ભગવન્ ! તે એ પ્રમાણે કેવીરીતે છે ? હે ગૌતમ ! અન્ય તીર્થીઓ જે એ પ્રમાણે કહે છે યાવત્- પરભવનું આયુષ્ય. તે ખોટું કહ્યું છે. વળી હે ગૌતમ ! હું એ પ્રમાણે કહું છું કે, એક જીવ એક સમયે એક આયુષ્ય કરે છે. અને તે આ ભવનું આયુષ્ય કરે છે. અથવા પરભવનું આયુષ્ય કરે છે. જે સમયે આ ભવનું આયુષ્ય કરે છે તે સમયે પરભવનું આયુષ્ય નથી કરતો અને જે સમયે પરભવનું આયુષ્ય કરે છે, તે સમયે આ ભવનું આયુષ્ય કરતો નથી. તથા આ ભવનું આયુષ્ય કરવાથી પરભવનું આયુષ્ય કરતો નથી અને પરભવનું આયુષ્ય કરવાથી આ ભવનું આયુષ્ય કરતો નથી. અને એ પ્રમાણે એક જીવ એક સમયે એક આયુષ્ય કરે છે- આ ભવનું અથવા પરભવનું આયુષ્ય. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, યાવત્ વિહરે છે.

[૯૮] તે કાલે તે સમયે પાર્શ્વનાથના વંશમાં થએલા કાલાસ્યવેષિપુત્ર નામના અનગારે જે તરફ સ્થવિર ભગવંતો હતા. તે તરફ જઈને તે સ્થવિર ભગવંતોને આ પ્રમાણે કહ્યું કેઃ- હે સ્થવિરો ! તમે સામાયિક જાણતા નથી, સામાયિકનો અર્થ જાણતા નથી તમે પચ્ચક્ખાણ જાણતા નથી. પચ્ચક્ખાણનો અર્થ જાણતા નથી. સંયમને જાણતા નથી, સંયમના અર્થને નથી જાણતા. સંવર જાણતા નથી, સંવરના અર્થને નથી જાણતા. તમે વિવેક જાણતા નથી. વિવેકના અર્થને જાણતા નથી. વ્યુત્સર્ગને જાણતા નથી. અને વ્યુત્સર્ગના અર્થને નથી જાણતા. ત્યારે તે સ્થવિર ભગવંતોએ કાલાસ્યવેષિપુત્ર નામના અનગારને આ પ્રમાણે કહ્યું કે, હે આર્ય ! સામાયિકને જાણીએ છીએ સામાયિકના અર્થના જાણીએ છીએ. યાવત્ વ્યુત્સર્ગના અર્થને જાણીએ છીએ. ત્યારે તે કાલાસ્ય-વેષિપુત્ર નામના અનગારે તે સ્થવિર ભગવંતોને આ પ્રમાણે કહ્યું કે, હે આર્યો ! જો તમે

સામાયિકને સામાયિકના અર્થને યાવત્-વ્યુત્સર્ગના અર્થને જાણો છો, તો હે આર્યો ! સામાયિક એ શું ? સામાયિકનો અર્થ એ શું ? અને યાવત્-હે આર્યો ! વ્યુત્સર્ગનો અર્થ એ શું ? ત્યારે તે સ્થવિર ભગવંતોએ તે કાલાસ્ય- વેષિપુત્ર નામના અનગારને આ પ્રમાણે કહ્યું કે-હે આર્ય ! અમારો આત્મા એ સામાયિક છે અને એજ સામાયિકનો અર્થ છે. તથા યાવત્-એજ વ્યુત્સર્ગનો અર્થ પણ છે. ત્યારપછી તે કાલાસ્યવેષિપુત્ર નામના અનગારે તે સ્થવિર ભગવંતોને આ પ્રમાણે કહ્યું કે, હે આર્યો ! જો આત્મા એ સામાયિક છે, આત્મા એ સામાયિકનો અર્થ છે અને એ પ્રમાણે યાવત્-આત્મા એ વ્યુત્સર્ગનો અર્થ છે, તો તમે ક્રોધ, માન માયા અને લોભનો ત્યાગ કરી શા માટે તે ક્રોધ વિગેરે નિંદો છો ? હે કાલાસ્યવેષિપુત્ર ! સંયમને માટે અમે ક્રોધાદિકને નિંદીએ છીએ. હે ભગવંત શું ગર્હા એ સંયમ છે કે અગર્હા એ સંયમ છે ? હે કાલાસ્યવેષિપુત્ર ! ગર્હા એ સંયમ છે. પણ અગર્હા એ સંયમ નથી. ગર્હા બધા દોષોનો નાશ કરે છે- અને એ પ્રમાણે અમારો આત્મા સંયમમાં સ્થાપિત છે, એ પ્રમાણે અમારો આત્મા સંયમમાં પુષ્ટ છે, એ પ્રમાણે અમારો આત્મા સંયમમાં ઉપસ્થિત છે. હવે અહીં તે કાલાસ્ય- વેષિપુત્ર અનગાર સંબુદ્ધ થયા અને તેમણે તે સ્થવિર ભગવંતોને વાંદ્યા, નમસ્કાર કર્યો. પછી તે કાલાસ્યવેષુપુત્ર અનગારે આ પ્રમાણે કહ્યું કે, હે ભગવંતો ! પૂર્વે-એ પદોને નહીં જાણવાથી, શ્રુતરહિતપણું હોવાથી, અબોધિપણું હોવાથી, અનભિગમ હોવાથી નહીં જોએલા હોવાથી, ચિંતવેલા ન હોવાથી, નહીં સાંભળવાથી, વિશેષ નહીં જાણવાથી, કહેલાં નહીં હોવાથી, અનિર્ણીત હોવાથી, ઉદ્ધરેલાં ન હોવાથી, અને એ પદો અનવદ્ધારિત હોવાથી એ અર્થમાં મેં શ્રદ્ધા કરી ન હતી, પ્રીતિ કરી ન હતી, રુચી કરી ન હતી, અને હે ભગવંતો ! હમણાં એ પદો જાણ્યા હોવાથી શ્રુતસહિતપણું હોવાથી, બોધિપણું હોવાથી, સઅભિગમ હોવાથી, જોએલાં હોવાથી, ચિંતવેલા હોવાથી, સાંભળ્યા હોવાથી, વિશેષ જાણ્યા હોવાથી, કહેલાં હોવાથી, નિર્ણીત હોવાથી, ઉદ્ધરેલાં હોવાથી, અને એ પદો અવધારીત હોવાથી એ અર્થમાં હું શ્રદ્ધા કરું છું, પ્રીતિ કરું છું, રુચિ કરું છું. તમે જેમ એ કહો છો તે એ એ પ્રમાણે છે., ત્યારે સ્થવિર ભગવંતોએ કાલાસ્યવેષિપુત્ર અનગારને આ પ્રમાણે કહ્યું કે,-હે આર્ય ! જેમ અમે એ કહીએ છીએ તેમ તું શ્રદ્ધા રાખ, પ્રીતિ રાખ અને રુચિ રાખ. ત્યારપછી તે કાલાસ્યવેષિપુત્ર અનગારે તે સ્થવિર ભગ- વંતોને વાંદ્યા, નમસ્કાર કર્યો અને કહ્યું કે હે ભગવંતો તમારી પાસે ચાર મહાવ્રતવાળો ધર્મ (ત્યજી) પ્રતિક્રમણસંયુક્ત પાંચ મહાવ્રતવાળો ધર્મ પ્રાપ્ત કરી વિહરવા ઇચ્છું છું, હે દેવાનુપ્રિય ! જેમ સુખ થાય તેમ કર, વિલંબ ન કર. પછી તે કાલાસ્યવેષિપુત્ર અનગારે તે સ્થવિરોને વાંદી, નમસ્કાર કરી અને ચતુર્થ મહાવ્રતયુક્ત ધર્મ ત્યજીને પ્રતિક્રમણ યુક્ત એવા પંચમહાવ્રતવાળા ધર્મને અંગીકાર કર્યો. અને તેમ કરી તે અનગાર વિહરે છે. ત્યારપછી તે કાલસ્યવેષીપુત્ર નામના અનગાર ઘણા વર્ષો સુધી સાધુપણું પાળી. અને જે પ્રયોજનસારું નગ્નપણું, મુંડિતપણું, સ્નાન ન કરવું, દાતણ ન કરવું, છત્ર ન રાખવું, ભોંય સંથારો કરવો, પાટીયા ઉપર સુવું, લાકડાપર સુવું, કેશનો લોચ કરવો, બ્રહ્મચર્યપૂર્વક રહેવું, (ભિક્ષા માટે) બીજા ઘરે જવું ? ક્યાંય મળે અથવા ન મળે, અનુકૂળ અથવા પ્રતિકૂળ એવા બાવીસ પરીષહોને સહન કરવાદિ કર્યું. આરાધના કરી છેલ્લા શ્વાસે સિદ્ધ થયા, બુદ્ધ થયા, મુક્ત થયા, પરિનિવૃત થયા અને સર્વ દુઃખથી મુક્ત થયા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૯૯] હે ભગવન્ ! એમ કહી ભગવંત ગૌતમે શ્રમણ ભગવંત મહાવીરને વાંદી, પ્રણામ કરી આ પ્રમાણે કહ્યું કે :- એક શેઠ, એક દરિદ્ર, એક લોભીઓ, અને એક ક્ષત્રિય રાજા એ બધા એક સાથે, અપ્રત્યાખ્યાન ક્રિયા કરે ? હે ગૌતમ ! હા, શેઠ અને યાવત્ એ બધા એકી સાથે પ્રત્યાખ્યાન ક્રિયા કરે. હે ભગવન્ ! તેનું શું કારણ ? હે ગૌતમ ! અવિરતિને આશ્રીને એમ કહ્યું છે તે એક શેઠ, એક દરિદ્ર અને એ બધા યાવત્-એક સાથે અપ્રત્યાખ્યાન ક્રિયા કરે છે.

[૧૦૦] હે ભગવન્ ! આધાકર્મ દોષવાળા અન્નને ખાતો શ્રમણ નિર્ગ્રંથ શું બાંધે છે ? શું કરે છે ? શાનો ચય કરે છે અને શાનો ઉપચય કરે છે ? હે ગૌતમ ! આધાકર્મ દોષવાળા અન્નને ખાતો શ્રમણ નિર્ગ્રંથ આયુષ્ય સિવાયની અને પાંચે બંધને બંધાએલી સાત કર્મપ્રકૃતિઓને મજબૂત બંધને બાંધેલી કરે છે, અને યાવત્ સંસારમાં વારંવાર ભમે છે. હે ભગવન્ ! તેનું શું કારણ ? કે યાવત્-તે સંસારમાં વારંવાર ભમે છે ? હે ગૌતમ ! આધાકર્મ દોષવાળા અન્નને ખાતો શ્રમણ નિર્ગ્રંથ પોતાના ધર્મને ઓળંગી જાય છે. અને પોતાના ધર્મને ઓળંગતો તે શ્રમણ પૃથિવીકાયના જીવની દરકાર કરતો નથી અને યાવત્-ત્રસકાયના જીવની દરકાર કરતો નથી. તથા જે જીવોના શરીરને તે ખાય છે તે જીવોની પણ દરકાર કરતો નથી. માટે હે ગૌતમ ! તે હેતુથી એમ કહ્યું છે કે :- આધાકર્મ દોષવાળા અન્નને ખાતો શ્રમણ આયુષ્ય સિવાયની સાત પ્રકૃતિઓને મજબૂત બાંધે છે. અને સંસારમાં વારંવાર ભમે છે. હે ભગવન્ ! પ્રાસુક અને નિર્દોષ આહારને ખાતો શ્રમણ નિર્ગ્રંથ શું બાંધે છે ? અને યાવત્-શેનો ઉપચય કરે છે ? હે ગૌતમ ! પ્રાસુક અને નિર્દોષ આહારને ખાતો શ્રમણ નિર્ગ્રંથ આયુષ્ય સિવાયની અને મજબૂત બંધાએલી સાત કર્મ પ્રકૃતિઓને ઢીલી કરે છે. તથા એને સંવૃત અનગારની પેઠે જાણવો. વિશેષ એ કે, આયુષ્ય કર્મને કદાચિત્ બાંધે છે, અને કદાચિત્ નથી બાંધતો, યાવત્ સંસારને ઓળંગી જાય છે. હે ભગવન્ ! તેનું શું કારણ ? હે ગૌતમ ! પ્રાસુક અને નિર્દોષ આહારને ખાતો શ્રમણ નિર્ગ્રંથ પોતાના ધર્મને ઓળંગતો નથી, અને પોતાના ધર્મને નહીં ઓળંગતો તે શ્રમણ નિર્ગંથ પૃથિવીકાયિક જીવોની દરકાર કરે છે, યાવત્-ત્રસકાયના જીવોની દરકાર કરે છે, અને જે જીવોનાં શરીરનો તે આહાર કરે છે, તે જીવોની પણ તે દરકાર કરે છે. માટે તે હેતુથી યાવત્-તે સાધુ સંસારને ઓળંગી જાય છે.

[૧૦૧] હે ભગવન્ ! અસ્થિર પદાર્થ બદલાય છે ? સ્થિર પદાર્થ નથી બદલાતો ? અસ્થિર પદાર્થ ભાંગે છે ? સ્થિર પદાર્થ નથી ભાંગતો ? બાલક શાશ્વત છે ? બાલકપણું અશાશ્વત છે ? પંડિત શાશ્વત છે ? અને પંડિતપણું અશાશ્વતછે. હે ગૌતમ ! અસ્થિર પદાર્થ બદલાય છે યાવત્ પંડિતપણું અશાશ્વત છે. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, એમ કહી યાવત્ વિહરે છે.

**શતક : ૧ - ના - ઉદ્દેસા : ૯ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## -: ઉદ્દેશક ૧૦ :-

[૧૦૨] હે ભગવન્ ! અન્યતીર્થિકો આ પ્રમાણે કહે છે યાવત્-આ પ્રમાણે પ્રરૂપે છે કે "ચાલતું હોય તે ચાલ્યું ન કહેવાય અને નિર્જરાતું તે નિર્જરાયું ન કહેવાય." બે પરમાણું પુદ્ગલો એક એકને ચોંટતા નથી. બે પરમાણું પુદ્ગલો એક એકને શા માટે

જૈન સાઈટ JAINSITE જૈનતત્વજ્ઞાન વિદ્યાલય
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચોંટતા નથી ? બે પરમાણુ પુદ્ગલોમાં ચીકાશ નથી માટે તે બે પરમાણુ પુદ્ગલો એક એકને ચોંટતા નથી." ત્રણ પરમાણુ પુદ્ગલો એક એકને પરસ્પર ચોંટી જાય છે. ત્રણ પરમાણુ પુદ્ગલો એક એકને પરસ્પર ચોંટે છે તેનું શું કારણ ? ત્રણ પરમાણુ પુદ્ગલોમાં ચીકાશ હોય છે. માટે તે ત્રણ પરમાણુ પુદ્ગલો એક એકને પરસ્પર ચોંટી જાય છે. વળી જો તેના બે ભાગ પણ થઈ શકે છે અને ત્રણ ભાગ પણ થઈ શકે છે, જો તે ત્રણ પરમાણુ પુદ્ગલના બે ભાગ કરવામાં આવે તે એક તરફ દોઢ પરમાણુ આવે છે અને બીજી તરફ પણ દોઢ પરમાણુ આવે છે. ને જો તે ત્રણ પરમાણુ પુદ્ગલના ત્રણ ભાગ કરવામાં આવે તો ત્રણે પરમાણુ પુદ્ગલો એક એક એમ જુદા જુદા થઈ જાય છે. એ પ્રમાણે યાવત્-ચાર પરમાણુ પુદ્ગલો વિષે પણ જાણવું. 'પાંચ પાંચ પરમાણુ પુદ્ગલો એકએકને પરસ્પર ચોંટી જાય છે અને દુઃખપણે કર્મપણે-થાય છે તે દુઃખ કર્મ શાશ્વત છે અને હંમેશાં સારી રીતે ઉપચય પામે છે તથા અપચય પામે છે.'' "બોલવાના સમયની પૂર્વે જે ભાષાના પુદ્ગલો છે જે ભાષા છે બોલવાના સમયની જે ભાષા છે અને બોલવાના સમય પછીની-જે (ભાષા) બોલાએલી છે તે ભાષા છે.'' "જે તે પૂર્વની ભાષા ભાષા છે, બોલતી ભાષા અભાષા છે અને બોલવાના સમય પછીની જે (ભાષા) બોલાએલી છે તે ભાષા છે, તો શું તે બોલતા પુરુષોની ભાષા છે ? અણબોલતા પુરુષોની ભાષા છે. પણ તે બોલતા પુરુષની તો ભાષા નથીજ" જે તે પૂર્વની ક્રિયા છે તે દુઃખહેતુ છે. કરાતી ક્રિયા દુઃખ હેતુ નથી. અને કરવાના સમય પછીની જે ક્રિયા છે તે દુઃખ હેતુ છે તો શું તે કરણથી દુઃખ હેતુ છે કે અકરણથી દુઃખ હેતુ છે ? તે અકરણથી દુઃખ હેતુ છે પણ કરણથી દુઃખ હેતુ નથીજ. તે એ પ્રમાણે વક્તવ્ય છે. "અકૃત્ય દુઃખ છે, અસ્પૃશ્ય દુઃખ છે-અક્રિયમાણકૃત દુઃખ છે; તેને નહીં કરીને, પ્રાણો, ભૂતો, જીવો અને સત્વો વેદનાને વેદે છે તે એ પ્રમાણે છે."

હે ભગવન્ ! એ તે કેવી રીતે એ પ્રમાણે હોય ? હે ગૌતમ ! જે તે અન્યતીર્થિકો કહે છે કે, વેદનાને વેદે, એમ કહેવાય. તેઓએ જે એ પ્રમાણે કહ્યું છે. તે ખોટું કહ્યું છે. વળી હે ગૌતમ ! હું એમ કહું છું કે, ચાલતું હોય તે ચાલ્યું કહેવાય અને યાવત્-નિર્જરાતું હોય તે નિર્જરાયું કહેવાય."બે પરમાણુ પુદ્ગલો એક એક પરસ્પર ચોંટી જાય છે. અને તે બે પરમાણુ પુદ્ગલો પરસ્પર ચોંટી જાય છે તેનું શું કારણ ? બે પરમાણુ પુદ્ગલોમાં ચીકાશ છે, માટે બે પરમાણુ એક એકને પરસ્પર ચોંટી જાય છે. અને તે બે પરમાણુ પુદ્ગલોના બે ભાગ થઈ શકે છે. જો તે બે પરમાણુ પુદ્ગલોના બે ભાગ કરવામાં આવે તો એક તરફ એક પરમાણુ પુદ્ગલ અને બીજી તરફ એક પરમાણુ પુદ્ગલ છે." ત્રણ પરમાણુ પુદ્ગલો એક એક પરસ્પર ચોંટી જાય છે. અને તે ત્રણ પરમાણુ પુદ્ગલો પરસ્પર ચોંટી જાય છે તેનું શું કારણ ? ત્રણ પરમાણુ પુદ્ગલોમાં ચીકાશ છે માટે ત્રણ પરમાણુ પુદ્ગલો એક એક પરસ્પર ચોંટી જાય છે. અને તે ત્રણ પરમાણુ પુદ્ગલના બે તથા ત્રણ ભાગ થઈ શકે છે. જો તેના બે ભાગ કરવામાં આવે તો એક તરફ એક પરમાણુ પુદ્ગલ આવે છે અને એક તરફ બે પ્રદેશવાળો એક સ્કંધ આવે છે. જો તેના ત્રણ ભાગ કરવામાં આવે તો એક એક એમ ત્રણે પરમાણુઓ જુદા જુદા થઈ જાય છે. આ પ્રમાણે ચાર પરમાણુઓ સંબંધે પણ જાણવું." પાંચ પરમાણુ પુદ્ગલો એક એક પરસ્પર ચોંટી જાય છે. અને તે પરસ્પર ચોંટી ગયા પછી એક સ્કંધરુપે બની જાય છે તથા તે સ્કંધ અશાશ્વત છે અને હંમેશાં સારી રીતે ઉપચય પામે છે, અપચય પામે છે. "પૂર્વની ભાષા અભાષા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બોલાતી ભાષા ભાષા છે. અને બોલ્યા પછીની ભાષા અભાષા છે" જે તે પૂર્વની ભાષા અભાષા છે, બોલાતી ભાષા અભાષા છે અને બોલ્યા પછીની અભાષા છે. તો શું તે બોલતા પુરુષની ભાષા છે કે અબોલતા પુરુષની ભાષા છે ? તે બોલતા પુરુષની ભાષા છે. પણ અબોલતા પુરુષની તો ભાષા નથીજ." પૂર્વની ક્રિયા દુઃખ હેતુ નથી, તેને પણ ભાષાની પેઠેજ જાણવી. કરણથી તે દુઃખ હેતુ છે. પણ અકરણથી તે દુઃખ હેતુ નથીજ. એ પ્રમાણે કહેવાય." કૃત્ય દુઃખ છે, સ્પૃશ્ય દુઃખ છે, ક્રિયામાણકૃત દુઃખ છે, તેને કરી કરીને પ્રાણો, ભૂતો જીવો અને સત્વો વેદનાને વેદે છે. એમ કહેવાય.

[૧૦૩] હે ભગવન્ ! અન્યતીર્થિકો કહે છે કે, યાવત્-એક જીવ એક સમયે બે ક્રિયાઓ કરે છે. તે આ પ્રમાણે :- ઐર્યાપથિકી અને સાંપરાયિકી. જે સમયે ઐર્યાપથિકી ક્રિયા કરે છે તે સમયે સાંપરાયિકી ક્રિયા કરે છે અને જે સમયે સાંપરાયિકી ક્રિયા કરે છે તે સમયે ઐર્યાપથિકી ક્રિયા કરે છે ઐર્યાપથિકી ક્રિયા કરવાથી સાંપરાયિકી ક્રિયા કરે છે અને સાંપરાયિકી ક્રિયા કરવાથી ઐર્યાપથિકી ક્રિયા કરે છે એ પ્રમાણે એક જીવ એક સમયે બે ક્રિયા કરે છે. હે ભગવન્ ! એ તે એ પ્રમાણે કેવી રીતે હોય ? હે ગૌતમ ! જે તે અન્યતીર્થિકો કહે છે. તે ખોટું કહ્યું છે. હું આ પ્રમાણે કહું છું કે, એક જીવ એક સમયે એક ક્રિયા કરે છે. અહીં પરતીર્થિકનું તથા સ્વસમયનું વક્તવ્ય કહેવું યાવત્-ઐર્યાપથિકી અથવા સાંપરાયિકી ક્રિયા કરે છે.

[૧૦૪] હે ગૌતમ ! જઘન્યે એક સમય સુધી અને ઉત્કૃષ્ટે બાર મુહૂર્ત સુધી નારકી ઉત્પાત વિનાની કહી છે. અહીં એ પ્રમાણે વ્યુત્ક્રાંતિપદ આખું કહેવું. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે. એમ કહી યાવત્ વિહરે છે.

**શતક-૧-ની ઉદ્દેસા-૧૦ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

**શતક-૧-ની ગુર્જરછાયા પૂર્ણ**

## શતક : ૨

### -: ઉદ્દેસો ૧ :-

[૧૦૫] ૧-ઉદ્દેશામાં શ્વાસોચ્છ્વાસ અને સ્કંદકનામના અનગાર વિષે, ૨-સમુદ્ઘાત વિષે વિવેચન, ૩-પૃથિવી વિષે વિચાર, ૪-ઈંદ્રિયો વિષે વિચાર, ૫- અન્ય-તીર્થિકોનો અધિકાર, ૬-ભાષા સંબંધે વિવેચન, ૭-દેવનો અધિકાર, ૮-ચમરચંચા નામની વાત છે, ૯-સમયક્ષેત્રનું સ્વરૂપ, ૧૦-અસ્તિકાય સંબંધે વિવેચન છે.

[૧૦૬] તે કાલે અને તે સમયે રાજગૃહ નામનું નગર હતું, જાણી લેવું. સ્વામી સમોસર્યા. તેઓની દેશના સાંભળવા સભા મળી. તેઓએ ધર્મ કહ્યો તે સાંભળી સભા વિસર્જીત થઇ. તે કાલે તે સમયે ભગવંતના મોટા શિષ્ય પર્યુપાસના કરતા આ પ્રમાણે બોલ્યાઃ- હે ભગવન્ ! જે બે ઈંદ્રિયવાળા, ત્રણ ઈંદ્રિયવાળા ચાર ઈંદ્રિયવાળા અને પાંચ ઈંદ્રિયવાળા જીવો છે. એઓના અંદરના અને બહારના ઉચ્છ્વાસને અને નિઃશ્વાસને જાણીએ છીએ, દેખીએ છીએ પણ જે એક ઈંદ્રિયાવાળા પૃથિવીના જીવો છે, યાવત્-વનસ્પતિના જીવો છે. તેઓના અંદરના અને બહારના ઉચ્છ્વાસને તથા નિઃશ્વાસને જાણતા નથી, દેખતા નથી, તો શું હે ભગવન્ ! તે એક ઈંદ્રિયવાળા જીવો અંદરના અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બહારના ઉચ્છ્વાસને લે છે ? તથા અંદરના અને બહારના નિઃશ્વાસને મૂકે છે ? હે ગૌતમ ! હા, એ એક ઈંદ્રિયવાળા જીવો પણ બહારના અને અંદરના ઉચ્છ્વાસને લે છે તથા નિઃશ્વાસને મૂકે છે.

[૧૦૭] હે ભગવન્ ! તે જીવો કેવા પ્રકારનાં દ્રવ્યોને બહારના અને અંદરના શ્વાસમાં લે છે ? તથા નિઃશ્વાસમાં મૂકે છે ? હે ગૌતમ ! દ્રવ્યથી અનંત પ્રદેશવાળા દ્રવ્યોને, ક્ષેત્રથી અસંખ્ય પ્રદેશમાં રહેલાં દ્રવ્યોને કાળથી કોઈપણ જાતની સ્થિતિવાળાં દ્રવ્યોને, બહારના અને અંદરના નિઃશ્વાસમાં મૂકે છે. હે ભગવન્ ! તે જીવો ભાવથી વર્ણવાળાં જે દ્રવ્યોને બહારના અને અંદરના શ્વાસમાં લે છે તથા મૂકે છે તે દ્રવ્યો શું એક વર્ણવાળાં છે ? હે ગૌતમ ! અહીં આહારગમ જાણવો અને તે યાવત્-પાંચ દિશા તરફથી શ્વાસ અને નિઃશ્વાસના અણુઓ મેળવે છે. હે ભગવન્ ! નૈરયિકો કેવા પ્રકારનાં દ્રવ્યોને બહારના અને અંદરના શ્વાસમાં લે છે ? અને નિઃશ્વાસમાં મૂકે છે ? હે ગૌતમ તે સંબંધે પૂર્વ પ્રમાણેજ જાણવું ને નિયમે છએ દિશામાંથી બહારના અને અંદરના શ્વાસ અને નિઃશ્વાસના અણુઓને મેળવે છે. જીવો અને એકેંદ્રિયો સંબંધે એમ કહેવું કે, તેઓને જો કાંઇ વ્યાઘાત ન હોય તો તેઓ બધી દિશાઓમાંથી શ્વાસ અને નિઃશ્વાસના અણુઓ મેળવે છે. અને જો તેઓને કાંઇ અડચણ હોય તો તે છએ દિશામાંથી શ્વાસ અને નિઃશ્વાસના અણુઓ મેળવી શકતા નથી, પણ કોઈવાર ત્રણ દિશામાંથી કોઈવાર ચાર દિશામાંથી અને કોઈવાર પાંચ દિશામાંથી શ્વાસ અને નિઃશ્વાસના અણુઓ મેળવે છે અને બાકી બધા જીવો ચોક્કસ છએ દિશામાંથી શ્વાસ તથા નિઃશ્વાસ મેળવે છે. હે ભગવન્ ! વાયુકાય વાયુકાયોનેજ અંદરના અને બહારના શ્વાસમાં લે છે ? તથા તેઓનેજ અંદરના અને બહારના નિઃશ્વાસમાં મૂકે છે ? હે ગૌતમ ! હા તે તેમજ છે.

[૧૦૮] હે ભગવન્ ! વાયુકાય વાયુકાયમાંજ અનેકવાર મરીને પાછો ત્યાંજ ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! તે પાછો ત્યાંજ આવે. હે ભગવન્ ! તે વાયુકાય સ્વજાતિના અથવા પરજાતિના જીવો સાથે અથડાવાથી મરણ પામે ? કે કોઈ સાથે અથડાયા સિવાય મરણ પામે ? હે ગૌતમ ! અથડાવાથી મરણ પામે. પણ કોઈ સાતે અથડાયા સિવાય તે મરે નહિં. હે ભગવન્ ! તે શરીરવાળો થઈને જાય છે કે શરીરવિનાનો થઈને જાય છે હે ગૌતમ ! વાયુકાયને ચાર શરીર કહ્યાં છે. ઔદારિક, વૈક્રિય, તૈજસ, અને કાર્મણ. તેમાં ઔદારિક અને વૈક્રિય શરીરને છોડીને જાય છે માટે શરીરવિનાનો થઈને જાય છે અને તૈજસ તથા કાર્મણ શરીરને સાથે લઈને જાય છેમાટે શરીરવાળો થઈને જાય છે.

[૧૦૯] હે ભગવન્ ! જેણે સંસારને નિરોધ્યોનથી, પ્રપંચોને નિરોધ્યા નથી, જેનો સંસાર ક્ષીણ થયો નથી, જેનુ સંસાર વેદનીય કર્મક્ષીણ થયું નથી, જેનો સંસાર વ્યુછિન્ન નથી, જેનું સંસારવેદનીયકર્મવ્યુચ્છિન્ન થયું નથી, જે સિદ્ધપ્રયોજન નથી તેવો મૃતાદી અનગાર શું ફરીને પણ તુરત મનુષ્યપણા આદિક ભવને પામે હે ગૌતમ ! પૂર્વ પ્રમાણેના સ્વરૂપવાળો સાધુ ફરીને પણ તુરત મનુષ્યાદિક ભવને પામે.

[૧૧૦] હે ભગવન્ ! તે નિર્ગ્રંથના જીવને ક્યા શબ્દથી બોલાવાય ? હે ગૌતમ ! તે કદાચ 'પ્રાણ' કહેવાય, કદાચ ભૂત કહેવાય, કદાચ 'જીવ' કહેવાય કદાચ સત્ત્વ કહેવાય, કદાચ 'વિજ્ઞ' કહેવાય, અને કદાચ 'વેદ' કહેવાય, તથા કદાચ 'પ્રાણ' 'ભૂત' 'જીવ' 'સત્ત્વ' 'વિજ્ઞ' અને વેદ પણ કહેવાય. હે ભગવન્ ! તે 'પ્રાણ' કહેવાય અને 'વેદ' કહેવાય, તેનું શું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કારણ ? હે ગૌતમ ! તે નિગ્રંથનો જીવ બહાર અને અંદર શ્વાસ તથા નિઃશ્વાસ લે છે માટે તે પ્રાણ કહેવાય. તથા તે થવાના સ્વભાવવાળો છે, થાય છે, અને થશે માટે ભૂત કહેવાય, તથા જીવે છે અને જીવપણાનેઅનુભવે છે માટે 'જીવ' કહેવાય. તથા શુભ અને અશુભ કર્મોવડેસંબંદ્ધ છે માટે 'સત્વ' કહેવાય છે. તથા કડવા, કષાયેલા, ખાટા અને મીઠા રસોને જાણે છે માટે 'વિજ્ઞ' કહેવાય છે. અને સુખ તથા દુઃખને ભોગવે છે માટે 'વેદ' કહેવાય છે માટે તે હેતુથી તે નિર્ગ્રંથનો જીવ 'પ્રાણ' અને 'વેદ કહેવાય છે.

[૧૧૧] હે ભગવન્ ! જેણે સંસારને રોક્યો છે, જેણે સંસારના પ્રપંચને રોક્યો છે, યાવત્-જેનું કાર્ય, સમાપ્ત કાર્યની પેઠે પૂર્ણ છે તેવો મૃતાદી નિર્ગંથ શું ફરીને પણ શીઘ્ર મનુષ્યાદિક ભવોને ન પામે ? હે ગૌતમ ! હા, પૂર્વ પ્રમાણોનો મૃતાદી નિર્ગ્રંથ ફરીને પણ તુરત મનુષ્યાદિક ભવોને ન પામે. હે ભગવન્ ! તે નિગ્રંથનો જીવ કયા શબ્દથી બોલાવાય ?. હે ગૌતમ ! તે 'સિદ્ધ' કહેવાય. 'બુદ્ધ' કહેવાય. મૂક્ત કહેવાય. પરંપરાગત અર્થાત્ પારને પામેલો' - કહેવાય. અને 'સિદ્ધ' 'બુદ્ધ' 'મુક્ત' 'પરિનિવૃત' 'અંતકૃત' તથા 'સર્વ-દુઃખ પ્રક્ષીણ'કહેવાય.હે ભગવન્!તે એ પ્રમાણે છે,હે ભગવન્!એમ કહી યાવત્ વિહરે છે.

[૧૧૨] તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીર રાજગૃહ નગરની પાસે આવેલા ગુણશિલ ચૈત્યથી નીકળ્યા. તેઓએ બહારના દેશમાં વિહાર કર્યો. તે કાળે તે સમયે કૃતંગલા નામની નગરી હતી. તે કૃતંગલા નગરીની બહારના પ્રદેશમાં ઉત્તર અને પૂર્વ દિશાના ભાગમાં 'છત્રપલાશક નામનું ચૈત્ય હતું. તે સમયે ઉત્પન્ન થયેલ જ્ઞાન દર્શનના ધારક શ્રમણભગવંત મહાવીરપ્રભુ ત્યાં પધાર્યા. સમવસરણ થયું. સભા નિકળી. તે કૃતંગલા નગરીની પાસે શ્રાવસ્તી નામની નગરી હતી. તે શ્રાવસ્તી નગરીમાં કાત્યાયનગોત્રનો, ગર્દભાલ નામના પરિવ્રાજકનો શિષ્ય સ્કંદક નામનો પરિવ્રાજક રહેતો હતો. તે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અને અથર્વવેદ એ ચાર વેદનો ઇતિહાસનો તથા નિઘંટુ નામના કોશનો સાંગોપાંગ અને રહસ્ય, સહિત પ્રવર્તક, યાદ કરનાર, તથા તેમાં થતી ભૂતોનો અટકાવનાર હતો. વેદાદિ શાસ્ત્રોનો ધારક હતો. વેદ વિગેરેનો પારગામી અને છ અંગનો જ્ઞાતા હતો તથા શષ્ટિતંત્રમાં વિશારદ હતો. વળી ગણિત-શાસ્ત્રમાં શિક્ષા, આચાર, વ્યાકરણ, છંદ વ્યુત્પત્તિ, જ્યોતિષ, શાસ્ત્રમાં અને બીજા ઘણા બ્રાહ્મણ અને પરિવ્રાજક સંબંધી નીતિ તથા દર્શનશાસ્ત્રમાં પણ ઘણો ચતુર હતો. તેજ શ્રાવસ્તી નગરીમાં વૈશાલીકનો શ્રાવક પિંગલ નામનો નિર્ગ્રંથ રહેતો હતો.

તે વખતે વૈશાલિકના વચનને સાંભળવામાં રસિક પિંગલ નામના સાધુએ કોઇ એક દિવસે, જે ઠેકાણે કાત્યાયનગોત્રનો સ્કંદક તાપસ રહેતો હતો, તે તરફ જઇને તેને આક્ષેપપૂર્વક આ પ્રમાણે પૂછ્યું કે, હે માગધ ! શું લોક અંતવાળો છે કે અંત વિનાનો છે ? જીવ અંતવાળો છે કે અંત વિનાનો છે ? સિદ્ધિ અંતવાળી છે કે અંત વિનાની છે ? સિદ્ધો અંતવાળા છે કે અંત વિનાના છે ? તથા ક્યા મરણવડે જીવ મરે ? તો તેનો સંસાર વધે અને ઘટે ? તું આટલા પ્રશ્નોનો તો ઉત્તર કહે. જ્યારે વૈશાલિક શ્રાવક પિંગલક નિર્ગ્રંથ તે સ્કંદક તાપસને પૂર્વ પ્રમાણે પૂછ્યું ત્યારે તે સ્કંદક તાપસ, 'એ પ્રશ્નોનો શું આ ઉત્તર હશે કે બીજો' એમ શંકાવાળો થયો, 'આ પ્રશ્નોનો જવાબ મને કેવી રીતે આવડે' એમ કાંક્ષાવાળો થયો, 'હું જવાબ આપીશ તેથી પૂછનારને પ્રતીતિ થશે કે કેમ ? એ પ્રમાણે અવિશ્વાસુ થયો, તથા એની બુદ્ધિ બુંઠી થઇ ગઇ અને તે ક્લેશયુક્ત થયો. પણ તે તાપસ

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

વૈશાલિક શ્રાવક પિંગલક સાધુને કાંઈપણ ઉત્તર આપી શક્યો નહિ. અને ચુપચુપ બેઠો. તે વખતે વૈશાલિક શ્રાવક પિંગલક સાધુએ કાત્યાયન ગોત્રના સ્કંદક પરિવ્રાજકને બે ત્રણવાર પણ પૂર્વ પ્રમાણે આક્ષેપપૂર્વક પૂછ્યું હે માગધ ! શું લોક અંતવાળો છે ? યાવત્-જીવ કેવી રીતે મરે તો તેનો સંસાર વધે અને ઘટે ? તું મારા એ પ્રશ્નોનો ઉત્તર આપ ? જ્યારે ફરીને પણ તે વૈશાલિક પિંગલ નિર્ગ્રંથે તે સ્કંદક તાપસને પૂર્વ પ્રમાણે કહ્યું ત્યારે પણ તે સ્કંદક તાપસ શંકાવાળો થયો, કાંક્ષાવાળો થયો, યાવત્ ક્લેશને પ્રાપ્ત થયો. પરંતુ કાંઈ જવાબ આપી શક્યો નહિં અને ચુપચાપ બેઠો. તે વખતે શ્રાવસ્તી નગરીમાં ત્રણ ખૂણાવાળા માર્ગમાં, મનુષ્યોની ગડદીવાળા માર્ગમાં, ચાલતી વખતે વ્યૂહરુપે ગોઠવાએલ મનુષ્યોવાળા સભા માર્ગમાં નીકળે છે.

ત્યાં અનેક મનુષ્યોના મુખથી શ્રીમહાવીરપ્રભુ આવ્યાની વાત સાંભળી કાત્યાયનગોત્રી સ્કંદક તાપસના મનમાં પોતાના વિષે સ્મરણરૂપ અને અભિલાષરૂપ આ પ્રકારનો વિચાર થયો કે, શ્રમણ ભગવંત મહાવીર કૃતંગલા નગરીની બહાર છત્રપલાસક નામના ચૈત્યમાં સંયમ અને તપવડે આત્માને ભાવતા વિહરે છે. માટે હું તેની પાસે જાઉં, શ્રમણ ભગવંત મહાવીરને વાંદું, નમસ્કાર કરું, અને શ્રમણ ભગવંત મહાવીરને વાંદીને નમીને, તેઓનો સત્કાર કરીને તથા તઓને સન્માન આપીને અને કલ્યાણરૂપ, મંગલરૂપ, દેવરૂપ, અને ચૈત્યરૂપ શ્રીમહાવીરની પર્યુપાસના કરીને આ એ પ્રકારના અર્થોને, હેતુઓને પ્રશ્નોને કારણોને, વ્યાકરણોને પૂછું તો મારું કલ્યાણ છે. એ નક્કી છે. એ પૂર્વ પ્રમાણે સ્કંદક તાપસે વિચારીને, જ્યાં પરિવ્રાજકોનો મઠ છે ત્યાં જઈને ત્યાંથી ત્રિદંડ, કુંડી, રુદ્રાક્ષની માળા, કરોટિકા માટીનું વાસણ, બેસવાનું આસન, વાસણ લૂછવાનોકપડાનો ટુકડો. ત્રિગડી, અંકુશક, વીંટી, ગણેત્રિકા, છત્ર, પગરખાં, પાવડી, ભગવા રંગેલા વસ્ત્રોને લઈને નીકળે છે. નીકળી ત્રિદંડ, કુંડી, યાવત્ વીંટી, ઘરેણું, એ બધી વસ્તુઓને, હાથમાં રાખી, છત્ર ઓઢી, પગરખાં પહેરી, તથા ભગવાં વસ્ત્રોને શરીર ઉપર પહેરી તે સ્કંદક તાપસ શ્રાવસ્તી નગરીના મધ્યભાગમાંથી નીકળે છે. નીકળી જે તરફ કૃતંગલા નગરી છે, જે તરફ છત્રપલાશક ચૈત્ય છે, અને જે તરફ શ્રમણ ભગવંત મહાવીર છે તે તરફ જવાનો તે તાપસે સંકલ્પ કર્યો.

હે ગૌતમ ! એ પ્રમાણે આમંત્રી શ્રમણ ભગવંત મહાવીરે ભગવન્ ! ગૌતમને આ પ્રમાણે કહ્યું કેઃ- હે ગૌતમ ! હું તેને ક્યારે, કેવી રીતે અને કેટલા સમયે જોઈશ ? હે ગૌતમ ! તે કાળે તે સમયે શ્રાવસ્તી નામની નગરી હતી. ત્યાં શ્રાવસ્તી નગરીમાં ગર્દભાલ નામના તાપસના, કાત્યાયનગોત્રીય શિષ્ય સ્કંદક નામે પરિવ્રાજક રહેતા હતા. તે સંબંધીની બધી હકીકત આગળ કહ્યા પ્રમાણે જાણવી. યાવત્-તે સ્કંદક પરિવ્રાજકે જે તરફ હું છું તે તરફ મારી પાસે આવવાને સંકલ્પ કર્યો છે. અને તે સ્કંદક પરિવ્રાજક લગભગ પાસે પહોંચવા આવ્યા છે. ઘણો માર્ગ ઓળંગી ગયા છે, માર્ગ ઉપર છે, વચગાળાના માર્ગે છે. અને હે ગૌતમ ! તે સ્કંદક પરિવ્રાજકને તું આજેજ જોઈશ. 'પછી હે ભગવન્' ! એમ કહી ભગવન્ ગૌતમે શ્રમણ ભગવંત મહાવીરને વાંદી, નમી, આ પ્રમાણે કહ્યું કે :- હે ભગવન્ ! તે કાત્યાયનગોત્રીય સ્કંદક પરિવ્રાજક આપ દેવાનુપ્રિયની પાસે મુંડ થઈને, અગારપણું તજીને અણગારપણું લેવાને શક્ત છે ? હે ગૌતમ ! હા, તે સ્કંદક પરિવ્રાજક મારી પાસે અનગાર થવા શક્ત છે. જ્યારે શ્રમણભગવંતમહાવીર, ગૌતમને પૂર્વ

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રમાણેની વાત કહેતા હતા તેવામાંજ તે કાત્યાયનગોત્રીય સ્કંદકપરિવ્રાજક તે ઠેકાણે શ્રીમહાવીર પાસે તુરંત આવ્યા.

પછી ભગવન્ ગૌતમ કાત્યાયનગોત્રીય સ્કંદક પરિવ્રાજકને પાસે આવેલા જાણીને, તુરતજ આસનથી ઉભા થઇને તે પરિવ્રાજકની સામે ગયા. અને જ્યાં કાત્યાય-નગોત્રીય સ્કંદક પરિવ્રાજક હત્તા ત્યાં આવ્યા. તથા ત્યાં આવીને શ્રી ગૌતમે કાત્યાય-નગોત્રીય સ્કંદક પરિવ્રાજકને આ પ્રમાણે કહ્યું કેઃ- હે સ્કંદક ! તમને સ્વાગત છે, હે સ્કંદક તમને સુસ્વાગત છે, હે સ્કંદ ! તમને અન્વાગત છે, હે સ્કંદક ! તમને સ્વાગત અન્વાગત છે, પછી ગૌતમે તે સ્કંદકને આ પ્રમાણે કહ્યું કેઃ- 'હે સ્કંદક ! શ્રાવસ્તી નગરીમાં વૈશાલિક શ્રાવક પિંગલક નામના નિર્ગ્રંથે તમને આ પ્રમાણે આક્ષેપપૂર્વક પૂછ્યું હતું કે, હે માગધ ! લોક અંતવાળો છે કે અંત વિનાનો છે ? ઈત્યાદિ બધું પૂર્વની પેઠે કહેવું. યાવત્-તેના પ્રશ્નોથી મુંઝાઇ તમો અહીં શીઘ્ર આવ્યા.' હે સ્કંદક એ કહો, એ વાત સાચી કે કેમ ? હા, એ વાત સાચી છે. પછી કાત્યાયનગોત્રીય તે સ્કંદક પરિવ્રાજકે ગૌતમને આ પ્રમાણે કહ્યું કે :- હે ગૌતમ ! હે ગૌતમ ! એ તેવા પ્રકારના જ્ઞાની અને તપસ્વી પુરુષ કોણ છે, કે જેઓએ મારી ગુપ્તવાત તમને શીઘ્ર કહી દીધી ! જેથી તમે મારી ગુપ્ત વાતને જાણો છો. ત્યારપછી ભગવાન્ ગૌતમે કાત્યાયનગોત્રીય સ્કંદક પરિવ્રાજકને આ પ્રમાણે કહ્યું :- હે સ્કંદક ! મારા ધર્મગુરુ, ધર્મોપદેશક શ્રમણ ભગવંત મહાવીર ઉત્પન્ન જ્ઞાન દર્શનના ધારક છે અર્હત છે, જિન છે, કેવળી છે, ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળના જાણકારા છે. તથા સર્વજ્ઞ અને સર્વદર્શી છે, જેણે મને તમારી ગુપ્ત વાત શીઘ્ર કહી દીધી છે અને હે સ્કંદક ! જેથી હું તેને જાણું છું. પછી કાત્યાયનગોત્રીય સ્કંદક પરિવ્રાજકે ભગવાન્ ગૌતમને આ પ્રમાણે કહ્યું કે :-

હે ગૌતમ ! તારા ધર્માચાર્ય, ધર્મોપદેશક, શ્રમણ ભગવંત મહાવીર પાસે જઇએ અને તેઓને વંદન કરીએ. નમન કરીએ યાવત્ તેની પર્યુપાસના કરીએ. હે દેવાનુપ્રિય ! જેમ તમને ઠીક લાગે તેમ કરો. વિલંબ ન કરો. પછી ગૌતમે તે કાત્યાયન- ગોત્રીય સ્કંદક પરિવ્રાજક સાથે જ્યાં શ્રમણ ભગવંત મહાવીર બિરાજ્યા છે ત્યાં જવાનો સંકલ્પ કર્યો. તે કાલે તે સમયે શ્રમણ ભગવંત મહાવીર વ્યાવૃત્તભોજી હતા. તે વ્યાવૃત્તભોજી શ્રમણ ભગવંત મહાવીરનું શરીર ઉદાર, શણગારેલા જેવું, કલ્યાણરૂપ, શિવરૂપ, ધન્ય મંગલ-રૂપ, અલંકારો વિના શોભતું હતું. સારાં લક્ષણો વ્યંજનો અને ગુણોથી યુક્ત એવું શરીર અત્યંત શોભતું હતું. પછી તે કાત્યાયનગોત્રીય સ્કંદકપરિવ્રાજક, વ્યાવૃત્તભોજી શ્રમણ ભગવંત મહાવીરનું પૂર્વ પ્રકારનું ઉદાર યાવત્-અત્યંત શોભાયમાન શરીર જોઇ હર્ષ પામ્યો, સંતોષ પામ્યો, આનંદયુક્ત ચિત્તવાળો થયો, પ્રીતિયુક્ત મનવાળો થયો, પરમ સૌમનસ્યને પામ્યો તથા હર્ષે કરીને પ્રફુલ્લ હૃદયવાળો થઇ જ્યાં શ્રમણ ભગવંત મહાવીર બીરાજ્યા છે તે તરફ જઇ, શ્રમણ ભગવંત મહાવીરને ત્રણવાર પ્રદક્ષીણા કરી તેઓની પર્યુપાસના કરે છે.

પછી 'હે સ્કંદક' ! એમ કહી શ્રમણ ભગવંત મહાવીરે કાત્યાયનગોત્રીય સ્કંદક પરિવ્રાજકને આ પ્રમાણે કહ્યું કે :- હે સ્કંદક ! શ્રાવસ્તી નગરીમાં રહેતા વૈશાલિક શ્રાવક પિંગલક નામના નિર્ગ્રંથે તને આ પ્રમાણે આક્ષેપપૂર્વક પૂછ્યું હતું કે હે માગધ ! શું લોક અંતવાળો છે કે અંત વિનાનો છે ? એ બધું આગળ કહ્યા પ્રમાણે જાણી લેવું યાવત્-તેના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રશ્નોથી મુંઝાઈને તું મારી પાસે શીઘ્ર આવ્યો છું.' હે સ્કંદક ! કેમ એ સાચી વાત છે ? હા, તે સાચી વાત છે. વળી હે સ્કંદક ! તારા મનમાં જે આ પ્રકારનો સંકલ્પ થયો હતો કે, 'શું લોક અંતવાળો છે ? કે અંત વિનાનો છે ? તેનો પણ આ અર્થ છે :- મેં લોકને ચાર પ્રકારનો જણાવ્યો છે. તે આ પ્રમાણે :- દ્રવ્યથી - દ્રવ્યલોક, ક્ષેત્રથી-ક્ષેત્રલોક, કાળથી-કાળલોક અને ભાવથી-ભાવલોક. તેમાં જે દ્રવ્યલોક છે તે એક છે અને અંતવાળો છે જે ક્ષેત્રલોક છે તે અસંખ્ય કોડાકોડી યોજન સુધી લંબાઈ પહોળાઈવાળો છે, તથા તેની પરિધિ અસંખ્ય યોજન કોડાકોડીનો કહ્યો છે અને વળી તેનો અંત છે. તથા જે કાળલોક છે તે કોઈ દિવસ ન હતો એમ નથી અને કોઈ દિવસ નથી એમ પણ નથી. તે હંમેશ હતો, હંમેશ હોય છે અને હંમેશાં રહેશે, તે ધ્રુવ, નિયત, શાશ્વત, અક્ષત, અવ્યય, અવસ્થિત અને નિત્ય છે. વળી તેનો અંત નથી. તથ જે ભાવલોક છે તે અનંત વર્ણપર્યવરૂપ છે, અનંત ગંધ, રસ અને સ્પર્શપર્યવરૂપ છે, અનંત સંસ્થાન પર્યવરૂપ છે અનંત ગુરુલઘુ પર્યવરૂપ છે તથા અનંત અગુરુલઘુ પર્યવરૂપ છે, વળી તે અંત નથી. તો હે સ્કંદક ! તે પ્રમાણે દ્રવ્યલોક અને અંતવાળો છે, ક્ષેત્રલોક અંતવાળો છે, કાળલોક અંત વિનાનો છે. અને ભાવલોક અંત વિનાનો છે. લોક અંતવાળો છે અને અંતવિનાનો પણ છે.

વળી હે સ્કંદક ! તને જે આ વિકલ્પ થયો હતો કે, શું જીવ અંતવાળો છે. કે અંત વિનાનો છે ? તેનો પણ આ ખુલાસો છે. યાવત્-દ્રવ્યથી જીવ એક છે અને અંતવાળો છે, ક્ષેત્રથી જીવ અસંખ્ય પ્રદેશવાળો છે અને અસંખ્ય પ્રદેશમાં અવગાઢ છે, તથા તેનો અંત પણ છે. કાળથી જીવ કોઈ દિવસ ન હતો, એમ નથી, યાવત્-નિત્ય છે અને તેનો અંત નથી, ભાવથી જીવ અનંત જ્ઞાન પર્યાયરૂપ છે, અનંતદર્શન પર્યાયરૂપ છે, અનંત અગુરુલઘુ પર્યાયરૂપ છે અને તેનો છેડો નથી. તો હે સ્કંદક ! એ પ્રમાણે દ્રવ્યજીવ અંતવાળો છે, ક્ષેત્રજીવ અંતવાળો છે, કાળજીવ અંત વિનાનો છે, તથા ભાવજીવ અંત વિનાનો છે, વળી હે સ્કંદક ! તને જે આ વિકલ્પ થયો હતો કે. સિદ્ધિ અંતવાળી છે કે અંત વિનાની છે ? તેનો પણ આ ઉત્તર છે-હે સ્કંદક ! મેં સિદ્ધિ ચાર પ્રકારની કહી છે, તે આ પ્રમાણે-દ્રવ્યથી સિદ્ધિ એક છે અને અંતવાળી છે, ક્ષેત્રથી સિદ્ધિની લંબાઈ પહોળાઈ પીસ્તાલીશ લાખ યોજનની છે. અને તેની પરિધી એક ક્રોડ, બેંતાલીશ લાખ, ત્રીસહજાર, બસોને ઓગણપચાસ યોજન કરતાં કાંઈક વિશેષાધિક છે. તથા તેનો અંત પણ છે. કાળથી સિદ્ધિ કોઈ દિવસ ન હતી એમ નથી, કોઈ દિવસ નથી એમ નથી. અને કોઈ દિવસ તે નહીં હશે એવું પણ નથી. તથા ભાવથી સિદ્ધિ ભાવલોકની પેઠે કહેવી. તેમાં દ્રવ્યસિદ્ધિ અને ક્ષેત્રસિદ્ધિ અંતવાળી છે, તથા કાળસિદ્ધિ અને ભાવસિદ્ધિ અંત વિનાની છે- સિદ્ધિ અંતવાળી પણ છે અને અંત વિનાની પણ છે. વળી હે સ્કંદક ! તને જે આ સંકલ્પ થયો હતો કે, સિદ્ધો અંતવાળા છે કે અંત વિનાના છે ? તેનો પણ આ ઉત્તર છે :- એહીં બધું આગળની પેઠે કહેવું. યાવત્-દ્રવ્યથી સિદ્ધ એક છે અને અંતવાળા છે, ક્ષેત્રથી સિદ્ધ અસંખ્ય પ્રદેશવાળા છે અને અસંખ્ય પ્રદેશમાં અવગાઢ છે,. તથા તેનો અંત પણ છે. કાળથી સિદ્ધ આદિવાળા છે અને અંત વિનાના છે તેનો અંત નથી ભાવથી સિદ્ધ અનંત જ્ઞાનપર્યાયરૂપ છે, અનંત દર્શનપર્યાયરૂપ છે, યાવત્-અનંત અગુરુલઘુ પર્યવરૂપ છે અને તેનો અંત નથી અર્થાત્ દ્રવ્યથી અને ક્ષેત્રથી સિદ્ધ અંતવાળા છે તથા કાળથી અને ભાવથી સિદ્ધ અનંત અંત વિનાના છે. સિદ્ધો અંતવાળા પણ છે અને અંત વિનાના પણ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વળી હે સ્કંદક ! તને જે આ સંકલ્પ થયો હતો કે, જીવ કેવી રીતે મરે તો તેનો સંસાર વધે અને ઘટે ? તેનો ઉત્તર આ રીતે છે :- હે સ્કંદક ! મેં મરણના બે પ્રકાર જણાવ્યા છે તે આ પ્રમાણે :- એક બાલમરણ અને બીજું પંડિતમરણ. બાલમરણ એ શું ? બાલમરણના બાર ભેદ કહ્યા છે તે આ પ્રમાણે :- બલન્મરણ (તરફડતા મરવું) વશાર્તમરણ (શસ્ત્રાદિકના લાગવાથી) તદ્ભવમરણ (મરી ગયા બાદ પુનઃતેજ ગતિમાં આવવું) પહાડથી પડીને મરવું, ઝાડથી પડીને મરવું, પાણીમાં ડૂબીને મરવું, અગ્નિમાં પેસીને મરવું, ઝેર ખાઈને મરવું, ઝાડ વિગેરે સાથે ગળાફાંસા ખાઈને મરવું, અને ગીધ આદિ જંગલી જાનવરો ઠોલે તેથી મરવું, હે સ્કંદક ! એ બાર પ્રકારના બાલમરણવડે મરતો જીવ પોતે અનંતવાર નારકીના ભવોને પામે છે. તિર્યંચ, મનુષ્ય, અને દેવગતિરૂપ, અનાદિ અનંત તથા ચાર ગતિવાળા સંસારરૂપ વનમાં તે જીવ રખડે છે. એ બાલમરણની હકીકત છે. પંડિતમરણ એ શું ? પંડિતમરણ બે પ્રકારનું કહ્યું છે. પાદપોપગમન અને ભક્તપ્રત્યાખ્યાન પાદોપગમન એ શું ? પાદોપગમન બે પ્રકારનું કહ્યું છે. નિર્હારિમ અને અનિર્હારિમ એ બન્ને જાતનું પાદોપગમન મરણ પ્રતિકર્મ વિનાનુંજ છે. એ પ્રમાણે પાદોપગમન મરણની હકીકત છે ભક્તપ્રત્યાખ્યાન એ શું ? ભક્તપ્રત્યાખ્યાન મરણ બે પ્રકારનું કહ્યું છે. નિર્હારિમ અને અનિર્હારિમ. એ બન્ને જાતનું ભક્તપ્રત્યાખ્યાન મરણ પ્રતિકર્મવાળુંજ છે. એ પ્રમાણે ભક્તપ્રત્યાખ્યાન મરણની હકીકત છે. હે સ્કંદક ! એ બન્ને જાતના પંડિતમરણવડે મરતો જીવ પોતે નૈરયિકના અનંત ભવને પામતો નથી, યાવત્ સંસારરૂપ વનને વટી જાય છે. એ પ્રમાણે મરતા જીવનો સંસાર ઘટે છે. એ પ્રમાણે પંડિત મરણની હકીકત છે. સ્કંદક ! એ-પૂર્વોક્ત બે પ્રકારના-મરણવડે મરતા જીવનો સંસાર વધે છે અને ઘટે છે.

[૧૧૩] કાત્યાયનગોત્રીય સ્કંદકપરિવ્રાજક બોધ પામ્યો અને તેણે શ્રમણ ભગવંત મહાવીરને વાંદી, નમી આ પ્રમાણે કહ્યું કે :- હે ભગવન્ ! તમારા મુખથી કેવળીએ કહેલ ધર્મને સાંભળવાને ઈચ્છું છું. હે દેવાનુપ્રિય ! જેમ ઠીક લાગે તેમ કર, વિલંબ ન કર. ત્યારે પછી શ્રમણ ભગવંત મહાવીરે કાત્યાયનગોત્રીય સ્કંદક પરિવ્રાજકને અને ત્યાં મળેલી મોટી સભાને ધર્મ કહ્યો. પછી તે કાત્યાયનગોત્રીય સ્કંદક પરિવ્રાજક શ્રમણ ભગવંત મહાવીરના મુખથી ધર્મને સાંભળી, અવધારી, હર્ષ પામ્યો, સંતુષ્ટ થયો, યાવત્-વિકસિત હૃદયવાળો થયો અને પછી તેણે ઉભા થઈ, શ્રમણ ભગવંત મહાવીરને ત્રિઃપ્રદક્ષીણા દઈ આ પ્રમાણે કહ્યું કે :- હે ભગવન્ ! નિર્ગ્રંથના પ્રવચનમાં શ્રદ્ધા રાખું છું. પ્રીતિ રાખું છું. રુચી રાખું છું, સ્વીકાર કરું છું, હે ભગવન્ ! એ એ પ્રમાણે છે. એ રીતે છે. સત્ય છે. સંદેહ વિનાનું છે. તે ઈષ્ટ છે. તે ઈષ્ટ પ્રતીષ્ટ છે, જે તમે કહો છો. એમ કરીને તે સ્કંદક તાપસ શ્રમણ ભગવંત મહાવીરને વાંદે છે, નમે છે, પછી ઉત્તર પૂર્વની દિશાના ભાગમાં જઈને તે સ્કંદક પરિવ્રાજકે ત્રિદંડને, કુંડિકાને, યાવત્ ભગવા વસ્ત્રોને એકાંતે મૂક્યાં અને પછી જ્યાં શ્રમણ ભગવંત મહાવીર બિરાજ્યા છે ત્યાં આવી, શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ પ્રદક્ષિણા કરી તે સ્કંદક પરિવ્રાજક આ પ્રમાણે બોલ્યા -

હે ભગવન્ ! ઘડપણ અને મોતના દુઃખથી આ સંસાર સળગેલો છે, વધારે સળગેલો છે જેમ કોઇ એક ગૃહસ્થ હોઈ અને તેનું ઘર સળગતું હોય, તથા તે સળગતા ઘરમાં તેનો બહુ મૂલ્યવાળો અને ઓછા વજનવાળો સામાન હોય, તે સામાનને તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગૃહસ્થ બળવા દેતો નથી. પણ તે સામાનને લઈને એકાંતે જાય છે કારણકે તે ગૃહસ્થ એમ વિચારે છે કે, જો થોડો સામાન બચે તો મને તે આગળ પાછળ હિતરૂપ, સુખરૂપ. કુશળરૂપ, અને છેવટે કલ્યાણરૂપ થશે. એ પ્રમાણેજ હે દેવાનુપ્રિય ! મારો પણ આત્મા એક જાતના સામાનરૂપ છે અને તે ઈષ્ટ, કાંત, પ્રિય, સુંદર, મનગમતો, સ્થિરતાવાળો, વિશ્વાસપાત્ર, સંમત, અનુમત, બહુમત, અને ઘરેણાના કંડિયા જેવો છે, માટે તેને ટાઢ, તડકો, ભુખ, તૃષા. ચોર, વાઘ કે સર્પ, ડાંસ, મચ્છર, વાત, પિત શ્લેષ્મ, વગેરે અને સન્નિપાત વગેરે વગેરે અનેક પ્રકારના રોગો અને જીવલેણ દરદો તથા પરિષહ અને ઉપસર્ગો નુકશાન ન કરે અને જો હું તેને પૂર્વોક્ત વિઘ્નોથી બચાવી લઉં તો તે મારો આત્મા મને પરલોકમાં હિતરૂપ, સુખરૂપ, કુશલરૂપ, અને પરંપરાએ કલ્યાણરૂપ થશે. માટે હે દેવાનુપ્રિય ! હું ઈચ્છું છું કે આપની પાસે હું દીક્ષિત થાઉં. મુંડિત થાઉં, પ્રતિલેખન આદિ ક્રિયાઓને શીખું. સૂત્ર અને તેના અર્થોને જાણું, તથા હું ઈચ્છું છું કે તમે આચારને વિનયને, વિનયના ફળને, ચારિત્રને, પિંડવિશુદ્ધયાદિક કારણને, સંયમ યાત્રાને અને સંયમના નિર્વાહક આહારના નિરૂપણને અર્થાત્ એવા પ્રકારના ધર્મને કહો :-

પછી શ્રમણ ભગવંત મહાવીર પોતેજ તે કાત્યાયનગોત્રીય સ્કંદક પરિવ્રાજકને પ્રવ્રજિત કર્યો અને યાવત્-પોતેજ ધર્મ કહ્યો કેઃ- હે દેવાનુપ્રિય ! આ પ્રમાણે જવું, આ પ્રમાણે રહેવું, આ પ્રમાણે બેસવું, આ પ્રમાણે સુવું, આ પ્રમાણે ખાવું, આ પ્રમાણે બોલવું, અને આ પ્રમાણે ઉઠીને પ્રાણ, ભૂત, જીવ તથા સત્ત્વો વિષે સંયમ- પૂર્વક વર્ત્તવું, તથા આ બાબતમાં જરાપણ આળસ ન રાખવી. પછી તે કાત્યાયનગોત્રીય સ્કંદક મુનિએ તે શ્રમણ ભગવંત મહાવીરનો એ પૂર્વ પ્રમાણેનો ધાર્મિક ઉપદેશ સારી રીતે સ્વીકાર્યો. અને જે પ્રમાણે મહાવીર આજ્ઞા દે છે તે પ્રમાણે તે સ્કંદક મુનિ ચાલે છે, રહે છે, બેસે છે, સુવે છે, ખાય છે, બોલે છે, તથા ઉઠીને પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વો તરફ દયાપૂર્વક વર્તે છે તથા એ બાબતમાં જરા પણ આળસ રાખતા નથી. હવે તે કાત્યાયનગોત્રીય સ્કંદક અનગાર થયા, તથા ચાલવામાં સાવધાનતાવાળા, બોલવામાં સાવધાનતાવાળા, ખાનપાન લાવવામાં અને લેવામાં સાવધાનતાવાળા, પોતાના ઉપકરણને તથા પાત્રોને લેવામાં અને મૂકવામાં કાળજીવાળા, વડીનીતિ, લઘુનીતિ કરવામાં મુખ તથા કંઠનો મેલ કાઢવામાં, કોઈપણ જાતનો મેલ નાસિકાનો મેલ નાખવામાં સાવધાન, શરીરની ક્રિયામાં સાવધાન, મન, વચન અને કાયાને વશ રાખનાર, સર્વને વશ રાખનાર, ઈંદ્રિયને વશ રાખનાર, ગુપ્ત બ્રહ્મચારી, ત્યાગી, સરળ, ધન્યથી ક્ષમાથી સહન કરનાર, જીતેંદ્રિય, વ્રત વિગેરેના શોધક, કોઈપણ જાતની આકાંક્ષા વિનાના, ઉતાવળ વિનાના, સંયમ સિવાય બીજે સ્થળે ચિત્તને નહીં રાખનાર, સુંદર સાધુપણામાં લીન, અને દાંત એવા સ્કંદક અનગાર આજ નિર્ગ્રંથ પ્રવચનને આગળ કરી વિહરે છે.

[૧૧૪] હવે પછી શ્રીશ્રમણભગવંત મહાવીર કૃતંગલા નગરીથી છત્રપલાશક નામના ચૈત્યથી બહાર નીકળી જનપદ વિહરે છે. ત્યારબાદ તે સ્કંદક અન- ગાર શ્રમણ ભગવંત મહાવીરના તથારૂપ સ્થવિરો પાસે સામાયિક વિગેરે અગીયાર અંગોને શીખે છે અને શીખીને, જ્યાં શ્રમણ ભગવંત મહાવીર બિરાજ્યા છે ત્યાં જઈને, વાંદી, નમી, આ પ્રમાણેબોલ્યા કે :- હે ભગવન્ ! જો તમે અનુમતિ આપો તો માસિક ભિક્ષુપ્રતિમાને ધારણ કરી વિચરવા ઈચ્છું છું, હે દેવાનુપ્રિય ! જેમ સુખ થાય તેમ કરો, વિલંબ ન કરો,



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પછી શ્રમણ ભગવંત મહાવીરની અનુમતિ લઇ તે સ્કંદક અનગાર હર્ષવાળા થઇ યાવત્-શ્રી મહાવીરને નમી માસિક ભિક્ષુપ્રતિમાને ધારણ કરી વિહરે છે. ત્યારબાદ તે સ્કંદક અનગાર માસિક ભિક્ષુપ્રતીમાને સૂત્રને અનુસારે, આચારને અનુસારે, માર્ગને અનુસારે સત્યતાપૂર્વક અને સારી રીતે કાયાવડે સ્પર્શે છે, પાળે છે, શોભાવે છે, સમાપ્ત કરે છે, અને તેને આજ્ઞાપૂર્વક આરાધે છે; તથા તેને કાયવડે સ્પર્શીને યાવત્-આરાધીને, જ્યાં શ્રમણ ભગવંત મહાવીર બિરાજ્યા છે ત્યાં આવીને, યાવત્-નમીને શ્રી સ્કંદક અનગાર આ પ્રમાણે બોલ્યાઃ- હે ભગવન્ ! જો તમે અનુમતિ આપો તો હું દ્વિમાસિક ભિક્ષુપ્રતિમાને ધારણ કરીને વિહરવા ઇચ્છું છું. હે દેવાનુપ્રિય ! જેમ સુખ ઉપજે તેમ કરો, વિલંબ ન કરો. એ પ્રમાણે ત્રિમાસિક, ચતુર્મા- સિક, પંચમાસિક, છમાસિક, પ્રથમ સાત રાત્રિદિવસની, બીજી સાતરાત્રિદિવસની, ત્રીજી સાતરાત્રિદિવસની, ચોથી અહો-રાત્રિની અને પાંચમી રાત્રીદિવસની એ પ્રમાણે બાર ભિક્ષુપ્રતિમાને આરાધે છે. તથા છેલ્લી એક રાત્રિદિવસની ભિક્ષુપ્રતિમાને સૂત્રાનુસારે આરાધી, જ્યાં શ્રમણ- ભગવંત મહાવીર બિરાજ્યા છે ત્યાં આવી, નમી, તે સ્કંદક અનગાર આ પ્રમાણે બોલ્યા :- હે ભગવન્ ! જો તમે અનુજ્ઞા આપો તો હું ગુણરત્ન સંવત્સર તપ કરવા ઇચ્છું છું. હે દેવાનુપ્રિય ! જેમ ઠીક પડે તેમ કરો, વિલંબ ન કરો.

પછી તે સ્કંદક અનગાર શ્રમણ ભગવંત મહાવીરની અનુમતિ લઇ, યાવત્-તેમને નમી ગુણરત્ન સંવત્સર નામના તપકર્મને ધારણ કરીને વિહરે છે. (તે તપનો વિધિ) આ પ્રમાણે :- પહેલા માસમાં નિરંતર ઉપવાસ કરવા. અને દિવસે સૂર્યની સામી નજર માંડી જ્યાં તડકો આવતો હોય તેવી જગ્યામાં ઉભડક બેસી રહેવું. તથા રાત્રિએ કાંઇપણ વસ્ત્રો ઓઢ્યા કે પહેર્યા વિના વીરાસને બેસી રહેવું. એ પ્રમાણે બીજે મહિને નિરંતર ૩ ઉપવાસ કરવા. ચોથે માસે ચાર ચાર ઉપવાસ, પાંચમે માસે પાંચ ઉપવાસ, છઠ્ઠે માસે છ ઉપવાસ, સાતમે માસે સાત, આઠમે માસે આઠ, નવમે માસે નવ, દશમે માસે દશ, અગી- યારમે માસે અગીયાર, બારમે માસે બાર, તેરમે માસે તેર , ચૌદમે માસે ચૌદ, પંદરમે માસે પંદર. અને સોળમે માસે સોળ ઉપવાસ કરવા. અને સૂર્યની સામી નજર માંડી તડકાવાળી જગ્યાએ ઉભડક બેસી તડકો લેવો તથા રાત્રીએ કાંઇપણ પહેર્યા કે ઓઢ્યા શિવાય વીરાસને બેસી રહેવું, પછી તે સ્કંદક અનગાર ગુણરત્નસંવત્સર નામના તપકર્મને સૂત્રાનુસારે, આચારાનુસારે, આરાધીને જ્યાં શ્રમણ ભગવંત મહાવીર બિરાજ્યા છે ત્યાં આવી શ્રમણભગવંત મહાવીરને વાંદી, નમી અનેક ઉપવાસ છઠ્ઠ, અઠ્ઠમ, દશમ, તથા દ્વાદશરૂપ તપકર્મવડે અને માસ ખમણ તથા અર્ધમાસખમણ-રૂપ વિચિત્ર તપકર્મવડે આત્માને ભાવતા વિહરે છે.

હવે તે સુંદર અણગાર પૂર્વોક્ત પ્રકારના ઉદાર, વિપુલ, પ્રદત્ત, પ્રગૃહીત, કલ્યાણરૂપ, શિવરૂપ, ધન્યરૂપ, મંગલરૂપ, શોભાયુક્ત, ઉત્તમ, ઉદાત્ત, ઉજ્જવલ, સુંદર ઉદાર, અને મોટા પ્રભાવવાળા તપકર્મથી શુષ્ક થયા. રૂક્ષ થયા...યાવત્...તેના શરીર ઉપર બધી નાડીઓ તરી આવી હવે તે માત્ર પોતાના આત્મબળથી જ ગતિ અને સ્થિતિ કરે છે. એવા દુર્બળ થયા છે કે બોલતા પણ કષ્ટ પડે છે, જેમ કોઇ એક લાકડાથી ભરેલ કે પાંદડાથી ભરેલ કે બીજા કોઇ સુકા સામાનથી ભરેલી કે એરંડા આદિના લાકડાથી ભરેલ સગડી હોય તે બધી સગડીને તડકે સુકવ્યા પછી ઢસડવામાં આવે ત્યારે તે સગ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ડીઓ અવાજ કરતા કરતા ગતિ કરે છે. અને ઉભી રહે છે. એ જ પ્રમાણે સ્કંદક અણગાર પણ જ્યારે ચાલે છે કે ઉભા રહે છે ત્યારે ખડખડ શબ્દ થાય છે. પણ તે અણગાર તપથી પુષ્ટ છે. માંસ તથા લોહીથી ક્ષીણ છે. પણ તપના તેજ વડે અતીવ શોભે છે.

[૧૧૫] તે કાળે અને તે સમયે રાજગૃહ નગરમાં સમવસરણ થયું... યાવત્... ધર્મ સાંભળીને પર્ષદા પાછી ગઈ. હવે કોઇ એક દિવસ રાત્રિના પાછલા પહોરે જાગતા જાગતા ધર્મ વિચારણા કરતા સ્કંદક અણગારને આવો સંકલ્પ થયો. હું પૂર્વોક્ત ઉદાર તપ વડે યાવત્ દુર્બળો થયો છું. મારી બધી નાડીઓ બહાર તરી આવી છે. તથા હું માત્ર આત્મ બળથી ગતિ અને સ્થિતિ કરી રહ્યો છું... યાવત્....ચાલુ કે બેસુ ત્યારે ખડખડ શબ્દ થાય છે. આવી સ્થિતિમાં પણ મને ઉત્થાન છે, કર્મ છે, બળ છે, વીર્ય છે અને પુરુષ-કાર પરાક્રમ પણ છે. તો જ્યાં સુધી આ બધું છે, જ્યાં સુધી મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક અને શુભાર્થી શ્રમણ ભગવંત મહાવીર વિચરે છે. ત્યાં સુધી મારું કલ્યાણ છે. આવતી કાલે વહેલી પ્રભાતે કમળ ખીલે - હરણીની આંખો ખૂલે...યાવત્....રાતા પ્રકાશવાળો સૂર્ય ઉગે ત્યાર પછી શ્રમણ ભગવંત મહાવીર પાસે જઇ, વંદી નમી યાવત્ પર્યુપાસના કરી તેમની અનુમતી લઇ પાંચ મહાવ્રત આરોપી શ્રમણ - શ્રમણીઓને ખમાવી, તેવા પ્રકારના યોગ્ય સ્થવિરો સાથે વિપુલ પર્વત ઉપર ધીમે ધીમે ચડી મેઘના સમૂહ જેવા વર્ણવાળા અને દેવોને ઉતરવાના સ્થાન રૂપ પૃથ્વીશીલા પટ્ટકનુ પ્રતિલેખન કરી, ડાભનો સંથારો કરી, આત્મને સંલેખણા તથા ઝોસણાથી યુક્ત કરી, અનસન કરી, વૃક્ષની પેઠે સ્થિર રહી મારે કાળની અવકાંક્ષા ન કરતાં વિહરવું જોઇએ એ પ્રમાણે વિચારી સવારે જ્યાં શ્રમણ ભગવંત મહાવીર છે ત્યાં જઇને...યાવત્....પર્યુપાસના કરે છે... ત્યારે શ્રમણ ભગવંત મહાવીર કહે છે કે હે સ્કંદક રાત્રે તે ધર્મ ચિંતવન કરતા આ પ્રમાણે સંકલ્પ કરેલ છે... યાવત્...હે દેવાનુપ્રિય જેમ સુખ ઉપજે તેમ કરો પણ વિલંબ ન કરો.

[૧૧૬] પછી તે સ્કંદક અનગાર શ્રમણ ભગવંત મહાવીરની અનુમતિ લઇને હર્ષવાળા, સંતુષ્ટ થઈ, યાવત્-વિકસિત હૃદયવાળા થઇને ઉભા થયા. ઉભા થઈ શ્રમણ-ભગવંત મહાવીરને ત્રણવાર પ્રદક્ષીણા કરી નમસ્કાર કરી પોતાની મેળેજ પાંચ મહાવ-તોને ગ્રહણ કરે છે, ગ્રહણ કરી સાધુ અને સાધ્વીઓને ખમાવે છે, ખમાવી તેવા પ્રકારના યોગ્ય સ્થવિરો સાથે વિપુલ પર્વત ઉપર ધીમે ધીમે ચડી, મેઘના સમૂહની જેવા પ્રકાશ-વાળા અને દેવના રહેઠાણરૂપ પૃથિવીશિલાપટ્ટકને પડિલેહે-ચારે બાજુ તપાસે છે, તેમ કરી વડીનીતિ અને લઘુનીતિ કરવાના સ્થાનને તપાસે છે. પછી તે શીલપટ્ટક ઉપર ડા-ભનો સંથારો પાથરી, પૂર્વ દિશા તરફ મુખ રાખી પર્યંકાસને બેસી, દશે નખ સહિત બન્ને હાથને ભેગા કરી, માથા સાથે અડકાવી, બન્ને હાથને જોડી આ પ્રમાણે બોલ્યા :- અરિ-હંત ભગવંતને યાવત્-અચળ સ્વરૂપને પ્રાપ્ત થએલાઓને નમસ્કાર થાઓ. તથા અચળ સ્થાનને પામવાની ઇચ્છાવાળા શ્રમણભગવંત મહાવીરને નમસ્કાર થાઓ. ત્યાં રહેલા શ્રમણભગવંતમહાવીરને અહીં રહેલો હું વાંદુ છું, ત્યાં રહેલા શ્રમણભગવંત- મહાવીર અહીં રહેલા મને જૂઓ, એમ કરી ભગવંતને વાંદી, નમી, આ પ્રમાણે બોલ્યા કેઃ- મેં પહે-લાં શ્રમણભગવંતમહાવીરની પાસે કોઇપણ જીવનો વિનાશ ન કરવો, કોઇપણ પ્રકારે કોઇને દુઃખ ન દેવું' એવો નિયમ જ્યાંસુધી જીંદગી ટકે ત્યાંસુધી લીધો હતો અને યાવત્--'વસ્તુનું જ્ઞાન, જેવી વસ્તુ હોય તેવુંજ કરવું, પણ તેથી જુદું કે ઉલટું ન સમજવું' એવો પણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નિયમ જ્યાંસુધી જીવું ત્યાંસુધી પાળવાનો નિર્ણય કર્યો હતો અને હમણા પણ શ્રમણ-ભગવંતમહાવીર પાસે જ્યાંસુધી જીવું ત્યાંસુધી 'કોઇને કોઇપણ પ્રકારે દુઃખ ન દેવું' અને યાવત્ 'વસ્તુનું જ્ઞાન, તેના સ્વભાવ ઉપરથી કરવું' પણ તેથી જૂદું ન કરવું' એવા નિયમો લઉં છું તથા સર્વ પ્રકારની ખાવાની વસ્તુનો, સર્વ પ્રકારના પાણીનો, સર્વ પ્રકારના મેવા, મિષ્ટાનનો, અને સર્વ પ્રકારના મસાલા તથા મુખવાસોનો એમ ચારે જાતના આહારનો જ્યાંસુધી જીવું ત્યાંસુધી ત્યાગ કરું છું. વળી જે આ દુઃખને ન દેવા લાયક યાવત્-ઇષ્ટ, કાંત અને પ્રિય મારું શરીર છે, તેને પણ હું મારા છેલ્લા શ્વાસોચ્છ્વાસે ત્યાગ કરી દઇશ, એમ કરી તેને સંલેખના અને ઝૂષણા કરી, ખાન, પાનનો ત્યાગ કર્યો. તથા તે ઝાડની પેઠે સ્થિર રહી કાલની અવકાંક્ષા ન કરતાં વિહરે છે, રહે છે. હવે તે સ્કંદક અનગાર શ્રમણ-ભગવંતમહાવીરના તેવા પ્રકારના સ્થવિરો પાસે સામાયિક વગેરે અગ્યાર અંગોને ભણીને પૂરેપૂરાં બાર વર્ષો સુધી સાધુપણું પાળી, એક મહિનાની સંલેખનાવડે આત્માને સંયોજી, સાઠ ટંક ખાધા વિનાના વિતાવી, આલોચન અને પ્રતિક્રમણ કરી, સમાધિ પ્રાપ્ત કરી, ક્રમપૂર્વક કાળધર્મને પામ્યા.

[૧૧૭] પછી તે સ્કંદક અનગારને મરણ પામેલા જાણી, તેના પરિનિર્વાણ નિમિત્તે કાયોત્સર્ગ કરે છે. તેના વસ્ત્રો અને પાત્રો લે છે. પછી તે વિપુલ પર્વત ઉપરથી ધીમે ધીમે ઉતરી, જ્યાં શ્રીશ્રમણભગવંતમહાવીર બિરાજ્યા છે ત્યાં આવી શ્રણ-ભગવંતમહાવીરને વાંદી, નમી તે સ્થવિરોએ આ પ્રમાણે કહ્યું કે :- આપ દેવાનુપ્રિય શિષ્ય સ્કંદક નામના અનગાર, જે સ્વભાવે ભદ્ર, વિનયી, શાંત, ઓછા ક્રોધ, માન, માયા અને લોભવાળા, અત્યંત નિરભિમાની, ગુરુની સાથે રહેનારા, કોઇને સંતાપે નહીં એવા, અને ગુરુભક્ત હતા. તથા જે આપ દેવાનુપ્રિયની અનુમતિથી પોતાની મેળેજ પાંચ મહાવ્રતોને આરોપી, સાધુ, સાધ્વીઓને ખમાવી, અમારી સાથે વિપુલ પર્વત ઉપર આવ્યા હતા. યાવત્-તે ક્રમપૂર્વક કાળધર્મને પામ્યા છે. અને આ તેના ઉપકરણો છે. હવે 'ભગવન્ !' એમ કહી ભગવન્ ગૌતમે શ્રમણભગવંતમહાવીરને વાંદી, નમી આ પ્રમાણે કહ્યું કેઃ- આપ દેવાનુપ્રિયના શિષ્ય સ્કંદક નામના અનગાર કાલમાસે કાળ કરી ક્યાં ગયા છે અને ક્યાં ઉત્પન્ન થયા છે ? ત્યારે હે ગૌતમ વગેરે' એમ કહી આમંત્રી શ્રમણ ભગવંત મહાવીરે ભગવાન્ ગૌતમને આ પ્રમાણે કહ્યું કે, - હે ગૌતમ ! તે સ્વભાવે ભદ્ર મારા શિષ્ય સ્કંદક નામે અનગાર મારી અનુમતિથી પોતાની મેળેજ પાંચ મહાવ્રતોને આરોપી, આલોચના અને પ્રતિક્રમણ કરી, સમાધિ પામી કાલમાસે કાળ કરી અચ્યુતકલ્પમાં દેવપણે ઉત્પન્ન થયા છે. તે કલ્પમાં કેટલાક દેવોનું પણ બાવીશ સાગરોપમનું આયુષ્ય છે. અને તે સ્કંદકદેવનું પણ બાવીસ સાગરોપમનું આયુષ્ય છે. હે ભગવન્ ! તે સ્કંદક દેવ, તે આયુષ્યનો ક્ષય થયા પછી, તે ભવનો ક્ષય થયા પછી અને તે સ્થિતિનો ક્ષય થયા પછી તે દેવલોકથી ચ્યવીને તુરતજ ક્યાં જશે ? અને ક્યાં ઉત્પન્ન થશે ? હે ગૌતમ ! તે સ્કંદક દેવ મહાવિદેહક્ષેત્રમાં સિદ્ધ થશે, બુદ્ધ થશે, મુક્ત થશે, પરિનિર્વાણ પામશે અને સર્વ દુઃખોનો વિનાશ કરશે.

**શતક - ૨ - ના ઉદ્દેસા - ૧ - ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

**-: ઉદ્દેસો - ૨ :-**

[૧૧૮] હે ભગવન્ ! કેટલા સમુદ્ઘાતો કહ્યા છે ? હે ગૌતમ ! સમુદ્ઘાતો સાત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કહ્યા છે. તે આ પ્રમાણે :- વેદના સમુદ્ઘાત વિગેરે તે માટે પન્નવણાનું છેલ્લું સમુદ્ઘાતપદ જાણવું, પરંતુ તેમાં આવતી છાદ્મસ્થિક સમુદ્ઘાતની હકીકત ન કહેવી અને એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું તથા કષાયસમુદ્ઘાતો અને અલ્પબહુત્વ કહેવું હે ભગવન્ ! ભાવિતાત્મા અનગારને કેવલિસમુદ્ઘાત આખા ભવિષ્યકાળસુધી શાશ્વતી રીતે રહે ? હે ગૌતમ ! અહીં પણ સમુદ્ઘાતપદ-જાણવું.

**શતક - ૨ ના - ઉદ્દેસા : ૨ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## ઉદ્દેસો-૩

[૧૧૯-૧૨૧] હે ભગવન્ ! પૃથિવીઓ કેટલી છે ? હે ગૌતમ ! જીવાભિગમ સૂત્રમાં કહેલો, નૈરયિકોનો બીજો ઉદ્દેશક જાણવો. તે ઉદ્દેશકમાં પૃથિવીઓ સંબંધી હકીકત છે, તથા નારકો, નરકપૃથિવીની જાડાઇ, તેઓના સંસ્થાન, અને બીજી પણ હકીકત છે. હે ભગવન્ ! શું સર્વ જીવો ઉપપન્નપૂર્વ છે ? અર્થાત્ શું બધા જીવો રત્નપ્રભા પૃથિવીનાં ત્રીશલાખ નરકોમાં આવી ગએલા છે ? હે ગૌતમ ! હા, અનેકવાર બધા જીવો રત્નપ્રભા પૃથિવીના ત્રીશલાખ નરકોમાં આવી ગયા છે. પૃથિવી ઉદ્દેશો કહેવો.

**શતક : ૨ - ઉદ્દેસા : ૩ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## -: ઉદ્દેસો-૪ :-

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

[૧૨૨] હે ભગવન્ ! કેટલી ઈંદ્રિયો કહી છે ? હે ગૌતમ ! પાંચ ઈંદ્રિયો કહી છે. તે આ પ્રમાણે સ્પર્શ વગેરે. અહીં પ્રજ્ઞાપનાસૂત્રમાં કહેલો ઈંદ્રિય સંબંધી ઉદ્દેશક કહેવો. તથા તેમાં કહ્યા પ્રમાણે ઈંદ્રિયનો ઘાટ, જાડાઇ, અને પહોળાઇ પણ કહેવી તથા અલોક સુધીના વિવેચનવાળો આખો ઈંદ્રિય ઉદ્દેશક કહેવો.

**શતક : ૨ - ઉદ્દેસા : ૪ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## -: ઉદ્દેસો-૫ :-

[૧૨૩] હે ભગવન્ ! અન્યતીર્થિકો આ પ્રમાણે કહે છે, ભાષે છે, જણાવે છે. અને પ્રરૂપે છે કે. "કોઈપણ સાધુ કાળ કર્યા પછી દેવ થાય અને તે દેવ ત્યાં બીજા દેવો સાથે અથવા બીજા દેવોની દેવીઓ સાથે વિષયસેવન કરતો નથી. તેમજ પોતાની દેવીઓને વશ કરીને તેઓની સાથે પણ પરિચારણા કરતો નથી, પણ તે દેવ, પોતેજ પોતાનાં નવાં બે રૂપ ધારણ કરે છે. તેમાં એક રૂપ દેવનું અને બીજું રૂપ દેવીનું હોય છે એ પ્રમાણે બે રૂપ બનાવીને તે દેવ દેવી સાથે વિષયસેવન કરે છે. એ પ્રમાણે એક જીવ એકજ કાળે બે વેદને અનુભવે છેઃ- પુરુષવેદ અને સ્ત્રીવેદ. આ પ્રમાણે અન્યમતાવલંબીઓની વક્તવ્યતા કહેવી." હે ભગવન્ ! તે એ પ્રમાણે કેમ થાય ? હે ગૌતમ ! જે તે અન્યતીર્થિકો એ પ્રમાણે કહે છે, સ્ત્રીવેદ અને પુરુષવેદ. તે અન્યમતાવલંબીઓએ જે પ્રમાણે કહ્યું છે તે અસત્ય કહ્યું છે. વળી હે ગૌતમ ! હું તો આ પ્રમાણે કહું છું, ભાષું છું, જણાવું છું, અને પ્રરૂપું છું કે કોઈપણ નિર્ગ્રંથ મર્યા પછી કોઇ એક દેવલોકમાં ઉત્પન્ન થાય છે, જે દેવલોકો મોટી ઋદ્ધિવાળા મોટા પ્રભાવવાળા, દૂર જવાની શક્તિવાળા અને લાંબા આયુષ્યવાળા હોય છે. એવા દેવલોકમાં જઇને તે સાધુ મોટી ઋદ્ધિવાળો અને દશે દિશાને પ્રકાશિત કરતો,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શોભાયમાન કરતો. તે સ્વરૂપવાન દેવ થાય છે અને ત્યાં તે દેવ બીજા દેવો સાથે તથા બીજા દેવની દેવીઓ સાથે તેઓને વશ કરીને પરિચારણા કરે છે તેમજ પોતાની દેવીઓને વશ કરીને પરિચારણા કરે છે. પણ પોતે પોતાના બે રુપ બનાવીને પરિચારણા કરતો નથી. એક જીવ એક વેદને અનુભવે છેઃ- સ્ત્રીવેદ, કે પુરુષ- વેદ. જે સમયે સ્ત્રીવેદને વેદે છે, તે સમયે પુરુષવેદને નથી વેદતો. જે સમયે પુરુષવેદને વેદે છે તે સમયે સ્ત્રીવેદને નથી વેદતો. સ્ત્રીવેદના ઉદયથી પુરુષવેદને નથી વેદતો. પુરુષ- વેદના ઉદયથી સ્ત્રીવેદને નથી વેદતો. માટે એક જીવ એક સમયે એક વેદને વેદે છે. તે આ પ્રમાણે :- સ્ત્રીવેદ, કે પુરુષવેદ. જ્યારે સ્ત્રીવેદનો ઉદય થાય ત્યારે સ્ત્રી પુરુષને પ્રાર્થે છે અને જ્યારે પુરુષવેદનો ઉદય થાય ત્યારે પુરુષ સ્ત્રીને પ્રાર્થે છે.

[૧૨૪] હે ભગવન્ ! ઉદક ગર્ભ એ કેટલા સમય સુધી 'ઉદક ગર્ભ રૂપે રહે ? હે ગૌતમ ! તે ઓછામાં ઓછું એક સમય સુધી અને વધારેમાં વધારે છ મહિના સુધી 'ઉદક ગર્ભ' રૂપે રહે. હે ભગવન્ ! તિર્યગ્યોનિકગર્ભ એ કેટલા સમય સુધી 'તીર્યગ્યોનિક ગર્ભરૂપે રહે ? હે ગૌતમ ! તે ઓછામાં ઓછું અંતર્મુહૂર્ત સુધી અને વધારેમાં વધારે આઠ વરસ સુધી તિર્યગ્યોનિક ગર્ભરૂપે રહે,. હે ભગવન્ ! મનુષીગર્ભ એ કેટલા સમય સુધી મનુષીગર્ભરૂપે રહે ? હે ગૌતમ ! તે ઓછામાં ઓછું અંતર્મુહૂર્ત સુધી અને વધારેમાં વધારે બાર વરસ સુધી 'મનુષીગર્ભ' રૂપે રહે.

[૧૨૫] હે ભગવન્ ! કાયભવસ્થ એ કેટલા સમય સુધી 'કાયભવસ્થ' રૂપે રહે ? હે ગૌતમ ! તે ઓછામાં ઓછું અંતમુહૂર્ત સુધી અને વધારેમાં વધારે ચોવીશ વરસ સુધી.

[૧૨૬] હે ભગવન્ ! મનુષી અને પંચેંદ્રિય તિર્યંચણી સંબંધી યોનિગત બીજ તે કેટલા કાળ સુધી 'યોનિભૂત' રૂપે રહે. હે ગૌતમ ! તે ઓછામાંઓછું અંતરમુહૂર્ત સુધી અને વધારેમાં વધારે બારમૂહૂર્ત 'યોનિભૂત' રૂપે રહે છે.

[૧૨૭] હે ભગવાન્ ! એક જીવ એક ભવમાં કેટલાં નો પુત્ર થાય ? હે ગૌતમ ! એક જીવ ઓછામાં ઓછા એકનો કે ત્રણનો અને વધારેમાં વધારે બસેંથી નવસેંનો પુત્ર થાય.

[૧૨૮] હે ભગવન્ ! એક જીવને એક ભવમાં કેટલા પુત્રો થાય ? હે ગૌતમ ! ઓછામાં ઓછા એક, બે કે ત્રણ અને વધારેમાં વધારે બેથી નવલાખ જેટલા પુત્ર થાય. હે ભગવન્ ! તેમ થવાનું શું કારણ ? હે ગૌતમ ! સ્ત્રી અને પુરુષને કર્મકૃત યોનિમાં મૈથુનીક નામનો સંયોગ ઉત્પન્ન થાય છે. ત્યારપછી તે બન્ને વીર્ય અને લોહીનો સંબંધ કરે છે અને પછી તેમાં ઓછામાં ઓછા એક, બે કે ત્રણ અને વધુમાં વધુ નવ લાખ સુધી જીવો પુત્ર તરીકે ઉત્પન્ન થાય છે. હે ગૌતમ ! તે માટે પૂર્વ પ્રમાણે કહ્યું છે.

[૧૨૯] હે ભગવન્ ! મૈથુનને સેવતા મનુષ્યને કેવા પ્રકારનો અસંયમ હોય ? હે ગૌતમ ! 'જેમ કોઈ એક પુરુષ હોય અને તે તપાવેલા સોનાના સળીયાવડે રૂઈની નળીને કે બલોખાંની નળીને બાળી નાખે. હે ગૌતમ ! તેવા પ્રકારના મૈથુનને સેવતા મનુષ્યને અસંયમ હોય. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે એમ કહી વિહરે છે.

[૧૩૦] ત્યારપછી શ્રમણ ભગવંત મહાવીર રાજગૃહ નગરથી, ગુણશિલક નામના ચૈત્યથી નીકળી બહાર જનપદ વિહારે વિહરે છે. તે કાળે તે સમયે તુંગિકા નામની નગરી હતી. તે તુંગિકા નગરીમાં ઉત્તર અને પૂર્વના દિગ્ભાગમાં પુષ્પવતી નામનું ચૈત્ય હતું. ત્યાં તુંગિકા નગરીમાં ઘણા શ્રાવકો રહેતા હતા. તે શ્રાવકો અઢળક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધનવાળા અને દેદીપ્યમાન હતા. તેઓનાં રહેવાનાં આવાસો મોટા અને ઉંચાં હતાં તથા તેઓની પાસે પથારીઓ, આસનો, ગાડાં વગેરે વહાણો અને બળદ વગેરે વાહનો પુષ્કળ હતાં, તેઓની પાસે ધન, સોનું અને રૂપું પણ ઘણું હતું તેઓ વ્યાપાર વાણીજ્ય કરી ધનને વધારવામાં તેમજ બીજી અનેક કળાઓમાં કુશળ હતા. વળી તેઓને ત્યાં ભોજન સામગ્રી ઘણી થતી હતી કારણકે તેઓને ઘરે અનેક માણસો ભોજન કરતાં હતા. વળી વિવિધ પ્રકારનાં ખાનપાનાદિ હતાં તેઓને ત્યાં અનેક નોકરો અને ચાકરડીઓ ગાયો, પાડાઓ, અને ઘેંટાઓનો સમૂહ હતો. બીજા ઘણા માણસોની અપેક્ષાએ તેઓ ચઢીયાતા હતા તેઓ જીવ અને અજીવના સ્વરૂપને સારી રીતે સમજતા હતા, વળી પુન્ય અને પાપનો ખ્યાલ હતો તેઓ આસ્રવ, સંવર, નિર્જરા, ક્રિયા, અધિકરણ, બંધ અને મોક્ષ, તેમાં કયું ગ્રાહ્ય અગ્રાહ્ય છે એ સારી પેઠે જાણતા હતાઃ તેઓ કોઈપણ કાર્યમાં પરાવલંબી ન હતા, તેઓ નિર્ગ્રંથના પ્રવચનમાં એવા તો ચુસ્ત હતા કે સમર્થ દેવો, અસુરો, નાગો, જ્યોતિષ્કો, યક્ષો, રાક્ષસો, કિંનરો કિંપુરૂષો, સુવર્ણ- કુમારો, ગંધર્વો અને મહારોગ વિગેરે બીજા દેવો પણ તેઓને નિર્ગ્રંથના પ્રવચનથી કોઈ રીતે ચલાયમાન કરી શકતા નહીં, તેઓ નિર્ગ્રંથના પ્રવચનમાં શંકા અને વિચિકિત્સા વિનાના હતા, તેઓએ શાસ્ત્રના અર્થોને મેળવ્યા હતા, શાસ્ત્રના અર્થને ચોક્કસતાપૂર્વક ગ્રહ્યા હતા, શાસ્ત્રના અર્થમાં સંદેહવાળાં ઠેકાણા પૂછી નિર્ણીત કર્યાં હતાં, શાસ્ત્રના અર્થોને અભિગમ્યા હતા અને શાસ્ત્રોના અર્થનું રહસ્ય તેઓએ નિર્ણયપૂર્વક જાણ્યું હતું. તથા તેઓને સાધુઓના પ્રવચન ઉપર અનહદ પ્રેમ વ્યાપી ગયો હતો, તેને લઈને તેઓ એમ કહેતા હતા કે-"હે ચિરંજીવ ! આ નિર્ગ્રંથનું પ્રવચન એજ અર્થ અને પરમાર્થરૂપ છે અને બાકી બીજું સર્વ અનર્થરૂપ છે, વળી તેઓની ઉદારતાને લીધે તેઓના દરવાજાની પછવાડે રહેતો ઉલાળીયો હંમેશાં ઉંચોજ રહેતો હતો, વળી તે શ્રાવકો જેને ઘરે કે જેના અંતઃપુરમાં જતા તેઓને પ્રીતિ ઉપજાવતા, તથા શીલવ્રત, ગુણવ્રત, વિરમણ, પ્રત્યાખ્યાન, પૌષધ અને ઉપવાસો વડે ચૌદશ, અષ્ટમ, અમાસ, તથા પૂનમને દિવસે પરિપૂર્ણ પૌષધને સારી રીતે આચરતા તથા શ્રમણ નિર્ગ્રંથોને નિર્દોષ અને ગ્રાહ્ય ખાન, પાન, ખાદિમ, સ્વાદિમ, વસ્ત્ર, પાત્ર, કામળ, રજોહરણ, પાટીયું, શય્યા, સંથારો અને ઔષધ. એ બધું આપી યથાપ્રતિગૃહીત તપકર્મવડે આત્માને ભાવતા વિહરે છે.

[૧૩૧] તે કાળે તે સમયે પાર્શ્વનાથ પ્રભુની પરંપરાવાળા સ્થવિર ભગવંતો કે જેઓ ઉત્તમ જાતિવાળા, ઉત્તમ બળવાળા, ઉત્તમ રૂપવાળા, વિનયમાળા, જ્ઞાનવાળા, દર્શનવાળા, ચારિત્રવાળા,લજ્જા-સંજમવાળા,લાઘવ-ઓછી ઉપધિવાળા,મનના બળ-વાળા, તેજવાળા, બોલવામાં નિપુણ, તેમજ ક્રોધ, માન, માયા, અને લોભ, ઈંદ્રિય અને પરિષહોને જીતનારા તથા જીવવાની ઈચ્છા અને મરણનો ભય એ બન્નેથી રહિત યાવત્-ત્રણ જગતની વસ્તુઓ મળે તેવી દુકાન જેવા પ્રભાવવાળા બહુ શ્રુત, ઘણા પરિ-વારવાળા એવા હતા, તેઓ પાંચસે સાધુઓની સાથે પરિવારવાળા અનુક્રમે ચાલતા ગામેગામ વિહાર કરતા સુખે સંયમ પાળતા જે સ્થળે તુંગિયા નગરી છે, જે સ્થળે પુષ્પવતી નામનું ચૈત્ય છે ત્યાં પધાર્યા અને આવી સાધુને લાયક એવી જગ્યાની માગણી કરીને સંયમ અને તપથી આત્માને વાસીત કરતા થકા વિચરે છે.

[૧૩૨] એવી વાત તુંગિકા નગરીના સિંઘોડાના આકારવાળા રસ્તામાં, ત્રણ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચાર, અને પાંચ શેરી મળે તેવા રસ્તામાં રાજમાર્ગ તથા સામાન્ય શેરીઓમાં વિસ્તાર પામી. તેથી તે નગરીમાં રહેલા શ્રમણોપાસક તે વાતને સાંભળીને હર્ષીત થયા ને સંતુષ્ટ થયા, તથા તેઓએ એક બીજા શ્રમણોપાસકને બોલાવી આ પ્રમાણે વાતચીત કરી કેઃ- હે દેવાનુપ્રિય ! પાર્શ્વનાથના શિષ્ય-સ્થવિર ભગવંતો યથાપ્રતિરૂપ અવગ્રહને ધારણ કરી સંયમ અને તપવડે આત્માને ભાવતા વિચરે છે. તો હે દેવાનુપ્રિય ! તથારૂપ સ્થવિર ભગવંતોનું નામ કે ગોત્ર પણ મોટું ફળ છે, તો પછી તેઓની સામે જવાથી, તેઓને વાંદવાથી, નમવાથી, કુશલ વર્તમાન પૂછવાથી અને તેઓની સેવા કરવાથી તો કલ્યાણ થાય તેમાં આશ્ચર્ય શું ? માટે હે દેવાનુપ્રિય ! આપણે બધા તે સ્થવિર ભગવંત પાસે જઈએ અને તેઓને વાંદીએ, નમીએ અને તેઓની પર્યુપાસના કરીએ. એ કાર્ય આપણને આ ભવ અને પરભવમાં હિતરૂપ છે તથા પરંપરાએ કલ્યાણરૂપ થશે એ પ્રમાણે વાર્તાલાપ કરી તથા પરસ્પર સ્વીકાર કરી અને પછી તેઓ પોતાના ગૃહ તરફ જાય છે. ઘરે જઈ સ્નાન કરી, ગોત્રદેવીનું પૂજન કરી, કૌતુક અને મંગલરૂપ પ્રાયશ્ચિત કરી બહાર જવાને યોગ્ય અને મંગલરૂપ શુદ્ધ વસ્ત્રોને ઉત્તમતાપૂર્વક પહેરી તેઓ પોતપોતાને ઘરેથી બહાર નીકળે છે અને તે બધા એક ઠેકાણે મળે છે, પછી પગે ચાલીને શહેરના મધ્યભાગની વચ્ચેથી નીકળે છે, જે તરફ પુષ્પવતી ચૈત્ય છે ત્યાં આવી સ્થવિર ભગવંતોને પાંચ પ્રકારના અભિગમ છે તે આ પ્રમાણે :- સચિત્તદ્રવ્યોને બાજુએ મૂકે છે, અચિત્તદ્રવ્યને સાથે રાખે છે, એક શાટિક ઉત્તરાસંગા કરે છે, તેમને જુએ કે તરતજ હાથ જોડે છે, અને મનને એકાગ્ર કરે છે. એ પ્રમાણે પાંચ અભિગમો સાચવી તે શ્રમણપાસકો તે સ્થવિર ભગવંતોની પાસે જઈ, ત્રણ પ્રદક્ષિણા દે છે ત્રણ જાતની સેવાવડે પર્યુપાસના કરે છે.

[૧૩૩] પછી તે સ્થવિર ભગવંતોએ તથા તે મોટામાં મોટી સભાને ચાર મહાવ્રતવાળા ધર્મનો ઉપદેશ કર્યો અને કેશિસ્વામીની પેઠે તે શ્રમણોપાસકે પોતાની શ્રમણોપાસકતા વડે તે સ્થવિર ભગવંતોની આજ્ઞાનું આરાધન કર્યુ અને એ પ્રમાણે ધર્મ કહ્યો. તે શ્રમણોપાસકો તે સ્થવિર ભગવંતો પાસેથી ધર્મને સાંભળી, અવધારી, હર્ષ-વાળા, સંતુષ્ટ, અને વિકસિત હૃદયવાળા થયા અને તેઓએ તે સ્થવિરોને ત્રણવાર પ્રદક્ષિણા કરી ત્રણ જાતની સેવાવડે તે સ્થવિરોની પર્યુપાસના કરી આ પ્રમાણે કહ્યું કેઃ- હે ભગવન્ ! સંયમનું ફળ શું છે ? હે ભગવન્ ! તપનું ફળ શું છે ? ત્યારપછી તે સ્થવિર ભગવંતોએ તે શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું કે :- હે આર્યો ! સંયમનું ફળ આસ્રવર-હિતપણું છે અને તપનું ફળ વ્યવધાન છે. હે ભગવન્ ! દેવ દેવલોકમાં ઉત્પન્ થાય છે તેનું શું કારણ ? આ પ્રશ્નનો ઉત્તર દેવા તે સ્થવિરોમાંના કાલિકપુત્ર નામના સ્થવિરે તે શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું કે :- હે આર્યો ! પૂર્વના તપવડે દેવો દેવલોકમાં ઉત્પન્ન થાય છે. પછી તે સ્થવિરોમાંના મેધિલ નામના સ્થવિરે તે શ્રમણોપાસકોને આ પ્રમાણે કહ્યું કે :- હે આર્યો ! પૂર્વના સંયમવડે દેવો દેવલોકમાં ઉત્પન્ન થાય છે. પછી તેમાંના આનંદરક્ષિત નામના સ્થવિરે તે શ્રમણો પાસકોને આ પ્રમાણે કહ્યું કેઃ- હે આર્યો ! કર્મિપણાને લીધે દેવો દેવલોકમાં ઉત્પન્ન થાય છે અને પછી તેમાંના કાશ્યપ સ્થવિરે તે શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું કેઃ- હે આર્યો ! સંગિપણાને લીધે દેવો દેવલોકમાં ઉત્પન્ન થાય છે. એ વાત સાચી છે માટે કહી છે. પણ અમે અમારા અભિમાનથી કહેતા નથી. પછી જ્યારે તે સ્થવિર ભગવંતોએ તે શ્રમણોપાસકોને એ પૂર્વ પ્રકારના જવાબો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આપ્યા ત્યારે તેઓએ હર્ષવાળા અને સંતુષ્ટ થઈ તે સ્થવિર ભગવંતોને વાંદી, નમી, બીજા પણ પ્રશ્નો પૂછ્યા અને તેઓના અર્થોને અવધાર્યા. પછી ઉઠીને તે સ્થવિરોને ત્રણ પ્રદક્ષિણા દઈને, વાંદી, નમી તે સ્થવિરો પાસેથી અને પુષ્પવતી નામના ચૈત્યથી નીકળી તેઓ જ્યાથી આવ્યા હતા ત્યાં પાછા ગયા અને તે સ્થવિરોએ પણ અન્ય કોઈ દિવસે તુંગિકા નગરીથી, પુષ્પવતી નામના ચૈત્યથી બહાર નીકળી જનપદ વિહારે વિહાર કર્યો.

[૧૩૪] તે કાળે તે સમયે રાજગૃહ નામનું નગર હતું, સભા પાછી ફરી. તે કાળે તે સમયે શ્રમણભગવંત મહાવીરના મોટા શિષ્ય ઈંદ્રિભૂતિ નામના અનગાર હતા, જેઓ સંક્ષિપ્ત અને વિપુલ તેજોલેશ્યાવાળા હતા અને જેઓ નિરંતર છઠ્ઠ છઠ્ઠના તપકર્મ પૂર્વક સંયમને અને તપવડે આત્માને ભાવતા વિહરે છે. પછી તે ભગવાન્ ગૌતમ છઠ્ઠના પારણાને દિવસે પહેલી પૌરુષીએ સ્વધ્યાય કરે છે, બીજી પૌરુષીએ ધ્યાન ધ્યાવે છે અને ત્રીજી પૌરુષીએ શારીરિક તથા માનસિક ચપળતા રહિત થઈ અસંભ્રાત જ્ઞાનવાળા તે ગૌતમ ભગવંત મુહપત્તીને પડિલેહે છે, પછી ભોજન કરવાના પાત્રોને અને વસ્ત્રોને પડિલેહે છે, પાત્રોને લઈને શ્રમણ ભગવંત મહાવીરની પાસે આવી, નમી, વાંદી તે ગૌતમ અનગારે આ પ્રમાણે કહ્યું કેઃ- હે ભગવન્ આજે છઠ્ઠના પારણાને દિવસે આપની આજ્ઞા હોય તો હું રાજગૃહ નગરમાં ઉચ્ચ, નીચ અને મધ્યમ વર્ગના કુલોમાં ભિક્ષા મેળવવા માટે જવાને ઈચ્છું છું. દેવાનુપ્રિય ! જેમ સુખ થાય તેમ કર. પ્રતિબંધ ન કર. શ્રમણ-ભગવંતમહાવીરની આજ્ઞા મળ્યા પછી ભગવાન્ ગૌતમ શ્રમણભગવંત મહાવીરની પાસેથી, ગુણશીલક નામના ચૈત્યથી નીકળે છે નીકળી શારીરિક અને માનસિક ઉતા-વળને છોડી દઈ અસંભ્રાત જ્ઞાનવાળા તે ભગવાન્ ગૌતમ યુગાંતર (સાડાત્રણ હાથ) દૃષ્ટિથી ઈર્યાસમિતિને પાળતા પાળતા રાજગૃહ નગરમાં આવી ત્યાં રહેલ ઉચ્ચ, નીચ અને મધ્યમ કુટુંબોમાં વિધિપૂર્વક ભિક્ષા માટે ફરે છે.

ત્યાં રાજગૃહ નગરમાં ભિક્ષાને માટે ફરતા ભગવાન ગૌતમે ઘણા માણસોના મોઢે આ પ્રમાણે સાંભળ્યું કે :- હે દેવાનુપ્રિય ! તુંગિકા નગરીથી બહાર, પુષ્પવતી નામના ચૈત્યમાં પાર્શ્વનાથના શિષ્યો સ્થવિર ભગવંતો પધાર્યા હતા અને ત્યાંના શ્રાવકોએ તેઓને આ પ્રકારના પ્રશ્નો પૂછ્યા હતા કેઃ- ભગવન્ ! સંયમનું ફળ શું છે ? તપનું શું ફળ છે ? ત્યારે તે સ્થવિર ભગવંતોએ તે શ્રમણપાસકોને આ પ્રમાણે જવાબ આપ્યો કેઃ- હે આર્યો ! આસ્રવરહિતપણું એ સંયમનું ફળ છે અને કર્મનો નાશ કરવો એ તપનું ફળ છે અને પૂર્વના તપવડે, પૂર્વના સંયમવડે, કર્મિપણાથી અને સંગિપણાને લીધે દેવો દેવલોકમાં ઉત્પન્ન થાય છે. એ વાત સાચી છે માટે કહી છે પણ અમારા અભિમાનથી કહી નથી, એ તે એ પ્રમાણે કેમ મનાય ? એ પ્રકારની વાત લોકોના મોઢેથી સાંભળી શ્રમણભગવંત ગૌતમ ! તે વાતની જિજ્ઞાસામાં શ્રદ્ધાવાળા થયા અને તે વાતને માટે તેઓને આશ્ચર્ય લાગ્યું. હવે ભગવન્ ગૌતમ જોઈએ તેટલી ભિક્ષા મેળવીને, રાજગૃહ નગરથી બહાર નીકળી, ધીરે ધીરે ઈર્યાસમિતિને પાળતા ગુણશિલક નામના ચૈત્ય તરફ શ્રમણભગતંવમહાવીરની પાસે આવ્યા, આવીને તેઓની પાસે રહી જવા આવવા સંબંધી અતિચારોનું ચિંતવન કરી તથા ભિક્ષા લેતા દોષોનું આલોચન કર્યું. પછી લાવેલો આહાર અને પાણી શ્રમણભગવંતમહાવીરની દૃષ્ટિએ પાડી અને પછી તેઓ આ પ્રમાણે બોલ્યા કેઃ- હે ભગવન્ ! જ્યારે હું આપની આજ્ઞાથી રાજગૃહ નગરમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉત્કૃષ્ટ જઘન્ય અને મધ્યમ કુટુંબોમાં ભિક્ષા લેવાને ફરતો હતો ત્યારે મેં ઘણા માણસોને મોઢેથી આ પ્રમાણે સાંભળ્યું. છે :- હે દેવાનુપ્રિય ! તુંગિકા નગરીથી બહાર પુષ્પવતી નામના ચૈત્યમાં પાર્શ્વનાથના શિષ્યો સ્થવિર ભગવંતો પધાર્યા હતા કેઃ- હે ભગવન્ ! સંયમનું ફળ શું છે ? અને તપનું ફળ શું છે ? એ વાત સત્ય છે માટે કહી છે, પરંતુ અમારી મોટાઈને માટે કહી નથી.

તો હે ભગવન્ ! શું તે સ્થવિર ભગવંતો તે શ્રમણોપાસકોને એવા પ્રકારનો જવાબ દેવા સમર્થ છે ? કે અસમર્થ છે ? અભ્યાસવાળા છે, કે અનભ્યાસી છે ? ઉપયોગવાળા છે ? કે ઉપયોગ વિનાના છે ? વિશેષજ્ઞાની છે ? કે સાધારણ ? હે ગૌતમ ! તે સ્થવિર ભગવંતો તે શ્રમણોપાસકને તેવા પ્રકારનો જવાબ દેવાને સમર્થ છે, પણ અસમર્થ નથી. તે સ્થવિર ભગવંતો તેવા પ્રકારનો જવાબ દેવાને અભ્યાસવાળા છે, ઉપયોગવાળા છે અને વિશેષજ્ઞાની છે તે વાત સાચી છે માટે કહી પરંતુ આત્માની વડાઈને માટે કહી નથી. વળી હે ગૌતમ ! હું પણ એમ કહું છું, ભાષું છું, જણાવું છું, અને પ્રરૂપું છું કે, પૂર્વના તપવડે, પૂર્વનાસંયમવડે, કર્મિપણાથી અને સંગીપણાને લીધે દેવો દેવલોકમાં ઉત્પન્ન થાય છે એ વાત સાચી છે માટે કહી છે પરંતુ અમારી બડાઈ કરવા કહી નથી' એ પ્રમાણેસ્થવિર ભગવંતોનું કથન સાચું છે.

[૧૩૫] હે ભગવન્ ! તેવા પ્રકારના શ્રમણ કે બ્રાહ્મણની પર્યુપાસના મનુષ્યોને તેની સેવાનું ફળ શું મળે ? હે ગૌતમ ! શાસ્ત્રો શ્રવણ કરવાનું ફળ મળે છે. હે ભગવન્ ! શ્રવણનું શું ફળ ? જ્ઞાન જાણવાનું મળે છે. હે ભગવન્ ! તે જાણવાનું ફળ શું છે ? હે ગૌતમ ! વિવેચનપૂર્વક જાણી શકાય છે. હે ભગવન્ ! તે વિવેચનયુક્ત જાણ્યાનું ફળ શું છે ? હે ગૌતમ ! તેનું ફળ પ્રત્યાખ્યાન છે. હે ભગવન્ ! તે પ્રત્યાખ્યાન ફળ શું છે ? હે ગૌતમ ! તેનું ફળ સંયમ છે હે ભગવન્ ! સંયમનું ફળ શું છે ? હે ગૌતમ ! તેનું ફળ આસ્રવરહિતપણું છે હે ભગવન્ ! તે આસ્રવરહિતપણાનું ફળ શું છે ? હે ગૌતમ ! તેનું ફળ તપ છે. હે ભગવન્ ! તપનું ફળ શું છે ? હે ગૌતમ ! કર્મરૂપી મેલને સાફ કરે છે હે ભગવન્ ! કર્મરૂપી મેલ સાફ થયાથી શું થાય ? હે ગૌતમ ! તે સાફ થયા પછી નિષ્ક્રિયાપણું પ્રાપ્ત થાય. હે ભગવન્ ! તે નિષ્ક્રિયપણાથી શું લાભ થાય ? તેનું ફળ સિદ્ધિ પ્રાપ્ત થાય.

[૧૩૬] શ્રવણથી જ્ઞાન, જ્ઞાનથી વિજ્ઞાન, વિજ્ઞાનથી પચ્ચકખાણ, પચ્ચકખાણથી સંયમ, સંયમથી અનાસ્રવપણું અનાસ્રવથી તપ, તપથી કર્મનાશ કર્મનાશથી અક્રિય, અક્રિયાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.

[૧૩૭] હે ભગવન્ ! અન્યતીર્થિકો આ પ્રમાણે કહે છે, ભાષે છે, જણાવે છે અને પ્રરૂપે છે કેઃ- 'રાજગૃહ નગરથી બહાર વૈભારપર્વતની નીચે એક મોટો પાણીનો ઝરો આવેલો છે. તે ઝરાની લંબાઈ અને પહોળાઈ અનેક યોજન જેટલી છે. તથા તે ઝરાનો આગળનો ભાગ અનેક જાતના વૃક્ષખંડોથી સુશોભિત છે, શોભાવાળો છે, અને જોનારાઓની આંખોને ગમે તેવો છે. તે ઝરામાં અનેક ઉદાર મેઘો સંસ્વેદે છે, સંમૂર્છે છે અને વરસે છે વળી તે ઉપરાંત ઝરામાંથી હંમેશાં ઉનું ઉનું અપ્કાય પાણી ઝર્યા કરે છે. હે ભગવન્ ! તે એ પ્રમાણે કેવી રીતે છે ? હે ગૌતમ ! તે અન્યતીર્થિકો જે કાંઈ કહે છે અને યાવત્ કહ્યું છે તે ખોટું કહ્યું છે. વળી હે ગૌતમ ! હું તો આ પ્રમાણે કહું છું, ભાષું છું, જણાવું છું, અને પ્રરૂપું છું કે રાજગૃહ નગરની બહાર વૈભારપર્વતની પાસે 'મહાતપોપતીરપ્રભવ'

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નામનું ઝરણું છે. તેની લંબાઇ અને પહોળાઇ પાંચસો ધનુષ્ય જેટલી છે, તેનો આગળનો ભાગ અનેક જાતના વૃક્ષખંડોથી સુશોભિત છે, સુંદર છે, પ્રસન્નતા પમાડે તેવો છે. દર્શનીક છે, રમણીય છે, અને જોનારને સંતોષ ઉપજાવે તેવો છે. તે ઝરણમાં અનેક ઉષ્ણયોનિવાળા જીવો અને પુદ્ગલો પાણીરૂપે ઉત્પન્ન થાય છે, નાશ પામે છે, ચ્યવે છે અને ઉપચય પામે છે તે ઉપરાંત તે ઝરણમાંથી હંમેશાં ઉષ્ણોષ્ણા પાણી ઝર્યા કરે છે. હે ગૌતમ ! એ મહાતપોપતીપ્રભવ નામના ઝરણાનો અર્થ છે. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, એમ કહી ભગવંત ગૌતમ શ્રમણ ભગવંત મહાવીરને વાંદે છે, અને નમે છે.

**શતક: ૨ -ઉદ્દેસા -૫ -ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

**-: ઉદ્દેશક ૬ :-**

[૧૩૮] હે ભગવન્ ! 'ભાષા અવધારિણી છે. એમ હું માનું ? હે ગૌતમ ! તે માટે પન્નવણા સૂત્રનું સંપૂર્ણ ભાષાપદ જાણવું.

**શતક: ૨ -ઉદ્દેસા: ૬ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

**-: ઉદ્દેશક : ૭ :-**

[૧૩૯] હે ભગવન્ ! દેવો કેટલા પ્રકારના કહ્યા છે ? હે ગૌતમ ! દેવો ચાર પ્રકારના કહ્યા છે તે આ પ્રમાણે :- ભવનપતિ, વાનવ્યંતર, જ્યોતિષિક અને વૈમાનિક. હે ભગવન્ ! ભવનવાસી દેવોનાં સ્થાનો કયે ઠેકાણે આવેલાં છે ? હે ગૌતમ ! તે રત્નપ્રભા પૃથ્વિના નીચે છે ઈત્યાદિબધું સ્થાનપદમાં કહેલ દેવોની વક્તવ્યતાની પેઠે કહેવું. વિશેષ એ કે, અને તેઓનાં ઉપપાત લોકના અસંખ્ય ભાગમાં થાય છે એ બધું કહેવું યાવત્-સિદ્ધગંડિકા પૂરી કહેવી. વળી કલ્પોનું પ્રતિષ્ઠાન, જાડાઇ, ઉંચાઇ, અને આકાર, એ બધું જીવાભિગમસૂત્રમાં કહેલ છે. યાવત્-વૈમાનિક ઉદ્દેશકની પેઠે કહેવું.

**શતક: ૨ -ના ઉદ્દેસા -૭-ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

**-: ઉદ્દેશક ૮ :-**

[૧૪૦] હે ભગવન્ ! અસુરકુમારોના ઈંદ્ર અને તેઓના રાજા ચમરની સુધર્મા નામની સભા ક્યાં કહેલી છે ? હે ગૌતમ ! જંબૂદ્વીપ નામના દ્વીપમાં રહેલ મંદર-મેરુ પર્વતની દક્ષિણ બાજુમાં તીરછા અસંખ્ય દ્વીપ અને સમુદ્રો ઓળંગ્યા પછી અરુણવર નામનો દ્વીપ આવે છે, તે દ્વીપની વેદિકાના બહારના છેડાથી આગળ વધીએ ત્યારે અરુણોદય સમુદ્રમાં ૪૨ લાખ યોજન ઉંડા ઉતર્યા પછી તે ઠેકાણે અસુરના ઈંદ્ર અને રાજા ચમરનો તિગિચ્છકકૂટ નામનો ઉત્પાદ પર્વત આવે છે, તેની ઉંચાઇ ૧૭૨૧ યોજન છે, તેનો ઉદ્વેધ ૪૩૦ યોજન અને એક કોશ છે. આ પર્વતનું માપ ગોસ્તુભ નામના આવાસ પર્વતના માપની પેઠે જાણવું. વિશેષ એ કે:- ગોસ્તુભના ઉપરના ભાગનું જે માપ છે તે માપ અહીં વચલા ભાગ માટે સમજવું અર્થાત્ તે પર્વતનો વિષ્કંભ મૂળમાં ૧૦૨૨ યોજન છે. વચ્ચે ૪૨૪ યોજન છે અને ઉપલો વિષ્કંભ ૭૨૬ યોજન છે. તેનો પરિક્ષેપ મૂળમાં ૩૨૩૨ યોજન તથા કાંઇક વિશેષોન છે અને ઉપલો પરિક્ષેપ ૨૨૮૬ યોજન તથા કાંઇક વિશેષોન છે તે મૂળમાં વિસ્તૃતછે, વચ્ચે સાંકડો છે અને ઉપર વિશાળ છે. તેનો વચલો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભાગ ઉત્તમ વજ્ર જેવો છે, મોટા મુકુન્દના ઘાટ જેવો છે અને તે પહાડ આખો રત્નમય છે, સુંદર છે, તથા પ્રતિરૂપ છે. તે પર્વત ઉત્તમ કમળની એક વેદિકાથી અને એક વનખંડથી સર્વ પ્રકારે ચારે બાજુથી વીંટાએલ છે. આ સ્થળે તે વેદિકા અને વનખંડનું વર્ણન જાણવું. તે તિગિચ્છકકૂટ નામના ઉત્પાતપવર્તનો ઉપરનો ભાગ તદ્દન સરખો, ખાડાખડીયા વિનાનો અને મનોહર છે., તેનું પણ વર્ણન અહીં જાણવું. તે તદ્દન સરખા અને રમણીય ઉપલા ભાગની વચ્ચે એક મોટો પ્રાસાદાવતંસક-મહેલ છે. તે મહેલની ઉંચાઇ ૨૫૦ યોજન છે, તેનો વિષ્કંભ ૧૨૫ યોજન છે, અહીં તે મહેલનું વર્ણન કરવું.

આઠ યોજનની મણિપીઠિકા છે ચમરનું સિંહાસન પરિવારસહિત કહેવું. હવે તે તિગિચ્છકકૂટ પર્વતની દક્ષિણે અરુણોદય સમુદ્રમાં, ૬૫૫૩૫૫૫ હજાર યોજન તીરછું ગયા પછી નીચે રત્નપ્રભા પૃથિવીનો ૪૦ હજાર યોજન જેટલો ભાગ અવગાહ્યા પછી-એ ઠેકાણે-અસુરેંદ્ર અને અસુરના રાજા ચમરચંચા નામની રાજધાની છે તે રાજધાનીનો આયામ અને વિષ્કંભ એક લાખ યોજન છે તે રાજધાની જંબૂદ્વીપ જેવડી છે. તેનો કિલ્લો ૧૫૦ યોજન ઉંચો છે, તે કિલ્લાના મૂળનો વિષ્કંભ પચાસ યોજન છે, તેના ઉપરના ભાગનો વિષ્કંભ સાડાતેર યોજન છે, તેનાં કાંગારાની લંબાઇ અડધો યોજન છે અને પહોળાઇ એક કોશ છે તથા તે કાંગારાની ઉંચાઇ અડધા યોજનથી કાંઇક ઊણી છે. વળી એક બાહુમાં પાંચસો પાંચસો દરવાજા છે અને તેની ઉંચાઇ ૨૫૦ યોજન છે ઉંચાઇ કરતાં અડધો વિષ્કંભ છે, ઘરની પછીતના બંધ જેવા ભાગને આયામ અને વિષ્કંભ સોળ-હજાર યોજન છે. અને તેનો પરિક્ષેપ ૫૦૫૯૭ યોજન કરતાં કાંઇક વિશેષોન છે. સર્વ પ્રમાણવડે વૈમાનિકના પ્રમાણ કરતાં અહીં બધું અર્ધું પ્રમાણ જાણવું. સુધર્માસભા, ઉત્તર અને પૂર્વમાં જિનગૃહ, ત્યારબાદ ઉપપાત સભા, હ્રદ, અભિષેક અને અલંકાર એ સઘળું વિજયની પેઠે કહેવું. ઉપપાત, સંકલ્પ, અભિષેક, વિભૂષણા, વ્યવસાય, અર્ચનિકા, અને સિદ્ધાયતન સંબંધી ગમ તથા ચમરનો પરિવાર અને તેનું ઋદ્ધિસંપન્નપણું.

**શતકઃ૨ -ના ઉદ્દેસા-૮ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

**-: ઉદ્દેશકઃ૯ :-**

-[૧૪૧] હે ભગવન્ ! આ સમયક્ષેત્ર એ શું કહેવાય ? હે ગૌતમ ! અઢી દ્વીપ અને બે સમુદ્ર, એટલું એ સમયક્ષેત્ર કહેવાય, તેમાં જે આ જંબૂદ્વીપ નામનો દ્વીપ છે તે બધા દ્વીપ અને સમુદ્રોની વચોવચ છે. એ પ્રમાણે સર્વ જીવાભિગમસૂત્રમાં કહ્યું છે તે પ્રમાણે કહેવું. યાવત્-અભ્યંતર પુષ્કરાર્ધ. પણ તેમાં જ્યોતિષિકની હકીકત ન કહેવી.

**શતકઃ૨ -ના ઉદ્દેસાઃ૯ ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

**-: ઉદ્દેશકઃ૧૦ :-**

[૧૪૨] હે ભગવન્ ! અસ્તિકાયો કેટલા કહ્યા છે ? હે ગૌતમ ! અસ્તિકાયો પાંચ કહ્યા છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય. હે ભગવન્ ! ધર્માસ્તિકાયમાં કેટલા રંગ છે ? કેટલા ગંધ છે, અને કેટલા રસ છે અને કેટલા સ્પર્શ છે ? હે ગૌતમ ! સંક્ષેપથી પાંચ પ્રકાર છે :- દ્રવ્યથી ક્ષેત્રથી કાલથી ભાવથી ગુણથી દ્રવ્યથી ધર્માસ્તિકાય એક છે. ક્ષેત્રથી તે લોક પ્રમાણ જેવડો છે. કાળથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે કદાપિ ન હતો એમ નથી, કદાપિ નથી એમ નથી અને યાવત્ તે નિત્ય છે. ભાવથી રંગ વિનાનો, ગંધ વિનાનો, રસ વિનાનો અને સ્પર્શ વિનાનો છે. ગુણથી તે ગતિગુણવાળો છે. એ પ્રમાણે અધર્માસ્તિકાય સંબંધી પણ સમજવું. વિશેષ એ કે, તે ગુણથી સ્થિતિ-ગુણવાળો છે. આકાશાસ્તિકાય સંબંધે પણ એજ પ્રકારે જાણવું. વિશેષ એ કેઃ- તે આકાશાસ્તિકાય ક્ષેત્રથી લોકાલોક પ્રમાણ છે, અનંત છે અને યાવત્ ગુણથી તે અવ-ગાહના ગુણવાળો છે. હે ભગવન્ ! જીવાસ્તિકાયમાં કેટલા રંગ છે, કેટલા ગંધ છે, કેટલા રસ છે અને કેટલા સ્પર્શ છે ? હે ગૌતમ ! તે રંગ વિનાનો છે અને યાવત્-અરૂપી છે, તે જીવ છે, શાશ્વત છે, અને અવસ્થિત લોકદ્રવ્ય છે. તેના પાંચ પ્રકાર કહ્યા છે :- દ્રવ્યથી જીવાસ્તિકાય અને યાવત્- ગુણથી જીવાસ્તિકાય. જીવાસ્તિકાય અનંત જીવદ્રવ્યરૂપ છે, ક્ષેત્રથી માત્ર લોકપ્રમાણ છે, કાળથી તે કદાપિ ન હતો નહીં યાવત્ એમ તે નિત્ય છે, વળી ભાવથી તે જીવાસ્તિકાય રંગ વિનાનો, ગંધ વિનાનો, રસ વિનાનો, અને સ્પર્શ વિનાનો છે તથા ગુણથી તે ઉપયોગગુણવાળો છે. પુદ્ગલાસ્તિકાયમાં કેટલા રંગ છે, કેટલા ગંધ છે, કેટલા રસ છે અને કેટલા સ્પર્શ છે ? હે ગૌમત ! પુદ્ગલાસ્તિકાયમાં પાંચ રંગ, પાંચ રસ, બે ગંધ અને આઠ સ્પર્શ છે. તે રૂપવાળો છે, અજીવ છે, શાશ્વત છે અને અવસ્થિત લોકદ્રવ્ય છે. તેના પાંચ પ્રકાર છે :- દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી અને ગુણથી. દ્રવ્યથી પુદ્ગલાસ્તિકાય અનંત દ્રવ્યરૂપ છે, ક્ષેત્રથી તે માત્ર લોક જેવડો છે, કાળથી તે કદાપિ ન હતો એમ નથી અને યાવત્-નિત્ય છે, ભાવથી તે રંગવાળો, ગંધવાળો, રસવાળો અને સ્પર્શવાળો છે તથા ગુણથી તે ગ્રહણગુણવાળો છે.

[૧૪૩] હે ભગવન્ ! ધર્માસ્તિકાયનો એક પ્રદેશ તે 'ધર્માસ્તિકાય' કહેવાય ? હે ગૌતમ ! તે અર્થ સમર્થ નથી. એજ રીતે બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ, દશ પ્રદેશ. સંખ્યેય અને અસંખ્યેય પ્રદેશો પણ ધર્માસ્તિકાય; એમ ન કહેવાય. હે ભગવન્ ! ધર્માસ્તિકાયના પ્રદેશો એ 'ધર્માસ્તિકાય' એ પ્રમાણે કહેવાય ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! તેમ કહેવાનું શું કારણ કે, 'ધર્માસ્તિકાય'નો એક પ્રદેશ અને યાવત્-જ્યાંસુધી એક પ્રદેશ ઉણો હોય ત્યાંસુધી ધર્માસ્તિકાય ન કહેવાય. હે ગૌતમ ! ચક્રનો ભાગ તે ચક્ર કહેવાય કે આખું ચક્ર તે ચક્ર કહેવાય ? હે ભગવન્ ! ચક્રનો એક ભાગ તે ચક્ર ન કહેવાય, પણ તેનો આખો ભાગ ચક્ર કહેવાય. એ પ્રમાણે છત્ર, ચર્મ, દંડ, વસ્ત્રાદિ સંબંધે જાણવું હે ગૌતમ ! તે કારણથી એમ કહ્યું છે કે, ધર્માસ્તિકાયનો એક પ્રદેશ અને યાવત્-જ્યાંસુધી એક પ્રદેશ ઉણો હોય ત્યાંસુધી ધર્માસ્તિકાય ન કહેવાય. હે ભગવન્ ! ત્યારે 'ધર્માસ્તિકાય' એ પ્રમાણે શું કહેવાય ? હે ગૌતમ ! ધર્માસ્તિકાયમાં અસંખ્ય પ્રદેશ છે. જ્યારે તે બધા, કૃત્સ્ન-પૂરેપૂરા, પ્રતીપૂર્ણ, એક પણ બાકી ન રહે એવા અને એક શબ્દથીજ કહી શકાય તેવા હોય ત્યારે તે ધર્માસ્તિકાય એમ કહેવાય. એ પ્રમાણે અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય વિષે એ પ્રમાણેજ જાણવું. વિશેષ એ કે; ત્રણ દ્રવ્યના-આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાયના- અનંત પ્રદેશો જાણવા. બાકી બધું તેજ પ્રમાણે સમજવું.

[૧૪૪] હે ભગવન્ ! 'ઉત્થાનવાળો, કર્મવાળો, બળવાળો, વીર્યવાળો, અને પુરુ-ષાકાર પરાક્રમવાળો જીવ આત્મભાવવડે જીવભાવને દેખાડે' એમ કહેવાય ? હે ગૌતમ ! હા, તેવા પ્રકારનો જીવ યાવત્-'તે જીવભાવને દેખાડે' એમ કહેવાય. હે ગૌતમ !

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીવ અભિનિબોધિક જ્ઞાનના અનંત પર્યવોના,એ પ્રમાણે શ્રુતજ્ઞાન,અવધિજ્ઞાન, કેવલ-જ્ઞાન, મતિઅજ્ઞાન, વિભંગઅજ્ઞાન, ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, કેવળદર્શન, દરેકના અનંત પર્યવોના ઉપયોગને પ્રાપ્ત કરે છે-જીવ એ ઉપયોગરૂપ છે. હે ગૌતમ ! તે કારણથી એમ કહ્યું છે કે, 'ઉત્થાનવાળો જીવ યાવત્-જીવભાવને દેખાડે એમ કહેવાય.

[૧૪૫] હે ભગવન્ ! આકાશના કેટલા કહ્યા છે ! હે ગૌતમ ! આકાશના બે પ્રકાર કહ્યા છે. તે આ પ્રમાણે :- લોકાકાશ અને અલોકાકાશ. હે ભગવન્ ! લોકાકાશ એ જીવો છે. જીવના દેશો છે, જીવના પ્રદેશો છે, અજીવો છે, અજીવના દેશો છે કે અજીવના પ્રદેશો છે ? હે ગૌતમ ! તે જીવો પણ છે, જીવના દેશો પણ છે, જીવના પ્રદેશો પણ છે, અજીવો પણ છે, અજીવના દેશો પણ છે. અને અજીવના પ્રદેશો પણ છે. જે જીવો છે તે ચોક્કસ એકેંદ્રિયો, બે ઇંદ્રિયો, તેઇંદ્રિયો, ચતુરિંદ્રિયો ચેંદ્રિયો અને અનિંદ્રિયો છે. જે જીવના દેશો છે તે ચોક્કસ એકેંદ્રિયના દેશો છે અને યાવત્-અનીંદ્રિયના દેશો છે જે જીવના પ્રદેશો છે તે ચોક્કસ એકેંદ્રિયના પ્રદેશો છે. અને યાવત્-અનીંદ્રિયના પ્રદેશો છે. જે અજીવો છે તે બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે :- રૂપી અને અરૂપી. જે રૂપી છે તેના ચાર પ્રકાર કહ્યા છે. તે આ પ્રમાણેઃ- સ્કંધ, સ્કંધદેશ સ્કંધપ્રદેશ અને પરમાણુપુદ્ગલ. જે અરૂપી છે તેના પાંચ પ્રકાર કહ્યા છે. તે આ પ્રમાણે :- ધર્માસ્તિકાય અને ધર્માસ્તિકાયનો દેશ, ધર્મા-સ્તિકાયના પ્રદેશો, અધર્માસ્તિકાય, અધર્માસ્તિકાયનો દેશ અને અધર્માસ્તિકાયના પ્રદેશો તથા અદ્ધાસમય.

[૧૪૬] હે ભગવન્ ! શું અલોકાકશ એ જીવો છે ? ઇત્યાદિ પૂર્વવત્ પૂછવું. હે ગૌતમ ! તે (અલોકાકાશ) જીવો નથી યાવત્-અજીવના પ્રદેશો પણ નથી. તે એક અજીવ દ્રવ્યદેશ છે, અગુરુલઘુ છે. તથા અગુરુલઘુરૂપ અનંતગુણોથી સંયુક્ત છે અને અનંત ભાગથી ઊણું સર્વ આકાશરૂપ છે. હે ભગવન્ ! લોકાકાશમાં કેટલા વર્ણ છે ? ઇત્યાદિ પૂછવું. હે ગૌતમ ! લોકાકાશમાં વર્ણ નથી, રસ નથી, ગંધ નથી, યાવત્-સ્પર્શ નથી. તે એક અજીવ દ્રવ્યદેશ છે, અગુરુલઘુ છે, અગુરુલઘુરૂપ અનંત ગુણોથી સંયુક્ત છે અને સર્વ આકાશના અનંત ભાગરૂપ છે.

[૧૪૭] હે ભગવન્ ! ધર્માસ્તિકાય કેટલો મોટો કહ્યો છે ! હે ગૌતમ ! તે લોકરૂપ છે, લોકમાત્ર છે, લોક પ્રમાણ છે, અને લોકને સ્પર્શેલો તથા લોકને જ અડકીને રહેલો છે. એ પ્રમાણે અધર્માસ્તિકાય, લોકાકાશ, જીવાસ્તિકાય, અને પુદ્ગલાસ્તિકાય સંબંધે પણ સમજવું. એ પાંચે સંબંધે એક સરખોજ અભિલાપ છે.

[૧૪૮] હે ભગવન્ ! ધર્માસ્તિકાયના કેટલા ભાગને અધોલોક સ્પર્શે છે ? હે ગૌતમ ! અધોલોક ધર્માસ્તિકાયના અડધાથી વધારે ભાગને સ્પર્શે છે. હે ભગવન્ ! ધર્માસ્તિકાયના કેટલા ભાગને તિર્યગ્લોક સ્પર્શે છે ? હે ગૌતમ ! અસંખ્યેય ભાગને સ્પર્શે છે. હે ભગવન્ ! ધર્માસ્તિકાયના કેટલા ભાગને ઉર્ધ્વલોક સ્પર્શે છે ? હે ગૌતમ ! ધર્માસ્તિકાયના દેશોન-કાંઇક ઓછા-અર્ધ ભાગને ઉર્ધ્વલોક સ્પર્શે છે.

[૧૪૯] હે ભગવન્ ! આ શું રત્નપ્રભા પૃથિવી ધર્માસ્તિકાયના સંખ્યેય ભાગને અડકે છે, અસંખ્યેય ભાગોને અડકે છે કે તેને આખાને અડકે છે ? હે ગૌતમ ! તે સંખ્યેય ભાગને અડકતી નથી, પણ અસંખ્યેય ભાગોને અડકે છે. તથા તે સંખ્યેય ભાગોને, અસંખ્યેય ભાગોને અને આખાને પણ અડકતી નથી. હે ભગવન્ ! આ રત્નપ્રભા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૃથિવીનો ઘનોદધિ, ધર્માસ્તિકાયના કેટલા ભાગને સ્પર્શે છે, શું સંખ્યેય ભાગને સ્પર્શે છે ? ઈત્યાદિ પૂછવું. હે ગૌતમ ! જેમ રત્નપ્રભા સંબંધે કહ્યું તેમ ઘનોદધિ સંબંધે પણ જાણવું અને તેજ પ્રમાણે ઘનવાત તથા તનુવાત સંબંધે પણ સમજવું. હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથિવીનું અવકાશાંતર શું ધર્માસ્તિકાયના સંખ્યેય ભાગને અડકે કે યાવત્ તેને આખાને અડકે. હે ગૌતમ ! તે સંખ્યેય ભાગને અડકે પણ અસંખ્યેય ભાગોને ન અડકે અને તેને આખાને પણ ન અડકે. એજ રીતે બધાં અવકાશાંતરો જાણવાં. રત્નપ્રભા સંબંધે કહેલ વક્તવ્યતાની પેઠે યાવત્-સાતમી પૃથિવી સુધી સમજવું. તથા જંબૂદ્વીપાદિક દ્વીપો અને લવણસમુદ્રાદિક સમુદ્રો, સૌધર્મકલ્પ, યાવત્-ઈષત્પ્રાગ્ભારા પૃથિવી તે બધા અસંખ્યેય ભાગને સ્પર્શે. બાકીના ભાગની સ્પર્શનાનો નિષેધ કરવો. એ પ્રમાણે અધર્માસ્તિકાય અને લોકાકાશને અડકવા વિષે પણ જાણવું. પૃથિવી, ઉદધિ, ઘનવાત, તનુવાત, કલ્પ, ગ્રૈવેયક, અનુત્તરો અને સિદ્ધિ. એ બધાનાં અંતરો ધર્માસ્તિકાયના સંખ્યેય ભાગને અડકે છે અને બાકી બધા ધર્માસ્તિકાયના અસંખ્ય ભાગને અડકે છે.

**શતક-૨-ના ઉદ્દેસા-૧૦ની મુનિ દીપરત્નસાગરે કરેલી ગુર્જરછાયા પૂર્ણ**

**શતક-૨-ગુર્જરછાયા પૂર્ણ**

## શતક : ૩

### -: ઉદ્દેશક ૧ :-

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

[૧૫૧] ચમર નામના ઈંદ્રમાં વિકુર્વણ શક્તિ કેવી છે ? ચમરનો ઉત્પાત કાયિકી વગેરે ક્રિયાઓના, દેવે વિકુર્વેલ યાનને સાધુ જાણે ? સાધુ બહારના પુદ્ગલોને લઈને સ્ત્રી વગેરેનાં વૈક્રિય રૂપો કરી શકે, નગર, લોકપાલોના સ્વરૂપ, અસુર વગેરેના ઈંદ્રો કેટલા છે ? ઈંદ્રિયોના વિષય, ચમરની સભા એમ દશ ઉદ્દેસકો છે.

[૧૫૨] તે કાળે તે સમયે નામની નગરી હતી, તે મોકા નગરીની બહાર ઉત્તર-પૂર્વના દિગ્ભાગમાં નંદન નામનું ચૈત્ય હતું. તે કાળે તે સમયે શ્રીમહાવીરસ્વામી પધાર્યા, સભા નીકળે છે અને ધર્મ શ્રવણ કરી સભા પાછી ચાલી ગઈ. તે કાળે તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના બીજા શિષ્ય અગ્નિભૂતિ નામના અનગાર પર્યુપાસના કરતા આ પ્રમાણે બોલ્યાઃ- હે ભગવન્ ! અસુરેંદ્ર, અસુરરાજ ચમર કેવી મોટી ઋદ્ધિવાળો છે, કેવી મોટી કાંતિવાળો છે, કેવા મોટા બળવાળો છે, કેવી મોટી કીર્તિવાળો છે, કેવા મોટા સુખવાળો છે, કેવા મોટા પ્રભાવવાળો છે અને તે કેટલું વીકુર્વણ કરી શકે છે ? હે ગૌતમ ! અસુરેંદ્ર અસુરરાજ ચમર મોટી ઋદ્ધિવાળો છે, યાવત્-મોટા પ્રભાવવાળો છેઃ- તે ત્યાં ચોત્રીસલાખો ભવનવાસો ઉપર ચોસઠહજાર સામાનિક દેવો ઉપર અને તેત્રીશ ત્રાયસ્ત્રિંશક દેવો ઉપર, સત્તાધીશપણું ભોગવતો યાવત્-વિહરે છે, અર્થાત્ તે ચમર એવી મોટી ઋદ્ધિવાળો છે અને યાવત્-એવા મોટા પ્રભાવવાળો છે. તથા તેની વિકુર્વણ કરવાની શક્તિ પણ આટલી છેઃ- હે ગૌતમ ! વિકુર્વણ કરવા માટે અસુરેંદ્ર, અસુરરાજ ચમર વૈક્રિય સમુદ્ઘાતવડે સમવહત થાય છે, સંખ્યેય યોજનસુધી લાંબા દંડને નિસર્જે છે-બનાવે છે અને તે દ્વારા રત્નનો યાવત્-રિષ્ટ રત્નોના સ્થૂલ પુદ્ગલોને સંખેરી નાખે છે, તથા સૂક્ષ્મ પુદ્ગલોનું ગ્રહણ કરે છે. બીજીવાર પણ વૈક્રિયસમુદ્ઘાત- વડે સમવહત

થાય છે. વળી હે ગૌતમ ! જેમ કોઈ યુવાન પુરુષ પોતાના હાથવડે જુવાન સ્ત્રીના હાથને પકડે અર્થાત્ પરસ્પર કાકડા વાળેલા હોવાથી તે બન્ને વ્યક્તિઓ સંલગ્ન જણાય છે, અથવા જેમ પૈડાની ધરીમાં આરાઓ સુસંબદ્ધ હોય, એવીજરીતે અસુરેંદ્ર, અસુરરાજ ચમર ઘણા અસુરકુમાર દેવો અને ઘણી અસુરકુમાર દેવીઓવડે આખા જંબૂદ્વીપ નામના દ્વીપને આકીર્ણ કરી શકે છે, તેમજ વ્યતિકીર્ણ, ઉપસ્તીર્ણ, સંસ્તીર્ણ, સ્પૃષ્ટ અને અવગાઢાવગાઢ કરે છે અર્થાત્ તે ચમર બીજાં રૂપો એટલાં બધાં વિકુર્વી શકે છે, કે જેને લઈને પૂર્વ પ્રમાણે આખો જંબૂદ્વીપ પણ ભરાઈ જાય છે. વળી હે ગૌતમ ! અસુરેંદ્ર, અસુરરાજ, ચમર ઘણા અસુરકુમાર દેવો અને ઘણી અસુરકુમાર દેવીઓવડે આ તિરછાલોકમાં પણ અસંખ્ય દ્વીપ અને સમુદ્ર સુધીનું સ્થળ આકીર્ણ કરે છે, તથા વ્યતિકીર્ણ, ઉપસ્તીર્ણ સંસ્તીર્ણ, સ્પૃષ્ટ અને અવગાઢાવગાઢ કરી શકે છે. હે ગૌતમ ! પૂર્વ કહ્યા પ્રમાણે એટલાં રૂપો કરવાની અસુરેંદ્ર, અસુરરાજ ચમરની માત્ર શક્તિ છે પણ કોઈ વખતે તે ચમરે પૂર્વ પ્રમાણે રૂપો કર્યાં નથી, કરતો નથી અને કરશે પણ નહિ.

હે ભગવન્ ! જો અસુરેંદ્ર અસુરરાજ ચમર એવી મોટી ઋદ્ધિવાળો છે અને યાવત્-તે ઘણું વિકુર્વણ કરી શકે છે, તો હે ભગવન્ ! અસુરેંદ્ર, અસુરરાજ ચમરના સામાનીક દેવો કેવી મોટી ઋદ્ધિવાળા છે, અને તેઓની વીકુર્વણ શક્તિ કેટલી છે ? હે ગૌતમ ! અસુરેંદ્ર અસુરરાજ ચમરના લોકપાલ દેવો એવી મોટી ઋદ્ધિવાળા છે, અને યાવત્-મહા પ્રભાવવાળા છે તેઓ ત્યાં પોતે પોતાનાં ભવનો ઉપર, પોતપોતાના સામાનિકો ઉપર અને પોતપોતાની પટ્ટરાણીઓ ઉપર સત્તાધીશ- પણું ભોગવતા, યાવત્-દિવ્ય ભોગોને ભોગવતા વિહરે છે. અને એઓ એવી મોટી ઋદ્ધિવાળા છે. અને તેઓની વિકુર્વણ શક્તિ આટલી છે કેઃ- હે ગૌતમ ! વિકુર્વણ કરવા માટે તેઓ-અસુરેંદ્ર, અસુરરાજ ચમરના એક એક સામાનિક દેવો-વૈક્રિયસમુદ્ઘાતવડે સમવહત થાય છે. અને યાવત્-બીજીવાર પણ વૈક્રિયસમુદ્ઘાતવડે સમવહત થાય છે. તથા હે ગૌતમ ! જેમ કોઈ જુવાન પુરુષ પોતાને હાથે જુવાન સ્ત્રીના હાથને પકડે, અર્થાત્ પરસ્પર કાકડા વાળેલા હોવાથી જેમ તે બન્ને વ્યક્તિઓ સંલગ્ન જણાય છે; અથવા જેમ પૈડાની ધરીમાં આરાઓ સંલગ્ન-સુસંબદ્ધ હોય એવીજ રીતે અસુરેંદ્ર, અસુરરાજ ચમરના સામાનિક દેવો આખા જંબૂદ્વીપને ઘણા અસુરકુમાર દેવો તથા ઘણી અસુર- કુમાર દેવીઓ વડે આકીર્ણ, વ્યતિકીર્ણ, ઉપસ્તીર્ણ, સંસ્તીર્ણ, સ્પૃષ્ટ અને અવગાઢાવ- ગાઢ કરી શકે છે. વળી હે ગૌતમ ! અસુરેંદ્ર અસુરરાજ ચમનરનો એક એક સામાનિક- દેવ અ તિરછા લોકમાં અસંખ્યયે દ્વીપ સમુદ્રો સુધીનું સ્થળ ઘણા અસુરકુમાર દેવો અને ઘણી અસુરકુમાર દેવીઓ વડે આકીર્ણ, વ્યતિકીર્ણ, ઉપસ્તીર્ણ, સંસ્તીર્ણ, સ્પૃષ્ટ અને અવગાઢાવગાઢ કરી શકે છે. હે ગૌતમ ! અસુરેંદ્ર, અસુરરાજ ચમરના પ્રત્યેક સામાનિકમાં પૂર્વ પ્રમાણે વિકુર્વણ કરવાની શક્તિ છે-વિષય છે, વિષયમાત્ર છે, પણ તેઓ સંપ્રાપ્તિવડે કોઈવાર વિકુર્વ્યા નથી, વિકુર્વતા નથી, અને વિકુર્વશે નહિં.

[૧૫૩] હે ભગવન્ ! અસુરેંદ્ર, અસુરરાજ ચમરના સામાનિક દેવો એવી મોટી ઋદ્ધિવાળા છે અને યાવત્-એટલું વિકુર્વણ કરવા સમર્થ છે તો હે ભગવન્ ! અસુરેંદ્ર, અસુરરાજ ચમરના ત્રાયસ્ત્રિંશક દેવો કેવી મોટી ઋદ્ધિવાળા છે ? હે ગૌતમ ! જેમ સામાનિકો કહ્યા તેમ ત્રાયસ્ત્રિંશકો પણ કહેવા. તથા લોકપાલો સંબંધે પણ એમ કહેવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિશેષ એ કે, તેઓ પોતાના બનાવેલ રૂપોથી અનેક અસુરકુમારો અને અસુરકુમારીઓથી-સંખ્યેય દ્વીપ સમુદ્રોને ભરી શકે છે. હે ભગવન્ ! જો અસુરેંદ્ર અસુરરાજ ચમરના લોકપાલ દેવો એટલી મોટી ઋદ્ધિવાળા છે અને યાવત્ તેઓ એટલું વિકુર્વણ કરી શકે છે, તો અસુરેંદ્ર અસુરરાજ ચમરની પટ્ટરાણી દેવીઓ કેવી મોટી ઋદ્ધિવાળી છે અને તેઓ કેટલું વિકુર્વણ કરે છે ? હે ગૌતમ ! અસુરેંદ્ર અસુરરાજ ચમરની પટ્ટરાણી દેવીઓ મોટી ઋદ્ધિવાળી છે, અને યાવત્-મોટા પ્રભાવવાળીઓ છે. તેઓ ત્યાં પોતપોતાના ભવનો ઉપર, પોતપોતાના હજાર સામાનિક દેવો ઉપર, પોતપોતાની મિત્રરૂપ મહત્તરિકા દેવીઓ ઉપર અને પોતપોતાની સમિતિનું સ્વામીપણું ભોગવતી રહે છે. યાવત્-તે પટ્ટરાણીઓ એવી મોટી ઋદ્ધિવાળીઓ છે. તે સંબંધેની બીજી બધી હકીકત લોકપાલોની પેઠે કહેવી. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, હે ભગવન્ ! તે એ પ્રમાણે છે.

[૧૫૪] એમ કહી ગૌતમ અગ્નિભૂતિ અણગારે શ્રમણ ભગવંત મહાવીરને વાંદી, નમી, જે તરફ તૃતીય ગૌતમ વાયુભૂતિ અનગાર હતા તે તરફ જવાનું કર્યું અને ત્યાં જઈને તે અગ્નિભૂતિ અનગારે વાયુભૂતિ અનગારને આ પ્રમાણે કહ્યું કેઃ- હે ગૌતમ ! એ પ્રમાણે નિશ્ચિત છે કે, અસુરેંદ્ર અસુરરાજ ચમર, એવી મોટી ઋદ્ધિવાળો છે, ઈત્યાદિ બધું ચમરથી માંડીને તેની પટ્ટરાણીઓ સુધીનું અપૃષ્ટ વ્યાકરણ- રૂપ વૃત્તાંત અહીં કહેવું. ત્યારપછી અગ્નિભૂતિ અનગારે પૂર્વ પ્રમાણે કહેલી, ભાષેલી, જણાવેલી અને પ્રરૂપેલી એ વાતમાં તે ગૌતમ વાયુભૂતિ અનગારને શ્રદ્ધા બેસતી નથી, વિશ્વાસ આવતો નથી અને એ વાત તેઓને રૂચતી નથી. હવે એ વાતમાં અશ્રદ્ધા કરતા, અવિશ્વાસ આણતા અને એ વાત તરફ અણગમાવાળા તે ગૌતમ વાયુભૂતિ અનગાર પોતાના આસનથી ઉઠી શ્રમણ ભગવંત મહાવીર તરફ ગયા અને ત્યાં જઈ તેઓની પર્યુપાસના કરતા આ રીતે બોલ્યાઃ- હે ભગવન્ ! ગૌતમ અગ્નિભૂતિ અનગારે મને સામાન્ય પ્રકારે કહ્યું, વિશેષ પ્રકારે કહ્યું, જણાવ્યું અને પ્રરૂપ્યું કે "અસુરેંદ્ર, અસુરરાજ ભોગવે છે, ઈત્યાદિ બધું પટ્ટરાણીઓ સુધીનું વૃત્તાંત અહીં પૂરેપુરુ કહેવું" એ તેજ પ્રમાણે કેવી રીતે છે ? હે 'ગૌતમ' વગેરે આમંત્રી શ્રમણ ભગવંત મહાવીરે તે ગૌતમ વાયુભૂતિ અનગારે તને જે સામાન્ય પ્રકારે કહ્યું, વિશેષ પ્રકારે કહ્યું, જણાવ્યું અને પ્રરુપ્યું કે.-હે ગૌતમ ! અસુરેંદ્ર, અસુરરાજ ચમર મોટી ઋદ્ધિવાળો છે, ઈત્યાદિ બધું તેની પટ્ટરાણીઓ સુધીનું વૃત્તાંત અહીં કહેવું" એ વાત સાચી છે અને હું પણ એમજ કહું છું, ભાષું છું, જણાવું છું, અને પ્રરૂપું છું કે અસુરેંદ્ર, અસુરરાજ ચમર મોટો ઋદ્ધિવાળો છે ઈત્યાદિ તેજ રીતે યાવત્-પટ્ટરાણીઓ સુધીની હકીકતવાળો બીજો ગમ કહેવો. અને એ વાત સાચી છે. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, હે ભગવન્ ! એમ કહી ગૌતમ વાયુભૂતિ અનગાર શ્રમણ ભગવંત મહાવીરને વાંદી, નમી અને જે તરફ ગૌતમ અગ્નિભૂતિ અનગાર છે ત્યાં આવી, તેઓને વાંદી, નમી, 'તેઓની વાત ન માની' તે માટે તેઓની પાસે વારંવાર વિનયપૂર્વક સારી રીતે ક્ષમા માગે છે.

[૧૫૫] ત્યારપછી તે ગૌતમ વાયુભૂતિ અનગાર, ગૌતમ અગ્નિભૂતિ નામના અનગારની સાથે જ્યાં શ્રમણ ભગવંત મહાવીર છે ત્યાં આવ્યા; અને ત્યાં તેઓની પર્યુપાસના કરતા આ પ્રમાણે બોલ્યા કેઃ હે ભગવન્ ! જો અસુરરાજ ચમર એવી મોટી ઋદ્ધિવાળો છે અને યાવત્-એટલું વિકુર્વણ કરી શકે છે, તો ભગવન્ ! વૈરોચનેંદ્ર બલિ,



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કેવી મોટી ઋદ્ધિવાળો છે, યાવત્-તે કેટલું વિકુર્વણ કરવા સમર્થ છે ? હે ગૌતમ ! વૈરોચનેંદ્ર, વૈરોચનરાજ બલી મોટી ઋદ્ધિવાળો છે. યાવત્-મહાનુભાગ છે, વળી તે ત્યાં ત્રીસલાખ ભવનોનો, તથા સાઠહજાર સામાનિકોનો અધિપતિ છે. જેમ ચમર સંબંધે હકીકત કહી તેમ બલિ વિષે પણ જાણવું. વિશેષ એ કે, તે પોતાની વિકુર્વણ શક્તિથી આખા જંબૂદ્વીપ કરતાં વધારે ભાગમાં પોતાના રૂપો ભરી શકે છે, બાકી બધું તેજ પ્રમાણે કહેવું. વિશેષ એ કે, ભવનો અને સામાનિકો વિષે જૂદાઇ જાણવી. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, એમ કહી યાવત્-ત્રીજા ગૌતમ વાયુભૂતિ અનગાર વિહરે છે.

પછી તે ગૌતમ અગ્નિભૂતિ અનગાર શ્રમણભગવંતમહાવીરને વાંદે છે, નમે છે, નમીને તેઓ આ પ્રમાણે બોલ્યા કેઃ- હે ભગવન્ ! વૈરોચન ઈંદ્ર, વૈરોચન- રાજબલિ એવી મોટી ઋદ્ધિવાળો છે યાવત્ તે કેટલું વિકુર્વણ કરી શકે છે ? હે ગૌતમ ! તે નાગકુમારોનો ઈંદ્ર, નાગકુમારોનો રાજા ધરણ મોટી ઋદ્ધિવાળો છે, યાવત્-ત્યાં ૪૪ લાખ ભવનવાસો છે, છ હજાર સામાનિક દેવો , તેત્રીશ ત્રાયસ્ત્રિંશક દેવો ઉપર, ચાર લોકપાલો, પરીવારવાળી છ પટ્ટરાણીઓ ઉપર સ્વામીપણું ભોગવતો વિહરે છે. તથા તેની વિકુર્વણ શક્તિ આટલી છે-જેમ કોઇ જુવાન હાથને પકડે, અને પરસ્પર કાકડા વાળેલ હોવાથી જેમ તે સંલગ્ન જણાય છે તેમ ઘણા નાગકુમાર અને ઘણી નાગકુમારીઓ વડે-આખા જંબૂદ્વીપનો અને તિરછે સંખ્યેય દ્વીપસમુદ્રનોને ભરી શકે છેઃ પણ યાવત્-તે તેવું કોઇ દિવસ કરશે નહિં. તેના સામાનિકો, આદિ વિશે ચમરની માફક કહેવું. વિશેષ એ કેઃ- તેઓની વિકુર્વણશક્તિ માટે સંખ્યેય દ્વીપ સમુદ્રો કહેવા. અને એ પ્રમાણે યાવત્-સ્તનિતકુમારો, વાનવ્યંતરો, તથા જ્યોતિષિકો પણ જાણવા. વિશેષ એ કે-દક્ષિણ દિશાના બધા ઈન્દ્રો વિષે અગ્નિભૂતિ પૂછે છે અને ઉત્તર દિશાના બધા ઈંદ્રો વાયુભૂતી પૂછે છે.

જૈન સાઇટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

હે ભગવન્ ! એમ કહી ગૌતમ અગ્નિભૂતિ અનગાર શ્રમણ- ભગવંતમહાવીરને વાંદે છે, અને નમે છે નમીને તેઓ આ પ્રમાણે બોલ્યા કેઃ- જો જ્યોતિ- ષિકેંદ્ર, જ્યોતિષિક રાજા એવી મોટી ઋદ્ધિવાળો છે અને એટલું વિકુર્વણ કરી શકે છે તો દેવેંદ્ર દેવરાજશક્ર કેવી મોટી ઋદ્ધિવાળો છે યાવત્-કેટલું વિકુર્વણ કરી શકે છે ? હે ગૌતમ ! દેવેંદ્ર, દેવરાજ શક્ર મોટી ઋદ્ધિવાળો છે યાવત્ મોટા પ્રભાવવાળો છે. તે ત્યાં બત્રીશલાખ વિમાનવાસો ચોરાસીહજાર સામાનિકદેવો, યાવત્- ૩,૩૬,૦૦૦ આત્મરક્ષક દેવો અને બીજાઓ ઉપર સત્તાધીશપણું ભોગવતો યાવત્-વિહરે છે. અર્થાત્ શક્ર ઈંદ્ર એવી મોટી ઋદ્ધિવાળો છે તેની વિકુર્વણ શક્તિ સંબંધે ચમરની પેઠે કહેવું. વિશેષ એ કે, તે એટલાં બધાં રૂપો વિકુર્વી શકે છે, કે જે રૂપોથી આખા બે જંબૂદ્વીપો ભરાઇ શકે છે. બાકી બધું તેજ પ્રમાણે જાણવું. વળી હે ગૌતમ ! દેવેંદ્ર દેવરાજ શક્રનો માત્ર એ વિષય છે, અર્થાત્ પૂર્વે જણાવેલી વિકુર્વણા શક્તિ તે માત્ર શક્તિરૂપ છે, પણ સંપ્રાપ્તિવડે તેમ તેમ વિકુર્વ્યું નથી, વિકુર્વતો નથી અને વિકુર્વશે પણ નહિં.

[૧૫૬] હે ભગવન્ ! જો દેવેંદ્ર, દેવરાજ શક્ર એવી મોટો ઋદ્ધિવાળો છે અને એટલું વિકુર્વણ કરવા શક્ત છે તો સ્વભાવે ભદ્ર અને વિનીત, તથા હંમેશાં છઠ્ઠ છઠ્ઠની તપસ્યા કરતો આત્માને ભાવતો, પૂરેપૂરાં આઠ વર્ષ સુધી સાધુપણું પાળીને માસિક સંલેખના- વડે આત્માને સંયોજીને તથા સાઠ ટંક સુધીનું અનશન પાળીને, આલોચન તથા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રતિક્રમણ કરીને, સમાધી પામીને, કાળમાસે કાળ કરીને આપ દેવાનુપ્રિયનો શિષ્ય તિષ્યક નામનો અનગાર, સૌધર્મકલ્પમાં પોતાના વિમાનમાં, ઉપપાત સભાના દેવશયનીયમાં દેવવસ્ત્રથી ઢંકાએલ અને આગળના અસંખ્ય ભાગમાત્ર જેટલી અવગાહનમાં દેવેંદ્ર, દેવરાજના સામાનિકપણે ઉત્પન્ન થયો છે. પછી તુરતમાંજ ઉત્પન્નથયેલો તે તિષ્યકદેવ પાંચ પ્રકારની પર્યાપ્તિવડે પર્યાપ્તપણાને પામે છે અર્થાત્ તે આહારપર્યાપ્તિવડે, શરીરપર્યાપ્તિવડે, ઈંદ્રિપર્યાપ્તિવડે, આનપ્રાણપર્યાપ્તિવડે અને ભાષામનઃપર્યાપ્તિવડે પોતાના શરીરને સંપૂર્ણપણે રચે છે. જ્યારે તે તિષ્યકદેવ પૂર્વોક્ત પાંચ પર્યાપ્તિવડે પોતાના શરીરની બનાવટ પૂરેપૂરી કરી લે છે ત્યારે સામાનિક સમિતિના દેવો તેની પાસે આવી, હાથ જોડવાપૂર્વક દશે નખને ભેગા કરી માથે અડાડી, માથે અંજલી કરીને જય અને વિજયથી વધાવે છે અને પછી આ પ્રમાણે કહે છે કે અહો ! આપ દેવાનુપ્રિયે દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવકાંતિ અને દિવ્ય દેવપ્રભાવ લબ્ધ કર્યો છે, પ્રાપ્ત કર્યો છે, અને સામે આણ્યો છે વળી જેવી દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવકાંતિ અને દિવ્ય દેવપ્રભાવ આપ દેવાનુપ્રિયે લબ્ધ કર્યો છે, પ્રાપ્ત કર્યો છે અને સામે આણ્યો છે તેવી દિવ્ય દેવઋદ્ધિ, દિવ્યદેવકાંતિ દેવેંદ્ર, દેવરાજ શક્રે પણ યાવત્-સામી આણી છે; અને જેવી દિવ્ય દેવઃઋદ્ધિ દેવેંદ્ર, દેવરાજ શક્રે લબ્ધ કરી છે, પ્રાપ્ત કરી છે, સામી આણી છે તેવી દિવ્ય દેવઋદ્ધિ આપ, દેવાનુપ્રિયે સામી આણી છે તો હે ભગવન્ ! તે તીષ્યકદેવ કેવી મોટી ઋદ્ધિવાળો છે અને કેટલું વિકુર્વણ કરી શકે છે ? હે ગૌતમ ! તે તિષ્યકદેવ મોટી સમૃદ્ધિવાળો છે મોટા પ્રભાવવાળો છે. તે ત્યાં પોતાના વિમાન ઉપર, ચાર હજાર સામાનિક દેવો પરિવારયુક્ત ચાર પટ્ટરાણીઓ, ત્રણ સભાઓ, સાત સેના, સાત સેનાધિપતિ, સોળહજાર આત્મરક્ષક દેવો અને બીજા ઘણા વૈમાનિકદેવો તથા દેવી ઉપર સત્તાધીશપણું ભોગવતો વિહરે છે તે આવી મહાન્ સમૃદ્ધિવાળો છે આટલું વિકુર્વણ કરી શકે છે જેમ કોઇ યુવાન પુરુષ જ જુવાન સ્ત્રીને હાથે કાકડા વાળી પકડે જેથી તેઓ સંલગ્ન લાગે તેમ તે બીજાં રૂપો કરી શકે છે. તે શક્રની જેટલી વિકુર્વણાશક્તિવાળો છે વળી હે ગૌતમ ! તિષ્યક દેવની જે વિકુર્વણ શક્તિ છે તે તેનો વિષય છે, પણ તેણે સંપ્રાપ્તિવડે વિકુવર્યું નથી, વિકુર્વતો નથી અને વિકુર્વશે પણ નહિં.

હે ભગવન્ ! જો તિષ્યકદેવ એવી મહાન્ ઋદ્ધિસંપન્ન છે અને આટલું બધું વિકુર્વણ કરી શકે છે તો દેવેંદ્ર, દેવરાજ શક્રના બાકીના-બીજા બધા સામાનિક દેવો કેવી મોટી ઋદ્ધિવાળા છે ? હે ગૌતમ ! તેજ પ્રમાણે બધું જાણવું, યાવત્-હે ગૌતમ ! દેવેંદ્ર દેવરાજ શક્રના પ્રત્યેક સામાનિક દેવોનો એ વિષય છે, વિષયમાત્ર છે, પણ સંપ્રાપ્તિથી કોઇએ વિકુર્વ્યુ નથી, વિકુર્વતો નથી અને વિકુર્વશે પણ નહીં. શક્રના ત્રાયસ્ત્રિંશક દેવો વિષે, લોકપાલો વિષે, અને પટ્ટરાણીઓ વિષે ચમરની પેઠે કહેવું. વિશેષ એ કે તેઓની વિકુર્વણશક્તિ આખા બે જંબૂદ્વીપ જેટલી કહેવી અને બાકી બધું તેજ પ્રમાણે કહેવું. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, તે એ પ્રમાણે છે, એમ કહી બીજા ગૌતમ વિહરે છે.

[૧૫૭] હે ભગવન્ ! એમ કહી ત્રીજા ગૌતમ વાયુભૂતિ અનગાર શ્રમણ ભગવંત મહાવીરને નમીને યાવત્-આ પ્રમાણે બોલ્યા કે હે ભગવન્ ! જો દેવેંદ્ર, દેવરાજ શક્ર યાવત્-એવી મોટી ઋદ્ધિવાળો છે અને યાવત્ એટલું વિકુર્વણ કરી શકે છે; તો હે ભગવન્ ! દેવેંદ્ર દેવરાજ ઈશાન કેવી મોટી ઋદ્ધિવાળો છે ? હે ગૌતમ ! તે સંબંધે બધું તેમજ જાણવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિશેષ એ કે, તેની વિકુર્વણા શક્તિ આખા બે જંબૂદ્વીપ કરતાં પણ વધારે જાણવી .

[૧૫૮] હે ભગવન્ ! જો દેવેંદ્ર દેવરાજ ઈશાન, એવી મોટી ઋદ્ધિવાળો હોય અને એટલું વિકુર્વણ કરી શકતો હોય તો સ્વભાવે ભદ્ર, યાવત્-વિનીત, તથા નિરંતર અઠ્ઠમ અઠ્ઠમ અને પારણે આંબીલ, એવા આકરા તપવડે આત્માને ભાવતો, ઉંચે હાથ રાખી, સૂર્યની સામે ઉભો રહી આતાપનભૂમિમાં આતાપન લેતો, તડકાને સહતો, પૂરેપૂરા છ માસ સાધુપણું પાળી, પન્નર દિવસની સંલેખના વડે આત્માને સંયોજી, ત્રીસ, ટંક સુધી અનશન પાળી, આલોચન અને પ્રતિક્રમણ કરી, સમાધિ પામી, કાળમાસે કાળ કરી આપ દેવાનુપ્રિયાનો શિષ્ય કુરુદત્ત અનગાર ઈશાનકલ્પમાં પોતાના વિમાનમાં ઈશાનેંદ્રના સામાનિકપણે દેવ થયો છે. જે વક્તવ્યતા તિષ્યકદેવ સંબંધે આગળ કહી છે તે બધી અહીં કુરુદત્ત દેવ વિષે પણ કહેવી. તો તે કુરુદત્તપુત્ર દેવ કેવી મોટી ઋદ્ધિવાળો છે ? વિશેષ એ કે, કુરુદત્તપુત્રની વિકુર્વણા શક્તિ આખા બે જંબૂદ્વીપ જેટલી છે બાકી બધું તેજ પ્રમાણે જાણવું. એ પ્રમાણે બીજા સામાનિક દેવો, ત્રાયસ્ત્રિંશક દેવો, લોકપાલો તથા પટ્ટરાણીઓ સંબંધે પણ સમજવું. વળી હે ગૌતમ ! દેવેંદ્ર, દેવરાજ ઈશાનની પ્રત્યેક પટ્ટરાણીની એ વિકુર્વણાશક્તિ, તે વિષયરૂપ છે વિષયમાત્ર છે, પણ કોઈએ સંપ્રાપ્તિવડે વિકર્વ્યું નથી, વિકુર્વતા નથી અને વિકુર્વશે પણ નહીં.

[૧૫૯] એ પ્રમાણે સનત્કુમાર દેવલોક સંબંધે પણ જાણવું. વિશેષ એ કે, તેની વિકુર્વણાશક્તિ આખા ચાર જંબૂદ્વીપ છે. અને તિરછે તેની વિકુર્વણાશક્તિ અસંખ્યેય છે. એ પ્રમાણે સામાનિક દેવો, ત્રાયસ્ત્રિંશક દેવો, લોકપાલો અને પટ્ટરાણીઓ એ બધા અસંખ્યેય દ્વીપ, સમુદ્રો સુધી વિકુર્વી શકે છે. એ પ્રમાણે માહેંદ્રમાં પણ જાણવું. વિશેષ એ કે, આખા ચાર જંબૂદ્વીપ કરતાં પણ વધારે વિકુર્વણ શક્તિ છે. એ પ્રમાણે બ્રહ્મલોકમાં પણ જાણવું. વિશેષ એ કે તેઓની વિકુર્વણાશક્તિ આખા આઠ જંબૂદ્વીપ જેટલી છે. એ પ્રમાણે લાંતકમાં પણ સમજવું. વિશેષ એ કે, આખા આઠ જંબૂદ્વીપ કરતાં પણ વધારે શક્તિ છે. મહાશક્રના દેવોની વિકુર્વણાશક્તિ સોળ જંબૂદ્વીપ કરતાં પણ અધિક છે. સહસ્રારના દેવોની વિકુર્વણશક્તિ સોળ જંબૂદ્વીપ કરતાં પણ અધિક છે. અને પ્રાણતના દેવોની વિકર્વણની શક્તિ બત્રીશ જંબૂદ્વીપ જેટલી છે. અને અચ્યુતદેવની વિકુર્વણા-શક્તિ આખા બત્રીસ જંબૂદ્વીપ કરતાં પણ કંઈક વધારે છે. બાકી સઘળું તેજ પ્રમાણે જાણવું હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, એમ કહી ત્રીજા ગૌતમ વાયભૂતિ અનગાર શ્રમણભગવંત મહાવીરને વાંદે છે, નમે છે, અને યાવત્-વિહરે છે.

[૧૬૦] ત્યારપછી કોઈ એક દિવસે શ્રમણ ભગવંત મહાવીર મોકા નગરીના નંદન નામના ચૈત્યથી બહાર નીકળી જનપદ વિહારે વિહરે છે. તે કાળે, તે સમયે રાજગૃહ નામનું નગર હતું. યાવત્-સભા પર્યુપાસે છે. તે કાળે તે સમયે દેવેંદ્ર દેવ- રાજ, હાથમાં શૂળને ધારણ કરનાર, બળદના વાહનવાળો, લોકના ઉત્તરાર્ધનો ધણી, અઠ્ઠાવીસલાખ વિમાનાનો સત્તાધીશ ઈશાનેંદ્ર, આકાશ જેવા નિર્મળવસ્ત્રને પહેરી, માળાથી યુક્ત મુકુટને માથે મૂકી, નવા સોનાના સુંદર, વિચિત્ર અને ચંચળ કુંડકોથી ગાલો દેદીપ્યમાન કરતો, દશે દિશાઓને પ્રકાશિત કરતો, તે ઈશાનકલ્પમાં, ઈશાનાવંતસક વિમાનમાં રાયપસેણીયમાં કહ્યા પ્રમાણે દિવ્ય દેવઋદ્ધિને અનુભવતો યાવત્-જે દિશામાંથી પ્રકાશમાન થયો હતો, તેજ દિશાને વિષે પાછો ચાલ્યો ગયો. હવે હે ભગવન્ ! અહો !

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેવેંદ્ર દેવરાજ ઈશાન મોટો ઋદ્ધિવાળો છે. હે ભગવન્ ! ઈશાનેંદ્રની તે દિવ્ય દેવઋદ્ધિ ક્યાં પેસી ગઈ ? હે ગૌતમ ! તે દિવ્ય દેવઋદ્ધિ શરીરમાં પેસી ગઈ. હે ભગવન્ ! તે દિવ્ય દેવઋદ્ધિ શરીરમાં ગઈ. એમ કહેવાનું શું કારણ ? હે ગૌતમ ! જેમ કોઈ એક કુટાકારશિખરની આકારવાળું ઘર હોય, અને તે બન્ને બાજુથી લિંપેલું હોય, ગુપ્ત હોય, પુત્ર દ્વારવાળું હોય, જેમાં પવન ન પેસે એવું ઉંડું હોય યાવત્ કૂટાકારશાળા પેઠે જાણવું .

હે ભગવન્ ! દેવેંદ્ર દેવરાજ ઈશાનને તે દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવકાંતીઅને દિવ્ય દેવપ્રભાવ કેવી રીતે લબ્ધ કર્યો, કેવી રીતે પ્રાપ્તકર્યો અને કેવી રીતે સામે આણ્યો ? તથા તે પૂર્વભવમાં કોણ હતો ? તેનું નામ અને ગોત્ર શું હતું ? અને તે ક્યા ગામમાં, ક્યા નગરમાં, તથા ક્યા સંનિવેશમાં રહેતો હતો ? તથા તેણે શું સાંભળ્યું હતું, શું દીધું હતું, શું ખાધું હતું ? શું કર્યું હતું, શું આચર્યું હતું ? અને તથા પ્રકારના ક્યા શ્રમણ યા બ્રાહ્મણની પાસે એવું એક પણ આર્ય અને ધાર્મિક વચન સાંભળી અવધાર્યું હતું કે જેને લઈને દેવેંદ્ર, દેવરાજ ઈશાન તે દિવ્ય દેવઋદ્ધિ યાવત્ સામે આણી ?

હે ગૌતમ ! તે કાળે તે સમયે આજ જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભારત વર્ષમાં તામ્રલિપ્તી નામની નગરી હતી. તે તામ્રલિપ્તી નગરીમાં તામલી ના મનો મૌર્યપુત્ર ગૃહપતિ રહેતો હતો. તે તામલીગૃહપતિ ધનાઢ્ય અને દીપ્તિવાળો હતો, યાવત્-ઘણા માણસોથી તે ચઢીયાતો હતો. હવે એક દિવસે તે મૌર્યપુત્ર તામલી ગૃહ- પતિને રાત્રીના આગળના અને પાછળના ભાગમાં કુટુંબની ચિંતા કરતાં એવા પ્રકારનો સંકલ્પ ઉત્પન્ન થયો કે પૂર્વે કરેલાં જૂનાં સારી રીતે આચરેલાં, સુપરાક્રમયુક્ત, શુભ અને કલ્યાણરૂપ મારા કર્મોને કલ્યાણફળરૂપ પ્રભાવ હજુ સુધી જાગતો છે કે જેથી મારા ગૃહને વિષે હિરણ્ય વધે છે, સુવર્ણ વધે છે, ધન વધે છે, ધાન્યો વધે છે, પુત્રો વધે છે, પશુઓ વધે છે, અને પુષ્કળ ધન, કનક, રત્ન, મણિ, મોતી, શંખ, ચંદ્રકાંત વગેરે પત્થર, પ્રવાળાં, તથા માણેકરૂપ સારવાળું ધન મારે ઘરને ઘણું ઘણું વધે છે. તો શું હું પૂર્વે કરેલાં, સારી રીતે આચરેલાં યાવત્-જૂનાં કર્મોનો તદ્દન નાશ થાય તો જોઈ રહું-તે નાશની ઉપેક્ષા કરતો રહું, પણ જ્યાંસુધી હિરણ્યથી વૃદ્ધિ પામું છું, અને મારે ઘરે ઘણું ઘણું વધે છે, તથા જ્યાંસુધી મારા મિત્રો, મારી નાતીલાઓ, મારા પિત્રાઈઓ, મારા મોસાળિઆ કે મારા સાસરીઆ અને મારો નોકરવર્ગ મારો આદર કરે છે, મને સ્વામી તરીકે જાણે છે, મારો સત્કાર કરે છે, મારું સન્માન કરે છે અને મને કલ્યાણરૂપ, મંગલરૂપ અને દેવરૂપ જાણી ચૈત્યની-પેઠે વિનયપૂર્વક મારી સેવા કરે છે ત્યાંસુધી મારે મારું કલ્યાણ કરી લેવાની જરૂર છે,આવતી કાલે પ્રકાશવાળી રાત્રી થયા પછી મારે મારી પોતાનીજ મેળે લાકડાનું પાત્ર કરી, પુષ્કળ ખાનપાન મેવા મિષ્ટાન અને મશાલા વિગેરે તૈયાર કરાવી, મારા મિત્ર, નાત, પિત્રાઈ, મોસાળિઆ કે સાસરીઆ અને મારા નોકરચાકરને નોતરી, તે મિત્ર, નોકરચાકરને પુષ્કળ ખાનપાન મેવા મિષ્ટાન અને મશાલા વિગેરેથી જમાડીને કપડાં અત્તર વગેરે સુગંધી વસ્તુ, માળાઓ ઘરેણા વગેરેથી તેનો સત્કાર કરીને, તેઓનું સન્માન કરીને તથા તેજ મિત્ર, જ્ઞાતિ, પિત્રાઈ, મોસાળિઆ કે સાસરીઆ અને નોક-રચાકરની સમક્ષ મારા મોટા પુત્રને કુટુંબમાં સ્થાપીને-તેના ઉપર કુટુંબનો ભાર મૂકીને-તે મિત્ર, યાવત્ નોકરવર્ગને પૂછીને મારી પોતાની મેળેજ લાકડાંનું પાતરું લઈને, સુંદર મુંડ થઈને 'પ્રાણામા' નામની દીક્ષાવડે દીક્ષિત થાઉં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વળી હું દીક્ષિત થયો કે તુરતજ આ અભિગ્રહ ધારણ કરીશ કે, -હું જીવું ત્યાંસુધી નિરંતર છટ્ઠ કરીશ તથા સૂર્યની સામે ઉંચા હાથ રાખી તડકો સહન કરતો રહીશ આતાપના લઇશ. વળી છટ્ઠના પારણને દિવસે તે આતાપના લેવાની જગ્યાથી નીચે ઉતરી પોતાની મેળેજ લાકડાનું પાત્ર લઇ તામ્રલિપ્તિ નગરીમાં ઉત્કૃષ્ટ મધ્યમ અને જઘન્ય કુળોમાંથી ભિક્ષા લેવાની વિધિપૂર્વક શુદ્ધ ઓદન-લાવી તેને પાણીવડે એક-વીસવાર ધોઈ ત્યારપછી તેને ખાઈશ' એ પ્રમાણે વિચારી કાલે મળસકું થયા પછી સૂર્ય પ્રકાશિત થયા પછી પોતાની મેળેજ લાકડાનું પાત્ર કરાવીને, પુષ્કળ ખાનપાનાદિક મેવા મિઠાઈ અને મશાલા વગેરેને તૈયાર કરાવીને પછી સ્નાન કરી, બલિકર્મ કરી, કૌતુક, મંગળ અને પ્રાયશ્ચિત કરી, શુદ્ધ અને પહેરવા યોગ્ય માંગલિક ઉત્તમ વસ્ત્રોને સારી રીતે પહેરી, વજન વિનાના અને મહામૂલ્ય ઘરેણાઓથી શરીરને અલંકૃત કરી ભોજનની વેળાએ તે તામલી ગૃહપતિ ભોજનના મંડપમાં આવી સારા આસન ઉપર સારી રીતે બેઠો. ત્યારપછી મિત્ર, નાત, પિત્રાઈ સાસરીયા કે મોસાળીઆ અને નોકરચાકરોની સાથે તે પુષ્કળ ખાણું પીણું મેવા મિઠાઈ અને મશાલા વિગેરેને ચાખતો, વધારે સ્વાદ લેતો, પરસ્પર દેતો, જમાડતો, અને જમતો તે તામલી ગૃહપતિ વિહરે છે-રહે છે. તે તામલી ગૃહપતિ જમ્યો અને જમ્યા પછી તુરતજ તેણે કોગળા કર્યા, સ્વચ્છ થયો, અને તે પરમ શુદ્ધ બન્યો. પછી તેણે પોતાના મિત્ર યાવત્-નોકરચાકરને પુષ્કળ વસ્ત્ર, અત્તર વગેરે સુગંધી દ્રવ્ય, માળા અને ઘરેણાઓથી સત્કારી તથા તે મિત્ર, યાવત્-નોકરચાકરની સમક્ષ પોતાના મોટા પુત્રને કુટુંબમાં સ્થાપી, તે સર્વેને પૂછીને તામલી ગૃહપતિ મુંડ થઈ 'પ્રાણામા' નામની દીક્ષાવડે દીક્ષિત થયો.

હવે તે તામલી ગૃહપતિએ 'પ્રાણામા' નામની દીક્ષા લીધી અને સાથેજ તેનો આવો અભિગ્રહ કર્યો કેઃ- હું જ્યાંસુધી જીવું ત્યાં સુધી છટ્ઠ છટ્ઠનું તપ કરીશ ને યાવત્-પૂર્વ પ્રમાણેનો આહાર કરીશ' એ પ્રમાણે અભિગ્રહ કરી યાવજ્જીવ નિરંતર છટ્ઠ છટ્ઠના તપપૂર્વક ઉંચે હાથ રાખી સૂર્યની સામે ઉભા રહી તડકાને સહતા તે તામલી તપસ્વી વિહરે છે, છટ્ઠના પારણાને દિવસે આતાપનભૂમિથી નીચે ઉતરી, પોતાની મેળેજ તે લાકડાંનું પાતરું લઈ, તામ્રલિપ્તી નગરીમાં ઉત્કૃષ્ટ મધ્યમ અને જઘન્ય કુળોમાંથી ભિક્ષા લેવાની વિધિપૂર્વક ભિક્ષા માટે ફરી તે, એકલા ચોખાને લઈ આવે છે અને તે ચોખાને એકવીશ વખત ધોઈ તેનો આહાર કરે છે. હે ભગવન્ ! તામલિએ લીધેલી પ્રવ્રજ્યા 'પ્રાણામા' કહેવાય તેનું શું કારણ ? હે ગૌતમ ! જેને 'પ્રાણામા' પ્રવ્રજ્યા ગ્રહણ કરી હોય તે, જેને જ્યાં જોવે તેને અર્થાત્ ઈંદ્રને,સ્કંદને, રુદ્રને, શિવને, કુબેરને આર્યા-પાર્વતીને, મહિષાસુરને કુટ્ટતી ચંડિકાને, રાજાને યાવત્ સાર્થવાહને, કાગડાને, કુતરાને તથા ચાંડાળને પ્રણામ કરે છે ઉંચાને જોઇને ઉંચી રીતે અને નીચાને જોઇને નીચી રીતે પ્રણામ કરે છે, જેને જેવી રીતે જૂએ છે તેને તેવી રીતે પ્રણામ કરે છે. તે કારણથી તે પ્રવ્રજ્યાનું નામ 'પ્રાણામા' પ્રવ્રજ્યા છે.

ત્યારપછી તે મૌર્યપુત્ર તામલી તે ઉદાર, વિપુલ, પ્રદત્ત અને પ્રગૃહીત બાલતપ-કર્મવડે સુકાઈ ગયા, લુખા થયા, તેની બધી નાડીઓ ઉપર દેખાઇ આવી એવા તે દુર્બલ થયા. ત્યારપછી કોઈ એક દિવસે મધરાતે જાગતા જાગતા અનિત્યતા સંબંધે વિચાર કરતાં તે તામલી બાલતપસ્વીને આ એ પ્રકારનો યાવત્ વિકલ્પ ઉત્પન્ન થયો કેઃ- હું આ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉદાર, વિપુલ, યાવત્-ઉદગ્ર, ઉદત્ત, ઉત્તમ અને મહાપ્રભાવશાલિ તપકર્મવડે સુકાઇ ગયો છું, રુક્ષ થયો છું, અને યાવત્-મારી બધી નસો શરીર ઉપર દેખાઇ આવી છે. માટે જ્યાંસુધી મને ઉત્થાન છે, કર્મ છે, બળ છે, વીર્ય છે અને પુરુષાકાર પરાક્રમ છે ત્યાંસુધી મારું શ્રેય એમાં છે કે હું કાલે જ્વલંત સૂર્યનો ઉદય થયા પછી તામ્રલિપ્તી નગરીમાં જઇ મેં દેખીને બોલાવેલા પુરુષોને, પાખંડસ્થોને, ગૃહસ્થોને, મારા આગળના ઓળખિતાઓને, તપસ્વી થયા પછીના મારા પૂછીને, તામ્રલિપ્તી નગરીની વચોવચ નીકળીને, ચાખડી, કુંડી વગેરે ઉપકરણોને અને લાકડાના પાતરાને એકાંતે મૂકી તામ્રલિપ્તી નગરીના ઉત્તરપૂર્વના દિગ્ભાગમાં ઈશાનખૂણામાં, નિર્વર્તિનિક મંડળને આળેખી સંલેખના તપવડે આત્માને સેવી, ખાવા પીવાનો ત્યાગ કરી, વૃક્ષની પેઠે સ્થિર રહી, કાળની અવકાંક્ષા સિવાય વિહરવું શ્રેયસકર છે. એમ વિચારી કાલે જ્વલંત સૂર્યનો ઉદય થયા પછી, પૂછે છે, તેઓને પૂછી તે તામલી તપસ્વીએ પોતાના ઉપકરણોને એકાંતે મૂક્યાં, યાવત્-તેણે આહારપાણીનો ત્યાગ કર્યો અને પાદોપગમન નામનું અનશન કર્યું.

[૧૬૧] તે કાળે તે સમયે બલિચંચા રાજધાની ઈંદ્ર અને પુરોહિત વિનાની હતી. ત્યારે તે બલિચંચા રાજધાનીમાં વસનારા ઘણા અસુરકુમાર દેવોએ અને દેવીઓએ તે તામલી બાલતપસ્વીને અવધિવડે જોયો, જોયા પછી તેઓએ એક બીજાને બોલાવી આ પ્રમાણે કહ્યું કે-હે દેવાનુપ્રિયો ! આપણે બધા ઈંદ્રને તાબે રહેનારા તથા અધિષ્ઠિત છીએ, આપણું બધું કાર્ય ઈંદ્રને તાબે છે હે દેવાનુપ્રિયો ! આ તામલી બાલતપસ્વી તામ્રલિપ્તી નગરીની બહાર ઈશાન ખૂણામાં નિર્વર્તનિક મંડળને આળેખી, સંલેખનાવડે આત્માને સેવી, ખાવા પીવાનો ત્યાગ કરી અને પાદપોપગમન અનશનને ધારણ કરીને રહ્યો છે. તો આપણે એ શ્રયરૂપ છે કે, હે દેવાનુપ્રિયો ! તે તામલી બાલતપસ્વીને બલિચંચા રાજધાનીમાં ઈંદ્ર તરીકે આવવાનો સંકલ્પ કરાવીએ એમ કરીને પરસ્પર એક બીજાની પાસે એ વાતને મનાવીને તે બધા અસુરકુમારો બલિચંચા રાજધાનીના મધ્યભાગમાંથી નીકળી તે તરફ રુચકેંદ્ર ઉત્પાત પર્વત છે તે તરફ આવે છે, આવી વૈક્રિયસમુદ્ઘાતવડે સમવહણીને ઉત્તરવૈક્રિયરૂપોને વિકુર્વી ઉત્કૃષ્ટ ત્વરિત, ચપલ, ચંડ, જયવતી નિપુણ, સિંહ જેવી, શીઘ્ર ઉદ્ધૂત અને દિવ્ય દેવગતિવડે તિરછા અસંખ્યેય દ્વીપ સમુદ્રોની વચોવચ જે તરફ જંબૂદ્વીપ નામે દ્વીપ છે, જે તરફ ભારતવર્ષ છે, તે તરફ આવ્યા, આવી તામલી બાલતપસ્વીની ઉપર, સમક્ષ સપ્રતિદિશે અર્થાત્ બરાબર સામે રહી દિવ્ય દેવઋદ્ધિને, દિવ્ય દેવકાંતિને, દિવ્ય દેવપ્રભાવને અને બત્રીશ જાતના દિવ્ય નાટકવિધિને દેખાડી, તામલી બાલતપસ્વીને ત્રણવાર પ્રદક્ષિણા કરી, વાંદી અને નમી તે અસુરકુમાર દેવો આ પ્રમાણે બોલ્યા છેઃ-

હે દેવાનુપ્રિય અમે બલિચંચા રાજધાનીમાં રહેનારા ઘણા અસુરકુમાર દેવો અને ઘણી અસુરકુમાર દેવીઓ આપને વાંદીએ છીએ, નમીએ છીએ, અને આપની પર્યુપાસના કરીએ છીએ. હે દેવાનુપ્રિયો ! હાલ અમારી બલિચંચા રાજધાની ઈંદ્ર અને પુરોહિત વિનાની છે અને હે દેવાનુપ્રિય ! અમે આ બધા ઈંદ્રને તાબે રહેનારા છીએ અને અમારું કાર્ય પણ ઈંદ્રને તાબે છે. તો હે દેવાનુપ્રિય ! તમે બલિચંચા રાજધાનીનો આદર કરો, તેનું સ્વામિપણું સ્વીકારો, તેને મનમાં લાવો, તે સંબંધી નિશ્ચય કરો, નિદાન કરો અને બલિચંચા રાજધાનીના સ્વામી થવાનો સંકલ્પ કરો. જો તમે અમે કહ્યું તેમ કરશો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તો અહીંથી કાલમાસે કાળ કરી તમે બલિચંચા રાજધાનીમાં ઉત્પન્ન થશો. ત્યાં ઉત્પન્ન થયા પછી તમે અમારા ઇંદ્ર થશો, તથા અમારી સાથે દિવ્ય ભોગ્યભોગને ભોગવતા તમે આનંદ અનુભવશો. જ્યારે તે બલિચંચા રાજધાનીમાં રહેનારા ઘણા અસુરકુમાર દેવો અને દેવીઓએ આમ કહ્યું અને તે વાતને તે બાલતપસ્વીએ આદરી નહિં. સ્વીકારી નહિં, પણ ત્યારે તે બલીચંચા રાજધાનીમાં રહેનારા ઘણા અસુરકુમાર દેવો અને દેવીઓએ તે તામલી મૌર્યપુત્રને બીજીવાર અને ત્રીજીવાર પણ ત્રણ ત્રણ પ્રદક્ષિણા કરીને પૂર્વની વાત કહી. તે અસુરકુમારોએ પૂર્વ પ્રમાણે બે, ત્રણવાર યાવત્-કહ્યું તો પણ તે તામલી મૌર્યપુત્રે કાંઈપણ જવાબ ન દીધો, મૌન ધારણ કર્યું. પછી છેવટે જ્યારે તામલી બાલ- તપસ્વીએ તે બલિચંચા રાજધાનીમાં રહેનારા ઘણા અસુરકુમાર દેવોને અને દેવી-ઓનો અનાદર કર્યો, તેઓનું કથન માન્યું નહીં ત્યારે તે દેવો જે દિશામાંથી આવ્યા હતા તેજ દિશામાં પાછા ચાલ્યા ગયા.

[૧૬૨] તે કાળે, તે સમયે ઈશાન કલ્પ ઈંદ્ર અને પુરોહિત વિનાનો હતો. તે વખતે તામલી બાલતપસ્વીએ પૂરેપૂરાં સાઈઠહજાર વર્ષ સુધી સાધુ પર્યાયને પાળીને, બે માસ સુધીની, સંલેખનાવડે આત્માને સેવીને, એકસોનેવીસ ટંક અનશન પાળીને કાળમાસે કાળ કરીને ઈશાનકલ્પમાં, ઈશાનવતંસક વિમાનમાં, ઉપપાત સભામાં, દેવશય્યામાં, દેવવસ્ત્રથી ઢંકાએલ અને આંગળની અસંખ્યેય ભાગ જેટલી અવગાહનામાં ઈશાન-કલ્પમાં દેવેંદ્રની ગેરહાજરીમાં ઈશાનદેવેંદ્રપણે જન્મ ધારણ કર્યો. હવે તે તાજા ઉત્પન્ન થએલ દેવેંદ્ર, દેવરાજ ઈશાન પાંચ પ્રકારની પર્યાપ્તિવડે પર્યાપ્તિપણાને પામે છે. હવે, બલિચંચા રાજધાનીમાં રહેનારા ઘણા અસુરકુમાર દેવો અને દેવીઓએ એમ જાણ્યું કે, તામલી બાલતપસ્વી કાળધર્મને પામ્યો, અને તે ઈશાનકલ્પમાં દેવેંદ્રપણે ઉત્પન્ન થયો. તેથી તેઓએ ઘણો ક્રોધ કર્યો, કોપ કર્યો, ભયંકર આકાર ધારણ કર્યો, અને તેઓ બહુ ગુસ્સે ભરાણા. પછી તેઓ બધા બલીચંચા રાજધાનીના મધ્ય- ભાગમાં થઈ નીકળ્યા. અને તે ઉત્કૃષ્ટગતિવડે જે તરફ ભારતવર્ષ છે, તામ્રલિપ્તી નગરી છે, તામલી બાલતપસ્વીનું શરીર છે તે તરફ આવીને તે દેવો તે તામલી મૌર્યપુત્રના મુડદાને ડાબે પગે દોરી બાંધી, તેના મોઢામાં ત્રણવાર થુંકી, એને તામ્રલિપ્તી નગરીમાં સિંગોડાના ઘાટવાળા માર્ગમાં, ત્રણ શેરી ભેગી થાય તેવા માર્ગમાં-ત્રિકમાં, ચોકમાં, ચતુર્મુખ માર્ગમાં, અને મહામાર્ગમાં, તે મુડદાને ઢસળતા ઢસળતા અને બુલંદ અવાજે ઉદ્ઘોષણા કરતા તે દેવો આ પ્રમાણે બોલ્યા કેઃ- હે ! પોતાની મેળેજ તપસ્વીના વેષને ધારણ કરનાર અને 'પ્રાણામા' નામની પ્રવ્રજ્યાથી પ્રવ્રજીત થયેલા તે તામલી બાલતપસ્વી કોણ ? તથા ઈશાનકલ્પમાં થયેલ દેવેંદ્ર દેવરાજ ઈશાન કોણ ? એમ કરીને તામલી બાલતપસ્વીના શરીરની હીલના કરે છે, નિંદા કરે છે, ખિંસા કરે છે, ગર્હા કરે છે, અપમાન કરે છે, તર્જના કરે છે, માર મારે છે, કદર્થના કરે છે, તેને હેરાન કરે છે, અને આડું અવળું જેમ ફાવે તેમ ઢસળે છે, તથા તેમ કરીને તેના શરીરને એકાંતે નાખી જે દિશામાંથી તે દેવો પ્રકટ્યા હતા તેજ દિશામાં ચાલ્યા ગયા.

[૧૬૩] હવે તે ઈશાનકલ્પમાં રહેનારા ઘણા વૈમાનિક દેવો અને દેવીઓએ આ પ્રમાણેજોયું કે, બલીચંચા રાજધાનીમાં રહેનારા ઘણા અસુરકુમાર દેવો અને દેવીઓ બાલતપસ્વી તામલિના શરીરને હીલે છે, નિંદે છે, ખિંસે છે, અને તેના શરીરને આડું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અવળું જેમ ફાવે તેમ ઢસડે છે. ત્યારે તે વૈમાનિક દેવો પૂર્વ પ્રમાણે જોવાથી અતિશય ગુસ્સે ભરાણા અને ક્રોધથી મિસમીસાટ કરતા (વૈમાનિક) દેવોએ દેવેંદ્ર, દેવરાજ ઈશાનની પાસે જઇને બન્ને હાથ જોડીને દશે નખને ભેગા કરીને માથે અંજલિ કરી તે ઈંદ્રને જય અને વિજયથી વધાવ્યો. તેઓ આ પ્રમાણે બોલ્યા કેઃ- હે દેવાનુપ્રિય ! બલિચંચા રાજધાનીમાં રહેનારા ઘણા અસુરકુમાર દેવો અને દેવીઓ, આપ, દેવાનુપ્રિયને કાળને પ્રાપ્ત થએલા જાણી, તથા ઈશાનકલ્પમાં ઈંદ્રપણે ઉત્પન્ન થએલા જોઇ તે અસુર કુમારો ઘણા ગુસ્સે ભરાણા અને યાવત્-તઓએ આપના મૃતક દેહને ઢસડીને એકાંતમાં મૂક્યું. પછી જેઓ ત્યાંથી આવ્યા હતા ત્યાં પાછા ચાલ્યા ગયા. જ્યારે તે દેવેંદ્ર, દેવરાજ ઈશાને તે ઈશાનકલ્પમાં રહેનારા બહુ વૈમાનિક દેવો અને દેવીઓ દ્વારા એ વાતને સાંભળી અને અવધારી, ત્યારે તેને ઘણો ગુસ્સો થયો અને યાવત્-ક્રોધથી મિસમિસાટ કરતો, ત્યાંજ દેવશય્યામાં સારી રીતે રહેલા તે ઈશાન ઈંદ્રે કપાળમાં ત્રણ આડ પડે તેમ ભવાં ચડાવી, તે બલિચંચા રાજધાનીની બરાબર સપક્ષે અને સપ્રતિદિશે જોયું. જે સમયે દેવેંદ્ર દેવરાજ શક્રે ઈશને પૂર્વ પ્રમાણે બલિચંચા રાજ- ધાનીની બરાબર સામે- જોયું અને સપ્રતિદિશે જોયું તેજ સમયે તે દિવ્ય પ્રભાવવડે બલિચંચા રાજધાની અંગારા જેવી થઇ ગઇ, આગના કણીયા જેવી થઇ ગઇ, રાખ જેવી થઇ ગઇ, તપેલી રેતીના કણિયા જેવી થઇ અને અતિ ઉષ્ણ લાઇ જેવી થઇ ગઇ. હવે જ્યારે તે બલિચંચા રાજધાનીમાં રહેનારા ઘણા અસુરકુમાર દેવો અને દેવીઓ તે બલીચંચા રાજધાનીને અંગારા જેવી થએલી અને યાવત્-ખૂબ તપેલી લાય જેવી થયેલી જોઇ,તેવી જોઇને અસુરકુમારો ભય પામ્યા, સુકાઇ ગયા, ઉદ્વેગવાળા થયા અને ભયથી વ્યાપી ગયા તથા તેઓ બધા ચારે તરફ દોડવા લાગ્યા, ભાગવા લાગ્યા,અનેએકબીજાનો આશ્રય લેવા લાગ્યા. જ્યારે તે બલીચંચા રાજધાનીમાં રહેનારા અસુરકુમાર દેવો અને દેવીઓએ દેવેન્દ્ર, દેવરાજ ઈશાન કોપ્યો છે' એમ જાણ્યું ત્યારે તેઓ દેવેંદ્ર, દેવરાજ ઈશાની સામે, ઉપર, સપક્ષે, અને સપ્રતિદિશે બેસી, દશે નખ ભેગા થાય તેમ બન્ને હાથ જોડવાપૂર્વક શિરસાવર્તયુક્ત માથે અંજલી કરી તે ઈશાન ઈંદ્રને જય અને વિજયવડે વધામણી આપી કહ્યું કે

અહો ! આપ દેવાનુપ્રિયે દિવ્ય દેવઋદ્ધિ યાવત્-પ્રાપ્ત કરેલી, અને આપ દેવાનુપ્રિયે લબ્ધ કરેલી, પ્રાપ્ત કરેલી અને સામે આણેલી એવી દિવ્ય દેવઋદ્ધિ અમે જોઇ ? હે દેવાનુપ્રિય ! અમે આપની પાસે ક્ષમા માંગીએ છીએ, હે દેવાનુપ્રિય ! આપ અમને ક્ષમા આપો, હે દેવાનુપ્રિય ! તમે ક્ષમા કરવાને યોગ્ય છો, વારંવાર પુનઃ એમ નહીં કરીએ, એમ કહી વિનયપૂર્વક એ અપરાધ બદલ તેની પાસે વિનયપૂર્વક સારી રીતે ક્ષમા માગે છે. હવે જ્યારે તે બલીચંચા રાજધાનીમાં રહેનારા ઘણા અસુરકુમાર દેવો અને દેવીઓએ પોતાના અપરાધ બદલ તે દેવેંદ્ર, દેવરાજ ઈશાનની પાસે વિનયપૂર્વક સારી રીતે વારંવાર ક્ષમા માગી ત્યારે તે ઈશાન ઈંદ્રે તે દિવ્ય દેવઋદ્ધિને અને તેજોલેશ્યાને પાછી ખેંચી લીધી. અને હે ગૌતમ ! ત્યારથી જ માંડીને તે બલિચંચા રાજધાનીમાં રહેનારા અનેક અસુરકુમાર દેવો અને દેવીઓ તે દેવેંદ્ર, દેવરાજ ઈશાનનો સત્કાર કરે છે, તેની સેવા કરે છે તથા ત્યારથીજ દેવેંદ્ર, દેવરાજ ઈશાનની આજ્ઞામાં, સેવામાં, આદેશમાં, અને નિર્દેશમાં તે અસુરકુમાર દેવો તથા દેવીઓ રહે છે. હે ગૌતમ ! દેવેંદ્ર, દેવરાજ ઈશાને તે દિવ્ય દેવઋદ્ધિ એ પ્રમાણે મેળવી. હે ભગવન્ ! દેવેંદ્ર, દેવરાજ ઈશાનની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્થિતિ કેટલા કાળ સુધી કહી છે ? હે ગૌતમ ! તેની સ્થિતિ બે સાગરોપમ કરતાં કાંઈક અધિક કહી છે. હે ભગવન્ ! દેવેંદ્ર, દેવરાજ ઈશાન પોતાના આયુષ્યનો ક્ષય- થયા પછી તે દેવલોકથી ચ્યવીને ક્યાં જશે ? અને ક્યાં ઉત્પન્ન થશે ? હે ગૌતમ ! તે, મહાવિદેહ-ક્ષેત્રમાં જઈને સિદ્ધ થશે, અને યાવત્-પોતાના સઘળા દુઃખોનો અંત કરશે ?

[૧૬૪] હે ભગવન્ ! શું દેવેંદ્ર, દેવરાજ શક્રનાં વિમાનો કરતાં દેવેંદ્ર, દેવરાજ ઈશાનના વિમાનો જરાક ઉંચાં છે, જરાક ઉન્નત છે ? અને દેવેંદ્ર, દેવરાજ ઈશાનના વિમાનો કરતાં દેવેંદ્ર, દેવરાજશક્રના વિમાનો જરાક નીચાં છે, જરાક નિમ્ન છે ? હે ગૌતમ ! હા, તે પ્રમાણે છે, હે ભગવન્ ! તેમ કહેવાનું શું કારણ ? હે ગૌતમ ! જેમ કોઇ એક હાથનું તળિઉં -એક ભાગમાં ઉંચુ હોય, એક ભાગમાં ઉન્નત હોય, તથા એક ભાગમાં નીચું હોય અને એક ભાગમાં નિમ્ન હોય, તેજ રીતે વિમાનો સંબંધી પણ જાણવું

[૧૬૫] હે ભગવન્ ! દેવેંદ્ર, દેવરાજ શક્ર દેવેંદ્ર, દેવરાજ ઈશાનની પાસે પ્રકટ થવાને સમર્થ છે ? હે ગૌતમ ! હા, હે ભગવન્ ! જ્યારે તે, તેની પાસે આવે ત્યારે તેનો આદર કરતો આવે કે અનાદર કરતો આવે ? હે ગૌતમ ! જ્યારે તે શક્ર ઈશાનની પાસે આવે ત્યારે તેનો આદર કરતો આવે પરંતુ અનાદર કરતો ન આવે. હે ભગવન્ ! દેવેંદ્ર, દેવરાજ ઈશાન દેવેંદ્ર, દેવરાજ શક્રની પાસે આવવાને સમર્થ છે ? હે ગૌતમ ! હા, હે ભગવન્ ! જ્યારે તે (ઈશાનેંદ્ર) તેની પાસે આવે ત્યારે તે (શક્રેંદ્ર)નો આદર કરતો આવે કે અનાદર કરતો આવે ? આદર કરતો અને અનાદર કરતો પણ આવે. હે ભગવાન્ ! દેવેંદ્ર દેવરાજ શક્ર દેવેંદ્ર, દેવરાજ ઈશાનની ચારે તરફ જોવાને સમર્થ છે ? હે ગૌતમ ! જેમ પાસે આવવા સંબંધે બે આલાપક કહ્યા. તેમ જોવા સંબંધે પણ બે આલા- પક કહેવા. હે ભગવન્ ! દેવેંદ્ર, દેવરાજ શક્ર, દેવેંદ્ર, દેવરાજ ઈશાનની સાથે વાર્તાલાપ કરવા સમર્થ છે ? હે ગૌતમ ! હા, તે વાતચીત કરવા માટે સમર્થ છે તથા પાસે આવવા સંબંધે જણાવ્યું તેમ વાતચીત સંબંધે પણ સમજવું. હે ભગવન્ ! તે દેવેંદ્ર, દેવરાજ શક્ર અને ઈશાન વચ્ચે પ્રયોજન કે વિધેય-કાર્ય હોય છે. હે ગૌતમ ! હા, હોય છે. હે ભગવન્ ! હમણા તેઓ પોતપોતાના કાર્યોને કેવી રીતે કરે છે ? હે ગૌતમ ! જ્યારે દેવેંદ્ર, દેવરાજ શક્રને કાર્ય હોય ત્યારે તે દેવેંદ્ર, દેવરાજ ઈશાનની પાસેઆવે છે. અને જ્યારે દેવેંદ્ર દેવરાજઈશાનને કાર્ય હોય ત્યારે તે દેવેંદ્ર, દેવરાજ શક્રની પાસે આવે છે તેઓની પરસ્પર બોલવાની રીતી આવી છેઃ- હે દક્ષિણ લોકાર્ધના ધણી દેવેંદ્ર દેવરાજ શક્ર ! અને હે ઉત્તર લોકાર્ધના ધણી દેવેંદ્ર દેવરાજ ઈશાન ! એ પ્રમાણે સંબોધી તેઓ પોતપોતાનું કાર્ય કરે છે.

[૧૬૬] હે ભગવન્ ! તે બન્ને દેવેંદ્ર, દેવરાજ શક્ર અને દેવેંદ્ર, દેવરાજ ઈશાન-વચ્ચે વિવાદો થાય છે ? હે ગૌતમ હા, તે બન્ને વચ્ચે વિવાદ થાય છે. હે ભગવન્ ! જ્યારે તે બે વચ્ચે વિવાદ થાય છે ત્યારે ઓ શું કરે છે ? હે ગૌતમ ! જ્યારે તે બે વચ્ચે વિવાદ થાય છે ત્યારે તેઓ, દેવેંદ્ર દેવરાજ સનત્કુમારને સંભારે છે અને સંભારતાંજ તે દેવેંદ્ર, દેવરાજ સનત્તકુમાર દેવેંદ્ર, દેવરાજ શક્ર અને ઈશાનની પાસે આવે છે. તથા તે આવીને જે કહે છે તેને તેઓ માને છે-તે ઈંદ્રો તેની આજ્ઞામાં, સેવામાં, આદેશમાં અને નિર્દેશમાં રહે છે.

[૧૬૭] હે ભગવન્ ! શું દેવેંદ્ર, દેવરાજ સનત્કુમાર ઘણા શ્રમણ, ઘણી શ્રમણીઓ ઘણા શ્રાવક અને ઘણી શ્રાવિકાઓનો હિતેચ્છુ છે. સુખેચ્છું છે, પથ્યેચ્છુ છે, તેઓના ઉપર અનુકંપા કરનાર છે, તેઓનું નિઃશ્રેયસ ઈચ્છનાર છે તથા તેઓના હિતનો, સુખનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને નિઃશ્રેયસનો ઈચ્છુક છે, માટે હે ગૌતમ ! તે સનત્કુમાર ઈંદ્ર ભવસિદ્ધક છે યાવત્-તે ચરમ છે, પણ અચરમ નથી. હે ભગવન્ ! દેવેંદ્ર, દેવરાજ સનત્કુમારની સ્થિતિ કેટલા કાળ સુધીની કહી છે ? હે ગૌતમ ! તેની સ્થિતિ સાત સાગરોપમની કહી છે હે ભગવન્ ! તેની આવરદા પૂરી થયા પછી તે, દેવલોકથી ચ્યવી યાવત્-ક્યાં ઉત્પન્ન થશે ? હે ગૌતમ ! તે મહાવિદેહક્ષેત્રમાં સિદ્ધ થશે, યાવત્-તેનાં સર્વ દુઃખનો નાશ કરશે. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે.

[૧૬૮-૧૬૯] તિષ્યક શ્રમણનો તપ છઠ્ઠ અને એક માસનું અનશન છે. કુરુદત્ત શ્રમણનો તપ અઠમ અને અડધા માસનું અનશન છે. તિષ્યક શ્રમણનો સાધુ પર્યાય આઠ વર્ષનો અને કુરુદત્ત શ્રમણનો સાધુ પર્યાય છ માસનો છે અર્થાત્ એ બે શ્રમણોને લગતી બીના આ ઉદ્દેશકમાં આવી છે. બીજી વિગત-વિમાનોની ઉંચાઈ, ઈંદનું ઈંદની પાસે જવું, જોવું, સંલાપ, કાર્ય, વિવાદની ઉત્પત્તિ, તેનો નિવેડો અને સનત્કુમારમાં ભવ્યપણું, એ બીનાઓ પણ આ ઉદ્દેશકમાં કહી છે. મોકા સમાપ્ત

[શતકઃ ૩-ના ઉદ્દેસાઃ ૧ -ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ]

## -: ઉદ્દેશક ૨ :-

[૧૭૦] તે કાળે, તે સમયે રાજગૃહ નામનું નગર હતું. યાવત્ સભા પર્યુપાસના કરે છે. તે કાળે તે સમયે અસુરેંદ્ર, અસુરરાજ ચમર, ચમરચંચાનામની રાજધાનીમાં સુધર્માસભામાં ચમર નામના સિંહાસનમાં બેઠેલો તથા ચોસઠહજાર સામાનિક દેવોથી વીંટાએલો (તે) નાટ્યવિધિને દેખાડીને જે દિશામાંથી આવ્યો હતો તે દિશામાં પાછો ગયો. 'હે ભગવન્ !' એમ કહી ભગવન્ ગૌતમ, શ્રમણ ભગવંત મહાવીરને વાંદે છે, નમે છે, અને આ પ્રમાણે બોલ્યાઃ- હે ભગવન્ ! રત્નપ્રભા પૃથિવીની નીચે અસુરકુમાર દેવો રહે છે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી એ પ્રમાણે યાવત્-સાતમી પૃથિવીની નીચે, સૌધર્મકલ્પ તથા બીજા કલ્પોની નીચે અસુરકુમાર દેવો રહેતા નથી. હે ભગવન્ ! ઈષત્પ્રાગભારા પૃથિવીની નીચે અસુરકુમાર દેવો રહે છે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! ત્યારે ક્યું એવું પ્રસિદ્ધ સ્થાન છે કે, જ્યાં અસુરકુમાર દેવો નિવાસ કરે છે ? હે ગૌતમ ! એક લાખ અને એંશીહજાર યોજનની જાડાઈવાળા આ રત્નપ્રભા પૃથિવીના મધ્યભાગે તે અસુરકુમાર દેવો રહે છે. અહીં અસુરકુમાર દેવો સંબંધી વક્તવ્યતા કહેવી. અને તેઓ દિવ્યભોગોને ભોગવતા વિહરે છે. હે ભગવન્ ! તે અસુરકુમારોમાં એવું સામર્થ્ય છે કે તેઓ પોતાના સ્થાનથી નીચે જઈ શકે ? હે ગૌતમ હા, સામર્થ્ય છે. હે ભગવન્ ! તે અસુરકુમારો પોતાના સ્થાનથી કેટલા ભાગસુધી નીચે જઈ શકે છે ? હે ગૌતમ ! સાતમી પૃથિવી સુધી. તેઓની નીચે જવાની માત્ર આટલી શક્તિ છે. પરંતુ તેઓ ત્યાંસુધી કોઈવાર ગયા નથી, જશે નહિં, અને જાતા પણ નથી. કિંતુ ત્રીજી પૃથિવી સુધી જાય છે, ગયા છે અને જશે પણ ખરા. હે ભગવન્ ! તે અસુરકુમારો ત્રીજી પૃથિવીસુધી જાય છે, ગયા છે, અને જશે તેનું શું કારણ ? હે ગૌતમ ! પોતાના પૂર્વના વૈરીને વેદના દેવા, પોતાના જૂના સોબતીઓને સુખી કરવા એ કારણથી અસુરકુમાર દેવો ત્રીજી પૃથિવી સુધી ગયા છે, જાય છે તથા જશે.

હે ભગવન્ ! તે અસુરકુમારોમાં એવું સામર્થ્ય છે કે તેઓ પોતાના સ્થાનથી તિર્છે

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જઇ શકે ? હે ગૌતમ ! હા, જવાનું સમાર્થ્ય છે. હે ભગવન્ ! તે અસુરકુમારો પોતાના સ્થાનથી કેટલા ભાગ સુધી તિરછા જઇ શકે ? હે ગૌતમ ! પોતાના સ્થાનથી યાવત્-અસંખ્યેય દ્વીપ સમુદ્રો સુધી તિરછા જવાનું તેઓનું માત્ર સામર્થ્ય છે. પણ તેઓ નંદીશ્વરદ્વીપ સુધી તો ગયા છે, જાય છે, અને જશે પણ ખરા. હે ભગવન્ ! તે અસુરકુમારો નંદીશ્વરદ્વીપ સુધી જાય છે, ગયા છે અને જશે તેનું શું કારણ ? હે ગૌતમ ! જે આ અરિહંત ભગવંત છે, એઓના જન્મોત્સવમાં દીક્ષા-ઉત્સવમાં, જ્ઞાનોત્પતિમહોત્સવમાં અને પરિનિર્વાણના ઉત્સવમાં એ અસુરકુમાર દેવો નંદીશ્વપદ્વીપ સુધી જાય છે, ગયા છે અને હે ભગવન્ ! તે અસુરકુમારોમાં એવું સમાર્થ્ય છે કે તેઓ, પોતાના સ્થાનથી ઉંચે ગૌતમ ! હા, જઇ શકે છે. હે ભગવન્ ! તે અસુરકુમારો પોતાના સ્થાનથી કેટલા ભાગ સુધી ઉંચે જઇ શકે છે ? હે ગૌતમ ! અચ્યુતકલ્પસુધી પરંતુ તેઓ ગયા નથી જશે નહિ અને જાતા પણ નથી. પરંતુ સૌધર્મકલ્પ સુધી જાય છે. ગયા છે અને જશે પણ ખરા.

હે ભગવન્ ! તે અસુરકુમારો ઉંચે સૌધર્મકલ્પ સુધી જાય છે, ગયા છે અને જશે તેનું શું કારણ ? હે ગૌતમ ! તે દેવોને જન્મથીજ વૈરાનુબંધ છે. વૈક્રિયરૂપોને બનાવતા તથા ભોગોને ભોગવતા તે દેવો આત્મરક્ષક દેવોને ત્રાસ ઉપજાવે છે તથા યથોચિત નાના નાના રત્નો લઈને પોતે ઉજજડ ગામમાં ચાલ્યા જાય છે. હે ભગવન્ ! તે દેવો પાસે યથોચિત નાના નાના રત્નો હોય છે ? હે ગૌતમ ! હા, હોય છે. હે ભગવન્ ! જ્યારે તે અસુરો, વૈમાનિકોનાં રત્નો ઉપાડી જાય ત્યારે વૈમાનિકો તેઓને શું કરે છે ? હે ગૌતમ ! રત્નો લીધા પછી તે અસુરોને શારીરિક દુઃખ સહન કરવું પડે છે. હે ભગવન્ ! ઉપર ગયા એવાજ તે અસુરકુમાર દેવો ત્યાં રહેલી અપ્સરાઓ સાથે દિવ્ય અને ભોગવવા યોગ્ય ભોગોને ભોગવી શકે ખરા, વિહરી શકે ખરા ? હે ગૌતમ ! એ પ્રમાણે કરવાને તે અસુરકુમાર દેવો સમર્થ નથી. કિંતુ તેઓ ત્યાંથી પાછા વળે છે અને અહીં આવે છે. જો કદાચ તે અપ્સરાઓ તેઓનો આદર કરે, તેઓની સ્વામી તરીકે સ્વીકાર કરે તો તે અસુરકુમાર દેવો, તે ત્યાં રહેલી અપ્સરાઓ સાથે દિવ્ય અને ભોગવવા યોગ્ય ભોગોને ભોગવી શકે છે, ભોગવતા રહી વિહરી શકે છે. હવે કદાચ તે અપ્સરાઓ તેઓનો આદર ન કરે તથા તેઓને સ્વામી તરીકે ન સ્વીકારે તો તે અસુર- કુમાર દેવો, તે અપ્સરાઓ સાથે દિવ્ય ભોગોને ભોગવી શકતા નથી. હે ગૌતમ ! 'અસુરકુમાર દેવો, સૌધર્મકલ્પસુધી ગયા છે, જાય છે અને જશે' તેનું પૂર્વ પ્રમાણે કારણ છે.

[૧૭૧] હે ભગવન્ ! કેટલો સમય વીત્યા પછી અસુરકુમારદેવો ઉંચે જાય છે તથા સૌધર્મકલ્પસુધી ગયા છે ને જશે ? હે ગૌતમ ! અનંત ઉત્સર્પિણી અને અનંત અવ-સર્પિણી વીત્યા પછી લોકોમાં આશ્ચર્ય પમાડનાર એ ભાવ ઉત્પન્ન થાય છે કે, અસુર-કુમારદેવો ઉંચે જાય છે અને યાવત્-સૌધર્મકલ્પસુધી જાય છે. હે ભગવન્ ! કોનો આશ્રય કરીને-તે અસુરકુમાર દેવો યાવત્-સૌધર્મકલ્પ સુધી જાય છે ? હે ગૌતમ ! જેમ કોઇ એક શબર, બબ્બર, ઢંકણે, પણ્હજાતિ, અને પુલિંદ લોકો એક મોટા જંગલનો, ખાડાનો, જલદુર્ગનો કે સ્થદુર્ગનો, ગુફાનો ખાડા અને વૃક્ષોથી ગીચ થએલ ભાગનો અને પર્વતનો આશ્રય કરી એક સારા અને મોટા ઘોડાના લશ્કરને, હાથીના લશ્કરને, યોદ્ધાઓના લશ્કરને, ધનુષ્યના લશ્કરને હંફાવવાની હિંમત કરે છે, એજ પ્રમાણે અસુરકુમાર દેવો પણ અરિહંતોને, અરિહંતના ચૈત્યોને અને ભાવિત આત્મા સાધુઓનો આશ્રય કરી ઉંચે

Jain Site

યાવત્ સૌધર્મકલ્પસુધી જાય છે. પણ તે સિવાય જતા નથી. હે ભગવન્ ! શું બધાય અસુરકુમારો યાવત્-સૌધર્મકલ્પ સુધી ઉંચે જાય છે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. કિંતુ દ્રવ્ય ઋદ્ધિવાળા અસુરકુમાર દેવો ઉંચે સૌધર્મકલ્પ સુધી જાય છે. હે ભગવન્ ! શું એ અસુરેંદ્ર, અસુરરાજ ચમર પણ કોઈવાર પૂર્વે ઉપર યાવત્-સૌધર્મકલ્પસુધી ગએલો છે ? હે ગૌતમ ! હા, હે ભગવન્ ! નીચે રહેતો અંસુરેંદ્ર, અસુરરાજ ચમર કેવો મોટો ઋદ્ધિવાળો છે, કેવો મોટો કાંતિવાળો છે અને યાવત્-તેની તે ઋદ્ધિ ક્યાં ગઈ ? હે ગૌતમ ! કૂટાકારશાલા માફક જાણવું

[૧૭૨] હે ભગવન્ ! અસુરેંદ્ર, અસુરરાજ ચમરે તે દિવ્ય દેવઋદ્ધિ અને યાવત્-તે બધું કેવી રીતે લબ્ધ કર્યું, કેવી રીતે પ્રાપ્ત કર્યું, અને કેવી રીતે સામે આણ્યું ? હે ગૌતમ ! તે કાળે તે સમયે આજ જંબૂદ્વીપ નામના દ્વીપમાં, ભારતવર્ષમાં વિંધ્ય નામે પહાળની તળેટીમાં વેભેલ નામનો સંનિવેશ હતો. તે વેભેલ નામે સંનિવેશમાં પૂરણ નામનો ગૃહપતિ રહેતો હતો. તે આઢ્ય અને દીપ્ત હતો. તામલી તપસ્વીની પેઠે આ પૂરણની પણ વક્તવ્યતા કહેવી. વિશેષ એ કે, ચાર ખાનાવાળું કાષ્ટનું પાત્ર કરીને યાવત્-વિપુલ ખાનપાન, ખાદિમ અને સ્વાદિમ- યાવત્-પોતાની મેળેજ તે ચારખાનાવાળું લાકડાનું પાત્ર લઈને, મુંડ થઈને. 'દાનામા' નામની પ્રવજ્યા વડે તે પૂરણ ગૃહપતિ પ્રવ્રજિત થયો. યાવત્-તે પૂરણ તપસ્વી આતાપન ભૂમિથી નીચે આવી, પોતાની મેળેજ તે ચાર ખાનાવાળું પાત્ર લઈ' તે વેભેલ નામના સન્નિવેશમાં ઉંચા નીચા અને મધ્યમ કુળોમાં ભિક્ષા લેવાની વિધિપૂર્વક ભિક્ષા માટે ફર્યો. અને ભિક્ષાના નીચે પ્રમાણે ચાર ભાગો કર્યા-જે કાંઈ મારા પાત્રના પહેલા ખાનામાં આવે તે મારે વટેમાર્ગુઓને દેવું. જે કાંઈ મારા પાત્રના બીજા ખાનામાં આવે તે મારે કાગડાઓને અને કુતરાઓને ખવરાવવું, જે કાંઈ મારા પાત્રના ત્રીજા ખાનામાં પડે તે મારે માછલાંઓને અને -કાચબાઓને ખવરાવી દેવું અને જે કાંઈ મારા ચોથા ખાનામાં પડે તે મારે ખાવાને કલ્પ્ય છે એમ કહીને એમ વિચારીને કાલ પ્રકાશવાળી રાત્રી થયા પછી-અહીં બધું પૂર્વ પ્રમણેજ કહેવું. યાવત્-જે મારા ચોથા ખાનામાં પડે તે પોતે આહાર કરે છે. પછી પૂરણ નામે બાલતપસ્વી, તે ઉદાર, વિપુલ, પ્રદત્ત અને પ્રગાહીત બાલતપકર્મવડે અહીં બધું પૂર્વ પ્રમાણેજ કહેવું, યાવત્-તે વેભેલ નામના સંનિવેશ વચોવચ નીકળે છે, નીકળી પાવડી તથા કુંડી વગેરે ઉપકરણોને ચારખાનાવાળા લાકડાના પાત્રને એકાંતે મૂકી, તે વેભેલ સંનિવેશથી અગ્નિખૂણે અર્ધનિવર્તનિક મંડળને આળેખે છે. આળેખી, સંલેષણા જૂસણાથી જૂષિત થઈ, ખાન તથા પાનનો ત્યાગ કરી પાદોપગમન નાનું અનશન સ્વીકારી 'દેવગત થયા.

હે ગૌતમ ! તે કાળે, તે સમયે, હું છદ્માવસ્થામાં હતો અને મને દીક્ષા લીધે અગીયાર વર્ષ થયા હતાં. તથા હું નિરંતર છઠછઠના તપકર્મપૂર્વક સંયમ અને તપવડે આત્માને ભાવતો, પૂર્વાનુપૂર્વીએ ચરતો અને ગામોગામ ફરતો જે તરફ સુંસુમારપુર નગર છે, જે તરફ અશોક વનખંડ છે, જે તરફ ઉત્તમ અશોકનું વૃક્ષ છે અને જે તરફ પૃથિવીશિલાપટ્ટક છે તે તરફ આવ્યો અને પછી તે અશોકના ઉત્તમ વૃક્ષની હેઠળ પૃથિવીશિલાપટ્ટક ઉપર મેં અઠમનો તપ આદર્યો. તથા હું બન્ને પગને ભેળા કરીને, હાથને નીચા નમતા લાંબા કરીને અને માત્ર એક પુદ્ગલ ઉપર નજર માંડીને, આંખોને, ફફડાવ્યા સિવાય જરાક શરીરને આગળના ભાગમાં નમતું મેલીને, યથાસ્થિત ગોત્રવડે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગુપ્ત થઈને, એક રાત્રિની મોટી પ્રતિમાને સ્વીકારીને વિહરતો હતો. તે કાળે તે સમયે ચમરચંચા રાજધાનીમાં ઈંદ્ર અને પુરોહિત ન હતા. હવે તે પૂરણ નામે બાલ- તપસ્વી, પૂરેપૂરાં બાર વર્ષ સુધી પર્યાયને પાળીને, માસિક સંલેખનાવડે આત્માને સેવીને, સાઠ ટંક સુધી અનશન રાખીને, કાળમાસે કાળ કરી ચમરચંચા રાજધાનીમાં ઉપપાત સભામાં ઈંદ્રપણે ઉત્પન્ન થયો હવે તે તાજોજ ઉત્પન્ન થએલો અસુરેંદ્ર, અસુરરાજ ચમર પાંચે પ્રકારની પર્યાપ્તિવડે પર્યાપ્તપણાને પામે છે

હવે તે અસુરેંદ્ર, અસુરરાજ ચમર, પાંચ પ્રકારની પર્યાપ્તિથી પર્યાપ્તપણાને પામ્યા પછી અવધિજ્ઞાનવડે સ્વાભાવિક રીતે ઉંચે યાવત્-સૌધર્મકલ્પમાં દેવેંદ્ર, દેવરાજ, મઘવા પાકશાસન,-શતક્રતુ, હજારઆંખોવાળા,-હાથમાં વજ્રને ધારણ કરનાર, પુરંદર શક્રનો યાવત્-દશે દિશાઓનો અજવાળતો તથા પ્રકાશિત કરતો અને સૌધર્મ- કલ્પમાં, સૌધર્માવતંસક નામના વિમાનમાં, શક્ર નામના સિંહાસન ઉપર બેસી દિવ્ય ભોગવવા યોગ્ય ભોગોને ભોગવતો જૂએ છે. તેને તે પ્રકારેજોઈ તે ચમરના મનમાં આ એ પ્રકારનો આધ્યાત્મિક ચિંતિત, પ્રાર્થિત મનોગત સંકલ્પ થયો કેઃ- અરે એ મરણનો ઈચ્છુક, નઠારાં લક્ષણવાળો, લાજ અને શોભા વિનાનો તથા પુન્યહીન ચૌદશને દહાડે જન્મેલો એ કોણ છે ? જે, મારી પાસે આ એ પ્રકારની દિવ્ય દેવઋદ્ધિ યાવત્-દિવ્ય દેવાનુભાવ હોવા છતાં મેં દિવ્ય દેવઋદ્ધિ યાવત્-દિવ્ય દેવાનુભાવ લબ્ધ, પ્રાપ્ત અને અભિસમન્વાગત કર્યા છતાં-પણ મારી ઉપર વિના ગભરાટે- દિવ્ય અને ભોગવવા યોગ્ય ભોગોને ભોગવતો વિહરે છે. એમ વિચારી તે ચમરે સામાનિકસભામાં ઉત્પન્ન થએલ દેવોને બોલાવી આ પ્રમાણે કહ્યુંઃ- હે દેવાનુ- પ્રિયો ! અરે એ મરણનો ઈચ્છુક યાવત્-ભોગોને ભોગવતો કોણ છે ? જ્યારે અસુરેંદ્ર અસુરરાજ ચમરે, તે દેવોને પૂર્વ પ્રમાણે કહ્યું ત્યારે તે સામાનિક સભામાં ઉત્પન્ન થયેલ તે દેવો તે ચમરનું કથન સાંભળી હર્ષવાળા, તોષવાળા, યાવત્ હત હૃદયવાળા થયા અને બન્ને હાથને જોડવાપૂર્વક દશે નખને મેળા કરી શિરસાવર્ત સહિત માથામાં અંજલિ કરી તે દેવોએ તે ચમરને જય અને વિજયથી વધાવ્યો,

હે દેવાનુપ્રિય ! એ દેવેંદ્ર, દેવરાજ શક્ર યાવત્-ભોગોને ભોગવતો વિહરે છે. પછી અસુરેંદ્ર, અસુરરાજ ચમર, તે સામાનિક સભામાં ઉત્પન્ન થએલા દેવોના મુખથી એ પ્રમાણે સાંભળી, અવધારી, ક્રુદ્ધ થયો, રોષે ભરાયો, કુપિત થયો. ભયંકર આકૃતિવાળો બન્યો અને ક્રોધના વેગથી ધમધમ્યો. તેણે, તે સામાનિકસભામાં ઉત્પન્ન થએલ દેવોને આ પ્રમાણે કહ્યું કેઃ- હે દેવો ! દેવેંદ્ર, દેવરાજ શક્ર બીજો છે. અને હે દેવો ! અસુરેંદ્ર અસુરરાજ ચમર બીજો છે. દેવેંદ્ર દેવરાજ શક્ર મોટી ઋદ્ધિવાળો છે અને અસુરેંદ્ર, અસુરરાજ ચમર ઓછી ઋદ્ધિવાળો છે તો હે દેવાનુપ્રિયો ! હું મારી પોતાનીજ મેળે દેવેંદ્ર દેવરાજ શક્રને તેની શોભાએથી ભ્રષ્ટ કરવા ઈચ્છુ છું. એમ કરીને તે ચમર ગરમ થયો અને તેણે અસ્વભાવિક ગરમીને પ્રાપ્ત કરી- હવે તે અસુરેંદ્ર, અસુરરાજ ચમરે અવધિજ્ઞાનનો પ્રયોગ કર્યો અને તે અવધિજ્ઞાનના પ્રયોગદ્વારા તે ચમરે મને જોયો. મને જોઈને તેને આ પ્રકારનો આધ્યાત્મિક યાવત્ સંકલ્પ ઉત્પન્ન થયો છે :-

શ્રમણ ભગવંત મહાવીર, જંબૂદ્વીપ નામે દ્વીપમાં, ભારતવર્ષમાં, સુસમારપુર નામના નગરમાં, અશોકવનખંડ નામના ઉદ્યાનમાં અશોકવૃક્ષની નીચે પૃથિવીશી- લાપટ્ટક ઉપર અઠ્ઠમના તપને આદરીને. એક રાત્રિની મહાપ્રતિમાને સ્વીકારીને વિહરે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. તો હું શ્રમણ ભગવંત મહાવીરનો આશરો લઈ દેવેંદ્ર દેવરાજ શક્રને તેને શોભાથી ભ્રષ્ટ કરવા જાઉં, એ મારે કલ્યાણરૂપ થશે. એમ વિચારી તે ચમરેંદ્ર પોતાના શયનમાંથી ઉઠી, દેવદૂષ્યને પહેરી, ઉપપાત સભાથી પૂર્વ દિશા તરફ નીકળ્યો. અને જે તરફ સુધર્માસભા છે, જે તરફ 'ચોપ્પલ' નામનો હથીયાર રાખવાનો ભંડાર છે તે તરફ તે ચમર ગયો અને ત્યાંથી તે ચમરે પરિઘરત્ન નામનું હથીયાર લીધું. પછી તે, એકલો, કોઈ બીજાને સંગાથે લીધા વિના તે પરિઘ રત્નનેલઈને મોટા રોષને ધારણ કરતો ચમરચંચા રાજધાનીના મધ્યભાગે થઈ નીકળે છે અને જ્યાં તિગિચ્છકૂટ નામનો ઉત્પાત પર્વત આવે છે ત્યાં આવે છે. પછી ફરીને પણ વૈક્રિયસમુદ્ઘાતવડે સમવહત થાય છે અને સંખ્યેય યોજન ઉત્તર વૈક્રિયરૂપોને બનાવી તે ઉત્કૃષ્ટ ગતિવડે જ્યાં પૃથિવીશીલાપટ્ટક છે, જ્યાં હું છું ત્યાં આવી, ત્રણવાર પ્રદક્ષિણા કરી, નમસ્કાર કરી, આ પ્રમાણે બોલ્યો :-

હે ભગવન્ ! તમારો આશરો લઈને, હું સ્વયમેવ-મારી પોતાની જાતેજ દેવેંદ્ર, દેવરાજ શક્રને તેની શોભાથી ભ્રષ્ટ કરવા ઈચ્છું છું, એમ કરીને તે ચમર ઉત્તરપૂર્વના દિગ્ભાગ તરફ ચાલ્યો ગયો. પછી તેણે વૈક્રિયસમુદ્ઘાત કર્યો યાવત્-ફરીવાર પણ તે વૈક્રિયસમુદ્ઘાતથી સમવહત થયો. તેમ કરી તે ચમરે એક મોટું, ઘોર, ઘોર આકારવાળું ભયંકર, ભયંકર આકારવાળું, ભાસ્વર, ભયાનક, ગંભીર, ત્રાસ ઉપજાવે એવું, કાળી અડધી રાત્રી અને અડદના ઢગલા જેવું કાળું તથા એક લાખ યોજન ઉંચું મોટું શરીર બનાવ્યું. તેમ કરી તે ચમર પોતાના હાથને પછાડે છે, કૂદે છે, મેઘની પેઠે ગાજે છે, ઘોડાની પેઠે હેષારવ કરે છે, હાથીની પેઠે કિલકિલાટ કરે છે, રથની પેઠે ઝણકાર કરે છે, ભોંય ઉપર પગ પછાડે છે, ભોંય ઉપર પાટું લગાવે છે, સિંહની પેઠે અવાજ કરે છે, ઉછળે છે, પછાડા મારે છે, ત્રિપદીનો છેદ કરે છે, ડાબા હાથને ઉંચો કરે છે, જમણા હાથની તર્જની આંગળીવડે અને અંગુઠાના નખવડે પણ પોતાના મુખને વિડંબે છે, વાંકુ પહોળું કરે છે, અને મોટા મોટા કલકલરૂપ શબ્દોને કરે છે. એમ કરતો તે ચમર, એકલો, કોઈને સાથે લીધા વિના પરિઘ રત્નને લઈને ઉંચે આકાશમાં ઉડ્યો, જાણે અધોલોકને ખળભળાવતો ન હોય, ભૂમિતળને કંપાવતો ન હોય, તિરછાલોકને ખેંચતો ન હોય, ગગનતળને ફોડતો ન હોય, એ પ્રમાણે કરતો તે ચમર, ક્યાંય ગાજે છે, ક્યાંય વિજળીની પેઠે ઝબકે છે, ક્યાંય વરસાદની પેઠે વરસે છે, ક્યાંય ધૂળનો વરસાદ વરસાવે છે, ક્યાંય અંધકારને કરે છે, એમ કરતો કરતો તે ચમર ઉપર ચાલ્યો જાય છે. જતાં જતાં વાનવ્યંતર દેવોમાં ત્રાસ ઉપજાવ્યો, જ્યોતિષિક દેવોના તો બે ભાગ કરી નાખ્યા અને આત્મરક્ષક દેવોને પણ ભગાડી મૂક્યા, એમ કરતો તે ચમર રત્નને આકાશમાં ફેરવતો, શોભાવતો તે ઉત્કૃષ્ટ ગતિવડે તિરછે અસંખ્ય દ્વીપ અને સમુદ્રોની વચ્ચોવચ નીકળ્યો. નીકળીને જ્યાં સૌધર્મકલ્પ છે, જ્યાં સૌધર્માવતંસક નામે વિમાન છે. અને જ્યાં સુધર્માસભા છે ત્યાં આવ્યો. આવીને તેણે પોતાનો એક પગ પદ્મવરવેદિકા ઉપર મૂક્યો અને બીજો એક પગ સુધર્માસભામાં મૂક્યો. તથા પોતાના પરિઘ રત્નવડે મોટા મોટા હોકારાપૂર્વક તેણે ઈંદ્રકીલને ત્રણવાર કુટ્યો. ત્યારબાદ તે ચમર આ પ્રમાણે બોલ્યો કેઃ-

ભો ! દેવેંદ્ર, દેવરાજ શક્ર ક્યાં છે ? તે ચોરાસીહજાર સામાનિક દેવો ક્યાં છે ? યાવત્-તે ચાર ચોરાસીહજાર (૩,૩૬૦૦૦) અંગરક્ષક દેવો ક્યાં છે ? તથા તે ક્રોડો અપ્સરાઓ ક્યાં છે ? આજે હણું છું, આજે વધ કરું છું, તે બધી અપ્સરાઓ જેઓ મારે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તાબે નથી, આજે તાબે થઇ જાઓ, એમ કરીને તેવા પ્રકારના અનિષ્ટ, અકાંત, અપ્રિય, અશુભ, અસુંદર, મનને ન ગમે તેવા અને કાનમાં ખટકે તેવા વચનો તે ચમરે કાઢ્યાં. હવે તે દેવેંદ્ર, દેવરાજ શક્ર તેવા પ્રકારની અનિષ્ટ યાવત્-મનને અણગમતી તથા કોઈવાર નહિં સાંભળેલી અને કાનને અપ્રિય એવી તે ચમરની વાણી સાંભળી, અવધારી રોષે ભરાણો અને યાવત્ ક્રોધથી ધમધમ્યો તથા કોઈવાર નહિં સાંભળેલી અને કાનને અપ્રિય એવી તે ચમરની વાણી સાંભળી, અવધારી રોષે ભરાણો અને યાવત્ ક્રોધથી ધમધમ્યો તથા કપાળમાં ત્રણ આડ પડે તેમ ભવાં ચડાવીને તે શક્રે અસુરેંદ્ર, અસુરરાજ ચમરને આ પ્રમાણે કહ્યું કેઃ- હં ભો ! મરણના ઈચ્છુક અને યાવત્-હીન પુણ્ય ચૌદશને દહાડે જન્મેલ અસુરેંદ્ર, અસુરરાજ ચમર ! આજે તું ન હઈશ આજે તું હતો ન હતો થઈ જઈશ, આજ તને સુખ નથી, એમ કરી, ત્યાંજ ઉત્તમ સિંહાસન ઉપર બેઠાં બેઠાં તે શક્રે વજ્ર ગ્રહણ કર્યું. અને ઝળહળતું સ્ફુટતું, તડતડાટ કરતું, હજારો ઉલ્કાપાતને મૂકતું, હજારો જાળોને છોડતું, હજારો અંગારોને ખેરવતું, આગના કણિઆ અને ઝાળાઓની માળાઓથી ભમાવતું, તથા આંખોને અંજાવી દેતું, આગ કરતાં પણ ઘણું વધારે તેજથી દીપતું સૌથી સારા વેગવાળું, ફુલેલા કેસુડા જેવું લાલ, મોટા ભયને ઉત્પન્ન કરનારું અને ભયંકર વજ્ર, અસુરેંદ્ર અસુરરાજ ચમરના વધ માટે મૂક્યું. હવે તે ઝળહળતા ભયંકર વજ્રને સામું આવતું જોઈ, ને અસુરેંદ્ર, અસુરરાજ ચમર, આ શું એમ ચિંતવના કરે છે તથા 'આવું શસ્ત્ર મારે હોત તો કેવું ઠીક થાત' એમ સ્પૃહા કરે છે કરીને પણ પૂર્વ પ્રમાણે સ્પૃહા કરે છે અને ચિંતન કરે છે. એમ કરીને તુરતજ તે મુકુટથી ખરી ગએલ છોગાવાળો, આલંબવાળા હાથના ઘરેણાવાળો, અસુરેંદ્ર, અસુરરાજ ચમર, પગને ઉંચા રાખીને માથાને નીચું કરીને, જાણે શરીરમાં પરસેવો ન વળ્યો હોય એમ પરસેવાને લૂછતો લૂછતો તે તીવ્ર ગતિ વડે તિરછે અસંખ્ય દ્વીપ તથા સમુદ્રોની વચેથી પસાર થતો જે તરફ જંબૂદ્વીપ છે અને જે તરફ ઉત્તમ અશોકવૃક્ષ છે. તથા જે તરફ હું (મહાવીર) છું તે તરફ આવી બીતો અને ભયથી ગળગળા સ્વરવાળો 'હે ભગવન્ !' તમે મારું શરણ છો' એમ બોલતો તે ચમર મારા બન્ને પગના વચ્ચે શીઘ્રપણે વેગપૂર્વક પડ્યો.

[૧૭૩] હવે આ વખતે તે દેવેંદ્ર, દેવરાજ શક્રને આ એ પ્રકારની યાવત્-સંકલ્પ ઉત્પન્ન થયો કે, અસુરેંદ્ર અસુરરાજ ચમર, પ્રભુ શક્તિવાળો નથી, સમર્થ નથી તેમ તેના વિષય નથી કે, પોતાના બળથી સૌધર્મકલ્પસુધી ઉંચે આવી શકે. પરંતુ હા, જો તેણે અરિહંત, અરિહંતના ચૈત્યો કે ભાવિત આત્મા અનગારોનો આશરો લીધો હોય તો તે ઉપર આવી શકે છે, પણ તે સિવાય ઉપર આવવા તેનું સામર્થ્ય નથી. જો તે ચમર કોઇ અરહંત ભગવંત કે ભાવિત આત્મા અનગાર મહાપુરુષનો આશરો લઈને ઉપર આવ્યો હોય તો તો મારા ફેંકેલ વજ્ર- દ્વારા આશાતના થશે, અને એમ થવું તે મારા માટે દુઃખરૂપ છે, એમ વિચારી તે દેવેંદ્ર, દેવરાજ શક્રે પોતાના અવધિજ્ઞાનનો પ્રયોગ કર્યો અને તે દ્વારા તેણે મને જોયો. મને જોઈને તુરતજ 'અરે ! રે અહો !!! હું મરી ગયો' એમ કરી તે ઉત્કૃષ્ટ યાવત્-દિવ્ય દેવગતિવડે વજ્રની પાછળ નીકળ્યો, તે શક્ર ઈંદ્રે તિરછે અસંખ્ય દ્વીપ અને સમુદ્રોની વચ્ચે યાવત્-જે તરફ ઉત્તમ અશોકનું વૃક્ષ હતું અને જે તરફ હતો તે તરફ આવીને મારાથી માત્ર ચાર આંગળ છેટે રહેલું વજ્ર લઈ લીધું.

[૧૭૪] હે ગૌતમ ! જ્યારે તે શક્રે વજ્ર લીધું ત્યારે તેણે એવા વેગથી મુઠીવાળી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતી કે તે મુઠીના વાયુથી મારાં કેશાગ્ર વીંઝાયા હવે દેવેંદ્ર દેવરાજ શક્રે વજ્રને લઈને, મને ત્રણ પ્રદક્ષિણા કરી પછી તેણે મને નમન કરી આ પ્રમાણે કહ્યું કેઃ- હે ભગવન્ ! તમારો આશરો લઈને અસુરેંદ્ર, અસુરરાજ ચમરે મને મારી શોભાથી ભ્રષ્ટ કરવો ધાર્યો હતો. તેથી મેં ક્રોધિત થઈ અસુરેંદ્ર. અસુરરાજ ચમરને મારવા તેની પાછળ વજ્ર મૂક્યું, ત્યાર-પછી મને આ એ પ્રકારનો આધ્યાત્મિક યાવત્-સંકલ્પ ઉત્પન્ન થયો કેઃ- અસુરેંદ્ર, અસુરરાજ ચમર પોતાના બળથી ઉપર ન આવી શકે. પછી મેં અવધિજ્ઞાનનો પ્રયોગ કર્યો અને તે દ્વારા મેં આપ દેવાનુપ્રિયે જોયા કે તુરતજ 'હા ! હા !, અહો ! ! હું ભરાઈ ગયો' એમ વિચારી તે ઉત્કૃષ્ટ દિવ્યગતિવડે જ્યાં આપ દેવાનુપ્રિય બિરાજો છો ત્યાં આવ્યો અને આપ દેવાનુપ્રિયથી ચાર આંગળ દૂર રહેલું વજ્ર મેં લીધું. વજ્ર લેવાને માટે અહીં આવ્યો છું, અહીં સમવસર્યો છું, અહીં સંપ્રાપ્ત થયો છું, અને અહીંજ ઉપસંપન્ન થઈને વિહરું છું, તો હે દેવાનુપ્રિય ! હું ક્ષમા માગું. આપ ક્ષમા આપો. આપ ક્ષમા કરવાને યોગ્ય છો. હું વારંવાર એમ નહીં કરું-એમ કરીને મને વાંદી, નમી તે શક્ર ઈંદ્ર ઉત્તરપૂર્વના દિગ્ભાગમાં ચાલ્યો ગયો. ત્યાં જઈને તેણે (શક્રે) પૃથ્વી ઉપર ત્રણવાર ડાબો પગ પછાડ્યો અને અસુરેંદ્ર, અસુરરાજ ચમરને આ પ્રમાણે કહ્યું કેઃ- શ્રમણ ભગવંત મહાવીરના પ્રભાવથી તું બચી ગયો છે, અત્યારે મારાથી તને જરાપણ ભય નથી, એમ કરી તે શક્ર, જે દિશામાંથી આવ્યો હતો તેજ દિશામાં પાછો ચાલ્યો ગયો.

[૧૭૫] હે ભગવન્ ! એમ કરી શ્રમણ ભગવંત મહાવીરને વાંદ્યા, નમસ્કાર કર્યો અને તેઓએ આ પ્રમાણે કહ્યું કે :- હે ભગવન્ ! દેવ મોટી ઋદ્ધિવાળો છે, મોટી કાંતિવાળો છે અને યાવત્-મોટા પ્રભાવવાળો છે કે, જેથી તે પૂર્વે-પહેલાંજ પુદ્‌ગલને ફેંકીને પછી તેની પાછળ જઈને તેને ગ્રહણ કરવા સમર્થ છે ? હે ગૌતમ ! હા, દેવ તેમ કરવા સમર્થ છે. હે ભગવન્ ! પહેલાં ફેંકેલ પુદ્‌ગલને, દેવ, પાછળ જઈને લઈ શકે છે, તેનું શું કારણ ? હે ગૌતમ ! જ્યારે પુદ્‌ગલ ફેંકવામાં આવે છે ત્યારે તેનામાં શરુઆતમાંજ શીઘ્રગતિ હોય છે. અને પછી તે મંદગતિવાળું થઈ જાય છે. તથા મોટી ઋદ્ધિવાળો દેવ તો પહેલાં પણ અને પછી પણ શીઘ્ર હોય છે. શીઘ્ર ગતિવાળો હોય છે, ત્વરિત હોય છે અને ત્વરિત ગતિવાળો હોય છે, માટે એ કારણથીજ યાવત્-દેવ, ફેંકેલ પુદ્‌ગલને પણ તેની પાછળ જઈને લઈ શકે છે. હે ભગવન્ ! જો મોટી ઋદ્ધિવાળો દેવ, યાવત્-પાછળ જઈને લઈ શકે છે તો પછી હે ભગવન્ ! દેવેંદ્ર, દેવરાજ શક્ર, પોતાના હાથે અસુરેંદ્ર, અસુરરાજ ચમરને પકડવા કેમ ન સમર્થ નિવડ્યો ? હે ગૌતમ ! અસુરકુમાર દેવોનો નીચે જવાનો વિષય શીઘ્ર, શીઘ્ર તથા ત્વરિત હોય છે અને ઉંચે જવાનો વિષય અલ્પ, અલ્પ તથા મંદ, મંદ હોય છે. વૈમાનિક દેવોને ઉંચે જવાનો વિષય શીઘ્ર, શીઘ્ર તથા ત્વરિત, ત્વરિત હોય છે અને નીચે જવાનો વિષય અલ્પ, અલ્પ તથા મંદ, મંદ હોય છે- એક સમયમાં દેવેંદ્ર, દેવરાજ શક્ર, જેટલો ભાગ ઉપર જઈ શકે છે તેટલુંજ ઉપર જવાને વજ્રને બે સમય લાગે છે અને તેટલુંજ ઉપર જવાને ચમરને ત્રણ સમય લાગે છે અર્થાત્ દેવેંદ્ર, દેવરાજ શક્રનું ઉંચે જવાને થતું કાળમાન-સૌથી થોડું છે અને અધોલોકકંડક તેના કરતાં સંખ્યેયગણું છે. એક સમયમાં અસુરેંદ્ર, અસુરરાજ ચમર, જેટલો ભાગ નીચે જઈ શકે છે તેટલુંજ નીચે જવાને શક્રને બે સમય લાગે છે અને તેટલું નીચે જવાને વજ્રને ત્રણ સમય લાગે છે અર્થાત્ અસુરેંદ્ર, અસુરરાજ ચમરનું અધોલોકકંડક સૌથી થોડું છે અને ઉર્ધ્વલોકકંડક તેના



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરતાં સંખ્યેય ગણું છે. એ કારણે શક્ર ચમરને પકડવા સમર્થ ન નીવડ્યો.

હે ભગવન્ ! દેવેંદ્ર, દેવરાજ શક્રનો ઉર્ધ્વગતિવિષય, અધોગતિવિષય અને તિર્યગ્ગતિવિષય; એ બધામાં કયો વિષય કયા વિષયથી અલ્પ છે, બહુ છે, સરખો છે કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! એક સમયે દેવેંદ્ર, દેવરાજ શક્ર સૌથી થોડો ભાગ ઉપર જાય છે, તિરછું, તે કરતાં સંખ્યેય ભાગ જાય છે અને નીચે પણ સંખ્યેય ભાગ જાય છે. હે ભગવન્ ! અસુરેંદ્ર, અસુરરાજ ચમરનો ઉર્ધ્વગતિવિષય, અધોગતિવિષય અને તિર્યગતિવિષય, એ બધામાં કયો વિષય કયા વિષય કયા વિષયથી અલ્પ છે, બહુ છે, સરખો છે કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! અસુરેંદ્ર, અસુરરાજ ચમર, એક સમયે થોડો ભાગ ઉપર જાય છે, તિરછું, તે કરતાં સંખ્યેય ભાગ જાય છે. અને નીચે પણ સંખ્યેય ભાગ જાય છે. વજ્ર સંબંધી ગતિનો વિષય શક્રની પેઠે જાણવો. વિશેષ એકે ગતિનો વિષય વિશેષાધિક કરવો. હે ભગવન્ ! દેવેંદ્ર, દેવરાજ શક્રનો નીચે જવાનો કાળ અને ઉપર જવાનો કાળ એ બે કાળમાં કયો કાળ કોનાથી થોડો છે, વધારે છે, સરખો છે, અને વિશેષાધિક છે ? હે ગૌતમ ! દેવેંદ્ર, દેવરાજ શક્રનો ઉપર જવાનો કાળ સૌથી થોડો છે અને નીચે વધારે છે, સરખો છે, અને વિશેષાધિક છે ? હે ગૌતમ ! વજ્રનો ઉંચે જવાનો કાળ સૌથી થોડો છે અને નીચે જવાનો કાળ વિશેષાધિક છે. હે ભગવન્ ! એ વજ્ર, વજ્રાધિપતી-ઈંદ્ર-અને અસુરેંદ્ર અસુરરાજ ચમર, એ બધાનો નીચે જવાનો કાળ અને ઉંચે જવાનો કાળ, એ બેમાં કયો કોનાથી અલ્પ છે, વધારે છે, સરખો છે કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! શક્રનો ઉપર જવાનો કાળ અને ચમરનો નીચે જવાનો કાળ, એ બન્ને સરખા છે અને સૌથી થોડા છે, શક્રનો નીચે જવાનો કાળ અને વજ્રનો ઉપર જવાનો કાળ, એ બન્ને સરખા છે અને સંખ્યેયગણા છે. ચમરનો ઉંચે જવાનો કાળ અને વજ્રનો નીચે જવાનો કાળ, એ બન્ને સરખા અને વિશેષાધિક છે. અસુરેંદ્ર, અસુરરાજ ચમર, ચમરચંચા નામની રાજધાનીમાં સુધર્માસભામાં, ચમર નામના સિંહાસનમાં બેસી વિચાર કરે છે. પછી હણાયેલ માનસિક સંકલ્પવાળા અને યાવત્-વિચારમાં પડેલા તે અસુરેંદ્ર, અસુરરાજ ચમરને જોઇ સામાનિકસભામાં ઉત્પન્ન થયેલ દેવોએ હાથ જોડીને તેને આ પ્રમાણે કહ્યું કેઃ- હે દેવાનુપ્રિય ! તમે આજ હણાએલા માનસિક કસંકલ્પવાળા થઇ યાવત્-શું વિચાર કરો છો ? ત્યારે અસુરેંદ્ર, અસુરરાજ ચમરે તે સામાનિકસભામાં ઉત્પન્ન થયેલ દેવોને આ પ્રમાણે કહ્યું કે :- હે દેવાનુપ્રિયો ! મેં મારી પોતાનીજ મેળેજ શ્રમણ ભગવંત મહાવીરનો આશરો લઇને દેવેંદ્ર, દેવરાજ શક્રને તેની શોભાથી ભ્રષ્ટ કરવો ધાર્યો હતો. ત્યારે તેણે (શક્રે) મારા ઉપર કોપ કરી અને મારી પાછળ વજ્ર ફેંક્યું. પણ હે દેવાનુપ્રિયો ! શ્રમણભગવંત મહાવીરનું ભલું થાઓ, કે જેના પ્રભાવથી હું અક્લિષ્ટ રહ્યો છું, અવ્યથિત-પીડા વિનાનો-રહ્યો છું તથા પરિતાપ પામ્યા સિવાય અહીં આવ્યો છું. અહીં સમવસર્યો છું. અહીં સંપ્રાપ્ત થયો છું અને અહીંજ ઉપસંપન્ન થઇને વિહરું છું.

તો હે દેવાનુપ્રિયો ! આપણે બધા જઇએ અને શ્રમણભગવંતમહાવીરને વાંદીએ, નમીએ, યાવત્-તેઓની પર્યુપાસના કરીએ, એમ કરી તે, ચોસઠહજાર સામાનિક દેવો સાથે યાવત્-સર્વ ઋદ્ધિપૂર્વક યાવત્-જે તરફ અશોકનું ઉત્તમ વૃક્ષ છે અને જે તરફ હું (મહાવીર) છું તે તરફ આવી મને ત્રણવાર પ્રદક્ષિણા દેઇ-નમસ્કાર કરી તે આ પ્રમાણે બોલ્યા કેઃ- હે ભગવન્ ! મેં મારી પોતાની જાતેજ તમારો આશરો લઇને દેવેંદ્ર, દેવરાજ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શક્રને તેની શોભાથી ભ્રષ્ટ કરવો ધાર્યો હતો યાવત્-આપ દેવાનુપ્રિયાનું ભલું થાઓ કે જેના પ્રભાવે હું કલેશ પામ્યા સિવાય યાવત્-વિહરું છું. તો દેવાનુપ્રિય ! હું તે સંબંધે આપની પાસે ક્ષમા માગું છું યાવત્-એમ કહી તે ઈશાનખૂણામાં ચાલ્યો ગયો યાવત્-તેણે બત્રીશ જાતનો નાટ્યવિધિ દેખાડ્યો અને પછી તે, જે દિશામાંથી આવ્યો હતો, તેજ દિશામાં પાછો ચાલ્યો ગયો. હે ગૌતમ ! અસુરેંદ્ર, અસુરરાજ ચમરે તે દિવ્ય દેવઋદ્ધિ એ પ્રમાણે લબ્ધ કરી, પ્રાપ્ત કરી અને યાવત્-સામે આણી. તે ચમરેંદ્રની આવરદા સાગરોપમની છે અને તે મહાવિદેહક્ષેત્રમાં સિદ્ધ થશે યાવત્-સર્વ દુઃખનો નાશ કરશે.

[૧૭૭] હે ભગવન્ ! અસુરકુમાર દેવો યાવત્ સૌધર્મકલ્પસુધી ઉંચે જાય છે તેનું શું કારણ ? હે ગૌતમ ! તે તાજા ઉત્પન્ન થએલ કે મરવાની તૈયારીવાળા દેવોને આ એ પ્રકારનો આધ્યાત્મિક યાવત્-સંકલ્પ ઉત્પન્ન થાય છે કે, અહો ! અમે દિવ્ય દેવઋદ્ધિ લબ્ધ કરી છે. પ્રાપ્ત કરી છે અને સામે આણી છે. જેવી દિવ્ય દેવઋદ્ધિ અમે સામે આણી છે, તેવી દિવ્ય દેવઋદ્ધિ દેવેંદ્ર, દેવરાજ શક્રે પણ યાવત્-સામે આણી છે અને જેવી દિવ્ય દેવઋદ્ધિ દેવેંદ્ર, દેવરાજ શક્રે સામી આણી છે તેવીજ દિવ્ય દેવઋદ્ધિ અમે પણ સામે આણી છે. તો જઈએ અને તે દેવેંદ્ર, દેવરાજ શક્રની પાસે પ્રકટ થઈએ અને તે દેવેંદ્ર, દેવરાજે સામે આણેલી દિવ્ય દેવઋદ્ધિને આપણે જોઈએ તથા દેવેંદ્ર, દેવરાજ શક્રે અમે સામે આણેલી દિવ્ય દેવઋદ્ધિને જુએ. વળી દેવેંદ્ર, દેવરાજ શક્રે સામે આણેલી દિવ્ય દેવઋદ્ધિને આપણે જાણીએ અને દેવેંદ્ર, દેવરાજ શક્રે પણ સામે યાવત્ દિવ્ય દેવઋદ્ધિને જાણે. હે ગૌતમ ! એ કારણને લઈને અસુરકુમાર દેવો યાવત્-સૌધર્મકલ્પસુધી ઉંચે જાય છે. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, હે ભગવન્ ! તે એ પ્રમાણે છે.

**[શતકઃ ૩-ના ઉદ્દેસાઃ ૨ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ]**

## -ઃ ઉદ્દેશક ૩ઃ-

[૧૭૮] તે કાળે, તે સમયે રાજગૃહ નામે નગર હતું. યાવત્-સભા ધર્મકથા શ્રવણ કરીને પાછી ગઈ.' તે કાળે તે સમયે યાવત્-ભગવંતના મંડિતપુત્ર નામના ભદ્રસ્વભાવવાળા શિષ્ય યાવત્-પર્યુપાસના કરતાં આ પ્રમાણે બોલ્યા :-

હે ભગવન્ ! કેટલી ક્રિયાઓ કહી છે ? હે મંડિતપુત્ર ! ક્રિયાઓ પાંચ પ્રકકારની કહી છે. કાયિકી, અધિકરણિકી, પ્રાદ્વેષિકી, પારિતાપનિકી, અને પ્રાણાતિ- પાતક્રિયા. હે ભગવન્ ! કાયિકી ક્રિયા કેટલા પ્રકારની કહી છે ? હે મંડિતપુત્ર ! કાયિકી ક્રિયા બે પ્રકારની કહી છે. અનુપરતકાયક્રિયા અને દુષ્પ્રયુક્તકાયક્રિયા. આધિકરણિકી ક્રિયા કેટલા પ્રકારની કહી છે ? હે મંડિતપુત્ર ! આધિકરણિકી ક્રિયા બે પ્રકારની કહી છે :- સંયોજનાધિકરણક્રિયા અને નિવર્તનાધિકરણક્રિયા. હે ભગવન્ ! પ્રાદ્વેષિકી ક્રિયા કેટલા પ્રકારની કહી છે ? હં મંડિતપુત્ર ! પ્રાદ્વેષિકીક્રિયા બે પ્રકારની કહી છે. જીવપ્રાદ્વેષિકીક્રિયા અને અજીવપ્રાદ્વેષિકીક્રિયા. હે ભગવન્ ! પારિતાપનિકીક્રિયા કેટલા પ્રકારની કહી છે ? હે મંડિતપુત્ર ! પારિતાપનિકીક્રિયા બે પ્રકારની કહી છે :- સ્વહસ્ત પારિતાપનિકી અને પરહસ્તપારિતાપનિકી. હે ભગવન્ ! પ્રાણતિપાત ક્રિયા કેટલા પ્રકારની કહી છે ? હે મંડિતપુત્ર ! પ્રાણાતિપાત ક્રિયા બે પ્રકારની કહી છે, તે આ પ્રમાણે :- સ્વહસ્તપ્રાણાતિપાતક્રિયા અને પરહસ્તપ્રાણાતિ- પાતક્રિયા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૧૭૯] હે ભગવન્ ! પહેલાં ક્રિયા થાય અને પછી વેદના થાય કે પહેલાં વેદના થાય અને પછી ક્રિયા થાય ?: હે મંડિતપુત્ર ! પહેલાં ક્રિયા થાય અને પછી વેદના થાય, પણ પહેલાં વેદના થાય અને પછી ક્રિયા થાય' એમ ન બને.

[૧૮૦] હે ભગવન્ ! શ્રમણ નિર્ગ્રંથોને ક્રિયા હોય ! હે મંડિતપુત્ર ! હા હોય. હે ભગવન્ ! શ્રમણ નિર્ગ્રંથોને કેવી રીતે ક્રિયા હોય ? હે મંડિતપુત્ર ! પ્રમાદને લીધે અને યોગના-શરીરાદિકની પ્રવૃત્તિ નિમિત્તે શ્રમણ નિર્ગ્રંથોને પણ ક્રિયાઓ હોય છે.

[૧૮૧] હે ભગવન્ ! જીવ, હંમેશાં માપપૂર્વક કંપે છે, વિવિધ રીતે કંપે છે, એક ઠેકાણેથી બીજે ઠેકાણે જાય છે, સ્પંદન ક્રિયા કરે છે, બધી દિશાઓમાં જાય છે, ક્ષોભ પામે છે, પ્રબળતાપૂર્વક પ્રેરણા કરે છે અને તે તે ભાવને પરિણમે છે ? હે મંડિતપુત્ર ! હા, જીવ હમેશાં માપપૂર્વક કંપે છે, અને તે તે ભાવને પરિણમે છે. હે ભગવન્ ! જ્યાંસુધી તે જીવ, હંમેશાં માપપૂર્વક કંપે છે તે તે ભાવને પરિણમે છે, ત્યાંસુધી તે જીવની મરણ સમયે અંતક્રિયા- તેની મુક્તિ થાય ? હે મંડિતપુત્ર ! એ અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! એમ કહેવાનું શું કારણ ? હે મંડિતપુત્ર ! જ્યાંસુધી તે જીવ, હંમેશાં માપપૂર્વક કંપે છે યાવત્-તે તે ભાવને પરિણમે છે ત્યાંસુધી તે જીવ, આરંભ કરે છે, સંરંભ કરે છે, સમારંભ કરે છે, આરંભમાં વર્તે છે, સંરંભમાં વર્તે છે, સમારંભમાં વર્તે છે અને તે આરંભ કરતો, સંરંભ કરતો, સમારંભ કરતો તથા આરંભમાં વર્તતો, સંરંભમાં વર્તતો અને સમારંભમાં વર્તતો જીવ, ઘણા પ્રાણોને, ભૂતોને, જીવોને અને સત્ત્વોને દુઃખ પમાડવામાં, શોક કરાવવામાં, ઝૂરાવવામાં ટિપાવવામાં, પિટાવવામાં ત્રાસ પમાડવામાં અને પરિતાપ કરાવવામાં વર્તે છે- તે કારણે એમ કહ્યું કે, જ્યાંસુધી તે જીવ, માપપૂર્વક કંપે છે યાવત્-તે તે ભાવને પરિણમે છે ત્યાંસુધી તે જીવની મરણ સમયે મુક્તિ ન થાય.

હે ભગવન્ ! જીવ, હંમેશા સમિત ન કંપે અને યાવત્- તે તે ભાવને ન પરિણમે ? અર્થાત્ જીવ નિષ્ક્રિય પણ હોય ? હે મંડિતપુત્ર ! હા, જીવ હંમેશાં સમિત ન કંપે અને યાવત્- તે તે ભાવને ન પરિણમે અર્થાત્ જીવ નિષ્ક્રિય હોય. હે ભગવન્ ! જ્યાંસુધી તે જીવ, ન કંપે યાવત્-તે તે ભાવને ન પરિણમે ત્યાંસુધી તે જીવની મરણ સમયે મુક્તિ થાય ? હે મંડિતપુત્ર ! હા, એવા જીવની મુક્તિ થાય. હે ભગવન્ ! તેનું શું કારણ ? હે મંડિતપુત્ર ! જ્યાંસુધી તે જીવ, હમેશાં સમિત ન કંપે યાવત્-તે તે ભાવને ન પરિણમે ત્યાંસુધી તે જીવ, આરંભ કરતો નથી, સંરંભ કરતો નથી, સમારંભ કરતો નથી, આરંભમાં વર્તતો નથી, સંરંભમાં વર્તતો નથી, સમારંભમાં વર્તતો નથી અને તે આરંભ ન કરતો, સંરંભ ન કરતો, સમારંભ ન કરતો, તથા આરંભમાં ન વર્તતો નથી, સમારંભમાં ન વર્તતો, જીવ બહુ પ્રાણોને, ભૂતોને, જીવોને અને સત્ત્વોને દુઃખ પમાડવામાં નિમિત્ત થતો નથી. જેમ કોઇ કોઇ એક પુરુષ હોય અને તે સૂકા ઘાસના પૂળાને અગ્નિમાં નાખે. તો હે મંડિતપુત્ર ! અગ્નિમાં નાખ્યો કે તુરતજ તે સૂકા ઘાસનો પૂળો બળી જાય, એ ખરું કે નહીં ? હા, તે બળી જાય. વળી જેમ કોઇ એક પુરુષ હોય, અને તે, પાણીના ટીપાને તપેલા લોઢાના કડાયા ઉપર નાખે. તો હે મંડિતપુત્ર ! તપેલા લોઢાના કડાયા ઉપર નાખ્યું કે તુરતજ તે તે પાણુંનુબીંદુ નાશ પામે, એ ખરું કે નહિ ? હા, તે નાશ પામી જાય.

પછી જેમ કોઇ એક ઝરો હોય પાણીથી ભરેલો હોય, પાણીથી છલોછલ ભરેલો હોય, પાણીથી છલકાતો હોય, પાણીથી વધતો હોય, તથા ભરેલ ઘડાની પેઠે બધે સ્થાને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાણીથી વ્યાપ્ત હોય અને તેમાં-તે ઝરામાં-કોઈ એક પુરુષ, સેંકડો નાના કાણાવાળી, અને સેંકડો મોટા કાણાવાળી, એક મોટી નાવને પ્રવેશાવે, હવે હે મંડિતપુત્ર ! તે નાવ, તે કાણાઓ દ્વારા પાણીથી ભરાતી ભરાતી પાણીથી ભરેલી થઈ જાય, તેમાં પાણી છલોછલ ભરાઈ જાય અને પાણીથી વધ્યેજ જાય અને છેવટે તે ભરેલા ઘડાની પેઠે બધે ઠેકાણે પાણીથી વ્યાપ્ત થઈ જાય, હે મંડિતપુત્ર ! એ ખરું કે નહીં ? હા, ખરું. હવે કોઈ એક પુરુષ, તે નાવનાં બધાં કાણાં બૂરી દે અને નૌકાના ચાટવાવતી તેમાંનું બધું પાણી બહાર કાઢી નાખે. તો હે મંડિતપુત્ર ! તે નૌકા, તેમાનું બધું પાણી ઉલેચાયા પછી શીઘ્રજ પાણી ઉપર આવે એ ખરું કે નહી ? હા, તે ખરું ! એજ રીતે સંવૃત્ત થએલ ઈર્યાસમિત અને યાવત્-ગુપ્ત બ્રહ્મચારી સાવધાનીથી ગમન કરનાર, સ્થિતિ કરનાર, બેસનાર, સૂનાર, વસ્ત્ર, પાત્ર, કંબલ, અને રજોહરણને ગ્રહણ કરનાર અને મૂકનાર અનગારને યાવત્-આંખને પટપટાવતાં પણ વિમાત્રાપૂર્વક સૂક્ષ્મઈર્યાપથિકી ક્રિયા થાય છે અને પ્રથમસમયમાં બદ્ધસ્પૃષ્ટ થએલી, બીજા સમયમાં વેદાએલી, ત્રીજા સમયમાં નિર્જરાને પામેલી તે ક્રિયા ભવિષ્યકાળે અકર્મ પણ થઈ જાય છે. માટે 'જ્યાંસુધી તે જીવ, હમેશા સમિત કંપતો નથી યાવત્-તેની મરણ સમયે મુક્તિ થાય છે.

[૧૮૨] હે ભગવન્ ! પ્રમત્ત સંયમને પાળતા પ્રમત્ત સંયમીનો બધો મળીને પ્રમત્તસંયમ-કાળ કેટલો થાય છે ? હે મંડિતપુત્ર ! એક જીવને આશ્રીને જઘન્યે એક સમય અને ઉત્કૃષ્ટે દેશોન પૂર્વકોટિ, એટલો પ્રમત્તસંયમકાળ-થાય છે અને અનેક જાતના જીવો-ને આશ્રીને સર્વ કાળ, પ્રમત્તસંયમકાળ છે. હે ભગવન્ ! અપ્રમત્ત સંયમને પાળતા અપ્રમત્તસંયમીનો બધો મળીને અપ્રમત્તસંયમ-કાળ કેટલો થાય છે ? હે મંડિતપુત્ર ! એક જીવને આશ્રીને જઘન્યે અંતર્મૂહૂર્ત અને ઉત્કૃષ્ટે દેશોન પૂર્વકોટિ, અને અનેક જાતના જીવોને આશ્રીને સર્વ કાળ, અપ્રમત્ત સંયમ-કાળ છે. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, એમ કહી ભગવાન્ ગૌતમ મંડિતપુત્ર અનગાર શ્રમણ ભગવંત મહાવીરને વાંદે છે. યાવત્ આત્માને ભાવતા વિહરે છે.

[૧૮૩] હે ભગવન્ ! એમ કહી ગૌતમ શ્રમણભગવંતમહાવીરને વાંદે છે, નમે છે, અને તેમ કરી તેઓ આ પ્રમાણે બોલ્યા કેઃ- હે ભગવન્ ! લવણસમુદ્ર, ચૌદશને દિવસે, આઠમને દિવસે, અમાસને દિવસે અને પૂનમને દિવસે વધારે કેમ વધે છે ને વધારે કેમ ઘટે છે ? હે ગૌતમ ! જેમ જીવાભિગમસૂત્રમાં લવણસમુદ્ર સંબંધે કહ્યું છે તેમ અહીં જાણવું અને યાવત્-'લોકસ્થિતિ અને લોકાનુભાવ' એ શબ્દ સુધી જાણવું. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, હે ભગવન્ ! તે એ પ્રમાણે છે એમ કહી યાવત્-વિહરે છે.

**[શતક-૩-નાઉદ્દેસા-૩-ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ]**

## -ઃ ઉદ્દેશક ૪ ઃ-

[૧૮૪] હે ભગવન્ ! ભાવિતાત્મા અનગાર, વૈક્રિય સમુદ્ઘાતથી સમવહત થએલા અને યાનરૂપે ગતિ કરતા દેવને જાણે, જૂએ ? હે ગૌતમ ! કોઈ દેવને જૂએ પણ યાનને ન જૂએ. કોઈ યાનને જૂએ પણ દેવને ન જૂએ. કોઈ દેવ અને યાન, એ બન્નેને જૂએ અને કોઈ તો દેવ અને યાન, એ બેમાંથી કોઈ વસ્તુને ન જૂએ. હે ભગવન્ ! ભાવિતાત્મા અનગાર, વૈક્રિય સમુદ્ઘાતથી સમવહત થએલી અને યાનરૂપે ગતિ કરતી એવા

Jainsite.com जैनम् जयति शासनम्

દેવીવાળા દેવને જાણે, જૂએ ? હે ગૌતમ ! કોઈ તે દેવીવાળા દેવને જૂએ, પણ યાનને ન જૂએ એ હે ભગવન્ ! ભાવિતાત્મા અનગાર, શું ઝાડના અંદરના ભાગને જૂએ કે બહારના ભાગને જૂએ ? હે ગૌતમ ! અહીં પણ ચાર ભાંગા કહેવા. એજ રીતે શું મૂળને જૂએ છે ? કાંદાને જૂએ છે ? હે ગૌતમ ! પૂર્વ પ્રમાણે ચાર ભાંગા કરવા.અને એજ પ્રમાણે મૂળની સાથે બીજનો સંયોગ કરવો, એ રીતે કંદની સાથે પણ જોડવું. એ પ્રમાણે પુષ્પની સાથે બીજનો સંયોગ કરવો. હે ભગવન્ ! ભાવિતાત્મા અનગાર, શું વૃક્ષનું ફળ જૂએ કે બીજ જૂએ ? હે ગૌતમ ! અહીં ચાર ભાંગા કરવા.

[૧૮૫] હે ભગવન્ ! વાયુકાય, એક મોટું સ્ત્રીરૂપ પુરુષરૂપ, હસ્તિરૂપ, યાનરૂપ, એ પ્રમાણે જુગ્ગ, ગિલ્લિ, થિલ્લ, શિબિકા (ડોળી) અને સ્પંદમાનિકા એ બધાનું રૂપ વિકુર્વી શકે છે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. પણ વિકુર્વણા કરતો વાયુકાય, એક મોટું પતાકાના આકાર જેવું રૂપ વિકુર્વે છે. હે ભગગવન્ ! વાયુકાય, એક મોટું પતાકાના આકાર જેવું રૂપ વિકુર્વી અનેક યોજન સુધી ગતિ કરવાને શક્ત છે ? હે ગૌતમ ! હા, તેમ કરવાને શક્ત છે. હે ભગવન્ ! શું તે વાયુકાય, આત્મઋદ્ધિથી ગતિ કરે છે કે પરની ઋદ્ધિથી ગતિ કરે છે ? હે ગૌતમ ! તે આત્મઋદ્ધિથી ગતિ કરે છે પણ પરની ઋદ્ધિથી ગતિ કરતો નથી. જેમ તે આત્મઋદ્ધિથી ગતિ કરે છે તેમ તે આત્મકર્મથી અને આત્મપ્રયોગથી પણ ગતિ કરે છે' એ પ્રમાણે કહેવું. હે ભગવન્ ! શું તે વાયુકાય, ઉંચી પતાકાની પેઠે રૂપ કરી ગતિ કરે છે, કે પડી ગએલી પતાકાની પેઠે રૂપ કરી ગતિ કરે છે. હે ગૌતમ ! તે, ઉંચી પતાકાની પેઠે અને પડી ગયેલી પતાકાની પેઠે-એ બન્ને પ્રકારે રૂપ કરી ગતિ કરે છે. શું તે એક દિશામાં પતાકા હોય એવું રૂપ કરી ગતિ કરે છે કે બે દિશામાં પતાકા હોય એવું રૂપ કરી ગતિ કરે છે ? હે ગૌતમ ! તે, એક દિશામાં પતાકા હોય એવું રૂપ કરીને ગતિ કરે છે, પણ બે દિશામાં પતાકા હોય એવું રૂપ કરીને કરતો નથી. હે ભગવન્ ! તો શું તે વાયુકાય પતાકા છે ? હે ગૌતમ ! તે વાયુકાય, પતાકા નથી. પણ વાયુકાય છે.

[૧૮૬] હે ભગવન્ ! -બલાહક એક મોટું સ્ત્રીરૂપ યાવત્-પાલખી પરિણમાવવા સમર્થ છે ? હે ગૌતમ ! હા, તે, તેમ કરવા સમર્થ છે. હે ભગવન્ ! બલાહક, એક મોટું સ્ત્રીરૂપ કરીને અનેક યોજનો સુધી જવા સમર્થ છે ? હા, તે, તેમ કરવા સમર્થ છે. હે ભગવન્ ! શું તે બલાહક, આત્મઋદ્ધિથી ગતિ કરે છે કે પરઋદ્ધિથી ગતિ કરે છે ? હે ગૌતમ ! તે, આત્મઋદ્ધિથી ગતિ કરતો નથી, પણ પરઋદ્ધિ ગતિ કરે છે. એ પ્રમાણે આત્મકર્મ અને આત્મપ્રયોગથી પણ ગતિ કરતો નથી પણ પરકર્મ અને પરપ્રયોગથી તે, ગતિ કરે છે. અને તે ઉંચી થયેલી કે પડી ગએલી ધજાની પેઠે ગતિ કરે છે. હે ભગવન્ ! શું તે બલાહક, સ્ત્રી છે ? હે ગૌતમ ! તે બલાહક, સ્ત્રી નથી, પણ બલાહક છે. એ પ્રમાણે પુરુષ, ઘોડો, તથા હાથી વગેરે માટે જાણવું. હે ભગવન્ ! શું તે બલાહક, એક મોટા યાનનું રૂપ પરિણમાવી અનેક યોજનો સુધી ગતિ કરી શકે છે ? હે ગૌતમ ! જેમ સ્ત્રીરૂપ સંબંધે કહ્યું તેમ યાનના રૂપ સંબંધે પણ સમજવું. વિશેષ એ કે, તે એક પૈડું રાખીને પણ ચાલે અને બન્ને તરફ પૈડું રાખીને પણ તે ચાલે. તથા તેજરીતે જુગ્ગ, ગિલ્લિ, થિલ્લિ, શિબિકા અને સ્પંદમાનિકાના રૂપ સંબંધે પણ જાણવું.

[૧૮૭] હે ભગવન્ ! જે જીવ નૈરયિકોંમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તે,! કેવી લેશ્યાવાળાઓમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! જીવ, જેવી લેશ્યાવાળાં દ્રવ્યોનું ગ્રહણ કરી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાળ કરે છે તેવી લેશ્યાવાળામાં તે, ઉત્પન્ન થાય છે, તે આ પ્રમાણે :- કૃષ્ણ, નીલ, અને કાપોતલેશ્યાવાળામાં અર્થાત્ જે જેની લેશ્યા, તેની તે લેશ્યા કહેવી. એ પ્રમાણે બીજા પણ પ્રશ્નો કરવા યાવત્ - હે ભગવન્ ! જે જીવ, જ્યોતિષિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તે, કેવી લેશ્યાવાળાઓમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! જીવ, જેવી લેશ્યાવાળા દ્રવ્યોનું ગ્રહણ કરી કાળ કરે છે તેવી લેશ્યાવાળામાં તે, ઉત્પન્ન થાય છે. તે આ પ્રમાણેઃ- તેજોલેશ્યાવાળા-ઓમાં. હે ભગવન્ ! જે જીવ વૈમાનિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તે કેવી લેશ્યાવાળા-ઓમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! જીવ, જેવી લેશ્યાવાળાં દ્રવ્યોનું ગ્રહણ કરી કાળ કરે છે તેવી લેશ્યાવાળામાં તે, ઉત્પન્ન થાય છે તે આ પ્રમાણે તેજોલેશ્યાવાળાઓમાં, પદ્મલેશ્યાવાળાઓમાં અને શુક્લલેશ્યાવાળાઓમાં.

[૧૮૮] હે ભગવન્ ! ભાવિતાત્મા અનગાર, બહારનાં પુદ્ગલોનું ગ્રહણ કર્યા સિવાય વૈભાર પર્વતને ઓળંગી શકે છે, પ્રલંઘી શકે છે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! ભાવિતાત્મા અનગાર, બહારનાં પુદ્ગલોનું ગ્રહણ કરીને વૈભાર પર્વતને ઓળંગી શકે છે, પ્રલંઘી શકે છે ? હે ગૌતમ ! હા, તે, તેવી રીતે તેમ કરવા સમર્થ છે. હે ભગવન્ ! ભાવિતાત્મા અનગાર, બહારનાં પુદ્ગલોનું ગ્રહણ કર્યા સિવાય, જેટલાં રૂપો રાજગૃહ નગરમાં છે, તેટલાં રૂપોને વિકુર્વી વૈભાર પર્વતમાં પ્રવેશ કરી તે સમ પર્વતને વિષમ કરી શકે ? કે તે વિષમ પર્વતને સમ કરી શકે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી, એજ રીતે બીજો આલાપક પણ કહેવો. વિશેષ એ કે, પુદ્ગલોનું ગ્રહણ કરીને પૂર્વ પ્રમાણે કરી શકે છે' એ પ્રમાણે કહેવું. હે ભગવન્ ! શું માયી મનુષ્ય વિકુર્વણ કરે કે અમાયી મનુષ્ય વિકુર્વણ કરે ? હે ગૌતમ ! માયી મનુષ્ય, પ્રણીત એવું પાન ભોજન કરે છે, એવું ભોજન કરી કરીને વમન કરે છે. તે પ્રણીત પાન ભોજનદ્વારા તેના હાડ અને હાડમાં રહેલી મજ્જા તે ઘન થાય છે તથા તેનું માંસ અને લોહી પાતળા થાય છે. વળી તેના (તે ભોજનના) જે યથાબાદર પુદ્ગલો છે તેનું તેને તે તે રૂપે પરિણમન થાય છે. તે આ પ્રમાણેઃ- શ્રોત્રેંદ્રિય- પણે યાવત્-સ્પર્શેંદ્રિયપણે, તથા હાંડપણે, હાડની મજ્જાપણે, કેશપણે, શ્મશ્રુપણે, રોમપણે, નખપણે, વીર્યપણે અને લોહિપણે (તે પુદ્ગલો) પરિણમે છે. અને અમાયી મનુષ્ય તો લૂખું એવું ભોજન કરે છે, એવું ભોજન કરીને તે વમન કરતો નથી. તે લૂખા પાન ભોજનદ્વારા તેનાં હાડની મજ્જા પાતળા થાય છે અને તેનું માંસ અને લોહી ઘન થાય છે તથા તેના જે યથાબાદર પુદ્ગલો છે તેનું પણ તેને પરિણમન થાય છે. તે આ પ્રમાણે છેઃ- ઉચ્ચારપણે, મૂત્રપણે અને યાવત્-લોહિપણે. તો તે કારણથી યાવત્-અમાયી મનુષ્ય વિકુર્વણ કરતો નથી ? માયી, તે કરેલી પ્રવૃત્તિનું આલોચન અને પ્રતિક્રમણ કર્યા સિવાય કાળ કરે છે માટે તેને આરાધના નથી અને અમાયી, તે પોતાની ભૂલવાળી પ્રવૃત્તિનું આલોચન અને પ્રતિક્રમણ કરીને કાળ કરે છે માટે તેને આરાધના છે. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે,

**[શતક-૩-ના ઉદ્દેસા-૪-ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ]**

## -: ઉદ્દેશક ૫ :-

[૧૮૯] હે ભગવન્ ! ભાવિતાત્મા અનગાર, બહારનાં પુદ્ગલોને લીધા સિવાય એક મોટા સ્ત્રીરૂપને યાવત્-પાલખી રૂપને વિકુર્વવા સમર્થ છે ? હે ગૌતમ ! એ અર્થ

સમર્થ નથી. હે ભગવન્ ! ભાવિતાત્મા અનગાર, બહારનાં પુદ્ગલોને લઈને એક મોટા સ્ત્રીરૂપને યાવત્- પાલખી રૂપને વિકુર્વવા સમર્થ છે ? હે ગૌતમ હા, તે તેમ કરવા સમર્થ છે. હે ભગવન્ ! ભાવિતાત્મા અનગાર કેટલાં સ્ત્રીરૂપોને વિકુર્વવા સમર્થ છે ? હે ગૌતમ ! જેમ કોઈ એક યુવાન, યુવતિને કાંડાથી વાળવાપૂર્વક પકડે અથવા જેમ પૈડાની ધરી આરાઓથી વ્યાપ્ત હોય તેમ ભાવિતાત્મા અનગાર વૈક્રિયસમુદ્- ઘાતથી સમવહત થઈ યાવત્-હે ગૌતમ ! ભાવિતાત્મા અનગાર આખા જંબૂદ્વીપને ઘણાં સ્ત્રીરૂપોવડે આકીર્ણ, વ્યક્તિકીર્ણ યાવત્-કરી શકે છે. હે ગૌતમ ! ભાવિતાત્મા અન- ગારનો આ એ પ્રકારનો માત્ર વિષય છે, પણ એ પ્રકકારે કોઈવારં વિકુર્વણ થયું નથી, થતું નથી અને થશે નહિ. એજ પ્રમાણે ક્રમપૂર્વક યાવત્-પાલખીનારૂપ સંબંધે સમજવું.

હે ભગવન્ ! જેમ કોઇ એક પુરુષ તલવાર અને ઢાલ લઇને ગતિ કરે, એજ પ્રમાણે- ભાવિતાત્મા અનગાર પણ તલવાર અને ઢાલવાળા મનુષ્યની પેઠે કોઈપણ કાર્યને અંગે પોતે ઉંચે આકાશમાં ઉડે ? હે ગૌતમ ! હા, ઉડે. હે ભગવન્ ! ભાવિતાત્મા અનગાર, તલવાર અને ઢાલવાળા મનુષ્યના જ કેટલાં રૂપો વિકુર્વી શકે ? હે ગૌતમ ! જેમ કોઇ એક યુવાન યુવતીને કાંડાથી પકડે યાવત્-વિકુર્વણા થતી નથી અને વિકુર્વણા થશે પણ નહિં. હે ભગવન્ ! જેમ કોઇ એક પુરુષ એક પતાકા કરીને ગતિ કરે એજ પ્રમાણે ભાવિતાત્મા અનગાર પણ, હાથમાં એક પતાકા ધરીને ચાલનાર પુરુષના જેવાં કેટલાં રૂપો કરી શકે ? હે ગૌતમ ! પૂર્વની પેઠેજ જાણવું. અને યાવત્-વિકુર્વણ થયું નથી, થતું નથી, અને થશે નહિ. એ પ્રમાણે બે તરફ ધજાવાળી પતાકા સંબંધે પણ સમજવું. હે ભગવન્ ! જેમ કોઈ એક પુરુષ એક તરફ જનોઇ કરીને ગતિ કરે એજ પ્રમાણે ભાવિતાત્મા અનગાર પણ, એક તરફ જનોઇ કરીને ચાલનાર પુરુષની પેઠે પોતે કોઇ કાર્યને લીધે ઉંચે આકાશમાં ઉડે ? હે ગૌતમ ! હા ઉડે. હે ભગવન્ ! ભાવિતાત્મા અનગાર પોતે, કાર્ય પરત્વે એક તરફ જનોઈવાળા પુરુષના જેવાં કેટલાં રૂપો વિકુર્વી શકે ? હે ગૌતમ ! તેજ પ્રમાણે જાણવું. અને યાવત્-વિકુર્વણ કર્યું નથી, વિકુર્વણ કરતો નથી અને વિકુર્વણ કરશે પણ નહિ. એ પ્રમાણે બે તરફ જનોઇવાળા પુરુષના જેવાં રૂપો સંબંધે પણ સમજવું.

હે ભગવન્ ! જેમ કોઇ એક પુરુષ એક તરફ પલોંઠી કરીને બેસે, એજ પ્રમાણે ભાવિતાત્મા અનગાર પણ એના જેવું રૂપ કરીને આકાશમાં ઉડે ? હે ગૌતમ ! એજ પ્રમાણે જાણવું અને યાવત્-વિકુર્વણ કર્યું નથી, વિકુર્વતા નથી. અને વિકુર્વશે પણ નહિ, એ પ્રમાણે બે તરફ પલોંઠી સંબંધે પણ સમજવું. હે ભગવન્ ! જેમ કોઇ એક પુરુષ એક તરફ પર્યંકાસક કરીને બેસે, એજ પ્રમાણે ભાવિતાત્મા અનગાર પણ એના જેવું રૂપ કરીને આકાશમાં ઉડે ? હે ગૌતમ ! એજ પ્રમાણે જાણવું અને યાવત્-વિકુર્વણ કર્યું નથી, વિકુર્વણ થતું નથી અને વિકુર્વણ થશે પણ નહિં, એ પ્રમાણે બે તરફના પર્યંકાસન સંબંધે પણ સમજવું. હે ભગવન્ ! ભાવિતાત્મા અનગાર બહારનાં પુદ્ગલો ગ્રહણ કર્યા સિવાય એક મોટા ઘોડાના રૂપને, હાથીના રૂપને, સિંહના રૂપને, વાઘના રૂપને, નારના રૂપને, દીપડાના રૂપને, રીંછના રૂપને, નાના વાઘના રૂપને,અને શરભના રૂપને અભિયોજવા સમર્થ છે ? હે ગૌતમ ! એ વાત સમર્થ નથી. હે ભગવન્ ! ભાવિતાત્મા અનગાર બહારના પુદ્ગલોને લઈને પૂર્વ પ્રમાણે કરવા સમર્થ છે ? હે ગૌતમ ! બહારના પુદ્ગલોને લઈને તે અનગાર પૂર્વ પ્રમાણે કરી શકે છે. હે ભગવન્ ! ભાવિતાત્મા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનગાર, એક મોટા ઘોડાના રૂપને અભિયોજી અનેક યોજનો સુધી જવાને સમર્થ છે ? હે ગૌતમ ! તે તેમ કરવા સમર્થ છે. હે ભગવન્ ! શું આત્મઋદ્ધિથી જાય છે, પારકી ઋદ્ધિથી જાય છે ? હે ગૌતમ ! આત્મ- ઋદ્ધિથી જાય પારકી ઋદ્ધિથી જતો નથી. પોતાના કર્મથી જાય પારકાના કર્મથી જતો નથી, પોતાના પ્રયોગથી જાય પારકાના પ્રયોગથી જતો નથી. તથા તે સીધો પણ જઈ શકે વિપરીત પણ જઈ શકે છે.

હે ભગવન્ ! શું તે અનગાર અશ્વ કહેવાય હે ગૌતમ ! તે અનગાર છે, પણ ઘોડો નથી. એ પ્રમાણે શરભના રૂપ સુધીના બધા આરૉપસંબંધી જાણવું. હે ભગવન્ ! શું તે વિકુર્વણ માયી અનગાર કરે, કે અમાયી અનગાર પણ કરે ? હે ગૌતમ ! તે વિકુર્વણા માયી અનગાર કરે અમાયી અનગાર ન કરે. હે ભગવન્ ! તે પ્રકારનું વિકુર્વણ કર્યા પછી તે સંબંધી આલોચન કે પ્રતિક્રમણ કર્યા સિવાય જો તે વિકુર્વણ કરનાર માયી કરનાર માયી સાધુ કાળ કરે, તો તે ક્યાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! તે સાધુ, કોઇ એક જાતના અનાભિયોગિક દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થાય ? હે ભગવન્ ! તે એ પ્રમાણે છે,

[૧૯૦]સ્ત્રી, તરવાર, પતાકા, જનોઇ અને પર્યંકાસન, એ બધાં રૂપોનો અભિયોગ અને વિકુર્વણ માયી સાધુ કરે એ હકીકત આ ઉદ્દેશકમાં છે

**[શતક : ૩ ના ઉદ્દેસા - ૫ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ]**

## ઉદ્દેસો-૬

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

[૧૯૧] હે ભગવન્ ! રાજગૃહ નગરમાં રહેલો મિથ્યાદૃષ્ટિ અને માયી-કષાયી ભાવિતાત્મા અનગાર વીર્યલબ્ધિથી, વૈક્રિયલબ્ધિથી અને વિભંગજ્ઞાનલબ્ધિથી વાણારસી નગરીનું વિકુર્વણ કરીને (તદ્ગત) રૂપોને જાણે, જૂએ ? હે ગૌતમ ! હા, તે, તે રૂપોને જાણે અને જૂએ. હે ભગવન્ ! શું તે તથાભાવે જાણે અને જૂએ, કે અન્યથાભાવે જુએ છે ? હે ગૌતમ ! તે તે તથાભાવે ન જાણે અને ન જૂએ, પણ અનયથાભાવે જાણે અને જૂએ. હે ભગવન્ ! તેમ થવાનું શું કારણ ? હે ગૌતમ ! તે સાધુના મનમાં એમ થાય છે કે-વારાણસીમાં રહેલો હું રાજગૃહ નગરની વિકુર્વણા કરીને (તદ્ગત) રૂપોને જાણું છું અને જોઉં છું. એવું તેનું દર્શન વિપરીત હોય છે માટે આ કારણથી-તે, અન્યથા ભાવે જાણે-જૂએ છે. હે ભગવન્ ! વારાણસીમાં રહેલો માયી, મિથ્યાદૃષ્ટિ ભાવિતાત્મા અનગાર યાવત્-રાજગૃહ નગરનું વિકુર્વણ કરીને (તદ્ગત) રૂપોને જાણે અને જૂએ ? હે ગૌતમ ! હા, તે તે, રૂપોને જાણે અને જૂએ. યાવત્-તે સાધુના મનમાં એમ થાય છે કે, રાજગૃહ નગરમાં રહેલો હું વારાણસી નગરીની વિકુર્વણા કરીને રૂપોને જાણું છું અને જોઉં છું; એવું તેનું દર્શન વિપરીત હોય છે માટે આ હેતુથી તે અન્યથાભાવે જાણે છે અને જૂએ છે.

હે ભગવન્ ! માયી મિથ્યાદૃષ્ટિ ભાવિતાત્મા અનગાર વીર્યલબ્ધિથી, વૈક્રિય-લબ્ધિથી અને વિભંગજ્ઞાનલબ્ધિથી વારાણસી નગરી અને રાજગૃહ નગરની વચ્ચે એક મોટા મનુષ્ય સમુદાયની વિકુર્વણા કરે અને તેમ કર્યા પછી તે વારાણસી નગરી અને રાજગૃહ નગરની વચ્ચે એક મોટા જનસમૂહ વર્ગને જાણે અને જૂએ ? હે ગૌતમ ! હા, તે તેને જાણે અને જૂએ ? હે ભગવન્ ! શું તે, તેને તથાભાવે જાણે જૂએ, કે અન્યથાભાવે જાણે જૂએ. હે ગૌતમ ! તે, તેને તથાભાવે ન જાણે અને ન જૂએ; પણ અન્યથાભાવે જાણે અને જૂએ. હે ભગવન્ ! તે પ્રકારે જાણે અને જૂએ, યાવત્-તેનું શું કારણ ? હે ગૌતમ ! તે સાધુના

મનમાં એમ થાય છે કે, આ વારાણસી નગરી છે અને આ રાજગૃહ નગર છે, તથા એ બેની વચ્ચે આવેલો આ એક મોટો જનપદ વર્ગ છે, પણ તે મારી વીર્યલબ્ધિ, વૈક્રિયલબ્ધી કે વિભંગજ્ઞાનલબ્ધી નથી, તથા મેં મેળવેલાં પ્રાપ્ત કરેલાં અને મારી પાસે રહેલાં ઋદ્ધિ, દ્યુતિ, યશ, બળ, વીર્ય કે પુરુષાકાર પરાક્રમ નથી, તેવું તે સાધુનું દર્શન વિપરીત થાય છે તે કારણથી યાવત્-તે, તે પ્રમાણે જાણે છે અને જૂએ છે.

[૧૯૨] હે ભગવન્ ! વારાણસી નગરીમાં રહેલો અમાયી, સમ્યગ્દૃષ્ટિ ભાવિતાત્મા અનગાર વીર્યલબ્ધિથી, વૈક્રિયલબ્ધિથી, અને અવધિજ્ઞાનલબ્ધિથી રાજગૃહ નગરનું વિકુર્વણ કરીને રૂપોને જાણે અને જૂએ ? હે ગૌતમ ! હા, તે, તે રૂપોને જાણે અને જૂએ. હે ભગવન્ ! શું તે, તે રૂપોને તથાભાવે જાણે જૂએ.. કે અન્યથાભાવે જાણે જૂએ ? હે ગૌતમ ! , તે રૂપોને તથાભાવે જાણે અને જૂએ, પણ અન્યથાભાવે ન જાણે અને જૂએ. હે ભગવન્ ! તેમ થવાનું શું કારણ ? હે ગૌતમ ! તે સાધુના મનમાં એમ થાય છે કે, વારાણસી નગરીમાં રહેલો હું રાજગૃહ નગરની વિકુર્વણ કરીને રૂપોને જાણું છું, તથા જોઉં છું. તેવું તેનું દર્શન વિપરીતતા વિનાનુંહોય છે, તે કારણથી હે ગૌતમ ! 'તે તથાભાવે જાણે છે અને જૂએ છે' એમ કહ્યું છે. બીજો આલાપક પણ એરીતે કહેવો. વિશેષ એ કે,-વિકુર્વણા વારાણસીની સમજવી અને રાજગૃહમાં રહીને જોવું જાણવું સમજવું સમજવું.

હે ભગવન્ ! અમાયી, સમ્યગ્દૃષ્ટિ ભાવિતાત્મા અનગાર વીર્યલબ્ધિથી, વૈક્રિયલબ્ધિથી અને અવધિજ્ઞાનલબ્ધિથી રાજગૃહ નગર અને વારાણસી નગરીની વચ્ચે એક મોટો જનપદ વર્ગ વિકુર્વે અને પછી રાજગૃહ નગર અને વારણસી નગરીની વચ્ચે એક મોટા જનસમૂહવર્ગને જાણે અને જૂએ ? હે ગૌતમ ! હા, તે, તેને જાણે અને જૂએ. હે ભગવન્ ! શું તે સાધુ, તેને તથાભાવે જાણે અને જૂએ, કે અન્યથાભાવે. હે ગૌતમ ! તે, તેને તથાભાવે જાણેઅને જૂએ,પણ અન્યથાભાવે ન જાણે ન જૂએ.હે ભગવન્!તેનું શું કારણ ? હે ગૌતમ ! તે સાધુના મનમાં એમ થાય છે કે, એ રાજગૃહ નગર નથી, એ વારાણસી નગરી નથી અને એ બેની વચ્ચેનો એક મોટો જનપદ વર્ગ નથી; પણ એ મારી વીર્યલબ્ધિ, વૈક્રિયલબ્ધિ, કે અવધિજ્ઞાનલબ્ધિ છે; એ મેં મેળ- વેલાં, પ્રાપ્ત કરેલાં અને મારી પાસે રહેલાં ઋદ્ધિ, દ્યુતિ, યશ, બળ, વીર્ય ને પુરુષાકાર પરાક્રમ છે; તેનું દર્શન અવિપરીત હોય છે. તે કારણથી હે ગૌતમ ! એમ કહેવાય છે હે ભગવન્ ! ભાવિતાત્મા અનગાર બહારનાં પુદ્ગલો મેળવ્યા સિવાય એક મોટા ગામના રૂપને, નગરના રૂપને, યાવત્-સંનિવેશના રૂપને વિકુર્વવા સમર્થ છે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. એ પ્રમાણે બીજો આલાપક કહેવો. વિશેષ એ કે, બહારનાં પુદ્ગલોને મેળવીને તે સાધુ તેવાં રૂપોને વિકુર્વવાને સમર્થ છે. ભાવિતાત્મા અનગાર કેટલાં ગ્રામ રૂપોને વિકુર્વવાને સમર્થ છે ? જેમ કોઇ એક યુવાન પુરુષ પોતાના હાથે યુવતિના હાથને મજબૂત પકડીને વાળે એ રીતે સાધુ ગ્રામયાવત્ સંનિવેશરૂપોને વિકુર્વે.

[૧૯૩]હે ભગવન્ ! અસુરેંદ્ર, અસુરરાજ ચમરના આત્મરક્ષક દેવો કેટલા હજાર કહ્યા છે ? હે ગૌતમ ! ચમરના આત્મરક્ષક દેવો ૨૫૬ હજાર છે, અહીં આત્મરક્ષક દેવો-નું વર્ણન સમજવું, અને સઘળા ઈંદ્રોમાં જેટલા આત્મરક્ષક દેવો હોય તે બધા સમજવા. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, હે ભગવન્ ! તે એ પ્રમાણે છે. એમ કહી વિહરે છે.

[શતક - ૩ - ઉદ્દેસા - ૬ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

-: ઉદ્દેશક ૭ :-

[૧૯૪] રાજગૃહ નગરમાં યાવત્-પર્યુપાસના કરતા આ પ્રમાણે બોલ્યા કે:- હે ભગવન્! દેવેંદ્ર, દેવરાજ શક્રને કેટલા લોકપાલો કહ્યા છે? હે ગૌતમ! તેને ચાર લોકો-પાલો કહ્યા છે. તે આ પ્રમાણેઃ- સોમ, યમ, વરુણ અને વૈશ્રમણ. હે ભગવન્! એ ચારે લોકપાલોને કેટલાં વિમાનો કહ્યાં છે? હે ગૌતમ! એઓને ચાર વિમાનો કહ્યાં છે. તે આ પ્રમાણે સંધ્યાપ્રભ, વરશિષ્ટ, સ્વંયજ્વલ, અને વલ્ગુ. હે ભગવન્! દેવેંદ્ર, દેવરાજ શક્રના લોકપાલ સોમ નામના મહારાજાનું સંધ્યાપ્રભ નામનું મોટું વિમાન ક્યાં રહેલું છે?

હે ગૌતમ! જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતની દક્ષિણે આ રત્નપ્રભા પૃથિ-વીની બહુસમ રમણીય ભૂમિભાગથી ઉંચે ચંદ્ર, સૂર્ય, ગ્રહગણ, નક્ષત્ર અને તારારૂપો આવે છે. અને ત્યાંથી બહુ યોજન ઉંચે યાવત્-પાંચ અવતંસકો કહ્યા છે. તે આ પ્રમાણેઃ- અશોકાવતંસક, સપ્તપર્ણાવતંસક, ચંપકાવતંસક, ચૂતાવતંસક અને વચ્ચે સૌધર્મા-વતંસક છે. તે સૌધર્માવતંસક મહાવિમાનની પૂર્વે સૌધર્મકલ્પ છે, તેમાં અસંખ્ય યોજન દૂર ગયા પછી-અહીં-દેવેંદ્ર, દેવરાજ શક્રના લોકપાલ સોમ નામના મહારાજાનું સંધ્ય-પ્રભ નામનું મહા વિમાન કહ્યું છે, તે વિમાનની લંબાઇ અને પહોળાઇ સાડાબાર- લાખ યોજનની છે. તેનો ઘેરાવો ૩૯૫૨૮૪૮ યોજન કરતાં કાંઇક વધારે છે. એ સંબંધે સૂર્યાભદેવની વિમાન વક્તવ્ય- તાની પેઠે બધી હકીકત કહેવી. અને તે દેવને બદલે સોમદેવ કહેવો. સંધ્યાપ્રભ મહા- વિમાનની બરાબર નીચે અસંખ્ય યોજન આગળ અવગાહ્યા પછી અહીં દેવેંદ્ર, દેવરાજ શક્રના સોમ મહારાજાની સોમા રાજધાની છે. તે રાજધાનીની લંબાઇ અને પહોળાઇ એક લાખ યોજનની છે. આ રાજધાનીમાં આવેલા કિલ્લા વગેરેનું પ્રમાણ વૈમાનિકોના કિલ્લા વગેરેના પ્રમાણ કરતાં અડધું કહેવું અને એ પ્રમાણે ઘરના પીઠ બંધ સુધી જાણવું. ઘરના પીઠબંધનો આયામ અને વિષ્કંભ ૧૬૦૦૦ યોજન છે અને તેનો ઘેરાવો ૫૦૫૯૭ યોજન કરતાં કાંઇક વિશેષાધિક છે. પ્રાસાદોની ચાર પરિપાટીઓ કહેવી અને બાકીની નથી.

[૧૯૫] દેવેંદ્ર, દેવરાજ શક્રના સોમ મહારાજાની આજ્ઞામાં, ઉપપાતમાં, કહેણમાં અને નિર્દેશમાં આ દેવો રહે છે :- સોમકાયિકો, સોમદેવકાયિકો, વિદ્યુત્કુમારો, વાયુકમારીઓ, ચંદ્રો, સૂર્યો, ગ્રહો, નક્ષત્રો, તારારૂપો અને તેવાજ પ્રકારના બીજા પણ બધા દેવો તેની ભક્તિવાળા, તેના પક્ષવાળા અને તેને તાબે રહેનારા છે-એ બધા દેવો તેની આજ્ઞામાં ઉપપાતમાં, કહેણમાં અને નિર્દેષમાં રહે છે. જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતની દક્ષિણે જે આ પેદા થાય છે :- ગ્રહદંડો -મંગલ વિગેરે ત્રણ ચાર ગ્રહો એક શ્રેણીએ તીરછા આવે તે, ગ્રહમુસલો-મંગલ વિગેરે ચાર ગ્રહો ઉંચી શ્રેણીએ આવે તે, ગ્રહગર્જિતો-ગ્રહોને ફરવાની વખતે ગર્જારવ થાય તે, ગ્રહયુદ્ધો-એક નક્ષત્રમાં ઉત્તર દક્ષિણ ગ્રહોનું સમશ્રેણીપણે રહેવું થાય તે. ગૃહશૃંગાટકો-એક નક્ષત્રમાં ગૃહનું સીંઘો-ડાના આકારે રહેવું તે, ગ્રહાપસવ્યો-ગ્રહોનું પ્રતિકુલ ગમન. અભ્રવૃક્ષો-વૃક્ષોના આકારનાં વાદળાં. સંધ્યા, ગાંધર્વનગરો, ઉલ્કાપાતો, દિગ્દાહો-નીચે અંધારું હોવા સાથે ઉપર મોટું નગર બળતું હોય તેવો પ્રકાશ. ગર્જારવો, વિજળીઓ, ધૂળની વૃષ્ટિ, યૂપોક-શુલ્કપક્ષના પહેલા ત્રણ દિવસની ચંદ્રની ઝાંખી, ધૂમિકા-પીળાશવાળી ઝાકળ, મહિકા-કંઇક ધોળાશવાળી ઝાકળ, રજનો ઉદ્ઘાત-દિશામાં ધૂળનો સમૂહ, ચંદ્રગ્ર- હણો,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સૂર્યગ્રહણો, સૂર્યપરિવેષો, પ્રતિચંદ્રો, પ્રતિસૂર્યો, ઈંદ્રધનુષ, ઉદકમત્સ્ય-ખંડિત એવું ઈંદ્રધનુષ, કપિહસિત-આકાશમાં વાદળાં ન હોય ને વિજળી થાય તે અમોઘ-ઉગતા અને આથમતા સૂર્યની વખતે તે કિરણના અંધકારથી થાય તે. પૂર્વ દિશાના પવનો, પશ્ચિમના પવનો, ગ્રામદાહો યાવત્-સંનિવેશદાહો-પ્રાણક્ષય, જનક્ષય, ધનક્ષય, કુલક્ષય, યાવત્-વ્યસનભૂત અનાર્ય તથા તેવાજ પ્રકારના બીજા પણ બધા, દેવેંદ્ર, દેવરાજ શક્રના સોમ મહારાજાથી અજાણ્યા નથી, અણજોએલા નથી, અણસાંભળેલા નથી, અણસમરેલા નથી અને અવિજ્ઞાત નથી દેવેંદ્ર, દેવરાજ શક્રના સોમ મહારાજને આ દેવો અપત્યરૂપ માનીતો છેઃ- અંગારક, મંગલ, વિકોલિક લોહિતાક્ષ શનૈશ્ચર, ચંદ્ર, સૂર્ય, બુધ, બૃહસ્પતિ અને રાહુ. દેવેંદ્ર, દેવરાજ શક્રના સોમ મહારાજાની આવરદા ત્રણ ભાગ સહિત પલ્યોપમની છે અને તેના અપાયરૂપ, અભિમત દેવોની આવરદા એક પલ્યોપમની કહી છે, - એ પ્રકારની મોટી ઋદ્ધિવાળો અને યાવત્ મોટા પ્રભાવશાળી સોમ મહારાજા છે.

હે ભગવન્ ! દેવેંદ્ર, દેવરાજ શક્રના યમ મહારાજાનું વરશિષ્ટ નામનું મહાવિમાન ક્યાં આવ્યું કહ્યું છે ? હે ગૌતમ ! સૌધર્મવતંસક મહાવિમાનની દક્ષિણે ધર્મકલ્પ છે. ત્યાંથી અસંખ્યહજાર યોજનો મૂક્યા પછી-અહીં-દેવેન્દ્ર, દેવરાજ શક્રના યમ મહારાજા-નું વરશિષ્ટ નામનું મહાવિમાન કહ્યું છે. તેની લંબાઇ અને પહોળાઇ સાડાબારલાખ યોજનની છે, ઈત્યાદિ બધું સોમના વિમાનની પેઠે જાણવું અને યાવત્-અભિષેક, રાજ-ધાની અને પ્રાસાદની પંક્તિઓ સંબંધે પણ તેજ રીતે સમજવું. દેવેંદ્ર, દેવરાજ શક્રના યમ મહારાજાની આજ્ઞામાં યાવત્-આ દેવો રહે છેઃ- યમકાયિક, યમદેવકાયિક, પ્રેતકાયિક, પ્રેતદેવકાયિક, અસુરકુમાર, અસુરકુમારીઓ, કંદર્પો, નિરકપાલો, અભિયોગો અને તેવા પ્રકારના બીજા પણ બધા દેવો તેની ભક્તિવાળા, તેના પક્ષવાળા, અને તેને તાબે રહેનારા છે-તે બધા દેવેંદ્ર, દેવરાજ શક્રના યમ મહારાજાની આજ્ઞામાં યાવત્-રહે છે. જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતની દક્ષિણે જે આ ઉત્પન્ન થાય છેઃ- ડિંબો, ડગરો, કલહો, બોલો, ખારો, મહાયુદ્ધો, મહાસંગ્રામો, મહાશસ્ત્રનિપતનો, એ પ્રમાણે મહા-પુરુષનાં મરણો, મહારુધિરનાં નિપતનો, દૂર્ભૂતો, કુલરોગો, ગ્રામરોગો, મંડલરોગો, નગરરોગો. માથાનો દુઃખાવો, આંખની પીડા, કાનની વેદના, નખનો રોગ, દાંતની પીડા, ઈંદ્રના વળગાડો, સ્કંદગ્રહો, કુમારગ્રહો, યક્ષગ્રહો, ભૂતગ્રહો, એ કાંતરીઓ તાવ, બે આંતરિઓ તાવ, ત્રણ આંતરિઓ તાવ, ચોથીઓ તાવ, ઉદ્વેગો, ખાંસી, શ્વાસ, દમ, બળ-નાશક તાવ, દાહ, શરીરના અમુક ભાગનું સડી જવું, અજીરણ, પાંડુરોગ, હરસ, ભગં-દર, છાતીનું શૂળ, માથાનું શૂળ, યોનિનું શૂળ, પડખાનું શૂળ, કાંખનું શૂળ, ગામની મરકી, ખેટ, કર્બટ, દ્રોણમુખ, મંડબ, પટ્ટન, આશ્રમ, સંબાધ, અને સન્નિવેશની મરકી, પ્રાણક્ષય, જનક્ષય, કુલક્ષય, વ્યસનભૂત અનાર્ય અને તેવાજ પ્રકારના બીજા બધા પણ દેવેંદ્ર, દેવરાજ શક્રના યમ મહારાજાથી અથવા યમકાયિક દેવોથી યાવત્-અજાણ્યા નથી, દેવેંદ્ર, દેવરાજ શક્રના યમ મહારાજાને આ દેવો અપત્યરૂપ અભિમત છેઃ-

[૧૯૬-૧૯૮] અંબ, અંબરીષ, શ્યામ, સબલ, રુદ્ર, ઉપરુદ્ર, કાલ, મહાકાલ, અસિપત્ર ધનુષ, કુંભ, વાલુ, વૈતરણી, ખરસ્વર, મહાઘોષ એમ એ પન્નર છે. દેવેંદ્ર, દેવરાજ શક્રના યમ મહારાજાની આવરદા ત્રણ ભાગ સહિત પલ્યોપમની છે અને તેના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અપત્યરૂપ, અભિમત દેવોની આવરદા એક પલ્યોપમની છે-એવી મોટી ઋદ્ધિવાળો યાવત્-એ યમ મહારાજા છે.

[૧૯૯] હે ભગવન્ ! દેવેંદ્ર, દેવરાજ શક્રના વરુણ મહારાજાનું સ્વયંજ્વલ નામનું મહાવિમાન ક્યાં આવ્યું કહ્યું છે હે ગૌતમ ! સૌધર્માવતંસક વિમાનની પશ્ચિમે સૌધર્મ-કલ્પ છે, ત્યાંથી અસંખ્યેય હજાર યોજન મૂક્યા પછી-અહીં વરુણ મહારાજાનું સ્વયંજ્વલ નામનું મહાવિમાન આવેછે. આ સંબંધીનો સર્વ વૃત્તાંત સોમ મહારાજાની પેઠે જાણવો. તેમજ વિમાન, રાજધાની, અને યાવત્પ્રાસાદાવતંસકો સંબંધે પણ એજ રીતે સમજવું. વિશેષ એ કે, નામનો ભેદ જાણવો. દેવેંદ્ર, દેવરાજ શક્રના વરુણ મહારાજાની આજ્ઞામાં યાવત્ આ દેવો રહે છેઃ- વરુણકાયિકો, વરુણદેવકાયિકો, નાગકુમારો, નાગ- કુમારીઓ, ઉદધિકુમારો, ઉદધિકુમારીઓ, સ્તનિતકુમારો, સ્તનિતકુમારીઓ અને બીજા પણ બધા તેવા પ્રકારના દેવો તેની ભક્તિવાળા યાવત્-રહે છે. જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતની દક્ષિણે જે આ ઉત્પન્ન થાય છેઃ- અતિવૃષ્ટિ, મંદવૃષ્ટિ, સુવૃષ્ટિ, દુર્વૃષ્ટિ, પહાળની તળેટી વિગેરે ભાગમાંથી પાણીનું વહેવું. તળાવ વિગેરેમાં પાણીનો સમૂહ, પાણીના નાના રેલાઓ વાટે વહેવું, પાણીનો પ્રવાહ, ગામનું તણાઇ જવું, સંનિવેશનું તણાઇ જવું, પ્રાણક્ષય, એ બધા વરુણ મહારાજાથી અથવા વરુણકાયિક દેવોથી અજા- ણ્યા નથી. દેવેંદ્ર, દેવરાજ શક્રના વરુણ મહારાજાને આ દેવો અપમત્યરૂપ અભિમત છે. કર્કોટક, કર્દમક, અંજન, શંખપાલક પુંડ્ર, પલાશ, મોદ, જય, દધિમુખ, અયંપુલ, અને કાતરિક, દેવરાજ દેવેન્દ્રશક્રના વરુણ મહારાજાની આવરદા બે પલ્યોપમ કરતાં કાંઇક ઓછી રહી છે અને તેના માનીતા દેવોની એક પલ્યોપમની કહી છે એવી મોટી ઋદ્ધિવાળો વરુણ મહારાજા છે.

[૨૦૦] હે ભગવન્ ! દેવેંદ્ર, દેવરાજ શક્રના વૈશ્રમણ મહારાજાનું વલ્ગુ નામનું મહાવિમાન ક્યાં કહ્યું છે ? હે ગૌતમ ! તેનું વિમાન, સૌધર્માવતંસક નામના મહા-વિમાનની ઉત્તરે છે. આ સંબંધી સર્વ હકીકત સોમ મહારાજાની પેઠે જાણવી ને તે યાવત્-રાજધાની તથા યાવત્પ્રાસાદવતંસક સંબંધે પણ તેમજ જાણવું. દેવેંદ્ર, દેવરાજ શક્રના વૈશ્રમણ મહારાજાની આજ્ઞામાં, ઉપપાતમાં કહેણમાં, અને નિર્દેષમાં આ દેવો રહે છેઃ- વૈશ્રમણકાયિક, વૈશ્રમણદેવકાયિક, સુવર્ણકુમારો, સુવર્ણકુમારીઓ, દ્વીપકુમારો, દ્વીપ-કુમારીઓ, દિક્કુમારો, દિક્કુમારીઓ વાનવ્યંતર, વાનવ્યંતરીઓ તથા તેવા પ્રકારના બીજા પણ દેવો તેની ભક્તિવાળા છે. જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતની દક્ષિણે જે આ ઉત્પન્ન થાય છે :- લોઢાની ખાણો, કલાઇની ખાણો, તાંબાની ખાણો, સીસાની ખાણો, હિરણ્યની, સોનાની, રત્નની, અને વજ્રનો ખાણો, વસુધારા, હિરણ્યની, સુવ-ર્ણની, રત્નની, વજ્રની, ઘરેણાની, પાંદડાની, ફુલની, ફળની, બીજની, માળાની, વર્ણની, ચૂર્ણની, ગંધની અને વસ્ત્રની, વર્ષાઓ, તથા ઓછી કે વધારે હિરણ્યની, સુવર્ણની, રત્નની, વજ્રની, આભર- ણની, પત્રની, પુષ્પની, ફળની, બીજની, માલ્યની, વર્ણની, ચૂર્ણની, ગંધની,વસ્ત્રની,ભાજનની,અને ક્ષીરની વૃષ્ટિ, સુકાળ, દુકાળ, સોંઘારત, મોંઘા-રત, ભિક્ષાની સમૃદ્ધિ, ભિક્ષાની હાનિ, ખરીદી, વેચાણ, ઘી અને ગોળ વિગેરેનો સંઘરો કરવો, અનાજનું સંઘરવું, તથા નિધિઓ, નિધાનો, ઘણાં જૂનાં નષ્ટ ધણિવાળાં, જેની સંભાળ કરનાર જણ ઓછા છે એવાં, પ્રહીન માર્ગવાળાં, જેના ધણિના ગોત્રોનાં ઘરો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિરલ થયાં છે એવાં, નધણિઆતાં, જેની સંભાળ કરનાર જનો નામશેષ છે એવાં, જેના ધણીનાં ગોત્રોનાં ઘરો નામશેષ છે એવાં અને સિંગોળાના ઘાટવાળા માર્ગમાં, તરભેટામાં, ચોકમાં, ચત્વરમાં, ચાર શેરીઓ જ્યાં ભેગી થાય એવા માર્ગમાં, રાજમાર્ગોમાં અને સામાન્ય- માર્ગોમાં, નગરની પાણીની ખાળોમાં, ગટરોમાં, મસાણમાં, પહાડ ઉપરના ઘરમાં, ગુફામાં, શાંતિઘર-ધર્મક્રિયા કરવાના ઠેકાણમાં પહાડને કોતરીને બનાવેલ ઘરમાં, સભાને સ્થાને અને રહેવાના ઘરમાં રાખેલાં લાખો રૂપીયાના નિધાનો, અને દાટેલી લાખો રૂપીયાની દોલત, એ બધું દેવેંદ્ર, દેવરાજ શક્રના વૈશ્રમણ મહારાજાથી, કે વૈશ્ર- મણકાયિક દેવોથી અજાણ્યું નથી, અણજોયું નથી, અસાંભળ્યું નથી, અણસમરેલ નથી અને અવિજ્ઞાત નથી. દેવેંદ્ર, દેવરાજ શક્રના વૈશ્રમણ મહારાજાને આ દેવો અપત્યરૂપ અભિમત છેઃ- પૂર્ણભદ્ર, મણિભદ્ર, શાલિભદ્ર, સુમનોભદ્ર, ચક્ર, રક્ષ, પૂર્ણરક્ષ, સદ્વાન, સર્વયશાઃ, સર્વકામ, સમૃદ્ધ, અમોઘ, અને અસંગ દેવેંદ્ર, દેવરાજ શક્રના વૈશ્રમણ મહારાજાની આવરદા બે પલ્યોપમની છે અને તેના અપત્યરૂપ અભિમત દેવોની આવરદા એક પલ્યોપમ છે એ રીતે વૈશ્રમણ મહારાજા મોટી ઋદ્ધિવાળો છે. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે.

**[શતક - ૩ - ઉદ્દેસા - ૭ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ]**

**-ઃ ઉદ્દેશક ૮ ઃ-**

[૨૦૧] રાજગૃહ નગરમાં યાવત્-પર્યુપાસના કરતા આ પ્રમાણે બોલ્યાઃ- હે ભગવન્ ! અસુરકુમારદેવો ઉપર કેટલા દેવો અધિપતિપણું ભોગવતા યાવત્-વિહરેછે ? હે ગૌતમ ! અધિપતિપણું ભોગવતા દસ દેવો રહે છે, અસુરેંદ્ર અસુરરાજ ચમર, સોમ, યમ, વરુણ, વૈશ્રમણ, વૈરોચનેંદ્રવૈરોચનરાજ બલિ, સોમ, યમ, વરુણ અને વેશ્રમણ. હે ભગવન્ ! નાગકુમાર દેવો ઉપર કેટલા દેવો અધિપતિપણું ભોગવતા વિહરે છે ? હે ગૌતમ ! અધિપતિપણું ભોગવતા યાવત્-દસ દેવો રહે છે, તે આ પ્રમાણેઃ- નાગકુમારેંદ્ર, નાગકુમારરાજ ધરણ, કાલવાલ, કોલવાલ, શૈલપાલ, શંખપાલ, નાગકુમારેંદ્ર નાગકુમારરાજ, ભૂતાનંદ, કાલવાલ, કોલવાલ, શખવાલ અને શૈલપાલ, જેમ નાગકુમારોના ઈંદ્રો સંબંધે એ વક્તવ્યતાથી જણાવ્યું તેમ આ દેવો સંબંધે પણ સમજવું. સુવર્ણકુમારોના ઉપરીઓ, વૃણુદેવ, વેણુદાલિ, ચિત્ર વિચિત્ર, ચિત્રપક્ષ અને વિચિત્રપક્ષ છે. વિદ્યુત્કુમારોના ઉપરીઓ હરિકાંત, હરિસહ, પ્રભ, સુપ્રભ, પ્રભાકાન્ત, અને સુપ્રભાકાન્ત છે. અગ્નિકુમારોના ઉપરીઓ અગ્નિસિંહ, અગ્નિમાણવ, તેજઃ, તેજસિંહ, તેજઃકાન્ત અને તેજઃપ્રભ છે, દ્વીપકુમારોના ઉપરીઓ, પૂર્ણ, વિશિષ્ટ, રૂપ, રૂપાંશ, રૂપકાંત, અને રૂપપ્રભ છે ઉદધિકુમારોના ઉપરીઓ-જલકાન્ત, જલપ્રભ, જલુ જલરૂપ, જલ- કાન્ત અને જલપ્રભ છે. દિક્કુમારોના ઉપરીઓ-અમિતગતિ, અમિતવાહન, ત્વરિત- ગતિ, ક્ષિપ્રગતિ, સિંહગતિ અને સિંહવિક્રમગતિ છે. વાયુકુમારોના ઉપરીઓઃ-ઘોષ, મહાઘોષ, આવર્ત, વ્યાવર્ત, નંદિકાવર્ત, અને મહાનંદિકાવર્ત છે. એ પ્રમાણે બધું અસુરકુમારોની પેઠે કહેવું. દક્ષિણ ભવનપતિના ઈંદ્રોના પ્રથમ લોકપાલોના નામો આ પ્રમાણે છેઃ-સોમ, કાલવાલ, ચિત્ર, પ્રભ તેજસ રૂપ, જલ, ત્વરિતગતિ, કાલ ને આયુક્ત. હે ભગવન્ ! પિશાચકુમારો ઉપર અધિપતિપણું ભોગવતા કેટલા દેવો છે ? હે ગૌતમ !

તેઓ ઉપર અધિપતિપણું ભોગવતા યાવત્ બે બે દેવો વિહરે છેઃ

[૨૦૨-૨૦૪] કાલ અને મહાકાલ, સુરૂપ અને પ્રતિરૂપ, પૂર્ણભદ્ર, અને અમરપતિ મણિભદ્ર, ભીમ અને મહાભીમ, કિંનર અને કિંપુરુષ, સત્પુરુષ અને મહાપુરુષ, અતિકાય અને મહાકાય, ગીતરતિ અને ગીતયશ એ બધા વાનવ્યંતર દેવોના ઈંદ્રો છે. જ્યોતિષિક દેવોની ઉપર અધિપતિપણું ભોગવતા બે બે દેવો છેઃ- ચંદ્ર અને સૂર્ય. હે ભગવન્ ! સૌધર્મ અને ઈશાનકલ્પમાં અધિપતિપણું ભોગવતા યાવત્-કેટલા દેવો રહે છે ? હે ગૌતમ ! ત્યાં અધિપતિપણું ભોગવતા યાવત્-દશ દેવો રહે છેઃ- દેવેંદ્ર,દેવરાજ શક્ર, સોમ, યમ, વરુણ, વૈશ્રમણ અને દેવેંદ્ર,દેવરાજઈશાન, સોમ, યમ, વરુણ, અને વૈશ્રમણ. એ બધી વક્તવ્યતા બધાય કલ્પોમાં જાણવી અને જે ઈંદ્રો છે તે કહેવા. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, હે ભગવન્ ! તે એ પ્રમાણે છે. એમ કહી વિહરે છે.

**[શતકઃ ૩ -ઉદ્દેસાઃ ૮ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ]**

## ઉદ્દેસો-૯

[૨૦૫] રાજગૃહ નગરમાં યાવત્-આ પ્રમાણે બોલ્યા કેઃ- હે ભગવન્ ! ઈંદ્રિયના વિષયો કેટલા પ્રકારના કહ્યા છે ? હે ગૌતમ ! ઈંદ્રિયોના વિષયો પાંચ પ્રકારના કહ્યા છે, તે આ પ્રમાણેઃ- શ્રોત્રેંદ્રિયનો વિષય ઈત્યાદિ આ સંબંધે જીવાભિગમસૂત્રમાં કહેલો આખો જ્યોતિષિક ઉદ્દેશક જાણવો.

**[શતકઃ ૩- ઉદ્દેસાઃ૯ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ]**

## -ઃઉદ્દેશક ૧૦ઃ-

[૨૦૬] રાજગૃહ નગરમાં યાવત્ આ પ્રમાણે બોલ્યા કેઃ- હે ભગવન્ ! અસુરેંદ્ર અસુરરાજ ચમરને કેટલી સભાઓ કહી છે! હે ગૌતામ ! તેને ત્રણ સભાઓ કહી છે. તે આ પ્રમાણેઃ- શમિકા ચંડા જાતા એ પ્રકારે ક્રમપૂર્વક અચ્યુતકલ્પ સુધી જાણવું. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, હે ભગવન્ ! તે પ્રમાણે છે. એમ કહી યાવત્-વિહરે છે.

**શતક- ૩ ના ઉદ્દેસા - ૧૦ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

**શતકઃ ૩ -ગુર્જરછાયા પૂર્ણ**

# શતકઃ ૪

## -ઃઉદ્દેસા- ૧થી ૮

[૨૦૭] ચાર ઉદ્દેશકમાં વિમાન સંબંધી હકીકત છે. બીજા ચાર ઉદ્દેશકમાં રાજધાની સંબંધી હકીકત છે અને એક ઉદ્દેશક નૈરયિકો સંબંધે છે તથા એક ઉદ્દેશક લેશ્યા સંબંધે છે :- એ રીતે આ શતકમાં દશ ઉદ્દેશાઓ છે.

[૨૦૮] રાજગૃહ નગરમાં-આ પ્રમાણે બોલ્યા કેઃ- હે ભગવન્ ! દેવેંદ્ર, દેવરાજ ઈશાનને કેટલા લોકપાલ કહ્યા છે ? હે ગૌતમ ! તેને ચાર લોકપાલો કહ્યા છે સોમ, યમ, વૈશ્રમણ અને વરુણ. હે ભગવન્ ! એ લોકોપાલોને કેટલાં વિમાનો કહ્યાં છે ? હે ગૌતમ ! તેઓને ચાર વિમાનો કહ્યાં છે. :- સુમન, સર્વતોભદ્ર, વલ્ગુ. અને સુવલ્ગુ. દેવેંદ્ર, દેવરાજ ઈશાના સોમ મહારાજાનું સુમન નામનું મહાવિમાન ક્યાં કહ્યું છે.

હે ગૌતમ ! જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતની ઉત્તરે આ રત્નપ્રભા પૃથિવી યાવત્-ઈશાન નામે કલ્પ કહ્યો છે. તેમાં યાવત્-પાંચ અવતંસકો કહ્યા છે. અંકાવતંસક, સ્ફટિકાવતંસક, રત્નાવતંસક અને જાતરૂપાવતંસક, એ ચારે અવતંસ- કોની વચ્ચે ઈશાનવતંસક છે. તે ઈશાનાવતંસક નામના મહાવિમાનની પૂર્વે તિરછું અસંખ્યેય હજાર યોજન મૂક્યા પછી- દેવેંદ્રદેવરાજ ઈશાનના સોમ મહારાજાનું સુમન નામનું મહાવિમાન કહ્યું છે. તેનો આયામ અને વિષ્કંભ સાડાબારલાખ યોજન છે, ઈત્યાદિ બધી વક્તવ્યતા ત્રીજા શતકમાં કહેલી શક્રની વક્તવ્યના પેઠે અહીં ઈશાનના સંબંધમાં પણ કહેવી. યાવત્-આખી અર્ચનિકા સુધી કહેવી. એ રીતે ચારે લોકપાલોના પ્રત્યેક વિમાનની હકીકત પૂરી થાય ત્યાં એક ઉદ્દેશક જાણવો. ચારે વિમા- નની હકીકત પૂરી થતાં પૂરા ચારે ઉદ્દેશક સમજવા. વિશેષ એ કે, સ્થિતિ આવરદામાં ભેદ સમજવો.

[૨૦૯] આદિના બે નો-સોમની અને યમની આવરદા ત્રણ ભાગ ઉણા પલ્યોપમ જેટલી છે, વૈશ્રમણની આવરદા ત્રણ ભાગ સહિત બે પલ્યોપમની છે. તથા અપાયરૂપ દેવોની આવરદા એક પલ્યોપમની છે.

[૨૧૦] રાજધાનીઓના સંબંધમાં પણ એક એક રાજધાની સંબંધી હકીકત પૂરી થતાં એક એક ઉદ્દેશક પૂરો સમજવો. અને એ રીતે રાજધાનીઓના સંબંધમાં ચાર ઉદ્દેશકો પૂરા સમજવા. યાવત્-એ રીતે વરુણ મહારાજા મોટી ઋદ્ધિવાળો છે.

**શતક-૪-ઉદ્દેસા-૧ થી ૮ની મુની દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

## ઉદ્દેશક ૯-૧૦

[૨૧૧] હે ભગવન્ ! નૈરયિક હોય તે, નૈરયિકોમાં ઉત્પન્ન થાય કે અનૈરયિક હોય તે, નૈરયિકોમાં ઉત્પન્ન થાય ? પ્રજ્ઞાપનાસૂત્રમાં કહેલો લેશ્યાપદનો ત્રીજો ઉદેસો અહીં કહેવો અને તે યાવત્ જ્ઞાનીની હકીકત સુધી કહેવો.

[૨૧૨] હે ભગવન્ ! કૃષ્ણલેશ્યા નીલલેશ્યાનો સંયોગ પામી તે રૂપે અને તે વર્ણે પરિણમે ? પ્રજ્ઞાપનાસૂત્રમાં કહેલો લેશ્યાપદનો ચોથો ઉદ્દેશક અહીં કહેવો અને તે યાવત્-'પરિણામ' ઈત્યાદિ દ્વાર ગાથા સુધી કહેવો.

[૨૧૩-૨૧૪] પરિણામ, વર્ણ, રસ, ગંધ, શુદ્ધ, અપ્રશસ્ત, સંક્લિષ્ટ, ઉષ્ણ, ગતિ, પરિણામ, પ્રદેશ, અવગાહના, વર્ગણા, સ્થાન, અને અલ્પબહુત્વ; એ બધું લેશ્યાઓ સંબંધે કહેવું. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, એમ કહી યાવત્ વિહરે છે.

**શતક : ૪ - ઉદ્દેસા ૯-૧૦ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

**શતક - ૪ - ગુર્જરછાયા પૂર્ણ**

# શતક ૫

## -: ઉદ્દેશક ૧ :-

[૨૧૫]ચંપાનગરીમાં સૂર્યવિશે પ્રશ્નો, વાયુ, ગ્રંથિકા, શબ્દ છદ્મસ્થો, આયુ, પુદ્ગલોના કંપન, નિર્ગ્રંથીપુત્ર, રાજગૃહ, ચંદ્ર સંબંધી આલોચના એ પ્રમાણે આ પાંચમા શતકમાં દસ ઉદ્દેશક છે.

[૨૧૬] તે કાળે, તે સમયે ચંપા નામની રાજધાનીની નગરી હતી, તે ચંપા નગરીનીબહાર પૂર્ણભદ્ર નામનું ચૈત્ય હતું. ત્યાં સ્વામી (શ્રીવીર) પધાર્યા અને યાવત્-સભા ગામની બહાર નીકળી. તે કાલે, તે સમયે, શ્રમણ ભગવંત મહાવીરના મોટા શિષ્ય-ગૌતમ ગોત્રના-ઇંદ્રભૂતે નામના અનગાર યાવત્-આ પ્રમાણે બોલ્યા કેઃ-હે ભગવન્ ! જંબૂદ્વીપ નામના દ્વીપમાં સૂર્યો ઈશાન ખૂણામાં ઉગીને અગ્નિ ખૂણામાં આથમે છે ? નૈઋત ખૂણામાં ઉગીને વાયવ્ય ખૂણામાં આથમે છે ? અને વાયવ્ય ખૂણામાં ઉગીને ઈશાન ખૂણામાં આથમે છે ? હે ગૌતમ ! હા, એજ રીતે સૂર્યનું ઉગવું અને આથમવું થાય છે-જંબૂદ્વીપ નામના દ્વીપમાં સૂર્યો ઉત્તર અને પૂર્વ-ઈશાન ખૂણામાં ઉગીને યાવત્-ઈશાન ખૂણામાં આથમે છે.

હે ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપમાં દક્ષિણાર્ધમાં દિવસ હોય છે, ત્યારે ઉત્તરાર્ધમાં પણ હોય છે અને જ્યારે ઉત્તરાર્ધમાં પણ દિવસ હોય છે ત્યારે જંબૂદ્વીપમાં મંદર પર્વતની પૂર્વ પશ્ચિમે રાત્રિ હોય છે ? હે ગૌતમ ! હા, એજ રીતે હોય છે- જ્યારે જંબૂદ્વીપમાં દક્ષિણાર્ધમાં પણ દિવસ હોય છે ત્યારે યાવત્-રાત્રી હોય છે. હે ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપમાં મંદર પર્વતની પૂર્વે દિવસ હોય છે ત્યારે પશ્ચિમમાં પણ દિવસ હોય છે અને જ્યારે પશ્ચિમમાં દિવસ હોય છે ત્યારે જંબૂદ્વીપમાં મંદર પર્વતની ઉત્તર દક્ષિણે રાત્રી હોય છે ? હે ગૌતમ ! હા, એજ રીતે હોય છે. જ્યારે જંબૂદ્વીપમાં મંદર પર્વતની પૂર્વે દિવસ હોય છે ત્યારે યાવત્-રાત્રી હોય છે. હે ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપમાં દક્ષિણાર્ધમાં વધારેમાં વધારે મોટો અઢાર મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે ઉત્તરાર્ધમાં પણ વધારેમાં વધારે મોટો અઢાર મુહુર્તનો દિવસ હોય છે અને જ્યારે ઉત્તરાર્ધમાં સૌથી મોટો અઢાર મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે જંબૂદ્વીપમાં મંદર પૂર્વ પશ્ચિમે નાનામાં નાની બારમુહૂર્તની રાત્રી હોય છે?હે ગૌતમ!હા,એજ રીતે હોય છે-જંબૂદ્વીપમાં યાવત્-બારમુહૂર્તની રાત્રીહોય છે.

[૨૧૭] હે ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપમાં મંદર પર્વતની પૂર્વે મોટામાં મોટો અઢાર મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે જંબૂદ્વીપમાં પશ્ચિમે પણ મોટામાંમોટો અઢાર મુહૂર્તનો દિવસ હોય છે અને જ્યારે પશ્ચિમે મોટામાં મોટો અઢાર મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે હે ભગવન્ ! જંબૂદ્વીપમાં ઉત્તરાર્ધમાં નાનામાં નાની બાર મુહૂર્તની રાત્રી હોય છે ? હે ગૌતમ ! હા, એજ રીતે યાવત્-હોય છે. હે ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપમાં દક્ષિણાર્ધમાં અઢાર મુહૂર્ત કરતાં કાંઈક ઊણો-મુહૂર્તાનન્તર-દિવસ હોય છે ત્યારે ઉત્તરાર્ધમાં અઢાર મુહૂર્તાનન્તર દિવસ હોય છે અને જ્યારે ઉત્તરાર્ધમાં અઢાર મુહૂર્તાનન્તર દિવસ હોય છે ત્યારે જંબૂદ્વીપમાં મંદર પર્વતની પૂર્વ પશ્ચિમે બાર મુહૂર્ત કરતાં કાંઈક વધારે લાંબી રાત્રી હોય છે ? હે ગૌતમ ! હા, એજ રીતે હોય છે- હે ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપમાં મંદર પર્વતની પૂર્વે અઢાર મુહૂર્તાનન્તર દિવસ હોય છે ત્યારે પશ્ચિમે અઢાર મુહૂર્તાનન્તર દિવસ હોય છે અને જ્યારે પશ્ચિમે અઢાર મુહૂર્તાનન્તર દિવસ હોય છે ત્યારે જંબૂદ્વીપમાં મંદર પર્વતની ઉત્તર દક્ષિણે બાર મુહૂર્ત કરતાં કાંઈક વધારે લાંબી રાત્રી હોય છે ? હે ગૌતમ ! હા, એજ રીતે હોય છે.

એ પ્રમાણે એ ક્રમવડે દિવસનું માપ ઓછું કરવું અને રાત્રીનું માપ વધારવું; જ્યારે સત્તર મુહૂર્તનો દિવસ હોય ત્યારે તેર મુહૂર્તની રાત્રી હોય. જ્યારે સત્તર મુહૂર્ત કરતાં કાંઈક ઓછો-લાંબો-દિવસ હોય ત્યારે તેર મુહૂર્ત કરતાં કાંઈક વધારે-લાંબી-રાત્રી



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય. જ્યારે સોળ મુહૂર્તનો દિવસ હોય ત્યારે ચૌદ મુહૂર્તની રાત્રી હોય. જ્યારે સોળ મુહૂર્ત કરતાં કાંઈક ઓછો દિવસ હોય ત્યારે ચૌદ મુહૂર્ત કરતાં કાંઈ વધારે રાત્રી હોય. જ્યારે પન્નર મુહૂર્તનો દિવસ હોય ત્યારે પન્નર મુહૂર્તની રાત્રી હોય. જ્યારે પન્નર મુહૂર્ત કરતાં કાંઈક ઓછો દિવસ હોય ત્યારે પન્નર મુહૂર્ત કરતાં કાંઈક વધારે રાત્રી હોય. જ્યારે ચૌદ મુહૂર્તનો દિવસ હોય ત્યારે સોળ મુહૂર્તની રાત્રી હોય. જ્યારે ચૌદ મુહૂર્ત કરતાં કાંઈક ઓછો દિવસ હોય છે ત્યારે સોળ મુહૂર્ત કરતાં કાંઈક વધારે રાત્રી હોય છે. જ્યારે તેર મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે સત્તર મુહૂર્તની રાત્રી હોય છે. જ્યારે તેર મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે સત્તર મુહૂર્તની રાત્રી હોય છે. જ્યારે તેર મુહૂર્ત કરતાં કાંઈક ઓછો દિવસ હોય છે ત્યારે સત્તર મુહૂર્ત કરતાં કાંઈક વધારે રાત્રી હોય છે. હે ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપમાં દક્ષિણાર્ધમાં નાનામાં નાનો બાર મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે ઉત્તરાર્ધમાં પણ તેમજ હોય છે અને જ્યારે ઉત્તરાર્ધમાં તેમ હોય છે ત્યારે જંબૂદ્વીપમાં મંદર પર્વતની પૂર્વે, પશ્ચિમે મોટામાં મોટી અઢાર મુહૂર્તની રાત્રી હોય છે ? હે ગૌતમ ! હા, એજ રીતે હોય છે- હે ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપમાં મંદર પર્વતની પૂર્વે નાનામાં નાનો બાર મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે જંબૂદ્વીપમાં મંદર પર્વતની ઉત્તર દક્ષિણે મોટામાં મોટી અઢાર મુહૂર્તની રાત્રી હોય છે ? હે ગૌતમ ! હા, એજ રીતે હોય છે-

[૨૧૮] હે ભગવન્ ! જ્યારે દક્ષિણાર્ધમાં વર્ષા ની મોસમનો પ્રથમ સમય હોય ત્યારે ઉત્તરાર્ધમાં પણ વર્ષાનો પ્રથમ સમય હોય અને જ્યારે ઉત્તરાર્ધમાં પણ વરસાદનો પ્રથમ સમય હોય ત્યારે જંબૂદ્વીપમાં મંદર પર્વતની પૂર્વ પશ્ચિમે વર્ષાનો પ્રથમ સમય અનંતર પુરસ્કૃત સમયમાં હોય અર્થાત્ જે સમયે દક્ષિણાર્ધમાં વરસાદની શરુઆત થાય છે તેજ સમય પછી તુરતજ બીજા સમયે મંદર પર્વતની પૂર્વ પશ્ચિમે વરસાદની શરુઆત થાય ? હે ગૌતમ ! હા એજ રીતે થાય-છે જ્યારે જંબૂદ્વીપમાં દક્ષિણાર્ધમાં ચોમાસાનો પ્રથમ સમય હોય ત્યારે તે પ્રમાણેજ યાવત્-થાય છે. હે ભગવન્ ! જ્યારે મંદર પર્વતની પૂર્વે ચોમાસાનો પ્રથમ સમય હોય છે ત્યારે પશ્ચિમમાં પણ ચોમાસાનો પ્રથમ સમય હોય છે અને જ્યારે પશ્ચિમમાં પણ ચોમાસાનો પ્રથમ સમય હોય છે ત્યારે યાવત્-મંદર પર્વતની ઉત્તર દક્ષિણે વર્ષાનો પ્રથમ સમય, અનંતર પશ્ચાત્કૃત સમયમાં હોય અર્થાત્ મંદર પર્વતની પશ્ચિમે વર્ષા શરુ થયાના પ્રથમ સમય પહેલાં એક સમયે ત્યાં ઉત્તરે દક્ષિણે વર્ષા શરુ થાય ? હે ગૌતમ ! હા, એજ રીતે થાય જ્યારે જંબૂદ્વીપમાં મંદર પર્વતની પૂર્વે વરસાદની શરુઆત થાય તે પહેલાં એક સમયે અહીં (ઉત્તર દક્ષિણે) વરસાદની શરુઆત થાય, એ પ્રમાણે યાવત્-બધું કહેવું.

જેમ વરસાદના પ્રથમ સમય માટે કહ્યું તેમ વરસાદની શરુઆતની પ્રથમ આવલિકા માટે પણ જાણવું અને એ પ્રમાણે આનપાન, સ્તોક, લવ, મુહૂર્ત, અહોરાત્ર, પક્ષ, માસ, ઋતુ, એ બધાં સંબંધે પણ સમયની પેઠે જાણવું. હે ભગવન્ ! જ્યારે જંબૂ-દ્વીપમાં દક્ષિણાર્ધમાં હેમંત ઋતુનો પ્રથમ સમય હોય ત્યારે ઉત્તરાર્ધમાં પણ હેમંતનો પ્રથમ સમય હોય અને જ્યારે ઉત્તરાર્ધમાં પણ તેમ હોય ત્યારે જંબૂદ્વીપમાં મંદર પર્વતની પૂર્વ પશ્ચિમે હેમંતનો (પ્રથમ સમય અનંતર પુરસ્કૃત સમયે હોય ?) ઈત્યાદિ પૂછવું. હે ગૌતમ ! એ સંબંધોનો બધો ખુલાસો વર્ષાની પેઠેજ જાણવો અને એજ પ્રકારે ગ્રીષ્મ ઋતુનો પણ ખુલાસો સમજવો. તથા હેમંત અને ગ્રીષ્મના પ્રથમ સમયની પેઠે તેની પ્રથમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવલિકા વગેરે યાવત્ ઋતુ-સુધી પણ સમજવું.-એ પ્રમાણે એક સરખું એ ત્રણે ઋતુ-ઓ વિષે જાણવું, એ બધાના મળીને ત્રીશ આલાપક કહેવા. હે ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપમાં મંદર પર્વતના દક્ષિણાર્ધમાં પ્રથમ અયન હોય છે ત્યારે ઉત્તરાર્ધમાં પણ પ્રથમ અયન હોય છે ? હે ગૌતમ ! જેમ સમય સંબંધે કહ્યું, તેમ અયન સંબંધે પણ સમજવું.

જેમ અયન સંબંધે કહ્યું તેમ સંવત્સર, યુગ, વર્ષશત, વર્ષસહસ્ર, વર્ષશતસહસ્ર, પૂર્વાંગ,પૂર્વ,ત્રુટિતાંગ, ત્રુટિત, અટટાંગ, અટટ, અવવાંગ, અવવ, હૂહૂકાંગ, હૂહૂક, ઉત્પલાંગ, ઉત્પલ, પદ્માંગ, પદ્મ, નલિનાંગ, નલિન, અર્થનૂપુરાંગ, અર્થનૂપુર, અયુતાંગ, અયુત, નયુતાંગ, નયુત, પ્રયુતાંગ, પ્રયુત, ચૂલિકાંગ, ચૂલિકા, શીર્ષપ્રહેલિકાંગ, શીર્ષપ્રહેલિકા, પલ્યોપમ અને સાગરોપમ એ બધાં સંબંધે પણ સમજવું. હે ભગવન્ ! જ્યારે જંબૂદ્વીપમાં દક્ષિણાર્ધમાં પ્રથમ અવસર્પિણી હોય છે ત્યારે ઉત્તરાર્ધમાં પણ પ્રથમ અવસર્પિણી હોયછે અને જ્યારે ઉત્તરાર્ધમાં પણ તેમ હોય છે ત્યારે જંબૂદ્વીપમાં મંદર પર્વતની પૂર્વ પશ્ચિમે અવસર્પિણી નથી, તેમ ઉત્સર્પિણી નથી. પણ હે દીર્ઘજીવિન્ ! શ્રમણ ! ત્યાં અવસ્થિત કાળ કહ્યો છે ? હે ગૌતમ ! હા, એજ રીતે છે- પૂર્વની પેઠે બધું યાવત્-જેમ અવસર્પિણી સંબંધે કહ્યું તેમ ઉત્સર્પિણી વિષે પણ સમજવું.

[૨૧૯] હે ભગવન્ ! લવણસમુદ્રમાં સૂર્યો ઈશાન ખૂણામાં ઉગીને અગ્નિ ખૂણામાં જાય ઈત્યાદિ પૂછવું. હે ગૌતમ ! જંબૂદ્વીપમાં સૂર્યો સંબંધે જે વક્તવ્યતા કહી છે તે બધી અહીં લવણ સમુદ્ર સંબંધે પણ કહેવી. વિશેષ એ કે, તે વક્તવ્યતામાં પાઠનો ઉચ્ચાર આ પ્રમાણે કરવો :- હે ભગવાન્ ! જ્યારે લવણસમુદ્રના દક્ષિણાર્ધમાં દિવસ હોય છે, ઈત્યાદિ બધું તે પ્રમાણે કહેવું, યાવત્-ત્યારે લવણસમુદ્રમાં પૂર્વ પશ્ચિમે રાત્રી હોય છે.' એ અભિલાપવડે બધું જાણવું. હે ભગવન્ ! જ્યારે લવણ સમુદ્રના દક્ષિણાર્ધમાં પ્રથમ અવસર્પિણી હોય છે ત્યારે ઉત્તરાર્ધમાં પ્રથમ અવસર્પિણી હોય છે અને જ્યારે ઉત્તરાર્ધમાં પ્રથમ અવસર્પિણી હોય છે ત્યારે લવણસમુદ્રમાં પૂર્વે પશ્ચિમે અવસર્પિણી નથી હોતી, ઉત્સર્પિણી નથી હોતી, પણ હે દીર્ઘજીવિ શ્રમણ ! ત્યાં અવસ્થિત કાળ કહ્યો છે ? હે ગૌતમ ! હા, તેજ રીતે છે હે ભગવન્ ! ઘાતકીખંડ દ્વીપમાં સૂર્યો ઈશાન ખૂણામાં ઉગીને, ઈત્યાદતિ પૂછવું. હે ગૌતમ ! જે વક્તવ્યતા જંબૂદ્વીપ સંબંધે કહી છે તેજ વક્તવ્યતા બધી ઘાતકીખંડ સંબંધે પણ જાણવી. વિશેષ એ કે, પાઠનું ઉચ્ચારણ કરતી વખતે બધા આલાપકો આ રીતે કહેવા- હે ભગવન્ ! જ્યારે ઘાતકીખંડ દ્વીપમાં દક્ષિણાર્ધમાં દિવસ હોય છે ત્યારે ઉત્તરાર્ધમાં પણ દિવસ હોય છે અને જ્યારે ઉત્તરાર્ધમાં પણ તેમ હોય છે ત્યારે ઘાતકીખંડ દ્વીપમાં મંદર પર્વતની પૂર્વ પશ્ચિમે રાત્રી હોય છે ? હે ગૌતમ ! હા, એજ રીતે છે, યાવત્-રાત્રી હોય છે.

હે ભગવન્ ! જ્યારે ઘાતકીખંડ દ્વીપમાં મંદર પર્વતોની પૂર્વે દિવસ હોય છે ત્યારે પશ્ચિમે પણ દિવસ હોય છે અને જ્યારે પશ્ચિમે પણ દિવસ હોય છે ત્યારે ઘાતકીખંડ દ્વીપમાં મંદર પર્વતોની ઉત્તરે અને દક્ષિણે રાત્રી હોય છે ? હે ગૌતમ ! હા, એજ રીતે હોય છે, અને એ અભિલાપથી જાણવું, યાવત્- હે ભગવન્ ! જ્યારે દક્ષિણાર્ધમાં પ્રથમ અવસર્પિણી હોય છે ત્યારે ઉત્તરાર્ધમાં પણ તેમ હોય છે અને જ્યારે ઉત્તરાર્ધમાં પણ હોય છે ત્યારે ઘાતકીખંડ દ્વીપમાં મંદર પર્વતોની પૂર્વ પશ્ચિમે અવસર્પિણી નથી હોતી, ઉત્સર્પિણી નથી હોતી ? યાવત્-શ્રમણાયુષ્મન્ ! હે ગૌતમ ! હા, એજ રીતે છે, યાવત્-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રમણાયુષ્મન્ ! જેમ લવણસમુદ્રની હકીકત કહી તેમ કાલોદ સંબંધે પણ સમજવું. વિશેષ એ કે, લવણને બદલે 'કાલોદનું નામ કહેવું. હે ભગવન્ ! અભ્યંતર પુષ્કરાર્ધમાં સૂર્યો ઈશાન ખૂણામાં ઉગીને ઈત્યાદિ પૂછવું. હે ગૌતમ ! ધાતકીખંડની વક્તવ્યતાની પેઠે અભ્યંતર પુષ્કરાર્ધની વક્તવ્યતા પણ કહેવી. વિશેષ એ કે, ધાતકી ખંડને બદલે અભ્યંતર પુષ્કરાર્ધનો પાઠ કહેવો અને યાવત્- 'અભ્યતર પુષ્કરાર્ધમાં મંદરોની પૂર્વ પશ્ચિમે અવસર્પિણી નથી હોતી, ઉત્સર્પિણી નથી હોતી, પણ ત્યાં અવસ્થિત કાળ હોય છે. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, તે એ પ્રમાણે છે એમ કહી યાવત્-વિચરે છે.

**શતક-૫- ઉદ્દેસા-૧ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

**-: ઉદ્દેશક ૨ :-**

[૨૨૦] રાજગૃહ નગરમાં યાવત્-આ પ્રમાણે બોલ્યા કે-હે ભગવન્ ! ઈષત્પુરોવાત-થોડા સ્નેહવાળા-થોડી ભીનાશવાળા-થોડા ચિકણા-વાયુ, વનસ્પતિ વગેરેને હિતકર વાયુ-પથ્યવાત, ધીમે ધીમે વાનારા વાયુ-મંદ વાયુઓ અને મહાવાયુઓ વાય છે ? હે ગૌતમ ! હા, તે વાયુઓ વાય છે. હે ભગવન્ ! પૂર્વમાં ઈષત્પુરોવાત, પથ્યવાત, મંદવાત અને મહાવાત છે ? હે ગૌતમ ! હા, છે. એ પ્રમાણે પશ્ચિમમાં દક્ષિણમાં, ઉત્તરમાં, ઈશાન ખૂણામાં, અગ્નિ ખૂણામાં, નૈઋત ખૂણામાં અને વાયવ્ય ખૂણામાં પણ તેમ સમજવું. હે ભગવન્ ! જ્યારે પૂર્વમાં ઈષત્પુરોવાત, પથ્યવાત, મંદવાત અને મહાવાત વાય છે ત્યારે પશ્ચિમમાં પણ ઈષત્પુરોવાત વગેરે વાય છે ? અને જ્યારે પશ્ચિમમાં ઈષત્પુરોવાત વાય છે ત્યારે પૂર્વમાં પણ તે વાયુઓ વાય છે ? હે ગૌતમ ! જ્યારે પૂર્વમાં ઈષત્પુરોવાત વગેરે વાય છે ત્યારે તે બધા પશ્ચિમમાં પણ વાય છે અને જ્યારે પશ્ચિમમાં ઈષત્પુરોવાત વગેરે વાય છે ત્યારે પૂર્વમાં પણ તે બધા વાય છે. એ પ્રમાણે બધી દિશાઓમાં અને ખૂણાઓમાં પણ સમજવું. હે ભગવન્ ! ઈષત્પુરોવાત વગેરે વાયુઓ દ્વીપમાં હોય છે ? હા, હોય છે. હે ભગવન્ ! ઈષત્પુરોવાત વગેરે વાયુઓ સમુદ્રમાં હોય છે ? હા, હોય છે.

હે ભગવન્ ! જ્યારે દ્વીપના ઈષત્પુરોવાત વગેરે વાયુઓ વાતા હોય ત્યારે સમુદ્રના પણ ઈષત્પુરોવાત વગેરે વાયુઓ વાતા હોય ? અને જ્યારે સમુદ્રના તે બધા વાયુઓ વાતા હોય ત્યારે દ્વીપના પણ તે બધા વાયુઓ વાતા હોય ? હે ગૌતમ ! એ વાત ઠીક નથી. હે ભગવન્ ! તેનું શું કારણ કે, 'જ્યારે દ્વીપના ઈષતપુરોવાતાદિ વાતા હોય ત્યારે સમુદ્રના ઈષત્પુરોવાતાદિ ન વાતા હોય ? અને જ્યારે સમુદ્રના ઈષત્પુરોવાતાદિ વાતા હોય ત્યારે દ્વીપના ઈષત્પુરોવાતાદિ ન વાતા હોય ? હે ગૌતમ ! તે વાયુઓ અન્યોઅન્ય વ્યત્યાસ્નવડે (એક બીજા સાથે નહિ, પણ નોખા નોખા) સંચરે છે-જ્યારે દ્વીપના ઈષત્પુરોવાતાદિ વાતા હોય ત્યારે સમુદ્રના ન વાય અને જ્યારે સમુદ્રના ઈષત્પુરોવાતાદિ વાતા હોય ત્યારે દ્વીપના ન વાય એ રીતે એ વાયુઓ પરસ્પર વિપર્યયવડે વાય છે અને તે પ્રકારે તે વાયુઓ લવણસમુદ્રની વેળાને ઉલ્લંઘતા નથી તે કારણથી યાવત્-પૂર્વ પ્રમાણે વાયુઓ વાય છે' એ રીતે કહ્યું છે. હે ભગવન્ ! ઈષત્પુરોવાત, પથ્યવાત, મંદવાત ને મંદાવાત છે ? હે ગૌતમ ! હા, છે. હે ભગવન્ ! ઈશત્પુરોવાત વગેરે વાયુઓ ક્યારે વાય છે ? હે ગૌતમ ! જ્યારે વાયુકાય પોતાના સ્વભાવપૂર્વક ગતિ કરે છે ત્યારે ઈષત્પુરોવાત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વગેરે વાયુઓ વાય છે. હે ભગવન્ ! ઈશત્પુરોવાત વગેરે વાયુઓ છે ? હે ગૌતમ ! હા, છે. હે ભગવન્ ! ઈષત્પુરોવાત્ વગેરે વાયુઓ ક્યારે વાય છે ? હે ગૌતમ ! જ્યારે વાયુકાય ઉત્તર-ક્રિયાપૂર્વક-વૈક્રિય શરીર બનાવીને-ગતિ કરે છે ત્યારે ઈષત્પુરોવાત વગેરે વાયુઓ વાય છે. હે ભગવન્ ! ઈષત્પુરોવાત વગેરે વાયુઓ છે ? હે ગૌતમ ! હા, છે. હે ભગવન્ ! ઈષત્પુરોવાત વગેરે વાયુઓ ક્યારે વાય છે ? હે ગૌતમ ! જ્યારે વાયુકુમારો અને વાયુકુમારીઓ પોતાને, બીજાને કે બન્નેને માટે વાયુકાયને ઉદીરે છે ઈષત્પુરોવાત વગેરે વાયુઓ વાય છે. હે ભગવન્ ! શું વાયુકાય, વાયુકાયનેજ શ્વાસમાં લે છે અને નિઃશ્વાસમાં મૂકે છે ? હે ગૌતમ ! એ સંબંધે બધું સ્કંદક ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે જાણવું યાવત્- અનેક લાખવાર મરીને, સ્પર્શ પામ્યા પછી, મરે છે અને શરીર સહિત નીકળે છે,

[૨૨૧] હે ભગવન્ ! ઓદન, કુલ્માષ અને મદિરા, એ ત્રણે દ્રવ્યો ક્યા જીવનાં શરીરો કહેવાય ? હે ગૌતમ ! ઓદન, કુલમાષ અને મદિરામાં જે ઘન (કઠણ) પદાર્થ છે તે પૂર્વભવ પ્રજ્ઞાપનાની અપેક્ષાએ વનસ્પતિ જીવનાં શરીરો છે. અને જ્યારે તે ઓદન વગેરે દ્રવ્યો શસ્ત્રોથી કૂટાય છે, શસ્ત્રથી પરિણમિત-નવા આકારનાં ધારક-થાય છે અને અગ્નિથી તેના વર્ણો બદલાય છે, અગ્નિથી ઝૂષિત-પૂર્વના સ્વભાવને છોડનારાં થાય છે, અગ્નિથી નવા આકારનાં ધારક બને છે ત્યારે તે દ્રવ્યો અગ્નિનાં શરીરો કહેવાય છે, તથા સુરા માં જે પ્રવાહી પદાર્થ છે તે પૂર્વભાવ પ્રજ્ઞાપનાની અપેક્ષાએ પાણીના જીવનાં શરીરો છે અને જ્યારે તે પ્રવાહી ભાગ શસ્ત્રથી કૂટાય છે યાવત્-અગ્નિથી જુદા રંગને ધારણ કરે છે ત્યારે તે ભાગ,અગ્નિકાયનાં શરીરો છે એમ કહેવાય છે.હે ભગવન્ ! લોઢું, તાંબું, ત્રપુ- સીસું, બળેલો પત્થર-કોયલો ને કસટ્ટિકા-કાટ, એ બધાં દ્રવ્યો કયા જીવના શરીરો કહેવાય ? હે ગૌતમ ! લોઢું, તાંબું, કલાઇ, સીસું કોયલો અને કાટ, એ બધાં પૂર્વ ભાવ પ્રજ્ઞાપનાની અપેક્ષાએ પૃથિવીના જીવનાં શરીરો કહેવાય અને પછી-શસ્ત્ર દ્વારા કૂટાયા પછી-અગ્નિના જીવનાં શરીરો કહેવાય.

હે ભગવન્ ! હાડકું, આગથી વિકૃત થએલ હાડકું, ચામડું, આગથી વિકૃત થએલ ચામડું, રુંવાડાં, આગથી વિકૃત થએલ રુંવાડાં, ખરી, આગથી વિકૃત થએલ ખરી, નખ, અને બળેલ નખ; એ બધાં કયા જીવના શરીરો કહેવાય ? હે ગૌતમ ! હાડકું, ચામડું, રુંવાડાં, ખરી અને નખ, એ બધાં ત્રસ જીવનાં શરીરો કહેવાય અને બળેલ હાડકું, બળેલ ચામડું, બળેલ રુંવાડાં, બળેલ ખરી અને બળેલ નખ, એ બધાં પૂર્વ ભાવ પ્રજ્ઞાપનાની અપેક્ષાએ ત્રસ જીવનાં શરીરો કહેવાય અને પછી-શસ્ત્ર દ્વારા સંઘટ્ટિત થયા પછી-અગ્નિના જીવના શરીરો કહેવાય. હે ભગવન્ ! અંગારો, રાખ, ભુંસો અને છાણું, એ બધાં કયા જીવનાં શરીરો કહેવાય ? હે ગૌતમ ! અંગારો, રાખ, ભુંસો અને છાણું, એ બધાં પૂર્વ ભાવ પ્રજ્ઞાપનાની અપેક્ષાએ એકેંદ્રિય જીવનાં શરીરો કહેવાય અને યાવત્-યથાસંભવ પંચેંદ્રિય જીવનાં શરીરો પણ કહેવાય. તથા શસ્ત્રદ્વારા સંઘટિત થયા પછી યાવત્-અગ્નિના જીવનાં શરીરો કહેવાય.

[૨૨૨] હે ભગવન્ ! લણસમુદ્રનો ચક્રવાલ વિષ્કંભ કેટલો કહ્યો છે ? હે ગૌતમ ! એ પ્રમાણે-પૂર્વે કહ્યા પ્રમાણે જાણવું એ પ્રમાણે યાવત્-લોકસ્થિતિ, લોકાનુભાવ, હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, હે ભગવન્ ! તે એ પ્રમાણે છે એમ કહી યાવત્-વિહરે છે.

**શતક : ૫ - ઉદ્દેસા : ૨ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

-: ઉદ્દેશક ૩ :-

[૨૨૩] હે ભગવન્ ! અન્યતીર્થિકો એમ કહે છે, ભાષે છે, જણાવે છે અને પ્રરુપે છે કે, જેમ કોઇ એક જાળ હોય, તે જાળમાં ક્રમપૂર્વક ગાંઠો દીધેલી હોય, એક પછી એક એમ વગર આંતરે તે ગુંથેલી હોય, પરંપરાએ ગુંથેલી હોય, પરસ્પર ગુંથેલી હોય એવી તે જાળ જેમ વિસ્તારપણે, પરસ્પર ભારપણે, પરસ્પર વિસ્તાર તથા ભારપણે અને પરસ્પર સમુદાયપણે રહે છે અર્થાત્ જાળ તો એક છે પણ તેમાં જેમ અનેક ગાંઠો પરસ્પર વળગી રહેલી છે તેમ ક્રમે કરીને અનેક જન્મો સાથે સંબંધ ધરાવનારાં એવાં ઘણાં આઉખાંઓ ઘણા જીવો ઉપર પરસ્પર ક્રમે કરીને ગુંથાએલાં છે-યાવત્-રહે છે અને તેમ હોવાથી તેમાંનો એક જીવ પણ એક સમયે બે આયુષ્યને અનુભવે છે. તે આ પ્રમાણેઃ-એકજ જીવ આ ભવનું આયુષ્ય અનુભવે છે તેમ તેજ જીવ પર ભવનું પણ આયુષ્ય અનુભવે છે જે સમયે આ ભવનું પણ આયુષ્ય અનુભવે છે, તેજ સમયે પરભવનું પણ આયુષ્ય અનુભવે છે. યાવત્-હે ભગવન્ ! એ તે કેવી રીતે ? હે ગૌતમ ! તે અન્યતીર્થિકો જે કાંઇ કહે છે તે બધું તેઓ અસત્ય કહે છે. હે ગૌતમ ! હું તો વળી એમ કહું છું યાવત્-પ્રરુપું છું કે, જેમ કોઈ એક જાળ હોય અને તે યાવત્-અન્યોઅન્ય સમુદાયપણે રહે છે એજ રીતે ક્રમે કરીને અનેક જન્મો સાથે સંબંધ ધરાવનારાં એવાં ઘણાં આઉખાંઓ એક એક જીવ ઉપર સાંકળીના મકોડાની પેઠે પરસ્પર ક્રમે કરીને ગુંથાએલાં હોય છે અને એમ હોવાથી એક સમયે એક આયુષ્યને અનુભવે છે. તે આ રીતેઃ- જે જીવ આ ભવનું આયુષ્ય અનુભવે છે અથવા તો પરભવનું આયુષ્ય અનુભવે છે પણ જે સમયે આ ભવનું આયુષ્ય અનુભવે છે તે સમયે પરભવનું આયુષ્ય અનુભવતો નથી અને જે સમયે પરભવનું આયુષ્ય અનુભવે છે તે સમયે આ ભવનું આયુષ્ય અનુભવતો નથી આ ભવના આયુષ્યને વેદવાથી પરભવનું આયુષ્ય વેદાતું નથી અને પરભવના આયુષ્યને વેદવાથી આ ભવનું આયુષ્ય વેદાતું નથી એ પ્રમાણે એક જીવ એક સમયે એક આયુષ્યને અનુભવે છે તે આ પ્રમાણે :- આ ભવનું આયુષ્ય અનુભવે છે કે પરભવનું આયુષ્ય અનુભવે છે.

[૨૨૪] હે ભગવન્ જે જીવ નરકે જવાને યોગ્ય હોય. હે ભગવન્ ! શું તે જીવ, અહીંથી આયુષ્ય સહિત થઇને નરકે જાય ? હે ગૌતમ ! નરકે જવાને યોગ્ય જીવ અહીંથી આયુષ્ય સહિત થઇને નરકે જાય, પણ આયુષ્ય વિનાનો ન જાય. હે ભગવન્ ! તે જીવે, તે આયુષ્ય ક્યાં બાંધ્યું અને તે આયુષ્ય સંબંધી આચરણો ક્યાં આચર્યાં ? હે ગૌતમ ! તે જીવે, તે આયુષ્ય પૂર્વ ભવમાં બાંધ્યું અને તે આયુષ્ય સંબંધી આચરણો પણ પૂર્વ ભવમાં આચર્યાં. એ પ્રમાણે યાવત્-વૈમાનિકો સુધી દંડક કહેવો. હે ભગવન્ ! જે જીવ, જે યોનિમાં ઉપજવાને યોગ્ય હોય, તે જીવ, તે યોનિ સંબંધી આયુષ્ય બાંધે ? જેમકે; નરક યોનિમાં ઉપજવાને યોગ્ય જીવ નરક યોનિનું આયુષ્ય બાંધે યાવત્-દેવયોનિમાં ઉપજવાને યોગ્ય જીવ દેવયોનિનું આયુષ્ય બાંધે ? હે ગૌતમ ! હા, તેમ કરે અર્થાત્ જે જીવ, જે યોનિમાં ઉપવજવાને યોગ્ય હોય, તે જીવ, તે યોનિ સંબંધી આયુષ્ય બાંધે. જો નરકનું આયુષ્ય બાંધે તો તે, સાત પ્રકારના નરકમાંથી કોઇ એક પ્રકારના નરક સંબંધી આયુષ્ય બાંધે-રત્નપ્રભાપૃથિવી-નરકનું આયુષ્ય કે યાવત્- અધઃસપ્તમ- પૃથિવી-સાતમી નરકનું આયુષ્ય બાંધે. જો તે, તિર્યંચનું આયુષ્ય બાંધે તો પાંચ પ્રકારના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તિર્યંચમાંથી કોઈ એક તિર્યંચ સંબંધી આયુષ્યબાંધે-એકેંદ્રિય તિર્યંચનું આયુષ્ય ઈત્યાદિ-એ સંબંધી બધો વિસ્તાર-ભેદ-વિશેષ-અહીં કહેવો. જો તે, મનુષ્યનું આયુષ્ય બાંધે તો તે બે પ્રકારના મનુષ્યોમાંથી કોઈ પ્રકારના મનુષ્યનું આયુષ્ય બાંધે અને જો તે, દેવનું આયુષ્ય બાંધે તો-ચાર પ્રકારના દેવોમાંથી કોઈ એક પ્રકારના દેવોનું આયુષ્ય બાંધે. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, હે ભગવન્ ! એ પ્રમાણે છે એમ કહી યાવત્-વિહરે છે.

**શતક : ૫ - ઉદ્દેસા : ૩ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## -: ઉદ્દેશક ૪ :-

[૨૨૫] હે ભગવન્ ! છદ્મસ્થ મનુષ્ય, વગાડવામાં આવતા શબ્દોને સાંભળે છે, તે આ પ્રમાણે :- તે મનુષ્ય, શંખના શબ્દોને, રણશિંગાના શબ્દોને, શંખલીના શબ્દોને, કાહલીના શબ્દોને, મોટી કાહલીના શબ્દોને, ડુક્કરના ચામડાથી મઢેલ મોઢાવાળા-એક જાતના-વાજાના શબ્દોને, ઢોલના શબ્દોને, ઢોલકીના શબ્દોને, ઢક્કા-ડાક-ડાકલા-ના શબ્દોને, હોરંભના શબ્દોને, મોટી ઢક્કાના શબ્દોને, ઝાલરના શબ્દોને, દુંદુભિના શબ્દો-ને, તત-તાંતવાળા-વાજાના) શબ્દોને, વિતત-ઢોલ-વાજાના શબ્દોને, નક્કર વાજાના શબ્દોને અને પોલાં વાજાના શબ્દોને સાંભળે છે ? હે ગૌતમ ! હા, છદ્મસ્થ મનુષ્ય, વગાડવામાં આવતા શબ્દોને સાંભળે છે. અને તે પણ પૂર્વે કહ્યા એટલાં બધાં વાજાં-ઓના-શંખથી યાવત્-પોલાં વાજાંઓના શબ્દને પણ સાંભળે છે. હે ભગવન્ ! શું તે શબ્દો કાન સાથે અથડાયા પછી સંભળાય છે કે અથડાયા વિના સંભળાય છે?હે ગૌતમ ! તે શબ્દો કાન સાથે અથડાયા પછી સંભળાય છે, પણ અથડાયા વિના નથી સંભળાતા. અને તે યાવત્-અથડાયા પછી છએ દિશામાંથી સંભળાય છે. હે ભગવન્ ! શું છદ્મસ્થ મનષ્ય, નજીક રહેલા શબ્દોને સાંભળે છે કે ઈંદ્રિયોના વિષયથી દૂર રહેલ-શબ્દોને સાંભળે છે ? હે ગૌતમ ! છદ્મસ્થ મનુષ્ય, નીકટ રહેલા શબ્દોને સાંભળે છે, પણ દૂર રહેલા શબ્દોને સાંભળતો નથી.

હે ભગવન્ ! જેમ છદ્મસ્થ મનુષ્ય ઓરે રહેલા શબ્દોને સાંભળે છે અને પરે રહેલા શબ્દોને સાંભળતો નથી તેમ શું કેવળી મનુષ્ય ઓરે રહેલા શબ્દોને સાંભળે છે અને પરે રહેલા શબ્દોને નથી સાંભળતો ? હે ગૌતમ ! કેવળી તો ઓરે રહેલા અને પરે રહેલા આદિ અને અંત વિનાના શબ્દોને-સર્વ પ્રકારના શબ્દને જાણે છે અને જૂએ છે. હે ભગવન્ ! 'ઓરે રહેલા અને પરે રહેલા શબ્દને પણ યાવત્- કેવળી જાણે છે અને જૂએ છે' તેનું શું કારણ ? હે ગૌતમ ! કેવળી જીવ પૂર્વ દિશાની મિત વસ્તુને પણ જાણે છે અમિત વસ્તુને પણ જાણે છે, એ પ્રમાણે દક્ષિણ દિશાની, પશ્ચિમ દિશાની, ઉત્તર દિશાની, ઉર્ધ્વદિશાની અને અધોદિશાની પણ મિત વસ્તુને તથા અમિત વસ્તુને કેવળી જાણે છે અને જૂએ છે. કેવળી બધું જાણે છે અને બધું જૂએ છે. કેવળી બધી તરફ જાણે છે અને જૂએ છે. કેવળી સર્વ કાળે સર્વ પદાર્થો-ભાવો-ને જાણે છે અને જૂએ છે, કેવળીને અનંત જ્ઞાન અને અનંત દર્શન છે અને કેવળીનું જ્ઞાન અને દર્શન કોઈ જાતના પડદા (આવરણ) વાળું નથી માટે તે કારણથી' યાવત્- જૂએ છે' એમ કહ્યું છે.

[૨૨૬] હે ભગવન્ ! છદ્મસ્થ મનુષ્ય હસે અને કાંઈપણ લેવાને ઉતાવળો થાય ? હે ગૌતમ ! હા, તે હસે અને ઉતાવળો પણ થાય ખરો. હે ભગવન્ ! જેમ છદ્મસ્થ મનુષ્ય હસે

અને ઉતાવળો થાય તેમ કેવળી પણ હસે અને ઉતાવળો થાય ? હે ગૌતમ એ અર્થ સમર્થ નથી હે ભગવન્ ! છદ્મસ્થ મનુષ્યની પેઠે યાવત્-કેવળી હસે નહી અને ઉતાવળો થાય નહીં તેનું શું કારણ ? હે ગૌતમ ! દરેક જીવો ચારિત્રમોહનીય કર્મના ઉદયથી હસે છે અને ઉતાવળા થાય છે અને કેવલિને તો ચારીત્રમોહનીય કર્મનો ઉદયજ નથી માટે તે કારણથી છદ્મસ્થમનુષ્યની પેઠે યાવત્-કેવળી હસતા નથી તેમ ઉતાવળા પણ નથી. હે ભગવન્ ! હસતો અને ઉતાવળો થતો જીવ કેટલાં પ્રકારનાં કર્મોને બાંધે ? હે ગૌતમ ! તેવા પ્રકારનો જીવ સાત પ્રકારના કર્મોને બાંધે કે પાઠ પ્રકારનાં કર્મોને બાંધે. એ પ્રમાણે યાવત્--વૈમાનિક સુધી સમજવું. તથા જ્યારે ઘણા જીવોને આશ્રીને ઉપલો પ્રશ્ન પૂછાય ત્યારે તેમાં કર્મના બંધ સંબંધી ત્રણ ભાંગા આવે. પણ તેમાં જીવ અને એકેંદ્રિયો ન લેવા. હે ભગવન્ ! છદ્મસ્થ મનુષ્ય નિદ્રા લે-ઉંઘે અને ઉભો ઉભો ઉંઘે ? હે ગૌતમ ! હા, તે ઉંઘે અને ઉભો ઉભો પણ ઉંઘે. જેમ આગળ હસવા વગેરે વિષે કેવળી અને છદ્મસ્થ સંબંધે પ્રશ્નોત્તરો જણાવ્યા હતા. તેમ નિદ્રા સંબંધે પણ તે બન્ને સંબંધે પ્રશ્નોત્તરો જાણવા. વિશેષ એ કે, છદ્મસ્થ મનુષ્ય દર્શનાવરણીય કર્મના ઉદયથી નિદ્રા લે છે અને ઉભો ઉભો ઉંઘે છે અને તે દર્શનાવરણીય કર્મનો ઉદય કેવળિને નથી માટે તે, છદ્મસ્થની પેઠે નિદ્રા લેતો નથી. હે ભગવન્ ! નિદ્રા લેતો કે ઉભો કે ઉંઘતો જીવ કેટલી કર્મપ્રકૃતિનો બંધ કરે હે ગૌતમ ! તે જીવ સાત કર્મપ્રકૃતિનો બંધ કરે કે આઠ કર્મપ્રકૃતિનો બંધ કરે (બાંધે). એ પ્રમાણે યાવત્-વૈમાનિક સુધી જાણવું. તથા જ્યારે ઘણા જીવોને ઉપલો પ્રશ્ન પૂછાય ત્યારે તેમાં કર્મ બંધ સંબંધી ત્રણ ભાંગા આવે, પણ તેમાં એકેંદ્રિય ન લેવા.

[૨૨૭] હે ભગવન્ ! ઈંદ્રનો સંબંધી શક્રનો દૂત હરિનૈગમેષી નામનો દેવ જ્યારે સ્ત્રીના ગર્ભનું સંહરણ કરે છે ત્યારે શું એક ગર્ભાશયમાંથી ગર્ભને લઈને બીજા ગર્ભા-શયમાં મૂકે છે ગર્ભથી લઈને યોનિદ્વારા બીજી (સ્ત્રી)ના ઉદરમાં મૂકે છે ? કે યોનિદ્વારા ગર્ભને બહાર કાઢીને બીજા ગર્ભાશયમાં મૂકે છે ? કે યોનિદ્વારા ગર્ભને પેટમાંથી કાઢીને પાછો તેજ રીતે (યોનિદ્વારાજ બીજીના) પેટમાં મૂકે છે ? હે ગૌતમ ! તે દેવ, એક ગર્ભાશયમાંથી ગર્ભને લઈને બીજા ગર્ભાશયમાં મૂકતો નથી, ગર્ભથી લઈને યોનિ વાટે ગર્ભને બીજીના પેટમાં મૂકતો નથી, તેમ યોનિવાટે ગર્ભને બહાર કાઢીને પાછો યોનિવાટે (ગર્ભને) પેટમાં મૂકતો નથી. પણ પોતાના હાથ વડે ગર્ભને અડી અડીને અને તે ગર્ભને પીડા ન થાય તેવી રીતે યોનિદ્વારા બહાર કાઢીને બીજા ગર્ભાશયમાં મૂકે છે. હે ભગવન્ ! શક્રનો દૂત હરિનૈગમેષી દેવ સ્ત્રીના ગર્ભને નખની ટોચ વાટે યા તો રુંવાડાના છિદ્ર વાટે અંદર મૂકવા કે બહાર કાઢવા સમર્થ છે ? હે ગૌતમ ! હા, તે તેમ કરવાને સમર્થ છે ઉપરાંત તે દેવ ગર્ભને કાંઈપણ ઓછી કે વધારે પીડા થવા દેતો નથી તથા તે ગર્ભના શરીરનો છેદ કરે છે અને પછી તેને ઘણો સૂક્ષ્મ કરીને અંદર મૂકે છે કે બહાર કાઢે છે.

[૨૨૮] તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના શિષ્ય અતિમુક્તક નામના કુમારશ્રમણ, જેઓ સ્વભાવે ભોળા અને યાવત્-વિનયવાળા હતા. તે અતિમુક્તક કુમારશ્રમણ અન્ય કોઈ દિવસે ભારે વરસાદ વરસતો હતો ત્યારે પોતાની કાખમાં પાત્રું અને રજોહરણ લઈને બહાર ચાલ્યા. ત્યારપછી બહાર જતાં તે અતિમુક્તક કુમારશ્રમણે વહેતા પાણીનું એક નાનું ખાબોચિયું જોયું-પછી તે ખાબોચિયા ફરતી એક માટીની પાળ બાંધી અને 'આ મારી નાવ છે આ મારી નાવ છે' એ પ્રમાણે નાવિકની પેઠે પોતાના પાત્ર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નાવરૂપ કરી-પાણીમાં નાખી તે કુમારશ્રમણ પાણીમાં તરાવે છે-એ રીતે તે, રમત રમે છે. હવે એ પ્રકારના બનાવને સ્થવિરોએ જોયો અને જોયા પછી તેઓએ શ્રીમહાવીર પ્રભુને એ પ્રમાણે કહ્યું કે :-

હે દેવાનુપ્રિય ! ભગવાન્ અતિમુક્તક નામે કુમારશ્રમણ આપના શિષ્ય છે. તે કેટલા ભવો કર્યા પછી સિદ્ધ થશે યાવત્-સર્વ દુઃખોનો નાશ કરશે ? શ્રમણ ભગવંત મહાવીરે તે સ્થવિરોને કહ્યું કેઃ- હે આર્યો ! સ્વભાવે સરળ યાવત્-વિનયી તે કુમારશ્રમણ આ ભવ પૂરો કરીનેજ સિદ્ધ થશે યાવત્-સર્વ દુઃખનો નાશ કરશે. માટે હે આર્યો ! તમે તે અતિમુક્તક કુમારશ્રમણને હીલો નહીં, નિંદો નહીં, ખિંસો નહીં, વગોવો નહીં અને તેનું અપમાન પણ કરો નહીં. કિંતુ હે દેવાનુપ્રિયો ! તમે ગ્લાનિ રાખ્યા સિવાય તે કુમાર-શ્રમણને સાચવો, તેને સહાય કરો અને તેની સેવા કરો. (કારણ કે) તે અતિમુક્ત કુમારશ્રમણ સર્વ દુઃખોનો નાશ કરનારા છે અને આ છેલ્લા શરીરવાળો છે- શ્રમણ ભગવંત મહાવીરે તે સ્થવિરોને પૂર્વ પ્રમાણે કહ્યા પછી તે સ્થવિરોએ શ્રમણ ભગવંત મહાવીરને વંદન કર્યું અને નમન કર્યું અને પછી તે સ્થવિરોએ શ્રીમહાવીરની આજ્ઞા પ્રમાણે તે અતિમુક્તક કુમારશ્રમણને વિના ગ્લાનિએ સાચવ્યા યાવત્-સેવા કરી.

[૨૨૯] તે કાલે, તે સમયે મહાશુક્ર નામના દેવલોકથી મહાસર્ગ (નામના મોટા વિમાનથી મોટી ઋદ્ધિવાળા યાવત્-મોટા ભાગ્યવાળા બે દેવો શ્રમણ ભગવંત મહા-વીરની પાસે પ્રાદુર્ભૂત થયા તે દેવોએ શ્રમણ ભગવંત મહાવીરને મનથીજ વંદન અને નમન કર્યું તથા મનથીજ આ પ્રકારના પ્રશ્નો પૂછ્યાઃ- હે ભગવન્ ! આપ દેવાનુપ્રિયના કેટલા શિષ્યો સિદ્ધ થશે યાવત્-સર્વ દુઃખનો અંત આણશે ? ત્યારપછી-શ્રમણ ભગવંત મહાવીરે પણ તે દેવોને તેઓના સવાલના જવાબો મનથીજ આપ્યા :- હે દેવાનુપ્રિયો ! મારા સાતસમેં શિષ્યો સિદ્ધ થશે યાવત્-સર્વ દુઃખોનો નાશ કરશે. એ રીતે મનથી પૂછાએલ એવા શ્રમણ ભગવંત મહાવીરે તે દેવોને તેઓના સવાલના જવાબો મનથીજ આપ્યા તેથી તે દેવો હર્ષવાળા, તોષવાળા અને યાવત્-હતહૃદયવાળા થઇ ગયા, અને તેઓએ શ્રમણ ભગવંત મહાવીરને વંદન કર્યું, નમન કર્યું અને મનથીજ પર્યુપાસના કરવાની ઈચ્છાવાળા, યાવત્-સન્મુખ થઈને પર્યુપાસના કરવા લાગ્યા.

તે કાલે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના મોટા શિષ્ય ઈંદ્રભૂતિ નામના અનગાર યાવત્-શ્રીમહાવીરની પાસે ઉભડક બેસીને યાવત્-વિહરે-રહે છે. પછી ધ્યાનાંતરિકામાં-ધ્યાનની સમાપ્તિમાં વર્તતા તે ભગવાન્ ગૌતમ ઈંદ્રભૂતિ-ને આ પ્રકારનો સંકલ્પ યાવત્-ઉત્પન્ન થયોઃ- 'મોટી ઋદ્ધિવાળા યાવત્-મોટા પ્રભાવવાળા બે દેવો શ્રમણ ભગવંત મહાવીરની પાસે પ્રાદુર્ભૂત થયા હતા. તો હું તે દેવોને જાણતો નથી કે, તેઓ કયા કલ્પથી, કયા સ્વર્ગથી અને કયા વિમાનથી શા કારણે શીઘ્ર અહીં આવ્યા ? માટે જાઉં ભગવંત મહાવીરને વાંદું, નમું, અને યાવત્-તેઓની પર્યુપાસના કરું તથા એમ કર્યા પછી હું મારા પૂર્વ પ્રકારના આ પ્રશ્નો પૂછીશ' એમ વિચારીને, ઉભા થઈને જે તરફ શ્રમણ ભગવંત મહાવીર છે તે તરફ જઈને યાવત્-તેઓની સેવા કરે છે. હવે શ્રમણ ભગવંત મહાવીરે 'ગૌતમાદિ સાધુઓ !' એમ સંબોધી ભગવાન્ ગૌતમને આ પ્રમાણે કહ્યું કે-હે ગૌતમ ! જ્યારે તેં ધ્યાનની સમાપ્તિ કરી લીધી ત્યારે તારા મનમાં આ પ્રકારનો સંકલ્પ થયો હતો કે 'હું દેવો સંબંધી હકીકત જાણવા માટે શ્રમણ ભગવંત મહાવીર પાસે

જાઉં અને યાવત્-તેજ કારણથી તું મારી પાસે અહીં શીઘ્ર આવ્યો છે' કેમ હે ગૌતમ ! મેં કહ્યું એ બરાબર છેને ? ગૌતમને કહ્યું કે, 'હે ભગવન્ ! તે બરાબર છે.' પછી ભગવંત મહાવીરે કહ્યું કે, તારી શંકાને ટાળવાને સારું હે ગૌતમ ! તું (એ દેવોની પાસે) જા. અને એ દેવોજ તને એ સંબંધોની પૂરી માહિતી સંભળાવશે.

ત્યારપછી શ્રમણ ભગવંત મહાવીર તરફથી એવા પ્રકારની અનુમતિ મળવાને લીધે ભગવાન્ ગૌતમે શ્રમણ ભગવંતને વાંદી, નમી અને જે તરફ પેલા દેવો હતા તે તરફ જવાને સંકલ્પ કર્યો, હવે તે દેવો ભગવાન્ ગૌતમને પોતાની પાસે આવતા જોઈને હર્ષવાળા યાવત્ હતહ્રદયવાળા થયા અને શીઘ્રજ ઉભા થઈ તેઓની સામે ગયા-તે દેવો, જ્યાં ભગવાન્ ગૌતમ હતા ત્યા આવ્યા-અને તેઓને વાંદી, નમી તે દેવોએ આ પ્રમાણે કહ્યું:- હે ભગવન્ ! મહાશુક્ર નામના કલ્પથી, મહાસર્ગ વિમાનથી મોટી ઋદ્ધિવાળા યાવત્-અમે બે દેવો અહીં પ્રાદુર્ભૂત થયા છીએ અને (પછી) અમે શ્રમણ ભગવંત મહાવીરને વાંદીએ છીએ નમીએ છીએ અને મનથીજ આ પ્રકારના પ્રશ્નો પૂછીએ છીએ-'હે ભગવન્ ! આપ દેવાનુપ્રિયના કેટલા શિષ્ય સિદ્ધ થશે યાવત્-સર્વ દુઃખનો નાશ કરશે ?' આ રીતે અમે શ્રમણ ભગવંત મહાવીરને મનથી પૂછ્યા પછી અમને પણ તે શ્રમણ ભગવંત મહાવીરે મનથીજ તેનો જવાબ આપ્યો કે- 'હે દેવાનુપ્રિયો ! મારા સાતસેં શિષ્યો સિદ્ધ થશે યાવત્-સર્વ દુઃખોનો નાશ કરશે' એ રીતે અમે મનથીજ પૂછેલ પ્રશ્નોના જવાબ પણ અમને શ્રમણ ભગવંત મહાવીર તરફથી મન દ્વારાજ મળ્યા તેથી અમે શ્રમણ ભગવંત મહાવીરને વાંદીએ છીએ, નમીએ છીએ અને યાવત્-તેઓની પર્યુપાસના કરીએ છીએ, એમ કરીને (કહીને) તે દેવો ભગવાન્ ગૌતમને વાંદે છે, નમે છે અને પછી તેઓ જે દિશામાંથી પ્રગટ્યા હતા તેજ દિશામાં અંતર્ધાન થઈ ગયા.

[૨૩૦] હે ભગવન્ !' એમ કહી ભગવાન્ ગૌતમે શ્રમણ ભગવંત મહાવીરને યાવત્-આ પ્રમાણે કહ્યું કે, હે ભગવન્ ! દેવો સંયત કહેવાય ? હે ગૌતમ ! ના-એ અર્થ સમર્થ નથી-દેવોને સંયત કહેવા એ ખોટું છે. હે ભગવન્ ! દેવો અસંયતાસંયત કહેવાય ? હે ગૌતમ ! ના-એ અર્થ સમર્થ નથી-દેવોને સંયતાસંયત કહેવા એ અછતું છતું કરવા જેવું છે-ખોટું છે. હે ભગવન્ ! ત્યારે હવે દેવોને કેવા કહેવા ? હે ગૌતમ ! દેવોને નોસંયત કહેવા.

[૨૩૧] હે ભગવન્ ! દેવો કઈ ભાષામાં બોલે છે ? અથવા દેવો જે ભાષાનો પ્રયોગ કરે છે તે ભાષાઓમાં વિશિષ્ટરૂપ કઈ ભાષા છે ? હે ગૌતમ ! દેવો અર્ધમાગધી ભાષામાં બોલે છે અને ત્યાં બોલાતી ભાષાઓમાં પણ તેજ ભાષા- વિશિષ્ટરૂપ છે.

[૨૩૨] હે ભગવન્ ! કેવલી મનુષ્ય, અંતકરને કે ચરમશરીરવાળાને જાણે, જૂએ ? હા, ગૌતમ ! જાણે અને જૂએ. હે ભગવન્ ! જે પ્રકારે કેવલી મનુષ્ય, અંતકરને કે ચરમ- શરીરવાળાને જાણે અને જૂએ તે પ્રકારે છદ્મસ્થ મનુષ્ય, અંતકરને કે અંતિમ- શરીર- વાળાને જાણે, જૂએ ? હે ગૌતમ ! તે અર્થ સમર્થ નથી. તો પણ સાંભળીને અથવા પ્રમાણથી છદ્મસ્થ મનુષ્ય પણ અંતકરને કે ચરમદેહિને જાણે અને જૂએ. 'સાંભળીને' તે શું ? સાંભળીને એટલે કેવલી પાસેથી, કેવલિના શ્રાવક પાસેથી, કેવલિની શ્રાવિકા પાસેથી, કેવલિના ઉપાસક પાસેથી, કેવલિની ઉપાસિકા પાસેથી, કેવલિના પાક્ષિક- સ્વયંબુદ્ધ- પાસેથી, સ્વયંબુદ્ધના શ્રાવક પાસેથી, સ્વયંબુદ્ધની શ્રાવિકા પાસેથી, સ્વયં- બુદ્ધના ઉપા- સક પાસેથી, સ્વયંબુદ્ધની ઉપાસિકા પાસેથી સાંભળીને.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૨૩૩] 'પ્રમાણ' તે શું ? પ્રમાણ ચાર પ્રકારનું છે. તે જેમકે, પ્રત્યક્ષ, અનુમાન, ઔપમ્ય-ઉપમાન અને આગમ. જે પ્રકારે 'અનુયોગદ્વાર' સૂત્રમાં પ્રમાણ સંબંધે લખ્યું છે તે પ્રકારે જાણવું, યાવત્-'ત્યારબાદનો નો આત્માગમ, નો અનન્તરાગમ, પરંપરાગમ.'

[૨૩૪] હે ભગવન્ ! કેવલી મનુષ્ય, છેલ્લા કર્મને વા છેલ્લી નિર્જરાને જાણે, જૂએ ? હે ગૌતમ ! હા, જાણે, જૂએ.-'હે ભગવન્ ! જેમ કેવલી, છેલ્લા કર્મને જાણે' એ પ્રશ્નનો જેમ 'અંતકર' વિષેનો આલાપક કહ્યો તેમ 'છેલ્લા કર્મ' ના પ્રશ્ન સાથે જાણવો.

[૨૩૫] હે ભગવન્ ! કેવલી મનુષ્ય, પ્રકૃષ્ટ મનને વા, પ્રકૃષ્ટ વચનને ધારણ કરે ? હા, ધારણ કરે. હે ભગવન્ ! કેવલી મનુષ્ય, જે પ્રકૃષ્ટ મનને વા, પ્રકૃષ્ટ વચનને ધારણ કરે છે તેને વૈમાનિક દેવો જાણે છે, જૂએ છે ? હે ગૌતમ ! કેટલાકો જાણે છે, જૂએ છે, કેટલાકો નથી જાણતા, નથી જોતા, તે કેવી રીતે યાવત્-નથી જોતા ? હે ગૌતમ ! વૈમાનિક દેવો બે પ્રકારના કહ્યા છે, તે જેમકેઃ માયિમિથ્યાદૃષ્ટિપણે ઉત્પન્ન થયેલા અને અમાયિ-સમ્યગ્દૃષ્ટિપણે ઉત્પન્ન થયેલા, તેઓમાં જે માયિમિથ્યાદૃષ્ટિપણે ઉત્પન્ન થયેલા છે તેઓ નથી જાણતા, નથી જોતા અને જેઓ અમાયી સમ્યગ્દૃષ્ટિપણે ઉત્પન્ન થયેલા છે તેઓ જાણે છે-જૂએ છે. ' અમાયી સમ્યગ્દૃષ્ટિ યાવત્-જૂએ છે' તેમ કહેવાનું શું કારણ ? હે ગૌતમ ! અમાયી સમ્યગ્દૃષ્ટિ દેવો બે પ્રકારના કહેલા છે તે જેમકે; અનંતરોપપન્નક અને પરંપરોપપન્નક. તેમાં જે અનન્તરોપપન્નક છે તેઓ નથી જાણતા અને જેઓ પરંપરોપન્નક છે તેઓ જાણે છે. હે ભગવન્ ! 'પરંપરોપન્નક દેવો યાવત્-જૂએ છે' તેમ કહેવાનો શો અર્થ ? હે ગૌતમ ! પરંપરોપન્નક દેવો બે પ્રકારના કહેલા છે, તે જેમકે; પર્યાપ્ત અને અપર્યાપ્ત. તેમાં જેઓ પર્યાપ્ત છે તેઓ જાણે છે અને અપર્યાપ્ત નથી જાણતા. એ પ્રમાણે અનન્તર ઉત્પન્ન થયેલા, પરંપરાએ ઉત્પન્ન થએલા, પર્યાપ્તરૂપે ઉત્પન્ન થએલા, અપર્યાપ્તરૂપે ઉત્પન્ન થયેલા, ઉપયોગવાળા, અનુપયુક્ત-ઉપયોગ વિનાના, એ પ્રકારના વૈમાનિક દેવો છે, તેમાં જે ઉપયોગવાળા સાવધાનતાવાળા છે તેઓ જાણે છે, માટે તે હેતુથી તેજ-કેટલાક જાણે છે, અને કેટલાક નથી જાણતા.

[૨૩૬] હે ભગવન્ ! અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયેલા દેવો ત્યાંજ રહ્યા છતા, અહિં રહેલા કેવલી સાથે આલાપ, સંલાપ કરવાને સમર્થ છે ? હા, સમર્થ છે. તે કયા હેતુથી યાવત્-અનુત્તરવિમાનના દેવો યાવત્-કરવા સમર્થ છે ? હે ગૌતમ ! ત્યાંજ-પોતાને સ્થાનકે રહેલાજ અનુત્તર વિમાનના દેવો જે અર્થને, હેતુને, પ્રશ્નને, કારણને કે વ્યાકરણને પૂછે છે તેનો-તે અર્થનો, હેતુનો યાવત્-વ્યાકરણનો ઉત્તર અહિં રહેલો કેવલી આપે છે, તે હેતુથી. હે ભગવન્ ! અહિં રહેલો કેવલી અર્થનો યાવત્ જે ઉત્તર આપે તે ઉત્તરને ત્યાં રહેલાજ અનુત્તર વિમાનના દેવો જાણે, જૂએ ? હા, જાણે, જૂએ. તે કયા હેતુથી યાવત્-જૂએ ? હે ગૌતમ ! તે દેવોને અનંતી મનોદ્રવ્યવર્ગણાઓ લબ્ધ છે, પ્રાપ્ત છે, વિશેષ જ્ઞાત હોય છે તે હેતુથી અહિં રહેલો કેવલી જે કહે તેને તેઓ જાણે -જુએ

[૨૩૭] હે ભગવન્ ! અનુત્તરવિમાનના દેવો શું ઉદીર્ણ મોહવાળા છે, ઉપશાંત મોહવાળા છે કે ક્ષીણમોહવાળા છે ? હે ગૌતમ ! ઉદીર્ણમોહવાળા નથી, ક્ષીણમોહવાળા નથી પણ ઉપશાંતમોહવાળા છે.

[૨૩૮] હે ભગવન્ ! કેવલી મનુષ્ય -ઈન્દ્રિયોવડે જાણે, જૂએ ? હે ગૌતમ ! તે અર્થ સમર્થ નથી. તે કયા હેતુથી યાવત્-કેવલી ઈન્દ્રિયોવડે જાણતો નથી, જોતો નથી ? હે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગૌતમ ! કેવલી પૂર્વ દિશામાં મિત પણ જાણે છે, અમિત પણ જાણે છે યાવત્-કેવલિનું દર્શન, આવરણ રહિત છે, માટે તે હેતુથી તે ઇન્દ્રિયોવડે જાણતો કે જોતો નથી.

[૨૩૯] હે ભગવન્ ! કેવલી, આ સમયમાં જે આકાશ પ્રદેશોમાં હાથને, પગને, બાહુને અને ઊરુને અવગાહી રહે, અને જે સમયમાં રહે તે પછીના- ભવિષ્યકાળના-સમયમાં તેજ આકાશપ્રદેશોમાં હાથને યાવત્-અવગાહીને રહેવા કેવળી સમર્થ છે ? હે ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! તે કયા હેતુથી, યાવત્-કેવળી આ સમયમાં જે આકાશપ્રદેશોમાં યાવત્-રહે છે પછીના ભવિષ્યકાળના-સમમયાં એજ આકાશપ્રદેશોમાં કેવળી હાથને યાવત્-અવગાહી રહેવા સમર્થ નથી ? હે ગૌતમ ! કેવલિને વીર્યપ્રધાન યોગવાળું જીવ દ્રવ્ય હોવાથી તેના હસ્ત વગેરે ઉપકરણો-અંગો-ચલ હોય છે અને હસ્ત વગેરે અંગો ચલ હોવાથી ચાલુ સમયમાં જે આકાશ પ્રદેશોમાં હાથને યાવત્-અવગાહી રહે છે, એજ આકાશ પ્રદેશોમાં ચાલુ-સમય પછીના ભવિષ્યકાળના સમયમાં કેવલી હાથ વગેરેને અવગાહી યાવત્ રહેવા સમર્થ નથી. માટે તે હેતુથી એમ કહ્યું છે કે, કેવલી આ સમયમાં યાવત્-રહેવા સમર્થ નથી.

[૨૩૯] હે ભગવન્ ! કેવલી, આ સમયમાં જે આકાશ પ્રદેશોમાં હાથને, પગને, બાહુને અને ઊરુને અવગાહી રહે, અને જે સમયમાં રહે તે પછીના- ભવિષ્યકાળના-સમયમાં તેજ આકાશપ્રદેશોમાં હાથને યાવત્-અવગાહીને રહેવા કેવલી સમર્થ છે ? હે ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! તે કયા હેતુથી, યાવત્-કેવલી આ સમયમાં જે આકાશપ્રદેશોમાં યાવત્-રહે છે પછીના ભવિષ્યકાળના-સમયમાં એજ આકાશપ્રદેશોમાં કેવળી હાથને યાવત્-અવગાહી રહેવા સમર્થ નથી ? હે ગૌતમ ! કેવલિને વીર્ય-પ્રધાન યોગવાળું જીવ દ્રવ્ય હોવાથી તેના હસ્ત વગેરે ઉપકરણો-અંગો-ચલ હોય છે અને હસ્ત વગેરે અંગો ચલ હોવાથી ચાલુ સમયમાં જે આકાશ પ્રદેશોમાં હાથને યાવત્--અવગાહી રહે છે, એજ આકાશ પ્રદેશોમાં ચાલુ-સમય પછીના ભવિષ્યકાળના સમય-માં કેવલી હાથ વગેરેને અવગાહી યાવત્ રહેવા સમર્થ નથી. માટે તે હેતુથી એમ કહ્યું છે .

[૨૪૦] હે ભગવન્ ! ચૌદપૂર્વને જાણનાર-શ્રુત કેવલી મનુષ્ય, એક ઘડામાંથી હજાર ઘડાને, એક પટમાંથી હજાર પટને, એક સાદડીમાંથી હજાર સાદડીઓને, એક રથમાંથી હજાર રથને, એક છત્રમાંથી હજાર છત્રને અને એક દંડમાંથી હજાર દંડને કરી દેખાડવા સમર્થ છે ? હા, સમર્થ છે. તે કેવીરીતે, હે ગૌતમ ! ચૌદપૂર્વીએ, ઉત્કરિકા ભેદવડે ભેદાતાં અનંત દ્રવ્યો ગ્રહણ યોગ્ય કર્યાં છે, ગ્રહ્યાં છે અને તે દ્રવ્યોને ઘટાદિરૂપે પરિણમાવવા પણ આરંભ્યાં છે, માટે તે હેતુથી યાવત્-દેખાડવા સમર્થ છે. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, ! તે એ પ્રમાણે છે. એમ કહી યાવત્ વિહરે છે.

**શતક : ૫ - ઉદેસા : ૪ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## -: ઉદ્દેશક ૫ :-

[૨૪૧] હે ભગવન્ ! છદ્મસ્થ મનુષ્ય, વીતી ગએલા શાશ્વતા અનંત કાળમાં માત્ર સંયમવડે (સિદ્ધ થયો ?) જેમ પ્રથમ શતકમાં ચતુર્થ ઉદ્દેશકમાં આલાપક કહ્યા છે તેમ અહિં પણ પણ તે આલાપક કહેવા યાવત્ 'અલમસ્તુ' એમ કહેવાય' ત્યાંસુધી જાણવું.

[૨૪૨] હે ભગવન્ ! અન્યતીર્થિકો એમ કહે છે યાવત્ પ્રરૂપે છે કે, સર્વ પ્રાણ, સર્વ

JAINSITE.com જૈન સાહિત્ય જ્ઞાનમ જ્યોત શાસનમ

ભૂત, સર્વ જીવ અને સર્વ તત્ત્વો એવંભૂત જેમ કર્મ બાંધ્યું છે તે પ્રમાણે-વેદનાને અનુભવે છે, હે ભગવન્ ! તે એમ કેવી રીતે છે ? હે ગૌતમ ! તે અન્યતીર્થિકો જે એ પ્રમાણે કહે છે તે એમ ખોટું કહે છે, વળી હું તો એમ કહું છું યાવત્ પ્રરૂપું છું કે કેટલાક પ્રાણો, ભૂતો, જીવો અને સત્ત્વો એવંભૂત-એ પ્રકારે પોતાના કર્મ પ્રમાણે વેદનાને અનુભવે છે અને કેટલાક પ્રાણો, ભૂતો, જીવો અને સત્ત્વો જેમ કર્મ બાંધ્યું છે તેથી જૂદી વેદનાને અનુભવે છે. તે કયા હેતુથી હે ગૌતમ ! જે પ્રાણો, ભૂતો, જીવો અને સત્ત્વો કરેલાં કર્મો પ્રમાણે વેદના અનુભવે છે તે પ્રાણો, ભૂતો, જીવો અને સત્ત્વો એવંભૂત વેદનાને અનુભવે છે અને જે પ્રાણો, ભૂતો, જીવો અને સત્ત્વો કરેલાં કર્મો પ્રમાણે વેદના નથી અનુભવતા તે પ્રાણો, ભૂતો, જીવો અને સત્ત્વો અનેવંભૂત વેદનાને અનુભવે છે, તે હેતુથી તેમજ કહ્યું છે. હે ભગવન્ ! નૈરયિકો શું એવંભૂત વેદનાને વેદે છે કે અનેવંભૂત વેદનાને અનુભવે છે ? હે ગૌતમ ! તેઓ એવંભૂત વેદનાને પણ અનુભવે છે અને અનેવંભૂત વેદનાને અનુભવે છે. તે ક્યા હેતુથી ? હે ગૌતમ ! જે નૈરયિકો કરેલાં કર્મ પ્રમાણે વેદના વેદે છે તેઓએ વંભૂત વેદના વેદે છે અને જે નૈરયિકો કરેલાં કર્મ પ્રમાણેવેદના નથી વેદતા તેઓ અનેવંભૂત વેદનાને વેદે છે તે હેતુથી એમ કહ્યું છે. એ પ્રમાણે યાવત્ વૈમાનિક સુધીના સંસારમંડલ વિષે સમજવાનું છે.

[૨૪૩] હે ભગવન્ ! જંબૂદ્વીપમાં આ ભારત વર્ષમાં આ અવસર્પિણીના કાળમાં કેટલા કુલકરો થયા. હે ગૌતમ ! સાત કુલકરે થયા, એ પ્રમાણે તીર્થંકરોની માતાઓસ, પિતાઓ, પહેલી શિષ્યા ચક્રવર્તીની માતાઓ, સ્ત્રીરત્ન, બલદેવો, વાસુદેવો, વાસુદેવની માતાઓ, પિતાઓ, એઓના પ્રતિશત્રુઓ પ્રતિવાસુદેવો વગેરે જે પ્રમાણે 'સમવાય' સૂત્રમાં નામની પરિપાટીમાં છે તે પ્રમાણે જાણવું. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, એમ કહી યાવત્ વિહરે છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**શતક : ૫ - ઉદેસા : ૬ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

**-: ઉદ્દેશક ૬ :-**

[૨૪૪] હે ભગવન્ ! જીવો થોડા જીવવાનું કારણભૂત કર્મ કેવી રીતે બાંધે છે ? હે ગૌતમ ! ત્રણ સ્થાનોવડે જીવો થોડા જીવવાનું કારણભૂત કર્મ બાંધે છે, તે જેમકે, પ્રાણોને મારીને, ખોટું બોલીને અને તથારૂપ શ્રમણ કે બ્રાહ્મણને અપ્રાસુક, અનેષણીય ખાન, પાન, ખાદિમ તથા સ્વાદિમ પદાર્થોવડે પ્રતિલાભીને હે ભગવન્ ! જીવો લાંબાકાળ સુધી જીવવાનું કારણભુત કર્મ કેવી રીતે બાંધે છે ? હે ગૌતમ ! ત્રણ સ્થાનોવડે જીવો લાંબા કાળ સુધી જીવવાનું કારણભુત કર્મ બાંધે છે, તે જેમકે, પ્રાણોને નહિ મારીને. ખોટું નહિ બોલીને અને તથારૂપ શ્રમણ કે બ્રાહ્મણને પ્રાસુક, એષણીય ખાન, પાન, ખાદિમ તથા સ્વાદિમ પદાર્થોવડે પ્રતિલાભીને; હે ભગવન્ ! જીવો અશુભ રીતે લાંબાકાળ સુધી જીવવાનું કારણભુત કર્મ કેવી રીતે બાંધે છે ? હે ગૌતમ ! જીવોને મારીને, ખોટું બોલીને, અને તથારૂપ શ્રમણની કે બ્રાહ્મણની હીલના કરીને, નિંદા કરીને, લોક સમક્ષ ફજેતી કરીને, તેની સામે ગર્હા કરીને તેનું અપમાન કરીને તથા એવા કોઇ એક અપ્રીતિના કારણરૂપ અમનોજ્ઞ-ખરાબ અશનાદિવડે પ્રતિલાભીને હે ભગવન્ ! જીવો શુભ પ્રકારે લાંબા કાળ સુધી જીવવાનું કાણભુત કર્મ કેવી રીતે બાંધે છે ? હે ગૌતમ ! પ્રાણોને નહિ મારીને, ખોટું નહિ બોલીને અને તથારૂપ શ્રમણને કે બ્રાહ્મણને વાંદીને યાવત્-તેને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પર્યુપાસીને તથા એવા કોઈ એક કારણથી- મનોજ્ઞ, પ્રીતિકારક અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ એ ચાર જાતના આહારવડે પ્રતિલાભીને; એ પ્રમાણે જીવો યાવત્-લાંબું સારુ દીર્ઘાયુષ્ય બાંધે છે.

[૨૪૫] હે ભગવન્ ! કરિયાણાનો વિક્રય-વેચાણ-કરતાં કોઈ ગૃહસ્થનું કોઈ માણસ તે કરિયાણું ચોરી જાય તો હે ભગવન્ ! તે કરિયાણાનું ગવેષણ કરનાર તે ગૃહસ્થને શું આરંભિકી ક્રિયા લાગે કે પારિગ્રહિકી કે માયપ્રત્યયિકી કે અપ્રત્યાખ્યાનિકી કે મિથ્યાદર્શન પ્રત્યિકી ક્રિયા લાગે ? હે ગૌતમ ! આરંભિકી, પરિગ્રહિકી, માયાપ્રત્યયિકી અને અપ્રત્યાખ્યાનિકી ક્રિયા લાગે અને મિથ્યાદર્શનપ્રત્યાયિકી ક્રિયા કદાચ લાગે અને કદાચ ન લાગે અને હવે ગવેષણ કરતાં જ્યારે તે ચોરાએલુ કરિયાણું પાછું મળી આવે ત્યારપછી તે બધી ક્રિયાઓ પાતળી થઈ જાય છે. હે ભગવન્ ! કરિયાણાને વેચતા ગૃહસ્થનું ભાંડ-કરિયાણું, કરિયાણુ ખરીદ કરનારે ખરીદ્યું-તેને માટે બાનું આપ્યું પણ હજુ તે કરિયાણું લઈ જવાયું નથી તો તે વેચનાર ગૃહુપતિને તે કરિયાણાથી શું આરંભિકી યાવત્ મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા લાગે ? અને તે ખરીદનારને તે કરિયાણાથી આરંભિકી યાવત્-મિથ્યા દર્શન પ્રત્યવિકી ક્રિયા લાગે ? હે ગૌતમ તે તેમજ છે. કરનારને તે બધી ક્રિયાઓ પાતળી હોય છે. હે ભગવન્ ! ભાંડને વેચતા ગૃહપતિને ત્યાંથી યાવત્ તે ભાંડ -ખરીદ કરનારે પોતાને ત્યાં આણ્યું-હોય ત્યારે તે ખરીદ કરનારને તે ભાંડથી શું આરંભિકી ક્રિયા વગેરે પાંચ ક્રિયાઓ અને ગૃહપતિને તે ભાંડથી શું આરંભિકી વગેરે પાંચ ક્રિયાઓ લાગે ? હે ગૌતમ ! તે ભાંડથી તે ખરીદ કરનારને મોટા પ્રમાણવાળી-ચારે ક્રિયાઓ લાગે અને મિથ્યાદૃષ્ટિ હોય તો મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા લાગે અને મિથ્યાદૃષ્ટિ ન હોય તો મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા ન લાગે એ પ્રમાણે મિથ્યાદર્શન--ક્રિયાની ભજનાવડે ગૃહસ્થને તે બધી ક્રિયાઓ ઓછા પ્રમાણમાં હોય છે.

હે ભગવન્ ! ગૃહપતિ-ઘરધણિ-ને ભાંડ યાવત્-ધન ન મળેલ હોય (તો કેમ ?) એ રીતે પણ જેમ ઉપનીત ભાંડ-સંબંધે કહ્યું છે તેમ સમજવું- 'જો ધન ઉપનીત હોય તો' જેમ અનુપનીત ભાંડ વિષે પ્રથમ આલાપક કહ્યો છે તેમ સમજવું-પ્રથમ અને ચતુર્થ આલાપકનો સમાન ગમ સમજવો અને બીજા અને ત્રીજા આલાપકનો સમા ગમ સમજવો. હે ભગવન્ ! હમણા જગવેલો અગ્નિકાય, મહાકર્મવાળો, મહાક્રિયાવાળો, મહાઆશ્રયવાળો, મહાવેદનાવાળો, હોય છે, હવે તે અગ્નિ સમયે સમયે-ઓછો થતો હોય, બુઝાતો હોય અને છેલ્લે ક્ષણે અંગરૂપ થયો, મુર્મુરરૂપ થયો, ભસ્મરૂપ થયો ત્યારબાદ તે અગ્નિ અલ્પકર્મવાળો, અલ્પક્રિયા- વાળો અલ્પઆશ્રયવાળો અને અલ્પવેદનાવાળો થાય ? હા, ગૌતમ ! થાય.

[૨૪૬] હે ભગવન્ ! પુરુષ ધનુષ્યને ગ્રહણ કરે, ગ્રહણ કરી બાણને ગ્રહણ કરે, તેનું ગ્રહણ કરી સ્થાન પ્રત્યે બેસે-ધનુષ્યથી બાણને ફેંકતી વેળાનું આસન કરે-તેમ બેસી ફેકવા પ્રસરેલા બાણને કાન સુધી-ખેંચે, ખેંચી ઉંચે આકાશ પ્રત્યે બાણને ફેંકે, ત્યારબાદ તે આકાશ પ્રત્યે ફેંકાએલું બાણ, ત્યાં આકાશમાં જે પ્રાણોને, ભૂતોને, જીવોને, સત્ત્વોને, સામા આવતા હણે, તેઓનું શરીર સંકોચી નાખે, તેઓને વિષ્ટ કરે, તેઓને સંહત કરે, તેઓને થોડો સ્પર્શ કરે, તેઓને ચારે કોરથી પીડા પમાડે. તેઓને ક્લાંત કરે, તેઓને એક સ્થાનથી બીજે સ્થાને લઈ જાય અને તેઓને જીવિતથી ચ્યુત કરે તો હે ભગવન્ ! તે પુરુષ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કેટલી ક્રિયાવાળો છે ? હે ગૌતમ ! યાવત્-તે પુરુષ ધનુષ્યને ગ્રહણ કરે છે યાવત્ તેને ફેંકે છે, યાવત્ તે પુરુષ કાયિકી ક્રિયાને યાવત્-પાંચે ક્રિયાને ફરસે છે. અને જે જીવોના શરીરોદ્વારા ધનુષ્ય બન્યું છે તે જીવો પણ યાવત્ પાંચ ક્રિયાને ફરસે છે, એ પ્રમાણે ધનુષ્યની પીઠ પાંચ ક્રિયાને ફરસે છે, દોરી પાંચ ક્રિયાને, ણ્હારુ પાંચ ક્રિયાને, બાણ પાંચ ક્રિયાને, શર, પત્ર, ફભલ અને ણ્હારું પાચે ક્રિયાને ફરસે છે.

[૨૪૭] અને હવે જ્યારે પોતાની ગુરુતા વડે, પોતાના ભારેપણાવડે, પોતાની ગુરુક્તા અને સંભારતાવડે તે બાણ સ્વભાવથી નીચે પડતું હોય ત્યારે ત્યાં (માર્ગમાં આવતાં) પ્રાણોને યાવત્-જીવિતથી ચ્યુત કરે ત્યારે તે પુરુષ કેટલી ક્રિયાવાળો હોય ? હે ગૌતમ ! યાવત્ તે બાણ પોતાની ગુરુતાવડે યાવત્ જીવોને જીવિતથી ચ્યુત કરે યાવત્ તે પુરુષ કાયિકી યાવત્ ચાર ક્રિયાને ફરસે છે અને જે જીવોના શરીરથી ધનુષ્ય બનેલું છે તે જીવો પણ ચાર ક્રિયાને, ધનુષ્યની પીઠ ચાર ક્રિયાને, દોરી ચાર ક્રિયાને, ણ્હારુ ચાર ક્રિયાને, બાણ પાંચ ક્રિયાને શર, પત્રાણ, ફલ અને ણ્હારુ પાંચ ક્રિયાને અને નીચે પડતા બાણના અવગ્રહમાં જે જીવો આવે છે તે જીવો પણ પાંચ ક્રિયાને ફરસે છે.

[૨૪૮] હે ભગવન્ ! અન્યતીર્થિકો એ પ્રમાણે કહે છે યાવત્ પ્રરૂપે છે કે, જેમ કોઇ યુવતિને યુવાન હાથમાં ગ્રહીને, (ઉભેલા) હોય અથવા જેમ આરાઓથી ભીડાએલી ચક્રની નાભી હોય એ પ્રમાણેજ યાવત્ ચારસેં પાંચસેં યોજન સુધી મનુષ્યલોક, મનુષ્યો-થી ખીચોખીચ ભરેલો છે, હે ભગવન્ ! તે એ પ્રમાણે કેમ હોઇ શકે ? હે ગૌતમ ! તે અન્ય-તીર્થિકો એ પ્રમાણે કહે છે તે ખોટું છે, હે ગૌતમ ! હું વળી આ પ્રમાણે કહું છું કે, એજ પ્રમાણે યાવત્ ચારસો પાંચસો યોજન સુધી નિરયલોક, નૈરયિકોથી ખીચોખીચ ભરેલો છે.

[૨૪૯] હે ભગવન્ ! શું નૈરયિકો એકપણું વિકુર્વવા સમર્થ છે ? કે બહુપણુ વિકુર્વવા સમર્થ છે ? જેમ જીવાભિગમસૂત્રમાં આલાપક છે. તેમ જાણી લેવું. દુરહિયાસ' શબ્દ સુધી અહિં જાણવો.

[૨૫૦] 'આધાકર્મ અનવદ્ય-નિષ્પાપ છે' એ પ્રમાણે જે, મનમાં સમજતો હોય તો જો આધાકર્મ સ્થાનવિષયક આલોચન અને પ્રતિક્રમણ કર્યા વિના કાળ કરે તો તે તેને આરાધના નથી અને જો તે સ્થાનવિષયક આલોચન અને પ્રતિક્રમણ કરી કાળ કરે તો તેને આરાધના છે. એ ગમ પ્રમાણે ક્રીતકૃત-ભોજન સ્થાપિત-ભોજન, રચિત કાંતારત-ભક્ત- દુર્ભિક્ષભક્ત દુર્દિન હોય વરસાદ આવતો હોય ત્યારે સાધુ માટે તૈયાર કરેલો આહાર તે વાર્દલિકાભક્ત, ગ્લાન માટે રાંધેલો આહાર, શય્યાતરપિંડ, રાજપિંડ, એ બધી જાતના આહાર માટે જાણવું. 'આધાકર્મ આહાર નિષ્પાપ છે' એ પ્રમાણે જે ઘણા માણસોની વચ્ચે બોલે અને પોતે આધાકર્મને ખાય તો તેમ બોલનાર તથા ખાનારા તે વિષે યાવત્ તેને આરાધના છે ? એ પણ તેજ પ્રમાણે જાણવું યાવત્-રાજપિંડ. 'આધાકર્મ અનવદ્ય છે' એ પ્રમાણે કહી પરસ્પર દેવરાવનાર હોય તેને આરાધના હોય ? એ પણ તેજ પ્રમાણે જાણવું. યાવત્ રાજપિંડ. 'આધાકર્મ નિષ્પાપ છે' એ પ્રમાણે ઘણા માણસોને જે જણાવનાર હોય, તેને યાવત્ આરાધના છે ? યાવત્ રાજપિંડ (પેઠે જાણી લેવું.)

[૨૫૧] હે ભગવન્ ! પોતાના વિષયમાં, શિષ્યવર્ગને ખેદ રહિતપણે સ્વીકારતાં, ખેદરહિતપણે સહાય કરતા આચાર્ય અને ઉપાધ્યાય કેટલાં ભવગ્રહણો કરી સિદ્ધ થાય યાવત્ અંતને કરે ? હે ગૌતમ ! કેટલાક તેજ ભવવડે સિદ્ધ થાય, કેટલાક બે ભવ ગ્રહણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરી સિદ્ધ થાય-પણ ત્રીજા ભવગ્રહણને અતિક્રમે નહિં.

[૨૫૨] હે ભગવન્ ! જે બીજાને, ખોટા બોલવા વડે, અસદ્‌ભૂત બોલવાવડે, અભ્યાખ્યાન-વડે દૂષિત કહે, તે કેવા પ્રકારના કર્મો બાંધે છે ? હે ગૌતમ ! તે તેવા પ્રકારનાજ કર્મો બાંધે છે, તે જ્યાં જાય છે ત્યાં તે કર્મને વેદે છે, પછી તે કર્મોને નિર્જરે છે, હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, એમ કહી શ્રમણ ભગવંત ગૌતમ વિહરે છે.

**[શતકઃ૫ -ઉદ્દેસાઃ ૬ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ]**

**-ઃ ઉદ્દેશક ૭ઃ-**

[૨૫૩] હે ભગવન્ ! પરમાણુ પુદ્‌ગલ કંપે, વિશેષ કંપે યાવત્ તે ભાવે પરિણમે ? હે ગૌતમ ! કદાચ કંપે, વિશેષ કંપે યાવત્ પરિણમે અને કદાચ ન કંપે યાવત્ ન પરિણમે. હે ભગવન્ ! બે પ્રદેશનો સ્કંધ કંપે યાવત્-પરિણમે ? હે ગૌતમ ! કદાચ કંપે યાવત્ પરિણમે ? કદાચ ન કંપે યાવત્ ન પરિણમે- તથા કદાચ એક ભાગ કંપે, એક ભાગ ન કંપે હે ભગવન્ ! ત્રણ પ્રદેશવાળો સ્કંધ કંપે ? હે ગૌતમ ! કદાચ કંપે કદાચ ન કંપે કદાચ એક ભાગ કંપે, એક ભાગ ન કંપે કદાચ એક ભાગ કંપે, બહુ દેશો ન કંપે કદાચ બહુ ભાગો કંપે, એક ભાગ ન કંપે હે ભગવન્ ! ચાર પ્રદેશવાળો સ્કંધ કંપે છે ? હે ગૌતમ ! કદાચ કંપે કદાચ ન કંપે કદાચ એક ભાગ કંપે અને એક ભાગ ન કંપે, કદાચ એક ભાગ કંપે અને બહુ ભાગો ન કંપે, કદાચ બહુ ભાગો કંપે અને એક ભાગ ન કંપે, કદાચ ઘણા ભાગો કંપે અને ઘણા ભાગો ન કંપે-જેમ ચાર પ્રદેશવાળા સ્કંધ માટે કહ્યું તેમ પાંચ પ્રદેશવાળા સ્કંધથી માંડી યાવત્ અનંતપ્રદેશવાળા સ્કંધ સુધીના દરેક સ્કંધો માટે જાણવું.

[૨૫૪] હે ભગવન્ ! પરમાણુપુદ્‌ગલ, તલવારની ધારનો ય સજાયાની ધારનો આશ્રય કરે ? હા, આશ્રય કરે. હે ભગવન્ ! તે ધાર ઉપર આશ્રિત પરમાણુ પુદ્‌ગલ છેદાય, ભેદાય ? હે ગૌતમ ! તે અર્થ સમર્થ નથી-નક્કી, તે પરમાણુ પુદ્‌ગલમાં શસ્ત્ર, ક્રમણ કરી શકે નહિ, એ પ્રમાણે યાવત્-અસંખ્ય પ્રદેશવાળા સ્કંધો માટે સમજી લેવું 'હે ભગવન્ ! અનંતપ્રદેશવાળો સ્કંધ તલવારની ધારનો યા સજાયાની ધારનો આશ્રય કરે ? હા, આશ્રય કરે. તે તલવારની યા સજાયાની ધાર ઉપર આશ્રિત અનંતપ્રદેશવાળો સ્કંધ છેદાય ભેદાય ? હે ગૌતમ ! કોઇ એક છેદાય અને ભેદાય, તથા કોઇ એક ન છેદાય અને ભેદાય. એ પ્રમાણે પરમાણુ પુદ્‌ગલથી અનંત પ્રદેશવાળા સ્કંધ સુધીના દરેક પુદ્‌ગલો પરત્વે 'અગ્નિકાયની વચોવચ પ્રવેશ કરે એ પ્રમાણેના પ્રશ્નોત્તરો કરવા. વિશેષ, જ્યાં સંભવે ત્યાં 'છેદાય, ભેદાય' ને બદલે 'બળે' એ પ્રમાણે કહેવું. એ પ્રમાણે પુષ્કરસંવર્ત્ત નામના મોટા મેઘની વચોવચ પ્રવેશ કરે' એ પ્રમાણેના પ્રશ્નોત્તરો કરવા, તે સ્થળે 'છેદાય, ભેદાય' ને બદલે 'ભીનો થાય' એમ કહેવું; એ પ્રમામે ગંગા મહાનદીના પ્રતિશ્રોત પ્રવાહમાં, શીઘ્ર તે પરમાણુ પુદ્‌ગલાદિ આવે અને ત્યાં પ્રતિસ્ખલન પામે' અને 'ઉદકાવર્ત્ત યા ઉદક બિંદુ પ્રત્યે પ્રવેશ કરે અને તે (પરમાણ્વાદિ) ત્યાં નાશ પામે' એ સંબંધે પ્રશ્નોત્તરો કરવા.

[૨૫૫] હે ભગવન્ ! શું પરમાણુ પુદ્‌ગલ, સાર્ધ-અર્ધ સહિત છે, મધ્ય સહિત છે અને પ્રદેશ સહિત છે કે અર્ધ રહિત છે, મધ્યરહિત છે અને પ્રદેશ રહિત છે ? હે ગૌતમ ! પરમાણુ પુદ્‌ગલ અનર્ધ છે, અમધ્ય છે અને અપ્રદેશ છે પણ સાર્ધ નથી, સમધ્ય નથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સપ્રદેશ નથી. હે ભગવન્ ! બે પ્રદેશવાળો સ્કંધ, શું સાર્ધ સમધ્ય અને સપ્રદેશ છે કે અનર્ધ, અમધ્ય અને અપ્રદેશ છે ? હે ગૌતમ ! તે બે પ્રદેશવાળો સ્કંધ, સાર્ધ છે, સપ્રદેશ છે અને મધ્ય રહિત છે પણ અનર્ધ નથી, સમધ્ય નથી અને અપ્રદેશ નથી. હે ભગવન્ ! ત્રણ પ્રદેશવાળો સ્કંધ (એ વિષે) એ પ્રમાણે પ્રશ્ન કરવો. હે ગૌતમ ! તે ત્રણ પ્રદેશવાળો સ્કંધ અનર્ધ છે, સમધ્ય છે અને સપ્રદેશ છે પણ સાર્ધ નથી, અમધ્ય નથી અને અપ્રદેશ નથી. જેમ, બે પ્રદેશવાળા સ્કંધને માટે સાર્ધાદિ વિભાગ દર્શાવ્યો છે, તેમ જેઓ સમ સ્કંધો છે એટલે સમસંખ્યાવાળા- સ્કંધો માટે જાણી લેવું અને જેઓ વિષમ સ્કંધો છે- તેને માટે, જેમ ત્રણ પ્રદેશવાળા સ્કંધ સંબંધે કહ્યું તેમ જાણવું. હે ભગવન્ ! સંખ્યેયપ્રદેશવાળો સ્કંધ શું સાર્ધ છે ? હે ગૌતમ ! કદાચ સાર્ધ હોય, અમધ્ય હોય અને અપ્રદેસ હોય; કદાચ અનર્ધ હોય, સમધ્ય હોય અને સપ્રદેશ હોય. ની જેમ સંખ્યેય પ્રદેશવાળા સ્કંધ તે અસંખ્યેય અને અનંત પ્રદેશવાળા સ્કંધ જાણવો. લેવો.

[૨૫૬] હે ભગવન્ ! પરમાણુપુદ્ગલને સ્પર્શ કરતો પરમાણુ પુદ્ગલ, શું એક ભાગવડે એક ભાગનો સ્પર્શ કરે, એક ભાગવડે ઘણા ભાગોનો સ્પર્શ કરે, એક ભાગવડે સર્વનો સ્પર્શ કરે, ઘણા ભાગોદ્વારા એક દેશને સ્પર્શે, ઘણા દેશોદ્વારા ઘણા દેશોને સ્પર્શે, ઘણા દેશોદ્વારા સર્વને સ્પર્શે, સર્વવડે એક ભાગને સ્પર્શે, સર્વવડે ઘણા ભાગોને સ્પર્શે, કે સર્વવડે સર્વને સ્પર્શે ? હે ગૌતમ એકદેશથી એકદેશને ન સ્પર્શે, એકદેશથી ઘણા દેશોને ન સ્પર્શે એક દેશથી સર્વને ન સ્પર્શે, ઘણા દેશોથી એકને ન સ્પર્શે, ઘણા દેશોથી ઘણા દેશોને ન સ્પર્શે, ઘણા દેશોથી સર્વને ન સ્પર્શે, સર્વથી એક દેશને ન સ્પર્શે, સર્વથી ઘણા દેશોને ન સ્પર્શે, પણ સર્વથી સર્વને સ્પર્શે. એ પ્રમાણે બે પ્રદેશવાળા સ્કંધને સ્પર્શતો પરમાણુપુદ્ગલ સાતમા અને નવમા વિકલ્પવડે સ્પર્શે વળી, ત્રણ પ્રદેશવાળા સ્કંધને સ્પર્શતો પરમાણુ-પુદ્ગલ છેલ્લા ત્રણ, વિકલપવડે સ્પર્શે પ્રકારે ત્રણ પ્રદેશવાળા સ્કંધને પરમાણુપુદ્ગલનો સ્પર્શ કરાવ્યો તે પ્રકારે ચાર પ્રદેશવાળા, પાંચ પ્રદેશવાળા યાવત્--અનંત પ્રદેશવાળા સ્કંધની સાથે પરમાણુપુદ્ગલનો સ્પર્શ કરાવવો.

હે ભગવન્ ! પરમાણુપુદ્ગલને સ્પર્શતો બે પ્રદેશવાળો સ્કંધ કેવી રીતે સ્પર્શે ? એ પ્રશ્ન કરવો. હે ગૌતમ ! ત્રીજા અને નવમા વિકલ્પવડે સ્પર્શે. એવી રીતે બે પ્રદેશવાળા સ્કંધને સ્પર્શતો દ્વિપ્રદેશિકસ્કંધ પ્રથમ, તૃતીય, સપ્તમ અને નવમા વિકલ્પવડે સ્પર્શે; ત્રણ પ્રદેશવાળા સ્કંધને સ્પર્શતો દ્વિપ્રદેશિકસ્કંધ પેલા ત્રણ વિકલ્પોવડે અને છેલ્લા ત્રણ વિકલ્પોવડે સ્પર્શે અને વચલા ત્રણે પણ વિકલ્પોવડે પ્રતિષેધ કરવો, જેમ દ્વિપ્રદેશિક-સ્કંધને ત્રણ પ્રદેશવાળા સ્કંધની સ્પર્શના કરાવી એ પ્રમાણે ચાર પ્રદેશવાળા,પાંચ પ્રદેશ-વાળા યાવત્-અનંત-પ્રદેશવાળા સ્કંધની સ્પર્શના કરાવવી. હે ભગવન્ ! પરમાણુપુદ્ગ-લને સ્પર્શ કરતો ત્રણ પ્રદેશવાળો સ્કંધ કેવી રીતે સ્પર્શે એ પ્રશ્ન કરવો. હે ગૌતમ ! ત્રીજા છઠ્ઠા અને નવમા વિકલ્પવડે સ્પર્શે, દ્વિપ્રદેશિકને સ્પર્શ કરતો ત્રિપ્રદેશિ- કસ્કંધ, પ્રથમ તૃતીય, ચતુર્થ, ષષ્ઠ, સપ્તમ અને નવમા વિકલ્પવડે સ્પર્શે; ત્રિપ્રદેશિકને સ્પર્શ કરતો ત્રિપ્રદેશિક સ્કંધ સર્વ સ્થાનોમાં સ્પર્શે એટલે નવે વિકલ્પવડે સ્પર્શે. જેમ ત્રિપ્રદેશિકનો સ્પર્શ કરાવ્યો એ પ્રમાણે ત્રિપ્રદેશિકને ચાર પ્રદેશિક, પાંચ પ્રદેશિક યાવત્-અનંત પ્રદેશિક સુધીના બધા સ્કંધો સાથે સંયોજવો અને જેમ ત્રિપ્રદેશિક સ્કંધ પરત્વે કહ્યું તેમ યાવત્-અનંતપ્રદેશિક સુધીના સ્કંધ પરત્વે કહેવૂં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૨૫૭] હે ભગવન્ ! પરમાણુપુદ્ગલ, કાળથી ક્યાંસુધી રહે ? હે ગૌતમ ! પરમાણુપુદ્ગલ, ઓછામાં ઓછું એક સમય સુધી રહે અને વધારેમાં વધારે અસંખ્ય કાળ સુધી રહે; એ પ્રમાણે યાવત્ અનંતપ્રદેશિક સુધીના સ્કંધ માટે સમજી લેવું., હે ભગવન્ ! એક આકાશ પ્રદેશમાં સ્થિત પુદ્ગલ, જ્યાં હોય તે સ્થાને અથવા બીજેસ્થાને કાળથી ક્યાંસુધી સકંપ રહે ? હે ગૌતમ ! જઘન્યથી એક સમય સુધી અને વધારેમાં વધારે આવલિકાના અસંખ્યેય ભાગ સુધી સકંપ રહે, એ પ્રમાણે યાવત્ આકાશના અસંખ્યેય પ્રદેશમાં સ્થિત પુદ્ગલ માટે પણ જાણવું. હે ભગવન્ ! એક આકાશ પ્રદેશમાં અવગાઢ પુદ્ગલ કાળથી ક્યાંસુધી નિષ્કંપ રહે ? હે ગૌતમ ! જઘન્ય એક સમય અને વધારેમાં વધારે અસંખ્યેય કાળ સુધી નિષ્કંપ રહે, એ પ્રમાણે યાવત્ અસંખ્યેય પ્રદેશાવગાઢ પુદ્ગલ માટે પણ જાણવું. હે ભગવન્ ! પુદ્ગલ એકગણું કાળું, કાળથી ક્યાં સુધી રહે ? હે ગૌતમ ! જઘન્યથી એક સમય સધી અને વધારેમાં વધારે અસંખ્યેય કાળસુધી રહે, એ પ્રમાણે યાવત્ અનંત ગુણ કાળા પુદ્ગલ માટે જાણવું, એ પ્રમાણે વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ યાવત્ અનંતગુણ રૂક્ષ માટે પુદ્ગલ માટે જાણવું, એ પ્રમાણે સૂક્ષ્મપરિણત પુદ્ગલ માટે અને બાદરપરિણત પુદ્ગલ માટે જાણવું. હે ભગવન્ ! શબ્દપરિણત પુદ્ગલ, કાળથી ક્યાં સુધી રહે ? હે ગૌતમ ! ઓછામાં ઓછા એક સમય સુધી અને વધારેમાં વધારે અવલિકાના અસંખ્યેય ભાગ સુધી રહે અશબ્દપરીણત પુદ્ગલ, જેમ એકગુણ કાળું પુદ્ગલ કહ્યું, તેમ સમજવું.

હે ભગવન્ ! પરમાણુપુદ્ગલને કાળથી કેટલું લાંબું અંતર હોય હે ગૌતમ ! ઓછામાં ઓછું એક સમય અને વધારેમાં વધારે અસંખ્યેયકાળ સુધીનું અંતર છે. હે ભગવન્ ! દ્વિપ્રદે શિક સ્કંધને કાળથી કેટલું લાંબુ અંતર હોય ? હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટથી અનંત કાળનું અંતર છે, એ પ્રમાણે યાવત્ અનંતપ્રદેશિકસ્કંધ સુધી જાણી લેવું. હે ભગવન્ ! એક પ્રદેશમાં સ્થિત સકંપ પુદ્ગલને કાળથી કેટલું લાંબું અંતર હોય ? હે ગૌતમ ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અસંખ્યકાળ સુધીનું અંતર હોય એ પ્રમાણે યાવત્ અસંખ્ય પ્રદેશસ્થિત સ્કંધો માટે પણ સમજી લેવું. હે ભગવન્ ! એક પ્રદેશમાં સ્થિતિનિષ્કંપ પુદ્ગલને કાળથી કેટલું લાંબું અંતર હોય હે ગૌતમ ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી આવલિકાનો અસંખ્યેય ભાગ, એ પ્રમાણે યાવત્ અસંખ્ય પ્રદેશસ્થિત સ્કંધો માટે પણ સમજી લેવું. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સૂક્ષ્મ-પરિણત અને બાદરપરિણતોને માટે જે તેઓનો સ્થિતિકાળ કહ્યો છે તેજ અંતરકાળ છે, એમ કહેવું. હે ભગવન્ ! શબ્દપરિણત પુદ્ગલને કાળથી કેટલું લાંબું અંતર હોય ? હે ગૌતમ ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અસંખ્યકાળ અંતર હોય હે ભગવન્ ! અશબ્દપરિણત પુદ્ગલને કાળથી કેટલું લાંબું અંતર હોય ? હે ગૌતમ ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી આવલિકાનો અસંખ્યેય ભાગ અંત હોય .

[૨૫૮] હે ભગવન્ ! એ દ્રવ્યસ્થાનાયું, ક્ષેત્રસ્થાનાયુ, અવગાહનાસ્થાનાયુ અને ભાવસ્થાનાયુ એ બધામાં કયું કોનાથી યાવત્ વિશેષાધિક છે ? હે ગૌતમ ! સર્વથી થોડું ક્ષેત્રસ્થાનવાયુ છે, તે કરતાં અસંખ્યગુણ અવગાહનાસ્થાનાયુ છે, તે કરતાં અસંખ્યગુણ દ્રવ્યસ્થાનાયુ છે અને તે કરતાં ભાવસ્થાનાયુ અસંખ્યગુણ છે.

[૨૫૯] ક્ષેત્ર, અગાહના, દ્રવ્ય અને ભાવસ્થાનાયાનું અલ્પબહુત્વ કહેવું, તેમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ક્ષેત્રસ્થાનાવાયુ સર્વથી અલ્પ છે અને બાકીનાં સ્થાનો અસંખ્યેયગુણા છે.

[૨૬૦] હે ભગવન્ ! નૈરયિક શું આરંભ પરિગ્રહ સહિત છે કે અના- રંભી અને અપરિગ્રહી છે ? હે ગૌતમ ! નૈરયિકો આરંભવાળા છે અને પરિગ્રહવાળા છે પણ અનારંભી અને અપરિગ્રહી નથી. હે ભગવન્ ! તેઓ, ક્યા હેતુથી પરિગ્રહવાળા છે અને યાવત્ અપરિગ્રહી નથી ? હે ગૌતમ ! નૈરયિકો પૃથિવીકાયનો યાવત્ ત્રસકાયનો આરંભ કરે છે, શરીરો, કર્મો,અને સચિત, અચિત અને મિશ્ર દ્રવ્યો પરિગૃહીત કર્યાં છે માટે તે હેતુથી હે ગૌતમ ! 'તેઓ પરિગ્રહી છે' ઇત્યાદિ તેજ કહેવું.

હે ભગવન્ ! અસુરકુમારો આરંભવાળા છે ? ઇત્યાદિ પ્રશ્ન કરવો. હે ગૌતમ ! અસુરકુમારો આરંભવાળા છે, પરિગ્રહવાળા છે પણ અનારંભી કે અપરિગ્રહી નથી. હે ભગવન્ ! તે શા હેતુથી ? હે ગૌતમ ! અસુરકુમારો પૃથિવીકાયનો સમારંભ કરે છે યાવત્ ત્રસકાયનો વધ કરે છે, તેઓએ શરીરો, કર્મો, દેવીઓ, મનુષીઓ, તિર્યંચો, તિર્યંચિણીઓ, આસન, શયન, ભાંડો, માત્રકો અને ઉપકરણો, સચિત, અને મિશ્ર દ્રવ્યો પરિગૃહિત કર્યા છે માટે તે હેતુથી તેઓને પરિગ્રહવાળા કહ્યા છે એ પ્રમાણે યાવત્-સ્તનિતકુમારો માટે પણ જાણવું. નૈરયિકો ની જેમ એકેન્દ્રિયો માટે જાણવું.

હે ભગવન્ ! બેઇંદ્રિય જીવો શું સારંભ અને સપરિગ્રહ છે ? હે ગૌતમ ! તેજ કહેવું યાવત્ તેઓએ શરીરો પરિગૃહીત કર્યાં છે અને બાહ્ય ભાંડ, માત્ર, ઉપકરણો પરિગૃહીત કર્યાં છે, એ પ્રમાણે યાવત્ ચઉરિંદ્રિય જીવ સુધીના દરેક જીવ માટે જાણી લેવું. હે ભગવન્ ! પંચેંદ્રિય તિર્યંચયોનિકો શું આરંભી છે ? ઇત્યાદિ તેજ પ્રશ્ન કરવો. હે ગૌતમ ! તેજ કહેવું અર્થાત્ તેઓએ કર્મો પરિગૃહીત કર્યાં છે, પર્વતો, શિખરો, શૈલો, શિખરવાળા પહાડો અને થોડા નમેલા પર્વતો જલ, સ્થલ, બિલ, ગુહાઓ પરિગૃહીત કર્યાં છે, પર્વતથી પડતા પાણીના ઝરા, નિર્ઝરો, આનંદ દેનારું જલસ્થાન, ક્યારાવાળો પ્રદેશ-એ બધાનું તેઓએ ગ્રહણ કર્યું છે, કૂવો, તળાવ, ધરો નદીઓ, ચોખંડી વાવ, ગોળ વાવ, ધોરીયાઓ, વાંકા ધોરીયાઓ, તળાવો, તળાવની શ્રેણિઓ, અને બિલની શ્રેણીઓએ તેઓએ પરિગૃહીત કરી છે,પ્રાકાર-કિલ્લો,અટ્ટાલક-ઝરુખા, ચરિય-ઘર અને કિલ્લાની વચ્ચેનો હસ્તિ વિગેરેને જવાનો માર્ગ-ખડકી અને શહેરના દરવાજા પરિગૃહીત કર્યાં છે, દેવભુવન સામાન્ય ઘર, ઝુંપડાં, પર્વતમાં કોતરેલું ઘર, અને હાટો પરિગૃહીત કર્યા છે, શૃંગાટક- જ્યાં ત્રણ શેરી ભેગી થાય-, જ્યાં ચાર શેરી ભેગી થાય તે ચત્વર, ચાર દરવાજાવાળા દેવકુલ વગેરે અને મહામાર્ગો પરિગૃહીત કર્યા છે, શકટ- યાન, યુગ, ગિલ્લિ--અંબાડી, થિલ્લિ-ઘોડાનું પલાણ, ડોળી અને મેના-સુખપાલ પરિગૃહીત કર્યાછે, લોઢી, લોઢાનું કડાયુંઅને કડછાનો પરિગ્રહ કર્યોછે, ભવનપતિના નિવાસો પરિગૃહીત કર્યાછે, દેવોદેવીઓ, મનુષ્યો મનુષ્યણીઓ, તિર્યંચો, તિર્યંચણીઓ, આસન, શયન, ખંડ, ભાંડ, તથા સચિત, અચિત અને મિશ્ર દ્રવ્યો પરિગૃહીત કર્યાં છે, માટે તે હેતુથી તેઓ આરંભી અને પરિગ્રહી છે. જેમ તિર્યંચયોનિના જીવો કહ્યા તેમ મનુષ્યો પણ કહેવા, તથા વાણમંતરો, જ્યોતિષિઓ અને વૈમાનિકો, જેમ ભવનવસી દેવો કહ્યા તેમ જાણવા.

[૨૬૧] પાંચ હેતુઓ કહ્યા છે, તે જેમ કે, હેતુને જાણે છે, હેતુને જુએછે, હેતુને સારી રીતે શ્રદ્ધે છે, હેતુને સારી રીતે પ્રાપ્ત કરે છે, હેતુવાળું છદ્મસ્થમરણ કરે છે. પાંચ હેતુઓ કહ્યા છે, તે જેમ કે, હેતુએ જાણે છે, યાવત્હેતુએ છદ્મસ્થમરણકરે છે. પાંચ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હેતુઓ કહ્યા છે, તે જેમ કે, હેતુને ન જાણે, યાવત્ હેતુવાળું અજ્ઞાનમરણ કરે. પાંચહેતુઓ કહ્યા છે, તે જેમકે, અહેતુને ન જાણે યાવત્ અહેતુવાળું છદ્મસ્થમરણ કરે. પાંચ અહેતુ કહ્યા છે, તે જેમકે, અહેતુ એ ન જાણે, યાવત્ અહેતુએ છદ્મસ્થમરણ કરે. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, હે ભગવન્ ! તે એ પ્રમાણે છે એમ કહી શ્રમણ ભગવંત ગૌતમ વિચરે છે.

**[શતક : ૫ - ઉદ્દેસા : ૭ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ]**

## -: ઉદ્દેશક ૮ :-

[૨૬૨] તે કાળે, તે સમયે યાવત્-સભા પાછી વળી., તે કાળે તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના શિષ્ય નારદપુત્ર નામે અનગાર, જેઓ પ્રકૃતિભદ્ર થઇ યાવત્ વિહરે છે, તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના શિષ્ય નિર્ગ્રન્થીપુત્ર નામે અનગાર પ્રકૃતિભદ્ર થઇ યાવત્ વિહરે છે, પછી તે નિર્ગ્રન્થીપુત્ર નામે અનગાર, જ્યાં નારદપુત્ર અનગાર છે ત્યાં આવે છે, અને ત્યાં આવીને તેમણે-નિર્ગ્રન્થીપુત્રે નારદપુત્ર અનગારને આ પ્રમાણે કહ્યું : હે ભગવન્ ! તમારા મતે સર્વ પુદ્ગલો શું અર્ધ સહિત છે, મધ્યસહિત છે, પ્રદેશસહિત છે કે અનર્ધ, અમધ્ય અને અપ્રદેશ છે ? હે આર્ય ! એમ કહી નારદપુત્ર અનગારે નિર્ગ્રંથીપુત્ર અનગારને એમ કહ્યું કે, મારા મત પ્રમાણે મારા ધારવા પ્રમાણે બધાં પુદ્ગલો સઅર્ધ, સમધ્ય અને સપ્રદેશ છે પણ અનર્ધ, અમધ્ય કે અપ્રદેશ નથી. ત્યારપછી તે નિર્ગ્રંથીપુત્ર અનગાર એમ બોલ્યા કે, હે આર્ય ! જો તારા મતમાં તારા ધારવા પ્રમાણે સર્વ પુદ્ગલો સઅર્ધ, સમધ્ય, સપ્રદેશ છે પણ અનર્ધ, અમધ્ય કે અપ્રદેશ નથી તો હે આર્ય ! શું દ્રવ્યાદેશવડે સર્વ પુદ્ગલો સઅર્ધ, સમધ્ય અને સપ્રદેશ છે અને અનર્ધ, અમધ્ય અને અપ્રદેશ નથી ? કે હે આર્ય ! ક્ષેત્રાદેશવડે સર્વપુદ્ગલો અર્ધસહિત વગેરે તથૈવ પૂર્વ પ્રમાણે છે ? કે તેજ પ્રમાણે કાલાદેશથી છે ? કે તેજ પ્રમાણે ભાવાદેશથી છે ? ત્યારે તે નારદપુત્ર અનગારે નિર્ગ્રંથીપુત્ર અનગારને એમ કહ્યું કે, હે આર્ય ! મારા મતમાં દ્રવ્યાદેશથી પણ સર્વ પુદ્ગલો સઅર્ધ, સમધ્ય અને સપ્રદેશ છે પણ અનર્ધ, અમધ્ય કે અપ્રદેશ નથી, એ પ્રમાણે, ક્ષેત્રાદેશ, કાલાદેશ, અને ભાવાદેશથી છે.

ત્યારે તે નિર્ગ્રંથીપુત્ર અનગારે નારદપુત્ર અનગારને એમ કહ્યું કે, હે આર્ય ! જો દ્રવ્યાદેશથી સર્વ પુદ્ગલો સઅર્ધ, સમધ્ય અને સપ્રદેશ છે પણ અનર્ધ, અમધ્ય અને અપ્રદેશ નથી તો તારા મતમાં એ પ્રમાણ હોવાથી પરમાણુપુદ્ગલ પણ સઅર્ધ, સમધ્ય અને અપ્રદેશ હોવો જોઇએ પણ અનર્ધ, અમધ્ય કે અપ્રદેશ ન હોવો જોઇએ, હે આર્ય ! જો ક્ષેત્રાદેશથી પણ બધાં પુદ્ગલો સઅર્ધ, સમધ્ય અને સપ્રદેશ છે તો તારા મતમાં એમ હોવાથી એકપ્રદેશાવગાઢ પુદ્ગલ, પણ સઅર્ધ, સમધ્ય અને સપ્રદેશ હોવું જોઇએ, વળી હે આર્ય ! જો કાલાદેશથી પણ સર્વ પુદ્ગલો સઅર્ધ, સમધ્ય અને સપ્રદેશ છે તો તારા મતમાં એ પ્રમાણ હોવાથી એક સમયની સ્થિતિવાળાં પુદ્ગલો પણ સઅર્ધ ઇત્યાદિ તેજ તે પ્રકારના હોવા જોઇએ, વળી હે આર્ય ! જો ભાવાદેશથી પણ સર્વ પુદ્ગલો સઅર્ધ, સમધ્ય અને સપ્રદેશ છે તો તારા મતમાં એમ હોવાથી એકગુણ કાળું પુદ્ગલ પણ સઅર્ધ ઇત્યાદિ તેજ પ્રકારનું હોવું જોઇએ, હવે જો તારા મતમાં એમ ન હોય તો તું જે કહે છે કે, "દ્રવ્યાદેશવડે પણ બધાં પુદ્ગલો સાર્ધ સમધ્ય અને સપ્રદેશ છે પણ અનર્ધ, અમધ્ય અને અપ્રદેશ નથી, એ પ્રમાણે ક્ષેત્રાદેશવડે, કાલાદેશવડે અને ભાવાદેશવડે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ તું કહે છે." તે ખોટું થાય. ત્યારે તે નારદપુત્ર અનગારે નિર્ગ્રંથીપુત્ર અનગાર પ્રતિ એમ કહ્યું કે, દેવાનુપ્રિય ! એ અર્થને અમે જાણતા નથી, જો તમે તે અર્થને કહેતાં ગ્લાનિ ન પામો તો હું આપ ની પાસે એ અર્થને સાંભળી, અવધારી જાણવા ઇચ્છું છું.

ત્યારબાદ તે નિર્ગ્રંથીપુત્ર અનગારે નારદપુત્ર અનગારને એમ કહ્યું કે, હે આર્ય ! મારા ધારવા પ્રમાણે દ્રવ્યાદેશવડે પણ સર્વ પુદ્ગલો સપ્રદેશ પણ છે, અને અપ્રદેશ પણ છે, તેઓ અનંત છે; ક્ષેત્રાદેશવડે પણ એમજ છે, કાલાદેશ અને ભાવાદેશવડે પણ એ પ્રમાણેજ છે, જે પુદ્ગલ, દ્રવ્યથી અપ્રદેશ છે, તે, નિયમે કરી ચોક્કસ ક્ષેત્રથી અપ્રદેશ હોય છે, કાલથી કદાચિત્ સપ્રદેશ અને કદાચિત્ અપ્રદેશ હોય અને ભાવથી પણ કદાચિત્ સપ્રદેશ હોય અને કદાચિત્ અપ્રદેશ હોય. જે ક્ષેત્રથી અપ્રદેશ હોય તે દ્રવ્યથી કદાચ સપ્રદેશ હોય અને કદાચ અપ્રદેશ હોય, કાળથી તથા ભાવથી પણ ભજનાએ જાણવું, જે પુદ્ગલ દ્રવ્યથી સપ્રદેશ હોય તે ક્ષેત્રથી કદાચ સપ્રદેશ હોય અને કદાચ અપ્રદેશ હોય, એમ કાલથી અને ભાવથી જાણી લેવું. જે પુદ્ગલ ક્ષેત્રથી સપ્રદેશ હોય તે, દ્રવ્યથી ચોક્કસ સપ્રદેશ હોય અને કાલથી તથા ભાવથી ભજનાવડે હોય,

હે ભગવન્ ! દ્રવ્યાદેશથી, ક્ષેત્રાદેશથી, કાલાદેશથી, અને ભાવાદેશથી સપ્રદેશ અનેઅપ્રદેશ અને પુદ્ગલોમાં ક્યા ક્યા પુદ્ગલો યાવત્-થોડાં છે, ઘણાં છે, સરખાં છે અને વિશેષાધિક છે ? હે નારદપુત્ર ! ભાવાદેશવડે અપ્રદેશ પુદ્ગલો સર્વથી થોડાં છે, તે કરતાં કાલાદેશથી અપ્રદેશો અસંખ્યગુણ છે, તે કરતાં દ્રવ્યાદેશથી અપ્રદેશો અસંખ્ય-ગુણ છે, તે કરતાં ક્ષેત્રાદેશથી અપ્રદેશો અસંખ્યગુણ છે, તે કરતાં ક્ષેત્રાદેશથી સપ્રદેશો અસંખ્યગુણ છે, તે કરતાં દ્રવ્યાદેશથી સપ્રદેશો વિશેષાધિક છે, તે કરતાં કાલાદેશથી સપ્રદેશો વિશેષાધિક છે અને તે કરતાં ભાવાદેશથી સપ્રદેશો વિશેષાધિક છે. ત્યારપછી તે નારદપુત્ર અનગાર નિર્ગ્રંથીપુત્ર અનગારને વંદે છે, નમે છે; વંદી, નમી એ અર્થને પોતે કહેલ અર્થને માટે વિનયપૂર્વક વારંવાર તેઓની પાસે ક્ષમા માંગે છે, ખમાવી સંયમ અને તપવડે આત્માને ભાવતા યાવત્ વિહરે છે.

[૨૬૭] હે ભગવન્ ! એમ કહી ભગવંત ગૌતમે શ્રમણ ભગવંત મહાવીરને એમ કહ્યું કે, હે ભગવન્ ! જીવો શું વધે છે, ઘટે છે કે અવસ્થિત રહે છે ? હે ગૌતમ ! જીવો વધતા નથી, ઘટતા નથી પણ અવસ્થિત રહે છે. હે ભગવન્ ! નૈરયિકો શું વધે છે, ઘટે છે કે અવસ્થિત રહે છે ? હે ગૌતમ ! નૈરયિકો વધે પણ છે, ઘટે પણ છે અને અવસ્થિત પણ રહે છે, જેમ નૈરયિક માટે કહ્યું એમ યાવત્ વૈમાનિક સુધીના જીવો માટે જાણવું. હે ભગવન્ ! સિદ્ધોનો પ્રશ્ન કરવો હે ગૌતમ ! સિદ્ધો વધે છે, ઘટે નહિ અને અવસ્થિત પણ રહે છે. હે ભગવન્ ! કેટલા કાળ સુધી જીવો અવસ્થિત રહે ? સર્વ કાળસુધી. હે ભગવન્ ! નૈરયિકો કેટલા કાળ સુધી વધે છે ? હે ગૌતમ ! જઘન્યથી એક સમય સુધી અને ઉત્કૃષ્ટથી આવલિકાના અસંખ્ય ભાગ સુધી. એ પ્રમાણે ઘટવાનો કાળ પણ તેટલો જાણવો. હે ભગવન્ ! નૈરયિકો કેટલા કાળ સુધી અવસ્થિત રહે છે ? હે ગૌતમ ! જઘન્યે એક સમય સુધી અને ઉત્કૃષ્ટથી ચોવીશ મુહૂર્ત સુધી. એ પ્રમાણે સાતે પણ પૃથિવીઓમાં વધે છે. ઘટે છે, એમ કહેવું. વિશેષ એ કે, અવસ્થિતોમાં આ ભેદ જાણવો :- રત્નપ્રભા પૃથ્વીમાં અડતાલીશમુહૂર્ત, શર્કરાપ્રભામાં ચૌદરાત્રિદિવસ, વાલુકાપ્રભામાં એકમાસ, પંકપ્ર-ભામાં બેમાસ, ધૂમપ્રભામાંચાર માસ, તમપ્રભામાં આઠમાસ, અને તમતમાપ્રભામાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બારમાસ અવસ્થાન કાળ છે.

જેમ નૈરયિકો માટે કહ્યું એમ અસુરકુમારો પણ વધે છે, ઘટે છે. અને જઘન્યે, એક સમય સુધી અને ઉત્કૃષ્ટથી અડતાલીસ મુહૂર્ત સુધી અવસ્થિત રહે છે, એ પ્રમાણે દસે પ્રકારના પણ ભવનપતિ કહેવા. એકેન્દ્રિયો વધે પણ છે, ઘટે પણ છે અને અવસ્થિત પણ રહે છે, એ ત્રણે વડે પણ જઘન્યે એક સમય અને ઉત્કૃષ્ટે આવલિકાનો અસંખ્ય ભાગ, એટલો કાળ જાણવો. બે ઈંદ્રિયો તે જ પ્રમાણે વધે છે, ઘટે છે; અને તેઓનું અવસ્થાન જઘન્યે એક સમય અને ઉત્કૃષ્ટે બે અન્તર્મુહૂર્ત સુધીનું જાણવું. એ પ્રમાણે યાવત્-ચઉરિંદ્રિય સુધીના જીવો માટે જાણવું. બાકીના બધા જીવો કેટલો કાળ વધે છે, કેટલો કાળ ઘટે છે, એ બધું -પૂર્વની પેઠે જાણવું અને તેઓના અવસ્થાન કાળમાં આ પ્રમાણે વિવિધ ભેદ છે; તે જેમકે સમ્મૂર્ચ્છિમપંચેંદ્રિય તિર્યંચયોનિકોનો અવસ્થાન કાળ અંત-મુહૂર્ત છે, ગર્ભજપંચેંદ્રિય તિર્યંચયોનિકોનો ચોવીશમુહૂર્ત છે, સમ્મુર્છિમમનુષ્યોનો અડતાલીશ મુહૂર્ત છે, ગર્ભજ મનુષ્યોનો ચોવીશ મુહૂર્ત છે; વાનવ્યંતર, જ્યોતિષિક, સૌધર્મ અને ઈશાન દેવલોક- માં અડતાલીશ મુહૂર્ત છે, સનત્કુમાર દેવલોકમાં અઢાર રાત્રિદિવસ અને ચાલીશ મુહૂર્ત છે, માહેંદ્ર દેવલોકમાં ચોવીશ રાત્રિદિવસ અને વીશ મુહૂર્ત છે. બ્રહ્મલોકમાં પીસ્તાલીશ રાત્રિદિવસ છે, લાંતક દેવલોકમાં નેવું રાત્રિદિવસ છે, મહાશુક્ર દેવલોકમાં એકસો સાઠ રાત્રિદિવસ છે, સહસ્રાર પ્રાણત દેવલોકમાં સંખ્યેય માસો સુધી છે, આરણ અને અચ્યુત દેવલોકમાં સંખ્યેય વર્ષો છે, એ પ્રમાણે ગ્રૈવેયક દેવોનો, વિજય, વૈજયંત, જયંત અને પરાજિત દેવોનો અસંખ્ય હજાર વર્ષો છે. તથા સર્વાર્થ સિદ્ધમાં પલ્યોપમના સંખ્યેય ભાગ સુધી અવસ્થાન કાળ જાણવો. અને એઓ, જઘન્યે એક સમય સુધી અને ઉત્કૃષ્ટે આવલિકાના અસંખ્ય ભાગ સુધી વધે છે, ઘટે છે એ પ્રમાણે કહેવું.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

હે ભગવન્ ! સિદ્ધો કેટલા કાળ સુધી વધે છે ? હે ગૌતમ ! જઘન્યે એક સમય અને ઉત્કૃષ્ટે આઠ સમય સુધી હે ભગવન્ ! સિદ્ધો કેટલા કાળ સુધી અવસ્થિત્ રહે છે ? હે ગૌતમ ! જઘન્યે એક સમય અને ઉત્કૃષ્ટે છ માસ સુધી. હે ભગવન્ ! જીવો ઉપચય સહિત છે, અપચય સહિત છે, સોપચય સાપચય છે અને ઉપચય રહિત છે કે અપચય રહિત છે ? હે ગૌતમ જીવો સોપચય ઉપચય સહિત નથી, સાપચય અપચય સહિત નથી, સોપચય સાપચય નથી, પણ નિરુપચય અને નિરપચય છે. એકેન્દ્રિય જીવો ત્રીજા પદમાં છે એટલે સોપચય અને સાપચય છે, બાકીના જીવો ચારે પદો વડે કહેવા. હે ભગવન્ ! સિદ્ધો કેવા છે ? હે ગૌતમ ! સિદ્ધો સોપચય છે, સાપચય નથી, સોપચય અને સાપચય નથી, નિરુપ-ચય છે, નિરપચય છે. હે ભગવન્ ! જીવો કેટલા કાળ સુધી નિરુપચય અને નિરપચય છે ? હે ગૌતમ ! સર્વ કાળ સુધી જીવો નિરુપચય અને નિરપચય છે. હે ભગવન્ ! નૈરયિકો કેટલા કાળ સુધી સોપચય છે ? હે ગૌતમ ! જઘન્યે એક સમય સુધી અને ઉત્કૃષ્ટે આવ-લિકાના અસંખ્ય ભાગ સુધી નૈરયિકો સોપચય છે. હે ભગવન્ ! નૈરયિકો કેટલા કાળ સુધી સાપચય છે ? હે ગૌતમ ! એ પ્રમાણે પૂર્વોક્ત સોપચયના કાળ પ્રમાણે સાપચયનો કાળ જાણવો. હે ભગવન્ ! નૈરયિકો કેટલા કાળ સુધી સોપચય ને સાપચય છે? પૂર્વોક્ત પ્રમાણેજાણવું.

હે ભગવન્ ! નૈરયિકો કેટલા કાળ સુધી નિરુપચય અને નિરપચય છે ? હે ગૌતમ !

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જઘન્યે એક સમય અને ઉત્કૃષ્ટે બાર મુહૂર્ત સુધી નૈરયિકો નિરપચય અને નિરુપચય છે. બધા એકેન્દ્રિય જીવો સર્વકાળ સુધી સોપચય અને સાપચય છે, બાકીના બધા જીવો સોપચય પણ છે, સાપચય પણ છે, સોપચય અને સાપચય પણ છે, નિરુપચય અને નિરપચય પણ છે. જઘન્યે એક સમય અને ઉત્કૃષ્ટે આવલિકાનો અસંખ્ય ભાગ છે, અવસ્થિતોમાં વ્યુત્કાન્તિકાળ કહેવો. હે ભગવન્ ! સિદ્ધો કેટલા કાળ સુધી સોપચય છે. હે ગૌતમ ! જઘન્યે એક સમય અને ઉત્કૃષ્ટે આઠ સમય સુધી સિદ્ધો સોપચય છે. હે ભગવન્ ! સિદ્ધો કેટલા કાળ સુધી નિરુપચય અને નિરપચય છે ? હે ગૌતમ ! જઘન્યે એક સમય સુધી અને ઉત્કૃષ્ટે છ માસ સુધી સિદ્ધો નિરુપચય અને નિરપચય છે. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, હે ભગવન્ ! તે એ પ્રમાણે છે. એમ કહી યાવત્ વિહરે છે.

**શતક : ૫-ઉદ્દેસો : ૮ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## ઉદ્દેસ:૯

[૨૬૪] તે કાલે, તે સમયે યાવત્ એમ બોલ્યાઃ હે ભગવન્ ! આ રાજગૃહ નગર શું કહેવાય ? શું તે પૃથિવી કહેવાય. જલ કહેવાય, યાવત્ વનસ્પતિ જેમ એજન ઉદ્દેશમાં પંચેંદ્રિયતિર્યંચોના (પરિગ્રહની) વક્તવ્યતા કહી છે તેમ કહેવું અર્થાત્ શું રાજ- ગૃહ નગર કૂટ કહેવાય, શૈલ કહેવાય, યાવત્ સચિત્ત, અચિત્ત અને મિશ્રિત દ્રવ્યો, રાજ- ગૃહ નગર કહેવાય ? હે ગૌતમ ! પૃથિવી પણ રાજગૃહ નગર કહેવાય યાવત્ સચિત્ત, અચિત્ત અને મિશ્રિત દ્રવ્યો રાજગૃહ નગર કહેવાય છે યાવત્ સચિત્ત, અચિત્ત અને મિશ્ર દ્રવ્યો પણ જીવો છે, અજીવો છે માટે રાજગૃહ નગર કહેવાય છે, તે હેતુથી તે તેમજ છે.

[૨૬૫] હે ભગવન્ ! દિવસે ઉદ્દ્યોત અને રાત્રિમાં અંધકાર હોય છે ? હા, ગૌતમ ! યાવત્ અંધકાર હોય છે. તે ક્યા હેતુથી ? હે ગૌતમ ! દિવસે સારાં પુદ્ગલો હોય છે અને સારો પુદ્ગલ પરિણામ હોય છે, રાત્રિમાં અશુભ પુદ્ગલો હોય છે અને અશુભ પુદ્ગલ પરિણામ હોય છે તે હેતુથી એમ છે. હે ભગવન્ ! શું નૈરયિકોને પ્રકાશ હોય છે કે અંધકાર હોય છે. હે ગૌતમ ! નૈરયિકોને પ્રકાશ નથી પણ અંધકાર છે. તે ક્યાં હેતુથી ? હે ગૌતમ ! નૈરયિકોને અશુભ પુદ્ગલ પરિણામ છે, તે હેતુથી હે ભગવન્ ! શું અસુર- કુમારોને પ્રકાશ છે, કે અંધકાર છે ?, હે ગૌતમ ! અસુરકુમારોને પ્રકાશ છે પણ અંધકાર નથી. તે ક્યાં હેતુથી ? હે ગૌતમ ! અસુરકુમારોને શુભ પુદ્ગલો છે, શુભ પુદ્ગલ પરિ- ણામ છે માટે એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમારો સુધી જાણવું. જેમ નૈરયિકો કહ્યા તેમ પૃથિવીકાયથી માંડી યાવત્ ત્રેઇંદ્રિય સુધીના જીવો જાણવા. હે ભગવન્ ! શું ચઉરિં- દ્રિયોને પ્રકાશ હોય છે કે અંધકાર હોય છે ? હે ગૌતમ ! તેઓને પ્રકાશ પણ હોય છે ને અંધકાર પણ હોય છે. તે ક્યા હેતુથી ? હે ગૌતમ ! ચઉરિંદ્રિયને શુભ તથા અશુભ પુદ્ગલ હોય છે અને શુભ તથા અશુભ પુદ્ગલ-પરિણામ હોય છે. તે હેતુથી તેમ છે. એ પ્રમાણે યાવત્-મનુષ્યો માટે જાણી લેવું. જેમ અસુરકુમારો કહ્યા તેમ વાનવ્યંતર, જ્યોતિષિક અને વૈમાનિક માટે જાણવું.

[૨૬૬] હે ભગવન્ ! ત્યાં ગએલા નિરયમાં સ્થિત રહેલા નૈરયિકો એમ જાણે કે, સમયો, આવલિકાઓ, ઉત્સર્પિણીઓ અને અવસર્પિણીઓ ? હે ગૌતમ ! તે અર્થ સમર્થ નથી હે ભગવન્ ! તે ક્યા હેતુથી એમ કહ્યું ? હે ગૌતમ ! તે સમયાદિનું માન અહિં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મનુષ્યલોકમાં છે, તેઓનું પ્રમાણ અહિં છે, અને તેઓને અહિં એ પ્રમાણે જણાય છે, તે હેતુથી યાવત્ નૈરયિકોને એ પ્રમાણે જણાતું નથી, એ પ્રમાણે યાવત્ પંચેંદ્રિયતિર્યંચ યો-નિકો માટે સમજવું. હે ભગવન્ ! અહિં મર્ત્યલોકમાં ગએલા રહેલા મનુષ્યોને એ પ્રમાણે જ્ઞાન છે, તે જેમકે, સમયો યાવત્ અવસર્પિણીઓ ? હે ગૌતમ ! એ પ્રમાણે જ્ઞાન છે. તે ક્યાં હેતુથી ? હે ગૌતમ ! અહિં તે સમયાદિનું માન અને પ્રમાણ છે માટે એ પ્રમાણે જ્ઞાન છે, તે જેમકે, સમયો યાવત્ અવસર્પિણીઓ-ત્તે હેતુથી તેમ છે. જેમ નૈરયિકોને માટે કહ્યું તેમ વાનવ્યંતર જ્યોતિષિક અને વૈમાનિક માટે સમજવું.

[૨૬૭]તેકાલે, તે સમયે શ્રીપાર્શ્વનાથભગવંતના અપત્યશિષ્ય સ્થવિર ભગવંત, જ્યાં શ્રમણભગવંતમહાવીર છે ત્યાં આવેછે, આવી શ્રમણ ભગવંત મહાવીરની દૂર સામે બેસી બોલ્યાઃ- હે ભગવન્ ! અસંખ્યલોકમાં અનંતરાત્રિ દિવસ ઉત્પન્ન થયાં ? ઉત્પન્ન થાય છે ? કે ઉત્પન્ન થશે ? અને નષ્ટ થયાં ? નષ્ટ થાય છે ? કે નષ્ટ થશે ? કે નિયત પરિમાણવાળા રાત્રિદિવસો ઉત્પન્ન થયાં ? થાય છે ? કે થશે ? અને નષ્ટ થયાં ? નષ્ટ થાય છે ? હા, આર્ય ! અસંખ્ય- લોકમાં અનંત રાત્રિ દિવસો વગેરે તેમજ છે.

હે ભગવન્ ! તે ક્યા હેતુથી યાવત્ નષ્ટ થશે ? હે આર્ય ! તે નિશ્ચયપૂર્વક છે કે, આપના (ગુરુસ્વરૂપ) પુરુષાદ્દાનીય પુરુષોમાં ગ્રાહ્ય પાર્શ્વ અર્હતે લોકને શાશ્વત કહ્યો છે, તેમજ અનાદિ; અનવદગ્ર અનંત, પરિમિત, અલોકવડે પરિવૃત, નીચે વિસ્તીર્ણ, વચ્ચે સાંકડો, ઉપર વિશાલ, નીચે પલ્યંકના આકારનો, વચ્ચે ઉત્તમ વજ્રના આકારવાળો અને ઉપર, ઉંચા ઉભા મૃદંગના આકાર જેવો લોકને કહ્યો છે તેવા પ્રકારના શાશ્વત, અનાદિ, અનંત, પરિત્ત, પરિવૃત, નીચે વિસ્તીર્ણ, મધ્યે સંક્ષિપ્ત, ઉપર વિશાળ, નીચે પલ્યંકાકારે સ્થિત, વચ્ચે વજ્રસમાન શરીરવાળા અને ઉપર ઉભા મૃદંગના આકારે સંસ્થિત એવા લોકમાં અનંતા જીવઘનો ઉપજી ઉપજીને નાશ પામે છે અને પરિત્ત નિયત અસંખ્ય જીવઘનો પણ ઉપજી ઉપજીને નાશ પામે છે તે લોક, ભૂત છે, ઉત્પન્ન છે, વિગત છે, પરિણત છે. કારણ કે, તે અજીવો દ્વારા લોકાય છે નિશ્ચિત થાય છે, અધિક નિશ્ચિત થાય છે માટે જે, પ્રમાણથી લોકાય જણાય તે લોક કહેવાય ? હા, ભગવન્ ! તે હેતુથી હે આર્યો ! એમ કહેવાય છે કે, અસંખ્યેય લોકમાં તેજ કહેવું. ત્યારથી માંડી તે પાર્શ્વજિનના શિષ્ય સ્થવિર ભગવંતો શ્રવમણભગવંતમહાવીરને 'સર્વજ્ઞ' એ પ્રમાણે પ્રત્યભિ જાણે છે., ત્યારબાદ તે સ્થવિર ભગવંતો શ્રમણ ભગવંત મહાવીરને વંદે છે, નમે છે, વંદી, નમી એમ બોલ્યા કે. હે ભગવન્ ! તમારી પાસે, ચાતુર્યામ ધર્મને મૂકી પ્રતિક્રમણ સહિત પંચમહાવ્રતોને સ્વીકારી વિહરવા ઈચ્છીએ છીએ, હે દેવાનુપ્રિય ! જેમ સુખ થાય તેમ કરો. ત્યારે તે પાર્શ્વજિનના શિષ્ય સ્થવિર ભગવંતો યાવત્ સર્વદુઃખથી પ્રહીણ થયા અને કેટલાક દેવલોકમાં ઉત્પન્ન થયા.

[૨૬૮] હે ભગવન્ ! કેટલા પ્રકારના દેવલોક કહ્યા છે ? હે ગૌતમ ! ચાર પ્રકારના દેવલોક કહ્યા છે તે જેમકે, ભવનવાસી, વાનવ્યંતર; જ્યોતિષિક અને વૈમાનિક એમ ચાર ભેદ વડેઃ- તેમાં ભવનવાસી દસ પ્રકારના છે, વાનવ્યંતરો આઠ પ્રકારના છે, જ્યોતિ-ષિકો પાંચ પ્રકારના છે, અને વૈમાનિકો બે પ્રકારના છે.

[૨૬૯-૨૭૦] રાજગૃહ એ શું ? દિવસે ઉદ્દ્યોત અને રાત્રીએ અંધકાર કેમ ? સમય વિગેરે કાળની સમજણ કયા જીવોને હોય છે અને ક્યાં જીવોને નથી હોતી ? રાત્રી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને દિવસના પ્રમાણ વિષે શ્રીપાર્શ્વજિનના શિષ્યોના પ્રશ્નો અને દેવલોકને લગતા પ્રશ્નો આ ઉદ્દેશમાં એટલા વિષયો આવેલા છે. તે એ પ્રમાણે છે, એમ કહી યાવત્ વિહરે છે.

[શતકઃ૫-ઉદ્દેસોઃ૯ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ]

-: ઉદ્દેશક ૧૦ :-

[૨૭૧] તે કાલે, તે સમયે ચંપા નામે નગરી હતી, પ્રથમ ઉદ્દેશક કહ્યો તેમ આ ઉદ્દેશક સમજવો. વિશેષ એ કે, ચંદ્રો કહેવા.

[શતકઃ૫-ઉદ્દેસોઃ૧૦ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ]

શતક-૫-ગુર્જરછાયા પૂર્ણ

શતકઃ૬

-: ઉદ્દેશકઃ૧ :-

[૨૭૨] વેદના, આહાર, મહાઆશ્રવ, સપ્રદેશ, તમસ્કાય, ભવ્ય, શાલી, પૃથિવી, કર્મ, અને અન્યયૂથિકવક્તવ્યતા, એ પ્રમાણે દશ ઉદ્દેશા આ છઠ્ઠા શતકમાં છે.

[૨૭૩] હે ભગવન્ ! જે મહાદેવનાવાળો હોય તે મહાનિર્જરાવાળો હોય ને જે મહાનિર્જરાવાળો હોય તે મહાવેદનાવળો હોય અને મહાવેદનાવાળામાં તથા અલ્પવેદનાવાળામાં તે જીવ ઉત્તમ છે જે પ્રશસ્તનિર્જરાવાળો છે ? હા ગૌતમ ! એ પ્રમાણેજ જાણવું. હે ભગવન્ ! છઠ્ઠી અને સાતમી પૃથિવીમાં નૈરયિકો મોટી વેદનાવાળા છે ? હા, છે. હે ભગવન્ ! તે છઠ્ઠી અને સાતમી પૃથિવીમાં રહેનારા નૈરયિકો શ્રમણ નિર્ગ્રન્થો કરતાં મોટી નિર્જરાવાળા છે ? હે ગૌતમ ! અર્થ સમર્થ નથી હે ભગવન્ ! તે એમ શા હેતુથી કહેવાય છે કે, જે મહાવેદનાવાળો છે યાવત્ પ્રશસ્તનિર્જરાવાળો છે ?

હે ગૌતમ ! તે જેમકે; કોઇ બે વસ્ત્રો હોય, તેમાંથી એક વસ્ત્ર કર્દમના રંગથી રંગેલું હોય, અને એક વસ્ત્ર ખંજનના રંગથી રંગેલું હોય, હે ગૌતમ ! એ બે વસ્ત્રોમાં ક્યું વસ્ત્ર દુર્ધૌતતર-દુઃખથી ધોવાય તેવું, દુર્વામ્યતર-જેના ડાઘાઓ દુઃખોથી જાય તેવું અને દુષ્પ્રતિકર્મતર-કષ્ટે કરી જેમાં ચળકાટ અને ચિત્રામણ થાય તેવું છે ? અને કયું વસ્ત્ર સુધૌતતર, સુવામ્યતર, અને સુપરિકર્મતર છે ? હે ભગવન્ ! તે બેમાં જે એ કર્દમના રંગથી રંગ્યું છે તે વસ્ત્ર દુર્ધૌતતર. દુર્વામ્યતર અને દુષ્પતિકર્મતર છે, જો એમ છે તો હે ગૌતમ ! એજ પ્રમાણે નૈયિરકોનાં પાપ કર્મો ગાઢીકૃત-ગાઢ કરેલાં છે, ચિક્કણીકૃત-ચિક્કણાં કરેલાં છે, શ્લિષ્ટ કરેલાં છે, ખિલીભૂત-નિકાચિત કરેલાં છે માટેજ તેઓ સંપ્રગાઢ પણ વેદનાને વેદતા મોટી નિર્જરાવાળા નથી, મોટા પર્યવસાનવાળા નથી; અથવા જેમ કોઇ એક પુરુષ, મોટા મોટા શબ્દવડે, મોટા મોટા ઘોષવડે, મોટા નિરંતર-ઘાતવડે એરણને કૂટતો-એરણ ઉપર ટીપતો હોય પણ તે (પુરુષ) તે એરણના સ્થૂલ પ્રકારના પુદ્ગલોને પરિશટિત-નષ્ટ કરવા સમર્થ થતો નથી, હે ગૌતમ ! એજ પ્રકારનાં નૈરયિકોનાં પાપકર્મો ગાઢ કરેલાં યાવત્ મહાપર્યવસાન નથી અને હે ભગવન્ ! તેમાં જે વસ્ત્ર ખંજનના રંગથી રંગેલુ છે તે સુધૌતતર છે, સુવામ્યતર છે, અને સુપ્રતિકર્મતર છે એજ પ્રમાણે હે ગૌતમ ! શ્રમણ નિર્ગ્રંથોના સ્થૂલતર સ્કંધરૂપ કર્મો, શિથિલિકૃત-

મંદવિપાકવાળાં છે, સત્તાવિનાનાં છે, વિપરિણામવાળાં છે માટે શીઘ્રજ વિધ્વસ્ત થાય છે અને જેટલી તેટલી પણ વેદનાને વેદતા તે શ્રમણ નિર્ગ્રંથો મોટી નિર્જરાવાળા અને મહાપર્યવસાનવાળા થાય છે, જેમ કોઈ એક પુરુષ ઘાસના સૂકા પુળાને અગ્નિમાં ફેંકે અને હે ગૌતમ ! તે નક્કી છે કે અગ્નિમાં ફેંકવામાં આવેલો ઘાસનો સૂકો પૂળો શીઘ્રજ બળી જાય ? હા, તે બળી જાય, એજ પ્રમાણે હે ગૌતમ ! શ્રમણ નિર્ગ્રંથોના સ્થૂલતર સ્કંધ રૂપ કર્મો યાવત્ તે શ્રમણો મોટા પર્યવસાનવાળા થાયઃ જેમ કોઈ એક પુરુષ ધગધગતા લોઢાના ગોળા ઉપર પાણીનું ટીપું મૂકે યાવત્ તે વિધ્વંસ પામે, એજ પ્રમાણે હે ગૌતમ ! શ્રમણ નિર્ગ્રંથોનાં કર્મો યાવત્ તે શ્રમણ નિર્ગ્રંથો મહાપર્યવસાનાવાળા છે, તે હેતુથી એમ કહેવાય છે કે, જે મહાવેદનાવાળો હોય તે મહાનિર્જરાવાળો હોય યાવત્ પ્રશસ્ત-નિર્જરાવાળો હોય.

[૨૭૪] હે ભગવન્ ! કરણો કેટલા પ્રકારનાં કહ્યાં છે ? હે ગૌતમ ! કરણો ચાર પ્રકારનાં કહ્યાં છે, જેમકે, મનકરણ, વચનકરણ, કાયકરણ, અને કર્મકરણ. હે ભગવન્ ! નૈરયિકોને કેટલા પ્રકારનાં કરણો કહ્યાં છે ? હે ગૌતમ ! નૈરયિકોને ચાર જાતનાં કરણો કહ્યાં છે, તે જેમકે, મનકરણ, યાવત્ કર્મકરણ. સર્વ પંચેન્દ્રિય જીવોને એ ચારે જાતનાં કરણો છે, એકેંદ્રિય જીવને બે જાતનાં કરણ છે તે જેમકે, એક કાયકરણ અને બીજું કર્મકરણ; વિકલેન્દ્રિયોને વચનકરણ, કાયકરણ અને કર્મકરણ એ ત્રણ કરણ હોય છે. હે ભગવન્ ! શું નૈરયિકો કરણથી અશાતાવેદનાને વેદે છે. કે અકરણથી ? હે ગૌતમ કરણથી વેદે છે કે અકરણથી ? હે ગૌતમ કરણથી વેદે છે પણ અકરણથી અશાતા દુઃખરૂપ વેદનાને નથી અનુભવતા. હે ભગવન્ ! તે શા હેતુથી ? હે ગૌતમ ! નૈરયિકોને ચાર પ્રકારનું કરણ કહ્યું છે, તે જેમકે, મનકરણ, યાવત્ કર્મકરણ, એ ચાર પ્રકારના અશુભ કરણો હોવાથી નૈરયિકો કરણદ્વારા અશાતાવેદનાને અનુભવે છે પણ કરણ વિના અશાતાવેદનાને અનુભવતા નથી હે ભગવન્ ! શું અસુકકુમારો કરણથી કે અકરણથી શાતા સુખરૂપ વેદનાને અનુભવે છે ? હે ગૌતમ ! કરણથી, અકરણથી નહિં. હે ભગવન્ ! તે શા હેતુથી ? હે ગૌતમ ! અસુરકુમારોને ચાર પ્રકારનાં કરણ કહ્યાં છે, તે જેમકે, મનકરણ, યાવત્ કર્મકરણ; એ શુભકરણો હોવાથી અસુરકુમારો કરણદ્વારા સુખરૂપ વેદનાને અનુભવે છે પણ કરણ વિના અનુભવતા નથી એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમાર સુધીના ભુવનપતિ માટે સમજવું. પૃથિવીકાયિક જીવો માટે એ પ્રમાણેજ પ્રશ્ન કરવો. વિશેષ એ કે શુભાશુભકરણ હોવાથી પૃથિવીકકાયિક જીવો કરણદ્વારા વિવિધપ્રકારે અર્થાત્ કદાચ સુખરૂપ અને કદાચ દુઃખરૂપ વેદનાને અનુભવે છે પણ કરણ વિના અનુભવતા નથી. ઔદારિક શરીરવાળા સર્વ જીવો શુભાશુભ કરણદ્વારા વિમાત્રાએ વેદનાને અનુભવે છે, દેવો શુભ કરણદ્વારા સુખરૂપ વેદનાને અનુભવે છે.

[૨૭૫] હે ભગવન્ ! શું જીવો મહાવેદનાવાળા અને મહાનિર્જરાવાળા છે ? મહાવેદનાવાળા અને અલ્પનિર્જરાવાળા છે ? અલ્પવેદનાવાળા અને મહાનિર્જરાવાળા છે ? કે અલ્પવેદનાવાળા અને અલ્પનિર્જરાવાળા છે ? હે ગૌતમ ! કેટલાક જીવો મહાવેદનાવાળા અને મહાનિર્જરાવાળા છે, કેટલાક જીવો મહાવેદનાવાળા અને અલ્પનિર્જરાવાળા છે, કેટલાક જીવો અલ્પવેદનાવાળા અને મહાનિર્જરાવાળા છે અને કેટલાક જીવો અલ્પવેદનાવાળા અને અલ્પનિર્જરાવાળા છે. હે ભગવન્ ! તે શા હેતુથી ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હે ગૌતમ ! જેણે પ્રતિમાને પ્રાપ્ત કરી છે એવો મહાવેદનાવાળો અને મહાનિર્જરાવાળો છે. છઠ્ઠી, સાતમીપૃથિવીમાં રહેનારા નૈરયિકો મોટી વેદનાવાળા અને અલ્પનિર્જરા-વાળા છે. શૈલેશીપ્રાપ્ત અનગાર અલ્પવેદનાવાળો, મોટી નિર્જરાવાળો છે અનુત્તરૌપ-પાતિક દેવો અલ્પવેદનાવાળા અને અલ્પનિર્જરા- વાળા છે. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, મહાદેવના, કર્દમથી અને ખંજનથી કરેલું રંગેલું વસ્ત્ર, અધિકરણી એરણ, તૃણનો પૂળો, લોઢાનો ગોળો, કરણ અને મહાવેદનાવાળા જીવો. તે એ પ્રમાણે છે, હે ભગવન્ ! તે એ પ્રમાણે છે. એમ કહી યાવત્ વિહરે છે.

**[શતક : ૬ - ઉદ્દેસો : ૧ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ]**

**-: ઉદ્દેશક ૨ :-**

[૨૭૭] રાજગૃહ નગર યાવત્ એ પ્રમાણે બોલ્યા આહાર ઉદ્દેશક, જે 'પ્રજ્ઞાપના' સૂત્રમાં કહ્યો છે તે બધો અહિં જાણવો. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, એમ કહી યાવત્ વિહરે છે.

**શતક : ૬ - ઉદ્દેસો : ૨ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

**-: ઉદ્દેશક ૩ :-**

[૨૭૮-૨૭૯] બહુકર્મ, વસ્ત્રમાં પુદ્ગલો પ્રયોગથી અને સ્વાભાવિકરીતે, આદિસહિત, કર્મસ્થિતિ, સ્ત્રી, સંયત, સમ્યગ્દૃષ્ટિ, સંજ્ઞી, ભવ્ય, દર્શન, પર્યાપ્ત, ભાષક, પરિત્ત, જ્ઞાન, યોગ, ઉપયોગ, આહારક, સૂક્ષ્મ, ચરમ, બંધ, અને અલ્પબહુત્વ; આટલા વિષયો આ ઉદ્દેશમાં કહેવાશે.

જૈન આર્ટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

[૨૮૦]હે ભગવન્ ! તે નક્કી છે કે,મહાકર્મવાળાને, મહાક્રિયાવાળાને મહાઆશ્ર-વાળાને અને મહાવેદનાવાળાને સર્વથી સર્વ દિશાઓથી સર્વ પ્રકારે પુદ્ગલોનો બંધ થાય ? સર્વથી પુદ્ગલોનો ચય થાય ? સર્વથી પુદ્ગલોનો ઉપચય થાય ? હમેશાં નિરંતર પુદ્ગલોનો બંધ થાય, હમેશાં નિરંતર પુદ્ગલોનો ચય થાયકે હમેશાં નિરંતર પુદ્ગ-લોનો ઉપચય થાય ? અને તેનો આત્મા, હમેશાં નિરંતર દુરુપપણે, દુર્વર્ણપણે, દુર્ગંધપણે, દૂરસપણે, દુઃસ્પર્શપણે, અનિષ્ટપણે, અકાંતપણે, અમનોજ્ઞપણે, અમનામ- પણે-મનથી સંભારી પણ ન શકાય એ સ્થિતિએ, અનીપ્સિતપણે-અભિધ્યિતપણે-જે સ્થિતિને પ્રાપ્ત કરવાનો લોભ પણ ન થાય તે સ્થિતિપણે, જઘન્યપણે, અનૂર્ધ્વપણે, દુઃખપણે અને અસુ-ખપણે વારંવાર પરિણમે છે ? હા, ગૌતમ ! મહાકર્મવાળા માટે તેજ પ્રમાણે છે. હે ભગવન્ ! તે શા હેતુથી ? હે ગૌતમ ! જેમ કોઈ અહત-અક્ષત-અપરિભુક્ત-અધોતું, ધોતું વાપરી-ને પણ ધોએલું અને શાળ ઉપરથી હમણાં તાજુંજ ઉતરેલું વસ્ત્ર હોય, તે વસ્ત્ર જ્યારે ક્રમે ક્રમે વપરાશમાં આવે ત્યારે તેને સર્વ બાજુએથી પુદ્ગલો બંધાય છે લાગે છે, સર્વ બાજુએથી પુદ્ગલોનો ચય થાય છે યાવત્ કાલાન્તરે તે વસ્ત્ર, મસોતા જેવું મેલું અને દુર્ગંધી તરીકે પરિણમે છે, તે હેતુથી મહાકર્મવાળાને ઉપર પ્રમાણે કહ્યું છે. હે ભગવન્ ! તે નક્કી છે કે, અલ્પા- શ્રવવાળાને અલ્પકર્મવાળાને, અલ્પક્રિયાવાળાને અને અલ્પવેદના-વાળાને સર્વથી પુદ્ગલો ભેદાય છે ? સર્વથી પુદ્ગલો છેદાય છે ? સર્વથી પુદ્ગલો વિધ્વંસ પામે છે ? સર્વથી પુદ્ગલો સમસ્તપણે નાશ પામે છે ? હમેશા નિરંતર પુદ્ગલો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભેદાય છે ? સર્વથી પુદ્ગલો છેદાય છે ? વિધ્વંસ પામે છે ? સમસ્તપણે નાશ પામે છે ? અને તેનો આત્મા હમેશાં નિરંતર સુરૂપપણે- યાવત્-સુખપણે, દુઃખપણે નહિ-વારંવાર પરિણમે છે. હા ગૌતમ ! યાવત્ પરિણમે છે ? હે ભગવન્ ! તે શા હેતુથી ? હે ગૌતમ ! જેમ કોઈ-જલ્લવાળું-,મેલસહિત અને રજસહિત વસ્ત્ર હોય, અને તે વસ્ત્ર ક્રમે ક્રમે શુદ્ધ થતું હોય, શુદ્ધ પાણીથી ધોવાતું હોય તો તેને લાગેલા પુદ્ગલો સર્વથી ભેદાય યાવત્ પરિણામ પામે, તે હેતુથી અલ્પક્રિયાવાળા માટે પૂર્વ પ્રમાણે કહ્યું છે.

[૨૮૧] હે ભગવન્ ! વસ્ત્રને જે પુદ્ગલોનો ઉપચય થાય છે તે શું પ્રયોગથી પુરુષ પ્રયત્નથી થાય છે કે સ્વાભાવિક રીતે થાય છે ? હે ગૌતમ ! પ્રયોગથી થાય છે અને સ્વાભાવિક રીતે પણ થાય છે ? હે ભગવન્ ! જેમ વસ્ત્રને પ્રયોગથી અને સ્વાભાવિક રીતે પુદ્ગલોનો ઉપચય થાય છે તેમ જીવોને જે કર્મપુદ્ગલોનો ઉપચય થાય છે તે શું પ્રયોગથી અને સ્વાભાવિક રીતે, એ બન્ને કારણથી થાય છે ? હે ગૌતમ ! જીવોને જે કર્મનો ઉપચય થાય છે તે પ્રયોગથી થાય છે પણ સ્વાભાવિક રીતે થતો નથી. હે ભગવન્ ! તે શા હેતુથી ? હે ગૌતમ ! જીવોને ત્રણ પ્રકારના પ્રયોગો કહ્યા છે, તે જેમકે, મનપ્રયોગ, વચનપ્રયોગ, અને કાયપ્રયોગ, એ ત્રણ પ્રકારના પ્રયોગવડે જીવોને કર્મનો ઉપચય થાય છે, માટે જીવો-ને કર્મનો ઉપચય પ્રયોગથી થાય છે પણ સ્વાભાવિક રીતે થતો નથી; એ પ્રમાણે બધા પંચેંદ્રિયોને ત્રણ પ્રકારનો પ્રયોગો કહેવો, પૃથિવીકાયિકોને એક પ્રકારનો પ્રયોગ કહેવો, એ પ્રમાણે યાવત્ વનસ્પતિકાયિકો સુધી જાણવું. વિકલેંદ્રિય જીવોને બે પ્રકારનો પ્રયોગ કહ્યો છે, તે જેમકે, વચનપ્રયોગ અને કાયપ્રયોગ, એ બે પ્રકારના પ્રયોગવડે તેઓને કર્મનો ઉપચય થાય છે માટે તેઓને પ્રયોગથી કર્મોપચય થાય છે પણ સ્વાભાવિક રીતે કર્મોપચય થતો નથી, તે હેતુથી એમ કહ્યું કે, યાવત્ સ્વાભાવિક રીતે કર્મોપચય થતો નથી, એ પ્રમાણે જે જીવને જે પ્રયોગ હોય તે કહેવો અને તે પ્રમાણે યાવત્ વૈમાનિક સુધી કહેવું.

[૨૮૨] હે ભગવન્ ! વસ્ત્રને જે પુદ્ગલોનો ઉપચય થયો છે, તે શું સાદિ સાંત છે ? સાદિ અનંત છે ? અનાદિ સાંત છે કે અનાદિ અનંત છે ? હે ગૌતમ ! વવસ્ત્રને જે પુદ્ગલોનો ઉપચય થયો છે, તે સાદિ સાંત છે પણ સાદિ અપર્યવસિત-અનંત નથી, તેમજ અનાદિ સાંત નથી અને અનાદિ અનંત નથી. હે ભગવન્ ! જેમ વસ્ત્રનો પુદ્ગલોપચય સાદિ સાંત છે પણ સાદિ અનંત, અનાદિ સાંત કે અનાદિ અનંત નથી તેમજ જીવોના કર્મોપચય માટે પણ પૃચ્છા-પ્રશ્ન કરવો હે ગૌતમ ! કેટલાક જીવોનો કર્મો-પચય સાદિસાંત છે, કેટલાક જીવોનો કર્મોપચય અનાદિ સાંત છે અને કેટલાક જીવનો કર્મોપચય અનાદિ અનંત છે. પણ જીવોનો કર્મોપચય સાદિ અપર્યવસિત-અનંત નથી. હે ભગવન્ ! તે શા હેતુથી ? હે ગૌતમ ! ઐર્યાપથના બંધકનો કર્મોપચય સાદિ સાંત છે, ભવસિદ્ધિક જીવનો કર્મોપચય અનાદિ સાંત છે, અભવ- સિદ્ધિકનો કર્મોપચય અનાદિ અનંત છે તે હેતુથી. હે ભગવન્ ! શું વસ્ત્ર સાદિ અને સાંત છે ? પૂર્વ પ્રમાણે અહીં ચારે ભાંગામાં પ્રશ્ન કહેવો. હે ગૌતમ ! વસ્ત્ર સાદિ છે અને સાંત છે. બાકી ત્રણે ભાગાનો વસ્ત્રમાં પ્રતિષેધ કરવો. હે ભગવન્ ! જેમ વસ્ત્ર સાદિ સાંત છે પણ સાદિ અનંત નથી, અનાદિ સાંત નથી અને અનાદિ અનંત નથી તેમ જીવો શું સાદિ સાંત છે ? અહિં પૂર્વના ચારે ભાંગા કહી તેમાં પ્રશ્ન કરવો. હે ગૌતમ ! કેટલાક જીવો સાદિ સાંત છે, એ પ્રમાણે ચારે ભાંગા કહેવા. હે ભગવન્ ! તે શા હેતુથી ? હે ગૌતમ ! નૈરયિકો, તિર્યંચોનિકો,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મનુષ્યો, અને દેવો ગતિ આગતિને અપેક્ષાથી સાદિ અને સાંત છે, સિદ્ધગતિને અપેક્ષી સિદ્ધો સાદિ અનંત છે, ભવસિદ્ધિકો લબ્ધિને અપેક્ષી અનાદિ સાંત છે અને અભવ-સિદ્ધિકો સંસારને અપેક્ષી અનાદિ અનંત છે, તે હેતુથી તેમ કહ્યું છે.

[૨૮૩] હે ભગવન્ ! કેટલી કર્મપ્રકૃતિઓ કહી છે ? હે ગૌતમ ! આઠ કર્મપ્ર-કૃતિઓ કહી છે, તે જેમકે, જ્ઞાનાવરણીય દર્શનાવરણીય યાવત્ અંતરાય. હે ભગવન્ ! જ્ઞાનાવરણીયકર્મની બંધસ્થિતિ કેટલા કાળની છે ? હે ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ત્રીશસાગરોપમકોડાકોડી,અનેત્રણહજારવરસ અબાધાકાળ,તે અબા-ધાકાળ જેટલી ઊણી કર્મસ્થિતિ-કર્મનિષેક જાણવો, એ પ્રમાણે દર્શનાવરણીયકર્મ પરત્વે પણ જાણવું. વેદનીયકર્મ જઘન્યે બે સમયની સ્થિતિવાળું અને ઉત્કૃષ્ટે જેમ જ્ઞાના-વરણીયકર્મ કહ્યું છે તેમ જાણવું. મોહનીયકર્મ જઘન્યે અન્તર્મુહૂર્તની સ્થિતિવાળું અને ઉત્કૃષ્ટે ૭૦ સાગરોપમ કોડાકોડી સ્થિતિવાળું છે અને સાતહજાર વરસ તેનો અબાધા-કાળછે કર્મસ્થિતિ-કર્મનિષેક કાળ,તે અબાધા કાળથી ઊણો જાણવો. આયુષ્યકર્મની સ્થિતિ જઘન્યે અન્તર્મુહૂર્ત છે અને ઉત્કૃષ્ટે પૂર્વકોટિના ત્રિભાગથી અધિક તેત્રીશ સાગ-રોપમ કર્મ સ્થિતિ છે. નામકર્મનો અને ગોત્રકર્મનોજઘન્યકાળઆઠઅન્તર્મુહૂર્તઅને ઉત્કૃષ્ટકાળ વીશ સાગરોપમ છે તથા બે હજારવરસ અબાધાકાળ છે, તે અબાધા કાળથી ઊણીકર્મસ્થિતિ,જાણવો.જેમ જ્ઞાનાવરણીયકર્મકહ્યુંતેમ અંતરાય કર્મ સમજવું.

[૨૮૪] હે ભગવન્ ! જ્ઞાનાવરણીયકર્મ શું સ્ત્રી બાંધે ? પુરુષ બાંધે ? કે નપુંસક બાંધે ? કે નોસ્ત્રી-નોપુરુષ નોનપુંસક એટલે જે સ્ત્રી, પુરુષ કે નપુંસક ન હોય તેવો જીવ બાંધે ? હે ગૌતમ ! સ્ત્રી પણ બાંધે, પુરુષ પણ બાંધે, અને નપુંસક પણ બાંધે. પણ જે નોસ્ત્રી નોપુરુષ-નોનપુંસક હોય તે કદાચ બાંધે ને કદાચ ન બાંધે; એ પ્રમાણે આયુષ્યને વર્જીને સાતે કર્મપ્રકૃતિઓ માટે જાણવું. હે ભગવન્ ! આયુષ્યકર્મ પૂર્વવત્ પ્રશ્ન કરવો. હે ગૌતમ ! સ્ત્રી બાંધે અને ન પણ બાંધે. એ પ્રમાણે બીજા બે માટે પણ જાણવું અને જે નોસ્ત્રીનોપુરુષનોનપુંસક હોય તે તો આયુષ્યકર્મ ન બાંધે. હે ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મ શું સંયત બાંધે ? અસંયત બાંધે ? કે સંયતાસંયત બાંધે ? કે જે નોસંયતનોઅસંયત-નોસંયતાસંયત હોય તે બાંધે ? હે ગૌતમ ! કદાચ સંયત બાંધે, કદાચ ન બાંધે; અસંયત બાધે અને સંયતાસંયત પણ બાંધે પણ જે નોસંયત-નોઅસંયત-નોસંયતાસંયત હોય તે તો ન બાંધે. એ પ્રમાણે આયુષ્યને વર્જીને સાતે કર્મપ્રકૃતિઓ માટે જાણવું, આયુષ્ય કર્મના સંબંધમાં નીચેના ત્રણ સંયત, અસંયત અને સંયતાસંયત માટે ભજનાવડે જાણવું અને ઉપરનો નોસંયત-નોઅસંયત-નોસંયતાસંયત અર્થાત્સિદ્ધ ન બાંધે.

હે ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મ શું સમ્યગ્દૃષ્ટિ બાંધે ? મિથ્યાદૃષ્ટિ બાંધે કે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ બાંધે ? હે ગૌતમ ! સમ્યગ્દૃષ્ટિ કદાચ બાંધે અને કદાચ ન બાંધે, મિથ્યાદૃષ્ટિ બાંધે અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિ પણ બાંધે. એ પ્રમાણે આયુષ્ય સિવાયની સાતે કર્મપ્રકૃતિઓ માટે જાણવું, આયુષ્યમાં નીચેના બે સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ ભજનાવડે કદાચ ન બાંધે અને કદાચ બાંધે અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિ ન બાંધે. હે ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મ શું સંજ્ઞી જીવ બાંધે ? અસંજ્ઞી જીવ બાંધે ? કે નોસંજ્ઞી અને નોઅસંજ્ઞી બાંધે ? હે ગૌતમ ! સંજ્ઞી કદાચ બાંધે અને કદાચ ન બાંધે, અસંજ્ઞી બાંધે અને નોસં-જ્ઞીનોઅસંજ્ઞી જીવ ન બાંધે. એ પ્રમાણે વેદનીય અને આયુષ્ય વર્જીને છ કર્મપ્રકૃતિઓ

Jain Site .com જૈનમ્ જયતિ શાસનમ્

માટે જાણવું. અને વેદનીયને નીચેના બે સંજ્ઞી અને અસંજ્ઞી બાંધે અને ઉપરનો નોસંજ્ઞી-નોઅસંજ્ઞી ભજના અને આયુષ્યને નીચેના બે ભજનાએ બાંધે અને ઉપરનો ન બાંધે. હે ભગવન્ ! શું ભવસિદ્ધિક જ્ઞાનાવરણીય કર્મ બાંધે ?, અભવસિદ્ધિક જ્ઞાનાવરણીય કર્મ બાંધે ? કે નોભવસિદ્ધિક નોઅભવસિદ્ધિક જ્ઞાનાવરણ કર્મ બાંધે ? હે ગૌતમ ! ભવસિદ્ધિક ભજનાએ બાંધેઅભવસિદ્ધિક જ્ઞાનાવરણ કર્મ બાંધે અને નોભવસિદ્ધિક ને નોઅભવસિદ્ધિક ન બાંધે, એ પ્રમાણે આયુષ્ય સિવાયની સાતે કર્મપ્રકૃત્તિઓ માટે જાણવું આયુષ્ય કર્મ માટે નીચેના બે ભવસિદ્ધિક અને અભવસિદ્ધિક ભજનાએ બાંધે અને ઉપરનો નોભવસિદ્ધિકઅને નોઅભવસિદ્ધિક અર્થાત્ સિદ્ધ, તે ન બાંધે. હે ભગવન્ ! શું ચક્ષુદર્શની, અચક્ષુ- દર્શની, અવધિદર્શની અને કેવલદર્શની જ્ઞાનાવરણ કર્મ બાંધે ? હે ગૌતમ ! હેઠળના ત્રણ ચક્ષુદર્શની, અચક્ષુદર્શની અને અવધિદર્શની એ ત્રણ ભજનાએ બાંધે તથા ઉપરનો-કેવલદર્શની તે ન બાંધે, એ પ્રમાણે વેદનીય સિવાયની સાતે કર્મપ્રકૃતિઓ માટે જાણવું, વેદનીયકર્મને નીચેના ત્રણ બાંધે છે ને કેવલદર્શની કદાચ બાંધે અને કદાચ ન બાંધે.

હે ભગવન્ ! શું પર્યાપ્તક જીવ જ્ઞાનાવરણીય કર્મ બાંધે ? અપર્યાપ્તક જીવ જ્ઞાનાવરણીય કર્મ બાંધે ? કે નોપર્યાપ્ત નોઅપર્યાપ્ત જીવ જ્ઞાનાવરણ કર્મ બાંધે ? હે ગૌતમ ! પર્યાપ્ત જીવ ભજનાએ જ્ઞાનાવરણીય કર્મ બાધે, અપર્યાપ્ત જીવ જ્ઞાનાવરણ કર્મ બાંધે અને નોપર્યાપ્ત નોઅપર્યાપ્ત એટલે સિદ્ધ જીવ જ્ઞાનાવરણીય કર્મ ન બાંધે, એ પ્રમાણે આયુષ્યને વર્જીને સાતે કર્મપ્રકૃતિઓ માટે જાણવું અને આયુષ્યને નીચેના બે પર્યાપ્ત અને અપર્યાપ્ત ભજનાએ બાંધે અને ઉપરનો નોપર્યાપ્તનો અપર્યાપ્તિસિદ્ધ ન બાંધે. હે ભગવન્ ! શું ભાષક જીવ જ્ઞાનાવરણ કર્મ બાંધે ? કે અભાષક બાંધે ? હે ગૌતમ ! એ બન્ને જીવ જ્ઞાનાવરણ કર્મ ભજનાએ બાંધે, એ પ્રમાણે વેદનીયવર્જીને સાતે કર્મપ્રકૃતિઓ માટે જાણવું અને વેદનીય કર્મ ભાષક બાંધે તથા અભાષક વેદનીય કર્મને ભજનાએ બાંધે. હે ભગવન્ ! શું પરિત્ત-એક શરીરવાળો જીવ, જ્ઞાનાવરણ કર્મ બાંધે ? અપરિત્ત જીવ જ્ઞાનાવરણ કર્મ બાંધે ? કે નોપરિત્ત નોઅપરિત્ત જીવ જ્ઞાનાવરણ કર્મ બાંધે ? હે ગૌતમ ! પરિત્ત જીવ, ભજનાએ જ્ઞાનાવરણ કર્મ બાંધે, અપરિત્ત જીવ જ્ઞાનાવરણ કર્મ બાંધે અને નોપરિત્તનોઅપરિત્ત એટલે સિદ્ધ જીવ ન બાંધે, એ પ્રમાણે આયુષ્યને વર્જીને સાતે કર્મપ્રકૃતિઓ માટે જાણવું. અને પરિત્ત તથા અપરિત્ત એ બન્ને પણ આયુષ્ય કર્મને ભજનાએ બાંધે છે અને નોપરિત્ત નોઅપરીત્ત બાંધતો નથી. હે ભગવન્ ! શું આભિનિબોધિકજ્ઞાની, શ્રુતજ્ઞાની અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની કે કેવલજ્ઞાની જ્ઞાનાવરણ કર્મ બાંધે ? હે ગૌતમ ! હેઠળના ચાર ભજ- નાએ બાંધે છે, નોપરિત્ત નોઅપરીત્ત બાંધતો નથી. હે ભગવન્ ! શું આભિ- નિબોધિકજ્ઞાની, શ્રુતજ્ઞાની અવધિજ્ઞાની અને મનઃપર્યવજ્ઞાની કે કેવલજ્ઞાની જ્ઞાનાવરણ કર્મ બાંધે ? હે ગૌતમ ! મતિજ્ઞાની, શ્રુતજ્ઞાની, અવધિ- જ્ઞાની અને મનઃપર્યવજ્ઞાની ભજનાએ બાંધે છે અને કેવલજ્ઞાની બાંધતો નથી, એ પ્રમાણે વેદનીયને વર્જીને બાકીની સાત કર્મપ્રકૃતિઓ માટે જાણી લેવું અને વેદનીય કર્મને હેઠળના ચાર બાંધે છે અને કેવળજ્ઞાની ભજનાએ બાંધે છે.

હે ભગવન્ ! શું મતિઅજ્ઞાની, શ્રુતઅજ્ઞાની અને વિભંગજ્ઞાની જ્ઞાનાવરણીય કર્મ બાધે ? હે ગૌતમ ! આયુષ્યને વર્જીને સાતે કર્મપ્રકૃતિઓ બાંધે અને આયુષ્યને

ભજનાએ બાંધે. હે ભગવન્ ! શું મનયોગી, વચનયોગી, કાયયોગી અને અયોગી જ્ઞાનાવરણીય કર્મ બાંધે ? હે ગૌતમ ! મનયોગી, વચનયોગી અને કાયયોગી, એ ત્રણ ભજનાએ જ્ઞાનાવરણ કર્મ બાંધે અને અયોગી જ્ઞાનાવરણને ન બાંધે. એ પ્રમાણે વેદનીય સિવાયની સાતે કર્મપ્રકૃતિઓ માટે જાણવું અને વેદનીય કર્મને હેઠળના ત્રણ બાંધે અને અયોગી ન બાંધે. હે ભગવન્ ! શું સાકાર ઉપયોગવાળો કે અનાકાર ઉપયોગ- વાળો જ્ઞાનાવરણીય કર્મ બાંધે ? હે ગૌતમ ! આઠે કર્મપ્રકૃતિઓ ભજના બાંધે. હે ભગવન્ ! શું આહારક કે અનાહારક જીવ જ્ઞાનાવરણીય કર્મને બાંધે ? હે ગૌતમ ! બન્ને પણ ભજનાએ બાંધે. એ પ્રમાણે વેદનીય અને આયુષ્ય સિવાયની છ કર્મપ્રકૃતિઓ માટે જાણવું, અને વેદનીય કર્મ, આહારક જીવ બાંધે તથા અનાહારક જીવ ભજનાએ બાંધે અને આયુષ્યકર્મને આહારક જીવ ભજનાએ બાંધે તથા અનાહારક જીવ ન બાંધે. હે ભગવન્ ! શું સૂક્ષ્મ જીવ, બાદર જીવ કે નોસૂક્ષ્મ-નોબાદર જીવ જ્ઞાનાવરણ કર્મને બાંધે ? હે ગૌતમ ! સૂક્ષ્મ જીવ બાંધે, બાદર જીવ ભજનાએ બાંધે અને નોસૂક્ષ્મ-નોબાદર જીવ ન બાંધે, એ પ્રમાણે આયુષ્યને મૂકીને સાતે કર્મપ્રકૃતિઓ માટે પણ જાણવું અને આયુષ્યકર્મને સૂક્ષ્મ જીવ અને બાદર જીવ, એ બન્ને ભજનાએ બાંધે છે, તથા નોસૂક્ષ્મ-નોબાદર જીવ- સિદ્ધના જીવ નથી બાંધતા. હે ભગવન્ ! શું ચરમ જીવ કે અચરમ જીવ જ્ઞાનાવરણીય કર્મ બાંધે ? હે ગૌતમ ! એ બન્ને જીવ આઠે કર્મપ્રકૃતિઓને ભજનાએ બાંધે.

[૨૮૫] હે ભગવન્ ! સ્ત્રીવેદક, પુરુષવેદક, નપુંસકવેદક અને અવેદક, એ બધા જીવોમાં ક્યા ક્યા જીવ, કોના કોનાથી અલ્પ, બહુ, તુલ્ય અને વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા પુરુષવેદક જીવો છે, તેનાથી સંખ્યેયગુણ સ્ત્રીવેદક છે, અવેદક અનંતગુણ છે અને નપુંસકવેદક અનંતગુણ છે. એ બધા પદોનાં અલ્પબહુત્વો કહેવાં યાવત્ સૌથી થોડા અચરમ જીવો છે અને ચરમ જીવો અનંતગુણ છે. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, હે ભગવન્ ! તે એ પ્રમાણે છે. એમ કહી યાવત્ વિચરે છે.

**શતક : ૬ - ઉદ્દેસા : ૩ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## -: ઉદ્દેશક ૪ :-

[૨૮૬] હે ભગવન્ ! શું જીવ કાલાદેશવડે- સપ્રદેશ છે કે અપ્રદેશ ? હે ગૌતમ ! જીવ નિયમા ચોક્કસ સપ્રદેશ છે. એ પ્રમાણે યાવત્ સિદ્ધ સુધીના જીવ માટે જાણવું. હે ભગવન્ ! નૈરયિક જીવ કાલાદેશથી સપ્રદેશ છે કે અપ્રદેશ છે ? હે ગૌતમ ! એ કદાચ સપ્રદેશ છે અને કદાચ અપ્રદેશ છે. હે ભગવન્ ! શું જીવો કાલાદેશથી સપ્રદેશ છે કે અપ્રદેશ છે ? હે ગૌતમ ! ચોક્કસ, જીવો સપ્રદેશ છે. હે ભગવન્ ! શું નૈરયિક જીવો કાલાદેશવડે સપ્રદેશ છે કે અપ્રદેશ છે ? હે ગૌતમ ! એ નૈરયિકોમાં બધાય સપ્રદેશ હોય, કેટલાક સપ્રદેશ અને એકાદ અપ્રદેશ અને કેટલાક સપ્રદેશ કેટલાક અપ્રદેશ; એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમાર સુધીના જીવો માટે જાણવું, હે ભગવન્ ! શું પૃથિવી- કાયિક જીવો સપ્રદેશ છે કે અપ્રદેશ છે ? તેઓ યાવત્ વનસ્પતિકાયિક સુધી જાણવું.

જેમ નૈરયિક જીવો કહ્યા તેમ સિદ્ધ સુધીના બાકીના બધા જીવો માટે જાણવું. જીવ અને એકેન્દ્રિય વર્જીને બાકીના આહારક જીવો માટે ત્રણ ભાંગા જાણવા, અને અનાહારક જીવો માટે એકેન્દ્રિય વર્જીને છ ભાંગા આ પ્રમાણે જાણવા- કેટલાક સપ્રદેશ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય, કેટલાક અપ્રદેશ હોય, અથવા કોઈ સપ્રદેશ હોય અને કોઈ અપ્રદેશ હોય, કોઈ અને કેટલાક અપ્રદેશ હોય, કેટલાક સપ્રદેશ હોય અને કોઈ અપ્રદેશ હોય અને કેટલાક સપ્રદેશ હોય તથા કેટલાક અપ્રદેશ હોય. સિદ્ધોને માટે ત્રણ ભાંગા જાણવા જેમ ઔધિક-સામાન્ય જીવો કહ્યા તેમ ભવસિદ્ધિક-ભવ્ય અને અભવસિદ્ધિક-અભવ્ય જીવો જાણવા. નોભવસિદ્ધિકનોભવસિદ્ધિક જીવ, સિદ્ધોમાં ત્રણ ભાંગા જાણવા. સંજ્ઞિઓમાં જીવાદિક ત્રણભાંગા જાણવા, અસંજ્ઞિઓમાં એકેન્દ્રિયવર્જીને ત્રણભાંગા જાણવા. નૈરયિક, દેવ અને મનુષ્યોમાં છ ભાંગા જાણવા. નોસંજ્ઞી નોઅસંજ્ઞી જીવ, મનુષ્ય અને સિદ્ધોમાં ત્રણ ભાંગા જાણવા. જેમ સામાન્ય જીવો કહ્યા, તેમ સલેશ્ય-જીવો જાણવા. જેમ આહારક જીવ કહ્યો તેમ કૃષ્ણલેશ્યાવાળા, નીલલેશ્યાવાળા અને કાપોત-લેશ્યાવાળા જીવો જાણવા, વિશેષ એ કે, જેને જે લેશ્યા હોય તેને તે લેશ્યા કહેવી. તેજો-લેશ્યામાં જીવાદિક ત્રણભાંગા જાણવા, વિશેષ એ કે, પૃથિવીકાયિકોમાં, અપ્કાયિ-કોમાં અને વનસ્પતિકાયિકોમાં છભાંગા જાણવા, પદ્મલેશ્યામાં અને શુક્લલેશ્યામાં જીવાદિક ત્રણભાંગા જાણવા, અલેશ્યામાં જીવ અને સિદ્ધોમાં ત્રણ ભાંગા જાણવા અને અલેશ્ય મનુષ્યોમાં છભાંગા જાણવા. સમ્યગ્દૃષ્ટિઓમાં જીવાદિક ત્રણભાંગા જાણવા. વિકલેન્દ્રિયોમાં છભાંગા જાણવા. મિથ્યાદૃષ્ટિઓમાં એકેન્દ્રિય વર્જીને ત્રણભાંગા જાણવા. સમ્યગ્મિથ્યાદૃષ્ટિઓમાં છભાંગા જાણવા,. સંયત જીવોમાં જીવાદિક ત્રણ-ભાંગા જાણવા. અસંયતોમાં એકેન્દ્રિય વર્જીને ત્રણભાંગા જાણવા, સંયતાસંયતોમાં જીવાદિક ત્રણભાંગા જાણવા. નોસંયતનોઅસંયત અને નોસંયતા સંયતોમાં-ત્રણ-ભાંગા જાણવા.સકષાયોમાં-અકષાયવાળાઓમાં જીવા- દિક ત્રણભાંગા જાણવા. અને સકષાય એકેંદ્રિયોમાં એક ભાંગો છે, ક્રોધ કષાયિઓમાં જીવ અને એકેન્દ્રિય વર્જી ત્રણભાંગા જાણવા. દેવોમાં છભાંગા, માનકષાયવાળમાં, માયાકષાયવાળામાં જીવ અને એકેન્દ્રિય વર્જીને ત્રણભાંગા જાણવા, નૈરયિક અને દેવોમાં છભાંગા જાણવા. લોભકષાયવાળાઓમાં જીવ અને એકેન્દ્રિય વર્જીને ત્રણભાંગા જાણવા. નૈરયકિમાં છભંગા જાણવા, અકષાયિમાં જીવ, મનુજ અને સિદ્ધોમાં ત્રણભાંગા જાણવા. ઓધિક જ્ઞાનમાં,આભિનિબોધિક-જ્ઞાનમાં, શ્રુતજ્ઞાનમાં, જીવાદિક ત્રણભાંગા જાણવા. વિકલે-ન્દ્રિયોમાં છભાંગા જાણવા. અવધિજ્ઞાનમાં, મનઃપર્યવજ્ઞાનમાં અને કેવલજ્ઞાનમાં જીવાદિક ત્રણભાંગા જાણવા. ઔધિકઅજ્ઞાનમાં, મતિઅજ્ઞાનમાં અને શ્રુતઅજ્ઞાનમાં એકેંદ્રિય વર્જીને ત્રણભાંગા જાણવા. વિભંગજ્ઞાનમાં જીવાદિક ત્રણ ભાંગા જાણવા, જેમ ઔધિક કહ્યો તેમ સયોગી જાણવો. મનયોગી, વચનયોગી અને કાયયોગિમાં જીવાદિક ત્રણભાંગા જાણવા. વિશેષ એ કે, એકેંદ્રિય જીવો કાયયોગવાળા છે અને તેઓમાં અભંગક ઝાઝા ભાંગા નથી પણ એક ભાંગો છે. જેમ અલેશ્યો કહ્યા તેમ અયોગિજીવો જાણવા. સાકાર ઉપયોગ- વાળામાં અને અનાકારઉપયોગવાળામાં જીવ તથા એકેંદ્રિય વર્જીને ત્રણ ભાંગા જાણવા. જેમ સકષાયી- કહ્યા તેમ સવેદક- જીવો જાણવા સ્ત્રીવેદક, પુરુષવેદક અને નપુંસકવેદકોમાં જીવાદિક ત્રણભાંગા જાણવા, વિશેષ એ કે, નપુંસકવેદમાં એકેંદ્રિયનો માટે અભંગક એક ભાંગો છે. જેમ અકષાયી જીવો કહ્યા તેમ અવેદક-વેદવિનાના જીવો જાણવા જેમ ઔધિક-સામાન્ય જીવ કહ્યા તેમ સશરીરી-જીવો જાણવા. ઔદારિક અને વૈક્રિય શરીરવાળા માટે જીવ તથા એકેંદ્રિય વર્જીને ત્રણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભાંગા જાણવા, આહારક શરીરમાં જીવ અને મનુષ્યમાં છ ભાંગા જાણવા, જેમ ઔધિક કહ્યા તેમ તૈજસ અને કાર્મણ જાણવા. અશરીરી-અને સિદ્ધ માટે ત્રણ ભાંગા જાણવા. આહાર- પર્યાપ્તિમાં, શરીરપર્યાપ્તિમાં, ઈંન્દ્રિયપર્યાપ્તિમાં અને આનપ્રાણપર્યાપ્તિમાં જીવ અને એકેન્દ્રિય વર્જી ત્રણ ભાંગા જાણવા. જેમ સંજ્ઞી જીવો કહ્યા તેમ ભાષા અને મનઃપર્યાપ્તિ સંબંધે જાણવું. જેમ અનાહારક જીવો કહ્યા તેમ આહાર પર્યાપ્તિ વિનાના જીવો વિષે સમજવું. શરીરની અપર્યાપ્તિમાં, ઈંદ્રિયની અપર્યાપ્તિમાં અને આણપ્રાણની અપર્યાપ્તિમાં જીવ અને એકેંદ્રિય વર્જી ત્રણ ભાંગા જાણવા. નૈરયિક, દેવ અને મનુષ્યો- માં છ ભાંગા જાણવા.ભાષાની અપર્યાપ્તિમાં અને મનની અપર્યાપ્તિમાં જીવાદિક ત્રણ ભાંગા જાણવા. નૈરયિક, દેવ અને મનુષ્યોમાં છ ભાંગા જાણવા.

[૨૮૭] સપ્રદેશો, આહારક, ભવ્ય, સંજ્ઞી, લેશ્યા, દૃષ્ટિ, સંયત, કષાય, જ્ઞાન, યોગ, ઉપયોગ, વેદ, શરીર અને પર્યાપ્તિ એ દ્વારો છે.

[૨૮૮] હે ભગવન્ ! શું જીવો પ્રત્યાખ્યાની છે ? અપ્રત્યાખ્યાની છે ? કે પ્રત્યાખ્યા- નાપ્રત્યાખ્યાની છે ? હે ગૌતમ ! જીવો પ્રત્યાખ્યાની પણ છે, અપ્રત્યાખ્યાની પણ છે અને પ્રત્યાખ્યાનાપ્રત્યાખ્યાન પણ છે. એ પ્રમાણે બધા જીવો માટે પ્રશ્ન કરવો ? હે ગૌતમ ! નૈરયિકો અપ્રત્યાખ્યાની છે, એ પ્રમાણે યાવત્ ચઉરિંદ્રિય સુધીના જીવો અપ્રત્યાખ્યાની કહેવા પંચેન્દ્રિયતિર્યચયોનિકો પ્રત્યાખ્યાની નથી પણ અપ્રત્યાખ્યાની છે અને પ્રત્યાખ્યાનાપ્રત્યાખ્યાની છે અને મનુષ્યોને ત્રણે ભાંગા હોય છે તથા બાકીના જીવો, જેમ નૈરયિકો કહ્યા તેમ કહેવા. હે ભગવન્ ! શું જીવો પ્રત્યાખ્યાનને જાણે છે અપ્રત્યા- ખ્યાનને જાણે છે ? કે પ્રત્યાખ્યાનાપ્રત્યાખ્યાનને જાણે છે ? હે ગૌતમ ! જે પંચેંદ્રિયો છે તે ત્રણેને જાણે છે, બાકીના જીવો પ્રત્યાખ્યાનને જાણતા નથી. અપ્રત્યાખ્યાનને જાણતા નથી હે ભગવન્ ! શું જીવો પ્રત્યાખ્યાનને કરે છે ? અપ્રત્યાખ્યાનને કરે છે ? કે પ્રત્યા- ખ્યાના- પ્રત્યાખ્યાનને કરે છે ? હે ગૌતમ ! જેમ ઔધિક દંડક કહ્યો તેમ પ્રત્યાખ્યાનની ક્રિયા- પણ જાણી લેવી હે ભગવન્ ! શું જીવો પ્રત્યાખ્યાનથી નિર્વર્તિત આયુષ્યવાળા છે અપ્રત્યાખ્યા- નથી બંધાય છે ? કે પ્રત્યાખ્યાનાપ્રત્યાખ્યાનથી બંધાય છે ? હે ગૌતમ ! જીવો અને વૈમાનિકો પ્રત્યાખ્યાનથી નિવર્તિત આયુષ્યવાળા છે, ત્રણે પણ છે અપ્રત્યાખ્યાનથી નિવર્તિત આયુષ્યવાળા છે અને પ્રત્યાખ્યાનાપ્રત્યાખ્યાનથી નિવર્તિત આયુષ્યવાળા છે અને બાકીના અપ્રત્યાખ્યાનથી નિવર્તિત આયુષ્યવાળા છે.

[૨૮૯-૨૯૦] પ્રત્યાખ્યાન પ્રત્યાખ્યાનને જાણે, (પ્રત્યાખ્યાનને) કરે, ત્રણેને (જાણે અને કરે) આયુષ્યની નિર્વૃત્તિ, સપ્રદેશ ઉદ્દેશમાં એ ચાર દંડકો છે. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, હે ભગવન્ ! તે એ પ્રમાણે છે એમ કહી યાવત્ વિહરે છે.

**શતકઃ ૬ -ઉદ્દેસાઃ ૪ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## -: ઉદ્દેશક ૫ :-

[૨૯૧] હે ભગવન્ ! આ તમસ્કાય શું કહેવાય ? શું પૃથિવી તમસ્કાય એ પ્રમાણે કહેવાય ? શું પાણી તમસ્કાય એ પ્રમાણે કહેવાય ? હે ગૌતમ ! પૃથિવી, 'તમસ્કાય' એ પ્રમાણે ન કહેવાય, પણ પાણી, 'તમસ્કાય' એ પ્રમાણે કહેવાય. હે ભગવન્ ! તે શા હેતુથી? હે ગૌતમ ! કેટલોક પૃથિવીકાય એવો શુભ છે, જે દેશને. ભાગને પ્રકાશિત કરે છે



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને કેટલોક પૃથિવીકાય એવો છે, જે દેશને પ્રકાશિત નથી કરતો, તે હેતુથી પૂર્વોક્ત પ્રમાણે કહેવાય. હે ભગવન્ ! તમસ્કાય ક્યાં સમુત્થિત છે ક્યાંથી શરૂ છે અને ક્યાં સંનિષ્ઠિત છે ક્યાં તેનો અંત છે ? હે ગૌતમ ! જંબુદ્વીપ નામના દ્વીપની બહાર તિરછે અસંખ્ય દ્વીપ સમુદ્રોને ઉલ્લંઘ્ય પછી અરુણવર બહાર આવે છે, તે દ્વીપની બહારની વેદિકાના અંતથી અરુણોદય સમુદ્રને ૪૨ હજાર યોજન અવગાહીએ ત્યારે ઉપરિતન જલાંત આવે છે, તે ઉપરિતન જલાંતથી એક પ્રદેશની શ્રેણીએ અહીં તમસ્કાય સમુત્થિત છે, તે ત્યાંથી સમુત્થિત થઇ ૧૭૨૧ યોજન ઉંચો જઇ ત્યાંથી પાછો તિરછો વિસ્તાર પામતો સૌધર્મ, ઈશાન, સનત્કુમાર અને માહેંદ્ર એ ચારે કલ્પોને આચ્છાદીને ઉંચે બ્રહ્મલોકકલ્પમાં રિષ્ટવિમાનના પાથડા સુધી સંપ્રાપ્ત- પહોંચ્યોછે અને ત્યાં તમસ્કાય સંનિવિષ્ટ છે.

હે ભગવન્ ! તમસ્કાય નો સંસ્થાન કેવો છે ? હે ગૌતમ! તમસ્કાય, નીચે, કોડીઆના નીચેના ભાગના આકારવાળો અને ઉપર, કુકડાના પાંજરાના જેવા આકારવાળો કહ્યો છે. હે ભગવન્ ! તમસ્કાય વિષ્કંભવડે કેટલો કહ્યો છે અને પરિક્ષેપવડે કેટલો કહ્યો છે ? હે ગૌતમ ! તમસ્કાય બે પ્રકારનો કહ્યો છે; સંખ્યેય વિસ્તૃત અને અસંખ્યેય વિસ્તૃત, તેમાં જે તે સંખ્યેય વિસ્તૃત છે તે વિષ્કંભવડે સંખ્યેય યોજન સહસ્ર કહ્યા છે અને પરિક્ષેપવડે અસંખ્યેય યોજન સહસ્ર કહ્યા છે અને તેમાં જે તે અસંખ્યેય વિસ્તૃત છે તે અસંખ્યેય યોજન સહસ્ર વિષ્કંભ વડે કહ્યો છે અને અસંખ્યેય યોજન સહસ્ર પરિક્ષેપવડે કહ્યો છે. હે ભગવન્ ! તમસ્કાય કેટલો મોટો કહ્યો છે ? હે ગૌતમ ! સર્વદ્વીપ અને સમુદ્રોની સર્વાભ્યંતર આ જંબૂદ્વીપ નામનો દ્વીપ યાવત્ પરિક્ષેપવડે કહ્યો છે કોઈ મોટી ઋદ્ધિવાળો યાવત્ મહાનુભાવ દેવ 'આ ચાલ્યો' એમ કરીને ત્રણ ચપટી વાગતાં એકવીશવાર તે સંપૂર્ણ જંબૂદ્વીપને ફરીને શીઘ્ર આવે, તે દેવ તેની ઉત્કૃષ્ટ અને ત્વરાવાળી યાવત્ દેવગતિવડે જતો જતો યાવત્ એક દિવસ, બે દિવસ યા ત્રણ દિવસ ચાલે અને વધારેમાં વધારે છ મહીના ચાલે તો કોઈ એક તમસ્કાય સુધી પહોંચે અને કોઈ એક તમસ્કાય સુધી ન પહોંચે, એટલો મોટો તમસ્કાય કહ્યો છે.

હે ભગવન્ ! તમસ્કાયનાં ઘર છે કે ગૃહાપણ છે ? હે ગૌતમ ! તે અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! તમસ્કાયમાં ગામ છે કે યાવત્ સંનિવેશો છે ? હે ગૌતમ ! તે અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! તમસ્કાયમાં ઉદાર મોટા મેઘ સંખેદ પામે છે ? સંમૂર્છે છે ? અને વર્ષણ વરસે છે ? હે ગૌતમ ! હા, તેમ છે. હે ભગવન્ ! શું તેને દેવ કરે છે ? અસુર કરે છે ? કે નાગ કરે છે ? હે ગૌતમ ! દેવ પણ કરે છે ? અસુર પણ કરે છે, અને નાગ પણ કરે છે. હે ભગવન્ ! તમસ્કાયમાં બાદર સ્તનિતશબ્દ છે ? અને બાદર વિજળી છે ? હા, છે. હે ભગવન્ ! શું તેને દેવ યા અસુર યા નાગ કરે છે ? હે ગૌતમ ! ત્રણે પણ કરે છે. હે ભગવન્ ! તમસ્કાયમાં બાદર પૃથિવીકાય છે ? અને બાદર અગ્નિકાય છે ? હે ગૌતમ ! તે અર્થ સમર્થ નથી. અને આ જે નિષેધ છે તે વિગ્રહગતિસમાપન્ન સિવાય સમજવો હે ભગવન્ ! તમસ્કાયમાં ચંદ્ર, સૂર્ય, ગ્રહગણ, નક્ષત્ર અને તારારૂપો છે ? હે ગૌતમ ! તે અર્થ સમર્થ નથી, પણ તે ચંદ્રાદિ, તમસ્કાયની પડખે છે. હે ભગવન્ ! તમસ્કાયમાં ચંદ્રની પ્રભા કે સૂર્યની પ્રભા હોય છે ? હે ગૌતમ ! તે અર્થ સમર્થ નથી, કારણ કે, તે પ્રભા તમસ્કાયમાં છે પણ કાદૂષણિકા-પોતાના આત્માને દૂષિત કરનારી છે. હે ભગવન્ ! તમસ્કાય વર્ણથી કેવો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કહ્યો છે ? હે ગૌતમ ! વર્ણવડે તમસ્કાય કાળો, કાળી કાંતિવાળો, ગંભીર, રુંવાટા ઉભા કરનાર, ભીમ, ઉત્કંપનો હેતુ અને પરમકૃષ્ણ કહ્યો છે, અને તે તમસ્કાયને જોઈને, જોઈને, જોતાં વારજ કેટલાક દેવ પણ ક્ષોભ પામે, અને કદાચ કોઈ દેવ તમસ્કાયમાં પ્રવેશ કરે તો પછી શરીરની ત્વરાથી મનની ત્વરાથી તે તમસ્કાયને ઉલ્લંઘી જાય.

હે ભગવન્ ! તમસ્કાયનાં નામો કેટલાં કહ્યાં છે ? હે ગૌતમ ! તમસ્કાયનાં તેર નામો કહ્યાં છે, તે જેમકે; તમ, તમસ્કાય, અંધકાર, મહાંધકાર, લોકાંધકાર, લોકતમિસ્ર, દેવાંધકાર, દેવતમિસ્ર, દેવારણ્ય, દેવવ્યૂહ, દેવપરિઘ, દેવપ્રતિક્ષોભ અને અરુણોદક-સમુદ્ર. હે ભગવન્ ! તમસ્કાય શું પૃથિવીનો પરિણામ છે ? પાણીનો પરિણામ છે ? જીવનો પરિણામ છે કે પુદ્ગલનો પરિણામ છે. હે ગૌતમ ! તમસ્કાય પૃથિવીનો પરિણામ નથી, પાણીનો પણ પરિણામ છે, જીવનો પણ પરિણામ છે અને પુદ્ગલનો પરિણામ છે. હે ભગવન્ ! તમસ્કાયમાં સર્વ પ્રાણો, ભૂતો, જીવો અને સત્ત્વો પૃથિવી-કાયપણે યાવત્ ત્રસકાયિકપણે ઉત્પન્નપૂર્વ-કહેલાં ઉપજ્યાં છે ? હે ગૌતમ ! હા, અનેકવાર અથવા અનંતવાર પૂર્વે ઉત્પન્ન થયા છે પણ બાદર પૃથિવીકાયપણે અને બાદર અગ્નિકાયિકપણે નથી થયા.

[૨૯૨] હે ભગવન્ કૃષ્ણરાજિઓ કેટલી કહી છે ? આઠકૃષ્ણરા- જિઓ કહેલી છે. હે ભગવન્ ! એ આઠકૃષ્ણરાજિઓ ક્યાં આવેલી કહી છે ? હે ગૌતમ ! સનત્કુમાર માહેન્દ્રકલ્પમાં અને નીચે બ્રહ્મલોકકલ્પમાં અરિષ્ટ વિમાનના પાથડામાં છે અર્થાત્ એ ઠેકાણે સમચતુરસ્ર-ચોખંડે સંસ્થાને સંસ્થિત એવી આઠ કૃષ્ણરાજિઓ કહેલી છે, બે કૃષ્ણરાજિ પૂર્વમાં, બે કૃષ્ણરાજિ પશ્ચિમમાં, બે કૃષ્ણરાજિ દક્ષિણમાં અને બે કૃષ્ણરાજિ ઉત્તરમાં, એ પ્રમાણે આઠ કૃષ્ણરાજિઓ કહી છે, પૂર્વાભ્યંતર કૃષ્ણરાજિ દક્ષિણબાહ્ય કૃષ્ણરાજિને સ્પર્શેલી છે, દક્ષિણાભ્યંતર કૃષ્ણરાજિ પશ્ચિમબાહ્ય કૃષ્ણરાજિને સ્પર્શેલી છે, પશ્ચિમભ્યંતર કૃષ્ણરાજિ ઉત્તરબાહ્ય કૃષ્ણરાજિને સ્પર્શેલી છે અને ઉત્તરાભ્યંતર કૃષ્ણરાજિ પૂર્વબાહ્ય કૃષ્ણરાજિને સ્પર્શેલી છે, પૂર્વની અને પશ્ચિમની બે બાહ્ય કૃષ્ણરાજિઓ છ ખૂણી છે, ઉત્તરની અને દક્ષિણની બે બાહ્ય કૃષ્ણરાજિઓ ત્રાંસી ત્રિખૂણી છે, પૂર્વની અને પશ્ચિમની બે અભ્યંતર કૃષ્ણરાજિઓ ચોખંડી છે અને ઉત્તરની અને દક્ષિણની બે અભ્યંતર કૃષ્ણરાજીઓ પણ ચોખંડી છે કૃષ્ણરાજિઓ પણ ચઉરંસ ચોખંડી છે.

[૨૯૩] પૂર્વ અને પશ્ચિમની કૃષ્ણરાજિ છખૂણી છે, ઉત્તરની દક્ષિણ અને બાહ્ય કૃષ્ણરાજિ ત્રિખૂણી છે, અને બીજી બધી અભ્યંતરકૃષ્ણરાજિ ચોરસ છે.

[૨૯૪] હે ભગવન્ ! કૃષ્ણરાજિ, આયામવડે કેટલી કહી છે ? વિષ્કંભવડે કેટલી કહી છે અને પરિક્ષેપવડે કેટલી કહી છે ? હે ગૌતમ ! કૃષ્ણરાજિઓનો આયામ, અસંખ્યેય યોજન સહસ્ર છે, વિષ્કંભ, સંખ્યેય યોજન સહસ્ર છે અને પરિક્ષેપ તો અસંખ્યેય યોજન સહસ્ર છે, હે ભગવન્ ! કૃષ્ણરાજિઓ કેટલી મોટી કહી છે ? હે ગૌતમ ! એક વિપળ જેટલા વખતમાં પણ કોઈ દેવ જંબૂદ્વીપને એકવીશ વાર ફરી આવે અને એવીજ શીઘ્રતમ ગતિવડે જો લાગલાગટ અડધો માસ ચાલવામાં આવે તોપણ (એ દેવથી) કોઈ કૃષ્ણરાજિ સુધી પહોંચાય અને કોઈ કૃષ્ણરાજિ સુધી ન પહોંચાય હે ભગવન્ ! કૃષ્ણરાજિઓમાં ગૃહો અને ગૃહાપણો છે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી હે

ભગવન્ !કૃષ્ણરાજિઓમાં ગામો વગેરે છે?હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી હે ભગવન્ ! કૃષ્ણરાજિઓમાં મોટા મેઘો સંખેદે છે, સંમૂર્છે છે અને વરસાદ વરસે છે ? હે ગૌતમ ! હા, અર્થાત્ એ પ્રમાણે પ્રશ્નમાં કહ્યા પ્રમાણે થાય છે.

હે ભગવન્ ! શું તેને દેવ, અસુર કે નાગ કરે છે ? હે ગૌતમ ! દેવ કરે છે, અસુર કે નાગ નથી કરતો. હે ભગવન્ ! કૃષ્ણરાજિઓમાં બાદર સ્તનિત શબ્દો છે ? હે ગૌતમ ! જેમ મોટા મેઘો કહ્યા તેમ જાણવું. હે ભગવન્ ! કૃષ્ણરાજિઓમાં બાદર અપ્કાય, બાદર અગ્નિકાય અને બાદરવનસ્પતિકાય છે ? હે ગૌતમ ! તે અર્થ સમર્થ નથી અને આ નિષેધ વિગ્રહગતિ સમાપન્ન જીવ સિવાય બીજા જીવો માટે જાણવો. હે ભગવન્ ! કૃષ્ણરાજિઓમાં ચંદ્ર, સૂર્ય,. ગ્રહગણ, નક્ષત્ર અને તારાઓ છે ? હે ગૌતમ ! તે અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! કૃષ્ણરાજિઓમાં ચંદ્રની કાંતિ છે ? સૂર્યની કાંતિ છે ? હે ગૌતમ ! તે અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! કૃષ્ણરાજિઓ વર્ણવડે કેવી કહી છે ? હે ગૌતમ ! કાળી યાવત્ તમસ્કાયની પેઠે ભયંકર હોવાથી દેવપણ એનેજલદી ન ઉલ્લંઘી જાય.હે ભગવન્ ! કૃષ્ણરાજિનાં કેટલાં નામધેય કહ્યાં છે ? હે ગૌતમ ! કૃષ્ણરાજિનાં આઠ નામ કહ્યાં છે, કૃષ્ણરાજિ, મેઘરાજિ, મઘા, માઘવતી, વાતપરિઘા, વાતપરિક્ષોભા, દેવપરિઘા અને દેવપરિક્ષોભા. હે ભગવન્ ! શું કૃષ્ણરાજિ પૃથ્વીનો પરિણામ છે ? જલનો પરિણામ છે ? જીવનો પરિણામ છે ? કે પુદ્ગલનો પરિણામ છે ? હે ગૌતમ ! કૃષ્ણરાજિ પૃથ્વીનો પરિણામ છે પણ જલનો પરિણામ નથી. તથા જીવનો પણ પરિણામ છે અને પુદ્ગલનો પણ પરિણામ છે. હે ભગવન્ ! કૃષ્ણરાજિમાં સર્વ પ્રાણો, ભૂતો, જીવો અને સત્ત્વો પૂર્વે ઉત્પન્ન થયેલા છે ? હે ગૌતમ ! અનેકવાર અનંતવાર ઉત્પન્ન થયા છે, પણ બાદર અપ્કાયપણે, બાદરઅગ્નિકાયપણે, અનેબાદર વનસ્પતિકાયિકપણે ઉત્પન્ન થયા નથી.

[૨૯૫] એ આઠ કૃષ્ણરાજિઓના આઠ અવકાશાન્તરમાં આઠ લોકાંતિક વિમાનો કહ્યાછે.અર્ચી, અર્ચિર્માલી, વૈરોચન, પ્રભંકર, ચન્દ્રભ, સૂર્યભ, શુક્રાભ, આઠમું સુપ્રતિષ્ટાભ અને વચમાં રિષ્ટાભ વિમાન છે. હે ભગવન્ ! અર્ચી વિમાન ક્યાંકહ્યું છે ? હે ગૌતમ ! ઉત્તરની પૂર્વની વચે અર્ચી વિમાન કહ્યું છે. હે ભગવન્ ! અર્ચિમાલી વિમાન ક્યાં કહ્યું છે ? હે ગૌતમ ! પૂર્વમાં અર્ચિમાલી વિમાન કહ્યું છે ? એ પ્રમાણે ક્રમથી બધાં વિમાનો માટે જાણવું યાવત્ હે ભગવન્ ! રિષ્ટવિમાન ક્યાં કહ્યું છે ? હે ગૌતમ ! બહુમધ્યભાગમાં રિષ્ટવિમાન કહ્યું છે, એ આઠે લોકાંતિક વિમાનોમાં આઠ જાતના લોકાંતિક દેવો રહે છે, તે જેમકે, સારસ્વત, આદિત્ય, વહ્નિ, વરુણ, ગર્દતોય, તુષિત, અવ્યાબાધ, અને આગ્નેય તથા વચમાં રિષ્ટ દેવ છે.

[૨૯૭] હે ભગવન્ ! સારસ્વત દેવો ક્યાં છે ? હે ગૌતમ ! સારસ્વત દેવો અર્ચી વિમાનમાં રહે છે. હે ભગવન્ ! આદિત્ય દેવો ક્યાં રહે છે ? હે ગૌતમ ! આદિત્ય દેવો અર્ચિમાલિ વિમાનમાં રહે છે. એ પ્રમાણે યથાનુપૂર્વીએ યાવત્ રિષ્ટવિમાન સુધી જાણવું. હે ભગવન્ ! રિષ્ટ દેવો ક્યાં રહે છે ? હે ગૌતમ ! રિષ્ટ દેવો રિષ્ટ વિમાનમાં રહે છે. હે ભગવન્ ! સારસ્વત અને આદિત્ય, એ બે દેવોનો કેટલા દેવો અને કેટલા દેવના સેંકડાઓ પરિવાર કહ્યા છે ? હે ગૌતમ ! સાત દેવો અને દેવના સાત સેંકડાઓ એટલે સાતસો દેવો, સારસ્વત અને આદિત્ય દેવોનો પરિવાર છે, વહ્નિ અને વરુણ એ બે દેવોનો ચૌદ દેવ અને ચૌદહજાર દેવ પરિવાર કહ્યો છે, ગર્દતોય અને તુષિત એ બે દેવો-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નો સાત દેવ અને સાત હજાર દેવ પરિવાર કહ્યો છે, અને બાકીના દેવોનો નવ દેવ અને નવસો દેવ પરિવાર કહ્યો છે. પ્રથમ યુગલમાં સાતસોનો પરિવાર છે. બીજામાં ચૌદહજારનો પરિવાર છે. ત્રીજામાં સાતહજારનો પરિવાર છે અને બાકીનામાં નવસોનો પરિવાર છે. હે ભગવન્ ! લોકાંતિક વિમાનો ક્યાં પ્રતિષ્ઠિત છે એટલે લોકાંતિક વિમાનો કોને આધારે છે ? હે ગૌતમ! લોકાંતિક વિમાનો વાયુપ્રતિષ્ઠિત છે, એ પ્રમાણે વિમાનનું પ્રતિષ્ઠાન, વિમાનોનું બાહુલ્ય, વિમાનોની ઉંચાઇ અને વિમાનોનું સંસ્થાન જેમ 'જીવાભિગમ' સૂત્રમાં દેવ ઉદ્દેશકમાં બ્રહ્મલોકની વક્તવ્યતા કહી છે તેમ અહિં જાણવું યાવત્ હા, ગૌતમ ! અહિં અનંતવાર પૂર્વે જીવો ઉત્પન્ન થયા છે, પણ લોકાંતિક વિમાનોમાં દેવપણે અનંતવાર નથી ઉત્પન્ન થયા. હે ભગવન્ ! લોકાંતિક વિમાનોમાં કેટલા કાળની સ્થિતિ કહી છે ? હે ગૌતમ ! લોકાંતિક વિમાનોમાં આઠ સાગરોપમની સ્થિતિ કહી છે. હે ભગવન્ ! લોકાંતિક વિમાનોથી કેટલે અંતરે લોકાંત કહ્યો છે ? હે ગૌતમ ! અસંખ્ય હજાર યોજનને અંતરે લોકાંતિક વિમાનોથી લોકાંત કહ્યો છે. યાવત્ વિહરે છે.

**શતક : ૬ -ઉદ્દેસા : ૫ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## -: ઉદ્દેશક ૬ :-

[૩૦૦] હે ભગવન્ ! પૃથ્વીઓ કેટલી કહી છે ? હે ગૌતમ ! સાત પૃથ્વીઓ કહી છે, તે જેમકે, રત્નપ્રભા યાવત્ તમતમાપ્રભા, રત્નપ્રભા વગેરે પૃથ્વીથી શરુ કરી યાવત્ અધઃસપ્તમી પૃથ્વી સુધીના જે પૃથ્વીના જેટલા આવાસો હોય યાવત્ તેટલા કહેવા યાવત્- હે ભગવન્ ! અનુત્તરવિમાનો કેટલાં કહ્યાં છે ? હે ગૌતમ ! પાંચ અનુત્તર વિમાનો કહ્યાં છે. તે જેમકે, વિજય યાવત્ સર્વાર્થસિદ્ધ.

[૩૦૧] હે ભગવન્ ! જે જીવ મારણાંતિક સમુદ્ઘાતથી સમવહત થયો અને સમવહત થઇ આ રત્નપ્રભા પૃથ્વીના ત્રીશલાખ નિરયાવાસમાંના કોઇપણ એક નિરયાવાસમાં નૈરયિકપણે ઉત્પન્ન થવાને યોગ્ય છે તે જીવ ત્યાં જઇને જે આહાર કરે તે આહારને પરિણમાવે અને શરીરને બાંધે ? હે ગૌતમ ! કેટલાક જીવ ત્યાં જઇનેજ આહાર કરે, પરિણમાવે અને શરીરને બાંધે અને કેટલાક જીવ ત્યાંથી પાછા વળે છે, પાછા વળીને અહિં આવે છે અને અહિં આવી ફરીવાર મારણાંતિક સમુદ્ઘાતવડે સમવહત થાય છે, સમવહત થઇ આ રત્નપ્રભા પૃથ્વીના ત્રીશલાખ નિરયાવાસમાંના કોઇપણ એક નિરયાવાસમાં નૈરયિકપણે ઉત્પન્ન થાય છે અને ત્યારપછી આહાર કરે છે, પરિણમાવે-છે , શરીરને બાંધેછે, એ પ્રમાણે યાવત્ અધઃસપ્તમીપૃથ્વી સુધી જાણવું.

હે ભગવન્ ! મારણાંતિક સમુદ્ઘાતથી સમવહત થયેલો જે જીવ અસુરકુમારોના ચોસઠલાખ આવાસોમાંના કોઇપણ એક અસુરકુમારવાસમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તે જીવ હે ભગવન્ ! ત્યાં જઇનેજ આહાર કરે ? તે આહારને પરિણમાવે ? અને શરીરને બાંધે ? જેમ નૈરયિકો સંબંધે કહ્યું તેમ અસુરકુમારો માટે યાવત્ સ્તનિતકુમારો સુધી કહેવું. હે ભગવન્ ! મારણાંતિક સમુદ્ઘાતવડે સમવહત થઇને જે જીવ અસંખ્યેય લાખ પૃથિવીકાયના આવાસમાંના અન્યતર પૃથિવીકાયના આવાસમાં પૃથિવીકાયિકપણે ઉત્પન્ન થવાને યોગ્ય છે તે જીવ મંદર પર્વતની પૂર્વે કેટલું જાય અને કેટલું પ્રાપ્ત કરે ? હે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગૌતમ ! લોકાંત સુધી જાય અને લોકાંતને પ્રાપ્ત કરે. હે ભગવન્ ! તે ત્યાં જઈનેજ આહાર કરે ? પરિણમાવે ? અને શરીરને બાંધે ? હે ગૌતમ ! કેટલાક ત્યાં જઈનેજ આહાર કરે, પરિણમાવે અને શરીરને બાંધે-અને કેટલાક ત્યાંથી પાછા વળે છે અને પાછા વળી અહિં શીઘ્ર આવે છે અને ફરીવાર મારણાંતિક સમુદ્‌ઘાતથી સમ- વહત થાય છે, સમવહત્ત થઈ મંદર પર્વતની પૂર્વે અંગુલનો અસંખ્ય ભાગમાત્ર, સંખ્યેય ભાગમાત્ર, વાલાગ્ર, વાલાગ્રપૃથક્ત્વન વાલાગ્ર) એ પ્રમાણે લિક્ષા, યૂકા, યવ, અંગુલ યાવત્ કોડયોજન, કોડાકોડી યોજન, સંખ્યેયહજાર યોજન અને અસંખ્યેયહજાર યોજને અથવા લોકાંતમાં એક પ્રદેશિકશ્રેણિને મૂકીને અસંખ્યેયલાખ પૃ-થિવીકાયિકના આવાસમાંના કોઈ પૃથિવીકાયના આવાસમાં પૃથિવીકાયપણે ઉત્પન્ન થાય પછી આહાર કરે, પરિણમાવે અને શરીરને બાંધે. જેમ મંદર પર્વતની પૂર્વ દિશા પરત્વે કહ્યું આલાપક કહ્યો તેમ એ પ્રમાણે દક્ષિણે, પશ્ચિમે, ઉત્તરે, ઊર્ધ્વ અને અધોદિશા માટે પણ જાણવું જેમ પૃથિવીકાયિકો માટે કહ્યું તેમ સર્વ એકેંદ્રિયો માટે એક એકના છ આલાપક કહેવા.

હે ભગવન્ ! મારણાંતિક સમુદ્‌ઘાતથી સમવહત્ત થઈ જે જીવ અસંખ્યેયલાખ બેઈંદ્રિયોના આવાસમાંના કોઈ એક બેઈંદ્રિયાવાસમાં બેઈંદ્રિયપણે ઉત્પન્ન થવાને યોગ્ય છે તે જીવ, ત્યાં જઈનેજ આહાર કરે ? તેને પરિણમાવે ? અને શરીરને તૈયાર કરે ? હે ગૌતમ ! જેમ નૈરયિકો કહ્યા તેમ બેઈંદ્રિયથી માંડી અનુત્તરોપપાતિક વિમાન સુધીના સર્વ જીવો કહેવા. હે ભગવન્ ! મારણાંતિક સમુદ્‌ઘાતતથી સમવહત થઈ જે પાંચ અનુત્તરવિમાનોમાંના કોઈ એક અનુત્તર વિમાનમાં દેવપણે ઉત્પન્ન થવાને યોગ્ય છે, તે જીવ હે ભગવન્ ! ત્યાં જઈનેજ આહાર કરે ? પરિણમાવે અને શરીરને તૈયાર કરે ? હે ગૌતમ ! તેજ કહેવું હે ભગવન્ ! તે એ પ્રમાણે છે. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે.

**શતક : ૬ - ઉદ્દેસા : ૬ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

**-: ઉદ્દેશક ૭ :-**

[૩૦૨] હે ભગવન્ ! શાલી, વ્રીહિ, ગોધૂમ, યવ અને યવયવ, એ બધાં ધાન્યો કોઠલામાં હોય, વાંસડાના -ડાલામાં હોય, માંચામાં હોય, માળમાં હોય, છાણથી ઉલ્લિપ્ત હોય, લિપ્ત હોય, ઢાંકેલાં હોય, માટી વગેરે વડે મુદ્રિત-હોય અને લાંછિત કરેલાં હોય, તો તેઓની યોનિ-કેટલા કાળ સુધી કાયમ રહે ? હે ગૌતમ ! તેઓની યોનિ, ઓ-છામાં ઓછું અંતર્મુહૂર્ત સુધી કાયમ રહે અને વધારેમાં વધારે ત્રણ વરસ સુધી કાયમ રહે. ત્યારબાદ તે યોનિમ્લાન થાય છે, પ્રવિધ્વંસ પામે છે, પછી તે બીજ અબીજ થાયછે અને ત્યારબાદ તે યોનિનો વ્યુચ્છેદ થયો કહેવાય છે. હે ભગવન્ ! કલાય, મસૂર, તલ, મગ, અડદ, બાલ, કળથી, એક જાતના ચોળા, તુવેર અને ગોળ ચણા એ બધાં ધાન્યો પૂર્વોક્ત વિશેષણવાળાં હોય તો તે ધાન્યોની યોનિ કેટલા કાળ સુધી કાયમ રહે ? હે ગૌતમ ! જેમ શાલીઓ માટે કહ્યું તેમ એ ધાન્યોને માટે પણ જાણવું, વિશેષ એ કે, પાંચ વરસ જાણવાં, હે ભગવન્ ! અલસી, કુસુંભ, કોદ્રવા, કાંગ, વરટ-બંટી, એક પ્રકારની કાંગ, એક પ્રકારના કોદ્રવા, શણ, સરસવ અને એક જાતનાં શાકનાં બીઆં એ પૂર્વોક્ત વિશેષવાળા ધાન્યોની યોનિ કેટલા કાળ સુધી રહે ? હે ગૌતમ ! એઓને માટે પણ તેમજ જાણવું, વિશેષ એ કે, સાત વરસ થાય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૩૦૩-૩૦૬] હે ભગવન્ ! એક એક મુહૂર્તના કેટલા ઉચ્છ્વાસાદ્ધા કહ્યા છે ? હે ગૌતમ ! અસંખ્યેય સમયના સમુદાયની સમિતિના સમાગમથી જેટલો કાળ થાય તે એક આવલિકા કહેવાય છે અને સંખ્યેય આવલિકાનો એક ઉચ્છ્વાસ, સંખ્યેય આવલિકાનો એક નિઃશ્વાસ, 'તુષ્ટ' અનવકલ્પ-ઘડપણ વિનાના અને વ્યાધિરહિત એક જંતુનો એક ઉચ્છ્વાસ અને નિઃશ્વાસ તે એક પ્રાણ, 'સાત પ્રાણ તે સ્તોક, સાત સ્તોક તે લવ, ૭૭ લવ, તે એક મુહૂર્ત, ૩૭૭૩ 'ઉચ્છ્વાસ, એ એક મુહૂર્ત, એમ અનંતજ્ઞાનીઓએ દીઠું છે.' એ મુહૂર્ત પ્રમાણે ત્રીશ મુહૂર્તનો એક અહોરાત્ર થાય. પંદર અહોરાત્રનો એક પક્ષે. બે પક્ષનો એક માસ બે માસની એક ઋતુ અને ત્રણ ઋતુનું એક અયન બે અયનનું એક સંવત્સર પાંચ સંવત્સરનો એક યુગ, નો વીશ યુગમાં ૧૦૦ વરસ થાય છે દશસો વરસનાં એકહજાર વર્ષ, સોહજાર વર્ષના એક લાખ વરસ, ચોરાસીલાખ વર્ષ તે એક પૂર્વાંગ, ચોરાસીલાખ પૂર્વાંગ, તે એક પૂર્વ એ પ્રમાણે ત્રુટિતાંગ, ત્રુટિત, અડડાંગ, અડડ, અવવાંગ અવવ, હૂહૂઆંગ, હૂહુઅ, ઉત્પલાંગ, ઉત્પલ, પદ્માંગ, પદ્મ, નલિનાંગ, નલિન, અર્થનિઉ- રાંગ. અર્થનિઉર, અયુતાંગ, અયુત, પ્રયુતાંગ, પ્રયુત, નયુતાંગ, નયુત, ચૂલિકાંગ, ચૂલિકા, શીર્ષપ્રહેલિકાંગ અને શીર્ષપ્રહેલિકા; અહિં સુધી ગણિત છે ત્યારબાદ ઔપમિક એટલે અમુક સંખ્યાવડે નહિ પણ માત્ર ઉપમાવડે જે જણાવી-જાણી શકાય એવો કાળ છે. હે ભગવન્ ! તે ઔપમિક શું કહેવાય ? હે ગૌતમ ! તે ઔપમિક બે પ્રકારનું કહ્યું છે, એક પલ્યોપમ અને બીજું સાગરોપમ.

[૩૦૮-૩૦૯] હે ભગવન્ ! પલ્યોપમ તે શું કહેવાય ? અને સાગરોપમ તે શું કહેવાય ? હે ગૌતમ ! 'સુતીક્ષ્ણશસ્ત્ર વડે પણ જેને છેદી, ભેદી ન શકાય, તે પરમ અણુને કેવલિઓ સર્વ પ્રમાણોની આદિભૂત પ્રમાણ કહે છે' અનંત પરમાણુઓના સમુદાયની સમિતિઓના સમાગમવડે તે એક ઉચ્છ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા, ઊર્ધ્વરેણુ, ત્રસરેણુ, રથરેણુ, વાલાગ્ર, લિક્ષા, યૂકા, યવમધ્ય અને અંગુલ થાય છે; જ્યારે આઠ ઉચ્છ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા ની એક શ્લક્ષ્ણશ્લ- ક્ષ્ણિકા થાય, આઠ શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા એક ઊર્ધ્વરેણુ; આઠ ઊર્ધ્વરેણુ નો એક ત્રસરેણુ, આઠ ત્રસરેણુ નો એક રથરેણુ અને આઠ રથરેણુ મનો દેવકુરુના અને ઉત્તરકુરુના મનુષ્યોનું એક વાલાગ્ર થાય છે. એ પ્રમાણે નો આઠ વાલાગ્ર નો હરિવર્ષના અને રમ્યકનાં મનુષ્યનો એક વાલાગ્ર, હરિવર્ષના અને રમ્યકના મનુષ્યનાં આઠ વાલાગ્ર તે હૈમવતના અને એરવતના મનુષ્યનો એક વાલાગ્ર અને હૈમવતના અને એરવતના મનુષ્યનાં આઠ વાલાગ્ર તે પૂર્વવિદેહના મનુષ્યનો એક વાલાગ્ર, પૂર્વવિદેહના મનુષ્યોનાં આઠ વાલાગ્ર તે એક લિક્ષા, આઠ લિક્ષા તે એક યૂવા, આઠ યૂવા તે એક યવમધ્ય આઠ યવમધ્ય તે એક અંગુલ, છ અંગુલનો એક પાદ, બાર અંગુલની એક વિતસ્તિ-વેંત ચો- વીસ અંગુલની એક રત્નિ-હાથ અડતાલીશ અંગુલનીએક કુક્ષિ, છન્નુ અંગુલનો એક દંડ, ધનુષ, યુગ, નાલિકા, અક્ષ અથવા મુસલ થાય, બેહજાર ધનુષ્યનો એક ગાઉ થાય, ચાર ગાઉનો એક યોજન થાય, એ યોજનના પ્રમાણે જે પલ્ય, આયામવડે અને વિષ્કંભવડે એક યોજન હોય, ઉંચાઈમાં એક યોજન હોય અને જેનો પરિધિ સવિશેષ- ત્રણ યોજન હોય, તે પલ્યમાં એક દિવસનાં ઉગેલા, બે દિવસના ઉગેલા, ત્રણ દિવસનાં ઉગેલા અને વધારેમાં વધારે સાત રાતના ઉગેલા ક્રોડો વાલાગ્રો, કાંઠા સુધી ભર્યા હોય, સંનિચિત કર્યા હોય, ખૂબ ભર્યા હોય અને તે વાલાગ્રો એવી રીતે ભર્યા હોય કે જેને અગ્નિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ન બાળે, વાયુ ન હરે, જેઓ કોહાઇ ન જાય, નાશ ન પામે અને જેઓ કોઇ દિવસ સડે નહિં, ત્યારબાદ તે પ્રકારે વાલાગ્રના ભરેલા તે પલ્યમાંથી સો સો વરસે એક એક વાલાગ્રને કાઢવામાં આવે, એવી રીતે જ્યારે-જેટલે કાળે નિરજ થાય, નિર્મલ થાય, નિષ્ઠિત થાય, નિર્લેપ થાય, અપહત્ થાય અને વિશુદ્ધ થાય ત્યારે તે કાળ પલ્યોપમકાળ કહેવાય.

[૩૧૦-૩૧૧] એવા કોટાકોટી પલ્યોપમને જ્યારે દસગણા કરી ત્યારે તે કાળનું પ્રમાણ, એક સાગરોપમ થાય છે.' એ સાગરોપમ પ્રમાણે ચાર કોડાકોડિ સાગરોપમ કાળ તે એક સુષમસુષમા કહેવાય, ત્રણ કોડાકોડી સાગરોપમ કાળ તે એક સુષમા કહેવાય, કોડાકોડિ સાગરોપમ કાળ તે એક સુષમદુઃષમા કહેવાય, જેમાં બેંતાળીશ હજાર વરસ ઊણાં છે એવો એક કોડાકોડિ સાગરોપમ કાળ તે એક દુષમસુષમા કહેવાય, એકવીશહજાર વરસ કાળ તે દુઃષમા કહેવાય,એકવીશહજાર વર્ષ, કાળ તે દુઃષ- મદુઃષમા કહેવાય, વળી પણ ઉત્સર્પિણીમાં એકવીશહજાર વરસ કાળ તે દુઃષમદુઃષમા કહેવાય, એકવીશહજાર વરસ યાવત્ ચાર કોડાકોડી સાગરોપમ કાલ તે સુષમસુષમા, દસ કોડાકોડી સાગરોપમ કાળ તે અવસર્પિણીકાળ, દસ કોડાકોડી સાગરોપમ કાળ તે ઉત્સર્પિણી કાળ અને વીશ કોડાકોડી સાગરોપમ કાળ તે અવસર્પિણી અને ઉત્સર્પિણી.

[૩૧૨] હે ભગવન્ ! જંબૂદ્વીપ નામના દ્વીપમાં ઉત્તમાર્થ પ્રાપ્ત આ અવસર્પિ- ણીમાં-સુષમસુષમા કાળમાં ભારત વર્ષના કેવા આકાર ભાવપ્રતયવતાર-આકારોના અને પદાર્થોના આવિર્ભાવો હતા ? હે ગૌતમ ! ભૂમિભાગ બહુસમ હોવાથી રમણીય હતો, તે આલિંગપુષ્કર-મુરજના મુખનું પુટ હોય તેવો ભારતવર્ષનો ભૂમિભાગ હતો, એ પ્રમાણે અહિં ભારતવર્ષ પરત્વે ઉત્તરકુરુની વક્તવ્યતા જાણવી યાવત્ બેસે છે, સુવે છે, તે કાળમાં ભારતવર્ષમાં તે તે દેશોમાં ત્યાં ત્યાં સ્થળે ઘણા મોટા ઉદ્દાલક યાવત્ કુશ અને વિકુશથી વિશુદ્ધ વૃક્ષમૂલો યાવત્ છ પ્રકારના માણસો હતા, તે જેમકે, પદ્મ સમાન ગંધવાળા, કસ્તૂરી સમાન ગંધવાળા, મમત્વ વિનાના, તેજસ્વી અને રૂપાળા, સહનશીલ તથા શનૈશ્ચારી-ઉતાવળ વિનાના એ પ્રમાણે છ પ્રકારના મનુષ્યો હતા. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, હે ભગવન્ ! તે એ પ્રમાણે છે એમ કહી યાવત્ વિહરે છે.

**[શતક : ૬ -ઉદ્દેસા : ૭ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ]**

## -: ઉદ્દેશક ૮ :-

[૩૧૩] હે ભગવન્ ! કેટલી પૃથિવીઓ કહી છે ? હે ગૌતમ ! આઠ પૃથિવીઓ કહી છે, તે જેમકે, રત્નપ્રભા યાવત્ ઈષત્પ્રાગ્ભારા. હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથિવીની નીચે ગૃહો કે ગૃહાપણો છે ? હે ગૌતમ ! તે અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથિવીની નીચે ગ્રામો યાવત્ સંનિવેશો છે ? હે ગૌતમ ! તે અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથિવીની નીચે મોટા મેઘો સંસ્વેદે છે, સમ્મૂર્છે છે, વરસાદ વરસે છે ? હા, વરસે છે, તે વરસાદને દેવ પણ કરે છે, અસુર પણ કરે છે, નાગ પણ કરે છે. હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથિવીમાં બાદર સ્તનિત શબ્દો છે ? હે ગૌતમ ! હા, તે શબ્દને ત્રણે પણ કરે છે. હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથિવીમાં નીચે બાદર અગ્નિકાય છે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી, અને એ નિષેધ વિગ્રહગતિસમાપન્નક જીવો સિવાય બીજા જીવો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરત્વે જાણવો. હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથિવીમાં નીચે ચંદ્ર યાવત્ તારારૂપો છે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથિવીમાં નીચે ચંદ્રમા, સૂર્યમા વિગેરે છે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી, એ પ્રમાણે બીજી પૃથિવીમાં કહેવું, એ પ્રમાણે ત્રીજીમાં પણ કહેવું, વિશેષ એ કે, ત્રીજી પૃથિવીમાં દેવ પણ કરે, અસુર પણ કરે અને નાગ ન કરે. ચોથી પૃથિવીમાં પણ એમજ કહેવું. વિશેષ એ કે, ત્યાં એકલો દેવ કરે એ પ્રમાણે બધી નીચેની પૃથિવીઓમાં એકલો દેવ કરે છે.

હે ભગવન્ ! સૌધર્મકલ્પની અને ઈશાનકલ્પની નીચે ગૃહો, ગૃહાપણો છે ? હે ગૌતમ ! તે અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! સૌધર્મકલ્પની અને ઈશાનકલ્પની નીચે મોટા મેઘો છે ? હા, ગૌતમ ! મોટા મેઘો છે, અને તે મેઘોને દેવ કરે, અસુર પણ કરે, પણ નાગ ન કરે, એ પ્રમાણે સ્તનિત શબ્દ પરત્વે પણ જાણવું. હે ભગવન્ ! ત્યાં બાદર પૃથિવીકાય તથા બાદર અગ્નિકાય છે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી અને આ નિષેધ વિગ્રહગતિસમાપન્ન સિવાયના બીજા માટે જાણવો. હે ભગવન્ ! ત્યાં ચંદ્ર વગેરે છે ? હે ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! ત્યાં ગ્રામાદિ છે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. ભગવન્ ! ત્યાં ચંદ્રનો પ્રકાશ વગેરે છે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી, એ પ્રમાણે સનત્કુમાર અને માહેંદ્ર દેવલોકમાં જાણવું, વિશેષ એ કે, ત્યાં એકલા દેવ કરે છે, એ પ્રમાણે બ્રહ્મલોકમાં અને ઉપર સર્વસ્થળે દેવ કરે છે તથા બધા ઠેકાણે બાદર અપ્કાય, બાદર અગ્નિકાય અને બાદર વનસ્પતિકાય સંબંધે પ્રશ્ન કરવો. બીજું તેજ પ્રમાણે છે

[૩૧૪] તમસ્કાયમાં અને પાંચકલ્પમાં અગ્નિ અને પૃથિવી સંબંધે પ્રશ્ન, પૃથિવીઓમાં અગ્નિ સંબંધે પ્રશ્ન અને પાંચ કલ્પની ઉપર રહેલાં સ્થાનોમાં તથા કૃષ્ણ-રાજિમાં અપ્કાય, તેજસ્કાય અને વનસ્પતિકાય સંબંધે પ્રશ્ન કરવો.

[૩૧૫] હે ભગવન્ ! આયુષ્યનો બંધ કેટલા પ્રકારનો કહ્યો છે ? હે ગૌતમ ! આયુષ્યનો બંધ છ પ્રકારનો કહ્યો છે, તે જેમકે, જાતિનામનિધત્તાયુ, ગતિનામનિ-ધત્તાયુ, સ્થિતિનામનિધત્તાયુ, અવગાહનાનામનિધત્તાયુ, પ્રદેશનામનિધત્તાયુ ને અનુભાગ- નામનિધત્તાયુ, યાવત્ વૈમાનિકો સુધી દંડક કહેવો. હે ભગવન્ ! શું જીવો જાતિના- મનિધત્ત છે યાવત્ અનુભાગનામધિધત્ત છે ? હે ગૌતમ ! તેમજ છે. આ દંડક યાવત્ વૈમાનિક સુધી કહેવો.એ બાર દંડક આ પ્રમાણે કહેવા :- હે ભગવન્ ! જીવો શું જાતિનામનિધત્ત છે, જાતિનામનિધત્તાયુષ્ક છે, જાતિનામનિયુક્ત છે, જાતિનામનિ-યુક્તાયુષ્ક છે, જાતિગોત્રનિધત્ત છે, જાતિગોત્રનિધત્તાયુષ્ક છે, જાતિગોત્રનિયુક્ત છે, જાતિગોત્રનિયુક્તાયુષ્ક છે, જાતિનામગોત્રનિધત્ત છે, જાતિનામગોત્રનિધત્તાયુષ્ક છે, જાતિનામગોત્રનિયુક્ત છે કે જાતિનામગોત્રનિયુક્તાયુષ્ક છે યાવત્ અનુભાગ-નામગોત્રનિયુક્તાયુષ્ક છે ? હે ગૌતમ ! તેમજ છે. યાવત્ વૈમાનિક સુધી.

[૩૧૬] હે ભગવન્ ! શું લવણસમુદ્ર ઉછળતા પાણીવાળો છે, સમજાણવાળો છે, ક્ષુબ્ધપાણીવાળો છે કે અક્ષુબ્ધપાણીવાળો છે ? હે ગૌતમ ! લવણસમુદ્ર ઉચ્છળતા પાણીવાળો છે પણ સમજાણવાળો નથી અને ક્ષુબ્ધપાણિવાળો છે પણ અક્ષુબ્ધ પાણી-વાળો નથી, અહિંથી શરુ કરી જેમ જીવાભિગમ સૂત્રમાં કહ્યું છે તેમ જાણવું યાવત્ તે હેતુથી હે ગૌતમ ! બહારના સમુદ્રો પૂર્ણ, પૂર્ણપ્રમાણવાળા, છલકતા અને સમભર ઘટપણે રહે છે, સંસ્થાનથી એક પ્રકારના સ્વરૂપવાળા છે, વિસ્તારથી અનેક પ્રકારના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્વરૂપવાળા છે, દ્વિગુણ, દ્વિગુણ પ્રમાણ આ તિર્યગ્લોકમાં અસંખ્યેય દ્વીપ સમુદ્રો, સ્વયંભૂરમણ સમુદ્રના છેડાવાળા કહ્યા છે હે ભગવન્ ! દ્વીપોનાં અને સમુદ્રોનોનાં કેટલાં નામધેય કહ્યાં છે ? હે ગૌતમ ! લોકમાં જેટલાં શુભનામ, શુભરૂપ, શુભગંધ, શુભરસ અને શુભસ્પર્શ છે એટલા, દ્વીપોનાં અને સમુદ્રોનાં નામ છે, એ રીતે નામ ઉદ્ધાર, પરિણામ જાણવા અને સર્વ જીવોનો દ્વીપોમાં અને સમુદ્રોમાં ઉત્પાદ જાણવો. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, એમ કહી યાવત્ વિહરે છે.

**શતક : ૬ - ઉદ્દેસા : ૮ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

**-: ઉદ્દેશક ૯ :-**

[૩૧૭] હે ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મને બાંધતો જીવ કેટલી કર્મપ્રકૃતિઓને બાંધે ? હે ગૌતમ ! સાત પ્રકારે બાંધે છે, આઠ પ્રકારે બાંધે છે અને છ પ્રકારે પણ બાંધે છે, અહિં 'પ્રજ્ઞાપના' માં કહેલો બંધ ઉદ્દેશક જાણવો.

[૩૧૮] હે ભગવન્ ! મહર્ધિક યાવત્ મહાનુભાગવાળો દેવ બહારનાં પુદ્ગલોને ગ્રહણ કર્યા સિવાય એકવર્ણવાળા અને એક આકારવાળા સ્વશરીર વગેરેનું વિકુર્વણ કરવા સમર્થ છે ? હે ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! તે દેવ બહારનાં પુદ્ગલોને ગ્રહણ કરીને તેમ કરવા સમર્થ છે ? હે ગૌતમ ! હા, સમર્થ છે. હે ભગવન્ ! તે દેવ શું-અહિં રહેલાંપુદ્ગલોનું ગ્રહણ કરીને વિકુર્વણ કરે છે ? ત્યાં દેવલોકમાં રહેલાં પુદ્ગલોનું ગ્રહણ કરીને વિકુર્વણ કરે છે ? કે કોઇ બીજે ઠેકાણે રહેલાં પુદ્ગલોનું ગ્રહણ કરીને વિકુર્વણ કરે છે ? હે ગૌતમ ! અહિં રહેલાં પુદ્ગલોનું ગ્રહણ કરીને વિકુર્વણ કરતો નથી અને બીજે ઠેકાણે રહેલાં પુદ્ગલોનું ગ્રહણ કરીને વિકુર્વણ કરતો નથી ત્યાં દેવ-લોકમાં રહેલાં પુદ્ગલોનું ગ્રહણ કરીને વિકુર્વણ કરે છે. એ પ્રમાણે એ ગમવડે યાવત્ ? એક વર્ણવાળા એકઆકારને, એકવર્ણવાળા અનેક આકારને, અનેકવર્ણવાળા એક આકારને અને અનેકવર્ણવાળા અનેક આકારને વિકુર્વિત કરવા શક્ત છે એ પ્રમાણે ચાર ભાંગા જાણવા. હે ભગવન્ ! મહર્ધિક યાવત્ મહાનુભાગવાળો દેવ બહારનાં પુદ્ગલોને ગ્રહણ કર્યા સિવાય કાળા પુદ્ગલને નીલ પુદ્ગલપણે પરિણમાવવા અને નીલપુદ્ગલને કાળાપુદ્ગલપણે પરિણમાવવા સમર્થ છે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી, પણ પુદ્ગલોનું ગ્રહણ કરીને તેમ કરવા સમર્થ છે. હે ભગવન્ ! શું તે દેવ ઇહગતાદિ-પુદ્ગલોને ગ્રહણ કરીને તેમ કરવા સમર્થ છે ? હે ગૌતમ ! પૂર્વ પ્રમાણે તેજ સમજવું, વિશેષ એ કે 'વિકુર્વે છે' તે બદલે 'પરિણમાવે છે' એમ કહેવું, એ પ્રમાણે કાળા પુદ્ગલને લાલપુદ્ગલપણે, એ પ્રમાણે કાળાપુદ્ગલની સાથે યાવત્ શુક્લ, એ પ્રમાણે નીલની સાથે યાવત્ શુક્લ, એ પ્રમાણે લાલપુદ્ગલને યાવત્ શુકલપણે, એ પ્રમાણે હારિદ્રપુદ્ગલ સાથે યાવત્ શુક્લ, તે એ પ્રમાણે એ ક્રમવડે ગંધ રસ અને સ્પર્શ સંબંધે સમજવું યાવત્ કર્કશ સ્પર્શવાળા, કોમળ સ્પર્શવાળા પુદ્ગલપણે પરિણમાવે. એ પ્રમાણે બે બે વિરુદ્ધ ગુણોને ગુરુક અને લઘુક; શીત અને ઉષ્ણ, સ્નિગ્ધ અને રુક્ષ વર્ણાદિને સર્વત્ર 'પરિણમાવે' છે. પરિણમાવે છે એ ક્રિયાના બબે આલાપક કહેવા;

[૩૧૯] હે ભગવન્ ! અવિશુદ્ધ લેશ્યાવાળો દેવ અનુપયુક્ત આત્માવડે અવિશુદ્ધ લેશ્યાવાળા દેવને, દેવીને, અન્યતરને તે બેમાંના એકને જાણે છે ? જૂએ છે ? હે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. એ પ્રમાણે અશુદ્ધ લેશ્યાવાળો દેવ અનુપયુક્ત આત્માવડે વિશુદ્ધ લેશ્યાવાળા દેવને, દેવીને, અન્યતરને જાણે, જૂએ ? અવિશુદ્ધ- લેશ્યાવાળો દેવ ઉપર્યુક્ત આત્માવડે અવિશુદ્ધ લેશ્યાવાળા દેવને ઈત્યાદિ, અવિશુદ્ધ લેશ્યાવાળો દેવ ઉપયુક્ત આત્માવડે વિશુદ્ધ લેશ્યાવાળા દેવને ઈત્યાદિ, અવિશુદ્ધ લેશ્યાવાળો દેવ ઉપયુક્તાનુપયુક્ત આત્માવડે અવિશુદ્ધ લેશ્યાવાળા દેવને ઈત્યાદિ. અવિશુદ્ધ લેશ્યા-વાળો ઉપયુક્તાપયુક્ત આત્માવડે વિશુદ્ધલેશ્યાવળા દેવને વિશુદ્ધલેશ્યાવાળો અનુપ-યુક્ત આત્માવડે અવિશુદ્ધ લેશ્યાવાળા દેવને ઈત્યાદિ, વિશુદ્ધલેશ્યાવાળો અનુપયુક્ત આત્માવડે વિશુદ્ધ લેશ્યાવાળા દેવને ઈત્યાદિ. હે ભગવન્ ! વિશુદ્ધ લેશ્યાવાળો દેવ ઉપયુક્ત આત્માવડે અવિશુદ્ધ લેશ્યાવાળા દેવ વગેરેને જાણે ? હે ગૌતમ ! હા, જાણે. એ પ્રમાણે, હે ભગવન્ ! વિશુદ્ધ લેશ્યાવાળો દેવ ઉપયુક્ત આત્માવડે વિશુદ્ધ લેશ્યાવાળા દેવ વગેરેને જાણે ? હે ગૌતમ ! હા, જાણે. વિશુદ્ધલેશ્યાવાળો, દેવ ઉપયુક્તાનુપ યુક્ત આત્માવડે અવિશુદ્ધ લેશ્યાવાળા દેવ વિગેરેને ઈત્યાદિ, તથા વિશુદ્ધ લેશ્યાવાળો દેવ ઉપયુક્તાનુપયુક્ત આત્માવડે વિશુદ્ધ લેશ્યાવાળા દેવ વગેરેને જાણે ? જૂએ ? એ પ્રમાણે શરુઆતના આઠ ભાંગાવડે જાણે નહિ, અને જૂએ નહીં અને ઉપરના ચાર એટલે પાછળના ચાર ભાંગાવડે જાણે અને જૂએ. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, હે ભગવન્ ! તે એ પ્રમાણે છે એમ કહી યાવત્ વિહરે છે.

**શતક : ૬ -ના ઉદેસા : ૯ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

**-: ઉદ્દેશક ૧૦ :-**

[૩૨૦] હે ભગવન્ ! અન્યતીર્થિકો એ પ્રમાણે કહે છે યાવત્ પ્રરૂપે છે, કે રાજગૃહ નગરમાં જેટલા જીવો છે, એટલા જીવોને કોઈ બોરના ઠળીયા જેટલું, વાળ જેટલું, અડદ જેટલું, મગ જેટલું, જૂ જેટલું, અને લીખ જેટલું પણ સુખ યા દુઃખ કાઢીને દેખાડવા સમર્થ નથી, હે ભગવન્ ! તે કેવી રીતે હોઈ શકે ? હે ગૌતમ ! તે અન્યતીર્થીકો જે એ પ્રમાણે કહે છે, યાવત્ પ્રરૂપે છે તે મિથ્યા, ખોટું કહે છે, હે ગૌતમ ! હું વળી આ પ્રમાણે કહું છું યાવત્ પ્રરૂપું છું કે સર્વ લોકમાં પણ સર્વ જીવોને કોઈ સુખ વા દુઃખ તેજ યાવત્ કાઢીને દર્શાવવા સમર્થ નથી. હે ભગવન્ ! તે શા હેતુથી ? હે ગૌતમ ! આ જંબૂદ્વીપ નામનો દ્વીપ યાવત્ પરિક્ષેપવડે વિશેષાધિક કહ્યો છે, મહર્ધિક યાવત્ મહાનુભાવવાળો દેવ, એક, મોટો, વિલેપનવાળો ગંધવાળા દ્રવ્યનો ડાબડો લઈને ઉઘાડે અને તેને ઉઘાડી યાવત્ 'આ જાઉં છું' એમ કહી સંપૂર્ણ જંબૂદ્વીપને ત્રણ ચપટીવડે ૨૧ વાર ફરી પાછો શીઘ્ર પાછો આવે, હે ગૌતમ ! તે સંપૂર્ણ જંબૂદ્વીપ નામનો દ્વીપ, તે ગંધ પુદ્ગલોના સ્પર્શવાળો થયો કે નહિ ? હા, સ્પર્શવાળો થયો, હે ગૌતમ ! કોઈ તે ગંધપુદ્ગલોને બોરના ઠળીયા જેટલાં પણ યાવત્ દર્શાવવા સમર્થ નથી. તે હેતુથી સુખાદિને પણ યાવત્ દર્શાવવા સમર્થ નથી.

[૩૨૧] હે ભગવન્ ! શું જીવ (ચૈતન્ય) છે ? કે ચૈતન્ય જીવ છે ? હે ગૌતમ જીવ નિયમે ચૈતન્ય જીવ છે અને જીવ ચૈતન્ય પણ નિયમે જીવ છે. હે ભગવન્ ! જીવ નૈરયિક છે ? કે નૈરયિક જીવ છે ? હે ગૌતમ ! નૈરયિક તો નિયમે જીવ છે અને જીવ તો નૈરયિક પણ હોય તથા અનૈરિયક પણ હોય. હે ભગવન્ ! જીવ અસુરકુમાર છે ? કે અસુરકુમાર જીવ છે ? હે ગૌતમ ! અસુરકુમાર તો નિયમે જીવ છે અને જીવ તો અસુર- કુમાર પણ હોય તથા ન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ હોય. એ પ્રમાણે યાવત્ વૈમાનિક સુધી દંડક કહેવો. હે ભગવન્ ! જીવે પ્રાણધારણ કરે તે જીવ કહેવાય ? કે જીવ હોય તે પ્રાણધારણ કરે ? હે ગૌતમ ! પ્રાણધારણ તે નિયમે જીવ કહેવાય અને જે જીવ હોય તે પ્રાણધારણ કરે પણ ખરો અને ન પણ કરે. હે ભગવન્ ! પ્રાણધારણ કરે તે નૈરયિક કહેવાય ? કે નૈરયિક હોય તે પ્રાણધારણ કરે ? હે ગૌતમ ! નૈરયિક તો નિયમે પ્રાણ ધારણ કરે અને પ્રાણ ધારણ કરનાર તો નૈરયિક પણ હોય અને અનૈરયિક પણ હોય. એ પ્રમાણે યાવત્ વૈમાનિક સુધી દંડક કહેવો. હે ભગવન્ ! ભવસિદ્ધિક નૈરયિક હોય ? કે નૈરયિક ભવસિદ્ધિક હોય ? હે ગૌતમ ! ભવસિદ્ધિક નૈરયિક પણ હોય અને અનૈરયિક પણ હોય તથા નૈરયિક ભવસિ- દ્ધિક પણ હોય અને અભવસિદ્ધિક પણ હોય. એ પ્રમાણે યાવત્ વૈમાનિક સુધી દંડક કહેવો.

[૩૨૨] હે ભગવન્ ! અન્યતીર્થિકો એ પ્રમાણે કહે છે યાવત્ પ્રરૂપે છે કે, એ પ્રમાણે નિશ્ચિત છે કે, સર્વ, પ્રાણો, ભૂતો, જીવો અને સત્ત્વો, એકાંત દુઃખરૂપ વેદનાને વેદે છે, હે ભગવન્ ! તે એવી રીતે કેમ હોય ? હે ગૌતમ ! તે અન્યતીર્થિકો જે કાંઇ યાવત્ કહે છે તે મિથ્યા કહેછે, વળી, હું આ પ્રમાણે કહું છું યાવત્ પ્રરૂપું છું કે, કેટલાક પ્રાણો, ભૂતો, જીવો અને સત્ત્વો એકાંત દુઃખરૂપ વેદનાને વેદેછે અને કદાચિત્ સુખને વેદે છે, તથા કેટલાક પ્રાણો, ભૂતો, જીવો અને સત્ત્વો એકાંત સુખરૂપ વેદનાને વેદેછે અને કદાચિત્ દુઃખને વેદે છે, વળી, કેટલાક પ્રાણો, ભૂતો, જીવો અને સત્ત્વો વિવિધ પ્રકારે વેદનાને વેદે છે એટલે છે કદાચિત્ સુખને અને કદાચિત્ દુઃખને વેદે છે. હે ભગવન્ ! તે શા હેતુથી ? હે ગૌતમ ! નૈરયિકો એકાંત દુઃખરૂપ વેદનાને વેદે છે, અને કદાચિત્ સુખને વેદે છે, ભવનપતિઓ, વાનવ્યંતરો, જ્યોતિષ્કો અને વૈમાનિકો એકાંત સુખરૂપ વેદનાને વેદે છે અને કદાચિત્ દુઃખને વેદે છે. પૃથિવીકાયથી માંડી યાવત્ મનુષ્યો સુધીના જીવો કદાચિત્ સુખને અને કદાચિત્ દુઃખને વેદે છે, તે હેતુથી પૂર્વ પ્રમાણે કહ્યું છે.

[૩૨૩] હે ભગવન્ ! નૈરયિકો આત્મ દ્વારા ગ્રહણ કરી જે પુદ્ગલોને આહરે છે તે શું આત્મશરીરક્ષેત્રાવગાઢ પુદ્ગલોને આત્મદ્વારા ગ્રહણ કરી આહરેછે ? કે અનંત-રક્ષેત્રાવગાઢ પુદ્ગલોને આત્મદ્વારા ગ્રહણ કરી આહરેછે?કે પરંપર ક્ષેત્રાવગાઢ પુદ્ગલોને આત્મદ્વારા ગ્રહણ કરી આહરેછે ? હે ગૌતમ ! આત્મશરીર ક્ષેત્રાવગાઢ પુદ્ગલોને આત્મદ્વારા ગ્રહણ કરીઆહરે છે અને અનંતરક્ષેત્રાવગાઢ પુદ્ગલોને આત્મ દ્વારા ગ્રહણ કરી આહરતા નથી, તેમજ પરંપર ક્ષેત્રાવગાઢ પુદ્ગલોને આત્મદ્વારા ગ્રહણ કરી આહરતા નથી. જેમ 'નૈરયિકોનું કહ્યું યાવત્ વૈમાનિક સુધી દંડક કહેવો.

[૩૨૪-૩૨૬] હે ભગવન્ ! કેવલિઓ ઇંદ્રિયદ્વારા જાણે ? જૂએ ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! તે શા હેતુથી ? હે ગૌતમ ! કેવલી પૂર્વમાં મિતને પણ જાણે અને અમિતને પણ જાણે યાવત્ કેવલિનું દર્શન નિર્વૃત્ત છે, તે હેતુથી એમછે. જીવોનું સુખ દુઃખ, જીવ, જીવનું પ્રાણધારણ. તેમજ ભવ્યો, એકાંત દુઃખવેદના, આત્મદ્વારા પુદ્ગ-લોનું ગ્રહણ અને કેવલી (આટલા વિષય સંબંધે આ દશમ ઉદ્દેશામાં વિચાર કર્યો છે.) હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, હે ભગવન્ ! તે એ પ્રમાણે છે. એમ કહી યાવત્ વિહરે છે.

**શતકઃ ૬ - ઉદ્દેસાઃ ૧૦ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

**શતકઃ ૬ - ગુર્જરછાયા પૂર્ણ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## શતક:૭

### :-ઉદ્દેસો-૧:-

[૩૨૭] આહાર, વિરતિ, સ્થાવર, જીવ, પક્ષી, આયુષ, અનગાર, છદ્મસ્થ, અસંવૃત, અને અન્યતીર્થિક એ સબન્ધે સાતમા શતકમાં દશ ઉદ્દેશકો છે.

[૩૨૮] તે કાલે તે સમયે યાવત્ બોલ્યા હે ભગવન્ ! જીવ (પરભવમાં જતાં) કયે સમયે અનાહારક હોય ? હે ગૌતમ ! પ્રથમ સમયે જીવ કદાચ આહારક હોય અને કદાચ અનાહારક હોય, બીજે સમયે કદાચ આહારક હોય ને કદાચ અનાહારક હોય, ત્રીજે સમયે કદાચ આહારક હોય અને કદાચ અનાહારક હોય, પરન્તુ ચોથે સમયે અવશ્ય આહારક હોય, એ પ્રમાણે દંડક કહેવા. સામાન્ય જીવો અને એકેન્દ્રિયો ચોથે સમયે આહારક હોય છે, અને બાકીના જીવો ત્રીજે સમયે આહારક હોય છે. હે ભગવન્ ! જીવ કયે સમયે સૌથી અલ્પ આહારવાળો હોય છે ? હે ગૌતમ ! ઉત્પન્ન થતાં પ્રથમ સમયે અને ભવને છેલ્લે સમયે; આ સમયે જીવ સૌથી અલ્પ આહારવાળો હોય છે. એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું

[૩૨૯] હે ભગવન્ ! લોકનું સંસ્થાન કેવા પ્રકારે કહ્યું છે ? હે ગૌતમ ! લોક સુપ્રતિષ્ઠક શરાવના આકાર જેવો કહેલો છે. તે નીચે વિસ્તીર્ણ- યાવત્ ઉપર ઊર્ધ્વ મૃદંગના આકારે સંસ્થિત છે. તે શાશ્વત લોકમાં ઉત્પન્ન થયેલા જ્ઞાન અને દર્શનને ધારણ કરનાર અરિહંત જિન કેવલજ્ઞાની જીવોને પણ જાણે છે અને જૂએ છે, અજીવોને પણ જાણે છે અને જૂએ છે, ત્યારપછી સિદ્ધ થાય છે, યાવત્ (સર્વ દુઃખોનો) અંત કરે છે.

[૩૩૦] હે ભગવન્ ! શ્રમણના ઉપાશ્રયમાં રહીને સામાયિક કરનાર શ્રમણોપાસકને શું ઐર્યાપથિકી ક્રિયા લાગે કે સાંપરાયિકી ક્રિયા લાગે ? હે ગૌતમ ! ઐર્યાપથિકી ક્રિયા ન લાગે, પણ સામ્પરાયકી ક્રિયા લાગે. હે ભગવન્ ! શા હેતુથી એમ કહ્યું ? હે ગૌતમ ! શ્રમણના ઉપાશ્રયમાં રહી સામાયિક કરનાર શ્રાવકનો આત્મા અધિકરણ યુક્ત છે, તેથી તેને આત્માના અધિકરણ નિમિત્તે ઐર્યાપથિકી ક્રિયા ન લાગે, પણ સાંપરાયિકી ક્રિયા લાગે, તે હેતુથી યાવત્ સાંપરાયિકી ક્રિયા લાગે છે.

[૩૩૧] હે ભગવન્ ! જે શ્રમણોપાસકને પૂર્વે ત્રસજીવોના વધનું પ્રત્યાખ્યાન હોય અને પૃથ્વીકાયના વધનું પ્રત્યાખ્યાન ન હોય, તે પૃથ્વીને ખોદતા જો કોઈ ત્રસ જીવની હિંસા કરે તો હે ભગવન્ ! તેને તે વ્રતમાં અતિચાર લાગે ? હે ગૌતમ ! એ અર્થ યોગ્ય નથી. કારણ કે તે (શ્રાવક) તેનો વધ કરવા પ્રવૃત્તિ કરતો નથી. હે ભગવન્ ! શ્રમણોપાસકે પૂર્વે વનસ્પતિના વધનું પ્રત્યાખ્યાન કર્યું હોય, તે પૃથિવીને ખોદતા કોઈ એક વૃક્ષના મૂળને છેદી નાંખે તો તેને તે વ્રતનો અતિચાર લાગે ? હે ગૌતમ ! એ અર્થ યોગ્ય નથી.

[૩૩૨] એ ભગવન્ ! તેવા પ્રકારનાશ્રમણ યા બ્રાહ્મણને પ્રાસુક અને એષણીય અશન, પાન, સ્વાદિમ અને ખાદિમ આહારવડે પ્રતિલાભતા- શ્રમણોપાસકને શો લાભ થાય ? હે ગૌતમ ! તેવા પ્રકારના શ્રમણ યા બ્રાહ્મણને યાવત્ પ્રતિલાભતો શ્રમણોપાસક તેવા પ્રકારના શ્રમણ યા બ્રાહ્મણને સમાધિ ઉત્પન્ન કરે છે, અને સમાધિ કરનાર (શ્રાવક) તે સમાધિને પ્રાપ્ત કરે છે. હે ભગવન્ ! તથારૂપ શ્રમણને યાવત્ પ્રતિલાભતો શ્રમણોપાસક શેનો ત્યાગ કરે ? હે ગૌતમ ! જીવિતનો (જીવનનિર્વાહના કારણભૂત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અન્નાદિનો) ત્યાગ કરે, દુસ્ત્યજ વસ્તુનો ત્યાગ કરે, બોધિ સમ્યગ્દર્શનનો અનુભવ કરે, ત્યારપછી સિદ્ધ થાય, યાવત્ (સર્વ દુઃખનો) અંત કરે.

[૩૩૩] હે ભગવન્ ! કર્મરહિત જીવની ગતિ સ્વીકારાય ? હે ગૌતમ ! હા, સ્વીકારાય, હે ભગવન્ ! કર્મરહિત જીવની ગતિ કેવી રીતે સ્વીકારાય ? હે ગૌતમ ! નિઃસંગપણાથી, નીરાગપણાથી, ગતિના પરિણામથી, બંધનનો છેદ થવાથી,-કર્મરૂપ ઈન્ધનથીમુક્ત થવાથી અને પૂર્વપ્રયોગથી કર્મરહિત જીવની ગતિ સ્વીકારાય છે. હે ભગવન્ ! નિઃસંગપણાથી, નીરાગપણાથી અને ગતિના પરિણામથી કર્મરહિત જીવની ગતિ શી રીતે સ્વીકારાય ? હે ગૌતમ ! જેમ કોઈ એક પુરુષ છિદ્ર વિનાના, નહિ ભાંગેલા સુકા તુંબડાને ક્રમપૂર્વક અત્યંત સંસ્કાર કરીને ડાભ અને કુશ વડે વીંટે, ત્યારપછી તેને માટીના આઠ લેથી લીંપે, લીંપીને તાપમાં સુકવે, જ્યારે તે તુંબડું અત્યંત સુકાય ત્યારે તાગ વિનાના અને ન તરી શકાય તેવા પુરુષપ્રમાણથી અધિક પાણીમાં તેને નાંખે, હે ગૌતમ ! ખરેખર તે તુંબડું માટીના આઠ લેપ વડે ભારે થવાથી અને અધિક વજનવાળું હોવાથી પાણીના ઉપરના તળીઆને છોડી નીચે પૃથિવીને તળીએ જઈ બેસે ? હા બેસે. હવે તે માટીના આઠ લેપનો ક્ષય થાય ત્યારે તે તુંબડું પૃથિવીના તળને છોડી પાણીના તળ ઉપર આવીને રહે ? હા, રહે. એ પ્રમાણે હે ગૌતમ ! નિઃસંગપણાથી, નીરાગપણાથી અને ગતિના પરિણામથી કર્મરહિત જીવની ગતિ સ્વીકારાય છે.

હે ભગવન્ ! બંધનનો છેદ થવાથી કર્મરહિત જીવની ગતિ શી રીતે સ્વીકારાય ? હે ગૌતમ ! જેમ કોઈ એક વટાણાની શિંગ, મગની શિંગ, અડદની શિંગ, સિંબલીની શિંગ અને એરંડાનું ફલ તડકે મૂક્યા હોય અને સુકાય ત્યારે તે ફુટીને પૃથિવીની એક બાજુએ જાય; એ પ્રમાણે બંધનનો છેદ થવાથી કર્મરહિત જીવની ગતિ સ્વીકારાય છે. હે ભગવન્ ! નિરિંધન થવાથી કર્મરહિત જીવની ગતિ શી રીતે સ્વીકારાય ? હે ગૌતમ ! ઈન્ધનથી મુક્ત થવાથી કર્મરહિત જીવની ગતિ પ્રવર્તે છે. હે ભગવન્ ! પૂર્વના પ્રયોગથી કર્મરહિત જીવની ગતિ શી રીતે સ્વીકારાય ? હે ગૌતમ ! જેમ કોઈ એક ધનુષથી છૂટેલા બાણની ગતિ પ્રતિબન્ધ શિવાય લક્ષ્યના સન્મુખ પ્રવર્તે છે, તેમ હે ગૌતમ ! પૂર્વપ્રયોગથી કર્મરહિત જીવની ગતિ સ્વીકારાય છે, હે ગૌતમ ! એ પ્રમાણેનિઃસંગતાથી, નીરાગતાથી, યાવત્ પૂર્વપ્રયોગથી કર્મરહિત જીવની ગતિ સ્વીકારાય છે.

[૩૩૪] હે ભગવન્ ! દુઃખી જીવ દુઃખથી વ્યાપ્ત બદ્ધ હોય કે અદુઃખી - દુઃખરહિત જીવ દુઃખથી વ્યાપ્ત હોય ? હે ગૌતમ ! દુઃખી જીવ દુઃખથી વ્યાપ્ત હોય, પણ દુઃખરહિત જીવ દુઃખથી વ્યાપ્ત ન હોય. હે ભગવન્ ! દુઃખી નારક દુઃખથી વ્યાપ્ત હોય કે અદુઃખી નારક દુઃખથી વ્યાપ્ત હોય ? હે ગૌતમ ! દુઃખી નારક દુઃખથી વ્યાપ્ત હોય, પણ દુઃખરહિત નારક દુઃખથી વ્યાપ્ત ન હોય. એ પ્રમાણે યાવત્ વૈમાનિકને વિષે દંડક કહેવો. એ પ્રમાણે પાંચ દંડક જાણવા- દુઃખી દુઃખથી વ્યાપ્ત છે, દુઃખી દુઃખને ગ્રહણ કરે છે, દુઃખી દુઃખને ઉદીરે છે, દુઃખી દુઃખને વેદે છે, દુઃખી દુઃખની નિર્જરા કરે છે.

[૩૩૫] હે ભગવન્ ! ઉપયોગ સિવાય ગમન કરતા, ઉભા રહેતા, બેસતા અને સૂતા, તેમજ ઉપયોગ સિવાય વસ્ત્ર, પાત્ર, કામ્બલ અને પ્રાદપ્રોંચ્છનક (રજોહરણ) ને ગ્રહણ કરતા ને મુકતા અનગાર (સાધુ) ને હે ભગવન્ ! ઐર્યાપથિકી ક્રિયા લાગે કે સાંપરાયિકી ક્રિયા લાગે ? હે ગૌતમ ! ઐર્યાપથિકી ક્રિયા ન લાગે, પણ સાંપરાયિકી ક્રિયા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લાગે. હે ભગવન્ ! શા હેતુથી ? હે ગૌતમ ! જેના ક્રોધ, માન માયા અને લોભ વ્યુચ્છિન્ન-થયા છે તેને ઐર્યાપથિકી ક્રિયા લાગે છે, પણ સાંપરાયિકી ક્રિયા લાગતી નથી. જેના ક્રોધ, માન, માયા અને લોભ વ્યુચ્છિન્ન થયા નથી તેને સાંપરાયિકી ક્રિયા લાગે છે, પણ ઐય-પિથિકી ક્રિયા લાગતી નથી. સૂત્રને અનુસારે વર્ત્તતા સાધુને ઐર્યાપથિકી ક્રિયા લાગે છે, અને સૂત્રવિરુદ્ધ વર્તનારને સાંપરાયિકી ક્રિયા લાગે છે, તે ઉપયોગરહિત સાધુ સૂત્ર વિરુદ્ધ વર્તે છે તે માટે ક્રિયા લાગે છે.

[૩૩૬] હે ભગવન્ ! અંગારદોષસહિત અને ધૂમદોષસહિત સંયોજનાદોષવડે દુષ્ટ પાનભોજનનો શો અર્થ કહ્યો છે ? હે ગૌતમ ! કોઇ નિર્ગ્રન્થ-સાધુ યા સાધ્વી પ્રાસુક અને એષણીય અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ આહારને ગ્રહણ કરી મુચ્છિત, ગૃદ્ધ, ગ્રથિત અને આસક્ત થઈને આહાર કરે તો હે ગૌતમ ! એ અંગારદોષસહિત પાન-ભોજન કહેવાય. વળી જે જે કોઇ સાધુ યા સાધ્વી પ્રાસુક એષણીય અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ આહારને ગ્રહણ કરી અત્યંત અપ્રીતિપૂર્વક ક્રોધથી ખિન્ન થઈ આહાર કરે તો હે ગૌતમ ! એ ધૂમદોષસહિત પાનભોજન કહેવાય. કોઇ સાધુ યા સાધ્વી યાવત્ [આહારને] ગ્રહણ કરીને ગુણ (સ્વાદ) ઉત્પન્ન કરવા માટે બીજા પદાર્થ સાથે સંયોગ કરીને આહાર કરે તો હે ગૌતમ ! એ સંયોજનાદોષવડે દુષ્ટ પાનભોજન કહેવાય. હે ભગવન્ ! હવે અંગારદોષસહિત, ધૂમદોષરહિત અને સંયોજનાદોષ- રહિત પાન-ભોજનનો શો અર્થ કહ્યો છે ? હે ગૌતમ ! જે કોઇ નિર્ગ્રંથી યાવત્ (આહારને) ગ્રહણ કરી-ને મૂર્ચ્છારહિત યાવત્ આહાર કરે, તો હે ગૌતમ ! અંગાર- દોષરહિત પાનભોજન કહેવાય. વળી જે કોઇ નિર્ગ્રન્થ કે નિર્ગ્રંથી યાવત્ ગ્રહણ કરીને અત્યન્ત અપ્રીતિપૂર્વક યાવવત્ આહાર ન કરે, હે ગૌતમ ! એ ધૂમદોષરહિત પાન- ભોજન કહેવાય. જે કોઇ નિર્ગ્રન્થ કે નિર્ગ્રન્થી યાવત્ ગ્રહણ કરીને જેવો પ્રાપ્ત થાય તેવોજ આહાર કરે સંયોજના ન કરે.એ સંયોજનાદોષ રહિત પાનભોજન કહેવાય,

[૩૩૭] હે ભગવન્ ! હવે ક્ષેત્રાતિકાન્ત, કાલાતિક્રાન્ત, માર્ગાતિકાન્ત અને પ્રમાણાતિકાન્ત પાનભોજનનો શો અર્થ કહ્યો છે ? હે ગૌતમ !કોઇ સાધુ યા સાધ્વી ને એષણીય અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ આહારને સૂર્ય ઉગ્યા પહેલા ગ્રહણ કરી સૂર્ય ઉગ્યા પછી ખાય, હે ગૌતમ ! એ ક્ષેત્રાતિક્રાન્ત પાનભોજન કહેવાય. કોઇ સાધુ યા સાધ્વી યાવત્ સ્વાદિમ આહારને પહેલા પહોરમાં ગ્રહણ કરી છેલ્લા પહોર સુધી રાખી-ને પછી તેનો આહાર કરે, હે ગૌતમ ! આ કાલાતિક્રાન્ત પાનભોજન કહેવાય. કોઇ સાધુ યા સાધ્વી યાવત્ સ્વાદિમ આહારને ગ્રહણ કરીને અર્ધયોજનની મર્યાદાને ઓળંગી પછી ખાય, હે ગૌતમ ! એ માર્ગાતિકાન્ત પાનભોજન કહેવાય. કોઇ સાધુ કે સાધ્વી પ્રાસુક અને એષણીય યાવત્ સ્વાદિમ આહારને ગ્રહણ કરીને કુકડીના ઈંડા પ્રમાણ બત્રીશથી અધિક કવલ ખાય, હે ગૌતમ ! એ પ્રમાણાતિક્રાન્ત પાનભોજન કહેવાય, આઠકવલનો આહાર કરનાર સાધુ અલ્પાહારી કહેવાય. બાર કવલનો આહાર કરનાર સાધુને કાંઇક ન્યૂન અર્ધ ઊનોદરિકા કહેવાય.સોલ કોળીઆનો આહાર કરનાર સાધુ દ્વિભાગપ્રાપ્ત- કહેવાય.ચોવીસ કવલના આહાર કરનાર સાધુને ઊનોદરિકા કહેવાય. તેથી એક પણ કવલ ઓછો આહાર કરનાર સાધુ 'પ્રકામરસભોજી- ન કહી શકાય.

[૩૩૮] હે ભગવન્ ! શસ્ત્રાતીત શસ્ત્રપરિણ- મિત એષિત (એષણા દોષથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રહિત), વ્યેષિત સામુદાયિક-ભિક્ષારૂપ પાનભોજનનો શો અર્થ કહ્યો છે ? હે ગૌતમ ! કોઈ સાધુ યા સાધ્વી જે શસ્ત્ર અને મુશલાદિરહિત છે, તેમ પુષ્પમાલા અને ચન્દનના વિલેપન રહિત છે તેઓ કૃમ્યાદિ જન્તુ રહિત, નિર્જીવ, (સાધુને માટે) નહિ કરેલ, નહિ કરાવેલ, નહિ સંકલ્પેલ-આમન્ત્રણ રહિત, નહિ ખરીદેલ, ઔદ્દેશિક રહિત, નવકોટિ વિશુદ્ધ, સંકિતાદિ દશદોષ રહિત, ઉદ્ગમ અને ઉત્પાદનૈષણાના દોષથી વિશુદ્ધ, અંગારદોષરહિત, ધૂમદોષ- રહિત, સંયોજનાદોષરહિત, સુરસુરકે ચપચપ શબ્દ રહિતપણે, બહુ ઉતાવળથી નહિ તેમ બહુ ધીમેથી નહિ, (આહારના) કોઈ ભાગને છોડ્યા સિવાય, ગાડાની ધરીના મેલની પેઠે કે વ્રણ ઉપરના લેપની પેઠે, કેવળ સંયમના નિર્વાહને માટે, સંયમના ભારને વહન કરવા અર્થે જેમ સાપ બિલમાં પેસે તેમ પોતે આહાર કરે, હે ગૌતમ ! એ શસ્ત્રાતીત, યાવત્ પાનભોજનનો અર્થ કહ્યો છે. હે ભગવન્ ! તે એમજ છે, હે ભગવન્ ! તે એમજ છે, એમ કહી ગૌતમ ! યાવત્ વિચરે છે.

**[શતક : ૭ - ઉદ્દેસા : ૧ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ]**

**-: ઉદ્દેશક ૨ :-**

[૩૩૯] હે ભગવન્ ! સર્વ પ્રાણોમાં, સર્વ ભૂતોમાં જીવોમાં અને સર્વ સત્ત્વોમાં મેં (હિંસાનું) પ્રત્યાખ્યાન કર્યું છે' એ પ્રમાણે બોલનારને સુપ્રત્યાખ્યાન થાય કે દુષ્પ્રત્યા-ખ્યાન થાય ? હે ગૌતમ ! એ પ્રમાણે બોલનારને કદાચ સુપ્રત્યાખ્યાન થાય અને કદાચ દુષ્પ્રત્યાખ્યાન થાય. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો હે ગૌતમ ! સર્વ પ્રાણોમાં યાવત્ સર્વ સત્ત્વોમાં પ્રત્યાખ્યાન કર્યું છે એ પ્રમાણે બોલનાર જેને આવા પ્રકારનું જ્ઞાન ન હોય કે "આ જીવો છે, આ અજીવો છે, આ ત્રસો છે, આ સ્થાવરો છે" તેને-સુપ્રત્યાખ્યાન ન થાય, પણ દુષ્પ્રત્યાખ્યાન થાય. એ રીતે ખરેખર તે દુષ્પ્રત્યાખ્યાની 'સર્વ પ્રાણિઓમાં યાવત્ સર્વ સત્ત્વોમાં પ્રત્યાખ્યાન કર્યું છે' એમ બોલતો સત્ય ભાષા બોલતો નથી, અસત્ય ભાષા બોલે છે. એ પ્રમાણે તે મૃષાવાદી સર્વ પ્રાણોમાં યાવત્ સર્વ સત્ત્વોમાં ત્રિવિધત્રિવિધે અસંયત-અવિરત-જેણે પાપકર્મનો ત્યાગ કે પ્રત્યાખ્યાન કર્યું નથી એવો, સક્રિય-કર્મબન્ધ- સહિત, સંવરરિહત, એકાન્ત દણ્ડ એટલે હિંસા કરનાર અને એકાન્ત અજ્ઞ છે. સર્વ પ્રાણોમાં યાવત્ 'સર્વ સત્ત્વોમાં પ્રત્યાખ્યાન કર્યું છે' એ પ્રમાણે બોલનાર જેને આવું જ્ઞાન થયું હોય કે "આ જીવો છે, અજીવો છે, આ ત્રસો છે, આ સ્થાવરો છે," - તેને 'સર્વ પ્રાણોમાં યાવત્ સર્વ સત્ત્વોમાં પ્રત્યાખ્યાન કર્યું છે' એ પ્રમાણે બોલનારને-સુપ્રત્યાખ્યાન થાય, દુષ્પ્રત્યાખ્યાન ન થાય. એ પ્રમાણે ખરેખર તે સુપ્રત્યાખ્યાની 'સર્વ પ્રાણોમાં યાવત્ સર્વ સત્ત્વોમાં પ્રત્યાખ્યાન કર્યું છે.' એમ બોલતો સત્ય ભાષા બોલે છે, મૃષા ભાષા બોલતો નથી. એ રીતે તે સુપ્રત્યાખ્યાની, સત્યભાષી, સર્વ પ્રાણોમાં યાવત્ સર્વ સત્ત્વોમાં ત્રિવિધે ત્રિવિધે સંયત, વિરતિ યુક્ત, જેણે પાપકર્મનો ઘાત ને પ્રત્યાખ્યાન કર્યું છે એવો, અક્રિય-કર્મબંધરહિત, સંવરયુક્ત એકાન્ત પંડિત પણ છે. હે ગૌતમ ! તે હેતુથી એમ કહેવાય છે

[૩૪૦] હે ભગવન્ ! કેટલા પ્રકારે પચ્ચક્ખાણ કહ્યું છે ? હે ગૌતમ ! બે પ્રકારે પચ્ચક્ખાણ કહ્યું છે. મૂલગુણપચ્ચક્ખાણ અને ઉત્તરગુણપચ્ચક્ખાણ. હે ભગવન્ ! મૂલગુણપચ્ચક્ખાણ કેટલા પ્રકારનું કહ્યું છે ? હે ગૌતમ ! બે પ્રકારનું કહ્યું છે, સર્વમૂલ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગુણપ્રત્યાખ્યાન અને દેશમૂળગુણપ્રત્યાખ્યાન. હે ભગવન્ ! સર્વમૂલગુણ પ્રત્યાખ્યાન કેટલા પ્રકારે કહ્યું છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારે કહ્યું છે; -સર્વ પ્રાણાતિપાતથી વિરામ પામવો, યાવત્ સર્વ પરિગ્રહથી વિરામ પામવો. હે ભગવન્ ! દેશમૂલગુણપ્રત્યાખ્યાન કેટલા પ્રકારે કહ્યું છે ? પાંચ પ્રકારે છે. સ્થૂળ પ્રાણાતિપાત વિરમણ યાવત્ સ્થૂળ પરિગ્રહ વિરમણ. હે ભગવન્ ! ઉત્તરગુણપ્રત્યાખ્યાન કેટલા પ્રકારે કહ્યું છે ? હે ગૌતમ ! બે પ્રકારે કહ્યું છે; સર્વોત્તરગુણપ્રત્યાખ્યાન અને દેશોત્તરગુણપ્રત્યાખ્યાન. હે ભગવન્ ! સર્વોત્તર-ગુણ- પ્રત્યાખ્યાન કેટલા પ્રકારે કહ્યું છે ? હે ગૌતમ ! દશ પ્રકારે કહ્યું છે; તે આ પ્રમાણે

[૩૪૧] અનાગત, અતિક્રાન્ત, કોટિસહિત, નિયંત્રિત, સાકાર, અનાકાર, કૃત-પરિમાણ, નિરવશેષ, સંકેત, અદ્ધા પ્રત્યાખ્યાન; એ રીતે પ્રત્યાખ્યાન દશ પ્રકારે કહ્યું છે. હે ભગવન્ ! દેસોત્તરગુણપ્રત્યાખ્યાન કેટલા પ્રકારે કહ્યું છે ? હે ગૌતમ ! દેસોત્તર-ગુણપ્રત્યાખ્યાન સાત પ્રકારે કહ્યું છે, તે આ પ્રમાણે- દિગ્વ્રત, ઉપભોગપરિભોગ-પરિમાણ, અનર્થદંડવિરમણ, સામાયિક, દેશાવકાશિક, પોષધોપવાસ, અતિથિસંવિ-ભાગ ને અપશ્ચિમમારણાન્તિક-સંલેખણાજોષણાઆરાધના.

[૩૪૩] હે ભગવન્ ! જીવો શું મૂલગુણપ્રત્યાખ્યાની, ઉત્તરગુણ- પ્રત્યાખ્યાની કે અપ્રત્યાખ્યાની છે ? હે ગૌતમ ! જીવો તે ત્રણે છે. હે ભગવન્ ! નારક જીવો શું મૂલગુણ-પ્રત્યાખ્યાની છે ? ઇત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! નારકો મૂલગુણપ્રત્યાખ્યાની નથી, ઉત્તર-ગુણપ્રત્યાખ્યાની નથી, પણ અપ્રત્યાખ્યાની છે, એ પ્રમાણે યાવત્ ચઉરિન્દ્રિય જીવો જાણવા. પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યો જેમ જીવો કહ્યા તેમ જાણવા. વાનમંતર, જ્યો-તિષ્ક અને વૈમાનિક દેવો જેમ નારકો કહ્યા તેમ જાણવા. હે ભગવન્ ! મૂલગુણ- પ્રત્યા-ખ્યાની, ઉત્તરગુણપ્રત્યાખ્યાની, જીવોમાં અલ્પબહુત્વ કઈ રીતે ? મૂલગુણ પ્રત્યાખ્યાની સૌથી થોડા છે. ઉત્તરગુણ પ્રત્યાખ્યાની અસંખ્યગુણ છે. અને અપ્રત્યાખ્યાની અનંતગુણ છે.

હે ભગવન્ ! એ (પૂર્વે કહેલા) જીવોમાં પંચેન્દ્રિય તિર્યંચ જીવોનો પ્રશ્ન. હે ગૌતમ ! મૂલગુણપ્રત્યાખ્યાની પંચેન્દ્રિય તિર્યંચ જીવો સર્વથી થોડા છે, ઉત્તરગુણપ્રત્યાખ્યાની અસંખ્યગુણ છે, અને અપ્રત્યાખ્યાની અસંખ્યગુણ છે. હે ભગવન્ ! જીવોમાં મૂલગુણ-પ્રત્યાખ્યાની વગેરે મનુષ્યોનો પ્રશ્ન. હે ગૌતમ ! મૂલગુણપ્રત્યાખ્યાનીમનુષ્યો સર્વથી થોડા છે, ઉત્તરગુણપ્રત્યાખ્યાનની મનુષ્યો સંખ્યાતગુણ છે, અને અપ્રત્યાખ્યાની મનુષ્યો અસંખ્યગુણ છે. હે ભગવન્ ! શું જીવો સર્વમૂલગુણપ્રત્યાખ્યાની છે, દેશમૂલ-ગુણપ્રત્યાખ્યાની છે કે અપ્રત્યાખ્યાની છે ? હે ગૌતમ ! એ ત્રણે છે. નારકોનો પ્રશ્ન. હે ગૌતમ ! નારકો સર્વમૂલગુણપ્રત્યાખ્યાની નથી, દેશમૂલગુણપ્રત્યાખ્યાની નથી, પણ અપ્રત્યાખ્યાની છે. પંચેન્દ્રિય તિર્યંચ જીવોનો પ્રશ્ન. હે ગૌતમ ! પંચેન્દ્રિયતિર્યંચો સર્વમૂલગુણપ્રત્યાખ્યાની નથી, પણ દેશમૂલગુણપ્રત્યાખ્યાની છે અને અપ્રત્યાખ્યાની છે. જેમ જીવો કહ્યા તેમ મનુષ્યો જાણવા. જેમ નારકો કહ્યા તેમ વાનમંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકો જાણવા.

હે ભગવન્ ! સર્વમૂલગુણપ્રત્યાખ્યાની, દેશમૂલગુણપ્રત્યાખ્યાની અને અપ્રત્યા-ખ્યાની જીવોમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? હે ગૌતમ ! સર્વમૂલગુણ-પ્રત્યાખ્યાની જીવો સર્વથી થોડા છે, દેશમૂલગુણપ્રત્યાખ્યાની જીવો અસંખ્યગુણ છે,



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને અપ્રત્યાખ્યાની અનંતગુણ છે. એ પ્રમાણે ત્રણે (જીવ, પંચેન્દ્રિયતિર્યંચ અને મનુષ્યના) અલ્પબહુ ત્વ પૂર્વે કહ્યા પ્રમાણે જાણવા, પરંતુ સર્વથી થોડા પંચેન્દ્રિય તિર્યંચો દેશમૂલગુણપ્રત્યાખ્યાની છે, અને અપ્રત્યાખ્યાની પંચેન્દ્રિય તિર્યંચો અસંખ્યગુણ છે. હે ભગવન્ ! શું જીવો સર્વોત્તરગુણપ્રત્યાખ્યાની છે. દેશોત્તરગુણપ્રત્યાખ્યાની છે, કે અપ્રત્યાખ્યાની છે ? હે ગૌતમ ! જીવો ત્રણે પ્રકારના છે. પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યો એ પ્રમાણે છે. બાકીના વૈમાનિક સુધીના જીવો અપ્રત્યાખ્યાની છે. હે ભગવન્ ! સર્વોત્તરગુણ- પ્રત્યાખ્યાની, દેશોત્તરગુણપ્રત્યાખ્યાની અને અપ્રત્યાખ્યાની જીવોમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ત્રણે અલ્પબહુ કહ્યા પ્રમાણે યાવત્ મનુષ્યો જાણવા. હે ભગવન્ ! શું જીવો સંયત છે, અસંયત છે કે સંયતાસંયત (દેશ સંયત) છે ? હે ગૌતમ ! જીવો સંયત પણ છે, અસંયત પણ છે, અને સંયતાસંયત પણ છે-એ ત્રણે પ્રકારના છે. એ પ્રમાણે જેમ પન્નવણામાં કહ્યું છે તે પ્રમાણે યાવત્ વૈમાનિકોને વિશે કહેવું, તેમ અલ્પબહુત્વ પણ ત્રણેનું કહેવું. હે ભગવન્ ! શું જીવો પ્રત્યાખ્યાની છે, અપ્રત્યા-ખ્યાની છે, કે પ્રત્યાખ્યાનાપ્રત્યાખ્યાની ? હે ગૌતમ ! પ્રત્યાખ્યાની વિગેરે ત્રણે પ્રકારના છે. એ પ્રમાણે મનુષ્યો પણ ત્રણે પ્રકારના છે. પંચેન્દ્રિયતિર્યંચયોનિકો પ્રથમભંગરહિત છે. બાકીના વૈમાનિક સુધીના સર્વ જીવો અપ્રત્યાખ્યાની છે.

હે ભગવન્ ! પ્રત્યાખ્યાની વિગેરે જીવોમાં યાવત્ કોણ વિશેષાધિક છે ? હે ગૌતમ ! પ્રત્યાખ્યાની જીવો સૌથી થોડા છે, પ્રત્યાખ્યાનાપ્રત્યાખ્યાની અસંખ્યગુણ છે, અને અપ્રત્યાખ્યાની અનંતગુણ છે. દેશપ્રત્યાખ્યાની પંચેન્દ્રિય તિર્યંચો સર્વથી થોડા છે. અને અપ્રત્યાખ્યાની અસંખ્યગુણ છે. પ્રત્યાખ્યાની મનુષ્યો સર્વથી થોડાછે દેશપ્રત્યા-ખ્યાની સંખ્યાતગુણ છે, અને અપ્રત્યાખ્યાની અસંખ્યગુણ છે.

JAINSITE જયતુ જિનશાસનમ્

[૩૪૪] હે ભગવન્ ! શું જીવો શાશ્વત છે કે અશાશ્વત છે ? હે ગૌતમ ! જીવો કથંચિત્ શાશ્વત છે અને કથંચિત્ અશાશ્વત છે. હે ભગવન્ ! એ પ્રમાણે શા હેતુથી કહો છો ? દ્રવ્યની અપેક્ષાએ જીવો શાશ્વત છે, અને પર્યાયની અપેક્ષાએ જીવો અશાશ્વત છે; તે હેતુથી એમ કહું છું હે ભગવન્ ! શું નારકો શાશ્વત છે કે અશાશ્વત છે ? જેમ જીવો કહ્યા તેમ નારકો પણ જાણવા. એ પ્રમાણે યાવત્ વૈમાનિકો પણ જાણવા; હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, એમ કહી ગૌતમ યાવત્ વિચરે છે.

**શતકઃ ૭-ઉદ્દેસાઃ ૨ નીમુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## -: ઉદ્દેશક ૩ :-

[૩૪૫] હે ભગવન્ ! વનસ્પતિકાયિકો કયા કાલે સૌથી અલ્પઆહારવાળા હોય છે અને કયા કાલે સૌથી મહાઆહારવાળા હોય છે ? હે ગૌતમ !-શ્રાવણ ભાદરવા માસમાં, અને -આસો કારતકમાસમાં વનસ્પતિકાયિક જીવોસૌથી મહાઆહારવાળા હોયછે, ત્યારપછી શરદૃઋતુમાં, ત્યારપછી હેમંતઋતુમાં, ત્યારપછી વસંતઋતુમાં અને ત્યાર બાદ ગ્રીષ્મ ઋતુમાં અલ્પ આહારવાળા હોય છે. ગ્રીષ્મઋતુમાં સર્વથી અલ્પઆહાર વાળા હોયછે. હે ભગવન્ ! જો ગ્રીષ્મ ઋતુમાં વનસ્પતિકાયિક જીવો સૌથી અલ્પઆહારવાળા હોય તો તે ઘણા વનસ્પતિ- કાયિકો ગ્રીષ્મમાં પાંદડાવાળા, પુષ્પ-વાળા, ફલવાળા, લીલાછમ દીપતા, અને વનની શોભાવડે અત્યંત સુશોભિત કેમ હોય

છે ? હે ગૌતમ ! ગ્રીષ્મ ઋતુમાં ઘણા ઉષ્ણયોનિવાળા જીવો અને પુદ્ગલો વનસ્પતિ-કાયપણે ઉપજે છે, વિશેષ ઉપજે છે, વધે છે, વિશેષ વૃદ્ધિ પામે છે; એ કારણથી હે ગૌતમ ! ગ્રીષ્મઋતુમાં ઘણા વનસ્પતિકાયિકો પાંદડાવાળા, પુષ્પવાળા યાવત્ હોય છે.

[૩૪૬] હે ભગવન્ ! શું મૂલો મૂલના જીવથી કંદો કન્દના જીવથી વ્યાવત્ બીજો બીજના જીવથી વ્યાપ્ત હે ગૌતમ ! તેમજ છે, હે ભગવન્ ! તો વનસ્પતિકાયિક જીવો કેવી રીતે આહાર કરે. અને કેવી રીતે પરિણમાવે ? હે ગૌતમ ! મૂલો મૂલના જીવથી વ્યાપ્ત છે, અને તે પૃથિવીના જીવ સાથે સંબદ્ધ છે, માટે વનસ્પતિકાયિક જીવો આહાર કરે છે, એ પ્રમાણે યાવત્ બીજો બીજના જીવથી વ્યાપ્ત છે, અને તે ફલના જીવ સાથે સંબદ્ધ છે, માટે તે આહાર કરે છે, અને તેને પરિણમાવે છે.

[૩૪૭] હે ભગવન્ ! આલુ મૂળા, આદુ, હિરિલી, સિરિલિ, સિસ્સિ- રિલિ, કિટ્ટિકા, છિરિયા, છીરવિદારિકા, વજ્રકંદ, સૂરણંદ, ખેલુડા, આર્દભદ્રમોથ, પિંડહરિદ્રા, રોહિણી, હુથીહૂ, થિરુગા, મદ્ગપર્ણી, અશ્વકર્ણી, સિંહકર્ણી, સીહંઢી, મુસુંઢી અને તેવા પ્રકારની બીજી વનસ્પતિઓ શું અનન્ત જીવવાળી અને ભિન્ન ભિન્ન જીવવાળી છે ? હે ગૌતમ ! આલુ મૂળા યાવત્ અનન્ત જીવવાળી અને ભિન્ન ભિન્ન જીવવાળી છે.

[૩૪૮] હે ભગવન્ કદાચ કૃષ્ણલેશ્યાવાળો નારક અલ્પકર્મવાળો અને નીલ-લેશ્યાવાળો મહાકર્મવાળો હોય ? હા, ગૌતમ ! કદાચ હોય. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો હે ગૌતમ ! સ્થિતિની અપેક્ષાએ, તે હેતુથી હે ગૌતમ ! એમ કહેવાય છે કે તે યાવત્ મહાકર્મવાળો હોય. હે ભગવન્ ! કદાચ નીલલેશ્યાવાળો નારક અલ્પકર્મવાળો અને કપોતલેશ્યાવાળોનારક મહાકર્મવાળો હોય ? હા, ગૌતમ ! કદાચ હોય.હે ભગવન્ ! શા હેતુથી એ પ્રમાણે કહો છો ? હે ગૌતમ ! સ્થિતિની અપેક્ષાએ, તે હેતુથી હે ગૌતમ ! તે યાવત્ મહાકર્મવાળો હોય. એ પ્રમાણે અસુરકુમારોને વિષે પણ જાણવું, પરન્તુ તેઓને એક તેજોલેશ્યા અધિક હોય છે. એ પ્રમાણે વૈમાનિક દેવો પર્યન્ત જાણવુ. જેને જેટલી લેશ્યાઓ હોય તેને તેટલી કહેવી, પણ જ્યોતિષ્ક દેવોને ન કહેવું, યાવત્ હે ભગવન્ ! કદાચ પદ્મલેશ્યાવાળો વૈમાનિક અલ્પકર્મવાળો અને શુક્લલેશ્યાવાળો વૈમાનિક મહા-કર્મવાળો હોય ? હે ગૌતમ ! હા, કદાચ હોય. તે શા હેતુથી ? બાકીનું નારકને કહ્યું તેમ જાણવું, યાવત્ મહાકર્મવાળો હોય.

[૩૪૯] હે ભગવન્ ! ખરેખર જે વેદના તે નિર્જરા, અને જે નિર્જરા તે વેદના કહે-વાય ? હે ગૌતમ ! આ અર્થ યોગ્ય નથી. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! વેદના કર્મ છે, અને નિર્જરા નોકર્મ છે, તે હેતુથી યાવત્ તે વેદના ન કહેવાય. હે ભગવન્ ! શું નારકોને જે વેદના છે તે નિર્જરા કહેવાય, અને જે નિર્જરા છે તે વેદના કહેવાય ? હે ગૌતમ ! નારકોને વેદના છે તે કર્મ છે, અને નિર્જરા છે તે નો કર્મ છે, તે હેતુથી એમ કહું છું કે નિર્જરા તે વેદના ન કહેવાય. એ પ્રમાણે યાવત્ વૈમાનિકો જાણવા. હે ભગવન્ ! શું ખરેખર જે વેદ્યું તે નિર્જર્યું, અને જે નિર્જર્યું તે વેદ્યું ? હે ગૌતમ ! એ અર્થ યોગ્ય નથી હે ભગવન્ ! એમ શા હેતુથી કહેવાય છે ? હે ગૌતમ ! કર્મ વેદ્યુ અને નોકર્મ નિર્જર્યું; તે હેતુથી હે ભગવન્ ! નારકોએ જે વેદ્યું તે નિર્જર્યુ ? પૂર્વે કહ્યા પ્રમાણે નારકો પણ જાણવા, યાવત્ વૈમાનિકો પણ જાણવા. હે ભગવન્ ! શું ખરેખર જેને વેદે છે તેને નિર્જરે છે, અને જેને નિર્જ-રે છે તેને વેદે છે ? હે ગૌતમ ! એ અર્થ યોગ્ય નથી. હે ભગવન્ ! એમ શા હેતુથી કહેવાય છે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હે ગૌતમ ! કર્મને વેદે છે અને નોકર્મને નિર્જરે છે; તે હેતુથી એમ કહેવાય છે કે એ પ્રમાણે નારકો યાવત્ વૈમાનિકો જાણવા.

હે ભગવન્ ! શું જેને વેદશે તેને નિર્જરશે, અને જેને નિર્જરશે તેને વેદશે ? હે ગૌતમ ! એ અર્થ યોગ્ય નથી. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો કે યાવત્ તેને વેદશે નહિ ? હે ગૌતમ ! કર્મને વેદશે અને નોકર્મને નિર્જરશે, તે હેતુથી હે ભગવન્ ! શું જે વેદનાનો સમય છે તે નિર્જરાનો સમય છે, અને જે નિર્જરાનો સમય છે તે વેદનાનો સમય છે ? હે ગૌતમ ! એ અર્થ યોગ્ય નથી. હે ભગવન્ ! શા હેતુથી એમ કહેવાય છે ? હે ગૌતમ ! જે સમયે વેદે છે તે સમયે નિર્જરા કરતો નથી, જે સમયે નિર્જરા કરે છે તે સમયે વેદતો નથી, અન્ય સમયે વેદે છે, અન્ય સમયે નિર્જરા કરે છે, વેદનાનો સમય ભિન્ન છે અને નિર્જરાનો સમય ભિન્ન છે; તે હેતુથી યાવત્ વેદનાનો સમય છે તે નિર્જરાનો સમય નથી. હે ભગવન્ ! શું નારકોને જે વેદનાનો સમય છે, તે નિર્જરાનો સમય છે, અને નિર્જરાનો સમય છે તે વેદનાનો સમય છે ? હે ગૌતમ ! એ અર્થ યોગ્ય નથી. હે ભગવન્ ! એમ શા કારણથી કહો છો હે ગૌતમ ! નારકો જે સમયે વેદે છે તે સમયે નિર્જરા કરતા નથી, અને જે સમયે નિર્જરા કરે છે તે સમયે વેદતા નથી, અન્ય સમયે વેદે છે અને અન્ય સમયે નિર્જરા કરે છે, તેઓનો વેદનાનો સમય જૂદો છે, અને નિર્જરાનો સમય જૂદો છે; તે હેતુથી એમ કહ્યું. એ પ્રમાણે યાવત્ વૈમાનિકોને જાણવું.

[૩૫૦] હે ભગવન્ ! શું નારકો શાશ્વત છે કે અશાશ્વત છે ? હે ગૌતમ ! કથંચિત્ શાશ્વત છે, અને કથંચિત્ અશાશ્વત પણ છે ? હે ભગવન્ શા કારણથી એમ કહો છો ? હે ગૌતમ ! દ્રવ્યાર્થિકનય ની અપેક્ષાએ શાશ્વત છે, અને પર્યાયનયની અપેક્ષાએ અશાશ્વત છે; તે હેતુથી યાવત્ કથંચિત્ શાશ્વત છે અને કથંચિત્ અશાશ્વત છે. એ પ્રમાણે યાવત્ વૈમાનિકો જાણવ હે ભગવન્ ! તે એ પ્રમાણે છે. એમ કહી ગૌતમ યાવત્ વિચરે છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ જયતિ શાસનમ

**[શતક : ૭ - ઉદ્દેસા : ૩ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ]**

## -: ઉદ્દેશક ૪ :-

[૩૫૧-૩૫૨] રાજગૃહ નગરમાં (ગૌતમ) યાવત્ એ પ્રમાણે બોલ્યા-હે ભગવન્ ! સંસારી જીવો કેટલા પ્રકારના કહ્યા છે ? હે ગૌતમ ! છ પ્રકારના કહ્યા છે, તે આ પ્રમાણે-પૃથિવીકાયિક વિગેરે. એ પ્રમાણે જેમ જીવાભિગમસૂત્રમાં કહ્યું છે તેમ સમ્યકત્વક્રિયા અને મિથ્યાત્વક્રિયા સુધી અહીં જાણવું. જીવોના છ પ્રકાર, પૃથિવીના છ પ્રકાર, પૃથિવીના ભેદોની સ્થિતિ-આયુષ, ભવસ્થિતિ, સામાન્યકાયસ્થિતિ નિર્લેપના-ખાલી થવાનો કાળ, અનગાર સંબંધી હકીકત, સમ્યકત્વક્રિયા અને મિથ્યાત્વક્રિયા. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, તે એ પ્રમાણે છે એમ કહી ગૌતમ યાવત્ વિચરે છે.

**શતક : ૭ - ઉદ્દેસા : ૪ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## -: ઉદ્દેશક ૫ :-

[૩૫૩-૩૫૪] રાજગૃહ નગરમાં (ગૌતમ) યાવત્ એ પ્રમાણે બોલ્યા-હે ભગવન્ ! ખરેખર પંચેન્દ્રિય તિર્યંચોનો યોનિસંગ્રહ કેટલા પ્રકારે કહ્યો છે ? હે ગૌતમ ! તેઓનો યોનિસંગ્રહ ત્રણ પ્રકારે કહ્યા છે; તે આ પ્રમાણે-અંડજ, પોતજ અને સંમૂર્ચ્છિમ. જેમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીવાભિગમ સૂત્રમાં કહ્યું છે તે પ્રમાણે યાવત્ 'તે વિમાનોને ઉલ્લંઘી ન શકે. એટલા મોટા તે વિમાનો કહ્યા છે' ત્યાંસુધી સર્વ જાણવું. યોનિસંગ્રહ, લેશ્યા; દૃષ્ટિ જ્ઞાન, યોગ, ઉપયોગ, ઉપપાત- સ્થિતિ- સમુદ્ઘાત, ચ્યવન, જાતિકુલકોટી. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, તે એ પ્રમાણે છે, એમ કહી ગૌતમ વિચરે છે.

**શતક : ૭ - ઉદ્દેસા : ૬ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

**-: ઉદ્દેશક ૬ :-**

[૩૫૫] રાજગૃહ નગરમાં ગૌતમ યાવત્ એ પ્રમાણે બોલ્યા-હે ભગવન્ ! જે જીવ નારકને વિષે ઉત્પન્ન થવાને યોગ્ય છે, હે ભગવન્ ! તે જીવ શું આ ભવમાં રહીને નારકનું આયુષ બાંધે ? ત્યાં-નારકમાં ઉત્પન્ન થતો નારકનું આયુષ બાંધે ? કે ત્યાં ઉત્પન્ન થઈને નારકનું આયુષ બાંધે ? હે ગૌતમ ! આ ભવમાં રહીને નારકનું આયુષ બાંધે, પણ ત્યાં ઉત્પન્ન થતા નારકનું આયુષ ન બાંધે,અને ઉત્પન્ન થઈને પણ નારકનું આયુષ ન બાંધે, એ પ્રમાણે અસુરકુમારોમાં અને યાવત્ વૈમાનિકોમાં જાણવું. હે ભગવન્ ! જે જીવ નારકને વિષે ઉત્પન્ન થવાને યોગ્ય છે, હે ભગવન્ ! તે જીવ શું આ ભવમાં રહી નારકનું આયુષ વેદે, ત્યાં ઉત્પન્ન થતા નારકનું આયુષ વેદે, કે ત્યાં ઉત્પન્ન થઈને નારકનું આયુષ વેદે ? હે ગૌતમ ! આ ભવમાં રહી નારકનું આયુષન વેદે, પણ ઉત્પન્ન થતા અને ઉત્પન્ન થઈને નારકનું આયુષ વેદે. એ પ્રમાણે યાવત્ વૈમાનિકોમાં પણ જાણવું. હે ભગવન્ ! જે જીવ નારકમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, તે જીવ શું આ ભવમાં મહાવેદનાવાળો હોય, ત્યાં ઉત્પન્ન થતા મહાવેદનાવાળો હોય, કે ઉત્પન્ન થયા પછી મહાવેદનાવાળો હોય ? હે ગૌતમ ! કદાચ તે આ ભવમાં મહાવેદનાવાળો હોય કે કદાચ અલ્પવેદનાવાળો હોય; કદાચ ઉત્પન્ન થતા મહાવેદનાવાળો હોય કે કદાચ અલ્પવેદનાવાળો હોય, પણ ઉત્પન્ન થયા પછી એકાન્ત દુઃખરૂપ વેદનાને વેદે છે, અને કદાચિત્ સુખને વેદે છે.

હે ભગવન્ ! જો જીવો અસુરકુમારમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તે સંબન્ધી પ્રશ્ન. હે ગૌતમ ! તે કદાચ આ ભવમાં રહેલો મહાવેદનાવાળો હોય કે કદાચ અલ્પવેદનાવાળો હોય; ઉત્પન્ન થતા કદાચ મહાવેદનાવાળો હોય કે કકાચ અલ્પવેદનાવાળો હોય; પણ ઉત્પન્ન થયા પછી એકાન્ત સુખરૂપ વેદનાને વેદે છે, અને કદાચ દુઃખને વેદે છે. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમારને વિષે જાણવું. હે ભગવન્ જે જીવ પૃથિવીકાર્યમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તે સંબન્ધી પ્રશ્ન. હે ગૌતમ ! આ ભવમાં રહેલો તે કદાચ મહાવેદનાવાળો હોય કે કદાચ અલ્પવેદનાવાળો હોય, એ પ્રમાણે ઉત્પન્નથતાં પણ મહાવેદનાવાળો હોય કે અલ્પવેદનાવાળો હોય, પણ ઉત્પન્ન થાય પછી તે વિવિધ પ્રકારે વેદનાને વેદે છે. એ પ્રમાણે યાવત્ મનુષ્યોમાં જાણવું. જેમ અસુરકુમારોને વિષે કહ્યું તેમ વાનવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવો વિશે જાણવું.

[૩૫૬] હે ભગવન્ ! શું જીવો આભોગથી-આયુષનો બંધ કરે કે અનાભોગથી આયુષનો બંધ કરે ? હે ગૌતમ ! જીવો આભોગથી આયુષનો બન્ધ ન કરે, પણ અનાભોગથી બન્ધ કરે. એ પ્રમાણે નારકો પણ જાણવા, યાવત્ વૈમાનિકો જાણવા.

[૩૫૭] હે ભગવન્ ! શું એમ છે કે જીવોને કર્કશવેદનીય- બંધાય છે ? હા, ગૌતમ ! એમ છે. હે ભગવન્ ! જીવને કર્કશવેદનીય કર્મ કેમ બંધાય ? હે ગૌતમ ! પ્રાણાતિપાત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યાવત્ મિથ્યાદર્શનશલ્યથી. હે ભગવન્ ! શું એમ છે કે નારકોને કર્કશવેદનીય કર્મો બંધાય ? હે ગૌતમ ! પૂર્વે કહ્યા પ્રમાણે યાવત્ વૈમાનિકોને જાણવું. હે ભગવન્ ! શું એમ છે કે જીવોને અકર્કશવેદનીય- કર્મો બંધાય ? હા, ગૌતમ ! એમ છે. હે ભગવન્ ! જીવોને અકર્કશવેદનીય કર્મો કેમ બંધાય ? હે ગૌતમ ! પ્રાણાતિપાતવિરમણથી, યાવત્ પરિ-ગ્રહવિરમણથી; ક્રોધનો યાવત્ મિથ્યાદર્શનશલ્યનો ત્યાગ કરવાથી, હે ભગવન્ ! શું નારકોને અકર્કશવેદનીય કર્મો બંધાય ? હે ગૌતમ ! એ અર્થ યોગ્ય નથી. એ પ્રમાણે યાવત્ વૈમાનિકોને જાણવું. પરંતુ મનુષ્યોને જેમ જીવોને કહ્યું તેમ જાણવું.

[૩૫૮] હે ભગવન્!શું એમ છે કે જીવોને સાતાવેદનીય કર્મ બંધાય?હા, ગૌતમ ! એમ છે. હે ભગવન્ ! જીવોને સાતાવાદેનીય કર્મ કેમ બંધાય ? હે ગૌતમ ! પ્રાણોને વિષે અનુકંપાથી, ભૂતોને અનુકંપાથી, જીવોને વિષે અનુકંપાથી, સત્ત્વોને વિષે અનુકંપાથી, ઘણા પ્રાણોને યાવત્ સત્ત્વોને દુઃખ ન દેવાથી, શોક નહિ ઉપજાવવાથી, ખેદ નહિ ઉત્પન્ન કરવાથી, વેદના ન કરવાથી, નહિ મારવાથી તેમ પરિતાપ નહિ ઉપજાવવાથી.એ પ્રમાણે નારકોને યાવત્ વૈમાનિકોને જાણવું. હે ભગવન્ ! શું એમ છે કે જીવોને અસાતાવેદનીય કર્મો બંધાય ? હા, ગૌતમ ! એમ છે. હે ભગવન્ ! જીવોને અસાતા- વેદનીય કર્મ કેમ બંધાય ? હે ગૌતમ ! બીજાને દુઃખ દેવાથી, બીજાને શોક ઉપજાવવાથી, બીજાને ખેદ ઉત્પન્ન કરવાથી, બીજાને પીડા કરવાથી, બીજાને મારવાથી, બીજાને પરિતાપ ઉત્પન્ન કરવાથી, તેમ ઘણાં પ્રાણોને યાવત્ સત્ત્વોને દુઃખ દેવાથી, શોક ઉપજાવવાથી, યાવત્ પરિતાપ ઉત્પન્ન કરવાથી,એ પ્રમાણે નારકોને, યાવત્ વૈમાનિકોને જાણવું.

[૩૫૯] હે ભગવન્ ! જંબૂદ્વીપ નામે દ્વીપમાં ભારતવર્ષને વિષે આ અવસર્પિ-ણીમાં દુઃષમાદુઃષમા કાલ છઠ્ઠો આરો જ્યારે અત્યંત ઉત્કટ અવસ્થાને પ્રાપ્ત થશે ત્યારે ભારતવર્ષનો આકારભાવપ્રત્યાવતાર કેવા પ્રકારે થશે ? હે ગૌતમ ! હાહાભૂત ભંભા-ભૂત અને કોલાહલભૂત એવો કાલ થશે. કાળના પ્રભાવથી ઘણા કઠોર, ધૂળથી મેલા, અસહ્ય, અનુચિત અને ભયંકર વાયુ, તેમજ સંતર્વક વાયુ વાશે. આ કાળે વારંવાર ચારે બાજૂએ ધૂળ ઉડતી હોવાથી રજથી મલિન અને અંધકારવડે પ્રકાશરહિત દિશાઓ ધુમાડા જેવી ઝાંખી દેખાશે. કાલની રુક્ષતાથી ચન્દ્રો અધિક શીતતા આપશે અને સૂર્યો અત્યંત તપશે. વળી વારંવાર ઘણાખરાબરસવાળા, વિરુદ્ધરસવાળા ખારા, ખાતરસ-માન પાણિવાળા, અગ્નિની પેઠે દાહકપાણિવાળા, વિજળીયુક્ત, અશનિમેઘ-વિષમેઘો વ્યાધિ, રોગ અને વેદના ઉત્પન્ન કરનાર પાણિવાળા, મનને ન રુચે તેવા પાણિવાળા મેઘો તીક્ષ્ણ ધારાના પડવા વડે પુષ્કળ વરસશે, જેથી ભારત વર્ષમાં ગ્રામ, આકર, નગર, ખેટ, કર્બટ મડંબ, દ્રોણમુખ, પટ્ટન અને આશ્રમમાં રહેલ મનુષ્યો, ચોપગા-ગાયો ઘેટા અને આકાશમાં ગમન કરતા પક્ષિઓના ટોળાઓ; તેમજ ગામ અને અરણ્યમાં ચાલતા ત્રસ જીવો તથા બહુ પ્રકારના વૃક્ષો, ગુલ્મો, લતાઓ, વેલડીઓ, ઘાસ, પર્વગો-શેરડી વગેરે, ધરો વગેરે, ઓષધી-શાલિ વગેરે, પ્રવાલો ને અંકુરાદિ તૃણવનસ્પતિઓ નાશ પામશે. વૈતાઢ્ય સિવાય પર્વતો, ગિરિઓ ડુંગરો, ધૂળના ઉંચા સ્થળો, રજ વિનાની ભૂમિઓ નાશ પામશે. ગંગા અને સિન્ધુ નદી સિવાય પાણીના ઝરાઓ, ખાડાઓ, દુર્ગમ અને વિષમ ભૂમિમાં રહેલા ઉંચા અને નીચા સ્થળો સરખા થશે. હે ભગવન્ ! (તે કાળે) ભારતવર્ષની ભૂમિનો કેવો આકારભાવપ્રત્યવતાર થશે ? હે ગૌતમ ! તે કાળે એ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અંગાર જેવી, મુર્મુર- જેવી, ભસ્મીભૂત, તપી ગયેલા કટાહગ જેવી, તાપવડે અગ્નિના સરખી, બહુધૂળવાળી બહુરજવાળી, બહુકીચડવાળી, બહુસેવાળવાળી, ઘણાકાદવ-વાળી, અને પૃથ્વી ઉપર રહેલા ઘણા પ્રાણિઓને ચાલવું મુશ્કેલ પડે એવી ભૂમિ થશે.

[૩૬૦] હે ભગવન્ ! તે કાળે ભારતવર્ષમાં મનુષ્યોનો કેવો આકારભાવ- પ્રત્ય-વતાર થશે ? હે ગૌતમ ! ખરાબ રૂપવાળા, ખરાબ વર્ણવાળા, દુર્ગંધવાળા, દુષ્ટ રસવાળા, ખરાબ સ્પર્શવાળા, અનિષ્ટ, અમનોજ્ઞ, હીનસ્વરવાળા, દીનસ્વરવાળા, અનિષ્ટસ્વર-વાળા, યાવત્ મનને ન ગમે તેવા સ્વરવાળા, જેના વચન અને જન્મ અગ્રાહ્ય છે એવા, નિર્લજ્જ, ફૂડ કપટ કલહ વધ બંધ અને વૈરમાં આસક્ત, મર્યાદાનું ઉલ્લંઘન કરવામાં મુખ્ય, અકાર્ય કરવામાં નિત્ય તત્પર, માતપિતાનો અવશ્ય કરવા યોગ્ય વિનયરહિત, બેડોળ રૂપવાળા, જેના નખ, કેશ, દાઢી, મૂછ ને રોમ વધેલા છે એવા, કાળા, અત્યંત કઠોર, શ્યામવર્ણવાળા, છૂટા કેશવાલા, ધોળા કેશવાળા, બહુ સ્નાયુથી બાંધેલ હોવાને લીધે દુર્દર્શનીય રૂપવાળા,જેઓના પ્રત્યેક અંગ વાંકા અને કરચલીઓથી વ્યાપ્ત છે એવા, જરાપરિણત વૃદ્ધપુરુષ જેવા, છુટા અને સડી ગયેલા દાંતની શ્રેણિવાળા, ઘટના જેવા ભયંકર મુખવાળા ભયંકર છે ઘાટાઅને મુખ જેઓના એવા વિષમ નેત્રવાળા, વાંકી નાસિકાવાળા, વાંકા અને કરચલીથી વિકૃત થયેલા, ભયંકર મુખવાળા, ખસ અને ખર-જથી વ્યાપ્ત, કઠણ અને તીક્ષ્ણ નખોવડે ખજવાળવાથી વિકૃત થયેલા, દરાજ એક જાતનો કોઢ અને સિદ્ધ કૃષ્ઠ વિશેષ, વાળા, ફાટી ગયેલ અને કઠોર ચામડીવાળા, વિચિત્ર-અંગવાળા, ઉષ્ટ્રાદિના જેવી ગતિવાળા, સાંધાના વિષમ બંધનવાળા, યોગ્યસ્થાને નહિ ગોઠવાયેલા છૂટા દેખાતા હાડકાવાળા, દુર્લભ, ખરાબસંઘયણવાળા, ખરાબપ્રમાણ-વાળા, ખરાબસંસ્થાનવાળા, ખરાબરૂપવાળા, ખરાબસ્થાન અને આસનવાળા ખરાબ-શય્યાવાળા, ખરાબભોજન- વાળા, જેઓનાં પ્રત્યેક અંગ અનેક વ્યાધિઓથી પીડિત છે એવા, સ્ખલનાયુક્ત વિહ્વલ- ગતિવાળા, ઉત્સાહરહિત સત્ત્વરહિત, વિકૃતચેષ્ટાવાળા, તેજરહિત, વારંવાર શીત, ઉષ્ણ તીક્ષ્ણ અને કઠોર પવનવડે વ્યાપ્ત, જેઓના અંગ ધૂળવડે મલિન અને રજવડે વ્યાપ્ત છે એવા, બહુ ક્રોધ, માન અને માયાવાળા, બહુ લોભ-વાળા, અશુભ દુઃખના ભાગી, પ્રાયઃ ધર્મસંજ્ઞા અને સમ્યકત્વથી ભ્રષ્ટ, ઉત્કૃષ્ટ એક હાથ પ્રમાણ શરીરવાળા, સોળ અને વીશ વરસના પરમઆયુષવાળા, પુત્ર-પૌત્રાદિ પરિ-વારમાં અતંયત સ્નેહવાળાબીજના જેવા, બીજમાત્ર એવા બહોંતેર કુટુંબો ગંગા, સિન્ધુ મહાનદીઓ અને વૈતાઢ્ય પર્વતનો આશ્રય કરીને બિલમાં રહેનારા થશે.

હે ભગવન્ ! તે મનુષ્યો કેવા પ્રકારનો આહાર કરશે ? હે ગૌતમ ! તે કાળે અને તે સમયે સ્થાન માર્ગપ્રમાણ વિસ્તારવાળી ગંગા અને સિન્ધુ એ મહાનદીઓ રથની ધરીને પેસવાના છિદ્ર જેટલા ભાગમાં પાણિને વહેશે, તે પાણિ ઘણાં માછલાં અને કાચબા વગે-રેથી ભરેલું, પણ તેમાં ઘણું પાણી નહિ હોય. ત્યારે તે મનુષ્યો સૂર્ય ઉગ્યા પછી એક મુહૂર્તની અંદર અને સૂર્ય આથમ્યા પછી એક મુહૂર્તમાં પોતપોતાના બિલોથી બહાર નીકળશે અને માછલાં કાચબા વગેરેને જમીનમાં દાટશે, ટાઢ અને તડકાવડે બફાઈ ગયેલાં માછલાં અને કાચબા વગેરેથી એકવીશહજાર વર્ષ સુધી આજીવિકા કરતા તેઓ (મનુષ્યો) ત્યાં રહેશે.

હે ભગવન્ ! શીલરહિત, નિર્ગુણ, મર્યાદારહિત, પ્રત્યાખ્યાન અને પોષધોપ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાસરહિત, પ્રાયઃ માંસાહારી, મત્સ્યાહારી, મધનો આહાર કરનારા, મૃત શરીરનો આહાર કરનારા તે મનુષ્યો મરણ સમયે કાળ કરીને ક્યાં જશે ? હે ગૌતમ ! પ્રાયઃ નારક અને તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થશે. હે ભગવન્ ! તે સિંહો, વાઘો, વૃકો, દીપડાઓ, રિંછો, તરક્ષો, શરભો તે પ્રમાણે નિઃશીલ એવા યાવત્ ક્યાં ઉત્પન્ન થશે ? હે ગૌતમ ! પ્રાયઃ નારક અને તિર્યંચયોનિમાં ઉત્પન્ન થશે. હે ભગવન્ ! તે કાગડાઓ, કંકો, વિલકો, જલ-વાયસો, મયૂરો, નિઃશીલ એવા તે પ્રમાણે યાવત્ (ક્યાં ઉત્પન્ન થશે ?) પ્રાયઃ નારક અને તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થશે. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે.એમ કહી યાવત્ વિચરે છે.

**શતકઃ ૭ - ઉદ્દેસાઃ ૬ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## -: ઉદ્દેશક ૭ :-

[૩૬૧] હે ભગવન્ ! ઉપયોગ પૂર્વક ગમન કરતા, યાવત્ ઉપયોગ પૂર્વક સૂતા ઉપયોગપૂર્વક વસ્ત્ર, પાત્ર, કંબલ અને પાદપ્રોંછનક (રજોહરણ) ને ગ્રહણ કરતા અને મૂકતા સંવૃત-સાધુને શું ઐર્યાપથિકી ક્રિયા લાગે કે સાંપરાયિકી ક્રિયા લાગે ? હે ગૌતમ ! સંવરયુક્ત યાવત્ તે અનગારને ઐર્યાપથિકી ક્રિયા લાગે, સાંપરાયિકી ક્રિયા ન લાગે. હે ભગવન્ ! એ શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! જેના ક્રોધ, માન, માયા અને લોભ નષ્ટ થયા હોય તેને ઐર્યાપિથિકી ક્રિયા લાગે, તેમજ યાવત્ સૂત્રવિરુદ્ધ ચાલનારને સાંપરાયિકી ક્રિયાલાગે; તે સંવરયુક્ત અનગાર સૂત્ર પ્રમાણે વર્તે છે, તે હેતુથી હે ગૌતમ ! તેને યાવત્ સાંપરાયિકી ક્રિયા ન લાગે.

[૩૬૨] હે ભગવન્ ! કામો રૂપી છે કે અરૂપી છે ? હે ગૌતમ ! કામો રૂપી છે, પણ અરૂપી નથી. હે ભગવન્ ! કામો સચિત્ત છે કે અચિત્ત છે ? હે ગૌતમ ! કામો બંને છે સચિત્ત પણ છે અને અચિત્ત પણ છે. હે ભગવન્ ! કામો જીવ છે કે અજીવ છે ? હે ગૌતમ ! કામો હે ભગવન્ ! કામો જીવોને હોય છે કે અજીવોને હોય છે ? હે ગૌતમ ! કામો જીવોને હોય છે, અજીવોને હોતા નથી. હે ભગવન્ ! કામો કેટલા પ્રકારે કહ્યા છે ? હે ગૌતમ ! કામ બે પ્રકારે છે શબ્દ અને રૂપ. ભગવન્ ભોગો રૂપી છે. કે અરૂપી?ભોગો રૂપી છે પણ અરૂપી નથી. હે ભગવન્ ! ભોગો સચિત્ત છે કે અચિત્ત છે ? હે ગૌતમ !બંને છે.હે ભગવન્ ! ભોગો જીવસ્વરૂપ છે કે અજીવસ્વરૂપ છે ? હે ગૌતમ ! હે ભગવન્ ! ભોગો જીવોને હોય કે અજીવોને હોય ? હે ગૌતમ ! ભોગો જીવોને હોય છે, અજીવોને હોતા નથી. હે ભગવન્ ! ભોગો કેટલા પ્રકારના કહ્યા છે ? હે ગૌતમ ! ભોગો ત્રણ પ્રકારના કહ્યા છે; ગંધ, રસ અને સ્પર્શ. હે ભગવન્ ! કામ-ભોગ કેટલા પ્રકારે કહ્યા છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારના કહ્યા છે, તે આ પ્રમાણે-શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ.

હે ભગવન્ ! શું જીવો કામી કે ભોગી છે ? હે ગૌતમ ! જીવો કામી પણ છે, અને ભોગી પણ છે. હે ભગવન્ ! શા હેતુથી એમ કહો છો ? હે ગૌતમ ! શ્રોત્રેંદ્રિય અને ચક્ષુને આશ્રયી જીવો કામી કહેવાય છે, તેમ ઘ્રાણેન્દ્રિય, જિહ્વેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિયની અપેક્ષાએ જીવો ભોગી કહેવાય છે; હે ભગવન્ ! શું નારકો કામી છે કે ભોગી છે ? પૂર્વે કહ્યા પ્રમાણે જાણવું, એ પ્રમાણે સ્તનિતકુમારોને જાણવું. હે ભગવન્ ! પૃથિવીકાયિકનો પ્રશ્ન. હે ગૌતમ ! પૃથિવીકાયિકો કામી નથી, પણ ભોગી છે. હે ભગવન્ ! શા હેતુથી એમ કહો છો ? હે ગૌતમ ! સ્પર્શેન્દ્રિયને આશ્રયી; એ પ્રમાણે યાવત્ વનસ્પતિકાયિકો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જાણવા, બેઈન્દ્રિય જીવો એ પ્રમાણે જાણવા, પરન્તુ તેઓ જિહ્વા અને સ્પર્શેન્દ્રિયની અપેક્ષાએ ભોગી છે. તેઈન્દ્રિય જીવો પણ એ પ્રમાણે જાણવા, પણ ઘ્રાણ, જિહ્વાઅને સ્પર્શેન્દ્રિયની અપેક્ષાએ તેઓ ભોગી છે. ચઉરિન્દ્રિય જીવોનો પ્રશ્ન. હે ગૌતમ ! ચઉરિન્દ્રિય જીવો કામી પણ છે અને ભોગી પણ છે. હે ભગવન્ ! શા હેતુથી યાવત્ ભોગી પણ છે ? તે ચઉરિન્દ્રિય જીવો ચક્ષુની અપેક્ષાએ કામી; ઘ્રાણ, જિહ્વા અને સ્પર્શેન્દ્રિયની અપેક્ષાએ ભોગી છે; બાકીના યાવત્ વૈમાનિક સુધીના જીવો જેમ સામાન્ય જીવો કહ્યા તેમ જાણવા. હે ભગવન્ ! કામભોગી, નોકામી નોભોગી અને ભોગી જીવોમાં કયા જીવો કયા જીવોથી યાવત્ વિશેષાધિક છે ? હે ગૌતમ ! કામભોગી જીવો સૌથી થોડા છે, નોકામીનોભોગી જીવો અનન્તગુણ છે, અને ભોગી જીવો અનન્તગુણ છે.

[૩૬૩] હે ભગવન્ ! છદ્મસ્થ જે કોઈપણ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થવાને યોગ્ય છે તે ક્ષીણભોગી - ઉત્થાનવડે, કર્મવડે, બલવડે, વીર્યવડે અને પુરુષાકાર પરાક્રમવડે વિપુલ એવા ભોગ્ય ભોગોને ભોગવવા સમર્થ છે ? હે ભગવન્ ! ખરેખર આ અર્થને આ પ્રમાણે કહો છો ? હે ગૌતમ ! આ અર્થ યોગ્ય નથી. તે ઉત્થાનવડે પણ, કર્મવડે પણ, બલવડે પણ, વીર્યવડે પણ અને પુરુષકાર પરાક્રમવડે પણ કોઈપણ વિપુલ એવા ભોગ્ય ભોગોને ભોગવવા સમર્થ છે, તે માટે તે ભોગી ભોગોનો ત્યાગ કરતો મહાનિર્જરાવાળો અને મહાપર્યવસાન- થાય છે. હે ભગવન્ ! નિયતક્ષેત્રના અવધિજ્ઞાનવાળો મનુષ્યો જે કોઈપણ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થવાને યોગ્ય છે તે ક્ષીણભોગી પુરુષાકાર પરાક્રમવડે વિપુલ ભોગોને ભોગવવા સમર્થ છે ? એ પ્રમાણે છદ્મસ્થની પેઠે યાવત્ તે મહાપર્યવસાન- થાય છે. હે ભગવન્ ! પરમાવધિજ્ઞાની મનુષ્ય જે તેજ ભવમાં સિદ્ધ થવાને યાવત્ (સર્વ દુઃખોનો) અન્ત કરવાને યોગ્ય છે, હે ભગવન્ ! ખરેખર તે ક્ષીણ-ભોગી વિપુલ ભોગોને ભોગવવા સમર્થ છે ?(ગૌતમ) બાકીનું સર્વ છદ્મસ્થની પેઠે જાણવું. કેવલજ્ઞાની મનુષ્ય જે તેજ ભવમાં સિદ્ધ થવાને યાવત્ (દુઃખોનો) અન્ત કરવાને યોગ્ય છે તે વિપુલ ભોગોને ભોગવવા સમર્થ છે ? પરમાવધિજ્ઞાની પેઠે જાણવું, યાવત્ તે મહાપર્યવસાન મહાફળવાળો થાય છે.

[૩૬૪] હે ભગવન્ ! જે આ અસંજ્ઞી મનરહિત પ્રાણીઓ છે, જેમકે, પૃથિવીકા-યિકો યાવત્ વનસ્પતિકાયિકો અને છઠ્ઠા કેટલાએક (સંમૂર્છિમ) ત્રસ જીવો, જેઓ અંધ-અજ્ઞાની, મૂઢ, અજ્ઞાનાન્ધકારમાં પ્રવેશ કરેલા, અજ્ઞાનરૂપ આવરણ અને મોહજાલવડે ઢંકાયેલા છે તેઓ અકામનિકરણ-અનિચ્છાપૂર્વક વેદના વેદે છે એમ કહેવાય ? હા, ગૌતમ ! એમ કહેવાય. હે ભગવન્ ! શું એમ છે કે સમર્થ છતાં પણ જીવ અનિચ્છાપૂર્વક વેદનાને વેદે ? હે ગૌતમ ! હા એમ છે. હે ભગવન્ ! સમર્થ છતાં પણ જીવ અનિચ્છાપૂર્વક વેદનાને કેમ વેદે ? હે ગૌતમ ! જે સમર્થ છતાં અંધકારમાં પ્રદીપ સિવાય રૂપો જોવાને સમર્થ નથી, જે અવલોકન કર્યા સિવાય આગળ રહેલા રૂપો જોવાને સમર્થ નથી, જે અવેક્ષણ કર્યા વિના પાછળ રહેલા રૂપો જોવા સમર્થ નથી, જે આલોચન કર્યા શિવાય આગળ રહેલા રૂપો જોવાને સમર્થ નથી, જે અવેક્ષણ કર્યા વિના પાછળ રહેલા રૂપો જોવા સમર્થ નથી, જે આલોચન કર્યા શિવાય ઉપરના રૂપો જોવાને સમર્થ નથી,. જે આલોચન કર્યા શિવાય નીચેના રૂપો જોવાને સમર્થ નથી; હે ગૌતમ ! તે આ અર્થ સમર્થ છતાં પણ અનિચ્છિતપૂર્વક વેદનાને વેદે છે. હે ભગવન્ ! એમ છે કે સમર્થ પણ પ્રકામ-

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

નિકરણતીવ્રેચ્છાપૂર્વક વેદનાને વેદે ? હે ગૌતમ ! હા વેદે. હે ભગવન્ ! સમર્થ છતાં પણ તીવ્રેચ્છાપૂર્વક વેદનાને કેમ વેદે ? હે ગૌતમ ! જે સમુદ્રનો પાર પામવા સમર્થ નથી જે સમુદ્રને પાર રહેલાં રૂપો જોવા સમર્થ નથી, જે દેવલોકમાં જવા સમર્થ નથી, અને જે દેવ-લોકમાં રહેલા રૂપોને જોવા સમર્થ નથી હે ગૌતમ ! તે સમર્થ છતાં પણ તીવ્રેચ્છાપૂર્વક વેદનાને વેદે. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, એમ કહી યાવત્ વિચરે છે.

**શતક : ૭ - ઉદ્દેસા : ૭ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

**-: ઉદ્દેશક ૮ :-**

[૩૬૫] હે ભગવન્ ! છદ્મસ્થ મનુષ્ય અનંત અને શાશ્વત અતીત કાલે કેવળ સંયમવડે યાવત્ સિદ્ધ થયો ? એ પ્રમાણે જેમ પ્રથમ શતકના ચોથા ઉદ્દેશકમાં કહ્યું છે તેમ યાવત્ 'અલમસ્તુ' પાઠ સુધી કહેવું.

[૩૬૬] હે ભગવન્ ! ખરેખર હસ્તી અને કુંથુનો જીવ સમાન છે ? હા, ગૌતમ ! હસ્તી અને કુંથુનો જીવ સમાન છે. જેમ 'રાયપસેણીય' સૂત્રમાં કહ્યું છે તે પ્રમાણે .

[૩૬૭] હે ભગવન્ ! નારકોવડે જે પાપકર્મ કરાયેલું છે. કરાય છે અને કરાશે તે સઘળું દુઃખરૂપ છે, અને જે નિર્જીણ થયું તે સુખરૂપ છે ? હા, ગૌતમ ! નારકોવડે જે પાપ-કર્મ કરાયું તે યાવત્ સુખરૂપ છે, એ પ્રમાણે યાવત્ વૈમાનિકોને જાણવું.

[૩૬૮] હે ભગવન્ ! સંજ્ઞાઓ કહેલી છે ? દશ કે આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુન-સંજ્ઞા, પરિગ્રહસંજ્ઞા, ક્રોધસંજ્ઞા, માનસંજ્ઞા, માયાસંજ્ઞા, લોભસંજ્ઞા, લોકસંજ્ઞા, ઓઘ-સંજ્ઞા, એ પ્રમાણે યાવત્ વૈમાનિકોને જાણવું. નારકો દશ પ્રકારની વેદનાનો અનુભવ કરતા હોયછે;- શીત, ઉષ્ણ, ક્ષુધા, પિપાસા- કંડૂ- પરતન્ત્રતા, જ્વર, દાહ, ભય, શોક.

[૩૬૯] હે ભગવન્ ! ખરેખર હાથી અને કુંથુને અપ્રત્યાખ્યાન ક્રિયા સમાન હોય ? હા, ગૌતમ ! હોય હે ભગવન્ ! શા હેતુથી એમ કહો છો ? હે ગૌતમ ! અવિરતિને આશ્રયી, તે હેતુથી યાવત્ હાથી અને કુંથુને સમાન અપ્રત્યાખ્યાન ક્રિયા હોય.

[૩૭૦] હે ભગવન્ ! આધાકર્મ આહારને ખાનાર (સાધુ) શું બાંધે, શું કરે, શેનો ચય કરે અને શેનો ઉપચય કરે ? જેમ પ્રથમ શતકના નવમાં ઉદ્દેશકમાં કહ્યું છે એ પ્રમાણે યાવત્ પંડિત શાશ્વત છે, પણ પંડિતપણું અશાશ્વત છે' ત્યાંસુધી કહેવું. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, ભગવન્ ! તે એ પ્રમાણે છે એમ કહી યાવત્ વિચરે છે.

**શતક : ૭ - ઉદ્દેસા : ૮ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

**-: ઉદ્દેશક ૯ :-**

[૩૭૧] હે ભગવન્ ! અસંવૃત-પ્રમત્ત સાધુ બહારના પુદ્ગલોને ગ્રહણ કર્યા સિવાય એકવર્ણવાળું એક રૂપ વિકુર્વવા સમર્થ છે ? હે ગૌતમ ! એ અર્થ યોગ્ય નથી. હે ભગવન્ ! અસંવૃત સાધુ બહારના પુદ્ગલોને ગ્રહણ કરી એકવર્ણવાળું એક રૂપ યાવત્ [વિકુર્વવા સમર્થ છે ?] હા, સમર્થ છે. હે ભગવન્ ! તે સાધુ શું અહીં-મનુષ્યલોકમાં રહેલા-પુદ્ગલોને ગ્રહણ કરીને વિકુર્વે, ત્યાં રહેલા પુદ્ગલોને ગ્રહણ કરીને વિકુર્વે કે અન્ય સ્થળે રહેલા પુદ્ગલોને ગ્રહણ કરીને વિકુર્વે ? હે ગૌતમ ! અહીં રહેલા પુદ્ગલોને ગ્રહણ કરી વિકુર્વે, પણ ત્યાં રહેલા પુદ્ગલોને ગ્રહણ કરી ન વિકુર્વે, તેમ અન્યત્ર રહેલા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પુદ્ગલોને ગ્રહણ કરી યાવત્ ન વિકુર્વે. એ પ્રમાણે એકવર્ણ અને અનેકરૂપ-ઈત્યાદિ ચતુર્ભંગી જેમ છઠ્ઠા શતકના નવમા ઉદ્દેશકમાં કહી છે તેમ અહીં પણ કહેવી; પરન્તુ એટલો વિશેષ છે કે અહીં રહેલો સાધુ અહીં રહેલા પુદ્ગલોને ગ્રહણ કરી વિકુર્વે બાકીનું તે પ્રમાણે યાવત 'રુક્ષપુદ્ગલોને સ્નિગ્ધપુદ્ગલપણે પરિણમાવવા સમર્થ છે ? હા, સમર્થ છે; હે ભગવન્ ! શું અહીં રહેલા પુદ્ગલોને ગ્રહણ કરી, યાવત્ અન્યત્ર રહેલા પુદ્ગલોને ગ્રહણ કર્યા સિવાય વિકુર્વે છે' ત્યાંસુધી જાણવું.

[૩૭૨] અર્હંતે જાણ્યું છે, અર્હંતે પ્રત્યક્ષ કર્યું છે. અર્હંતે વિશેષતઃ જાણ્યું છે કે મહાશિલાકંટક નામે સંગ્રામ છે. હે ભગવન્ ! મહાશિલાકંટક સંગ્રામ થયો હતો ? કોણ જીત્યા અને કોણ હાર્યા ? હે ગૌતમ ! વજ્જી (ઈન્દ્ર) અને વિદેહપુત્ર (કૂણિક) જીત્યા, નવ મલ્લકી અને નવ લેચ્છકી જેઓ કાશી અને કોશલદેશના અઢાર ગણરાજાઓ હતા તેઓ પરાજય પામ્યા. ત્યારપછી મહાશિલાકંટક સંગ્રામ વિકુર્વ્યા પછી તે કૂણિક રાજા મહાશિલા કંટક નામે સંગ્રામ ઉપસ્થિત થએલો જાણી પોતાના કૌટુમ્બિક પુરુષોને બોલાવે છે, બોલાવીને તેઓને એમ કહ્યું કે હે દેવાનુપ્રિયો ! શીઘ્ર ઉદાયિ નામના પટ્ટહસ્તીને તૈયાર કરો, અને ઘોડા, હાથી, રથ અને યોદ્ધાઓથી યુક્ત ચતુરંગ સેનાને તૈયાર કરો, તૈયાર કરી મારી આજ્ઞા જલદી પાછી આપો. ત્યારબાદ તે કૂણિકના એમ કહેવાથી તે કૌટુમ્બિક પુરુષો હૃષ્ટ તુષ્ટ થઈ યાવત્ અંજલી કરીને હે સ્વામિન્ ! એ પ્રમાણે 'જેવી આજ્ઞા' એમ કહીને આજ્ઞા અને વિનયવડે વચનનો સ્વીકાર કરે છે.પછી ઉવવાઈ માં કુશલઆચાર્યોના ઉપદેશવડે તીક્ષ્ણમતિ કલ્પનાના વિકલ્પોથી કહ્યા પ્રમાણે યાવત્ ભયંકર અને જેની સાથે કોઈ યુદ્ધ ન કરી શકે એવા ઉદાયિ નામના મુખ્ય હસ્તીને તૈયાર કરે છે; ઘોડા હાથી ઈત્યાદિથી યુક્ત યાવત્ તે સેનાને સજ્જ કરીને જ્યાં કૂણિક રાજા છે ત્યાં તેઓ આવે છે, આવીને કરતલ [જોડીને] કૂણિક રાજાને તે આજ્ઞા પાછી આપે છે. ત્યારબાદ તે કૂણિક રાજા જ્યાં સ્નાનગૃહ છે ત્યાં તેઓ આવે છે, સ્નાનગૃહમાં પ્રવેશ કરે છે, ત્યાં પ્રવેશ કરી સ્નાન બલિકર્મ કરી પ્રાયશ્ચિત્તરૂપ કૌતુક અને મંગલો કરી સર્વાલંકારથી વિભૂષિત થઈ, સન્નદ્ધ બદ્ધ થઈ બખ્તરને ધારણકરી વાળેલા ધનુર્દંડને ગ્રહણકરી, ડોકમાં આભૂષણપહેરી, ઉત્તમોત્તમ ચિન્હપટ્ટ બાંધી, આયુધ અને પ્રહરણોને ધારણ કરી, માથે ધારણ કરાતા કોરંટક પુષ્પની માળાવાળા છત્ર સહિત, જેનું અંગ ચાર ચામરોના વાળ વેડે વીંઝાયેલું છે, જેના દર્શનથી મંગલ અને જય શબ્દ થાય છે એવો (કૂણિક)ઉવવાઈ માં કહ્યા પ્રમાણે યાવત્ આવીને ઉદાયિ નામે પ્રધાનહસ્તી ઉપર ચઢ્યો. ત્યારબાદ હારવડે તેનું વક્ષઃસ્થળ ઢંકાયેલું હોવાથી રતિ ઉત્પન્ન કરતો વારંવાર વીંઝાતા શ્વેત ચામરોવડે યાવત્ ઘોડા, હાથી, રથ અને ઉત્તમ યોદ્ધાઓથી યુક્ત ચતુરંગ સેનાની સાથે પરિવારયુક્ત, મહાન્ સુભટોના વિસ્તીર્ણ સમૂહથી વ્યાપ્ત કૂણિકરાજા જ્યાં મહાશિલાકંટક સંગ્રામ છે ત્યાં આવે છે, ત્યાં આવીને તે મહાશિલાકંટક સંગ્રામમાં ઉતર્યો, તેની આગળ દેવનો ઈન્દ્ર દેવોનો રાજા શક્ર એક મોટું વજ્રના સરખું અભેદ્ય કવચ વિકુર્વીને ઉભો છે. એ પ્રમાણે બે ઈન્દ્રો સંગ્રામ કરે છે, જેમકે એક દેવેન્દ્ર અને બીજો મનુજેન્દ્ર. હવે તે કૂણિકરાજા એક હાથીવડે પણ શત્રુપક્ષનો પરાજય કરવા સમર્થ છે. ત્યારબાદ તે કૂણિકે મહાશિલાકંટક સંગ્રામને કરતા નવમલ્લકિ અને નવલેચ્છકિ જેઓ કાશી ને કોશલાના અઢાર ગણરાજાઓ હતા, તેઓના મહાન્ યોદ્ધાઓને હણ્યા, ઘાયલ

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કર્યા અને મારી નાંખ્યા, તેઓની ચિન્હયુક્ત ધ્વજા અને પતાકાઓ પાડી નાંખી, અને જેઓના પ્રાણ મુશ્કેલીમાં છે એવા તેઓને ચારે દિશાએ નસાડી મૂક્યા.

હે ભગવન્ ! શા કારણથી એમ કહેવાય છે કે તે મહાશિલાકંટક સંગ્રામ છે ? હે ગૌતમ ! જ્યારે મહાશિલાકંટક સંગ્રામ થતો હતો ત્યારે તે સંગ્રામમાં જે ઘોડા, હાથી, યોધા અને સારથીઓ તૃણ, કાષ્ટ, પાંદડા કે કાંકરાવતી હણાય ત્યારે તેઓ સઘળા એમ જાણે કે હું મહાશિલાથી હણાયો, તે હેતુથી હે ગૌતમ ! તે મહાશિલાકંટક સંગ્રામ કહેવાય છે. હે ભગવન્ ! જ્યારે મહાશિલાકંટક સંગ્રામ થતો હતો ત્યારે તેમાં કેટલા લાખ માણસો હણાયા ? હે ગૌતમ! ચોરાસીલાખ માણસો હણાયા. હે ભગવન્ ! નિઃશીલ, યાવત્ પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસરહિત, રોષે ભરાયેલા, ગુસ્સે થયેલા, યુદ્ધમાં ઘાયલ થયેલા, અનુપશાંત એવા તે મનુષ્યો કાળસમયે મરણ પામીને ક્યાં ગયા, ક્યાં ઉત્પન્ન થયા ? હે ગૌતમ ! ઘણે ભાગે તેઓ નારક અને તિર્યંચયોનિમાં ઉત્પન્ન થયા છે.

[૩૭૩] અર્હંતે જાણ્યું છે, અર્હંતે પ્રત્યક્ષ કર્યું છે, અર્હંતે વિશષ પ્રકારે જાણ્યું છે કે રથમુશલ નામે સંગ્રામ છે. હે ભગવન્ ! જ્યારે રથમુશલ નામે સંગ્રામ થતો હતો ત્યારે કોનો વિજય થયો, અને કોનો પરાજય થયો ? હે ગૌતમ ! વજ્જી (ઇન્દ્ર) વિદેહપુત્ર (કૂણિક) અને અસુરેન્દ્ર અસુરકુમારરાજાચમર એઓ જીત્યા; નવમલ્લકિ અને નવ લેચ્છકિ રાજાઓ પરાજય પામ્યા. ત્યારબાદ તે કૂણિકરાજા રથમુશલ સંગ્રામ ઉપસ્થિત થએલો જાણી બાકીનું મહાશિલાકંટક સંગ્રામની પેઠે જાણવું. પરન્તુ વિશેષ એ છે કે અહીં ભૂતાનંદ નામે પ્રધાનહસ્તી છે; યાવત્ તે રથમુસલસંગ્રામમાં ઉતર્યો. તેની આગળ દેવેન્દ્ર દેવરાજ શક્ર છે. એ પ્રમાણે પૂર્વની પેઠે યાવત્ રહે છે. પાછળ અસુરેન્દ્ર અસુરકુમારનો રાજા ચમર એક મોટું લોઢાનું કિઠીનના જેવું કવચ વિકુર્વીને રહેલો છે. એ પ્રમાણે ખરેખર ત્રણ ઇન્દ્રો યુદ્ધ કરે છે. જેમકે-દેવેન્દ્ર, મનુજેન્દ્ર અને અસુરેન્દ્ર. હવે એ કૂણિક એક હાથીવડે પણ શત્રુઓનો પરાજય કરવા સમર્થ છે. યાવત્ ચારે દિશાએ નસાડી મુક્યા. હે ભગવન્ ! શા કારણથી તે રથમુશલ સંગ્રામ કહેવાય છે ? હે ગૌતમ ! જ્યારે રથમુશલ સંગ્રામ થતો હતો ત્યારે અશ્વરહિત, સારથિરહિત, યોદ્ધાઓ રહિત અને મુશલસહિત એક રથ ઘણા જનસંહારને, જનવધને, જનપ્રમર્દને, જનપ્રલયને, તેમ લોહિના કીચડને કરતો ચારે તરફ ચારે બાજુએ દોડે છે; તે કારણથી યાવત્ તે રથમુશલસંગ્રામ કહેવાય છે. હે ભગવન્ ! જ્યારે રથમુશલ સંગ્રામ થતો હતો ત્યારે કેટલાલાખ માણસો હણાયા ? હે ગૌતમ ! તેમાં દશહજાર મનુષ્યો એક માછલીના ઉદરમાં ઉત્પન્ન થયા, એક દેવલોકમાં ઉત્પન્ન થયો, એક ઉત્તમ કુલને વિષે ઉત્પન્ન થયો, અને બાકીના મનુષ્યો ઘણેભાગે નારક અને તિર્યંચયોનિમાં ઉત્પન્ન થયા.

[૩૭૪] હે ભગવન્ ! દેવના ઇન્દ્ર રાજા શક્રે અને અસુરના ઇન્દ્ર અસુરકુમારના રાજા ચમરે કૂણિક રાજાને કેમ સહાય આપી ? હે ગૌતમ ! દેવનો ઇન્દ્ર દેવનો રાજા શક્ર કૂણિકરાજાનો-પૂર્વભવસંબન્ધી મિત્ર-હતો, અને અસુરેન્દ્ર અસુરકુમારનો રાજાચમર કૂણિકરાજાનો -તાપસની અવસ્થામાં મિત્ર-હતો, તેથી.

[૩૭૫] હે ભગવન્ ! ઘણા માણસો પરસ્પર એ પ્રમાણે કહે છે, યાવત્ પ્રરૂપણા કરે છે કે-અનેક પ્રકારના સંગ્રામોમાંના કોઇપણ સંગ્રામમાં સામા હણાયેલા ઘાયલ થયેલા ઘણા મનુષ્યો મરણસમયે કાળ કરીને કોઇપણ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થાય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે, હે ભગવન્ ! એ પ્રમાણે કેમ હોય ? હે ગૌતમ ! તે બહુ મનુષ્યો પરસ્પર જે એ પ્રમાણે કહે છે કે-તેઓએ એ પ્રમાણે મિથ્યા કહ્યું છે. હે ગૌતમ ! હું તો આ પ્રમાણે કહું છું, યાવત્ પ્રરૂપણા કરું છું. હે ગૌતમ ! તે આ પ્રમાણે-તે કાળે અને તે સમયે વૈશાલી નામે નગરી હતી. તે વૈશાલી નગરીમાં વરુણનામે નાગનો પૌત્ર રહેતો હતો, તે ધનવાન્ યાવત્ જેનો પરાભવ ન થઇ શકે એવો હતો. તે શ્રમણોનો ઉપાસક, જીવાજીવ તત્ત્વને જાણનાર, યાવત્ [આહારાદિવડે] પ્રતિલાભતો સત્કાર કરતો-નિરન્તર છ૪ છ૪ના તપ કરવાવડે આત્માને વાસિત કરતો વિચરે છે. ત્યારબાદ જ્યારે તે નાગના પૌત્ર વરુણને રાજાના અભિયોગથી ગણના બલના અભિયોગથી રથમુશલસંગ્રામમાં જવા માટે આજ્ઞા થઇ ત્યારે ષષ્ઠભક્ત કરનાર તે (વરુણ) અષ્ટમભક્તને વધારે છે, અને કૌટુંબિક પુરુષોને બોલાવે છે. બોલાવીને તેણે એ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિયો ! ચારઘંટાવાળા અશ્વરથને સામગ્રીસહિત હાજર કરો; અને ઘોડા, હાથી, રથ અને પ્રવર- યાવત્ તૈયાર કરીને એ મારી આજ્ઞા પાછી આપો. ત્યારપછી તે કૌટુમ્બિક પુરુષો યાવત્ તેનો સ્વીકાર કરીને છત્રસહિત, ધ્વજાસહિત [રથને] શીઘ્ર હાજર કરે છે; ઘોડા, હાથી, રથ- તૈયાર કરી જ્યાં નાગનો પૌત્ર વરુણ છે [ત્યાં આવી] આજ્ઞા પાછી આવે છે. ત્યારપછી તે નાગનો પૌત્ર વરુણ જ્યાં સ્નાનગૃહ છે ત્યાં આવે છે, આવીને કૂણિકની પેઠે યાવત્ કૌતુક અને મંગલરૂપ પ્રાયશ્ચિત કરીને સર્વાલંકારથી વિભૂષિત થયેલો કવચને પહેરી બાંધી, કોરંટ-ની માળાયુક્ત ધારણ કરાતા છત્રવડે સહિત અનેક ગણનાયકો યાવત્ દૂત અને સંધિપાલની સાથે પરિવરેલો સ્નાનગૃહથી બહાર નીકળે છે.જ્યાં બહારની ઉપસ્થાન-શાળા છે, જ્યાં ચારઘંટાવાળો અશ્વરથ છે, ત્યાં આવીને ચારઘંટાવાળા અશ્વરથ ઉપર ચડે છે, ચડીને ઘોડા, હાથી, રથ- [અને પ્રવર યોદ્ધાવાળી સેના] સાથે મહાન્ સુભટોના સમૂહવડે યાવત્ વિંટાયેલો જ્યાં રથમુસલ સંગ્રામ છે ત્યાં આવે છે, અને ત્યાં આવી તે રથમુસલ સંગ્રામમાં ઉતર્યો. જ્યારે નાગનો પૌત્ર વરુણ રથમુસલ સંગ્રામમાં ઉતર્યો ત્યારે તે આવા પ્રકારના આ આભિગ્રહને ગ્રહણ કરે છે- 'રથમુશલ સંગ્રામમાં યુદ્ધ કરતા મને જે પહેલા મારે તેને મારવો કલ્પે, બીજાને મારવા કલ્પે નહિં.' આવા પ્રકારના આ અભિગ્રહને ધારણ કરી તે રથમુશલ સંગ્રામ કરે છે. ત્યારબાદ રથમુસલ સંગ્રામ કરતા નાગના પૌત્ર વરુણના રથની સામે તેના જેવો સમાનવયવળો, સમાનત્વચાવાળો અને સમાન અસ્ત્રશસ્ત્રાદિઉપકરણવાળો એક પુરુષ રથમાં બેસીને શીઘ્ર આવ્યો. ત્યારબાદ તે પુરુષે નાગના પૌત્ર વરુણને એમ કહ્યું કે 'હે નાગના પૌત્ર વરુણ ! તું મને પ્રહાર કરે.' ત્યારે તે નાગના પૌત્ર વરુણે તે પુરુષને એમ કહ્યું કે હે દેવાનુપ્રિય ! જ્યાંસુધી હું પ્રથમ ન હણાઉં ત્યાંસુધી મારે પ્રહાર કરવો ન કલ્પે, માટે પહેલાં તુંજ પ્રહાર કર.' જ્યારે તે નાગના પૌત્ર વરુણે તે પુરુષને એમ કહ્યું ત્યારે તે કુપિત થએલો ક્રોધાગ્નિથી દીપતો ધનુષને ગ્રહણ કરે છે, ધનુષને ગ્રહણ કરી બાણને ગ્રહણ કરે છે, બાણને ગ્રહણ કરી અમુક સ્થાને રહીને તેને કાનપર્યંત લાંબું ખેંચે છે; લાંબું ખેંચીને તે નાગના પૌત્ર વરુણને સખ્ત પ્રહાર કરે છે. ત્યારબાદ તે પુરુષથી સખ્ત ઘવાયેલ નાગનો પૌત્ર વરુણ કુપિત થઇ યાવત્ ક્રોધાગ્નિથી દીપતો ધનુષને ગ્રહણ કરે છે, બાણને ગ્રહણ કરે છે, તેને કાનપર્યંત લાંબું ખેંચે છે, જે પુરુષને એક ઘાએ પત્થરના ટુકડા થાય તેમ જીવિતથી જૂદો કરે છે. હવે તે પુરુષથી સખ્ત ઘવાયેલ તે નાગનો પૌત્ર વરુણ શક્તિરહિત, નિર્બલ, વીર્યરહિત,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પુરુષાર્થ અને પરાક્રમરહિત થયેલો પોતે 'ટકી નહિ શકે' એમ સમજી ઘોડાઓને થોભાવે છે, રથને પાછો ફેરવે છે, રથમુશલ સંગ્રામથી બહાર નીકળે છે, એકાન્ત ભાગમાં આવે છે, ઘોડાઓને થોભાવે છે, રથને ઉભો રાખે છે, રથથી ઉતરે છે, રથથી ઘોડાઓને છુટા કરે છે, ઘોડાઓને વિસર્જિત કરે છે; ડાભનો સંથારો પાથરે છે, પૂર્વદિશા સન્મુખ તે ડાભના સંથારા ઉપર બેસે છે. પૂર્વાભિમુખ પર્યંકાસને ડાભના સંથારા ઉપર બેસી હાથ જોડી યાવત્ તે નાગનો પૌત્ર વરુણ આ પ્રમાણે બોલ્યો- પૂજ્ય અર્હતોને નમસ્કાર થાઓ, યાવત્ જેઓ [સિદ્ધગતિને] પ્રાપ્ત થાય છે શ્રમણ ભગવન્ મહાવીરને નમસ્કાર થાઓ, જે તીર્થની આદિ કરનારા છે, યાવત્ [સિદ્ધિને] પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળા છે; જે મારા ધર્માચાર્ય અને ધર્મના ઉપદેશક છે. ત્યાં રહેલા ભગવનાને અહીં રહેલો હું વાંદું છું. ત્યાં રહેલા ભગવન મને જુઓ. યાવત્ વંદન નમસ્કાર કરે છે. તે [વરુણ] આ પ્રમાણે બોલ્યો- પહેલાં મેં શ્રમણભગવાન્‌મહાવીરની પાસે સ્થૂલપ્રાણાતિપાતનું પ્રત્યાખ્યાન કર્યું હતું, યાવત્ સ્થૂલપરિગ્રહનું પ્રત્યાખ્યાન જીવનપર્યંત કર્યું હતું, અત્યારે અરિહંત ભગવાન્ મહાવીરની પાસે સર્વ પ્રાણાતિપાતનું પ્રત્યાખ્યાન યાવજ્જીવ કરું છું. એ પ્રમાણે સ્કન્દની પેઠે સર્વ જાણવું. આ શરીરનો પણ છેલ્લા શ્વાસોચ્છવાસની સાથે ત્યાગ કરીશ, એમ ધારી સન્નાહપટ્ટ-બખ્તરને છોડે છે, શલ્યને બહાર કાઢે છે,આલોચના લઈ - પડિક્કમી સમાધિને પ્રાપ્ત થયેલો તે કાલધર્મ પામ્યો. હવે તે નાગના પૌત્ર વરુણનો એક પ્રિય બાલમિત્ર રથમુશલ સંગ્રામ કરતો હતો, જ્યારે તે એક પુરુષથી સખ્ત ઘાયલ થયો, ત્યારે તે શક્તિરહિત, બલરહિત યાવત્ પોતે 'ટકી નહિ શકે' એમ સમજી નાગના પૌત્ર વરુણને રથમુશલ સંગ્રામથી બહાર નીકળતા જુએ છે, જોઈને તે ઘોડાઓને થોભાવે છે, વરુણની પેઠે યાવત્ ઘોડાઓને વીસર્જિત કરે છે, અને પટના સંથારા ઉપર બેઠો છે. સંથારા ઉપર પૂર્વદિશા સન્મુખ બેસીને યાવત્ અંજલી કરીને આ પ્રમાણે બોલ્યો હે ભગવન્ મારા પ્રિય બાલમિત્ર નાગના પૌત્ર વરુણના જે શીલવ્રતો, ગુણવ્રતો, વિરમણ-વ્રતો, પ્રત્યાખ્યાન અને પોષધોપવાસ હોય તે મને પણ હો, એમ કહી બખ્તરને છોડે છે, શલ્યને કાઢે છે, તે અનુક્રમે કાલધર્મ પામ્યો. હવે તે નાગના પૌત્ર વરુણને મરણ પામેલો જાણીને પાસે રહેલા વાનવ્યંતર દેવોએ તેના ઉપર દિવ્ય અને સુગંધી ગંધોદકની વૃષ્ટિ કરી, પાંચ વર્ણના ફુલો તેના ઉપર નાંખ્યા, તથા દિવ્ય ગીત ગાન્ધર્વનો શબ્દ પણ કર્યો. ત્યારબાદ તે નાગના પૌત્ર વરુણની દિવ્ય દેવર્દ્ધિ દિવ્ય દેવદ્યુતિ અને દિવ્ય દેવપ્રભાવ સાંભળીને અને જોઈને ઘણા માણસો પરસ્પર એમ કહે છે, યાવત્ પ્રરૂપણા કરે છે કે-ઘણા મનુષ્યો યાવત્ દેવલોકમાં ઉત્પન્ન થાય છે.

[૩૭૬] હે ભગવન્ ! નાગનો પૌત્ર વરુણ મરણ સમયે મરીને ક્યાં ગયો, ક્યાં ઉત્પન્ન થયો ? હે ગૌતમ ! સૌધર્મદેવલોકને વિષે અરુણાભ નામે વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયો છે. ત્યાં કેટલાક દેવોની આયુષની સ્થિતિ ચારપલ્યોપમની કહીછે. ત્યાં વરુણદેવની પણ ચારપલ્યોપમની સ્થિતિ કહીછે. હે ભગવન્ તે વરુણદેવ દેવલોકથી આયુષનો ક્ષય થવાથી, ભવનો ક્ષય થવાથી, સ્થિતિનો ક્ષય થવાથી-ક્યાં જશે ? યાવત્ મહાવિદેહ ક્ષેત્રને વિષે સિદ્ધિને પામશે, યાવત્ [સર્વ દુઃખોનો] અન્ત કરશે. હે ભગવન્ ! નાગના પૌત્ર વરુણનો પ્રિય બાલમિત્ર મરણ પામીને ક્યાં ગયો, ક્યાં ઉત્પન્ન થયો ? હે ગૌતમ ! તે કોઈ સુકુલમાં ઉત્પન્ન થયો છે. હે ભગવન ! ત્યાંથી મરીને તુરત તે ક્યાં જશે ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હે ગૌતમ ! તે મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધિને પામશે,[સર્વ દુઃખોનો] અન્ત કરશે. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, એમ કહી ગૌતમ યાવત્ વિચરે છે.

**શતક:૭-ઉદ્દેસા:૯ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## -: ઉદ્દેશક ૧૦ :-

[૩૭૭] તે કાલે તે સમયે રાજગૃહ નામે નગર હતું. ગુણશીલ ચૈત્ય હતું. યાવત્ પૃથિવીશિલાપટ્ટ હતો. તે ગુણશીલચૈત્યની પાસે થોડે દૂર ઘણા અન્યતીર્થિકો રહે છે. કાલોદાયી, શૈલોદાયી, સેવાલોદાયી, ઉદય, નામોદય, નર્મોદય, અન્યપાલક, શૈલપાલક, સંખપાલક અને સુહસ્તી ગૃહપતિ. ત્યારપછી અન્ય કોઈ સમયે એકત્ર આવેલા, બેઠેલા, સુખપૂર્વક બેઠેલા તે અન્યતીર્થિકોનો આવા પ્રકારનો આ વાર્તાલાપ થયો- 'શ્રમણ જ્ઞાતપુત્રપાંચ અસ્તિકાયોને પ્રરૂપે છે.જેમકે, ધર્માસ્તિકાય,યાવત્ આકાશાસ્તિકાય. તેમાં શ્રમણ જ્ઞાતપુત્ર ચાર અસ્તિકાય અજીવકાયછે એમ જણાવેછે. ધર્માસ્તિકય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય ને પુદ્ગલાસ્તિકાય. એક જીવાસ્તિકાયને શ્રમણ જ્ઞાતપુત્ર અરૂપી જીવકાય જણાવે છે. તે પાંચ અસ્તિકાયમાં શ્રમણ જ્ઞાતપુત્ર ચાર અસ્તિકાયને અરૂપિકાય જણાવેછે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને જીવાસ્તિકાય. એક પુદ્ગલાસ્તિકાયને શ્રમણજ્ઞાતપુત્ર રૂપિકાય અને અજીવકાય જણાવે છે.' એ પ્રમાણે આ કેમ માની શકાય ? તે કાલે અને તે સમયે શ્રમણ ભગવાન્ મહાવીર યાવત્ ગુણશિલ ચૈત્યમાં સમોસર્યા. યાવત્ પરિષત્ પાછી ગઇ.

તે કાલે અને તે સમયે શ્રમણ ભગવન્ મહાવીરના મોટા શિષ્ય ગૌતમગોત્રી ઈન્દ્રભૂતિ અનગાર બીજા શતકના નિર્ગ્રન્થોદેશકમાં કહ્યા પ્રમાણે ભિક્ષાચર્યાએ ભમતા યથાપર્યાપ્ત ભક્ત પાનને ગ્રહણ કરીને રાજગૃહ નગર થકી યાવત્ ત્વરારહિતપણે, અચલપણે, અસંભ્રાન્તપણે ઈર્યા સમિતિને વારંવાર શોધતા તે અન્યતીર્થિકોની થોડે દૂર જાય છે. ત્યારે તે અન્યતીર્થિકો ભગવાન્ ગૌતમને થોડે દૂર જતાં જુએ છે, જોઈને એક બીજાને બોલાવે છે; આ પ્રમાણે કહ્યું-હે દેવાનુપ્રિયો ! આપણને આ કથા અપ્રકટ-અજ્ઞાત છે; અને આ ગૌતમ આપણાથી થોડે દૂર જાય છે, માટે હે દેવાનુપ્રિયો ! આપણે આ અર્થ ગૌતમને પુછવો શ્રેયસ્કર છે. એમ કહી તેઓ એક બીજાની પાસે એ વાતનો સ્વીકાર કરે છે; સ્વીકાર જ્યાં ભગવાન્ ગૌતમ છે ત્યાં આવે છે, ભગવાન્ ગૌતમને આ પ્રમાણે કહ્યું- હે ગૌતમ ! તમારા ધર્માચાર્ય, ધર્મોપદેશક શ્રમણ જ્ઞાતપુત્ર પાંચ અસ્તિકાય પ્રરૂપેછે,- ધર્માસ્તિકાય, યાવત્ આકાશાસ્તિકાય, યાવત્ રૂપિકાય અજીવકાયને જણાવે છે. હે પૂજ્ય ગૌતમ ! એ પ્રમાણે શી રીતે હોય ? ત્યારે તે ભગવાન્ ગૌતમે તે અન્યતીર્થિકોને એ પ્રમાણે કહ્યું-હે દેવાનુપ્રિયો ! અમે અસ્તિભાવને નાસ્તિ કહેતા નથી, તેમ નાસ્તિભાવને અસ્તિ કહેતા નથી. હે દેવાનુપ્રિયો ! સર્વ અસ્તિભાવને અસ્તિ કહીએ છીએ, અને નાસ્તિભાવને નાસ્તિ કહીએ છીએ. માટે હે દેવાનુપ્રિયો ! જ્ઞાનવડે તમે સ્વયમેવ એ અર્થનો વિચાર કરો. એમ કહીને [ગૌતમે] તે અન્યતીર્થિકોને એ પ્રમાણે કહ્યું કે એ પ્રમાણે છે. હવે ભગવાન્ ગૌતમ જ્યાં ગુણશિલચૈત્ય છે, જ્યાં શ્રાણભગવાન્મહાવીર છે- [ત્યાં આવીને] નિર્ગ્રન્થોદ્દેશકમાં કહ્યા પ્રમાણે યાવત્ ભક્ત પાનને દેખાડે છે. શ્રમણ ભગવાન્ મહાવીરને વંદન કરે છે, નમસ્કાર કરે છે, વાંદી, નમસ્કાર કરી બહુ દૂર નહિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમ બહુ પાસે નહિ એ પ્રમાણે ઉપાસના કરે છે.

તે કાલે, તે સમયે શ્રમણ ભગવાન્ મહાવીર મહાકથા પ્રતિપન્ન- હતા. કાલોદાયી તે સ્થળે શીઘ્ર આવ્યો. હે કાલોદાયિ ! એ પ્રમાણે [બોલાવીને] શ્રમણ ભગવાન્ મહાવીરે કાલોદાયીને કહ્યું-હે કાલોદાયિ ! અન્યદા કોઈ દિવસે એકત્ર એકઠા થયેલા, આવેલા,બેઠેલા એવાતમનેપૂર્વ કહ્યા પ્રમાણે[પંચાસ્તિકાય સંબન્ધે વિચાર થયો હતો ?] યાવત્ એ વાત એ પ્રમાણે કેમ માની શકાય ? હે કાલોદાયિ ! ખરેખર આ વાત યથાર્થ છે. હા, યથાર્થ છે. હે કાલોદાયિ ! એ વાત સત્ય છે. હું પાંચ અસ્તિકાયની પ્રરૂપણા કરું છું; જેમ-કે, ધર્માસ્તિકાય, યાવત્ પુદ્ગલાસ્તિકાય. તેમાં ચાર અસ્તિકાય અજીવાસ્તિકાયને અજીવરૂપે કહું છું. યાવત્ એક પુદ્ગલાસ્તિકાયને રૂપિકાય જણાવું છું. ત્યારે તે કાલોદાયિક શ્રમણભગવાન્મહાવીરને કહ્યું- હે ભગવન્ ! એ અરૂપી અજીવકાય ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયામાં બેસવાને, સુવાને ઉભો રહેવાને, નીચે બેસવાને, આળોટવાને કોઈપણ શક્તિમાન છે ? આ અર્થ યોગ્ય નથી. પરન્તુ હે કાલોદાયિ ! એક રૂપી અજીવકાય પુદ્ગલાસ્તિકાયમાં બેસવાને, સુવાને, યાવત્ કોઈપણ શક્તિમાન છે.

હે ભગવન્ ! એ રૂપી અજીવકાય પુદ્ગલાસ્તિકાયને વિષે જીવોના પાપ-અશુભ ફલ-વિપાકસહિત પાપકર્મો લાગે ? હે કાલોદાયિ ! એ અર્થ યોગ્ય નથી. પરન્તુ એ અરૂપી જીવકાયને વિષે પાપ ફલ-વિપાકસહિત પાપકર્મો લાગે છે. અહીં કાલોયાદી બોધ પામ્યો, તે શ્રમણ ભગવાન્ મહાવીરને વંદન કરેછે, નમસ્કાર કરે છે; વાંદીને, નમસ્કાર કરીને તેણે આ પ્રમાણે કહ્યું- હે ભગવન્ ! હું તમારી પાસે ધર્મ સાંભળવા ઈચ્છું છું. એ પ્રમાણે સ્કન્દકની પેઠે તેણે પ્રવજ્યા અંગીકાર કરી, અને તે પ્રમાણે અગીયાર અંગને [ભણીને] યાવત્ વિચરે છે.

[૩૭૮] ત્યારપછી અન્યદા કોઇદિવસે શ્રમણભગવાન્મહાવીર રાજગૃહનગરથી અને ગુણશિલચૈત્યથી નીકળી બહાર દેશોમાં વિહાર કરે છે. તે કાળે તે સમયે રાજગૃહ નામના નગરમાં ગુણશિલ નામનું ચૈત્ય હતું. ત્યાં અન્યદા કોઈ દિવસ શ્રમણ ભગવાન્ મહાવીર યાવત્ સમોસર્યા. યાવત્ પરિષદ્ પાછી ગઈ. ત્યારપછી તે કાલોદાયી અનગાર અન્ય કોઇ દિવસે જ્યાં ભગવાન્ મહાવીર છે ત્યાં આવે છે, શ્રમણ ભગવાન્ મહાવીરને વંદન કરે છે-નમસ્કાર કરે છે. તેણે આ પ્રમાણે કહ્યું - હે ભગવન્ ! જીવોને પાપકર્મો પાપ-અશુભ ફલ-વિપાક સહિત હોય ? હા હોય. હે ભગવન્ ! પાપકર્મો પાપ-અશુભ ફલવિપાકસહિત કેમ હોય ? હે કાલોદાયિ ! જેમ કોઈ એક પુરુષ સુન્દર, સ્થાલીમાં રાંધવાવડે શુદ્ધ અઢાર પ્રકારના દાળ શાકાદિ વ્યંજનોથી યુક્ત, વિષમિશ્રિત ભોજન કરે, તે ભોજન શરુઆતમાં સારું લાગે, પણ ત્યારપછી તે પરિણામ પામતાં ખરાબ રૂપપણે, દુર્ગંધપણે 'મહાસ્રવ ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે વારંવાર પરિણામ પામે છે. એ પ્રમાણે જીવોને પાપકર્મો અશુભફલવિપાક સયુંક્ત હોય છે.

હે ભગવન્ ! જીવોના કલ્યાણ (શુભ) કર્મો કલ્યાણફલવિપાક સંયુક્ત હોય ? હા, કાલોદાયિ ! હોય, હે ભગવન્ ! જીવોના કલ્યાણ કર્મો કલ્યાણફલવિપાકસિહત કેમ હોય ? હે કાલોદાયિ ! જેમ કોઈ એક પુરુષ સુન્દર, સ્થાલીમાં રાંધવાવડે શુદ્ધ- અઢાર પ્રકારના વ્યંજોનોથી યુક્ત ઔષધમિશ્રિત ભોજન કરે, તે ભોજન પ્રારંભમાં સારું ન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લાગે, ત્યાર પછી જ્યારે તે અત્યંત પરિણામ પામે ત્યારે તે સુરુપપણે, સુવર્ણપણે, યાવત્ સુખપણે વારંવાર પરિણમે છે, દુખપણે પરિણામ પામતું નથી. એ પ્રમાણે હે કાલોદાયિ ! જીવોને પ્રાણાતિપાતવિરમણ, યાવત્ પરિગ્રહવિરમણ, ક્રોધનો ત્યાગ યાવત્ મિથ્યા-દર્શનશલ્યનો ત્યાગ પ્રારંભમાં સારો ન લાગે, પણ પછી જ્યારે તે પરિણામ પામે ત્યારે તે સુરુપપણે યાવત્ વારંવાર પરિણમે છે, પણ દુઃખરૂપે પરિણત થતો નથી. એ પ્રમાણે હે કાલોદાયિ ! જીવોના કલ્યાણ કર્મો કલ્યાણ ફલવિપાકસંયુક્ત હોય છે.

[૩૭૯]હે ભગવન્! સરખાં બેપુરુષો યાવત્ સમાન ભાંડ-પાત્રાદિઉપકરણવાળા હોય, તેઓ પરસ્પર સાથે અગ્નિકાયનો સમારંભ હિંસા કરે, તેમાં એક પુરુષ અગ્નિ-કાયને પ્રકટ કરે, અને એક પુરુષ તેને ઓલવે, હે ભગવન્ ! આ બે પુરુષોમાં કયો પુરુષ-મહાકર્મવાળો,મહાક્રિયાવાળો,મહાઆસ્રવવાળો અને મહાદેવનાવાળો હોય, અને કયો પુરુષ અલ્પકર્મવાળો યાવત્ અલ્પવેદનાવાળો હોય કે જે પુરુષ અગ્નિકાયને પ્રકટાવે છે તે, કે જે પુરુષ અગ્નિકાયને ઓલવી નાંખે તે ? હે કાલોદાયિ ! તે બે પુરુષમાં જે પુરુષ અગ્નિકાયને પ્રકટાવે છે, તે પુરુષ મહાકર્મવાળો યાવત્ મહાવેદનાવાળો હોય, અને જે પુરુષ અગ્નિકાયને ઓલવી નાંખે છે તે પુરુષ અલ્પકર્મવાળો યાવત્ અલ્પવેદનાવાળો હોય. હે ભગવન્ ! એ પ્રમાણે શાથી કહો છો હે કાલોદાયિ ! તે બેમાં જે પુરુષ અગ્નિ-કાયને પ્રદીપ્ત કરે છે, તે પુરુષ ઘણા પૃથિવીકાયનો સમારંભ કરે છે, થોડા અગ્નિકાયનો સમારંભ કરે છે, ઘણા વાયુકાયનો સમારંભ કરે છે, ઘણા વનસ્પતિકાયનો સમારંભ કરે છે અને ઘણા ત્રસકાયનો સમારંભ કરે છે. તેમાં જે પુરુષ અગ્નિકાયને ઓલવી નાંખે છે તે પુરુષ થોડા પૃથિવીકાયનો, થોડાઅપ્કાયનો, થોડાવાયુકાયનો, થોડાવનસ્પતિકાયનો, થોડા ત્રસકાયનો અને વધારે અગ્નિકાયનો સમારંભ કરે છે. તે હેતુથી હે કાલોદાયિ ! યાવત્ અલ્પવેદનાવાળો હોય.

[૩૮૦]હે ભગવન્! એમ છે કે અચિત્ત પણ પુદ્ગલો અવભાસ કરે, ઉદ્યોત કરે, તપે, પ્રકાશ કરે ? હે કાલોદાયિ ! હા એમ છે. હે ભગવન્ ! અચિત્ત છતાં પણ કયા પુદ્-ગલો અવભાસ કરે, યાવત્ પ્રકાશ કરે ? હે કાલોદાયિ ! ક્રોધાયમાન થયેલા સાધુની તેજોલેશ્યા નીકળીને દૂર જઈને દૂર પડે છે. દેશમાં જઈને તે દેશમાં-સ્થાનમાં પડે છે. જ્યાં જ્યાં તે પડે છે ત્યં ત્યાં અચિત્ત પુદ્ગલો પણ અવભાસ કરે છે, યાવત્પ્રકાશ કરે છે. તે કારણથી હે કાલોદાયિ ! એ અચિત્ત પુદ્ગલો પણ અવભાસ કરે છે, યાવત્ પ્રકાશ કરે છે. ત્યાર બાદ તે કાલોદાયી અનગાર શ્રમણ ભગવાન્ મહાવીરને વંદન કરે છે. નમસ્કાર કરે છે અને ઘણા ચતુર્થ, ષષ્ઠ અષ્ઠમ (ઇત્યાદિ તપ વડે) યાવત્ આત્માને વાસિત કરતા તે પ્રથમ શતકમાં કાલાસવેસિયપુત્તની પેઠે યાવદ્ સર્વદુઃખથી રહિત થયા. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, [એમ કહી ગૌતમ વિચરે છે.]

**[શતકઃ ૭-ઉદ્દેસાઃ ૧૦ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ]**

**શતકઃ ૭-ગુર્જરછાયા પૂર્ણ**

## શતકઃ ૮

### -ઃ ઉદ્દેશક ૧ ઃ-

[૩૮૧] પુદ્ગલ, આશીવિષ, વૃક્ષ, ક્રિયા, અજીવ, પ્રાસુક, અદત્ત, પ્રત્યનીક,



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બન્ધ અને આરાધના-એ સંબંધે દશ ઉદ્દેશકો આઠમાં શતકમાં છે.

[૩૮૨] રાજગૃહ નગરમાં યાવત્ [ગૌતમ] એ પ્રમાણે બોલ્યા-હે ભગવન્ ! કેટલા પ્રકારના પુદ્ગલો કહ્યા છે ? હે ગૌતમ ! ત્રણ પ્રકારના પુદ્ગલો કહ્યા છે. તે આ પ્રમાણે પ્રયોગપરિણત, મિશ્રપરિણત, અને વિસ્રસાપરિણત.

[૩૮૩] હે ભગવન્ ! પ્રયોગપરિણત પુદ્ગલો કેટલા પ્રકારના છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારના છે; એકેન્દ્રિયપ્રયોગપરિણત, બેઈન્દ્રિયપ્રયોગપરિણત, યાવત્ પંચેન્દ્રિય-પ્રયોગ પરિણત પુદ્ગલો. હે ભગવન્ ! એકેન્દ્રિયપ્રયોગપરિણત પુદ્ગલો કેટલા પ્રકાર-ના કહ્યા છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારના છે. પૃથિવીકાયિકએકેન્દ્રિય- પ્રયોગ પરિણત-પુદ્ગલો, યાવત્ વનસ્પતિકાયિકએકેન્દ્રિયપ્રયોગપરિણતપુદ્ગલો. હે ભગવન્ ! પૃથિ-વીકાયિકએકેન્દ્રિયપ્રયોગપરિણતપુદ્ગલો કેટલા પ્રકારના છે ? હે ગૌતમ ! બે પ્રકારના સૂક્ષ્મપૃથિવીકાયિકએકેન્દ્રિયપ્રયોગ પરિણતપુદ્ગલો, અને બાદરપૃથિવીકાયિકએ-કેન્દ્રિયપ્રયોગપરિણતપુદ્ગલો, એ પ્રમાણે અપ્કાયિકએકેન્દ્રિયપ્રયોગપરિણતપુદ્ગલો જાણવા, એ પ્રમાણે યાવત્ વનસ્પતિકાયિકપ્રયોગપરિણતપુદ્ગલો પણ બે પ્રકારના જાણવા. હે ભગવન્ ! બેઈન્દ્રિયપ્રયોગપરિણત પુદ્ગલો કેટલા પ્રકારના છે ? હે ગૌતમ ! તે અનેક પ્રકારના કહ્યા છે. એ પ્રમાણે તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિયપ્રયોગપરિણત પુદ્ગલો પણ જાણવા. હે ભગવન્!પંચેન્દ્રિયપ્રયોગપરિણતપુદ્ગલો કેટલા પ્રકારના છે ? હે ગૌતમ ! તે ચાર પ્રકારના છે. નારકપંચેન્દ્રિયપ્રયોગપરિણત, તિર્યંચપંચેન્દ્રિયપ્રયોગ પરિણત,મનુષ્યપંચેન્દ્રિયપ્રયોગપરિણત અને દેવપંચેન્દ્રિયપ્રયોગપરિણત.હે ભગવન્ ! નૈરયિકપંચન્દ્રિયપ્રયોગપરિણતપુદ્ગલો કેટલા પ્રકારના કહ્યા છે ? હે ગૌતમ ! નૈરયિક-પંચેન્દ્રિયપ્રયોગપરિણતપુદ્ગલો સાત પ્રકારના છે;રત્નપ્રભાપૃથિવીનૈરયિક-પંચેન્દ્રિય-પ્રયોગપરિણત, યાવત્ સપ્તમનરકપૃથિવીનૈરયિકપ્રયોગપરિણતપુદ્ગલો.

હે ભગવન્ તિર્યંચયોનિકપંચેન્દ્રિયપ્રયોગપરિણત પુદ્ગલો કેટલા પ્રકારના કહ્યા છે ? હે ગૌતમ ! તિર્યંચયોનિકપંચેન્દ્રિયપ્રયોગપરિણત પુદ્ગલો ત્રણ પ્રકારના કહ્યા છે, જલચરતિર્યંચયોનિકપંચેન્દ્રિયપ્રયોગપરિણત,સ્થલચરતિર્યંચયોનિક પંચેન્દ્રિયપ્રયોગ-પરિણત અને ખેચરતિર્યંચયોનિકપંચેન્દ્રિયપ્રોયગપરિણત પુદ્ગલો. હે ભગવન્ ! જલ-ચરતિર્યંચયોનિકપંચેન્દ્રિયપ્રયોગપરિણાત પુદ્ગલો કેટલા પ્રકારના કહ્યાછે?હે ગૌતમ ! જલચરતિર્યંચયોનિકપંચેન્દ્રિયપ્રયોગપરિણત પુદ્ગલો બે પ્રકારના કહ્યા છે; સંમૂર્છિમ-જલચરતિર્યંચપંચન્દ્રિયપ્રયોગપરિણત અને ગર્ભજજલચરતિર્યંચપંચેન્દ્રિયપ્રયોગપરિ-ણત. હે ભગવન્ ! સ્થલચરતિર્યંચયોનિકપ્રયોગ પરિણત પુદ્ગલો કેટલા પ્રકારના કહ્યા છે ? હે ગૌતમ ! સ્થલચરતિર્યંચયોનિકપંચેન્દ્રિય પ્રયોગપરિણત પુદ્ગલો બે પ્રકારના કહ્યા છે; ચતુષ્પદસ્થલચરપંચેન્દ્રિય પ્રયોગપરિણત અને પરિસર્પસ્થલચરતિર્યંચ-પંચેન્દ્રિયપ્રયોગપરિણત. હે ભગવન્ ! ચતુષ્પદસ્થચલચરતિર્યંચયોનિકપંચેન્દ્રિયપ્રયોગ-પરિણત પુદ્ગલો કેટલા પ્રકારના કહ્યા છે ? હે ગૌતમ! ચતુષ્પસ્થલચરતિર્યંચ- પંચેન્દ્રિ-યપ્રયોગપરિણત પુદ્ગલો બે પ્રકારના કહ્યા છે; સંમૂર્છિચતુષ્પદસ્થલચરતિર્યંચ- પંચે-ન્દ્રિયપ્રયોગપરિણત અને ગર્ભજચતુષ્પદસ્થલચરતિર્યંચપંન્દ્રિયપ્રયોગપરિણત. એ પ્રમાણે એ અભિલાપ (પાઠ) વડે પરિસર્પો બે પ્રકારના કહ્યા છે-ઉરપરિસર્પ અને ભુજ-પરિસર્પો. ઉરપરિસર્પો બે પ્રકારના કહ્યા છે- સંમૂર્છિમ અને ગર્ભજ. એ પ્રમાણે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભુજપરિસર્પો અને ખેચરો પણ બે પ્રકારના કહ્યા છે.

હે ભગવન્ ! મનુષ્યપંચેન્દ્રિયપ્રયોગપરિણત પુદ્ગલો કેટલા પ્રકારના કહ્યા છે ? હે ગૌતમ ! મનુષ્યપંચેન્દ્રિયપ્રયોગપરિણત પુદ્ગલો બે પ્રકારના કહ્યા છે. સંમૂર્છિમ-મનુષ્યપ્રયોગપરિણત અને ગર્ભજમનુષ્યપંચેન્દ્રિયપ્રયોગપરિણત. હે ભગવન્ ! દેવપ-ચેન્દ્રિયપ્રયોગપરિણતપુદ્ગલો કેટલા પ્રકારના કહ્યા છે ? હે ગૌતમ ! દેવપચેન્દ્રિય પ્રયોગપરિણત પુદ્ગલો ચાર પ્રકારના કહ્યા છે, તે આ પ્રમાણે-ભવન વાસિદેવ પંચેન્દ્રિયપ્રયોગપરિણત, અને યાવત્ વૈમાનિકદેવપંચેન્દ્રિયપ્રયોગપરિણતપુદ્ગલો. હે ભગવન્ ! ભવનવાસિદેપચંન્દ્રિયપ્રયોગપરિણત પુદ્ગલો કેટલા પ્રકારના કહ્યા છે ? હે ગૌતમ ! દશ પ્રકારના કહ્યા છે. સુરકુમારપ્રયોગપરિણંત. યાવત્ સ્તનિતકુમારપ્રયોગ-પરિણત. એ પ્રમાણે એ અભિલાપવડે આઠપ્રકારના વાનવ્યંતરો, પિશાચો યાવત્ ગા-ન્ધર્વો કહેવા, જ્યોતિષિકો પાંચ પ્રકારના કહ્યા છે; ચન્દ્રવિમાનજ્યોતિષિકદેવ, યાવત્ તારાવિમાનજ્યોતિષિકદેવ. વૈમાનિક દેવો બે પ્રકારના કહ્યા છે; કલ્પોપન્નકવૈમાનિક-દેવ અને કલ્પાતીત વૈમાનિકદેવ.કલ્પોપપન્નકવૈમાનિક બાર પ્રકારના કહ્યા છે; સૌધર્મ-કલ્પોપન્નક, યાવત્ અચ્યુતકલ્પોપન્નક. કલ્પાતીતવૈમાનિકો હે ગૌતમ ! બે પ્રકારે કહ્યા છે; તે આ પ્રમાણે ગ્રૈવેયકકલ્પાતીતવૈમાનિક દેવ અને અનુત્તરૌપપાતિકકલ્પાતીત વૈમાનિક દેવ. ગ્રૈવેયકકલ્પાતીત વૈમાનિક દેવો નવ પ્રકારે કહ્યા છે; અધસ્તન અધસ્તન ગ્રૈવેયકલ્પાતીત વૈમાનિક દેવો, યાવત્ ઉપર ઉપર ગ્રૈવેયક કલ્પાતીત દેવો.

અનુત્તરોપપાતિકકલ્પાતીતવૈમાનિકદેવપંચેન્દ્રિયપ્રયોગપરિણત પુદ્ગલો કેટલા પ્રકારના કહ્યા છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારના કહ્યા છે, વિજય અનુત્તરોપપાતિકદેવ-પ્રયોગપરિણત, યાવત્ સર્વાર્થસિદ્ધઅનુત્તરોપપાતિકદેવ પંચેન્દ્રિયપ્રયોગપરિણત હે ભગવન્ ! સૂક્ષ્મપૃથિવીકાયિકએકેન્દ્રિયપ્રયોગપરિણત પુદ્ગલો કેટલા પ્રકારના કહ્યા છે ? હે ગૌતમ ! બે પ્રકારના કહ્યા છે; પર્યાપ્તસૂક્ષ્મપૃથિવીકાયિકએકેન્દ્રિયપ્રયોગ-પરિણત અને અપર્યાપ્તસૂક્ષ્મ પૃથિવીકાયિકએકેન્દ્રિયપ્રયોગપરિણત. આ સ્થલે (બીજી વાચનામાં) કોઈ અપર્યાપ્તને પ્રથમ કહે છે. અને પછી પર્યાપ્તને કહે છે. એ પ્રમાણે બાદરપૃથિવીકાયિકએકેન્દ્રિય યાવત્ વનસ્પતિકાયિક કહેવા. તે બધા બબે પ્રકારે છે-સૂક્ષ્મ અને બાદર, તથા પર્યાપ્ત અને અપર્યાપ્ત. હે ભગવન્ ! બેઈન્દ્રિયપ્રયોગપરિણત પુદ્ગલો કેટલા પ્રકારના કહ્યા છે ? હે ગૌતમ ! બે પ્રકારના કહ્યા છે; તે આ પ્રમાણે પર્યાપ્તબેઈન્દ્રિયપ્રયોગપરિણત અને અપર્યાપ્તબેઈન્દ્રિયપ્રયોગપરિણત. એ પ્રમાણે ત્રીઈન્દ્રિયો અને ચઉરિન્દ્રિયો પણ જાણવા. હે ભગવન્ ! રત્નપ્રભાપૃથિવીનૈરયિક-પ્રયોગપરિણત પુદ્ગલો કેટલા પ્રકારના કહ્યા છે ? હે ગૌતમ ! બે પ્રકારના કહ્યા છે; તે આ પ્રમાણે-પર્યાપ્તરત્નપ્રભા પૃથિવીનૈરયિકપ્રયોગપરિણત અને અપર્યાપ્તરત્નપ્રભાપૃથિ-વીનૈરયિયપ્રયોગપરિણત. એ પ્રમાણે યાવત્ નીચે સાતમી નરકપૃથ્વી સુધી જાણવું..

હે ભગવન્ ! સંમૂર્છિમજલચરતિર્યંચયોનિકપ્રયોગપરિણત પુદ્ગલો કેટલા પ્રકારના કહ્યાછે ? હે ગૌતમ! બે પ્રકારના. પર્યાપ્ત સંમૂર્છિમજલચરપ્રયોગપરિણત અને અપર્યાપ્ત સમૂર્છિમ જલચર પ્રયોગપરિણત. એ પ્રમાણે ગર્ભજ જલચરો પણ જાણવા. એ પ્રમાણે સંમૂર્છિમ તથા ગર્ભજ ચતુષ્પદસ્થલચર જીવો જાણવા, એ પ્રમાણે યાવત્ સંમૂર્છિમ તથા ગર્ભજ ખેચરો પણ જાણવા; તે દરેકના પર્યાપ્ત અને અપર્યાપત બે ભદે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કહેવા. હે ભગવન્ ! સંમૂર્છિમમનુષ્યપંચેન્દ્રિયપ્રયોગપરિણત પુદ્ગલો કેટલા પ્રકારના કહ્યા છે ? હે ગૌતમ ! તે એક પ્રકારના કહ્યા છે, અપર્યાપ્તસંમૂર્છિમમનુષ્યપંચેન્દ્રિય-પ્રયોગપરિણત. હે ભગવન્ ! ગર્ભજમનુષ્ય પંચેન્દ્રિયપ્રયોગપરિણત પુદ્ગલો કેટલા પ્રકારના કહ્યા છે ? હે ગૌતમ ! બે પ્રકારના કહ્યા છે, પર્યાપ્તગર્ભજપ્રયોગપરિણત અને અપર્યાપ્તગર્ભજપ્રયોગપરિણત. હે ભગવન્ ! અસુરકુમારભવનવાસિદેવપ્રયોગપરિ-ણત પુદ્ગલો કેટલા પ્રકારના કહ્યાછે ? હે ગૌતમ ! બે પ્રકારના કહ્યાછે; પર્યાપ્તઅસુર કુમારપ્રયોગપરિણત અને અપર્યાપ્તઅસુરકુમારપ્રયોગપરિણત; એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમારો જાણવા. એ પ્રમાણે એ અભિલાપવડે બે ભેદો પિશાચો યાવત્ ગાંધર્વો-ના જાણવા. તેમજ ચન્દ્રો યાવત્ તારાવિમાનો. સૌધર્મ કલ્પોપપન્નક, યાવત્ અચ્યુત-કલ્પોપપન્નક,તથા નીચેનીચેની ગ્રૈવેયક કલ્પાતીત યાવત્ ઉપરઉપરના ગ્રૈવેય- કલ્પાતી-તદેવપ્રયોગપરિણત, વિજય અનુત્તરૌપપાતિક, યાવત્ અપરાજિતઅનુત્તરૌપપાતિક.

હે ભગવન્ ! સર્વાર્થસિદ્ધઅનુત્તરૌપપાતિકકલ્પાતીતદેવપ્રયોગપરિણત પુદ્-ગલો કેટલા પ્રકારના કહ્યા છે ? હે ગૌતમ ! તે બે પ્રકારના કહ્યા છે; પર્યાપ્તસર્વાર્થ-સિદ્ધઅનુત્તરોપપાતિક; યાવત્ અપર્યાપ્તસર્વાર્થસિદ્ધપ્રયોગપરિણત. જે પુદ્ગલો અપ-ર્યાપ્તસૂક્ષ્મપૃથિવીકાયએકેન્દ્રિય-પ્રયોગપરિણત છે તે ઔદારિક, તૈજશ અને કાર્મણશા-રીરપ્રયોગપરિણત છે; અને જે પુદ્ગલો પર્યાપ્તસૂક્ષ્મપૃથિવીકાયએકેન્દ્રિયપ્રયોગપરિ ણત છે તે ઔદારિક, તૈજશ અને કાર્મણશરીરપ્રયોગપરિણત છે. એ પ્રમાણે યાવત્ ચઉરિન્દ્રિય પર્યાપ્ત જાણવા, પરન્તુ વિશેષ એ છે કે જે પુદ્ગલો પર્યાપ્તબાદરવાયુ-કાયિકએકેન્દ્રિયપ્રયોગપરિણત છે તે ઔદારિક, વૈક્રિય, તૈજસ અને કાર્મણશરીર-પ્રયોગપરિણત છે, બાકીનું સર્વ પૂર્વે કહ્યા પ્રમાણે જાણવું. જે પુદ્ગલો અપર્યાપ્તરત્ન પ્રભાપૃથિવીનારકપંચેન્દ્રિયપ્રયોગપરિણત છે તે વૈક્રિય, તૈજસ અને કાર્મણશરીરપ્રયોગ પરિણત છે. એ પ્રમાણે પર્યાપ્તનારકો પણ જાણવા. એ પ્રમાણે યાવત્ સપ્તમ પૃથિવી સુધી જાણવું. જે પુદ્ગલો અપર્યાપ્ત સંમૂર્છિમજલચરપ્રયોગપરિણત છે તે ઔદારિક, તૈજસ, અને કાર્મણ શરીર યાવત્ પરિણત છે. એ પ્રમાણે પર્યાપ્ત [સંમૂર્છિમ જલચર] પણ જાણવા. ગર્ભજઅપર્યાપ્ત અને ગર્ભજપર્યાપ્ત પણ એમજ જાણવા, પરન્તુ વિશેષ એ છે કે પર્યાપ્તબાદરવાયુકાયિકની પેઠે તેઓને ચાર શરીર હોય છે. એ પ્રમાણે જેમ જલચરોમાં ચાર આલાપક કહેલા છે તેમ ચતુષ્પદ, ઉરપરિસર્પ, ભુજપરિસર્પ અને ખે-ચરોમાં પણ ચાર આલાપક કહેવા, જે પુદ્ગલો સંમૂર્છિમમનુષ્યપંચેન્દ્રિયપ્રયોગ-પરિણત છે, તે ઔદારિક, તૈજસ અને કાર્મણશરીરપ્રયોગપરિણત છે; એ પ્રમાણે ગર્ભજ અપર્યાપ્તા જાણવા, પર્યાપ્તા પણ એમજ જાણવા. પરન્તુ વિશેષ એ કે તેઓને પાંચ શરીર કહેવાં. જેમ નૈરયિકો સંબન્ધે કહ્યું, તેમ અપર્યાપ્ત અસુકરુમારભવનવાસિદેવો સંબંન્ધે પણ જાણવું, તેમ પર્યાપ્ત સંબન્ધે પણ જાણવું એ પ્રકારે એ બે ભેદવડે યાવત્ સ્તનિતકુમારો પણ જાણવા. એ પ્રમાણે પિશાચો અને યાવત્ ગંધાર્વો જાણવા. ચંદ્રો યાવત્ તારા વિમાનો, સૌધર્મકલ્પ યાવત્ અચ્યુતકલ્પ, નીચેના ગ્રૈવેયક યાવત્ ઉપરના ગ્રૈવેયક અને વિજયઅનુત્તરોપપાતિક યાવત્ સર્વાર્થસિદ્ધ. અનુત્તરોપપાતિકના પ્રત્યેક બેબે ભેદ કહેવા; યાવત્ જે પુદ્ગલો અપર્યાપ્તસર્વાર્થસિદ્ધઅનુત્તરૌપપાતિક યાવત્ પ્રયોગપરિણત છે, તે વૈક્રિય, તૈજસ અને કાર્મણશરીરપ્રયોગપરિણત છે. એ પ્રમાણે ત્રણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દંડક કહ્યા.

જે પુદ્ગલો અપર્યાપ્તસૂક્ષ્મપૃથિવીકાયિકએકેન્દ્રિયપ્રયોગપરિણત છે તે સ્પર્શેન્દ્રિયપ્રયોગપરિણત છે, જે પુદ્ગલો પર્યાપ્તસૂક્ષ્મપૃથિવીકાયિકએકેન્દ્રિયપ્રયોગ પરિણત છે તે એ પ્રમાણે છે. જે પુદ્ગલો અપર્યાપ્તબાદર પૃથિવીકાયિકપ્રયોગપરિણત છે તે પણ એજ પ્રકારે છે. જે પુદ્ગલો પર્યાપ્તબાદ રપૃથિવીકાયિકપ્રયોગપરિણત છે તે પણ એવાજ છે. એ પ્રમાણે ચાર ભેદો યાવત્ વનસ્પતિકાયિકોના જાણવા. જે પુદ્ગલો અપર્યાપ્તબેઇન્દ્રિયપ્રયોગપરિણત છે તે જિહ્વાઇન્દ્રિય અને સ્પર્શેન્દ્રિયપ્રયોગપરિણત છે. જે પર્યાપ્તવેઇન્દ્રિયપ્રયોગપરિણત છે તે એ પ્રમાણે જાણવા. એ પ્રકારે યાવત્ ચઉરિન્દ્રિય જીવો જાણવા; પરન્તુ એક એક ઇન્દ્રિય વધારવી યાવત્ જે પુદ્ગલો અપર્યાપ્તપ્રભાપૃથિવીનારકપંચેન્દ્રિયપ્રયોગપરિણત છે તે શ્રોત્રેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, જિહ્વેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિયપ્રયોગપરિણત છે. એ પ્રમાણે પર્યાપ્તનારક પ્રયોગપરિણત પુદ્ગલો પણ જાણવા. સર્વ તિર્યંચયોનિકો, મનુષ્યો અને દેવો પણ એ પ્રકારે કહેવા. યાવત્ જે પુદ્ગલો પર્યાપ્તસર્વાર્થસિદ્ધઅનુત્તરૌપપાતિકદેવપ્રયોગ પરિણત છે તે શ્રોત્રેન્દ્રિય ચક્ષુરિન્દ્રિય ઇત્યાદિ યાવત્ પરિણત છે.

જે પુદ્ગલો અપર્યાપ્તસૂક્ષ્મપૃથિવીકાયિકએકેન્દ્રિય ઔદારિક, તૈજસ અને કાર્મણશરીરપ્રયોગપરિણત છે તે સ્પર્શેન્દ્રિયપ્રયોગપરિણત છે. જે પુદ્ગલો પર્યાપ્તસૂક્ષ્મપૃથિવીકાયિકપ્રયોગપરિણત છે તે એ પ્રમાણે છે. અપર્યાપ્તબાદરપૃથિવીકાયિક, પર્યાપ્તબાદરપૃથિવીકાયિક પણ એ પ્રમાણે જાણવા. એ પ્રકારે એ અભિલાપ વડે જેને જેટલી ઇન્દ્રિયો અને શરીરો હોય તેને તેટલાં કહેવાં. યાવત્ જે પુદ્ગલો પર્યાપ્તસર્વાર્થસિદ્ધઅનુત્તરૌપપાતિકદેવપંચેન્દ્રિય વૈક્રિય, તૈજસ અને કાર્મણશરીરપ્રયોગપરિણત છે તે શ્રોત્રેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય યાવત્ સ્પર્શેન્દ્રિયપ્રયોગપરિણત છે.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

જે પુદ્ગલો અપર્યાપ્તસૂક્ષ્મપૃથિવીકાયિકએકેન્દ્રિયપ્રયોગપરિણત છે તે વર્ણથી કાળાવર્ણે, નીલવર્ણે, રક્તવર્ણે, પીતવર્ણે અને શુકલવર્ણે પણ પરિણત છે; ગન્ધથી સુરભિગન્ધ અને દુરભિગન્ધપણે પણ પરિણત છે. રસથી તિક્તરસ, કટુકરસ, કષાયરસ,અમ્લરસ અને મધુરરસરૂપે પણ પરિણત છે;સ્પર્શથી કર્કશસ્પર્શ, યાવત્ રૂક્ષસ્પર્શરૂપે પણ પરિણત છે,અને સંસ્થાનથી પરિમંડલસંસ્થાન,વૃત્તસંસ્થાન, ત્ર્યસ્રસ્થાન, ચતુરસ્ર સંસ્થાન અને આયતસંસ્થાનરૂપે પણ પરિણત છે. જે પુદ્ગલો પર્યાપ્તસૂક્ષ્મપૃથિવીકાયિકએકેન્દ્રિયપ્રયોગપરિણત છે, તે એ પ્રમાણે જાણવા. અને એ પ્રકારે સર્વ ક્રમપૂર્વક જાણવું. યાવત્ જે પુદ્ગલો પર્યાપ્ત સર્વાર્થસિદ્ધ અનુત્તરૌપપાતિકયાવત્ પ્રયોગપરિણત છે તે વર્ણથી કાલાવર્ણે પરિણત પણ છે,યાવત્આયતસંસ્થાન રૂપે પણ પરિણત.

જે પુદ્ગલો અપર્યાપ્તસૂક્ષ્મપૃથિવીકાયિકએકેન્દ્રિયઔદારિક, તૈજસ અને કાર્મણશરીરપ્રયોગપરિણત છે, તે વર્ણથી કાલાવર્ણે પણ પરિણત છે, યાવત્ આયતસંસ્થાનરૂપે પણ પરિણત છે. એ પ્રમાણે પર્યાપ્તસૂક્ષ્મપૃથિવીકાયિકપ્રયોગ પરિણત પુદ્ગલો પણ જાણવા. એ પ્રકારે યથાનુક્રમે જાણવું. જેને જેટલાં શરીર હોય [તેને તેટલાં કહેવાં] યાવત્ જે પુદ્ગલો પર્યાપ્તસર્વાર્થસિદ્ધઅનુત્તરૌપપાતિકદેવ પંચેન્દ્રિય વૈક્રિય, તૈજસ અને કાર્મણશરીરપ્રયોગપરિણત છે તે વર્ણથી કાળાવર્ણે પણ પરિણત છે, અને સંસ્થાનથી યાવત્ આયતસંસ્થાનરૂપે પણ પરિણત છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જે પુદ્ગલો અપર્યાપ્તસૂક્ષ્મપૃથિવીકાયિકએકેન્દ્રિયસ્પર્શેન્દ્રિયપ્રયોગપરિણત છે તે વર્ણથી કાલાવર્ણે પરિણત છે, યાવત્ આયતસંસ્થાનરૂપે પણ પરિણત છે. જે પુદ્ગલો પર્યાપ્તસૂક્ષ્મપૃથિવીકાયિક એકેન્દ્રિયસ્પર્શેન્દ્રિયપ્રયોગપરિણત છે તે પણ એ પ્રમાણે જાણવા. એ પ્રકારે સર્વ અનુક્રમે જાણવું, જેને જેટલી ઇન્દ્રિયો હોય તેને તેટલી કહેવી; યાવત્ જે પુદ્ગલો પર્યાપ્તસર્વાર્થસિદ્ધઅનુત્તરૌપપાતિકદેવપંચેન્દ્રિય શ્રોત્રેન્દ્રિય યાવત્ સ્પર્શેન્દ્રિયપ્રયોગપરિણત છે તે વર્ણથી કાલાવર્ણે પરિણત છે, યાવત્ આયતસંસ્થાનપણે પરિણત છે.

જે પુદ્ગલો અપર્યાપ્તસૂક્ષ્મપૃથિવીકાયિકએકેન્દ્રિય ઔદારિક, તૈજસ અને કાર્મણ, અને સ્પર્શેન્દ્રિયપ્રયોગપરિણત છે તે વર્ણથી કાલવર્ણે પણ પરિણત છે, યાવત્ આયતસંસ્થાનપણે પણ પરિણત છે. પર્યાપ્તસૂક્ષ્મપૃથિવીકાયિક-પણ એ પ્રમાણે જાણવા. એ પ્રકારે અનુક્રમે સર્વ જાણવું. જેને જેટલાં શરીર અને ઇન્દ્રિયો હોય તેને તેટલાં કહેવાં, યાવત્ જે પુદ્ગલો પર્યાપ્તસર્વાર્થસિદ્ધઅનુત્તરૌપપાતિકદેવપંચેન્દ્રિય-વૈક્રિય, તૈજસ અને કાર્મણ તથા શ્રોત્રેન્દ્રિય યાવત્ સ્પર્શેન્દ્રિયપ્રયોગપરિણત છે તે વર્ણથી કાલાવર્ણે યાવત્ આયતસંસ્થાનપણે પરિણત છે. એ પ્રમાણે નવ દંડકો છે.

[૩૮૪] હે ભગવન્ ! મિશ્રપરિણત પુદ્ગલો કેટલા પ્રકારના કહ્યા છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારના છે; એકેન્દ્રિયમિશ્રપરિણત યાવત્ પંચેન્દ્રિ યમિશ્રપરિણત. હે ભગવન્ ! એકેન્દ્રિયમિશ્રપરિણતપુદ્ગલો કેટલા પ્રકારના છે ? હે ગૌતમ ! જેમ પ્રયોગપરિણત પુદ્ગલો સંબન્ધે નવ દંડક કહ્યા તેમ મિશ્રપરિણતપુદ્ગલો સંબન્ધે પણ નવ દંડક કહેવા. પરન્તુ વિશેષ એ છે કે [પ્રયોગ પરિણતને સ્થાને] 'મિશ્રપરિણત' એવો પાઠ કહેવો. બાકી બધું તે પ્રમાણે જાણવું. યાવત્ જે પુદ્ગલો પર્યાપ્તસર્વાર્થસિદ્ધઅનુત્તરૌપપાતિકપ્રયોગપરિણત છે તે આયત સંસ્થાનરૂપે પણ પરિણત છે.

[૩૮૫] હે ભગવન્ ! વીસ્રસાપરિણત પુદ્ગલો કેટલા પ્રકારના કહ્યા છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારના છે; વર્ણપરિણત, ગંધપરિણત, રસપરિણત, સ્પર્શપરિણ અને સંસ્થાનપરિણત. જે વર્ણપરિણત પુદ્ગલો છે તે પાંચ પ્રકારના છે; કાલાવર્ણરૂપે પરિણત, યાવત્ શુકલવર્ણરૂપે પરિણત. જે ગંધપરિણત છે તે બે પ્રકારના છે; સુગંધપરિણત અને દુર્ગંધપરિણત. એ પ્રમાણે જેમ પ્રજ્ઞાપના પદમાં કહ્યું છે તેમ સર્વ જાણવું. યાવત્ જે સંસ્થાનથી આયતસંસ્થાનરૂપે પરિણત છે તે વર્ણથી કાળાવર્ણરૂપે પણ પરિણત છે, યાવત્ રૂક્ષસ્પર્શરૂપે પણ પરિણત છે.

[૩૮૬] હે ભગવન્ ! એક દ્રવ્ય શું પ્રયોગપરિણત હોય, મિશ્રપરિણત હોય કે વિસ્રસાપરિણત હોય ? હે ગૌતમ ! ત્રણે પણ હોય. હે ભગવન્ ! જો તે [એકદ્રવ્ય] પ્રયોગ-પરિણત હોય તો શું મનઃપ્રયોગપરિણત હોય, વાક્પ્રયોગપરિણત હોય, કે કાયપ્રયોગ-પરિણત હોય ? હે ગૌતમ ! તે ત્રણે પણ હોય. હે ભગવન્ ! જો તે એકદ્રવ્ય મનઃપ્રયોગ-પરિણત હોય તો શું સત્યમનઃ પ્રયોગપરિણ હોય, મૃષામનઃપ્રયોગપરિણત હોય; સત્ય-મૃષામનઃપ્રયોગપરિણત હોય કે અસત્યા મૃષામનઃપ્રયોગપરિણત હોય ? હે ગૌતમ ! તે ચારે પણ હોય હે ભગવન્ ! જો તે એકદ્રવ્ય સત્યમનઃપ્રયોગપરિણત હોય તો શું આરંભ-સત્યમનઃપ્રયોગપરિણત હોય, અનારંભસત્યમનઃપ્રયોગપરિણત હોય, સંરંભ સત્ય-મનઃપ્રયોગપરિણત હોય, અસંરંભસત્યમનઃપ્રયોગપરિણત હોય, સમારંભ સત્યમનઃ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રયોગપરિણતહોયકેઅસમારંભસત્યમનઃપ્રયોગપરિણતહોય?હેગૌતમ!તેસર્વે હોય.

હે ભગવન્ ! જો તે એક દ્રવ્ય મૃષામનઃપ્રયોગપરિણત હોય તો શું આરંભ મૃષામનઃપ્રયોગપરિણત હોય ? એ પ્રમાણે જેમ સત્યમનઃપ્રયોગપરિણતને વિષે કહ્યું તેમ મૃષામનઃપ્રયોગપરિણત વિષે જાણવું. એ પ્રમાણે સત્યમૃષામનઃપ્રયોગને વિષે અને અસત્યામૃષામનઃપ્રયોગને વિષે પણ જાણવું. હે ભગવન્ ! જો તેએક દ્રવ્ય વાક્યપ્રયોગ પરિણત હોય તો શું સત્યવાક્યપ્રયોગપરિણત હોય ? એ પ્રમાણે જેમ મનઃપ્રયોગ પરિણતને વિષે કહ્યું, તેમ વચનપ્રયોગપરિણતને વિષે પણ જાણવું, યાવત્ અસમારં ભવચનપ્રયોગપરિણત હોય. હે ભગવન્ ! જો તે એક દ્રવ્ય કાયપ્રયોગપરિણત હોય તો શું ઔદારિકશરીરકાયપ્રયોગપરિણત હોય, ઔદારિક મિશ્રશરીરકાયપ્રયોગપરિણત હોય, વૈક્રિયશરીરકાયપ્રયોગપરિણતહોય, વૈક્રિયમિશ્રશરીરકાયપ્રયોગપરિણત હોય, આહારકશરીરકાયપ્રયોગપરિણતહોય, આહારકમિશ્રશરીરકાયપ્રયોગપરિણત હોય કે કાર્મણશરીરપ્રયોગપરિણત હોય ? હે ગૌતમ ! તે એક દ્રવ્ય ઔદારિકશરીર કાય-પ્રયોગપરિણત પણ હોય, યાવત્ કાર્મણશરીરકાયપ્રયોગપરિણત પણ હોય. જો તે ઔદારિકશરીરકાયપ્રયોગપરિણત હોય તો શું એકેન્દ્રિયોઔદારિક શરીરકાયપ્રયોગ-પરિણત હોય, બેઇન્દ્રિયઔદારિકશરીરકાયપ્રયોગપરિણત હોય, કે યાવત્ પંચેન્દ્રિય-ઔદારિકશરીરકાયપ્રયોગપરિણત હોય?હે ગૌતમ !તે એક દ્રવ્ય એકેન્દ્રિયઐઔદારિ-કશરીરકાયપ્રયોગપરિણત હોય, બેઇન્દ્રિય, યાવત્ પંચેન્દ્રિય- ઔદારિકશરીરકાય-પ્રયોગપરિણત હોય.

હે ભગવન્ ! જો તે દ્રવ્ય એકેન્દ્રિયઔદારિકશરીરકપ્રયોગપરિણત હોય તો શું પૃથિવીકાયિકએકેન્દ્રિયઔદારિકશરીરકાયપ્રયોગપરિણત હોય કે યાવત્ વનસ્પતિ કાયિકએકેન્દ્રિયઔદારિકશરીરકાયપ્રયોગપરિણત હોય ? હે ગૌતમ ! તેમ હોય. હે ભગવન્ ! જો તે એક દ્રવ્ય પૃથિવીકાયિકએકેન્દ્રિયઔદારિકશરીરપ્રયોગ પરિણત હોય શું સૂક્ષ્મપૃથિવીકાયિક-એકેન્દ્રિયકાયપ્રયોગપરિણગત હોય કે બાદર પૃથિવીકાયિક-એકેન્દ્રિયકાયપ્રયોગપરિણત હોય ? હે ગૌતમ ! તે બંને હોય. હે ભગવન્ ! જો તે એક દ્રવ્ય સૂક્ષ્મપૃથિવીકાયિકકાયપ્રયોગપરિણત હોય તો શું પર્યાપ્તસૂક્ષ્મપૃથિવીકાયિક-કાય-પ્રયોગપરિણત હોય, કે અપર્યાપ્તસૂક્ષ્મપૃથિવીકાયિક કાયપ્રયોગપરિણત હોય ? હે ગૌતમ!તે બંને હોય.એ પ્રમાણે બાદર પૃથિવીકાયિકો જાણવા. એ પ્રમાણે યાવત્ વનસ્પ-તિકાયના ચાર ભેદ અને બેઇન્દ્રિય, ત્રીઇન્દ્રિય, અને ચઉરિન્દ્રિય જીવોના બે ભેદ પર્યાપ્ત અને અપર્યાપ્ત જાણવા. હે ભગવન્ ! જો તે એક દ્રવ્ય પંચેન્દ્રિયઔદારિક શરીર- પ્રયોગ-પરિણત હોય તો શું તિર્યચોનિકપંચેન્દ્રિયૌદારિકશરીરકાયપ્રયોગ પરિણત હોય કે મનુષ્યપંચેન્દ્રિયઔદારિકશરીરકાયપ્રયોગપરિણત હોય ? હે ગૌતમ ! તે બંને હોય. હે ભગવન્!જો તે એક દ્રવ્યતીર્યંચયોનિ કકાયપ્રયોગપરિણત હોય તો શું જલચરતિર્યંચયો-નિકકાયપ્રયોગપરિણત હોય કેસ્થલચર અને ખેચરયોનિકકાયપ્રયોગપરિણત હોય ? પૂર્વપ્રમાણેયાવત્ખેચરોના[સંમૂર્છિમ,ગર્ભજ,પર્યાપ્તઅનેઅપર્યાપ્ત]ચારભેદોજાણવા.

હે ભગવન્ ! જો તે એક દ્રવ્ય મનુષ્યપંચેન્દ્રિયકાયપ્રયોગપરિણત હોય તો શું સંમૂ-ર્છિમમનુષ્યપંચેન્દ્રિયકાયપ્રયોગપરિણત હોય કે ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિયકાય પ્રયોગ પરિણત ? હે ગૌતમ ! તે બંને હોય. હે ભગવન્ ! જો તે એક દ્રવ્ય ગર્ભજમનુષ્યકાય-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રયોગપરિણત હોય કે અપર્યાપ્તગર્ભજમનુષ્યપંચેન્દ્રિયકાયપ્રયોગ- પરિણત હોય ? હે ગૌતમ ! તે બંને હોય. હે ભગવન્ ! જો તે એક દ્રવ્ય ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગ પરિણત હોય તો શું એકેન્દ્રિયઔદારિમિશ્રશરીરકાયપ્રયોગપરિણત હોય કે યાવત્ પંચેન્દ્રિયઔદારિકમિશ્રકાયપ્રયોગ પરિણત હોય ? હે ગૌતમ ! એકેન્દ્રિયઔદારિ-કમિશ્રકાયપ્રયોગપરિણત હોય. જેમ 'ઔદારિકશરીરકાયપ્રયોગપરિણત' નો આલા-પક કહ્યો તેમ 'ઔદારિકમિશ્રશરીર કાયપ્રયોગપરિણત' નો પણ આલાપક કહેવો. પરન્તુ વિશેષ એ છે કે 'ઔદારિ કમિશ્રકાયપ્રયોગપરિણત'નો આલાપક બાદરવાયુ-કાયિક, ગર્ભજપંચેન્દ્રિયતિર્યંચ અને ગર્ભજમનુષ્ય પર્યાપ્તા અપર્યાપ્તા એઓને અને તે સિવાય બાકીના અપર્યાપ્તા જીવોને કહેવો. હે ભગવન્ ! જો એક દ્રવ્ય વૈક્રિયશરીરકાય-પ્રયોગપરિણત હોય તો શું એકેન્દ્રિયવૈક્રિયશરીરકાયપ્રયોગપરિણત હોય કે યાવત્ પંચેન્દ્રિયવૈક્રિયશરીરકાય પ્રયોગપરિણત હોય ? હે ગૌતમ ! તે બંને પણ હોય.

હે ભગવન્ ! જો તે એક દ્રવ્ય એકેન્દ્રિયવૈક્રિયકાયપ્રયોગપરિણત હોય તો શું વાયુકાયિકએકેન્દ્રિયવૈક્રિયકાયપ્રયોગપરિણત હોય કે વાયુકાયિક સિવાય એકન્દ્રિય કાયપ્રયોગપરિણત હોય ? હે ગૌતમ ! તે એક દ્રવ્ય વાયુકાયિકએકેન્દ્રિય કાયપ્રયોગ રિણત હોય, પણ વાયુકાયિક શિવાય એકેન્દ્રિયકાયપ્રયોગપરિણત ન હોય. એ પ્રમાણે એ અભિલાપ થી પ્રજ્ઞાપના સૂત્રના 'અવગાહનાસંસ્થાન' પદને વિશે વૈક્રિય શરીર-સંબધે કહ્યું છે તેમ અહીં પણ કહેવું; યાવત્ પર્યાપ્તસર્વાર્થસિદ્ધઅનુત્તરૌપ પાતિકકલ્પા-તીતવૈમાનિકદેવપંચેન્દ્રિયવૈક્રિયશરીરકાયપ્રયોગપરિણત હોય કે અપર્યાપ્તસર્વાર્થ-સિદ્ધવૈક્રિયકાયપ્રયોગપરિણત હોય. હે ભગવન્ !જો તે એક દ્રવ્ય વૈક્રિયમિશ્રશરીરકાય-પ્રયોગપરિણત હોય તો શું એકેન્દ્રિયવૈક્રિયમિશ્રશરીરકાય પ્રયોગપરિણત હોય કે યાવત્ પંચેન્દ્રિયવૈક્રિયમિશ્રશરીરકાયપ્રયોગપરિણત હોય ? હે ગૌતમ ! જેમ વૈક્રિય-શરીરપ્રયોગસંબન્ધે કહ્યું, તેમ વૈક્રિયમિશ્રકાયપ્રયોગસંબન્ધે પણ કહેવું; પરન્તુ વિશેષ એ છે કે વૈક્રિયમિશ્રકાયપ્રયોગ દેવ અને નૈરયિક અપર્યાપ્તને અને બાકીના બધા પર્યાપ્તને કહેવો; યાવત્ પર્યાપ્તસર્વાર્થસિદ્ધઅનુત્તરૌપપાતિકવૈક્રિય મિશ્રકાયપ્રયોગ-પરિણત ન હોય, પણ અપર્યાપ્તસર્વાર્થસિદ્ધઅનુત્તરૌપપાતિકદેવ પંચેન્દ્રિયવૈક્રિયમિશ્ર-શરીરકાયપ્રયોગપરિણત હોય. હે ભગવન્ ! જો તે એક દ્રવ્ય આહારકશરીરકાય-પ્રયોગપરિણત હોય તો શું મનુષ્યાહારકશરીરકાયપ્રયોગપરિણત હોય કે અમનુષ્યા-હારકકાયપ્રયોગપરિણત હોય ? હે ગૌતમ ! એ પ્રમાણે જેમ પ્રજ્ઞાપનાસૂત્રના અવગાહ-નાસંસ્થાન' પદને વિષે કહ્યું છે તેમ જાણવું યાવત્ ૠદ્ધિ-વ્યાપ્ત-આહારકલબ્ધિમાન પ્રમત્તસાધુ સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યેયવર્ષાયુષ્વાળા મનુષ્યાહારાકકાયપ્રયોગપરિ-ણત હોય, પણ ૠદ્ધિને-આહારકલબ્ધિને-અપ્રાપ્ત પ્રમત્ત સંયત સમ્યગ્દૃષ્ટિ સંખ્યાત-વર્ષાયુષવાળા મનુષ્યાહારકકાયપ્રયોગપરિણત ન હોય.

હે ભગવન્ ! જો તે એક દ્રવ્ય આહારકમિશ્રશરીરકાયપ્રયોગપરિણત હોય તો શું મનુષ્યાહારકમિશ્રશરીરકાયપ્રયોગપરિણત હોય ? ઇત્યાદિ. હે ગૌતમ ! જેમ આહારકશરીરસંબન્ધે કહ્યું તેમ આહારકમિશ્રસંબન્ધે પણ કહેવું. હે ભગવન્ જો તે એક દ્રવ્ય કાર્મણશરીરપ્રયોગપરિણત હોય તો શું એકેન્દ્રિયકર્મણશરીર કાયપ્રયોગ-પરિણત હોય કે યાવત્ પંચેન્દ્રિયકાર્મણશરીરકાયપ્રયોગપરિણત હોય ! હે ગૌતમ ! તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એક દ્રવ્ય એકેન્દ્રિયકાર્મણશરીરકાયપ્રયોગપરિણત હોય. એ પ્રમાણે જેમ પ્રજ્ઞાપના સૂત્રના 'અવગાહનાસંસ્થાન' પદને વિષે કહ્યું છે તેમ અહીં પણ જાણવું, યાવત્ પર્યાપ્ત-સર્વાર્થસિદ્ધઅનુત્તરૌપપાતિકદેવપંચેન્દ્રિયકાર્મણશરીરકાયપ્રયોગપરિણત હોય, કે અપર્યાપ્તસર્વાર્થસિદ્ધઅનુત્તરૌપપાતિકકાર્મણશરીરકાયપ્રયોગપરિણતહોય.હે ભગવન્ ! જો તે એક દ્રવ્ય મિશ્રપરિણત હોય તો શું મનોમિશ્રપરિણત હોય, વચનમિશ્રપરિણત હોય, કે કાયમિશ્રપરિણત હોય ? હે ગૌતમ ! તે ત્રણે હોય. હે ભગવન્ જો તે એક દ્રવ્ય મનોમિશ્રપરિણત હોય તો શું સત્યમનોમિશ્રપરિણત હોય, મૃષામનોમિશ્રપરિણત હોય ? હે ગૌતમ ! જેમ પ્રયોગપરિણત પુદ્ગલો સંબન્ધે કહ્યું તેમ મિશ્રપરિણતસંબન્ધે સર્વકહેવું,યાવત્ પર્યાપ્તસર્વાર્થસિદ્ધઅનુત્તરૌપપાતિકદેવપંચેન્દ્રિયકાર્મણશરીરમિશ્ર-પરિણત હોય, કે અપર્યાપ્તસર્વાર્થસિદ્ધઅનુત્તરૌપપાતિકકાર્મણશરીરમિશ્રપરિણત.

હે ભગવન્ ! જો તે એક દ્રવ્ય વિસ્રસાપરિણત-સ્વભાવપરિણત હોય તો શું તે વર્ણપરિણતહોય, ગંધપરિણતહોય, રસપરિણતહોય, સ્પર્શપરિણત હોય કે સંસ્થાન-પરિણત હોય ? હે ગૌતમ ! તે પાંચે હોય. હે ભગવન્ જો તે એક દ્રવ્ય વર્ણપરિણત હોય તો શું કાળાવર્ણપણે પરિણત હોય, કે યાવત્ શુક્લવર્ણપણે પરિણત હોય ? હે ગૌતમ ! તે સર્વે હોય. હે ભગવન ! જો તે એક દ્રવ્ય ગંધપણે હોય તો શું સુગંધપણે પરિણત હોય કે દુર્ગંધ પણે પરિણત હોય ? હે ગૌતમ ! તે બંને હોય. જો તે એક દ્રવ્ય રસપરિણત હોય તો શું તિક્તરસપરિણત હોય ? ઇત્યાદિ. હે ગૌતમ ! તે સર્વે હોય. હે ભગવન્ ! જો એક દ્રવ્ય સ્પર્શપરિણત હોય તો તે શું કર્કશપરિણત હોય કે યાવત્ રૂક્ષસ્પર્શપરિણત હોય ? હે ગૌતમ ! તે સર્વે હોય. હે ભગવન્ ! એક દ્રવ્ય સંસ્થાનપરિણત હોય તો શું તે પરિમંડલ-સંસ્થાનપણે પરિણત હોય કે યાવત્ આયતસંસ્થાનપણે પરિણત હોય ? હે ગૌતમ ! તે સર્વે હોય.

[૩૮૭] હે ભગવન્ ! બે દ્રવ્યો શું પ્રયોગપરિણત હોય, મિશ્રપરિણત હોય કે વિસ્રસાપરિણત હોય ? હે ગૌતમ ! તે ત્રણે હોય. અથવા એક દ્રવ્ય પ્રયોગપરિણત હોય અને બીજું મિશ્ર પરિણત હોય. અથવા એક દ્રવ્ય પ્રયોગપરિણત હોય અને બીજું વિસ્રસાપરિણત હોય. અથવા એક દ્રવ્ય મિશ્રપરિણત હોય અને બીજું વિસ્રસાપરિણત હોય. હે ભગવન્ ! જો તે બે દ્રવ્યો પ્રયોગપરિણત હોય તો શું મનઃપ્રયોગપરિણત હોય, વચનપ્રયોગપરિણત હોય કે કાયપ્રયોગપરિણત હોય ? હે ગૌતમ ! તે ત્રણે પણ હોય. અથવા એક દ્રવ્ય મનઃપ્રયોગ પરિણત હોય અને બીજું વચનપ્રયોગપરિણત હોય. અથવા એક મનઃપ્રયોગપરિણત હોય અને બીજું કાયપ્રયોગપરિણત હોય. અથવા એક વચનપ્રયોગપરિણત હોય અને બીજું કાયપ્રયોગપરિણત અથવા એક દ્રવ્ય મનઃપ્રયોગ-પરિણત હોય અને બીજું વચનપ્રયગપરિણત હોય. અથવા એક મનઃપ્રયોગપરિણત હોય અને બીજું કાયપ્રયોગ પરિણત હોય. અથવા એ વચનપ્રયોગપરિણત હોય અને બીજું કાયપ્રયોગપરિણત હોય. હે ભગવન્ ! જો તે બે દ્રવ્યો મનઃપ્રયોગપરિણત હોય તો શું સત્યમનઃપ્રયોગ પરિણત હોય, અસત્યમનઃપ્રયોગપરિણત હોય, સત્યમૃષામનઃ-પ્રયોગપરિણત હોય કે અસત્યામૃષામનઃપ્રયોગપરિણત હોય ? હે ગૌતમ ! તે ચારે હોય. અથવા એક સત્યમનઃપ્રયોગપરિણત હોય અને બીજું મૃષામનઃપ્રયોગપરિણત હોય. અથવા એક સત્યમનઃપ્રયોગપરિણત હોય અને બીજું સત્યમૃષામનઃપ્રયોગપરિણત

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

હોય. અથવા એક સત્યમનઃપ્રયોગ પરિણત હોય અને બીજું અસત્યામૃષામનઃપ્રયોગ પરિણત હોય. અથવા એક સત્યમૃષાપનઃપ્રયોગપરિણત હોય અને બીજું અસત્યામૃષામનઃપ્રયોગપરિણત હોય.

હે ભગવન્ ! જો બે દ્રવ્યો સત્યમનઃપ્રયોગપરિણત હોય તો શું આરંભસત્યમન પ્રયોગપરિણત હોય, અનારંભસત્યમનઃપ્રયોગપરિણત હોય, સંરંભસત્યમનઃપ્રયોગ પરિણત હોય, અસંરંભસત્યમનઃપ્રયોગપરિણત હોય, સમારંભસત્યમનઃપ્રયોગ પરિણત હોય કે અસમારંભસત્યમનઃપ્રયોગપરિણત હોય? હે ગૌતમ ! તે સર્વે પણ હોય. અથવા એક દ્રવ્ય આરંભસત્યમનઃપ્રયોગપરિણત હોય અને બીજું અનારંભસત્યમનઃ પ્રયોગપરિણત હોય. એ પ્રમાણે એ રીતે દ્વિક સંયોગો કરવા. જ્યાં જેટલા દ્વિસંયોગો થાય ત્યાં તે સઘળા કહેવા; યાવત્ સર્વાર્થસિદ્ધવૈમાનિકદેવ સુધી કહેવું. હે ભગવન્ ! જો બે દ્રવ્યો મિશ્રપરિણત હોય તો શું તે મનોમિશ્રપરિણત હોય ? ઈત્યાદિ. હે ગૌતમ ! પ્રયોગપરિણત સંબંધે કહ્યું તેમ મિશ્રપરિણતસંબંધે કહેવું. હે ભગવન્ ! જો બે દ્રવ્યો વિસ્રસાપરિણત હોય તો શું તે વર્ણપણે પરિણત હોય, ગન્ધપણે પરિણત હોય ? ઈત્યાદિ હે ગૌતમ ! એ રીતે પૂર્વે કહ્યા પ્રમાણે વિસ્રસાપરિણતસંબન્ધે પણ જાણવુ, યાવત્ એક દ્રવ્ય સમચતુરસ્રસંસ્થાનપણે પરિણત હોય અને બીજું આયતસંસ્થાનપણે પણ પરિણત હોય. હે ભગવન્ ! ત્રણ દ્રવ્યો શું પ્રયોગપરિણત હોય, મિશ્રપરિણત હોય, કે વિસ્રસા-પરિણત હોય ? હે ગૌતમ ! તે ત્રણે પણ હોય. અથવા એક દ્રવ્ય પ્રયોગપરિણત હોય અને બેમિશ્રપરિણત હોય,અને બે વિસ્રસાપરિણત હોય,અથવા બે પ્રયોગપરિણથ હોય અને એક મિશ્રપરિણત હોય, અથવા બે પ્રયોગપરિણત હોય અને એક વિસ્રસાપરિણત હોય, અથવાએકમિશ્રપરિણતહોય,અનેબે વિસ્રસાપરિણતહોય.અને એક વિસ્રસાપરિણત હોય.અથવા એક પ્રયોગપરિણત એક મિશ્રપરિણત અને એક વિસ્રસાપરિણત હોય.

જો તે ત્રણે દ્રવ્યો પ્રયોગપરિણત હોય તો શું મનઃપ્રયોગપરિણત હોય; વચન પ્રયોગપરિણત હોય કે કાયપ્રયોગપરિણત હોય ? હે ગૌતમ ! તે મનઃપ્રયોગપરિણત પણ હોય. એ પ્રમાણે એકસંયોગ, દ્વિકસંયોગ અને ત્રિસંયોગ કહેવો. જો તે ત્રણે દ્રવ્યો મનઃપ્રયોગપરિણત હોય તો શું સત્યમનઃપ્રયોગપરિણત હોય ? (ઈત્યાદિ ચાર પ્રશ્ન.) હે ગૌતમ ! સત્યમનઃપ્રયોગપરિણત હોય, અથવા યાવત્ અસત્યામૃષામનઃપ્રયોગ પરિ-ણત હોય. અથવા એક સત્યમનઃપ્રયોગપરિણત હોય અને બે મૃષામનઃ પ્રયોગપરિણત હોય. એ પ્રમાણે અહીં પણ દ્વિકસંયોગ અને ત્રિકસંયોગ કહેવો. યાવત્ અથવા એક ત્ર્યસ્ર સંસ્થાનપણે પરિણત હોય, એક સમચતુરસ્ર સંસ્થાનપણે પરિણત હોય અને એક આયતસંસ્થાનપણે પરિણત હોય. હે ભગવન્ ! ચાર દ્રવ્યો શું પ્રયોગપરિણત હોય, મિશ્રપરિણત હોય કે વિસ્રસાપિણત હોય ? હે ગૌતમ ! તે (ચારે દ્રવ્યો) પ્રયોગપરિણત હોય, મિશ્રપરિણત હોય કે વિશ્રસાપરિણત હોય. અથવા એક પ્રયોગપરિણત હોય અને ત્રણ મિશ્રપરિણત હોય. અથવા એક પ્રયોગ પરિણત હોય અને ત્રણ વિસ્રસાપરિણત હોય. અથવા બે પ્રયોગપરિણત હોય અને બે મિશ્રપરિણત હોય. અથવા બે પ્રયોગ-પરિણત હોય અને બે વિસ્રસાપરિણત હોય. અથવા ત્રણ પ્રયોગપરિણત હોય અને એક મિશ્રપરિણ હોય. અથવા ત્રણ પ્રયોગપરિણત હોય અને એક વિસ્રસાપરિણત હોય. અથવા એક મિશ્રપરિણત હોયઅનેત્રણ વિસ્રસાપરિણત હોય.અથવા બે મિશ્રપરિણત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય અને બે વિસ્રસાપરિણત હોય. અથવા ત્રણ મિશ્રપરિણત હોય અને એક વિસ્રસાપરિણત હોય. અથવા એક પ્રયોગપરિણત હોય એક મિશ્રપરિણત હોય અને બે વિસ્રસાપરિણત હોય. અથવા એક પ્રયોગપરિણત હોય બે મિશ્રપરિણત હોય અને એક વિસ્રસાપરિણત હોય. અથવા બે પ્રયોગપરિણત હોય અને એક મિશ્રપરિણત હોય એક વિસ્રસાપરિણત હોય.

હે ભગવન્!જો તે ચાર દ્રવ્યો પ્રયોગપરિણત હોય તોશું મનઃપ્રયોગપરિણતહોય ? (વચનપ્રયોગપરિણત હોય કે કાયપ્રયોગપરિણત હોય ?) હે ગૌતમ ! સર્વ પૂર્વની પેઠે જાણવું; એ ક્રમવડે પાંચ, છ, સાત યાવત્ દશ, સંખ્યાતા, અસંખ્યાતા, અને અનંત દ્રવ્યોના દ્વિકસંયોગ, ત્રિકસંયોગ, યાવત્ દશસંયોગ બારસંયોગ, ઉપયોગપૂર્વક કહેવાં અને જ્યાં જેટલા સંયોગો થાય ત્યાં તે સર્વ કહેવા. એ બધા સંયોગો નવમ શતકના પ્રવેશકમાં જે પ્રકારે કહીશું તેમ ઉપયોગપૂર્વક વિચારીને કહેવા, યાવત્ અસંખ્યેય અને અનંત દ્રવ્યોનો પરિણામ એ પ્રમાણે જાણવો, પરન્તુ એક પદ અધિક કરીને કહેવું; યાવત્ અનંત દ્રવ્યો આયતસંસ્થાનપણે પરિણત હોય.

[૩૮૮] હે ભગવન્ ! પ્રયોગપરિણત, મિશ્રપરિણત અને વિસ્રસાપરિણત એ પુદ્‌ગલોમાં કયા પુદ્‌ગલો કોનાથી યાવદ્ વિશેષાધિક હોય છે ? હે ગૌતમ ! સર્વથી થોડા પુદ્‌ગલો પ્રયોગપરિણત છે, તેથી મિશ્રપરિણત અનંતગુણ છે, અને તેથી વિસ્રસા-પરિણત અનંતગુણ છે. હે ભગવન્ ! તે એમજ છે, હે ભગવન્ ! તે એમજ છે.

**શતક : ૮ - ઉદ્દેસા : ૧ ની મુની દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

**-: ઉદ્દેશક ૨ :-**

[૩૮૯] હે ભગવન્ ! આશીવિષો કેટલા પ્રકારના કહ્યા છે ? હે ગૌતમ ! આશીવિષો બે પ્રકારના કહ્યા છે; જાતિઆશીવિષ અને કર્માશીવિષ. હે ભગવન્ ! જાતિઆશીવિષો કેટલા પ્રકારના કહ્યા છે ? હે ગૌતમ ! તે ચાર પ્રકારના કહ્યા છે; વૃશ્ચિકજાતિઆશીવિષ, મંડૂકજાતિઆશીવિષ, ઉરગજાતિઆશીવિષ અને મનુષ્ય-જાતિઆશીવિષ.હે ભગવન્!વૃશ્ચિકજાતિઆશીવિષના વિષનો કેટલો વિષય કહ્યો છે ? હે ગૌતમ ! વૃશ્ચિકજાતિઆશીવિષ અર્ધભરતક્ષેત્ર પ્રમાણે શરીરને વિષવડે વિદલિત-નાશ-કરવા સમર્થ છે. પણ સંપ્રાપ્તિ-સંબન્ધવડે તેઓએ તેમ કર્યું નથી, તેઓ કરતા નથી,અને કરશે પણ નહિ.મંડૂકજાતિઆશીવિષના વિષનો કેટલોવિષય છે ? હે ગૌતમ ! મંડૂકજાતિઆશીવિષ પોતાના વિષથી ભરતક્ષેત્ર-પ્રમાણ શરીરને વ્યાપ્ત કરવા સમર્થ છે. બાકી સર્વ પૂર્વની પેઠે જાણવું. એ પ્રમાણે ઉરગજાતિઆશીવિષ સંબન્ધે પણ જાણવું, પરન્તુ વિશેષ એ છે કે તે ઉરગજાતિઆશીવિષ જંબૂદ્વીપપ્રમાણ શરીરને પોતાના વિષથી વ્યાપ્ત કરવા સમર્થ છે; બાકી સર્વ પૂર્વવત્ જાણવું; યાવત્ સંપ્રાપ્તિથી તેમ કરશે નહિ. એ પ્રમાણે મનુષ્યજાતિઆશીવિષ સંબન્ધે પણ જાણવું, પરન્તુ એટલો વિશેષ છે કે તે મનુષ્યક્ષેત્રપ્રમાણ શરીરને પોતાના વિષથી વ્યાપ્ત કરવા સમર્થ છે. બાકી સર્વ પૂર્વવત્ જાણવું.

હે ભગવન્ ! જો કર્માશીવિષ છે તો શું નૈરયિક કર્માશીવિષ છે, તિર્યંચયોનિક કર્માશીવિષ છે, મનુષ્ય કર્માશીવિષ છે કે દેવ કર્માશીવિષ છે ? હે ગૌતમ ! નૈરયિક કર્મા-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શીવિષ નથી, પણ તિર્યંચયોનિક કર્માશીવિષ છે, મનુષ્ય કર્માશીવિષ છે અને દેવકર્માશીવિષ છે. હે ભગવન્ ! જો તિર્યંચયોનિક કર્માશીવિષ છે તો શું એકેન્દ્રિય તિર્યંચયોનિક કર્માશીવિષ છે કે યાવદ્ પંચેન્દ્રિય તિર્યંચયોનિક કર્માશીવિષ છે ? હે ગૌતમ ! એકેન્દ્રિય તિર્યંચયોનિકથી આરંભી યાવત્ ચતુરિન્દ્રિય તિર્યંચયોનિકપર્યન્ત કર્માશીવિષ નથી, પણ પંચેન્દ્રિય તિર્યંચયોનિક કર્માશીવિષ છે. હે ભગવન્ ! જો પંચેન્દ્રિય તિર્યંચયોનિક કર્માશીવિષ છે તો શું સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિક કર્માશીવિષ છે કે ગર્ભજપંચેન્દ્રિય તિર્યંચયોનિક કર્માશીવિષ છે ? હે ગૌતમ ! જેમ વૈક્રિયશરીરસંબંધે જીવભેદ કહ્યો છે તેમ યાવત્ પર્યાપ્ત સંખ્યાતવર્ષના આયુષ્યવાળા ગર્ભજ કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલા પંચેન્દ્રિય તિર્યંચયોનિક કર્માશીવિષ હોય છે, પણ અપર્યાપ્ત અસંખ્યાતવર્ષના આયુષ્યવાળા યાવત્ કર્માશીવિષ નથી. હે ભગવન્ ! જો મનુષ્ય કર્માશીવિષ છે, તો શું સંમૂર્છિમ મનુષ્ય કર્માશીવિષ છે કે ગર્ભજ મનુષ્ય કર્માશીવિષ છે ? હે ગૌતમ ! સંમૂર્છિમ મનુષ્ય કર્માશીવિષ નથી, પણ ગર્ભજ મનુષ્ય કર્માશીવિષ છે. તેમ વૈક્રિયશરીરસંબન્ધે જીવભેદ કહ્યો છે તે પ્રમાણે યાવત્ પર્યાપ્ત સંખ્યાતવર્ષના આયુષ્યવાળા કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલા ગર્ભજ મનુષ્ય કર્માશીવિષ છે પણ અપર્યાપ્ત અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્માશીવિષ નથી.

હે ભગવન્ ! જો દેવ કર્માશીવિષ છે તો શું ભવનવાસી દેવ કર્માશીવિષ છે કે યાવત્ વૈમાનિકદેવ કર્માશીવિષ છે?હે ગૌતમ ! તે ચારે પણ કર્માશી વિષ છે.હે ભગવન્ ! જો ભવનવાસી દેવ કર્માશિવીષ છે તો શું અસુરકુમાર ભવનવાસી દેવ કર્માશીવિષ છે કે યાવત્ સ્તનિતકુમાર ભવનવાસીદેવ કર્માશીવિષ છે ? હે ગૌતમ ! તે ચારે પણ કર્માશીવિષ છે. હે ભગવન્ ! જો અસુરકુમાર યાવત્ કર્માશીવિષ છે તો શું પર્યાપ્ત અસુરકુમાર ભવનવાસી દેવ કર્માશીવિષ છે કે અપર્યાપ્ત અસુરકુમાર ભવનવાસી દેવ કર્માશીવિષ છે ? હે ગૌતમ ! પર્યાપ્ત અસુરકુમાર ભવનવાસી દેવ કર્માશીવિષ નથી, પણ અપર્યાપ્ત અસુરકુમાર ભવનવાસી દેવ કર્મશીવિષ છે, એ પ્રમાણે યાવત્ સ્તનિત કુમારો સુધી જાણવું. જો વાનવ્યંતર દેવો કર્માશીવિષ છે તો શું પિશાચ વાનવ્યંતર દેવો કર્માશીવિષ છે ? ઈત્યાદિ. હે ગૌતમ ! તેઓ બધા અપર્યાપ્તવસ્થામાં કર્માશીવિષ છે, તેમ સઘળા જ્યોતિષ્કો પણ અપર્યાપ્તવસ્થામાં કર્મશીવિષ છે. હે ભગવન્ ! જો વૈમાનિક દેવ કર્માશીવિષ છે તો શું કલ્પોપન્નક વૈમાનિક દેવ કર્માશીવિષ છે કે કલ્પાતીત વૈમાનિક દેવ કર્માશીવિષ છે ? હે ગૌતમ ! કલ્પોપપન્નક વૈમાનિક દેવ કર્માશીવિષ છે, પણ કલ્પ તીત વૈમાનિક દેવ કર્માશીવિષ નથી.

· જો કલ્પોપપન્નક વૈમાનિક દેવ કર્માશીવિષ છે, તો શું સૌધર્મકલ્પોપપન્નક કર્માશીવિષ છે કે યાવત્ અચ્યુતકલ્પોપપન્નક દેવ કર્માશીવિષ છે ? હે ગૌતમ ! સૌધર્મકલ્પોપપન્નક છે, યાવત્ સહસ્રારકલ્પોપન્નક વૈમાનિક દેવ કર્માશીવિષ છે;' પણ આનતકલ્પોપન્નક. યાવત્ અચ્યુતકલ્પોપપન્નક વૈમાનિક દેવ કર્માશીવિષ નથી. હે ભગવન્ ! જો સૌધર્મકલ્પોપપન્નક વૈમાનિક દેવ કર્માશીવિષ છે, તો શું પર્યાપ્ત સૌધર્મકલ્પોપપન્નક વૈમાનિક દેવ કર્માશીવિષ છે કે અપર્યાપ્ત સૌધર્મકલ્પોપન્નક વૈમાનિક દેવ કર્માશીવિષ છે ? હે ગૌતમ ! પર્યાપ્ત સૌધર્મકલ્પોપન્નક વૈમાનિક દેવ કર્માશીવિષ નથી, પણ અપર્યાપ્ત સૌધર્મ- કલ્પોપપન્નક વૈમાનિક દેવ યાવત્ કર્માશીવિષ છે; એ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રમાણે યાવત્ પર્યાપ્ત સહસ્રાર કલ્પોપપન્નક દેવ યાવત્ કર્માશીવિષ નથી. પણ અપર્યાપ્ત સહસ્રારકલ્પોપપન્નક દેવ યાવત્ કર્માશીવિષ છે.

[૩૯૦] છદ્મસ્થ સર્વભાવથી-આ દશ વસ્તુઓને જાણતો નથી, તેમ જોતો નથી, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકા શાસ્તિકાય, શરીરરહિત જીવ, પરમાણુપુદ્ગલ, શબ્દ, ગંધ, વાયુ, આ જીવ જિન થશે કે નહિ ? અને આ જીવ સર્વ દુઃખોનો અન્ત કરશે કે નહિ ? એ દશ સ્થાનોને ઉત્પન્ન જ્ઞાન-દર્શનને ધારણ કરનાર અર્હન્, જિન, કેવલી સર્વભાવથી જાણે છે અને જુએ છે.

[૩૯૧] હે ભગવન્ ! જ્ઞાન કેટલાં પ્રકારે કહ્યું છે ? હે ગૌતમ ! જ્ઞાન પાંચ પ્રકારે કહ્યું છે. અભિનિબોધિકજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપ્રયવજ્ઞાન અને કેવલજ્ઞાન. હે ભગવન્ ! આભિનિબોધિક જ્ઞાન કેટલા પ્રકારે છે ? હે ગૌતમ ! આભિનિબોધિક જ્ઞાન ચાર પ્રકારે છે, અવગ્રહ, ઈહા, અપાય અને ધારણા. જેમ રાયપસેણિયંમાં જ્ઞાનોના પ્રકાર કહ્યા છે તેમ અહીં પણ કહેવા; હે ભગવન્ ! અજ્ઞાન કેટલા પ્રકારે કહ્યું છે ? હે ગૌતમ ! અજ્ઞાન ત્રણ પ્રકારે કહ્યું છે, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન. હે ભગવન્ ! મતિઅજ્ઞાન કેટલા પ્રકારે કહ્યું છે ? હે ગૌતમ ! મતિઅજ્ઞાન ચાર પ્રકારનું છે. તે આ પ્રમાણે- અવગ્રહ, યાવત્ ધારણા. અવગ્રહ કેટલા પ્રકારે છે ? અવગ્રહ બે પ્રકારનો કહ્યો છે. અર્થાવગ્રહ અને વ્યંજનાગ્રહ-એ પ્રમાણે જેમ નંદીસૂત્રમાં આભિનિબોધિક-જ્ઞાન સંબંધે કહ્યું છે તેમ અહીં પણ જાણવું. પરન્તુ ત્યાં આભિનિબોધિકજ્ઞાન પ્રસંગે અવગ્રહાદિના એકાર્થિક સમાનાર્થક શબ્દો કહેલા છે તે સિવાય યાવત્ નોઈન્દ્રિય-ધારણા સુધી કહેવું, એ પ્રમાણે મતિઅજ્ઞાન કહ્યું. શ્રુતઅજ્ઞાન કેવા પ્રકારનું છે ? 'જે અજ્ઞાની એવા મિથ્યાદૃષ્ટિઓએ પ્રરુપ્યું છે'-ઇત્યાદિ નંદીસૂત્રમાં કહ્યા પ્રમાણે યાવત્ સાંગોપાંગ ચાર વેદ તે શ્રુતઅજ્ઞાન, એ પ્રમાણે શ્રુતઅજ્ઞાન કહ્યું.

હે ભગવન્ ! વિભંગજ્ઞાન કેટલા પ્રકારનું કહ્યું છે ? વિભંગજ્ઞાન અનેક પ્રકારનું કહ્યું છે, તે આ પ્રમાણે-ગ્રામને આકારે, વર્ષ ને આકારે, વર્ષધરપર્વતને આકારે, પર્વતને આકારે, વૃક્ષના આકારે, સ્તૂપના આકારે, ઘોડાના આકારે, હાથીના આકારે, મનુષ્યના આકારે, કિંનરના આકારે, કિંપુરુષના આકારે, મહોરગના આકારે, ગંધર્વના આકારે, વૃષભના આકારે, પશુ, પક્ષી અને વાનરના આકારે-એ પ્રમાણે અનેક આકારે વિભંગ-જ્ઞાન કહેલું છે. હે ભગવન્ ! શું જીવો જ્ઞાની છે કે અજ્ઞાની છે ? હે ગૌતમ ! જીવો જ્ઞાની પણ છે અને અજ્ઞાની પણ છે. જે જીવો જ્ઞાની છે તેમાં કેટલાએક બે જ્ઞાનવાળા, કેટલાએક ત્રણ જ્ઞાનવાળા, કેટલાક ચાર જ્ઞાનવાળા અને કેટલાક એક જ્ઞાનવાળા છે, જે બે જ્ઞાનવાળા છે તે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનવાળા જે ત્રણ જ્ઞાનવાળા છે તે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અને અવધિજ્ઞાનવાળા છે, અથવા મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાનવાળા છે, જે ચારજ્ઞાનવાળા છે તે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાનવાળા છે. જે એક જ્ઞાનાવળા છે તે અવશ્ય એક કેવળજ્ઞાનવાળા છે. જે જીવો અજ્ઞાની છે તેમાં કેટલાક બે અજ્ઞાનવાળા અને કેટલાક ત્રણ અજ્ઞાનવાળા છે. જે બે અજ્ઞાનવાળા છે તે મતિ-અજ્ઞાન, અને શ્રુતઅજ્ઞાનવાળા છે, અને જેઓ ત્રણ અજ્ઞાનવાળા છે તેઓ મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અને વિભંગજ્ઞાનવાળા છે.

હે ભગવન્ ! નારકો શું જ્ઞાની છે કે અજ્ઞાની ? હે ગૌતમ ! નારકો જ્ઞાની પણ છે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને અજ્ઞાની પણ છે. તેમાં જે જ્ઞાની છે તે અવશ્ય ત્રણ જ્ઞાનવાળા હોય છે, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાનવાળા છે. જે અજ્ઞાની છે તેમાં કેટલાક બે અજ્ઞાનવાળા છે અને કેટલાએક ત્રણ અજ્ઞાનવાળા છે. એ પ્રમાણે ત્રણ અજ્ઞાનો ભજનાએ (વિકલ્પે) હોય છે. હે ભગવન્ ! અસુરકુમારો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ? જેમ નૈરયિકો કહ્યા તેમ અસુરકુમારો જાણવા. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમારો સુધી જાણવું. હે ભગવન્ ! પૃથિવીકાયિકો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ? હે ગૌતમ ! તેઓ જ્ઞાની નથી પણ અજ્ઞાની છે, અને તે અવશ્ય બે અજ્ઞાનવાળા છે, મતિઅજ્ઞાની અને શ્રુતઅજ્ઞાની. એ પ્રમાણે યાવત્ વનસ્પતિકાયિક સુધી જાણવું. બેઇન્દ્રિય જીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ? હે ગૌતમ ! તેઓ બંને છે. જેઓ જ્ઞાની છે તેઓ અવશ્ય બે જ્ઞાનવાળા છે, મતિજ્ઞાની અને શ્રુતજ્ઞાની. જેઓ અજ્ઞાની છે તે અવશ્ય બે અજ્ઞાનવાળા છે; મતિઅજ્ઞાની અને શ્રુતજ્ઞાની. એ પ્રમાણે ત્રીઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય જીવો સંબન્ધે પણ જાણવું. પંચેન્દ્રિયતિર્યંચયોનિકો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ? હે ગૌતમ ! તેઓ જ્ઞાની છે અને અજ્ઞાની પણ છે, જેઓ જ્ઞાની છે તેમાં કેટલાક બે જ્ઞાનવાળા, અને કેટલાક ત્રણ જ્ઞાનવાળા છે, એ પ્રમાણે ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજનાએ જાણવાં. જીવોની પેઠે મનુષ્યોને પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજનાએ હોય છે. નૈરયિકોને કહ્યું તેમ વાનવ્યંતરોને જાણવું. જ્યોતિષિકો અને વૈમાનિકોને અવશ્ય ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન હોય છે. હે ભગવન્ ! સિદ્ધો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ? હે ગૌતમ ! સિદ્ધો જ્ઞાની છે પણ અજ્ઞાની નથી. તેઓ અવશ્ય એક કેવલજ્ઞાનવાળા છે.

[૩૯૨] હે ભગવન્ ! નિરયગતિક-જીવો શું જ્ઞાની હોય છે કે અજ્ઞાની હોય છે ? હે ગૌતમ ! તે જ્ઞાનીપણ હોય છે અને અજ્ઞાની પણ હોય છે, (જેઓ જ્ઞાની છે) તેઓને અવશ્ય ત્રણ જ્ઞાન હોય છે અને (જે અજ્ઞાની છે તેઓને) ત્રણ અજ્ઞાન ભજનાએ હોય છે. હે ભગવન્ ! તિર્યંચગતિક-જીવો શું જ્ઞાની હોય છે કે અજ્ઞાની હોય છે ? હે ગૌતમ ! તેઓને અવશ્ય બે જ્ઞાન અને બે અજ્ઞાન હોય છે. હે ભગવન્ ! મનુષ્યગતિક-જીવો-શું જ્ઞાની હોય કે અજ્ઞાનીહોય ? હે ગૌતમ ! તેઓને ભજનાએ ત્રણ જ્ઞાન હોય છે અને અવશ્ય બે અજ્ઞાન હોય છે. દેવગતિક-જીવો-નિરયગતિની પેઠે જાણવા. હે ભગવન્ ! સિદ્ધિગતિમાં જતા જીવો શું જ્ઞાની હોય કે અજ્ઞાન હોય ? હે ગૌતમ ! તેઓ સિદ્ધોની પેઠે જાણવા. હે ભગવન્ ! સેન્દ્રિય-જીવો શું જ્ઞાની હોય કે અજ્ઞાની હોય ? હે ગૌતમ ! તેઓને ભજનાએ ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાન હોય છે. હે ભગવન્ ! એકેન્દ્રિય જીવો શું જ્ઞાની હોય કે અજ્ઞાની હોય ? હે ગૌતમ ! પૃથિવીકાયિકની પેઠે જાણવા. બેઇન્દ્રિય, ત્રીઇન્દ્રિય, ચઉરિંદ્રિય, જીવોને અવશ્ય બે જ્ઞાન અને બે અજ્ઞાન હોય છે. પંચેન્દ્રિય જીવો સેન્દ્રિય જીવની પેઠે જાણવા. હે ભગવન્ ! અનિદ્રિય-જીવો શું જ્ઞાની હોય કે અજ્ઞાની હોય ? તેઓ સિદ્ધનીપેઠેજાણવા.હેભગવન્!સકાયિકજીવોશું જ્ઞાનીહોય કે અજ્ઞાની હોય?હે ગૌતમ ! તેઓને પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજનાએ હોય છે. પૃથિવીકાયિક યાવત્ વનસ્પતિ-કાયિક જીવો જ્ઞાની નથી પણ અજ્ઞાની હોય છે, અને તે અવશ્ય બે અજ્ઞાનવાળા હોય છે, મતિઅજ્ઞાનવાળાઅનેશ્રુતજ્ઞાનવાળા, ત્રસકાયિક જીવો સકાયિક જીવોની પેઠે જાણવા.

હે ભગવન્ ! કાયરહિત જીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ? હે ગૌતમ ! સિદ્ધોની પેઠે તેઓ જાણવા. હે ભગવન્ ! સૂક્ષ્મ જીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ? પૃથિવી-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાયિકોની પેઠે જાણવા. હે ભગવન્ ! બાદરજીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ? હે ગૌતમ ! સકાયિક જીવોની પેઠે જાણવા. હે ભગવન્ ! નોસૂક્ષ્મનોબાદર જીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ? સિદ્ધોની પેઠે જાણવા.હે ભગવન્ !પર્યાપ્ત જીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ? સકાયિક જીવોની પેઠે જાણવા. હે ભગવન્ ! પર્યાપ્ત નૈરયિકો શું જ્ઞાની છે ? અજ્ઞાની છે ? હે ગૌતમ ! તેઓને ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન અવશ્ય હોય છે. જેમ નૈરયિકો માટે કહ્યું તેમ યાવત્ સ્તનિતકુમાર દેવો માટે જાણવું. પૃથિવીકાયિકો એકેન્દ્રિયની પેઠે જાણવું. એ પ્રમાણે યાવત્ ચઉરિંદ્રિય જીવો જાણવા. હે ભગવન્ ! પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચયોનિકો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ? હે ગૌતમ ! તેઓને ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજનાએ હોય છે. મનુષ્યો સકાયિકની પેઠે જાણવા. વાનવ્યંતરો, જ્યોતિષિકો અને વૈમાનિકો નૈરયિકનીપેઠેજાણવા.હે ભગવન્!અપર્યાપ્ત જીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે?હે ગૌતમ ! તેઓને ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજનાએ છે. હે ભગવન્ ! અપર્યાપ્ત નૈરયિકો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ? હે ગૌતમ ! તેઓને અવશ્ય ત્રણ જ્ઞાન છે અને ભજનાએ ત્રણ અજ્ઞાન છે, એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમાર દેવો જાણવા. જેમ એકેન્દ્રિયો સંબન્ધે કહ્યું તેમ અપર્યાપ્ત પૃથિવીકાયિકથી આરંભી વનસ્પતિકાયિક પર્યન્ત કહેવું.

અપર્યાપ્ત બેઇન્દ્રિય જીવો જ્ઞાની કે અજ્ઞાની ? તેઓને બે જ્ઞાન અને બે અજ્ઞાન અવશ્ય હોય છે. એ પ્રમાણે યાવત્ પંચેન્દ્રિય તિર્યંચયોનિક સુધી જાણવું. હે ભગવન્ ! અપર્યાપ્ત મનુષ્ય શું જ્ઞાની હોય છે કે અજ્ઞાની હોય છે ? હે ગૌતમ ! તેઓને ત્રણ જ્ઞાન ભજનાએ હોય છે અને અવશ્ય બે અજ્ઞાન હોય છે. નૈરયિકોની પેઠે વાનવ્યંતરોને જાણવું. તથા અપર્યાપ્ત જ્યોતિષિકો અને વૈમાનિકોને ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન અવશ્ય હોય છે. હે ભગવન્ ! નોપર્યાપ્ત અને નોઅપર્યાપ્ત જીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ? હે ગૌતમ ! તેઓ સિદ્ધની પેઠે જાણવા. હે ભગવન્ ! નિરયભવસ્થ જીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ? હે ગૌતમ ! તેઓ નિરયગતિકની પેઠે જાણવા. હે ભગવન્ ! તિર્યગ્ભવસ્થ જીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ? હે ગૌતમ ! તેઓને ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજનાએ છે. હે ભગવન્ ! મનુષ્યભવસ્થ જીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ? હે ગૌતમ ! તેઓ સકાયિકની પેઠે જાણવા હે ભગવન્ ! દેવભવસ્થ જીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ? હે ગૌતમ ! તેઓ નિરયભવસ્થની પેઠે જાણવા.અભવસ્થ-સિદ્ધોની પેઠે જાણવા. હે ભગવન્ ! ભવસિદ્ધિક-ભવ્ય જીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ? હે ગૌતમ ! તેઓ સકાયિકની પેઠે જાણવા. હે ભગવન્ ! અભવસિદ્ધિક અભવ્ય જીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ? હે ગૌતમ ! તેઓ જ્ઞાની નથી પણ અજ્ઞાની છે, અને તેઓને ત્રણ અજ્ઞાન ભજનાએ હોય છે. હે ભગવન્ ! નોભવસિદ્ધિક નોઅભવસિદ્ધિક જીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ? હે ગૌતમ ! તેઓ સિદ્ધોની પેઠે જાણવા. હે ભગવન્ ! સંજ્ઞિજીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ? હે ગૌતમ ! તેઓ સેન્દ્રિયની પેઠે જાણવા. અસંજ્ઞીજીવો બેઇન્દ્રિયની પેઠે જાણવા. નો-સંજ્ઞિ-નોઅસંજ્ઞિ જીવો સિદ્ધોની પેઠે જાણવા.

[૩૯૩] હે ભગવન્ ! લબ્ધિ કેટલા પ્રકારે કહી છે ? હે ગૌતમ ! લબ્ધિ દશ પ્રકારે કહી છે, જ્ઞાનલબ્ધિ, દર્શનલબ્ધિ, ચારિત્રલબ્ધિ, ચારિત્રાચારિત્રલબ્ધિ, દાનલબ્ધિ, લાભલબ્ધિ, ભોગલબ્ધિ, ઉપભોગલબ્ધિ, વીર્યલબ્ધિ, અને ઇન્દ્રિયલબ્ધિ. હે ભગવન્ ! જ્ઞાનલબ્ધિ કેટલા પ્રકારની કહી છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારની કહી છે, આભિનિબોધિ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કજ્ઞાનલબ્ધિ, યાવત્ કેવલજ્ઞાનલબ્ધિ. હે ભગવન્ અજ્ઞાનલબ્ધિ કેટલા પ્રકાર કહી છે ? હે ગૌતમ ! ત્રણ પ્રકારની કહી છે, મતિઅજ્ઞાનલબ્ધિ, શ્રુતઅજ્ઞાનલબ્ધિ અને વિભંગ-જ્ઞાનલબ્ધિ, હે ભગવન્ ! દર્શનલબ્ધિ કેટલા પ્રકારની કહી છે ? હે ગૌતમ ! ત્રણ પ્રકારની કહી છે, સમ્યગ્દર્શનલબ્ધિ, મિથ્યાદર્શનલબ્ધિ અને સમ્યગ્દમિથ્યાદર્શન લબ્ધિ. હે ભગવન્ ! ચારિત્રલબ્ધિ કેટલા પ્રકારની કહી છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારની કહી છે, સામાયિકચારિત્રલબ્ધિ, છેદોપસ્થાનીયચારિત્ર લબ્ધિ, પરિહારવિશુદ્ધિકચારિત્ર-લબ્ધિ, સૂક્ષ્મસંપરાયચારિત્રલબ્ધિ અને યથાખ્યાત ચારિત્રલબ્ધિ. હે ભગવન્ ! ચારિ-ત્રાચારિત્રલબ્ધિ કેટલા પ્રકારની કહી છે ? હે ગૌતમ ! એક પ્રકારની કહી છે, એ પ્રમાણે યાવત્ ઉપભોગલબ્ધિ પણ એક પ્રકારની કહી છે. હે ભગવન્ ! વીર્યલબ્ધિ કેટલા પ્રકારની કહી છે ? હે ગૌતમ ! વીર્યલબ્ધિ ત્રણ પ્રકારની કહી છે, તે આ પ્રમાણે-બાલવીર્ય-લબ્ધિ પંડિતવીર્યલબ્ધિ અને બાલપંડિત વીર્યલબ્ધિ.

હે ભગવન્ ! ઈંદ્રિયલબ્ધિ કેટલા પ્રકારની કહી છે ? હે ગૌતમ ! ઈંદ્રિયલબ્ધિ પાંચ પ્રકારની કહી છે, શ્રોત્રેન્દ્રિયલબ્ધિ યાવત્ સ્પર્શેન્દ્રિયલબ્ધિ. હે ભગવન્ ! જ્ઞાનલબ્ધિ-વાળા જીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ? હે ગૌતમ ! તેઓ જ્ઞાની છે પણ અજ્ઞાની નથી. તેઓને પાંચ જ્ઞાન ભજનાએ હોય છે. હે ભગવન્ ! જ્ઞાનલબ્ધિરહિત જીવો શું અજ્ઞાની છે કે અજ્ઞાની છે ? હે ગૌતમ ! તેઓ જ્ઞાની નથી પણ જ્ઞાની છે. કેટલાએક બેઅજ્ઞાનવાળા છે, અને તેઓને ત્રણ અજ્ઞાન ભજનાએ હોય છે. હે ભગવન્ ! આભિનિબોધિકજ્ઞાન-લબ્ધિવાળા જીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ? હે ગૌતમ ! તેઓ જ્ઞાની હોય છે, પણ અજ્ઞાની નથી. કેટલાએક બેજ્ઞાન વાળા છે, તેઓને ચાર જ્ઞાન ભજનાએ હોય છે. હે ભગવન્ ! આભિનિબોધિકજ્ઞાનલબ્ધિરહિત જીવો જ્ઞાની છે કે અજ્ઞાની ? હે ગૌતમ ! તેઓ જ્ઞાની પણ છે અને અજ્ઞાની પણ છે. જેઓ જ્ઞાની છે તેઓ અવશ્ય એક કેવલજ્ઞાની છે; જેઓ અજ્ઞાની છે તેમાં કેટલાક બેઅજ્ઞાનવાળા છે અને કેટલાક ત્રણ અજ્ઞાનવાળા છે; એ પ્રમાણે શ્રુતજ્ઞાનલબ્ધિવાળા પણ જાણવા. શ્રુતજ્ઞાનલબ્ધિરહિત જીવો આભિ-નિબોધિકલબ્ધિરહિત જીવોની પેઠે જાણવા. હે ભગવન્ ! અવધિજ્ઞાન લબ્ધિવાળા જીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ? હે ગૌતમ ! તેઓ જ્ઞાની છે, પણ અજ્ઞાની નથી. તેઓમાં કેટલાક ત્રણ જ્ઞાનવાળા છે અને કેટલાક ચારજ્ઞાનવાળા છે; જેઓ ત્રણજ્ઞાનવાળા છે તેઓ આભિનિબોધિક, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાનવાળા છે. જેઓ ચારજ્ઞાનવાળા છે તેઓ આભિનિબોધિકજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાનવાળા છે.

હે ભગવન્!અવધિજ્ઞાનલબ્ધિરહિત જીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે?હે ગૌતમ ! તેઓ જ્ઞાની પણ છે અને અજ્ઞાની પણ છે, એ પ્રમાણે તેઓને અવધિજ્ઞાન સિવાય ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજનાએ હોય છે. હે ભગવન્ ! મનઃપર્યવજ્ઞાનલબ્ધિવાળા જીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ? હે ગૌતમ ! તેઓ જ્ઞાની છે, પણ અજ્ઞાની નથી; તેમાં કેટલાક ત્રણ જ્ઞાનવાળા છે અને કેટલાક ચાર જ્ઞાનવાળા છે. જે ત્રણ જ્ઞાનવાળા છે તો એ આભિનોબોધિકજ્ઞાની, શ્રુતજ્ઞાની અને મનઃપર્યવજ્ઞાની છે, અને જેઓ ચાર જ્ઞાનવાળા છે તેઓ આભિનિબોધિજ્ઞાની, શ્રુતજ્ઞાની અવધિજ્ઞાની મનઃપર્યવજ્ઞાની છે. મનઃ પર્યવજ્ઞાનીલબ્ધિરહિત જીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ? હે ગૌતમ ! તેઓ જ્ઞાની પણ છે અને અજ્ઞાની પણ છે, તેંઓને મનઃપર્યવજ્ઞાન સિવાય ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાન

ભજનાએ છે. હે ભગવન ! કેવલજ્ઞાનલબ્ધિવાળા જીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ? હે ગૌતમ ! તેઓ જ્ઞાની છે પણ અજ્ઞાની નથી. તેઓ અવશ્ય એક કેવલજ્ઞાનવાળા છે. કેવલજ્ઞાનલબ્ધિરહિત જીવો જ્ઞાની છે કે અજ્ઞાની છે ? હે ગૌતમ ! તેઓ જ્ઞાની પણ છે અને અજ્ઞાની પણ છે. તેઓને કેવળજ્ઞાન સિવાય ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજનાએ હોય છે. હે ભગવન્ ! અજ્ઞાનલબ્ધિવાળા જીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ? હે ગૌતમ ! તેઓ જ્ઞાની નથી, પણ અજ્ઞાની છે. તેઓને ત્રણ અજ્ઞાન ભજનાએ હોય છે. હે ભગવન્ ! અજ્ઞાનલબ્ધિરહિત જીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ? હે ગૌતમ ! તેઓ જ્ઞાની છે પણ અજ્ઞાની નથી; તેઓને પાંચ જ્ઞાન ભજનાએ હોય છે. જેમ અજ્ઞાનલબ્ધિવાળા અને અજ્ઞાનલબ્ધિરહિત જીવો કહ્યા તેમ મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાનલબ્ધિવાળા અને તે લબ્ધિથી રહિત જીવો કહેવા. વિભંગજ્ઞાનલબ્ધિવાળા જીવોને અવશ્ય ત્રણ અજ્ઞાન હોય છે, અને વિભંગજ્ઞાનલબ્ધિરહિત જીવોને ભજનાએ પાંચ જ્ઞાન કે અવશ્ય બે અજ્ઞાન હોય છે.

હે ભગવન્ ! દર્શનલબ્ધિવાળા જીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ? હે ગૌતમ ! તેઓ જ્ઞાની પણ છે અને અજ્ઞાની પણ છે. તેઓને પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજનાએ હોય છે. હે ભગવન્ ! દર્શનલબ્ધિરહિત જીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ? હે ગૌતમ ! દર્શનલબ્ધિરહિત જીવો હોતા નથી. સમ્યગ્દર્શનલબ્ધિવાળા જીવોને ભજનાએ પાંચ જ્ઞાન હોય છે, અને સમ્યગ્દર્શનલબ્ધિરહિત જીવોને ભજનાએ ત્રણ અજ્ઞાન હોય છે. હે ભગવન્ ! મિથ્યા દર્શનલબ્ધિવાળા જીવો જ્ઞાની હોય કે અજ્ઞાની ? તેઓને ત્રણ અજ્ઞાન ભજનાએ હોય છે. મિથ્યાદર્શનલબ્ધિરહિત જીવોને પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજનાએ હોય છે. સમ્યગમિથ્યાદર્શનલબ્ધિવાળા જીવો મિથ્યાદર્શનલબ્ધિવાળી પેઠે જાણવા. સમ્યગમિથ્યાદર્શનલબ્ધિરહિત જીવો જેમ મિથ્યાદર્શનલબ્ધિરહિત જીવો કહ્યા તે પ્રમાણે જાણવા. હે ભગવન્ ! ચારિત્રલબ્ધિ વાળા જીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ? હે ગૌતમ ! તેઓને પાંચ જ્ઞાન ભજનાએ હોય છે. ચારિત્રલબ્ધિરહિત જીવોને મનઃપર્યવજ્ઞાન સિવાય ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજનાએ હોય છે. હે ભગવન્ ! સામાયિકચારિત્રલબ્ધિવાળા જીવો શું જ્ઞાની હોય છે કે અજ્ઞાની હોય છે ? હે ગૌતમ ! તેઓ જ્ઞાની હોય છે. તેઓને કેવલજ્ઞાન સિવાય ચાર જ્ઞાન ભજનાએ હોય છે. સામાયિકચારિત્રજ્ઞાનલબ્ધિરહિત જીવોને પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજનાએ હોય છે. એ પ્રમાણે યાવત્ યથાખ્યાતચારિત્રલબ્ધિવાળા અને યથાખ્યાતચારિત્રલબ્ધિરહિત જીવો કહેવા. પરન્તુ યથાખ્યાતચારિત્રલબ્ધિ વાળાને પાંચ જ્ઞાન ભજનાએ જાણવા.

હે ભગવન્ ! ઈન્દ્રિયલબ્ધિવાળા જીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ? હે ગૌતમ ! તેઓને ભજનાએ ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાન હોય છે. ઈન્દ્રિયલબ્ધિરહિત જીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની ? હે ગૌતમ ! તેઓ જ્ઞાની છે, પણ અજ્ઞાની નથી. તે અવશ્ય એક કેવળજ્ઞાનવાળા છે. શ્રોત્રેન્દ્રિયલબ્ધિવાળા ઈન્દ્રિયલબ્ધિવાળાની પેઠે જાણવા. શ્રોત્રેન્દ્રિયલબ્ધિલરહિત જીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ? હે ગૌતમ ! તેઓ જ્ઞાની પણ છે, અને અજ્ઞાની પણ છે. જેઓ બેજ્ઞાનવાળા છે તેઓ આભિનિબોધિકજ્ઞાની અને શ્રુતજ્ઞાની છે; અને જેઓ એકજ્ઞાની છે તેઓ એક કેવલજ્ઞાની છે, જેઓ અજ્ઞાની છે તેઓ અવશ્ય બેઅજ્ઞાનવાળા છે. જેમકે મતિઅજ્ઞાની અને શ્રુતઅજ્ઞાની. નેત્રેન્દ્રિય અને



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઘ્રાણેન્દ્રિયલબ્ધિવાળાને શ્રોત્રેન્દ્રિયલબ્ધિવાળાની પેઠે ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાન જાણવા; નેત્રેન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિયલબ્ધિરહિત જીવોને શ્રોત્રેન્દ્રિયલબ્ધિરહિત જીવોની પેઠે બે જ્ઞાન, બે અજ્ઞાન અને એક કેવલજ્ઞાન હોય છે. જિહ્વેન્દ્રિયલબ્ધિવાળાને ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજનાએ હોય છે. જિહ્વેન્દ્રિયલબ્ધિરહિત જીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની ? હે ગૌતમ ! તેઓ જ્ઞાની પણ છે, અને અજ્ઞાની પણ છે. જેઓ જ્ઞાની છે તેઓ અવશ્ય એક કેવલજ્ઞાની છે, જેઓ અજ્ઞાની છે તેઓ અવશ્ય બે અજ્ઞાનવાળા છે; મતિ-અજ્ઞાની અને શ્રુતઅજ્ઞાની. સ્પર્શેન્દ્રિયલબ્ધિવાળાને ઇન્દ્રિયલબ્ધિવાળાની પેઠે ભજનાએ ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાન જાણવા. સ્પર્શેન્દ્રિયલબ્ધિરહિત જીવોને ઇન્દ્રિયલબ્ધિરહિત જીવોની પેઠે એક કેવલજ્ઞાન હોય છે.

[૩૯૪] હે ભગવન્ ! સાકારઉપયોગવાળા જીવો શું જ્ઞાની હોય કે અજ્ઞાની હોય ? હે ગૌતમ ! તેઓને પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજનાએ હોય છે. હે ભગવન્ ! આભિનિબોધિકસાકારોપયોગવાળા જીવો શું જ્ઞાની હોય કે અજ્ઞાની હોય ? હે ગૌતમ ! તેઓને ભજનાએ ચાર જ્ઞાન હોય છે. એ પ્રમાણે શ્રુતજ્ઞાનસાકારઉપયોગવાળા જીવો પણ જાણવા.અવધિજ્ઞાનસાકારઉપયોગવાળા જીવોને અવધિજ્ઞાનલબ્ધિવાળાની પેઠે જાણવા. મનઃપર્યવજ્ઞાનસાકારઉપયોગવાળા જીવોને મનઃપર્યવાનલબ્ધિવાળાની પેઠે જાણવા. કેવલજ્ઞાનસાકારઉપયોગવાળા જીવો કેવલજ્ઞાન લબ્ધિવાળાની પેઠે જાણવા. મતિઅજ્ઞાનસાકારો પયોગવાળા જીવોને ભજનાએ ત્રણ અજ્ઞાન હોય છે. એ પ્રમાણે-શ્રુતઅજ્ઞાનસાકારો પયોગવાળા જીવો પણ જાણવા. વિભંગજ્ઞાનસાકારોપયુક્ત જીવોને અવશ્ય ત્રણ અજ્ઞાન હોય છે. હે ભગવન્ ! અનાકારોપયોગવાળા જીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ? હે ગૌતમ ! તેઓને પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજનાએ હોય છે. એ પ્રમાણે ચક્ષુદર્શન અને અચક્ષુદર્શનઅનાકારોપયોગવાળા જીવો પણ જાણવા. પરન્તુ તેઓને ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજનાએ હોય છે. અવધિદર્શનઅનાકારો-પયોગવાળા જીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ? હે ગૌતમ ! તેઓ જ્ઞાની પણ છે અને અજ્ઞાની પણ છે, જેઓ જ્ઞાની છે તેઓમાં કેટલાક ત્રણ જ્ઞાનવાળા અને કેટલાક ચાર જ્ઞાનવાળા છે. જેઓ ત્રણ જ્ઞાનવાળા છે તેઓ આભિનિબોધિક, શ્રુતજ્ઞાની અવધિ-જ્ઞાની છે; જેઓ ચાર જ્ઞાનવાળા છે તેઓ આભિનિબોધિકજ્ઞાની, યાવત્ મનઃપર્યવ-જ્ઞાની છે: જેઓ અજ્ઞાની છે તેઓ અવશ્ય ત્રણે અજ્ઞાનવાળા છે. કેવલદર્શનઅનાકારો-પયોગવાળા જીવો કેવલજ્ઞાનલબ્ધિવાળા પેઠે જાણવા.

હે ભગવન્ ! સયોગી જીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ? તેઓ સકાયિકની પેઠે સ જાણવા. એ પ્રમાણે મનયોગી, વચનયોગી અને કાયયોગી પણ જાણવા. અયોગી-જીવો સિદ્ધોની પેઠે જાણવા. હે ભગવન્ ! લેશ્યાવળા જીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ? હે ગૌતમ ! તેઓ સકાયિકની પેઠે જાણવા. કૃષ્ણલેશ્યાવાળા જીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ? તેઓ સેન્દ્રિય જીવોને પેઠે જાણવા. એ પ્રમાણે યાવત્ પદ્મલેશ્યાવાળા જીવો પણ જાણવા. શુલ્કલેશ્યાવાળા સલેશ્યની પેઠે જાણવા અને અલેશ્ય-જીવો સિદ્ધોની પેઠે જાણવા. હે ભગવન્ ! સકષાયી ! જીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ? સેન્દ્રિય જીવોની પેઠે જાણવા. એ પ્રમાણે યાવત્ લોભકષાયી જીવો જાણવા. હે ભગવન્ ! અકષાયી જીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ? તેઓને પાંચ જ્ઞાન ભજનાએ હોય છે. હે ભગવન્ ! વેદસહિત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ? તેઓ સેઇન્દ્રિય જીવોની પેઠે જાણવા. એ પ્રમાણે સ્ત્રીવેદી, પુરુષવેદી અને નપુંસકવેદી જીવો જાણવા, તથા વેદરહિત જીવો અકષાયી જીવોની પેઠે જાણવા. હે ભગવન્ ! આહારક જીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ? તેઓ સકષાયી જીવોની પેઠે જાણવા. પરન્તુ વિશેષ એ છે કે તેઓને કેવલજ્ઞાન (અધિક) હોયછે. હે ભગવન્ ! અનાહારક જીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ? હે ગૌતમ ! તેઓને મનઃપર્યવજ્ઞાન સિવાયના ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજનાએ હોય છે.

[૩૯૫] હે ભગવન્ ! આભિનિબોધિક જ્ઞાનનો વિષય કેટલો કહ્યો છે?હે ગૌતમ ! આભિનિબોધિક જ્ઞાનનો વિષય સંક્ષેપથી ચાર પ્રકારનો કહ્યો છે, દ્રવ્યથી, ક્ષેત્રથી, કાલથી અને ભાવથી. દ્રવ્યથી આભિનિબોધિકજ્ઞાની આદેશવડે સર્વ દ્રવ્યોને જાણે અને જુએ, ક્ષેત્રથી આભિનિબોધિકજ્ઞાની આદેશવડે સર્વ ક્ષેત્રને જાણે અને જુએ; એ પ્રમાણે કાલથી અને ભાવથી પણ જાણવું. હે ભગવન્ ! શ્રુતજ્ઞાનનો વિષય કેટલો કહ્યો છે ? હે ગૌતમ ! તે સંક્ષેપથી ચાર પ્રકારનો કહ્યો છે. દ્રવ્યથી, ક્ષેત્રથી, કાલથી અને ભાવથી. દ્રવ્યથી ઉપયુક્ત શ્રુતજ્ઞાની સર્વ દ્રવ્યોને જાણે અને જુએ છે. એ પ્રમાણે ક્ષેત્રથી અને કાલથી પણ જાણવું. ભાવથી ઉપયુક્ત શ્રુતજ્ઞાની સર્વ ભાવોને જાણે છે અને જુએ છે. હે ભગવન્ ! અવધિજ્ઞાનનો વિષય કેટલો કહ્યો છે ? હે ગૌતમ ! સંક્ષેપથી ચાર પ્રકારનો કહ્યો છે, દ્રવ્યથી, ક્ષેત્રથી, કાલથી અને ભાવથી; દ્રવ્યથી અવધિજ્ઞાની રૂપિ દ્રવ્યોને જાણે છે અને દેખે છે-ઇત્યાદિ જેમ નંદીસૂત્રમાં કહ્યું છે તેમ યાવત્ ભાવ સુધી જાણવું. હે ભગવન્ ! મનઃપર્યવજ્ઞાનનો વિષય કેટલો કહ્યો છે ? હે ગૌતમ ! સંક્ષેપથી ચાર પ્રકારનો કહ્યો છે, દ્રવ્યથી, ક્ષેત્રથી કાલથી અને ભાવથી. દ્રવ્યથી ઋજુમતિમનઃપર્યવજ્ઞાની (મનપણે પરિણત) અનંતપ્રદેશિક અનન્ત સ્કંધોને જાણે અને દેખે-ઇત્યાદિ જેમ નંદીસૂત્રમાં કહ્યું છે તેમ અહીં જાણવું, યાવત્ ભાવથી જાણે છે. હે ભગવન્ ! કેવલજ્ઞાનનો વિષય કેટલો કહ્યો છે ? હે ગૌતમ ! તે સંક્ષેપથી ચાર પ્રકારનો કહ્યો છે, દ્રવ્યથી, ક્ષેત્રથી, કાલથી અને ભાવથી. દ્રવ્યથી કેવલજ્ઞાની સર્વ દ્રવ્યોને જાણે છે અને જુએ છે. એ પ્રમાણે યાવત્ ભાવથી હે ભગવન્ ! મતિઅજ્ઞાનનો વિષય કેટલો કહ્યો છે ? હે ગૌતમ ! તે ચાર પ્રકારનો કહ્યો છે, દ્રવ્યથી, ક્ષેત્રથી, કાલથી અને ભાવથી. દ્રવ્યથી યાવત્ ભાવથી મતિઅજ્ઞાની મતિઅજ્ઞાનના વિષયને પ્રાપ્ત દ્રવ્યોને જાણે છે અને જુએ છે;

હે ભગવન્ ! શ્રુતઅજ્ઞાનને વિષય કેટલો કહ્યો છે ? હે ગૌતમ ! તે સંક્ષેપથી ચાર પ્રકારનો કહ્યો છે, દ્રવ્યથી, ક્ષેત્રથી, કાલથી અને ભાવથી. દ્રવ્યથી શ્રુતઅજ્ઞાની શ્રુતઅજ્ઞાનના વિષયભૂત દ્રવ્યોને કહે છે, જણાવે છે અને પ્રરૂપે છે; એ પ્રમાણે ક્ષેત્રથી અને કાલથી જાણવું. ભાવથી શ્રુતઅજ્ઞાની શ્રુતઅજ્ઞાનના વિષયભૂત ભાવોને કહે છે, જણાવે છે અને પ્રરૂપે છે. હે ભગવન્ ! વિભંગજ્ઞાનનો વિષય કેટલો કહ્યો છે ? હે ગૌતમ ! તે સંક્ષેપથી ચાર પ્રકારનો કહ્યો છે, દ્રવ્યથી, ક્ષેત્રથી, કાલથી અને ભાવથી; દ્રવ્યથી યાવત્ ભાવથી વિભંગજ્ઞાની વિભંગજ્ઞાનના વિષયભૂત દ્રવ્યોને જાણે છે અને જુએ છે.

[૩૯૬] હે ભગવન્ ! જ્ઞાની જ્ઞાનીપણે કાળથી ક્યાંસુધી રહે ? હે ગૌતમ ! જ્ઞાની બે પ્રકારના કહ્યા છે, તે આ પ્રમાણે સાદિ સપર્યવસિત અને સાદિઅપર્યવસિત. તેમાં જે જ્ઞાની સાદિપર્યવસિત છે તે જઘન્યથી અન્તર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટથી કાંઇક અધિક છાસઠ સાગરોપમ સુધી જ્ઞાનીપણે રહેછે. હે ભગવન્ ! આભિનિબોધિકજ્ઞાની,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આભિનિબોધિકજ્ઞાનીપણે કાળથી કેટલાક કાળ સુધી રહે?એ પ્રમાણે જ્ઞાની, આભિનિબોધિકજ્ઞાની, યાવત્ કેવલજ્ઞાની, અજ્ઞાની, મતિજ્ઞાની, શ્રુતઅજ્ઞાની અને વિભંગજ્ઞાનીએ દશનો જ્ઞાનીપણે સ્થિતિકાલ પન્નવણામાં કાયસ્થિતિપદમાં કહ્યા પ્રમાણે જાણવો; અને જીવાભિગમમાં કહ્યા પ્રમાણે એ દશનું પરસ્પર અન્તર જાણવું તેમજ પન્નવણાના બહુવક્તવ્યતાપદમાં કહ્યા પ્રમાણે ત્રણેજ્ઞાની, અજ્ઞાની અને ઉભયના અલ્પબહુત્વો જાણવા. હે ભગવન્ ! આભિનિધિકજ્ઞાનના કેટલા પર્યાયો કહ્યા છે ? હે ગૌતમ ! અનન્ત પર્યાયો છે. હે ભગવન્ ! શ્રુતજ્ઞાનના કેટલા પર્યાયો કહ્યા છે ? હે ગૌતમ ! અનન્ત પર્યાયો જાણવા. એ પ્રમાણે યાવત્ કેવલજ્ઞાનના પર્યાયો જાણવા, તેમ મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાનના પણ પર્યાયો જાણવા. હે ભગવન્ ! વિભંગજ્ઞાનના કેટલા પર્યાયો કહ્યા છે ? હે ગૌતમ ! અનન્ત પર્યાયો કહ્યા છે.

હે ભગવન્ ! એ આભિનિબોધિકજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવલજ્ઞાનના પર્યાયોમાં કોના પર્યાયો કોનાથી યાવદ્ વિશેષાધિક છે ? હે ગૌતમ ! મનઃપર્યવજ્ઞાનના પર્યાયો સૌથી થોડા છે, તેથી અવધિજ્ઞાનના પર્યાયો અનંતગુણ છે, તેથી શ્રુતજ્ઞાનના પર્યાયો અનન્ત છે તેથી અનંતગુણ આભિનિબોધિક જ્ઞાનના પર્યાયો છે, અને તેથી અનંતગુણ કેવલજ્ઞાનના પર્યાયો છે. હે ભગવન્ ! એ મતિઅજ્ઞાન શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાનના પર્યાયોમાં કોના પર્યાયો કોના પર્યાયોથી યાવદ્ વિશેષાધિક છે ? હે ગૌતમ ! સર્વથી થોડા વિભંગજ્ઞાનના પર્યાયો છે, તેથી અનંતગુણ શ્રુતઅજ્ઞાનના પર્યાયો છે, અને તેથી અનંતગુણ મતિઅજ્ઞાનના પર્યાયો છે. હે ભગવન્ ! એ આભિનિબોધિકજ્ઞાનના યાવત્ કેવલજ્ઞાનના તથા મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અને વિભંગજ્ઞાનના પર્યાયોમાં કોના પર્યાયો કોના પર્યાયથી યાવત્ વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા મનઃપર્યવજ્ઞાનના પર્યાયો છે, તેથી અનંતગુણ વિભંગજ્ઞાનના પર્યાયો છે, તેથી અનંતગુણ અવધિજ્ઞાનના પર્યાયો છે. તેથી અનંતગુણ શ્રુતઅજ્ઞાનના પર્યાયો છે, તેના કરતાં શ્રુતજ્ઞાનના પર્યાય વિશેષાધિક છે, તેથી મતિઅજ્ઞાનના પર્યાયો અનંતગુણ છે, તેથી મતિજ્ઞાનના પર્યાયો વિશેષાધિક છે અને તેના કરતાં કેવલજ્ઞાનના પર્યાય અનંતગુણ છે. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, હે ભગવન્ ! તે એ પ્રમાણે છે. એમ કહી ભગવાન્ ગૌતમ ! યાવત્ વિહરે છે.

**[શતકઃ ૮ -ઉદ્દેસાઃ ૨ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ]**

## -: ઉદ્દેશક ૩ :-

[૩૯૭] હે ભગવન્ ! વૃક્ષો કેટલા પ્રકારના કહ્યા છે ? હે ગૌતમ ! વૃક્ષો ત્રણ પ્રકારના કહ્યા છે; સંખ્યાતજીવવાળા, અસંખ્યાતજીવવાળા અને અનંતજીવવાળા. હે ભગવન્ ! કેટલા પ્રકારે છે ? હે ગૌતમ ! અનેક પ્રકારના કહ્યા છે, તાડ, તમાલ, તક્કલિ, તેતલિ-ઈત્યાદિ પન્નવણામાં કહ્યા પ્રમાણે યાવત્ નાલિયેરી પર્યન્ત જાણવા. એ સિવાય તેવા પ્રકારના બીજા વૃક્ષો પણ સંખ્યાતજીવવાળા જાણવા. હે ભગવન્ ! અસંખ્યાતજીવવાળા વૃક્ષો કેટલા પ્રકારના છે ? હે ગૌતમ ! બે પ્રકારના કહ્યા છે; એકબીજવાળા અને બહુબીજવાળા. હે ભગવન્ ! એકબીજવાળા વૃક્ષો કેટલા પ્રકારે છે ? હે ગૌતમ ! અનેક પ્રકારના કહ્યા છે; 'નિંબ, આમ્ર, જાંબૂ'- ઈત્યાદિ પન્નવણામાં પ્રથમપદમાં કહ્યા પ્રમાણે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યાવત્ બહુબીજવાળા ફલો સુધી જાણવાં, એ પ્રમાણે અસંખ્યાતજીવી વૃક્ષો કહ્યા. હે ભગવન્ ! અનંતજીવવાળા વૃક્ષો કેટલા પ્રકારે છે ? હે ગૌતમ ! અનેક પ્રકારનાં કહ્યા છે, 'આલુ શૃંગવેર ઈત્યાદિ સપ્તમ શતકમાં કહ્યા પ્રમાણે યાવત્ સિઉંઢી મુસુંઢી સુધી જાણવા. જે બીજા પણ તેવા પ્રકારના વૃક્ષો છે તેઓ પણ (અનન્તજીવવાળા) જાણવા.

[૩૯૮] હે ભગવન્ ! કાચબો, કાચબાની શ્રેણિ, ગોધા (ઘો) ગોધાની શ્રેણી, ગાય ગાયની શ્રેણિ, મનુષ્ય, મનુષ્યની શ્રેણિ, મહિષ મહિષની શ્રેણી એ બધાના બે, ત્રણ કે સંખ્યાતા ખંડ કર્યા હોય તો તેઓની વચ્ચેનો ભાગ શું જીવપ્રદેશથી સ્પૃષ્ટ હોય ? હે ગૌતમ ! હા, સ્પૃષ્ટ હોય. હે ભગવન્ ! કોઈ પુરુષ (તેના અન્તરાલ-ને હાથથી, પગથી, આંગળીથી, સળીથી, કાષ્ઠથી ને નાના લાકડાથી સ્પર્શ કરતો, વિશેષ સ્પર્શ કરતો, થોડું વિશેષ આકર્ષણ કરતો, અથવા કોઈપણ તીક્ષ્ણ શસ્ત્રના સમૂહથી છેદતો, અધિક છેદતો, અગ્નિ વડે બાળતો, તે જીવપ્રદેશને થોડી કે અધિક પીડા ઉત્પન્ન કરે, યા તેના કોઈ અવયવોનો છેદ કરે ? હે ગૌતમ ! એ અર્થ યથાર્થ નથી,

[૩૯૯] હે ભગવન્ ! પૃથ્વીઓ કેટલી કહી છે ? હે ગૌતમ ! આઠ પૃથિવીઓ કહી છે, રત્નપ્રભા, યાવત્ અધઃસપ્તમપૃથિવી અને ઈષત્પ્રાગ્ભારા હે ભગવન્ ! આ રત્ન-પ્રભા પૃથિવી શું ચરમ-પ્રાન્તવર્તી છે કે અચરમ મધ્યવર્તી છે ? ઈત્યાદિ. અહીં પન્નવ-ણાનું 'ચરમ' પદ કહેવું. યાવત્ હે ભગવન્ ! વૈમાનિકો સ્પર્શ ચરમવડે શું ચરન છે કે અચરમ છે ? હે ગૌતમ ! તે બંને છે. હે ભગવન્ ! તે એમજ છે, એમ કહી ભગવાન્ ગૌતમ યાવત્ વિચરે છે.

**[શતકઃ ૮ -ઉદ્દેસાઃ ૩ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ]**

## -: ઉદ્દેશકઃ ૪ :-

[૪૦૦] રાજગૃહ નગરમાં યાવત્ (ગૌતમ) એ પ્રમાણે બોલ્યા કે હે ભગવન્ ! કેટલી ક્રિયાઓ કહી છે ? હે ગૌતમ ! પાંચ ક્રિયાઓ કહી છે, કાયિકી, અધિકરણિકી-એ પ્રમાણે અહીં પન્નવણા પદ-૨૨- ક્રિયાપદ યાવત્ 'માયાપ્રત્યયિક ક્રિયાઓ વિશેષાધિક છે' ત્યાંસુધી કહેવું, હે ભગવન્ ! તે એમજ છે, કે ભગવન્ ! તે એમજ છે.

**[શતકઃ ૮ -ઉદ્દેસાઃ ૪ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ]**

## -: ઉદ્દેશક ૫ :-

[૪૦૧] રાજગૃહ નગરમાં યાવત્ ગૌતમે એ પ્રમાણે કહ્યું કે-હે ભગવન્ ! આજી-વિકોએ સ્થવિર ભગવન્તોને આ પ્રમાણે કહ્યું હતું-હે ભગવન્ ! જેણે સામાયિક કર્યું છે એવા શ્રમણના ઉપાશ્રયમાં બેઠેલા શ્રમણોપાસકના ભાંડ-વસ્ત્રાદિ વસ્તુનું કોઈ અપહરણ કરે, તો હે ભગવન્ ! તે વસ્તુનું અન્વેષણ કરતો તે શ્રાવક શું પોતાના ભાંડને શોધે છે કે પારકા ભાંડને શોધે ? હે ગૌતમ ! તે શ્રાવક પોતાના ભાંડને શોધે છે, પણ પારકા ભાંડને શોધતો નથી. હે ભગવન્ ! તે શીલવ્રત, ગુણવ્રત, વિરમણવ્રત, પ્રત્યા-ખ્યાન અને પૌષધોપવાસવડે તે શ્રાવકનું (અપહૃત) ભાંડ તે અભાંડ થાય ? હે ગૌતમ ! હા, અભાંડ થાય. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો કે તે પોતાના ભાંડને શોધે છે, પણ પારકા ભાંડને શોધતો નથી ? હે ગૌતમ ! તે શ્રાવકના મનમાં એવો પરિણામ હોય છે કે-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'મારે હિરણ્ય નથી, મારે સુવર્ણ નથી, મારે કાંસું નથી, મારે વસ્ત્ર નથી, અને મારે વિપુલ, ધન, કનક, રત્ન, મણિ, મોતી, શંખ, પરવાલા, રક્ત રત્નો-ઈત્યાદિ વિદ્યમાન સારભૂત દ્રવ્ય નથી, પરન્તુ તેણે મમત્વ ભાવનું પ્રત્યાખ્યાન કર્યું નથી, તે હેતુથી હે ગૌતમ ! એમ કહેવાય છે કે તે પોતાના ભાંડને ગવેષે છે, પણ પારકા ભાંડને ગવેષતો નથી. હે ભગવન્ ! જેણે સામાયિક કર્યું છે એવા, શ્રમણના ઉપાશ્રયમાં રહેલા શ્રણોપાસકની સ્ત્રીને કોઈ પુરુષ સેવે તો શું તે તેની સ્ત્રી સેવે છે કે અન્યની સ્ત્રીને સેવે ? હે ગૌતમ ! તે પુરુષ તેની સ્ત્રીને સેવે છે પણ અન્યની સ્ત્રીને સેવતો નથી. હે ભગવન્ ! તે શીલવ્રત, ગુણવ્રત, વિરમણવ્રત, પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસવડે (તે શ્રાવકની) સ્ત્રી અન્યસ્ત્રી થાય ? હા, થાય. હે ભગવન્ ! તો એમ શા હેતુથી કહો છો કે તેની સ્ત્રીને સેવે છે પણ અન્યસ્ત્રી ને સેવતો નથી ? હે ગૌતમ ! તે શ્રાવકના મનમાં એવું હોય છે કે-'મારે માતા નથી, પિતા નથી, ભાઈ નથી, બહેન નથી, સ્ત્રી નથી, પુત્રો નથી, પુત્રી નથી, અને પુત્રવધૂ નથી, પરન્તુ તેને પ્રેમબન્ધન તુટ્યું નથી, તે હેતુથી. તે તેની સ્ત્રીને સેવે છે. અન્ય નહીં

[૪૦૨] હે ભગવન્ ! જે શ્રમણોપાસકને પૂર્વે સ્થૂલપ્રાણાતિપાતનું પ્રત્યાખ્યાન હોતું નથી. તે પછીથી તેનું પ્રત્યાખ્યાન કરતો શું કરે ? હે ગૌતમ ! અતીત કાલે કરેલ પ્રાણાતિપાતને પ્રતિક્રમે-નિન્દે,પ્રત્યુત્પન્ન પ્રાણાતિપાતને સંવરે-અને અનાગત પ્રાણા-તિપાતનું પ્રત્યાખ્યાન કરે. હે ભગવન્ ! અતીત કાલના પ્રાણાતિપાતને પ્રતિક્રમતો તે શ્રમણોપાસક શું ત્રિવિધે ત્રિવિધે પ્રતિક્રમે, ત્રિવિધ દ્વિવિધે ત્રિવિધ એકવિધે, દ્વિવિધ ત્રિવિધે, દ્વિવિધ દ્વિવિધે, દ્વિવિધ એકવિધે, એકવિધ ત્રિવિધે, એકવિધ દ્વિવિધે, કે એકવિધ એકવિધે પ્રતિક્રમે ? હે ગૌતમ ! તે સર્વ રીતે પણ પ્રતિક્રમે. ત્રિવિધ ત્રિવિધે પ્રતિક્રમતો મન, વચન અને કાયાથી કરતો નથી, કરાવતો નથી અને કરનાને અનુમોદન આપતો નથી; અથવા મન અને કાયથી કરતો નથી, કરાવતો નથી અને કરનારને અનુ-મતિ આપતો નથી; અથવા વચન અને કાયથી કરતો નથી, કરાવતો નથી અને કરનારને અનુમતિ આપતો નથી; ત્રિવિધ એકવિધે પ્રતિક્રમતો મનથી કરતો નથી, કરાવતો નથી, અને કરનારને અનુમતિ આપતો નથી; અથવા વચનથી કરતો નથી, કરાવતો નથી અને કરનારને અનુમતિ આપતો નથી; અથવા કાયથી કરતો નથી, કરાવતો નથી અને કરનારને અનુમતિ આપતો નથી; દ્વિવિધ ત્રિવિધે પ્રતિક્રમતો મન, વચન અને કાયાથી કરતો નથી અને કરાવતો નથી; અથવા મન, વચન અને કાયથી કરતો નથી અને કરનાર-ને અનુમતિ આપતો નથી; અથવા મન, વચન અને કાયથી કરાવતો નથી અને કરનારને અનુમતિ આપતો નથી; દ્વિવિધ દ્વિવિધે પ્રતિક્રમતો મન અને વચનથી કરતો નથી અને કરાવતો અથવા મન અને કાયથી કરતો નથી અને કરાવતો નથી, અથવા વચન અને કાયથી કરતો નથી અને કરાવતો નથી, અથવા મન અને વચનથી કરતો નથી અને કરનારને અનુમતિ આપતો નથી, અથવા મન અને કાયથી કરતો નથી અને કરનારને અનુમતિ આપતો નથી, અથવા વચન અને કાયથી કરતો નથી અને કરનારને અનુમતિ આપતો નથી, અથવા મન અને વચનથી કરાવતો નથી અને કરનારને અનુમતિ આપતો નથી, અથવા મન અને કાયથી કરાવતો નથી અને કરનારને અનુમતિ આપતો નથી, અથવા વચન અને કાયથી કરાવતો નથી અને કરનારને અનુમતિ આપતો નથી; દ્વિવિધ એકવિધે પ્રતિક્રમતો મનથી કરતો નથી ને કરાવતો નથી, અથવા વચનથી કરતો નથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને કરાવતો નથી, અથવા કાયવડે કરતો નથી અને કરાવતો નથી, અથવા મનવડે કરતો નથી અને કરનારને અનુમતિ આપતો નથી, અથવા વચનવડે કરતો નથી અને કરનારને અનુમતિ આપતો નથી, અથવા કાયવડે કરતો નથી અને કરનારને અનુમતિ આપતો નથી, અથવા મનવડે કરાવતો નથી અને કરનારને અનુમતિ આપતો નથી, અથવા વચનથી કરાવતો નથી અને કરનારને અનુમતિ આપતો નથી અથવા કાયવડે કરાવતો નથી અને કરનારને અનુમતિ આપતો નથી; એકવિધ ત્રિવિધે પ્રતિક્રમતો મન, વચન અને કાયથી કરતો નથી, અથવા મન, વચન અને કાયથી કરાવતો નથી, અથવા મન, વચન અને કાયથી કરનારને અનુમતિ આપતો નથી; એકવિધ દ્વિવિધે પ્રતિક્રમતો મન અને વચનથી કરતો નથી, અથવા મન અને કાયથી કરતો નથી, અથવા વચન અને કાયથી કરાવતો નથી, અથવા મન અને વચનથી કરાવતો નથી, અથવા મન અને કાયથી કરાવતો નથી, અથવા વચન અને કાયથી કરાવતો નથી, અથવા મન અને વચનથી કરનારને અનુમતિ આપતો નથી, અથવા મન અને કાયથી કરનારને અનુમતિ આપતો નથી, અથવા વચન અને કાયથી કરનારને અનુમતિ આપતો નથી; એકવિધ એકવિધે પ્રતિક્રમતો મનથી કરતો નથી, અથવા વચનથી કરતો નથી, અથવા કાયથી કરતો નથી; અથવા મનથી કરાવતો નથી. અથવા વચનથી કરાવતો નથી, અથવા કાયથી કરાવતો નથી, અથવા મનથી કરનારને અનુમતિ આપતો નથી, અથવા વચનથી કરનારને અનુમતિ અપતો નથી, અથવા કાયથી કરનારને અનુમતિ આપતો નથી.

પ્રત્યુત્પન્ન પ્રાણાતિપાતનો સંવર કરતો (શ્રમણોપાસક) શું ત્રિવિધ ત્રિવિધે સંવર કરે ? ઈત્યાદિ. જેમ પ્રતિક્રમતા ઓગણપચાસ ભાંગા કહ્યા, તેમ સંવર કરતાં પણ ઓગણપચાસ ભાંગા કહેવા. અનાગત પ્રાણાતિપાતનું પ્રત્યાખ્યાન કરતો (શ્રમણોપાસક) શું ત્રિવિધ ત્રિવિધે પ્રત્યાખ્યાન કરે ? ઈત્યાદિ. પૂર્વે કહ્યા પ્રમાણે ઓગણપચાસ ભાંગા કહેવા,. હે ભગવન્ ! જે શ્રમણોપાસકે પહેલાં સ્થૂલ મૃષાવાદનું પ્રત્યાખ્યાન કર્યું નથી, પછીથી હે ભગવન્ ! તે સ્થૂલમૃષાવાદનું પ્રત્યાખ્યાન કરતો શું કરે ? જેમ પ્રાણાતિપાતના ભાંગા કહ્યા, તેમ મૃષાવાદના પણ કહેવા, એ પ્રમાણે (સ્થૂલ) અદત્તાદાનના, સ્થૂલ મૈથુનના અને સ્થૂલ પરિગ્રહના પણ ભાંગાઓ જાણવા. આ આવા પ્રકારના શ્રમણોપાસકો હોય છે, પણ આવા પ્રકારના આજીવિકના ઉપાસકો હોતા નથી.

[૪૦૪] આજીવિક (ગોશાલક) ના સિદ્ધાંતનો આ અર્થ છે- 'દરેક જીવો અક્ષીણ-પરિભોગી-સચિત્તહારી છે, તેથી તેઓ હણીને છેદીને, ભેદીને, લોપ કરીને વિલોપીને અને વિનાશ કરીને ખાય છે. પણ આજીવકના મતમાં આ બાર આજીવિકોપાસકો કહ્યા છે, તાલ, તાલપ્રલંબ, ઉદ્વિધ, સંવિધ,. અવવિધ, ઉદય, નામોદય, નર્મોદય, અનુપાલક, શંખપાલક, અયંબુલ અને કાતર-એ બાર આજીવિકના ઉપાસકો છે, તેઓનો દેવ અર્હત્ (ગોશાલક) છે, માતાપિતાની સેવા કરનારા તેઓ આ પાંચ પ્રકારના ફલને ખાતા નથી; ઉંબરાના ફલ, વડના ફલ, બોર, સનરનાં ફલ અને પીંપળાના ફલ, તેઓ ડુંગળી, લસણ અને કંદમૂળના વિવર્જક (ત્યાગી) છે. તેઓ અનિર્લાંછિત, નહિ નાથેલા એવા બળદો વડે ત્રસપ્રાણીની હિંસા વિવર્જિત વ્યાપારવડે આજીવિકા કરે છે. જ્યારે એ ગોશાલકના શ્રાવકો પણ એ પ્રકારે ધર્મને ઈચ્છે છે, તો પછી જે આ શ્રમણોપાસકો છે તેઓને માટે શું કહેવું ? જેઓને આ પંદર કર્માદાનો સ્વયં કરવાને, બીજા પાસે કરાવવાને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને કરનારને અનુમતિ આપવાને કલ્પતાનથી, તે કર્માદાનો અંગારકર્મ, વનકર્મ, શટકર્મ, ભાટકકર્મ, સ્ફોટકકર્મ, દંતવાણિજ્ય, લાક્ષવાણિજ્ય, કેશવાણિજ્ય, રસવાણિજ્ય, વિષવાણિજ્ય, યંત્રપીલનકર્મ, નિર્લાંછનકર્મ, દવાગ્નિદાપન, સરોવર, દ્રહ અને તલાવનું શોષણ અને અસતીપોષણ. એ શ્રમણોપાસકો શુકલ-પવિત્ર, અને પવિત્રતાપ્રધાન થઇને મરણસમયે કાળ કરીને કોઇપણ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થાય છે.

હે ભગવન્ ! કેટલા પ્રકારના દેવલોક કહ્યા છે ? હે ગૌતમ ! ચાર પ્રકારના દેવલોકો કહ્યા છે. તે આ પ્રમાણે ભવનવાસી, વાનવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, હે ભગવન્ ! તે એ પ્રમાણે છે.

**[શતકઃ ૮ - ઉદ્દેસાઃ ૫ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ]**

## -ઉદ્દેસોઃ ૬-

[૪૦૫] હે ભગવન્ ! તેવા પ્રકારના (ઉત્તમ) શ્રમણ યા બ્રાહ્મણને પ્રાસુક અચિત્ત અને એષણીય (નિર્દોષ) અશન, પાન, ખાદિમ તથા સ્વાદિમ આહારવડે પ્રતિલાભતા શ્રમણોપાસકને શું (ફલ) થાય ? હે ગૌતમ ! એકાંત નિર્જરા થાય, પણ તેને પાપ કર્મ ન થાય. હે ભગવન્ ! તેવા પ્રકારના શ્રમણ યા બ્રાહ્મણને અપ્રાસુક (સચિત્ત) અને અનેષણીય (સદોષ) અશનાદિવડે પ્રતિલાભતા શ્રમણોપાસકને શું (ફલ) થાય ? હે ગૌતમ ! ઘણી નિર્જરા થાય, અને અત્યન્ત અલ્પ પાપકર્મ થાય. હે ભગવન્ ! તેવા પ્રકારના વિરતિરહિત, અપ્રતિહત અને અપ્રત્યાખ્યાન પાપકર્મવાળા અંસયતને પ્રાસુક અથવા અપ્રાસુક, એષણીય અથવા અનેષણીય અશનાદિવડે પ્રતિલાભતા શ્રમણોપાસકને શું ફલ થાય ? હે ગૌતમ ! એકાંત પાપકર્મ થાય, પણ કાંઇ નિર્જરા ન થાય.

[૪૦૬] ગૃહસ્થના ઘરે આહાર ગ્રહણ કરવાની ઇચ્છાથી પ્રવેશ કરેલા નિર્ગ્રન્થને કોઇ ગૃહસ્થ બે પિંડ (આહાર) ગ્રહણ કરવા માટે ઉપનિમંત્રણ કરે કે-હે આયુષ્મન્ ! એક પિંડ તમે ખાજો, અને બીજો પિંડ સ્થવિરોને આપજો. પછી તે નિર્ગ્રંથ તે (બન્ને) પિંડને ગ્રહણ કરે અને તે સ્થવિરોની શોધ કરે; તપાસ કરતાં જ્યાં સ્થવિરોને જુએ ત્યાંજ તે પિંડ તેને આપે, જો કદાચ શોધતાં સ્થવિરોને ન જુએ તો તે પિંડ પોતે ખાય નહીં અને બીજાને આપે નહીં, પણ એકાન્ત, અનાપાત-જ્યાં કોઇ આવે નહિ એવી અચિત્ત અને બહુ પ્રાસુક સ્થંડિલ (ભૂમિ) ને જોઇને, પ્રમાર્જીને ત્યાં પરઠવે. ગૃહસ્થના ઘરે આહાર ગ્રહણ કરવાના ઇરાદાથી પ્રવેશ કરેલા નિર્ગ્રન્થને કોઇ ગૃહસ્થ ત્રણ પિંડ ગ્રહણ કરવાને ઉપનિમંત્રણ કરે કે-હે આયુષ્મન ! એક પિંડ તમે ખાજો અને બીજા બે પિંડ, સ્થવિરોને આપજો. પછી તે નિર્ગ્રંથ તે પિંડોને ગ્રહણ કરે, અને સ્થવિરોની તપાસ કરે., બાકીનું પૂર્વસૂત્રની પેઠે જાણવું, યાવત્ પરઠવે, એ પ્રમાણે યાવત્ દશ પિંડોને ગ્રહણ કરવાને ઉપનિમંત્રણ કરે, પરન્તુ એમ કહે કે હે આયુષ્યમાન ! એક પિંડ તમે ખાજો અને બાકીના નવ પિંડ સ્થવિરોને આપજો, બાકી બધું પૂર્વની પેઠે જાણવું, યાવત્ પરઠવે. નિર્ગ્રંથ યાવત્ ગૃહપતિના કુલમાં પ્રવેશ કરે અને કોઇ ગૃહસ્થ બે પાત્રવડે તેને ઉપનિમંત્રણ કરે કે-હે આયુષ્મન્ ! એક પાત્રનો તમે ઉપભોગ કરો અને બીજું સ્થવીરોને આપજો, યાવત્ તે પાત્રને પરઠવે. એ પ્રમાણે યાવત્ દસ પાત્ર સુધી કહેવું, જે પ્રમાણે પાત્રની વક્તવ્યતા કહી છે તેમ ગુચ્છા, રજોહરણ, ચોલપટ્ટ, કંબલ, દંડ અને સંસ્તારકની વક્તવ્યતા કહેવી,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યાવત્ દશ સંસ્તારકવડે ઉપનિમંત્રણ કરે, યાવત્ તેને પરઠવે.

[૪૦૭] કોઈ નિર્ગ્રન્થો ગૃહપતિના ઘરે આહાર ગ્રહણ કરવાના ઈરાદાથી પ્રવેશ કરતા કોઈ અકૃત્ય સ્થાનનું પ્રતિસેવન કર્યું હોય, પછી તે નિર્ગ્રન્થના મનમાં એમ થાય કે- "પ્રથમ હું અહીંજ આ અકાર્ય સ્થાનનું આલોચન. પ્રતિક્રમણ, નિન્દા અને ગર્હા કરું, છેદું, વિશુદ્ધ કરું, પુનઃ ન કરવા માટે તૈયાર થાઉં, અને યથાયોગ્ય પ્રાયશ્ચિતરૂપ તપ કર્મનો સ્વીકાર કરું. ત્યારપછી સ્થવિરોની પાસે જઈને આલોચના કરીશ, યાવત્ તપકર્મનો સ્વીકાર કરીશ." (એમ વિચારી) તે નિર્ગ્રન્થ સ્થવિરોની પાસે જવા નીકળે અને ત્યાં પહોંચ્યાં પહેલાં તે સ્થવિરો મૂક થઈ જાય-બોલી ન શકે અર્થાત્ પ્રાયશ્ચિત્ત ન આપી શકે તો હે ભગવન્ ! શું તે નિર્ગ્રન્થ આરાધક છે કે વિરાધક છે ? હે ગૌતમ ! તે નિર્ગ્રન્થ આરાધક છે પણ વિરાધક નથી. હવે તે નિર્ગ્રન્થ સ્થવિરોની પાસે જાય અને ત્યાં પહોંચ્યા પહેલા તે (નિર્ગ્રન્થ) મૂક થઈ જાય તો હે ભગવન્ ! શું તે નિર્ગ્રન્થ આરાધક છે કે વિરાધક છે ? હે ગૌતમ ! તે નિર્ગ્રન્થ આરાધક છે પણ વિરાધક નથી. તે નિર્ગ્રન્થ સ્થવિરોની પાસે જવા નીકળે અને તે પહોંચ્યા પહેલાં તે સ્થવિરો કાળ કરે તો હે ભગવન્ ! આરાધક છે કે વિરાધક છે ? હે ગૌતમ ! તે નિગ્રંથ આરાધક છે પણ નિરાધક નથી. હવે સ્થવિરોની પાસે જવા નિકળેલો તે નિર્ગ્રન્થ સ્થવિરોની પાસે પહોંચ્યા પહેલા પોતે કાળ કરી જાય તો ? હે ગૌતમ ! તે નિર્ગ્રન્થ આરાધક છે પણ વિરાધક નથી.

તે નિર્ગ્રન્થ સ્થવિરોની પાસે જવા નીકળે અને પહોંચતા વાર તે સ્થવિરો મૂક થઈ જાય, તો હે ભગવન્ ! તે શું નિર્ગ્રન્થ આરાધક છે કે વિરાધક છે ? હે ગૌતમ ! તે નિર્ગ્રન્થ આરાધક છે પણ વિરાધક નથી. હવે તે નિર્ગ્રન્થ સ્થવિરોની પાસે જાય અને ત્યાં પહોંચતાં વાર તે (નિર્ગ્રન્થ) મૂક થઈ જાય તો શું તે નિર્ગ્રન્થ આરાધક છે કે વિરાધક છે ? ઈત્યાદિ સંપ્રાપ્ત (પહોંચેલા) નિર્ગ્રન્થના ચાર આલાપક અસંપ્રાપ્ત (નહિ પહોંચેલા) નિર્ગન્થની પેઠે કહેવા. કોઈ નિર્ગ્રન્થે નિહારભૂમિ કે વિહારભૂમિ તરફ જતાં કંઈ એક અકૃત્યસ્થાનનું પ્રતિસેવન કર્યું હોય, પછી તેને એમ થાય કે 'હું પ્રથમ અહીં તેનું આલોચનાદિ કરું'- ઈત્યાદિ પૂર્વની પેઠે અહીં પણ તેજ આલાપક કહેવા, નિર્ગ્રન્થે ગ્રામાનુગ્રામવિહાર કરતાં કોઈ એક અકૃત્યસ્થાનનું પ્રતિસેવન કર્યુ હોય, પછી તેને એમ થાય કે, હું પ્રથમ તેનું આલોચનાદિ કરું-ઈત્યાદિ પૂર્વવત્ અહીં પણ તેજ આઠ આલાપક કહેવા, કોઈ સાધ્વીએ આહાર ગ્રહણ કરવાના ઈરાદાથી ગૃહપતિના ઘરે પ્રવેશ કરતા કોઈએક અકૃત્યસ્થાનનું પ્રતિસેવન કર્યું, પછી તેને એમ થાય કે હું પ્રથમ આ અકૃત્યસ્થાનનું આલોચન કરું, યાવત્ તપકર્મનો સ્વીકાર કરું. ત્યારપછી પ્રવર્તિની (વૃદ્ધ સાધ્વી) ની પાસે આલોચના કરીશ, યાવત્ તપકર્મનો સ્વીકાર કરીશ, (એમ વિચારી) તે સાધ્વી તે પ્રવર્તિનીની પાસે જવા નિકળે, અને ત્યાં પહોંચ્યા પહેલાં તે પ્રવર્તિની મુંગી થઈ જાય, તો હે ભગવન્ ! શું તે સાધ્વી આરાધક છે કે વિરાધક છે ? હે ગૌતમ ! તે સાધ્વી આરાધક છે પણ વિરાધક નથી, જેમ નિર્ગ્રંથને ત્રણ આલાપકો કહ્યા છે તેમ ત્રણ આલાપકો સાધ્વીને કહેવા. યાવત્ 'તે આરાધક છે પણ વિરાધક નથી.'

હે ભગવન્ ! એ પ્રમાણે આપ શા હેતુથી કહો છો કે તેઓ આરાધક છે પણ વિરાધક નથી ? હે ગૌતમ ! જેમ કોઈ એક પુરુષ એક મોટા ઊનનાં, ગજના લોમના, શણના રેસાના, કપાસના રેસાના, તૃણના અગ્રભાગના બે, ત્રણ કે સંખ્યાત છેદ કકડા-

કરી તેને અગ્નિમાં નાખે તો હે ગૌતમ ! તે છેદાતાં છેદાયેલું, અગ્નિમાં નંખાતા નંખાયેલું, બળતાં બળેલું એમ કહેવાય ? હે ભગવન્ ! હા, છેદાતાં છેદાયેલું, યાવત્ બળતાં બળેલું કહેવાય, અથવા કોઈ પુરુષ નવું, ધોએલું કે તન્ત્ર-સાળથી તરત ઉતરેલું કપડું મજીઠના રંગની કુંડીમાં નાંખે તો હે ગૌતમ ! તે ઉંચેથી નાંખતા ઉંચેથી નંખાયેલું, રંગાતાં રંગાયેલું એમ કહેવાય ? હા, ભગવન્ ! તે ઉંચેથી નાંખતાં ઉંચેથી નંખાયેલું, યાવત્ રંગાતાં રંગાયેલું કહેવાય; તે હેતુથી હે ગૌતમ ! એમ કહેવાય છે કે તે આરાધક છે પણ વિરાધક નથી.

[૪૦૮] હે ભગવન્ ! બળતા દીવામાં શું બળે છે ? શું દીવો બળે છે, દીપયષ્ટિ-દીવી બળે છે, વાટ બળે છે, તેલ બળે છે, દીવાનું ઢાકણું બળે છે, કે જ્યોતિ-દીપશિખા બળે છે ? હે ગૌતમ ! દીવો બળતો નથી, યાવત્ દીવાનું ઢાંકણું બળતું નથી, પણ જ્યોતિ બળે છે. હે ભગવન્ ! બળતા ઘરમાં શું ? હે ગૌતમ ! ઘર બળતું નથી, ભીંતો બળતી નથી, યાવત્ ડાભ વગેરેનું છાદન બળતું નથી, પણ જ્યોતિ બળે છે.

[૪૦૯] હે ભગવન્ ! એક જીવ એક ઔદારિક શરીરને આશ્રયી કેટલી ક્રિયા-વાળો હોય ? હે ગૌતમ ! કદાચ ત્રણ ક્રિયાવાળો, કદાચ ચાર ક્રિયાવાળો, કદાચ પાંચ ક્રિયાવાળો, અને કદાચ અક્રિય હોય. હે ભગવન્ એક નારક એક ઔદારિક શરીરને આશ્રયી કેટલી ક્રિયાવાળો હોય ? હે ગૌતમ ! કદાચ ત્રણ ક્રિયાવાળો, કદાચ ચાર ક્રિયા-વાળો અને કદાચ પાંચ ક્રિયાવાળો હોય. હે ભગવન્ ! એક અસુરકુમાર એક ઔદારિક શરીરને આશ્રયી કેટલી ક્રિયાવાળો હોય ? હે ગૌતમ ! પૂર્વની પેઠે એ પ્રમાણે યાવત્ વૈમાનિકો જાણવા, પરન્તુ મનુષ્યો જીવની પેઠે જાણવા. હે ભગવન્ ! એક જીવ ઔદા-રિક શરીરોને આશ્રયી કેટલી ક્રિયાવાળો હોય ? હે ગૌતમ ! તે કદાચ ત્રણ ક્રિયાવાળો હોય, યાવત્ કદાચ અક્રિય હોય. હે ભગવન્ ! એક નૈરયિક ઔદારિક શરીરને આશ્રયી કેટલી ક્રિયાવાળો હોય ? હે ગૌતમ ! જેમ આ પ્રથમ દંડક કહ્યો છે તેમ આ સઘળા દંડકો પણ યાવત્ વૈમાનિક સુધી કહેવા, પરન્તુ મનુષ્યો જીવોની પેઠે જાણવા. હે ભગવન્ ! જીવો એક ઔદારિકશરીરને આશ્રયી કેટલી ક્રિયાવાળા હોય ? હે ગૌતમ ! કદાચ ત્રણ ક્રિયાવાળા હોય, યાવત્ કદાચ ક્રિયારહિત હોય. હે ભગવન્ ! નૈરયિકો ઔદારિક શરીર-ને આશ્રયી કેટલી ક્રિયાવાળા હોય ? હે ગૌતમ ! જેમ પ્રથમ દંડક કહ્યો છે તેની પેઠે યાવત્ વૈમાનિક સુધી આ દંડક પણ કહેવો, પણ મનુષ્યો જીવોની પેઠે કહેવા. હે ભગવન્ ! જીવો ઔદારિક શરીરને આશ્રયી કેટલી ક્રિયાવાળા હોય ? હે ગૌતમ ! કદાચ ત્રણ ક્રિયાવાળા પણ હોય, ચાર ક્રિયાવાળા પણ હોય, પાંચ ક્રિયાવાળા પણ હોય અને ક્રિયારહિત પણ હો. હે ભગવન્ ! નૈરયિકો ઔદારિક શરીરોને આશ્રયી કેટલી ક્રિયાવાળા હોય ? હે ગૌતમ ! ત્રણ, ચાર અને પાંચ ક્રિયાવાળા પણ હોય. એ પ્રમાણે યાવત્ વૈમાનિકો જાણવા. પણ મનુષ્યો જીવોની પેઠે જાણવા.

હે ભગવન્ ! વૈક્રિયશરીરને આશ્રયી કેટલી ક્રિયાવાળો હોય ? હે ગૌતમ ! કદાચ ત્રણ ક્રિયાવાળો, કદાચ ચાર ક્રિયાવાળો અને કદાચ અક્રિય હોય. હે ભગવન્ નૈરયિક વૈક્રિય શરીરને આશ્રયીને કેટલી ક્રિયાવાળો હોય ? હે ગૌતમ ! કદાચ ત્રણ ક્રિયાવાળો અને કદાચ ચાર ક્રિયાવાળો હોય. એ પ્રમાણે યાવત્ વૈમાનિક સુધી જાણવું, પણ મનુષ્યને જીવની પેઠે જાણવો. એ પ્રમાણે જેમ ઔદારિક શરીરના ચાર દંડક કહ્યા, તેમ વૈક્રિય શરીરના પણ ચાર દંડક કહેવા, પરન્તુ તેમાં પાંચમી ન કહેવી. બાકીનું પૂર્વની પેઠે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જાણવું. એ પ્રમાણે જેમ વૈક્રિય શરીર સંબન્ધે કહ્યું, તેમ આહારક, તૈજસ અને કાર્મણ શરીર સંબંધે પણ કહેવું. એક એકના ચાર દંડક કહેવા, યાવત્ હે ભગવન્ ! વૈમાનિકો કાર્મણ શરીરોને આશ્રયી કેટલી ક્રિયાવાળા હોય ? હે ગૌતમ ! ત્રણ ક્રિયાવાળા પણ હોય અને ચાર ક્રિયાવાળા પણ હોય. હે ભગવન્ ! તે એમજ છે, હે ભગવન્ ! તે એમજ

[શતકઃ ૮ ઉદ્દેસાઃ ૬ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ]

-: ઉદ્દેશક ૭ :-

[૪૧૦] તે કાલે અને તે સમયે રાજગૃહ નામે નગર હતું. ગુણસિલક ચૈત્ય હતું. યાવત્ પૃથિવીશિલાપટ્ટક હતો.તેગુણસિલકચૈત્યની આસપાસ થોડે દૂર ઘણા અન્યતીર્થિકો રહે છે. તે કાલે તે સમયે શ્રમણભગવાન્મહાવીર. તીર્થના આદિકર યાવત્ સમોસર્યા, યાવત્ પરિષદ્ વિસર્જિત થઈ. તે કાલે-તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના ઘણા શિષ્યો, સ્થવિર ભગવંતો જાતિસંપન્ન, કુલસંપન્ન-ઈત્યાદિ જેમ બીજા શતકમાં વર્ણવ્યા છે તેવા, યાવત્ જીવિતની આશા અને મરણના ભયથી રહિત હતા. અને શ્રમણ ભગવંત મહાવીરની આસપાસ ઉંચા ઢીંચણ કરી નીચે મસ્તક નમાવી, ધ્યાનરૂપ કોષ્ઠને પ્રાપ્ત થયેલા, તેઓ સંયમ અને તપવડે આત્માને ભાવિત કરતા યાવત્ વિહરે છે. ત્યારપછી તે અન્યતીર્થિકો જ્યાં સ્થવિર ભગવંતો છે ત્યાં આવે છે, અને ત્યાં આવીને તેઓએ તે સ્થવિર ભગવંતોને એમ કહ્યું કે-'હે આર્યો ! તમે ત્રિવિધે ત્રિવિધે અસંયત, અવિરત અને અપ્રતિહત પાપકર્મવાળા છો' ઈત્યાદિ જેમ સાતમા શતકના બીજા ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે યાવત્ એકાંત બાલ-અજ્ઞ છો. ત્યારબાદ તે સ્થવિર ભગવંતોએ તે અન્યતીર્થિકોને એમ કહ્યું કે, હે આર્યો ! અમે કયા કારણથી ત્રિવિધે ત્રિવિધે અસંયત, અવિરત યાવત્ એકાંતબાલ છીએ. ત્યારબાદ તે અન્યતીર્થિકોએ તે સ્થવિર ભગવંતોને એમ કહ્યું કે, હે આર્યો ! તમે અદત્ત પદાર્થનું ગ્રહણ કરો છો, અદત્ત પદાર્થને ખાઓ છો અને અદત્તનો સ્વાદ લો છો, તેથી તમે ત્રિવિધે ત્રિવિધે અસંયત, અને અવિરત યાવત્ એકાંત બાલ પણ છો.

ત્યારબાદ તે સ્થવિર ભગવંતોએ તે અન્યતીર્થિકોને એમ કહ્યું કે, હે આર્યો ! ક્યા ક્યારણથી અમે અદત્તનું ગ્રહણ કરીએ છીએ, અદત્તનું ભોજન કરીએ છીએ અને અદત્તની અનુમતિ આપીએ છીએ કે જેથી અદત્તને ગ્રહણ કરતા, યાવત્ અદત્તની અનુમતિ આપતા અમે ત્રિવિધ ત્રિવિધે અસંયત, યાવત્ એકાંત બાલ છીએ ? ત્યારબાદ તે અન્યતીર્થિકોએ તે સ્થવિર ભગવંતોને એમ કહ્યું કે, હે આર્યો ! તમારા મતમાં અપાતું હોય તે આપેલું નથી, ગ્રહણ કરાતું હોય તે ગ્રહણ કરાયેલું નથી, (પાત્રમાં) નંખાતું હોય તે નંખાયેલું નથી. હે આર્યો ! તમને આપવામાં આવતો પદાર્થ જ્યાંસુધી પાત્રમાં પડ્યો નથી, તેવામાં વચમાંથીજ તે પદાર્થને કોઈ અપહરણ કરે તો તે ગૃહપતિના પદાર્થનું અપહરણ થયું એમ કહેવાય, પણ તમારા પદાર્થનું અપહરણ થયું એમ ન કહેવાય, તેથી તમે અદત્તનું ગ્રહણ કરો છો, યાવત્ અદત્તની અનુમતિ આપો છો, માટે અદત્તનું ગ્રહણ કરતા તમે યાવત્ એકાંત અજ્ઞ છો. ત્યારપછી તે સ્થવિર ભગવંતોએ તે અન્યતીર્થિકોને એમ કહ્યું કે હે આર્યો ! અમે અદત્તનું ગ્રહણ કરતા નથી, અદત્તનું ભોજન કરતા નથી અને અદત્તની અનુમતિ પણ આપતા નથી, હે આર્યો ! અમે દત્તનું-આપેલ પદાર્થનું ગ્રહણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરીએ છીએ, દત્તનું ભોજન કરીએ છીએ, અને દત્તની અનુમતિ આપીએ છીએ, માટે દત્તનું ગ્રહણ કરતા, દત્તનું ભોજન કરતા અને દત્તની અનુમતિ આપતા અમે ત્રિવિધ ત્રિવિધે સંયત, વિરત અને પાપકર્મનો નાશ કરવાવાળા યાવત્ એકાંત પંડિત છીએ. ત્યારબાદ તે અન્યતીર્થિકોએ તે સ્થવિર ભગવંતોને એમ કહ્યું કે, હે આર્યો ! તમે ક્યા કારણથી દત્તનું ગ્રહણ કરો છો, યાવત્ દત્તની અનુમતિ આપો છો, તેથી દત્તનું ગ્રહણ કર્તા તમે યાવત્ એકાંત પંડિત છો ?

તે પછી તે સ્થવિર ભગવંતોએ તે અન્યતીર્થિકોને એ પ્રમાણે કહ્યું કે, હે આર્યો ! અમારા મતમાં અપાતું તે અપાયેલું, ગ્રહણ કરાતું તે ગ્રહણ કરાયેલું, અને (પાત્રમાં) નંખાતું તે નંખાયેલું છે, જેથી હે આર્યો ! અમને દેવાતો પદાર્થ જ્યાંસુધી પાત્રમાં નથી પડ્યો તેવામાં વચમાં કોઈ તે પદાર્થનો અપહાર કરે તો તે અમારા પદાર્થનો અપહાર થયો એમ કહેવાય, પણ તે ગૃહપતિના પદાર્થનો અપહાર થયો એમ ન કહેવાય, માટે અમે દત્તનું ગ્રહણ કરીએ છીએ, દત્તનું ભોજન કરીએ છીએ, અને દત્તની અનુમતિ આપીએ છીએ, તેથી અમે ત્રિવિધ ત્રિવિધે સંયત, યાવત્ એકાંત પંડિત પણ છીએ. હે આર્યો ! તમે પોતેજ ત્રિવિધ ત્રિવિધે અસંયત યાવત્ એકાંત બાલ છો. ત્યારબાદ તે અન્યતીર્થિકોએ તે સ્થવિર ભગવંતોને એમ કહ્યું કે, હે આર્યો ! ક્યા કારણથી અમે ત્રિવિધ ત્રિવિધે યાવત્ એકાંત બાલ છીએ ? ત્યારબાદ તે સ્થવિર ભગવંતોએ તે અન્યતીર્થિકોને એમ કહ્યું કે, હે આર્યો ! તમે અદત્તનું ગ્રહણ કરો છો, અદત્તનું ભોજન કરો છો અને અદત્તની અનુમતિ આપો છો માટે અદત્તનું ગ્રહણ કરતા તમે યાવત્ એકાંત બાલ છો.

ત્યારપછી તે અન્યતીર્થિકોએ તે સ્થવિર ભગવંતોને એમ કહ્યું કે, હે આર્યો અમે ક્યા કારણથી અદત્તનું ગ્રહણ કરીએ છીએ, યાવત્ એકાંત બાલ છીએ ? ત્યારબાદ તે સ્થવિર ભગવંતોએ તે અન્યતીર્થિકોને એમ કહ્યું કે, હે આર્યો ! તમારા મતમાં અપાતું તે અપાયેલું નથી-ઈત્યાદિ પૂર્વની પેઠે કહેવું. યાવત્ તે વસ્તુ ગૃહપતિની છે, પણ તમારી નથી, માટે તમે અદત્તનું ગ્રહણ કરો છો, યાવત્ પૂર્વ પ્રમાણે તમે એકાંત બાલ છો. ત્યારપછી તે અન્યતીર્થિકોએ તે સ્થવિર ભગવંતોને એમ કહ્યું કે, હે આર્યો ! તમે ત્રિવિધ ત્રિવિધે અસંયત યાવત્ એકાંત બાલ છો. તે સ્થવિર ભગવંતોએ તે અન્યતીર્થિકોને એમ કહ્યું કે, હે આર્યો ! અમે ક્યા કારણથી ત્રિવિધ ત્રિવિધે યાવત્ એકાંત બાલ છીએ ? તે અન્યતીર્થિકોએ તે સ્થવિર ભગવંતોને એમ કહ્યું કે, હે આર્યો ! તમે ગતિ કરતા પૃથિવીના જીવને દબાવો છો, હણો છો, પાદાભિઘાત કરો છો, શ્લિષ્ટ કરો છો, સહત-કરો છો, સંઘટ્ટિત-કરો છો, પરિતાપિત કરો છો, ક્લાંત કરો છો અને તેઓને મારો છો; તેથી પૃથિવીના જીવને દબાવતા, યાવત્ મારતા તમે ત્રિવિધ ત્રિવિધે અસંયત, અવિરત અને યાવત્ એકાંત બાલ પણ છો.

ત્યારબાદ તે સ્થવિર ભગવંતોએ તે અન્યતીર્થિકોને એમ કહ્યું કે, હે આર્યો ! ગતિ કરતા અમે પૃથિવીના જીવને દબાવતા નથી, હણતા નથી, યાવત્ તેઓને મારતા નથી, હે આર્યો ! ગતિ કરતા અમે કાયના કાર્યને, યોગને અને સત્યને આશ્રયી એક સ્થળેથી બીજે સ્થળે જઈએ છીએ, એક પ્રદેશથી બીજે પ્રદેશે જઈએ છીએ, તો એક સ્થળેથી બીજે સ્થળે જતા અને એક પ્રદેશથી બીજે પ્રદેશે જતા અમે પૃથિવીના જીવને દબાવતા નથી, તેઓને હણતા નથી, યાવત્ તેઓને મારતા નથી; તેથી પૃથિવીના જીવોને નહિ દબાવતા, નહીં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હણતા, યાવત્ નહીં મારતા અમે ત્રિવિધ ત્રિવિધે સંયત, યાવત્ એકાંત પંડિત છીએ, હે આર્યો ! તમે પોતેજ ત્રિવિધ ત્રિવિધે અસંયત યાવત્ એકાંત બાલ પણ છો. તે અન્યતીર્થિકોએ તે સ્થવિર ભગવંતોને એમ કહ્યું કે, હે આર્યો ! ક્યા કારણથી અમે ત્રિવિધ ત્રિવિધ યાવત્ એકાંત બાલ પણ છીએ ? ત્યારબાદ તે સ્થવિર ભગવંતોએ તે અન્યતીર્થિકોને એમ કહ્યું કે, હે આર્યો ! ગતિ કરતા તમે પૃથિવીના જીવને દબાવો છો, યાવત્ મારો છો, માટે પૃથિવીના જીવને દબાવતા, યાવત્ મારતા તમે ત્રિવિધ ત્રિવિધે યાવત્ એકાંત બાલ છો.

ત્યારપછી તે અન્યતીર્થિકોએ તે સ્થવિર ભગવંતોને એમ કહ્યું કે, હે આર્યો ! તમારા (મતે) જે સ્થળે જવાતું હોય તે -ન જવાયેલું કહેવાય, જે ઉલ્લંઘન કરાતું હોય તે ન ઉલ્લંઘન કરાયેલું એમ કહેવાય, અને રાજગૃહ નગરને પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળાને ન પ્રાપ્ત થવું એમ કહેવાય. તે પછી તે સ્થવિર ભગવંતોએ તે અન્યતીર્થિકોને એમ કહ્યું કે, હે આર્યો ! અમારા (મતે)-જે સ્થળે જવાતું હોય તે -ન જવાયેલું, વ્યતિક્રમ્યમાણ-અવ્યતિ-ક્રાંત-અને રાજગૃહ નગરને પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળાને અસંપ્રાપ્ત- કહેવાય, પણ હે આર્યો ! અમારા (મતે) ગમ્યમાન તે ગત, વ્યતિક્રમ્યમાણ તે વ્યતિક્રાંત અને રાજગૃહ નગરને પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળાને તે સંપ્રાપ્ત કહેવાય છે. તમારે મતે ગમ્યમાન તે અગત, વ્યતતિક્રમ્યમાણ તે અવ્યતિક્રાંત અને રાજગૃહ નગરને યાવત્ પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળાને તે અસંપ્રાપ્ત છે. તે પછી તે સ્થવિર ભગવંતોએ તે અન્યતીર્થિકોને એ પ્રમાણે નિરુત્તર કર્યા, અને નિરુત્તર કરીને તેઓએ ગતિપ્રપાત નામે અધ્યયન પ્રરૂપ્યું.

[૪૧૧] હે ભગવન્ ! ગતિપાતો કેટલા પ્રકારે કહ્યા છે ? હે ગૌતમ ! ગતિપાતો પાંચ પ્રકારના છે, પ્રયોગગપતિ, તતગતિ, બંધનછેદનગતિ, ઉપપાગતિ અને વિહાયોગતિ. અહીંથી આરંભીને સઘળુંપ્રયોગપદ અહીં કહેવું હે ભગવન્ ! તે એમજ છે. હે ભગવન્ ! તે એમજ છે. એમ કહીને ભગવાન્ ગૌતમ યાવત્ વિહરે છે.

[શતકઃ ૮ -ઉદેસાઃ ૭ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ]

-: ઉદ્દેશક ૮ :-

[૪૧૨] રાજગૃહ નગરમાં યાવત્ એ પ્રમાણે કહ્યું કે હે ભગવન્ ! ગુરુઓને આશ્રયી કેટલા પ્રત્યનીકો છે ? હે ગૌતમ ! ત્રણ પ્રત્યનીકો છે, આચાર્યપ્રત્યનીક, ઉપાધ્યાયપ્રત્યનીક અને સ્થવિરપ્રત્યનીક. હે ભગવન્ ! ગતિને આશ્રયી કેટલા પ્રત્ય-નીકો કહ્યા છે ? હે ગૌતમ ! ત્રણ પ્રત્યનીકો કહ્યા છે, ઈહલોકપ્રત્યનીક પરલોકપ્રત્યનીક અને ઉભયલોકપ્રત્યનીક. હે ભગવન્ ! સમૂહને આશ્રયી કેટલા પ્રત્યનીકો કહ્યા છે ? હે ગૌતમ ! ત્રણ પ્રત્યનીકો કહ્યા છે, કુલપ્રત્યનીક, ગણપ્રત્યનીક અને સંઘપ્રત્યનીક. હે ભગવન્ ! અનુકંપાને આશ્રયી પ્રશ્ન; હે ગૌતમ ! અનુકંપાને આશ્રયી ત્રણ પ્રત્યનીકો કહ્યા છે, તપસ્વિપ્રત્યનીક, ગ્લાનપ્રત્યનીક અને શૈક્ષપ્રત્યનીક. હે ભગવન્ ! શ્રુતને આશ્રયી પ્રશ્ન. હો ગૌતમ!ત્રણ પ્રત્યનીકો કહ્યા છે, સૂત્રપ્રત્યનીક,અર્થપ્રત્યનીક અને તદુભયપ્રત્ય-નીક. હે ભગવન્ ! ભાવને આશ્રયી પ્રશ્ન. હે ગૌતમ ! ત્રણ પ્રત્યનીકો છે, જ્ઞાનપ્રત્યનીક, દર્શનપ્રત્યનીક, ચારિત્રપ્રત્યનીક.

[૪૧૩] હે ભગવન્ ! વ્યવહાર કેટલા પ્રકારનો કહ્યો છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કહ્યો છે, આગમવ્યવહાર,શ્રુતવ્યવહાર,આજ્ઞાવ્યવહાર, ધારણાવ્યવહાર અને જીતવ્યવહાર. તે પાંચ પ્રકારના વ્યવહારમાં જેની પાસે જે પ્રકારે આગમ હોય તે પ્રકારે તેણે આગમથી વ્યવહાર ચલાવવો, તેમાં જો આગમ ન હોય તો જે પ્રકારે તેની પાસે શ્રુત હોય તે શ્રુતવડે વ્યવહાર ચલાવવો, અથવા જો તેમાં શ્રુત ન હોય તો જે પ્રકારે તેની પાસે આજ્ઞા હોય તે પ્રકારે તેણે વ્યવહાર ચલાવવો. જો તેમાં આજ્ઞા ન હોય તો જે પ્રકારે તેની પાસે ધારણા હોય તે પ્રકારે તેણે વ્યવહાર ચલાવવો. જો તેમાં ધારણા ન હોય તો જે પ્રકારે તેની પાસે જીત હોય તે પ્રકારે તેણે વ્યવહાર ચલાવવો. એ પ્રમાણે એ પાંચ વ્યવહારોવડે વ્યવહાર ચલાવવો, હે ભગવન્ ! આગમના બળવાળા શ્રમણ નિર્ગ્રંથો શું કહે છે ? અર્થાત્ પંચવિધ વ્યવહારનું ફલ શું કહે છે ? એ પ્રકારે આ પાંચ પ્રકારના વ્યવહારને જ્યારે જ્યારે અને જ્યાં જ્યાં (ઉચિત હોય) ત્યારે ત્યારે ત્યાં ત્યાં રાગદ્વેષના ત્યાગપૂર્વક સારીરીતે વ્યવહરતો શ્રમણ નિર્ગ્રંથ આજ્ઞાનો આરાધક થાય છે.

[૪૧૪] હે ભગવન્ ! બન્ધ કેટલા પ્રકારનો કહ્યો છે ? હે ગૌતમ ! બન્ધ બે પ્રકારનો કહ્યો છે, તે આ પ્રમાણે-ઐર્યાપથિકબન્ધ અને સાંપરાયિકબન્ધ. હે ભગવન્ ! ઐર્યાપિથિક કર્મ શું નારક બાંધે, તિર્યંચ બાંધે, તિર્યંચ સ્ત્રી બાંધે, મનુષ્ય બાંધે, મનુષ્યસ્ત્રી બાંધે, દેવ બાંધે કે દેવી બાંધે હે ગૌતમ ! નારક બાંધતો નથી, તિર્યંચ બાંધતો નથી, તિર્યંચસ્ત્રી બાંધતી નથી, દેવ બાંધતો નથી અને દેવી બાંધતી નથી; પણ પૂર્વપ્રતિપન્નને આશ્રયી મનુષ્યો અને મનુષ્ય સ્ત્રીઓ બાંધે છે. પ્રતિપદ્યમાનને આશ્રયી મનુષ્ય બાંધે છે. અથવા મનુષ્યસ્ત્રી બાંધે છે. અથવા મનુષ્યો બાંધે છે. અથવા મનુષ્ય સ્ત્રીઓ બાંધે છે; અથવા મનુષ્ય અને મનુષ્યસ્ત્રી બાંધે છે. અથવા મનુષ્ય અને મનુષ્યસ્ત્રીઓ બાંધે છે. અથવા મનુષ્યો અને મનુષ્યસ્ત્રી બાંધે છે. અથવા મનુષ્યો અને મનુષ્યસ્ત્રીઓ બાંધે છે. હે ભગવન્ ! તે ઐર્યાપથિક કર્મને શું સ્ત્રી બાંધે, પુરુષ બાંધે, નપુંસક બાંધે, સ્ત્રીઓ બાંધે, પુરુષો બાંધે, નપુંસકો બાંધે, નોસ્ત્રી, નોપુરુષ, કે નોનપુંસક બાંધે ? હે ગૌતમ ! સ્ત્રી ન બાંધે, યાવત્ નપુંસકો ન બાંધે; અથવા પૂર્વપ્રતિપન્નનઆશ્રયી વેદરહિત જીવો બાંધે, અથવા પ્રતિપદ્યમાનને આશ્રયી વેદરહિત જીવ અથવા વેદરહિત જીવો બાંધે.

હે ભગવન્ ! જો વેદરહિત જીવ યા વેદરહિત જીવો ઐર્યાપથિક કર્મને બાંધે તો શું સ્ત્રીપશ્ચાત્કૃત (જેને પૂર્વે સ્ત્રીવેદ હોય એવો) જીવ બાંધે, પુરુષપશ્ચાત્કૃત (જેને પૂર્વે પુરુષવેદ હોય એવો) જીવ બાંધે, નપુંસકપશ્ચાકત્કૃત (જેને પૂર્વે નપુંસક વેદ હોય એવો) જીવ બાંધે, સ્ત્રીપશ્ચાત્કૃત જીવો બાંધે, પુરુષપશ્ચાત્કૃત જીવો બાંધે, કે નપુંસકપશ્ચાત્કૃત બાંધે ?; અથવા સ્ત્રીપશ્ચાત્કૃત અને પુરુષપશ્ચાત્કૃત જીવ બાંધે ? સ્ત્રીપશ્ચાત્કૃત અને પુરુષપશ્ચાત્કૃત જીવો બાંધે ? અથવા સ્ત્રીપશ્ચાત્કૃત અને નપુંસકપશ્ચાત્કૃત બાંધે ? અથવા પુરુષપશ્ચાત્કૃત અને નપુંસકપશ્ચાત્કૃત બાંધે ? અથવા સ્ત્રીપશ્ચાત્કૃત, પુરુષપશ્ચાત્કૃત અને નપુંસકપશ્ચાત્કૃત પણ કહેવા. એ પ્રમાણે એ છવ્વીસ ભંગો જાણવા, યાવત્ અથવા સ્ત્રીપશ્ચાત્કૃતો, પુરુષપશ્ચાત્કૃતો અને નપુંસકપશ્ચાત્કૃતો બાંધે ? હે ગૌતમ ! સ્ત્રીપશ્ચાત્કૃત પણ બાંધે. પુરુષપશ્ચાત્કૃત પણ બાંધે અને નપુંસકપશ્ચાત્કૃત પણ બાંધે સ્ત્રીપશ્ચાત્કૃતો બાંધે, પુરુષપશ્ચાત્કૃતો બાંધે અને નપુંસકપશ્ચાત્કૃતો પણ બાંધે, અથવા સ્ત્રીપશ્ચાસ્કૃતો અને પુરુષપશ્ચાત્કૃતો બાંધે, એ પ્રમાણે એ છવ્વીસ ભાંગા કહેવા.

હે ભગવન્ ! તે (ઐર્યાપિથિક કર્મને) કોઈએ શું બાંધ્યું છે, બાંધે છે, અને બાંધશે;

બાંધ્યું છે, બાંધે છે અને નહીં બાંધે; બાંધ્યું છે, બાંધતો નથી અને બાંધશે; બાંધ્યું છે, બાંધતો નથી અને નહિ બાંધે; બાંધ્યું નથી બાંધે છે અને બાંધશે; બાંધ્યું નથી, બાંધે છે અને નહિ બાંધે; બાંધ્યું નથી, બાંધતો નથી અને બાંધશે; બાંધ્યું નથી, બાંધતો નથી ને બાંધશે નહી ? હે ગૌતમ ! ભવાકર્ષને આશ્રયી કોઈ એકે બાંધ્યુ છે, બાંધે છે અને બાંધશે; કોઇ એકે બાંધ્યુ છે, બાંધે છે અને બાંધશે નહીં; એ રીતે બધું તે પ્રમાણેજ જાણવું, ગ્રહણાકર્ષને આશ્રયી કોઈ એકે બાંધ્યું છે, બાંધે છે અને બાંધશે. એ પ્રમાણે યાવત્ કોઈ એકે બાંધ્યુ નથી, બાંધે છે અને બાંધશે; પણ 'બાંધ્યું નથી. બાંધે છે અને બાંધશે નહીં' એ ભાંગો નથી. કોઈ એકે બાંધ્યું નથી, બાંધતો નથી અને બાંધશે; કોઇ એકે બાંધ્યું નથી, બાંધતો નથી અને બાંધશે નહીં. હે ભગવન્ ! તે (ઐર્યાપથિક કર્મ) શું સાદિ સપર્યવસિત બાંધે, સાદિ અપર્યવસિત બાંધે, અનાદિ સપર્યવસિત બાંધે કે અનાદિ અપર્યવસિત બાંધે ? હે ગૌતમ ! સાદિ સપર્યવસિત બાંધે પણ સાદિ અપર્યવસિત ન બાંધે, તેમ અનાદિ સપર્યવસિત અને અનાદિ અપર્યવસિત ન બાંધે. હે ભગવન્ ! તે (ઐર્યાપથિક) કર્મને શું દેશથી દેશને બાંધે, દેશથી સર્વને બાંધે, સર્વથી દેશને બાંધે, કે સર્વથી સર્વને બાંધે ? હે ગૌતમ ! દેશથી દેશને બાંધતો નથી, દેશથી સર્વને બાંધતો નથી, સર્વથી દેશને બાંધતો નથી, પણ સર્વથી સર્વને બાંધે છે.

[૪૧૫] હે ભગવન્ ! સાંપરાયિક કર્મ શું નારક બાંધે, તિર્યંચ બાંધે, યાવદ્ દેવી બાંધે ? હે ગૌતમ ! તે સર્વે પણ બાંધે. હે ભગવન્ ! શું સાંપરાયિક કર્મને સ્ત્રી બાંધે, પુરુષ બાંધે, તેમજ યાવત્ નોસ્ત્રી, નોપુરુષ અને નોનપુંસક બાંધે ? હે ગૌતમ ! સ્ત્રી પણ બાંધે, પુરુષ પણ બાંધે, યાવદ્ નપુંસક પણ બાંધે; અથવા એઓ અને વેદરહિત સ્ત્રી વગેરે એક જીવ પણબાંધે, અથવા એઓ અને વેદરહિત અનેક જીવો પણ બાંધે. હે ભગવન્ ! (સાંપરાયિક કર્મને) જો વેદરહિતજીવ અને વેદરહિતજીવો બાંધે તો શું સ્ત્રીપશ્ચાત્કૃત બાંધે કે પુરુષપશ્ચાત્કૃત બાંધે ? ઈત્યાદિ. એ પ્રમાણે જેમ ઐર્યાપથિકના બંધકને કહ્યું તેમ અહીં સર્વ જાણવું. અથવા સ્ત્રીપશ્ચાત્કૃત જીવો, પુરુષપશ્ચાત્કૃત જીવો અને નપુંસક-પશ્ચાત્કૃત જીવો બાંધે છે. હે ભગવન્ ! શું કોઈએ સાંપરાયિક કર્મને બાંધ્યું, બાંધે છે અને બાંધશે; બાંધ્યું, બાંધે છે, અને બાંધશે નહીં, બાંધ્યું, બાંધતો નથી અને બાંધશે નહીં; બાંધ્યુ, બાંધતો નથી અને બાંધશે નહીં ? હે ગૌતમ ! કેટલા એકે બાંધ્યું છે, બાંધે છે અને બાંધશે; કેટલાએકે બાંધ્યુ છે, બાંધે છે અને બાંધશે નહીં; કેટલા એકે બાંધ્યું, બાંધતા નથી અને બાંધશે; કેટલાએકે બાંધ્યું, બાંધતા નથી અને બાંધશે નહીં. હે ભગવન્ ! તે (સાંપરાયિક કર્મને) શું સાદિ સપર્યવસિત બાંધે છે ? - ઈત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! સાદિ સપર્યવસિત બાંધે છે; અનાદિ સપર્યવસિત બાંધે છે; અનાદિ અપર્યવસિત બાંધે છે; પણ સાદિ અપર્યવસિત બાંધતો નથી. હે ભગવન્ ! (સાંપરાયિક કર્મને) શું દેશથી (જીવના દેશથી) દેશને (કર્મને દેશને) બાંધે છે ? ઈત્યાદિ. જેમ ઐર્યાપથિક બંધક સંબન્ધે કહ્યું તેમ જાણવું. યાવત્ 'સર્વથી સર્વને બાંધે છે.'

[૪૧૬-૪૧૭] હે ભગવન્ ! કર્મપ્રકૃતિઓ કેટલા પ્રકારે કહી છે ? હે ગૌતમ ! આઠ કર્મપ્રકૃતિઓ કહી છે, જ્ઞાનાવરણીય, યાવદ્ અંતરાય. હે ભગવન્ ! કેટલા પરીષહો કહ્યા છે ? હે ગૌતમ ! બાવીશ પરીષહો કહ્યા છે, ક્ષુધાપરીષહ, યાવત્ દર્શનપરીષહ. હે ભગવન્ ! બાવીશ પરીષહોનો કેટલી કર્મપ્રકૃતિઓમાં સમવતાર થાય ? હે ગૌતમ ! ચાર

કર્મપ્રકૃતિમાં સમવતાર થાય છે, જ્ઞાનાવરણીય, વેદનીય, મોહનીય, અને અંતરાય. હે ભગવન્ ! જ્ઞાનાવરણીયકર્મમાં કેટલા પરીષહોનો સમવતાર થાય ? હે ગૌતમ ! બે પરીષહોનો સમવતાર થાય છે; પ્રજ્ઞાપરીષહ અને જ્ઞાનપરીષહ, હે ભગવન્ ! વેદનીય-કર્મમાં કેટલા પરીષહોનો સમવતાર થાય છે ? હે ગૌતમ ! અગ્યાર પરીષહો સમવતરે છે, તે આ પ્રમાણે ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ, દંશમશક. ચર્યા શય્યા, વધ, રોગ, તૃણ-સ્પર્શ અને મલપરિષહ.

[૪૧૮]હે ભગવન્!દર્શનમોહનીયકર્મમાં કેટલા પરીષહોનો સમવતાર થાયછે ? હે ગૌતમ ! તેમાં એક દર્શન પરીષહનો સમવતાર થાય છે. હે ભગવન્ ! ચારિત્ર- મોહ-નીયકર્મમાં કેટલા પરીષહો સમવતરે છે ? હે ગૌતમ ! તેમાં સાત પરીષહો સમવતરે છે,

[૪૧૯] તે આ પ્રમાણે-અરતિ, અચેલ, સ્ત્રી, નૈષેધિકી, યાચના, આક્રોશ અને સત્કારપુરસ્કાર પરીષહ. એ સાત પરીષહો ચારિત્રમોહમાં સમવતરે છે.

[૪૨૦] હે ભગવન્ ! અંતરાયકર્મમાં કેટલા પરીષહો, સમવતરે છે ? હે ગૌતમ ! તેમાં એક અલાભ પરીષહ સમવતરે છે. હે ભગવન્ ! સાત પ્રકારના કર્મના બાંધનારને કેટલા પરીષહો કહ્યા છે ? હે ગૌતમ ! બાવીશ પરીષહો કહ્યા છે. પણ એક સાથે વીશને વેદે છે ? કેમકે શીત અને ઉષ્ણ તથા ચર્યા અને નૈષેધિકીને એક સાથે વેદતો નથી. હે ભગવન્ આઠ પ્રકારના કર્મ બાંધનારને કેટલા પરિષહો છે ? હે ગૌતમ બાવીશ. એ પ્રમાણે સપ્તવિધ બંધકને જાણવું. છ પ્રકારના કર્મના બંધક સરાગછદ્મસ્થને ચૌદ પરીષહોછે પણ તે બાર વેદે છે. એક પ્રકારના કર્મબંધક વીતરાગ છદ્મસ્થને પણ તેમજ જાણવું. એકવિધ બંધક સયોગી ભવસ્થ કેવલીને અગ્યાર પરિષહો હોય છે. પણ તે નવને વેદે છે. એજ પ્રમાણે અયોગી ભવસ્થ કેવલીને જાણવું.

હે ભગવન્! જંબુદ્વીપમાં બે સૂર્યો ઉગવાના સમયે દૂર છતાં પાસે, મધ્યાહ્ન સમયે પાસે છતાં દૂર અને અસ્ત સમયે દૂર છતાં પાસે દેખાય છે ? હા. દેખાય છે. હે ભગવન્ એમ કેમ કહો છો ? હે ગૌતમ ! લેસ્યાના પ્રતિઘાતથી. માટે હે ગૌતમ ! તે હેતુથી એમ કહે-વાય છે કે જંબૂદ્વીપમાં બે સૂર્યો ઉગવાના સમયે દૂર છતાં પાસે દેખાય છે, યાવદ્ આથમ-વાના સમયેદૂરછતાં પાસે દેખાય છે.હે ભગવન્!જંબૂદ્વીપમાં બે સૂર્યો શુંઅતીત ક્ષેત્ર પ્રતિ જાય છે, વર્તમાન ક્ષેત્ર પ્રતિ જાય છે, કે અનાગત ક્ષેત્ર પ્રતિ જાય છે ? હે ગૌતમ ! અતિત ક્ષેત્ર પ્રતિ જતા નથી, વર્તમાન ક્ષેત્ર પ્રતિ જાય છે, પણ અનાગત ક્ષેત્ર પ્રતિ જતા નથી.

[૪૨૧] હે ભગવન્ ! જંબૂદ્વીપમાં બે સૂર્યો શું અતીત ક્ષેત્રને પ્રકાશે છે કે અનાગત ક્ષેત્રને પ્રકાશે છે ? હે ગૌતમ ! અતીત ક્ષેત્રને પ્રકાશતા નથી, વર્તમાન ક્ષેત્રને પ્રકાશે છે, પણ અનાગત ક્ષેત્રને પ્રકાશતા નથી. હે ભગવન્ ! (તે સૂર્યો) સ્પર્શેલાં ક્ષેત્રને પ્રકાશિત કરે છે કે અસ્પર્શેલા ક્ષેત્રને પ્રકાશિત કરે છે ? હે ગૌતમ ! સ્પર્શેલાં ક્ષેત્રને પ્રકાશે છે પણ અસ્પર્શેલાં ક્ષેત્રને પ્રકાશિત કરતા નથી; હે ભગવન્ ! જંબૂદ્વીપમાં બે સૂર્યો શું અતીત ક્ષેત્રને ઉદ્દ્યોતિત કરે છે ? ઈત્યાદિ. પૂર્વની પેઠે જાણવું, યાવદ્ અવશ્ય છ દિશાને ઉદ્દ્યોતિત કરે છે, એ પ્રમાણે તપાવે છે, પ્રકાશે છે. હે ભગવન્ ! જંબૂદ્વીપમાં સૂર્યની ક્રિયા શું અતીત ક્ષેત્રમાં કરાય છે, વર્તમાનક્ષેત્રમાં કરાય છે કે અનાગત ક્ષેત્રમાં કરાય છે ? હે ગૌતમ ! અતીત ક્ષેત્રમાં ક્રિયા કરાતી નથી, વર્તમાન ક્ષેત્રમાં ક્રિયા કરાય છે, પણ અનાગત ક્ષેત્રમાં ક્રિયા કરાતી નથી. હે ભગવન્ ! શું (તે સૂર્યો) સ્પૃષ્ટ ક્રિયાને કરે છે કે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અસ્પૃષ્ટ ક્રિયાને કરે છે ? તેઓ સ્પૃષ્ટ ક્રિયાને કરે છે, પણ અસ્પૃષ્ટ ક્રિયાને નથી કરતા,

હે ભગવન્ ! જંબૂદ્વીપમાં સૂર્યો કેટલું ક્ષેત્ર ઉંચે તપાવે છે, કેટલું ક્ષેત્ર નીચે તપાવે છે અને કેટલું ક્ષેત્ર તિર્યગ્ તપાવે છે ? હે ગૌતમ ! સો યોજન ક્ષેત્ર ઉંચે તપાવે છે, અઢારસો યોજન ક્ષેત્ર નીચે તપાવે છે. અને ૪૭૨૬૩ યોજન તથા એક યોજનના સાઠીયા એકવીસ ભાગ જેટલું ક્ષેત્ર તિર્યગ્ (તિરછું) તપાવે છે. હે ભગવન્ ! મનુષ્યોત્તર પર્વતની અંદર જે ચંદ્રો, સૂર્યો, ગ્રહગણ, નક્ષત્ર અને તારારૂપ દેવો છે, હે ભગવન્ ! તે શું ઊર્ધ્વલોકમાં ઉત્પન્ન થયેલા છે ? જે પ્રમાણે જીવાભિગમસૂત્રમાં કહ્યું છે તેમ યાવદ્ ઉત્કૃષ્ટ છ માસ છે' ત્યાંસુધી બધું જાણવું. હે ભગવન્ ! મનુષ્યોત્તર પર્વતની બહાર જે ચંદ્રાદિ દેવો છે તેઓ શું ઊર્ધ્વલોકમાં ઉત્પન્ન થયેલા છે ? જેમ જીવાભિગમસૂત્રમાં કહ્યું છે તેમ જાણવું, યાવત્-'હે ભગવન્ ! ઈન્દ્રસ્થાન કેટલા કાલ સુધી ઉપપાત વડે વિરહિત કહ્યું છે ? હે ગૌતમ ! જઘન્યથી એક સમય, અને ઉત્કૃષ્ટથી છ માસ, હે ભગવન્ ! તે એમજ છે, હે ભગવન્ ! તે એમજ છે.

**શતક : ૮ -ઉદ્દેસો : ૮ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## -: ઉદ્દેશક : ૯ :-

[૪૨૨] હે ભગવન્ ! બન્ધ કેટલા પ્રકારનો કહ્યો છે ? હે ગૌતમ ! બન્ધ બે પ્રકારનો કહ્યો છે, તે આ પ્રમાણે-પ્રયોગબન્ધ અને વિસ્રસાબન્ધ.

[૪૨૩] હે ભગવન્ ! વિસ્રસાબન્ધ કેટલા પ્રકારનો કહ્યો છે ? હે ગૌતમ ! બે પ્રકારનો કહ્યો છે, સાદિવિસ્રસાબન્ધ અને અનાદિ વિસ્રસાબન્ધ. હે ભગવન્ ! અનાદિ વિસ્રસાબન્ધ કેટલા પ્રકારનો કહ્યો છે ? હે ગૌતમ ! ત્રણ પ્રકારનો કહ્યો છે, તે આ પ્રમાણે-ધર્માસ્તિકાયનો અન્યોન્યઅનાદિ વિસ્રસાબન્ધ, અધર્માસ્તિકાયનો અન્યોન્યઅનાદિ વિસ્રસાબન્ધ અને આકાશાસ્તિકાયનો પણ અન્યોન્ય અનાદિ વિસ્રસાબન્ધ. હે ભગવન્ ! ધર્માસ્તિકાયનો અન્યોન્યઅનાદિ વિસ્રસાબન્ધ દેશબન્ધ છે કે સર્વબન્ધ છે ? હે ગૌતમ ! દેશબન્ધ છે, પણ સર્વબન્ધ નથી. એ પ્રમાણે અધર્માસ્તિકાયનો, આકાશાસ્તિકાયનો અન્યોન્ય અનાદિ વિસ્રસાબન્ધજાણવો.હે ભગવન્!ધર્માસ્તિકાયનો અન્યોન્ય-અનાદિ વિસ્રસાબન્ધ કાલથી ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! સર્વ કાલ સુધી હોય છે. એ પ્રમાણે અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયનો અન્યોન્ય અનાદિ વિસ્રસાબન્ધ જાણવો. હે ભગવન્ ! સાદિવિસ્રસાબન્ધ કેટલા પ્રકારનો કહ્યો છે ? હે ગૌતમ ! ત્રણ પ્રકારનો કહ્યો છે; બંધનપ્રત્યયિક,ભાજનપ્રત્યયિક અને પરિણામપ્રત્યયિક.હે ભગવન્ ! બંધનપ્રત્યયિક કેવા પ્રકારે છે ? દ્વિપ્રદેશિક,ત્રિપ્રદેશિક, યાવદ્ દશપ્રદેશિક, સંખ્યાતપ્રદેશિક, અસંખ્યાતપ્રદેશિક અને અનંતપ્રદેશિક પરમાણુ પદ્‌ગલસ્કંધોનો વિષમ સ્નિગ્ધતા વડે, વિષમ રૂક્ષતાવડે અને વિષમ સ્નિગ્ધ-રૂક્ષતા વડે બન્ધપ્રત્યયિક બન્ધ થાય છે. તે જઘન્યથી એક સમય, ને ઉત્કૃષ્ટથી અસંખ્યકાલ સુધી રહેછે. એ પ્રમાણે બંધનપ્રત્યયિકબન્ધ કહ્યો. હે ભગવન્ ! ભાજનપ્રત્યયિક બન્ધ કેવા પ્રકારે હોય ? જૂની મદિરાનો જૂના ગોળનો અને જુના ચોખાનો ભાજન પ્રત્યયિક બન્ધ થાય છે. તે જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સંખ્યાતકાલ સુધી રહેછે. એ પ્રમાણે ભાજનપ્રત્યયિ બન્ધ કહ્યો. હે ભગવન્ ! પરિણામપ્રત્યયિક બન્ધ કેવા પ્રકારે છે ? વાદળાઓનો, અભ્રવૃક્ષોનો જેમ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તૃતીય શતકમાં કહ્યું છે તેમ યાવદ્ અમોઘોનો પરિણામપ્રત્યયિકબન્ધ, ઉત્પન્ન થાય છે. તે જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી છ માસ સુધી રહે છે, એ પ્રમાણે પરિણામ-પ્રત્યયિકબન્ધ, સાદિવિસ્રસાબન્ધ અને વિસ્રસાબન્ધ કહ્યો.

[૪૨૪] હે ભગવન્ ! પ્રયોગબન્ધ કેવા પ્રકારે છે ? ત્રણ પ્રકારનો કહ્યો છે, અનાદિ અપર્યસિત સાદિ અપર્યવસિત અને સાદિ સપર્યવસિત. તેમાં જે અનાદિ અપર્યવસિત-બન્ધ છે તે જીવના આઠ મધ્યપ્રદેશોનો હોય છે, તે આઠ પ્રદેશોમાં પણ ત્રણ ત્રણ પ્રદેશોનો જે બન્ધ તે અનાદિ અપર્યવસિત બન્ધ છે. બાકીના સર્વપ્રદેશોનો સાદિ સપર્યવસિત (સાન્ત) બન્ધ છે. તેમાં સાદિ અપર્યવસિત બન્ધ સિદ્ધના જીવ પ્રદેશોનો છે. સાદિસપર્યવસિત બન્ધ ચાર પ્રકારનો કહ્યો છે, આલાપનબન્ધ, આલીનબન્ધ, શરીરબન્ધ અને શરીરપ્રયોગબન્ધ. આલાપન બન્ધ કેવા પ્રકારનો છે ? આલાપન બન્ધ ઘાસના ભારાઓનો, પાંદડાનાભારાઓનો, પલાલનાભારાઓનો અને વેલાના-ભારાઓનો નેતરની વેલ, છાલ, વાઘરી, દોરડા, વેલ, કુશ, અને ડાભ આદિથી આલાપ-નબન્ધ થાય છે. તે જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સંખ્યાત કાલ સુધી રહે છે. આ-લીનબન્ધ કેવા પ્રકારનો કહ્યો છે ? ચાર પ્રકારનો કહ્યો છે, શ્લેષણાબન્ધ, ઉચ્ચયબન્ધ, સમુચ્ચયબન્ધ અને સંહનનબન્ધ. શ્લેષણાબન્ધ કેવા પ્રકારનો હોય ? શિખરોનો, કુટ્ટિ-મોનો સ્તંભોનો, પ્રાસાદોનો, લાકડાઓનો, ચામડાનો, ઘડાઓનો, કપડાઓનો અને સાદડીઓનો ચૂનાવડે, કચડાવડે, વજ્રલેપ-વડે, લાખવડે શ્લેષણા દ્રવ્યોવડે શ્લેષણા-બન્ધ થાય છે. તે જઘન્યનથી અન્તર્મુહૂર્ત, અને ઉત્કૃષ્ટથી સંખ્યાતકાલ સુધી રહે છે.

ઉચ્ચયબન્ધ કેવા પ્રકારનો કહ્યો છે ? તૃણરાશિનો, કાષ્ઠરાશિનો, પત્રરાશિનો, તુષરાશિનો, ભુસાની રાશિનો, છાણના ઢગલાનો અને કચરાના ઢગલાનો ઉચ્ચપણે જે બન્ધ થાય છે તે ઉચ્ચયબન્ધ છે. તે જઘન્યથી અન્તર્મુહૂર્ત, અને ઉત્કૃષ્ટથી સંખ્યેયકાલ સુધી રહે છે. સમુચ્ચયબન્ધ કેવા પ્રકારનો કહ્યો છે ? કુવા, તળાવ, નદી, દ્રહ, વાપી, પુષ્કરિણી, દીર્ઘિકા, ગુંજાલિકા, સરોવરો, સરોવરની શ્રેણિ, મોટા સરોવરની પંક્તિ, શ્રેણિ, દેવકુલ, સભા, પરબ, સ્તૂપ, ખાઈઓ, પરિઘો, કિલ્લાઓ, કાંગરાઓ, ચરિકો, દ્વાર, ગોપુર, તોરણ, પ્રાસાદ, ઘર, શરણ, લેણ હાટો, શૃંગાટકાકારમાર્ગ, ત્રિકરમાર્ગ, ચતુષ્કમાર્ગ, ચત્વરમાર્ગ, ચતુર્મુખમાર્ગ, અને રાજમાર્ગાદિનો ચુનાદ્વારા, કચરાદ્વારા અને શ્લેષના સમુચ્ચયવડે જે બંધ થાય છે તે સમુચ્ચયબન્ધ. તે જઘન્યથી અન્તર્મુહૂર્ત, અને ઉત્કૃષ્ટથી સંખ્યેયકાલ સુધી રહે છે. સંહનનબન્ધ કેવા પ્રકારનો કહ્યો છે ? બે પ્રકારનો કહ્યો છે; દેશસંહનનબન્ધ અને સર્વસંહનનબન્ધ. હે ભગવન્ ! દેશસંહનન બન્ધ કેવા પ્રકારનો છે ? હે ગૌતમ ! ગાડા, રથ, યાન યુગ્યવાહન ગિલ્લિ (હાથીની અંબાડી), થિલ્લિ (પલાણ), શિબિકા, અને સ્યન્દમાની (પુરુષપ્રમાણ વાહનવિશેષ), તેમજ લોઢી, લોઢાના કડાયા, કડછા, આસન, શયન, સ્તંભો, ભાંડ પાત્ર અને નાના પ્રકારના ઉપકરણ-ઈત્યાદિ પદાર્થોનો જે સંબન્ધ થાય છે તે દેશ સંહનનબન્ધ છે. તે જઘન્યથી અન્તર્મુહૂર્ત, અને ઉત્કૃષ્ટથી સંખ્યેય કાલ સુધી રહે છે.

સર્વસહનન બન્ધ કેવા પ્રકારનો કહ્યો છે ? હે ગૌતમ ! દૂધ અને પાણી ઈત્યાદિનો સર્વસંહનન બન્ધ કહ્યો છે. એ રીતે આલીનબંધ પણ કહ્યો. શરીરબન્ધ કેટલા પ્રકારનો કહ્યો છે, શરીરબન્ધ બે પ્રકારનો કહ્યો છે, પૂર્વપ્રયોગપ્રત્યયિક અને પ્રત્યુત્પન્નપ્રયોગ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રત્યયિક. હે ભગવન્ ! પૂર્વપ્રયોગ પ્રત્યયિક શરીરબન્ધ કેવા પ્રકારનો છે ? તે તે સ્થળે તે તે કારણોને લીધે સમુદ્ઘાત કરતા નૈરયિકો અને સંસારાવસ્થાવાળા સર્વ જીવપ્રદેશોનો જે બન્ધ થાય છે તે પૂર્વપ્રયોગ- પ્રત્યયિક બન્ધ છે. પ્રત્યુત્પન્નપ્રયોગપ્રત્યયિક બન્ધ કેવા પ્રકારનો કહ્યો છે ? કેવલિસમુદ્ઘાતવડે સમુદ્ઘાત કરતા અને તે સમુદ્ઘાતથી પાછા ફરતા, વચ્ચે મંથાનમાં વર્તતા કેવલજ્ઞાની અનગારના તૈજસ ને કાર્મણ શરીરનો જે બન્ધ થાય તે પ્રત્યુત્પન્નપ્રયોગપ્રત્યયિક બન્ધ કહેવાય છે. તૈજસ અને કાર્મણ શરીરનો બન્ધ શાથી થાય છે ? તે વખતે તે આત્મપ્રદેશો સંઘાતને પામે છે. શરીરપ્રયોગ બન્ધ કેવા પ્રકારે કહ્યો છે ? શરીરપ્રયોગબન્ધ પાંચ પ્રકારનો કહ્યો છે, ઔદારિકશરીરપ્રયોગ-બન્ધ, વૈક્રિયશરીરપ્રયોગબન્ધ, આહારકશરીરપ્રયોગબન્ધ, તૈજસશરીરપ્રયોગબન્ધ અને કાર્મણશરીરપ્રયોગબન્ધ. હે ભગવન્ ! ઔદારિક શરીરપ્રયોગબન્ધ કેટલા પ્રકાર-નો કહ્યો છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારનો કહ્યો છે. એકેન્દ્રિયઔદારિકશરીરપ્રયોગબન્ધ, દ્વીન્દ્રિયઔદારિકશરીરપ્રયોગબન્ધ, યાવત્ પંચેન્દ્રિયઔદારિકશરીરપ્રયોગબન્ધ.

હે ભગવન્ ! એકેન્દ્રિયઔદારિકશરીરપ્રયોગબન્ધ કેટલા પ્રકારનો કહ્યો છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારનો કહ્યો છે, પૃથિવીકાયિકએકેન્દ્રિયઔદારિક શરીરરપ્રયોગ-બન્ધ; એ પ્રમાણે એ અભિલાપથી જેમ 'અવગાહનાસંસ્થાન' પદમાં ઔદારિક શરીર-નો ભેદ કહ્યો છે તેમ અહીં કહેવો; યાવત્ પર્યાપ્તગર્ભજમનુષ્યપંચેન્દ્રિયઔદારિકશ-રીરપ્રયોગબન્ધ અને અપર્યાપ્તગર્ભજમનુષ્યપંચેન્દ્રિયઔદારીકશરીરપ્રયોગબન્ધ. હે ભગવન્ ! ઔદારિકશરીરપ્રયોગબન્ધ કયા કર્મના ઉદયથી થાય છે ? હે ગૌતમ ! જીવની સવીર્યતા, સયોગતા અને સદ્દ્રવ્યતાથી, પ્રમાદહેતુથી, કર્મ, યોગ, ભવ અને આયુષ્યને આશ્રયી ઔદારિકશરીરપ્રયોગનામકર્મના ઉદયથી ઔદારિકશરીરપ્રયોગ બન્ધ થાય છે. હે ભગવન્ ! એકેન્દ્રિયઔદારિકશરીરપ્રયોગબન્ધ કયા કર્મના ઉદયથી થાય છે ? પૂર્વે કહ્યા પ્રમાણે જાણવું. પૃથિવીકાયિકએકેન્દ્રિયઔદારિકશરીરપ્રયોગ-બન્ધ યાવદ્ વનસ્પતિકાયિક એકેન્દ્રિયઔદારિકશરીરપ્રયોગબન્ધ, તથા બેઇન્દ્રિય, ત્રીન્દ્રિય અને ચઉરિન્દ્રિય ઔદારિકશરીરપ્રયોગબન્ધ એ પ્રમાણે જાણવો. હે ભગવન્ ! પંચેન્દ્રિયઔદારિ- કશરીરપ્રયોગબન્ધ કયા કર્મના ઉદયથી થાય છે ? પૂર્વ પ્રમાણે જાણવું.હે ભગવન્!મનુષ્યપંચેન્દ્રિયઔદારિકપ્રયોગબન્ધ કયા કર્મના ઉદયથી થાયછે ? હે ગૌતમ ! સવીર્યતા, સયોગતા અને સદ્દ્રવ્યતાથી, તેમ પ્રમાદહેતુથી, યાવત્ આયુષ્ય-ને આશ્રયી મનુષ્યપંચેન્દ્રિયઔદારિકશરીરપ્રયોગનામકર્મના ઉદયથી મનુષ્યપંચે-ન્દ્રિયઔદારિકશરીરપ્રયોગબન્ધ થાય છે.

હે ભગવન્ ! ઔદારિકશરીરપ્રયોગબન્ધનો શું દેશબન્ધ છે કે સર્વબન્ધ છે ? હે ગૌતમ ! તે બંને છે. એકેન્દ્રિયઔદારિકશરીરપ્રયોગબન્ધ શું દેશબન્ધ છે કે સર્વબન્ધ છે ? પૂર્વની પેઠે જાણવું. એ પ્રમાણે યાવત્ ! મનુષ્યપંચેન્દ્રિયઔદારિકશરીરપ્રયોગ-બન્ધન જાણવું. હે ભગવન્ ! ઔદારિક શરીરપ્રયોગબન્ધ કાલથી ક્યાંસુધી હોય ? હે ગૌતમ ! સર્વબન્ધ એક સમય, અને દેશબન્ધ જઘન્યથી એક સમય, અને ઉત્કૃષ્ટ એક સમય ન્યૂન ત્રણ પલ્યોપમ સુધી હોય છે. હે ભગવન્ ! એકેન્દ્રિયઔદારિકશરીર-પ્રયોગબન્ધ કાલથી ક્યાંસુધી હોય ? હે ગૌતમ ! સર્વબન્ધ એક સમય, અને દેશબન્ધ જઘન્યથી એક સમય, અને ઉત્કૃષ્ટ એક સમય ન્યૂન બાવીશહજાર વર્ષ સુધી હોય છે. હે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભગવન્ ! પૃથિવીકાયિક એકેન્દ્રિયઔદારિકશરીરપ્રયોગબન્ધ સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! સર્વબન્ધ એક સમય, અને દેશબન્ધ જઘન્યથી ત્રણ સમય ન્યૂન ક્ષુલ્લક ભવ પર્યન્ત, અને ઉત્કૃષ્ટ એક સમય ન્યૂન બાવીસહજાર વર્ષ સુધી હોય છે. એ પ્રમાણે સર્વજીવોનો સર્વબન્ધ એક સમય છે, અને દેશબન્ધ જેઓને વૈક્રિયશરીર નથી તેઓને જઘન્યથી ત્રણ સમય ન્યૂન ક્ષુલ્લક ભવ પર્યન્ત હોય છે, અને ઉત્કૃષ્ટથી જેટલી જેની આયુષ્યસ્થિતિ છે, તેથી એક સમય ન્યૂન કરવો. જેઓને વૈક્રિય શરીર છે તેઓને દેશબન્ધ જઘન્યથી એક સમય, અને ઉત્કૃષ્ટથી જેટલું જેનું આયુષ્ય છે તેટલામાંથી એક સમય ન્યૂન જાણવો, એ પ્રમાણે યાવદ્ મનુષ્યોનો દેશબન્ધ જઘન્યથી એક સમય, અને ઉત્કૃષ્ટથી એક સમય ન્યૂન ત્રણ પલ્યોપમ સુધી જાણવો.

હે ભગવન્ ! ઔદારિક શરીરના બન્ધનું અન્તર કાલથી ક્યાંસુધી હોય ? હે ગૌતમ ! સર્વબન્ધનું અન્તર જઘન્યથી ત્રણ સમય ન્યૂન ક્ષુલ્લક ભવગ્રહણ પર્યન્ત છે, અને ઉત્કૃષ્ટથી સમયાધિક પૂર્વકોટી અને તેત્રીશ સાગરોપમ છે. અને દેશબન્ધનું અન્તર જઘન્યથી એક સમય, અને ઉત્કૃષ્ટથી ત્રણ સમય અધિક તેત્રીશ સાગરોપમ છે. એકેન્દ્રિયઔદારિકશરીરસંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! તેઓના સર્વબન્ધનું અન્તર જઘન્યથી ત્રણસમય ન્યૂન ક્ષુલ્લકભવ પર્યન્ત, અને ઉત્કૃષ્ટથી સમયાધિક બાવીસહજાર વર્ષ સુધી હોય છે.દેશબન્ધનું અન્તર જઘન્યથી એકસમય,અનેઉત્કૃષ્ટથીઅંતર્મુહૂર્ત સુધીનું છે. પૃથિવીકાયિકએકેન્દ્રિયના ઔદારિકશરીરસંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! તેઓના સર્વબન્ધનું અન્તર જેમ એકેન્દ્રિયોને કહ્યું તેમ કહેવું; અને દેશબન્ધનું અન્તર જઘન્યથી એક સમય, અને ઉત્કૃષ્ટથી ત્રણ સમય સુધીનું હોય છે. જેમ પૃથિવીકાયિકને કહ્યું તેમ વાયુકાયિક સિવાય યાવત્ ચઉરિન્દ્રિય સુધીના જીવોને જાણવું, પણ ઉત્કૃષ્ટથી સર્વબન્ધનું અંતર જેટલી જેની આયુષ્યસ્થિતિ હોય તેટલી એક સમય અધિક કરવી. વાયુકાયિકના સર્વબન્ધનું અન્તર જઘન્યથી ત્રણ સમય ન્યૂન ક્ષુલ્લક ભવ, અને ઉત્કૃષ્ટથી સમયાધિક ત્રણહજારવર્ષ સુધી જાણવું. તેઓના દેશબન્ધનું અન્તરજઘન્યથીએક સમય,અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત પર્યન્ત જાણવું.પંચેન્દ્રિયતિર્યંચના ઔદારિકશરીરબન્ધના અન્તર સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! તેઓના સર્વબન્ધનું અન્તર જઘન્યથી ત્રણ સમય ન્યૂન ક્ષુલ્લક ભવપર્યન્ત, અને ઉત્કૃષ્ટથી સમયાધિક પૂર્વકોટિ હોય છે. દેશબન્ધનું અન્તર જેમ એકેન્દ્રિયોને કહ્યું છે તે પ્રકારે સર્વ પંચેન્દ્રિય તિર્યંચોને જાણવું. એ પ્રમાણે- મનુષ્યોને પણ સમગ્ર જાણવું, યાવત્ ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત છઠે. હે ભગવન્ ! કોઇ જીવ એકેન્દ્રિયપણામાં હોય, અને પછી તે એકેન્દ્રિય સિવાય બીજી કોઇ જાતિમાં જાય, અને પુનઃ એકેન્દ્રિયપણમાં આવે તો એકેન્દ્રિયઔદારિકશરીરપ્રયોગબન્ધનું અન્તર કાલથી કેટલું હોય ? હે ગૌતમ !જઘન્યથી સર્વબન્ધનું અન્તર ત્રણ સમય ન્યૂન બે ક્ષુલ્લક ભવ, અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા વર્ષ અધિક બેહજાર સાગરોપમ છે. તથા દેશબન્ધનું અન્તર જઘન્યથી એક સમય અધિક ક્ષુલ્લક ભવ,અને ઉત્કૃષ્ટથી સંખ્યાત વર્ષ અધિક બેહજાર સાગરોપમ છે.

હે ભગવન્ ! કોઇ જીવ પૃથિવીકાયપણામાં હોય, ત્યાંથી પૃથિવીકાય સિવાયના બીજા જીવોમાં ઉત્પન્ન થાય અને પુનઃ તે પૃથિવીકાયમાં આવે તો પૃથિવીકાયિક એકેન્દ્રિયઔદારિકશરીરપ્રયોગબન્ધનું અન્તર કેટલું હોય ? હે ગૌતમ સર્વબન્ધનું અન્તર જઘન્યથી એ રીતે ત્રણ સમય ન્યૂન બે ક્ષુલ્લક ભવ પર્યન્ત છે, અને ઉત્કૃષ્ટથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાલની અપેક્ષાએ અનન્તકાલ અનન્ત ઉત્સર્પિણી અને અવસર્પિણી છે, ક્ષેત્રથી અનન્તલોક-અસંખ્ય પુદ્ગલપરાવર્ત છે, અને તે પુદ્ગલપરાવર્ત આવલિકાના અસંખ્યામાં ભાગના (સમય) તુલ્ય છે. તથા દેશબન્ધનું અન્તર જઘન્યથી સમયાધિક ક્ષુલ્લકભવ, અને ઉત્કૃષ્ટથી અનન્તકાલ, યાવત્ આવલિકાના અસંખ્યાતમાં ભાગના સમય તુલ્ય અસંખ્ય પુદ્ગલપરાવર્ત છે. જેમ પૃથિવીકાયિકોને કહ્યું તેમ વનસ્પતિકાયિક સિવાય યાવદ્ મનુષ્ય સુધીના જીવો માટે જાણવું. વનસ્પતિકાયિકોને સર્વબન્ધનું અન્તર જઘન્યથી કાલની અપેક્ષાએ એ પ્રમાણે બે ક્ષુલ્લક ભવ, અને ઉત્કૃષ્ટથી અસંખ્યકાલ-અસંખ્ય ઉત્સર્પિણી અને અવસર્પિણી સુધી છે, ક્ષેત્રથી અસંખ્ય લોક છે; દેશબન્ધનું અન્તર જઘન્યથી એ પ્રમાણે જાણવું. અને ઉત્કૃષ્ટથી પૃથિવીકાયના સ્થિતિકાલ સુધી જાણવું હે ભગવન્ ! એ ઔદારિક શરીરના દેશબન્ધક, સર્વબન્ધક અને અબન્ધક જીવોમાં કયા જીવો કોનાથી વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા જીવો ઔદારિક શરીરના સર્વબન્ધક છે, તેથી અબન્ધક જીવો વિશેષાધિક છે, અને તેથી દેશબન્ધક જીવો અસંખ્યાતગુણ છે.

[૪૨૫] હે ભગવન્ ! વૈક્રિયશરીરનો પ્રયોગબન્ધ કેટલા પ્રકારનો કહ્યો છે ? હે ગૌતમ!બે પ્રકારનો કહ્યો છે,એકેન્દ્રિયવૈક્રિયશરીરપ્રયોગબન્ધ, પંચેન્દ્રિય વૈક્રિયશરીરપ્રયોગબન્ધ. જો એકેન્દ્રિય વૈક્રિયશરીરપ્રયોગબન્ધ છે તો શું વાયુકાયિક એકેન્દ્રિયશરીરપ્રયોગબન્ધ છે કે વાયુકાયિક ભિન્ન એકેન્દ્રિય શરીર પ્રયોગબન્ધ છે ? એ પ્રમાણે એ અભિલાપથી જેમ 'અવગાહનાસંસ્થાન' પદમાં વૈક્રિય શરીરનો ભેદ કહ્યો છે, તેમ કહેવો; યાવત્ પર્યાપ્તસર્વાર્થસિદ્ધ અનુત્તરૌપપાતિક કલ્પાતીત વૈમાનિકદેવ પંચેન્દ્રિય વૈક્રિયશરીરપ્રયોગબન્ધ અને અપર્યાપ્ત શર્વાર્થસિદ્ધઅનુત્તરૌપપાતિક-યાવદ્ વૈક્રિયશરીરપ્રયોગબન્ધ. હે ભગવન્!વૈક્રિયશરીરપ્રયોગબન્ધ કયા કર્મના ઉદયથી થાય છે ? હે ગૌતમ ! સવીર્યતા, સયોગતા અને સદદ્રવ્યતાથી યાવદ્ આયુષ્ અને લબ્ધિને આશ્રયી વૈક્રિયશરીરપ્રયોગ નામકર્મના ઉદયથી વૈક્રિય શરીરપ્રયોગબન્ધ થાયછે. વાયુકાયિકએકેન્દ્રિય વૈક્રિયશરીરપ્રયોગબન્ધસંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! સવીયતા, સયોગતા અને સદ્રવ્યતાથી પૂર્વની પેઠે યાવદ્ લબ્ધિને આશ્રયી વાયુકાયિકએકેન્દ્રિયશરીરપ્રયોગ નામકર્મના ઉદયથી યાવદ્ વૈક્રિયશરીર- પ્રયોગબન્ધ થાય છે. હે ભગવન્ ! રત્નપ્રભાપૃથિવીનૈરયિકપંચેન્દ્રિયવૈક્રિયશરીર- પ્રયોગબન્ધ કયા કર્મના ઉદયથી થાય છે ? હે ગૌતમ ! સવીર્યતા, સયોગતા અને સદદ્રવ્યતાથી યાવદ્ આયુષ્યને આશ્રયી રત્નપ્રભાપૃથિવીનૈરયિકપંચેન્દ્રિયશરીરપ્રયોગનામકર્મના ઉદયથી યાવદ્ વૈક્રિયશરીર- પ્રયોગબન્ધ થાય છે. યાવત્ સાતમી નરકપૃથ્વી સુધી જાણવું.

તિર્યંચયોનિક પંચેન્દ્રિયવૈક્રિયશરીરપ્રયોગબન્ધ સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! સવીર્યતા, સયોગતા અને સદદ્રવ્યતાથી પૂર્વવત્ જેમ વાયુકાયિકોને કહ્યું તેમ જાણવું. મનુષ્ય પંચેન્દ્રિયવૈક્રિયશરીરપ્રયોગબન્ધ પણ એ પ્રમાણે જાણવો. અસુરકુમાર ભવનવાસીદેવ પંચેન્દ્રિયવૈક્રિયશરીરપ્રયોગબન્ધ રત્નપ્રભાપૃથિવીના નૈરયિકની પેઠે જાણવો. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમારો સુધી જાણવું. એ રીતે વાનવ્યંતર, જ્યોતિષિક, સૌધર્મકલ્પોપન્નક વૈમાનિક યાવદ્ અચ્યુત, અને ગ્રૈવેયક કલ્પાતીત વૈમાનિકોને જાણવું. તથા અનુત્તરૌપપાતિકકલ્પાતીત વૈમાનિકોને પણ એ પ્રમાણે જાણવા. હે ભગવન્ !

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વૈક્રિયશરીરપ્રયોગબન્ધ શું દેશબન્ધ છે કે સર્વબન્ધ છે ? હે ગૌતમ ! તે દેશબંધ પણ છે અને સર્વબન્ધ પણ છે. એ પ્રમાણે વાયુકાયિકએકેન્દ્રિયવૈક્રિય- યશરીરપ્રયોગબન્ધ તથા રત્નપ્રભાપૃથિવીનૈરયિકવૈક્રિયશરીરપ્રયોગબન્ધ જાણવો. એ પ્રમાણે યાવદ્ અનુત્તરૌપપાતિક દેવો સુધી જાણવું. હે ભગવન્ ! વૈક્રિય શરીરપ્રયોગબન્ધ કાલથી ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! સર્વબન્ધ જઘન્યથી એક સમય, અને ઉત્કૃષ્ટથી બે સમય સુધી હોય. તથા દેશબંધ જઘન્યથી એક સમય, અને ઉત્કૃષ્ટથી એક સમય ન્યૂન તેત્રીશ સાગરોપમ સુધી હોય. વાયુકાયિકએકેન્દ્રિય વૈક્રિયશરીરપ્રયોગબન્ધસંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! સર્વબન્ધ એક સમય, અને દેશબન્ધ જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત સુધી હોય છે.

રત્નપ્રભાનૈરયિકવૈક્રિયશરીરપ્રયોગબન્ધસંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! સર્વબન્ધ એક સમય, અને દેશબન્ધ જઘન્યથી ત્રણ સમય ઉણા દશહજાર વર્ષ સુધી હોય., તથા ઉત્કૃષ્ટથી એક સમય ન્યૂન એક સાગરોપમ સુધી હોય. એ પ્રમાણે યાવત્ નીચે સાતમી નરકપૃથ્વી સુધી જાણવું. પરન્તુ દેશબન્ધને વિષે જેની જે જઘન્ય સ્થિતિ હોય તેને એક સમય ન્યૂન કરવી, અને યાવત્ જેની ઉત્કૃષ્ટ સ્થિતિ હોય તે પણ સમય ન્યૂન કરવી. પઞ્ચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યને વાયુકાયિકની પેઠે જાણવું. અસુરકુમાર, નાગકુમાર, યાવદ્ અનુત્તરૌપપાતિક દેવોને નારકની પેઠે જાણવા; પરન્તુ જેની જે સ્થિતિ હોય તે કહેવી, યાવદ્ અનુત્તરૌપપાતિકોનો સર્વબન્ધ એક સમય, અને દેશબન્ધ જઘન્યથી ત્રણ સમય ન્યૂન એકત્રીશ સાગરોપમ સુધીનો હોય છે; તથા ઉત્કૃષ્ટથી એક સમય ન્યૂન તેત્રીશ સાગરોપમ સુધીનો છે. હે ભગવન્ ! વૈક્રિયશરીરના પ્રયોગબન્ધનું અન્તર કાલથી ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! સર્વબન્ધનું અન્તર જઘન્યથી એક સમય, અને ઉત્કૃષ્ટથી અનંતકાલ-અનન્ત ઉત્સર્પિણી, અવસર્પિણી, યાવદ્ આવલિકાના અસંખ્યાતમા ભાગના સમય તુલ્ય અસંખ્ય પુદ્ગલ પરાવર્ત સુધી હોય છે.

વાયુકાયિકના વૈક્રિયશરીરપ્રયોગબન્ધના અન્તર સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! સર્વબન્ધનું અન્તર જઘન્યથી અન્તર્મુહૂર્ત, અને ઉત્કૃષ્ટથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ. એ પ્રમાણે દેશબન્ધનું અન્તર પણ જાણવું. તિર્યંચયોનિક પંચેન્દ્રિયના વૈક્રિયશરીરના પ્રયોગબન્ધના અન્તર સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! સર્વબન્ધનું અન્તર જઘન્યથી અન્તર્મૂહૂર્ત, અને ઉત્કૃષ્ટથી પૂર્વકોટિપૃથકત્વ સુધી હોય છે. એ પ્રમાણે દેશબન્ધનું અન્તર પણ જાણવું. એ રીતે મનુષ્યને પણ જાણવું હે ભગવન્ ! કોઇ જીવ વાયુકાયિકપણામાં હોય અને [મરીને] વાયુકાય સિવાય બીજા જીવોમાં આવીને ઉપજે, અને તે પુનઃ વાયુકાયપણામાં આવે તે વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિયશરીરપ્રયોગબન્ધના અન્તર સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! તેના સર્વબન્ધનું અન્તર જઘન્યથી અન્તર્મુહૂર્ત, અને ઉત્કૃષ્ટથી અનન્તકાલ-વનસ્પતિ કાલ હોય.એ પ્રમાણે દેશબન્ધનું પણ અન્તર જાણવું હે ભગવન્ ! કોઇ જીવ રત્નપ્રભાપૃથ્વીમાં નારકપણે ઉત્પન્ન થાયઅનેપછીરત્નપ્રભાપૃથિવી સિવાયના જીવોમાં જાય, અને પુનઃરત્નપ્રભા નરકમાં આવે રત્નપ્રભાનૈરયિકના વૈક્રિયશરીરપ્રયોગબન્ધના અન્તર સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ? સર્વબન્ધનું અન્તર જઘન્યથી અંતમૂહૂર્ત અધિક દશહજાર વર્ષ, અને ઉત્કૃષ્ટથી વનસ્પતિકાલપર્યન્ત હોય. તથા દેશબન્ધનું અન્તર જઘન્યથી અંતર્મુહૂર્ત, અને ઉત્કૃષ્ટથી અનન્તકાલ-વનસ્પતિકાલ સુધી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય. એ પ્રમાણે યાવત્ સાતમી નરકપૃથ્વી પર્યન્ત જાણવું. પરન્તુ વિશેષ એ છે કે જઘન્યથીસર્વબન્ધનું અન્તરજે નારકનીજેટલી જઘન્ય સ્થિતિ હોય તેટલી સ્થિતિ અન્તર્મુહૂર્ત અધિક જાણવી. બાકીનું પૂર્વની પેઠે જાણવું. પંચેન્દ્રિય તિર્યંચયોનિક અને મનુષ્યોને સર્વબન્ધનુ અન્તર વાયુકાયિકની પેઠે જાણવું. જેમ રત્નપ્રભાના નૈરયિકોને કહ્યું તેમ અસુરકુમાર, નાગકુમાર, યાવત્ સહસ્રાર દેવોને પણ જાણવું, વિશેષ એ છે કે સર્વબન્ધનું અન્તર જેની જે જઘન્ય સ્થિતિ હોય તેને અન્તર્મુહૂર્ત અધિક કરવી બાકી સર્વ પૂર્વવત્.

હે ભગવન્ ! આનતદેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયેલો કોઇ જીવ ત્યાંથી (ચ્યવી) આનત દેવલોક સીવાયના જીવોમાં ઉત્પન્ન થાય અને પાછો ફરીને ત્યાં ત્યાં આનત દેવલોકમાં ઉત્પન્ન થાય તે આનતદેવ વૈક્રિયશરીરપ્રયોગબન્ધના અન્તર સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! સર્વબન્ધનું અન્તર જઘન્યથી વર્ષપૃથકત્વ અધિક અઢાર સાગરોપમ, અને ઉત્કૃષ્ટ અનંતકાલ-વનસ્પતિકાલપર્યન્ત હોય. તથા દેશબન્ધનું અન્તર જઘન્યથી વર્ષપૃથકત્વ, અને ઉત્કૃષ્ટ અનંતકાલ-વનસ્પતિકાલ હોય. એ પ્રમાણે યાવદ્ અચ્યુત દેવલોકપર્યન્ત જાણવું પરન્તુ સર્વબન્ધનું અન્તર જઘન્યથી જેની જે સ્થિતિ હોય તે વર્ષપૃથકત્વ અધિક કરવી. ગ્રૈવેયક કલ્પાતીત વૈક્રિયશરીરપ્રયોગબન્ધના અન્તર સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! સર્વબન્ધનું અન્તર જઘન્યથી વર્ષપૃથકત્વ અધિક બાવીશ સાગરોપમ, અને ઉત્કૃષ્ટ અનંતકાલ-વનસ્પતિકાલપર્યન્ત હોય. તથા દેશબન્ધનું અન્તર જઘન્યથી વર્ષપૃથકત્વ, અને ઉત્કૃષ્ટ અનંતકાલ-વનસ્પતિકાલ હોય. એ પ્રમાણે યાવદ્ અચ્યુત દેવલોકપર્યન્ત જાણવું પરન્તુ સર્વબન્ધનું અન્તર જઘન્યથી જેની જે સ્થિતિ હોય તે વર્ષપૃથકત્વ અધિક કરવી. ગ્રૈવેયક કલ્પાતીત વૈક્રિયશરીરપ્રયોગબન્ધના અન્તર સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! સર્વબન્ધનું અન્તર જઘન્યથી વર્ષપૃથકત્વ અધિક બાવીશ સાગરોપમ, અને ઉત્કૃષ્ટથી અનંતકાલ-વનસ્પતિકાલ સુધી હોય. તથા દેશબન્ધનું અન્તર જઘન્યથી વર્ષપૃથકત્વ અને ઉત્કૃષ્ટથી વનસ્પતિકાલ જાણવો. હે ભગવન્ ! અનુત્તરોપપાતિકદેવ સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! સર્વબન્ધનું અન્તર જઘન્યથી વર્ષપૃથકત્વ અધિક એકત્રીશ સાગરોપમ, અને ઉત્કૃષ્ટથી સંખ્યાત સાગરોપમ છે. તથા દેશબન્ધનું અન્તર જઘન્યથી વર્ષપૃથકત્વ, અને ઉત્કૃષ્ટથી સંખ્યાત સાગરોપમ હોય છે. હે ભગવન્ ! એ વૈક્રિયશરીરના દેશબંધક, સર્વબંધક અને અબંધક જીવોમાં અલ્પબહુત્વ કઇ રીતે ? હે ગૌતમ ! વૈક્રિયશરીરના સર્વબંધક જીવો સૌથી થોડા છે, તથા દેશબંધકો અસંખ્યાતગુણા છે, અને તેથી અબંધકો અનંતગુણા છે.

હે ભગવન્ ! આહારકશરીરનો પ્રયોગબંધ કેટલા પ્રકારનો કહ્યો છે ? હે ગૌતમ ! એક પ્રકારનો કહ્યો છે. જો એક પ્રકારનો કહ્યો છે તો શું તે મનુષ્યોને આહારકશરીરપ્રયોગબંધ છે કે મનુષ્ય સિવાય બીજા જીવોને આહારકશરીરપ્રયોગબન્ધ છે ? હે ગૌતમ ! મનુષ્યોને આહારકશરીરપ્રકયોગબન્ધ હોય છે, પણ મનુષ્ય સિવાય બીજા જીવોને આહારકશરીરપ્રયોગબંધ હોતો નથી. એ પ્રમાણે એ અભિલાપથી 'અવગાહનાસંસ્થાન' પદમાં કહ્યા પ્રમાણે યાવદ્ ઋદ્ધિપ્રાપ્ત પ્રમત્તસંયત સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાતવર્ષના આયુષ્યવાળા કર્મભૂમિમાં ઉત્પન્ન થએલા ગર્ભજ મનુષ્યને આહારકશરીરપ્રયોગબન્ધ હોયછે, પણ ઋદ્ધિને અપ્રાપ્ત પ્રમત્તસંયતને યાવદ્ આહારકશરીરપ્રયોગબંધ હોતો નથી. હે ભગવન્ ! આહારક શરીરપ્રયોગબન્ધ કયા કર્મના ઉદયથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય છે ? હે ગૌતમ ! સવીર્યતા, સયોગતા અને સમુદ્રવ્યતાથી યાવદ્ લબ્ધિને આશ્રયી આહારકશરીરપ્રયોગનામકર્મના ઉદયથી આહારકશરીરપ્રયોગબન્ધ હોયછે.હે ભગવન્ ! આહારકશરીરપ્રયોગબન્ધ શું દેશબન્ધ છે કે સર્વબંધ છે ? હે ગૌતમ ! દેશબન્ધ પણ છે અને સર્વબન્ધ પણ છે. હે ભગવન્ ! આહારકશરીરપ્રયોગબન્ધ કાલથી ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! તેનો સર્વબંધ એક સમય, અને દેશબંધ જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી પણ અંતર્મુહૂર્ત સુધી હોય છે. હે ભગવન્ ! આહારકશરીરના પ્રયોગ-બંધનું અંતર કાલથી કેટલું હોય છે ? હે ગૌતમ ! તેના સર્વબંધનું અંતર જઘન્યથી અંતર્મુહૂર્ત, અને ઉત્કૃષ્ટથી કાલની અપેક્ષાએ અનંતકાલ હોય છે. ક્ષેત્રથી અનંતલોક-કાંઈક ન્યૂન અર્ધપુદ્ગલ પરાવર્ત છે.એ પ્રમાણે દેશબંધનું અંતર પણ જાણવું.હેભગવન્ ! આહારકશરીરના દેશબંધક અને અબંધક જીવોમાં અલ્પબહુત્વ કઈ રીતે ? હે ગૌતમ ! સૌથી થોડા જીવો આહારકશરીરના સર્વબંધક છે, તેથી દેશબંધક સંખ્યાતગુણા છે, અને તેથી અબંધક જીવો અનંતગુણા છે.

[૪૨૬] હે ભગવન્ ! તૈજસશરીરપ્રયોગબંધ કેટલા પ્રકારનો કહ્યો છે?હે ગૌતમ ! પાંચ પ્રકારનો છે,એકેન્દ્રિયતૈજસશરીરપ્રયોગબન્ધ, દ્વીન્દ્રિય તૈજસશરીરપ્રયોગબન્ધ, ત્રીન્દ્રિયતૈજસશરીરપ્રયોગબંધ,યાવત્ પંચેન્દ્રિય તૈજસશરીરપ્રયોગબન્ધ.હે ભગવન્ ! એકેન્દ્રિયતૈજશરીરપ્રયોગબન્ધ કેટલાપ્રકારે છે?એ અભિલાપથી એ પ્રમાણે જેમ 'અવ-ગાહનાસંસ્થાન' માં ભેદ કહ્યો છે તેમ અહીં પણ કહેવો, યાવદ્ પર્યાપ્ત સર્વાર્થસિદ્ધ અનુત્તરોપપાતિક કલ્પાતીતવૈમાનિક દેવપંચેન્દ્રિયતૈજસશરીરપ્રયોગબન્ધઅને અપર્યાપ્ત-સર્વાર્થસિદ્ધ અનુત્તરોપપાતિક તૈજસશરીરપ્રયોગબન્ધ છે. હે ભગવન્ ! તૈજસશરીર પ્રયોગબંધ કયા કર્મના ઉદયથી થાય ? હે ગૌતમ સવીર્યતા યાવત્ આયુષ્યને આશ્રીને તૈજસ શરીર પ્રયોગ નામ કર્મના ઉદયથી થાય છે. યાવત્ સર્વ પૂર્વવત્ જાણવું.

મોહનીયકાર્મણશરીરપ્રયોગબન્ધ સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! તીવ્રક્રોધ કરવાથી, તીવ્ર માન કરવાથી, તીવ્ર માયા કરવાથી, તીવ્ર લોભ કરવાથી, તીવ્ર દર્શનમોહનીયથી, તીવ્ર ચારિત્રમોહનીયથી તથા મોહનીયકાર્મણશરીરપ્રયોગનામકર્મના ઉદયથી મોહ-નીયકાર્મણશરીરપ્રયોગબન્ધ થાયછે. નારકાયુષકાર્મણશરીરપ્રયોગબન્ધ સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ !મહાઆરમ્ભથી, મહાપરિગ્રહથી, માંસાહાર કરવાથી, પંચેન્દ્રિય જીવો-નો વધ કરવાથી તથા નારકાયુષકાર્મણશરીરપ્રયોગનામકર્મના ઉદયથી નારકાયુષા-કાર્મણશરીરપ્રયોગબન્ધ થાય છે. હે ભગવન્ ! તિર્યંચયોનિકાયુષકાર્મણસરીરપ્રયોગ-બન્ધ કયા કર્મના ઉદયથી થાય છે ? હે ગૌતમ ! માયિકપણાથી, કપટીપણાથી, ખોટું બોલવાથી, ખોટાં તોલાં અને ખોટાં માપથી તથા તિર્યંચયોનિકાયુષકાર્મણશરીરપ્રયોગ-નામકર્મના ઉદયથી તિર્યંચયોનિકાયુષ-કાર્મણશરીર થાય છે. હે ભગવન્ ! મનુષ્યાયુષ-કાર્મણશરીરપ્રયોગબન્ધ કયા કર્મના ઉદયથી થાય છે ? હે ગૌતમ ! પ્રકૃતિની ભદ્રતાથી, પ્રકૃતિના વિનીતપણાથી, દયાળુપણાથી, અમત્સરિપણાથી તથા મનુષ્યાયુષકાર્મણ-શરીરપ્રયોગનામકર્મના ઉદયથી મનુષ્યાયુષકાર્મણસરીરપ્રયોગબન્ધ થાય છે. દેવા-યુષકાર્મણશરીરરપ્રયોગબન્ધ સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! સરાગસંયમથી, સંયમા-સંયમથી, અજ્ઞાનતપકર્મથી, અકામનિર્જરાથી તથા વાયુષકાર્મણશરીરપ્રયોગનામ-કર્મના ઉદયથી દેવાયુષકાર્મણશરીરપ્રયોગબન્ધ થાય છે. શુભનામકાર્મણશરીર-

પ્રયોગબન્ધ સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! કાયની સરળતાથી, ભાવની સરળતાથી, ભાષાની સરળતાથી અને યોગના અવિસંવાદનપણાથી-તથા શુભનામકાર્મણશરીરપ્રયોગનામ કર્મના ઉદયથી પ્રયોગબન્ધ થાય છે.

[૪૨૭] હે ભગવન્ ! કાર્મણશરીરપ્રયોગબન્ધ કેટલા પ્રકારનો કહ્યો છે ? હે ગૌતમ ! આઠ પ્રકારનો કહ્યો છે, જ્ઞાનાવરણીયકાર્મણશરીરપ્રયોગબન્ધ, યાવદ્ અન્તરાયકાર્મણશરીરપ્રયોગબન્ધ. હે ભગવન્ ! જ્ઞાનાવરણીયકાર્મણશરીર- પ્રયોગબન્ધ કયા કર્મના ઉદયથી થાય છે ? હે ગૌતમ ! જ્ઞાનની પ્રત્યનીકતાથી, જ્ઞાનનો અપલાપ કરવાથી, જ્ઞાનનો અન્તરાય-વિઘ્ન કરવાથી, જ્ઞાનનો પ્રદ્વેષ કરવાથી, જ્ઞાનની અત્યન્ત આશાતના કરવાથી, જ્ઞાનના વિસંવાદન યોગથી અને જ્ઞાનાવરણીયકાર્મણશરીરપ્રયોગનામકર્મના ઉદયથી થાય છે દર્શનાવરણીય કાર્મણ શરીર પ્રયોગબંધ સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! દર્શનની પ્રત્યનીકતાથી-ઇત્યાદિ જેમ જ્ઞાનાવરણીયના કારણો કહ્યા છે તેમ દર્શનાવરણીય માટે જાણવાં; પરન્તુ (જ્ઞાનાવરણીયસ્થાને) 'દર્શનાવરણીય' કહેવું, યાવદ્ દર્શન વિસંવાદનયોગથી, તથા દર્શનાવરણીયકાર્મણશરીરપ્રયોગનામકર્મના ઉદયથી દર્શનાવરણીયકાર્મણશરીરપ્રયોગબન્ધ થાય છે. હે ભગવન્ ! સાતાવેદનીયકાર્મણશરીરપ્રયોગબન્ધ કયા કર્મના ઉદયથી થાય છે ? હે ગૌતમ ! પ્રાણીઓ ઉપર અનુકમ્પા કરવાથી, ભૂતો ઉપર અનુકંપા કરવાથી-ઇત્યાદિ જેમ સપ્તમ શતકના દશમા ઉદ્દેશકમાં કહ્યું છે તેમ કહેવું, યાવદ્ તેઓને પરિતાપ નહિ ઉત્પન્ન કરવાથી, અને સાતાવેદનીયકાર્મણશરીરપ્રયોગ નામકર્મના ઉદયથી સાતાવેદનીયકાર્મણશરીરપ્રયોગબન્ધ થાય છે. હે ભગવન્ ! આસાતાવેદનીયકાર્મણશરીરપ્રયોગબન્ધ સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! બીજાને દુઃખ દેવાથી, બીજાને શોક ઉત્પન્ન કરવાથી-ઇત્યાદિ જેમ સપ્તમ શતકના દશમા ઉદ્દેશકમાં કહ્યું છેતેમ યાવદ્ બીજાને પરિતાપ ઉપજાવવાથી અને અસાતાવેદનીયકાર્મણ શરીરપ્રયોગનામકર્મના ઉદયથી અસાતાવેદનીયકાર્મણશરીરપ્રયોગબન્ધ થાય છે.

અશુભનામકાર્મણશરીરપ્રયોગબન્ધ સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! કાયની વક્રતાથી, ભાવનીવક્રતાથી, ભાષાનીવક્રતાથી, અને યોગના વિસંવાદનપણાથી અશુભનામકાર્મણશરીરપ્રયોગનામકર્મના ઉદયથી યાવત્ પ્રયોગબન્ધ થાય છે. ઉચ્ચગોત્રકાર્મણશરીરપ્રયોગબન્ધ સંબન્ધે પ્રશ્ન હે ગૌતમ ! જાતિમદ, કુલમદ, બલમદ, રૂપમદ ન કરવાથી, તપમદ, શ્રુતમદ, લાભમદ અને ઐશ્વર્યમદ ન કરવાથી, તથા ઉચ્ચગોત્રકાર્મણશરીરપ્રયોગનામકર્મના ઉદયથી ઉચ્ચગોત્રકાર્મણશરીરપ્રયોગબન્ધ થાય છે. નીચગોત્રકાર્મણશરીરપ્રયોગબન્ધ સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જાતિમદ કરવાથી, કુલમદ કરવાથી, બલમદ કરવાથી, યાવદ્ ઐશ્વર્યમદ કરવાથી તથા નીચગોત્રકાર્મમશરીરપ્રયોગનામકર્મના ઉદયથી નીચગોત્રકાર્મણશરીરપ્રયોગબન્ધ થાય છે. અંતરાયકાર્મણશરીરપ્રયોગબન્ધ સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! દાનનો લાભનો, ભોગનો, ઉપભોગનો, અને વીર્યનો અન્તરાય કરવાથી તથા અન્તરાયકાર્મણ શરીરપ્રયોગનામ કર્મના ઉદયથી અન્તરાયકાર્મણશરીરપ્રયોગબન્ધ થાય છે.

હે ભગવન્ ! જ્ઞાનાવરણીયકાર્મણશરીરપ્રયોગબન્ધ શું દેશબન્ધ છે કે સર્વબન્ધ છે ? હે ગૌતમ ! દેશબન્ધ છે, પણ સર્વબન્ધ નથી. એ પ્રમાણે યાવદ્ અન્તરાયકાર્મણ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શરીરપ્રયોગબન્ધ સુધી જાણવું.હે ભગવન્ ! જ્ઞાનાવરણીયકાર્મણશરીરપ્રયોગ- બન્ધ-કાલથી ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! જ્ઞાનાવરણીયકાર્મણશરીર- પ્રયોગબન્ધ બે પ્રકારનો કહ્યો છે; તે આ પ્રમાણે-અનાદિ સપર્યવસિત (સાન્ત) અને અનાદિ અપર્યવસિત (અનન્ત). એ પ્રમાણે યાવત્ જેમ તૈજસ શરીરનો સ્થિતિકાલ કહ્યો છે તેમ અહીં પણ કહેવો, એ પ્રમાણે યાવદ્ અન્તરાય કર્મનો સ્થિતિકાલ જાણવો. હે ભગવન્ ! જ્ઞાનાવરણીયકાર્મણશરીરપ્રયોગબન્ધનું અન્તર કાલથી ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! અનાદિ અનંત અને અનાદિ સાંત છે. જે પ્રમાણે તૈજસશરીરપ્રયોગબન્ધનું અન્તર કહ્યું તે પ્રમાણે અહીં પણ કહેવું. એ પ્રમાણે યાવદ્ અંતરાયકાર્મણશરીર- પ્રયોગબન્ધનું અન્તર જાણવું. હે ભગવન્ ! જ્ઞાનનાવરણીય કર્મના દેશબન્ધક અને અબન્ધક જીવોમાં ક્યા જીવો ક્યા જીવોથી યાવદ્ વિશેષાધિક છે ? જેમ તૈજસ શરીરનું અલ્પબહુત્વ કહ્યું તેમ અહીં પણ જાણવું. એ પ્રમાણે આયુષકર્મ સિવાય યાવત્ અન્તરાય કર્મ સુધી જાણવું. આયુષકર્મ સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! આયુષકર્મના દેશબન્ધક જીવો સૌથી થોડા છે, અને તેનાથી અબંધક જીવો સંખ્યાતગુણ છે.

[૪૨૮] હે ભગવન્ ! જે જીવને ઔદારિકશરીરનો સર્વબન્ધ છે તે જીવ શું વૈક્રિયશરીરનો બન્ધક છે કે અબન્ધક છે ? હે ગૌતમ ! તે બન્ધક નથી; પણ અબન્ધક છે. ઔદારિકશરીરનો સર્વબન્ધક શું આહારકશરીરનો બન્ધક છે કે અબન્ધક છે ? હે ગૌતમ ! બન્ધક નથી પણ અબન્ધક છે. તૈજસશરીરનો બન્ધક છે કે અબન્ધક છે ? હે ગૌતમ ! તે તૈજસશરીરનો બન્ધક છે પણ અબન્ધક નથી. હે ભગવન્ ! જો તે (તૈજસ શરીરનો) બન્ધક છે તો શું દેશબન્ધક છે કે સર્વબન્ધક છે ? હે ગૌતમ ! તે દેશબન્ધક છે, પણ સર્વબન્ધક નથી. કાર્મણશરીરનો બંધક છે કે અબંધક છે ? હે ગૌતમ ! તૈજસ શરીરની પેઠે જાણવું. હે ભગવન્ ! જેને ઔદારિકશરીરનો દેશબન્ધ છે તે જીવ શું વૈક્રિયશરીરનો બન્ધક છે કે અબન્ધક છે ? હે ગૌતમ ! બન્ધક નથી, પણ અબન્ધક છે. એ પ્રમાણે જેમ સર્વબન્ધના પ્રસંગે કહ્યું તેમ અહીં દેશબન્ધના પ્રસંગે પણ યાવત્ કાર્મણ શરીર સુધી કહેવું. હે ભગવન્ ! જે જીવને વૈક્રિયશરીરનો સર્વબન્ધ છે તે જીવ શું ઔદારિકશરીરનો બન્ધક છે કે અબન્ધક છે ? હે ગૌતમ ! બન્ધક નથી પણ અબન્ધક છે. એ પ્રમાણે આહારક માટે પણ જાણવું તૈજસ અને કાર્મણને જેમ ઔદારિકની સાથે કહ્યું તેમ વૈક્રિયશરીરની સાથે પણ કહેવું, યાવત્ દેશબન્ધક છે પણ સર્વબન્ધક નથી.

હે ભગવન્ ! જે જીવને વૈક્રિયશરીરનો દેશબન્ધ છે તે જીવ શું ઔદારિક શરીરનો બન્ધક છે કે અબન્ધક છે ? હે ગૌતમ ! બન્ધક નથી, પણ અબન્ધક છે. એ પ્રમાણે જેમ (વૈક્રિયશરીરના) સર્વબંધના પ્રસંગે કહ્યું તેમ અહીં દેશબન્ધના પ્રસંગે પણ યાવત્ કાર્મણશરીર સુધી કહેવું હે ભગવન્ ! જે જીવને આહારકશરીરનો સર્વબન્ધ હોય તે જીવ શું ઔદારિકશરીરનો બન્ધક છે કે અબન્ધક છે ? હે ગૌતમ ! બન્ધક નથી. પણ અબન્ધક છે. એ પ્રમાણે વૈક્રિયશરીરને પણ જાણવું. અને જેમ તૈજસ અને કાર્મણ શરીર-ને ઔદારિક શરીર સાથે કહ્યું તેમ (આહારક શરીર સાથે પણ) કહેવું. હે ભગવન્ ! જે જીવને આહારક શરીરનો દેશબન્ધ છે તે જીવ શું ઔદારિક શરીરનો બન્ધક છે કે અબન્ધક છે ? હે ગૌતમ ! જેમ આહારક શરીરના સર્વબન્ધ સાથે કહ્યું છે તેમ દેશ-બન્ધની સાથે પણ યાવત્ કાર્મણશરીર સુધી કહેવું. હે ભગવન્ ! જે જીવને તૈજસ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શરીરનો દેશબન્ધ છે તે જીવ શું ઔદારિક શરીરનો બન્ધક પણ છે. અને અબન્ધક પણ છે. જો તે જીવ બન્ધક છે તો શું દેવબન્ધક છે કે સર્વબન્ધક છે ? હે ગૌતમ ! તે બંને છે. તે જીવ શું વૈક્રિયશરીરનો બન્ધક છે કે અબન્ધક છે ? પૂર્વની પેઠે જાણવું, એ પ્રમાણે આહારક શરીર માટે પણ જાણવું. તે જીવ શું કાર્મણ શરીરના બન્ધક છે કે અબન્ધક છે ? હે ગૌતમ ! બન્ધક છે, પણ અબન્ધક નથી. જો બન્ધક છે તો શું દેશબન્ધક છે કે સર્વબન્ધક છે ? હે ગૌતમ ! દેશબન્ધક છે, પણ સર્વબન્ધક નથી. હે ભગવન્ જે જીવને કાર્મણશરીરનો દેશબન્ધ છે તે જીવ શું ઔદારિકનો બન્ધક છે કે અબન્ધક છે ? તેજસ-શરીરની જેમ કાર્મણ શરીર પણ જાણવું યાવત્ દેશબન્ધક છે, પણ સર્વબન્ધક નથી.

[૪૨૯] હે ભગવાન્ ! ઔદારિક, વૈક્રિય,આહારક, તૈજસ અને કર્મણશરીરના દેશબન્ધક, સર્વબન્ધક અને એવા સર્વજીવોમાં અલ્પબહુત્વ કઈ રીતે છે ? હે ગૌતમ ! સૌથી થોડા જીવો આહારક શરીરના સર્વબન્ધક છે, તેથી તેના દેશબન્ધક સંખ્યાતગુણા છે, તેથી વૈક્રિયશરીરના સર્વબન્ધક અસંખ્યાતગુણા છે, તેથી તેના દેશબન્ધક જીવો અસંખ્યાતગુણ છે, તેથી તૈજસ અને કાર્મણ શરીરના અબન્ધક જીવો અનંતગુણ અને પરસ્પર તુલ્ય છે. તેથી ઔદારિક શરીરના સર્વબન્ધક જીવો અનંતગુણ છે, તેથી તેના અબન્ધક જીવો વિશેષાધિક છે, તેથી તેના દેશબન્ધક જીવો અસંખ્યગુણા છે, તેથી તૈજસ અને કાર્મણશરીરના દેશબન્ધક જીવો વિશેષાધિક છે, તેથી વૈક્રિયશરીરના અબન્ધક જીવો વિશેષાધિક છે, તેથી આહારક શરીરના અબન્ધક જીવો વિશેષાધિક છે. હે ભગવન્ ! તે એમ જ છે, હે ભગવન્ ! તે એમ જ છે, એમજ છે.

**[શતક : ૮ - ઉદ્દેસા - ૯ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ]**

## -: ઉદ્દેશક ૧૦ :-

[૪૩૦] રાજગૃહ નગરમાં યાવત્ (ગૌતમ) એ પ્રમાણે બોલ્યા કે હે ભગવન્ ! અન્યતીર્થિકો એ પ્રમાણે કહે છે, યાવદ્ એ પ્રમાણે પ્રરૂપે છે- 'એ રીતે ખરેખર શીલ જ શ્રેય છે, શ્રુત જ શ્રેય છે, (શીલનિરપેક્ષ જ) શ્રુત શ્રેય છે, અથવા (શ્રુતનિરપેક્ષ જ) શીલ શ્રેય છે, તો હે ભગવન્ ! એ પ્રમાણે કેમ હોય શકે ? હે ગૌતમ ! તે અન્યતીર્થિકો જે એ પ્રમાણે કહે છે, તે તેઓએ મિથ્યા કહ્યું છે. હે ગૌતમ ! હું વળી આ પ્રમાણે કહું છું, યાવત્ પ્રરૂપું છું, એ પ્રમાણે ચાર પ્રકારના પુરુષો કહ્યા છે. તે આ પ્રમાણે- એક શીલસંપન્ન છે પણ શ્રુતસંપન્ન નથી,એક શ્રુતસંપન્ન છે પણ શીલસંપન્ન નથી,એક શીલસંપન્ન છે અને શ્રુત સંપન્ન પણ છે, એક શીલસંપન્ન નથી તેમ શ્રુતસંપન્ન પણ નથી. તેમાં જે પ્રથમ પ્રકાનો પુરુષ છે તે શીલવાન્ છે પણ શ્રુતવાન નથી. તે ઉપરાંત (પાપાદિકથી નિવૃત્ત) છે, પણ ધર્મને જાણતો નથી. હે ગૌતમ ! તે પુરુષને મેં દેશારાધક કહ્યો છે. તેમાં જે બીજો પુરુષ છે તે પુરુષ શીલવાળો નથી, પણ શ્રુતવાળો છે. તે પુરુષ અનુપરત (પાપથી અનિવૃત્ત) છતાં પણ ધર્મને જાણે છે. હે ગૌતમ ! તે પુરુષને મેં દેશવિરાધક કહ્યો છે. તેમાં જે ત્રીજો પુરુષ છે તે પુરુષ (પાપથી) ઉપરત છે, અને ધર્મને જાણે છે. હે ગૌતમ ! તે પુરુષને મેં સર્વારાધક કહ્યો છે. તેમાં જે ચોથો પુરુષ છે તે, તે પાપથી ઉપરત નથી અને ધર્મથી અજ્ઞાત છે. હે ગૌતમ ! એ પુરુષને હું સર્વવિરાધક કહું છુ.

[૪૩૧] હે ભગવન્ ! આરાધના કેટલા પ્રકારની કહી છે ? હે ગૌતમ ! ત્રણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રકારની. જ્ઞાનારાધના, દર્શનારાધના અને ચારિત્રારાધના. ભગવન્ ! જ્ઞાનારાધના કેટલા પ્રકારની કહી છે ? હે ગૌતમ ! ત્રણ પ્રકારની કહી છે, ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય. હે ભગવન્ ! દર્શનારાધના કેટલા પ્રકારની કહી છે ? ત્રણ પ્રકારની કહી છે. એ રીતે ચારિત્રારાધના પણ ત્રણ પ્રકારની જાણવી. હે ભગવન્ ! જે જીવને ઉત્કૃષ્ટ જ્ઞાનારાધના હોય તેને ઉત્કૃષ્ટ દર્શનારાધના હોય ? જે જીવને ઉત્કૃષ્ટ દર્શનારાધના હોય તે જીવને ઉત્કૃષ્ટ જ્ઞાનારાધના હોય ? હે ગૌતમ ! જે જીવને ઉત્કૃષ્ટ જ્ઞાનારાધના હોય તેને ઉત્કૃષ્ટ અને મધ્યમ દર્શનારાધના હોય, વળી જેને ઉત્કૃષ્ટ દર્શનારાધના હોય, તેને ઉત્કૃષ્ટ, જઘન્ય અને મધ્યમ જ્ઞાનારાધાના હોય. હે ભગવન્ ! જે જીવને જ્ઞાનની ઉત્કૃષ્ટ આરાધના હોય તેને ચારિત્રની ઉત્કૃષ્ટ આરાધના હોય ? જે જીવને ચારિત્રની ઉત્કૃષ્ટ આરાધના હોય તેને જ્ઞાનની ઉત્કૃષ્ટ આરાધના હોય ? પૂર્વવત્ જાણવું.

હે ભગવન્ ! જેને ઉત્કૃષ્ટ દર્શનારાધના હોય તેને ઉત્કૃષ્ટ ચારિત્રારાધના હોય ? જેને ઉત્કૃષ્ટ ચારિત્રારાધના હોય તેને ઉત્કૃષ્ટ દર્શનારાધના હોય ? હે ગૌતમ ! જેને ઉત્કૃષ્ટ દર્શનારાધના હોય તેને ઉત્કૃષ્ટ. જઘન્ય અને મધ્યમ ચારિત્રારાધના હોય. તથા જેને ઉત્કૃષ્ટ ચારિત્રારાધના હોય. તેને અવશ્ય ઉત્કૃષ્ટ દર્શનારાધના હોય. હે ભગવન્ ! જીવ ઉત્કૃષ્ટ જ્ઞાનારાધનાને આરાધી કેટલા ભવ કર્યા પછી સિદ્ધ થાય, યાવત્ સર્વ દુઃખોનો અન્ત કરે ? હે ગૌતમ ! કેટલાક જીવ તેજ ભવમાં સિદ્ધ થાય, યાવત્ સર્વ દુઃખોનો નાશ કરે; કેટલાક જીવો બે ભવમાં સિદ્ધ થાય, યાવત્ સર્વ દુઃખોનો નાશ કરે; અને કેટલાક જીવો કલ્પોપપન્ન દેવલોકમાં કલ્પાતીત દેવલોકોમાં ઉત્પન્ન થાય. હે ભગવન્ ! જીવ ઉત્કૃષ્ટ દર્શનારાધનાને આરાધી કેટલા ભવ કર્યા પછી સિદ્ધ થાય ? હે ગૌતમ ! પૂર્વની પેઠે જાણવું. હે ભગવન્ ! ઉત્કૃષ્ટ ચારિત્રારાધનાને આરાધી કેટલા ભવ કર્યા પછી જીવો સિદ્ધ થાય ? પૂર્વની પેઠે જાણવું, પરન્તુ કેટલાએક જીવો કલ્પાતીત દેવોમાં ઉત્પન્ન થાય. હે ભગવન્ ! જ્ઞાનની મધ્યમ આરાધનાને આરાધી કેટલા ભવ ગ્રહણ કર્યા પછી જીવ સિદ્ધ થાય, યાવત્ સર્વ દુઃખોનો અન્ત કરે ? હે ગૌતમ ! કેટલાક જીવો બે ભવ ગ્રહણ કર્યા પછી સિદ્ધ થાય, યાવત્ સર્વદુઃખોનો નાશ કરે, પણ ત્રીજા ભવને અતિક્રમે નહીં. હે ભગવન્ ! જીવો મધ્યમ દર્શનારાધાનાને આરાધી કેટલા ભવ કર્યા પછી સિદ્ધ થાય ? હે ગૌતમ ! પૂર્વની પેઠે જાણવું. એ પ્રમાણે ચારિત્રની મધ્યમ આરાધના માટે જાણવું.

[૪૩૨] હે ભગવન્ ! જઘન્ય જ્ઞાનારાધનાને આરાધી જીવ કેટલા ભવ ગ્રહણ કર્યા પછી સિદ્ધ થાય, યાવત્ સર્વદુઃખોનો અન્ત કરે ? હે ગૌતમ ! કેટલાક જીવ ત્રીજા ભવમાં સિદ્ધ થાય, પણ સાત આઠ ભવથી વધારે ભવો ન કરે. એ પ્રમાણે દર્શનારાધના અને ચારિત્રારાધના માટે પણ જાણવું. હે ભગવન્ ! પુદ્ગલનો પરિણામ કેટલા પ્રકારનો કહ્યો છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારનો વર્ણપરિણામ, ગન્ધપરિ- ણામ રસપરિણામ, સ્પર્શપરિણામ અને સંસ્થાનપરિણામ. હે ભગવન ! વર્ણપરિણામ કેટલા પ્રકારનો કહ્યો છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારનો કાળો, યાવત્ શુકલવર્ણપરિણામ. એ પ્રમાણે બે પ્રકારનો ગન્ધપરિ- ણામ. પાંચ પ્રકારનો રસપરિણામ, અને આઠ પ્રકારનો સ્પર્શપરિણામ જાણવો. હે ભગવાન્ ! સંસ્થાનપરિણામ કેટલા પ્રકારનો છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારનો. પરિમંડલ સંસ્થાનપરિણામ, યાવદ્ આયત સંસ્થાનપરિણામ.

[૪૩૩] હે ભગવન્ ! પુદ્ગલાસ્તિકાયનો એક પ્રદેશ (પરમાણુ) શું દ્રવ્ય છે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દ્રવ્યદેશ છે, દ્રવ્યો છે, દ્રવ્યદેશો છે, અથવા દ્રવ્ય અને દ્રવ્યદેશ છે, અથવા દ્રવ્ય અને દ્રવ્યદેશો છે, અથવા દ્રવ્યો અને દ્રવ્યદેશ છે. કે દ્રવ્યો અને દ્રવ્યદેશો છે ? હે ગૌતમ ! તે કથંચિદ્ દ્રવ્ય છે, કથંચિદ્ દ્રવ્યદેશ છે, પણ દ્રવ્યો નથી, દ્રવ્યદેશો નથી, દ્રવ્ય અને દ્રવ્યદેશ નથી, યાવદ્ દ્રવ્યો અને દ્રવ્યદેશો નથી. હે ભગવન ! પુદ્ગલાસ્તિકાયના બે પ્રદેશો સંબંધે પ્રશ્ન હે ગૌતમ ! કથંચિત્ દ્રવ્ય છે, કથંચિત્ દ્રવ્યદેશ છે, કથંચિત્ દ્રવ્યો છે, કથંચિત્ દ્રવ્યદેશો છે, કથંચિત્ દ્રવ્ય અને દ્રવ્યદેશ છે, પણ દ્રવ્ય અને દ્રવ્યદેશો નથી, હે ભગવન્ ! પુદ્ગલાસ્તિકાયના ત્રણ પ્રદેશો સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! કથંચિત્ દ્રવ્ય છે, કથંચિત્ દ્રવ્યદેશ છે, એ પ્રમાણે સાત ભાંગાઓ કહેવા, યાવત્ કથંચિત્ દ્રવ્યો અને દ્રવ્યદેશ છે, પણ દ્રવ્યો અને દ્રવ્યદેશો નથી. હે ભગવન્ ! પુદ્ગલાસ્તિકાયના ચાર પ્રદેશો સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! કથંચિદ્ દ્રવ્ય છે, કથંચિદ્ દ્રવ્યદેશ છે-ઈત્યાદિ આઠ ભાંગા કહેવા, જેમ ચાર પ્રદેશો કહ્યા તેમ પાંચ, છ, સાત યાવદ્ અસંખ્યેય પ્રદેશો પણ કહેવા. હે ભગવન્ ! પુદ્ગલાસ્તિકાયના અનન્ત પ્રદેશો સંબંધે. પૂર્વ પ્રમાણેજ જાણવું.

[૪૩૪] હે ભગવન્ ! લોકાકાશના પ્રદેશો કેટલા કહ્યા છે ? હે ગૌતમ ! અસંખ્ય પ્રદેશો કહ્યા છે. હે ભગવન્ ! એક એક જીવના કેટલા જીવપ્રદેશો કહ્યા છે ? હે ગૌતમ ! જેટલા લોકાકાશના પ્રદેશો કહ્યા છે તેટલા એક એક જીવના પ્રદેશો કહ્યા છે.

[૪૩૫] હે ભગવન્ ! કર્મપ્રકૃતિઓ કેટલી કહીછે ? હે ગૌતમ ! આઠ કર્મપ્રકૃતિઓ કહી છે. જ્ઞાનવરણીય, યાવદ્ અન્તરાય. હે ભગવન્ ! નૈરયિકોને કેટલી કર્મપ્રકૃતિઓ કહી છે ? હે ગૌતમ ! આઠ એ પ્રમાણે સર્વજીવોને યાવદ્ વૈમાનિકોને આઠકર્મપ્રકૃતિઓ કહેવી. હે ભગવન્ ! જ્ઞાનાવરણીયકર્મના કેટલા અવિભાગપરિચ્છેદો કહ્યા છે ? હે ગૌતમ ! અનંત અવિભાગપરિચ્છેદો કહ્યાછે. હે ભગવન્ ! નૈરયિકોને જ્ઞાનાવરણીયકર્મના અવિભાગપરિચ્છેદો કેટલા કહ્યાછે ? હે ગૌતમ ! અનન્ત અવિભાગપરિચ્છેદો કહ્યા છે. એ પ્રમાણે સર્વજીવોને-જાણવું; યાવદ્ વૈમાનિકો સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! અનન્ત અવિભાગપરિચ્છેદો કહ્યાછે. જેમ જ્ઞાનાવરણીયકર્મના અવિભાગપરિછેદો કહ્યા તેમ આઠે કર્મપ્રકૃતિના અવિભાગપરિછેદો અન્તરાયકર્મ પર્યન્ત યાવદ્ વૈમાનિકોને કહેવા. હે ભગવન્ ! એક એક જીવનો એક એક જીવપ્રદેશ જ્ઞાનાવરણીય કર્મના કેટલા અવિભાગપરિચ્છેદો આવેષ્ટિત-પરિવેષ્ટિત છે ? હે ગૌતમ !કદાચિત્ આવેષ્ટિત--પરિવેષ્ટિત હોય, અને કદાચિત્ આવેષ્ટિત-પરિવેષ્ટિત ન હોય. જો આવેષ્ટિત-પરિવેષ્ટિત હોય તો તે અવશ્ય અનંત અવિભાગપરિચ્છેદો વડે આવેષ્ટિત-પરિવેષ્ટિત હોય.

હે ભગવન્ ! એક એક નૈયરિક જીવનો એક એક જીવપ્રદેશ જ્ઞાનાવરણીય કર્મના કેટલા અવિભાગપરિચ્છેદો વડે આવેષ્ટિત-પરિવેષ્ટિત હોય ? હે ગૌતમ ! અવશ્ય તે અનન્ત અવિભાગપરિચ્છેદો વડે આવેષ્ટિત-પરિવેષ્ટિત હોય. જેમ નૈરયિકો માટે કહ્યું તેમ યાવદ્ વૈમાનિકો કહેવું, પરન્તુ મનુષ્યને જીવની પેઠે કહેવું. હે ભગવન્ ! એક એક જીવનો એક એક જીવ પ્રદેશ દર્શનાવરણીય કર્મના કેટલા અવિભાગપરિચ્છેદો વડે આવેષ્ટિત પરિવેષ્ટિત હોય ? જ્ઞાનાવરણીય કર્મની જેમ અહીં પણ યાવદ્ વૈમાનિકને કહેવો, યાવત્ અન્તરાયકર્મપર્યન્ત કહેવું. પણ વેદનીય, આયુષ, નામ અને ગોત્ર-એ ચાર કર્મો માટે જેમ નૈરયિકોને કહ્યું તેમ મનુષ્યોને કહેવું, બાકી બધું પૂર્વવત્.

[૪૩૬] હે ભગવન્ ! જે જીવને જ્ઞાનાવરણીય કર્મ છે તેને શું દર્શનાવરણીય કર્મ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે, જેને દર્શનાવરણીય કર્મ છે તેને શું જ્ઞાનાવરણીય કર્મ છે ? હે ગૌતમ ! જેને જ્ઞાનાવરણીય છે તેને અવશ્ય દર્શનાવરણીય હોય છે, જેને દર્શનાવરણીય છે તેને પણ અવશ્ય જ્ઞાનાવરણીય હોય છે. હે ભગવન્ ! જેને જ્ઞાનાવરણીય છે, તેને શું વેદનીય હોય છે, જેને વેદનીય છે તેને જ્ઞાનાવરણીય હોય છે ? હે ગૌતમ ! જેને જ્ઞાનાવરણીય કર્મ છે તેને અવશ્ય વેદનીય હોય છે, અને જેને વેદનીય છે તેને જ્ઞાનાવરણીય કર્મ કદાચ હોય અને કદાચ ન હોય. હે ભગવન્ ! જેને જ્ઞાનાવરણીય છે તેને શું મોહનીય છે, જેને મોહનીય છે તેને જ્ઞાનાવરણીય છે ? હે ગૌતમ ! જેને જ્ઞાનાવરણીય છે તેને મોહનીય કર્મ કદાચ હોય અને કદાચ ન હોય. પણ જેને મોહનીય છે તેને અવશ્ય જ્ઞાનાવરણીય કર્મ હોય છે. હે ભગવન્ ! જેને જ્ઞાનાવરણીય કર્મ છે તેને શું આયુષ્ કર્મ છે- ઈત્યાદિ જેમ વેદનીય કર્મ સાથે કહ્યું તેમ આયુષ્ની સાથે પણ કહેવું. એ પ્રમાણે નામ અને ગોત્ર કર્મની સાથે પણ જાણવું. જેમ દર્શનાવરણીય સાથે કહ્યું તેમ અન્તરાય કર્મ સાથે અવશ્ય પરસ્પર કહેવું.

હે ભગવન્ ! જેને દર્શનાવરણીકર્મ છે તેને શું વેદનીય છે, જેને વેદનીય છે તેને દર્શનાવરણીય છે ? જેમ જ્ઞાનાવરણીય કર્મ ઉપરના સાત કર્મો સાથે કહ્યું છે તેમ દર્શનાવરણીય કર્મ પણ ઉપરના છ કર્મો સાથે કહેવું, અને એ પ્રમાણે યાવદ્ અંતરાય કર્મ સાથે કહેવું. હે ભગવન્ ! જેને વેદનીય છે તેને શું મોહનીય છે, જેને મોહનીય છે તેને વેદનીય છે ? હે ગૌતમ ! જેને વેદનીય છે, તેને મોહનીય કદાચ હોય અને કદાચ ન હોય. પણ જેને મોહનીય છે તેને અવશ્ય વેદનીય છે. હે ભગવન્ ! જેને વેદનીય છે તેને શું આયુષ્ કર્મ હોય ? એ પ્રમાણે એ બન્ને પરસ્પર અવશ્ય હોય. જેમ આયુષ્ની સાથે કહ્યું તેમ નામ અને ગોત્રની સાથે પણ કહેવું. હે ભગવન્ ! જેને વેદનીય કર્મ છે તેને શું અન્તરાય હોય-ઈત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! જેને વેદનીય છે તેને અન્તરાય કર્મ કદાચ હોય અને કદાચ ન હોય. પણ જેને અન્તરાય. કર્મ છે તેને અવશ્ય વેદનીય કર્મ હોય.

હે ભગવન્ ! જેને મોહનીય છે તેને આયુષ્ય હોય, જેને આયુષ્ છે તેને મોહનીય હોય ? હે ગૌતમ ! જેને મોહનીય છે તેને અવશ્ય આયુષ્ હોય, જેને આયુષ્ છે તેને મોહનીય કર્મ કદાચ હોય અને કદાચ ન હોય. એ પ્રમાણેનામ, ગોત્ર અને અન્તરાયકર્મ કહેવું. હે ભગવન્ ! જેને આયુષ્ કર્મ છે તેને નામ કર્મ હોય ?- ઈત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! તે બન્ને પરસ્પર અવશ્ય હોય, એ પ્રમાણે ગોત્ર સાથે પણ કહેવું. હે ભગવન્ ! જેને આયુષ્ છે તેને અંતરાય કર્મ હોય ? ઈત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! જેને આયુષ્ છે તેને અન્તરાય કદાચ હોય અને કદાચ ન હોય, પણ જેને અન્તરાય કર્મ છે તેને અવશ્ય આયુષ્ કર્મ હોય. હે ભગવન્ ! જેને નામ કર્મ છે, તેને શું ગોત્ર કર્મ હોય, જેને ગોત્ર કર્મ છે તેને નામ કર્મ હોય ? હે ગૌતમ ! જેને નામ કર્મ છે તેને અવશ્ય ગોત્રકર્મ હોય; અને જેને ગોત્રકર્મ છે તેને અવશ્ય નામકર્મ હોય. જેને નામ કર્મ છે તેને અંતરાય કદાચ હોય અને કદાચ ન હોય, પણ જેને અંતરાય કર્મ છે તેને અવશ્ય નામકર્મ હોય. હે ભગવન્ ! જેને ગોત્રકર્મ છે તેને શું અંતરાય કર્મ હોય ? ઈત્યાદિ પ્રશ્ન હે ગૌતમ ! જેને ગોત્રકર્મ છે તેને અન્તરાય કર્મ કદાચ હોય અને કદાચ ન હોય, પણ જેને અન્તરાય કર્મ છે તેને અવશ્ય ગોત્રકર્મ હોય.

[૪૩૭] હે ભગવન્ ! શું જીવ પુદ્‌ગલી છે કે પુદ્‌ગલ છે ? હે ગૌતમ ! તે બંને છે. હે ભગવન્ ! એ પ્રમાણે શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! જેમ કોઈક પુરુષ છત્રવડે છત્રી, દંડવડે દંડી ઘંટવડે ઘંટી, પટવડે પટી અને કરવડે કરી કહેવાય છે તેમ જીવ પણ શ્રોત્રેંદ્રિય.

Jain Education International www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચક્ષુરિંદ્રિય, ઘ્રાણેન્દ્રિય, જિહ્વેન્દ્રિય અને સ્પર્શનેન્દ્રિયને આશ્રયી પુદ્ગલી કહેવાય છે, અને જીવને આશ્રયી પુદ્ગલ કહેવાય છે. હે ભગવન ! નૈરયિક પુદ્ગલી છે કે પુદ્ગલ છે ? હે ગૌતમ ! તે પૂર્વની પેઠે જાણવું. એ પ્રમાણે યાવત્ વૈમાનિકોને પણ કહેવું; પરન્તુ તેમાં જે જીવોને જેટલી ઇન્દ્રિયો હોય તેને તેટલી કહેવી. હે ભગવન્ ! શું સિદ્ધો પુદ્ગલી છે કે પુદ્ગલ છે ? હે ગૌતમ ! પુદ્ગલી નથી, પણ પુદ્ગલ છે. હે ભગવન્ ! એ પ્રમાણે શા હેતુથી કહો છો કે સિદ્ધો યાવત્ પુદ્ગલ છે ? હે ગૌતમ ! જીવને આશ્રયી (પુદ્ગલ) કહું છું તે હેતુથી એમ કહેવાય છે કે સિદ્ધો પુદ્ગલી નથી, પણ પુદ્ગલ છે. હે ભગવન્ ! તે એમજ છે, હે ભગવન્ ! તે એમજ છે.

**શતક : ૮ - ઉદ્દેસા : ૧૦ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## શતક૯

### -: ઉદ્દેસા - ૧ થી ૩૦ :-

[૪૩૮] જંબૂદ્વીપ, જ્યોતિષ્ક, અઠ્યાવીશ અન્તરદ્વીપો, અસોચ્ચા, ગાંગેય, કુંડ-ગ્રામ અને પુરુષ એ-એ સંબન્ધે નવમા શતકમાં ચોત્રીશ ઉદ્દેશકો છે.

[૪૩૯] તે કાલે-તે સમયે મિથિલા નામે નગરી હતી. ત્યાં મણિભદ્ર ચૈત્ય હતું. ત્યાં મહાવીરસ્વામી સમોસર્યા. પર્ષદ્ નીકળી. યાવદ્ ભગવાન્ ગૌતમે પર્યુપાસના કરતા આ પ્રમાણે પૂછ્યું-હે ભગવન્ ! જંબૂદ્વીપ ક્યે સ્થળે છે ? હે ભગવન્ ! જંબૂદ્વીપ કેવા આકારે રહેલો છે ? અહીં જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ કહેવી, યાવદ્ 'જંબૂદ્વીપ નામે દ્વીપમાં પૂર્વ અને પશ્ચિમ ૧૪૫૬૦૦૦ નદીઓ છે' હે ભગવન્ ! તે એમજ છે. તે એમ જ છે.

[૪૪૦-૪૪૨] રાજગૃહ નગરમાં યાવત્ (ગૌતમ સ્વામીએ) એ પ્રમાણે પ્રશ્ન કર્યો કે-હે ભગવન્ ! જંબૂદ્વીપ નામના દ્વીપમાં કેટલા ચંદ્રોએ પ્રકાશ કર્યો, કેટલા પ્રકાશ કરે છે અને કેટલા પ્રકાશ કરશે ? જીવાભિગમ સૂત્રમાં કહ્યું છે તેમ જાણવું. યાવત્ ૧૩૩૯૫૦ કોડાકોડી તારાના સમૂહે શોભા કરે છે, કરશે. ત્યાં સુધી જાણવું.

[૪૪૩] હે ભગવન્ ! લવણ સમુદ્રમાં કેટલા ચંદ્રોએ પ્રકાશ કર્યો, કેટલા પ્રકાશ કરે છે અને કેટલા પ્રકાશ કરશે ? જીવાભિગમ સૂત્રમાં કહ્યું છે તેમ તારાની હકીકત સુધી સર્વ જાણવું. ધાતકિખંડ, કાલોદધિ, પુષ્કરવર દ્વીપ, અભ્યંતર પુષ્કરાર્ધ અને મનુષ્ય-ક્ષેત્રમાં - એ સર્વ સ્થળે જીવાભિગમ સૂત્રમાં કહ્યા પ્રમાણે યાવત્ "એક ચંદ્રનો પરિવાર કોટાકોટિ તારાગણો હોય છે" ત્યાં સુધી જાણવું. હે ભગવન્ ! પુષ્કરોદ સમુદ્રમાં કેટલા ચંદ્રોએ પ્રકાશ કર્યો ?- ઇત્યાદિ એ રીતે સર્વ દ્વીપ અને સમુદ્રોમાં જ્યોતિષ્કોની હકીકત યાવત્ 'સ્વયંભૂરમણ- સમુદ્રમાં છે. યાવત્ શોભ્યા, શોભે છે અને શોભશે' ત્યાં સુધી કહેવી. હે ભગવન્ ! તે એમજ છે, હે ભગવન્ ! તે એમજ છે.

[૪૪૪] રાજગૃહ નગરમાં [ભગવાન્ ગૌતમે] યાવત્ એ પ્રમાણે પૂછ્યું-હે ભગ-વન્ ! દક્ષિણ દિશાના એકોરુક મનુષ્યોનો એકોરુક નામે દ્વીપ ક્યાં કહ્યો છે ? હે ગૌતમ ! જંબૂદ્વીપ નામના દ્વીપમાં આવેલા મંદર (મેરુ) પર્વતની દક્ષિણે ચુલ્લ હિમવંત નામે વર્ષ-ધર પર્વતના પૂર્વના છેડાથી ઈશાન કોણમાં ત્રણસો યોજન લવણસમુદ્રમાં ગયા પછી એ સ્થળે દક્ષિણ દિશાના એકોરુક મનુષ્યોનો એકોરુક નામે દ્વીપ કહ્યો છે. હે ગૌતમ ! તે દ્વીપની લંબાઇ અને પહોળાઇ ત્રણસો યોજન છે, અને તેનો પરિક્ષેપ ૯૪૯ યોજનથી કાંઇક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ન્યૂન છે. તે દ્વીપ એક પદ્મવરવેદિકા અને એક વનખંડથી ચારે બાજુ વિંટાએલ છે. એ બન્નેનું પ્રમાણ તથા વર્ણન જેમ જીવાભિગમસૂત્રમાં કહ્યું છે તેમ યાવત્ 'શુદ્ધદંત દ્વીપ છે, યાવદ્ હે આયુષ્માન્ શ્રમણ ! એ દ્વીપના મનુષ્યો મરીને દેવગતિમાં ઉપજે છે, ત્યાંસુધી જાણવું એ પ્રમાણે પોતે પોતાની લંબાઇ અને પહોળાઈથી ૨૮ અંતર્દ્વીપો કહેવા; પરન્તુ એક એક દ્વીપે એક એક ઉદ્દેશક જાણવો. એ પ્રમાણે બધા મળીને ૨૮ ઉદ્દેશકો કહેવા. હે ભગવન્ ! તે એમજ છે.

**[શતકઃ ૯ - ઉદ્દેસો - ૧ થી ૩૦ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ]**

## -: ઉદ્દેશક ૩૧ :-

[૪૪૫] રાજગૃહ નગરમાં યાવત્ [ભગવાન્ ગૌતમે] આ પ્રમાણે પૂછ્યું-હે ભગવન્ ! કેવલિ પાસેથી, કેવલિના શ્રાવક પાસેથી, કેવલિની શ્રાવિકા પાસેથી, કેવલિના ઉપાસક પાસેથી, કેવલિની ઉપાસિકા પાસેથી, કેવલિના પાક્ષિક પાસેથી, કેવલિના પાક્ષિક શ્રાવક પાસેથી, કેવલિના પાક્ષિકની શ્રાવિકા પાસેથી, કેવલિના પક્ષના ઉપાસક પાસેથી અને કેવલિના પાક્ષિકની ઉપાસિકા પાસેથી સાંભળ્યા વિના જીવને કેવલજ્ઞાનીએ કહેલા ધર્મના શ્રવણનો-લાભ થાય ? હે ગૌતમ ! કેવલિ પાસેથી યાવત્ તેવા પાક્ષિકની ઉપાસિકા પાસેથી સાંભળ્યા વિના પણ કોઇ જીવને કેવલિએ કહેલા ધર્મશ્રવણનો લાભ થાય અને કોઇ જીવને લાભ ન થાય. હે ભગવન્ ! એ પ્રમાણે શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! જે જીવે જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કરેલોછે તે જીવને કેવલિ પાસેથી યાવત્ તેના પાક્ષિકની ઉપાસિકા પાસેથી સાંભળ્યા વિના પણ કેવલિએ કહેલા ધર્મશ્રવણનો લાભ થાય, અને જે જીવે જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કર્યો નથી જે જીવને કેવલિ પાસેથી યાવત્ તેના પાક્ષિકની ઉપાસિકા પાસેથી સાંભળ્યા વિના કેવલિએ કહેલ ધર્મને સાંભળવાનો લાભ ન થાય.

હે ભગવન્ ! કેવલી પાસેથી કે યાવત્ તેના પક્ષની ઉપાસિકા પાસેથી [ધર્મ] સાંભળ્યાવિના કોઇ જીવ શુદ્ધ બોધિસમ્યગ્દર્શનને અનુભવે ? હે ગૌતમ ! તે રીતે કોઇ જીવ શુદ્ધ સમ્યગ્દર્શનને અનુભવે. અને કોઇ જીવ શુદ્ધ સમ્યગ્દર્શનને ન અનુભવે. હે ભગવન્ ! એ પ્રમાણે શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! જે જીવે દર્શનાવરણીય કર્મનો ક્ષયોપશમ કર્યો છે તે જીવ યાવત્ સાંભળ્યા વિના શુદ્ધ સમ્યગ્દર્શનને અનુભવે; અને જે જીવ દર્શનાવરણીય કર્મનો ક્ષયોપશમ કર્યો નથી, તે જીવ કેવલી પાસેથી યાવત્ સાંભળ્યા વિના શુદ્ધ સમ્યગ્દર્શનને ન અનુભવે.

હે ભગવન્ ! કેવલી પાસેથી કે યાવત્ તેના પક્ષની ઉપાસિકા પાસેથી સાંભળ્યા વિના પણ કોઇ જીવ મુંડ- થઇને -ગૃહવાસ-ત્યાજી શુદ્ધ અનગારિક- પણાને-સ્વીકારે ? હે ગૌતમ ! કેવલી પાસેથી યાવત્ તેના પક્ષની ઉપાસિકા પાસેથી સાંભળ્યા વિના કોઇ જીવ મુંડ થઇને ગૃહવાસ ત્યજી શુદ્ધ અનગારિકાપણાને સ્વીકારે, અને કોઇ જીવ ન સ્વીકારે. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! જે જીવે ધર્માંતરાયિક-ચારિત્રાવરણીય કર્મોનો ક્ષયોપશમ કર્યો છે તે જીવ કેવલી પાસેથી યાવત્ સાંભળ્યા વિના પણ મુંડ થઈને અગારવાસ ત્યજી શુદ્ધ અનગારિકપણાને સ્વીકારે, અને જે જીવે ધર્માંતરાયિક કર્મોનો ક્ષયોપશમ કર્યો નથી તે જીવ કેવલી પાસેથી યાવત્ સાંભળ્યા વિના યાવત્ મુંડ થઈને

યાવદ્ ન સ્વીકારે. હે ભગવન્ ! કેવલી પાસેથી, યાવત્ તેના પક્ષની ઉપાસિકા પાસેથી સાંભળ્યા વિના કોઇ જીવ શુદ્ધ બ્રહ્મચર્યવાસને ધારણ કરે ?હે ગૌતમ ! કોઇ જીવ શુદ્ધ બ્રહ્મચર્યવાસને ધારણ કરે,અને કોઇ જીવ શુદ્ધ બ્રહ્મચર્યવાસને ધારણ ન કરે. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! જે જીવે ચારિત્રારાવરણીય કર્મોનો ક્ષયોપશમ કર્યો છે તે જીવ કેવલી પાસેથી યાવત્ સાંભળ્યા વિના પણ શુદ્ધ બ્રહ્મચર્યવાસને ધારણ કરે. અને જે જીવે ચારિત્રવરણીય કર્મોનો ક્ષયોપશમ નથી કર્યો તે જીવ કેવલી પાસેથી યાવત્ સાંભળ્યા વિના શુદ્ધ બ્રહ્મચર્યવાસને ધારણ ન કરે.

હે ભગવન્ ! કેવલી પાસેથી યાવત્ સાંભળ્યા વિના કોઇ જીવ શુદ્ધ સંયમવડે સંયમીત થાય ? હે ગૌતમ ! કોઇ જીવ શુદ્ધ સંયમ વડે સંયમીત થાય, અને કોઇ જીવ ન થાય. હે ભગવન્ ! એ પ્રમાણે શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! જે જીવે યતનાવરણીય કર્મોનો ક્ષયોપશમ કર્યો છે તે જીવ કેવલી પાસેથી યાવત્ સાંભળ્યા વિના પણ શુદ્ધ સંયમવડે સંયમયતના કરે, અને જે જીવે યતનાવરણીય કર્મોનો ક્ષયોપશમ નથી કર્યો તે જીવ કેવલી પાસેથી યાવત્ સાંભળ્યા વિના શુદ્ધ સંયમવડે સંયમયતના ન કરે, માટે હે ગૌતમ ! તે હેતુથી એમ કહ્યું છે .'

હે ભગવન્ ! કેવલી પાસેથી કે યાવત્ તેના પક્ષની ઉપાસિકા પાસેથી સાંભળ્યા વિના કોઇ જીવ શુદ્ધ સંવરવડે સંવર-કરે ? હે ગૌતમ ! કેવલી પાસેથી યાવત્ સાંભળ્યા વિના પણ કોઇ જીવ શુદ્ધ સંવરવડે આસ્રવને રોકે, અને કોઇ જીવ શુદ્ધ સંવરવડે આસ્રવને ન રોકે. હે ભગવન્ ! એ પ્રમાણે શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! જે જીવે અધ્યવસાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ કર્યો છે તે જીવ કેવલી પાસેથી યાવત્ સાંભળ્યા વિના પણ શુદ્ધ સંવરવડે સંવર-કરી શકે, અને જે જીવે અધ્યવસાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ નથી કર્યો તે જીવ કેવલી પાસેથી સાંભળ્યા વિના સંવર ન કરી શકે; હે ભગવન્ ! કેવલી પાસેથી યાવત્ સાંભળ્યા વિના કોઇ જીવ શુદ્ધ આભિનિબોધિક જ્ઞાન ઉત્પન્ન કરે ? હે ગૌતમ ! તે રીતે કોઇ જીવ શુદ્ધ આભિનિબોધિક જ્ઞાન ઉપજાવી શકે, અને કોઇ જીવ શુદ્ધ આભિનિબોધિક જ્ઞાન ન ઉપજાવી શકે. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! જે જીવે આભિનિબોધિક જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ કર્યો છે તે જીવ કેવલી પાસેથી યાવત્ સાંભળ્યા વિના પણ શુદ્ધ આભિનિબોધિકજ્ઞાન ઉપજાવી શકે, અને જે જીવે આભિનિબોધિક જ્ઞાનવરણીય કર્મોનો ક્ષયોપશમ કર્યો નથી તે જીવ કેવલી પાસેથી યાવત્ સાંભળ્યા વિના શુદ્ધ આભિનબોધિકજ્ઞાન ન ઉપજાવી શકે.

હે ભગવન્ ! કેવલી પાસેથી યાવત્ સાંભળ્યા વિના કોઇ જીવ શુદ્ધ શ્રુતજ્ઞાન ઉત્પન્ન ખરી શકે ? જેમ આભિનિબોધિકજ્ઞાનની હકીકતકહી, તેમ શ્રુત- જ્ઞાનની પણ જાણવી; પરન્તુ અહીં શ્રુતજ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ કહેવો. એ પ્રમાણે શુદ્ધ અવધિજ્ઞાનની પણ હકીકત કહેવી, પણ ત્યાં અવધિજ્ઞાનાવરણીયા કર્મો-નો ક્ષયોપશમ કહેવો; એ રીતે શુદ્ધ મનઃપર્યવજ્ઞાન પણ ઉત્પન્ન કરે, પરન્તુ મનઃપર્યવ- જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ કહેવો. હે ભગવન્ ! કેવલી પાસેથી કે યાવત્ તેના પક્ષની ઉપાસિકા પાસેથી (સાંભળ્યા વિના કોઇ જીવ) કેવલજ્ઞાનને ઉત્પન્ન કરી શકે ? પૂર્વની પેઠે જાણવું, પરન્તુ અહીં 'કેવલજ્ઞાનાવરણીય કર્મોનો ક્ષય' કહેવો માટે હે ગૌતમ ! તે હેતુથી એમ કહ્યું છે કે 'યાવત્ કેવલજ્ઞાનને પણ ઉત્પન્ન કરી શકે.'



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હે ભગવન્ ! કેવલી પાસેથી કે યાવત્ તેના પક્ષની ઉપાસિકા પાસેથી સાંભળ્યા વિના પણ શું કોઈ જીવ કેવલજ્ઞાનીએ કહેલા ધર્મને શ્રમણ કરે-જાણે, શુદ્ધ સમ્યકત્વનો અનુભવ કરે, મુંડ થઈને અગારવાસ ત્યજી શુદ્ધ અનગારિકપણાને સ્વીકારે, શુદ્ધ બ્રહ્મ-ચર્યવાસને ધારણ કરે, શુદ્ધ સંયમવડે સંયમયતના-કરે, શુદ્ધ સંવરવડે સંવર-આસ્રવનો રોધ-કરે, શુદ્ધ આભિનિબોધિકજ્ઞાન ઉત્પન્ન કરે, યાવત્ શુદ્ધ મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન કરે અને શુદ્ધ કેવલજ્ઞાન ઉત્પન્ન કરે ? હે ગૌતમ ! તે રીતે કોઈ જીવ કેવલજ્ઞાનીએ કહેલા ધર્મને જાણે અને કોઇ જીવ ન જાણે, કોઈ જીવ શુદ્ધ સમ્યકત્વનો અનુભવ કરે અને કોઈ જીવ ન કરે; કોઈ જીવ મુંડ થઈને આગારવાસ ત્યજી શુદ્ધ અનગાર પણું સ્વીકારે અને કોઈ જીવ ન સ્વીકારે; કોઈ જીવ શુદ્ધ બ્રહ્મચર્યવાસને ધારણ કરે અને કોઇ જીવ ન કરે; કોઇ જીવ શુદ્ધ સંયમ વડે સંયમયતના કરે અને કોઈ જીવ ન કરે; એ પ્રમાણે સંવરને વિષે પણ જાણવું; કોઈ જીવ શુદ્ધ આભિનિબોધિકજ્ઞાનને ઉત્પન્ન કરે અને કોઈ જીવ યાવદ્ ન ઉત્પન્ન કરે; એ પ્રમાણે યાવત્ મનઃપર્યવજ્ઞાન સુધી જાણવું, કોઈ જીવ કેવલજ્ઞાન ઉપ-જાવે અને કોઈ જીવ ન ઉપજાવે. હે ભગવન્ ! એ પ્રમાણે શા હેતુથી કહો છો કે-યાવત્ કોઈ જીવ કેવલજ્ઞાન ન ઉત્પન્ન કરે ? હે ગૌતમ ! જે જીવે જ્ઞાનાવરણીય કર્મોનો, દર્શના-વરણીય કર્મોનો ધર્માંતરાયિક કર્મોનો, ચારિત્રાવરણીય કર્મોનો, યતનાવરણીયકર્મોનો અધ્યવસાનાવરણીયકર્મોનો, આભિનિબોધિકજ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ નથી કર્યો, યાવત્ મનઃપર્યવજ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ નથી કર્યો, અને જેણે કેવલજ્ઞા-નાવરણીય કર્મોનો ક્ષય નથી કર્યો તે જીવ કેવલજ્ઞાની પાસેથી યાવત્ સાંભળ્યા વિના કેવલજ્ઞાનીએ કહેલા ધર્મને સાંભળવાને પ્રાપ્ત ન કરે, શુદ્ધ સમ્યકત્વનો અનુભવ ન કરે, યાવત્ કેવલજ્ઞાનને ન ઉત્પન્ન કરે. તથા જે જીવે જ્ઞાનાવરણીયકર્મોનો, દર્શનાવરણીય કર્મોનો, ધર્માંતરાયિકકર્મોનો, એ પ્રમાણે યાવત્ જેણે કેવલજ્ઞાનાવરણીય કર્મોનો ક્ષય કર્યો છે તે જીવ કેવલી પાસેથી યાવત્ સાંભળ્યા વિના પણ કેવલિએ કહેલ ધર્મને જાણે, શુદ્ધ સમ્યકત્વનો અનુભવ કરે અને યાવત્ કેવલજ્ઞાનને ઉત્પન્ન કરે.

[૪૪૬] તે જીવને નિરંતર છઠ્ઠ છઠ્ઠના તપ કરવાપૂર્વક સૂર્યની સામે ઉંચા હાથ રાખી રાખીને આતાપના ભૂમિમાં આતાપના લેતા, પ્રકૃતિના ભદ્રપણાથી, પ્રકૃતિના ઉપશાંતપણાથી, સ્વભાવથી ક્રોધ, માન, માયા અને લોભ ઘણા ઓછા થયેલા હોવાથી, અત્યંત માર્દવતાને પ્રાપ્ત થયેલા હોવાથી, આલીનપણાથી, ભદ્રપણાથી અને વિનીત પણાથી અન્ય કોઈ દિવસે શુભ અધ્યવસાયવડે, શુભ પરિણામવડે, વિશુદ્ધ લેશ્યાઓ વડે તદાવરણીય (વિભંગજ્ઞાનાવરણીય) કર્મોના ક્ષયોપશમથી, ઈહા, અપોહ, માર્ગણા અને ગવેષણા કરતા વિભંગ નામે અજ્ઞાન ઉત્પન્ન થાય છે. તે ઉત્પન્ન થએલ વિભંગ-જ્ઞાન વડે જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ અસંખ્યેય હજાર યોજન-ને જાણે છે અને જુએ છે; ઉત્પન્ન થએલા વિભંગજ્ઞાન વડે તે જીવોને પણ જાણે છે અને અજીવોને પણ જાણે છે; પાખંડી આરંભવાળા, પરિગ્રહવાળા અને સંકલેશને પ્રાપ્ત થયેલા જીવોને પણ જાણે છે અને વિશુદ્ધ જીવોનો પણ જાણે છે; તે વિભંગજ્ઞાની પહેલાંજ સમ્યકત્વને પ્રાપ્ત કરે છે, પ્રાપ્ત કરી શ્રમણધર્મ ઉપર રુચિ કરે છે, રુચિ કરી ચારિત્રને સ્વીકારે છે. ચારિત્રને સ્વીકારી લિંગવેષને સ્વીકારે છે; પછી તે વિભંગ જ્ઞાનીના મિથ્યા-ત્વપર્યાયો ક્ષીણ થતા થતા અને સમ્યગ્દર્શન પર્યાયો વધતા વધતા તે વિભંગ અજ્ઞાન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમ્યકત્વ યુક્ત થાય છે, અને શીઘ્ર અવધિરૂપે પરાવર્તન પામે છે.

[૪૪૭] હે ભગવન્ ! તે અવધિજ્ઞાની જીવ કેટલી લેશ્યાઓમાં હોય ? હે ગૌતમ ! ત્રણ વિશુદ્ધ લેશ્યાઓમાં હોય. તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા. હે ભગવન્ ! તે (અવધિજ્ઞાની) જીવ કેટલા જ્ઞાનોમાં હોય ? હે ગૌતમ ! આભિનિ બોધિકજ્ઞાન. શ્રુત-જ્ઞાન અને અવધિજ્ઞાન- હે ભગવન્ ! તે સયોગી હોય કે અયોગી ? હે ગૌતમ ! તે સયોગી હોય પણ અયોગી ન હોય. હે ભગવન્ ! જો તે સયોગી હોય, તો શું મનયોગી હોય, વચનયોગી હોય કે કાયયોગી હોય ? હે ગૌતમ ! તે ત્રણે હોય. હે ભગવન્ ! શું તે સાકાર-જ્ઞાનઉપયોગવાળો હોય કે અનાકાર-દર્શનઉપયોગવાળો હોય ? હે ગૌતમ ! તે બંને હોય. હે ભગવન્ ! ક્યા સંઘયણમાં હોય ? હે ગૌતમ ! તે વજ્રઋષભનારાચસંઘયણ-વાળો હોય. હે ભગવન્ ! તે કયા સંસ્થાનમાં હોય ? હે ગૌતમ! તેને છ સંસ્થાનમાંનું કોઇ પણ એક સંસ્થાન હોય. હે ભગવન્ ! તે કેટલી ઉંચાઇવાળો હોય ? હે ગૌતમ ! જઘન્યથી સાત હાથ અને ઉત્કૃષ્ટથી પાંચસો ધનુષની. હે ભગવન્ ! તે કેટલા આયુષવાળો હોય ? હે ગૌતમ ! જઘન્યથી કાંઇક વધારે આઠ વર્ષ, અને ઉત્કૃષ્ટથી પૂર્વકોટિઆયુષાવાળો હોય. હે ભગવન્ ! શું વેદસંહિત હોય કે વેદરહિત હોય ? હે ગૌતમ ! તે વેદસહિત હોય પણ વેદરહિત ન હોય. હે ભગવન્ ! જો તે વેદસહિત હોય તો શું સ્ત્રીવેદવાળો હોય, પુરુષ-વેદવાળો હોય, નપુંસકવેદવાળો હોય કે પુરુષનપુંસકવેદવાળો હોય ? હે ગૌતમ ! સ્ત્રી-વેદવાળો ન હોય, પણ પુરુષવેદવાળો હોય; નપુંસકવેદવાળો ન હોય, પણ પુરુષનપુંસક-વેદવાળો હોય.

[૪૪૮] હે ભગવન્ ! શું તે (અવધિજ્ઞાની) સકષાયી હોય કે અકષાયી હોય ? હે ગૌતમ ! તે સકષાયી હોય, પણ કષાયરહિત ન હોય. હે ભગવન્ ! જો તે કષાયવાળો હોય તો તેને કેટલા કષાયો હોય ? હે ગૌતમ ! તેને સંજ્વલનક્રોધ, માન, માયા ને લોભ-એ ચાર કષાય હોય. હે ભગવન્ ! તેને કેટલા અધ્યવસાયો કહ્યા છે ? હે ગૌતમ ! તેને અસંખ્યાતા અધ્યવસાયો કહ્યાં છે. હે ભગવન્ ! તે અધ્યવસાયો પ્રશસ્ત હોય કે અપ્રશસ્ત હોય ? હે ગૌતમ ! પ્રશસ્ત અધ્યવસાયો હોય, પણ અપ્રશસ્ત ન હોય. હે ભગવન્ ! તે વૃદ્ધિ પામતા પ્રશસ્ત અધ્યવસાયોવડે અનંત નારકના ભવોથી, અનંત તિર્યંચોના ભવથી, અનંત-મનુષ્યભવોથી, અને અનંત દેવભવોથી પોતાના આત્માને વિમુક્ત કરે. તથા તેની જે આ નરકગતિ, તિર્યંચગતિ, મનુષ્યગતિ અને દેવગતિ નામ ચાર ઉત્તર પ્રકૃતિઓ છે, તેની અને બીજી પ્રકૃતિઓના આધારભૂત અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભનો ક્ષય કરે, અપ્રત્યાખ્યાન કષાયરૂપ ક્રોધ,માન, માયા અને લોભનો ક્ષય કરે, પ્રત્યાખ્યાના-વરણ ક્રોધ, માન, માયા અને લોભનો ક્ષય કરે, સંજ્વલન ક્રોધ, માન, માયા અને લોભનો ક્ષય કરે, પાંચ પ્રકારે જ્ઞાનાવરણીય કર્મ, નવ પ્રકારે દર્શનાવરણીય કર્મ, પાંચ પ્રકારે અંતરાય કર્મ, તથા મોહનીય કર્મને છેદાયેલ મસ્તકવાળા તાડવૃક્ષના સમાન (ક્ષીણ) કરીને કર્મ રજને વિખેરી નાંખનાર અપૂર્વ કરણમાં પ્રવેશ કરેલા એવા તેને અનંતા, અનુત્તર, વ્યાઘાતરિહત, આવરણરહિત, સર્વ પદાર્થને ગ્રહણ કરનાર, પ્રતિપૂર્ણ શ્રેષ્ઠ એવું કેવલજ્ઞાન અને કેવલદર્શન ઉત્પન્ન થાય છે.

હે ભગવન્ ! તે કેવલિએ કહેલ ધર્મને કહે, જણાવે અને પ્રરૂપે ? હે ગૌતમ ! તે અર્થ યોગ્ય નથી, પરન્તુ એક ન્યાય-અને એક ઉત્તર સિવાય. (ધર્મનો ઉપદેશ ન કરે.) હે ભગ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વન્ ! તે કોઈને પ્રવ્રજ્યા આપે, મુંડે-? હે ગૌતમ ! એ અર્થ યોગ્ય નથી, પણ માત્ર ઉપદેશ કરે. હે ભગવન્ ! તે (અશ્રુત્વા કેવલજ્ઞાની) સિદ્ધ થાય, યાવત્ સર્વ દુઃખોનો અંત કરે ? હા, સિદ્ધ થાય, યાવત્ સર્વ દુઃખોનો અન્ત કરે.

[૪૪૯] હે ભગવન્ ! તે (અશ્રુત્વા કેવલજ્ઞાની) ઊર્ધ્વલોકમાં હોય, અધોલોકમાં હોય કે તિર્યગ્ લોકમાં હોય ? હે ગૌતમ ! તે ત્રણે લોકમાં હોય જો તે ઊર્ધ્વલોકમાં હોય તો શબ્દાપાતિ, વિકટાપાતિ, ગંધાપાતિ, અને માલ્યવંત નામે વૃત્તવૈતાઢ્ય પર્વતોમાં હોય. તથા સંહરણને આશ્રયી સૌમનસ્યવનમાં કે પાંડુકવનમાં હોય. જો તે અધોલોકમાં હોય તો ગર્તા-અધોલોકગ્રામાદિમાં કે ગુફામાં હોય, તથા સંહરણને આશ્રયી પાતાલકશમાં કે ભવનમાં હોય, જો તે તિર્યગ્લોકમાં હોય તો તે પંદર કર્મભૂમિમાં હોય, અને સંહરણને આશ્રયી અઢી દ્વીપ અને સમુદ્રોના એક ભાગમાં હોય. હે ભગવન્ ! તે (અશ્રુત્વા કેવલ-જ્ઞાની) એક સમયે કેટલા હોય ? હે ગૌતમ ! જઘન્યથી એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટથી દસ હોય. માટે હે ગૌતમ ! તે હેતુથી એમ કહ્યું છે કે, કેવલી પાસેથી યાવત્ સાંભળ્યા વિના કોઈ જીવને કેવલિએ કહેલ ધર્મ-શ્રવણનો લાભ થાય અને કેવલી પાસેથી સાંભળ્યા સિવાય કોઈ જીવને કેવલિપ્રણીત ધર્મ શ્રવણનો લાભ ન થાય, યાવત્ કોઈ જીવ કેવલજ્ઞાનને ઉત્પન્ન કરે અને કોઈ જીવ કેવલજ્ઞાનને ન ઉત્પન્ન કરે.

[૪૫૦] હે ભગવન્ ! કેવલી પાસેથી યાવત્ તેના પક્ષની ઉપાસિકા પાસેથી (ધર્મ) સાંભળીને કોઈ જીવ કેવલિપ્રરૂપિત ધર્મ પ્રાપ્ત કરે ? હે ગૌતમ ! કોઈ જીવ કેવલિપ્રરૂપિત ધર્મને પ્રાપ્ત કરે અને કોઈ જીવ ન કરે. એ પ્રમાણે યાવત્ 'અશ્રુત્વા'ની જે વક્તવ્યતા છે તેજ વક્તવ્યતા 'શ્રુત્વા'ને પણ કહેવી. પરન્તુ અહીં 'શ્રુત્વા' એવો પાઠ કહેવો. બાકી સર્વ પૂર્વે કહ્યા પ્રમાણે જાણવું. યાવત્ જે જીવે મનઃપર્યવજ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ કર્યો છે, અને જે જીવે કેવલજ્ઞાના- વરણીય કર્મોનો ક્ષય કર્યો છે તે જીવને કેવલી પાસેથી યાવત્ તેની ઉપાસિકા પાસેથી કેવલીએ કહેલ ધર્મનો લાભ થાય, અને તે શુદ્ધ સમ્યકત્વનો અનુભવ કરે, યાવત્ કેવલજ્ઞાનને પ્રાપ્ત કરે. તેને નિરન્તર અઠ્ઠમ તપ કરવા વડે આત્મા-ને ભાવિત કરતા, પ્રકૃતિની ભદ્રતાથી તેમજ યાવત્ માર્ગની ગવેષણા કરતા અવધિજ્ઞાન ઉત્પન્ન થાય છે. અને તે ઉત્પન્ન થએલ અવધિજ્ઞાન વડે જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ, અને ઉત્કૃષ્ટથી અલોકને વિષે લોકપ્રમાણ અસંખ્ય ખંડોને જાણે છે અને જુએ છે. હે ભગવન્ ! તે (અવધિજ્ઞાની) જીવ કેટલી લેશ્યાઓમાં વર્તતો હોય ! હે ગૌતમ ! તે છ એ લેશ્યામાં વર્તતો હોય છે.

હે ભગવન્ ! તે કેટલાં જ્ઞાનમાં વર્તતો હોય ? હે ગૌતમ ! તે ત્રણ કે ચાર જ્ઞાનમાં હોય. જો ત્રણ જ્ઞાનમાં હોય તો આભિનિબોધિક જ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાનમાં હોય, જો ચાર જ્ઞાનમાં હોય તો તે આભિનિબોધિકજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાનમાં હોય. હે ભગવન્ ! તે સયોગી હોય કે અયોગી હોય ? પૂર્વે કહ્યા પ્રમાણે યોગ, ઉપયોગ, સંઘયણ, સંસ્થાન, ઉંચાઈ, અને આયુષ એ બધા જેમ 'અસોચ્ચા'ને કહ્યા તેમ અહીં કહેવાં. હે ભગવન્ ! તે (અવધિજ્ઞાની) શું વેદસહિત હોય-ઈત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! વેદસહિત હોય કે વેદરહિત પણ હોય. હે ભગવન્ ! જો વેદરહિત હોય તો શું તે ઉપશાંતવેદવાળો હોય કે ક્ષીણવેદવાળો હોય ? હે ગૌતમ ! ઉપશાંતવેદવાળો ન હોય, પણ ક્ષીણવેદવાળો હોય. હે ભગવન્ ! જો વેદસહિત હોય તો શું તે સ્ત્રીવેદવાળો હોય,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પુરુષવેદવાળો હોય, નપુંસકવેદવાળો હોય કે પુરુષનપુંસકવેદવાળો હોય હે ગૌતમ ! તે ચારે વેદ સંભવે. હે ભગવન્ ! તે સકષાયી હોય કે અકષાયી હોય ? હે ગૌતમ ! તે બંને હોય. હે ભગવન્ ! જો તે અકષાયી હોય તો શું ઉપશાંતકષાયી હોય કે ક્ષીણકષાયી હોય ? હે ગૌતમ ! ઉપશાંતકષાયી ન હોય, પણ ક્ષીણકષાયી હોય. હે ભગવન્ ! જો સકષાયી હોય તો તે કેટલા કષાયોમાં હોય ? હે ગૌતમ ! તે ચાર કષાયોમાં, ત્રણ કષાયોમાં, બે કષાયોમાં કે એક કષાયોમાં હોય. જો ચાર કષાયોમાં હોય તો સંજ્વલન ક્રોધ, માન, માયા, અને લોભમાં હોય. જો ત્રણ કષાયમાં હોય તો સંજ્વન માન, માયા અને લોભમાં હોય. જો બે કષાયોમાં હોય તો સંજ્વલન માયા અને લોભમાં હોય. અને જો એક કષાયમાં હોય તો એક સંજ્વલન લોભમાં હોય.

હે ભગવન્ ! તેને કેટલાં અધ્યવસાયો કહ્યા છે ? હે ગૌતમ ! તેને અસંખ્યાત અધ્યવસાયો કહ્યા છે. એ પ્રમાણે જેમ 'અશ્રુત્વા'ને કહ્યું તેમ યાવત્ 'તેને શ્રેષ્ઠ કેવલજ્ઞાન અને કેવલદર્શન ઉત્પન્ન થાય છે' ત્યાંસુધી કહેવું. હે ભગવન્ ! તે (શ્રુત્વા કેવલજ્ઞાની) કેવલિએ કહેલા ધર્મને કહે, જણાવે, પ્રરૂપે ? હા, ગૌતમ ! તેમજ છે. હે ભગવન્ ! તે કોઈને પ્રવ્રજ્યા આપે, દીક્ષા આપે ? હા, ગૌતમ ! તે પ્રવ્રજ્યા આપે-દીક્ષા આપે. હે ભગવન્ ! તેના શિષ્યો પણ પ્રવ્રજ્યા આપે, દીક્ષા આપે ? હા, ગૌતમ ! હે ભગવન્ ! તેના પ્રશિષ્યો પણ પ્રવ્રજ્યા આપે, દીક્ષા આપે ? હા,ગૌતમ ! આપે. હે ભગવન્ ! તે સિદ્ધ થાય, બુદ્ધ થાય, યાવત્ સર્વ દુઃખનો અન્ત કરે ? હા ગૌતમ ! તે સિદ્ધ થાય, યાવત્ સર્વ દુઃખોનો નાશ કરે. હે ભગવન્ ! તેના શિષ્યો પણ સિદ્ધ થાય, યાવત્ સર્વ દુઃખોનો અંત કરે ? હા, ગૌતમ ! હે ભગવન્ ! તેના પ્રશિષ્યો પણ સિદ્ધ થાય, યાવત્ સર્વ દુઃખોનો અન્ત કરે ? હા-કરે. હે ભગવન્ ! તે (સોચ્ચા કેવલી) શું ઊર્ધ્વલોકમાં હોય-ઈત્યાદિ પ્રશ્ન. જેમ 'અશ્રુત્વા' કેવલી સંબંધે કહ્યું તે પ્રમાણે જાણવું, યાવત્ (અઢી દ્વીપ સમુદ્ર કે) તેના એક ભાગમાં હોય. હે ભગવન્ ! તે (શ્રુત્વા કેવલી) એક સમયમાં કેટલા હોય ? હે ગૌતમ ! જઘન્યથી એક, બે કે ત્રણ હોય. અને ઉત્કૃષ્ટથી એક સો આઠ હોય. માટે હે ગૌતમ ! તે હેતુથી એમ કહ્યું કે, 'કેવલી પાસેથી યાવત્ કેવલિની ઉપાસિકાપાસેથી સાંભળીને યાવત્ કોઈ જીવ કેવલજ્ઞાનને ઉપજાવે અને કોઈ જીવ કેવલજ્ઞાનને ન ઉપજાવે.' હે ભગવન્ ! તે એમજ છે,હે ભગવન્ ! તે એમજ છે.

**શતક : ૯ - ઉદ્દેસો : ૩૧ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## -: ઉદ્દેશક ૩૨ :-

[૪૫૧] તે કાલે, અને તે સમયે વાણિજ્યગ્રામ નામે નગર હતું. દૂતિપલાશ ચૈત્ય હતું. શ્રીમહાવીરસ્વામી સમવસર્યા. પર્ષદ્ નિકળી. ધર્મોપદેશ કર્યો. પર્ષદ્ વિસર્જિત થઈ. તે કાલે-તે સમયે શ્રીપાર્શ્વપ્રભુના શિષ્ય ગાંગેય નામે અનગાર જ્યાં શ્રમણભગવન્ મહાવીર વિરાજમાન હતા ત્યાં આવ્યા, આવીને શ્રમણભગવંતમહાવીરની પાસે થોડે દૂર બેસીને તેણે એ પ્રમાણે કહ્યું- હે ભગવન્ ! નૈરયિકો સાંતર (અન્તરસહિત) ઉત્પન્ન થય છે કે નિરંતર (અન્તર સિવાય) ઉત્પન્ન થાય છે ? હે ગાંગેય ! બંને રીતે. હે ભગવન્ ! અસુરકુમારો સાંતર ઉત્પન્ન થાય છે કે નિરંતર ઉત્પન્ન થાય છે ? હે ગાંગેય ! બંને રીતે. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમારો સુધી જાણવું. હે ભગવન્ ! પૃથિવીકાયિક જીવો સાન્તર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉત્પન્ન થાય છે કે નિરંતર ? હે ગાંગેય ! પૃથિવીકાયિક જીવો સાન્તર થતા નથી, પણ નિરંતર ઉત્પન્ન થય છે. એ પ્રમાણે યાવદ્ વનસ્પતિકાયિક જીવો સુધી જાણવું. બેઇન્દ્રિય જીવોથી માંડી યાવદ્ વૈમાનિકો નૈરયિકોની પેઠે જાણવા.

[૪૫૨] હે ભગવન્ ! નૈરયિકો સાંતર ચ્યવે છે કે નિરંતર ચ્યવે છે ? હે ગાંગેય ! બંને રીતે ચ્યવે. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમાર સુધી જાણવું હે ભગવન્ ! પૃથિવીકાયિક જીવો સાંતર ચ્યવે છે ? - ઈત્યાદિ પ્રશ્ન હે ગાંગેય ! પૃથિવીકાયિક જીવો નિરંતર ચ્યવે છે પણ સાંતર ચ્યવતા નથી. એ પ્રમાણે યાવત્ વનસ્પતિકાયિક જીવો સાન્તર ચ્યવતા નથી, પણ નિરન્તર ચ્યવે છે. હે ભગવન્ ! બેઇન્દ્રિયો જીવો સાંતર ચ્યવે છે કે નિરંતર ચ્યવે છે ? હે ગાંગેય ! બંને રીતે ચ્યવે. એ પ્રમાણે યાવદ્ વાનવ્યન્તર સુધી જાણવું. હે ભગવન્ ! જ્યોતિષિક દેવો સાંતર ચ્યવે છે ?- ઈત્યાદિ પ્રશ્ન. હે ગાંગેય ! જ્યોતિષિક દેવો સાંતર પણ ચ્યવે છે અને નિરંતર પણ ચ્યવે છે. એ પ્રમાણે યાવદ્ વૈમાનિક દેવો સુધી જાણવું.

[૪૫૩] હે ભગવન્ ! પ્રવેશનક (ઉત્પત્તિ) કેટલા પ્રકારે કહેલ છે ? હે ગાંગેય ! ચાર પ્રકારે કહ્યાં છે. નૈરયિકપ્રવેશનક, તિર્યંચોયનિકપ્રવેશનક, મનુષ્યપ્રવેશનક અને દેવ-પ્રવેશનક. હે ભગવન્ ! નૈરયિકપ્રવેશનક કેટલા પ્રકારે કહ્યું છે ? હે ગાંગેય ! સાત પ્રકારે કહ્યું છે. રત્નપ્રભાપૃથિવીનૈરયિકપ્રવેશનક, યાવદ્ અધઃસપ્તમપૃથિવીનૈરયિકપ્રવેશ-નક. હે ભગવન્ ! એક નારક જીવ નૈરયિકપ્રવેશનક દ્વારા પ્રવેશ કરતો શું રત્નપ્રભાપૃથિ-વીમાં હોય, શર્કરાપ્રભાપૃથિવીમાં હોય કેયાવદ્ અધઃસપ્તમપૃથિવીમાં હોય?હે ગાંગેય ! તે રત્નપ્રભાપૃથિવામાં પણ હોય, યાવદ્ અધઃસપ્તમપૃથિવીમાં પણ હોય. હે ભગવન્ ! બે નારકો નૈરયિકપ્રવેશનકદ્વારા પ્રવેશ કરતા શું રત્નપ્રભાપૃથિવીમાં ઉત્પન્ન થાય કે યાવદ્ અધઃસપ્તમપૃથિવીમાં હોય ? હે ગાંગેય ! તે રત્નપ્રભાપૃથિવીમાં પણ હોય, યાવદ્ અધઃસપ્તમપૃથિવીમાં પણ હોય. હે ભગવન્ ! બે નારકો નૈરયિકપ્રવેશનકદ્વારા પ્રવેશ કરતાશુંરત્નપ્રભાપૃથિવીમાંઉત્પન્નથાય કે યાવદ્ અધઃસપ્તમપૃથિવીમાં ઉત્પન્ન થાય ? હે ગાંગેય ! તે બન્ને રત્નપ્રભાપૃથિવીમાં હોય, કે યાવદ્ અધઃસપ્તમનરકપૃથિવીમાં હોય. અથવા એક રત્નપ્રભાપૃથિ- વીમાં હોય અને એક શર્કરાપ્રભાપથિવીમાં હોય. અથવા એક રત્નપ્રભાપૃથિવીમાં હોય અને એક વાલુકાપ્રભાપૃથિવીમાં હોય. યાવત્ એક રત્ન-પ્રભામાં હોય અને એક અધઃ-સપ્તમનરકપૃથિવીમાં હોય. અથવા એક શર્કરા- પ્રભા-પૃથિવીમાં હોય અને એક વાલુકાપ્રભાપૃથિવીમાં હોય. યાવત્ અથવા એક શર્કરા-પ્રભામાં હોય અને એક અધઃસપ્તમ નરકપૃથિવીમાં હોય. અથવા એક વાલુકાપ્રભામાં હોય અને એક પંકપ્રભામાં હોય. એ પ્રમાણે યાવત્ અથવા એક વાલુકાપ્રભામાં હોય અને એક અધઃસપ્તમનરકપૃથિવીમાં હોય. એ પ્રમાણે આગળઆગળની એક એક પૃથિવી છોડી દેવી, યાવત્ એક તમામાં હોય અને એક અધઃસપ્તમ નરકમાં હોય. હે ભગવન્ ! નૈરયિકપ્રવેશનકાવડે પ્રવેશ કરતા ત્રણ નૈરયિકો શું રત્નપ્રભામાં હોય કે યાવત્ અધઃસપ્તમ પૃથિવીમાં હોય ? હે ગાંગેય ! તે ત્રણ નૈરયિકો રત્નપ્રભામાં પણ હોય અને યાવત્ અધઃસપ્તમ પૃથિવીમાં પણ હોય. અથવા એક રત્નપ્રભામાં અને બે શર્કરા-પ્રભામાં હોય.યાવત્ એક રત્નપ્રભામાં હોય ને બે અધઃસપ્તમ નરકમાં હોય. અથવા બે રત્નપ્રભામાં અને એક શર્કરાપ્રભામાં હોય. યાવત્ બે રત્નપ્રભામાં હોય અને એક અધઃસપ્તમ નરકપૃથિવીમાં હોય અથવા એક શર્કરાપ્રભામાં અને બે વાલુકાપ્રભામાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય. યાવત્ અથવા એક શર્કરાપ્રભામાં હોય. યાવત્ અથવા બે શર્કરાપ્રભામાં અને એક અધઃ- સપ્તમ પૃથિવીમાં હોય. જેમ શર્કરાપ્રભાની વક્તવ્યતાકહી તેમ સાતે પૃથિવી-ઓની કેવી. યાવત્ અથવા બે તમઃપ્રભામાં હોય અને.

અથવા એક રત્નપ્રભામાં એક શર્કરાપ્રભામાં અને એક વાલુકાપ્રભામાં હોય. અથવા એક રત્નપ્રભામાં એક શર્કરાપ્રભામાં અને એક પંકપ્રભામાં હોય. યાવત્ અથવા એક રત્નપ્રભામાં એક શર્કરાપ્રભામાં અને એક અધઃસપ્તમ પૃથિવીમાં હોય. અથવા એક રત્નપ્રભામાં એક વાલુકાપ્રભામાં અને એક પંકપ્રભામાં હોય. અથવા એક રત્ન-પ્રભામાં એક વાલુકાપ્રભામાં અને એક ધૂમપ્રભામાં હોય. એ પ્રમાણે યાવત્ અથવા એક રત્નપ્રભામાં એક વાલુકાપ્રભામાં અને એક અધઃસપ્તમ પૃથિવીમાં હોય અથવા એક રત્નપ્રભામાં એક પંકપ્રભામાં અને એક ધૂમપ્રભામાં હોય. યાવત્ અથવા એક રત્ન-પ્રભામાં એક પંકપ્રભામાં અને એક અધઃ- સપ્તમ પૃથિવીમાં હોય. અથવા એક રત્નપ્ર-ભામાં એક ધૂમપ્રભામાં અને એક તમઃપ્રભામાં હોય. અથવા એક રત્નપ્રભામાં એક ધૂમપ્રભામાં અને એક અધઃસપ્તમ પૃથિવીમાં હોય.અથવા એક રત્નપ્રભામાં એક તમઃ-પ્રભામાં અને એક અધઃસપ્તમ પૃથિવીમાં હોય. એક શર્કરાપ્રભામાં એક વાલુકાપ્ર-ભામાં અને એક પંકપ્રભામાં હોય. અથવા એક શર્કરાપ્રભામાં એક વાલુકાપ્રભામાં અને એક ધૂમપ્રભામાં હોય. યાવત્ અથવા એક શર્કરાપ્રભામાં એક વાલુકાપ્રભામાં અને એક અધઃસપ્તમ નરકમાંહોય.અથવા એક શર્કરાપ્રભામાં એક પંકપ્રભામાં અને એક ધૂમપ્ર-ભામાં હોય. યાવત્ અથવા એક શર્કરાપ્રભામાં એક પંકપ્રભામાં અને એક અધઃસપ્તમ નરકમાં હોય. અથવા એક શર્કરાપ્રભામાં એક ધૂમપ્રભામાં અને એક તમઃપ્રભામાં હોય. અથવા એક શર્કરાપ્રભામાં એક ધૂમપ્રભામાં અને એક અધઃસપ્તમ નરકમાં હોય. અથવા એક શર્કરાપ્રભામાં એક તમઃપ્રભામાં અને એક અધઃસપ્તમ નરકમાં હોય. એ પ્રમાણે શર્કરા ના ૪-૩-૨-૧ મળીને દશ વિકલ્પો થાય છે. અથવા એક વાલુકાપ્રભામાં એક પંકપ્રભામાં અને એક ધૂમપ્રભામાં હોય. અથવા એક વાલુકા- પ્રભામાં એક પંકપ્રભામાં અને એક તમઃપ્રભામાં હોય. અથવા એક વાલુકાપ્રભામાં એક પંકપ્રભામાં અને એક અધઃસપ્તમ નરકમાં હોય. અથવા એક વાલુકાપ્રભામાં એક ધૂમપ્રભામાં અને એક તમામાં હોય. અથવા એક વાલુકાપ્રભામાં એક ધૂમપ્રભામાં અને એક અધઃસપ્તમ નરકમાં હોય. અથવા એક વાલુકાપ્રભામાં એક તમામાં અને એક અધઃસપ્તમ નરકમાં હોય. અથવા એક પંકપ્રભામાં એક ધૂમપ્રભામાં અને એક તમઃપ્રભામાં હોય. અથવા એક પંકપ્રભામાં એક ધૂમપ્રભામાં અને એક અધઃસપ્તમ નરકમાં હોય. અથવા એક પંકપ્રભામાં એક તમઃપ્રભામાં અને એક અધઃસપ્તમ નરકમાં હોય. અથવા એક ધૂમપ્ર-ભામાં એક તમઃપ્રભામાં અને એક અધઃસપ્તમ નરકમાં હોય.

હે ભગવન્ ! નૈરયિકપ્રવેશનકવડે પ્રવેશ કરતા ચાર નૈરયિકો શું રત્નપ્રભામાં હોય ? - ઇત્યાદિ પ્રશ્ન હે ગાંગેય ! તે ચારે રત્નપ્રભામાં પણ હોય, અને યાવત્ અધઃસપ્તમ પૃથિવીમાં પણ હોય. અથવા એક રત્નપ્રભામાં અને ત્રણ શર્કરાપ્રભામાં હોય અથવા એક રત્નપ્રભામાં અને ત્રણ વાલુકાપ્રભામાં હોય. એ પ્રમાણે યાવત્ અથવા એક રત્નપ્ર-ભામાં અને ત્રણ અધઃસપ્તમ પૃથિવીમાં હોય. અથવા બે રત્નપ્રભામાં અને બે શર્કરા-પ્રભામાં હોય. એ પ્રમાણે યાવત્ અથવા બે રત્નપ્રભામાં અને બે અધઃસપ્તમ પૃથિવીમાં

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય. અથવા ત્રણ રત્નપ્રભામાં અને એક શર્કરાપ્રભામાં હોય. એ પ્રમાણે યાવત્ અથવા ત્રણ રત્નપ્રભામાં અને એક અધઃ સપ્તમ પૃથિવીમાં હોય. અથવા એક શર્કરાપ્રભામાં અને ત્રણ વાલુકા- પ્રભામાં હોય. એ પ્રમાણે જેમ રત્નપ્રભાનો ઉપરની નરકપૃથિવીઓ સાથે સંચાર (યોગ) કર્યો તેમ શર્કરાપ્રભાનો પણ ઉપરની નરકપૃથિવીઓ સાથે સંચાર કરવો. એવી રીતે એક એક નરક પૃથિવીઓ સાથે યોગ કરવો. યાવત્ અથવા ત્રણ તમામાં અને એક અધઃસપ્તકમ નરકમાં હોય. અથવા એક રત્નપ્રભામાં એક શર્કરાપ્ર-ભામાં અને બે વાલુકાપ્રભામાં હોય. અથવા એક રત્નપ્રભામાં એક શર્કરાપ્રભામાં અને બે પંકપ્રભામાં હોય. એ પ્રમાણે યાવત્ એક રત્નપ્રભામાં એક શર્કરાપ્રભામાં અને બે અધઃસપ્તમ નરકપૃથિવીમાં હોય. અથવા એક રત્નપ્રભામાં બે શર્કરાપ્રભામાં અને એક વાલુકાપ્રભામાં હોય. એ પ્રમાણે યાવત્ એક રત્નપ્રભામાં બે શર્કરાપ્રભામાં અને એક અધઃસપ્તમ નરકપૃથિવીમાં હોય. અથવા બે રત્નપ્રભામાં એક શર્કપ્રભામાં અને એક વાલુકાપ્રભામાં હોય એ પ્રમાણે યાવત્ બે રત્નપ્રભામાં એક શર્કરાપ્રભામાં અને એક અધઃસપ્તમ નરકપૃથિવીમાં હોય. અથવા એક રત્નપ્રભામાં એક વાલુકાપ્રભામાં અને બે પંકપ્રભામાં હોય. એ પ્રમાણે યાવત્ એક રત્નપ્રભામાં એક વાલુકાપ્રભામાં અને બે અધઃસપ્તમ પૃથિવીમાં હોય. એ પ્રમાણે એ પાઠ વડે જેમ ત્રણ નૈરયિકનો ત્રિકસંયોગ કહ્યો તેમ ચાર નૈરયિકોનો પણ ત્રિકસંયોગ કહેવો. યાવત્ અથવા બે ધૂમપ્રભામાં એક તમઃપ્રભામાં અને એક અધઃસપ્તમ નરકમાં હોય.

અથવા એક રત્નપ્રભામાં એક શર્કરાપ્રભામાં એક વાલુકાપ્રભામાં અને એક પંકપ્રભામાં હોય અથવા એક રત્નપ્રભામાં એક શર્કરાપ્રભામાં એક વાલુકાપ્રભામાં અને એક ધૂમપ્રભામાં હોય. અથવા એક રત્નપ્રભામાં એક શર્કરાપ્રભામાં એક વાલુકા-પ્રભામાં અને એક તમઃપ્રભામાં હોય. અથવા એક રત્નપ્રભામાં એક શર્કરાપ્રભામાં એક વાલુકાપ્રભામાં અને એક અધઃસપ્તમ નરકપૃથિવીમાં હોય. અથવા એક રત્નપ્રભામાં એક શર્કરાપ્રભામાં એક પંકપ્રભામાં અને એક ધૂમપ્રભામાં હોય. અથવા એક રત્ન-પ્રભામાં એક શર્કરાપ્રભામાં એક પંકપ્રભામાં અને એક તમઃપ્રભામાં હોય. અથવા એક રત્નપ્રભામાં એક શર્કરાપ્રભામાં એક પંકપ્રભામાં અને એક અધઃસપ્તમ નરકમાં હોય. અથવા એક રત્નપ્રભામાં એક શર્કરાપ્રભામાં એક ધૂમપ્રભામાં અને એક તમઃપ્રભામાં હોય અથવા એક રત્નપ્રભામાં એક શર્કરાપ્રભામાં એક ધૂમપ્રભામાં અને એક અધઃ-સપ્તમ પૃથિવીમાં હોય. અથવા એક રત્નપ્રભામાં એક શર્કરાપ્રભામાં એક તમઃપ્રભામાં અને એક અધઃસપ્તમ પૃથિ- વીમાં હોય. અથવા એક રત્નપ્રભામાં એક વાલુકાપ્રભામાં એક પંકપ્રભામાં અને એક ધૂમપ્રભામાં હોય. અથવા એક રત્નપ્રભામાં એક વાલુકા-પ્રભામાં એક પંકપ્રભમાં અને એક તમઃપ્રભામાં હોય. અથવા એક રત્નપ્રભામાં એક વાલુકાપ્રભામાં એક પંકપ્રભામાં અને એક અધઃસપ્તમ નરકમાં હોય. અથવા એક રત્ન-પ્રભામાં એક વાલુકાપ્રભામાં એક ધૂમપ્રભામાં અને એક તમઃપ્રભામાં હોય. અથવા એક રત્નપ્રભામાં એક વાલુકાપ્રભામાં એક ધૂમપ્રભામાં અને એક અધઃસપ્તમ પૃથિવીમાં હોય. અથવા એક રત્નપ્રભામાં એક વાલુકાપ્રભામાં એક તમઃપ્રભામાં અને એક અધઃ-સપ્તમ પૃથિવીમાં હોય. અથવા એક રત્નપ્રભામાં, એક પંકપ્રભામાં, એક ધૂમપ્રભામાં અને એક તમઃપ્રભામાં હોય. અથવા એક રત્નપ્રભામાં એક પંકપ્રભામાં એક ધૂપ્રભામાં

અને એક અધઃસપ્તમ પૃથિવીમાં હોય. અથવા એક રત્નપ્રભામાં એક પંકપ્રભામાં એક તમઃપ્રભામાં અને એક અધઃસપ્તમ નરકમાં હોય. અથવા એક રત્નપ્રભામાં એક ધૂમ-પ્રભામાં એક તમઃપ્રભામાં અને એક અધઃસપ્તમ નરકમાં હોય. અથવા એક શર્કરા-પ્રભામાં એક વાલુકાપ્રભામાં એક પંકપ્રભામાં અને એક ધૂમપ્રભામાં હોય. એ પ્રમાણે જેમ રત્નપ્રભાપૃથિવીનો બીજી ઉપરની પૃથિવીઓ સાથે સંચાર (યોગ)કર્યો,તેમ શર્કરા-પ્રભા પૃથિવીનો પણ બીજી બધી ઉપરની પૃથિવીઓ સાથે યોગ કરવો; યાવત્ અથવા એક શર્કરાપ્રભામાં એક ધૂમપ્રભામાં એક તમામાં અને એક અધઃસપ્તમ નરકમાં હોય. અથવા એક વાલુકાપ્રભામાં એક પંકપ્રભામાં એક ધૂમપ્રભામાં અને એક તમઃપ્રભામાં હોય. અથવા એક વાલુકાપ્રભામાં એક પંકપ્રભામાં એક ધૂમપ્રભામાં અને એક અધઃ-સપ્તમ પૃથિવીમાં હોય. અથવા એક વાલુકાપ્રભામાં એક પંકપ્રભામાં એક તમઃપ્રભામાં અને એક અધઃસપ્તમ પૃથિવીમાં હોય. અથવા એક વાલુકાપ્રભામાં એક ધૂમપ્રભામાં એક તમામાં અને એક અધઃસપ્તમ નરકમાં હોય. અથવા એક પંકપ્રભામાં એક ધૂમપ્રભામાં એક તમઃપ્રભામાં અને એક અધઃસપ્તમ નરકમાં હોય.

હે ભગવન્ ! પાંચ નૈરયિકો નૈરયિકપ્રવેશનવડે પ્રવેશ કરતાં શું રત્નપ્રભામાં હોય-ઈત્યાદિ પ્રશ્ન. હે ગાંગેય ! રત્નપ્રભામાં પણ હોય,. અને યાવત્ અધઃસપ્તમ પૃથિવીમાં પણ હોય.અથવા એક રત્નપ્રભામાં અને ચાર શર્કરાપ્રભામાં હોય. યાવત્ અથવા એક રત્નપ્રભામાં અને ચાર અધઃસપ્તમ નરકમાં હોય.અથવા બે રત્નપ્રભામાં અને ત્રણ શર્કરાપ્રભામાં હોય. એ પ્રમાણે યાવત્ અથવા બે રત્નપ્રભામાં અને ત્રણ અધઃસપ્તમ પૃથિવીમાં હોય. અથવા ત્રણ રત્નપ્રભામાં અને બે શર્કરાપ્રભામાં હોય. એ પ્રમાણે યાવત્ ત્રણ રત્નપ્રભામાં અને બે અધઃસપ્તમ પૃથિવીમાં હોય. અથવા ચાર રત્ન-પ્રભામાં અને એક શર્કરાપ્રભામાં હોય. એ પ્રમાણે યાવત્ અથવા ચાર રત્નપ્રભામાં અને એક અધઃસપ્તમ પૃથિવીમાં પણ હોય. અથવા એક શર્કરાપ્રભામાં અને ચાર વાલુકાપ્ર-ભામાં હોય. એ પ્રમાણે જેમ રત્નપ્રભામાં સાથે બીજી ઉપરની નરક પૃથિવીઓનો યોગ કર્યો, તેમ શર્કરાપ્રભાની સાથે ઉપરની નરક પૃથિવીઓનો સંયોગ કરવો. યાવત્ અથવા ચાર શર્કરાપ્રભામાં અને એક અધઃસપ્તમી પૃથિવીમાં હોય. એ પ્રમાણે એક એક પૃથિવીઓની સાથે યોગ કરવો. યાવત્ અથવા ચાર તમામાં અને એક અધઃસપ્તમ પૃથિવીમાં હોય. અથવા એક રત્નપ્રભામાં એક શર્કરાપ્રભામાં અને ત્રણ વાલુકાપ્રભામાં હોય. એ પ્રમાણે યાવત્ અથવા એક રત્નપ્રભામાં એક શર્કરાપ્રભામાં અને ત્રણ અધઃસપ્તમ પૃથિવીમાં હોય.

અથવા એક રત્નપ્રભામાં બે શર્કરાપ્રભામાં અને બે વાલુકાપ્રભામાં હોય. એ પ્રમાણે યાવત્ અથવા એક રત્નપ્રભામાં બે શર્કરાપ્રભામાં અને બે અધઃસપ્તમ નરકમાં હોય. અથવા બે રત્નપ્રભામાં એક શર્કરાપ્રભામાં અને બે વાલુકાપ્રભામાં હોય. એ પ્રમાણે યાવદ્ અથવા બે રત્નપ્રભામાં એક શર્કરાપ્રભામાં અને બે અધઃસપ્તમ નરકમાં હોય. અથવા એક રત્નપ્રભામાં શર્કરાપ્રભામાં ત્રણ અને એક વાલુકાપ્રભામાં હોય. એ પ્રમાણે યાવત્ અથવા એક રત્નપ્રભામાં ત્રણ શર્કરાપ્રભામાં અને એક અધઃસપ્તમમાં હોય. અથવા બે રત્નપ્રભામાં બે શર્કરાપ્રભામાં અને એક વાલુકાપ્રભામાં હોય. એ પ્રમાણે યાવત્ બે રત્નપ્રભામાં બે શર્કરા પ્રભામાં અને એક અધઃસપ્તમમાં હોય. અથવા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્રણ રત્નપ્રભામાં એક શર્કરાપ્રભામાં અને એકવાલુકાપ્રભામાં હોય. એ પ્રમાણે યાવત્ અથવા ત્રણરત્નપ્રભામાં એક શર્કરાપ્રભામાં અને એક અધઃસપ્તમમાં હોય. અથવા એક રત્નપ્રભામાં એક વાલુકાપ્રભામાં અને ત્રણ પંકપ્રભામાં હોય. એ પ્રમાણે એ ક્રમથી જેમ ચાર નૈરયિકોનો ત્રિકસંયોગ કહ્યો તેમ પાંચ નૈરયિકોનો પણ ત્રિકસંયોગ કહેવો. પરન્તુ ત્યાં એકનો સંચાર કરાય છે, અહીં બેનો સંચાર કરવો. બાકી સર્વ પૂર્વોક્ત જાણવું; યાવત્ અથવા ત્રણ ધૂમપ્રભામાં એક તમામાં અને એક અધઃસપ્તમ નરકમાં હોય. અથવા એક રત્નપ્રભામાં એક શર્કરાપ્રભામાં એક વાલુકાપ્રભામાં અને બે પંકપ્રભામાં હોય. એ પ્રમાણે યાવત્ અથવા એક રત્નપ્રભામાં એક શર્કરાપ્રભામાં એક વાલુકાપ્રભામાં અને બે અધઃસપ્તમ પૃથિવીમાં હોય. અથવા એક રત્નપ્રભામાં એક શર્કરાપ્રભામાં બે વાલુકાપ્રભામાં અને એક પંકપ્રભામાં હોય. એ પ્રમાણે યાવત્ એક રત્નપ્રભામાં એક શર્કરાપ્રભામાં બે વાલુકાપ્રભામાં અને એક અધઃસપ્તમ નરકપૃથિવીમાં હોય. અથવા એક રત્નપ્રભામાં બે શર્કરાપ્રભામાં એક વાલુકાપ્રભામાં અને એક પંકપ્રભામાં હોય. એ પ્રમાણે યાવત્ અથવા એક રત્નપ્રભામાં બે શર્કરાપ્ર- ભામાં એક વાલુકાપ્રભામાં અને એક અધઃસપ્તમનરકપૃથિવીમાં હોય. અથવા બે રત્નપ્રભામાં એક શર્કરાપ્રભામાં એક વાલુકાપ્રભામાં અને એક પંકપ્રભામાં હોય. એ પ્રમાણે યાવત્ અથવા બે રત્નપ્રભામાં એક શર્કરાપ્રભામાં એક વાલુકાપ્રભામાં અને એક અધઃસપ્તમ નરકપૃથિવીમાં હોય. અથવા એક રત્નપ્રભામાં એક શર્કરાપ્રભામાં એક પંકપ્રભામાં અને બે ધૂમપ્રભામાં હોય. એ પ્રમાણે જેમ ચાર નૈરયિકોનો ચતુઃસંયોગ કહ્યો, તેમ પાંચ નૈરયિકોનો પણ ચતુઃસંયોગ કહેવો. પરન્તુ અહીં એકનો અધિક સંચાર (યોગ) કરવો. એ પ્રમાણે યાવત્ અથવા બે પંકપ્રભામાં એક ધૂમપ્રભામાં એક તમામાં અને એક અધઃસપ્તમ નરકપૃથિવીમાં હોય.

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

અથવા એકરત્નપ્રભામાં એકશર્કરાપ્રભામાં એકવાલુકાપ્રભામાં એકપંક-પ્રભામાં અને એક ધૂમપ્રભામાં હોય. અથવા એકરત્નપ્રભામાં એકશર્કરાપ્રભામાં એક વાલુકાપ્રભામાં એકપંકપ્રભામાં અને એક તમઃપ્રભામાં હોય. અથવા એકરત્નપ્રભામાં યાવત્ એકપંકપ્રભામાં અને એકઅધઃસપ્તમ પૃથિવીમાં હોય. અથવા એકરત્નપ્રભામાં એકશર્કરાપ્રભામાં એક વાલુકાપ્રભામાં એક ધૂમપ્રભામાં અને એક તમઃપ્રભામાં હોય. અથવા એકરત્નપ્રભામાં એકશર્કરાપ્રભામાં એકવાલુકાપ્રભામાં એકધૂમપ્રભામાં અને એકઅધઃસપ્તમનરકમાંહોય.અથવાએકરત્નપ્રભામાં એકશર્કરાપ્રભામાં એકવાલુકા-પ્રભામાં એકતમઃપ્રભામાં અને એકઅધઃસપ્તમનરકમાં હોય. અથવા એકરત્નપ્રભા-માં એકશર્કરાપ્રભામાં એકપંકપ્રભામાં એકધૂમપ્રભામાં અને એક તમઃપ્રભામાં હોય. અથવા એકરત્નપ્રભામાં એકશર્કરાપ્રભામાં એકપંકપ્રભામાં એક ધૂમપ્રભામાં અને એકઅધઃસપ્તમનરકમાં હોય. અથવા એકરત્નપ્રભામાં એક શર્કરાપ્રભામાં એકપંક-પ્રભામાં એકતમઃપ્રભામાં અને એકતમઃતમઃપ્રભામાં હોય. અથવા એકરત્નપ્રભામાં એકશર્કરાપ્રભામાં એકધૂમપ્રભામાં અને એકતમામાં હોય. અથવા એકરત્નપ્રભામાં એકવાલુકાપ્રભામાં એકપંકપ્રભામાં એકધૂમપ્રભામાં અને એકઅધઃસપ્તમનરકમાં હોય. અથવા એકરત્નપ્રભામાં એકવાલુકાપ્રભામાં એક પંકપ્રભામાં એકતમઃપ્રભામાં અને એકઅધઃસપ્તમાં હોય. અથવા એકરત્નપ્રભામાં એકવાલુકાપ્રભામાં એકધૂમ-

પ્રભામાં એક તમઃપ્રભામાં અને એકઅધઃસપ્તમમાં હોય. અથવા એકરત્નપ્રભામાં એકપંકપ્રભામાં યાવત્ એકઅધઃસપ્તમમાં હોય. અથવા એક શર્કરાપ્રભામાં એકવાલુકાપ્રભામાં યાવત્ એકતમામાં હોય. અથવા એક શર્કરાપ્રભામાં યાવત્ એકપંકપ્રભામાં એકધૂમપ્રભામાં અને એકઅધઃસપ્તમમાં હોય. અથવા એકશર્કરાપ્રભામાં યાવત્ એકપંકપ્રભામાં એકતમામાં અને એકઅધઃસપ્તમમાં હોય. અથવા એકશર્કરાપ્રભામાં એકવાલુકાપ્રભામાં એકધૂમપ્રભામાં એક તમામાં અને એકઅધઃસપ્તમમાં હોય. અથવા એકશર્કરાપ્રભામાં એકપંકપ્રભામાં યાવત્ એકઅધઃસપ્તમમાં હોય. અથવા એકવાલુકાપ્રભામાં યાવત્ એકઅધઃ- સપ્તમમાં હોય.

હે ભગવન્ ! છ નૈરયિકો નૈરયિકપ્રવેશનકવડે પ્રવેશ કરતાં શું રત્નપ્રભામાં હોય ? - ઈત્યાદિ પ્રશ્ન. હે ગાંગેય ! તેઓ રત્નપ્રભામાં પણ હોય. યાવત્ અધઃસપ્તમ પૃથિવીમાં પણ હોય.અથવા એક રત્નપ્રભામાં અને પાંચ શર્કરાપ્રભામાં હોય. અથવા એક રત્નપ્રભામાં અને પાંચ વાલુકાપ્રભામાં પણ હોય. યાવત્ અથવા એક રત્નપ્રભામાં અને પાંચ અધઃસપ્તમ પૃથિવીમાં હોય. અથવા બે રત્નપ્રભામાં અને ચાર શર્કરાપ્રભામાં હોય. યાવત્અથવા બેરત્નપ્રભામાં અને ચાર અધઃસપ્તમ પૃથિવીમાં હોય. અથવા બે રત્નપ્રભામાં અને ચાર શર્કરાપ્રભામાં હોય. યાવત્ અથવા બેરત્નપ્રભામાં અને ચાર અધઃસપ્તમપૃથિવીમાં હોય. અથવા ત્રણ રત્નપ્રભામાં અને ત્રણ શર્કરાપ્રભામાં હોય. એ પ્રમાણે એ ક્રમવડે જેમ પાંચ નૈરયિકોનો દ્વિકસંયોગ કહ્યો તેમ છ નૈરયિકોનો પણ કહેવો. પરન્તુ અહીં એક અધિક ગણવો. યાવત્ અથવા પાંચતમામાં અને એકઅધઃ- સપ્તમનરકમાં હોય. એક રત્નપ્રભામાં એક શર્કરાપ્રભામાં અને ચાર વાલુકાપ્રભામાં હોય.અથવા એક રત્નપ્રભામાં એકશર્કરાપ્રભામાંઅનેચારપંકપ્રભામાં હોય.એ પ્રમાણે યાવત્ અથવા એક રત્નપ્રભામાં એક શર્કરાપ્રભામાં અને ચાર અધઃસપ્તમ પૃથિવીમાં હોય, અથવા એક રત્નપ્રભામાં બે શર્કરાપ્રભામાં અને ત્રણ વાલુકાપ્રભામાં હોય. એ પ્રમાણે એ ક્રમથી જેમ પાંચ નૈરયિકોનો ત્રિકસંયોગ કહ્યો તેમ છ નૈરયિકોનો પણ ત્રિકસંયોગ કહેવો. પરન્તુ વિશેષ એ છે કે તેમાં એક નૈરયિક અધિક કહેવો, અને બાકી બધું પૂર્વવત્ જાણવું. તે પ્રમાણે છ નારકોનો ચતુઃસંયોગ અને પંચસંયોગ પણ જાણવો. પરન્તુ તેમાં એક નૈરયિક અધિક ગણવો. યાવત્ છેલ્લો ભંગ અથવા બે વાલુકાપ્રભામાં એક પંકપ્રભામાં એક ધૂમપ્રભામાં એક તમઃપ્રભામાં અને એક તમઃતમઃપ્રભામાં હોય. અથવા એક રત્નપ્ર- ભામાં એક શર્કરાપ્રભામાં યાવત્ એક તમામાં હોય. અથવા એક રત્નપ્રભામાં યાવત્ એક ધૂમપ્રભામાં અને એક અધઃસપ્તમ નરકમાં હોય. અથવા એક રત્નપ્રભામાં યાવત્ એક પંકપ્રભામાં એક તમામાં અને એક અધઃસપ્તમમાં હોય. અથવા એક રત્નપ્રભામાં યાવત્ એક વાલુકાપ્રભામાં એક ધૂમપ્રભામાં યાવત્ એક અધઃસપ્તમ નરકમાં હોય. અથવા એક રત્નપ્રભામાં એક શર્કરાપ્રભામાં એક પંકપ્રભા- માં યાવત્ એક અધઃસપ્તમ નરકમાં હોય. અથવા એક રત્નપ્રભામાં એક વાલુકાપ્રભા- માં યાવત્ એક અધઃસપ્તમ નરકમાં હોય.અથવા એક શર્કરાપ્રભામાં એક વાલુકાપ્રભા- માં યાવત્ એક અધઃસપ્તમ નરકમાં હોય.

હે ભગવન્ ! સાત નૈરયિકો નૈરયિકપ્રવેશનવડે પ્રવેશ કરતા ઈત્યાદિ સંબન્ધે પ્રશ્ન. હે ગાંગેય ! રત્નપ્રભામાં પણ હોય અને યાવત્ અધઃસપ્તમનરકપૃથિવીમાં પણ

જૈન સાઈટ JAINSITE

હોય. અથવા એક રત્નપ્રભામાં અને છ શર્કરાપ્રભામાં હોય. એ પ્રમાણે એ ક્રમથી જેમ છ નૈરયિકોનો દ્વિકસંયોગો કહ્યા તેમ સાતનૈરયિકોનો પણ જાણવો. પણ વિશેષ એ છે કે એક નૈરયિકનો અધિક સંચાર કરવો, બાકી બધું પૂર્વપ્રમાણે જાણવું. જેમ છ નૈરયિકોનો ત્રિકસંયોગ, ચતુઃસંયોગ, પંચસંયોગ અને ષટ્સંયોગ કહ્યો તેમ સાતનૈરયિકોનો પણ જાણવો; પરન્તુ વિશેષ એ કે એક એક નૈરયિકનો અધિક સંચાર કરવો, યાવત્ ષટ્ક-સંયોગ-'અથવા બે શર્કરાપ્રભામાં એક વાલુકાપ્રભામાં યવાત્ એક અધઃસપ્તમ નરકમાં હોય' ત્યાંસુધી જાણવું અથવા એક રત્નપ્રભામાં એક શર્કરાપ્રભામાં યાવત્ એક અધઃ-સપ્તમ નરકમાં હોય.

હે ભગવન્!આઠ નૈરયિકો નૈરયિકપ્રવેશનવડે પ્રવેશ કરતાંશુંરત્નપ્રભામાં હોય ? - ઈત્યાદિ પ્રશ્ન. હે ગાંગેય ! રત્નપ્રભામાં પણ હોય; યાવદ્ અધઃસપ્તમ પૃથિવીમાં પણ હોય. અથવા 'એક રત્નપ્રભામાં અને સાત શર્કરાપ્રભામાં હોય.' એ પ્રમાણે જેમ સાત નૈરયિકોનો દ્વિકસંયોગ, ત્રિકસંયોગ, ચતુષ્કસંયોગ, પંચસંયોગ અને ષટ્કસંયોગ કહ્યો તેમ આઠ નૈરયિકોનો પણ કહેવો.પરન્તુ વિશેષએ કે એક એક નૈરયિકનો અધિક સંચાર કરવો. બાકી બધું છ સંયોગ સુધી પૂર્વવત્ જાણવું. અથવા ત્રણ શર્કરાપ્રભામાં એક વાલુકાપ્રભામાં યાવત્ એક અધઃસપ્તમ નરકમાં હોય. અથવા એક રત્નપ્રભામાં યાવત્ એક તમામાં અને બે અધઃસપ્તમપૃથિવીમાં હોય. અથવા એક રત્નપ્રભામાં યાવત્ બે તમામાં અને એક અધઃસપ્તમપૃથિવીમાં હોય. એ પ્રમાણે સર્વત્ર સંચાર કરવો. યાવત્ અથવા બે રત્નપ્રભામાં એક શર્કરાપ્રભામાં યાવત્ એક અધઃ- સપ્તમ પૃથિવીમાં હોય.

હે ભગવન્ ! નવ નૈરયિકો નૈરયિકપ્રવેશનકવડે પ્રવેશ કરતાં શું રત્નપ્રભામાં હોય-ઈત્યાદિ પ્રશ્ન. હે ગાંગેય ! તે નવ નૈરયિકો રત્નપ્રભામાં હોય, અને એ પ્રમાણે યાવત્ અધઃસપ્તમ પૃથિવીમાં પણ હોય. અથવા 'એક રત્નપ્રભામાં અને આઠ શર્કરાપ્રભામાં પણ હોય' ઈત્યાદિ આઠ નૈરયિકોનો જેમ દ્વિકસંયોગ યાવત્ સપ્તકસંયોગ કહ્યો તેમ નવ નૈરયિકોનો પણ કહેવો. પરન્તુ વિશેષ એ છે કે એક એક નૈરયિકનો અધિક સંચાર કરવો. બાકી બધું પૂર્વવત્. તેનો છેલ્લો ભાંગો-અથવા ત્રણ રત્નપ્રભામાં એક શર્કરાપ્રભામં એક વાલુકાપ્રભામાં યાવત્ એક અધઃસપ્તમ નરકમાં હોય.

હે ભગવન્ ! દશ નૈરયિકોનૈરયિકપ્રવેશનકવડે પ્રવેશ કરતાં શું રત્નપ્રભામાં હોય કે યાવત્ અધઃસપ્તમ પૃથિવીમાં હોય ? હે ગાંગેય ! તે દશ નૈરયિકો રત્નપ્રભામાં પણ હોય, અને એ પ્રમાણે યાવત્ અધઃસપ્તમપૃથિવીમાં પણ હોય. અથવા એક રત્નપ્રભામાં અને નવ શર્કરાપ્રભામાં હોય-ઈત્યાદિ દ્વિકસંયોગ યાવત્ સપ્તસંયોગ જેમ નવ નારકનો કહ્યો તેમ દસ નૈરયિકોનો પણ જાણવો. પરન્તુ વિશેષ એ છે કે એક એક નૈરયિકનો અધિક સંચાર કરવો.બાકીબધુંતેનો છેલ્લો ભંગ-અથવા ચાર રત્નપ્રભામાં એક શર્કરા-પ્રભામાં યાવત્ એક અધઃસપ્તમનરકમાં હોય.

હે ભગવન્! સંખ્યાતાનૈરયિકો નૈરયિકપ્રવેશનકવડે પ્રવેશકરતા શું રત્નાપ્રભા-માં હોય ? ઈત્યાદિ પ્રશ્ન. હે ગાંગેય ! સંખ્યાતા નૈરયિકો રત્નપ્રભામાં પણ હોય અને યાવદ્ અધઃસપ્તમ પૃથિવીમાં પણ હોય.અથવા એક રત્નપ્રભામાં હોય અને સંખ્યાતા શર્કરા-પ્રભામાં હોય.એ પ્રમાણે યાવત્ એક રત્નપ્રભામાં હોય અને સંખ્યાતા અધઃસપ્તમ પૃથિ-વીમાં પણ હોય. અથવા બેરત્નપ્રભામાં અને સંખ્યાતાશર્કરાપ્રભામાં હોય. એ પ્રમાણે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ ક્રમથી એક એક નૈરયિકોનો અધિક સંચાર કરવો. યાવત્ અથવા દસરત્નપ્રભામાં અને સંખ્યાતારત્નપ્રભામાં અને સંખ્યાતાશર્કરાપ્રભામાં હોય. એ પ્રમાણે યાવત્ અથવા સંખ્યાતારત્નપ્રભામાં અને સંખ્યાતાઅધઃસપ્તમપૃથિવીમાં હોય. અથવા એકશર્કરાપ્રભામાં અને સંખ્યાતાવાલુકામાં હોય. એ પ્રમાણે જેમ રત્નપ્રભાપૃથિવીનો બીજીપૃથિવી સાથે યોગ કર્યો તેમ શર્કરાપ્રભાપૃથિવીનો પણ ઉપરની બધી પૃથિવીઓ સાથે યોગ કરવો. એ પ્રકારે એક એક પૃથિવીનો ઉપરની પૃથિવીઓ સાથે યોગ કરવો. યાવદ્ અથવા સંખ્યાતાતમઃપ્રભામાં અને સંખ્યાતા અધઃસપ્તમનરકમાં પણ હોય. અથવા એકરત્નપ્રભામાં એકશર્કરાપ્રભામાં અને સંખ્યાતાવાલુકાપ્રભામાં હોય. અથવા એકરત્નપ્રભામાં એકશર્કરાપ્રભામાં અને સંખ્યાતાપંકપ્રભામાં હોય. એ પ્રમાણે યાવત્ અથવા એકરત્નપ્રભામાંએકશર્કરાપ્રભામાં અને સંખ્યાતાઅધઃસપ્તમપૃથિવીમાં હોય. અથવા એકરત્નપ્રભામાં બેશર્કરાપ્રભામાં અને સંખ્યાતાવાલુકાપ્રભામાં હોય. અથવા એકરત્નપ્રભામાં બેશર્કરાપ્રભામાં અને સંખ્યાતાઅધઃસપ્તમપૃથિવીમાં હોય. અથવા એકરત્નપ્રભામાં ત્રણશર્કરાપ્રભામાં અને સંખ્યાતાવાલુકાપ્રભામાં હોય. એ પ્રમાણે એ ક્રમથી એક એક નૈરયિકનો સંચાર કરવો. અથવા એકરત્નપ્રભામાં સંખ્યાતા શર્કરાપ્રભામાં અને સંખ્યાતાવાલુકાપ્રભામાં હોય. યાવદ્ અથવા એકરત્નપ્રભામાં સંખ્યાતાવાલુકાપ્રભામાંઅનેસંખ્યાતાઅધઃસપ્તમપૃથિવીમાંહોય.અથવાબેરત્નપ્રભામાં સંખ્યાતાશર્કરાપ્રભામાં અને સંખ્યાતાવાલુકાપ્રભામાં હોય. યાવત્ અથવા બેરત્નપ્રભામાં સંખ્યાતાશર્કરાપ્રભામાં અને સંખ્યાતાઅધઃસપ્તમપૃથિવીઓમાં હોય. અથવા ત્રણરત્નપ્રભામાં સંખ્યાતાશર્કરાપ્રભામાં અને સંખ્યાતાવાલુકાપ્રભામાં હોય. એ પ્રમાણે એ ક્રમથી રત્નપ્રભામાંએક એકનો સંચાર કરવો. યાવત્ અથવા સંખ્યાતારત્નપ્રભામાં સંખ્યાતાશર્કરાપ્રભામાં અને સંખ્યાતાવાલુકાપ્રભામાં હોય. યાવત્ અથવા સંખ્યાતારત્નપ્રભામાંસંખ્યાતાશર્કરાપ્રભામાંઅનેસંખ્યાતાઅધઃસપ્તમપૃથિવીમાં હોય. અથવા એક રત્નપ્રભામાં એકવાલુકાપ્રભામાં અને સંખ્યાતા પંકપ્રભામાં હોય. યાવદ્ અથવા એકરત્નપ્રભામાંએકવાલુકાપ્રભામાંઅનેસંખ્યાતાઅધઃસપ્તમપૃથિવીમાંહોય. અથવા એકરત્નપ્રભામાં બેવાલુકાપ્રભામાં અને સંખ્યાતા પંકપ્રભામાં હોય. એ પ્રમાણે એ ક્રમથી ત્રિકસંયોગ, ચતુષ્કસંયોગ, યાવત્ સપ્તકસંયોગ જેમ દસ નૈરયિકોનો કહ્યો તેમ કહેવો. તેનો છેલ્લો આલાપક-અથવા સંખ્યાતારત્નપ્રભામાં સંખ્યાતાશર્કરાપ્રભામાં અને યાવત્ સંખ્યાતાઅધઃ સપ્તમપૃથિવીમાં હોય.

હે ભગવન્ ! અસંખ્યાતનૈરયિકો નૈરયિકપ્રવેશનકવડે પ્રવેશકરતા શું રત્નપ્રભામાં હોય ?-ઈત્યાદિ પ્રશ્ન. હે ગાંગેય ! રત્નપ્રભામાં પણ હોય અને યાવત્ અધઃસપ્તમ પૃથિવીમાં પણ હોય. અથવા એકરત્નપ્રભામાં અને અસંખ્યાતાશર્કરા પ્રભામાં હોય. એ પ્રમાણે જેમ સંખ્યાતાનૈરયિકોનો દ્વિકસંયોગ, યાવત્ સપ્તકસંયોગ કહ્યો તેમ અસંખ્યાતાનો પણ કહેવો. પણ વિશેષ એ કે અહિં 'અસંખ્યાતા' પદ કહેવું. બાકી બધું પૂર્વવત્ યાવત્ છેલ્લો આલાપક-અથવા અસંખ્યાતા રત્નપ્રભામાં અસંખ્યાતાશર્કરાપ્રભામાં યાવદ્ અંસખ્યાતા અધઃસપ્તમપૃથિવીમાં પણ હોય.

હે ભગવન્ ! નૈરયિકપ્રવેશનકવડે પ્રવેશ કરતા નૈરયિકો ઉત્કૃષ્ટપદે શું રત્નપ્રભામાં હોય ?- ઈત્યાદિ પ્રશ્ન. હે ગાંગેય ! સર્વ નૈરયિકો ઉત્કૃષ્ટપદે રત્નપ્રભામાં હોય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અથવા રત્નપ્રભામાં અને શર્કરાપ્રભામાં હોય. અથવા રત્નપ્રભા અને વાલુકાપ્રભામાં હોય.એ પ્રમાણ યાવદ્ અથવા રત્નપ્રભા અને અધઃસપ્તમપૃથિવીમાં પણ હોય. અથવા રત્નપ્રભા શર્કરાપ્રભા અને વાલુકાપ્રભામાં હોય. એ પ્રમાણે યાવદ્ રત્નપ્રભા શર્કરાપ્રભા અને અધઃસપ્તમ-પૃથિવીમાં હોય. અથવા રત્નપ્રભા વાલુકાપ્રભા અને પંકપ્રભામાં પણ હોય. યાવદ્ અથવા રત્નપ્રભા વાલુકાપ્રભા અને અધઃસપ્તમ પૃથિવીમાં હોય. અથવા રત્નપ્રભા પંકપ્રભા અને ધૂમપ્રભામાં હોય. એ પ્રમાણે જેમ રત્નપ્રભાને મુક્યા સિવાય ત્રણ નૈરયિકોનો ત્રિકસંયોગ કહ્યો તેમ અહીં કહેવું. યાવદ્ અથવા રત્નપ્રભા, તમઃપ્રભા તમઃતમઃપ્રભામાં પણ હોય. અથવા રત્નપ્રભા શર્કરાપ્રભા વાલુકાપ્રભા અને પંકપ્રભામાં હોય. અથવા રત્નપ્રભા શર્કરાપ્રભા વાલુકાપ્રભા અને ધૂમપ્રભામાં હોય. યાવત્ અથવા રત્નપ્રભા શર્કરાપ્રભા વાલુકાપ્રભા અને અધઃસપ્તમપૃથિવીમાં પણ હોય. અથવા રત્નપ્રભા શર્કરાપ્રભા પંકપ્રભા અને ધૂમપ્રભામાં હોય. એ પ્રમાણે રત્નપ્રભાને મૂક્યા સિવાય જેમ ચાર નૈરયિકોનો ચતુષ્કસંયોગ કહ્યો છે તેમ અહીં કહેવો, યાવદ્ અથવા રત્નપ્રભા ધૂમપ્રભા તમઃપ્રભા અને તમઃતમઃપ્રભામાં હોય. અથવા રત્નપ્રભા શર્કરાપ્રભા વાલુકાપ્રભા પંકપ્રભા અને ધૂમપ્રભામાં હોય. અથવા રત્નપ્રભા યાવત્ પંકપ્રભા અને તમપ્રભામાં હોય. અથવા રત્નપ્રભા યાવત્ પંકપ્રભા અને અધઃસપ્તમપૃથિવીમાં હોય. અથવા રત્નપ્રભા શર્કરાપ્રભા વાલુકાપ્રભા ધૂમપ્રભા અને તમઃપ્રભામાં હોય. એ પ્રમાણે રત્નપ્રભાને છોડ્યા સિવાય જેમ પાંચનૈરયિકોનો પંચસંયોગ કહ્યો તેમ કહેવો. યાવદ્ અથવા રત્નપ્રભા પંકપ્રભા યાવદ્ અધઃસપ્તમપૃથિવીમાં હોય.અથવા રત્નપ્રભા શર્કરાપ્રભા યાવત્ ધૂમપ્રભા અને તમઃપ્રભામાં હોય. અથવા રત્નપ્રભા યાવદ્ ધૂમપ્રભા અને અધઃસપ્તમપૃથિવીમાં હોય. અથવા રત્નપ્રભા શર્કરાપ્રભા યાવત્ પંકપ્રભા અને અધઃસપ્તમ પૃથિવીમાં હોય. અથવા રત્નપ્રભા શર્કરાપ્રભામાં વાલુકા- પ્રભા ધૂમપ્રભા તમઃપ્રભા અને તમઃતમઃપ્રભામાં હોય. અથવા રત્નપ્રભા શર્કરાપ્રભા પંકપ્રભા યાવદ્ અધઃસપ્તમપૃથિ- વીમાં હોય. અથવા રત્નપ્રભા વાલુકાપ્રભા યાવદ્ અધઃસપ્તમપૃથિવીમાં હોય. અથવા રત્નપ્રભા શર્કરાપ્રભા, યાવદ્ અધઃસપ્તમપૃથિવીમાં હોય.

હે ભગવન્ ! રત્નપ્રભાપૃથિવીનૈરયિકપ્રવેશનક, શર્કરાપ્રભાપૃથિવીનૈરયિકપ્રવેશનક, યાવદ્ અધઃસપ્તમપૃથિવીનૈરયિકપ્રવેશનકમાં કયા પ્રવેશનકો કયા પ્રવેશનકોથી યાવદ્ વિશેષાધિક છે ? હે ગાંગેય ! સૌથી અલ્પ અધઃસપ્તમપૃથિવીનૈરયિકપ્રવેશનક છે, તેના કરતાં તમાપૃથિવીનૈરયિકપ્રવેશનક અસંખ્યેયગુણ છે. એ પ્રમાણે વિપરિક્રમથી યાવત્ રત્નપ્રભાપૃથિવીનૈરયિકપ્રવેશનક અસંખ્યાતગુણ છે.

[૪૫૪] હે ભગવન્ ! તિર્યંચયોનિકપ્રવેશનક કેટલા પ્રકારે કહ્યું છે ? હે ગાંગેય ! પાંચ પ્રકારે કહ્યું છે. તે આ પ્રમાણે એકેન્દ્રિયતિર્યંચયોનિકપ્રવેશનક, યાવત્ પંચેન્દ્રિયતિર્યંચયોનિકપ્રવેશનક. હે ભગવન્ ! એક તિર્યંચયોનિ ક જીવ તિર્યંચયોનિકપ્રવેશનકવડે પ્રવેશ કરતો શું એકેન્દ્રિયોમાં હોય કે યાવત્ પંચેન્દ્રિયોમાં હોય ? હે ગાંગેય ! પાંચ માં હોય બે તિર્યંચયોનિક જીવો સંબંધે પ્રશ્ન. હે ગાંગેય ! એકેન્દ્રિયોમાં પણ હોય અને યાવત્ પંચેન્દ્રિયોમાં પણ હોય. અથવા એક એકેન્દ્રિયમાં અને એક બેઈન્દ્રિયમાં પણ હોય. એ પ્રમાણે જેમ નૈરયિકપ્રવેશનકમાં કહ્યું તેમ તિર્યંચયોનિકપ્રવેશનકમાં યાવત્ અસંખ્યેય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તિર્યંચયોનિકો સુધી કહેવું. હે ભગવન્ ! તિર્યંચયોનિકો ઉત્કૃષ્ટપણે એ પ્રશ્ન. હે ગાંગેય ! તે બધા એકેન્દ્રિયોમાં હોય. અથવા એકેન્દ્રિયો અને બેઇન્દ્રિયોમાં પણ હોય. એ પ્રમાણે જેમ નૈરયિકોનો સંચાર કર્યો તેમ તિર્યંચયોનિકોનો પણ સંચાર કરવો. એકેન્દ્રિયોને મુક્યા સિવાય દ્વિકસંયોગ, યાવત્ પંચકસંયોગ ઉપયોગપૂર્વક કહેવો. યાવત્ અથવા એકેન્દ્રિયોમાં બેઇન્દ્રિયોમાં યાવત્ પંચેન્દ્રિયોમાં પણ હોય. હે ભગવન્ ! એકેન્દ્રિયતિર્યંચોયનિકપ્રવેશનક, યાવત્ પંચેન્દ્રિયતિર્યંચયોનિકપ્રવેશનકમાં કયું પ્રવેશનક કોનાથી યાવદ્ વિશેષાધિક છે ? હે ગાંગેય ! પંચેન્દ્રિયતિર્યંચયોનિકપ્રવેશનક સૌથી અલ્પ છે, તેથી ચઉરિન્દ્રિયતિર્યંચયોનિકપ્રવેશનક વિશેષાધિક છે, યાવત્ અને તેના કરતાં એકેન્દ્રિયતિર્યંચયોનિકપ્રવેશનક વિશેષાધિક છે. હે ભગવન્ ! મનુષ્યપ્રવેશનક કેટલા પ્રકારે કહ્યું છે ? હે ગાંગેય ! બે પ્રકારે કહ્યું છે, તે આ પ્રમાણે-સંમૂચ્છિંમ-મનુષ્યપ્રવેશનક અને ગર્ભજમનુષ્યપ્રવેશનક.

[૪૫૫] હે ભગવન્ ! મનુષ્યપ્રવેશનકવડે પ્રવેશ કરતો એક મનુષ્ય શું સંમૂચ્છિંમ મનુષ્યોમાં હોય કે ગર્ભજ મનુષ્યોમાં હોય ? હે ગાંગેય ! તેસંમૂચ્છિંમ મનુષ્યોમાં પણ હોય અને ગર્ભજમનુષ્યોમાં પણ હોય. હે ભગવન્ ! બે મનુષ્યો મનુષ્યપ્રવેશનકવડે પ્રવેશ કરતા-ઇત્યાદિ પ્રશ્ન. હે ગાંગેય ! બે મનુષ્યો સંમૂચ્છિંમ મનુષ્યોમાં પણ હોય અને ગર્ભજ મનુષ્યોમાં પણ હોય. અથવા એક સંમૂચ્છિંમ મનુષ્યમાં હોય અને એક ગર્ભજ-મનુષ્યમાં હોય. એ પ્રમાણે એ ક્રમથી જેમ નૈરયિકપ્રવેશનક કહ્યું તેમ મનુષ્યપ્રવેશનક પણ યાવદ્ દશ મનુષ્યો સુધી કહેવું. હે ભગવન્ ! સંખ્યાતા મનષ્યો મનુષ્યપ્રવેશનકવડે પ્રવેશ કરતા-ઇત્યાદિ પ્રશ્ન. હે ગાંગેય ! તેઓ સંમૂચ્છિંમ મનુષ્યમાં પણ હોય અને ગર્ભજ મનુષ્યમાં પણ હોય. અથવા એક સંમૂચ્છિંમ મનુષ્યોમાં હોય અને સંખ્યાતા ગર્ભજ મનુષ્યોમાં હોય. અથવા બે સંમૂચ્છિંમ મનુષ્યોમાં અને સંખ્યાતા ગર્ભજ મનુષ્યોમાં હોય. એ પ્રમાણે એક એક વધારતા યાવદ્ અથવા સંખ્યાતા સંમૂચ્છિંમ મનુષ્યોમાં અને સંખ્યાતા ગર્ભજ મનુષ્યોમાં હોય.

હે ભગવન્ ! અસંખ્યાતા મનુષ્યો સંબન્ધે પ્રશ્ન. હે ગાંગેય ! તે બધા સંમૂચ્છિંમ મનુષ્યોમાં હોય, અથવા અસંખ્યાતા સંમૂચ્છિંમ મનુષ્યોમાં હોય અને એક ગર્ભજ મનુષ્યોમાં હોય. અથવા અસંખ્યાતા સંમૂચ્છિંમ મનુષ્યોમાં હોય અને બે ગર્ભજ મનુષ્યોમાં હોય. એ પ્રમાણે યાવત્ અસંખ્યાતા સંમૂચ્છિંમ મનુષ્યોમાં હોય અને અને સંખ્યાતા ગર્ભજ મનુષ્યોમાં હોય. હે ભગવન્ ! મનુષ્યો ઉત્કૃષ્ટપણે એ સંબન્ધે પ્રશ્ન. હે ગાંગેય ! તે બધાય સમૂચ્છિંમ મનુષ્યોમાં હોય. અથવા સંમૂચ્છિંમ મનુષ્યો અને ગર્ભજ મનુષ્યોમાં પણ હોય. હે ભગવન્ ! સંમૂચ્છિંમ- મનુષ્યપ્રવેશનક અને ગર્ભજમનુષ્ય-પ્રવેશનકમાં કયું પ્રવેશનક કોનાથી યાવદ્ વિશેષાધિક છે ? હે ગાંગેય ! સૌથી અલ્પ ગર્ભજમનુષ્ય પ્રવેશનક છે, અને સંમૂચ્છિંમ મનુષ્યપ્રવેશનક અસંખ્યગુણ છે.

[૪૫૬] હે ભગવન્ ! દેવપ્રવેશનક કેટલા પ્રકારે કહ્યું છે ? હે ગાંગેય ! ચાર પ્રકારે કહ્યું છે. ભવનવાસિદેવપ્રવેશનક, યાવદ્ વૈમાનિકદેવપ્રવેશનક. હે ભગવન્ ! એક દેવ દેવપ્રવેશનકદ્વારા પ્રવેશ કરતો શું ભવનવાસિમાં હોય, વાનવ્યંતરમાં હોય, જ્યોતિષિ-કમાં હોય કે વૈમાનિકમાં હોય ? હે ગાંગેય ! ચારે માં હોય હે ભગવન્ ! બે દેવો દેવ-પ્રદેશનકવડે પ્રવેશ કરતા-ઇત્યાદિ પ્રશ્ન. હે ગાંગેય ! તે બે દેવો અથવા એક ભવન-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાસિમાં હોય અને એક વાનવ્યંતરમાં હોય. એ પ્રમાણે જેમ તિર્યંચયોનિકપ્રવેશનક કહ્યું છે તેમ દેવપ્રવેશનક પણ યાવદ્ અસંખ્યાતા દેવોસુધી જાણવું. હે ભગવન્ ! દેવો ઉત્કૃષ્ટપણે ઈત્યાદિ પ્રશ્ન.હે ગાંગેય!તે બધા જ્યોતિષિકમાં હોય.અથવા જ્યોતિષ્ક અને ભવનવાસિમાં હોય. અથવા જ્યોતિષ્ક અને વાનવ્યંતરમાં હોય. અથવા જ્યોતિષ્ક અને વૈમાનિકમાં હોય. અથવા જ્યોતિષ્ક, ભવનવાસી અને વાનવ્યતરમાં હોય. અથવા જ્યોતિષ્ક,ભવનવાસીઅનેવૈમાનિકમાંહોય.અથવાજ્યોતિષ્ક,વાનવ્યંતર અને વૈમાનિકમાં હોય. અથવા જ્યોતિષ્ક, ભવનવાસી, વાનવ્યંતર અને વૈમાનિકમાં હોય, હે ભગવન્ ! ભવનવાસિદેવપ્રવેશનક, વાનવ્યંતરદેવપ્રવેશનક, જ્યોતિષ્કદેવપ્રવેશનક અને વૈમાનિદેવપ્રવેશનકમાં કયું પ્રવેશનક કયા પ્રવેશનકથી યાવદ્ વિશેષાધિક છે ? હે ગાંગેય ! વૈમાનિકદેવપ્રવેશનક સૌથી અલ્પ છે, તેના કરતાં અસંખ્યેયગુણ ભવનવાસિ-દેવપ્રવેનશક છે, તેથી અંસખ્યેયગુણ વાનવ્યંતરદ્દેપ્રવેશનક છે, અને તેનાથી જ્યોતિષ્કદેવપ્રવેશનક સંખ્યાતગુણ છે.

[૪૫૭] હે ભગવન્ ! નૈરયિકપ્રવેશનક, તિર્યંચયોનિકપ્રવેશનક, મનુષ્યપ્રવેશનક અને દેવપ્રવેશનકમાં કયું પ્રવેશનક કયા પ્રવેશનકથી યાવદ્ વિશેષાધિક છે ? હે ગાંગેય ! સૌથી અલ્પ મનુષ્યપ્રવેશનક છે, તેથી નૈરયિકપ્રવેશનક અસંખ્યાત ગુણ છે, તેના કરતાં અસંખ્યાતગુણ દેવપ્રવેશનક છે તેનાથી અસંખ્યાતગુણ તિર્યંચયોનિકપ્રવેશનક છે.

[૪૫૮] હે ભગવન્ ! નૈરયિકો સાન્તર (અન્તરસહિત) ઉત્પન્ન થાય છે કે કે નિરંતર (અન્તરરહિત) ઉત્પન્ન થાય છે ? અસુરકુમારો સાન્તર ઉત્પન્ન થાય છે કે નિરન્તર ઉત્પન્ન થાય છે ? યાવત્ વૈમાનિક દેવો સાન્તર ઉત્પન્ન થાય છે કે નિરન્તર ઉત્પન્ન થાય છે ? નૈરયિકો સાન્તર ઉદ્વર્તે છે-નીકળે છે કે નિરંત ઉદ્વર્તે છે ? યાવત્ વાનવ્યંતરો સાંતર ઉદ્વર્તછે કે નિરન્તર ઉદ્વર્તે છે ? જ્યોતિષ્કો સાન્તર ચ્યવે છે કે નિરન્તર ચ્યવે છે ? અને વૈમાનિકો સાન્તર ચ્યવે છે કે નિરન્તર ચ્યવે છે ? હે ગાંગેય ! નૈરયિકો સાન્તર ઉત્પન્ન થાય છે અને નિરન્તર પણ ઉત્પન્ન થાય છે. યાવત્ સ્તનિતકુમારો સાન્તર અને નિરન્તર ઉત્પન્ન થાય છે. પૃથિવીકાયિકો સન્તર ઉત્પન્ન થતા નથી પણ નિરન્તર પણ ઉત્પન્ન થાય છે. એપ્રમાણે યાવત્ વનસ્પતિકાયિકો પણ નિરન્તર ઉત્પન્ન થાય છે. તથા બાકીના બધા જીવો નૈરયિકોની પેઠે સાન્તર અને નિરન્તર ઉત્પન્ન થાય છે. યાવદ્ વૈમાનિકો પણ સાન્તર અને નિરન્તર ઉત્પન્ન થાય છે. નૈરયિકો સાન્તર અને નિરન્તર ઉદ્વર્તે છે. એ પ્રમાણે યાવદ્ સ્તનિતકુમારો જાણવા. પૃથિવીકાયિકો સાન્તર ઉદ્વર્તતા નથી પણ નિરન્તર ઉદ્વર્તે છે. એ પ્રમાણે યાવદ્ વનસ્પતિકાયિકો પણ જાણતા. બાકીના બધા જીવો નૈરયિકોની પેઠે સાન્તર અને નિરન્તર ઉદ્વર્તે છે. પણ વિશેષ એ છે કે 'જ્યોતિષિકો અને વૈમાનિકો ચ્યવે છે' એમ પાઠ કહેવો. એ પ્રમાણે યાવદ્ વૈમાનિકો સાન્તર અને નિરન્તર ચ્યવે છે.

હે ભગવન્ ! સદ્-વિદ્યમાન નૈરયિકો ઉત્પન્ન થાય છે કે અસદ્-અવિદ્યમાન નૈરયિકો ઉત્પન્ન થાય છે ? હે ગાંગેય ! સદ્-વિદ્યમાન નૈરયિકો ઉત્પન્ન થાય છે, પણ અસદ્ નૈરયિકો ઉત્પન્ન થતા નથી. એ પ્રમાણે યાવદ્ વૈમાનિક પર્યન્ત જાણવું. હે ભગવન્ ! વિદ્યમાન નૈરયિકો ઉદ્વર્તે છે કે અવિદ્યમાન નૈરયિકો ઉદ્વર્તે છે ? હે ગાંગેય ! વિદ્યમાન નૈરયિકો ઉદ્વર્તે છે પણ અવિદ્યમાન નૈરયિકો ઉદ્વર્તતા નથી. એ પ્રમાણે યાવદ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વૈમાનિકો સુધી જાણવું. વિશેષ એ છે કે જ્યોતિષ્ક અને વૈમાનિકોમાં 'ચ્યવે છે' એવો પાઠ કહેવો. હે ભગવન્ ! સદ્ નૈરયિકો ઉત્પન્ન થાય છે કે અસદ્ નૈરયિકો ઉત્પન્ન થાય છે ? સદ્ અસુરકુમારો ઉત્પન્ન થાય છે કે અસદ્ અસુરકુમારો ઉત્પન્ન થાય છે ? એ પ્રમાણે યાવત્ સદ્ વૈમાનિકો ઉત્પન્ન થાય છે કે અસદ્ વૈમાનિકો ઉત્પન્ન થાય છે ? સદ્ નૈરયિકો ઉદ્વર્તે છે કે અસદ્ નૈરયિકો ઉદ્વર્તે છે ? સદ્ અસુરકુમારો ઉદ્વર્તે છે કે અસદ્ અસુરકુમારો ઉદ્વર્તે છે ? એ પ્રમાણે યાવત્ સદ્ વૈમાનિકો ચ્યવે છે કે અસદ્ વૈમાનિકો ચ્યવે છે ? હે ગાંગેય ! સદ્ નૈરયિકો ઉત્પન્ન થાય છે પણ અસદ્ નૈરયિકો ઉત્પન્ન થતા નથી. સદ્ અસુરકુમારો ઉત્પન્ન થાય છે પણ અસદ્ અસુરકુમારો ઉત્પન્ન થતા નથી. એ પ્રમાણે યાવદ્ સદ્ વૈમાનિકો ઉત્પન્ન થાય છે પણ અસદ્ વૈમાનિકો ઉત્પન્ન થતા નથી. સદ્ નૈરયિકો ઉદ્વર્તે છે પણ અસદ્ નૈરયિકો ઉદ્વર્તતા નથી. યાવદ્ સદ્ વૈમાનિકો ચ્યવે છે પણ અસદ્ વૈમાનિકો ચ્યવતા નથી. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો હે ભગવન્ ! શું તે નિશ્ચિત છે ? હે ગાંગેય ! ખરેખર પુરુષાદાનીય અર્હત્ શ્રીપાર્શ્વનાથે "લોકને શાશ્વત, અનાદિ અને અનન્ત કહ્યો છે-" ઈત્યાદિ પાંચમા શતકમાં કહ્યા પ્રમાણે જાણવું. તે હેતુથી હે એમ કહ્યું છે કે, સદ્ વૈમાનિકો ચ્યવે છે પણ અસદ્ વૈમાનિકો ચ્યવતા નથી.

હે ભગવન્ ! આપ સ્વયં આ પ્રમાણે જાણો છો, કે અસ્વયં જાણો છો ? સાંભળ્યા સિવાય એ પ્રમાણે જાણો છો અથવા સાંભળીને જાણો છો કે 'સદ્ નૈરયિકો ઉત્પન્ન થાય છે પણ અસદ્ નૈરયિકો ઉત્પન્ન થતા નથી, યાવત્ સદ્ વૈમાનિકો ચ્યવે છે, પણ અસદ્ વૈમાનિકો ચ્યવતા નથી' ? હે ગાંગેય ! હું એ બધું સ્વયં જાણું છું, પણ અસ્વયં જાણતો નથી. વળી સાંભળ્યા વિના આ પ્રમાણે જાણું છું, પણ સાંભળીને જાણતો નથી કે 'સદ્ નૈરયિકો ઉત્પન્ન થાય છે, પણ અસદ્ નૈરયિકો ઉત્પન્ન થતા નથી, યાવત્ સદ્ વૈમાનિકો ચ્યવે છે. પણ અસદ્ વૈમાનિકો ચ્યવતા નથી.' હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો ? હે ગાંગેય કેવલજ્ઞાની પૂર્વમાં મિત પણ જાણે, અને અમિત પણ જાણે, યાવત્, તથા દક્ષિણમાં પણ એ પ્રમાણે જાણે. એ પ્રમાણે જેમ શબ્દ ઉદ્દેશકમાં કહ્યું છે તેમ જાણવું, યાવત્ કેવલિનું જ્ઞાન નિરાવરણ હોય છે,' માટે હે ગાંગેય ! તે હેતુથી એમ કહું છું કે 'હું સ્વયં જાણું છું-ઈત્યાદિ યાવદ્ અસદ્ વૈમાનિકો ચ્યવતા નથી.'

હે ભગવન્ ! નૈરયિકો નૈરયિકમાં સ્વયં ઉત્પન્ન થાય છે કે અસ્વયં ઉત્પન્ન થાય છે. ? હે ગાંગેય ! નૈરયિકો નૈરયિકમાં સ્વયં ઉત્પન્ન થાય છે, પણ અસ્વયં ઉત્પન્ન થતા નથી. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો? હે ગાંગેય ! કર્મના ઉદયથી, કર્મના ગુરુપણાથી, કર્મના ભારેપણાથી, કર્મના અત્યન્ત ભારેપણાથી, અશુભ કર્મોના ઉદયથી, અશુભ કર્મોના વિપાકથી અને અશુભ કર્મોના ફલ-વિપાકથી નૈરિયકો નૈરયિકોમાં સ્વયં ઉત્પન્ન થાય છે, પણ નૈરયિકો નૈરયિકોમાં અસ્વયં ઉત્પન્ન થતા નથી; તે હે ભગવન્ ! અસુરકુમારો સ્વયં ઈત્યાદિ પ્રશ્ન. હે ગાંગેય ! અસુરકુમારો સ્વયં ઉત્પન્ન થાય છે, પણ અસ્વયં ઉત્પન્ન થતા નથી. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો કે તેઓ 'સ્વયં યાવદ્ ઉત્પન્ન થાય છે' ? હે ગાંગેય ! કર્મના ઉદયથી, (અશુભ) કર્મના ઉપશમથી, અશુભ કર્મના અભાવથી, કર્મની વિશોધિથી, કર્મની વિશુદ્ધિથી, શુભ કર્મોના ઉદયથી, શુભ કર્મોના વિપાકથી અને શુભ કર્મોના ફલ-વિપાકથી અસુરકુમારો અસુરકુમારપણે સ્વયં ઉત્પન્ન થાય છે, પણ અસુરકુમારો અસુરકુમારપણે અસ્વયં ઉત્પન્ન થતા નથી. માટે હે



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગાંગેય ! તે હેતુથી એમ કહેવાય છે એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમારો સુધી જાણવું.

હે ભગવન્ ! પૃથિવીકાયિકો સ્વયં ઉત્પન્ન થાય છે ?-ઇત્યાદિ પ્રશ્ન. હે ગાંગેય ! પૃથિવીકાયિકો સ્વયં ઉત્પન્ન થાય છે પણ અસ્વયં ઉત્પન્ન થતા નથી. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો ? હે ગાંગેય ! કર્મના ઉદયથી, કર્મના ગુરુપણાથી, કર્મના ભારથી, કર્મના અત્યન્ત ભારથી, શુભ અને અશુભ કર્મોના ઉદયથી, શુભ અને અશુભ કર્મોના વિપાકથી અને શુભાશુભ કર્મોના ફલવિપાકથી પૃથિવીકાયિકો સ્વયં ઉત્પન્ન થાય છે, પણ યાવદ્ અસ્વયં ઉત્પન્ન થતા નથી. એ પ્રમાણે યાવત્ મનુષ્યો સુધી જાણવું. જેમ અસુરકુમારોને કહ્યું તેમ વાનવ્યંતર, જ્યોતિષિક અને વૈમાનિકો સંબન્ધે કહેવું. માટે હે ગાંગેય ! તે હેતુથી એમ કહું છું કે-યાવત્ 'વૈમાનિકો સ્વયં ઉત્પન્ન થાય છે.

[૪૫૯] ત્યાર પછી શ્રીગાંગેય અનગાર શ્રમણ ભગવન્ મહાવીરને સર્વજ્ઞ અને સર્વદર્શી જાણે છે. ત્યારબાદ તે ગાંગેય અનગાર શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વાર આદક્ષિણા પ્રદક્ષિણા કરે છે, કરીને વાંદે છે, નમે છે; વાંદીને, નમીને તેણે એમ કહ્યું કે-હે ભગવન્ ! તમારી પાસે ચાર મહાવ્રત ધર્મથી પાંચ મહાવ્રતધર્મને ગ્રહણ કરવા ઇચ્છું છું. એ પ્રમાણેબધું કાલાસવેસિક પુત્રની પેઠે યાવત્ તે 'સર્વ દુઃખથી મુક્ત થયા' ત્યાં સુધી કહેવું. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે. (એમ કહી યાવત્ વિહરે છે.)

**શતક : ૯ ઉદેસા : ૩૨ ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

**-: ઉદ્દેશક ૩૩ :-**

[૪૬૦] તે કાલે, તે સમયે બ્રાહ્મણકુંડગ્રામ નામે નગર હતું. બહુશાલક નામે ચૈત્ય હતું. તે બ્રાહ્મણકુંડગ્રામ નામે નગરમાં ઋષભદત્ત નામે બ્રાહ્મણ રહેતો હતો. તે આઢ્ય-ધનિક, તેજસ્વી, પ્રસિદ્ધ અને યાવત્ અપરિભૂત-કોઇથી પરાભવ ન પામે તેવો હતો. વળી તે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વણવેદમાં નિપુણ અને સ્કંદક તાપસની પેઠે યાવત્ બ્રાહ્મણોના બીજા ઘણા નયોમાં કુશલ હતો. તે શ્રમણોનો ઉપાસક, જીવાજીવ તત્ત્વને જાણનાર, પુણ્ય-પાપને ઓળખનાર અને યાવત્ આત્માને ભાવિત કરતો વિહરતો હતો. તે ઋષભદત્ત બ્રાહ્મણને દેવાનંદા નામે બ્રાહ્મણી સ્ત્રી હતી. તેના હાથ પગ સુકુમાલ હતા, યાવત્ તેનું દર્શન પ્રિય હતું અને તેનું રૂપ સુન્દર હતું. વળી શ્રમણોની ઉપાસિકા (દેવા-નંદા) જીવાજીવ અને પુણ્યપાપને જાણતી વિહરતી હતી. તે કાલે, તે સમયે મહાવીરસ્વા-મી સમોસર્યા. પર્ષત્ યાવત્ પર્યુપાસના કરે છે. ત્યારપછી તે ઋષભદત્ત બ્રાહ્મણ શ્રમણભગવાન્મહાવીરના આગમની આ વાત જાણીને ખુશ થયો, યાવત્ ઉલ્લસિત હૃદયવાળો થયો, અને જ્યાં દેવાનંદા બ્રાહ્મણી હતી ત્યાં આવ્યો. તેણે દેવાનંદા બ્રાહ્મણીને આ પ્રમાણે કહ્યું કે-'હે દેવાનુપ્રિયે ! એ પ્રમાણે અહીં તીર્થની આદિકરનાર યાવત્ સર્વજ્ઞસર્વદર્શી શ્રમણભગવાન્મહાવીર આકાશમાં રહેલા ચક્રવડે યાવત્ સુખપૂર્વક વિહાર કરતા બહુશાલક નામે ચૈત્યમાં યોગ્ય અવગ્રહને ગ્રહણ કરીને યાવત્ વિહરે છે. હે દેવાનુપ્રિયે ! યાવત્ તેવા પ્રકારના અર્હત્ ભગવંતના નામ-ગોત્રના પણ શ્રવણથી મોટું ફલ પ્રાપ્ત થાય છે, તો વળી તેઓના અભિગમન વંદન, નમન, પ્રતિપ્રચ્છન અને પર્યુ-પાસન કરવાથી ફલ થાય તેમાં શું કહેવું ? તથા એક પણ આર્ય અને ધાર્મિક સુવચનના શ્રવણથી મોટું ફલ થાય છે. તો વળી વિપુલ અર્થને ગ્રહણ કરવાવડે મહાફલ થાય તેમાં શું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કહેવું ? માટે હે દેવાનુપ્રિયે ! આપણે જઇએ અને શ્રમણભગવંતમહાવીરને વન્દન-નમન કરીએ, યાવત્ તેમની પર્યુપાસના કરીએ. એ આપણને આ ભવમાં તથા પરભવમાં હિત, સુખ, સંગતતા, નિઃશ્રેયસ અને શુભ અનુબંધને માટે થશે. જ્યારે તે ઋષભદત્ત બ્રાહ્મણે દેવાનંદા બ્રાહ્મણીને એ પ્રમાણે કહ્યું ત્યારે તે ખુશ થઇ, અને યાવત્ ઉલ્લસિતહૃદયવાળી થઈને પોતાના કરતલને યાવત્ મસ્તકે અંજલિરૂપે કરી ઋષભદત્ત બ્રાહ્મણના એ કથનને વિનયપૂર્વક સ્વીકારે છે.

ત્યારબાદ તે ઋષભદત્ત બ્રાહ્મણ પોતાના કૌટુંબિક પુરુષોના બોલાવે છે, બોલાવીને તેઓને તેણે આ પ્રમાણે કહ્યું કે-હે દેવાનુપ્રિયો ! જલદી ચાલવાળા, પ્રશસ્ત અને સદૃશરૂપવાળા, સમાન ખરી અને પુચ્છવાળા, સમાન ઉગેલ સિંગડાવાળા, સોનાના કલાપ--થી યુક્ત, ચાલવામાંઉત્તમ રૂપાનીઘંટડીઓથી યુક્ત, સુવર્ણમય સુતરની નાથવડે બાંધેલા, નીલકમળના શિરપેચવાળા બે ઉત્તમ યુવાન બળદોથી યુક્ત; અનેક પ્રકારની મણિમય ઘંટડીઓના સમૂહથી વ્યાપ્ત, ઉત્તમકાષ્ઠમય ધોંસરું અને જોતરની બે દોરીઓ ઉત્તમ રીતે જેમાં ગોઠવેલી છે એવા; પ્રવરલક્ષણયુક્ત, ધાર્મિક, શ્રેષ્ઠ યાન-રથને તૈયાર કરી હાજર કરો અને આ મારી આજ્ઞા પાછી આપો'. જ્યારે તે ઋષભદત્ત બ્રાહ્મણે તે કૌટુંબિક પુરુષોને એમ કહ્યું ત્યારે તેઓએ ખુશ થઇ યાવદ્ આનંદિતહૃદયવાળા થઇ, મસ્તકે કરતલને જોડી એમ કહ્યું કે- 'હે સ્વામિન્ ! એ પ્રમાણે આપની આજ્ઞા માન્ય છે.' એમ કહી વિનયપૂર્વક વચનને સ્વીકારી જલદી ચાલવાવાળા બે બળદોથી જોડેલા, યાવત્ ધાર્મિક અને પ્રવર યાનને શીઘ્ર હાજર કરીને યાવત્ આજ્ઞાને પાછી આપે છે.

ત્યારબાદ તે ઋષભદત્ત બ્રાહ્મણ સ્નાન કરી યાવત્ અલ્પ અને મહામૂલ્યવાળાં આભરણોથી પોતાના શરીરને અલંકૃત કરી પોતાના ઘરથી બહાર નીકળે છે. જે ઠેકાણે બહારની ઉપસ્થાન શાલા છે, જ્યાં ધાર્મિક યાનપ્રવર છે ત્યાં આવીને તે રથ ઉપર ચઢે છે. ત્યારબાદ તે દેવાનંદા બ્રાહ્મણી અંદર અંતઃપુરમાં સ્નાન કરી, બલિકર્મ-પૂજા કરી, કૌતુક-મંગલ અને પ્રાયશ્ચિત કરી, પગમાં પહેરેલા સુંદર નૂપુર. મણિનો કંદોરો, હાર, પહેરેલાં ઉચિત કડાં, વીંટીઓ, વિચિત્રમણિમય એકાવલી હાર. કંઠસૂત્ર, છાતીમાં રહેલા ગ્રૈવેયક કટીસૂત્ર, અને વિચિત્રમણિ તથા રત્નોના આભૂષણથીશરીરને સુશોભિત કરી, ઉત્તમ ચીનાંશુક વસ્ત્રને પહેરી, ઉપર સુકુમાલ રેશમી વસ્ત્રને ઓઢી, બધી ઋતુના સુગંધી પુષ્પોથી પોતાના કેશને ગુંથી, કપાળમાં ચંદન લગાવી, ઉત્તમ આભૂષણથી શરીરને શણગારી, કાલાગરુના ધૂપવડે સુગંધિત થઇ, લક્ષ્મીસમાનવેશવળી, યાવત્ અલ્પ અને બહુમૂલ્યવાળાં આભરણોથી શરીરને અલંકૃત કરી, ઘણી કુબ્જ દાસીઓ, ચિલાતદેશની દાસીઓ, યાવત્ અનેક દેશ વિદેશથી આવીને એકઠી થયેલી, પોતાના દેશના પહેરવેશ જેવા વેશને ધારણ કરનારી,-આકૃતિવડે-ચિન્તિત અને ઈષ્ટ અર્થને જાણનારી, કુશલ અને વિનયવાળી દાસીઓના પરિવારસહિત, તેમજ પોતાના દેશની દાસીઓ, ખોજાઓ, વૃદ્ધ કંચુકિઓ અને માન્ય પુરુષોના વૃન્દ સાથે તે દેવાનંદા પોતાના અંતઃપુરથી નિકળે છે. નિકળીને જ્યાં બહારની ઉપસ્થાન શાળ છે અને જ્યાં ધાર્મિક યાન પ્રવર ઉભો છે ત્યાં આવે છે.

આવીને યાવત્ તે ધાર્મિક ઉત્તમ રથ ઉપર ચઢે છે. ત્યારબાદ તે ઋષભદત્ત બ્રાહ્મણ સાથે ધાર્મિક અને શ્રેષ્ઠ યાન ઉપર ચઢીને પોતાના પરિવારની સાથે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બ્રાહ્મણકુંડગ્રામ નામે નગરના મધ્યમભાગમાંથી નિકળે છે. જે સ્થળે બહુ શાલક ચૈત્ય છે ત્યાં આવે છે. ત્યાં આવી તીર્થંકરના છત્રાદિક અતિશયોને જુએ છે; જોઈને ધાર્મિક શ્રેષ્ઠ રથને ઉભો રાખે છે. નીચે ઉતરે છે. ઉતરીને શ્રમણ ભગવંત મહાવીરની પાસે પાંચ પ્રકારના અભિગમવડે જાય છે. તે આ પ્રમાણે 'સચિત્ત દ્રવ્યોનો ત્યાગ કરવો'- ઈત્યાદિ પૂર્વવત્ યાવત્ ત્રણ પ્રકારની ઉપાસનાવડે ઉપાસે છે.

[૪૬૧] તે દેવાનંદા બ્રાહ્મણી પણ ધાર્મિક યાનપ્રવરથી નીચે ઉતરે છે, ઉતરીને ઘણી કુબ્જદાસીઓના યાવત્ માન્ય પુરુષના સમુહથી પરિવૃત્ત થઈને શ્રમણ ભગવંત મહાવીરની પાસે પાંચ પ્રકારના અભિગમવડે જાય છે. તે આ પ્રમાણે- સચિત્ત દ્રવ્યનો ત્યાગ કરવો. અચિત્ત દ્રવ્યનો ત્યાગ નહિ કરવો, વિનયથી શરીરને અનવત કરવું, ભગ-વંતને ચક્ષુથી જોતાં અંજલિ કરવી. અને મનની એકાગ્રતા કરવી. ત્યાં આવીને શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વાર પ્રદક્ષિણા કરે છે. કરીને વાંદે છે, નમે છે. ઋષભદત્ત-બ્રાહ્મણને આગળ કરી પોતાના પરિવારસહિત ઉભી રહીને શુશ્રૂષા કરતી, નમતી અભિમુખ રહીને હાથ જોડી યાવત્ ઉપાસના કરે છે.

ત્યારબાદ તે દેવાનંદા બ્રાહ્મણીને પાનો ચઢ્યો-તેના સ્તનમાંથી દૂધની ધારા છૂટી, તેના લોચનો આનંદાશ્રુથી ભિનાં થયાં, તેની હર્ષથી એકદમ ફુલતી ભુજાઓને તેના કડાઓએ રોકી, તેનો કંચુક વિસ્તીર્ણ થયો, મેઘની ધારાથી વિકસિત થયેલા કદંબ-પુષ્પની પેઠે તેના રોમકૂપ ઉભાં થયા, અને તે શ્રમણ ભગવંત મહાવીરને અનિમિષ દૃષ્ટિથી જોતી જોતી ઉભી રહી. ત્યારે 'ભગવન્ ! એમ કહી ભગવાન્ ગૌતમ શ્રમણ ભગવંત મહાવીરને વાંદે છે, નમે છે. તેણે આ પ્રમાણે કહ્યું હે ભગવન્ ! આ દેવાનંદા બ્રાહ્મણીના સ્તનમાંથી દૂધની ધારા કેમ વછૂટી ઈત્યાદિ પૂર્વે કહ્યા અને દેવાનુપ્રિય તરફ અનિમિષ નજરે જોતી જોતી કેમ ઉભી છે ? 'હે ગૌતમ !' એમ કહી શ્રમણભગવાન્ મહાવીરે ભગવંતગૌતમને આ પ્રમાણે કહ્યું-હે ગૌતમ ! આ દેવાનંદા બ્રાહ્મણી મારી માતા છે, હું દેવાનંદા બ્રાહ્મણીને પુત્ર છું. માટે તે દેવાનંદા બ્રાહ્મણીને પૂર્વના પુત્રસ્ને-હાનુરાગથી પાનો ચઢ્યો, યાવત્ જોતી ઉભી છે.

[૪૬૨]ત્યારબાદશ્રમણભગવન્મહાવીરેઋષભદત્તબ્રાહ્મણ,દેવાનંદા બ્રાહ્મણી અને અત્યંત મોટી ઋષિપર્ષદને ધર્મ કહ્યો. યાવત્ પર્ષદ પાછી ગઈ. પછી તે ઋષભદત્ત બ્રાહ્મણ શ્રમણભગવંતમહાવીરની પાસે ધર્મને સાંભળી, હૃદયમાં ધારણ કરી ખુશ થયો, તુષ્ટ થયો અને તેણે ઉભા થઈને શ્રમણભગવંતમહાવીરને ત્રણ વાર પ્રદક્ષિણા કરી, યાવત્ નમસ્કાર કરી આ પ્રમાણે કહ્યું-'હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, ઈત્યાદિ સ્કંદક તાપસના પ્રકરણમાં કહ્યા પ્રમાણે યાવત્ 'જે તમે કહો છો તે એમજ છે' પછી તે ઈશાન દિશા તરફ જાય છે, ત્યાં જઈને પોતાની મેળે આભરણ, માલા અને અલંકારને ઉતારે છે, ઉતારીને પોતાની મેળે પંચમુષ્ટિક લોચ કરે છે. લોચ કરીને જ્યાં શ્રમણભગવંતમહાવીર છે ત્યાં આવે છે, ત્રણવાર પ્રદક્ષિણા કરી યાવત્ નમી તેણે આ પ્રમાણે કહ્યું કે-'હે ભગવન્ ! જરા અને મરણથી આ લોક ચોતરફ પ્રજ્વલિત થયેલો છે, હે ભગવન્ ! આ લોક અત્યન્ત પ્રજ્વલિત થયેલો છે, -એ પ્રમાણે ક્રમથી સ્કંદકતાપસની પેઠે તેણે પ્રવ્રજ્યા લીધી, યાવત્ સામાયિકાદિ અગીયાર અંગોનું અધ્યયન કરે છે, યાવદ્ ઘણા ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ અને દશમ યાવદ્ વિચિત્ર તપકર્મ વડે આત્માને ભાવિત કરતો તે વરસ સુધી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાધુપણાના પર્યાયને પાળે છે. માસિકી સંલેખના વડે આત્માને વાસિત કરીને સાઠ-ભક્તોને અનશનકરવાવડે વ્યતીત કરીને જેને માટે નગ્નભાવ-નિર્ગ્રન્થપણાનો સ્વીકાર કર્યો હતો, યાવત્ તે નિર્વાણરૂપ અર્થને આરાધે છે, યાવત્ સર્વદુઃખથી મુક્ત થાય છે.

હવે તે દેવાનંદા બ્રાહ્મણી શ્રમણ ભગવંત મહાવીરની પાસે ધર્મને સાંભળી, હૃદયમાં અવધારી આનન્દિત અને સંતુષ્ટ થઈ, અને શ્રમણ ભગવંત મહાવીરને ત્રણવાર પ્રદક્ષિણા કરી યાવત્ નમસ્કાર કરી આ પ્રમાણે બોલી-'હે ભગવન્ ! તે એમજ છે,- એ પ્રમાણે ૠષભદત્તની જેમ યાવત્ તેણે ભગવંત કથિત ધર્મ કહ્યો. ત્યારબાદ શ્રમણ ભગવાન્ મહાવીર પોતે દેવાનંદા બ્રાહ્મણીને દીક્ષા આપે છે, દીક્ષા આપીને પોતે આર્યાચંદના નામે આર્યાને શિષ્યાપણે સોંપે છે. ત્યારબાદ તે આર્યાચંદના પોતેજ તે દેવાનંદા બ્રાહ્મણીને દીક્ષા આપે છે, સ્વયમેવ મુંડે છે, સ્વયમેવ શિક્ષા આપે છે એ પ્રમાણે દેવાનંદા ૠષભદત્ત બ્રાહ્મણની પેઠે આર્યાચંદનાના આ આવા પ્રકારના ધાર્મિક ઉપ-દેશને સમ્યક્ પ્રકારે સ્વીકાર કરે છે, અને તેની આજ્ઞા પ્રમાણે વર્તે છે, યાવત્ સંયમવડે પ્રવર્તે છે. ત્યારપછી દેવાનંદા આર્યા આર્યાચંદના પાસે સામાયિકાદિ અગીયાર અંગો-નું અધ્યયન કરે છે. યાવત્ સર્વદુઃખોથી મુક્ત થાય છે.

[૪૬૩] હવે તે બ્રાહ્મણકુંડગ્રામનગરની પશ્ચિમ દિશાએ ક્ષત્રિયકુંડગ્રામ નગર હતુ. તે ક્ષત્રિયકુંડગ્રામનગરમાં જમાલિ નામનો ક્ષત્રિયકુમાર રહેતો હતો. તે આઢ્ય-ધનિક, તેજસ્વી અને યાવદ્ જેનો પરાભવ ન થઈ શકે એવો હતો. તે પોતાના ઉત્તમ પ્રાસાદ ઉપર જેમાં મૃંદગો વાગે છે એવા, અને અનેક પ્રકારની સુંદર યુવતિઓવડે ભજ-વાતા બત્રીશ પ્રકારના નાટકોવડે હસ્તપાદાદિ અવયવોને નચાવતો, સ્તુતિ કરાતો, અત્યન્ત ખુશ કરાતો પ્રાવૃષવર્ષા, શરદ, હેમંત, વસંત,અને ગ્રીષ્મ પર્યન્ત એ છએ ૠતુ-ઓમાં પોતાના વૈભવ પ્રમાણે સુખનો અનુભવ કરતો, સમયને ગાળતો, મનુષ્યસંબન્ધી પાંચ પ્રકારના ઈષ્ટ શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગન્ધરૂપ કામભોગોને અનુભવતો વિહરે-છે. ત્યારબાદ ક્ષત્રિયકુંડગ્રામનગરમાં શૃંગાટક, ત્રિક, ચતુષ્ક અને ચત્વરમાં યાવત્ ઘણા માણસોનો કોલાહલ થતો હતો-ઈત્યાદિ ઔપપાતિક સૂત્રમાં કહ્યા પ્રમાણે કહેવું; યાવત્ ઘણાં માણસો પરસ્પર એ પ્રમાણે જણાવે છે, કે-હે દેવાનુ- પ્રિયો ! એ પ્રમાણે ખરેખર તીર્થની આદિના કરનારા, યાવત્ સર્વજ્ઞ અને સર્વદર્શી શ્રમણભગવન્મહાવીર આ બ્રાહ્મણકુંડગ્રામ નગરની બહાર બહુશાલ ચૈત્યમાં યથાયોગ્ય અવગ્રહને ગ્રહણ કરી યાવત્ વિહરે છે, તેવા પ્રકારના અર્હત્ ભગવંતના નામગોત્રના શ્રવણમાત્રથી પણ મોટું ફલ થાય છે'- ઈત્યાદિ ઔપપાતિક સૂત્રને અનુસારે વર્ણન કરવું, યાવત્ તે જનસમૂહ એક દિશા તરફ જાય છે, અને ક્ષત્રિયકુંડગ્રામ નગરના મધ્યભાગમાંથી બહાર નિકળે છે, જ્યાં બ્રાહ્મણકુંડગ્રામનગર છે, અને જ્યાં બહુશાલકચૈત્ય છે ત્યાં આવે છે. એ પ્રમાણે બધું ઔપપાતિક સૂત્રને અનુસારે કહેવું, ત્યાર પછી તે ઘણા મનુષ્યના શબ્દને યાવત્ જનોના કોલાહલને સાંભળીને અને અવધારીને ક્ષત્રિયકુમાર જમાલિના મનમાં આવા પ્રકારનો વિચાર યાવત્ ઉત્પન્ન થયો-'શું આજે ક્ષત્રિયકુંડગ્રામનગરમાં ઈન્દ્રનો ઉત્સવ છે, સ્કન્દનો ઉત્સવ છે, વાસુદેવનો ઉત્સવ છે, નાગનો ઉત્સવ છે, યક્ષનો ઉત્સવ છે. ભૂતનો ઉત્સવ છે, કૂવાનો ઉત્સવ છે, તળાવનો ઉત્સવ છે, નદીનો ઉત્સવ છે, દ્રહનો ઉત્સવ છે, પર્વતનો ઉત્સવ છે વૃક્ષનો ઉત્સવ છે ચૈત્યનો ઉત્સવ છે યા સ્તૂપનો ઉત્સવ છે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કે જેથી એ બધા ઉગ્રકુલના, ભોગકુલના, રાજકુલના, ઈક્ષ્વાકુકુલના, જ્ઞાતકુલના અને કુરુવંશના ક્ષત્રિયો, ક્ષત્રિયપુત્રો, ભટો, અને ભટપુત્રો, ઈત્યાદિઔપપાતિકસૂત્રને અનુસારે કહેવું,ઈત્યાદિઔપપાતિકસૂત્રમાં વર્ણનકર્યા પ્રમાણે યાવત્ બહાર નિકળે છે ?' એમ વિચાર કરે છે. વિચાર કરીને જમાલિ કંચુકિને બોલાવે છે, બોલાવીને તેને આ પ્રમાણે કહ્યું- 'હે દેવાનુપ્રિય ! શું આજે ક્ષત્રિયકુંડગ્રામ નામના નગરમાં ઈન્દ્રનો ઉત્સવ છે કે યાવત્ આ બધા નગર બહાર નિકળે છે ? જ્યારે તે જમાલિ નામના ક્ષત્રિયકુમારે તે કંચુકિ પુરુષને એ પ્રમાણે કહ્યું ત્યારે તે હર્ષિત અને સંતુષ્ટ થયો, અને તે શ્રમણભગવન્-મહાવીરના આગમનનો નિશ્ચય કરીને હાથ જોડી જમાલિ નામે ક્ષત્રિયકુમારને જય અને વિજય વડે વધાવે છે. તેણે આ પ્રમાણે કહ્યું- હે દેવાનુપ્રિય ! આજે ક્ષત્રિયકુંડગ્રામ નામે નગરમાં ઈન્દ્રનો ઉત્સવ છે-ઈત્યાદિ તેથી યાવત્ બધા નીકળે છે, એમ નથી, પણ હે દેવાનુપ્રિય ! એ પ્રમાણે શ્રમણભગવાન્મહાવીર યાવત્ સર્વજ્ઞ, સર્વદર્શી બ્રાહ્મણકુંડ-ગ્રામનગરની બહાર બહુશાલચૈત્યમાં યથાયોગ્ય અવગ્રહ ગ્રહણ કરીને યાવત્ વિહરે છે. તેથી એ ઉગ્રકુલના, ભોગકુલના ક્ષત્રિયો-ઈત્યાદિ યાવત્ કેટલાક વાંદવા માટે નીકળે છે. ત્યારપછી તે જમાલિ ક્ષત્રિયકુમાર કંચુકિ પુરુષ પાસેથી વાતને સાંભળી, હૃદયમાં અવધારી હર્ષિત અને સંતુષ્ટ થઈ, કૌટુંબિકપુરુષોને બોલાવેછે, તેણે આ પ્રમાણે કહ્યું કે-'હે દેવાનુપ્રિયો ! તમે શીઘ્ર ચારઘંટાવાળા અશ્વરથને જોડીને હાજર કરો અને આ મારી આજ્ઞા પાછી આપો.' ત્યારબાદ જમાલિ ક્ષત્રિયકુમાર એ પ્રમાણે કહ્યું એટલે તે કોટુંબિક પુરુષો તે પ્રમાણે અમલ કરી યાવત્ તેની આજ્ઞા પાછી આપે છે.

ત્યારપછી તે જમાલિ ક્ષત્રિયકુમાર જ્યાં સ્નાનગૃહ છે ત્યાં આવે છે, સ્નાન કરી, તેણે બલિકર્મ કર્યું-ઈત્યાદિ યાવત્ જેમ ઔપપાતિકસૂત્ર જાણવું, યાવત્ તે જમાલિ સર્વ અલંકારથી વિભૂષિત થઈ સ્નાનગૃહથી બહાર નિકળે છે. જ્યાં બહાર ઉપસ્થાન છે, અને જ્યાં ચારઘંટાવાળો અશ્વરથ ઉભો છે ત્યાં આવે છે. ત્યાં આવિને તે ચારઘંટાવાળા અશ્વરથ ઉપર ચઢે છે. માથા ઉપર ધારણ કરાતા કોરંટપુષ્પની માળાવાળા છત્રસહિત, મહાન્ યોદ્ધાઓના સમૂહથી વિંટાયેલો તે ક્ષત્રિયકુંડગ્રામનગરના મધ્યભાગથી બહાર નિકળેછે. જ્યાં બ્રાહ્મણકુંડગ્રામનગર આવેલું છે, અને જ્યાં બહુશાલ નામે ચૈત્ય છે ત્યાં આવે છે. ત્યાં આવીને ઘોડાઓને રોકે છે, અને રથને ઉભો રાખે છે. નીચે ઉતરે છે. પુષ્પ, તાંબૂલ, આયુધાદિ તથા ઉપાનહનો ત્યાગ કરે છે એક સળંગવસ્ત્રનું ઉત્તરાસંગ કરે છે. કરીને કોગળો કરી ચોક્ખા અને પરમ પવિત્ર થઈને અંજલિવડે બે હાથ જોડીને જ્યાં શ્રમણભગવન્મહાવીર છે ત્યાં આવે છે, ત્રણ વાર પ્રદક્ષિણા કરી યાવત્ ત્રિવિધ પર્યુપાસનાથી ઉપાસેછે.શ્રમણભગવંતમહાવીર જમાલિ ક્ષત્રિયકુમારને અને અત્યન્ત મોટી ઋષિ પર્ષદાને યાવત્ ધર્મોપદેશ કરે છે. યાવત્ તે પર્ષદ્ પાછી ગઈ.

ત્યારબાદ તે જમાલિ શ્રમણભગવાન્મહાવીરની પાસેથી ધર્મને સાંભળી, હૃદયમાં અવધારીને હર્ષિત અને સંતુષ્ટહૃદયવાળો થયો, અને યાવત્ ઉભો થઈને શ્રમણ ભગવંતમહાવીરની ત્રણ વાર પ્રદક્ષિણા કરી, વંદન-નમસ્કાર કરી આ પ્રમાણે કહ્યું- હે ભગવન્ ! હું નિર્ગ્રના પ્રવચન ઉપર રુચિ કરું છું, નિર્ગ્રંથના પ્રવચનાનુસારે વર્તવાને તૈયાર થયો છું. વળી જે તમે ઉપદેશો છો તે નિર્ગ્રન્થ પ્રવચન એમ જ છે, હે ભગવન્ ! તેમજ છે.સત્ય છે, અસંદિગ્ધછે, પરન્તુ હે દેવાનુપ્રિય ! મારા માતા પિતાની રજા માગીને હું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આપ ની પાસે મુંડ- થઇ ગૃહવાસનો ત્યાગ કરી અનગારિકપણાને સ્વીકારવા ઈચ્છું છું.' હે દેવાનુપ્રિય ! જેમ સુખ ઉપજે તેમ કરો, પ્રતિબંધ ન કરો.'

[૪૬૪] જ્યારે શ્રમણ ભગવંત મહાવીરે જમાલિને એ પ્રમાણે કહ્યું ત્યારે પ્રસન્ન અને સંતુષ્ટ થઇ શ્રમણભગવંતમહાવીરને ત્રણવાર પ્રદક્ષિણા કરી યાવત્ નમસ્કાર કરી-ને ચારઘંટાવાળા અશ્વરથ ઉપર ચઢે છે, ચઢીને શ્રમણ ભગવંત મહાવીરની પાસેથી અને બહુશાલક ચૈત્યથી નીકળે છે. નીકળીને માથે ધરાતા યાવત્ કોરંટપુષ્પની માલાવાળા છત્રસહિત, મોટા સુભટોના સમૂહથી વીંટાયેલો તે જમાલિ જ્યાં ક્ષત્રિય- કુંડગ્રામનગર છે ત્યાં આવે છે. ક્ષત્રિયકુંડગ્રામનગરની મધ્ય- ભાગમાં થઇને જે સ્થળે પોતાનું ઘર છે અને જ્યાં બહારની ઉપસ્થાનશાલા છે ત્યાં આવે છે. ઘોડાઓને રોકીને રથને ઉભો રાખે છે.રથથી નીચે ઉતરે છે.જ્યાં અંદરની ઉપસ્થાનશાલા છે, જ્યાં માતા-પિતા છે ત્યાં આવે છે, માતા-પિતાને જય અને વિજયથી વધાવે છે. તે જમાલિએ આ પ્રમાણે કહ્યું-હે માતા પિતા ! એ પ્રમાણે મેં શ્રમણ ભગવંત મહાવીર પાસેથી ધર્મ સાંભળ્યો છે, તે ધર્મ મને ઈષ્ટ છે, અત્યન્ત ઈષ્ટ છે, અને તેમાં મારી અભિરુચિ થઇ છે. ત્યારપછી તે જમાલિ કુમારને તેના માતા પિતાએ આ પ્રમાણે કહ્યું- 'હે પુત્ર ! તું ધન્ય છે, હે પુત્ર ! તું કૃતાર્થ છે, હે પુત્ર ! તું કૃતપુણ્ય છે અને હે પુત્ર ! તું કૃતલક્ષણ છે કે જે તે શ્રમણ ભગવંત મહાવીરની પાસેથી ધર્મને સાંભળ્યો છે, અને ધર્મ તને પ્રિય છે, અત્યન્ત પ્રિય છે અને તેમાં તારી અભિરુચિ થઈછે.'

પછી તે જમાલિ ક્ષત્રિયકુમારે બીજીવાર પણ પોતાના માતા-પિતાને આ પ્રમાણે કહ્યું કે-'હે માતા-પિતા ! એ પ્રમાણે મેં શ્રમણ ભગવંત મહાવીરની પાસેથી ધર્મ સાંભળ્યો છે, યાવત્ તેમાં સારી અભિરુચિ થઇ છે. તેથી હું સંસારના ભયથી ઉદ્વિગ્ન થયો છું, જન્મ જરા અને મરણથી ભય પામ્યો છું, તમારી આજ્ઞાથી હું શ્રમણભગવંતમહાવીરની પાસે દીક્ષા લેઈને, ગૃહવાસનો ત્યાગ કરી, અનગારિકપણાને ગ્રહણ કરવા ઈચ્છું છું.

ત્યારબાદ જમાલિ ક્ષત્રિયકુમારની માતા અનિષ્ટ, અપ્રિય, અમનોજ્ઞ, મનને ન ગમે તેવી અને પૂર્વે નહીં સાંભળેલી એવી વાણીને સાંભળી અને અવધારીને રોમકૂપથી ઝરતા પરસેવાથી ભીના શરીરવાળી થઇ, શોકના ભારથી તેનાં અંગો કંપવા લાગ્યા, તે નિસ્તેજ થઈ, તેનું મુખ દીન અને શોકાતુર થયું, કરતલવડે ચોળાયેલી કમલ- માલાની પેઠે તેનું શરીર તત્કાળ ગ્લાન અને દુર્બળ થયું. તે લાવણ્યશૂન્ય, પ્રભારહિત અને શોભા-વિનાનિ થઇ ગઇ. તેના આભૂષણો ઢીલાં થઇ ગયાં, અને તેથી તેના નિર્મલ વલયો પડી ગયાં અને ભાંગીને ચૂર્ણ થઇ ગયા. તેનું ઉત્તરીય વસ્ત્ર શરીર ઉપરથી સરી ગયું, અને મૂર્છાવડે તેનું ચૈતન્ય નષ્ટ થયું હોવાથી તે ભારે શરીરવાળી થઇ ગઈ. તેનો સુકુમાલ કેશપાશ વિખરાઇ ગયો. કુહાડીના ઘાથી છેદાએલી ચંપકલતાની પેઠે અને ઉત્સવ પૂરો થતા ઈન્દ્રધ્વજદંડની જેમ તેનાં સંધિબંધનો શિથિલ થઇ ગયાં, અને તે ફરસબંધી ઉપર સર્વ અંગોવડે 'ધસ્' દઈને નીચે પડી ગઈ. ત્યાર પછી તે જમાલિ ક્ષત્રિયકુમારની માતાના શરીરને વ્યાકુલચિત્તે ત્વરાથી ઢળાતા સોનાના કલશનામુખથી નીકળેલી શીતલ ને નિર્મલ જલધારાના સિંચનવડે સ્વસ્થ કર્યું, અને તે ઉત્ક્ષેપક તાલવૃંત પંખા અને વીંજણા ના જલબિન્દુસહિત પવનવડે અંતઃપુરના માણસોથી આશ્વાસનને પ્રાપ્ત થઇ. રોતી, આક્રં- દન કરતી, શોક કરતી અને વિલાપ કરતી તે જમાલિ ક્ષત્રિયકુમારની માતા એ

જૈન સાઈટ JAINSITE

પ્રમાણે કહેવા લાગી-'હે જાત ! તું અમારે ઈષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ, મનગમતો. આધારભૂત, વિશ્વાસપાત્ર, સંમત, બહુમત, અનુમત, આભરણની પેટી જેવો, રત્નસ્વરૂપ, રત્નના જેવો, જીવિતના ઉત્સવ સમાન અને હૃદયને આનંદજનક એમજ પુત્ર છો. વળી ઉંબરાનાપુષ્પની પેઠે તારા નામનું શ્રવણ પણ દુર્લભ છે, તો તારું દર્શન દુર્લભ હોય એમાં શું કહેવું ? માટે હે પુત્ર ! ખરેખર અમે તારો એક ક્ષણ પણ વિયોગ ઈચ્છતા નથી. જ્યાં સુધી અમે જીવીએ છીએ ત્યાંસુધી તું રહે. અને અમે કાલગત થયા પછી વૃદ્ધા- વસ્થામાં કુલવંશતન્તુની વૃદ્ધિ કરીને નિરપેક્ષ એવો તું દીક્ષા ગ્રહણ કરી ગૃહવાસનો ત્યાગ કરી અનગારિકપણાને સ્વીકારજે.'

ત્યાર પછી તે જમાલિ પોતાના માતા-પિતાને કહ્યું કે-"હે માતા-પિતા ! હમણાં મને જે તમે એ પ્રમાણે કહ્યું કે-હે પુત્ર ! તું અમારે ઈષ્ટ તથા કાંત એક પુત્ર છો-ઈત્યાદિ યાવત્ અમારા કાલગત થયા પછી તું પ્રવ્રજ્યા લેજે." પણ હે માતા-પિતા ! એ પ્રમાણે ખરેખર આ મનુષ્યભવ અનેક જન્મ, જરા, મરણ અને રોગરૂપ શરીર અને માનસિક દુઃખોની અત્યન્ત વેદનાથી અને સેંકડો વ્યસનોથી પીડિત, અધ્રુવ, અનિત્ય અને અશાશ્વત છે, તેમ સંધ્યાના રંગ જેવો, પાણીના પરપોટા જેવો, ડાભની અણી ઉપર રહેલા જલબિન્દુ જેવો, સ્વપ્નદર્શનના સમાન, વિજળીની પેઠે ચંચળ અને અનિત્ય છે. સડવું પડવું અને નાશ પામવો એ તેનો ધર્મ છે. પહેલાં કે પછી તેનો અવશ્ય ત્યાગ કરવાનો છે; તે કોણ જાણે છે કે-કોણ પૂર્વે જશે, અને કોણ પછી જશે ? માટે ! હું તમારી અનુમતિથી યાવત્ પ્રવ્રજ્યા ગ્રહણ કરવાને ઈચ્છું છું.

ત્યારપછી તે જમાલિ ક્ષત્રિયકુમારને તેના માતા પિતાએ આ પ્રમાણે કહ્યું કે-"હે પુત્ર ! આ તારું શરીર ઉત્તમ રૂપ, લક્ષણ વ્યંજન અને ગુણોથી યુક્ત છે, ઉત્તમ બલ, વીર્ય અને સત્ત્વસહિત છે, વિજ્ઞાનમાં વિચક્ષણ છે, સૌભાગ્ય ગુણથી ઉન્નત છે, કુલીન છે, અત્યન્ત સમર્થ છે, અનેક પ્રકારના વ્યાધિ અને રોગથી રહિત છે, નિરુપહત. ઉદાત્ત, અને મનોહર છે, પટુ એવી પાંચ ઈન્દ્રિયોથી યુક્ત અને ઉગતી યુવાસ્થાને પ્રાપ્ત થયેલું છે, અને એ સિવાય બીજા અનેક ઉત્તમ ગુણોથી ભરપૂર છે. માટે હે પુત્ર ! જ્યાં સુધી તારા પોતાના શરીરમાં રૂપ, સૌભાગ્ય તથા યૌવનાદિ ગુણો છે ત્યાંસુધી તેનો તું અનુભવ કર, અને અમો કાલગત થયા પછી વૃદ્ધાવ- સ્થામાં કુલવંશરૂપ તન્તુની વૃદ્ધિ કરીને નિરપેક્ષ એવો તું દીક્ષા લઈને ગૃહવાસનો ત્યાગ કરી અનગારિકપણાને સ્વીકારજે. ત્યારપછી તે જમાલિ ક્ષત્રિયકુમારે પોતાના માતા-પિતાને એ પ્રમાણે કહ્યું કે-'હે માતા-પિતા ! તે બરોબર છે, પણ જે તમે મને એ પ્રમાણે કહ્યું કે-'હે પુત્ર ! આ તારું શરીર યાવત્ તું દીક્ષા લેજે.' પણ એ રીતે તો ખરેખર આ મનુષ્યનું શરીર દુઃખનું ઘર છે, અનેક પ્રકારના સેંકડો વ્યાધિઓનું સ્થાન છે, અસ્થિરૂપ લાકડાનું બનેલું છે, નાડીઓ અને સ્નાયુના સમૂહથી અત્યન્ત વિંટાએલ છે, માટીના વાસણની પેઠે દુર્બલ છે, અશુચિથી ભરપૂર છે, જેનું શુશ્રૂષા કાર્ય હમેશાં ચાલુ છે. જીર્ણ મૃતક અને જીર્ણ ઘરની પેઠે સડવું, પડવું અને નાશ પામવો-એ તેનો સહજ ધર્મો છે. વળી એ શરીર પહેલાં કે પછી અવશ્ય છોડવાનું છે. તો તે કોણ જાણે છે કે કોણ પહેલાં ઈત્યાદિ.

ત્યારપછી તેના માતા-પિતાએ તે જમાલિ ક્ષત્રિયકુમારને કહ્યું કે-'હે પુત્ર ! આ તારે આઠ સ્ત્રીઓ છે, તે વિશાલ કુલમાં ઉત્પન્ન થયેલી અને બાળાઓ છે, તે સમાન

જૈન સાહિત્ય JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

ત્વચાવાળી, સમાન ઉમરવાળી, સમાન લાવણ્ય, રૂપ અને યૌવનગુણથી યુક્ત છે; વળી તે સમાન કુલથી આણેલી, કલામાં કુશલ, સર્વકાલ લાલિત અને સુખને યોગ્ય છે; તે માર્દવગુણથી યુક્ત, નિપુણ, વિનયોપચારમાં પંડિત અને વિચક્ષણ છે; સુંદર મિત, અને મધુર બોલવામાં, તેમજ હાસ્ય, વિપ્રેક્ષિત, ગતિ, વિલાસ અને સ્થિ- તિમાં વિશારદ છે; ઉત્તમ કુલ અને શીલથી સુશોભિત છે; વિશુદ્ધ કુલરૂપ વંશતંતુની વૃદ્ધિ કરવામાં સમર્થ યૌવનાવાળી છે; મનને અનુકૂળ અને હૃદયને ઈષ્ટ છે; વળી ગુણો વડે પ્રિય અને ઉત્તમ છે, તેમજ હમેશાં ભાવમાં અનુરક્ત અને સર્વ અંગમાં સુંદર છે. માટે હે પુત્ર ! તું સ્ત્રીઓ સાથે મનુષ્યસંબન્ધી વિશાલ કામભોગોને ભોગવ અને ત્યારપછી ભુક્તભોગી થઈ વિષયની ઉત્સુકતા દૂર થાય ત્યારે અમારા કાલગત થયા પછી યાવત્ તું દીક્ષા લેજે.

ત્યારપછી તે જમાલિ ક્ષત્રિયકુમારે પોતાના માતા પિતાને કહ્યું - 'હે માતા-પિતા ! હમણા તમે જે મને કહ્યું કે-હે પુત્ર તારે વિશાલ કુલમાં યાવત્ તું દીક્ષા લેજે, તે ઠીક છે. પણ એ પ્રમાણે ખરેખર મનુષ્યસંબન્ધી કામભોગો અશુચી અને અશાશ્વત છે; વાત, પિત્ત, શ્લેષ્મ, વીર્ય અને લોહીને ઝરવાવાળા છે; વિષ્ઠા, મૂત્ર, શ્લેષ્મ, નાસિકાનો મેલ, વમન, પિત્ત, પરુ, શુક્ર અને શોણિતથી ઉત્પન્ન થયેલાં છે; વળી તે અમનોજ્ઞ, ખરાબ મૂત્ર અને દુર્ગન્ધી વિષ્ઠાથી ભરપુર છે; મૃતકના જેવી ગંધવાળા ઉચ્છવાસથી અને અશુભ નિઃશ્વા- સથી ઉદ્વેગને ઉત્પન્ન કરે છે, બીભત્સ, અલ્પકાળસ્થાયી, હલકા, ને કલમલ- ના સ્થાનરૂપ હોવાથી દુઃખરૂપ અને સર્વ મનુષ્યોને સાધારણ છે; શારીરિક અને માનસિક અત્યંત દુઃખવડે સાધ્ય છે; અજ્ઞાન જનથી સેવાએલા છે; સાધુપુરુષોથી હમેશાં નિંદનીય છે; અનંતસંસારની વૃદ્ધિ કરનારા છે, પરિણામે કટુકફળવાળા છે, બળતા ઘાસના પૂળાની પેઠે ન મુકી શકાય તેવા દુઃખાનુબંધી અને મોક્ષમાર્ગમાં વિઘ્નરૂપ છે. વળી હે માતા-પિતા ! તે કોણ જાણે છે કે કોણ પહેલાં જશે અને કોણ પછી જશે ? માટે હે માતા-પિતા ! હું યાવત્ દીક્ષા લેવાને ઈચ્છું છું.'

ત્યારપછી જમાલી ને તેના માતા-પિતાએ કહ્યું કે 'હે પુત્ર ! (પિતામહ), પ્રપિતા-મહ પ્રપિતામહ- થકી આવેલું ઘણું હિરણ્ય, સુવર્ણ, કાંસ્ય, વસ્ત્ર, વિપુલ ધન, કનક યાવત્ સારભૂત દ્રવ્ય વિદ્યમાન છે, અને તે તારે સાત પેઢી સુધી પુષ્કળ દાન દેવા ભોગવવાને અને વહેંચવા માટે પૂરતું છે. માટે હે પુત્ર ! મનુષ્યસંબન્ધી વિપુલ ઋદ્ધિ અને સન્માનને ભોગવ, અને ત્યારપછી સુખનો અનુભવ કરી, અને કુલવંશને વધારી યાવત્ તું દીક્ષા લેજે.' ત્યાર- બાદ જમાલિ પોતાના માતા-પિતાને કહ્યું કે-'હે માતા-પિતા ! તમે જે એ પ્રમાણે કહ્યું કે, 'હે પુત્ર ! આ હિરણ્યાદિ દ્રવ્ય યાવત્ આવેલું છે, ઈત્યાદિ યાવત્ તું દીક્ષા લેજે. એ ઠીક છે, પણ એ પ્રમાણે ખરેખર તે હિરણ્ય, સુવર્ણ, યાવત્ સર્વ સારભૂત દ્રવ્ય અગ્નિને સાધારણ છે, ચોરને, રાજાને, મૃત્યુને,અને ને દાયાદ સાધારણ છે, અગ્નિને સામાન્ય છે, યાવત્ દાયાદને સામાન્ય છે. વળી તે અધ્રુવ, અનિત્ય, અને અશાશ્વત છે. પહેલાં કે પછી તે અવશ્ય છોડવાનું છે, તે કોણ જાણે છે કે પહેલાં કોણ જશે અને પછી કોણ જશે ? ઈત્યાદિ યાવત્ હું પ્રવ્રજ્યા લેવાને ઈચ્છું છું.'

જ્યારે જમાલિ ક્ષત્રિયકુમારને તેના માતા પિતા વિષયને અનુકૂલ એવી ઘણી યુક્તિઓ, પ્રજ્ઞપ્તિઓ, સંજ્ઞપ્તિઓ અને વિજ્ઞપ્તિઓથી કહેવાને, જણાવવાને, સમજા - વવાને, વિનવવાને સમર્થ ન થયા ત્યારે તેઓ વિષયને પ્રતિકૂલ, અને સંયમને વિષે ભય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને ઉદ્વેગ કરનારી એવી ઉક્તિઓથી સમજાવતા આ પ્રમાણે કહ્યું કે 'હે પુત્ર ! એ પ્રમાણે ખરેખર નિર્ગ્રંથ પ્રવચન સત્ય, અનુત્તર અને અદ્વિતીય છે. ઇત્યાદિ આવશ્યક સૂત્રમાં કહ્યા પ્રમાણે યાવત્ તે સર્વ દુઃખોનો નાશ કરનારું છે. પરન્તુ તે સર્પની પેઠે એકાંત-નિશ્ચિતદૃષ્ટિવાળું, અસ્ત્રાની પેઠે એકાંત ધારવાળું, લોઢાના જવને ચાવવાની પેઠે દુષ્કર, અને વેળુના કોળીયાની પેઠે નિઃસ્વાદ છે, વળી તે ગંગા નદીના સામે પ્રવાહે જવાની પેઠે, અને બે હાથથી સમુદ્ર તરવાના જેવું તે પ્રવચનનું અનુપાલન મુશ્કેલ છે. તીક્ષ્ણ ખડ્ગાદિ ઉપર ચાલવાના જેવું [દુષ્કર] છે, મોટી શિલાને ઉંચકવા બરોબર છે અને તરવાની ધારની સમાન વ્રતનું આચરણ કરવાનું છે. હે પુત્ર ! શ્રમણ નિર્ગ્રંથોને આધાકર્મિક, ઔદ્દેશિક,મિશ્રજાત,અધ્યવપૂરક,પૂતિ,ક્રીત,પ્રામિત્ય, અચ્છેદ્ય, અનિઃસૃષ્ટ, અભ્યાહૃત, કાંતારભક્ત, દુર્ભિક્ષભક્ત, ગ્લાનભક્ત, વાર્દલિકાભક્ત, પ્રાઘૂર્ણકભક્ત, શય્યાતરપિંડ અને રાજપિંડ, તેમજ મૂલનું ભોજન, કંદનું ભોજન, ફલનું ભોજન, બીજનું ભોજન અને હરિતનું ભોજન ખાવું કે પીવું કલ્પતું નથી. વળી હે પુત્ર ! તું સુખને યોગ્ય છો પણ દુઃખનો યોગ્ય નથી. તેમજ ટાઢ, તડકા, ભુખ, તરશ, ચોર શ્વાપદ, ડાંસ અને મચ્છરના ઉપદ્રવોને, તથા વાતિક, પૈત્તિક, શ્લૈષ્મિક અને સંનિપાતજન્ય વિવિધ પ્રકારના રોગો તેમજ પરિષહ અને ઉપસર્ગોને સહવાને તું સમર્થ નથી, માટે તારો વિયોગ એક ક્ષણ પણ ઇચ્છતા નથી; અમારા કાલગત થયા પછી યાવત્ તું દીક્ષા લેજે.'

ત્યારપછી તે જમાલિ નામે ક્ષત્રિકુમારે પોતાના માતા-પિતાને આ પ્રમાણે કહ્યું કે-'હે માતા-પિતા ! તમે મને જે એ પ્રમાણે કહ્યું કે-હે પુત્ર ! નિર્ગ્રંથપ્રવચન સત્ય, અનુત્તર અને અદ્વીતીય છે-ઇત્યાદિ યાવત્ અમારા કાલગત થયા પછી તું દીક્ષા લેજે. તે ઠીક છે, પણ એ પ્રમાણે ખરેખર નિર્ગ્રન્થ પ્રવચન ક્લીબ-મન્દશક્તિવાળા, કાયર અને હલકા પુરુષોને, તથા આ લોકમાં આસક્ત, પરલોકથી પરાઙ્મુખ એવા વિષયની તૃષ્ણાવાળા સામાન્ય પુરુષોને દુષ્કર છે; પણ ધીર, નિશ્ચિત અને પ્રયત્નવાન્ પુરુષને તેનું અનુપાલન જરા પણ દુષ્કર નથી. માટે હે માતા-પિતા ! હું તમારી અનુમતિથી શ્રમણભગવંત-મહાવીરની પાસે યાવદ્ દીક્ષા લેવાને ઇચ્છુંછું. જ્યારે જમાલિક્ષત્રિયકુમારને તેના માતા-પિતા વિષયને અનુકૂલ તથા વિષયને પ્રતિકૂલ એવી ઘણી ઉક્તિઓ, પ્રજ્ઞપ્તિઓ, સંજ્ઞપ્તિઓ અને વિનંતિઓથી કહેવાને યાવત્ સમજાવ- વાને શક્તિમાન્ ન થયા ત્યારે વગર ઇચ્છા એ તેઓએ જમાલિને દીક્ષા લેવાની અનુમતિ આપી.

[૪૬૫] ત્યાર પછી તે જમાલિ ના પિતાએ કૌટુંબિક પુરુષોને બોલાવ્યા. અને બોલાવીને એમ કહ્યું કે-'હે દેવાનુપ્રિયો ! શીઘ્ર આ ક્ષત્રિયકુંડગ્રામ નગ- રની બહાર અને અંદર પાણીથી છંટકાવ કરાવો, વાળીને સાફ કરાવો, અને લીંપાવો' – ઇત્યાદિ જેમ ઔપપાતિક સૂત્રમાં કહ્યું છે તેમ ત્યારબાદ ફરીને પણ જમાલિ ક્ષત્રિયકુમારના પિતાએ કૌટુંબિક પુરુ- ષોને બોલાવ્યા, અને બોલાવીને આ પ્રમાણે કહ્યું કે-'હે દેવાનુપ્રિયો ! જલદી જમાલિનો મહાર્થ, મહામૂલ્ય, મહાપૂજ્ય અને મોટો દીક્ષાનો અભિષેક તૈયાર કરો.' ત્યારબાદ જમાલિ ક્ષત્રિયકુમારને તેના માતા-પિતા ઉત્તમ સિંહાસનમાં પૂર્વ દિશા સન્મુખ બેસાડે છે, અને બેસાડીને એકસો આઠ સોનાના કલશોથી-ઇત્યાદિ રાજપ્રશ્નીયસૂત્રમાં કહ્યા પ્રમાણે યાવત્ સર્વ ઋદ્ધિવડે યાવદ્ મોટા શબ્દમોટા નિષ્કમણાભિષેકથી તેનો અભિષેક કરે છે. અભિષેક કર્યા બાદ તે જમાલિ ક્ષત્રિયકુમારના માતા-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પિતા હાથ જોડી યાવત્ તેને જય અને વિજયથી વધાવે છે. વધાવીને તેઓએ આ પ્રમાણે કહ્યું કે-'હે પુત્ર! તું કહે કે તને અમે શું દઈએ, શું આપીએ, અથવા તારે કાંઈ પ્રયોજન છે? ત્યારે તે જમાલિ ક્ષત્રિયકુમારે પોતાના માતા-પિતાને આ પ્રમાણે કહ્યું કે-હે માતા-પિતા! હું કુત્રિકાપણથી એક રજોહરણ અને એક પાત્ર મંગાવવા તથા એક હજામને બોલાવવા ઈચ્છું છું; ત્યારે તે જમાલિ ક્ષત્રિયકુમારના પિતાએ કૌટુંબિક પુરુષોને બોલાવ્યા અને બોલાવીને કહ્યું કે-'હે દેવાનુપ્રિયો! શીઘ્ર આપણા ખજાનામાંથી ત્રણ લાખ (સોનૈયા) ને લઈને તેમાંથી બે લાખ (સોનૈયા) વડે કુત્રિકાપણથી એક રજોહરણ અને એક પાત્ર લાવો, એક લાખ સોનૈયા આપીને એક હજામને લાવો. જ્યારે જમાલિ ક્ષત્રિયકુમારના પિતાએ તે કૌટુંબિક પુરુષોને એ પ્રમાણે આજ્ઞા કરી ત્યારે તેઓ ખુશ થયા, તુષ્ટ થયા, અને હાથ જોડીને યાવત્ પોતાના સ્વામીનું વચન સ્વીકારીને તુરતજ ખજાનામાંથી ત્રણ લાખ સુવર્ણમુદ્રા લઈને યાવત્ હજામને બોલાવે છે, ત્યારબાદ જમાલિ ક્ષત્રિયકુમારના પિતાએ કૌટુંબિક પુરુષો દ્વારા બોલાવેલો તે હજામ ખુશ થયો, તુષ્ટ થયો, ન્હાયો, અને બલિકર્મ કરી, યાવત્ તેણે પોતાનું શરીર શણગાર્યું, અને પછી જ્યાં જમાલિ ક્ષત્રિયકુમારનો પિતા છે ત્યાં તે આવે છે.

આવીને હાથ જોડીને જમાલિ ક્ષત્રિયકુમારના પિતાને જય અને વિજયથી વધાવે છે; પછી તે હજામ બોલ્યો કે-'હે દેવાનુપ્રિય! જે મારે કરવાનું હોય તે ફરમાવો.' ત્યારપછી તે જમાલિ ક્ષત્રિયકુમારના પિતાએ તે હજામને કહ્યું કે-'હે દેવાનુપ્રિય! જમાલિ ક્ષત્રિયકુમારના અત્યન્ત યત્નપૂર્વક ચાર અંગુલ મૂકીને નિષ્ક્રમ- ણને (દીક્ષાને) યોગ્ય આગળના વાળ કાપી નાખ. ત્યારપછી જ્યારે જમાલિ ક્ષત્રિય- કુમારના પિતાએ તે હજામને એ પ્રમાણે કહ્યું ત્યારે તે ખુશ થયો, તુષ્ટ થયો અને હાથ જોડીને એ પ્રમાણે બોલ્યો-'હે સ્વામિન્! આજ્ઞા પ્રમાણે કરીશ' એમ કહીને વિનયથી તે વચનનો સ્વીકાર કરે છે. સ્વીકાર કરીને સુગંધી ગંધોદકથી હાથ પગને ધુએ છે, શુદ્ધ આઠપડવાળા વસ્ત્રથી મોઢાને બાંધી અત્યંત યત્નપૂર્વક જમાલિક્ષત્રિયકુમારના નિષ્ક્રમણ યોગ્ય અગ્રકેશો ચાર આંગળ મૂકીને કાપે છે. ત્યારપછી જમાલિ ક્ષત્રિયકુમારની માતા હંસના જેવા શ્વેત પટશાટકથી તે અગ્રકેશોને ગ્રહણ કરેછે. ગ્રહણ કરીને તે કેશોને સુગંધી ગંધોદકથી ધૂએ છે. ધોઈને ઉત્તમ અને પ્રધાન ગંધ તથા માલાવડે પૂજે છે. પૂજીને શુદ્ધ વસ્ત્રવડે બાંધેછે. બાંધીને રત્નના કરંડિયામાં મૂકે છે. ત્યાર પછી તે જમાલિક્ષત્રિય- કુમારની માતા હાર, પાણીની ધારા, સિંદુરવાના પુષ્પો અને તૂટી ગએલી મોતીની માળા જેવાં પુત્રના વિયોગથી દુઃસહ આંસુ પાડતી આ પ્રમાણે બોલી કે-આ કેશો અમારા માટે ઘણી તિથિઓ, પર્વણીઓ, ઉત્સવો, યજ્ઞો, અને મહોત્સવોમાં જમાલિ- કુમારના વારંવારં દર્શનરૂપ થશે; એમ ધારી તેને ઓશીકાના મૂળમાં મૂકે છે.

ત્યારબાદ તે જમાલિ ના માતા-પિતા પુનઃ ઉત્તર દિશા સન્મુખ બીજું સિંહાસન મૂકાવે છે. મૂકાવીને ફરીવાર જમાલિ ને સોના અને રૂપાના કલશો વડે ન્હવરાવે છે. ન્હવરાવીને સુરભિ, દશાવાળી અને સુકુમાલ સુગંધી ગંધકાષાય વસ્ત્ર વડે તેનાં અંગો- ને લૂંછે છે, સરસ ગોશીર્ષ ચંદનવડે ગાત્રનું વિલેપન કરે છે.નાસિકાના નિઃશ્વાસના વાયુથી ઉડી જાય એવું હલકું, આંખને ગમે તેવું સુંદર, વર્ણ અને સ્પર્શસંયુક્ત, ઘોડાની લાળ કરતાં પણ વધારે નરમ, ધોળું, સોનાના કસબી છેડાવાળું, મહામૂલ્યવાળું, અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હંસના ચિહ્નયુક્ત એવું પટશાટક પહેરાવે છે. હાર અને અર્ધહારને પહેરાવે છે. એ પ્રમાણે જેમ સૂર્યાભના અલંકારનું વર્ણન કરેલું છે તેમ અહિં કરવું, યાવત્ વિચિત્ર રત્નોથી જડેલા ઉત્કૃષ્ટ મુકુટને પહેરાવે છે. વધારે શું કહેવું ? પણ ગ્રંથિમ-ગુંથેલી, વેષ્ટિમ વીંટેલી, પૂરિમ-પૂરેલી અને સંઘાતિમ-પરસ્પર સંઘાત વડે તૈયાર થયેલી ચારે પ્રકારની માળાઓ વડે કલ્પવૃક્ષની પેઠે તે જમાલિકુમારને અલંકૃત કરે છે. ત્યાર બાદ તે જમાલિ ક્ષત્રિયકુમારના પિતા કૌટુંબિક પુરુષોને બોલાવે છે. અને બોલાવીને કહ્યું કે-'હે દેવાનુ-પ્રિયો ! શીઘ્ર સેંકડો સ્તંભોવડે સહિત લીલાપૂર્વક પુતલીઓથી યુક્ત-ઈત્યાદિ રાજ પ્રશ્નીયસૂત્રમાં વિમાનનું વર્ણન કર્યું છે તેવી યાવત્ મણિરત્નની ઘંટિકાઓના સમૂહ યુક્ત, હજારપુરુષોથી ઉંચકી શકાય તેવી શીબિકા- તૈયાર કરો અને મારી આજ્ઞા પાછી આપો.' ત્યારબાદ તે કૌટુંબિક પુરુષો યાવત્ આજ્ઞાને પાછી આપે છે. ત્યાર પછી તે જમાલિ ક્ષત્રિયકુમાર કેશાલંકાર, વસ્ત્રાલંકાર માલ્યાલંકાર અને આભરણાકલંકાર એ ચાર પ્રકારના અલંકારથી અલંકૃત થઈ પ્રતિપૂર્ણ અલંકારથી વિભૂષિત થઈ સિંહાસનથી ઉઠે છે. ઉઠીને શિબિકાને પ્રદક્ષિણા દઈને તેના ઉપર ચઢે છે. ચઢીને ઉત્તમ સિંહાસન ઉપર પૂર્વ દિશા સન્મુખ બેસે છે.

ત્યારપછી તે જમાલિ ક્ષત્રિકુમારની માતા સ્નાન કરી બલિકર્મ કરી યાવત્ શરીરને અલંકૃત કરી, હંસના ચિહ્નવાળા પટશાટકને લઈ શિબિકાને પ્રદક્ષિણા કરી તેના ઉપર ચઢે છે; અને ચઢીને તે જમાલિ ક્ષત્રિયકુમારને જમણે પડખે ઉત્તમ ભદ્રાસન ઉપર બેઠી. પછી જમાલિ ની ધાવમાતા સ્નાન કરી યાવત્ શરીરને શણગારી રજોહરણ અને પાત્રને લઈ તે શિબિકાને પ્રદક્ષિણા કરી તેના ઉપર ચઢે છે, જમાલિ ને ડાબે પડખે ઉત્તમ ભદ્રાસન ઉપર બેઠી. ત્યારપછી તે જમાલિ ક્ષત્રિયકુમારની પાછળ મનોહર આકાર અને સુંદર પહેરેશવાળી, સંગતગતિવાળી યાવત્ રૂપ અને યૌવનના વિલાસથી યુક્ત, સુંદર સ્તનવાળી એક યુવતી હિમ, રજત, કુમુદ મોગરાનું ફુલ અને ચંદ્રસમાન કોરંટ-કપુષ્પની માળાયુક્ત, ધોળું છત્ર હાથમાં લઈ તેને લીલાપૂર્વક ધારણ કરતી ઉભી રહે છે. ત્યારપછી તે જમાલિને બન્ને પડખે શૃંગારના જેવા મનોહર આકારવાળી અને સુંદર વેશવાળી ઉત્તમ બે યુવતી સ્ત્રીઓ યાવત્ ઉજ્જવલ વિચિત્ર દંડવાળાં, દીપતાંસ, શંખ, અંક, મોગરાના ફુલ, ચંદ્ર, પાણીના બિન્દુ અને મથેલ અમૃતના ફીણના સમાન ધોળાં ચામરોને ગ્રહણ કરી લીલાપૂર્વક વીંજતી ઉભી રહે છે.

પછી તે જમાલિ ક્ષત્રિયકુમારની ઉત્તરપૂર્વ દિશાએ શૃંગારના ગૃહ જેવી ઉત્તમ વેષવાળી યાવત્ એક ઉત્તમ સ્ત્રી શ્વેત રજતમય, પવિત્ર પાણીથી ભરેલા અને ઉન્મત્ત હસ્તીના મોટામુખનાઆકારવાળા કલશને ગ્રહણકરીને યાવત્ ઉભી રહેછે. ત્યારપછી તે જમાલિની દક્ષિણપૂર્વક શૃંગારના ગૃહરૂપ ઉત્તમ વેષવાળી યાવત્ એક ઉત્તમ સ્ત્રી વિચિત્ર સોનાના દંડવાળા વિંજણાને લઈને ઉભી રહે છે, પછી તે જમાલિ ના પિતાએ કૌટુંબિકપુરુષોને બોલાવ્યા અને કહ્યું કે 'હે દેવાનુપ્રિયો ! શીઘ્ર સરખા, સમાનત્વચા-વાળા, સમાનઉમરવાળા, સમાનલાવણ્ય, રૂપ અને યૌવન ગુણયુક્ત, અને એક સરખા આભરણ અને વસ્ત્રરૂપ પરિકરવાળા એકહજાર ઉત્તમયુવાન કૌટુંબિકપુરુષોને બોલાવો.' પછી તે કૌટુંબિક પુરુષોએ યાવત્ પોતાના સ્વામીનું વચન સ્વીકારીને જલદી એક સરખા અને સરખી ત્વચાવાળા યાવત્ એક હજાર પુરુષોને બોલાવ્યા. ત્યાર પછી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે જમાલિના પિતાએ બોલાવેલા તે પુરુષો હર્ષિત અને તુષ્ટ થયા. સ્નાન કરી, બલિકર્મ કરી, કૌતુક અને મંગલરૂપ પ્રાયશ્ચિત્ત કરી, એકસરખાઘરેણાં અને વસ્ત્રરૂપ પરિકર વાળા થઈને તેઓ જ્યાં જમાલિ ક્ષત્રિયકુમારના પિતા છે ત્યાં આવે છે. આવીને હાથ જોડી યાવત્ વધાવી તેઓએ કહ્યું કે-'હે દેવાનુપ્રિયો ! જે કાર્ય અમારે કરવાનું હોય તે ફરમાવો.' પછી તે જમાલિકુમારના પિતાએ તે હજાર કૌટુંબિક ઉત્તમ યુવાન પુરુષોને આ પ્રમાણે કહ્યું કે-'હે દેવાનુપ્રિયો ! સ્નાન કરી, બલિકર્મ કરી અને યાવત્ એક સરખાં આભ- ણરણ અને વસ્ત્રરૂપપરિકરવાળા તમે જમાલિની શિબિકાને ઉપાડો.' પછી તે જમાલિના પિતાનું વચન સ્વિકારી સ્નાન કરેલા યાવત્ સરખો પહેરવેશ ધારણ કરેલા તે કૌટુંબિકપુરુષો જમાલિકુમારની શિબિકા ઉપાડે છે. પછી જ્યારે તે જમાલિકુમાર હજારપુરુષોથી ઉપાડેલી શીબિકામાં બેઠો ત્યારે સૌ પહેલાં આ આઠ આઠ મંગલો આગળ અનુક્રમે ચાલ્યા. તે આ પ્રમાણે સ્વસ્તિક, શ્રીવત્સ, યાવદ્ દર્પણ. તે આઠ મંગળ પછી પૂર્ણ કલશ ચાલ્યો-ઈત્યાદિ ઉવવાઈ- સૂત્રમાં કહ્યા પ્રમાણે યાવત્ જય જય શબ્દનો ઉચ્ચાર કરતા તેઓ આગળ અનુક્રમે ચાલ્યા. ત્યારપછી ઘણા ઉગ્રકુલમાં ઉત્પન્ન થયેલા, ભોગકુલમાં ઉત્પન્ન થયેલા પુરુષો ઉવવાઇ સૂત્રમાં કહ્યા પ્રમાણે યાવત્ મોટાપુરુષો રૂપી વાગુરાથી વીંટાયેલા જમાલિની આગળ, પાછળ અને પડખે અનુક્રમે ચાલ્યા.

ત્યારપછી તે જમાલિકુમારના પિતા સ્નાન કરી, બલિકર્મ કરી યાવદ્ વિભૂષિત થઈ હાથીના ઉત્તમ સ્કંધ ઉપર ચડી, કોરંટક પુષ્પની માળા યુક્ત. ધારણ કરાતા છત્ર-સહિત, બે શ્વેત ચામરોથી વીંજાતા, ઘોડા, હાથી, રથ ને પ્રવર યોદ્ધાઓ સહિત ચતુ-રંગિણી સેના સાથે પરિવૃત્ત થઈ, મોટા સુભટના વૃન્દથી યાવત્ વીંટાયેલા જમાલિ ક્ષત્રિય કુમારની પાછળ ચાલે છે, ત્યારપછી તે જમાલિની આગળ મોટા અને ઉત્તમ ઘોડા-ઓ,અને બન્ને પડખે ઉત્તમ હાથીઓ, પાછળ રથો અને રથનો સમૂહ ચાલ્યો. ત્યારબાદ તે જમાલિકુમાર સર્વ ઋદ્ધિસહિત યાવત્ વાજિંત્રના શબ્દસહિત ચાલ્યો. તેની આગળ કલશ અને તાલવૃન્તને લઈને પુરુષો ચાલતા હતા, તેના ઉપર ઉંચે શ્વેતછત્ર ધારણ કરાયું હતું, અને તેના પડખે શ્વેતચામર અને નાના પંખાઓ વીંજાતા હતા. ત્યારપછી કેટલાક લાકડીવાળા, માળાવાળા, પુસ્તકવાળા યાવત્ વીણાવાળા પુરુષો ચાલ્યા. ત્યારપછી એકસોઆઠ હાથી, એકસોઆઠ ઘોડા અને એકસોઆઠ રથો ચાલ્યા, ત્યારપછી લાકડી, તલવાર અને ભાલાને ગ્રહણ કરી મોટું પાયદળ આગળ ચાલ્યું, ત્યારપછી ઘણા યુવરાજો, ધનિકો, તલવરો, યાવત્ સાર્થવાહ પ્રમુખ આગળ ચાલ્યા. યાવદ્ ક્ષત્રિય કુંડગ્રામ નગરની વચ્ચે થઈને જ્યાં બ્રહ્મણકુંડગ્રામનગર છે, જ્યાં બહુશાલકચૈત્ય છે અને જ્યાં શ્રમણ ભગવંત મહાવીર છે ત્યાં જવાનો વિચાર કર્યો.

ત્યારપછી ક્ષત્રિયકુંડગ્રામનગરની વચોવચ નિકળતા તે જમાલિક્ષત્રિયકુમારને શૃંગાટક, ત્રિક, ચતુષ્ક યાવત્ માર્ગોમાં ઘણા ધનના અર્થિઓએ, કામના અર્થિઓએ-ઈત્યાદિ ઔપપાતિકસૂત્રમાં કહ્યા પ્રમાણે યાવત્ અભિનંદન આપતા, સ્તુતિ કરતા આ પ્રમાણે કહ્યું કે-'હે નંદ આનન્દદાયક ! તારો ધર્મ વડે જય થાઓ, હે નન્દ ! તારો તપવડે જય થાઓ, હે નન્દ તારું ભદ્ર થાઓ, -અખંડિત અને ઉત્તમ જ્ઞાન, દર્શન અને ચારિત્ર વડે અજિત એવી ઈન્દ્રિયોને તું જિત, અને જીતિને શ્રમણ ધર્મનું પાલન કર. હે દેવ ! વિઘ્નોને

જીતી તું સિદ્ધિગતિમાં નિવાસ કર. ધૈર્યરૂપ કચ્છને મજબૂત બાંધીને તપવડે રાગદ્વેષરૂપ મલ્લોનો ઘાત કર. ઉત્તમ શુકલ ધ્યાનવડે અષ્ટકર્મરૂપ શત્રુનું મર્દન કર. વળી હે ધીર ! તું અપ્રમત્ત થઈ ત્રણલોકરૂપ રંગમંડપ મધ્યે આરાધનાપતાકાને ગ્રહણ કરી નિર્મળ અને અનુત્તર એવા કેવલજ્ઞાનને પ્રાપ્ત કર, અને જિનવરે ઉપદેશેલ સરલ સિદ્ધિમાર્ગવડે પરમપદરૂપ મોક્ષને પ્રાપ્ત કર. પરીષહરૂપ સેનાને હણીને ઈન્દ્રિયોને પ્રતિકૂલ ઉપસર્ગો-'નો પરાજય કર. તને ધર્મમાં અવિઘ્ન થાઓ'- એ પ્રમાણે તેઓ અભિનંદન આપે છે અને સ્તુતિ કરે છે.ત્યારબાદ તે જમાલિ હજારો નેત્રોની માલાઓથી વારંવાર જોવાતો-ઈત્યાદિ ઔપપાતિકસૂત્રમાં કૂણિકાનો પ્રસંગે કહ્યું છે તેમ અહિં જાણવું; યાવત્ તે [જમાલિ] નીકળે છે. બ્રાહ્મણકુંડગ્રામનગર છે, જ્યાં બહુશાલ ચૈત્ય છે ત્યાં આવે છે. તીર્થંકરના છત્રાદિક અતિશયોને જુએ છે, જોઈને હજારપુરુષોથી વહન કરાતી તે શિબિકાને ઉભી રાખે છે. ઉભી રાખીને તે શિબિકા થકી નીચે ઉતરે છે. ત્યારપછી તે જમાલિને આગળ કરી તેના માતા-પિતા જ્યાં શ્રમણભગવાન્‌મહાવીર છે ત્યાં આવે છે. શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વાર પ્રદક્ષિણા કરી યાવત્ નમી તેઓ બોલ્યા કે-'હે ભગવન્ ! એ પ્રમાણે ખરેખર આ જમાલિ અમારે એક ઈષ્ટ અને પ્રિય પુત્ર છે, જેનું નામ શ્રવણ પણ દુર્લભ છે, તો દર્શન દુર્લભ હોય તેમાં શું કહેવું ? જેમ કોઈ એક કમળ, પદ્મ, યાવત્ સહસ્રપત્ર કાદવમાં ઉત્પન્ન થાય, અને પાણીમાં વધે, તોપણ તે પંકની રજથી તેમ જલના કણથી લેપાતું નથી; એ પ્રમાણે આ જમાલિકુમાર પણ કામથકી ઉત્પન્ન થયો છે અને ભોગોથી વૃદ્ધિ પામ્યો છે, તો પણ તે કામરજથી અને ભોગરજથી લેપાતો નથી, તેમજ મિત્ર, જ્ઞાતિ, પોતાના સ્વજન, સંબન્ધી અને પરિજનથી પણ લેપાતો નથી. હે દેવાનુપ્રિય ! આ જમાલિકુમાર સંસારના ભયથી ઉદ્વિગ્ન થયો છે, જન્મ મરણથી ભયભીત થયો છે, અને દેવાનુપ્રિય એવા આપની પાસે મુંડ-દીક્ષિત થઈને અગાર વાસથી અનગારિકપણાને સ્વીકારવાને ઈચ્છે છે. તો દેવાનુપ્રિયને અમે આ શિષ્યરૂપી ભિક્ષા આપીએ છીએ. આપ આ શિષ્યરૂપ ભિક્ષાનો સ્વીકાર કરો.'

ત્યારે શ્રમણ ભગવંત મહાવીરે તે જમાલિ ક્ષત્રિકુમારને આ પ્રમાણે કહ્યું કે-'હે દેવાનુપ્રિય ! જેમ સુખ ઉપજે તેમ કરો, પ્રતિબન્ધ કરો.' જ્યારે શ્રમણ ભગવાન્ મહાવીરે જમાલિકુમારને એ પ્રમાણે કહ્યું ત્યારે તે હર્ષિત થઈ, તુષ્ટ થઈ, યાવત્ શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વાર પ્રદક્ષિણા કરી યાવદ્ નમસ્કાર કરી, ઉત્તરપૂર્વ દિશા તરફ જાય છે. પોતાની મેળે આભરણ, માલા અને અલંકાર ઉતારે છે. પછી તે જમાલિ કુમારની માતા હંસના ચિહ્નવાળાં પટશાટકથી આભરણ, માલા અને અલંકારોને ગ્રહણ કરે છે. હાર અને પાણીની ધાર જેવા આંસુ પાડતી તેણે પોતાના પુત્ર જમાલિને આ પ્રમાણે કહ્યું કે-'હે પુત્ર ! સંયમને વિષે પ્રયત્ન કરજે, યત્ન કરજે, હે પરાક્રમ કરજે, સંયમ પાળવામાં પ્રમાદ ન કરીશ. એ પ્રમાણે (કહીને) તે જમાલિના માતા-પિતા શ્રમણભગવંતમહાવીરને વાંદે છે, નમે છે; વાંદી અને નમીને જે દિશાથી તેઓ આવ્યા હતા તે દિશાએ પાછા ગયા. ત્યારપછી તે જમાલિ ક્ષત્રિય- કુમાર પોતાની મેળે પંચ મુષ્ટિક લોચ કરે છે, કરીને જ્યાં શ્રમણ ભગવાન્ મહાવીર છે ત્યાં આવે છે, આવીને ઋષભદત્ત બ્રાહ્મણની પેઠે તેણે પ્રવ્રજ્યા લીધી. પરન્તુ જમાલિ ક્ષત્રિયકુમારે પાંચસો પુરુષો સાથે પ્રવ્રજ્યા લીધી-ઈત્યાદિ સર્વ જાણવું. યાવત્ તે જમાલિ અનગાર સામાયિકાદિ અગીઆર અંગોને ભણે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. ભણીને ઘણા ચતુર્થ ભક્ત, છઠ્ઠ, અને યાવત્ માસાર્ધ તથા માસક્ષમણરૂપ વિચિત્ર તપકર્મવડે આત્માને ભાવિત કરતા વિહરે છે.

[૪૬૬] ત્યાર બાદ અન્ય કોઈ દિવસે તે જમાલિ અનગાર જ્યાં શ્રમણ ભગવાન્ મહાવીર છે ત્યાં આવે છે, આવીને શ્રમણ ભગવંત મહાવીરને વાંદે છે, નમે છે. વાંદી અને નમીને તેણે આ પ્રમાણે કહ્યું કે-'હે ભગવન્ ! તમારી અનુમતિથી હું પાંચસે અનગારની સાથે બહારના દેશોમાં વિહાર કરવાને ઈચ્છું છું.' ત્યારે શ્રમણ ભગવાન્ મહાવીરે જમાલિ અનગારની આ વાતનો આદર ન કર્યો, સ્વીકાર ન કર્યો, પરન્તુ મૌન રહ્યા. ત્યાર પછી તે જમાલિ અનગારે બીજી વાર, ત્રીજી વાર પણ એ પ્રમાણે કહ્યું કે-' પછી શ્રમણ ભગવાન્ મહાવીરે જમાલિ અનગારની આ વાતનો બીજી વાર, ત્રીજી વાર પણ આદર ન કર્યો, યાવત્ મૌન રહ્યા. ત્યારબાદ જમાલિ અનગાર શ્રમણ ભગવંત મહાવીરને વાંદે છે, નમે છે. વાંદીને-નમીને શ્રમણ ભગવંત મહાવીર પાસેથી અને બહુશાલચૈત્યથી નીકળે છે, પાંચસો સાધુઓની સાથે બહારના દેશોમાં વિહાર કરે છે. તે કાલે અને તે સમયે ચંપા નામે નગરી હતી, પૂર્ણભદ્ર ચૈત્ય હતું. યાવત્ પૃથિવીશિલાપટ્ટ હતો. હવે અન્ય કોઈ દિવસે તે જમાલિ અનગાર પાંચસો સાધુઓના પરિવારની સાથે અનુક્રમે વિહાર કરતા, એક ગામથી બીજે ગામ જતા જ્યાં શ્રાવસ્તી નામે નગરી છે, અને જ્યાં કોષ્ઠક ચૈત્ય છે ત્યાં આવે છે. ત્યાં આવીને યથાયોગ્ય અવગ્રહને ગ્રહણ કરીને સંયમ અને તપવડે આત્માને ભાવિત કરતા વિહરે છે. ત્યારબાદ અન્ય કોઈ દિવસે શ્રમણ ભગવાન્ મહાવીર અનુક્રમે વિચરતા યાવત્ સુખપૂર્વક વિહાર કરતા જ્યાં ચંપાનગરી છે, અને જ્યાં પૂર્ણભદ્ર ચૈત્ય છે ત્યાં આવે છે યથાયોગ્ય અવગ્રહને ગ્રહણ કરી સંયમ અને તપવડે આત્માને ભાવિત કરતા વિચરે છે.

હવે અન્ય કોઈ દિવસે તે જમાલિ અનગારને રસરહિત, વિરસ, અન્ત, પ્રાન્ત, રુક્ષ તુચ્છ, કાલાતિક્રાંત, પ્રમાણાતિક્રાંત શીત પાન-ભોજનથી શરીરમાં મોટો વ્યાધિ પેદા થયો, તે વ્યાધિ અત્યન્ત દાહ કરનાર, વિપુલ, સખ્ત, કર્કશ, કટુક, ચંડ, દુઃખરૂપ, કષ્ટસાધ્ય, તીવ્ર અને અસહ્ય હતો, તેનું શરીર પિત્તજ્વરથી વ્યપ્ત હોવાથી તે દાહયુક્ત હતો. હવે તે જમાલિ અનગાર વેદનાથી પીડિત થયેલો પોતાના શ્રમણ નિર્ગ્રંથોને બોલાવી કહ્યું કે-'હે દેવાનુપ્રિયો ! તમે મારે સુવા માટે સંસ્તારક પાથરો.' ત્યારબાદ તે શ્રમણ નિર્ગ્રન્થો જમાલિઅનગારની આ વાતનો વિનયપૂર્વક સ્વીકાર કરેછે, જમાલિ અનગારને માટે સંસ્તારક પાથરે છે. જ્યારે તે જમાલિઅનગાર અત્યંત વેદનાથી વ્યાકુલ થયો ત્યારે ફરીથી શ્રમણ નિર્ગ્રંથોને બોલાવ્યા અને બોલાવીને કહ્યું કે મારે માટે સંસ્તારક કર્યો છે કે કરાય છે?'

ત્યાર પછી તે શ્રમણ નિર્ગ્રન્થોએ જમાલિ અનગારને એમ કહ્યું કે-'દેવાનુપ્રિયને માટે શય્યાસંસ્તારક કર્યો નથી, પણ કરાય છે.' ત્યાર પછી તે જમાલિ અનગારને આ આવા પ્રકારનો સંકલ્પ ઉત્પન્ન થયો કે-"'શ્રમણ ભગવંત મહાવીર જે એ પ્રમાણે કહે છે, યાવત્ પ્રરૂપે છે કે, ચાલતું હોય તે ચાલ્યું કહેવાય, ઉદીરાતું હોય તે ઉદીરાયું કહેવાય, યાવત્ નિર્જરાતું હોય તે નિર્જરાયું કહેવાય, તે મિથ્યા છે. કારણ કે આ પ્રત્યક્ષ દેખાય છે કે, શય્યા સંસ્તારક કરાતો હોય ત્યાં સુધી તે કરાયો નથી, પથરાતો હોય ત્યાં સુધી તે પથરાયો નથી; જે કારણથી આ શય્યા-સંસ્તારક કરાતો હોય ત્યાં સુધી તે કરાયો નથી,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પથરાતો હોય ત્યાં સુધી તે પથરાયેલો નથી; તે કારણથી ચાલતું હોય ત્યાં સુધી તે ચલિત નથી, પણ અચલિત છે; યાવત્ નિર્જરાતું હોય ત્યાં સુધી તે નિર્જરાયું નથી પણ અનિર્જરિત છે" એ પ્રમાણે વિચાર કરે છે. વિચાર કરીને તે જમાલિ અનગાર શ્રમણ નિર્ગ્રંથોને બોલાવે છે, બોલાવીને તેણે આ પ્રમાણે કહ્યું-'હે દેવાનુપ્રિયો ! શ્રમણ ભગવંત મહાવીર જે આ પ્રમાણે કહે છે, યાવત્ પ્રરૂપે છે કે-ખરેખર એ પ્રમાણે "ચાલતું તે ચલિત કહેવાય" ઈત્યાદિ, પૂર્વવત્ સર્વ કહેવું, યાવત્ નિર્જરાતું હોય તે નિર્જરિત નથી, પણ અનિર્જરિત છે.' જ્યારે જમાલિ અનગાર એ પ્રમાણે કહેતા હતા, યાવત્ પ્રરૂપણા કરતા હતા, ત્યારે કેટલાએક શ્રમણ નિર્ગ્રન્થો એ વાતને શ્રદ્ધાપૂર્વક માનતા હતા, તેની પ્રતીતિ કરતા હતા, રુચિ કરતા હતા; અને કેટલાક શ્રમણ નિર્ગ્રન્થો એ વાત માનતા ન હોતા, તથા તેની પ્રતીતિ અને રુચિ કરતા ન હોતા. તેમાં જે શ્રમણ નિર્ગ્રંથો તે જમાલિ અનગારના આ મન્તવ્યની શ્રદ્ધા કરતા હતા. પ્રતીતિ કરતા હતા અને રુચિ કરતા હતા તેઓ જમાલિ અનગારને આશ્રયી વિહાર કરેછે. અને જે શ્રમણ નિર્ગ્રંથો જમાલિ અનગારના એ મન્તવ્યમાં શ્રદ્ધા કરતા ન હોતા,યાવત્ રુચિ કરતા ન હોતા તેઓ જમાલિ અનગારની પાસેથી કોષ્ઠક ચૈત્ય થકી બહાર નીકળે છે. અનુક્રમે વિચરતા, એક ગામથી બીજે ગામ વિહાર કરતા જ્યાં ચંપા નગરી છે, જ્યાં શ્રમણભગવંતમહાવીર છે ત્યાં આવે છે. ભગવંત મહાવીરને ત્રણ વાર પ્રદક્ષિણા કરે છે, વાંદે છે; નમે છે, અને શ્રમણ ભગવંત મહાવીરની નિશ્રાએ વિહાર કરે છે.

[૪૬૭] ત્યાર પછી કોઈ એક દિવસે તે જમાલિ અનગાર પૂર્વોક્ત રોગના દુઃખથી વિમુક્ત થયો, હૃષ્ટ, રોગરહિત અને બલવાન્ શરીરવાળો થયો. અને શ્રાવસ્તી નગરીથી અને કોષ્ઠક ચૈત્યથી બહાર નીકળી અનુક્રમે વિચરતા ગ્રામાનુગ્રામ વિહાર કરતા જ્યાં ચંપાનગરી છે, જ્યાં પૂર્ણભદ્ર ચૈત્ય છે, અને જ્યાં શ્રમણ ભગવંત મહાવીર છે ત્યાં આવે છે. આવીને શ્રમણ ભગવંત મહાવીરની અત્યન્ત દૂર નહિ તેમ અત્યન્ત પાસે નહિ, તેમ ઉભા રહીને શ્રમણભગવંતમહાવીરને કહ્યું-'જેમ દેવાનુપ્રિયના ઘણા શિષ્યો શ્રમણ નિર્ગ્રન્થો છદ્મસ્થ હોઈને છદ્મસ્થ વિહારથી વિહરી રહ્યા છેઃ પણ હું તેમ છદ્મસ્થ વિહારથી વિહરતો નથી. હું તો ઉત્પન્ન થયેલા જ્ઞાન અને દર્શન ધારણ કરનારો અર્હન્, જિન અને કેવલી થઈને કેવલિવિહારથી વિચરું છું. ત્યાર પછી ભગવંત ગૌતમે તે જમાલિ અનગારને કહ્યું કે-'હે જમાલિ ! ખરેખર એ પ્રમાણે કેવલિનું જ્ઞાન કે દર્શન પર્વતથી સ્તંભથી કે સ્તૂપથી આવૃત થતું નથી, તેમ નિવારિત થતું નથી, જો તું ઉત્પન્ન થયેલા જ્ઞાન, દર્શનને ધારણ કરનાર યાવત્ કેવલિવિહારથી વિચરે છે તો આ બે પ્રશ્નોનો ઉત્તર આપ. લોક શાશ્વત છે કે અશાશ્વત છે ? હે જમાલિ ! જીવ શાશ્વત છે કે અશાશ્વત છે ? જ્યારે ભગવંત ગૌતમે તે જમાલિ અનગારને પૂર્વ પ્રમાણે પૂછ્યું ત્યારે તે શંકિત અને કાંક્ષિત થયો, યાવત્ કલુષિતપરિણામવાળો થયો. જ્યારે તે (જમાલિ) ભગવંત ગૌતમના પ્રશ્નોનો કાંઈ પણ ઉત્તર આપવા સમર્થ ન થયો ત્યારે તેણે મૌન ધારણ કર્યું.

પછી શ્રમણ ભગવાન્ મહાવીરે 'હે જમાલિ !' એમ કહીને તે જમાલિ અનગારને આ પ્રમાણે કહ્યું કે-'હે જમાલિ ! મારે ઘણા શ્રમણ નિર્ગ્રંથ શિષ્યો છદ્મસ્થ છે, તેઓ મારી પેઠે આ પ્રશ્નોનો ઉત્તર આપવા સમર્થ છે. પણ જેમ તું કહે છે તેમ 'હું સર્વજ્ઞ અને જિન છું' એવી ભાષા તેઓ બોલતા નથી. હે જમાલિ ! લોક શાશ્વત છે, કારણ કે 'લોક કદાપિ ન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતો' એમ નથી, 'કદાપિ લોક નથી' એમ નથી, અને 'કદાપિ લોક નહિ હશે' એમ પણ નથી. પરન્તુ લોક હતો, છે ને હશે. તે ધ્રુવ, નિયત, શાશ્વત, અક્ષત, અવ્યય, અવસ્થિત અને નિત્ય છે. વળી હે જમાલિ ! લોક અશાશ્વત પણ છે, કારણ કે અવસર્પિણી થઈને ઉત્સર્પિણી થાય છે. ઉત્સર્પિણી થઈને અવસર્પિણી થાય છે. હે જમાલિ ! જીવ શાશ્વત છે, કારણ કે તે 'કદાપિ ન હતો' એમ નથી, જીવ યાવદ્ નિત્ય છે. વળી હે જમાલિ ! જીવ અશાશ્વત પણ છે, કારણ કે નૈરયિક થઈને તિર્યંચયોનિક થાય છે, તિર્યંચયોનિક થઈને મનુષ્ય થાય છે, અને મનુષ્ય થઈને દેવ થાય છે. ત્યારપછી તે જમાલિ અનગાર આ પ્રમાણે કહેતા, યાવત્ એ પ્રકારે પ્રરૂપણા કરતા શ્રમણભગવાન્મહાવીરની આ વાતની શ્રદ્ધા કરતો નથી, પ્રતીતિ કરતો નથી, રુચિ કરતો નથી, અને આ બાબતની અશ્રદ્ધા કરતો, અપ્રતીતિ કરતો અને અરુચિ કરતો પોતે બીજી વાર પણ શ્રમણ ભગવંત મહાવીર પાસેથી નીકળે છે. નીકળીને ઘણા અસદ્-અસત્ય ભાવને પ્રકટ કરવા વડે અને મિથ્યાત્વના અભિનિવેશ વડે પોતાને, પરને તથા બન્નેને ભ્રાન્ત કરતો અને મિથ્યાત્વ જ્ઞાનવાળા કરતો ઘણા વરસ સુધી શ્રમણ પર્યાયને પાળે છે, પાળીને અર્ધમાસિક સંલેખનાવડે આત્માને-શરીરને કૃશ કરીને અનશનવડે ત્રીશ ભક્તોને પૂરા કરી તે પાપસ્થાનકને આલોચ્યા કે પ્રતિક્રમ્યા સિવાય મરણ સમયે કાલ કરીને લાન્તક દેવલો-કને વિષે તેર સાગરોપમનીસ્થિતિવાળા કિલ્બિષિક દેવોમાં ઉત્પન્ન થયો.

[૪૬૮] પછી તે જમાલિ અનગારને કાલગત થયેલા જાણીને ભગવાન્ ગૌતમ જ્યાં શ્રમણ ભગવાન્ મહાવીર છે ત્યાં આવે છે. શ્રમણ ભગવાન્ મહાવીરને વાંદે છે, નમે છે, વાંદી-નમીને બોલ્યા કે-'હે ભગવન્ ! એ પ્રમાણે દેવાનુપ્રિય એવા આપનો અંતેવાસી કુશિષ્ય જમાલિ નામે અનગાર હતો, તે કાળ સમયે કાળ કરીને ક્યાં ગયો-ક્યાં ઉત્પન્ન થયો ? શ્રમણ ભગવંત મહાવીરે કહ્યું કે-હે ગૌતમ ! મારો અંતેવાસી કુશિષ્ય જમાલિ નામે અનગાર હતો તે જ્યારે હું એ પ્રમાણે કહેતો હતો, યાવત્ પ્રરૂપણા કરતો હતો ત્યારે તે આ બાબતની શ્રદ્ધા કરતો નહોતો, પ્રતીતિ કે રુચિ કરતો નહોતો. આ બાબતની શ્રદ્ધા, પ્રતીતિ છે. રુચિ ન કરતો ફરીતી મારી પાસેથી નીકળીને ઘણા અસદ્-ભૂત-મિથ્યા ભાવોને પ્રકટ કરવાવડે-ઇત્યાદિ યાવત્કિલ્બિષિકદેવપણે ઉત્પન્ન થયો છે.

[૪૬૯] હે ભગવન્ ! કિલ્બિષિક દેવો કેટલા પ્રકારના કહ્યા છે ? હે ગૌતમ ! ત્રણ પ્રકારના. ત્રણ પલ્યોપમની સ્થિતિવાળા, ત્રણ સાગરોપમની સ્થિતિવાળા અને તેર સાગરોપમની સ્થિતિવાળા. હે ભગવન્ ! ત્રણ પલ્યોપમની સ્થિતિવાળા કિલ્બિષિક દેવો કયે ઠેકાણે રહે છે ? હે ગૌતમ ! જ્યોતિષ્ક- દેવોની ઉપર અને ઈશાનદેવલોકની નીચે. હે ભગવન્ ! ત્રણ સાગરોપમની સ્થિતિવાળા કિલ્બિષિક દેવો ક્યા રહે છે ? હે ગૌતમ ! સૌધર્મ અને ઈશાનદેવલોકની ઉપર તથા સનત્કુમાર અને માહેન્દ્ર દેવલોકની નીચે. હે ભગવન્ ! તેર સાગરોપમની સ્થિતિવાળા કિલ્બિષિક દેવો ક્યાં રહે છે ? હે ગૌતમ ! બ્રહ્મલોકની ઉપર અને લાંતક કલ્પની નીચે. હે ભગવન્ ! કિલ્બિષિક દેવો ક્યા કર્મના નિમિત્તે કિલ્બિષિકદેવપણે ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! જે જીવો આચાર્યના પ્રત્યનીક, ઉપાધ્યાય, કુલ ગણપ્ર અને સંઘના પ્રત્યનીક હોય, તથા આચાર્ય અને ઉપાધ્યાયના અયશ કરનારા, અવર્ણવાદ કરનારા, અને અકીર્તિ કરનારા હોય, તથા ઘણા અસત્ય અર્થને પ્રગટ કરવાથી અને મિથ્યા કદાગ્રહથી પોતાને, પરને અને બન્નેને ભ્રાન્ત કરતા,



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દુર્બોધ કરતા, ઘણા વરસ સુધી સાધુપણાને પાળે, અને પાળીને તે અકાર્ય સ્થાનનું આલોચન કે પ્રતિક્રમણ કર્યા સિવાય મરણસમયે કાલ કરીને કોઇ પણ કિલ્બિષિક દેવોમાં કિલ્બિષિકદેવપણે ઉત્પન્ન થાય છે.

હે ભગવન્ ! તે કિલ્બિષિક દેવો આયુષ્યનો ક્ષય થવાથી, ભવનો ક્ષય થવાથી, સ્થિતિનો ક્ષય થવાથી,તરત તે દેવલોકથી ચ્યવીને ક્યાં જાય-ક્યાં ઉત્પન્નથાય?હે ગૌતમ ! તે કિલ્બિષિક દેવો નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવના ચાર કે પાંચ ભવો કરી, એટલો સંસાર ભમણ કરીને ત્યારપછી સિદ્ધ થાય, બુદ્ધ થાય અને યાવદ્, દુઃખોનો નાશ કરે. અને કેટલાક કિબ્લિષિક દેવો તો અનાદિ, અનંત અને દીર્ઘમાર્ગવાળા ચારગતિ સંસારાટવીમાં ભમ્યા કરે. હે ભગવન્ ! શું જમાલિ નામે અનગાર રસરહિત આહાર કરતો, વિરસાહાર કરતો, અંતાહારકરતો, પ્રાંતાહારકરતો, રૂક્ષાહારકરતો, તુચ્છાહાર કરતો, અરસજીવી, વિરસજીવી, યાવત્ તુચ્છજીવી, ઉપશાંતજીવનવાળો, પ્રશાંતજીવનાવાળો, પવિત્ર અને એકાન્ત જીવનવાળો હતો ? હે ગૌતમ ! હા, જમાલિ નામે અનગાર અરસાહારી, વિરસાહારી યાવદ્ પવિત્રજીવનાવાળો હતો. હે ભગવન્ ! જો જમાલિ નામે અનગાર યાવદ્ પવિત્ર જીવનવાળો હતો તો તે જમાલિ અનગાર મરણ સમયે કાલ કરીને લાંતક દેવલોકમાં તેર સાગરોપમની સ્થિતિવાળો કિલ્બિષિક દેવ કેમ થયો ? હે ગૌતમ ! તે આચાર્યનો અને ઉપાધ્યાયનો પ્રત્યનીક હતો, તથા આચાર્ય અને ઉપાધ્યાયનો અયશ કરનાર અવર્ણવાદ કરનાર હતો યાવદ્ તે દુર્બોધ કરતો, યાવત્ ઘણા વરસ સુધી શ્રમણપણાને પાળીને અર્ધમાસિક સંલેખના વડે શરીરને કૃશ કરીને ત્રીશ ભક્તોને અનશન વડે પૂરા કરીને તે સ્થાનકને આલોચ્યા કે પ્રતિક્રમ્યા સિવાય કાળસમયે કાળ કરીને લાંતકકલ્પમાં યાવદ્ ઉત્પન્ન થયો.

[૪૭૦] હે ભગવન્ ! તે જમાલિ નામે દેવ દેવપણાથી, દેવલોકથી, પોતાના આયુષ્યનો ક્ષય થયા બાદ યાવત્ ક્યાં ઉત્પન્ન થશે ? હે ગૌતમ ! તિર્યંચયોનિક, મનુષ્ય, અને દેવના ચાર પાંચ ભવો કરી-એટલો સંસાર ભમી-ત્યાર પછી તે સિદ્ધ થશે, યાવત્ સર્વ દુઃખોનો નાશ કરશે. હે ભગવન્ ! તે એમજ છે,હે ભગવન્ ! તે એમજ છે.

**શતકઃ ૯-ઉદ્દેસાઃ ૩૩ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## -: ઉદ્દેશક ૩૪ :-

[૪૭૧] તે કાલે-તે સમયે રાજગૃહનગરમાં (ભગવાન્ ગૌતમે) યાવત્ એ પ્રમાણે પૂછ્યું કે-હેભગવન્ !કોઇ પુરુષ ઘાત કરતો શું પુરુષનોજ ઘાત કરે કે નોપુરુષનોઘાત કરે ? હે ગૌતમ ! તે બંનેનો ઘાત કરે. હે ભગવન્ ! એ પ્રમાણે આપ શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! તે ઘાત કરનારના મનમાં તો એમ છે કે 'હું એક પુરુષને હણું છું', પણ તે એક પુરુષને હણતો બીજા અનેક જીવોને હણે છે; માટે. હે ભગવન્ ! અશ્વને હણતો કોઇ પુરુષ શું અશ્વને હણે કે નોઅશ્વોને (અશ્વ સિવાય બીજા જીવોને) પણ હણે ? હે ગૌતમ બંનેને હે ગૌતમ તે હણે. હે ભગવન્ ! એ પ્રમાણે આપ શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! પૂર્વવત્ જાણવો. એ પ્રમાણે હસ્તી, સિંહ, વાઘ તથા યાવત્ ચિલ્લક સંબન્ધે પણ જાણવું.

હે ભગવન્ ! કોઇ પુરુષ કોઇ એક ત્રસ જીવને હણતો શું તે ત્રસ જીવને હણે કે તે સિવાય બીજા ત્રસ જીવોને પણ હણે ? હે ગૌતમ ! તે હણે. હે ભગવન્ ! એ પ્રમાણે આપ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! તે હણનારના મનમાં એ પ્રમાણે હોય છે કે 'હું કોઈ એક ત્રસ જીવને હણું છું', પણ તે કોઈ એક ત્રસ જીવને હણતો તે સિવાય બીજા અનેક ત્રસ જીવોને હણે છે. માટે. હે ભગવન્ ! ઋષિને હણતો કોઈ પુરુષ શું ઋષિને હણે કે ઋષિ સિવાય બીજાને પણ હણે ? હે ગૌતમ ! તે બંનેને હણે. હે ભગવન્ ! એ પ્રમાણે આપ શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! તે હણનારના મનમાં એમ હોય છે કે 'હું એક ઋષિને હણું છું', પણ તે એક ઋષિને હણતો અનંત જીવોને હણે છે. ઇત્યાદિ હે ભગવન્ ! કોઇ પુરુષ બીજા પુરુષને હણતો શું પુરુષના વૈરથી બન્ધાય કે નોપુરુષના વૈરથી બન્ધાય ? હે ગૌતમ ! તે અવશ્ય પુરુષના વૈરથી બન્ધાય, અથવા પુરુષના વૈરથી અને નોપુરુષના વૈરથી બન્ધાય, અથવા પુરુષના વૈરથી અને નોપુરુષના વૈરોથી બન્ધાય. એ પ્રમાણે અશ્વસંબન્ધે અને યાવત્ ચિલ્લલક સંબન્ધે પણ જાણવું. હે ભગવન્ ! ઋષિનો વધ કરનાર પુરુષ શું ઋષિના વૈરથી બન્ધાય કે નોઋષિના વૈરથી બન્ધાય ? હે ગૌતમ ! તે બંને થી બંધાય.

[૪૭૨] હે ભગવન્ ! પૃથિવીકાયિક જીવ પૃથિવીકાયિકને આનપ્રાણરૂપે-શ્વાસોચ્છ્વાસરૂપે ગ્રહણ કરે અને મૂકે ? હે ગૌતમ ! હા, હે ભગવન્ ! પૃથિવી- કાયિક જીવ અપ્કાયિકને આનપ્રાણરૂપે - શ્વાસોચ્છ્વાસરૂપે ગ્રહણ કરે અને મૂકે ? હા, ગૌતમ ! એ પ્રમાણે અગ્નિકાય, વાયુકાયિક અને વનસ્પતિકાયિકસંબન્ધે પ્રશ્નો કરવા. હે ભગવન્ ! અપ્કાયિક જીવ પૃથિવીકાયિકને આનપ્રાણરૂપે-ગ્રહણ કરે અને મૂકે ? એ રીતે પૂર્વ પ્રમાણે જાણવું. હે ભગવન્ ! અપ્કાયિક જીવ અપ્કાયિકને આનપ્રાણરૂપે- ગ્રહણ કરે અને મૂકે ? પૂર્વ પ્રમાણે જાણવું. એ પ્રમાણે તેજઃકાય, વાયુકાય અને વનસ્પતિકાય સંબન્ધે પણ જાણવું. હે ભગવન્ ! અગ્નિકાયિક જીવ પૃથિવીકાયિકને આનપ્રાણરૂપે- ગ્રહણ કરે અને મૂકે ? એ પ્રમાણે યાવત્ હે ભગવન્ ! વનસ્પતિકાયિક જીવ વનસ્પતિકાયિકને આનપ્રાણ રૂપે-ગ્રહણ કરે અને મૂકે ? ઉત્તર પૂર્વવત્. હે ભગવન્ ! પૃથિવીકાયિક જીવ પૃથિવીકાયિકને આનપ્રાણરૂપે- ગ્રહણ કરતો અને મૂકતો કેટલી ક્રિયાવાળો હોય ? હે ગૌતમ ! તે કદાચ ત્રણક્રિયાવાળો, કદાચ ચારક્રિયાવાળો અને કદાચ પાંચક્રિયાવાળો હોય. હે ભગવન્ ! પૃથિવીકાયિક જીવ અપ્કાયિકને આનપ્રાણ- રૂપે-ગ્રહણ કરતો ઇત્યાદિ પૂર્વ વત્. એ પ્રમાણે યાવદ્ વનસ્પતિકાયિક સંબન્ધે પણ જાણવું. તથા એ પ્રમાણે અપ્કાયિકની સાથે સર્વ પૃથિવીકાયાદિકનો સંબન્ધ કહેવો. તેજ પ્રકારે તેજઃકાયિક અને વાયુકાયિકની સાથે સર્વનો સંબન્ધ કહેવો. યાવત્ હે ભગવન્ ! વનસ્પતિકાયિક જીવ વનસ્પતિકાયિકને આનપ્રાણરૂપે શ્વાસોચ્છ્વાસરૂપે ગ્રહણ કરતો હે ગૌતમ ! તે કદાચ ત્રણક્રિયાવાળો, કદાચ ચારક્રિયાવાળો અને કદાચ પાંચક્રિયાવાળો પણ હોય.

[૪૭૩] હે ભગવન્ ! વાયુકાયિક જીવ વૃક્ષના મૂળને કંપાવતો કે પાડતો કેટલી ક્રિયાવાળો હોય ? હે ગૌતમ ! કદાચ ત્રણક્રિયાવાળો હોય, કદાચ ચારક્રિયાવાળો હોય અને કદાચ પાંચક્રિયાવાળો પણ હોય. એ પ્રમાણે યાવત્ કંદ સંબન્ધે જાણવું. એ પ્રમાણે યાવત્ બીજને કંપાવતો-ઇત્યાદિ સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! કદાચ ત્રણક્રિયાવાળો, કદાચ ચારક્રિયાવાળો અને કદાચ પાંચક્રિપયાવાળો હોય. હે ભગવન્ ! તે એમજ છે.

**શતક : ૯ - ઉદ્દેસા : ૩૪ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

**શતક : ૯ - ગુર્જરછાયા પૂર્ણ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## શતક-૧૦

### -: ઉદ્દેશક ૧ :-

[૪૭૪]દિશા, સંવૃત અનગાર, આત્મઋદ્ધિ, શ્યામહસ્તી, દેવી, સભા અને ઉત્તર દિશાના અન્તરદ્વીપો-એ સંબન્ધે દશમાં શતકમાં ચોત્રીશ ઉદ્દેશકો છે.

[૪૭૫] રાજગૃહ નગરમાં (ગૌતમ) યાવત્ આ પ્રમાણે બોલ્યા-હે ભગવન્ ! આ પૂર્વદિશા એ શું કહેવાય છે ? હે ગૌતમ ! તે જીવરૂપ અને અજીવરૂપ કહેવાય છે. હે ભગવન્ ! આ પશ્ચિમ દિશા એ શું કહેવાય છે ? હે ગૌતમ ! પૂર્વની પેઠે જાણવું. એ પ્રમાણે દક્ષિણદિશા, ઉત્તરદિશા, ઊર્ધ્વદિશા,અને અધોદિશા સંબન્ધે પણ જાણવું.હે ભગવન્ ! કેટલી દિશાઓ કહી છે ? હે ગૌતમ ! દશ દિશાઓ કહી છે; પૂર્વ, પૂર્વદક્ષિણ દક્ષિણ, દક્ષિણપશ્ચિમ, પશ્ચિમ, પશ્ચિમોત્તર, ઉત્તર, ઉત્તરપૂર્વક, ઊર્ધ્વ અને અધો દિશા. હે ભગવન્ ! એ દશ દિશાઓનાં કેટલાં નામ કહ્યાં છે ? હે ગૌતમ ! દશ નામ કહ્યાં છે. ઇન્દ્રી (પૂર્વી), આગ્નેયી, યામ્યા, નૈઋતી , વારુણી, વાયવ્ય, સોમ્યા, ઐશાની, વિમલા અને તમા (અધો દિશા). હે ભગવન્ ! ઐન્દ્રી શું જીવરૂપ છે, જીવના દેશરૂપ છે કે જીવના પ્રદેશરૂપ છે ? અથવા અજીવરૂપ છે, અજીવના દેશરૂપ છે કે અજીવના પ્રદેશરૂપ છે ? હે ગૌતમ ! તે સર્વે છે. તેમાં જે જીવો છે તે અવશ્ય એકેન્દ્રિય, બેઇન્દ્રિય, યાવત્ પંચેન્દ્રિય, તથા અનિન્દ્રિય (સિદ્ધો) છે. જે જીવના દેશો છે તે અવશ્ય એકેન્દ્રિયના યાવદ્ અનિંદ્રિય-મુક્તજીવના દેશો છે. જે જીવપ્રદેશો છે તે અવશ્ય એકેન્દ્રિય યાવદ્ અનિન્દ્રિય (મુક્ત) જીવના પ્રદેશો છે. વળી જે અજીવો છે તે બે પ્રકારના કહ્યા છે,એક રૂપિઅજીવ અને અરૂપિઅજીવ. તેમાં જે રૂપિઅજીવો છે તે ચાર પ્રકારના કહ્યા છે.-સ્કંધ, સ્કંધદેશ, સ્કંધપ્રદેશ અને પરમાણુ પુદ્ગલ. તથા જે અરૂપિજીવો છે તે સાત પ્રકારના કહ્યા છે, નોધર્માસ્તિકાયરૂપ ધર્માસ્તિકાયનો દેશ, ધર્માસ્તિકાયનો પ્રદેશો, નોઅધર્માસ્તિકાયરૂપ અધર્માસ્તિકાયનો દેશ, અધર્માસ્તિકાયના પ્રદેશો, નો આકાશાસ્તિકયારૂપ આકાશાસ્તિકાયનો દેશ, આકાશા- સ્તિકાયના પ્રદેશો. અને અદ્ધાસમય (કાલ).

હે ભગવન્ ! આગ્નેયી દિશા શું જીવરૂપ છે, જીવદેશરૂપ છે કે જીવપ્રદેશરૂપ છે-- ઇત્યાદિ પ્રશ્ન કરવો. હે ગૌતમ ! નોજીવરૂપ જીવના દેશ અને જીવના પ્રદેશરૂપ છે, અજીવ રૂપ છે, અજીવના દેશરૂપ છે અને અજીવના પ્રદેશરૂપ પણ છે. તેમાં જે જીવના દેશો છે તે અવશ્ય એકેન્દ્રિય જીવના દેશો છે, અથવા એકેન્દ્રિયોના દેશો અને બેઇન્દ્રિયજીવનો દેશ છે, અથવા એકેન્દ્રિયોના દેશો અને બેઇન્દ્રિયના દેશો છે; અથવા એકેન્દ્રિયોના દેશો અને બેઇન્દ્રિયોના દેશો છે. અથવા એકેન્દ્રિયના દેશો અને ત્રીન્દ્રિયનો દેશ છે--ઇત્યાદિ પૂર્વ પ્રમાણે અહિં ત્રણ વિકલ્પો જાણવા. એ પ્રમાણે યાવદ્ અનિંદ્રિય સુધી ત્રણ વિકલ્પો--કહેવા. તેમાં જે જીવના પ્રદેશો છે. તે અવશ્ય એકેન્દ્રિયોના પ્રદેશો છે, અથવા એકેન્દ્રિયોના પ્રદેશો અને બેઇન્દ્રિયના પ્રદેશો છે, એ પ્રમાણે સર્વત્ર પ્રથમ ભાંગા સિવાય બે ભાંગા જાણવા, એ પ્રમાણે યાવદ્ અનિંદ્રિય સુધી જાણવું. હવે જે અજીવો છે તે બે પ્રકારના છે, -રૂપિઅજીવ,અરૂપિઅજીવ. જે રૂપિઅજીવો છે તે ચાર પ્રકારના છે, -સ્કંધો, યાવત્ પરમાણુપુદ્ગલો. તથા જે અરૂપિઅજીવો છે તે સાત પ્રકારના છે, નોધર્માસ્તિકાયરૂપ ધર્માસ્તિકાયનો દેશ, ધર્માસ્તિકાયના પ્રદેશો; એ પ્રમાણે અધર્માસ્તિકાય સંબન્ધે પણ

જાણવું; યાવત્ આકાશાસ્તિકાયના પ્રદેશો અને અદ્ધાસમય. વિદિશાઓમાં જીવો નથી, માટે સર્વત્ર દેશવિષયક ભાંગો જાણવો. હે ભગવન્ ! યામ્યા (દક્ષિણઃ દિશા) શું જીવરૂપ છે-ઈત્યાદિ પૂર્વવત્ પ્રશ્ન. હે ગૌતમ ! એન્દ્રી દિશા સંબન્ધે કહ્યું તેમ સર્વ અહીં જાણવું. જેન આગ્નેે દિશા સંબન્ધે કહ્યું તે પ્રમાણે નૈઋતી દિશા માટે જાણવું. જેમ એન્દ્રી દિશા સંબન્ધે કહ્યું તેમ વારુણી (પશ્ચિમ) દિશા માટે જાણવું. વાયવ્યદિશાને આગ્નેયીની પેઠે જાણવું. એન્દ્રીની પેઠે સૌમ્યા અને આગ્નેયીની પેઠે ઐશાની દિશા જાણવી. તથા વિમલા-ઊધ્વદિશા-માં જેમ આગ્નેયીમાં જીવો કહ્યા તેમ જીવો અને એન્દ્રીમાં અજીવો કહ્યા તેમ અજીવો જાણવા. એ પ્રમાણે તમા-અધોદિશા-ને વિષે પણ જાણવું, વિશેષ એ છે કે, તમાદિશામાં અરુપિઅજીવો છ પ્રકારના છે, કારણ કે ત્યાં અદ્ધાસમય નથી.

[૪૭૬] હે ભગવન્ ! શરીરો કેટલા પ્રકારના કહ્યા છે ? હે ગૌતમ ! શરીરો પાંચ પ્રકારના કહ્યા છે, ઔદારિક, (વૈક્રિય, આહારક, તૈજસ) યાવત્ કાર્મણ. હે ભગવન્ ! ઔદારિક શરીર કેટલા પ્રકારે કહ્યું છે ? હે ગૌતમ ! અહિં સર્વ 'અવગાહના સંસ્થાન' પદ અલ્પબહુત્વ સુધી કહેવું. હે ભગવન્ ! તે એમજ છે, હે ભગવન્ ! તે એમજ છે.

**શતક : ૧૦ - ઉદ્દેસા : ૧ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

**-: ઉદ્દેશક ૨ :-**

[૪૭૭] રાજગૃહ નગરમાં યાવત્ (ગૌતમ) એ પ્રમાણે બોલ્યા-હે ભગવન્ ! કષાયભાવમાં-રહીને આગળ રહેલાં રૂપોને જોતા, પાછળના, પડખેના, ઊંચેના, અને નીચેના રૂપોને અવલોકતા સંવૃત અનગારને શું ઐર્યાપથિકી ક્રિયા લાગે કે સાંપરાયિકી ક્રિયા લાગે ? હે ગૌતમ !ઐર્યાપથિકી ક્રિયા ન લાગે, પણ સાંપરાયિકી ક્રિયા લાગે. હે ભગવન્ ! એ પ્રમાણે આપ શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! જેના ક્રોધ, માન, માયા અને લોભ ક્ષીણ થયા હોય તેને ઐર્યાપથિકી ક્રિયા લાગે-ઈત્યાદિ સપ્તમ શતકના પ્રથમ ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે યાવત્ 'તે સંવૃત અનગાર સૂત્ર વિરુદ્ધ વર્તે છે' ત્યાંસુધી કહેવું. હે ભગવન્ ! અકષાયભાવમાં-રહીને આગળના રૂપોને જોતા, યાવત્ અવલોકતા સંવૃત અનગારને શું ઐર્યાપથિકી ક્રિયા લાગે કે સાંપરાયિકી ક્રિયા લાગે ? હે ગૌતમ ! ઐર્યાપથિકી ક્રિયા લાગે, પણ સાંપરાયિકી ક્રિયા ન લાગે, એ પ્રમાણે આપ શા હેતુથી કહો છો? હે ગૌતમ ! 'જેના ક્રોધ, માન, માયા અને લોભ ક્ષીણ થયા છે તેને ઐર્યાપથિકી ક્રિયા લાગે છે-ઈત્યાદિ પૂર્વવત્.

[૪૭૮] હે ભગવન્ ! યોનિ કેટલા પ્રકારની કહી છે ? હે ગૌતમ ! ત્રણ પ્રકારની. શીત, ઉષ્ણ અને શીતોષ્ણ. એ પ્રમાણે અહીં સમગ્ર યોનિપદ કહેવું.

[૪૭૯] હે ભગવન્ ! વેદના કેટલા પ્રકારની કહી છે ? હે ગૌતમ ! ત્રણ પ્રકારની. શીત, ઉષ્ણ અને શીતોષ્ણ. એ પ્રમાણે અહીં સંપૂર્ણ વેદનાપદ કહેવું. યાવત્- 'હે ભગવન્ ! નૈરયિકો શું દઃખપૂર્વક વેદના વેદે છે, સુખપૂર્વક વેદના વેદે છે કે સુખ-દુઃખ શિવાય વેદના વેદે છે ? હે ગૌતમ ! નૈરયિકો ત્રણે રીતે વેદના વેદે છે.

[૪૮૪] હે ભગવન્ ! જે અનગારે માસિક ભિક્ષુ પ્રતિમાને સ્વીકારેલી છે, અને હમેશાં શરીરના મમત્વનો ત્યાગ કર્યો છે ઈત્યાદિ માસિક ભિક્ષુ પ્રતિમાનો સંપૂર્ણ વિચાર અહિં દશાશ્રુતસ્કંધમાં બતાવ્યા પ્રમાણે યાવત્ બારમી પ્રતિમા સુધી જાણવો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૪૮૧] જો તે ભિક્ષુ કોઇ એક અકૃત્યસ્થાનને સેવીને અને તે અકૃત્યસ્થાનું આલોચન તથા પ્રતિક્રમણ કર્યા વિના કાલ કરે તો તેને આરાધના થતી નથી, પરન્તુ જો તે તે અકૃત્યસ્થાનનું આલોચન અને પ્રતિક્રમણ કરીને કાલ કરે તો તેને આરાધના થાય છે. વળી કદાચ કોઇ ભિક્ષુએ અકૃત્યસ્થાનનું પ્રતિસેવન કર્યું હોય, પછી તેના મનમાં એમ વિચાર થાય કે 'હું મારા અંતકાલના સમયે તે અકૃત્યસ્થાનનું આલોચન કરીશ, યાવત્ તપરૂપ પ્રાયશ્ચિત્તનો સ્વીકાર કરીશ.' ત્યારપછી તે ભિક્ષુ તે અકૃત્યસ્થાનનું આલોચન કે પ્રતિક્રમણ કર્યા વિના મરણ પામે તો તેને આરાધના થતી નથી, અને જો તે ભિક્ષુ તે અકૃત્યસ્થાનનું આલોચન અને પ્રતિક્રમણ કરી કાલ કરે તો તેને આરાધના થાય છે. વળી કોઇ ભિક્ષુ કોઇ એક અકૃત્યસ્થાનનું પ્રતિસેવન કરી પછી મનમાં એમ વિચારે કે, 'જો શ્રમણોપાસકો પણ મરણસમયે કાલ કરીને કોઇ એક દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થાય છે, તો શું હું અણપન્નિકદેવપણું પણ નહિં પામું.' એમ વિચારીને તે અકૃત્યસ્થાનનું આલોચન કે પ્રતિક્રમણ કર્યા વિના જો કાલ કરે તો તેને આરાધના થતી નથી, અને જો તે અકૃત્યસ્થાનને આલોચી તથા પ્રતિક્રમી પછી કાલ કરે તો તેને આરાધના થાય છે. હે ભગવન્ ! તે એમજ છે, હે ભગવન્ ! તે એમજ છે,

**શતક : ૧૦-ઉદ્દેસા : ૨ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

**-: ઉદ્દેશક ૩ :-**

[૪૮૨] રાજગૃહ નગરમાં (ભગવાન્ ગૌતમ) યાવત્ આ પ્રમાણે બોલ્યા કે-હે ભગવન્ ! શું દેવ પોતાની શક્તિવડે યાવત્ ચાર પાંચ દેવાવાસોને ઉલ્લંઘન કરે અને ત્યારપછી બીજાની શક્તિવડે ઉલ્લંઘન કરે ? હા, ગૌતમ ! તેમજ છે.એ પ્રમાણે અસુર કુમાર સંબન્ધે પણ જાણવું, પરન્તુ તે આત્મશક્તિથી અસુરકુમારોના આવાસોનું ઉલ્લંઘન કરે. બાકી સર્વ પૂર્વ પ્રમાણે જાણવું. એ રીતે આ અનુક્રમથી યાવત્ સ્તનિતકુમાર, વાનવ્યંતર, જ્યો- તિષ્ક અને વૈમાનિક સુધી જાણવું. 'તેઓ યાવત્ ચાર પાંચ દેવાવાસોનું ઉલ્લંઘન કરે અને ત્યારપછી આગળ પરની શક્તિથી ઉલ્લંઘ કરે' ત્યાંસુધી જાણવું. હે ભગવન્ ! અલ્પ- ઋદ્ધિક-અલ્પશક્તિવાળો દેવ મર્દ્ધિક-મહાશક્તિવાળા દેવ ની વચ્ચે થઇને જાય ? હે ગૌતમ ! એ અર્થ યોગ્ય નથી. હે ભગવન્ ! સમર્દ્ધિક-સમાન શક્તિવાળો-દેવ સમાનશક્તિવાળા દેવની વચ્ચે થઇને જાય ? હે ગૌતમ ! એ અર્થ યોગ્ય નથી. પણ જો તે પ્રમત્ત હોય તો તેની વચ્ચે થઇને જાય. હે ભગવન્ ! શું તે દેવ સામેના દેવને વિમોહ પમાડીને જઇ શકે, કે વિમોહ પમાડ્યા સિવાય જઇ શકે ? હે ગૌતમ ! તે દેવ સામેના દેવને વિમોહ પમાડીને જઇ શકે, પણ વિમોહ પમાડ્યા સિવાય ન જઇ શકે. હે ભગવન્ ! શું તે દેવ પહેલાં વિમોહ પમાડીને પછી જાય કે પહેલાં જઇને પછી વિમોહ પમાડે ? હે ગૌતમ ! તે દેવ પહેલાં વિમોહ પમાડીને પછી જાય, પણ પહેલાં જઇને પછી વિમોહ ન પમાડે.

હે ભગવન્ ! મહર્દ્ધિક-મહાશક્તિવાળો દેવ અલ્પશક્તિવાળા દેવની વચોવચ થઇને જાય ? હા, ગૌતમ ! જાય. હે ભગવન્ ! મહર્દ્ધિક દેવ શું તે અલ્પશક્તિવાળા દેવને વિમોહ પમાડીને જઇ શકે કે વિમોહ પમાડ્યા વિના જઇ શકે ? હે ગૌતમ ! તે બંને રીતે જઇ શકે. હે ભગવન્ ! તે મહર્દ્ધિક દેવ શું પૂર્વે વિમોહ પમાડીને પછી જાય કે પૂર્વે જાય અને

પછી વિમોહ પમાડે ? હે ગૌતમ ! તે બંને કરી શકે. હે ભગવન્ ! અલ્પશક્તિવાળો અસુરકુમાર મહાશક્તિવાળા અસુરકુમારની વચોવચ થઈને જઈ શકે ? હે ગૌતમ ! આ અર્થ યોગ્ય નથી. એ પ્રમાણે સામાન્ય દેવની પેઠે અસુર- કુમારના પણ ત્રણ આલાપક કહેવા. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમાર સુધી કહેવું. તથા વાનવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોને પણ એ પ્રમાણે કહેવું. હે ભગવન્ ! અલ્પશક્તિવાળો દેવ મહાશક્તિ વાળી દેવીની વચોવચ થઈને જાય ? હે ગૌતમ ! એ અર્થ યોગ્ય નથી; હે ભગવન્ ! સમાનશક્તિવાળો દેવ સમાનશક્તિવાળી દેવીની વચોવચ થઈને જાય ? હે ગૌતમ ! એ પ્રમાણે પૂર્વની પેઠે દેવની સાથે દેવીનો દંડક કહેવો, યાવત્ વૈમાનિક સુધી જાણવું. હે ભગવન્!અલ્પશક્તિવાળી દેવી મહાશક્તિવાળા દેવની વચોવચ થઈને જાય?હે ગૌતમ ! ન જાય, એ પ્રમાણે અહીં ત્રીજો દંડક પૂર્વ પ્રમાણે કહેવો; યાવત્- 'હે ભગવન્ ! મહાશક્તિ વાળી વૈમાનિક દેવી અલ્પશક્તિવાળા વૈમાનિક દેવની વચોવચ થઈને જાય?હા, ગૌતમ ! જાય.' હે ભગવન્!અલ્પશક્તિવાળી દેવી મોટી શક્તિવાળી દેવીની વચોવચ થઈને જાય ? હે ગૌતમ ! આ અર્થ યોગ્ય નથી. એ પ્રમાણે સમાનશક્તિવાળી દેવીનો સમાનશક્તિ વાળી દેવી સાથે, તથા મહાશક્તિવાળી દેવીનો અલ્પશક્તિવાળી દેવી સાથે તે પ્રમાણે આલાપક કહેવા, અને એ રીતે એક એકના ત્રણ ત્રણ આલાપક કહેવા. યાવત્ મોટી શક્તિવાળી દેવી સંબંધે એ પ્રમાણે એ ચાર દંડક કહેવા.

[૪૮૩] હે ભગવન્ ! જ્યારે ઘોડો દોડતો હોય ત્યારે તે 'ખુ ખુ' શબ્દ કેમ કરે છે ? હે ગૌતમ ! જ્યારે ઘોડો દોડતો હોય છે, ત્યારે હૃદય અને યકૃતની વચ્ચે કર્કટનામે વાયુ ઉત્પન્ન થાય છે. અને તેથી ઘોડો દોડતો હોય છે ત્યારે તે 'ખુ ખુ' શબ્દ કરે છે.

જૈન સાઈટ JAINSITE .com જયતુ જયતિ શાસનમ્

[૪૮૪] હે ભગવન્ ! અમે આશ્રય કરીશું, શયન કરીશું, ઉભા રહીશું, બેસીશુ, ઈત્યાદિ ભાષા "આમંત્રણી, આજ્ઞાપની, યાચની, પ્રચ્છની, પ્રજ્ઞાપની, પ્રત્યાખ્યાની, ઈચ્છાનુલોમા અનભિગૃહીત, અભિગૃહીત, સંશયકરણી, વ્યાકૃતા, અને અવ્યાકૃતા ભાષા છે." તેમાંની આ પ્રજ્ઞાપની ભાષા કહેવાય ? અને એ ભાષા મૃષા ન કહેવાય ? હે ગૌતમ ! 'આશ્રય કરીશું'- ઈત્યાદિ ભાષા પૂર્વવત્ કહેવાય, પણ મૃષા ભાષા ન કહેવાય. હે ભગવન્ ! તે એમજ છે, (એમ કહી ભગવાન્ ગૌતમ યાવદ્ વિહરે છે;)

**શતક : ૧૦ - ઉદ્દેસા : ૩ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## -: ઉદ્દેશક ૪ :-

[૪૮૭] તે કાલે-તે સમયે વાણિજ્યગ્રામ નગર હતું. ત્યાં દૂતિપલાશ ચૈત્ય હતું. ત્યાં ભગવાન્ મહાવીર સમોસર્યા. પરિષદ્ ધર્મોપદેશ શ્રવણ કરીને પાછી ગઈ. તે કાલે-તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના મોટા શિષ્ય ઈંદ્રભૂતિ નામે અનગાર યાવદ્ ઊર્ધ્વજાનું યાવદ્ વિહરે છે. તે કાલે-તે સમયે શ્રમણભગવાન્મહાવીરના શિષ્ય શ્યામ હસ્તી અનગાર હતા. જે રોહ અનગારની પેઠે ભદ્રપ્રકૃતિના યાવદ્ વિહરતા હતા. ત્યાર પછી શ્રદ્ધાવાળા તે શ્યામહસ્તી અનગાર યાવત્ ઉભા થઈને જ્યાં ભગવાન્ ગૌતમ છે ત્યાં આવે છે, ગૌતમને ત્રણવાર પ્રદક્ષિણા કરી, વંદી, નમી અને પર્યુપાસના કરતા બોલ્યા- હે ભગવન્ ! અસુરકુમારના ઈન્દ્ર ચમરને ત્રાયસ્ત્રિંશક દેવો છે ? હા, છે. હે ભગવન્ ! એ પ્રમાણે આપ શા હેતુથી કહો છો ? હે શ્યામહસ્તી ! તે ત્રાયસ્ત્રિંશક દેવોનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંબન્ધ આ પ્રમાણે છે-તે કાલે-તે સમયે આ જંબૂદ્વીપમાં, ભારતવર્ષમાં કાકંદીનગરી હતી, તે કાકંદીનગરીમાં પરસ્પર સહાય કરનારા તેત્રીશ શ્રમણોપાસક ગૃહપતિઓ રહેતા હતા, જેઓ ધનિક, યાવત્ અપરિભૂત હતા, જીવાજીવને જાણનારા, અને પુણ્ય પાપના જ્ઞાતા તેઓ યાવદ્ વિહરે છે. તે પરસ્પર સહાય કરનારા તેત્રીશ શ્રમણોપાસક પૂર્વે ઉગ્ર, ઉગ્રવિહારી સંવિગ્ન અને સંવિગ્નવિહારી હતા, પણ પાછળથી પાસત્થા, પાસત્થવિહારી અવસન્ન, અવસન્નવિહારી, કુશીલ, કુશીલવિહારી, યથાછંદ, અને યથાછંદવિહારી થઈને તેઓ ઘણા વરસસુધી શ્રમણોપાસકના પર્યાયને પાળે છે, અર્ધમાસિક સંલેખનાવડે આત્માને સેવીને ત્રીશભક્તોને અનશનપણે વ્યતીત કરીને તે પ્રમાદસ્થાનનું આલોચન અને પ્રતિક્રમણ કર્યા વિના કાલ કરી અસુરેંદ્ર, અસુરકુમાર રાજાચમરના ત્રાય સ્ત્રિંશકદેવપણે ઉત્પન્ન થયા.

હે ભગવન્ ! જ્યારથી માંડીને કાકંદીના રહેનારા અને પરસ્પર સહાય કરનારા, તેત્રીશ શ્રમણોપાસકો અસુરેંદ્ર, અસુરકુમારરાજાચમરના ત્રાયસ્ત્રિંશકદેવપણે ઉત્પન્ન થયા ત્યારથી એમ કહેવાય છે કે અસુરેંદ્ર, અસુરકુમારરાજા ચમરને ત્રાયસ્ત્રિંશક દેવો છે ? જ્યારે તે શ્યામહસ્તી અનગારે ભગવંત ગૌતમને એ પ્રમાણે કહ્યું ત્યારે ભગવાન્ ગૌતમ શંકિત, કાંક્ષિત અને અત્યન્ત સંદિગ્ધ થયા, અને તેઓ ઉભા થઈને તે શ્યામહસ્તી અનગારની સાથે જ્યાં શ્રમણ ભગવાન્ મહાવીર હતા ત્યાં આવે છે શ્રમણ ભગવાન્ મહાવીરને વાંદી અને નમીને આ પ્રમાણે બોલ્યા- હે ભગવન્ ! અસુરેંદ્ર, અસુરકુમારના રાજા ચમરને ત્રાયસ્ત્રિંશક દેવો છે ? હા, ગૌતમ ! છે. હે ભગવન્ ! એ પ્રમાણે આપ શા હેતુથી કહો છો ? -ઈત્યાદિ પૂર્વે કહેલો ત્રાયસ્ત્રિંશક દેવોને સર્વ સંબન્ધ કહેવો; યાવત્ કાકંદીના રહેનારા શ્રમણોપાસકો ત્રાયસ્ત્રિંશકદેવપણે ઉત્પન્ન થયા છે ત્યારથી શું એમ કહેવાય છે કે ચમરને ત્રાયસ્ત્રિંશક દેવો છે ? હે ગૌતમ ! તે અર્થ યોગ્ય નથી, તેઓ કદી ન હતાં એમ નથી, કદી ન હશે એમ નથી;કદી નથી એમ પણ નથી. યાવત્ તેઓ નિત્ય છે, અન્ય ચ્યવે છે અને અન્ય ઉત્પન્ન થાય છે. હે ભગવન્ ! વૈરોચનેંદ્ર, વૈરોચનરાજાબલિને ત્રાયસ્ત્રિંશકદેવો છે ? હે ગૌતમ ! હા, છે. હે ભગવન્ ! એ પ્રમાણે આપ શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! બલિના ત્રાયસ્ત્રિંશક દેવોનો સંબન્ધ આ પ્રમાણે છે-તે કાલે-તે સમયે જંબૂદ્વીપના ભારતવર્ષમાં બિભેલ નામે સંનિવેશ હતો. તે બિભેલ સન્નિવેશમાં પરસ્પર સહાય કરનારા તેત્રીશ શ્રમણોપાસકો રહેતા હતા. ઈત્યાદિ જેમ ચરેન્દ્રના સંબન્ધે કહ્યું તેમ અહીં પણ જાણવું. પૂર્વોક્ત સર્વ હકીકત યાવત્ 'તેઓ નિત્ય છે, અવ્યવચ્છિત્તિનયનીઅપેક્ષાએ અન્ય ચ્યવે છે અન્ય ઉત્પન્ન થાય છે'ત્યાંસુધી જાણવી.

હે ભગવન્ ! નાગકુમારના ઈંદ્ર અને નાગકુમારના રાજા ધરણને ત્રાયસ્ત્રિંશક દેવો છે ? હે ગૌતમ!હા, છે. હે ભગવન્ ! એ પ્રમાણે આપ શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! નાગકુમારના ઈંદ્ર અને નાગકુમારના રાજા ધરણના ત્રાયસ્ત્રિંશક દેવોના નામો શાશ્વત કહ્યા છે, જેથી તેઓ કદાપિ ન હતા એમ નથી, કદાપિ નથી એમ નથી, અને કદાપિ ન હશે એમ પણ નથી. યાવત્ અન્ય ચ્યવે છે અને અન્ય ઉપજે છે. એ પ્રમાણે ભૂતાનંદ અને યાવત્ મહાઘોષ ઈન્દ્રના ત્રાયસ્ત્રિંશક દેવો સંબન્ધે પણ જાણવું. હે ભગવન્ ! દેવેંદ્ર દેવરાજ શક્રને ત્રાયસ્ત્રિંશક દેવો છે ? હા ગૌતમ ! છે. હે ભગવન્ ! એ પ્રમાણે આપ શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! શક્રના ત્રાયસ્ત્રિંશક દેવોનો સંબન્ધ આ પ્રમાણે છે-તે કાલે-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે સમયે આ જંબૂદ્વીપના ભરતવર્ષમાં પલાશકસંનિવેશ હતો. તેમાં પરસ્પર સહાય કરનાર તેત્રીશ શ્રમણોપાસક રહેતા હતા-ઈત્યાદિ જેમ ચમર સંબન્ધે કહ્યું તે પ્રમાણે યાવત્ તેઓ વિચરે છે. તેઓ પહેલાં અને પછી ઉગ્ર,ઉગ્રવિહારી, સંવિગ્ન અને સંવિગ્ન-વિહારી થઈને ઘણા વર્ષ સુધી શ્રમણોપાસકપર્યાયને પાળીને માસિક સંલેખનાવડે આત્માને સેવે છે, સેવીને સાઠ ભક્તો અનશન વડે વ્યતીત કરીને આલોચન, પ્રતિક્રમણ કરીને સમાધિને પ્રાપ્ત થાય છે, અને મરણસમયે કાળ કરી યાવત્ ત્રાયસ્ત્રિંશકદેવપણે ઉત્પન્ન થાયછે. ઈત્યાદિ સર્વ વૃત્તાન્ત ચરમેન્દ્રના પ્રમાણે યાવત્ 'અન્ય છે ચ્યવે છે અને અન્ય ઉત્પન્ન થાય છે' ત્યાંસુધી જાણવો.

હે ભગવન્ ! ઈશાન ઈંદ્રને ત્રાયસ્ત્રિંશક દેવો છે ? શક્રની પેઠે ઈશાનેન્દ્રને પણ જાણવું; પરન્તુ વિશેષ એ છે કે તે ગૃહપતિઓ શ્રમણોપાસકો પલાશક સંનિવેશને બદલે ચંપાનગરીમાં ઉત્પન્ન થયેલાં છે. 'જ્યારથી ચંપાના નિવાસી ત્રાયસ્ત્રિંશકપણે ઉત્પન્ન થયા'- ઈત્યાદિ પૂર્વોક્ત સર્વ વૃત્તાન્ત યાવત્ 'અન્ય ઉપજે છે' ત્યાંસુધી જાણવો. હે ભગવન્ ! દેવોના રાજા દેવેંદ્ર સનત્કુમારને ત્રાયસ્ત્રિંશક-દેવો છે હા, ગૌતમ ! છે. હે ભગવન્!આપ એ પ્રમાણે શા હેતુથી કહો છો? હે ગૌતમ!જેમ ધરણેન્દ્ર સંબન્ધે કહ્યું તે પ્રમાણે અહીં જાણવું.એ રીતે યાવત્ પ્રાણતથી માંડીને અચ્યુતપર્યન્ત કહેવું. હે ભગવન્ ! તે એમજ છે ! તે એમજ છે. (એમ કહી ભગવાન્ ગૌતમ વિહરે છે.)

**શતક : ૧૦ ઉદ્દેસા : ૪ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## ઉદ્દેશો-૫

[૪૮૮] તે કાલે-તે સમયે રાજગૃહ નામે નગર હતું, અને ત્યાં ગુણસિલ નામે ચૈત્ય હતુ. યાવત્ સભા પાછી ગઇ. તે કાલે-તે સમયે શ્રમણભગવાન્ મહાવીરના ઘણા શિષ્યો સ્થવિરો જાતિસંપન્ન-ઈત્યાદિ જેમ આઠમાં શતકના સાતમાં ઉદ્દેશકમાં કહ્યું છે તેમ યાવત્ વિહરે છે. ત્યારપછી તે સ્થવિરભગવંતો જાણવાની શ્રદ્ધાવાળા યાવત્ સંશયવાળા થઈને ગૌતમસ્વામીની પેઠે પર્યુપાસના કરતા આ પ્રમાણે બોલ્યા. હે ભગવન્ ! અસુરેંદ્ર અસુરકુમારના રાજા ચમરને કેટલી અગ્રમહિષીઓ કહી છે ? હે આર્યો ! પાંચ પટ્ટરાણીઓ કહી છે. -કાલી રાજી, રજની, વિદ્યુત્ અને મેધા. તેમાંની એક એક દેવીને આઠ આઠ હજાર દેવીઓનો પરિવાર કહ્યો છે.

હે ભગવન્ ! શું તે એક એક દેવી આઠ આઠ હજાર દેવિઓના પરિવારને વિકુ-ર્વવા સમર્થ છે ? હે આર્યો હા, ત્રુટિક હે ભગવન્ ! અસુરેંદ્ર અને અસુરકુમારોનો રાજા ચમર પોતાની ચમરચંચારાજધાનીમાં સુધર્માસભામાં ચમર નામે સિંહાસનમાં બેસી તે ત્રુટિક(સ્ત્રીઓનાપરિવાર)સાથે ભોગવવાલાયક દિવ્યભોગોને ભોગવવા સમર્થછે ? હે આર્યો ! એ અર્થ યોગ્ય નથી. હે ભગવન્ ! એ પ્રમાણે આપ શા હેતુથી કહો છો હે આર્યો અસુરેંદ્ર અને અસુરકુમારના રાજાચમરની ચમરચંચા નામની રાજધાનીમાં સુધર્મા સભામાં માણવક ચૈત્યસ્તંભને વિષે વજ્રમય અને ગોળ-અને ડાબડામાં નાંખેલાં જિનના ઘણાં અસ્થિઓ છે, જે અસુરેંદ્ર અને અસુરકુમારના રાજાચમરને તથા બીજા ઘણાં અસુરકુમારદેવોને અને દેવીઓને અર્ચનીય, વંદનીય, નમસ્કાર કરવા યોગ્ય, પૂજવાયોગ્ય, સત્કાર કરવા યોગ્ય અને સમાન કરવા યોગ્ય છે, તથા કલ્યાણ અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મંગલરૂપ દેવ ચૈત્યની પેઠે ઉપાસના કરવા યોગ્ય છે, માટે તે જિનના અસ્થિઓના પ્રણિધાનમાં તે અસુરેંદ્ર પોતાની રાજધાનીમાં યાવત્ સમર્થ નથી. તેથી હે આર્યો ! એમ કહેવાય છે કે ચમર અસુરેંદ્ર યાવત્ ચમરચંચા રાજધાનીમાં યાવત્ ભોગવવા સમર્થ નથી. પણ હે આર્યો ! તે અસુરેંદ્ર અસુરકુમારરાજાચમર ચમરચંચા નામે રાજધાનીમાં, સુધર્મા સભામાં, ચમરનામે સિંહાસનમાં બેસી ચોસઠહજાર સામાનિકદેવો, ત્રાયસ્ત્રિંશક દેવો, અને બીજા ઘણા અસુરકુમારદેવો તથા દેવીઓ સાથે પરિવૃત થઈ મોટા અને નિરન્તર થતા નાટ્ય, ગીત, અને વાજિંત્રોના શબ્દો વડે કેવલ પરિવારની ઋદ્ધિથી ભોગો ભોગવવા સમર્થ છે, પરન્તુ મૈથુનનિમિત્તક ભોગો ભોગવવા સમર્થ નથી. હે ભગવન્ ! અસુરકુમારના ઈંદ્ર અને અસુરકુમારના રાજાચમરના (લોકપાલ) સોમ મહારાજાને કેટલી પટ્ટરાણીઓ કહી છે ? હે આર્યો ! તેને ચાર પટ્ટરાણીઓ કહી છે, કનકા, કનકલતા, ચિત્રગુપ્તા અને વસુંધરા. ત્યાં એક એક દેવીને એક એક હજાર દેવીનો પરિવાર છે. તેઓમાંની એક એક દેવી એક એક હજાર હજાર દેવીના પરિવારને વિકુર્વી શકે છે, એ પ્રમાણે પૂર્વાપર બધી મળીને ચાર હજાર દેવીઓ થાય છે. તે ત્રુટિક (દેવીઓનો વર્ગ) કહેવાય છે.

[૪૮૯] હે ભગવન્ ! અસુરકુમારના ઈંદ્ર અને અસુરકુમારના રાજા ચમરના (લોકપાલ) સોમમહારાજા પોતાની સોમારાજધાનીમાં સુધર્માસભામાં સોમસિંહાસનમાં બેસી તે ત્રુટિક (દેવીઓના વર્ગ) સાથે ભોગવવા સમર્થ છે? ચમરના સંબન્ધે કહ્યું છે તે સર્વ અહીં પણ જાણવું. પરન્તુ તેનો પરીવાર સૂર્યાભની પેઠે જાણવો. હે ભગવન્ ! તે ચમરના (લોકપાલ) યમમહારાજાને કેટલી પટ્ટરાણીઓ કહી છે ? હે આર્યો ! પૂર્વ પ્રમાણે જાણવું. વિશેષ એ છે કે યમારાજધાની છે. તથા એ પ્રમાણે વરુણના સંબન્ધે પણ જાણવું, પરન્તુ તેને વરુણા રાજધાની છે. તે પ્રમાણે વૈશ્રમણને પણ જાણવું. પરન્તુ તેને વૈશ્રમણા રાજધાની છે બાકી સર્વ પૂર્વ પ્રમાણે જાણવું, યાવત્ 'તેઓ મૈથુનનિમિત્તે ભોગ ભોગવવા સમર્થ નથી.'

હે ભગવન્ ! વૈરોચનેન્દ્ર બલિને કેટલી પટ્ટરાણીઓ કહી છે ? હે આર્ય ! પાંચ પટ્ટરાણીઓ કહી છે; શુભા, નિશુંભા, રંભા, નિરંભા અને મદના. તેમાંની એક એક દેવીને આઠ આઠ હજાર દેવીઓનો પરિવાર હોય છે-ઈત્યાદિ સર્વ ચમરેન્દ્રની પેઠે જાણવું; પરન્તુ બલિ નામે ઈન્દ્રને બલિચંચારાજધાની છે. અને તેનો પરિવાર તૃતીય શતકના પ્રથમ દેશકમાં કહ્યા પ્રમાણે જાણવો, હે ભગવન્ ! વૈરોચનેન્દ્ર વૈરોચનરાજા બલિના (લોકપાલ) સોમમહારાજાને કેટલી પટ્ટરાણીઓ કહી છે ? હે આર્ય ! ચાર પટ્ટરાણીઓ કહી છે, -મેનકા, સુભદ્રા, વિજયા અને અશની. તેમાં એક એક દેવીનો પરિવાર વગેરે બધું ચમરના સોમ નામે લોકપાલની પેઠે જાણવું. એ પ્રમાણે યાવત્ વૈશ્રમણ સુધી જાણવું. હે ભગવન્ ! નાગકુમારના ઈન્દ્ર અને નાગકુમારના રાજા ધરણને કેટલી પટ્ટરાણીઓ કહી છે ? હે આર્ય તેને છ પટ્ટરાણીઓ કહી છે, -ઈલા, શુક્રા, સતારા, સૌદામિની, ઈન્દ્રારા અને ઘનવિદ્યુત. તેમાં એક એક દેવીને છ છ હજાર દેવીઓનો પરિવાર કહ્યો છે. હે ભગવન્ ! તેમાંની એક એક દેવી અન્ય છ છ હજાર દેવીઓના પરિવારને વિકુર્વી શકે ? તેઓ પૂર્વે કહ્યા પ્રમાણે પૂર્વાપર સર્વ મળીને છત્રીશ હજાર દેવીઓને વિકુર્વવા સમર્થ છે. એ પ્રમાણે તે ત્રુટિક (દેવીઓનો સમૂહ) કહ્યો. હે ભગવન્ ! શું ધરણેન્દ્ર પોતાની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધરણારાજધાનીમાં ધરણ સિંહાસનમાં બેસી પોતાના પરિવાર દેવીઓ સાથે ભોગ ભોગવવા સમર્થ છે ઇત્યાદિ ? બાકી સર્વ પૂર્વવત્ જાણવું.

હે ભગવન્ ! નાગકુમારના ઇન્દ્ર ધરણના લોકપાલ કાલવાલ નામે મહારાજાને કેટલી પટ્ટરાણીઓ કહી છે ? હે આર્ય ! ચાર. અશોકા, વિમલા, સુપ્રભા અને સુદર્શના. તેમાં એક એક દેવીનો પરિવાર વગેરે ચમરના લોકપાલોની પેઠે જાણવું. એ પ્રમાણે બાકીના ત્રણે લોકપાલોસંબન્ધે જાણવું. હે ભગવન્ ! ભૂતાનેન્દ્રને કેટલી પટ્ટરાણીઓ કહી છે ? હે આર્ય ! છ પટ્ટરાણીઓ. -રૂપા, રૂપાંશા, સુરૂપા, રૂપકાવતી, રૂપકાંતા અને રૂપપ્રભા. તેમાં એક એક દેવીનો પરિવાર ઇત્યાદિ સર્વ ધરણેન્દ્રની પેઠે જાણવું.

હે ભગવન્ ! ભૂતાનેંદ્રના લોકપાલ નાગવિત્તને કેટલી પટ્ટરાણીઓ કહી છે ? હે આર્ય ! ચાર. -સુનંદા, સુભદ્રા, સુજાતા અને સુમના. તેમાં એક એક દેવીનો પરિવાર વગેરે બધું ચમરેન્દ્રના લોકપાલોની પેઠે જાણવું. એ પ્રમાણે બાકી રહેલા ત્રણે લોકપાલોના સંબન્ધે જાણવું. જે દક્ષિણ દિશાના ઇન્દ્રો છે તેઓને ધરણેન્દ્રની પેઠે જાણવું, અને તેઓના લોકપાલોને પણ ધરણેંદ્રના લોકપાલોની પેઠે જાણવું. તથા ઉત્તર દિશિના ઇંદ્રોને ભૂતાનેંદ્રની પેઠે જાણવું. તેઓના લોકપાલોને પણ ભૂતાનેંદ્રના લોકપાલોની પેઠે જાણવું; પરન્તુ વિશેષ એ છે કે સર્વ ઇન્દ્રોની રાજધાનીઓ અને સિંહાસનો ઇંદ્રના સમાન નામે જાણવાં. અને તેઓનો પરિવાર તૃતીય શતકના પ્રથમ ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે સમજવો. તથા બધા લોકપાલકોની રાજધાનીઓ અને સિંહાસનો પણ તેઓનાં સમાન નામે જાણવાં. અને તેઓનો પરિવાર ચમરેન્દ્રના લોકપાલોના પરિવારની પેઠે જાણવો. હે ભગવન્ ! પિશાચના ઇંદ્ર અને પિશાચના રાજા કાલને કેટલી પટ્ટરાણી કહી છે ? હે આર્ય ! ચાર. -કમલા, કમલપ્રભા, ઉત્પલા અને સુદર્શના. તેમાંની એક એક દેવીને એક એક હજાર દેવીનો પરિવાર છે, બાકી બધું ચમરના લોકપાલોની પેઠે જાણવું, પરન્તુ વિશેષ એ છે કે કાલા નામે રાજધાની અને કાલ નામે સિંહાસન જાણવું.એ પ્રમાણ મહાકાલસંબંધે પણ જાણવું. હે ભગવન્ ! ભૂતના ઇન્દ્ર અને ભૂતના રાજા સૂરૂપને કેટલી પટ્ટરાણીઓ કહી છે ? હે આર્ય ! ચાર. -રૂપવતી, બહુરૂપા, સુરૂપા, ને સુભગા. તેમાં એક એક દેવીનો પરિવાર વગેરે કાલેન્દ્રની પેઠે જાણવું. અને એજ પ્રમાણે પ્રતિરૂપેન્દ્ર સંબંધે પણ જાણવું. હે ભગવન્ ! યક્ષના ઇન્દ્ર પૂર્ણભદ્રને કેટલી પટ્ટરાણીઓ કહી છે ? હે આર્ય ! ચાર. -પૂર્ણા, બહુપુત્રિકા, ઉત્તમા અને તારકા. તેમાં એક એક દેવીનો પરિવાર વગેરે કાલેન્દ્રની પેઠે જાણવું, અને એ પ્રમાણે માણિભદ્ર સંબન્ધે પણ જાણવું. હે ભગવન્ ! રાક્ષસના ઇંદ્ર ભીમને કેટલી પટ્ટરાણીઓ કહી છે ? હે આર્ય ! ચાર. -પદ્મા, પદ્માવતી, કનકા અને રત્નપ્રભા. તેમાં એક એક દેવીનો પરિવાર વગેરે સર્વ કાલેન્દ્રની પેઠે જાણવું. એ પ્રમાણે મહાભીમેન્દ્રસંબન્ધે પણ જાણવું.

હે ભગવન્ ! કિંનરેન્દ્રને કેટલી પટ્ટરાણીઓ કહી છે ? હે આર્ય ! ચાર -અવતંસા, કેતુમતી, રતિસેના અને રતિપ્રિયા. તેઓનાં એક એકનો પરિવાર વગેરે પૂર્વે કહ્યા પ્રમાણે જાણવું. એ પ્રમાણે કિંપુરુષેન્દ્ર સંબંધે પણ જાણવું. હે ભગવન્ ! સત્પુરુષેન્દ્રને કેટલી પટ્ટરાણીઓ કહી છે ? હે આર્ય ! ચાર. -રોહિણી, નવમિકા, હ્રી અને પુષ્પવતી. તેમાં એક એકનો પરિવાર વગેરે બધું પૂર્વની પેઠે જાણવું. એ પ્રમાણે મહાપુરુષેન્દ્ર સંબન્ધે પણ જાણવું. હે ભગવન્ ! અતિકાયેન્દ્રને કેટલી પટ્ટરાણીઓ કહી છે ? હે આર્ય ચાર. -ભુજંગા,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભુજગવતી, મહાકચ્છા અને સ્ફુટા. તેમાં એક એકનો પરિવાર વગેરે બધું પૂર્વની પેઠે જાણવું. એ પ્રમાણે મહાકાયેન્દ્ર સંબન્ધે પણ જાણવું. હે ભગવન્ ! ગીતરતીન્દ્રને કેટલી પટ્ટરાણીઓ હોય છે ? હે આર્ય ! ચાર. -સુઘોષ, વિમલા, સુસ્વરા અને સરસ્વતી. તેમાં એક એકનો પરિવાર વગેરે બધું પૂર્વની પેઠે જાણવું. એ પ્રમાણે ગીતયશ ઈન્દ્ર સંબન્ધે પણ સમજવું. આ સર્વ ઈન્દ્રોને બાકીનુંસર્વ કાલેન્દ્રની પેઠે જાણવું; પરન્તુ વિશેષ એ છે કે, રાજધાનીઓ અને સિંહાસનો ઈન્દ્રના સમાન નામે જાણવાં, બાકી સર્વ પૂર્વની પેઠે જાણવું. હે ભગવન્ ! જ્યોતિષ્કના ઈન્દ્ર અને જ્યોતિષ્કના રાજા ચન્દ્રને કેટલી પટ્ટરાણી ઓ કહી છે ? હે આર્ય ! ચાર -ચન્દ્રપ્રભા, જ્યોત્સ્નાભા, અર્ચિર્માલી અને પ્રભંકરા-ઈત્યાદિજેમ જીવાભિગમસૂત્રમાં જ્યોતિષ્કના ઉદ્દેશકમાં કહ્યું છે તેમ જાણવું. સૂર્યસંબન્ધે પણ બધું તેમજ જાણવું. સૂર્યને ચાર પટ્ટરાણીઓ છે, -સૂર્યપ્રભા, આતપાભા, આર્ચિર્માલી અને પ્રભંકરા-ઈત્યાદિ સર્વ પૂર્વોક્ત કહેવું, યાવત્ તેઓ પોતાની રાજધાનીમાં સિંહાસનને વિષે મૈથુનનિમિત્તે ભોગો ભોગવી શકતા નથી. હે ભગવન્ ! અંગાર નામના મહાગ્રહને કેટલી પટ્ટરાણીઓ કહી છે ? હે આર્ય ! ચાર.-વિજ્યા, વૈજયંતી, જયંતી અને અપરાજિતા. તેમાં એક એક દેવીનો પરિવાર વગેરે બધું ચન્દ્રની પેઠે જાણવું પરન્તુ વિશેષ એ છે કે, અંગારાવતંસકનામના વિમાનમાં અને અંગારક નામના સિંહાસનને વિષે યાવત્ મૈથુનનિમિત્તે ભોગો ભોગવતા નથી. તથા એ પ્રમાણે યાવત્ વ્યાલ નામે ગ્રહસંબન્ધે પણ જાણવું. એમ અઠ્યાશી મહાગ્રહો માટે યાવત્ ભાવકેતુ ગ્રહ સુધી કહેવું. પરન્તુ વિશેષ એ છે કે, અવતંસકો અને સિંહાસનો ઈન્દ્રના સમાન નામે જાણવાં. હે ભગવન્ ! દેવના ઈન્દ્ર દેવના રાજા શક્રને કેટલી પટ્ટરાણીઓ કહી છે ? હે આર્ય ! આઠ. -પદ્મા, શિવા, શ્રેયા, અંજુ અમલા, અપ્સરા, નવમિકા અને રોહિણી. તેમાંની એક એક દેવીનો સોળ સોળ હજાર દેવીઓનો પરિવાર હોય છે. તેમાંની એક એક દેવી બીજી સોળ સોળ હજાર દેવીઓના પરિવારને વિકુર્વી શકે છે. એ પ્રમાણે પૂર્વાપર મળીને એક લાખ અને અઠ્યાવીશ હજાર દેવીઓના પરિવારને વિકુર્વવા સમર્થ છે. એ પ્રમાણે ત્રુટિક (દેવીઓનો સમૂહ) કહ્યો.

હે ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્ર સૌધર્મ દેવલોકમાં સૌધર્માવતંસક વિમાનમાં સુધર્માસભાને વિષે અને શક્ર નામે સિંહાસનમાં બેસી તે ત્રુટિક સાથે ભોગ ભોગવવા સમર્થ છે ? હે આર્ય ! બાકી સર્વ ચમરેન્દ્રની પેઠે જાણવું. પરન્તુ વિશેષ એ છે કે તેનો પરિવાર તૃતીયશતકના પ્રથમ ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે જાણવો. હે ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્રના (લોકપાલ) સોમ નામે મહારાજને કેટલી પટ્ટરાણીઓ કહી છે ? હે આર્ય ! ચાર. -રોહિણી, મદના, ચિત્રા અને સોમા. તેમાં એક એક દેવીનો પરિવાર વગેરે ચમરેન્દ્રના લોકપાલોની પેઠે જાણવો; પરન્તુ વિશેષ એ છે કે સ્વયંપ્રભ નામે વિમાનમાં, સુધર્મા સભામાં અને સોમ નામના સિંહાસનમાં બેસીને મૈથુનનિમિત્તે દેવીઓની સાથે ભોગ ભોગવવા સમર્થ નથી-એ પ્રમાણે યાવદ્ વૈશ્રમણ સુધી જાણવું. પરન્તુ વિશેષ એ છેકે તેમના વિમાનો તૃતીયશતકમાં કહ્યા પ્રમાણે કહેવાં. હે ભગવન્ ! ઈશાનેન્દ્રને કેટલી પટ્ટરાણીઓ કહી છે ? હે આર્ય ! આઠ. -કૃષ્ણા, કૃષ્ણરાજિ, રામા, રામરક્ષિતા, વસુ, વસુગુપ્તા, વસુમિત્રા અને વસુંધરા. તેમાં એક એક દેવીનો પરિવાર વગેરે બધું શક્રની પેઠે જાણવું. હે ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ ઈશાનના (લોકપાલ) સોમ નામે મહારાજને કેટ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લી પટ્ટરાણીઓ કહી છે ? હે આર્ય ! ચાર. -પૃથિવી, રાત્રી, રજની, અને વિદ્યુત્. તેમાં એક એકનો પરિવાર વગેરે બાકી બધું શક્રના લોકપાલોની પેઠે જાણવું. એ પ્રમાણ યાવત્ વરુણ સુધી જાણવું. પરન્તુ વિશષ એ છે કે ચોથા શતકમાં કહ્યા પ્રમાણે વિમાનો કહેવા, યાવત્ તે મૈથુનનિમિત્તે ભોગ ભોગવતા નથી. હે ભગવન્ ! તે એમજ છે, હે ભગવન્ ! તે એમજ છે.

**શતક : ૧૦ - ઉદ્દેસા : ૫ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

**-: ઉદ્દેશક ૬ :-**

[૪૯૦-૪૯૨] હે ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્રની સુધર્મા નામે સભા ક્યા કહી છે ? હે ગૌતમ ! જંબૂદ્વીપ નામે દ્વીપમાં મેરુ પર્વતની દક્ષિણે આ રત્નપ્રભાપૃથિવીના ઈત્યાદિ 'રાયપસેણીય' સૂત્રમાં કહ્યા પ્રમાણે યાવત્ પાંચ અવર્તંસક વિમાનો કહ્યા છે, અશોકાવતંસક, યાવત્ વચ્ચે સૌધર્માવતંસક છે. તે સૌધર્માવતંસક નામે મહાવિમાનની લંબાઇ અને પહોળાઈ સાડા બાર લાખ યોજન છે. શક્રનું પ્રમાણ, ઉપપાત, અભિષેક, અલંકાર અને અર્ચનિકા -ઈત્યાદિ યાવત્ આત્મર- ક્ષકો સૂર્યાભદેવની પેઠે જાણવા, તેની સ્થિતિ બે સાગરોપમની છે. હે ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્ર કેવી મહાઋદ્ધિવાળો છે. કેવા મહાસુખવાળો છે ? હે ગૌતમ ! તે મહાઋદ્ધિવાળો યાવત્ મહાસુખવાળો બત્રીશ લાખ વિમાનોનો સ્વામી થઈને યાવદ્ વિહરે છે, હે ભગવન્ ! તે એમજ છે, હે ભગવન્ ! તે એમજ છે.

**શતક : ૧૦ - ઉદ્દેસા : ૬ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

**-: ઉદ્દેશક ૭-૩૪ :-**

[૪૯૩] હે ભગવન્ ! ઉત્તરમાં રહનારા એકોરૂક મનુષ્યોનો એકોરૂક નામે દ્વીપ કયે સ્થળે કહ્યો છે ? હે ગૌતમ ! જીવાભિગમસૂત્રમાં કહ્યા પ્રમાણે સર્વ દ્વિપો સંબન્ધે યાવત્ શુદ્ધદંતદ્વીપ સુધી કહેવું. એ પ્રમાણે પ્રત્યેક દ્વીપ સંબન્ધે એક એક ઉદ્દેશક કહેવો. એમ અઠ્યાવીશ ઉદ્દેશકો કહેવા. હે ભગવન્ ! તે એમજ છે, એ ભગવન્ ! તે એમજ છે.

**શતક : ૧૦ - ઉદ્દેસા : ૭-૩૪ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

**શતક : ૧૦ ગુર્જરછાયા પૂર્ણ**

## શતક : ૧૧

**-: ઉદ્દેશક-૧ :-**

[૪૯૪] ઉત્પલ, શાલૂક, પલાશ, કુંભી નાડીક, પદ્મ, કાર્ણિકા, નલિન, શિવરાજર્ષિ, લોક, કાલ. અને આલભિક-એ સંબન્ધે અગ્યારમાં શતકમાં બાર ઉદ્દેશકો છે.

[૪૯૫-૪૯૭] ઉપપાત, પરિમાણ, અપહાર, ઉંચાઇ, બંધ, વેદ, ઉદય, ઉદીરણા, લેશ્યા, દૃષ્ટિ, જ્ઞાન, યોગ, ઉપયોગ, વર્ણ, રસ, ઉશ્વાસ, આહાર, વિરતિ, ક્રિયા, બંધ સંજ્ઞા, કસાય, સ્ત્રી, બંધ, સંજ્ઞી, ઈન્દ્રિય, અનુબંધ, સુંવેધ, હાર, સ્થિતિ સમુદ્ઘાત, ચ્યવન અને સર્વ જીવોએ બત્રીસ ઉદેસા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૪૯૮] તે કાલે-તે સમયે રાજગૃહ નગરને વિષે પર્યુપાસના કરતા (ગૌતમ) આ પ્રમાણે બોલ્યા-હે ભગવન્!ઉત્પલ શું એક જીવવાળું છે કે અનેકજીવવાળું છે ? હે ગૌતમ ! તે એક જીવવાળું છે, પણ અનેક જીવવાળું નથી. ત્યાર પછી જ્યારે તે ઉત્પલને વિષે બીજા જીવો-જીવાશ્રિત પાંદડા વગેરે અવયવો-ઉગે છે ત્યારે તે ઉત્પલ એક જીવવાળું નથી, પણ અનેક જીવવાળું છે. હે ભગવન્ ! (ઉત્પલમાં) તે જીવો ક્યાંથી આવીને ઉપજે છે-શું નૈરયિકથી, તિર્યંચથી, મનુષ્યથી કે દેવથી આવીને ઉપજે છે ? હે ગૌતમ ! તે જીવો નૈરયિકથી આવીને ઉપજતા નથી, પણ તિર્યંચથી, મનુષ્યથી કે દેવથી આવીને ઉપજે છે. જેમ પ્રજ્ઞાપનાસૂત્રનાં વ્યુત્ક્રાંતિપદમાં કહ્યું છે તે પ્રમાણે વનસ્પતિકાયિકોમાં યાવત્ ઈશાન દેવલોક સુધીના જીવોનો ઉપપાત કહેવો. હે ભગવન્ ! તે જીવો (ઉત્પલમાં) એક સમયમાં કેટલા ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાત કે અસંખ્યાતા જીવો એક સમયમાં ઉત્પન્ થાય.

હે ભગવન્ ! તે ઉત્પલના જીવો સમયે સમયે કાઢવામાં આવે તો કેટલે કાલે તે પૂરા કાઢી શકાય ? હે ગૌતમ ! જો તે જીવો સમયે સમયે અસંખ્ય કાઢવામાં આવે, અને તે અસંખ્ય ઉત્સર્પિણી અને અવસર્પિણી કાલ સુધી કાઢવામાં આવે તો પણ તે પૂરા કાઢી શકાય નહીં. હે ભગવન્ ! ઉત્પલના જીવોની કેટલી મોટી શરીરવગાહના કહી છે ? હે ગૌતમ ! જઘન્ય-અંગુલના અસંખ્યાતમાં ભાગ જેટલી, અને ઉત્કૃષ્ટ કઈંક અધિક હજાર યોજન હોય છે. હે ભગવન્ ! તે જીવો શું જ્ઞાનાવરણીય કર્મના બંધક છે કે અબંધક છે ? હે ગૌતમ ! તેઓ જ્ઞાનાવરણીય કર્મના અબંધક નથી, પણ બન્ધક છે. એ પ્રમાણે યાવદ્ અંતરાયકર્મ સંબંધે પણ જાણવું. પરન્તુ આયુષકર્મના સંબંધે પ્રશ્ન કરવો. હે ગૌતમ ! (ઉત્પલનો) એક જીવ બંધક છે, એક જીવ અબંધક છે, અનેક જીવો બંધક છે, અનેક જીવો અબંધક છે, અથવા એક બંધક અને એક અબંધક છે, અથવા એક બંધક અને અનેક અબંધક છે, અથવા અનેક બંધક અને એક અબંધક છે, અથવા અનેક બંધક અને અનેક અબંધક છે. એ પ્રમાણે એ આઠ ભાંગા જાણવા.

હે ભગવન્ ! તે ઉત્પલના જીવો જ્ઞાનાવરણીયકર્મના વેદક છે કે અવેદક છે ? હે ગૌતમ ! તેઓ અવેદક નથી, પણ એક જીવ વેદક છે. એ પ્રમાણે યાવદ્ અંતરાય કર્મ સુધી જાણવું. હે ભગવન્ ! તે (ઉત્પલના) જીવો સાતાના વેદક છે કે અસાતાના વેદક છે ? હે ગૌતમ ! તે જીવો સાતાના વેદક છે અને અસાતાના પણ વેદક છે. અહીં પૂર્વ પ્રમાણે આઠ ભાંગા કહેવા. હે ભગવન્ ! તે (ઉત્પલના) જીવો જ્ઞાનાવરણીય કર્મના ઉદયવાળા છે કે અનુદયવાળા છે. હે ગૌતમ ! તેઓ જ્ઞાનાવરણીયકર્મના અનુદયવાળા નથી, પણ એક જીવ ઉદયવાળો છે અથવા અનેક જીવો ઉદયવાળા છે. એ પ્રમાણે યાવત્ અંતરાયકર્મ સંબંધે જાણવું. હે ભગવન્ ! શું તે (ઉત્પલના) જીવો જ્ઞાનાવરણીયકર્મના ઉદીરક છે કે અનુદીરક છે ? હે ગૌતમ ! તેઓ અનુદીરક નથી, પણ એક જીવ ઉદીરક છે, અથવા અનેક જીવો ઉદીરક છે. એ પ્રમાણે યાવત્ અંતરાયકર્મ સુધી જાણવું પરન્તુ વિશેષ એ છે કે વેદનીયકર્મ અને આયુષકર્મમાં પૂર્વવત્ આઠ ભાંગા કહેવા.

હે ભગવન્ ! શું તે (ઉત્પલના) જીવો કૃષ્ણલેશ્યાવાળા, નીલલેશ્યાવાળા, કાપોત-લેશ્યાવાળા કે તેજોલેશ્યાવાળા હોય ? હે ગૌતમ ! એક જીવ કૃષ્ણલેશ્યાવાળો, યાવત્ એક તેજોલેશ્યાવાળો હોય, અથવા અનેક જીવો કૃષ્ણલેશ્યાવાળા, નીલલેશ્યાવાળા,

જૈન સાઇટ JAINSITE

કાપોતલેશ્યાવાળા અને તેજોલેશ્યાવાળા હોય, અથવા એક કૃષ્ણલેશ્યાવાળો અને એક નીલલેશ્યાવાળો હોય. એ પ્રમાણે દ્વિકસંયોગ, ત્રિકસંયોગ અને ચતુષ્કસંયોગ વડે સર્વ મળીને એંશી ભાંગા કહેવા. હે ભગવન્ ! શું તે (ઉત્પલના) જીવો સમ્યગ્દૃષ્ટિ છે, મિથ્યાદૃષ્ટિ છે, કે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ છે ? હે ગૌતમ ! તેઓ સમ્યગ્દૃષ્ટિ નથી, પણ એક જીવ મિથ્યાદૃષ્ટિ છે, અથવા અનેક જીવો મિથ્યાદૃષ્ટીઓ છે, હે ભગવન્ ! તે (ઉત્પલના) જીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ? હે ગૌતમ ! તે જ્ઞાની નથી, પણ એક અજ્ઞાની છે, અથવા અનેક અજ્ઞાનીઓ છે. હે ભગવન્ ! શું તે (ઉત્પલના) જીવો મનયોગી વચનયોગી કે કાયયોગી છે ? હે ગૌતમ ! તેઓ મનયોગી નથી, વચનયોગી નથી, પણ એક કાયયોગી છે અથવા અનેક કાયયોગિઓ છે.

હે ભગવન્ ! શું તે (ઉત્પલના) જીવો સાકાર ઉપયોગવાળા છે કે અનાકાર ઉપયોગવાળા છે ? હે ગૌતમ ! એક જીવ સાકાર ઉપયોગવાળો છે, અથવા એક જીવ અનાકારઉપયોગવાળો છે-ઈત્યાદિ પૂર્વ પ્રમાણેઆઠ ભાંગા કહેવા. હે ભગવન્ ! તે (ઉત્પલના) જીવોના શરીરો કેટલા વર્ણવાળાં, કેટલા ગંધવાળાં, કેટલા રસવાળાં અને કેટલા સ્પર્શવાળાં કહ્યાં છે ? હે ગૌતમ ! પાંચ વર્ણવાળાં, પાંચ રસવાળાં, બે ગંધવાળાં અને આઠ સ્પર્શવાળાં કહ્યાં છે. અને જીવો પોતે વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ રહિત છે. હે ભગવન્ ! શું તે (ઉત્પલના) જીવો ઉચ્છ્વાસક છે, નિઃશ્વાસક છે કે અનુચ્છ્વાસ-નિઃશ્વાસક હોય છે ? હે ગૌતમ ! કોઈ એક ઉચ્છ્વાસક છે, કોઈ એક નિઃશ્વાસક છે, અને કોઈ એક અનુચ્છ્વાસનિઃશ્વાસક પણ છે. અથવા અનેક જીવો ઉચ્છ્વાસક છે, અનેક નિઃશ્વાસક છે, અને અનેક અનુચ્છ્વાસક-નિઃશ્વાસક પણ છે. અથવા એક ઉચ્છ્વાસક, અને એક નિશ્વાસક છે, અથવા એક ઉચ્છ્વાસક અને એક અનુચ્છ્વાસક નિઃશ્વાસક છે, અથવા એક નિઃશ્વાસક અને એક અનુચ્છ્વાસક-નિઃશ્વાસક છે, અથવા એક ઉચ્છ્વા-સક, એક નિઃચ્છ્વાસક અને એક અનુચ્છ્વાસનિઃશ્વાસક છે. - એ પ્રમાણે આઠ ભાંગા કરવા. એ સર્વ મળીને છવ્વીશ ભાંગા થાય છે.

હે ભગવન્ ! શું તે (ઉત્પલના) જીવો આહારક છે કે અનાહારક છે ? હે ગૌતમ ! તેઓ સઘળા અનાહારક નથી, પણ એક આહારક છે, અથવા એક અનાહારક છે.-ઈત્યાદિ આઠ ભાંગા અહીં કહેવા. હે ભગવન્ ! શું તે ઉત્પલના જીવો સર્વવિરતિ છે, અવિરતિ છે કે વિરતાવિરત છે ? હે ગૌતમ ! તે સર્વવિરતિ નથી, વિરતાવિરત (દેશ-વિરત) નથી, પણ એક જીવ અવિરતિ છે, અથવા અનેક જીવો અવિરતિ છે. હે ભગવન્ ! તે ઉત્પલના જીવો શું સક્રિય છે કે અક્રિય છે ? હે ગૌતમ ! તેઓ અક્રિય નથી પણ તેમાંનો એક જીવ સક્રિય છે અથવા અનેક જીવો સક્રિય છે. હે ભગવન્ ! શું તે ઉત્પલના જીવો સાત પ્રકારે કર્મના બંધક છે કે આઠ પ્રકારે કર્મના બંધક છે ? હે ગૌતમ ! તે જીવો સાત પ્રકારે કર્મના બંધક છે, અથવા આઠ પ્રકારે બંધક છે. અહીં આઠ ભાંગા કહેવા,. હે ભગવન્ ! શું તે (ઉત્પલના) જીવો આહારસંજ્ઞાના ઉપયોગવાળા, ભયસંજ્ઞા ઉપયોગ વાળા, મૈથુનસંજ્ઞાઉપયોગવાળા, કે પરિગ્રહસંજ્ઞા ઉપયોગવાળા છે ? તેઓ આહાર સંજ્ઞાના ઉપયોગવાળા છે-ઇત્યાદિ એંશી ભાંગા કહેવા.

હે ભગવન્ ! શુંતે ઉત્પલના જીવો ક્રોધકષાયવાળા, માનકષાયવાળા, માયા-કષાયવાળા કે લોભકષાયવાળા છે ? હે ગૌતમ ! અહીં પણ એંશી ભાંગા કહેવા. હે

ભગવન્ ! શું તે ઉત્પલના જીવો સ્ત્રીવેદવાળા, પુરુષવેદવાળા કે નપુંસકવેદવાળા હોય ? હે ગૌતમ ! તે સ્ત્રીવેદવાળા નથી, પુરુષવેદવાળા નથી, પણ એક જીવ નપુંસકવેદવાળો કે અનેક નપુંસકવેદવાળા હોય. હે ભગવન્ ! શું તે ઉત્પલના જીવો સ્ત્રીવેદના બંધક, પુરુષ વેદના બંધક કે નપુંસક વેદના બંધક છે ? હે ગૌતમ ! ત્રણે વેદના બંધક છે. અહીં પણ છવ્વીશ ભાંગા કહેવા. હે ભગવન્ ! શું તે ઉત્પલ જીવો સંજ્ઞી છે કે અસંજ્ઞી છે ? હે ગૌતમ ! તે સંજ્ઞી નથી, એક અસંજ્ઞી છે, અથવા અનેક અસંજ્ઞિઓ છે. હે ભગવન્ ! શું તે ઉત્પલજીવો ઈંદ્રિયસહિત છે કે ઈંદ્રિયરહિત છે ? હે ગૌતમ ! તે ઈંદ્રિયરહિત નથી, પણ એક જીવ ઈંદ્રિયવાળો છે, અથવા અનેક જીવો ઈંદ્રિયવાળા છે.

હે ભગવન્ ! તે ઉત્પલનો જીવ ઉત્પલપણે કાલથી ક્યાંસુધી રહે ? હે ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી અસંખ્યકાલ હે ભગવન્ ! તે ઉત્પલનો જીવ પૃથિવી કાયિકમાં આવે, અને ફરીથી પાછો ઉત્પલમાં આવે-એ પ્રમાણે કેટલો કાળ સેવે? હે ગૌતમ ! ભવની અપેક્ષાએ જઘન્યથી બે ભવ અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત ભવ સુધી. કાલની અપેક્ષાએ જઘન્યથી બે અંતર્મુહૂર્ત, અને ઉત્કૃષ્ટથી અસંખ્યકાલ; એટલો કાલ સેવે - હે ભગવન્ ! તે ઉત્પલનો જીવ અપ્કાયિકપણે ઉપજે અને ફરીથી તે પાછો ઉત્પલમાં આવે, એ પ્રમાણે કેટલો કાલ ગમનાગમન કરે ? પૂર્વવત્,જેમ પૃથિવીના જીવ સંબન્ધે કહ્યું તેમ યાવત્ વાયુના જીવ સુધી કહેવું. હે ભગવન્ ! તે ઉત્પલનો જીવ વનસ્પતિમાં આવે, અને તેફરીથી ઉત્પલમાં આવે એ પ્રમાણે કેટલો કાલ સેવે ? હે ગૌતમ ! ભવની અપેક્ષાએ જઘન્યથી બે ભવ, અને ઉત્કૃષ્ટથી અનંત ભવ સુધી. કાલની અપેક્ષાએ જઘન્યથી બે અંતર્મુહૂર્ત, અને ઉત્કૃષ્ટથી અનંત કાલ-વનસ્પતિકાલ પર્યન્ત.

હે ભગવન્ ! તે ઉત્પલનો જીવ બેઈન્દ્રિયમાં આવે, અને તે ફરીથી ઉત્પલપણે ઉપજે; એ પ્રમાણે તે કેટલો કાળ સેવે ? હે ગૌતમ ! ભવની અપેક્ષાએ જઘન્યથી બે ભવ. ઉત્કૃષ્ટથી સંખ્યાતા ભવો; તથા કાલની અપેક્ષાએ જઘન્યથી બે અંતર્મુહૂર્ત, અને ઉત્કૃષ્ટથી સંખ્યાતો કાલ; એજ પ્રમાણે ત્રીન્દ્રિયપણે, અને ચતુરિંદ્રિયજીવપણે પૂર્વવત્ કાલ જાણવો. હે ભગવન્ ! ઉત્પલનો જીવ પંચેન્દ્રિયતિર્યંચયોનિકપણે ઉપજે અને તે ફરીથી ઉત્પલપણે ઉપજે, એમ કેટલો કાલ ગમનાગમન કરે ? હે ગૌતમ ! ભવની અપેક્ષાએ જઘન્યથી બે ભવ, ઉત્કૃષ્ટથી આઠ ભવો, કાલની અપેક્ષાએ જઘન્યથી બે અંતર્મુહૂર્ત, અને ઉત્કૃષ્ટથી પૂર્વકોટિપૃથકત્વ; એ પ્રમાણે ઉત્પલનો જીવ મનુષ્ય સાથે પણ યાવત્ એટલો કાલ ગમનાગમન કરે. હે ભગવન્ ! તે ઉત્પલના જીવો કયા પદાર્થનો આહાર કરે ? હે ગૌતમ ! તે જીવો દ્રવ્યથી અનન્તપ્રદેશિક દ્રવ્યોનો આહાર કરે, ઈત્યાદિ સર્વ આહારક ઉદ્દેશકમાં વનસ્પતિકાયિકોનો આહાર કહ્યો છે તે પ્રમાણે યાવત્ 'તેઓ સર્વાત્મના આહાર કરે છે,' ત્યાં સુધી કહેવું, પરન્તુ એટલો વિશેષ છે કે તેઓ અવશ્ય છએ દિશીનો આહાર કરે છે, બાકી બધું પૂર્વવત્.

હે ભગવન્ ! તે ઉત્પલના જીવોની સ્થિતિ કેટલા કાલ ની છે ? હે ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, અને ઉત્કૃષ્ટથી દસહજાર વર્ષ હે ભગવન્ ! તે ઉત્પલના જીવોને કેટલા સમુદ્ઘાતો કહ્યા છે ? હે ગૌતમ ! ત્રણ. વેદનાસમુદ્ઘાત, કષાયસમુદ્ઘાત અને મરણાં-તિકસમુદ્ઘાત. હે ભગવન્ ! તે જીવો મરણાંતિક સમુદ્ઘાત વડે સમવહ થઈને મરે, કે અસમવહતમરે ? હે ગૌતમ ! બંને રીતે હે ભગવન્ ! તે ઉત્પલના જીવો મરીને તરત ક્યાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જાય ?- ક્યાં ઉત્પન્ન થાય ? શું નૈરયિકોમાં ઉત્પન્ન થાય, તિર્યંચયોનિકોમાં ઉત્પન્ન થાય, મનુષ્યોમાં ઉત્પન્ન થાય કે કે દેવોમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! પ્રજ્ઞાપના સૂત્રના વ્યત્ક્રાંતિપદમાં ઉદ્વર્તના પ્રકરણમાં વનસ્પતિકાયિકોને કહ્યા પ્રમાણે અહીં પણ કહેવું હે ભગવન્ ! સર્વ પ્રાણો ભૂતો, સર્વ જીવો અને સર્વ સત્ત્વો ઉત્પલના મૂલપણે, કંદપણે, નાલપણે, પાંદડાપણે, કેસરપણે, કર્ણિકાપણે અને થિભુગ પણે પૂર્વે ઉત્પન્ન થયા છે ? હા, ગૌતમ ! થયા છે, હે ભગવન્ ! તે એમજ છે. હે ભગવન્ ! તે એમજ છે.

**શતક : ૧૧ - ઉદ્દેસા : ૧ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## -: ઉદ્દેશક ૨ થી ૮ :-

[૪૯૯] હે ભગવન્ ! એક પાંદડાવાળો શાલૂક શું એક જીવવાળો છે કે અનેક જીવવાળો છે ? હે ગૌતમ ! તે એક જીવવાળો છે; એ પ્રમાણે ઉત્પલોદ્દેશકની સઘળી વક્તવ્યતા કહેવી, યાવદ્ 'અનન્તવાર ઉત્પન્ન થયા છે.' પરન્તુ વિશેષ એ છે કે, શાલૂકના શરીરની અવગાહના જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગ અને ઉત્કૃષ્ટ ધનુષપૃથકત્વ છે બાકી બધું પૂર્વવત્ હે ભગવન્ ! તે એમજ છે હે ભગવન્ ! તે એમજ છે.

[૫૦૦] હે ભગવન્ ! પલાશવૃક્ષ એક પાંદડાવાળો હોય ત્યારે શું એક જીવવાળો હોય કે અનેક જીવવાળો હોય ? હે ગૌતમ ! ઉત્પલઉદ્દેશકની બધી વક્તવ્યતા અહીં કહેવી. પરન્તુ વિશેષ એ કે, પલાશના શરીરની અવગાહના જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ ગાઉપૃથકત્વ છે. વળી દેવો ચ્યવીને એ પલાશવૃક્ષમાં ઉત્પન્ન થતા નથી. લેશ્યાદ્વારમાં હે ભગવન્ ! શું પલાશવૃક્ષના જીવો કૃષ્ણલેશ્યાવાળા, નીલલેશ્યાવાળા કે કાપોતલેશ્યાવાળા હોય ? હે ગૌતમ ! તે ત્રણ હોય, એ પ્રમાણે છવ્વીશ ભાંગા કહેવા. બાકી પૂર્વવત્ હે ભગવન્ ! તે એમજ છે. તે એમ જ છે.

[૫૦૧] હે ભગવન્ ! એક પાંદડાવાળો કુંભિક શું એક જીવવાળો હોય કે અનેકજીવવાળો હોય ? હે ગૌતમ ! એ પ્રમાણે પલાશોદ્દેશકમાં કહ્યા પ્રમાણે બધું કહેવું, પરન્તુ વિશેષ એ છે કે કુંભિકની સ્થિતિજઘન્યથી અંતર્મુહૂર્ત, અને ઉત્કૃષ્ટ વર્ષપૃથકત્વ હોય છે. બાકી પૂર્વવત્ હે ભગવન્ ! તે એમજ છે, તે એમજ છે.

[૫૦૨] હે ભગવન્ ! એકપાંદડાવાળો નાડિક શું એક જીવવાળો છે કે અનેકજીવવાળો છે ? હે ગૌતમ ! કુંભિક ઉદ્દેશકની બધી વક્તવ્યતા અહીં કહેવી.

[૫૦૩] હે ભગવન્ ! એક પાંદડાવાળું પદ્મ શું એક જીવવાળું હોય કે અનેક જીવવાળું હોય ? હે ગૌતમ ! ઉત્પલ ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે બધું કહેવું.

[૫૦૪] હે ભગવન્ ! એક પાંદડાવાળી કર્ણિકા શું એક જીવવાળી છે કે અનેક જીવવાળી છે ? હે ગૌતમ ! બધુ પૂર્વ પ્રમાણે કહેવું. હે ભગવન્ ! તે એમજ છે.

[૫૦૫] હે ભગવન્ ! એકપત્રવાળું નલિન શું એકજીવવાળું છે કે અનેકજીવવાળું છે ? હે ગૌતમ ! એ બધું પૂર્વ પ્રમાણે 'યાવત્ સર્વ જીવો અનંતવાર ઉત્પન્ન થયા છે' ત્યાંસુધી કહેવું. હે ભગવન્ ! તે એમજ છે, હે ભગવન્ ! તે એમજ છે.

**શતક : ૧૧ - ઉદ્દેસા - ૨ થી ૮ ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## -: ઉદ્દેશક ૯ :-

[૫૦૬] તે કાલે-તે સમયે હસ્તિનાપુર નામે નગર હતું તે હસ્તિનાપુર નગરની



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બહાર ઉત્તરપૂર્વ દિશામાં-સહસ્રામ્રવન ઉદ્યાન હતું. તે ઉદ્યાન સર્વ ઋતુના પુષ્પ અને ફલથી સમૃદ્ધ, રમ્ય અને નંદનવન સમાન હતું. તેની છાયા સુખકારક અને શીતળ હતી, તે મનોહર, સ્વાદિષ્ટફલવાળું, કંટકરહિત, પ્રસન્નતા આપનાર, યાવત્ પ્રતિરૂપ-સુન્દર-હતું. તે હસ્તિનાપુર નગરમાં શિવ નામે રાજા હતો, તે મોટા હિમાચલ પર્વતની પેઠે શ્રેષ્ઠ હતો, તે શિવ રાજાને ધારિણી નામે પટ્ટરાણી હતી. તેના હાથ પગ સુકુમાલ હતા, તે શિવરાજાને ધારિણી રાણીથી ઉત્પન્ન થયેલો શિવ ભદ્ર નામે પુત્ર હતો, તેના હાથ પગ સુકુમાલ હતા-ઈત્યાદિ કુમારનું વર્ણન સૂર્યકાંત રાજ- કુમારની પેઠે કહેવું, યાવત્ તે કુમાર જોતો જોતો વિહરે છે.

હવે કોઈ એક દિવસે શિવરાજાને પૂર્વરાત્રિના પાછલા ભાગમાં રાજ્યકાર-ભારનો વિચાર કરતા આ આવો અધ્યાવસાય-સંકલ્પ ઉત્પન્ન થયો કે મારા પૂર્વ પુણ્યકર્મોનો પ્રભાવ છે, ઈત્યાદિ તામિલ તાપસની પેઠે કહેવું, જે યાવત્ હું પુત્રોવડે, પશુઓવડે, રાજ્યવડે, રાષ્ઠવડે બલવડે, વાહનવડે, કોશવડે કોષ્ઠાગારવડે, પુરવડે અને અન્તઃપુરવડે વૃદ્ધિ પામું છું વળી પુષ્કળ ધન, કનક, રત્ન યાવત્ સારભૂત દ્રવ્યવડે અતિશય અત્યંત વૃદ્ધિ પામું છું તો શું હવે હું મારા પૂર્વ પુણ્યકર્મોના ફલરૂપ એકાન્ત સુખને ભોગવતો જ વિહરું ? તે માટે જ્યાંસુધી હું હિરણ્યથી વૃદ્ધિ પામું છું, યાવત્ પૂર્વે કહ્યા પ્રમાણે વૃદ્ધિ પામું છું જ્યાંસુધી સામંત રાજાઓ મારે તાબે છે, ત્યાંસુધી મારે કાલે પ્રાતઃકાળે સૂર્ય દેદીપ્યમાન થયે છતે ઘણી લોઢીઓ, લોહના કડાયાં કડછા અને ત્રાંબાના બીજા તાપસના ઉપકરણોને ઘડાવીને શિવભદ્ર કુમારને રાજ્યમાં સ્થાપીને ઘણી લો-ઢીઓ, લોહના કડાયાં, કડછા અને ત્રાંબાના તાપસના ઉપકરણો લઈને, જે આ ગંગાને કાંઠે વાનપ્રસ્થ તાપસો રહે છે, તે આ પ્રકારે-અગ્નિહોત્રી, પોતિક-વસ્ત્ર ધારણ કરનારા-ઈત્યાદિ 'ઉવવાઈઅ' સૂત્રમાં કહ્યા પ્રમાણે યાવત્ જેઓ કાષ્ઠથી શરીરને તપાવતા વિચરે છે, તે તાપસોમાં જે તાપસો દિશાપ્રોક્ષક છે, તેઓની પાસે મારે મુંડ થઈને દિક્પ્રોક્ષકતા પસપણે પ્રવજ્યા અંગીકાર કરવી શ્રેય છે, પ્રવજ્યા ગ્રહણ કરીને હું આ આવા પ્રકારનો અભિગ્રહ ગ્રહણ કરીશ. તે આ પ્રકારે-યાવજ્જીવ નિરંતર છટ્ઠ છટ્ઠ કરવાથી દિક્ચક્ર વાલ તપકર્મ વડે ઉંચા હાથ રાખીને રહેવું મને કલ્પે એમ વિચારે છે.

એ પ્રમાણે વિચારીને પ્રાતઃકાળે સૂર્ય દેદીપ્યમાન થયે છતે, અનેક પ્રકારના લોઢી, કડાયા વગેરે તાપસના ઉપકરણો તૈયાર કરાવી પોતાના કૌટુંબિક પુરુષોને બોલાવે છે. આ પ્રમાણે કહ્યું-હે દેવાનુપ્રિયો ! શીઘ્ર આ હસ્તિનાપુર નગરની બહાર અને અંદર જલ છંટકાવી સાફકરાવો-ઈત્યાદિ યાવત્ તેમ કરી તેઓ તેની આજ્ઞાને પાછી આપે છે. ત્યારપછી તે શિવરાજા ફરીને પણ તે કૌટુંબિક પુરુષોને બોલાવે છે, તેણે આ પ્રમાણેકહ્યું-હે દેવાનુપ્રિયો ! શીઘ્ર શિવભદ્ર કુમારના મહાઅર્થવાળા યાવત્ વિપુલ રાજ્યાભિષેકની તૈયારી કરો. ત્યારબાદ તે કૌટુંબિક પુરુષો તે પ્રમાણે યાવત્ રાજ્યાભિષેકની તૈયારી કરે છે, ત્યારપછી તે શિવરાજા અનેક ગણનાયક, દંડનાક, યાવત્ સંધિપાલના પરિવાર યુક્ત શિવભદ્ર કુમારને ઉત્તમ સિંહાસન ઉપર પૂર્વ દિશા સન્મુખ બેસાડે છે, બેસાડીને એકસોસાઠ સોનાના કલશોવડે, યાવત્ એકસોઆઠ માટીનાકલશોવડે, સર્વઋદ્ધિથી યાવત્ વાજિંત્રાદિકના શબ્દોવડે મોટા રાજ્યાભિષેકથી અભિષેક કરે છે. ત્યારપછી પાંપણ જેવા સુકુમાલ અને સુગંધી ગંધવસ્ત્રવડે તેનાં શરીરને સાફ કરે છે, સરસ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગોશીર્ષચંદન વડે લેપ કરી યાવત્ જેમ જમાલિનું વર્ણન કર્યું છે તેમ કલ્પવૃક્ષની પેઠે તેને અલંકૃત-વિભૂષિત કરે છે. ત્યારપછી હાથ જોડી શિવભદ્રકુમારને જય અને વિજયથી વધાવે છે; વધાવીને ઇષ્ટ, કાન્ત, પ્રિય વાણીવડે આશીર્વાદ આપતા ઔપપાતિક સૂત્રમાં કોણિક રાજા સંબન્ધે કહ્યા પ્રમાણે તેઓએ કહ્યું-યાવત્ તું દીર્ઘાયુષી થા, અને ઇષ્ટ જનના પરિવારયુક્ત હસ્તિનાપુરનગર અને બીજા અનેક ગ્રામ, આકર તથા નગરોનું સ્વામિપણું ભોગવ-ઇત્યાદિ કહીને તેઓ જય જય શબ્દ બોલે છે. ત્યારબાદ તે શિવભદ્ર કુમાર રાજા થયો, તે મોટા હિમાચલની પેઠે સર્વરાજાઓમાં મુખ્ય થઇને યાવત્ વિહરે છે, અહીં શિવભદ્રરાજાનું વર્ણન કરવું.

ત્યારપછી તે શિવરાજા અન્ય કોઇ દિવસે પ્રશસ્ત તિથિ, કરણ, દિવસ અને નક્ષત્રના યોગમાં વિપુલ અશન, પાન ખાદિમ અને સ્વાદિમ વસ્તુઓને તૈયાર કરાવે છે. મિત્ર, જ્ઞાતિ, યાવત્ પોતાના પરિજનને, રાજાઓનેઅને ક્ષત્રિયોને આમન્ત્રણ કરે છે, ત્યાર બાદ સ્નાન કરી યાવત્ શરીરને અલંકૃત કરી ભોજનવેલાએ ભોજનમંડપમાં ઉત્તમ સુખાસન ઉપર બેસી મિત્ર, જ્ઞાતિ અને પોતાના સ્વજન યાવત્ પરિજન સાથે તથા રાજા અને ક્ષત્રિયો સાથે વિપુલ અશન, પાન, સ્વાદિમ અને ખાદિમ ભોજન કરી તામલિતાપસની પેઠે યાવત્ તે શિવરાજા બધાઓનો સત્કાર કરે છે, સન્માન કરે છે. મિત્ર, જ્ઞાતિ, પોતાના સ્વજન, યાવત્ પરિજનની તથા રાજાઓ, ક્ષત્રિયો અને શિવભદ્ર રાજાની રજા માગે છે. અનેક પ્રકારના લોઢી, લોઢાના કડાયાં, કડછા યાવત્ તાપસના ઉચિત ઉપકરણો લઇને ગંગાને કાંઠે જે આ વાનપ્રસ્થ તાપસો રહે છે-ઇત્યાદિ સર્વ પૂર્વવત્ યાવત્ તે દિશાપ્રોક્ષક તાપસોની પાસે દિક્ષિત થઇ દિશાપ્રોક્ષકતાપસરૂપે પ્રવજ્યા ગ્રહણ કરી આ પ્રકારનો અભિગ્રહ ધારણ કરે છે- 'મારે યાવજ્જીવ નિરંતર છઠ્ઠ છઠ્ઠનો તપ કરવો કલ્પે'-ઇત્યાદિ પૂર્વવત્ યાવત્ વિહરે છે. ત્યારબાદ પ્રથમ છઠ્ઠ તપના પારણાના દિવસે તે શિવરાજર્ષિ આતાપના ભૂમિથી નીચે આવે છે, વાલ્કલના વસ્ત્ર પહેરી જ્યાં પોતાની ઝુંપડી છે ત્યાં આવે છે, ત્યાં આવી કિઢિન (વાંસનું પાત્ર) અને કાવડને ગ્રહણ કરે છે, ગ્રહણ કરી પૂર્વ દિશાને પ્રોક્ષિતકરી 'પૂર્વ દિશાના સોમ મહારાજા ધર્મસાધનમાં પ્રવૃત્ત થએલા શિવ રાજર્ષિનું રક્ષણ કરો, અને પૂર્વ દિશામાં રહેલા કંદ, મૂલ, છાલ, પાંદડા, પુષ્પ, ફળ, બીજ અને હરિતને ગ્રહણ કરીને પોતાની કાવડ ભરે છે. ત્યાર પછી. દર્ભ, કુશ, સમિધ અને ઝાડની શાખાને મરડી પાંદડાઓને લે છે; લઇને જ્યાં પોતાની ઝુંપડી છે ત્યાં આવે છે, કાવડને નીચે મૂકે છે, વેદિકાને પ્રમાર્જિત કરે છે; લીંપી શુદ્ધ કરે છે. ત્યારબાદ ડાભ અને કલશને હાથમાં લઇને ગંગા મહાનદીમાં પ્રવેશ કરે છે, ડુબકી મારે છે,. જલક્રીડા કરે છે, અને સ્નાન કરે છે, પછી આચમન કરી ચોક્ખા થઇ-પરમ પવિત્ર થઇ દેવતા અને પિતૃ કાર્ય કરી ડાભ અને પાણીનો કલશ હાથમાં લઇ ગંગા મહાનદીથી બહાર નીકળીને જ્યાં પોતાની ઝુંપડી છે, ત્યાં આવે છે ડાભ, કુશ અને વાલુકા વડે વેદિને બનાવે છે, મથનકાષ્ઠવડે અરણિને ઘસે છે, અગ્નિ પાડે છે, અગ્નિને સળગાવે છે, પછી તેમાં સમિધના કાષ્ઠોને નાંખી તે અગ્નિને પ્રજ્વલિત કરે છે, અને અગ્નિની દક્ષિણ બાજુએ આ સાત વસ્તુઓ મુકે છે .

[૫૦૭] "સકંથા (ઉપકરણવિશેષ), વલ્કલ, દીપ, શય્યાના ઉપકરણ, કમંડલ, દંડ અને આત્માએ સર્વને એકઠા કરે છે." પછી મધ, ઘી અને ચોખા વડે અગ્નિમાં હોમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરે છે હોમ કરીને ચરુ-બલિ તૈયાર કરે છે, અને બલિથી વૈશ્વદેવની પૂજા કરે છે, ત્યારબાદ અતિથિની પૂજા કરી તે શિવ રાજર્ષિ પોતે આહાર કરે છે.

[૫૦૮] ત્યારબાદ તે શિવરાજર્ષિ ફરીવાર છઠ્ઠ તપ કરીને વિહરે છે, પછી તે શિવરાજર્ષિ આતાપનાભૂમિથી ઉતરીય વલ્કલનું વસ્ત્ર પહેરે છે, ઈત્યાદિ બધું પ્રથમ પારણાની પેઠે જાણવું. પરન્તુ વિશેષ એ છે કે બીજા પારણા વખતે દક્ષિણ દિશાને પ્રોક્ષિત કરે-પૂજે, તેમ કરીને એમ કહે કે 'દક્ષિણદિશાના (લોકપાલ) યમ મહારાજા પ્રસ્થાનમાં પ્રવૃત્ત થએલા શિવરાજર્ષિનું રક્ષણ કરો' ઈત્યાદિ સર્વ પૂર્વવત્ કહેવું, યાવત્ પોતે આહાર કરે છે. પછી તે શિવરાજર્ષી ત્રીજા છઠ્ઠ તપને સ્વીકારી વિહરે છે, તેના પારણાની બધી હકીકત પૂર્વની પેઠે જાણવી, પરંતુ વિશેષ એ છે કે, પશ્ચિમ દિશાનું પ્રોક્ષણ-પૂજન-કરે, અને એમ કહે કે પશ્ચિમ દિશાના (લોકપાલ) વરુણ મહારાજા પ્રસ્થાનમાં પ્રવૃત્ત થયેલા શિવ રાજર્ષિનું રક્ષણ કરો, બાકી બધું પૂર્વ પ્રમાણે જાણવું. પછી તે શિવરાજર્ષિ ચોથા છઠ્ઠના તપને સ્વીકારી વિહરે છે-ઈત્યાદિ પૂર્વવત્ જાણવું. પરન્તુ (ચોથે પારણે) ઉત્તર દિશાને પૂજે છે, અને એમ કહે છે કે 'ઉત્તર દિશાના (લોકપાલ) વૈશ્રમણ મહારાજા ધર્મસાધનમાં પ્રવૃત્ત થયેલા શિવરાજર્ષિનું રક્ષણ કરો, બાકી બધું પૂર્વ પ્રમાણે જાણવું, યાવત્ ત્યાર પછી પોતે આહાર કરે છે.

એ પ્રમાણે નિરંતર છઠ્ઠ છઠ્ઠના તપ કરવાથી દિક્ચક્રવાલ તપ કરતા, યાવત્ આતાપના લેતા તે શિવરાજર્ષિને પ્રકૃતિને ભદ્રતા અને યાવદ્ વિનીતતાથી અન્ય કોઈ દિવસે તેના આવરણભૂત કર્મોના ક્ષયોપશમ થવાથી ઈહા, અપોહ, માર્ગણા અને ગવેષણ કરતા વિભંગ નામે જ્ઞાન ઉત્પન્ન થયું. પછી તે ઉત્પન્ન થયેલા તે વિભંગજ્ઞાન વડે આ લોકમાં સાત દ્વીપો અને સાત સમુદ્રો જુએ છે, તે પછી આગળ જાણતા નથી, કે જોતા નથી. ત્યારબાદ તે શિવરાજર્ષિને આ આવા પ્રકારનો અધ્યવસાય ઉત્પન્ન થયો કે, 'મને અતિશયવાળું જ્ઞાન અને દર્શન ઉત્પન્ન થયું છે, અને એ પ્રમાણે આ લોકમાં સાત દ્વીપ અને સાત સમુદ્રો છે, અને ત્યારપછી દ્વીપો અને સમુદ્રો નથી'- એમ વિચારે છે, વિચારીને આતાપના ભૂમિથી નીચે ઉતરે છે, અને વલ્કલનાં વસ્ત્રો પહેરી જ્યાં પોતાની ઝુંપડી છે ત્યાં આવી અનેક પ્રકારના લોઢી, લોઢાના કડાયાં અને કડછા યાવદ્ બીજા ઉપકરણો અને કાવડને ગ્રહણ કરે છે, અને જ્યાં હસ્તિનાપુરનગર છે અને જ્યાં તાપસોનું યાવદ્ આશ્રમ છે ત્યાં આવે છે, આવીને ઉપકરણ વગેરેને મૂકે છે, અને હસ્તિનાપુર નગરમાં શૃંગાટક, ત્રિક, યાવદ્ રાજમાર્ગોમાં ઘણા માણસોને એમ કહે છે, યાવદ્ પ્રરૂપે છે કે, 'હે દેવાનુપ્રિયો ! મને અતિશયવાળું જ્ઞાન અને દર્શન ઉત્પન્ન થયું છે, અને આ લોકમાં એ પ્રમાણેસાત દ્વીપો અને સાત્ સમુદ્રો છે,' ત્યારબાદ તે શિવરાજર્ષિ પાસેથી એ પ્રકારનું વચન સાંભળી, અવધારી હસ્તિનાપુર નગરમાં શૃંગાટક, ત્રિક, યવદ્ રાજમાર્ગોમાં ઘણા માણસો પરસ્પર એમ કહે છે- યાવદ્ એમ પ્રરૂપે છે-હે દેવાનુપ્રિયો ! શિવરાજર્ષિ આ પ્રમાણે કહે છે-યાવત્ પ્રરૂપે છે કે હે દેવાનુપ્રિયો ! મને અતિશયવાળું જ્ઞાન અને દર્શન ઉત્પન્ન થયું છે, યાવત્ એ પ્રમાણે એ લોકમાં સાત દ્વીપ અને સાત સમુદ્રો છે, ત્યાર પછી નથી, તે એમ કેવી રીતે હોય ?

તે કાલે-તે સમયે મહાવીરસ્વામી સમોસર્યા, પર્ષદ્ પણ પાછી ગઈ. તે કાલે-તે સમયે શ્રમણ ભગવન્ મહાવીરના મોટા શિષ્ય ઈંદ્રભૂતિ નામે અનગાર યાવત્ ભિક્ષાએ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જતા ઘણા માણસોનો શબ્દ સાંભળે છે 'હે દેવાનુપ્રિયો ! શિવ રાજર્ષિ એમ કહે છે-યાવત્ એમ પ્રરૂપે છે-હે દેવાનુપ્રિયો ! મને અતિષયવાળું જ્ઞાન અને દર્શન ઉત્પન્ન થયું છે, અને યાવત્ સાત દ્વીપ અને સાત સમુદ્રો છે, ત્યાર પછી દ્વીપો અને સમુદ્રો નથી.' તો એ પ્રમાણે કેમ હોય ? ત્યાર પછી ભગવાન્ ગૌતમે ઘણા માણસો પાસે આ વાત સાંભળી, અવધારી શ્રદ્ધાવાળા થઈ યાવત્ શ્રમણ ભગવંત મહાવીરને પૂછ્યું હે ભગવન્ ! શિવરાજર્ષિ કહે છે કે-'યાવત્ સાત દ્વીપ અને સાત સમુદ્ર છે, ત્યાર પછી કાંઇ નથી' તો એ પ્રમાણે કેમ હોઇ શકે ? હે ગૌતમ ! ઘણા માણસો જે પરસ્પર એ પ્રમાણે કહે છે,-ઈત્યાદિ બધું કહેવું,તે મિથ્યા છે. હે ગૌતમ ! હું એ પ્રમાણે કહું છું, યાવત્ પ્રરૂપું છું-એ પ્રમાણે જંબૂદ્વીપાદિ દ્વીપો અને લવણાદિ સમુદ્રો બધા આકારે એક સરખા છે, પણ વિશાલતાએ દ્વિગુણ દ્વિગુણ વિસ્તારવાળા હોવાથી અનેક પ્રકારના છે-ઈત્યાદિ સર્વે 'જીવાભિગમ'માં કહ્યા પ્રમાણે જાણવું, યાવત્ ! આ તિર્યગ્લોકમાં સ્વયંભૂરમણ સમુદ્ર પર્યન્ત અસંખ્યાત દ્વીપો અને સમુદ્રો કહ્યા છે.

હે ભગવન્ ! જંબૂદ્વીપ નામે દ્વીપમાં વર્ણવાળાં, વર્ણરહિત, ગંધવાળાં, ગંધરહિત, રસવાળાં, રસરહિત, સ્પર્શવાળાં અને સ્પર્શરહિત દ્રવ્યો અન્યોન્ય બદ્ધ, અનોન્ય સ્પૃષ્ટ યાવદ્ અન્યોન્ય સંબદ્ધ છે ? હે ગૌતમ ! હા, છે. હે ભગવન્ ! લવણ સમુદ્રમાં વર્ણવાળાં, વર્ણવિનાના, ગંધવાળાં, ગંધ વિનાના, રસવાળાં, રસવિનાના, સ્પર્શવાળાં ને સ્પર્શવિનાના દ્રવ્યો અન્યોન્ય બદ્ધ, અન્યોન્ય સ્પૃષ્ટ, યાવત્ અન્યોન્ય સંબદ્ધ છે ? હે ગૌતમ ! હા, છે. હે ભગવન્ ! ધાતકિખંડમાં અને એ પ્રમાણે યાવત્ સ્વયંભૂરમણ સમુદ્રમાં વર્ણવાળાં ને વર્ણરહિત ઈત્યાદિપૂર્વોક્ત દ્રવ્યો પરસ્પર સંબદ્ધ છે ઈત્યાદિ યાવત્ ? હે ગૌતમ ! હા, છે ત્યાં સુધી જાણવું. ત્યારબાદ તે અત્યન્ત મોટી અને મહત્વ યુક્ત પરિષદ્ શ્રમણ ભગવાન મહાવીર પાસેથી એ અર્થ સાંભળી અને અવધારી હૃષ્ટ તુષ્ટ થઈ શ્રમણ ભગવંત મહાવીરને વાંદી નમી જે દિશામાંથી આવી હતી તે દિશામાં ગઈ. ત્યારબાદ હસ્તિનાપુર નગરમાં શૃંગાટક યાવદ્ બીજા માર્ગોમાં ઘણા માણસો પરસ્પર આ પ્રમાણે કહે છે, યાવત્ પ્રરૂપે છે કે હે દેવાનુપ્રિયો ! શિવરાજર્ષિ જે એમ કહે છે- યાવત્ પ્રરૂપે છે-'હે દેવાનુપ્રિયો ! યાવત્ બીજા દ્વીપ-સમુદ્રો નથી;' તે તેનું કથન યથાર્થ નથી. શ્રમણ ભગવાન્ મહાવીર એ પ્રમાણે કહે છે, યાવત્ પ્રરૂપે છે કે -તે મિથ્યા છે, યાવત્ શ્રમણ ભગવાન્ મહાવીર એ પ્રમાણે કહે છે કે -યાવત્ અસંખ્યાતા દ્વીપ-સમુદ્રો કહ્યા છે.'

ત્યારબાદ તે શિવરાજર્ષિ ઘણામાણસો પાસેથી એ વાતને સાંભળીને અને અવધારીને શંકિત કાંક્ષિત, સંદિગ્ધ, અનિશ્ચિત અને કલુષિત ભાવને પ્રાપ્ત થયા, અને શિવરાજર્ષિનું વિભંગ નામે અજ્ઞાન તરતજ નાશ પામ્યું. ત્યાર પછી તે શિવરાજર્ષિને આવા પ્રકારનો આ સંકલ્પ યાવત્ ઉત્પન્ન થયો-"એ પ્રમાણે શ્રમણભગવાન્મહાવીર ધર્મની આદિ કરનારા, તીર્થંકર, યાવત્ સર્વજ્ઞ અને સર્વદર્શી છે; અને તેઓ આકાશમાં ચાલતા ધર્મચક્રવડે યાવત્ સહસ્રામ્રવન નામે ઉદ્યાનમાં યથાયોગ્ય અવગ્રહ ગ્રહણ કરી યાવદ્ વિહરે છે. તો તેવા પ્રકારના અરિહંતભગવંતોના નામગોત્રનું શ્રવણ કરવું તે મહાફળવાળું છે, તો અભિગમન વંદનાદિ માટે તો શું કહેવું ?-ઈત્યાદિ ઉવવાઈમાં કહ્યા પ્રમાણે જાણવું, યાવત્ એક આર્ય ધાર્મિક સુવચનનું શ્રવણ કરવું મહા ફલવાળું છે, તો તેના વિપુલ અર્થનું અવધારણ કરવા માટે તો શું કહેવું ? તેથી હું શ્રમણ ભગવાન્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મહાવીરની પાસે જાઉં, વાંદુ અને નમું, યાવત્ તેઓની પર્યુપાસના કરું, એ મને આ ભવમાં અને પરભવમાં યાવત્ શ્રેયને માટે થશે" એમ વિચારે છે.

એ પ્રમાણે વિચાર કરી જ્યાં તાપસોનો મઠ છે ત્યાં આવે છે. મઠમાં પ્રવેશ કરી ઘણીલોઢી, લોઢાનાકડાયા યાવત્ કાવડ વગેરે ઉપકરણોને લઇ તાપસોના આશ્રમથી નીકળેછે. વિભંગજ્ઞાનરહિત તે શિવરાજર્ષિ હસ્તિનાપુર નગરની વચ્ચોવચ્ચ થઈને જ્યાં સહસ્રામ્રવન નામે ઉદ્યાન છે, જ્યાં શ્રમણ ભગવાન્ મહાવીર છે ત્યાં આવે છે. શ્રમણ ભગવાન્ મહાવીરને ત્રણ વાર પ્રદક્ષિણા કરીને વાંદે છે અને નમે છે. તેઓથી બહુ નજીક નહીં અને બહુદૂર નહીં તેમ ઉભા રહી યાવત્ હાથ જોડી ઉપાસના કરે છે. ત્યાર બાદ તે શિવરાજર્ષિને અને મોટામાં મોટી પર્ષદને શ્રમણ ભગવંત મહાવીર ધર્મકથા કહે છે. અને યાવત્ તે શિવરાજર્ષિ આજ્ઞાના આરાધક થાય છે. પછી તે શિવરાજર્ષિ યાવત્ સ્કંદકના પ્રકરણમાં કહ્યા પ્રમાણે યાવત્ ઈશાન કોણ તરફ જઇ તાપસોચિત ઉપકરણોને એકાંત જગ્યાએ મૂકે છે. પોતાની મેળે પંચમુષ્ટિ લોચ કરી, શ્રમણ ભગવંત મહાવીર પાસે ઋષભદત્તની પેઠે પ્રવ્રજ્યાનો સ્વીકાર કરે છે, અને તે પ્રમાણે અગ્યાર અંગોનું અધ્યયન કરે છે, તથા એજ પ્રમાણે યાવત્ તે શિવરાજર્ષિ સર્વ દુઃખથી મુક્ત થાય છે.

[૫૦૯] 'હે ભગવન્' ! એમ કહી ભગવાન્ ગૌતમ શ્રમણ ભગવંત મહાવીરને વાંદે છે અને નમે છે, વાંદી અને નમીને ભગવંત ગૌતમે આ પ્રમાણે પૂછ્યું- હે ભગવન્ ! સિદ્ધ થતા જીવો કયા સંઘયણમાં સિદ્ધ થાય ? હે ગૌતમ ! જીવો વજ્રઋષભનારાચ સંઘયણમાં સિદ્ધ થાય"-ઇત્યાદિ ઔપપાતિકસૂત્રમાં કહ્યા પ્રમાણે "સંઘયણ, સંસ્થાન, ઉંચાઇ, આયુષ, પરિવસના' - અને એ પ્રમાણે આખી સિદ્ધિગંડિકા કહેવી; યાવત્ અવ્યાબાધ શાશ્વત સુખને સિદ્ધો અનુભવે છે. 'હે ભગવન્ ! તે એમજ છે.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

**શતકઃ૧૧ -ઉદ્દેસાઃ૯ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## -: ઉદ્દેશક ૧૦ :-

[૫૧૦] રાજગૃહ નગરમાં (ગૌતમ) યાવદ્ આ પ્રમાણે બોલ્યા-હે ભગવન્ ! લોક કેટલા પ્રકારનો કહ્યો છે ? હે ગૌતમ !ચાર પ્રકારનો. દ્રવ્યલોક, ક્ષેત્રલોક, કાલલોક અને ભાવલોક. હે ભગવન્ ! ક્ષેત્રલોક કેટલા પ્રકારનો કહ્યો છે ? હે ગૌતમ ! ત્રણ પ્રકારનો. અધોલોકક્ષેત્રલોક, તિર્યગ્લોકક્ષેત્રલોક અને ઊર્ધ્વલોકક્ષેત્રલોક. હે ભગવન્ ! અધો લોકક્ષેત્રલોક કેટલા પ્રકારનો કહ્યો છે ? હે ગૌતમ ! સાત પ્રકારનો. રત્નપ્રભા- પૃથિવી અધોલોકક્ષેત્રલોક, યાવત્ અધઃસપ્તમપૃથિવીઅધોલોકક્ષેત્રલોક. હે ભગવન્ ! તિર્ય ગ્લોક ક્ષેત્રલોક કેટલા પ્રકારનો કહ્યો છે ? હે ગૌતમ ! અસંખ્ય પ્રકારનો કહ્યો છે, જંબૂદ્વી પતિર્યગ્લોકક્ષેત્રલોક, યાવત્ સ્વંયભૂરમણસમુદ્રતિર્યગ્લોક- ક્ષેત્રલોક. હે ભગવન્ ! ઊર્ધ્વલોકક્ષેત્રલોક કેટલા પ્રકારનો કહ્યો છે ? હે ગૌતમ ! પંદર પ્રકારનો. સૌધર્મકલ્પ ઊર્ધ્વલોકક્ષેત્રલોક, યાવદ્ અને ઈષત્પ્રાગ્ભારપૃથિવઊર્ધ્વલોકક્ષેત્રલોક. હે ભગવન્ ! અધોલોક- ક્ષેત્રલોક કેવા સંસ્થાને છે ? હે ગૌતમ ! અધોલોક ત્રાપાને આકારે છે. હે ભગવન્ ! તિર્યગ્લોકક્ષેત્રલોક કેવા સંસ્થાને છે ? હે ગૌતમ ! તે ઝાલરને આકારે છે. હે ભગવન્ ! ઊર્ધ્વલોકક્ષેત્રલોક કેવા આકારે છે ? હે ગૌતમ ! ઉભા મૃદંગને આકારે છે. હે ભગવન્ ! લોક કેવા આકારે સંસ્થિત છે ? હે ગૌતમ ! લોક સુપ્રતિષ્ઠકને આકારે સંસ્થિત

છે."નીચે પહોળો, મધ્યભાગમાં સંક્ષિપ્ત"- ઈત્યાદિ સાતમા શતકના પ્રથમ ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે કહેવું. યાવદ્ 'સર્વ દુઃખોનો અન્ત કરે છે'. હે ભગવન્ ! અલોક કેવા આકારે કહ્યો છે ? હે ગૌતમ ! અલોક પોલા ગોળાને આકારે કહ્યો છે. હે ભગવન્ ! અધોલોક ક્ષેત્રલોક શું જીવરૂપ છે, જીવદેશરૂપ છે, જીવપ્રદેશરૂપ છે ઈત્યાદિ ? હે ગૌતમ ! જેમ એન્દ્રી દિશા સંબન્ધે કહ્યું છે તે પ્રમાણે સર્વ અહિં જાણવું. હે ભગવન્ ! તિર્યગ્લોક શું જીવરૂપ છે ઈત્યાદિ ? પૂર્વવત્ જાણવું. એ પ્રમાણે ઊર્ધ્વલોકક્ષેત્રલોક સંબન્ધે પણ જાણવું; પરન્તુવિશેષએછેકેઊર્ધ્વલોકમાંઅરૂપીદ્રવ્યછપ્રકારેછે,કારણકે ત્યાં અદ્ધા સમય નથી.

હે ભગવન્ ! લોક શું જીવ છે ઈત્યાદિ ? બીજા શતકના અસ્તિઉદ્દેશકમાં લોકા કાશને વિષે કહ્યું છે તે પ્રમાણે જાણવું. પરન્તુ વિશેષ એ છે કે અહિં અરૂપી સાત પ્રકારે જાણવા, યાવદ્ 'અધર્માસ્તિકાયનાપ્રદેશોનો આકાશાસ્તિકાયરૂપ, આકાશાસ્તિકાય નો દેશ, આકાશાસ્તિકાયના પ્રદેશો અને અદ્ધાસમય. હે ભગવન્ ! અલોક શું જીવ છે ઈત્યાદિ ? જેમ અસ્તિકાયુદ્દેશકમાં અલો- કાકાશને વિષે કહ્યું છે તે પ્રમાણે અહીં જાણવું, હે ભગવન્ ! અધોલોકક્ષેત્રલોકના એક આકાશપ્રદેશમાં શું જીવો જીવના દેશો, અજીવો, અજીવોના દેશો અને અજીવના પ્રદેશો છે ? હે ગૌતમ ! જીવો નથી, પણ જીવો ના દેશો, જીવોના પ્રદેશો, અજીવો, અજીવના દેશો અને અજીવના પ્રદેશો છે. તેમાં ત્યાં જે જીવોના દેશો છે તે અવશ્ય એકેન્દ્રિયજીવોના દેશો છે અથવા એકેન્દ્રિય જીવોના દેશો અને બેઇન્દ્રિય જીવનો દેશ છે, અથવા એકેન્દ્રિય જીવોના દેશો અને બેઇન્દ્રિયોના દેશો છે. એ પ્રમાણે મધ્યમ ભંગરહિત બાકીના વિકલ્પો યાવદ્ અનિન્દ્રિયો-સિદ્ધો સંબન્ધે જાણવા. તથા ત્યાં જે જીવના પ્રદેશો છે તે અવશ્ય એકેન્દ્રિય જીવોના પ્રદેશો છે, અથવા એકેન્દ્રિય જીવોના પ્રદેશો અને એક બેઇન્દ્રિય જીવના પ્રદેશો છે, અથવા એકેન્દ્રિય જીવોના પ્રદેશો અને બેઇન્દ્રિયોના પ્રદેશો છે. એ પ્રમાણે યાવત્ પંચેન્દ્રિય અને અનિન્દ્રિય અને અનિન્દ્રિયો સંબન્ધે પ્રથમ ભંગ સિવાય ત્રણ ભાંગા જાણવા. તથા ત્યાં જે અજીવો છે તે બે પ્રકારના કહ્યા છે. રૂપિઅજીવ અને અરૂપિઅજીવ. તેમાં રૂપિઅજીવો પૂર્વ પ્રમાણે જાણવા. અને જે અરુપિઅજીવો છે તે પાંચ પ્રકારના કહ્યા છે. નોધર્માસ્તિકાય ધર્માસ્તિકાયનો દેશ, ધર્માસ્તિકાયનો પ્રદેશ, એ પ્રમાણે અધર્માસ્તિકાય સંબન્ધે પણ જાણવું. અને અદ્ધા સમય.

હે ભગવન્ ! તિર્યગ્લોકક્ષેત્રલોકના એક આકાશ પ્રદેશમાં શું જીવો છે ? ઈત્યાદિ જેમ અધોલોકક્ષેત્રલોકના સંબન્ધે કહ્યું તેમ અહીં બધું જાણવું. એ પ્રમાણે ઊર્ધ્વલોક ક્ષેત્રલોકના એક આકાશ પ્રદેશને વિષે પણ જાણવું. પરન્તુ વિશેષ એ છે કે, ત્યાં અદ્ધા સમય નથી, માટે અરૂપી ચાર પ્રકારના છે, લોકના એક આકાશપ્રદેશમાં અધોલોક ક્ષેત્રલોકના એક આકાશ પ્રદેશમાં જેમ કહ્યું છે તેમ જાણવું. અલોકના એક આકાશ પ્રદેશ સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! ત્યાં 'જીવો નથી, જીવ દેશો નથી'-ઈત્યાદિ પૂર્વવત્ હે ભગવન્ ! દ્રવ્યથી અધોલોકક્ષેત્રલોકમાં અનન્ત જીવ દ્રવ્યો છે, અનંત અજીવ દ્રવ્યો છે અને અનંત જીવાજીવ દ્રવ્યો છે. એ પ્રમાણે તિર્યગ્લોકક્ષેત્રલોકમાં તથા ઊર્ધ્વલોકક્ષેત્ર લોકમાં પણ જાણવું. દ્રવ્યથી અલોકમાં જીવ દ્રવ્યો નથી, અજીવ દ્રવ્યો નથી અને જીવા જીવદ્રવ્યો નથી, પણ એક અજીવદ્રવ્યનો દેશ છે, યાવત્ સર્વાકાશના અનંતમાં ભાગે ન્યૂન છે. કાલથી અધોલોકક્ષેત્રલોક કોઇ દિવસ ન હતો એમ નથી, યાવત્ નિત્ય છે. એ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રમાણે યાવત્ અલોક જાણવો. ભાવથી અધોલોકક્ષેત્રલોકમાં 'અનંત વર્ણ પર્યવો છે' - ઈત્યાદિ જેમ સ્કંદકના અધિકારમાં કહ્યું છે તેમ જાણવું. એ પ્રમાણે યાવત્ લોક સુધી જાણવું. ભાવથી અલોકમાં વર્ણપર્યવો નથી, યાવત્ અગુરુલઘુપર્યવો નથી, પણ એક અજીવદ્રવ્યનો દેશ છે અને તે સર્વાકાશના અનંતમાં ભાગે ન્યૂન છે.

[૫૧૧] હે ભગવન્ ! લોક કેટલો મોટો કહ્યો છે ? હે ગૌતમ ! આ જંબૂદ્વીપ નામે દ્વીપસર્વ દ્વીપો અને સમુદ્રોની અભ્યંતર છે, યાવત્ પરિધિ યુક્ત છે. તે કાલે-તે સમયે મહર્ધિક અને યાવત્ મહાસુખવાળા છ દેવો જંબૂદ્વીપમાં મેરુપર્વતને વિષે મેરુપર્વતની ચૂલિકાને ચારે તરફ વીંટાઈને ઉભા રહે, અને નીચે મોટી ચાર દિક્કુમારીઓ ચાર બલિપિંડને ગ્રહણ કરીને જંબૂદ્વીપની ચારે દિશામાં બહાર મુખ રાખીને ઉભી રહે, પછી તેઓ તે ચારે બલિપિંડને એક સાથે બહાર ફેંકે, તોપણ હે ગૌતમ ! તેમાંનો એક એક દેવ તે ચાર બલિપિંડને પૃથિવી ઉપર પડ્યા પહેલાં શીઘ્ર ગ્રહણ કરવા સમર્થ છે. હે ગૌતમ ! એવી ગતિવાળા તે દેવોમાંથી એક દેવ ઉત્કૃષ્ટ યાવદ્ ત્વરિત દેવગતિવડે પૂર્વ દિશા તરફ ગયો, એક દક્ષિણ દિશા તરફ ગયો, એક પશ્ચિમ દિશામાં, એક ઉત્તર દિશામાં, એક ઊર્ધ્વ દિશામાં અને એક દેવ અધોદિશામાં ગયો. હવે તે કાલે, તે સમયે હજાર વર્ષના આયુષવાળો એક બાળક ઉત્પન્ન થયો, ત્યારપછી તે બાળકના માતાપિતા મરણ પામ્યા, તોપણ તેટલા વખત સુધી પણ તે ગએલા દેવો લોકના અંતને પ્રાપ્ત કરી શકતા નથી. ત્યારબાદ તે બાળકનું આયુષ ક્ષીણ થયું-પૂરું થયું, તોપણ તે દેવો લોકાન્તને પ્રાપ્ત કરી શકતા નથી. પછી તે બાળકના અસ્થિ અને મજ્જા નાશ પામ્યા, તોપણ તે દેવો લોકના અંતને પામી શકતા નથી, ત્યારબાદ સાત પેઢી સુધી તેના કુલવંશ નષ્ટ થયા, તોપણ તે દેવો લોકાંતને પ્રાપ્ત કરી શકતા નથી. પછી તે બાળકનું નામગોત્ર પણ નષ્ટ થયું તોપણ તે દેવો લોકના અંતને પામી શકતા નથી. જો એમ છે તો હે ભગવન્ ! તે દેવોએ ઓળંગેલો માર્ગ ઘણો છે કે ઓળંગ્યા વિનાનો માર્ગ ઘણો છે ? હે ગૌતમ ! તે દેવો વડે ઓળંગાયેલ-ક્ષેત્ર વધારે છે, પણ નહિ ઓળંગાયેલું-ક્ષેત્ર વધારે નથી. ઓળંગેલથી નહીં ઓળંગેલ ક્ષેત્ર અસંખ્યાતમા ભાગે છે. અને ન ઓળંગેલથી ઓળંગેલ ક્ષેત્ર અસંખ્યાત ગુણ છે. હે ગૌતમ ! લોક એટલો મોટો કહ્યો છે.

હે ભગવન્ ! અલોક કેટલો મોટો કહ્યો છે ? હે ગૌતમ ! 'આ મનુષ્યક્ષેત્ર લંબાઈ અને પહોળાઈમાં પીસ્તાળીશ લાખ યોજન છે'-ઈત્યાદિ જેમ સ્કંદકના અધિકારમાં કહ્યું છે તેમ જાણવું, યાવત્ તે પરિધિયુક્ત છે. તે કાલે તે-સમયે દસ મહર્ધિક દેવો પૂર્વની પેઠે તે મનુષ્ય લોકની ચારે બાજુ વીંટાઈને ઉભા રહે. તેની નીચે મોટી આઠ દિકુમારીઓ આઠ બલિપિંડને માનુષોત્તરપર્વતની ચારેદિશામાં અને ચારેવિદિશામાં બાહ્યાભિમુખ ઉભી રહે અને માનુષોત્તર પર્વતની બાહેરની દિશામાં ફેંકે, તો તેમાંનો કોઈ પણ એક દેવ તે આઠ બલિપિંડોને પૃથિવી ઉપર પડ્યા પહેલાં શીઘ્ર સંહરવા સમર્થ છે. તે દેવો ઉત્કૃષ્ટ, યાવદ્ ત્વરિતદેવગતિથી લોકના અંતમાં ઉભા રહી અસત્ કલ્પના વડે એક દેવ પૂર્વ દિશા તરફ જાય, એક દેવ દક્ષિણપૂર્વ તરફ જાય, અને એ પ્રમાણે યાવત્ એક દેવ અધોદિશા તરફ જાય; તે કાલે-તે સમયે લાખ વર્ષના આયુષવાળા એક બાલકનો જન્મ થાય, પછી તેના માતા-પિતા મરણ પામે તોપણ તે દેવો અલોકના અન્તને પ્રાપ્ત કરી શકતા નથી-ઈત્યાદિ પૂર્વવત્ નહિ ગમન કરાયેલા ક્ષેત્ર કરતાં ગમન કરાયેલું ક્ષેત્ર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનંતમે ભાગે છે. હે ગૌતમ ! અલોક એટલો મોટો કહ્યો છે.

[૫૧૨] હે ભગવન્ ! લોકના એક આકાશપ્રદેશમાં જે એકેન્દ્રિય જીવોના પ્રદેશો છે, યાવત્ પંચેન્દ્રિયના પ્રદેશો અને અનિન્દ્રિયના પ્રદેશો છે તે શું બધા પરસ્પર બદ્ધ છે, અન્યોન્ય સ્પૃષ્ટ છે, યાવદ્ અન્યોન્ય સંબદ્ધ છે ? વળી હે ભગવન્ ! તે બધા પરસ્પર એક બીજાને કાંઇ પણ આબાધા (પીડા) વ્યાબાધા (વિશેષ પીડા) ઉત્પન્ન કરે, તથા અવય વનો છેદ કરે ? હે ગૌતમ ! એ અર્થ યથાર્થ નથી. હે ભગવન્ ! એ પ્રમાણે આપ શા હેતુથી કહો છો હે ગૌતમ ! જેમ શૃંગારના આકાર સહિત સુન્દર વેષવાળી અને સંગીતાદિને વિષે નિપુણતાવાળી કોઈ એક નર્તકી હોય અને તે સેંકડો અથવા લાખો માણસોથી ભરેલા રંગસ્થાનમાં બત્રીશ પ્રકારના નાટ્યોમાંનું કોઇ નાટ્ય દેખાડે તો તે પ્રેક્ષકો શું તે નર્તકીને અનિમેષ દૃષ્ટિથી ચોતરફ જુએ ? હા, ભગવન્ ! જુએ. તો હે ગૌતમ ! તે પ્રેક્ષકોની દૃષ્ટિઓ શું તે નર્તકીને વિષે ચારે બાજુથી પડેલી હોય છે ? હા, પડેલી હોય છે. હે ગૌતમ ! પ્રેક્ષકોની તે દૃષ્ટિઓ તે નર્તકીને કાંઇ પણ આબાધા કે વ્યાબાધા ઉત્પન્ન કરે, અથવા તેના અવયવનો છેદ કરે ? હે ભગવન્ ! એ અર્થ યોગ્ય નથી. અથવા તે નર્તકી તે પ્રેક્ષકોની દૃષ્ટિઓને કંઇ પણ આબાધા કે વ્યાબાધા ઉત્પન્ન કરે અથવા તેના અવયવનો છેદ કરે ? એ અર્થ યથાર્થ નથી. અથવા તે દૃષ્ટિઓ પરસ્પર એક બીજી દૃષ્ટિઓને કાંઇપણ આ-બાધા કે વ્યાબાધા ઉત્પન્ન કરે, અથવા તેના અવયવનો છેદ કરે ? એ અર્થ યથાર્થ નથી. તે હેતુથી એમ કહેવાય છે કે યાવત્ અવયવનો છેદ કરતા નથી.

[૫૧૩] હે ભગવન્ ! લોકના એક આકાશપ્રદેશમાં જઘન્યપદે રહેલા જીવ પ્રદેશો, ઉત્કૃષ્ટપદે રહેલા જીવપ્રદેશો, સર્વજીવોમાં કોણ કોના કરતાં યાવદ્ વિશેષાધિક છે ? હે ગૌતમ ! લોકના એક આકાશપ્રદેશમાં જઘન્ય પદે રહેલા જીવપ્રદેશો સૌથી થોડા છે, તેના કરતાં સર્વ જીવ અસંખ્યાત ગુણ છે, તે કરતાં ઉત્કૃષ્ટ પદે રહેલા જીવપ્રદેશો વિશેષાધિક છે. હે ભગવન્ ! તે એમજ છે. તે એમજ છે, એમ કહી યાવદ્ વિહરે છે.

**શતકઃ ૧૧ - ઉદ્દેસોઃ ૧૦ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## -ઃ ઉદ્દેશક ૧૧ ઃ-

[૫૧૪] તે કાલે, તે સમયે વાણિજ્યગ્રામનગર હતું. દૂતિપલાશક ચૈત્ય હતુ. યાવત્ પૃથિવીશિલાપટ્ટ હતો. તે વાણિજ્યગ્રામ નગરમાં સુદર્શન નામે શેઠ રહેતો હતો; તે આઢ્ય-ધનિક, યાવત્ અપરિભૂત-તેવો, જીવા-જીવતત્ત્વનો જાણનાર શ્રમણોપાસક હતો. ત્યાં મહાવીર સ્વામી સમવસર્યા. યાવત્ પર્ષદ્ પર્યુપાસના કરે છે. ત્યારબાદ મહાવીરસ્વામી આવ્યાની આ વાત સાંભળી સુદર્શનશેઠ હર્ષિત અને સંતુષ્ટ થયા, અને સ્નાન કરી, બલિકર્મ યાવત્ મંગલરૂપ પ્રાયશ્ચિત્ત કરી, સર્વ અલંકારથી વિભૂષિતથઇ, પોતાના ઘેરથી બહારનીકળે છે, બહાર નીકળીને માથે ધારણ કરાતા કોરંટકપુષ્પની માળાવાળા છત્ર સહિત પગે ચાલીને ઘણામનુષ્યોના સમુદાયરૂપ-બન્ધનથી વિંટાયેલા તે સુદર્શનશેઠ વાણિજ્યગ્રામનગરની વચ્ચોવચ્ચ થઈને નીકળે છે. જ્યાં દૂતિપલાશ ચૈત્ય છે, અને જ્યાં શ્રમણ ભગવંત મહાવીર છે ત્યાં આવે છે, શ્રમણ ભગવંત મહાવીર-ની પાસે પાંચ પ્રકારના અભિગમવડે જાય છે, 'સચિત્ત દ્રવ્યોનો ત્યાગ કરવો'- ઈત્યાદિ જેમ ઋષભદત્તના પ્રકરણમાં કહ્યું છે તેમ અહીં જાણવું,યાવત્ તે સુદર્શન શેઠ ત્રણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રકારની પર્યુપાસના વડે પર્યુપાસે છે. ત્યાર પછી શ્રમણ ભગવંત મહાવીરે તે સુદર્શન શેઠને અને તે મોટામાં મોટી સભાને ધર્મકથા કહી, યાવત્ તે સુદર્શન શેઠ આરાધક થાય છે. ત્યાર પછી સુદર્શન શેઠ શ્રમણ ભગવંત મહાવીર પાસેથી ધર્મ સાંભળી અને અવધારી હર્ષિત અને સંતુષ્ટ થઈ ઉભા થાય છે,શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વાર પ્રદક્ષિણા કરી, યાવદ્ નમસ્કાર કરી પૂછ્યું- હે ભગવન્ ! કાલ કેટલા પ્રકારનો કહ્યો છે ? હે સુદર્શન ! ચાર પ્રકારનો.-પ્રમાણકાલ યથાયુર્નિર્વૃત્તિકાલ, મરણકાલ, અને અદ્ધાકાલ. હે ભગવન્ ! પ્રમાણકાલ કેટલા પ્રકારે છે ? બે પ્રકારનો.-દિવસપ્રમાણકાલ અને રાત્રીપ્રમાણકલ, ઉત્કૃષ્ટ સાડા ચાર મુહૂર્તની પૌરુષી દિવસની, કે રાત્રીની થાય છે. તથા જઘન્ય-ન્હાનામાં ન્હાની પૌરુષી દિવસ કે રાત્રિની ત્રણ મુહૂર્તની થાય છે.

[૫૧૫] હે ભગવન્ ! જ્યારે દિવસે કે રાત્રીએ સાડા ચાર મુહૂર્તની ઉત્કૃષ્ટ પૌરુષી હોય છે ત્યારે તે મુહૂર્તના કેટલા ભાગ ઘટતી ઘટતી દિવસે અને રાત્રીએ ત્રણ મુહૂર્તની જઘન્ય પૌરુષી થાય ? અને જ્યારે દિવસે કે રાત્રી ત્રણ મુહૂર્તની નાનામાં નાની પૌરુષી હોય છે ત્યારે તે મુહૂર્તના કેટલા ભાગ વધતી દિવસ અને રાત્રીની સાડાચાર મુહૂર્તની ઉત્કૃષ્ટ પૌરુષી થાય ? હે સુદર્શન ! જ્યારે દિવસે અને રાત્રીએ સાડાચાર મુહૂર્તની ઉત્કૃષ્ટ પૌરુષી હોય છે ત્યારે તે મુહૂર્તના એકસો બાવીસમા ભાગ જેટલી ઘટતી ઘટતી દિવસ અને રાત્રીની જઘન્ય ત્રણ મુહૂર્તની પોરુષી થાય છે, અને જ્યારે દિવસે અને રાત્રીએ ત્રણ મુહૂર્તની જઘન્ય પૌરુષી હોય છે ત્યારે મુહૂર્તના એકસો બાવીશમા ભાગ જેટલી વધતી દિવસે અને રાત્રીએ સાડાચારમુહૂર્તની ઉત્કૃષ્ટ પૌરુષી થાય છે. હે ભગવન્ ! ક્યારે દિવસે અને રાત્રીએ સાડાચાર મુહૂર્તની ઉત્કૃષ્ટ પૌરુષી હોય, અને ક્યારે દિવસે અને રાત્રીએ ત્રણ મુહૂર્તની જઘન્ય પૌરુષી હોય ? હે સુદર્શન ! જ્યારે અઢારમુહૂર્તનો મોટો દિવસ હોય અને બાર મુહૂર્તની નાની રાત્રી હોય ત્યારે સાડાચાર મુહૂર્તની દિવસની ઉત્કૃષ્ટ પૌરુષી હોય છે, અને રાત્રીની ત્રણ મુહૂર્તની જઘન્ય પૌરુષી હોય છે. તથા જ્યારે અઢારમુહૂર્તની મોટી રાત્રી હોય અને બાર મુહૂર્તનો નાનો દિવસ હોય ત્યારે સાડા ચાર મુહૂર્તની રાત્રિનો ઉત્કૃષ્ટ પૌરુષી અને ત્રણ મુહૂર્તની દિવસની જઘન્ય પૌરુષી હોય છે.

હે ભગવન્ ! અઢાર મુહૂર્તનો મોટો દિવસ, અને બાર મુહૂર્તની નાની રાત્રી ક્યારે હોય ?" તથા અઢાર મુહૂર્તની મોટી રાત્રી અને બાર મુહૂર્તનો નાનો દિવસ ક્યારે હોય ? હે સુદર્શન ! આષાઢપૂર્ણિમાને વિષે અઢાર મુહૂર્તનો મોટો દિવસ અને બાર મુહૂર્તની નાની રાત્રી હોય છે. તથા પોષમાસની પૂર્ણિમાને સમયે અઢાર મુહૂર્તની મોટી રાત્રી ને બાર મુહૂર્તનો નાનો દિવસ હોય છે. હે ભગવન્ ! દિવસ અને રાત્રી એ બન્ને સરખાં હોય ? હા, હોય. ક્યારે ? જ્યારે ચૈત્રી પૂનમ અને આસો માસની પૂનમ હોય ત્યારે દિવસ ને રાત્રી બન્ને સરખાં હોય છે. ત્યારે પંદર મુહૂર્તની રાત્રી અને રાત્રીની મુહૂર્તના ચોથા ભાગે ન્યૂન ચાર મુહૂર્તની પૌરુષીહોય છે. એ પ્રમાણકાલ કહ્યો.

[૫૧૬] હે ભગવન્ ! યથાયુર્નિર્વૃત્તિકાલ કેવા પ્રકારે કહેલો છે ? જે કોઇ નૈરયિક, તિર્યંચયોનિક, મનુષ્ય કે દેવે પોતે જેવું આયુષ્ય બાંધ્યું છે તે પ્રકારે તેનું પાલન કરે તે યથાયુર્નિર્વૃત્તિકાલ કહેવાય છે. હે ભગવન્ ! મરણકાલ એ શું છે ? શરીરથી જીવનો અથવા જીવથી શરીરનો વિયોગ થાય તે મરણકાલ કહેવાય છે. હે ભગવન્ ! અદ્ધાકાલ એ કેટલા પ્રકારે છે ? અદ્ધાકાલ અનેક પ્રકારનો છે; સમયરૂપે, આવલિકારૂપે, અને યાવદ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉત્સર્પિણીરૂપે. હે સુદર્શન ! કાલના બે ભાગ કરવા છતાં જ્યારે તેના બે ભાગ ન જ થઈ શકે તે કાલ સમય કહેવાય છે. અસંખ્યેય સમયોનો સમુદાય મળવાથી એક આવલિકા થાય છે. સંખ્યાત આવલિકાનો (એક ઉચ્છ્વાસ) ઈત્યાદિ બધું શાલિ ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે યાવત્ સાગરોપમના પ્રમાણ સુધી જાણવું. હે ભગવન્ ! એ પલ્યોપમ અને સાગરોપમરૂપનું શું પ્રયોજન છે ? હે સુદર્શન ! એ પલ્યોપમ અને સાગરોપમ વડે નૈરયિક, તિર્યંચયોનિક, મનુષ્ય તથા દેવોનાં આયુષોનું માપ કરવામાં આવે છે.

[૫૧૭] હે ભગવન્ ! નૈરયિકોની સ્થિતિ કેટલા કાલ સુધીની કહી છે ? અહીં સંપૂર્ણ સ્થિતપદ કહેવું, યાવદ્ તેત્રીશ સાગરોપમની સ્થિતિ સુધી જાણવું.

[૫૧૮] હે ભગવન્ ! એ પલ્યોપમ તથા સાગરોપમનો ક્ષય કે અપચય થાય છે ? હા, થાય છે. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો ? હે સુદર્શન ! એ પ્રમાણે ખરેખર તે કાલે, તે સમયે હસ્તિનાગપુર નામે નગર હતું. ત્યાં સહસ્રામ્રવન નામે ઉદ્યાન હતું. તે હસ્તિનાગપુર નગરમાં બલ નામે રાજા હતો. તે બલ રાજાને પ્રભાવતી નામે રાણી હતી. તેના હાથ પગ સુકુમાલ હતા- યાવત્ તે વિહરતી હતી. ત્યાર બાદ અન્ય કોઈપણ દિવસે તેવા પ્રકારના, અંદર ચિત્રવાળા, બહારથી ધોળેલા, ઘસેલા અને સુંવાળા કરેલા, જેનો ઉપરનો ભાગ વિવિધ ચિત્રયુક્ત અને નીચેનો ભાગ સુશોભિત છે એવા, મણિ અને રત્નના પ્રકાશથી અંધકારરહિત, બહુ સમાન અને સુવિભક્ત ભાગવાળા, મુકેલા પાંચ વર્ણના સરસ અને સુગંધી પુષ્પકુંજના ઉપચાર વડે યુક્ત, ઉત્તમ કાલાગુરુ, કીન્દરુ અને તુરુષ્કના ધૂપથી ચોતરફ ફેલાયેલા સુગંધના ઉદ્ભવથી સુંદર, સુગંધી પદાર્થોથી સુવાસિત થયેલા, સુગંધિ દ્રવ્યની ગુટિકા જેવા તે વાસઘરમાં તકીયાસહિત, માથે અને પગે ઓશીકાવાળી, બન્ને બાજુએ ઉંચી, વચમાં નમેલી અને વિશાલ, ગંગાના કિનારાની રેતીની રેતાળ સરખી ભરેલા રેશમી દુકૂલના પટથી આચ્છાદિત, રજસ્રાણથી ઢંકાયેલી, રક્તાંશુક-સહીત, સુરમ્ય, આજિનક રૂ, બરુ, માખણ અને આકડાના રૂના સમાન સ્પર્શવાળી, સુગંધિ ઉત્તમ પુષ્પો ચૂર્ણ, અને બીજા શયનોપચારથી યુક્ત એવી શય્યામાં કંઈક સુતી અને જાગતી નિદ્રા લેતી લેતી પ્રભાવતી દેવી અર્ધરાત્રીના સમયે આ એવા પ્રકારના ઉદાર, કલ્યાણ, શિવ, ધન્ય, મંગલકારક અને શોભા યુક્ત મહાસ્વપ્ને જોઈને જાગી.

મોતીના હાર, રજત, ક્ષીરસમુદ્ર, ચંદ્રના કિરણ, પાણીના બિંદુ અને રૂપાના મોટા પર્વત જેવા ધોળા, વિશાળ, રમણીય અને દર્શનીય, સ્થિર અને સુંદર પ્રકોષ્ઠવાળા, ગોળ, પુષ્ટ, સુશ્લિષ્ટ, વિશિષ્ટ અને તીક્ષ્ણ દાઢોવડે ફાડેલા મુખવાળા, સંસ્કારિત ઉત્તમ કમલના જેવા કોમલ, પ્રમાણયુક્ત અને અત્યન્ત સુશોભિત ઓષ્ઠવાળા, રાતા કમલના પત્રની જેમ અત્યંત કોમળ તાળુ અને જીભવાળા, ભૂષામાં રહેલા, અગ્નીથી તપાવેલ અને આવર્ત કરતાં ઉત્તમ સુવર્ણના સમાન વર્ણવાળી ગોળ અને વિજળીના જેવી નિર્મળ આંખવાળા, વિશાલ અને પુષ્ટજંઘાવાળા, સંપૂર્ણ અને વિપુલ સ્કંધવાળા, કોમલ, વિશદ-સ્પષ્ટ, સૂક્ષ્મ, અને પ્રશસ્ત, લક્ષણવાળી વિસ્તીર્ણ કેસરાની છટાથી સુશોભિત, ઉંચા કરેલા, સારીરીતે નીચે નમાવેલાસુન્દર અને પૃથિવી ઉપર પછાડેલ પૂંછડાથી યુક્ત, સૌમ્ય, સૌમ્ય આકારવાળા લીલા કરતા, બગાસાં ખાતા અને આકાશ થકી ઉતરી પોતાના મુખમાં પ્રવેશ કરતા સિંહને સ્વપ્નમાં જોઈ તે પ્રભાવતી દેવી જાગી. ત્યાર બાદ તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રભાવતી દેવી આ આવા પ્રકારના ઉદાર યાવત્ શોભાવાળા મહાસ્વપ્ને જોઇને જાગી અને હર્ષિત તથા સંતુષ્ટ હૃદયવાળી થઈ, યાવત્ મેઘની ધારથી વિકસિત થયેલા કંદબકના પુષ્પની પેઠે રોમાંચિત થયેલી તે સ્વપ્નું સ્મરણ કરે છે, પોતાના શયનથી ઉઠી ત્વરાવિનાની, ચપલતારહિત, યાવત્ રાજહંસસમાન ગતિવડે જ્યાં બલરાજાનું શયન ગૃહ છે ત્યાં આવે છે, આવીને ઈષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ, મનગમતી, ઉદાર, કલ્યાણ, શિવ, ધન્ય, મંગલ્ય સૌન્દર્યયુક્ત, મિત, મધુર અને મંજુલ-વાણીવડે બોલતી તે બલ રાજાને જગાડે છે.બલરાજાની અનુમતિથી વિચિત્રમણિ અને રત્નોની રચના વડે વિચિત્ર ભદ્રાસનમાં બેસેછે. સ્વસ્થ અને શાન્ત થએલી તે પ્રભાવતી દેવીએ ઈષ્ટ, પ્રિય, યાવત્ મધુર વાણીથી બોલતાં આ પ્રમાણે કહ્યું-

હે દેવાનુપ્રિયો ! એ પ્રમાણે ખરેખર મેં આજે તે તેવા પ્રકારની અને તકીયાવાળી શય્યામાં ઈત્યાદિ પૂર્વોક્ત જાણવું, યાવત્ મારા પોતાના મુખમાં પ્રવેશ કરતા સિંહને સ્વપ્નમાં જોઈને જાગી. તો એ ઉદાર યાવત્ મહાસ્વપ્નનું બીજું શું કલ્યાણકારક ફલ અથવા વૃત્તિવિશષ થશે ? ત્યાર પછી તે બલ રાજા પ્રભાવતી દેવી પાસેથી આ વાત સાંભળી, અવધારી હર્ષિત, તુષ્ટ, યાવત્ અલ્હાદાયુક્ત હૃદયવાળો થયો, મેઘની ધારાથી વિકસિત થયેલા યાવત્ જેની રોમરાજી ઉભી થયેલી છે, એવો બલરાજા તે સ્વપ્નનો અવગ્રહ કરે છે, પછી તે સ્વપ્નસંબંધી ઈહા કરે છે. તેમ કરીને પોતાના સ્વાભાવિક, મતિપૂર્વક બુદ્ધિવિજ્ઞાનથી તે સ્વપ્નના ફલનો નિશ્ચય કરે છે. પછી ઈષ્ટ, કાંત, યાવત્ મંગલયુક્ત, તથા મિત, મધુર અને શોભાયુક્ત વાણીથી સંલાપ કરતા તે બલ રાજાએ આ પ્રરમાણે કહ્યું-હે દેવી ! તમે ઉદાર સ્વપ્ન જોયું છે, હે દેવી ! તમે કલ્યાણકારક સ્વપ્ન જોયું છે, યાવત્ હે દેવી ! તમે શોભાયુક્ત સ્વપ્ન જોયું છે, તથા હે દેવી ! તમે આરોગ્ય, તુષ્ટિ, દીર્ઘાયુષ, કલ્યાણ અને મંગલકારક સ્વપ્ન જોયું છે. હે દેવાનુપ્રિય ! તેથી અર્થનો, ભોગનો, પુત્રનો,અનેરાજ્યનો લાભ થશે, હે દેવાનુપ્રિયે ! ખરેખર તમે નવ માસ સંપૂર્ણ થયા બાદ સાડાસાતદિવસ વિત્યા પછી આપણા કુલમાધ્વજસમાન, દીવાસમાન, પર્વતસમાન,શેખરસમાન, તિલકસમાન, કીર્તિ કરનાર,આનંદ આપનાર,જશ કરનાર, આધારભૂત, વૃક્ષસમાન અને કુલની વૃદ્ધિકરનાર, સુકુમાલ હાથપગવાળા, ખોડરહિત અનેસંપૂર્ણપંચેન્દ્રિયયુક્તશરીરવાળા,યાવત્ ચંદ્રસમાન સૌમ્યઆકારવાળા, જેનું દર્શન પ્રિય છે એવા, સુન્દરરૂપવાળા, અને દેવકુમાર જેવી કાંતિવાળા પુત્રને જન્મ આપશો.

અને તે બાલક પોતાનું બાલકપણું મૂકી, વિજ્ઞ અને પરિણત થઈને યુવાવસ્થાને પામી શૂર, વીર, પરાક્રમી, વિસ્તીર્ણ અને વિપુલ બલ તથા વાહનવાળો, રાજ્યનો ધણી રાજા થશે. હે દેવી ! તમે ઉદાર સ્વપ્ન જોયું છે, હે દેવી ! તમે આરોગ્ય, તુષ્ટિ અને યાવત્ મંગલકારક સ્વપ્ન જોયું છે'-એમ કહી તે બલ રાજા ઈષ્ટ યાવદ્ મધુર વાણીથી પ્રભાવતી દેવીની બીજી વાર અને ત્રીજી વાર એ પ્રમાણે પ્રશંસા કરે છે. ત્યાર બાદ તે પ્રભાવતી દેવી બલ રાજાની પાસેથી એ વાત સાંભળીને, અવધારીને હર્ષવાળી અને સંતુષ્ટ થઇ હાથ જોડી આ પ્રમાણે બોલી-'હે દેવાનુપ્રિય ! તમે જે કહો છો તે એજ પ્રમાણે છે, તેજ પ્રમાણે છે,એ સત્ય છે,એ સંદેહરહિત છે, મને ઈચ્છિત છે,એ મેં સ્વીકારેલું છે,એ મને ઈચ્છિત અને સ્વીકૃત છે' એમ કહી સ્વપ્નનો સારી રીતે સ્વીકાર કરે છે, બલ રાજાની અનુમતિથી ભદ્રાસનથી ઉઠે છે, ઉઠીને ત્વરા વિના, ચપલતારહિત યાવદ્ ગતિ વડે જ્યાં પોતાની

જૈન સાઈટ JAINSITE

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શય્યા છે ત્યાં આવી શય્યા ઉપર બેસે છે, બેસી ને તેણે આ પ્રમાણે કહ્યું-'આ મારું ઉત્તમ, પ્રધાન અને મંગલરૂપ સ્વપ્ન બીજા પાપસ્વપ્નોથી ન હણાઓ' એમ કહીને તે પ્રભાવતી દેવી દેવ અને ગુરુસંબન્ધી, પ્રશસ્ત મંગલરૂપ અને ધાર્મિક કથાઓવડે સ્વપ્ન જાગરણ કરતી કરતી વિહરે છે.

ત્યાર બાદ તે બલરાજાએ કૌટુંબિકપુરુષોને બોલાવી કહ્યું-હે દેવાનુપ્રિયો ! આજે તમે જલ્દી બહારની ઉપસ્થાનશાળાને સવિશેષપણે ગંધોદકવડે છાંટી, વાળી અને છાણથી લીંપીને સાફ કરો. તથા સુગંધી યાવદ્ ગંધવર્તિભૂત-સુગંધી ગુટિકા સમાન કરો, કરાવો, અને ત્યારપછી ત્યાં સિંહાસન મૂકાવો, સિંહાસન મૂકાવીને આ મારી આજ્ઞા યાવત્ પાછી આપો.' ત્યાર બાદ તે કૌટુંબિક પુરુષો યાવત્ આજ્ઞા પાછી આપે છે. ત્યાર બાદ તે બલરાજા પ્રાતઃકાલ સમયે પોતાની શય્યાથી ઉઠીને પાદપીઠથી ઉતરી જ્યાં વ્યાયામશાળા છે ત્યાં આવેછે.વ્યાયામશાળામાં પ્રવેશ કરેછે, ત્યાર પછી તે સ્નાનગૃહ માં જાય છે. વ્યાયામશાળા અને સ્નાનગૃહનું વર્ણન ઔપપાતિક સૂત્રમાં કહ્યા પ્રમાણે જાણવું, યાવત્ ચંદ્રની પેઠે જેનું દર્શન પ્રિય છે એવો તે બલ નરપતિ સ્નાનગૃહથી બહાર નીકળે છે, જ્યાં બહારની ઉપસ્થાનશાલા છે ત્યાં આવે છે, પૂર્વદિશા સન્મુખ ઉત્તમ સિંહાસનમાં બેસેછે. ત્યારબાદ પોતાનાથી ઉત્તરપૂર્વદિશામાં ધોળા વસ્ત્રથી આચ્છાદિત અને સરસવ વડે જેનો મંગલોપચાર કરેલો છે એવા આઠ ભદ્રાસનો મૂકાવે છે. પોતાનાથી થોડે દૂર અનેક પ્રકારના મણિ અને રત્નથી સુશોભિત, અધિક દર્શનીય, કીંમતી,સૂક્ષ્મ સૂતરના સેંકડો કારીગરીવાળા વિચિત્રતાવાળી, તથા ઈહામૃગ અને બળદ વગેરેની કારીગરીથી વિચિત્ર એવી અંદરની જવનિકાને ખસેડે છે,અનેક પ્રકારના મણિ, રત્નોની રચનાવડે વિચિત્ર, ગાદી અને કોમળ ગાલમસૂરીયાથી ઢંકાયેલું, શ્વેત વસ્ત્રવડે આચ્છાદિત, શરીરને સુખકર સ્પર્શવાળું તથા સુકોમળ એવું એક ભદ્રાસન પ્રભાવતી દેવી માટે મૂકાવે છે: પછી તે બલ રાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવી આ પ્રમાણે કહ્યું-

'હે દેવાનુપ્રિયો ! તમે શીઘ્ર જાઓ, અને અષ્ટાંગ મહાનિમિત્તના સૂત્ર અને અર્થને ધારણ કરનારા, અને વિવિધ શાસ્ત્રમાં કુશલ એવા સ્વપ્નના લક્ષણ પાઠકોને બોલાવો.' ત્યાર બાદ તે કૌટુંબિક પુરુષો યાવત્ આજ્ઞાનો સ્વીકાર કરીને બલ રાજાની પાસેથી નીકળે છે; સત્વર, ચપલપણે, ઝપાટાબંધ અને વેગસહિત હસ્તિનાપુર નગરની વચોવચ જ્યાં સ્વપ્નલક્ષણપાઠકોના ઘરો છે, ત્યાં જઈને સ્વપ્નલક્ષણપાઠકોને બોલાવે છે. જ્યારે તે બલ રાજાના કૌટુંબિક પુરુષોએ તે સ્વપ્નલક્ષણપાઠકોને બોલાવ્યા ત્યારે તેઓ પ્રસન્ન થયા, તુષ્ટ થયા અને સ્નાન કરી બલિકર્મ કરી યાવત્ શરીરને અલંકૃત કરી, મસ્તકે સર્ષપ અને લીલી ધરોનું મંગલ કરી પોત પોતાના ઘેરથી નીકળે છે, હસ્તિનાગપુર નગરની વચ્ચે થઈ જ્યાં બલ રાજાનું ઉત્તમ મહાલય છે, ત્યાં આવે છે, શ્રેષ્ઠ મહાલયના દ્વાર પાસે તે સ્વપ્નપાઠકો એકઠા થાય છે,જ્યાં બહારની ઉપસ્થાન શાલા છે ત્યાં આવે છે, હાથ જોડી બલ રાજાને જય અને વિજયથી વધાવે છે. ત્યારબાદ તે બલરાજાએ વાંદેલા, પૂજેલા, સત્કારેલા અને સમ્માનિત કરેલા તે સ્વપ્નલક્ષણપાઠકો પૂર્વે ગોઠવેલા ભદ્રાસનો ઉપર બેસે છે. ત્યાર પછી તે બલરાજા પ્રભાવતી દેવીને જવનિકાની અંદર બેસાડે છે. પુષ્પ અને ફલથી પરિપૂર્ણ હસ્તવાળા તે બલરાજાએ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અતિશય વિનયપૂર્વક તે સ્વપ્નલક્ષણપાઠકોને કહ્યું-'હે દેવાનુપ્રિયો ! આજે પ્રભાવતી દેવી યાવત્ સ્વપ્નમાં સિંહને જોઇને જાગેલી છે,

તો હે દેવાનુપ્રિયો ! અ ઉદાર એવા સ્વપ્નનું યાવત્ બીજુ કયું કલ્યાણરૂપ ફલ અને વૃત્તિવિશેષ થશે. ત્યાર પછી તે સ્વપ્નલક્ષણપાઠકો બલ રાજાની પાસેથી એ વાત સાંભળી તથા અવધારી ખુશ અને સંતુષ્ટ થઈ તે સ્વપ્ન સંબન્ધે સામાન્ય વિચાર કરે છે, વિશેષ વિચાર કરે છે, અને પછી તે સ્વપ્નના અર્થનો નિશ્ચય કરે છે, પરસ્પર સાથે વિચારણા કરે છે. સ્વપ્નના અર્થને સ્વયં જાણી, બીજા પાસેથી ગ્રહણ કરી, તે સંબન્ધી શંકાને પૂછી, અર્થનો નિશ્ચય કરી અને સ્વપ્નના અર્થને અવગત કરી બલરાજાની આગળ સ્વપ્નશાસ્ત્રોનો ઉચ્ચાર કરતાં કહ્યું-હે દેવાનુપ્રિય! એ પ્રમાણે ખરેખર અમારા સ્વપ્નશાસ્ત્રમાં બેતાળીશ સામાન્ય સ્વપ્નો, અને ત્રીશ મહાસ્વપ્નો મળીને કુલ બહોંતેર જાતના સ્વપ્નો કહેલા છે. તેમાં હે દેવાનુપ્રિય ! તીર્થંકરની માતાઓ કે ચક્રવર્તીની માતાઓ જ્યારે તીર્થંકર કે ચક્રવર્તી ગર્ભમાં આવીને ઉપજે ત્યારે એ ત્રીશ મહાસ્વપ્નો માંથી આ ચૌદ સ્વપ્નોને જોઇને જાગે છે, તે ચૌદ સ્વપ્નો આ પ્રમાણે છે-

[૫૧૯-૫૨૦] "હાથી, બળદ, સિંહ, લક્ષ્મીનો અભિષેક, પુષ્પમાળા, ચંદ્ર, સૂરજ, ધ્વજા, કુંભ, પદ્મસરોવર, સમુદ્ર, વિમાન અથવા ભવન, રત્નનો ઢગલો અને અગ્નિ" વળી વાસુદેવની માતાઓ જ્યારે વાસુદેવગર્ભમાં આવે ત્યારે એ માંના કોઇ પણ સાત મહાસ્વપ્નો જોઇને જાગે છે. તથા બલદેવની માતાઓ જ્યારે બળદેવ ગર્ભમાં પ્રવેશ કરે ત્યારે એ માંના કોઇ પણ ચાર મહાસ્વપ્નોને જોઇને જાગે છે. માંડલિક રાજાની માતાઓ જ્યારે માંડલિક રાજ ગર્ભમાં પ્રવેશ કરે ત્યારે એ માંના કોઇ એક મહાસ્વપ્ન જોઇને જાગે છે. તો હે દેવાનુપ્રિય ! આ પ્રભાવતી દેવીએ એક મહાસ્વપ્ન જોયું છે, હે દેવાનુપ્રિય ! પ્રભાવતી દેવીએ ઉદાર સ્વપ્ન જોયું છે, યાવત્ યાવત્ મંગલ કરનાર સ્વપ્ન જોયું છે. તેથી દેવાનુપ્રિય ! તમને અર્થલાભ થશે, ભોગલાભ થશે, પુત્રલાભ થશે અને રાજ્યલાભ થશે. તથા હે દેવાનુપ્રિય ! એ પ્રમાણે ખરેખર પ્રભાવતી દેવી નવ માસ સંપૂર્ણ થયા પછી અને સાડા સાત દિવસ વિત્યા પછી તમારા કુલમાં ધ્વજ સમાન એવા યાવત્ પુત્રનો જન્મ આપશે. અને તે પુત્ર પણ બાલ્યાવસ્થા મૂકી મોટો થશે ત્યારે તે યાવદ્ રાજ્યનો પતિ રાજા થશે, અથવા ભાવિતાત્મા સાધુ થશે. તેથી હે દેવાનુપ્રિય ! પ્રભાવતી દેવીએ ઉદાર સ્વપ્ન જોયું છે. યાવત્ કલ્યાણ કરનાર સ્વપ્ન જોયું છે.

ત્યારબાદ તે બલરાજ સ્વપ્નલક્ષણપાઠકો પાસેથી એ વાતને સાંભળી અને અવધારી હર્ષિત, અને સંતુષ્ટ થયો, અને હાથ જોડી યાવત્ તેણે સ્વપ્નલક્ષણપાઠકોને કહ્યું-'હે દેવાનુપ્રિયો ! આ એ પ્રમાણેછે કે, યાવત્ જે તમે કહો છો'-એમ કહી તે સ્વપ્નોનો સારી રીતે સ્વીકાર કરે છે. સ્વપ્નલક્ષણપાઠકોને પુષ્કળ અશન, પાન, ખાદિમ, પુષ્પ, વસ્ત્ર, ગંધ, માલા અને અલંકારો વડે સત્કાર કરે છે, સન્માન કરે છે. તેમ કરીને જીવીકા-ને ઉચિત ઘણું પ્રીતિદાન આપે છે; સ્વપ્નલક્ષણપાઠકોને રજા આપે છે. ત્યાર પછી પોતાના સિંહાસનથી ઉઠે છે, કહ્યું-હે દેવાનુપ્રિયો ! એ પ્રમાણે ખરેખર સ્વપ્ન શાસ્ત્રમાં બેંતાળીશ સાધારણ સ્વપ્નો, અને ત્રીશ મહાસ્વપ્નો તથા બધા મળીને બહોંતેર સ્વપ્નો દેખાડ્યા છે. -ઈત્યાદિ પૂર્વવત્ કહેવું, હે દેવાનુપ્રિયો! તમે આ એક મહાસ્વપ્ન જોયું છે, હે દેવી ! તમે ઉદાર સ્વપ્ન જોયું છે, યાવદ્ તે રાજ્યનો પતિ રાજા થશે કે ભાવિતાત્મા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનગાર થશે. એમ કહી પ્રભાવતી દેવીની તે પ્રકારની ઇષ્ટ, કાંત, પ્રિય એવી યાવદ્ મધુર વાણીવડે બે વાર અને ત્રણ વાર પણ પ્રશંસા કરે છે.

ત્યારબાદ તે પ્રભાવતી બલ રાજાની પાસેથી એ વાતને સાંભળીને અવધારીને હર્ષવાળી, અને સંતુષ્ટ થઇ યાવત્ હાથ જોડી બોલી-'હદેવાનુપ્રિય ! એ એ પ્રમાણે જ છે' યાવદ્ એમ કહી યાવત્ તે સ્વપ્નને સારી રીતે ગ્રહણ કરે છે. ત્યાર પછી બલરાજાની અનુમતિથી અનેક પ્રકારના મણી અને રત્નની કારીગરીથી યુક્ત તથા વિચિત્ર એવા તે ભદ્રાસનથી ઉઠી ત્વરારહિત, અચપલપણે યાવત્ હંસસમાનગતિ વડે જ્યાં પોતાનું ભવન છે ત્યાં પ્રવેશ કર્યો. ત્યાર બાદ તે પ્રભાવતી દેવી સ્નાન કરી, બલિકર્મ- કરી, યાવત્ સર્વ અલંકારથી વિભૂષિત થઇ તે ગર્ભને અતિશીત નહિ, અતિઉષ્ણ નહિ, અતિ તિક્ત નહિ, અતિકટુ નહિ, અતિ તુરા નહિ, અતિખાટાં નહિ, અનેઃઅતિમધુર નહિ એવા. તથા દરેક ઋતુમાં ભોગવતાં સુખકારક એવા ભોજન, આચ્છાદન ગંધ અને માલા વડે તે ગર્ભને હિતકર, મિત, પથ્ય અને પોષણરૂપ છે તેવા આહારને યોગ્ય દેશ અને યોગ્ય કાળે ગ્રહણ કરતી, તથા પવિત્ર અને કોમળ શયન અને આસનવડે એકાન્તમાં સુખરૂપ અને મનને અનુકૂલ એવી વિહારભૂમિવડે પ્રશસ્ત, સંપૂર્ણ દોહદવાળી, સન્માનિત દોહદ વાળી, જેનો દોહદ તિરસ્કાર પામ્યો નથી એવી, દોહદરહિત, દૂર થયેલા દોહદવાળી, તથા રોગ, મોહ, અને પરિત્રાસ રહિત તે ગર્ભને સુખપૂર્વક ધારણ કરે છે. ત્યાર બાદ તે પ્રભાવતી દેવીએ નવ માસ પૂર્ણ થયા પછી અને સાડા સાત દિવસ વીત્યા પછી સુકુમાલહાથ-પગવાળાને દોષરહિત પ્રતિપૂર્ણપંચેન્દ્રિય યુક્ત શરીરવાળા, તથા લક્ષણ, વ્યંજન અને ગુણથી યુક્ત, યાવત્ ચંદ્રસમાનસૌમ્ય આકારવાળા, કાંત, પ્રિયદર્શન સુંદર રૂપવાળા પુત્રને જન્મ આપ્યો.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

ત્યારબાદ તે પ્રભાવતીદેવીની સેવા કરનાર દાસીઓ તેને પ્રસવ થયેલો જાણી જ્યાં બલરાજા છે ત્યાં આવી હાથ જોડી યાવત્ બલ રાજાને જય અને વિજયથી વધાવીને આ પ્રમાણે કહ્યું-'હે દેવાનુપ્રિયો ! એ પ્રમાણે ખરેખર પ્રભાવતી દેવીની પ્રીતિ માટે આ (પુત્રજન્મરૂપ) પ્રિય નિવેદન કરીએ છીએ, અને તે આપને પ્રિય થાઓ.' ત્યાર બાદ તે બલ રાજા શરીરની શુશ્રૂષા કરનાર દાસીઓ પાસેથી એ વાત સાંભળી અવધારીને હર્ષિત અને સંતુષ્ટ થઇ યાવદ્ રોમાંચિત થઇ તે અંગરક્ષિકા દાસીઓને મુકુટ સિવાય પહેરેલ સર્વ અલંકાર આપે છે. આપીને તે રાજા શ્વેત રજતમય અને નિર્મલ પાણીથી ભરેલા કલશને લઇ તે દાસીઓના મસ્તક ધુએ છે, મસ્તકને ધોઇને તેઓને જીવિકાને ઉચિત ઘણું પ્રીતિદાન આપી સત્કાર અને સન્માન કરી વિસર્જિત કરે છે.

[૫૨૧] ત્યાર બાદ તે બલ રાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવી આ પ્રમાણે કહ્યું-'હે દેવાનુપ્રિય ! તમે શીઘ્ર હસ્તિનાપુર નગરમાં કેદીઓને મુક્ત કરો, મુક્ત કરીને માન (માપ) અને ઉન્માનને (તોલાને) વધારો; ત્યાર બાદ હસ્તિનાગપુર નગરની બહાર અને અંદરના ભાગમાં છંટકાવ કરો, સાફ કરો, સંમાર્જિત કરો, અને લીંપો; તેમ કરી અને કરાવીને સહસ્ર યૂપોનો અને સહસ્ર ચક્રોનો પૂજા, મહામહિમા અને સત્કાર કરો, એ પ્રમાણે કરી મારી આ આજ્ઞા પાછી આપો. ત્યાર બાદ તે બલ રાજાના કહેવા પ્રમાણે કરી તે કૌટુંબિક પુરુષો તેની આજ્ઞા પાછી આપે છે. ત્યાર પછી તે બલ રાજા જ્યાં વ્યાયામશાલા છે ત્યાં આવે છે, ત્યાં આવીને-ઇત્યાદિ પૂર્વવત્ કહેવું. યાવદ્ સ્નાનગૃહથી

બહાર નીકળી જકાત રહિત, કરરહિત, પ્રધાન, આપવાયોગ્ય વસ્તુરહિત, માપવાયોગ્ય વસ્તુરહિત, મેયરહિત, સુભટના પ્રવેશરહિત, દંડ તથા કુદંડરહિત, અધરિમયુક્ત-દેવારહિત, ઉત્તમ મણિકાઓ અને નાટકીયાઓથી યુક્ત, અનેક તાલાનુચરો વડે યુક્ત, નિરંતર વાગતાં મૃદંગોસહિત, તાજા પુષ્પોની માલા યુક્ત, પ્રમોદ સહિત, અને ક્રીડા યુક્ત એવી સ્થિતિપતિતા-પુત્રજન્મમહોત્સવ પુર અને દેશના લોકો સાથે મળીને દસ દિવસ સુધી કરે છે. ત્યાર બાદ દસ દિવસ સુધી ઉત્સવ ચાલુ હતો ત્યારે તે બલ રાજા સો રૂપિયાના, હજાર રૂપિયાના અને લાખ રૂપિયાના ખર્ચવાળા ભાગો, દાનો અને દ્રવ્યના અમુક ભાગોને દેતો અને દેવડાવતો તથા સો રૂપિયાના, હજાર રૂપિયાના તથા લાખ રૂપિયાના લાભને મેળવતો, મેળવાવતો એ પ્રમાણે રહે છે. ત્યાર બાદ તે છોકરાના માતાપિતા પ્રથમ દિવસે કુલની મર્યાદા પ્રમાણે ક્રિયા કરે છે; ત્રીજે દિવસે ચંદ્ર અને સૂર્યનું દર્શન કરાવે છે, છઠ્ઠે દિવસે ધર્મજાગરણ કરે છે અને અગ્યારમો દિવસ વીત્યા બાદ અશુચિ જાતકર્મ કરવાનું નિવૃત્ત થયા પછી બારમે દિવસે પુષ્કળ અશન, પાન, ખાદિમ અને અખાદિમ પદાર્થોને તૈયાર કરાવે છે, અને જેમ શિવ રાજા સંબન્ધે કહ્યું તેમ ક્ષત્રિયોને આમંત્રે છે. ત્યાર પછી સ્નાન તથા બલિકર્મ કરી ઈત્યાદિ પૂર્વોક્ત યાવત્ 'મહાબલ' એવું નામ કરે છે.

ત્યાર પછી તે મહાબલ નામે પુત્રનું પાંચ ધાવો વડે પાલન કરાયું. તે પાંચ ધાવો આ પ્રમાણે છે-ક્ષીરધાત્રી, એ પ્રમાણે બધું દૃઢ પ્રતિજ્ઞાની પેઠે જાણવું. યાવત્ તે કુમાર વાયુરહિત અને નિર્વ્યાઘાત સ્થાનમાં અત્યંત સુખપૂર્વક વૃદ્ધિ પામે છે, પછી તે મહાબલના માતાપિતાએ જન્મના દિવસથી માંડી અનુક્રમે સ્થિતિપતિતા, સૂર્યચંદ્રનું દર્શન, ધર્મજાગરણ, નામકરણ, ભાંખોડીયા ચાલવું, પગે ચાલવું, જમાડવું, કોળીઆ વધારવા, બોલાવવું, કાન વિંધાવવા, વર્ષગાઠ કરવી, ચૂડા-શિખા રખાવવી, ઉપનયન-શીખવવું એ બધાં અને એ સિવાય બીજા ઘણા ગર્ભાધાન, જન્મ વગેરે કૌતુકો કરે છે. ત્યાર પછી તે મહાબલ કુમારને તેના માતાપિતા આઠ વરસથી અધિક ઉંમરનો જાણી પ્રશસ્ત તિથિ, કરણ, નક્ષત્ર અને મુહૂર્તમાં (ભણવા મોકલે છે)-ઈત્યાદિ બધું દૃઢપ્રતિજ્ઞની પેઠે કહેવું, યાવત્ તેને વિષયોપભોગને યોગ્ય જાણી તેના માતા પિતા તેને માટે આઠ શ્રેષ્ઠ પ્રાસાદો તૈયાર કરાવે છે, તે પ્રાસાદઅતિશય ઉંચા, જાણે હસતા હોય-ઈત્યાદિ વર્ણન રાજપ્રશ્નીયસૂત્રમાં કહ્યા પ્રમાણે જાણવું. પ્રેક્ષાગૃહ અને મંડપના વર્ણનની પેઠે જાણવું, યાવત્ તે સુન્દર હતું

[૫૨૨] ત્યાર પછી બીજા કોઈ એક દિવસે શુભ તિથિ, કરણ, દિવસ નક્ષત્ર અને મુહૂર્તમાં જેણે સ્નાન, બલિકર્મ-પૂજા, રક્ષા આદિ કૌતુક અને મંગલરૂપ પ્રાયશ્ચિત કર્યું છે એવા મહાબલ કુમારને સર્વ અલંકારથી વિભૂષિત કરી સધવા સ્ત્રીઓએ કરેલા અભ્યંજન-વિલેપન, સ્નાન, ગીત, વાદિત્ર, મંડન, આઠ અંગમાં તિલક અને કંકણ પહેરાવી મંગલ અને અશીર્વાદપૂર્વક ઉત્તમ રક્ષા વગેરે કૌતુકરૂપ અને સરસવ વગેરે મંગલરૂપ ઉપચાર વડે શાંતિકર્મ કરી, યોગ્ય, સમાનત્વચાવાળી, સમાન ઉંમરવાળીસ સમાન લાવણ્ય, રૂપ, યૌવન અને ગુણથી યુક્ત, વિનીત, જેણે કૌતુક અને મંગલરૂપ પ્રાયશ્ચિત કરેલું છે એવી સમાન રાજકુલથી આણેલી એવી, ઉત્તમ, રાજાની આઠ શ્રેષ્ઠ કન્યાઓનું એક દિવસે પાણિગ્રહણ કરાવ્યું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યાર પછી તે મહાબલ કુમારના માતા પિતા એવા પ્રકારનું આ પ્રીતિદાન આપે છે, આઠ કોટિ હિરણ્ય, આઠ ક્રોડ સોનૈયા, મુકુટોમાં ઉત્તમ એવા આઠ મુકુટ, કુંડલયુગલમાં ઉત્તમ એવી આઠ કુંડલની જોડી, હારોમાં ઉત્તમ એવા આઠ હાર, આઠ અર્ધહાર, આઠ એકસરા હાર, એજ પ્રમાણે મુક્તાવલીઓ, કનકાવલીઓ અને રત્નાવલીઓ જાણવી; કડા યુગલમાં ઉત્તમ એવા આઠ કડાની જોડી, એ પ્રમાણે તુડિય-બાજુબંધની જોડી, આઠ રેશમી વસ્ત્રની જોડી, આઠસૂતરાઉ વસ્ત્રની જોડીઓ, એ પ્રમાણે ટસરની જોડીઓ, પટ્ટયુગલો, દુકૂલયુગલો, આઠ શ્રી, આઠ હ્રી, એ પ્રમાણે ધી, કીર્તિ, બુદ્ધિ, અને લક્ષ્મી દેવીઓની પ્રતિમા જાણવી. આઠ નંદો, આઠ ભદ્રો, તાડમાં ઉત્તમ એવા આઠ તાલવૃક્ષ-એ સર્વરત્નમય જાણવા. પોતાના ભવનના કેતુ-ચિહ્નરૂપ એવા આઠ ધ્વજો. દસ હજાર ગાયોનું એક વ્રજ-ગોકુલ થાય છે, તેવા આઠ ગોકુલો, બત્રીશ માણસોથી ભજવી શકાય એવા આઠ નાટકો,એવા આઠ ઘોડા, આ બધું રત્નમય જાણવું. ભાંડાગાર સમાનએવા આઠ રત્નમયહાથીઓ, સર્વરત્નમય એવા આઠયાનો, ઉત્તમ આઠ યુગ્યોએ પ્રમાણે શિબિકા, સ્યદંમાનિકા એ પ્રમાણે ગિલ્લી, થિલ્લિઓ, આઠવિકટ યાનો, આઠ પારિયાનિક રથો, સંગ્રામને યોગ્ય એવા આઠ રથો, આઠઅશ્વ, આઠ હાથીઓ, આઠ ગામો જેમાં દસ હજાર કુલો રહે તે એક ગામ કહેવાય છે.

દાસોમાં ઉત્તમ એવા આઠ દાસો, એજ પ્રમાણે દાસીઓ એ પ્રમાણે કિંકરો, એ પ્રમાણે કંચુકિઓ, એ પ્રમાણે વર્ષધરો,એ પ્રમાણે મહત્તરકો આઠ સોનાના, આઠ રુપાના તથા આઠ સોના-રુપાના અવલંબન દીપો એવાજ ઉત્કંચનદીપો એ પ્રમાણે ત્રણે જાતના પંજરદીપો થાળો, પાત્રીઓ, એ પ્રમાણે ત્રણે જાતના આઠ સ્થાસકો તાસકો, આઠ મલ્લકો, આઠ તલિકા, આઠ કલાચિકા, આઠ તાવેથાઓ, આઠ તવીઓ, આઠ પાદપીઠ, આઠ ભિસિકા,આઠ કરોટિકા, આઠ પલંગ, આઠ પ્રતિશય્યા,આઠ હંસાસનો, આઠ કૌંચાસનો, એ પ્રમાણે ગરુડાસનો, ઉંચા આસનો, નીચાઆસનો દીર્ઘાસનો, ભદ્રાસનો, પક્ષાસનો, મકરાસનો, આઠ પદ્માસનો, આઠ દિક્‌સ્વસ્તિકાસનો, આઠ તેલના ડાબડા-ઈત્યાદિ બધું રાજપ્રશ્રીય સૂત્રમાં કહ્યા પ્રમાણે કહેવું, યાવદ્ આઠ સરસવના ડાબડા, આઠ કુબ્જ દાસીઓ-ઈત્યાદિ બધું ઔપપાતિક સૂત્રમાં કહ્યા પ્રમાણે કહેવું, યાવત્ આઠ પારસિક દેશની દાસીઓ; આઠ છત્રો, આઠ છત્ર ધરનારી દાસીઓ, આઠ ચામરો, આઠ ચામર ધરનારી દાસીઓ, આઠ પંખા, આઠ પંખા વીંજનારી દાસીઓ, આઠ કરોટિકા-તાંબૂલના કરંડિયા-ને ધારણ કરનારી દાસીઓ, આઠ ક્ષીરધાત્રી, યાવદ્ આઠ અંકધાત્રીઓ આઠ અંગમર્દિકાઓ, આઠ ઉમર્દિકાઓ, આઠ સ્નાન કરાવનારી દાસીઓ, આઠ અલંકાર પહેરાવનારીઓ, આઠ ચંદન ઘસનારીઓ, આઠ તાંબૂલ ચૂર્ણ પીસનારીઓ, આઠ કોષ્ઠાગારનું રક્ષણ કરનારી, આઠ પરિહાસ કરનારી, આઠ સભામાં પાસે રહેનારી, આઠ નાટક કરનારીઓ, આઠ સાથે જનારી દાસીઓ, આઠ રસોઈ કરનારી, આઠ ભાંડાગારનું રક્ષણ કરનારી, આઠ માલણો, આઠ પુષ્પ ધારણ કરનારી, આઠ પાણી લાવનારી આઠ બલિ કરનારી, આઠ પથારી તૈયાર કરનારી, આઠ અંદરની અને આઠ બહારની પ્રતિહારીઓ, આઠ માલા કરનારીઓ, આઠ પેષણ કરનારી, અને એ સિવાય બીજું ઘણું હિરણ્ય, સુવર્ણ, કાંસું, વસ્ત્ર તથા વિપુલ ધન કનક, યાવત્ વિદ્યમાન સારભૂત ધન આપ્યું. જે સાત પેઢી સુધી ઈચ્છાપૂર્વક આપવા



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને ભોગવવાને પરિપૂર્ણ હતું. ત્યાર બાદ તે મહાબલ કુમાર દરેક સ્ત્રીને એક એક હિરણ્યકોટિ, એક એક સુવર્ણકોટિ અને ઉત્તમ એક એક મુકુટ આપે છે. એ પ્રમાણે પૂર્વોક્ત સર્વ વસ્તુઓ એક એક આપે છે, યાવત્ એક એક પોષણ કરનારી દાસી તથા બીજું પણ ઘણું હિરણ્ય યાવદ્ વહેંચી આપે છે. ત્યાર પછી તે મહાબલ કુમાર ઉત્તમ પ્રાસાદમાં ઉપર બેસી જમાલિની પેઠે યાવદ્ વિહરે છે.

[૫૨૩] તે કાલે તે સમયે વિમલનાથ તીર્થંકરના પ્રશિષ્ય ધર્મઘોષ અનગાર હતા, તે જાતિસંપન્ન હતા-ઈત્યાદિ વર્ણન કેશી સ્વામીની પેઠે જાણવું, યાવત્ તેઓ પાંચસો સાધુના પરિવારની સાથે અનુક્રમે એક ગામથી બીજે ગામ વિહાર કરતા જ્યાં હસ્તિનાગપુર નામે નગર છે, અને જ્યાં સહસ્રામ્રવન નામે ઉદ્યાન છે, ત્યાં આવે છે, આવીને યથા યોગ્ય અવગ્રહને ગ્રહણ કરી સંયમ અને તપવડે આત્માને ભાવિત કરતા યાવદ્ વિહરે છે. તે સમયે હસ્તિનાગપુર નગરમાં શૃંગાટક, ત્રિક -યાવત્ પરિષદ્ ઉપાસના કરે છે. ત્યાર બાદ તે મહાબલ કુમાર ઘણા માણસોના શબ્દને, સાંભળી એ પ્રમાણે યાવત્ જમાલિની પેઠે જાણવું, યાવત્ તે મહાબલ કુમાર કંચુકી પુરુષને બોલાવે છે, અને વિશેષ એ કે તે કંચુકી ધર્મઘોષ મુનિના આગમનનો નિશ્ચય જાણીને હાથ જોડીને યાવદ્ નીકળે છે. એ પ્રમાણે હે દેવાનુપ્રિય ! વિમલનાથ અરિહંતના પ્રશિષ્ય ધર્મઘોષ નામે અનગાર અહીં આવ્યા છે-ઈત્યાદિ પૂર્વે પ્રમાણે જાણવું, યાવત્ તે મહાબલ કુમાર પણ ઉત્તમ રથમાં બેસીને વાંદવા નીકળે છે. ધર્મકથા કેશિસ્વામિની પેઠે જાણવી. મહાબલ કુમાર પણ તે પ્રમાણે માતાપિતાની રજા માગે છે. પરન્તુ તે 'ધર્મઘોષ અનગારની પાસે દીક્ષા લઈ અગારથી અનગારિકપણું લેવાને ઈચ્છું છું' એમ કહે છે- ઈત્યાદિ યુક્તિ અને પ્રત્યુક્તિ તે પ્રમાણે જાણવી. યાવત્ માતાપિતાએ ઈચ્છા વિના તે મહાબલ કુમારને આ પ્રમાણે કહ્યું- 'હે પુત્ર ! એક દિવસ પણ તારી રાજ્યલક્ષ્મીને જોવા અમે ઈચ્છીએ છીએ.' ત્યારે તે મહાબલ કુમાર માતાપિતાના વચનને અનુસરીને ચૂપ રહ્યો. પછી તે બલ રાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવ્યા-ઈત્યાદિ શિવભદ્રની પેઠે રાજ્યાભિષેક જાણવો, યાવત્ રાજ્યાભિષેક કર્યો, અને હાથ જોડીને મહાબલ કુમારને જય અને વિજયવડે વધાવી યાવદ્ આ પ્રમાણે કહ્યું-હે પુત્ર ! કહે કે તને શું દઈએ, તને શું આપીએ.' ઈત્યાદિ બાકીનું બધું જમાલિની પેઠે જાણવું; યાવત્ ત્યાર પછી તે મહાબલ અનગાર ધર્મઘોષ અનગારની પાસે સામાયિકાદિ ચૌદ પૂર્વોને ભણે છે, ભણીને ઘણા ચતુર્થ ભક્ત, યાવદ્ વિચિત્ર તપકર્મવડે આત્માને ભાવિત કરીને સંપૂર્ણ બાર વર્ષ શ્રમણ પર્યાયને પાળે છે, પાળીને માસિક સંલેખનાવડે નિરાહારપણે સાઠ ભક્તોને વીતાવી, આલોચના અને પ્રતિક્રમણ કરી સમાધિને પ્રાપ્ત થઈ મરણ સમયે કાલ કરી ઊર્ધ્વ લોકમાં ચંદ્ર અને સૂર્યની ઉપર બહુ દૂર અંબડની પેઠે યાવત્ બ્રહ્મલોક કલ્પમાં દેવપણે ઉત્પન્ન થયો. ત્યાં કેટલાક દેવોની સ્થિતિ દસ સાગરોપમની કહેલી છે. તેમાં મહાબલ દેવની પણ દસ સાગરોપમની સ્થિતિ કહેલી છે. હે સુદર્શન ! તું તે બ્રહ્મલોક કલ્પમાં દસ સાગરોપમ સુધી દિવ્ય અને ભોગ્ય એવા ભોગોને ભોગવી તે દેવલોકથી આયુષનો, ભવનો અને સ્થિતિનો ક્ષય થયા પછી તુરતજ ચ્યવી અહીંજ વાણિજ્યગ્રામ નામના નગરમાં શ્રેષ્ઠિના કુલમાં પુત્રપણે ઉત્પન્ન થયો છે.

[૫૨૪] ત્યાર બાદ હે સુદર્શન ! બાલપણાને વીતાવી વિજ્ઞ અને મોટો થઈ, યૌવન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ને પ્રાપ્ત થઇ તે તેવા પ્રકારના સ્થવિરોની પાસે કેવલિએ કહેલો ધર્મ સાંભળ્યો, અને તે ધર્મ પણ તને ઈચ્છિત અને સ્વીકૃત થયો, તથા તેના ઉપર તને અભિરુચિ થઇ. હે સુદર્શન ! હાલ તું જે કરે છે તે સારું કરે છે. તે માટે હે સુદર્શન ! એમ કહેવાય છે કે એ પલ્યોપમ અને સાગરોપમનો ચય અને અપચય થાય છે. ત્યાર બાદ શ્રમણ ભગવંત મહાવીરની પાસેથી ધર્મને સાંભળી, અવધારી તે સુદર્શન શેઠને શુભ અધ્યવસાયવડે, શુભ પરિણાવમવડે અને વિશુદ્ધ લેશ્યાઓથી તદાવરણીય કર્મોનો ક્ષયોપશમ થવાથી ઈહા, અપોહ, માર્ગણા અને ગવેષણા કરતાં સંજ્ઞિરૂપ પૂર્વ જન્મનું સ્મરણ ઉત્પન્ન થયું અને તેથી ભગવંતે કહેલા આ અર્થને સારી રીતે જાણે છે. ત્યાર બાદ તે સુદર્શન શેઠને શ્રમણ ભગવંત મહાવીરે પૂર્વભવ સંભારેલો હોવાથી બેવડી શ્રદ્ધા અને સંવેગ ઉત્પન્ન થયો, તેનાં લોચન આનંદાશ્રુથી પરિપૂર્ણ થયા, અને તેણે શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વાર આદક્ષિણ પ્રદક્ષિણા કરી, વાંદી અને નમીને આ પ્રમાણે કહ્યું-'હે ભગવન્ ! તમે જે કહો છો તે એજ પ્રમાણે છે-યાવત્ એમ કહી તે સુદર્શન શેઠ ઉત્તરપૂર્વ (ઈશાન) દિશા તરફ ગયા. બાકી બધું ઋષભદત્તની પેઠે જાણવું, યાવત્ તે સુદર્શન શેઠ સર્વ દુઃખથી રહિત થયા. પરન્તુ વિશેષ એ છે કે તે પૂરાં ચૌદ પૂર્વો ભણે છે, અને સંપૂર્ણ બાર વરસ સુધી શ્રમણપર્યાયને પાળે છે. બાકી બધું પૂર્વ પ્રમાણે જાણવું હે ભગવન્ ! તે એ પ્રમાણે છે.

**[શતકઃ૧૧ -ઉદ્દેસઃ૧૧ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ]**

## -: ઉદ્દેશક ૧૨ :-

[૫૨૫] તે કાલે-તે સમયે આલભિકા નામે નગરી હતી. શંખવન ચૈત્ય હતું. તે આલભિકા નગરીમાં ઋષભદ્રપુત્ર પ્રમુખ ઘણા શ્રમણોપાસકો-શ્રાવકો રહેતા હતા. તેઓ ધનિક યાવદ્ કોઈથી પરાભવ ન પામે તેવા અને જીવા-જીવ અને તત્ત્વને જાણનારા હતા. ત્યાર બાદ બીજા કોઇ એક દિવસે એકત્ર મળેલા, આવેલા, એકઠા થયેલા અને બેઠેલા તે શ્રમણોપાસકોનો આ આવા પ્રકારનો વાર્તાલાપ થયો-'હે આર્ય ! દેવલોકમાં કેટલા કાલ સુધી સ્થિતિ કહી' છે ? ત્યાર બાદ દેવસ્થિતિ સંબન્ધે સત્ય હકીકત જાણનાર ઋષિભદ્રપુત્રે તે શ્રમણોપાસકોને આ પ્રમાણે કહ્યું-'એ આર્ય ! દેવલોકમાં દેવોની જઘન્ય સ્થિતિ દસહજાર વર્ષની કહીછે, ત્યાર પછી એકસમય અધિક, બે સમય અધિક યાવદ્ અસંખ્ય સમયાધિક કરતા ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમની સ્થિતિ કહી છે. ત્યાર પછી દેવો અને દેવલોકો વ્યુચ્છિન્ન થાય છે એ પ્રમાણે કહેતાં, યાવત્ એમ પ્રરૂપણા કરતા તે શ્રમણોપાસકો ઋષિભદ્રપુત્ર શ્રમણોપાસકના આ અર્થની શ્રદ્ધા કરતા નથી, પ્રતીતિ કરતા નથી અને રુચિ કરતા નથી. અર્થની શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ નહિ કરતા તેઓ જે દિશાથી આવ્યા હતા તેજ દિશા તરફ પાછા ગયા.

[૫૨૬] તે કાલે-તે સમયે શ્રમણ ભગવંત મહાવીર યાવત્ સમવસર્યા, યાવત્ પરિષદ તેમની ઉપાસના કરે છે. ત્યાર બાદ તે શ્રમણોપાસકો આ વાત સાંભળી, હર્ષિત અને સંતુષ્ટ થયા-ઇત્યાદિ તુંગિક ઉદ્દેશકની પેઠે જાણવું, યાવત્ તેઓ પર્યુપાસના કરે છે. ત્યાર પછી શ્રમણ ભગવંત મહાવીરે તે શ્રમણોપાસકોને તથા અત્યન્ત મોટી તે પર્ષદને ધર્મકથા કહી, યાવત્ તેઓ આજ્ઞાના આરાધક થયા. તે શ્રમણોપાસકો શ્રમણ ભગવંત મહાવીર પાસેથી ધર્મને સાંભળી, અવધારી, હર્ષિત અને સંતુષ્ટ થયા, અને પ્રયત્નથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉભા થઈ શ્રમણ ભગવંત મહાવીરને વાંદી અને નમીને આ પ્રમાણે કહ્યું-'હે ભગવન્ ! એ પ્રમાણે ઋષિભદ્રપુત્ર શ્રમણોપાસક અમને કહે છે, યાવત્ પ્રરૂપે કે, હે આર્ય ! દેવલોકમાં દેવોની જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષની કહી છે, અને તે પછી સમયાધિક યાવદ્ ઉત્કૃષ્ટ સ્થિતિ અને પછી દેવો અને દેવલોક વ્યુચ્છિન્ન થાય છે, તો તે એ પ્રમાણે કેવીરીતે હોય ? 'હે આર્યો ! ઋષિભદ્રપુત્ર શ્રમણોપાસક જે તમને આ પ્રમાણે કહે છે, યાવત્ પ્રરૂપે છે કે, દેવલોકમાં દેવોની જઘન્ય સ્થિતિ દસ હજાર વર્ષની છે, અને તે પછી સમયાધિક કરતા-ઈત્યાદિ કહેવું યાવત્ ત્યાર પછી દેવો અને દેવલોકો વ્યુચ્છિન્ન થાય છે. એ વાત સાચી છે. હે આર્યો ! હું પણ એજ પ્રમાણે કહું છું, યાવત્ પ્રરૂપું છું ત્યાર બાદ તે શ્રમણોપાસકો શ્રમણ ભગવંત મહાવીરની પાસેથી એ વાત સાંભળી અને અવધારી શ્રમણ ભગવંત મહાવીરને વાંદી, નમી જ્યાં ઋષિભદ્રપુત્ર શ્રમણોપાસક છે ત્યાં આવે છે, આવીને ઋષિ-ભદ્રપુત્રશ્રમણોપાસકનેવાંદીતથાનમીએ અર્થનેસારી રીતે વિનયપૂર્વક વારંવાર ખમાવે છે. ત્યાર બાદ તે શ્રમણોપાસકો તેને પ્રશ્નો પૂછે છે, અને પૂછી અર્થને ગ્રહણ કરે છે, શ્રમણ ભગવંત મહાવીરને વાંદી નમી જે દિશાથકી આવ્યા હતા, પાછા તેજ દિશા તરફ ગયા.

[૫૨૭] 'હે ભગવન્' ! એ પ્રમાણે કહી ગૌતમે શ્રમણભગવંત મહાવીરને વાંદી, નમસ્કાર કરી કહ્યું-'હે ભગવન્ ! શ્રમણોપાસક ઋષિભદ્રપુત્ર આપ દેવાનુપ્રિયની પાસે દીક્ષા લઈ ગૃહવાસનો ત્યાગ કરી અનગારિકપણાને લેવાને સમર્થ છે ? હે ગૌતમ ! આ અર્થ યથાર્થ નથી; પણ હે ગૌતમ ! શ્રમણોપાસક ઋષિભદ્રપુત્ર ઘણા શીલવ્રત, ગુણવ્રત, વિરમણવ્રત પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસો વડે તથા યથાયોગ્ય સ્વીકારેલ તપકર્મ વડે આત્માને ભાવિત કરતો ઘણા વરસો સુધી શ્રમણોપાસકપર્યાયને પાળી, માસિક સંલેખનાવડે આત્માને સેવી, સાઠભક્તો નિરાહારપણે વીતાવી આલોચન અને પ્રતિક્રમણ કરી, સમાધિને પ્રાપ્ત થઈ મરણ સમયે કાલ કરી સૌધર્મકલ્પમાં અરુણાભ નામે વિમાનમાં દેવપણે ઉત્પન્ન થશે. ત્યાં કેટલાક દેવોની ચાર પલ્યોપમની સ્થિતિ કહી છે; તેમાં ઋષિભદ્રપુત્ર દેવની પણ ચાર પલ્યોપમની સ્થિતિ હશે ? હે ભગવન્ ! પછી તે ઋષિભદ્ર પુત્ર દેવઆયુષનો ક્ષય થયા પછી, ભવનો ક્ષય થયા પછી, અને સ્થિતિનો ક્ષય થયા બાદ યાવત્ ક્યાં ઉત્પન્ન થશે ? હે ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધિપદ પામશે, યાવત્ સર્વ દુઃખોનો અન્ત-નાશ કરશે. હે ભગવન્ ! તે એમજ છે, એમ કહી ભગવાન્ ગૌતમ યાવત્ આત્માને ભાવિત કરતા વિહરે છે.

[૫૨૮] ત્યાર બાદ શ્રમણ ભગવંત મહાવીર અન્ય કોઈ દિવસે આલભિકા નગરીથી અને શંખવન નામે ચૈત્યથી નીકળી બહારના દેશોમાં વિચરે છે. તે કાલે-તે સમયે આલભિકા નામે નગરી હતી.ત્યાં શંખવન ચૈત્ય હતું. તે શંખવન ચૈત્યની થોડે દૂર પુદ્ગલ નામે પરિવ્રાજક રહેતો હતો. તે ઋગ્વેદ, યજુર્વેદ અને યાવત્ બીજા બ્રાહ્મણ સંબન્ધી નયોમાં કુશલ હતો. તે નિરંતર છઠ્ઠ છઠ્ઠનો તપ કરવાપૂર્વક ઉંચા હાથ રાખીને યાવત્ આતાપના લેતો હતો. ત્યાર બાદ તે પુદ્ગલ પરિવ્રાજકને પ્રકૃતિની સરલતાથી શિવ પરિવ્રાજકની પેઠે યાવદ્ વિભંગજ્ઞાન ઉત્પન્ન થયું, અને તે વિભંગજ્ઞાનવડે બ્રહ્મલોક કલ્પમાં રહેલા દેવોની સ્થિતિ જાણે છે અને જુએ છે. પછી તે પુદ્ગલપરિવ્રાજકને આવા પ્રકારનો આ સંકલ્પ યાવદ્ ઉત્પન્ન થયો-'મને અતિશયવાળું જ્ઞાન અને દર્શન ઉત્પન્ન થયું છે, દેવલોકમાં દેવોની જઘન્ય સ્થિતિ દસ હજાર વર્ષની છે, અને ઉત્કૃષ્ટથી દસ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાગરોપમની સ્થિતિ કહી છે. ત્યાર પછી દેવો અને દેવલોકો વ્યુચ્છિન્ન થાય છે'-એમ વિચાર કરે છે, વિચારીને આતાપનાભૂમિથી નીચે ઉતરી ત્રિદંડ, કુંડિકા, યાવદ્ ભગવાં વસ્ત્રોને ગ્રહણ કરી જ્યાં આલભિકા નગરી છે, અને જ્યાં તાપસોના આશ્રમો છે ત્યાં આવે છે, આવીને પોતાના ઉપકરણો મૂકી આલભિકા નગરીમાં શૃંગાટક, ત્રિક, યાવદ્ બીજા માર્ગોમાં એક બીજાને એ પ્રમાણે કહે છે, યાવત્ પ્રરૂપે છે-'હે દેવાનુપ્રિય ! મને અતિશયવાળું જ્ઞાન અને દર્શન ઉત્પન્ન થયું છે, અને દેવલોકમાં દેવોની જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષની છે'-ઇત્યાદિ પૂર્વોક્ત કહેવું, ત્યારબાદ 'આલભિકા નગરીમાં''-એ અભિલાપથી જેમ શિવ રાજર્ષિ માટે પૂર્વે કહ્યું તેમ અહીં કહેવું, હવે મહાવીરસ્વામી સમવસર્યા અને યાવત્ હે ગૌતમ ! હું એ પ્રમાણે કહું છું, બોલું છું, યાવત્ પ્રરૂપું છું કે દેવલોકમાં દેવોની જઘન્ય સ્થિતિ દસ હજાર વર્ષની કહી છે, ઉત્કૃષ્ટથી તેત્રીશ સાગરોપમ સ્થિતિ કહી છે, અને ત્યાર બાદ દેવો અને દેવલોકો વ્યુચ્છિન્ન થાય છે.

હે ભગવન્ ! સૌધર્મકલ્પમાં વર્ણસહિત અને વર્ણરહિત દ્રવ્યો છે ?-ઇત્યાદિ પૂર્વવત્ પ્રશ્ન. હે ગૌતમ ! હા, છે. એ પ્રમાણે યાવદ્ ઈશાન દેવલોકમાં પણ જાણવું, તે પ્રમાણે યાવદ્ અચ્યુતમાં, ગ્રૈવેયકવિમાનમાં, અનુત્તરવિમાનમાં અને ઈષત્પ્રાગ્ભારા પૃથિવીમાં પણ વર્ણસહિત અને વર્ણરહિત દ્રવ્યો છે. ત્યાર બાદ તે અત્યન્ત મોટી પરિષદ્ યાવદ્ વિસર્જિત થઈ. પછી આલભિકા નગરીમાં શૃંગાટક, ત્રિક-વિગેરે માર્ગોમાં ઘણા માણસોને એમ કહે છે ઇત્યાદિ શિવ રાજર્ષિની પેઠે કહેવું, યાવત્ તે સર્વ દુઃખથી રહિત થયા. પરન્તુ વિશેષ એ છે કે, ત્રિદંડ, કુંડિકા યાવદ્ ગેરુથી રંગેલા વસ્ત્રને પહેરી વિભંગજ્ઞાન રહિત થયેલો તે પુદ્ગલ પરિવ્રાજક આલભિકા નગરીની વચ્ચે થઈને નીકળે છે. નીકળીને યાવદ્ ઉત્તરપૂર્વ દિશા તરફ જઈ સ્કંદકની પેઠે તે પુદ્ગલપરિવ્રાજક ત્રિદંડ, કુંડિકા યાવદ્ મૂકી પ્રવ્રજિત થાય છે. બાકી બધું શિવરાજર્ષિની પેઠે યાવદ્ 'સિદ્ધો અવ્યાબાધ અને શાશ્વત સુખને અનુભવે છે' ત્યાંસુધી જાણવું. 'હે ભગવન્ ! તે એમજ છે, તે એમજ છે'-એમ કહી યાવદ્ ભગવન્ ગૌતમ વિહરે છે.

**[શતકઃ ૧૧ ઉદ્દેસાઃ ૧૧ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ]**

**શતકઃ ૧૧ - ગુર્જરછાયા પૂર્ણ**

## શતક ૧૨.

### -ઃ ઉદ્દેશકઃ ૧ઃ-

[૫૨૯] - શંખ, જયંતી, પૃથિવી, પુદ્ગલ, અતિપાત રાહુ, લોક, નાગ, દેવ અને આત્મા એ વિષયો સંબન્ધે દશ ઉદ્દેશકો બારમા શતકમાં કહેવામાં આવશે.

[૫૩૦] તે કાલે, તે સમયે શ્રાવસ્તી નામની નગરી હતી. કોષ્ટક ચૈત્ય હતું. તે શ્રાવસ્તી નગરીમાં શંખપ્રમુખ ઘણા શ્રમણોપાસકો રહેતા હતા, તેઓ ધનિક યાવદ્ અપરિભૂત અને જીવાજીવ તત્ત્વને જાણનારા હતા. તે શંખ શ્રમણોપાસકને ઉત્પલા નામે સ્ત્રી હતી, તે સુકુમાલ હાથપગવાળી, યાવત્ સુરૂપા અને જીવાજીવ તત્ત્વને જાણનારી યાવદ્ વિહરતી હતી. તે શ્રાવસ્તી નગરીમાં પુષ્કલી નામે શ્રમણોપાસક રહેતો હતો, તે ધનિક અને જીવાજીવ તત્ત્વનો જ્ઞાતા હતો. તે કાલે, તે સમયે ત્યાં મહાવીર સ્વામી સમવસર્યા, પરિષદ્ વાંદવાને નીકળી, યાવત્ તે પર્યુપાસના કરે છે. ત્યાર બાદ તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રમણોપાસકો ભગવંત આવ્યાની વાત સાંભળી આલભિકા નગરીના શ્રાવકોની પેઠે યાવત્ પર્યુપાસના કરે છે. ત્યાર બાદ શ્રમણ ભગવંત મહાવીરે તે શ્રમણોપાસકોને તથા તે અત્યંત મોટી સભાને ધર્મકથા કહી, યાવત્ સભા પાછી ગઈ. પછી તે શ્રમણો પાસકોએ શ્રમણ ભગવંત મહાવીરને વાંદ્યા અને નમન કર્યું; પ્રશ્નો પૂછ્યા, તેના અર્થો ગ્રહણ કર્યા, ઉભા થઈ શ્રમણ ભગવંત મહાવીર પાસેથી અને કોષ્ઠક ચૈત્યથી નીકળીને તેઓએ શ્રાવસ્તી નગરી તરફ જવાનો વિચાર કર્યો.

[૫૩૧] પછી તે શંખે બધા શ્રમણોપાસકોને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિયો ! તમે પુષ્કળ અશન, પાન, સ્વાદિમ અને ખાદિમ આહારને તૈયાર કરાવો. પછી આપણે આહારનો આસ્વાદ લેતા, વિશેષ સ્વાદ લેતા, પરસ્પર દેતા અને ખાતા પાક્ષિક પોષધનું અનુપાલન કરતા વિહરીશું. ત્યાર પછી તે શ્રમણોપાસકોએ શંખનાને વચન વિનય પૂર્વક સ્વીકાર્યું. ત્યાર બાદ તે શંખશ્રમણોપાસકને આવા પ્રકારનો આ સંકલ્પ યાવદ્ ઉત્પન્ન થયો-'અશન, યાવત્ ખાદિમ આહારનો આસ્વાદ લેતા, વિસ્વાદ લેતા, પરસ્પર આપતા અને ખાતા પાક્ષિક પોષધને ગ્રહણ કરીને રહેવું મને શ્રેયસ્કર નથી, પણ મારી પોષધશાલામાં બ્રહ્મચર્યપૂર્વક, મણિ અને સુવર્ણનો ત્યાગ કરી માલા, ઉદ્વર્તન અને વિલેપનને છોડી શસ્ત્ર અને મુસલ વિગેરેને મૂકીને તથા ડાભના સંથારા સહિત મારે એકલાને પોષધનો સ્વીકાર કરી વિહરવું શ્રેય છે.' એમ વિચાર કરી, શ્રાવસ્તી નગરીમાં જ્યાં પોતાનું ઘર છે, ઉત્પલા શ્રમણોપાસિકા રહે છે, ત્યાં આવી ઉત્પલા શ્રમણોપાસિકાને પૂછી, જ્યાં પૌષધશાલા છે ત્યાં જઇ, પોષધશાલાને પ્રમાર્જી નિહાર અને પેશાબ કરવાની જગ્યાને પ્રતિલેહી ડાભનો સંથારો પાથરી તેના ઉપર બેઠો, પોષધગ્રહણ કરી બ્રહ્મચર્યપૂર્વક યાવત્ પાક્ષિક પોષધનું પાલન કરે છે.

ત્યાર બાદ તે શ્રમણોપાસકોએ શ્રાવસ્તી નગરીમાં પોતપોતાને ઘેર જઇ, પુષ્કળ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ આહારને તૈયાર કરાવી પરસ્પર એક બીજાને બોલાવી કહ્યું-'હે દેવાનુપ્રિયો ! આપણે પુષ્કળ અશન, યાવત્ આહારને તૈયાર કરાવેલો છે, પણ તે શંખ જલદી આવ્યા નહિ, માટે આપણે શંખશ્રમણોપસકને બોલાવવા શ્રેયસ્કરછે. ત્યારબાદ તે પુષ્કલીએ શ્રમણોપાસકોને કહ્યું-'હે દેવાનુપ્રિયો ! તમે શાંતિપૂર્વક વિસામો લ્યો, અને હું શંખને બોલાવું છું એમ કહી તેણે શંખ શ્રમણોપાસકના ઘરમાં પ્રવેશ કર્યો. પછી તે ઉત્પલા શ્રણોપાસિકા તે પુષ્કલિ શ્રમણોપાસકને આવતો જોઇ, હર્ષિત અને સંતુષ્ટ થઈ પોતાના આસનથી ઉઠી સાત આઠ પગલાં તેની સામે જઇ પુષ્કલિ શ્રમણોપાસકને વાંદી અને નમી આસનવડે ઉપનિમંત્રણ કર્યા બાદ બોલી-'હે દેવાનુપ્રિયો ! કહો, કે તમારા આગમનનું શું પ્રયોજન છે ? ત્યારે તે પુષ્કલિ શ્રમણોપાસિકાને આ પ્રમાણે કહ્યું-'હે દેવાનુપ્રિયો ! શંખ શ્રમણોપાસક ક્યાં છે' ? ત્યાર બાદ તે ઉત્પલાએ તે પુષ્કલિ શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું-'હે દેવાનુપ્રિય ! તે પોષધશાલામાં પોષધ ગ્રહણ કરી બ્રહ્મચારી થઇને યાવદ્ વિહરે છે.'

ત્યાર બાદ તે પુષ્કલિશ્રમણોપાસકે જ્યાં પોષધશાલા છે, અને જ્યાં શંખ છે ત્યાં આવી, ગમનાગમનને પ્રતિક્રમી શંખને વાંદી અને નમીને કહ્યું-'હે દેવાનુપ્રિય ! અમે ઘણો અશન, યાવત્-સ્વાદિમ આહાર તૈયાર કરાવ્યો છે, તો આપણે જઇએ, અને પુષ્કળ અશન, યાવત્ સ્વાદિમ આહારનો આસ્વાદ લેતાયાવત્-પૌષધનું પાલન કરતા વિહ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રીએ. ત્યાર બાદ તે શંખે તે પુષ્કલિશ્રમણોપાસકને કહ્યું-'હે દેવાનુપ્રિયો ! પુષ્કળ અશનાદિ, આહારનો આસ્વાદ લેતા યાવત્ પોષધનું પાલન કરી વિહરવું મને યોગ્ય નથી, મને તો પોષધશાલામાં પોષધયુક્ત થઈને યાવત્-વિહરવું યોગ્ય છે. માટે હે દેવાનુપ્રિય ! તમે ઈચ્છા પ્રમાણે યાવદ્ વિહરો.'

ત્યારબાદ તે પુષ્કલિ શ્રમણોપાસક શંખ શ્રમણોપાસકની પાસેથી પોષધશાલામાંથી બહાર નીકળી શ્રાવસ્તી નગરીના મધ્યભાગમાં જ્યાં તે શ્રમણોપાસકો છે ત્યાં આવ્યો, અને ત્યાં આવી તે શ્રમણોપાસકોને આ પ્રમાણે-'હે દેવાનુપ્રિયો ! એ પ્રમાણે ખરેખર શંખ શ્રમણોપાસક પોષધશાલામાં પોષધ ગ્રહણ કરીને યાવદ્ વિહરે છે. શંખ શ્રમણોપાસક તો શીઘ્ર નહિ આવે.' ત્યારબાદ બાદ તે શ્રમણોપાસકો તે વિપુલ અશન, આદિઆહારને આસ્વાદતા યાવદ્-વિહરે છે. ત્યારબાદ મધ્ય રાત્રિના સમયે ધર્મ જાગરણ કરતા તે શંખ શ્રમણોપાસકને આવા પ્રકારનો આ વિચાર યાવત્ ઉત્પન્ન થયો-'આવતી કાલે યાવત્ સૂર્ય ઉગવાના સમયે શ્રમણ ભગવંત મહાવીરને વાંદી, નમી યાવત્ પર્યુપાસના કરી ત્યાંથી પાછા આવીને પાક્ષિક પોષધ પારવો શ્રેયસ્કર છે, યાવત્ સૂર્યોદય સમયે પૌષધશાલાથી બહાર નીકળી શુદ્ધ, બહાર જવા યોગ્ય તથા મંગલરૂપ વસ્ત્રો ઉત્તમ રીતે પહેરી પોતાના ઘરથી બહાર નીકળી પગે ચાલી શ્રાવસ્તી નગરીના મધ્ય ભાગમાં થઈને જાય છે, યાવત્ પર્યુપાસના કરે છે.

ત્યાર બાદ [પૂર્વે કહેલા] તે શ્રમણોપાસકો આવતી કાલે યાવત્ સૂર્યોદય સમયે સ્નાન કરી, બલિકર્મ કરી યાવત્ શરીરને અલંકૃત કરી પોતપોતાના ઘરથી નીકળી એક સ્થળે ભેગા થાય છે, એક સ્થળે ભેગા થઈને-ઈત્યાદિ બધું પ્રથમ નિર્ગમવત્ જાણવું યાવત્ (ભગવંત મહાવીરની પાસે જઈ) તેમની પર્યુપાસના કરે છે. ત્યાર બાદ શ્રમણ ભગવંત મહાવીરે તે શ્રમણોપાસકોને તથા તે સભાને ધર્મકથા કહી. યાવત્ 'તે આજ્ઞાના આરાધક થાય છે' ત્યાં સુધી જાણવું ત્યાર બાદ તે શ્રમણોપાસકો શ્રમણ ભગવંત મહાવીરની પાસેથી ધર્મને સાંભળી, અવધારી, હૃષ્ટ અને તુષ્ટ થયા, અને ઉભા થઈ શ્રમણ ભગવંત મહાવીરને વાંદી, નમી, જ્યાં શંખ શ્રમણોપાસક છે ત્યાં આવ્યા; આવીને શંખ શ્રમણોપાસકને તેઓ એમ કહ્યું કે-'દેવાનુપ્રિય ! તમે ગઈ કાલે અમને એમ કહ્યું હતું કે, 'હે દેવાનુપ્રિયો ! તમે પુષ્કળ અશનાદિ આહારને તૈયાર કરાવો, યાવદ્-આપણે વિહરીશું, ત્યાર બાદ તમે પોષધશાલામાં યાવદ્ વિહર્યા, તો હે દેવાનુપ્રિય ! તમે અમારી ઠીક હીલના કરી.' પછી 'હે આર્યો !' એમ કહી શ્રમણ ભગવંત મહાવીરે તે શ્રમણોપાસકોને આ પ્રમામે કહ્યું-'હે આર્યો !' તમે શંખ શ્રમણોપાસકની હીલના, નિંદા, ખિંસના, ગર્હા અને અપમાનના ન કરો, કારણ કે તે શંખ શ્રમણોપાસક ધર્મને વિષે પ્રીતિવાળો અને દૃઢતાવાળો છે, તથા તેણે સુદૃષ્ટિ-જ્ઞાનીનું જાગરણ કરેલ છે.

[૫૩૨] 'ભગવન્' ! એ પ્રમાણે કહી ભગવાન્ ગૌતમ શ્રમણ ભગવંત મહાવીરને વાંદે છે, નમે છે, વાંદી અને નમી તેણે આ પ્રમાણે કહ્યું-'હે ભગવન્ ! જાગરિકા કેટલા પ્રકારની કહી છે ? હે ગૌતમ ! ત્રણ પ્રકારની. બુદ્ધજાગરિકા, અબુદ્ધજાગરિકા અને સુદર્શનજાગરિકા. હે ભગવન્ ! તમે એ પ્રમાણે શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! જે ઉત્પન્ન થયેલા જ્ઞાન અને દર્શનના ધારણ કરનારા આ અરિહંત ભગવંતો છે-ઈત્યાદિ સ્કંદકના અધિકારમાં કહ્યા પ્રમાણે સર્વજ્ઞ અને સર્વદર્શી છે-એ બુદ્ધો બુદ્ધજાગરિકા જાગે છે. જે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ ભગવંત અનગારો ઈર્યાસમિતિયુક્ત, ભાષાસમિતિયુક્ત અને યાવત્ ગુપ્ત બ્રહ્મચારી છે, તેઓ અબુદ્ધ છે અને તેઓ અબુદ્ધજાગરિકા જાગે છે. તથા જે આ શ્રમણો પાસકો જીવાજીવને જાણનારા છે, યાવત્ તેઓ સુદર્શનજાગરિકા જાગે છે. માટે તે હેતુથી હે ગૌતમ ! એ પ્રમાણે કહ્યું છે. કે જાગરિકા ત્રણ પ્રકારે છે.

[૫૭૩] ત્યાર બાદ તે શંખ શ્રમણોપાસકે શ્રમણ ભગવંત મહાવીરને વાંદી, નમી આ પ્રમાણે કહ્યું-હે ભગવન્ ! 'ક્રોધને વશ હોવાથી પીડિત થયેલો જીવ શું બાંધે, શું કરે, શેનો ચય કરે અને શેનો ઉપચય કરે ? હે શંખ ! ક્રોધને વશ થવાથી પીડિત થયેલો જીવ આયુષ સિવાયની સાત કર્મપ્રકૃતિઓ શિથિલ બન્ધનથી બાંધેલી હોય તો કઠિન બન્ધન વાળી કરે-ઈત્યાદિ સર્વ પ્રથમ શતકમાં કહેલા સંવરરહિત અનગારની પેઠે જાણવું, યાવત્ તે [સંવરરહિત સાધુ] સંસારમાં ભમે છે. હે ભગવન્ ! માનને વશ થવાથી પીડિત થયેલો જીવ શું બાંધે-ઈત્યાદિ પ્રશ્ન. પૂર્વે કહ્યા પ્રમાણે જાણવું, અને એજ પ્રમાણે માયાને વશ થવાથી અને લોભને વશ થવાથી પીડિત થયેલા જીવ સંબન્ધે પણ જાણવું; યાવત્ તે સંસારમાં ભમે છે. ત્યાર બાદ તે શ્રમણોપાસકો શ્રમણ ભગવંત મહાવીર પાસેથી એ પ્રમણે વાત સાંભળી,અવધારી ભય પામ્યા, ત્રાસ પામ્યા, ત્રસિત થયા અને સંસારના ભયથી ઉદ્વિગ્ન થયા. તથા તેઓ શ્રમણ ભગવંત મહાવીરને વાંદી, નમી જ્યાં શંખ શ્રમણોપાસક છે ત્યાં જઈ શંખ શ્રમણોપાસકને વાંદી, નમી એ અર્થને સારી રીતે જાણી વિનયપૂર્વક વારંવાર ખમાવેછે. ત્યારબાદ તે શ્રમણોપાસકો યાવત્ પાછા ગયા. તેનો બાકી રહેલો વૃત્તાંત આલભિકાના શ્રમણોપાસકોની પેઠે જાણવો. ભગવન્ ! તે શંખ શ્રમણોપાસક આપ દેવાનુપ્રિયની પાસે પ્રવ્રજ્યા લેવાને સમર્થ છે ? બાકી બધું ઋષિભદ્ર પુત્રની પેઠે જાણવું. યાવત્-તે સર્વ દુઃખોનો અન્ત કરશે. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, એમ કહી વિહરે છે.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

**[શતકઃ ૧૨ -ઉદ્દેસાઃ ૧ નીમુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ]**

## -: ઉદ્દેશક ૨ :-

[૫૭૪] તે કાલે, તે સમયે કૌશાંબી નામે નગરી હતી. ચન્દ્રાવતરણ ચૈત્ય હતું. તે કૌશાંબી નગરીમાં સહસ્રાનીક રાજાનો પૌત્ર, શતાનીક રાજાનો પુત્ર, ચેટક રાજાની પુત્રીનો પુત્ર, મૃગાવતી દેવીનો પુત્ર, અને જયંતી શ્રમણોપાસિકાનો ભત્રીજો ઉદાયન નામે રાજા હતો. તે કૌશાંબી નગરીમાં ઉદાયન રાજાની માતા ને જયંતી શ્રમણોપાસિ કાની ભોજાઈ મૃગાવતી નામે દેવી હતી. સુકુમાલ હાથપગવાળી-ઈત્યાદિ વર્ણન જાણવું, વળી તે કૌશાંબી નગરીમાં જયંતી નામે શ્રમણોપાસિકા હતી, જે સહસ્રાનીક રાજાની પુત્રી, શતાનીક રાજાની ભગિની, ઉદાયન રાજાની ફોઈ, મૃગાવતી દેવીની નણંદ અને શ્રમણ ભગવંત મહાવીરના સાધુઓની પ્રથમ શય્યાતર હતી. તે સુકુમાલ, યાવત્ જીવાજીવને જાણનારી યાવદ્ વિહરતી હતી.

[૫૭૫] તે કાલે, તે સમયે મહાવીર સ્વામી સમવસર્યા, યાવત્ પર્ષત્ પર્યુપાસના કરે છે. ત્યાર બાદ તે ઉદાયન રાજા આ વાત સંભળી હૃષ્ટ તુષ્ટ થયો, અને તેણે કૌટુંબિક પુરુષોને બોલાવી આ પ્રમાણે કહ્યું-'હે દેવાનુપ્રિયો ! શીઘ્રજ કૌશાંબી નગરીને બહાર અને અંદર સાફ કરાવો'-ઈત્યાદિ બધું કૂણિક રાજાની પેઠે કહેવું, આ વાત સાંભળી તે

જયંતી શ્રમણોપાસિકા હૃષ્ટ અને તુષ્ટ થઇ, અને જ્યાં મૃગાવતી દેવી છે ત્યાં આવી આ પ્રમાણે કહ્યું-એ પ્રમાણે નવમ શતકમાં કહ્યા પ્રમાણે જાણવું, ત્યાર બાદ જેમ દેવાનંદાએ ઋષભદત્તના વચનનો સ્વીકાર કર્યો તેમ મૃગાવતી દેવીએ તે જયંતી શ્રમણોપાસિકાના વચનનો સ્વીકાર કર્યો, ત્યાર પછી તે મૃગાવતી દેવીએ કૌટુંબિક પુરુષોને બોલાવી આ પ્રમાણે કહ્યું-'હે દેવાનુપ્રિયો ! દેવવાળું, જોતરસહિત યાવત્ ધાર્મિક શ્રેષ્ઠ યાન જોડીને જલદી હાજર કરો,' યાવત્-તે કૌટુંબિક પુરુષો યાવત્ હાજર કરે છે, ત્યાર બાદ તે મૃગાવતી દેવી તે જયંતી શ્રમણોપાસિકાની સાથે સ્નાન કરી, બલિકર્મપૂજા કરી, યાવત્-શરીરને શણગારી ઘણી કુબ્જ દાસીઓ સાથે યાવત્ અંતઃપુરથી બહાર નીકળે છે, નીકળી જ્યાં બહારની ઉપસ્થાનશાલા છે, અને જ્યાં ધાર્મિક શ્રેષ્ઠ વાહન તૈયાર ઉભું છે, ત્યાં આવી યાવત્ તે વાહન ઉપર ચઢી. ત્યાર બાદ તે મૃગાવતી દેવી પોતાના પરિવાર યુક્ત ઋષભદત્ત બ્રાહ્મણની પેઠે યાવત્ શ્રેષ્ઠ વાહનથી નીચે ઉતરે છે. પછી જયંતી શ્રમણોપાસિકાની સાથે તે મૃગાવતી દેવી ઘણી કુબ્જ દાસીઓના પરિવાર સહિત દેવાનંદાની પેઠે યાવદ્ વાંદી, નમી ઉદાયન રાજાને આગળ કરી ત્યાંજ રહીનેજ યાવદ્ પર્યુપાસના કરે છે. ત્યારબાદ શ્રમણ ભગવંત મહાવીરે ઉદાયન રાજાને, મૃગાવતી દેવી-ને, જયંતી શ્રમણોપાસિકાને અને તે અત્યન્ત મોટી પરિષદને યાવદ્ ધર્મોપદેશ કર્યો, યાવત્ પરિષદ પાછી ગઇ, ઉદાયન રાજા અને મૃગાવતી દેવી પણ પાછા ગયા.

[૫૭૬] ત્યાર બાદ તે જયંતી શ્રમણોપાસિકા શ્રમણ ભગવંત મહાવીરની પાસેથી ધર્મને સાંભળી, અવધારી હૃષ્ટ અને તુષ્ટ થઇ, શ્રમણ ભગવંત મહાવીરને વાંદી, નમી આ પ્રમાણે બોલી કે- હે ભગવન્ ! જીવો શાથી ગુરુત્વ-ભારેપણું પામે ? હે જયંતી ! જીવો પ્રાણાતિપાતથી-જીવહિંસાથી યાવદ્ મિથ્યાદર્શનશલ્યથી, એ પ્રમાણે ખરેખર જીવો ભારેકર્મીપણું પ્રાપ્તકરે છે. એ પ્રમાણે જેમ પ્રથમ શતકમાં કહ્યું છે તેમ જાણવું, હે ભગવન્ ! જીવોનું ભવસિદ્ધિકપણું સ્વભાવથી છે કે પરિણામથી છે ? હે જયંતી ! ભવ સિદ્ધિક જીવો સમભાવથી છે, પણ પરિણામથી નથી. હે ભગવન્ ! સર્વે ભવસિદ્ધિક જીવો સિદ્ધ થશે ? હે જયંતી ! હા, થશે. હે ભગવન્ ! જો સર્વે ભવસિદ્ધિકો સિદ્ધ થશે તો આ લોક ભવસિદ્ધિક જીવો રહિત થશે ? તે અર્થ યથાર્થ નથી, હે ભગવન્ ! એ પ્રમાણે તમે શા હેતુથી કહો છો ? હે જયંતી ! જેમકે સર્વાકાશની શ્રેણી હોય, તે અનાદિ, અનંત, બન્ને બાજુ પરિમિત અને બીજી શ્રેણીઓથી પરિવૃત્ત હોય, તેમાંથી સમયે સમયે એક પરમાણુ પુદ્ગલમાત્રખંડો કાઢતાં કાઢતાં અનન્ત ઉત્સર્પિણી અને અનન્ત અવસર્પિણી સુધી કાઢીએ તોપણ તે શ્રેણિ ખાલી થાય નહીં; તે પ્રમાણે .

હે ભગવન્ ! સુતેલાપણું સારું કે જાગેલપણું સારું ? હે જયંતી ! કેટલાક જીવોનું સૂતેલાપણું સારું, અને કેટલાક જીવોનું જાગેલાપણું સારું. હે ભગવન્ ! શા હેતુથી તમે એમ કહો છો ? હે જયંતી ! જે આ જીવો અધાર્મિક, અધર્મને અનુસરનારા જેને અધર્મ પ્રિય છે એવા, અધર્મ કહેનારા, અધર્મને જ જોનારા, અધર્મમાં આસક્ત, અધર્માચરણ કરનારા અને અધર્મથીજ આજીવિકાને કરતા વિહરે છે, એ જીવોનું સૂતેલાપણું સારું છે. જો એ જીવો સૂતેલા હોય તો બહુ પ્રાણોના, ભૂતોના, જીવોના તથા સત્ત્વોના દુઃખ માટે, શોક માટે, યાવત્-પરિતાપ માટે થતા નથી, વળી પોતાને, બીજાને કે બન્નેને ઘણી અધાર્મિક સંયોજના વડે જોડનારા હોતા નથી, જે આ જીવો ધાર્મિક અને ધર્માનુસારી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે, યાવત્-ધર્મવડે આજીવિકા કરતા વિહરે છે, એ જીવોનું જાગેલાપણું સારું છે; જો એ જીવો જાગતા હોય તો તે ઘણા પ્રાણીઓના યાવત્-સત્ત્વોના અદુઃખ માટે યાવત્-અપરિતાપ માટે વર્તે છે, વળી પોતાને, પરને અને બન્નેને ઘણી ધાર્મિક સંયોજના સાથે જોડનારા થાય છે, તથા એ જીવો જાગતા હોય તો ધર્મજાગરિકાવડે પોતાને જાગૃત રાખે છે.

હે ભગવન્ ! સબલપણું સારું કે દુર્બલપણું સારું ? હે જયંતી ! કેટલાક જીવોનું સબલપણું સારું અને કેટલાક જીવોનું દુર્બલપણું સારું. હે જયંતી ! જે આ જીવો અધાર્મિક છે, અને યાવત્ અધર્મવડે આજીવિકા કરતા વિહરે છે, એ જીવોનું દુર્બલપણું સારું, જો એ જીવો દુબલા હોય તો કોઈ જીવના દુઃખ માટે થતા નથી-ઈત્યાદિ અને 'જાગતા'ની પેઠે સબલપણાની વક્તવ્યતા કહેવી; માટે એ જીવોનું બલવાનપણું સારું છે.

હે ભગવન્ ! દક્ષપણું-ઉદ્યમીપણું સારું કે આળસુપણું સારું ? હે જયંતી ! કેટલાક જીવોનું દક્ષપણું સારું અને કેટલાક જીવોનું આળસુપણું સારું. હે જયંતી ! જે આ જીવો અધાર્મિક યાવદ્ વિહરે છે, એ જીવોનું આળસુપણું સારું છે. ઈત્યાદિ બધું 'સૂતેલા'ની પેઠે કહેવું, તથા 'જાગેલાની પેઠે દક્ષ-ઉદ્યમી જાણવા, યાવત્ જોડનારા થાય છે. વળી એ જીવો દક્ષ હોય તો આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, તપસ્વી, ગ્લાન, શૈક્ષ 'કુલ, ગણ, સંઘ, અને સાધર્મિકના ઘણા વૈયાવચ્ચ સાથે આત્માને જોડનારા થાય છે. હે ભગવન્ ! શ્રોત્રેન્દ્રિયને વશ થવાથી પીડિત થયેલો જીવ શું બાંધે ? હે જયંતી ! જેમ ક્રોધને વશ થયેલા જીવ સંબન્ધે કહ્યું તેમ અહીં પણ જાણવું, યાવત્ તે સંસારમાં ભમે છે. એ પ્રમાણે ચક્ષુઈન્દ્રિયને વશ થયેલા અને યાવત્ સ્પર્શેન્દ્રિય વશ થયેલા જીવ સંબન્ધે પણ જાણવું, ત્યારબાદ તે જયંતી શ્રમણોપાસિકા શ્રમણ ભગવંત મહાવીર પાસેથી એ વાત સાંભળી, હૃદયમાં અવધારી, હર્ષવાળી અને સંતુષ્ટ થઈ-ઈત્યાદિ બધું દેવાનંદાની પેઠે જાણવું. યાવત્ તેણે પ્રવ્રજ્યા ગ્રહણ કરી અને સર્વ દુઃખથી મુક્ત થઈ. તે એ પ્રમાણે છે, હે ભગવન્ ! તે એ પ્રમાણે છે.

**શતક : ૧૨ - ઉદ્દેસો : ૨ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## -: ઉદ્દેશક ૩ :-

[૫૩૭] રાજગૃહ નગરમાં (ભગવાન્ ગૌતમે) યાવદ્ આ પ્રમાણે પૂછ્યું-હે ભગવન્ ! કેટલી પૃથિવીઓ કહી છે ? હે ગૌતમ ! સાત. પ્રથમા, દ્વિતીયા યાવત્-સપ્તમી. હે ભગવન્ ! પ્રથમ પૃથિવી કયા નામવાળી અને કયા ગોત્રવાળી કહી છે ? હે ગૌતમ ! પ્રથમ પૃથિવીનું નામ 'ધમ્મા' છે અને ગોત્ર રત્નપ્રભા છે-એ પ્રમાણે 'જીવાભિગમ' સૂત્રમાં પ્રથમ નૈરયિક ઉદ્દેશક કહ્યો છે તે બધો યાવદ્-અલ્પ- બહુત્વ સુધી કહેવો.

**શતક : ૧૨ - ઉદ્દેસા : ૩ ની મુની દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## -: ઉદ્દેશક ૪ :-

[૫૩૮] રાજગૃહ નગરમાં યાવદ્ આ પ્રમાણે પૂછ્યું-હે ભગવન્ ! બે પરમાણુઓ એકરૂપે એકઠા થાય, પછી તેનું શું થાય ? હે ગૌતમ ! તેનો દ્વિપ્રદેશિક સ્કંધ થાય, અને જો તેનો ભેદ થાય તો તેના બે વિભાગ થાય-એક તરફ એક પરમાણુપુદ્ગલ રહે, અને બીજી તરફ એક (બીજો) પરમાણુપુદ્ગલ રહે. હે ભગવન્ ! ત્રણ પરમાણુપુદ્ગલો એકરૂપે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એકઠા થાય તેનું શું થાય ? હે ગૌતમ ! તેનો ત્રિપ્રદેશિક સ્કંધ થાય. જો તેનો ભેદ-વિયોગ થાય તો તેના બે કે ત્રણ વિભાગ થાય, જો બે વિભાગ થાય તો એક તરફ એક પરમાણુ પુદ્ગલ, અને બીજી તરફ એક દ્વિપ્રદેશિક સ્કંધ રહે. તથા જો તેના ત્રણ વિભાગ થાય તો ત્રણ પરમાણુપુદ્ગલ રહે. હે ભગવન્ ! ચાર પરમાણુપુદ્ગલો એકરૂપે એકઠા થાય ? હે ગૌતમ ! ચતુષ્પ્રદેશિક સ્કંધ થાય, અને જો તે સ્કંધનો ભેદ થાય તો તેના બે, ત્રણ ને ચાર ભાગ થાય. જો બે ભાગ થાય તો એક તરફ એક પરમાણુપુદ્ગલ અને એક તરફ એક ત્રિપ્રદેશિક સ્કંધ રહે. અથવા બે દ્વિપ્રદેશિક સ્કંધ રહે. જો ત્રણ ભાગ થાય તો એક તરફ બે છૂટા પરમાણુપુદ્ગલો અને એક તરફ એક દ્વિપ્રદેશિક સ્કંધ રહે. જો ચાર ભાગ થાય તો જૂદા ચાર પરમાણુપુદ્ગલ રહે.

હે ભગવન્ ! પાંચ પરમાણુઓ એકરૂપે એકઠા થાય ? હે ગૌતમ ! પંચપ્રદેશિક સ્કંધ થાય. જો તે ભેદાય તો તેના બે, ત્રણ, ચાર અને પાંચ વિભાગ થાય. જો તેના બે વિભાગ થાય તો એક તરફ એક પરમાણુ પુદ્ગલ અને એક તરફ ચતુષ્કપ્રદેશિક સ્કંધ થાય. અથવા એક તરફ દ્વિપ્રદેશિક સ્કંધ અને એક તરફ ત્રિપ્રદેશિક સ્કંધ થાય. યાવત્ જો તેના પાંચ વિભાગ થાય તો જુદા પાંચ પરમાણુઓ થાય હે ભગવન્ ! છ પરમાણુ પુદ્ગલો સંબન્ધે હે ગૌતમ ! ષટ્પ્રદેશિક સ્કંધ થાય. જો તેનો ભેદ થાય તો તેના બે, ત્રણ, ચાર પાંચ કે છ વિભાગ થાય. જો તેના બે ભાગ થાય તો એક તરફ એક પરમાણુપુદ્ગલ અને એક પંચપ્રદેશિક સ્કંધ થાય. યાવત્ જો તેના છ ભાગ થાય તો જુદા જુદા છ પરમાણુ પુદ્ગલો થાય. હે ભગવન્ ! સાત પરમાણુપુદ્ગલો સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! સપ્તપ્રદેશિક સ્કંધ થાય. જો તેના વિભાગ થાય તો બે, ત્રણ, યાવત્ સાત વિભાગ થાય છે. જો બે વિભાગ થાય તો એક તરફ એક પરમાણુપુદ્ગલ અને એક તરફ છપ્રદેશિક સ્કંધ થાય. અથવા એક તરફ દ્વિપ્રદેશિક સ્કંધ અને એક તરફ પંચપ્રદેશિક સ્કંધ થાય. યાવત્ જો તેના છ ભાગ થાય તો એક તરફ જુદા પાંચ પરમાણુપુદ્ગલો અને એક તરફ એક દ્વિપ્રદેશિક સ્કંધ થાય. તથા જો તેના સાત ભાગ થાય તો જુદા જુદા સાત પરમાણુ પુદ્ગલો થાય. હે ભગવન્ ! આઠ પરમાણુપુદ્ગલો સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! પ્રદેશનો એક સ્કંધ થાય. (જો તેના વિભાગ થાય તો બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત કે આઠ વિભાગ થાય.) યાવત્ તેના બે વિભાગ થયા તો એક તરફ એક પરમાણુપુદ્ગલ અને એક તરફ સાત પ્રદેશનો એક સ્કંધ થાય છે. અથવા એક તરફ બે પ્રદેશોનો એક સ્કંધ અને એક તરફ છ પ્રદેશનો એક સ્કંધ થાય છે. અથવા એક તરફ ત્રણ પ્રદેશનો એક સ્કંધ અને એક તરફ પાંચ પ્રદેશનો એક સ્કંધ થાય છે. અથવા ચાર ચાર પ્રદેશના બે સ્કંધ થાય છે. યાવત્ જો તેના છ વિભાગ થાય તો એક તરફ જુદા પાંચ પરમાણુપુદ્ગલો અને એક તરફ એક ત્રિપ્રદેશિક સ્કંધ થાય છે. અથવા એક તરફ ચાર પરમાણુપુદ્ગલો અને એક તરફ બે દ્વિપ્રદેશિક સ્કંધો થાય છે. જો તેના સાત વિભાગ થાય તો તો એક તરફ જુદા છ પરમાણુપુદ્ગલો અને એક તરફ એક દ્વિપ્રદેશિક સ્કંધ થાય છે. જો તેના આઠ વિભાગ થાય તો જુદાજુદા આઠ પરમાણુપુદ્ગલો થાય છે.

હે ભગવન્ ! નવ પરમાણુપુદ્ગલો સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! નવપ્રદેશનો એક સ્કંધ થાય છે; અને જો તેના વિભાગ કરવામાં આવે તો (બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ કે) યાવત્ નવ વિભાગ થાય છે. તેના જો બે વિભાગ થાય તો એક તરફ એક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરમાણુપુદ્‌ગલ અને એક તરફ એક અષ્ટપ્રદેશિક સ્કંધ થાય છે. એ પ્રમાણે એક એકનો સંચાર કરવો; યાવત્-અથવા એક તરફ એક ચાર પ્રદેશનો સ્કંધ અને એક તરફ પાંચ પ્રદેશનો સ્કંધ થાય છે. યાવત્ પાંચ ભાગ થાય તો એક તરફ જુદા ચાર પરમાણુઓ અને એક તરફ એક પંચપ્રદેશિક સ્કંધ થાય છે. અથવા એક તરફ ત્રણ પરમાણુઓ અને એક તરફ દ્વિપ્રદેશિક સ્કન્ધ અને એક તરફ ચતુષ્પ્રદેશિક સ્કંધ થાય છે. અથવા એક ત્રણ પરમાણુપુદ્‌ગલો અને એક તરફ બે ત્રિપ્રદેશિક સ્કંધો થાય છે. અથવા એક તરફ બે પરમાણુપુદ્‌ગલો, એક તરફ બે દ્વિપ્રદેશિક સ્કંધો અને એક ત્રિપ્રદેશિક સ્કંધ થાય છે. અથવા એક તરફ એક પરમાણુપુદ્‌ગલ અને એક તરફ ચાર દ્વિપ્રદેશિક સ્કંધો થાય છે. યાવત્ આઠ ભાગ કરવામાં આવે તો એક તરફ સાત પરમાણુઓ અને એક તરફ દ્વિપ્રદેશિક એક સ્કંધ, હોય છે જો તેના નવ ભગ કરવામાં આવે તો જુદા નવ પરમાણુઓ હોય છે. હે ભગવન્ ! દસ પરમાણુઓ સંબન્ધે પ્રશ્ન. (તેનો એક દસપ્રદેશિક સ્કંધ થાય છે. અને જો તેના વિભાગ કરવામાં આવે તો બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ અને દશ વિભાગ થાય છે.) યાવત્ બે ભાગ કરવામાં આવે તો એક તરફ એક પરમાણુ અને એક તરફ નવ પ્રદેશનો એક સ્કંધ થાય છે. અથવા એક તરફ દ્વિપ્રદેશિક સ્કંધ અને એક તરફ અષ્ટપ્રદેશિક એક સ્કંધ હોય છે. એ પ્રમાણે એક એકનો સંચાર કરવો; યાવત્-અથવા બે પંચપ્રદેશિક સ્કંધો થાય છે. યાવત્ તેના છ વિભાગ કરવામાં આવે તો એક તરફ જૂદા પાંચ પરમાણુઓ અને એક તરફ એક પંચપ્રદેશિક સ્કન્ધ હોય છે. અથવા એક તરફ ચારપરમાણુપુદ્‌ગલો, એક તરફ એક દ્વિપ્રદેશિક સ્કન્ધ તથા એક તરફ એક ચતુષ્પ્રદેશિક સ્કન્ધ હોય છે. અથવા એક તરફ ચારપરમાણુપુદ્‌ગલો,અને એક તરફ બે ત્રિપ્રદેશિક સ્કન્ધો હોય છે. અથવા એક તરફ ત્રણ પરમાણુપુદ્‌ગલો, એક તરફ બે દ્વિપ્રદેશિક સ્કન્ધો અને એક ત્રિપ્રદેશિક સ્કન્ધ હોય છે. અથવા એક તરફ બે પરમાણુ પુદ્‌ગલો અને એક તરફ ચાર દ્વિપ્રદેશિક સ્કન્ધો હોય છે. યાવત્ અને જો તેના દશ વિભાગ કરવામાં આવે તો જુદા દશ પરમાણુઓ થાય છે.

હે ભગવન્ ! સંખ્યાતા પરમાણુઓ એક સાથે મળે અને એક સાથે મળીને તેનું શું થાય ? હે ગૌતમ ! તેનો સંખ્યાતા પ્રદેશનો સ્કન્ધ થાય. જો તેનો ભેદ-વિભાગ થાય તો તેના બે, યાવત્ દસ કે સંખ્યાતા વિભાગ થાય. જો તેના બે ભગા કરવામાં આવે તો એક તરફ એક પરમાણુપુદ્‌ગલ અને એક તરફ સંખ્યાતપ્રદેશિક સ્કન્ધ થાય છે અથવા એક તરફ એક દ્વિપ્રદેશિક સ્કન્ધ અને એક તરફ એક સંખ્યાતપ્રદેશિક સ્કંધ થાય છે. અથવા એક તરફ એક ત્રિપ્રદેશિક સ્કન્ધ અને એક તરફ એક સંખ્યાતપ્રદેશિક સ્કન્ધ થાય છે. એ પ્રમાણે યાવદ્ એક તરફ દશપ્રદેશિક સ્કન્ધ અને એક તરફ સંખ્યાતપ્રદેશિક સ્કન્ધ હોય છે. અથવા બે સંખ્યાતપ્રદેશિક સ્કન્ધો હોય છે. તેના ત્રણ વિભાગ કરવામાં આવે તો એક તરફ બે પરમાણુઓ અને એક તરફ એક સંખ્યાતપ્રદેશિક સ્કન્ધહોયછે. અથવા એક તરફ એક પરમાણુ, એક તરફ એક દ્વિપ્રદેશિક સ્કન્ધ અને એક તરફ એક સંખ્યાત પ્રદેશિકસ્કન્ધ હોય છે. અથવા એક તરફ એક પરમાણુપુદ્‌ગલ, એક તરફ દ્વિપ્રદેશિક સ્કન્ધ અને એક તરફ એક સંખ્યાતપ્રદેશિક સ્કન્ધ હોય છે. અથવા એક તરફ એક પરમાણુપુદ્‌ગલ, એક તરફ એક ત્રિપ્રદેશિક સ્કન્ધ અને એક તરફ સંખ્યાતપ્રદેશિક સ્કન્ધ હોય છે. અથવા એક તરફ એક પરમાણુપુદ્‌ગલ, અને એક તરફ બે સંખ્યાતપ્રદેશિક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્કન્ધો હોય છે. અથવા એક તરફ એક દ્વિપ્રદેશિક સ્કન્ધ અને એક તરફ બે સંખ્યાત પ્રદેશિક સ્કન્ધો હોય છે. એ પ્રમાણે યાવત્-અથવા એક તરફ એક દશપ્રદેશિક સ્કન્ધ અને બે સંખ્યાતપ્રદેશિક સ્કન્ધો હોય છે. અથવા ત્રણ સંખ્યાતપ્રદેશિક સ્કન્ધો હોય છે. યાવત્ એ પ્રમાણે એ ક્રમથી ચતુઃસંયોગ,પંચસંયોગ પણ કહેવો; યાવત્ નવ સંયોગ સુધી કહેવું. તેના દશ વિભાગ કરવામાં આવે તો એક તરફ નવ પરમાણુપુદ્ગલો, એક તરફ એક સંખ્યાતપ્રદેશિક સ્કન્ધ હોય છે. અથવા એક તરફ આઠ પરમાણુપુદ્ગલો, એક તરફ એક દ્વિપ્રદેશિક સ્કંધ અને એક એક સંખ્યાતપ્રદેશિક સ્કન્ધ હોય છે. અથવા એક તરફ આઠ પરમાણુપુદ્ગલો, એક તરફ એક દ્વિપ્રદેશિક સ્કન્ધ અને એક તરફ એક સંખ્યાતપ્રદેશિક સ્કન્ધ હોય છે. એ ક્રમવડે એકની સંખ્યા વધારવી, યાવત્-અથવા એક દશપ્રદેશિક સ્કન્ધ અને એક તરફ નવ સંખ્યાતપ્રદેશિક સ્કન્ધો હોય છે. અથવા દશ સંખ્યાતપ્રદેશિક સ્કન્ધો હોય છે. જો તેના સંખ્યાત ભાગો કરવામાં આવે તો સંખ્યાતા પરમાણુપુદ્ગલો, થાય છે.

હે ભગવન્ ! અસંખ્યાતા પરમાણુપુદ્ગલો એકઠા મળે, અને પછી તેનું શું થાય ? હે ગૌતમ ! તેનો અસંખ્યાતપ્રદેશિક સ્કન્ધ થાય. જો તેના વિભાગ કરીએ તો બે, યાવત્ દસ, સંખ્યાતા કે અસંખ્યાતા વિભાગ થાય. જો બે વિભાગ કરવામાં આવે તો એક તરફ એક પરમાણુપુદ્ગલ અને એક તરફ અસંખ્યાતપ્રદેશિક સ્કંધ હોય છે. યાવદ્-અથવા એક તરફ દશપ્રદેશિક સ્કન્ધ અને એક તરફ અસંખ્યાતપ્રદેશિક સ્કન્ધ હોય છે. અથવા એક તરફ સંખ્યાતપ્રદેશિક સ્કન્ધ અને એક તરફ અસંખ્યાતપ્રદેશિક સ્કન્ધ હોય છે. અથવા બે અસંખ્યાતપ્રદેશિક સ્કન્ધો હોય છે. એ પ્રમાણે ત્રીક-ચતુષ્કસંયોગ, યાવદ્ દશકસંયોગ જાણવો. અને એક સર્વ સંખ્યાતપ્રદેશિકની પેઠે જાણવું, પરન્તુ એક 'અસંખ્યાત' શબ્દ અધિક કહેવો. યાવદ્-અથવા દશ અસંખ્યાતપ્રદેશિક સ્કન્ધો હોય છે. જો સંખ્યાત વિભાગ કરવામાં આવે તો એક તરફ સંખ્યાતા પરમાણુપુદ્ગલો અને એક તરફ અસંખ્યાતપ્રદેશાત્મક સ્કન્ધ હોય છે. અથવા એક તરફ સંખ્યાતા દ્વિપ્રદેશિક સ્કન્ધો અને એક તરફ અસંખ્યાત પ્રદેશિક સ્કન્ધ હોય છે. એ પ્રમાણે યાવદ્-અથવા એક તરફ સંખ્યાતા દશપ્રદેશિક સ્કન્ધો અને એક તરફ એક અસંખ્યાતપ્રદેશિક સ્કન્ધ હોય છે. અથવા એક તરફ સંખ્યાતા સંખ્યાતપ્રદેશિક સ્કન્ધો અને એક તરફ એક અસંખ્યપ્રદેશાત્મક સ્કન્ધ હોય છે. અથવા સંખ્યાતા અસંખ્યાતપ્રદેશિક સ્કન્ધો હોય છે. જો તેના અસંખ્ય વિભાગ કરવામાં આવે તો અસંખ્ય પરમાણુપુદ્ગલો થાય છે. હે ભગવન્ ! અનન્ત પરમાણુપુદ્ગલો એકઠા થાય અને એકઠા થયા પછી તેનું શું થાય ? હે ગૌતમ તેનો અનન્તપ્રદેશાત્મક સ્કન્ધ થાય. જો તેના વિભાગ થાય તો બે, ત્રણ, યાવત્ દશ, સંખ્યાત, અસંખ્યાત અને અનન્ત વિભાગ થાય. બે વિભાગ કરવામાં આવે તો એક તરફ પરમાણુપુદ્ગલ અને એક તરફ અનન્તપ્રદેશિક સ્કન્ધ હોય છે. યાવદ્-અથવા બે અનન્તપ્રદેશિક સ્કન્ધો હોય છે. જો તેના ત્રણ વિભાગ કરવામાં આવે તો એક તરફ બે પરમાણુપુદ્ગલો અને એક તરફ અનન્તપ્રદેશિક સ્કન્ધ હોય છે. અથવા એક તરફ એક પરમાણુ, એક તરફ એક દ્વિપ્રદેશિક સ્કન્ધ અને એક તરફ એક અનન્ત પ્રદેશિક સ્કન્ધ હોય છે. યાવદ્ અથવા એક તરફ એક પરમાણુપુદ્ગલ, એક તરફ અસંખ્યાતપ્રદેશિક સ્કન્ધ અને એક તરફ અનન્તપ્રદેશિક સ્કન્ધ હોય છે. અથવા એક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તરફ એક પરમાણુ, અને એક તરફ બે અનન્તપ્રદેશિક સ્કન્ધો હોય છે. અથવા એક તરફ એક દ્વિપ્રદેશિક સ્કન્ધ અને એક તરફ બે અનન્તપ્રદેશિક સ્કન્ધો હોય છે. એ પ્રમાણે યાવદ્-અથવા એક તરફ એક દશપ્રદેશિક સ્કન્ધ અને એક તરફ બે અનન્તપ્રદેશિક સ્કન્ધો હોય છે. અથવા એક તરફ એક સંખ્યાતપ્રદેશિક સ્કન્ધ અને એક તરફ બે અનન્ત પ્રદેશિક સ્કન્ધો હોય છે.અથવા એક તરફ એક અસંખ્યાતપ્રદેશિકસ્કન્ધ અને એક તરફ બે અનન્તપ્રદેશિક સ્કન્ધો હોય છે. એ પ્રમાણે ચતુષ્કસંયોગ, યાવદ્-સંખ્યાતસંયોગ કહેવો. એ બધા સંયોગો અસંખ્યાતની પેઠે અનન્તને પણ કહેવા; પરન્તુ એક 'અનન્ત' શબ્દ અધિક કહેવો; યાવદ્-અથવા એક તરફ સંખ્યાતા સંખ્યાતપ્રદેશિક સ્કન્ધો અને એક તરફ એક અનન્તપ્રદેશિક સ્કન્ધ હોય છે. અથવા એક તરફ સંખ્યાતા અસંખ્યેય પ્રદેશિક સ્કન્ધો અને એક તરફ અનન્તપ્રદેશિક સ્કન્ધ હોય છે. અથવા સંખ્યા તા અનંત પ્રદેશિક સ્કન્ધો હોય છે. જો તેના અસંખ્યાતા વિભાગ કરીએ તો એક તરફ અસંખ્યાત પરમાણુપદ્ગલોઅને એક તરફ એક અનન્તપ્રદેશિક સ્કન્ધ હોય છે. અથવા એક તરફ અસંખ્યાત દ્વિપ્રદેશિક સ્કન્ધો અને એક તરફ એક અનન્ત પ્રદેશિક સ્કંધ હોય છે, યાવદ્-અથવા એક તરફ અસંખ્યાતા સંખ્યાતપ્રદેશિક સ્કન્ધો અને એક તરફ એક અનન્ત પ્રદેશિકસ્કન્ધહોયછે.અથવા એક તરફ અસંખ્યાતા અસંખ્યાતપ્રદેશિક સ્કન્ધો અને એક તરફ અનન્તપ્રદેશિક સ્કન્ધ હોય છે. અથવા અસંખ્યાતા અનન્તપ્રદેશિક સ્કન્ધો હોય છે. જો તેના અનન્ત વિભાગ કરવામાં આવે તો અનન્ત પરમાણુપુદ્ગલો થાય છે.

[૫૩૯]હે ભગવન્!એ પરમાણુપુદ્ગલોનાસંયોગઅનેભેદનાસંબંધથી અનન્તાનત પુદ્ગલપરિવર્તો જાણવા યોગ્ય છે માટે કહ્યા છે? હા, ગૌતમ! તે માટે કહ્યા છે. હે ભગવન્ ! પુદ્ગલપરિવર્તો કેટલા પ્રકારના કહ્યા છે ? હે ગૌતમ ! સાતપ્રકારના. ઔદારિકપુદ્ગલપરિવર્ત, વૈક્રિયપુદ્ગલપરિવર્તતૈજસ પુદ્ગલપરિવર્ત, કાર્મણપુદ્ગલપરિવર્ત,મનપુદ્ગલપરિવર્ત,વચનપુદ્ગલપરિવર્તઅનેઆનાપ્રાણપુદ્ગલપરિવર્ત. હે ભગવન્ ! નૈરયિકોને કેટલા પ્રકારના પુદ્ગલપરિવર્તો કહ્યા છે ? હે ગૌતમ ! સાત. ઔદારિક પુદ્ગલપરિવર્ત, વૈક્રિયપુદ્ગલપરિ- વર્ત, યાવદ્ આનપ્રાણપુદ્ગલપરિવર્ત. એ પ્રમાણે યાવદ્-વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્ ! એક એક નૈરયિકને કેટલા ઔદારિક પુદ્ગલપરિવર્તો અતીત-થયા છે ? હે ગૌતમ ! અનન્ત થયા છે. કેટલા થનારા છે ? કોઈને થવાના હોય છે અને કોઈને નથી; જેને થવાના છે તેને જઘન્યથી એક, બે કે ત્રણ થવાના છે; અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા, અસંખ્યાતા કે અનન્તા થવાના હોય છે હે ભગવન્ ! એક એક અસુરકુમારને કેટલા ઔદારિકપુદ્ગલપરિવર્તો થયા છે ? એ પ્રમાણેજાણવું, એ પ્રમાણે યાવદ્ વૈમાનિક સુધી જાણવું. હે ભગવન્ ! એક એક નૈરયિકને કેટલા વૈક્રિયપુદ્ગલ-પરિવર્તો થયા છે ? અનન્તા થયા છે. એ પ્રમાણે જેમ ઔદારિકપુદ્ગલપરિવર્ત સંબન્ધે કહ્યું તેમ વૈક્રિયપુદ્ગલપરાવર્ત સંબન્ધે પણ જાણવું યાવદ્ વૈમાનિક સુધી કહેવું. એ પ્રમાણે યાવદ્ આનપ્રાણપુદ્ગલપરિવર્ત સંબન્ધે પણ જાણવું. એ પ્રમાણે એક એકને આશ્રયી સાત દંડકો થાય છે. હે ભગવન્ ! નૈરયિકોને કેટલા ઔદારિકપુદ્ગલપરિવર્તો થયા છે ? હે ગૌતમ ! અનન્તા થયા છે. કેટલા ઔદારિકપુદ્ગલપરિવર્તો થવાના છે ? અનન્તા થવાના છે. એ પ્રમાણે યાવદ્ વૈમાનિકો સુધી જાણવું. એ રીતે વૈક્રિયપુદ્ગલ-પરિવર્તો, યાવદ્ આનપ્રાણપુદ્ગલપરિવર્તો સંબન્ધે પણ યાવત્ વૈમાનિકો સુધી જાણવું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એમ (સાત પુદ્ગલપરિવર્ત સંબન્ધે) બહુવચનને આશ્રયી સાત દંડકો (નૈરયકાદિ) ચોવીશ દંડકે કહેવા.

હે ભગવન્ ! એક એક નૈરયિકને નૈરયિકપણામાં કેટલા ઔદારિકપુદ્ગલપરિવર્તો અતીત-થયા છે ? તેઓને એક પણ ઔદારિકપુદ્ગલપરિવર્ત થયો નથી. કેટલા ઔદારિક પુદ્ગલપરિવર્તો થવાના છે ? તેઓને એક પણ થવાનો નથી. હે ભગવન્ ! એક એક નૈરયિકને અસુરકુમારપણામાં કેટલા ઔદારિકપુદ્ગલપરિવર્તો થયા છે ? ઉપર કહ્યા પ્રમાણે જાણવું, એ પ્રમાણે જેમ અસુરકુમારપણામાં કહ્યું તેમ યાવત્ સ્તનિતકુમાર-પણામાં પણ જાણવું. હે ભગવન્ ! એક એક નૈરયિકને પૃથિવીકાયપણામાં કેટલા ઔદારિકપુદ્ગલપરિવર્તો થયા છે ? અનન્તા થયા છે. કેટલા થવાના છે ? કોઇને થવાના છે અને કોઇને થવાના નથી, જેને થવાના નથી, જેને થવાના છે તેને જઘન્યથી એક, બે કે ત્રણ થવાના છે, અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા, અસંખ્યાતા કે અનન્તા થવાના છે. એ પ્રમાણે યાવત્ મનુષ્યપણામાં પણ જાણવું. તથા વાનવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકપણામાં જેમ અસુરકુમારપણામાં કહ્યું તેમ જાણવું. હે ભગવન્ ! એક એક અસુરકુમારને નૈરયિકપણામાં કેટલા ઔદારિકપુદ્ગલપરિવર્તો અતીત થયા છે ? જેમ નૈરયિકની અસુરકુમારની પણ વક્તવ્યતા કહેવી. એ પ્રમાણે યાવદ્-વૈમાનિકપણામાં કહેવું. એ પ્રમાણે યાવત્-સ્તનિત કુમાર સુધી કહેવું એ પ્રમાણે પૃથિવીથી આરંભી યાવદ્ વૈમાનિકસુધી બધાઓને એક ગમ-પાઠ કહેવો. હે ભગવન્ ! એક એક નૈરયિકને નૈરયિકપણામાં કેટલા વૈક્રિયપુદ્ગલ પરિવર્તો થયા છે ? અનન્તા થયા છે. કેટલા થવાના છે ? હે ગૌતમ ! એકથી માંડીને યાવદ્ અનન્તા થવાના છે. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમારપણામાં જાણવું. પૃથિવીકાયિકપણામાં પ્રશ્ન.-એક એક નૈરયિકને પૃથિવીકાયિકપણામાં વૈક્રિયપુદ્ગલપરિવર્તો કેટલા થયા છે ? એક પણ નથી. કેટલા થવાના છે ? એક પણ નથી. એ પ્રમાણે જે જીવોને વૈક્રિયશરીર છે તેઓને એકાદિ પુદ્ગલપરાવર્તો જાણવા, અને જેઓને વૈક્રિયશરીર નથી તેઓને પૃથિવીકાયિકપણામાં કહ્યું છે તેમ કહેવું, યાવદ્ વૈમાનિકને વૈમાનિકપણામાં કહેવું. તૈજસપુદ્ગલ પરિવર્ત અને કાર્મણપુદ્ગલપરિવર્તો સર્વત્ર એકથી માંડીને અનન્તસુધી કહેવા. મનઃપુદ્ગલપરિવર્તો બધા પંચેન્દ્રિયોમાં એકથી આરંભી (અનન્ત સુધી) કહેવા. તે (મનઃપુદ્ગલપરિ- વર્તો) વિકલેન્દ્રિયોમાં નથી. વચનપુદ્ગલપરિવર્તો પણ એ પ્રમાણે જાણવા; પરન્તુ વિશેષ એ છે કે તે એકેન્દ્રિય જીવોમાં નથી. શ્વાસોચ્છ્વાસપુદ્ગલપરિવર્તો બધા જીવોમાં એકથી માંડીને વધારે જાણવા; યાવદ્ વૈમાનિકને વૈમાનિકપણામાં કહેવું.

હે ભગવન્ ! નૈરયિકોને નૈરયિકપણામાં કેટલા ઔદારિકપુદ્ગલપરિવર્તો વ્યતીત થયા છે ? એક પણ વ્યતીત થયેલ નથી. કેટલા થવાના છે ? એક પણ થવાનો નથી. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમારપણામાં જાણવું. પૃથિવીકાયિકપણામાં પ્રશ્ન. અનન્તા વ્યતીત થયા છે. કેટલા થવાના છે ? અનન્તા થવાના છે. એ પ્રમાણે યાવત્-મનુષ્યપણામાં જાણવું. તથા જેમ નૈરયિકપણામાં કહ્યું છે તેમ વાનવ્યન્તર, જ્યોતિષ્ક અને વૈમાનિકપણામાં કહેવું. એ પ્રમાણે યાવત્ વૈમાનિકને વૈમાનિકપણામાં કહેવું. એ રીતે સાતે પુદ્ગલપરિવર્તો કહેવા; જ્યાં હોય છે ત્યાં અતીત-થયેલા અને પુરસ્કૃત-ભાવી પણ અનન્તા કહેવા, અને 'જ્યાં નથી ત્યાં અતીત અને ભાવી બન્ને પણ નથી-' એમ કહેવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યાવદ્- વૈમાનિકોને વૈમાનિકપણામાં કેટલા આનપ્રાણપુદ્ગલપરિવર્તો થયેલા છે ? અનન્તા થયેલા છે. કેટલા થવાના છે ? અનન્તા થવાના છે.

[૫૪૦]હે ભગવન્ ! 'ઔદારિકપુદ્ગલપરિવર્ત ઔદારિકપુદ્ગલપરિવર્ત'-એમ શા હેતુથી કહેવાય છે ? હે ગૌતમ ! ઔદારિકશરીરમાં વર્તતા જીવે ઔદારિક- શરીરને યોગ્ય દ્રવ્યો ઔદારિકશરીરપણે ગ્રહણ કરેલાં છે, સ્પર્શેલાં છે, કરેલાં છે, સ્થિર કરેલાં છે, સ્થાપન કરેલાં છે, અભિનિવિષ્ટ-સર્વથા લાગેલાં છે, સર્વથા પ્રાપ્ત થયેલાં છે, સર્વ અવયવવડે ગ્રહણ કરાયેલાં છે, પરિણામ પામેલાં છે, નિર્જરાયેલાં છે, જીવપ્રદેશથી નીકળેલાં છે, અને જીવપ્રદેશથી જૂદા થયેલાં છે, માટે તે હેતુથી. હે ગૌતમ ! એમ 'ઔદારિકાદિવર્તતા જીવે વૈક્રિયશરીરને યોગ્ય પુદ્ગલો કહેવાં, બાકી બધું તેજ પ્રમાણે કહેવું. એ પ્રમાણે યાવદ્ આનપ્રાણપુદ્ગલપરિવર્ત સુધી જાણવું. વિશેષ એ છે કે, ત્યાં 'આનપ્રાણયોગ્ય સર્વ દ્રવ્યો આનપ્રાણપણે ગ્રહ્યાં છે' ઇત્યાદિ કહેવું, બાકી બધું પૂર્વની પેઠેજ જાણવું હે ભગવન્ ! ઔદારિકપુદ્ગલપરિવર્ત કેટલા કાળે નીપજે ? હે ગૌતમ ! અનન્ત ઉત્સર્પિણી અને અવસર્પિણીવડે એ પ્રમાણે વૈક્રિયપુદ્ગલપરિવર્ત એ પ્રમાણે યાવત્ આનપ્રાણપુદ્ગલ-પરિવર્ત પણ જાણવો. હે ભગવન્ ! એ ઔદરિકપુદ્ગલ- પરિવર્તના નિષ્પત્તિકાળમાં, યાવદ્-આનપ્રાણપુદ્ગલપરિવર્તન નિષ્પત્તિ- કાળમાં કયો કાળ કોનાથી (અલ્પ) યાવત્ વિશેષાધિક છે ? સર્વથી થોડો કાર્મણપુદ્ગલપરિવર્તનો તેનાથી અનન્તગુણ તૈજસપુદ્ગલ- પરિવર્તનો તેનાથી અનન્તગુણ ઔદારિકપુદ્ગલ પરિવર્તનો તેનાથી અનંતગુણ આનપ્રાણ પુદ્ગલોનો તેનાથી મનઃપુદ્ગલપરિવર્તનો અનન્તગુણ છે, તેનાથી વચનપુદ્ગલપરિવર્તનો નિષ્પત્તિકાળ અનન્તગુણ છે, અને તેનાથી વૈક્રિયપુદ્- ગલપરિવર્તનો નિષ્પત્તિકાળ અનન્તગુણ છે.

[૫૪૧] હે ભગવન્ ! એ ઔદરિકપુદ્ગલપરિવર્ત, યાવદ્-આનપ્રાણપુદ્ગલ- પરિવર્ત-એઓમાં પરસ્પર કયા પુદ્ગલપરિવર્ત કોનાથી યાવદ્-વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા વૈક્રિયપુદ્ગલપરિવર્તો છે, તેનાથી અનન્તગુણા વચનપુદ્ગલ- પરિવર્તો છે, તેનાથી અનન્તગુણા મનઃપુદ્ગલપરિવર્તો છે, તેનાથી અનન્તગુણા આન પ્રાણપુદ્ગલપરિવર્તો છે, તેનાથી અનન્તગુણ ઔદારિકપુદ્ગલપરિવર્તો છે, તેનાથી અનન્તગુણા તૈજસપુદ્ગલપરિવર્તો છે, અને તેનાથી અનન્તગુણ કાર્મણપુદ્ગલ પરિવર્તો છે. 'હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, હે ભગવન્ ! તે એ પ્રમાણે છે.'

**[શતકઃ ૧૨ -ઉદ્દેસાઃ ૪ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ]**

## ઉદ્દેશો-૫

[૫૪૨]રાજગૃહ નગરમાં (ગૌતમ)યાવદ્-આ પ્રમાણે બોલ્યા કે હે ભગવન્! પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ-એ બધા કેટલાં વર્ણવાળા, કેટલા ગંધવાળા, કેટલારસવાળા, કેટલાસ્પર્શવાળા કહ્યા છે? હે ગૌતમ! તે પાંચ વર્ણવાળા, બે ગંધવાળા, પાંચરસવાળા અને ચા સ્પર્શવાળા કહ્યા છે. હે ભગવન્! ક્રોધ, કોપ, રોષ, અક્ષમા સંજ્વલન, કલહ, ચાંડિક્ય મંડન (દંડાદિથી યુદ્ધ કરવું)અને વિવાદ-એ બધા કેટલા વર્ણવાળા, યાવત્-કેટલા સ્પર્શવાળા કહ્યા છે.? હે ગૌતમ! પાંચ વર્ણવાળા-ઈત્યાદિ જેમ 'ક્રોધ સંબન્ધે કહ્યું તેમ અહિં જાણવું. હે ભગવન્! માયા, ઉપધિ, નિકૃતિ, વલય-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વક્રતાજન્યસ્વભાવ, ગહન, નૂમ, કલ્ક, કુરુપા, જિહ્મતા, કિલ્વિષ, આદરળતા ગૂહનતા, વંચનતા, પ્રતિકુંચનતા, સાતિયોગ-એ બધા કેટલા વર્ણવાળા, યાવત્- કેટલા સ્પર્શવાળા છે! હે ગૌતમ! એ બધાં પાંચ વર્ણવાળા-ત્યાદિ ક્રોધની પેઠે જાળવા. હે ભગવન્! લોભ, ઈચ્છા, મૂર્છા,કાંક્ષા,ગૃદ્ધિ, તૃષ્ણા, અભિધ્યા, આશંસના, પ્રાર્થના, લાલપનતા, કામાશા, ભોગાશા, જીવિતાશા, મરણાશા અને નંદિરાગ-એ બધા કેટલા વર્ણવાળા યાવત્- કેટલાં સ્પર્શવાળા છે.? હે ગૌતમ! ક્રોધની પેઠે જાણવું. હે ભગવન! પ્રેમ-રાગ, દ્વેષ, કલહ, યાવત્ મિથ્ય- ાદર્શનશલ્ય- બધા કેટલા વર્ણવાળા, યાવત્ કેટલા સ્પર્શવાળા છે.? ક્રોધની પેઠે તે બધા ચાર સ્પર્શવાળા છે.

[૫૪૩]હે ભગવન્ ! પ્રાણાતિપાતવિરમણ, યાવદ્- પરિગ્રહવિરમણ, ક્રોધનો ત્યાગ, યાવદ્ મિથ્યાદર્શનશલ્યનો ત્યાગ-એ બધા કેટલાં વર્ણવાળા, યાવત્ કેટલા સ્પર્શ વાલા કહ્યા છે ? હે ગૌતમ!વર્ણ વિનાના,ગંધવિનાના,રસવિનાનાઅનેસ્પર્શ વિનાના કહ્યા છે. હે ભગવન્ ! ઔત્પત્તિકી વૈનયિકી કાર્મિકી અને પારિણામિકી બુદ્ધિએ કેટલા વર્ણવાળી,યાવત્-કેટલા સ્પર્શવાળીકહીછે?પૂર્વવત્હેભગવન્!અવગ્રહઈહાઅવાય અને ધારણાએ બધા કેટલાં વર્ણવાળા, યાવત્-કેટલાં સ્પર્શવાળા છે.? એ પ્રમાણે યાવદ્-સ્પ ર્શરહિત કહ્યા છે. હે ભગવન્ ! ઉત્થાન, કર્મ, બલ, વીર્ય અને પુરુષકારપરાક્રમ-એ કેટલા વર્ણવાળા, યાવત્ કેટલાં સ્પર્શવાળા કહ્યા છે? પૂર્વ પ્રમાણે યાવદ્ તે સ્પર્શરહિત કહ્યા છે.

હે ભગવન્ ! સાતમો અવકાશાંતરે-આકાશનો ખંડ કેટલાં વર્ણવાળો, યાવત્ કેટલા સ્પર્શવાળો કહ્યો છે? એ પ્રમાણે યાવત્-સ્પર્શરહિત છે. હે ભગવન્ ! સાતમી નરક પૃથ્વી નીચેનો તનુવાત કેટલા વર્ણવાળો, યાવત્-કેટલા સ્પર્શવાળો કહ્યો છે? પ્રાણાતિ પાતની પેઠે જાણવું, પરંતુ વિશેષ એ છે કે અહીં સાતમો તનુવાત આઠ સ્પર્શવાળો કહ્યો છે. છઠ્ઠો તનુવાત તથા યાવદ્-છઠ્ઠી પૃથ્વી-એ બધાં આઠ સ્પર્શવાળા છે. એ પ્રમાણે જેમ સાતમી પૃથ્વીની વક્તવ્યતા કહી, તેમ યાવત્-પ્રથમ પૃથ્વી સુધી જાણવું. જંબૂદ્વીપ નામે દ્વીપ, યાવત્ સ્વયંમુરમણસમુદ્ર, સૌધર્મ કલ્પ, યાવદ્-ઈષત્પ્રાગ્ભારાપૃથિવી, નૈરયિકા વાસો તથા યાવદ્-વૈમાનિકાવાસો-એ બધા આઠ સ્પર્શવાળા છે.

હે ભગવન્ ! નૈરયિકો કેટલા વર્ણવાળા, યાવત્ કેટલા સ્પર્શવાળા કહ્યા છે? હે ગૌતમ ! વૈક્રિય અને તૈજસપુદ્ગલોની અપેક્ષાએ તેઓ પાંચ વર્ણવાળા, પાંચ રસવાળા, બે ગંધવાળા, આઠસ્પર્શવાળા છે, અને કાર્મણ પુદ્ગલોની અપેક્ષાએ પાંચવર્ણવાળા, પાંચરસવાળા, બે ગંધવાળા, ચારસ્પર્શવાળા છે, તથા જીવની અપેક્ષાએ વર્ણરહિત, અને યાવદ્ સ્પર્શરહિત કહ્યા છે. એ પ્રમાણે યાવત્ સ્તનિકકુમારો સુધી જાણવું. હે ભગ વન્ ! પૃથિવીકાયિકો કેટલા વર્ણવાળા છે ?-ઈત્યાદિ હે ગૌતમ ! ઔદારિક અને તૈજસ પુદ્ગલોની અપેક્ષાએ પાંચવર્ણવાળા, યાવત્-આઠ સ્પર્શવાળા છે, કાર્મણની અપેક્ષાએ જેમ નૈરયિકો કહ્યા તેમ કહેવા, અને જીવની અપેક્ષાએ પણ પૂર્વ પ્રમાણે જાણવા. એ પ્રમાણે યાવત્- ચઉરિન્દ્રિય જીવો સુધી જાણવું, પણ વિશેષ એ છે કે વાયુકાયિકો ઔદા- રિક, વૈક્રિય અને તૈજસપુદ્ગલોની અપેક્ષાએ પાંચ વર્ણવાળા, યાવદ્-આઠ સ્પર્શ વાળા કહ્યા છે, બાકી બધુ નૈરયિકોની પેઠે જાણવું. તથા વાયુકાયિકોની પેઠે પંચેન્દ્રિયતિર્ય ચ- યોનિકોપણજાણવા.હેભગવન્!મનુષ્યો વર્ણવાળા કહ્યા છે?ઈત્યાદિ. ઔદારિક, વૈક્રિય, આહારક અને તૈજસપુદ્ગલોની અપેક્ષાએ પાંચ વર્ણવાળા, યાવત્-આઠ સ્પર્શવાળા છે,



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાર્મણપુદ્ગલ અને જીવની અપેક્ષાએ નૈરયિકોની પેઠે જાણવા. જેમ નૈરયિકો કહ્યા તેમ વાનવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકો કહેવા. ધર્માસ્તિકાય અને યાવત્-પુદ્ગલાસ્તિ કાય-એ બધા વર્ણરહિત છે, યાવત્ સ્પર્શરહિત છે, પણ વિશેષ એ છે કે, પુદ્ગલાસ્તિ કાય પાંચવર્ણવાળો, પાંચ રસવાળો, બેગંધવાળો અને આઠસ્પર્શવાળો હોય છે. જ્ઞાન વરણીય, યાવત્ અંતરાય કર્મ-એ ચાર સ્પર્શવાળાં છે. હે ભગવન્ ! કૃષ્ણલેશ્યા કેટલા વર્ણવાળી છે-ઈત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ દ્રવ્યલેશ્યાની અપેક્ષાએ પાંચવર્ણવાળી, યાવદ્-આઠ સ્પર્શવાળી કહી છે અને ભાવલેશ્યાની અપેક્ષાએ વર્ણાદિરહિત છે. એ પ્રમાણે યાવત્-શુક્લલેશ્યા સુધી જાણવું. સમ્યગ્દષ્ટિ, મિથ્યાદૃષ્ટિ, સમ્યગ્મિથ્યાદૃષ્ટિ, ચક્ષુદ ર્શન વગેરે ચારદર્શન, આભિનિબોધનિક વગેરે પાંચ જ્ઞાન, યાવદ્-વિભંગજ્ઞાન, આ હારસંજ્ઞા, પરિગ્રહસંજ્ઞા- એ બધાં વર્ણાદિરહિત છે. ઓદારિક શરીર, તૈજસ શરીર-એ બધાં-આંઠ સ્પર્શવાળાં છે. કાર્મણશરીર, મનોયોગ અને વચનયોગ ચારસ્પર્શવાળા છે. કાયયોગ આઠ સ્પર્શવાળો છે,સાકારોપયોગઅને અનાકારોપયોગ-એ બંન્ને વર્ણાદિ રહિત છે હે ભગવન્ ! બધાં દ્રવ્યો કેટલાં વર્ણવાળાં છે ?-ઈત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! સર્વ દ્રવ્યોમાંના કેટલાક પાંચ વર્ણવાળાં, યાવદ-આઠ સ્પર્શવાળાં છે, અને કેટલાંક પાંચ વર્ણ વાળા અને ચાર સ્પર્શવાળઆ છે. તથા સર્વ દ્રવ્યોમાંના કેટલાંક એક વર્ણવાળા, એક ગંધવાળા, એક રસવાળા અને બે સ્પર્શવાળાં છે, વળી સર્વ દ્રવ્યોમાંના કેટલાંક વર્ણર હિત, યાવદ્-સ્પર્શરહિત છે. એ પ્રમાણે સર્વ પ્રદેશો, સર્વ પર્યાયો અને અતીતકાલ પણ વર્ણરહિતયાવત્સ્પર્શરાહિતકહ્યાછે.એપ્રમાણે ભવિષ્યકાળ અને સર્વકાળપણ જાણવો.

[૫૪૪]હે ભગવન્ ! ગર્ભમાં ઉત્પન્ન થતો જીવ કેટલા વર્ણવાળા, કેટલા ગંધવાળા, કેટલાં રસવાળા અને કેટલા સ્પર્શવાળા પરિણામવડે પરિણમે ? હે ગૌતમ ! તે પાંચ વર્ણવાળા, પાંચ રસવાળા, બે ગંધવાળા અને આઠ સ્પર્શવાળા પરિણામવડે પરિણમે.

[૫૪૫]હે ભગવન્ ! જીવ કર્મવડે વિવિધરુપે પરિણમે છે ? કર્મ સિવાય વિવિધરુપે પરિણમતો નથી ? તથા જગત કર્મવડે વિવિધરુપે પરિણમે છે ? કર્મ વિના પરિણમતું નથી ? હા, ગૌતમ ! તે એમજ છે. 'હે ભગવન્ ! તે એમજ છે.

**શતકઃ૧૨-ઉદ્દેશોઃ૫-ની મુનિ દીપરત્નસાગરે કરેલગુર્જરછાયા**

## ઉદ્દેશો-૬

[૫૪૬]રાજગૃહ નગરમાં (ભગવાન્ ગૌતમ) યાવદ્-આ પ્રમાણે બોલ્યા-હે ભગવાન્ ! ઘણા માણસો પરસ્પર એ પ્રમાણે કહે છે, યાવદ્-એ પ્રમાણે પ્રરુપે છે કે 'એ પ્રમાણે ખરેખર રાહુ ચંદ્રને ગ્રસે છે, એ રીતે કેમ હોય. હે ગૌતમ ! એ મિથ્યા કહે છે.એ પ્રમાણે ખરેખર રાહુ મહર્ધિક,યાવદ્-મહાસુખવાળો, ઉત્તમ વસ્ત્રો, ઉત્તમ માલા, ઉત્તમ સુગંધ અને ઉત્તમ આભૂષણ ધારણ કરનાર દેવ છે, તે રાહુ દેવના નવ નામો કહ્યા છે, શૃંગાટક, જટિલક, ક્ષત્રક, ખર, દુર્દર, મકર, મત્સ્ય, કછપ અને કૃષ્ણસર્પ. તે રાહુદેવના વિમાનો પાંચ વર્ણવાળા કહ્યા છે, કાલા, નીલા લાલ, પીલા અને શુક્લ. તેમાં રાહુનું જે કાળું વિમાન છે તે મજિઠના વર્ણ જેવું છે. જે પીળું રાહુનું વિમાન છે તે હળદરના વર્ણ જેવું છે, અને જે ધોલું વિમાન છે તે રાખના ઢગલાના વર્ણ જેવું કહ્યું છે. જ્યારે આવતો કે જતો, વિકુર્વણા કરતો કે કામક્રીડા કરતો રાહુ પૂર્વમાં રહેલા ચંદ્રના પ્રકાશને આવરીને પશ્ચિમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તરફ જાય ત્યારે ચન્દ્ર પૂર્વમાં દેખાય છે, અને રાહુ પશ્ચિમમાં દેખાય છે. જ્યારે આવતો કે જતો. વિકુર્વણા કરતો કે કામ-ક્રીડા કરતો રાહુ પશ્ચિમમાં ચંદ્રના પ્રકાશને આવરીને પૂર્વ તરફ જાય ત્યારે પશ્ચિમમાં ચંદ્ર પોતાને દેખાડે છે, અને પૂર્વમાં રાહુ પોતાને દેખાડે છે. એ પ્રમાણે જેમ પૂર્વ અને પશ્ચિમના બે આલાપક કહ્યા તેમ દક્ષિણ અને ઉત્તરના બે આલાપક ઉત્તર-પૂર્વઅને દક્ષિણ-પશ્ચિમના બે આલાપક દક્ષિણ-પૂર્વ અને ઉત્તર-પશ્ચિમના બે આલાપક કહેવા.વળી જ્યારે આવતો કે જતો, વિકુર્વણા કરતો કે કામક્રીડા કરતો રાહુ ચંદ્રની જ્યોસ્ત્નાનું આવરણ કરતો સ્થિતિ કરે, ત્યારે મનુષ્યલોકમાં મનુષ્યો કહે છે કે, 'એ પ્રમાણે ખરેખર રાહુ ચંદ્રને ગ્રસે છે.' એ પ્રમાણે જ્યારે રાહુ આવતો કે જતો, વિકુર્વણા કરતો કે કામક્રીડા કરતો ચંદ્રના પ્રકાશ આવરીને પાસે થઈને જાય ત્યારે મનુષ્યલોકમાં મનુષ્યો કહે છે કે-'એ પ્રમાણે ખરેખર ચંદ્રે રાહુની કુક્ષિ ભેદી', એ પ્રમાણે રાહુ જ્યારે ચંદ્રની લેશ્યાને ઢાંકીને પાછો વળે ત્યારે મનુષ્ય લોકમાં કહે છે કે, 'એ પ્રમાણે ખરેખર રાહુ એ ચંદ્રને વમ્યો.' વળી એ પ્રમાણે ચંદ્રના પ્રકાશને નીચેથી, ચારે દિશાથી અને ચારે વિદિશાથી આવરીને-ઢાંકીને રહે ત્યારે મનુષ્યલોકમાં મનુષ્ય કહે છે કે-'એ પ્રમાણે રાહુએ ચંદ્રને ગ્રસ્યો.' હે ભગવન્ ! રાહુ કેટલા પ્રકારના કહ્યા છે હે ગૌતમ ! બે પ્રકારના. ધ્રુવરાહુ અને પર્વરાહુ. તેમાં જે ધ્રુવરાહુ છે તે કૃષ્ણપક્ષના પડવાથી માંડીને પોતાના પન્નરમા ભાગવડે ચન્દ્રલેશ્યા પન્નરમા ભાગને ઢાંકતો રહે છે.એકમને દિવસે પ્રથમ દિવસે પ્રથમ ભાગને ઢાંકે છે, બીજના દિવસે બીજા ભાગને ઢાંકે છે. એ પ્રમાણે યાવદ્-અમાવાસ્યાને દિવસે ચંદ્રના પંદરમાં ભાગને ઢાંકે છે, અને કૃષ્ણપક્ષને છેલ્લે સમયે ચંદ્ર રક્ત-સર્વથા આચ્છાદિત થાય છે અને બાકીના સમયે ચંદ્ર રક્ત-અંશથી આચ્છઆદિત અને વિરક્ત-અંશથી અનાચ્છાદિત હોયછે. શુક્લપક્ષના પ્રતિપદાથી આરંભી તેજ ચંદ્રની લેશ્યાના પંદરમાં ભાગને દેખાડતો રહે છે. પડવાને વિષે પહેલાં ભાગને દેખાડે છે. યાવત્ પૂર્ણિમાને વિષે પંદરમાં ભાગને દેખાડે છે. શુક્લપક્ષના છેવટના સમયે ચન્દ્ર વિરક્ત-રાહુથી સર્વથા મુક્ત હોય છે, અને બાકીના સમયે ચન્દ્ર રક્ત અને વિરક્ત હોયછે. તેમાં જે પર્વરાહુ છે તે ઓછામાં ઓછાં છ માસે (ચંદ્રને કે સૂર્યને) ઢાંકે છે. અને વધારેમાં વધારે બેંતાલીસ માસે ચંદ્રને અને વધારેમાં વધારે અડતાલીસ વરસે સૂર્યને ઢાંકે છે.

[૫૪૭]હે ભગવન્ ! શી હેતુથી ચંદ્રને 'શશી' શશી -એ પ્રમાણે કહેવાય છે ? હે ગૌતમ ! જ્યોતિષ્કના ઈંદ્ર અન જ્યોતિષ્કના રાજા ચંદ્રમાં મૃગાંક વિમાનમાં મનોહર દેવો, મનોહર દેવીઓ, મનોહર આસન, શયન, સ્તંભ તથા સુંદર પાત્ર વગેરે ઉપકરણો છે, તથા ચંદ્ર પોતે સૌમ્ય, કાંત,સુભગ,પ્રિયદર્શન અને સુરુપ છે,તે માટે.

[૫૪૮]હે ભગવન્ ! શા હેતુથી સૂર્યને આદિત્ય કહેવાય છે.? ગૌતમ ! સમયો, આવલિકાઓ, યાવત્-ઉત્સર્પિણીઓ અને અવસર્પિણીઓના આદિભૂતસૂર્ય છે.

[૫૪૯]હે ભગવન્ ! જ્યોતિષિકના ઈંદ્ર અને જ્યોતિષિકના રાજા ચંદ્રને કેટલી પટ્ટરાણીઓ કહી છે ? હે ગૌતમ ! જેમ દશક શતકમાં કહ્યું છે તેમ અહીં જાણવું. યાવત્ મૈથુન નિમિત્ત દેવીઓ સાથે ભોગ ભોગવવા સમર્થ નથી' તથા સૂર્ય સંબંધે પણ તેજ પ્રમાણે જાણવું. હે ભગવન્ ! જ્યોતિષ્કના ઈંદ્ર અને રાજા, ચંદ્ર અને સૂર્ય કેવા પ્રકારના કામભોગોને ભોગવતા વિહરે છે ? જેમ પ્રથમ યુવાવસ્થાના પ્રારંભમાં બલવાન્ કોઈ એક પુરુષે પ્રથમ ઉગતી યુવાવસ્થામાં બલવાળી ભાર્યા સાથે તાજોજ વિવાહ કર્યો, અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પછી તે ધન મેળવવા માટે સોળવરસ પરદેશ ગયો, અને તે ધનને મેળવી, કાર્ય સમાપ્ત કરી વિઘ્નરહિતપણે પાછો પોતાને ઘેર તુરત આવ્યો, સ્નાન કરી, બલિકર્મ-પૂજા કરી, કૌતુક અને મંગલરુપ પ્રાયશ્ચિત કરી તથા સર્વાલંકારથી વિભૂષિત થઈ મનોજ્ઞ, અને સ્થાલીમાં પાક કરવા વડે શુદ્ધ તથા અઢાર પ્રકારના વ્યંજન-શાકાદિથી યુક્ત ભોજન કર્યા બાદ મહાબલ ઉદ્દેશકમાં વાસગૃહનું વર્ણન કર્યું છે તેવા પ્રકારના-શયનોપચાર યુક્ત વાસગૃહમાં યાવત્-તેવા પ્રકારની ઉત્તમ શૃંગારના ગૃહરુપ સુંદર વેષવાળી, યાવત્-કલિત-કલાયુક્ત, અનુરક્ત, અત્યન્ત રાગયુક્ત, અને મનને અનુકૂલ એવી સ્ત્રી સાથે ઈષ્ટ શબ્દ, સ્પર્શ યાવત્-પાંચ પ્રકારના મનુષ્ય સંબંધી કામભોગોને ભોગવતો વિહરે છે. હવે તે પુરુષ વેદોપશમનના સમયે કેવા પ્રકારના સુખને ભોગવે ? હે આયુષ્મન્ શ્રમણ ! તે પુરુષ ઉદાર સુખને અનુભવે હે ગૌતમ ! તે પુરુષના કામભોગો કરતાં વાનવ્યંતર દેવોના કામભોગોથી અસુરેન્દ્ર સિવાયના ભવનવાસી દેવોને અનન્તગુણ વિશિષ્ટતર હોયછે, અસુરકુમારદેવોના કામભોગો કરતાં અનંતગુણ વિશિષ્ટ કામ ભોગો જ્યોતિષ્ક દેવરુપ ગ્રહગણ, નક્ષત્ર અને તારાઓને હોય છે. જ્યોતિષિક દેવરુપ ગ્રહગણ, નક્ષત્ર અને તારાઓના કામભોગો કરતાં અનંતગુળ વિશિષ્ટતર કામભોગો ચન્દ્ર તથા સૂર્યને હોય છે. 'હે ભગવન્ ! તે એમજ છે, હે ભગવન્ ! તે એમજ છે' એમ કહી ભગવન્ ગૌતમ યાવદ્ વિહરે છે.

**(શતકઃ ૧૨-ઉદ્દેસાઃ ૬ ની મુનિદીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ)**

## ઉદ્દેશકઃ ૭

[૫૫૦]તે કાલે-તે સમયે યાવદ્-(ભગવાન્ ગૌતમ) આ પ્રમાણે બોલ્યા કે-હે ભગવન્ ! લોક કેટલો મોટો કહ્યો છે ? હે ગૌતમ ! લોક અત્યન્ત મોટો કહ્યો છે; તે પૂર્વ દિશાએ અસંખ્ય કોટાકોટી યોજન છે, એ પ્રમાણે દક્ષિણ દિશાએ પશ્ચિમ દિશાએ અને ઉત્તર દિશાએ ઉર્ધ્વ ઉપર અને નીચે પણ અસંખ્ય કોટાકોટિ યોજન આયામ-લંબાઈ અને વિષ્કંભ-વિસ્તારથી છે. હે ભગવન્ ! આ એવડા લોકમાં એવો કોઈ પરમાણુ પુદ્ગલના જેટલો પણ પ્રદેશ છે કે, જ્યાં આ જીવ ઉત્પન્ન થયો ન હોય, અને મરણ પામ્યો પણ ન હોય ? હે ગૌતમ ! એ અર્થ યથાર્થ નથી. હે ભગવન્!એ પ્રમાણે શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! જેમ કોઈ એક હજાર બકરીઓ નાંખે, અને ઉત્કૃષ્ટથી છ માસ સુધી રહે, તો હે ગૌતમ ! ચરવાનું સ્થળ-હોવાથી તે બકરીઓ જઘન્યથી એક દિવસ, બે દિવસ કે ત્રણ દિવસ અને ઉત્કૃષ્ટથી છ માસ સુધી રહે, તો હે ગૌતમ ! તે વાડાનો એવો કોઈ પરમાણુ પુદ્ગલ માત્ર પ્રદેશ હોય કે જે તે બકરીઓની લિંડિઓથી, મૂત્રથી, શ્લેષ્મથી, નાકનાં મળથી, વમનથી, પિત્તથી, શુક્રથી લોહિથી, ચામડાથી, રોમથી, શિંગડાથી, ખરીથી અને નખથી પૂર્વ સ્પર્શ ન કરાયેલો હોય ?(હે ભગવાન્ !) એ અર્થ યથાર્થ નથી. હે ગૌતમ ! કદાચ કોઈ એક પરમાણુપુદ્ગલ માત્ર પ્રદેશ હોય કે જે તે બકરીઓની લીંડીઓથી, યાવત્ નખોથી પૂર્વ સ્પર્શ ન કરાયેલો હોય. તો પણ આ એવડા મોટા લોકમાં શાશ્વત અપેક્ષી એવો કોઈ પરમાણુપુદ્ગલ માત્ર પ્રદેશ નથી કે જ્યાં આ જીવ ન જન્મ્યો હોય કે ન મર્યો હોય. હે ગૌતમ ! તે હેતુથી એમ કહ્યું.

[૫૫૧]હે ભગવન ! પૃથિવીઓ કેટલી કહી છે ? હે ગૌતમ ! સાત .અહીં પ્રથમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શતકના પંચમ ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે નરકાદિના આવાસો કહેવા, એ પ્રમાણે યાવત્-અનુત્તરવિમાન, યાવત્-અપરાજિત્ત અને સર્વાર્થસિદ્ધ સુધી જાણવું. હે ભગવન્ ! આ જીવ આ રત્નપ્રભાપૃથિવીમાં અને તેના ત્રીશલાખ નરકાવાસોમાંના એક એકનરકાવાસમાંપૃથ્વીકાયિકપણે,યાવદ્-વનસ્પતિકાયિકપણે,નરકપણે,નૈરયિકપણે, પૂર્વેઉત્પન્ન થયેલો છે ?. પૂર્વે કહ્યા પ્રમાણે ત્યાં અનેકવાર અથવા યાવત્ થયેલો છે. હે ભગવાન્ ! સર્વ જીવો પણ આ રત્નપ્રભાપૃથિવીમાં અને તેના ત્રીસલાખ નારકાવાસમાંના યાવત્ અનંતવાર પૂર્વ થયેલાછે. હે ભગવન્ ! આ જીવ શર્કરાપ્રભાના પચીસલાખ નરકાવાસ માંના એક એક નરકાવાસમાં પૃથિવીકાયિકપણે યાવત્ વનસ્પતિકાયિકપણે યાવત્-પૂર્વે ઉત્પન્ન થયેલા છે ? જેમ રત્નપ્રભાના બે આલાપક કહ્યા તેમ શર્કરાપ્રભાના પણ કહેવા. એ પ્રમાણે યાવત્-ધૂમ- પ્રભા સુધી આલાપક કહેવા. હે ભગવન્ ! આ જીવ તમાપૃથિવી માંના પાંચ ન્યૂન એક લાખ નિરયાવાસમાંના એક એક નરકાવાસમાં યાવત્-વનસ્પતિ કાયિકપણે પૂર્વ ઉત્પન્ન થયેલો છે બાકી બધું પૂર્વ પ્રમાણે જાણવું. હે ભગવન્ ! આ જીવ અધઃસપ્તમ નરકપૃથિવીના પાંચ અનુત્તર અને અત્યંન્ત મોટા નરકાવાસોમાંના એક એક નરકાવાસમાં પૂર્વે ઉત્પન્ન થયો છે?બાકી બધું રત્નપ્રભાની પેઠે જાણવું. હે ભગવન્ ! આ જીવ અસુરકુમારોના ચોસઠલાખ અસુરકુમારાવાસોમાં પૃથિવીકાયિકપણે, યાવત્ વનસ્પતિકાયિકપણે, દેવપણે, દેવીપણે, આસન, શયન, અને પાત્ર વગેરે ઉપરકરણે પૂર્વે ઉત્પન્ન થયેલો છે ? હા, ગૌતમ ! યાવદ્-અનંતવાર ઉત્પન્ન થયેલો છે. સર્વ જીવો એ પ્રમાણે જાણવા. એ પ્રમાણે યાવત્-'સ્તનિતકુમારો' સુધીજાણવું, પરન્તુ તેઓના આવાસોની સંખ્યામાં ભેદ છે.

હે ભગવન્ ! આ જીવ અસંખ્યાતા લાખ પૃથિવીકાયિકાવાસમાંના એક એક પૃથિવીકાયિકાવાસમાં પૃથિવીકાયિકપણે યાવદ્-વનસ્પતિકાયિકપણે પૂર્વે ઉત્પન્ન થયો છો ? હા, ગૌતમ ! યાવત્-અનંતવાર ઉત્પન્ન થયેલો છે, એ પ્રમાણે સર્વ જીવો પણ જાણવા. એ પ્રમાણે યાવત્-વનસ્પતિકાયિકોમાં પણ જાણવું. હે ભગવન્ ! આ જીવ અસંખ્યાતા લાખ બેઈંદ્રિયાવાસમાનાં એક એક બેઈન્દ્રિયાવાસમાં પૃથિવીકાયિકપણે, યાવત્-વનસ્પતિકાયિકપણે અને બેઈન્દ્રિયપણે પૂર્વે ઉત્પન્ન થયેલો છે. ? હા, ગૌતમ ! ત્યાં યાવદ્- અનંતવાર ઉત્પન્ન થયેલો છે. સર્વ જીવો પણ એ પ્રમાણે જાણવા. એ પ્રમાણે યાવદ્-મનુષ્યોમાં જાણવું. પરન્તુ વિશેષ એ છે કે, તે ઈન્દ્રિયોમાં યાવદ્-વનસ્પતિકાયિક પણે, યાવત્ તેઈન્દ્રિયપણે, ચઉરિંદ્રિયોમાં ચઉરિંદ્રિયપણે, પંચેદ્રિયતિર્યંચયોનિકોમાં પંચેદ્રિયતિર્યંતયોનિકપણે, અને મનુષ્યોમાં મનુષ્યપણે ઉત્પત્તિ જાણવી. બાકી બધુ બેઈંદ્રિયોની પેઠે જાણવું. જેમ અસુરકુમારો સંબંધે કહ્યું તેમ વાનવ્યંતર, જ્યોતિષ્ક, સૌધર્મ અને ઈશાનમાં પણ જાણવું. હે ભગવન્ ! આ જીવ સનત્કુમાર કલ્પમાં તેના બાર લાખ વિમાનાવાસમાંના એક એક વૈમાનિકાવાસમાં પૃથિવીકાયપણે યાવત્-પૂર્વે ઉત્પન્ન થયેલો છે ? બાકીનું બધું અસુરકુમારોની પેઠે યાવદ્-'અનંતવાર ઉત્પન્ન થયેલો છે' ત્યાં સુધી જાણવું. પણ ત્યાં દેવીપણે ઉત્પન્ન થયો નથી. એ પ્રમાણે સર્વ જીવો સંબન્ધે પણ જાણવું. એ પ્રમાણે યાવત્-આનત અને પ્રાણતમાં તથા આરણ-અચ્યુતમાં પણ જાણવું. હે ભગવન્ ! આ જીવ ત્રણસોને અઢાર ગ્રૈવેયક વિમાનાવાસમાંના એક એક આવાસમાં પૃથિવીકાયિકપણે, યાવદ્-પૂર્વે ઉત્પન્ન થયેલો છે?(યાવત્-અનંતવાર ઉત્પન્ન થયેલો છે.)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હે ભગવન્ ! આ જીવ પાંચ ઉનુત્તર વિમાનોમાંના એક એક અનુત્તર વિમાનમાં પૃથિવી કાયિકપણે, તે પ્રમાણે યાવદ્-અનંવાર ઉત્પન્ન થયેલો છે, પણ દેવપણે અને દેવીપણે ઉત્પન્ન થયો નથી. એ પ્રમાણે સર્વ જીવો પણ જાણવા. હે ભગવન્ ! આ જીવ સર્વ જીવોના માતાપણે, પિતાપણે, ભાઈપણે, બહેનપણે, સ્ત્રીપણે, પુત્રપણે, પુત્રી અને પુત્રીવધૂપણે પૂર્વ ઉત્પન્ન થયેલો છે ? હા, ગૌતમ ! અનેકવાર, અથવા અનંતવાર ઉત્પન્ન થયેલો છે. હે ભગવન્ ! સર્વ જીવો પણ આ જીવના માતાપણએ, યાવત્-પૂર્વે ઉત્પન્ન થયેલા છે ? હા ગૌતમ !અનંતવાર ઉત્પન્ન થયા છે.

હે ભગવન્ ! આ જીવ સર્વ જીવોના શત્રુપણે, વૈરિપણે, વધકપણે, પ્રત્યનીકપણે અને શત્રુના મિત્રપણે પૂર્વ ઉત્પન્ન થયેલો છે. ? હા, ગૌતમ ! યાવદ્-અનંતવાર ઉત્પન્ન થયો છે. હે ભગવન્ ! આ જીવ સર્વ જીવોના રાજાતરીકે, યુવરાજતરીકે યાવત્ સાર્થવાહ તરીકે પૂર્વે ઉત્પન્ન થયેલો છે ? હા ગૌતમ ! અનેકવાર અથવા અનંતવાર ઉત્પન્ન થયો છે. એ પ્રમાણે સર્વ જીવો સંબંધે પણ જાણવું. હે ભગવન્ ! આ જીવ સર્વ જીવોના દાસપણે પ્રેષ્ય-ચાકરપણે, મૃતકપણે, ભાગીદારપણે, ભોગપુરુષપણે, શિષ્યપણે, અને શત્રુપણે પૂર્વ ઉત્પન્ન થયેલો છે ? હા ગૌતમ ! યાવત્-અનંતવાર ઉત્પન્ન થયો છે. એ પ્રમાણે સર્વ જીવો પણ યાવદ્ અનંવાર ઉત્પન્ન થાય છે.

**શતકઃ ૧૨-ઉદ્દેશો : ૭ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેશકઃ ૮

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

[૫૫૨]તે કાલે, તે સમયે,(ભગવન્ ગૌતમ) યાવદ્-આ પ્રમાણે બોલ્યા કે હે ભગવન્ ! મહાઋદ્ધિવાળો યાવદ્-મહાસુખવાળો દેવ ચ્યવીને-તુરતજ માત્ર બે શરીર-નેજ ધારણ કરનારા નાગોમાં, ઉત્પન્ન થાય ? હા ગૌતમ ! થાય. હે ભગવન્ ! ત્યાં તે નાગનાં-જન્મમાં અર્ચિત, વંદિત, પૂજિત, સત્કારિત, સન્માનિત, દિવ્ય, પ્રધાન, સત્ય, સત્યા વપાતરુપ તે સંસારનો અન્ત કરે,અને પાસે રહેલા જેનું પ્રતિહાર કર્મ કર્યુ છે એવો થાય ? હા થાય. તે ત્યાંથી મરણ પામીને સિદ્ધ થાય, બુદ્ધ થાય, યાવદ્-સંસારનો અન્ત કરે ? હા, સિદ્ધ થાય, યાવદ્-અન્ત કરે. હે ભગવન્ ! મહર્ધિક દેવ-એ પ્રમાણે યાવદ્-બે શરીરવાળા મણિમાં ઉત્પન્ન થાય ? નાગની પેઠે જાણવું. હે ભગવન્ ! મહર્ધિક દેવ બે શરીરનેજ ધારણ કરનારા વૃક્ષોમાં ઉત્પન્ન થાય ? હા, ગૌતમ ! થાય-ઈત્યાદિ પૂર્વવત્ પરન્તુ એટલો વિશેષ છે કે 'જે વૃક્ષમાં તે ઉત્પન્ન થાય તે વૃક્ષ યાવત્-સમીપમાં રહેલાં દેવકૃત પ્રાતિહાર્યવાળું થાય, તથા છાણથી લીંપેલ અને ખડીથી ધોળેલ હોય, બાકી બધું પૂર્વવત્ યાવદ્- તે સંસારનો અન્ત કરે.'

[૫૫૩]હે ભગવન્ ! વાનરવૃષભ- મોટો કુકડો, અને મોટો દેડકો-એ બધા શીલ રહિત, વ્રતરહિત, ગુણરહિત, મર્યાદારહિત, પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસ-રહિત મરણસમયે કાલકરી આ રત્નપ્રભાપૃથિવીમાં ઉત્કૃષ્ટથી સાગરોપમની સ્થિતિવાળા નરકમાં નૈરયિકપણે ઉત્પન્ન થાય ? શ્રમણ ભગવંત મહાવીર કહે છે કે હા થાય કારણ કે જે ઉપજતું હોય તે 'ઉત્પન્ન થયું' એમ કહેવાય. સિંહ, વાઘ વગેરે અવસર્પિણી ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે યાવત્-પરાસર-ઈત્યાદિ યાવત્ પૂર્વ પ્રમાણે જાણવું. કાગડો, ગીધ, વીલક, દેડકો અને મોર-એ બધા શીલરહિત-ઈત્યાદિ પ્રશ્ન. ઉત્તર પૂર્વવત્ હે ભગવન્ ! 'તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એમજ છે, તે એમજ છે'- એમ કહી યાવદ્- વિહરે છે.

**શતકઃ૧૨-ઉદ્દેસોઃ ૮ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

**ઉદ્દેશકઃ૯**

[૫૫૪]હે ભગવન્ ! દેવો કેટલા પ્રકારના કહ્યા છે ? હે ગૌતમ !પાંચ પ્રકારના. -ભવ્યદ્રવ્યદેવ, નરદેવ, ધર્મદેવ, દેવાધિદેવ અને ભાવદેવ. હે ભગવન્ ! એ પ્રમાણે શા હેતુથી 'ભવ્યદ્રવ્યદેવ' 'ભવ્યદ્રવ્યદેવ'- એમ કહો છો ? હે ગૌતમ ! જે પંચેન્દ્રિયતિર્યંચ યોનિક કે મનુષ્ય દેવોમાં ઉત્પન્ન થવાને ભવ્ય-યોગ્ય છે, તે માટે તે 'ભવ્યદ્રવ્યદેવ' કહેવાય છે. હે ભગવન્ ! એ પ્રમાણે શા હેતુથી 'નરદેવ' 'નરદેવ'-એમ કહો છો ? હે ગૌતમ ! જે આ રાજાઓ ચાર દિશાના અન્તના સ્વામી ચક્રવર્તીઓ છે, જેને સમસ્ત રત્નોમાં પ્રધાન ચક્રરત્ન ઉત્પન્ન થયું છે એવા, નવ નિધિના સ્વામિઓ, સમૃદ્ધ ભંડારવાળા, એઓનો માર્ગ બત્રીસહજારરાજાઓ વડે અનુસરાયછે એવા, મહાસાગરરુપ ઉત્તમ મેખલાપર્યન્ત પૃથ્વીના પતિ અને મનુષ્યના ઈંદ્ર છે માટે હે ભગવન્ ! શા હેતુથી 'ધર્મદેવ' ધર્મદેવ એમ કહો છો ? હે ગૌતમ ! જે આ અનગાર ભગવંતો, ઈર્યાસમિતિવાળા યાવદ્-ગુપ્ત બ્રહ્મચારી છે, માટે હે ભગવન્ . એમ શા હેતુથી 'દેવાધિદેવ' કહેવાય છે ? હે ગૌતમ ! જે આ અરિહંત-ભગવંતો ઉત્પન્ન થયેલા જ્ઞાન અને દર્શનને ધારણ કરનારા યાવદ્- સર્વદર્શી છે, તે હેતુથી હે ભગવન્ ! શા હેતુથી 'ભાવદેવ' કહેવાય છે ? હે ગૌતમ ! જે આ ભવનપતિઓ, વાનવ્યંતરો, જ્યોતિષ્કો અને વૈમાનિક દેવો દેવગતિ સંબન્ધી નામ અને ગોત્ર કર્મોને વેદ છે, તે માટે 'ભાવદેવ' કહેવાય છે.

[૫૫૫]હે ભગવન્ ! ભવ્યદ્રવ્યદેવો ક્યાંથી આવીને ઉત્પન્ન થાય ? શું નૈરયિકોથી આવીને ઉત્પન્ન થાય, તિર્યંચોથી આવીને ઉત્પન્ન થાય, મનુષ્યોથી આવીને ઉત્પન્ન થાય, કે દેવોથી આવીને ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! ચારેથી આવીને ઉત્પન્ન થાય.અહીં વ્યુત્ક્રાન્તિ પદમાં કહ્યા પ્રમાણે ભેદ-વિશેષતા કહેવી, યાવત્-અનુત્તરૌપપાતિક સુધી કહેવું, પરંન્તુ વિશેષ એ છે કે, અસંખ્યાત વર્ષના આયુષ્યવાળાજીવો, અકર્મભૂમિના જીવો, અંતરદ્વીપ નાજીવો અને સર્વાર્થસિદ્ધ વર્જીને યાવદ્-અપરાજિત દેવોથી ઉત્પન્ન થાય છે. પણ સર્વાર્થ સિદ્ધના દેવો ઉત્પન્ન થતા નથી. હે ભગવન્ ! નરદેવો ક્યાંથી આવીને ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! તેઓ નૈરયિકો અને દેવોથી આવીને ઉત્પન્ન થાય છે, પણ તિર્યંચ અને મનુષ્યોથી આવીને ઉત્પન્ન થતા નથી. જો તેઓ નૈરયિકોથી આવીને ઉત્પન્ન થાય તો શું રત્નપ્રભાના નૈરયિકોથી આવીને કે યાવદ્- અધઃ સમય પૃથ્વીના નૈરયિકોથી આવીને ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! તેઓ રત્નપ્રભાના નૈરયિકોથી આવીને ઉત્પન્ન થાય, પણ શર્કરાપ્રભાથી યાવત્-અધઃસપ્તમપૃથ્વીના નૈરયિકોથી આવીને ઉત્પન્ન ન થાય. જો તેઓ દેવોથી આવી ઉત્પન્ન થાય તો શું ભવનવાસી દેવોથી આવી ઉત્પન્ન થાય કે વાનવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! તે ચારેથી આવી ઉતપન્ન થાય.એ પ્રમાણે સર્વ દેવો સંબન્ધે વ્યુત્ક્રાંતિ પદમાં કહેલી વિશેષતાપૂર્વક યાવત્ સર્વાર્થ સિદ્ધ સુધી ઉપપાત કહેવો. હે ભગવન્ ! ધર્મદેવો ક્યાંથી આવી ઉત્પન્ન થાય ? એ પ્રમાણે વધુ વ્યુત્ક્રાંતિ પદમાં કહેલાં ભેદ-વિશેષવડે યાવત્-સર્વાર્થસિદ્ધ સુધી સર્વ થકી ઉપપાદ કહેવો, પરન્તુ વિશેષ એ છે કે તમઃપ્રભા અને અધઃસપ્તમપૃથ્વીથી,

જૈન સાહિત્ય JAINSITE.com

તથાતેજઃકાય,વાયુ કાય,અસંખ્યવર્ષના આયુષ્યવાળાકર્મભૂમીજો,અકર્મભૂમિજો અને અંતરદ્વીપજમનુષ્યતથાતિર્યંચોથીઆવી ધર્મદેવો ઉત્પન્નન થાય.હેભગવન્! દેવાધિ દેવો ક્યાંથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! નૈરયિકોથી આવી ઉત્પન્ન થાય છે. તિર્યંચ અને મનુષ્યો થી આવી ઉત્પન્ન થતા નથી, પણ દેવો થકી આવીને ઉત્પન્ન થાય છે. જો નૈર યિકોથી આવી ઉત્પન્ન થાય ઈત્યાદિ પ્રશ્ન. એ પ્રમાણે પ્રથમત્રણ પૃથિવીથી આવી ઉત્પન્ન થાય છે. બાકી ની પૃથિવીઓનો પ્રતિષેધ કરવો. જો તેઓ દેવોથી આવી ઉત્પન્ન થયો તો શુંભવનપતિ વગેરેથી આવી ઉત્પન્ન થાય ? સર્વ વૈમાનિક દેવોથી, યાવત્-સર્વાર્થસિદ્ધથી આવી ઉત્પન્ન થાય. બાકીના દેવોનો નિષેધ કરવો. હે ભગવન્ ! ભાવદેવો ક્યાંથી આવી ઉત્પન્ન થાય?જેમવ્યુત્ક્રાંતિપદમાં ભવનવાસિઓના ઉપપાત કહ્યો છે તેમ અહિં કહેવો.

[૫૫૬]હે ભગવન્!ભવ્યદ્રવ્યદેવોની કેટલા કાળ સુધી સ્થિતિ કહી છે?હે ગૌતમ ! ઓછામાં ઓછી અન્તર્મૂહર્ત અને વધારેમાં વધારે ત્રણ પલ્યોપમની. નરદેવો સંબન્ધે પ્રશ્ન.જઘન્ય સ્થિતિ સાતસો વર્ષની અને ઉત્કૃષ્ટ ચોરાશીલાખ પૂર્વની. ધર્મદેવો સંબન્ધે પ્રશ્ન. તેઓની જઘન્ય સ્થિતિ અન્તર્મુહૂર્તની, અને ઉત્કૃષ્ટ દેશોનપૂર્વકોટિ. દેવાધિદેવ સંબન્ધે પ્રશ્ન.તેઓની જઘન્ય સ્થિતિ બહોંતર વર્ષની, અને ઉત્કૃષ્ટ સ્થિતિ ચોરાસીલાખ પૂર્વની. ભાવદેવોની સ્થિતિ સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! તેઓની જઘન્ય સ્થિતિ દશહજાર વર્ષની, અને ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીશ સાગરોપમની .

[૫૫૭]હે ભગવન્ ! ભવ્યદ્રવ્યદેવો એક રુપ વિકુર્વવાને સમર્થ છે કે અનેકરુપો ? હે ગૌતમ ! બંને રીતે સમર્થ છે.એક રુપને વિકુર્વતો એક એકેંદ્રિયરુપને યાવત્-એક પંચેન્દ્રિયરુપને વિકુર્વે છે, અથવા અનેક રુપોને વિકુર્વતો અનેક એકેદ્રિયરુપોને કે અનેક પંચેદ્રિયરુપોને વિકુર્વે છે, તે રુપો સંખ્યાતા કે અસંખ્યાતા, સંબદ્ધ કે અસંબદ્ધ, સમાન કે અસમાન વિકુર્વે છે, વિકુર્વ્યા પછી પોતાનાં યથેષ્ટ કાર્યો કરે છે. એ પ્રમાણે નરદેવ અને ધર્મદેવ સંબંધે પણ જાણવું. દેવાધિદેવો સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! તેઓ બને વિકુર્વવા સમર્થ છે. પણ તે સંપ્રાપ્તિવડે વૈક્રિયરુપ વિકુર્વ્યુ નથી, વિકુર્વતા નથી અને વિકુર્વશે પણ નહિ. ભાવદેવસંબધે પ્રશ્ન.ભવ્યદ્રવ્યદેવો ની જેમ ભાવદેવસંબન્ધે પણ જાણવું.

[૫૫૮]હે ભગવન્ ! ભવ્યદ્રવ્યદેવો તુરતજ મરણ પામી ક્યાં જાય-ક્યાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! તેઓ નૈરયિકોમાં, તિર્યંચોમાં કે મનુષ્યોમાં ઉત્પન્ન થતાં નથી, પણ દેવો માં ઉત્પન્ન થાય છે. ભગવન્ ! નરદેવો અન્તરરહિત-તુરતજ મરણ પામી ક્યાં ઉત્પન્ન થાય હે ગૌતમ ! નૈરયિકોમાં ઉત્પન્ન થાય, પણ તિર્યંચ, મનુષ્ય કે દેવોમાં ઉત્પન્ન ન થાય, હે ભગવન્ ! ધર્મદેવો તુરતજ મરણ પામી ક્યાં ઉત્પન્ન થાય હે ગૌતમ ! તેઓ દેવોમાં ઉત્પન્ન થાય છે. અન્ય ત્રણ ગતિમાં નહીં. જો તેઓ (ધર્મદેવો) દેવોમાં ઉત્પન્ન થાય ઈત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! ફક્ત વૈમાનીક દેવોમાં ઉત્પન્ન થાય છે. સર્વ વૈમાનિકોમાં, યાવત્-સર્વાર્થસિદ્ધઅને કેટલાક સિદ્ધ થાય છે. યાવત્ સર્વ દુઃખોનો નાશ કરે છે. હે ભગવન્ ! દેવાધિદેવો અન્તરરહિત-તુરતજ મરણ પામી ક્યાં જાય- ક્યાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! તેઓ સિદ્ધ થાય, યાવત્-સર્વ દુઃખોનો અન્ત કરે. હે ભગવન્ ! ભાવદેવો તુરતજ મરણ પામી ક્યાં જાય ?-એ પ્રશ્ન જેમ 'વ્યુત્ક્રાંતિ' પદમાં અસુરકુમારોની ઉદ્ધર્તના કહી છે તેમ અહિં ભાવદેવોની પણ ઉદ્વર્તના કહેવી. હે ભગવન્ ! ભવ્યદ્રવ્યવો 'ભવ્યદ્રવ્યદેવરુપે' કાલથી ક્યાંસુધી હોય ? હે ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સુધી હોય. એ પ્રમાણે જેમ ભવસ્થિતિ કહી એમ સંસ્થિતિ પણ યાવદ્-ભાવદેવ સુધી જાણવી.પરન્તુધર્મદેવજઘન્યએકસમયસુધી અને ઉત્કૃષ્ટ કંઈક ન્યૂન પૂર્વકોટિ વર્ષ સુધી હોય. હે ભગવન્ !ભવ્યદ્રવ્યદેવને પરસ્પર કેટલા કાળનુંઅંતર હોય?હે ગૌતમ! જઘ ન્ય અંતર્મુહૂર્ત અધિક દશહજાર વર્ષ, અને ઉત્કૃષ્ટ અનંતકાલ-વનસ્પતિકાલ પર્યન્ત. હે ભગ વન્!નરદેવને પરસ્પર કેટલું અન્તર હોય-એ પ્રશ્ન હે ગૌતમ ! જઘન્ય કાંઈક અધિક એક સાગરોપમ,અનેઉત્કૃષ્ટઅનંતકાલ-કાંઈકન્યૂનઅર્ધપુદ્ગલપરિવર્તપર્યન્તઅન્તર હોય.

[૫૫૯]હે ભગવન્ ! ધર્મદેવને પરસ્પર કેટલું અન્તર હોય. જઘન્યથી પલ્યો પમપૃથક્ત્વ અને ઉત્કૃષ્ટ અનંતકાલ-કંઈક ન્યૂન અપાર્ધ પુદ્ગલપરિવર્ત. હે ભગવન્ ! દેવાધિદેવને પરસ્પર કેટલું અન્તર હોય હે ગૌતમ ! તેને અંતર નથી. ભાવદેવના પરસ્પર અન્તર સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! જઘન્યથી અંતર્મુહર્ત અને ઉત્કૃષ્ટ અનંતકાલ- વનસ્પતિ કાલ. હે ભગવન્ ! ભવ્યદ્રવ્યદેવો, નરદેવો, યાવદ્-ભાવદેવોમાંના કોણ કોનાથી યાવદ્-અચ્યુતક,ગ્રૈવેયકતથાઅનુત્તરોપપાતિક-એઓમાંનાકોણ કોનાથી યાવદ્-વિશેષાધિક છે ? હે ગૌતમ ! સર્વથી થોડા અનુત્તરૌપપાતિક ભાવદેવો છે, તે કરતાં ઉપરનાં ગ્રૈવેયેક ભાવદેવો સંખ્યાતગુણ છે, તે કરતાં મધ્યમ ગ્રૈવેયેક ભાવદેવો સંખ્યાતગુણ છે. તેથી અધસ્તન ગ્રૈવેયકભાવદેવ સંખ્યાતગુણ છે તે કરતાં અચ્યુત કલ્પના દેવો સંખ્યાતગુણ છે, યાવદ્-આનતકલ્પના દેવો સંખ્યાતગુણ છે. એ પ્રમાણે જેમ 'જીવાભિગમ' સુત્રમાં ત્રિવિધ જીવના અધિકારમાં દેવપુરુષોનું અલ્પબહુત્વ કહ્યું છું તેમ અહીં પણ યાવદ્-'જ્યોતિષ્ક ભાવદેવો અસંખ્યેયગુણ છે.' ત્યાં સુધી કહેવું. હે ભગવન્ ! તે એમજ છે, હે ભગવન્! તે એમજ છે.

**શતકઃ૧૨-ઉદ્દેસોઃ૯ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેસો-૧૦

[૫૬૦]હે ભગવન્ ! આત્મા કેટલા પ્રકારના કહ્યા છે ? હે ગૌતમ ! આઠ પ્રકારના. - દ્રવ્યાત્મા, કષાયાત્મા, યોગાત્મા, ઉપયોગાત્મા, જ્ઞાનાત્મા, દર્શનાત્મા, ચારિત્રાત્મા અને વીર્યાત્મા. હે ભગવન્ ! જેને દ્રવ્યાત્મા હોય તેને શું કષાયાત્મા હોય અને કષાયાત્મા હોય તેને દ્રવ્યાત્મા હોય ? હે ગૌતમ જેને દ્રવ્યાત્મા હોય તેને કષાયાત્મા કદાચિત હોય કદાચિત ન હોય પણ જેને કષાયાત્મા હોય, તેને તો અવશ્ય દ્રવ્યાત્મા હોય. હે ભગવન્ ! જેને દ્રવ્યાત્મા હોય તેને યોગાત્મા હોય ? એ પ્રમાણે જેમ દ્રવ્યાત્મા અને કષાયાત્માનો સંબન્ધ કહ્યો તેમ દ્રવ્યાત્મા અને યોગાત્માનો સંબન્ધ કહેવો. હે ભગવન્ ! જેને દ્રવ્યાત્મા હોય તેને ઉપયોગાત્મા હોય ? એ પ્રમાણે સર્વત્ર પ્રશ્ન કરવો. હે ગૌતમ ! જેને દ્રવ્યાત્મા હોય તેને ઉપયોગાત્મા અવશ્ય હોય, અને જેને ઉપયોગાત્મા હોય તેને પણ દ્રવ્યાત્મા અવશ્ય હોય, જેને દ્રવ્યાત્મા હોય તેને જ્ઞાનાત્મા ભજનાએ-વિકલ્પે હોય, અને જેને જ્ઞા નાત્મા હોય તેને દ્રવ્યાત્મા અવશ્ય હોય. જેને દ્રવ્યાત્મા હોય તેને દર્શનાત્મા અવશ્ય હોય, જેને દર્શનાત્મા હોય તેને દ્રવ્યાત્મા પણ અવશ્ય હોય, જેને દ્રવ્યાત્મા હોય તેને ચારિત્રાત્મા ભજનાએ-વિકલ્પે હોય, અને જેને ચારિત્રાત્મા હોય તેને દ્રવ્યાત્મા અવશ્ય હોય. એ પ્રમાણે વીર્યાત્માની સાથે પણ સંબન્ધ કહેવો.

હે ભગવન્ ! જેને કષાયાત્મા હોય તેને શુ યોગાત્મા હોય ?-ઈત્યાદિ પ્રશ્ન. હે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગૌતમ ! જેને કષાયાત્મા હોય તેને યોગાત્મા અવશ્ય હોય, અને જેને યોગાત્મા હોય તને કદાચિત્ કષાયાત્મા હોય અને કદાચિત્ ન પણ હોય. એ પ્રમાણે ઉપયોગાત્માની સાથે કષાયાત્માનો સંબન્ધ જાણવો. તથા કષાયાત્મા અને જ્ઞાનાત્મા એ બંને પરસ્પર ભજનાએ-વિકલ્પે કહેવા. જેમ કષાયાત્મા અને ઉપયોગાત્માનો સંબન્ધ કહ્યો તેમ કષાયાત્મા અને દર્શનાત્માનો સંબન્ધ કહેવો. તથા કષાયાત્મા અને ચારિત્રાત્મ-એ પરસ્પર ભજનાએ કહેવા. જેમ કષાયાત્મા અને યોગાત્મા કહ્યા, તેમ કષાયાત્મા અનેવીર્યાત્મા પણ કહેવા. એ પ્રમાણે જેમ કષાયાત્માની સાથે ઈતર આત્માની વક્તવ્યતા કહી, તેમ યોગાત્માની સાથે પણ ઉપરના આત્માઓની વક્તવ્યતા કહેવી. જેમ દ્રવ્યાત્માની વક્તવ્યતા કહી તેમ ઉપયોગાત્માની પણ ઉપરના આત્માઓની સાથે વક્તવ્યતા કહેવી. જેને જ્ઞાનાત્મા હોય તેને દર્શનાત્મા અવશ્ય હોય, અને જેને વળી દર્શનાત્મા હોય તેને જ્ઞાનાત્મા ભજનાએ હોય. જેને જ્ઞાનાત્મા હોય તેને ચારિત્રાત્મા ભજનાએ હોય વળી જેને ચારિત્રાત્મા હોય તેને જ્ઞાનાત્મા અવશ્ય હોય. તથા જ્ઞાનાત્મા અને વીર્યાત્મા-એ બન્ને પરસ્પર ભજનાએ હોય. જેને દર્શનાત્મા હોય તેને ઉપરના ચારિત્રામાં, વીર્યાત્મા એ બંને ભજનાએ હોય, વળી જેને તે આત્મા હોય તેને દર્શનાત્મા અવશ્ય હોય. જેને ચારિત્રાત્મા હોય તેને અવશ્ય વીર્યાત્મા હોય, વળી જેને વીર્યાત્મા હોય તેને ચારિત્રાત્મા કદાચિત હોય અને કદાચિદ્ ન હોય. હે ભગવન્ ! દ્રવ્યાત્મા, કષાયાત્મા, યાવદ્-વીર્યાત્મામાં કયા આત્મા કોનાથી યાવદ્-વિશેષાધિક છે? હે ગૌતમ ! સૌથી થોડા ચારિત્રાત્મા છે, તે કરતાં જ્ઞાનાત્મા અનંતગુણ છે, તેથી કષાયાત્મા અનંતગુણ, તે કરતાં યોગાત્મા વિશેષાધિક છે, તે કરતાં ઉપયોગાત્મા, દ્રવ્યાત્મા અને દર્શનાત્મા-એ ત્રણે વિશેષાધિક છે અને પરસ્પર તુલ્ય છે.

[૫૬૧]હે ભગવન્ ! આત્મા જ્ઞાનસ્વરુપ છે, કે અજ્ઞાનરુપ છે ? હે ગૌતમ ! આત્મા કદાચિદ્ જ્ઞાનરુપ છે, અને કદાચિદ્ અજ્ઞાનરુપ પણ છે. પરંતુ તેઓનું જ્ઞાન અવશ્ય આત્મરુપ છે. હે ભગવન્ ! નૈરયિકોનો આત્મા જ્ઞાનરુપ છે, કે અજ્ઞાનરુપ છે ? હે ગૌતમ ! નૈરયિકોનો આત્મા કદાચિત્ જ્ઞાનરુપ છે અને કદાચિત અજ્ઞાનરુપ પણ છે. પરન્તુ તેઓનું જ્ઞાન અવશ્ય આત્મરુપ છે. યાવત્- સ્તનિતકુમારો સુધી જાણવું. હે ભગવન્ ! પૃથ્વીકાયિકોનો પ્રશ્ન હે ગૌતમ ! પૃથ્વીકાયિકોનો આત્મા અવશ્ય અજ્ઞાનરુપ છે અને તેઓનું અજ્ઞાન પણ અવશ્ય આત્મરુપ છે. યાવદ્-વનસ્પતિકાયિકો સુધી જાણવું. બેઈન્દ્રિય, યાવદ્-વૈમાનિકોને નૈરયિકોની પેઠે જાણવું. હે ભગવન્ ! આત્મા દર્શનરુપ છે કે તેથી દર્શન બીજું છે ? હે ગૌતમ ! આત્મા અવશ્ય દર્શનરુપ છે અને દર્શન પણ અવશ્ય આત્મા છે. હે ભગવન્ નૈયરિકોનો આત્મા સંબંધ પ્રશ્ન. હે ગૌતમ ! નૈરયિકોનો આત્મા અવશ્ય દર્શનરુપ છે, અને તેઓનું દર્શન પણ અવશ્ય આત્મા છે. એ પ્રમાણે યાવદ્- વૈમાનિકો સુધી નિરંતર (ચોવીસ) દંડક કહેવા.

હે ભગવન્ ! રત્નપ્રભાપૃથ્વી આત્મા-સત્સ્વરુપ છે કે અન્ય-અસત્સ્વરુપ ? હે ગૌતમ ! રત્નપ્રભા પૃથ્વી કથંચિત્ આત્મા-સદરુપ છે, કથંચિત્ નો આત્મા-પણ છે, અને સદરુપે અને અસદરુપે કથંચિત્ અવક્તવ્ય છે. એ પ્રમાણે શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! રત્નપ્રભા પૃથિવી પોતાના આદેશથી-સ્વરુપથી આત્મા-વિદ્યમાન છે, પરના આદેશથી વિવક્ષાથી નોઆત્મા-અવિદ્યમાન છે, અને ઉભયના આદેશથી-આત્મા-

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

સદરુપે અને નોઆત્મા-અસદરુપે અવક્તવ્ય છે. હે ભગવન્ !શર્કરાપ્રભાપૃથ્વી આત્મા સદરુપ છે ?'ઈત્યાદિ પ્રશ્ન. માફક રત્નપ્રભાપૃથ્વી જાણવું. એ પ્રમાણે યાવદ્-અધઃસપ્તમ પૃથ્વી સુધી જાણવું. હે ભગવન્ ! સૌધર્મદેવલોક આત્મા-સદ્ અને નોઆત્મા-અસદ રુપે કથંચિદ્ અવક્તવ્ય છે. હે ભગવન્ ! એ પ્રમાણે શા હેતુથી કહો છો? હે ગૌતમ ! પોતાના આદેશથી આત્મા-વિદ્યમાન છે, પરના આદેશથી નોઆત્મા-વિદ્યમાન છે, અને બન્નેના આદેશથી અવક્તવ્ય-આત્મ તથા નોઓત્મા રુપે અવાચ્ય, એ રીતે યાવદ્-અચ્યુતકલ્પ પણ જાણવી. હે ભગવન્ ! ગ્રૈવેયક વિમાન આત્મા-વિદ્યમાન છે કે તેથી અન્ય ? એ બધું રત્નપ્રભા પૃથિવીની પેઠે જાણવું. અને તે પ્રમાણે અનુત્તર વિમાન તથા ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી સુધી જાણવું. હે ભગવાન ! એક પરમાણુપુદ્ગલ આત્મા-વિદ્યમાન છે કે તેથી અન્ય ? હે ગૌતમ ! જેમ સૌધર્મકલ્પ સંબન્ધે કહ્યું તેમ એક પરમાણુ પુદ્ગલસંબન્ધેપણજાણવું.હે ભગવાન દ્વિપ્રદેશિક સ્કંધઆત્મા-વિદ્યમાન છેકેતેથી અન્ય ? હે ગૌતમ કથંચિત્ આત્મા-વિદ્યમાનછે, કથંચિદ્-નોઆત્મા-અવિદ્યમા છે, અને આત્મા તથા નો આત્મા તથા નોઆત્મા રુપે કથંચિદ્ અવક્તવ્ય છે, કથંચિદ આત્મા છે, અને કથંચિદ્ નોઆત્મા પણ છે, અને આત્મા તથા નોઆત્મા-એ ઉભયરુપે અવક્તવ્ય છે.

હે ભગવન્ ! એ પ્રમાણે શા હેતુથી કહો છો કે-ઈત્યાદિ પૂર્વોક્ત યાવદ્-આત્મા અને નોઆત્મા-એ ઉભયરુપે અવક્તવ્ય છે ? હે ગૌતમ ! (દ્વિપ્રદેશિક સ્કંધ) પોતાના આદેશથી આત્મા છે, પરના આદેશથી નોઆત્મા છે, ઉભયના આદેશથી આત્મા અને નોઆત્મા-એ ઉભયરુપેઅવક્તવ્યછે, એક દેશની અપેક્ષાએ સદ્ભાવપર્યાયની વિવક્ષાની અને એક દેશની અપેક્ષાએ અસદ્ભાવપર્યાયની વિવક્ષાની દ્વિપ્રદેશિક સ્કંધ આત્મા-વિદ્યમાન, તથા નોઆત્મા-અવિદ્યમાન છે, એક દેશના આદેશથી સદ્ભાવપર્યાયની અપેક્ષાએ અને એક દેશના આદેશથી સદ્ભાવ અને અસદ્ભાવ એ બન્ને પર્યાયની અપેક્ષાએ દ્વિપ્રદેશિક સ્કંધ આત્મા-વિદ્યમાન અને આત્મા તથા નોઆત્મા એ ઉભયરુપે અવક્તવ્ય છે. એક દેશના આદેશથી અસદ્ભાવપર્યાયની અપેક્ષાએ અને એક દેશના આદેશથી સદ્ભાવ અને અસદ્ભાવ-એ બન્ને પર્યાયની અપેક્ષાએ તે દ્વિપ્રદેશિક સ્કંધ નોઆત્મા-અવિદ્યમાન અને આત્મા તથા નોઆત્મારુપે અવક્તવ્ય છે. હે ભગવન્ ! ત્રિપ્રદેશિક સ્કંધ સંબંધ પ્રશ્ન હે ગૌતમ ! ત્રિપ્રદેશિક સ્કંધ કથંચિત આત્મા-વિદ્યમાન છે, કથંચિદ્ નોઆત્મા-અવિદ્યમાન છે, આત્મા તથા નોઆત્મા-એ ઉભયરુપ કથંચિદ્ અવક્તવ્ય છે, કથંચિદ્ આત્મા તથા કથંચિત્ નોઆત્મા છે, કથંચિદ્ આત્મા અને નોઆત્માઓ છે, કથંચિદ્ આત્માઓ અને નોઆત્મા છે, કથંચિત્ આત્મા તથા નોઆત્મા-એ ઉભયરુપે અવક્તવ્ય છે, કથંચિદ્ આત્મા અને આત્માઓ તથા નોઆત્માઓ-એ ઉભયરુપેઅવક્તવ્યછે.કથંચિદ્ નોઆત્મા અને આત્માઓ તથા નોઆત્માઓ-એ બન્ને રુપે અવક્તવ્યો છે, કથંચિદ્ નોઆત્માઓ અને આત્મા તથા નોઆત્મા-એ ઉભયરુપે અવક્તવ્ય છે, કથંચિદ્ આત્મા, નોઆત્મા અને આત્મા તથા નોઆત્મા-એ બન્ને રુપે અવક્તવ્ય છે. હે ભગવન્ ! એ પ્રમાણે શા હેતુથી કહો છો ? હે ગૌતમ ! પોતાના આદેશથી આત્મા છે પરના-આદેશથી નોઆત્મા છે, ઉભયના આદેશથી આત્મા અને નોઆત્મા-એ ઉભય રુપે અવક્તવ્ય છે, એક દેશના આદેશથી સદ્ભાવપર્યાયની અપેક્ષાએ અને એક દેશના આદેશથી અસદ્ભાવપર્યાયની અપેક્ષાએ ત્રિપ્રદેશિક સ્કંધ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આત્મા અનેનોઆત્મારુપ છે.એક દેશના આદેશથી સદ્ભાવપર્યાયની અપેક્ષાએ અને દેશના આદેશથી અસદ્ભાવપર્યાયની અપેક્ષાએ તે ત્રિપ્રદેશિકસ્કંધ આત્મા તથા નોઆત્માઓ છે, દેશો ના આદેશથી સદ્ભાવપર્યાયની અપેક્ષાએ અને દેશના આદે શથી અસદ્ભાવપર્યાયની અપેક્ષાએ ત્રિપ્રદેશિક સ્કંધ આત્માઓ અને નોઆત્મારુપ છે, દેશના આદેશથી સદ્ભાવપર્યાયની અપેક્ષાએ અને દેશથી ઉભય-સદ્ભાવ તથા અસદ્ભાવ પર્યાયની અપેક્ષાએ તે ત્રિપ્રદેશિકસ્કંધ આત્મા અને આત્મા તથા નોઆ ત્મા તથા નોઆત્મા-એ ઉભયરુપે અવક્તવ્ય છે, દેશના આદેશથી સદ્ભાવપર્યાયની અપેક્ષાએ અને દેશોના આદેશથી સદ્ભાવપર્યાયની અપેક્ષાએ અને દેશના આદેશથી સદ્ભાવ તદુભયપર્યાયની અપેક્ષાએ તે ત્રિપ્રદેશિક સ્કંધ આત્મા અને આત્માઓ તથા નો આત્માઓ-એ ઉભયરુપે અવક્તવ્યો છે, દેશોનાઆદેશથી સદ્ભાવપર્યાયની અપે- ક્ષાએ અને દેશના આદેશથી તદુભયપર્યાયની અપેક્ષાએ તે ત્રિપ્રદેશિકસ્કંધ આત્મા ઓ અને આત્મા તથા નો આત્મા એ ઉભયરુપે અવક્તવ્ય છે.- એ ત્રણ ભાંગાઓ જાણ વા. દેશના આદેશથી સદ્ભાવ અસદ્ભાપર્યાયની અપેક્ષાએ,અને દેશના આદેશથી તદુભયપર્યાયની અપેક્ષાએ તે ત્રિપ્રદેશિક સ્કંધઆત્મા, નોઆત્મા અને આત્મા તથા નો- આત્મા ઉભયરુપે અવક્તવ્ય છે.

હે ભગવન્ ! ચતુઃપ્રદેશિક સ્કન્ધ આત્મા-વિદ્યમાન છે કે તેથી અન્ય છે-ઈત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! ચતુઃપ્રદેશિક સ્કન્ધ કથંચિદ્ આત્મા છે, કથંચિદ્ નોઆત્મા છે, આત્મા અને નોઓત્મા ઉભયરુપે કથંચિદ્ અવક્તવ્ય છે, કથંચિદ્ આત્મા અને નોઆત્મા છે, કથંચિદ્ આત્મા અને અવક્તવ્ય છે કથંચિદ્ નો આત્મા અને અવક્તવ્ય છે, કથંચિદ્ આત્મા અને નોઆત્મા તથા આત્મા-નોઆત્મરુપે અવક્તવ્ય છે, કથંચિદ્ આત્મા, નો આત્મા અને આત્માઓ તથા નોઆત્માઓરુપે અવક્તવ્યો છે. કથંચિત્ આત્મા નો આત્માઓ તથા આત્મા અને નોઆત્મા-ઉભયરુપે અવક્તવ્ય છે. કથંચિદ્ આત્માઓ, નોઆત્માઓરુપે અવક્ત વ્યો છે. કથંચિત્આત્મા નોઆત્માઓ તથા આત્મા અને નોઆત્મા-ઉભયરુપે અવક્તવ્ય છે. કથંચિદ્ આત્માઓ, નોઆત્માઓ તથા આત્મા અને અનાત્મરુપે અવક્તવ્ય છે. હે ભગવાન્ ! શા હેતુથી એમ કહેવાય છે ? હે ગૌતમ ! પોતાના આદેશથી-સ્વરુપની વિવક્ષાથી આત્મા છે, પરના આદેશથી-પરરુપની વિવ ક્ષાથી નોઆત્મા છે, તદુભયના આદેશથી આત્મા અને નોઆત્મા-એ ઉભયરુપે અવ ક્તવ્ય છે, ઈત્યાદિ પૂર્વવત્ જાણવું.

હે ભગવન્ ! પંચપ્રદેશિક સ્કંધ આત્મા છે, કે તેથી અન્ય પંચપ્રદેશિક સ્કંધ છે ? હે ગૌતમ ! પંચપ્રદેશિક સ્કંધ કથંચિત્ આત્મા છે, કથંચિત્ નોઆત્મા છે અને આત્મા તથા નોઆત્મારુપે કથંચિત્ અવક્તવ્ય છે, કથંચિત્ આત્મા, નોઆત્મા અને આત્મા અને અનાત્મા-ઉભયરુપે કથંચિત્ અવક્તવ્ય છે. નોઆત્મા અને અવક્તવ્યવડે એ પ્રમાણે ચાર ભાંગા કરવા, ત્રિક સંયોગમાં એક આઠમો ભાંગો ઉતરતો નથી, એટલે સાત ભાં- ગાઓ થાય છે. હે ભગવાન્ ! શા હેતુથી ઈત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! (પંચપ્રદેશિક સ્કંધ) પોતાના આદેશથી આત્મા છે, પરના આદેશથી નો આત્મા છે. તદુભયના-આદેશથી અવક્તવ્ય છે. ઈત્યાદિ પૂર્વવત્ ષટપ્રદેશિક સ્કન્ધને વિષે સર્વે ભાંગાઓ લાગુ પડે છે, યાવત્-અનન્તપ્રદેશિક સ્કન્ધ સંબન્ધે જાણવું, હે ભગવન્ ! તે એમજ છે, હે ભગવન્ ! તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એમજ છે' એમ કહી (ભગવાન ગૌતમ) યાવદ્ વિહરે છે.

**શતકઃ૧૨-ઉદ્દેસાઃ૧૦ની મુનિ દીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

**શતકઃ૧૨-ગુર્જરછાયાપૂર્ણ**

## શતકઃ૧૩

### ઉદ્દેસો-૧

[૫૬૩]નરકપૃથ્વી, દેવની પ્રરુપણા, અનન્તરાહર, પૃથ્વી, આહાર, ઉપપાત, ભાષા, કર્મની પ્રરુપણા,અનગાર, અને સમુદ્ઘાત.

[૫૬૪]રાજગૃહમાં (ભગવાન્ ગૌતમ) યાવત્-એ પ્રમાણે બોલ્યા-હે ભગવાન્ ! કેટલી નરક પૃથિવીઓ કહેલી છે ? હે ગૌતમ ! સાત. રત્નપ્રભા, યાવત્ અધઃ સપ્તમનરક પૃથિવી. હે ભગવન્ ! આ રત્નપ્રભા નરકપૃથિવીને વિષે કેટલા લાખ નરકાવાસો કહેલો છે ? બત્રીસ લાખ. હે ભગવન્ ! તે નરકાવાસો સંખ્યાત યોજન વિસ્તારવાળા છે કે અસંખ્યાતા યોજન વિસ્તારવાળા છે ? હે ગૌતમ ! તે બંને છે. હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથિવીના ત્રીશ લાખ નરકગાવાસોમાં સંખ્યાતાયોજન- વિસ્તાવાળા નરકાવાસોમાં એકસમયે કેટલાં નારક જીવો ઉત્પન્નથાય, કેટલા કાપોતલેશ્યાવાળા, કેટલા કૃષ્ણપાક્ષિક જીવો, કેટલા શુક્લપાક્ષિક જીવો, કેટલા સંજ્ઞીજીવો, કેટલા અસંજ્ઞી જીવો, કેટલા ભવસિદ્ધિકજીવો, કેટલા આભિનિબોધિકજ્ઞાની, કેટલા શ્રુતજ્ઞાની, કેટલા અવધિજ્ઞાની, કેટલા મતિઅજ્ઞાની, કટલા શ્રુતઅજ્ઞાની, કેટલા વિભંગજ્ઞાની, કેટલા ચક્ષુદર્શની, કેટલા અચક્ષુદર્શની, કેટલા અવધિદર્શની, કેટલા આહારસંજ્ઞાના, ઉપયોગવાળા જીવ, કેટલા ભય સંજ્ઞાના ઉપયોગવાળા,કેટલા મૈથુનસંજ્ઞાના ઉપયોગવાળા, કેટલા પરિગ્રહસંજ્ઞાના ઉપયોગવાળા, કેટલા સ્ત્રીવેદી જીવ, કેટલા પુરુષવેદી, કેટલાંક નપુંસકવેદી, કેટલા ક્રોધકષાય વાળા, યાવત્ કેટલા લોભકષાયવાળા, કેટલા શ્રોત્રેન્દ્રિયના ઉપયોગવાળા , કેટલા સ્પર્શેન્દ્રિય ઉપયોગવાળા, કેટલા નોઈન્દ્રિય (મન) ના ઉપયોગવાળા, કેટલા મનયોગી, કેટલા વચનયોગી, કેટલા કાયયોગી, કેટલા સાકારોપયોગવાળા, અને કેટલા અનાકારોપયોગવાળા ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! આ રત્નપ્રભાપૃથિવીના ત્રીશલાખ નરકાવાસોમાંના સંખ્યાતા યોજનના વિસ્તારવાળા નરકાવાસોને વિષે જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા નારકો ઉત્પન્ન થાય છે, જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા કૃષ્ણપાક્ષિક જીવો ઉત્પન્ન થાય છે, એ પ્રમાણે શુક્લપક્ષ સંબંધે પણ જાણવું, એ રીતે સંજ્ઞી ને અસંજ્ઞીને પણ કહેવું, એ પ્રમાણે ભવસિદ્ધિક અને અભવસિદ્ધિક જીવો પણ જાણવા. મતિજ્ઞાની, શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની, મતિઅજ્ઞાની, શ્રુતઅજ્ઞાની, વિભંગજ્ઞાની એ સર્વ એ પ્રમાણેજ ઉત્પન્ન થાય છે. ચક્ષુદર્શનવાળા જીવો ઉત્પન્ન થતા નથી. જઘન્યથી એક, બે અથવા ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા અચક્ષુદર્શનવાળાં પણ જાણવા. એ રીતે આહાર સંજ્ઞાના ઉપયોગવાળા અને યાવત્ પરિગ્રહસંજ્ઞાના ઉપયોગવાળા પણ એ પ્રમાણે ઉત્પન્ન થાય છે. સ્ત્રીવેદવાળા અને પુરુષવેદવાળા જીવો ઉત્પન્ન થતા નથી. જઘન્યથકી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા નપુંસકવેદી ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે ક્રોધકષાયી, અને યાવત્ લોભકષાયી જાણવા. શ્રોત્રેન્દ્રિય ઉપયોગવાળા યાવત્ સ્પર્શેન્દ્રિયના ઉપયોગવાળા પણ ઉત્પન્ન થતા નથી. જઘન્યથી એક, બે ત્રણ અને ઉત્કૃષ્ટ

થી સંખ્યાતા નોઈન્દ્રિયના ઉપોયગવાળા ઉત્પન્ન થાય છે. મનયોગી અને વચનયોગી ઉત્પન્ન થતા નથી. જઘન્યથી એક, બે અને ત્રણ ઉત્કૃષ્ટથી સંખ્યાતા કાયયોગવાળા ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે સાકારોપયોગવાળા અને એ રીતે અનાકારોપયોગવાળા પણ ઉત્પન્ન થાય છે.

હે ભગવન્ ! આ રત્નપ્રભાપૃથિવીના ત્રીશલાખનરકાવાસોમાંના સંખ્યાતાયોજન વિસ્તારવાળા નરકાવાસોને વિષે એક સમયમાં કેટલા નારક જીવો ઉદ્વર્તે-મરણ પામે, કેટલા કાપોતલેશ્યાવાળા ઉદ્વર્તે, યાવત્-કેટલા અનાકારોપયોગ વાળા ઉદ્વર્તે ? હે ગૌતમ ! એક સમયે જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા નારકો ઉદ્વર્તે, જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા કાપોતલેશ્યાવાળા ઉદ્વર્તે, એ પ્રમાણે યાવત્-સંજ્ઞી જીવો સુધી ઉદ્વર્તના જાણવી. અસંજ્ઞી જીવો ઉદ્વર્તતા નથી. ભવસિદ્ધિક જીવો જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા ઉદ્વર્તે છે. એ પ્રમાણે-યાવત્ શ્રુતઅજ્ઞાની સુધી જાણવું.વિભંગજ્ઞાની અને ચક્ષુદર્શની ઉદ્વર્તતા નથી. જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા અચક્ષુદર્શની ઉદ્વર્તે છે. એ પ્રમાણે યાવત્ સ્પર્શેન્દ્રિયના ઉપયોગવાળા પણ ઉદ્વર્તતા નથી. કાયયોગી જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા ઉદ્વર્તે છે. એ પ્રમાણે સાકારોપયોગવાળા અને અનાકારોપયોગવાળા પણ જાણવા. હે ભગવન્ ! આ રત્નપ્રભાપૃથિવીના ત્રીશ લાખ નરકાવાસમોમાં સંખ્યાતા યોજન વિસ્તારવાળા નરકાવાસોનેવિષે કેટલાનારકજીવો કહેલાછે ? કેટલા કાપોત લેશ્યાવાળા, યાવત્- કેટલા અનાકારોપયોગવાળા છે ? કેટલા અનન્તરોપપન્ન અને કેટલા પરંપરોપન્ન થયેલા હોય છે. કેટલા અનંત રાવગાઢ, કેટલાં પરંપરાવગાઢ, કેટલા અનંતરાહાર, કેટલાં પરંપરાહાર છે ? કેટલા અનંતરપર્યાપ્તા છે, અને કેટલા પરંપરપર્યાપ્તા છે, કેટલા ચરમ છે. અને કેટલા અચરમ હોય છે ? હે ગૌતમ ! સંખ્યાતા નારક જીવો કહેલા છે, સંખ્યાતા કાપોતલેશ્યાવાળા કહેલા છે, એ પ્રમાણે યાવત્-સંખ્યાતા સંજ્ઞી જીવો કહેલા છે. અસંજ્ઞી જીવો કદાચિત્ હોય છે અને કદાચિત્ હોતા નથી. જો હોય છે તો જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા હોય છે. સંખ્યાતા ભવસિદ્ધિક જીવો કહેલા છે, એ પ્રમાણે યાવત્ સંખ્યાતા પરિગ્રહસંજ્ઞાના ઉપયોગવાળા કહેલા છે, સ્ત્રીવેદી નથી અને પુરુષવેદી પણ નથી, નપુંસકવેદી સંખ્યાતા હોય છે. એ પ્રમાણે ક્રોધકષાયી પણ સંખ્યાતા હોય છે. માનકષાયી અસંજ્ઞીની પેઠે છે.એ પ્રમાણે યાવત્ લોભકષાયી જાણવા. સંખ્યાતા શ્રોત્રેન્દ્રિયના ઉપયોગવાળા કહ્યા છે, એ પ્રમાણે યાવત્ (સંખ્યાતા) અનાકા રોપયોગી જાણવા. અનંતરોપપન્ન નારકો કદાચિત્ હોય છે અને કદાચિત્ હોતા નથી. જો હોય તો તે અસંજ્ઞીની પેઠે જાણવા. સંખ્યાતા પરંપરોપપન્ન જાણવા.એ પ્રમાણે અનંતરાવગાઢ અનંતરાહારક,અનન્તરપર્યાપ્તકઅનેચરમ જાણવા. પરંપરાવગાઢ, યાવત્ અચરમ સુધી જેમ પરંપરોપપન્ન કહ્યા તેમ કહેવા.

હે ભગવન્ ! આ રત્નપ્રભાપૃથિવીના ત્રીશ લાખ નરકાવાસોમાંના અસંખ્યાત યોજન વિસ્તારવાળા નરકાવાસોને વિષે એક સમયે કેટલા નારકો ઉત્પન્ન થાય,યાવત્-કેટલા અનાકારોપયોગવાળા ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી અસંખ્યાતા નારકો ઉત્પન્ન થાય છે, એ પ્રમાણે જેમ સંખ્યાતા વિસ્તારવાળા નરકને વિષે એ ત્રણ આલાપક કહ્યા તેમ અસંખ્યાતયોજન વિસ્તારવાળા નરકાવાસોને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિષે કહેવા, પરન્તુ અહિં 'અસંખ્યાતા' એવો પાઠ કહેવો, લેશ્યાને વિષે વિશેષતા છે, અને તે લેશ્યાઓ પ્રથમ શતકમાં કહ્યા પ્રમાણે જાણવી. પરન્તુ એટલો વિશેષ છે કે સંખ્યાતયોજન વિસ્તારવાળા અને અસંખ્યાતયોજનવિસ્તારવાળા નરકાવાસોને વિષે અવધિજ્ઞાની અને અવધિદર્શની સંખ્યાતા જ ચ્યવે છે, એમ કહેવું હે ભગવન્ ! શર્કરા પ્રભા નરક પૃથિવીને વિષે કેટલા નરકાવાસો હોય છે-તે સંબન્ધે પ્રશ્ન હે ગૌતમ ! પચીશલાખનરકાવાસો હોય. હે ભગવાન તે નરકાવાસો શું સંખ્યાતાયોજન વિસ્તાર વાળા હોય કે અસંખ્યાતયોજન વિસ્તારવાળા હોય ? એ પ્રમાણે જેમ રત્નપ્રભા સંબન્ધે કહ્યું તેમ શર્કરાપ્રભા સંબન્ધે જાણવું. પરન્તુ(ઉત્પાદ્દ, ઉદ્વર્તના અને સત્તા) એ ત્રણે આ લાપકને વિષે અસંજ્ઞી ન કહેવા.

વાલુકાપ્રભા સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! પંદરલાખ નરકાવાસો કહ્યા છે, બાકી બધું શર્કરાપ્રભાની પેઠે જાણવું. પણ લેશ્યાને વિષે વિશેષતા છે અને તે પ્રથમ શતકમાં કહ્યા પ્રમાણે જાણવી. હે ભગવાન્ ! પંકપ્રભા નરકને વિષે પ્રશ્ન. હે ગૌતમ ! દશ લાખ નરકા વાસો કહ્યા છે. એ પ્રમાણે જેમ શર્કરાપ્રભા સંબન્ધે કહ્યું, તેમ અહિં પણ જાણવું. પરન્તુ અહિંથી અવધિજ્ઞાની અને અવધિર્શની ચ્યવતા નથી બાકી બધું પૂર્વની પેઠે જાણવું. ધૂમપ્રભા સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ ! ત્રણ લાખ નરકાવાસો કહ્યા છે, એ પ્રમાણે જેમ પંક પ્રભા સંબન્ધે કહ્યું છે તેમ અહિં જાણવું. હે ભગવન્ ! તમા નરકપૃથિવીને વિષે પ્રશ્ન. હે ગૌતમ ! પાંચ ન્યૂન એક લાખ નરકાવાસો કહ્યા છે. બાકી બધું પંકપ્રભા પેઠે જાણવું. હે ભગવન્ ! અધઃસપ્તમ નરક પૃથિવીને વિષે અનુત્તર અને અત્યંત મોટા એવા કેટલા મહાનરકાવાસો કહ્યા છે. ? હે ગૌતમ ! પાંચ નારકાવાસો કહ્યા છે. યાવત્ અપ્રતિષ્ઠાન. હે ભગવન્ ! તે નરકાવાસો શું સંખ્યાત્ યોજનના વિસ્તારવાળા છે કે અસંખ્યાત્ યોજ નના વિસ્તારવાળા છે ? હે ગૌતમ ! વચ્ચેનો અપ્રતિષ્ઠાન નરકાવાસ સંખ્યાતયોજનનના વિસ્તારવાળો છે અને બીજા અસંખ્યાતયોજનના વિસ્તારવાળા છે. હે ભગવન્ ! અધઃ સપ્તમ નરકપૃથિવીના પાંચ અનુત્તર અને અત્યંત મોટા યાવત્-મહાનરકાવાસોમાના સંખ્યાત યોજન વિસ્તારવાળા નરકાવાસને વિષે એક સમયે કેટલા નારકો ઉત્પન્ન થાય- ઈત્યાદિ પ્રશ્ન. જેમ પંકપ્રભાને વિષે કહ્યું તેમ અહિં જાણવું. પરતું એટલો વિશેષ છે કે અહિં ત્રણ જ્ઞાનસહિત ઉત્પન્ન થતા નથી, તેમ ચ્યવતા પણ નથી. તો પણ એ પાંચ નરકા વાસમાં એ પ્રમાણે-પ્રથમાદિ નરકપૃથિવીની જેમ ત્રણ જ્ઞાનવાળા હોય છે. એ પ્રમાણે અસંખ્યાતાયોજનવિસ્તારવાળા નરકાવાસોને વિષે પણ જાણવું, પરન્તુ ત્યાં 'અસંખ્યાતા' એવો પાઠ કહેવો.

[૫૬૫]ભગવન્ ! આ રત્નપ્રભાપૃથિવીનાત્રીશલાખનરકાવાસોમાંના સંખ્યાતા યોજનવિસ્તારવાળા નરકાવાસોને વિષે શું સમયગ્દૃષ્ટિનારકો ઉત્પન્ન થાય, મિથ્યાદૃષ્ટિ નારકો ઉત્પન્ન થાય કે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ નારકો ઉત્પન્ન થાય ? સમ્યગ્દૃષ્ટિ પણ નારકો ઉપજે, મિથ્યાદૃષ્ટિ પણ નારકો ઉપજે, પરન્તુ સમ્યગ્દૃષ્ટિ નારકો ઉત્પન્ન થતા નથી.

હે ભગવન્ ! આ રત્નપ્રભાપૃથ્વીના ત્રીશ લાખ નરકાવાસોમાંના સંખ્યાતાયો- જનવિસ્તારવાળા નરકાવાસોને વિષે શું સમયગ્દૃષ્ટિ નારકી ચ્યવે ? ઈત્યાદિ પ્રશ્ન. પૂર્વ પ્રમાણે જાણવું. હે ભગવન્ ! રત્નપ્રભાપૃથ્વીના ત્રીશ લાખ નરકાવાસોમાંના સંખ્યાતા યોજનાવિસ્તારવાળા નરકાવાસો શું સમ્યગ્દૃષ્ટિ નારકો વડે અવિરહિત-સહિત છે,

મિથ્યાદૃષ્ટિ નારકો વડે અવિરહિત છે કે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ નારકો વડે અવિરહિત છે ? હે ગૌતમ ! સમ્યગ્દૃષ્ટિ નારકો વડે અવિરહિત છે, અને મિથ્યાદૃષ્ટિ નારકો વડે અવિરહિત છે, પરન્તુ સમ્યગ્દૃષ્ટિ નારકો વડે કદાચિત્ અવિરહિત હોય છે અને કદાચિત્ વિરહિત હોય છે. એ પ્રમાણે અસંખ્યાતા યોજનવિસ્તારવાળા નરકોને વિષે પણ ત્રણ આલાપક કહેવા એ પ્રમાણે શર્કરાપ્રભાને વિષે અને યાવત્-તમાપૃથિવી સુધી કહેવું. હે ભગવન્ ! અધઃસપ્તમ- પૃથ્વીના પાંચ અનુત્તર નરકાવાસોમાંના યાવત્-સંખ્યાતા યોજન વિસ્તારવાળા નરકા- વાસને વિષે શું સમ્યગ્દૃષ્ટિ નારકો ઉત્પન્ન થાય ? ઈત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! સમ્યગ્દૃષ્ટિ નારકો ઉત્પન્ન થતા નથી. પણ મિથ્યાદૃષ્ટિ નારકો ઉત્પન્ન થાય છે. સમ્યગ્મિથ્યાદૃષ્ટિ નારકો ઉત્પન્ન થતા નથી. એ પ્રમાણે ઉદ્વર્તના પણ કહેવી-જેમ રત્નપ્રભાને વિષે સત્તા સંબન્ધે નારકો મિથ્યાદૃષ્ટિદિવડે અવિરહિત-સહિત કહ્યા છે તેમ અહિં કહેવું, એ પ્રમાણે અસંખ્યાતા યોજનવિસ્તાર- વાળા નરકાવાસોને વિષે પણ ત્રણ આલાપકો કહેવા.

[૫૬૬]હે ભગવન્ ! ખરેખર કૃષ્ણલેશ્યાવાળો, નીલલેશ્યાવાળો, યાવત્-શુક્લ લેશ્યાવાળો થઈને કૃષ્ણલેશ્યાવાળા નારકોને વિષે ઉત્પન્ન થાય ? હા, ગૌતમ ! થાય. હે ભગવન્ ! શા હેતુથી આપ એમ કહો છો ? હે ગૌતમ ! લેશ્યાના સ્થાનકો સંક્લેશને પામતાં પામતાં કૃષ્ણલેશ્યારુપે પરિણમે છે, કૃષ્ણલેશ્યા રુપે પરિણામ થયા બાદ તે કૃષ્ણલેશ્યાવાળા નારકોને વિષે ઉત્પન્ન થાય છે, હે ભગવન્ ! શું ખરેખર કૃષ્ણલેશ્યા વાળો, યાવત્-શુક્લલેશ્યાવાળો થઈને નીલલેશ્યાવાળા નારકોને વિષે ઉત્પન્ન થાય ? હા ગૌતમ ! થાય. હે ભગવન્. શા હેતુથી યાવત્-ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! લેશ્યાના સ્થાનકો સંક્લેશને પામતાં અને વિશુદ્ધિ પામતાં, નીલલેશ્યારુપે પરિણમે છે, નીલલેશ્યારુપે પરિણામ થયા બાદ નીલલેશ્યાવાળા નારકોમાં તે ઉત્પન્ન થાય છે, હે ભગવન્ ! ખરેખર કૃષ્ણલેશ્યાવાળો, નીલલેશ્યાવાળો,અને યાવત્ કાપોતલેશ્યાવાળાનારકોને વિષે ઉત્પન્ન થાય ? જેમ નીલલેશ્યા સંબન્ધે કહ્યું.

**શતકઃ૧૩-ઉદ્દેસોઃ-૧ ની મુનિ દીપરત્નસાગરે કરેલગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેસો-૨

[૫૬૭]હે ભગવન્ ! કેટલા પ્રકારના દેવો કહેલા છે ? હે ગૌતમ ! ચાર પ્રકારના. ભવનવાસી, વાનવ્યંતર, જ્યોતિષિક અને વૈમાનિક. હે ભગવન્ ! ભવનવાસી દેવો કેટલા પ્રકારના કહેલા છે ? હે ગૌતમ ! દશ પ્રકારના અસુરકુમાર-ઈત્યાદિ ભેદો બીજા શતકના દેવોદેશકનમા કહ્યા પ્રમાણેયાવત્'અપરાજિતઅને સર્વાર્થસિદ્ધ' પર્યન્ત કહેવા. હે ભગવન્ ! અસુરકુમારના કેટલા લાખ આવાસો કહ્યા છે ? હે ગૌતમ ! ચોસઠ લાખ. હે ભગવન્ ! તે અસુરકુમારના આવાસો સંખ્યાતા યોજનવિસ્તારવાળા છે કે અસંખ્યાતા યોજનવિસ્તારવાળા છે ? હે ગૌતમ !, બંને છે. હે ભગવન્ . ચોસઠ લાખ અસુરકુમારના આવાસોમાં એક સમયે કેટલા અસુરકુમારો ઉપજે, યાવત્-કેટલા તેજોલેશ્યાવાળા ઉત્પન્ન થાય, કેટલા કૃષ્ણપાક્ષિક જીવો ઉત્પન્ન થાય ? એ પ્રમાણે જેમ રત્નપ્રભા સંબંધે પ્રશ્ન કર્યો હતો, તેમ અહિં પ્રશ્ન કરવો. અને તે પ્રકારે ઉત્તર પણ આપવો. પરંતુ એટલો વિશેષ છે કે અહીં બે વેદો સહિત ઉપજે, નપુંસકવેદવાળા ન ઉપજે, બાકી બધુ પૂર્વ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રમાણે જાણવું. ઉદવર્તના સંબંધે પણ તેજ પ્રમાણે જાણવું. પરન્તું એટલો વિશેષ છે કે અસંજ્ઞી ઉદ્વર્તે છે- ચ્યવે છે, અવધિજ્ઞાની અને અવધિદર્શની ત્યાંથી ઉદ્વર્તતા-નીકળતાં નથી. કારણ કે અસુરકુમારાદિથી નીકળેલા તીર્થંકરાદિ ન થાય અને અવધિજ્ઞાન અને અવધિદર્શનસહિત તીર્થંકરાદિ જ ઉદ્વર્તે. સત્તાને આશ્રયી પૂર્વ જે કહેલું છે તે પ્રમાણે સર્વે કહેલું. પરન્તુ એટલો વિશેષ છે કે ત્યાં સંખ્યાતા સ્ત્રીવેદવાળા કહેલા છે. એ પ્રમાણે પુરુષવેદવાળા પણ કહેલા છે, નપુંસકવેદવાળા નથી. ક્રોધકષાયવાળા કદાચિત્ હોય છે અને કદાચિત્ હોત નથી. જો હોય છે તો જઘન્યથી એક, બે કે ત્રણ અન ઉત્કૃષ્ટથી સંખ્યાતા હોય છે, એ પ્રમાણે માન અને માયા સંબંધે પણ જાણવું. લોભકષાયવાળા સંખ્યાતા કહેલા છે. બાકી બધુ પૂર્વ પ્રમાણે જાણવું. સંખ્યાતાસંબન્ધે ચાર લેશ્યાઓ કહેવી. એ પ્રમાણે અસંખ્યાતા યોજનાવિસ્તારવાળા અસુરકુમારવાસોસંબંધે પણ જાણવું. પરન્તુ ત્રણેઆલાપકોને વિષે'અસંખ્યાતા' પાઠ કહેવો, યાવત્- 'અસંખ્યાતા અચરમ કહ્યા' છે.

હે ભગવન્ ! કેટલા લાખ નાગકુમારના આવાસો કહેલા છે. ? પૂર્વ પ્રમાણે જાણવા. યાવત્-સ્તનિતકુમાર સુધી કહેવા, પરન્તુ એટલો વિશેષ છે કે જ્યાં જેટલા લાખ ભવનો હોય ત્યાં તેટલા લાખ ભવનો કહેવાં. વાનવ્યંતરદેવોનો પ્રશ્ન હે ગૌતમ ! વાનવ્યંતરદેવોના અસંખ્યાતા લાખ આવાસો કહેલા છે. હે ભગવન્ ! તે આ- વાસો શું સંખ્યાત યોજનવિસ્તારવાળા છે કે અસંખ્યાતયોજનવિસ્તારવાળા છે ? હે ગૌતમ ! સંખ્યાત યોજનવિસ્તારવાળા છે, પણ અસંખ્યાત યોજનવિસ્તારવાળા નથી. હે ભગવન્ ! તે આવાસને વિષે એક સમયે કેટલા વાનવ્યંતરદેવો ઉપજે ? જેમ અસુરકુમારોના સંખ્યાતા યોજનવિસ્તાર- વાળા આવાસોને વિષે ત્રણ આલાપકો કહ્યા છે તે પ્રમાણે વાનવ્યંતર સંબન્ધે પણ કહેવા. હે ભગવન્ ! જ્યોતિષિક દેવોના કેટલા વિમાનાવાસો કહ્યા છે ? હે ગૌતમ ! અસંખ્યાતા લાખ વિમાનાવાસો કહેલાં છે. હે ભગવન્ ! તે વિમાનાવાસો શું સંખ્યાત યોજનવિસ્તારવાળા છે કે અસંખ્યાત યોજનવિસ્તારવાળા છે ? એ પ્રમાણે જેમ વાનવ્યંતર દેવો સંબંધે કહ્યું છે, તે પ્રમાણે જ્યોતિષ્કોને પણ ત્રણ આલાપકો કહેવા, પરન્તુ એટલો વિશેષ છે કે અહિં માત્ર તેજોલેશ્યા કહેવી. ઉત્પાદને વિષે અને સત્તાને વિષે અસંજ્ઞી જીવો ઉપજતાં તેમ ઉદ્વર્તતા નથી, બાકી બધું પૂર્વ વત્.

હે ભગવન્ ! સૌધર્મ દેવલોકને વિષે કેટલા લાખ વિમાનવાસો કહેલા છે ? હે ગૌતમ ! ૩૨ લાખ વિમાનવાસો કહેલા છે. હે ભગવન્ ! તે વિમાનવાસો શું સંખ્યાતા યોજનવિસ્તારવાળા છે કે અસંખ્યાતયોજનવિસ્તારવાળા છે ? હે ગૌતમ !તે બંને છે. હે ભગવન્ ! સૌધર્મ દેવલોકને વિષે બત્રીશ લાખ વિમાનવાસોમાંના સંખ્યાતાયોજન વિસ્તારવાળા વિમાનોને વિષે એક સમયે કેટલા સૌધર્મદેવો ઉત્પન્ન થાય, કેટલા તેજોલેશ્યા વાળા ઉત્પન્ન થાય ? જેમ જ્યોતિષિકોને ત્રણ આલાપકો કહ્યાં તેમ અહિં પણ ત્રણ આલાપકો કહેવાં, પરંતુ ત્રણે આલાપકોમાં 'સંખ્યાતા' એવો પાઠ કહેવો. અવધિજ્ઞાની' અને અવધિદર્શની ચ્યવે' એમ કહેવું, બાકી બધું પૂર્વવત્. અસંખ્યાતાયોજન વિસ્તારવાળા વિમાનવાસોમાં એ પ્રમાણે ત્રણ આલાપકો કહેવા, પરન્તુ - એટલો વિશેષ છે કે ત્યાં 'અસંખ્યાતા' એવો પાઠ કહેવો. અવધિજ્ઞાની અને અવધિદર્શની સંખ્યાતા ચ્યવે છે. બાકી બધું પૂર્વવત્ એ પ્રમાણે જેમ સૌધર્મ દેવલોકની વક્તવ્યતા કહી, તેમ ઈશાન દેવલોકને વિષે એ પ્રમાણે છ આલાપકો કહેવા. સનત્કુમારને વિષે પણ એમજ જાણવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરન્તુ એટલો વિશેષ છે કે અહિં સ્ત્રીવેદવાળા ઉત્પન્ન થતાં નથી, તેમ સત્તામાં પણ હોતા નથી. ત્રણે આલાપકોને વિષે અસંજ્ઞી ન કહેવા. બાકીનું બધું પૂર્વ પ્રમાણે જાણવું. એ પ્રમાણે યાવત્-સહસ્રાર દેવલોક સુધી જાણવું.પરન્તુ વિમાનો અને લેશ્યાઓમાં વિશેષ છે. હે ભગવન્ !આનત અને પ્રાણત દેવલોકને વિષે કેટલા શત વિમાનાવાસો કહેલા છે ? હે ગૌતમ ! ચારસો. હે ભગવન્ ! તે વિમાનાવાસો શું સંખ્યાતા યોજનવિસ્તારવાળા છે કે અસંખ્યાતાયોજન વિસ્તારવાળા વિમાનાવાસોને વિષે ત્રણ આલાપકો સહસ્ત્રાર દેવલોકની પેઠે કહેવા. અસંખ્યાત યોજનવિસ્તારવાળા વિમાનોને વિષે ઉત્પાદ અને ચ્યવન સંબન્ધે એ પ્રમાણે 'સંખ્યાત'જ કહેવાં,સત્તામાં અસંખ્યાતા કહેવા,પરન્તુ એટલો વિશેષ છે કે નોઈન્દ્રિય-મનના ઉપયોગવાળા,અન્તરોપપન્નક, અનન્તરાવગાઢ. અનંતરાહારક અને અનંતરપર્યાપ્તા-એ પાંચ પદને વિષે જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા ઉપજે, અને સત્તામાં અસંખ્યાતા હોય એમ કહેવું. જેમ આનત અને પ્રાણતને વિષે કહ્યું, તેમ આરણ અને અચ્યુતને વિષે પણ એ પ્રમાણે જાણવું. પરંતુ વિમાનોની સંખ્યામાં વિશેષતા છે. એ પ્રમાણે ગ્રૈવેયક સંબંધે પણ જાણવું.

હે ભગવન્ ! કેટલાં અનુત્તર વિમાનો કહ્યા છે ? હે ગૌતમ ! પાંચ હે ભગવન્ ! તે અનુત્તર વિમાનો સંખ્યાતા યોજનવિસ્તારવાળાં છે કે અસંખ્યાતા યોજનવિસ્તારવાળાં છે ? હે ગૌતમ ! બંને છે. હે ભગવન્ ! પાંચ અનુત્તર વિમાનોમાંના સંખ્યાતા યોજન વિસ્તારવાળા વિમાનને વિષે એક સમયે કેટલાં અનુત્તરોપપાતિક દેવો ઉત્પન્ન થાય, કેટલાં શુક્લલેશ્યાવાળા ઉત્પન્ન થાય, ઈત્યાદિ પ્રશ્ન કરવો. હે ગૌતમ ! પાંચ અનુત્ત રવિમાનોમાં સંખ્યાતા યોજન વિસ્તારવાળા સર્વાર્થસિદ્ધ અનુત્તર વિમાનને વિષે જઘન્યથી એક, બે કે ત્રણ, અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા અનુત્ત- રૌપપાતિક દેવો ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે જેમ સંખ્યાતા વિસ્તારવાળા ગ્રૈવેયક વિમાનો સંબન્ધે કહ્યું તે પ્રમાણે અહિં કહેવું, પરન્તુ એટલો વિશેષ કે કૃષ્ણપાક્ષિકો, અભવ્યો અને ત્રણ અજ્ઞાનને વિષે વર્તતા જીવો અહિં ઉપજતા નથી, ચ્યવતા નથી અને સત્તામાં પણ હોતા નથી અચરમનોઅનુત્તર દેવનો ભવ નથી, તેનો પણ પ્રતિષેધ કરવો, યાવત્-ત્યાં 'સંખ્યાતા ચરમ' કહેલો.છે. બાકી બધું પૂર્વ પેઠે જાણવું. અસંખ્યાતા યોજન વિસ્તારવાળાં અનુત્તર વિમાનોને વિષે પણ પૂર્વોક્ત (કૃષ્ણપાક્ષિકાદિક) ન કહેવાં, પણ ત્યાં અચરમ ઉપજે છે. બાકી જેમ ગ્રૈવેયકને વિષે કહ્યું તેમ અસંખ્યાતા યોજન વિસ્તારવાળાં અનુત્તર વિમાનોને વિષે યાવત્-'અસંખ્યાતા અચરમ કહ્યા છે'ત્યાં સુધી જાણવું. હે ભગવન્ ! ચોસઠલાખ અસુરકુમારના આવાસોમાં સંખ્યાતાયોજન વિસ્તારવાળા અસુરકુમારના આવાસોને વિષે શું સમ્યગ્દૃષ્ટિ અસુરકુમારો ઉત્પન્ન થાય, મિથ્યાદૃષ્ટિ અસુરકુમારો ઉત્પન્ન થાય ? એ પ્રમાણે જેમ રત્નપ્રભા સંબન્ધે ત્રણ આલાપકો કહ્યા તેમ અહી પણ કહેવા. એ પ્રમાણે અસંખ્યાતા યોજન વિસ્તારવાળા અસુરકુમારોના આવાસોને વિષે પણ સમ્યદૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ અને મિશ્રદૃષ્ટિ સંબન્ધે એ ત્રણ આલાપકો કહેવા. એ પ્રમાણે યાવત્ ગ્રૈવેયક વિમાનને વિષે અને અનુત્તર વિમાનને વિષે પણ જાણવું, પરન્તુ એટલો વિશેષ છે કે અનુત્તરવિમાનસંબન્ધેત્રણ આલાપકને વિષે મિથ્યાદૃષ્ટિ અને મિશ્રદૃષ્ટિ ન કહેવા. બાકી બધું પૂર્વ પેઠે જાણવું. હે ભગવન્ ! ખરેખર કૃષ્ણલેશ્યાવાળા, નીલલેશ્યાવાળા, યાવત્-શુક્લલેશ્યાવાળા થઈને કૃષ્ણલેશ્યાવાળા દેવોમાં ઉત્પન્ન થાય ? હા, ગૌતમ. જેમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નારકો સંબન્ધે પ્રથમ ઉદ્દેશકમાં કહ્યું છે તે પ્રમાણે જાણવું. નીલલેશ્યાવાળાને પણ એટલો વિશેષ છે કે લેશ્યાના સ્થાનકો વિશુદ્ધ થતાં થતાં શુક્લલેશ્યારુપે પરિણમે છે, શુક્લલેશ્યારુપે પરિણમન થયા પછી શુક્લલેશ્યાવાળા દેવોમાં તે ઉત્પન્ન થાય છે, તે કારણથી હે ગૌતમ ! યાવત્ 'હે ભગવન્ ! તે એમજ છે. હે ભગવન્ ! તે એમજ છે.'

**શતકઃ૧૩-ઉદ્દેસાઃ૨ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેશકઃ૩

[૫૬૮]હે ભગવન્ ! નારકો અનન્તરાહારી હોય ? અને ત્યાર પછી નિર્વર્તના ત્યાર પછી લોમાહારાદિદ્વારા પુદ્ગલો ગ્રહણ કરે, ત્યાર પછી ઈન્દ્રિયાદિરુપે પુદ્ગલોનો પરિણામ કરે, ત્યાર બાદ પરિચારણા-શબ્દાદિ વિષયોનો ઉપભોગ-કરે, અને ત્યાર પછી અનેક પ્રકારના રુપો વિકુર્વે ? (હા, ગૌતમ ! તે એમજ છે'

**શતકઃ૧૩ ઉદ્દેસોઃઃ૩ ની મુનિદીપરત્ન સાગરે ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેસો-૪

[૫૬૯]હે ભગવન્ ! કેટલી નરક પૃથિવીઓ કહી છે ? હે ગૌતમ ! સાત. રત્નપ્રભા યાવત્-અધઃસપ્તમ પૃથિવી. હે ભગવન્ ! અધઃસપ્તમ નરકપૃથિવીમાં પાંચ અનુત્તર અને અત્યન્ત મોટા નરકાવાસો યાવત્- 'અપ્રતિષ્ઠાન' સુધી કહેલા છે, તે નરકાવાસો છઠ્ઠી તમઃપ્રભાપૃથિવીના નરકાવાસોથી અત્યંન્ત મોટા, અતિવિસ્તારવાળા, ઘણા અવકાશ વાળા, ઘણાજન રહિત અને શૂન્ય છે, પરન્તુ તે મહાપ્રવેશવાળા નથી, તે નરકાવાસો ઘણાં વિશાલ છે, પરન્તુ તેઓ (છઠ્ઠી નરક પૃથિવીની અપેક્ષાએ) અકલ્પકર્મવાળા, અલ્પક્રિયાવાળા, અલ્પઆશ્રયવાળા અને અલ્પવેદનાવાળા નથી. તે નારકો અત્યન્ત અલ્પ ? ઋદ્ધિવાળા અને અત્યંન્ત અલ્પદ્યુતિવાળા છે, પરન્તુ તે મહા ઋદ્ધિવાળા અને મહાદ્યુતિવાળા નથી. છઠ્ઠી તમા નરકપૃથિવીમાં પાંચ ન્યૂન એક લાખ નરકાવાસો કહેલા છે. તે નરકાવાસો સાતમી નરકપૃથિવીના નરકાવાસો કરતાં તેવા અત્યંન્ત મોટા અને મહાવિસ્તારવાળા નથી, પરન્તુ તે મહાપ્રવેશવાળા અને નારકોવડે અત્યન્ત સંકીર્ણ છે. તે નરકાવાસોમાં નારકો સાતમી નરકપૃથિવીના નારકો કરતાં અલ્પકર્મવાળા અને અલ્પક્રિયાવાળા છે, પરન્તુ તેવા અત્યંન્ત મહાકર્મવાળા અને મહાક્રિયાવાળા નથી. તેઓ સપ્તમનરક-પૃથિવીના નારકોથી મહાઋદ્ધિવાળા અને મહાદ્યુતિવાળા છે. પરતું તેથી અલ્પ ઋદ્ધિવાળા અને અલ્પદ્યુતિવાળા નથી. છઠ્ઠી તમા નરકપૃથિવીના નરકાવાસો પાંચમી ધૂમપ્રભાનરકપૃથિવીના નરકાવસોથી અત્યન્ત મોટા છે. ઈત્યાદિ ચાર બોલ કહેવા. પરન્તુ તેની પેઠે તે મહાપ્રવેશવાળા નથી, તે નરકાવાસોમાં નારકીઓ પાંચમી ધૂમપ્રભા પૃથિવીના નારકો કરતાં મહાકર્મવાળા છે, પરન્તુ તેવા અલ્પકર્મવાળા નથી, આદિ. પાંચમી ધૂમપ્રભા નરકપૃથિવીના ત્રણ લાખ નરકાવાસો કહેલા છે-ઈત્યાદિ જેમ છઠ્ઠી તમાપૃથિવી સંબંધે કહ્યું, તેમ સાતે નરકપૃથિવીઓ સંબન્ધે પરસ્પર યાવત્-'રત્ન પ્રભા-સુધી કહેવું.

[૫૭૦]હે ભગવન્ ! રત્નપ્રભા પૃથિવીના નારકો કેવા પ્રકારના પૃથિવીના સ્પર્શને અનુભવતા વિહરે છે ? હે ગૌતમ ! અનિષ્ટ, યાવત્-મનને પ્રતિકૂળ ઈત્યાદિ યાવત્-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અધઃસપ્તમ પૃથિવીના નારકો સંબંધે જાણવું, એ રીતે (અનિષ્ટ અને પ્રતિકૂળ) પાણીના સ્પર્શને યાવત્-વનસ્પતિના સ્પર્શને(અનુભવતા વિહરે છે.)

[૫૭૧]ભગવન્!રત્નપ્રભાપૃથિવીબીજીશર્કરાપ્રભાપૃથિવીનીઅપેક્ષાએ જાડાઈ માં સર્વ કરતાં મોટી છે. અને ચારે દિશાએ લંબાઈ પહોળાઈમાં સર્વથી નાની છે ? હે ગૌતમ ! ઈત્યાદિ જીવાભિગમના નૈરયિક ઉદ્દેશક મુજબ જાણવું.

[૫૭૨]હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથિવીના નરકાવાસોની આસપાસ જે પૃથિવીકાયિક યાવત્-વનસ્પતિકાયિક જીવો છે તે મહાકર્મવાળા અને મહાવેદનાવાળા છે ? હા ગૌતમ ! ઈત્યાદિ-પૂર્વવત્.

[૫૭૩]હે ભગવન્ ! લોકના આયામ-લંબાઈનો મધ્ય ભાગ ક્યાં કહેલો છે ? હે ગૌતમ ! આ રત્નપ્રભા પૃથિવીના આકાશના ખંડનો અસંખ્યાતમો ભાગ ઉલ્લંઘન કર્યા પછી અહીં લોકના આયામનો મધ્યભાગ કહેલો છે. હે ભગવન્ ! ક્યાં અધોલોકના આયામ-લંબાઈનો મધ્યભાગ કહ્યોછે ? હે ગૌતમ ! ચોથી પંકપ્રભા પૃથિવીના આકાશના ખંડનો કંઈક અધિક અરધો ભાગ ઉલ્લંઘન કર્યા પછી અહિં અધોલોકના આયામનો મધ્ય ભાગ કહેલો છે. હે ભગવાન્ ! ક્યાં ઉર્ધ્વલોકની લંબાઈનો મધ્યભાગ કહેલો છે? હે ગૌતમ ! સનત્કુમાર અને માહેન્દ્ર દેવલોકના ઉપર અને બ્રહ્મદેવલોકની નીચે રિષ્ટ નામે ત્રીજા પ્રતરને વિષે અહિં ઉર્ધ્વલોકના આયામનો મધ્ય ભાગ કહેલો છે.હે ભગવન્! તિર્યગ્ લોકના આયામનો મધ્યભાગ ક્યાં કહેલો છે ? હે ગૌતમ ! જંબૂદ્વીપમાં મેરુપર્વતમાં બરોબર મધ્યભાગને વિષે આ રત્નપ્રભા પૃથિવીના ઉપર અને નીચેના ક્ષુદ્રએવા બે પ્રતરો છે, તેને વિષે તિર્યગલોકના મધ્યભાગરુપ આઠ પ્રદેશનો રુચક કહેલો છે, જ્યાંથી આ દશ દિશાઓ નીકળે છે, તે આ પ્રમાણે પૂર્વદિશા, પૂર્વદક્ષિણા, ઈત્યાદિ જેમ દશમ શતકનાં કહ્યુ છે તે પ્રમાણે જાણવું.

જૈનમ્ જયતિ શાસનમ્

[૫૭૪]હે ભગવન્ ! એન્દ્રી(પૂર્વ) દિશાની આદિમાં શું છે ? તે ક્યાંથી નીકળે છે ? તેની આદિમાં કેટલાં પ્રદેશો છે ? કેટલા પ્રદેશની ઉત્તરોત્તર વૃદ્ધિ થાય છે ? તે કેટલા પ્રદેશની છે ? તેનો અન્ત ક્યાં છે અને તે કેવા આકારે કહેલી છે ? હે ગૌતમ ! એન્દ્રી દિશામાં રુચક છે, તે રુચક થકી નીકળે છે, તેની આદિમાં બે પ્રદેશો છે, બે પ્રદેશની ઉત્તરોઉત્તર વૃદ્ધિ થાય છે, લોકને આશ્રયી તે અસંખ્યાતપ્રદેશવાળી છે, અલોકને આશ્રયી અનન્તપ્રદેશાત્મક છે, લોકને આશ્રયી આદિ અને અન્તસહિત છે, અને અલોકને આશ્રયી સાદિ અને અનન્ત છે,. લોકને આશ્રયી-મૃદંગને આકારે છે, અને અલોકને આશ્રયી ગાડાની ઉધને આકારે કહેલી છે. હે ભગવન્ ! આગ્નેયી દિશાની આદિમાં શું છે ? ઈત્યાદિ પ્રશ્નો હે ગૌતમ ! આગ્નેયી દિશાની આદિમાં રુચક છે, તે રુચક થકી નીકળે છે, તેની આદિમાં એક પ્રદેશ છે, તે એક પ્રદેશના વિસ્તારવાળી છે, તે ઉત્તરોઉત્તર વૃદ્ધિરહિત છે, અને લોકને આશ્રયી અસંખ્યપ્રદેશાત્મક છે, અલોકને આશ્રયી અનન્ત પ્રદેશાત્મક છે, લોકને આશ્રયી આદિ અને અન્ત સહિત છે અને અલોકને આશ્રયી સાદિ અને અનન્ત છે. અને તે તૂટી ગએલી મોતીના માલામાં આકારે કહેલી છે. યામ્યા (દક્ષિણ) દિશા(પૂર્વ) દિશાની પેઠે જાણવી. નૈ ઋતી આગ્નેયી દિશાની પેઠે જાણવી-ઈત્યાદિ જેમ એન્દ્રી દિશા કહી, તેમ ચારે દિશાએ અને આગ્નેયી દિશા કહી તેમ ચારે વિદિશાઓ જાણવી. હે ભગવન્ ! વિમલા(ઉર્ધ્વ) દિશામાં આદિમાં શું છે ? ઈત્યાદિ હે

ગૌતમ ! વિમલા દિશાની આદિમાં રુચક છે, તે રુચક થકી નીકળે છે, તેની આદિમાં ચાર પ્રદેશ છે, તે બે પ્રદેશના વિસ્તારવાળી છે, ઉત્તરોત્તર વૃદ્ધિ રહિત તે દિશા લોકને આશ્રયી અસંખ્યાતપ્રદેશાત્મક છે. બાકી બધું આગ્નેયી દિશાને વિષે કહ્યું છે તેમ જાણવું. પરન્તુ એટલો વિશેષછેકેતેરુચકનેઆકારેકહેલીછે.એપ્રમાણેતમા(અધો)દિશા પણ જાણવી.

[૫૭૫]હે ભગવન્ ! આ લોક કેવા કહેવાય છે ? હે ગૌતમ ! આ લોક પંચાસ્તિકાયરુપ કહેવાય છે.ધર્માસ્તિકાય,અધર્માસ્તિકાય, યાવત્ પુદ્ગલાસ્તિકાય. ધર્માસ્તિકાય વડે જીવોની શી પ્રવૃત્તિ થાય. હે ગૌતમ ! ધર્માસ્તિકાય વડે જીવોનું આગમન, ગમન,ભાષા,ઉન્મેષ મનોયોગ,વચનયોગઅનેકાયયોગપ્રવર્તે છે, તે સિવાય બીજા તેવા પ્રકારના ગમનશીલ ભાવો છે, તે સર્વ ધર્માસ્તિકાયથી પ્રવર્તે છે, અધર્માસ્તિકાય વડે જીવ ની શી પ્રવૃત્તિ થાય ? હે ગૌતમ ! અધર્માસ્તિકાય વડે જીવોનું ઉભા રહેવું, બેસવું, સુવું અને મનને સ્થિર કરવું-વગેરે પ્રવર્તે છે, તે સિવાય બીજા સ્થિર ભાવો છે તે સર્વે અધર્માસ્તિકાય થકી પ્રવર્તે છે, હે ભગવન્ ! આકાશાસ્તિકાયવડે જીવોની અને અજીવોની શી પ્રવૃત્તિ થાય ? હે ગૌતમ!આકાશાસ્તિકાય જીવ અને અજીવ દ્રવ્યોનો આશ્રયરુપ છે.

[૫૭૬]"એક(પરમાણું-)થી કે બે(પરમાણું) થી પૂર્ણ એક આકાશપ્રદેશની અંદર સો પરમાણુંઓ પણ સમાય,અને સો ક્રોડ(પરમાણુઓ) વડે પૂર્ણ એક આકાશ પ્રદેશમાં હજાર ક્રોડ(પરમાણું) પણ સમાય," કેમકે અવગાહનાલક્ષણ આકાશાસ્તિ કાય છે.

[૫૭૭]હે ભગવન્ ! જીવાસ્તિકાયવડે જીવોનું શું પ્રવર્તે ? હે ગૌતમ ! અનન્ત આભિનિબોધિકના પર્યાયો, અને અનન્ત શ્રુતજ્ઞાનના પર્યાયોના-ઈત્યાદિ જેમ બીજા શતકના અસ્તિકાય ઉદ્દેશકમાં કહ્યું છે તેમ અહિં કહેવું, યાવત્-તે ઉપયોગને પ્રાપ્ત થાય છે, કેમકે ઉપયોગલક્ષણ જીવ છે.હે ભગવન્ ! પુદ્ગલાસ્તિકાય વડે શું પ્રવર્તે?હે ગૌતમ ! પુદ્ગલાસ્તિકાયવડે જીવોને ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, કાર્મણ, શ્રોત્રેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, રસનેન્દ્રિય, સ્પર્શેન્દ્રિય,મનોયોગ, વચનયોગ, કાયયોગ અને શ્વાસોચ્છવાસનું ગ્રહણ પ્રવર્તે છે, કેમકે ગ્રહણલક્ષણ પુદ્ગલાસ્તિકાય છે.

હે ભગવન્ ! ધર્માસ્તિકાયનો એક પ્રદેશ કેટલા ધર્માસ્તિકાયના પ્રદેશોવડે સ્પર્શાયેલો હોય ? હે ગૌતમ ! જઘન્યપદે ત્રણ પ્રદેશોવડે, અને ઉત્કૃષ્ટપદે છ પ્રદેશોવડે. કેટલા અધર્માસ્તિકાયના પ્રદેશોવડે સ્પર્શાયેલા હોય ? હે ગૌતમ ! જઘન્યપદે ચાર અને ઉત્કૃષ્ટ પદે સાત પ્રદેશોવડે. કેટલા આકાશાસ્તિકાયના પ્રદેશોવડે સ્પર્શાયેલો હોય ? હે ગૌતમ ! આકાશા- સ્તિકાયના સાતપ્રદેશોવડે. કેટલા જીવાસ્તિકાયના પ્રદેશોવડે સ્પર્શાયલો હોય ? હે ગૌતમ ! જીવાસ્તિકાયના અનન્તપ્રદેશોવડે. કેટલા પુદ્ગલાસ્તિકાયના પ્રદેશોવડે સ્પર્શાયેલો હોય ? હે ગૌતમ ! પુદ્ગલાસ્તિકાયના અનન્તપ્રદેશોવડે. કેટલા અદ્ધાસમયોવડે સ્પર્શાયલો હોય ? કદાચિત્ કાલના સમયોવડે સ્પર્શાયલો હોય અને કદાચિત્ સ્પર્શાયલો ન હોય. જો સ્પર્શ કરાયેલો હોય તો અવશ્ય અનન્તસમયોવડે. હે ભગવન્ ! અધર્માસ્તિકાયનો એક પ્રદેશ કેટલા ધર્માસ્તિકાયના પ્રદેશોવડે સ્પર્શાયલો હોય ? હે ગૌતમ ! જઘન્યપદે, ચાર, અને ઉત્કૃષ્ટપદે સાત. કેટલા અધર્માસ્તિકાયના પ્રદેશોવડે સ્પર્શ કરાયેલો હોય ? હે ગૌતમ ! જઘન્યપદે ત્રણ અને ઉત્કૃષ્ટપદે છ.બાકી ધર્માસ્તિ- કાયના પ્રદેશની પેઠે કહેવું. હે ભગવન્ ! આકાશાસ્તિકાયનો એક પ્રદેશ કેટલા ધર્માસ્તિકાયના પ્રદેશોવડે સ્પર્શ કરાયેલો હોય ? હે ગૌતમ કદાચિત્ સ્પર્શ કરાયેલો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય અને કદાચિત્સ્પર્શ કરાયેલો ન હોય.. જો સ્પર્શ કરાયેલો હોય તો જઘન્યપદે એક, બે, ત્રણ કે ચાર વડે અને ઉત્કૃષ્ટપદે સાત પ્રદેશોવડે સ્પર્શ કરાયેલો હોય એ પ્રમાણે અધર્માસ્તિકાયનાપ્રદેશોની સાથે પણસ્પર્શ જાણવો. કેટલા આકાશાસ્તિકાયના પ્રદેશો વડે સ્પર્શ કરાયેલ હોય?હે ગૌતમ!છ પ્રદેશોવડે. કેટલા જીવાસ્તિકાયના પ્રદેશો વડે સ્પર્શ કરાયેલ હોય ?. કદાચિત સ્પર્શ કરાયેલો હોય અને કદાચિત સ્પર્શ ન કરાયેલો પણ હોય.જોસ્પર્શકરાયેવો હોયતો અવશ્ય અનન્ત પ્રદેશોવડે સ્પર્શ કરાયેલો હોયએ પ્રમાણે પુદ્‌ગલાસ્તિકાયનાપ્રદેશોવડેઅનેઅદ્ધા-કાલનાસમયોવડેપણસ્પર્શના જાણવી.

[૫૭૯]હે ભગવન્ ! જીવાસ્તિકાયનો એક પ્રદેશ કેટલા ધર્માસ્તિકાયના પ્રદેશો વડે સ્પર્શ કરાયેલો હોય જઘન્યપદે ચાર અને ઉત્કૃષ્ટપદે સાત પ્રદેશોવડે.એ પ્રમાણે અધર્માસ્તિકાયના પ્રદેશોવડે પણ સ્પર્શ કરાયેલ હોય. કેટલા આકાશાસ્તિકાયના પ્રદેશોવડે સ્પર્શ કરાયેલ હોય ? સાત પ્રદેશોવડે સ્પર્શ કરાયેલ હોય. કેટલા જીવાસ્તિકાયના પ્રદેશોવડે સ્પર્શ કરાયેલ હોય ? બાકી બધું ધર્માસ્તિકાયના પેઠે જાણવું. હે ભગવન્ ! પુદ્‌ગલાસ્તિકાયનો એક પ્રદેશ કેટલા ધર્માસ્તિ- કાયના પ્રદેશોવડે સ્પર્શ કરાયેલ હોય ? જેમ જીવાસ્તિકાયના એક પ્રદેશ સંબન્ધે કહ્યું તેમ અહિં જાણવું. હે ભગવન્ ! પુદ્‌ગલાસ્તિકાયના બે પ્રદેશો કેટલા ધર્માસ્તિકાયના પ્રદેશોવડે સ્પર્શ કરાયેલા હોય. હે ગૌતમ જઘન્યપદે છ પ્રદેશોવડે, અને ઉત્કૃષ્ટપદે બાર પ્રદેશોવડે.એ પ્રમાણે અધર્માસ્તિકાયના પ્રદેશોવડે પણ સ્પર્શના જાણવી. કેટલા આકાશાસ્તિકાયના પ્રદેશો વડે સ્પર્શ કરાયેલ હોય. બાર પ્રદેશોવડે. બાકી બધું ધર્માસ્તિકાયની પેઠે જાણવું. હે ભગવન્ ! ત્રણ પુદ્‌ગલાસ્તિકાયના પ્રદેશો કેટલા ધર્માસ્તિકાયા પ્રદેશોવડે સ્પર્શ કરાયેલ હોય ? જઘન્યપદે આઠ, અને ઉત્કૃષ્ટ સત્તર પ્રદેશોવડે.એ પ્રમાણે અધર્માસ્તિકાયના પ્રદેશોવડે પણ સ્પર્શ કરાયેલા હોય. કેટલા આકાશાસ્તિકાયના પ્રદેશોવડે સ્પર્શ કરાયેલા હોય ? સત્તર પ્રદેશોવડે. બાકી બધું ધર્માસ્તિકાયની પેઠે જાણવું. એ પ્રમાણ આ પાઠ વડે યાવત્-દશ પ્રદેશો સુધી કહેવું. પરન્તુ વિશેષએ છે કે જઘન્યપદે બેનો અને ઉત્કૃષ્ટપદે પાંચનો પ્રક્ષેપ કરવો. ચાર પુદ્‌ગલાસ્તિકાયના પ્રદેશો જઘન્યપદે દશ અને ઉત્કૃષ્ટપદે બાવીશ પ્રદેશો વડે સ્પર્શ કરાયેલા હોય. પુદ્‌ગલાસ્તિકાયના પાંચ પ્રદેશો જઘન્યપદે બાર અને ઉત્કૃષ્ટ પદે બાવીશ પ્રદેશોવડે સ્પર્શ કરાયેલા હોય. પુદ્‌ગલાકાસ્તિકાયના છ પ્રદેશો જઘન્યપદે ચૌદ અને ઉત્કૃષ્ટપદે બત્રીશ પ્રદેશોવડે. સાત પ્રદેશો જઘન્યપદે સોળ અને ઉત્કૃષ્ટપદે સાડત્રીસ, પ્રદેશોવડે, આઠ પ્રદેશો જઘન્યપદે અઢાર અને ઉત્કૃષ્ટપદે બેંતાલીશ પ્રદેશો વડે, નવ પ્રદેશો જઘન્યપદે વીશ અને ઉત્કૃષ્ટપદે સુડતાલીશ પ્રદેશોવડે. દશ પ્રદેશો જઘન્યપદે બાવીશ અને ઉત્કૃષ્ટપદે બાવન પ્રદેશો વડે સ્પર્શાયેલા હોય. આકાશાસ્તિકાયનું સર્વત્ર ઉત્કૃષ્ટ કહેવું.

હે ભગવન્ ! સંખ્યાતા પુદ્‌ગલિકાસ્તિકાયના પ્રદેશો કેટલા ધર્માસ્તિકાયના પ્રદેશોવડે સ્પર્શાયેલા હોય ? જઘન્યપદે તેજ સંખ્યાતા પ્રદેશને બમણાં કરી બે રુપ અધિકકરીએ,અનેઉત્કૃષ્ટપદેતેજસંખ્યાતાપ્રદેશનેપાંચ ગુણા કરીબેરુપઅધિક કરીએ. તેટલા. કેટલાંઅધર્માસ્તિકાયના પ્રદેશોવડે સ્પર્શાય ? એ પ્રમાણે જ જાણવું. કેટલા આકાશાસ્તિકાયના પ્રદેશોવડે સ્પર્શાયેલા હોય ? તેજ સંખ્યાતાને પાંચ ગુણા કરી બે રુપ અધિક કરીએ (તેટલા) કેટલા પુદ્‌ગલિકાસ્તિકાયના પ્રદેશોવડે સ્પર્શ કરાયેલ હોય ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનન્તપ્રદેશોવડે. કેટલા અદ્ધાસમયોવડે સ્પર્શ કરાયેલ હોય ? કદાચ સ્પર્શ કરાયેલ હોય, અને કદાચ સ્પર્શ ન કરાયેલ હોય, યાવત્-અનન્ત સમયોવડે સ્પર્શ કરાયેલ હોય. હે ભગવન્ ! પુદ્ગલિકાસ્તિકાયના અસંખ્યાતા પ્રદેશો કેટલા ધર્માસ્તિકાયના પ્રદેશો વડે સ્પર્શ કરાય ? જઘન્યપદે તેજ અસંખ્યાતાને બમણા કરીએ અને બે રુપ અધિક કરીએ તેટલાઅને ઉત્કૃષ્ટપદે તેજ અસંખ્યાતાને પાંચ ગુણા કરીએ, અને બે અધિક કરીએ એટલા પ્રદેશોવડે સ્પર્શ કરાય. બાકી બધું જે જેમ સંખ્યાતા સંબન્ધે કહ્યું તેમ અહિં જાણવું. હે ભગવન્ ! પુદ્ગલિકાસ્તિકાયના અનન્ત પ્રદેશો કેટલા ધર્માસ્તિકાયના પ્રદેશોવડે સ્પર્શ કરાય ? એ પ્રમાણે જેમ અસંખ્યાતા પ્રદેશ સંબન્ધે કહ્યું તેમ અનન્તા પ્રદેશ માટે જાણવું.

હે ભગવન્ ! અદ્ધા-કાલનો એક સમય કેટલા ધર્માસ્તિકાયના પ્રદેશોવડે સ્પર્શ કરાયેલ હોય ? સાત પ્રદેશોવડે. કેટલા અધર્માસ્તિકાયના પ્રદેશોવડે ? કેટલા આકાશા સ્તિકાયના પ્રદેશોવડે ? કેટલા જીવાસ્તિકાયના પ્રદેશોવડે સ્પર્શ કરાયેલ હોય ? અનન્તા પ્રદેશોવડે સ્પર્શ કરાયેલ હોય. કેટલા પુદ્ગલિકાસ્તિકાયના પ્રદેશોવડે સ્પર્શ કરાયેલ હોય ? અનન્ત પ્રદેશોવડે. કેટલા અદ્ધાસમયોવડે સ્પર્શ કરાયેલ હોય ? કદાચ સ્પર્શ કરાયેલ હોય અને કદાચ સ્પર્શ કરાયેલ ન હોય. જો સ્પર્શ કરાયેલ હોય તો અવશ્ય અનંત સમયોવડે સ્પર્શ કરાયેલ હોય. હે ભગવન્ ! અધર્માસ્તિકાય કેટલા ધર્માસ્તિ કાયના પ્રદેશોવડે સ્પર્શ કરાયેલ હોય ? અસંખ્યાતા પ્રદેશોવડે.કેટલા અધર્માસ્તિકાય ના પ્રદેશોવડે સ્પર્શ કરાયેલ હોય ? એક પણ પ્રદેશવડે સ્પર્શ કરાયેલ ન હોય. બાકી બધું ધર્માસ્તિકાયની પેઠે જાણવું. એ પ્રમાણે એ પાઠ વડે સર્વે પણ સ્વસ્થાનકે એક પણ પ્રદેશવડે સ્પર્શ કરાયેલ નથી, પરસ્થાનકે-આદિના ત્રણ સ્થાનકે-ધર્માસ્તિકાય, અધર્મા સ્તિકાય, અને આકાશાસ્તિકાય એ ત્રણ સ્થળે અસંખ્યાતા પ્રદેશો વડે સ્પર્શ કરાયેલ હોય એમ કહેવું. અને પછીના ત્રણ સ્થળે 'અનંત પ્રદેશોવડે સ્પર્શ કરાયેલ હોય' એમ યાવત્ અદ્ધા સમય સુધી કહેવું. યાવત્ કેટલા અદ્ધા સમયોવડે સ્પર્શ કરાયેલ હોય ? એક પણ સમયવડે સ્પર્શ કરાયેલ ન હોય.

[૫૮૦]હે ભગવન્ ! જ્યાં ધર્માસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ-રહેલો હોય બીજા કેટલા ધર્માસ્તિકાયના પ્રદેશો અવગાઢ હોય છે ? એક પણ પ્રદેશ અવગાઢ નથી. કેટલા અધર્માસ્તિકાયના પ્રદેશો અવગાઢ-રહેલા હોય હોય ? એક અધર્માસ્તિ- કાયનો પ્રદેશ. કેટલા આકાશસ્તિકાયના પ્રદેશ અવગાઢ હોય ? એક પ્રદેશ. કેટલા જીવાસ્તિકા યના પ્રદેશો અવગાઢ હોય ? અનન્ત પ્રદેશો.કેટલા પુદ્ગલાસ્તિકાયના પ્રદેશો અવગાઢ હોય ? અનન્તા પ્રદેશો. કેટલા અદ્ધાસમયો અવગાઢ હોય ? અદ્ધાસમયો કદાચ અવ ગાઢ હોય અને કદાચ અવગાઢ ન હોય, જો અવગાઢ હોય તો અનન્ત અદ્ધાસમયો અવ ગાઢ હોય. હે ભગવન્ ! જ્યાં અધર્માસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ હોય ત્યાં કેટલા ધર્માસ્તિકાયના પ્રદેશો અવગાઢ હોય ? એક પ્રદેશ અવગાઢ હોય. કેટલા અધર્માસ્તિ કાયના પ્રદેશો અવગાઢ હોય ? એક પણ નથી. બાકી બધું ધર્માસ્તિકાયની પેઠે જાણવું. હે ભગવન્ ! જ્યાં આકાશાસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ હોય ત્યાં કેટલા ધર્માસ્તિ કાયના પ્રદેશો અવગાઢ હોય ? કદાચ અવગાઢ હોય, અને કદાચ ન હોય. જો અવગાઢ હોય તો એક પ્રદેશ અવગાઢ હોય. એ પ્રમાણે અધર્માસ્તિકાયના પ્રદેશો પણ જાણવા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કેટલાઆકાશાસ્તિકાયનાપ્રદેશોઅવગાઢહોય?એકપણનહોય.કેટલાજીવાસ્તિકાયના પ્રદેશો અવગાઢ હોય ? કદાચ અવગાઢ હોય અને કદાચ ન અવગાઢ હોય. જો અવગાઢ હોય તો અનન્ત પ્રદેશો અવગાઢ હોય.એ પ્રમાણે યાવત્-અદ્ધાસમય સુધી જાણવું. હે ભગવન્ જ્યાં જીવાસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ હોય ત્યાં કેટલા ધર્માસ્તિકાયના પ્રદેશો અવગાઢ હોય ? ત્યાં એક પ્રદેશ અવગાઢ હોય. એ પ્રમાણે અધર્માસ્તિકાયના પ્રદેશો પણ જાણવા. આકાશાસ્તિકાયના પ્રદેશો પણ એ રીતે જાણવા. જીવાસ્તિકાયના કેટલા પ્રદેશો અવગાઢ હોય ? અનન્તા પ્રદેશો અવગાઢ હોય. બાકી બધું ધર્માસ્તિ-કાયની પેઠે જાણવું. હે ભગવન્ ! જ્યાં પુદ્ગલાસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ હોય ત્યાં ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશો અવગાઢ હોય ? એ પ્રમાણે જેમ જીવાસ્તિકાયના પ્રદેશ સંબન્ધે કહ્યું તેમ બધું કહેવું. હે ભગવન્ ! જ્યાં પુદ્ગલાસ્તિકાયના બે પ્રદેશો અવગાઢ હોય ત્યાં ધર્માસ્તિકાયના કેટલા પ્રવેશ અવગાઢ હોય ? કદાચ એક પ્રદેશ અવગાઢ હોય, અને કદાચ બે પ્રદેશો અવગાઢ હોય. એ પ્રમાણે અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય સંબંધે પણ જાણવું. બાકી બધું જેમ ધર્માસ્તિકાયના પ્રદેશની વક્તવ્યતામાં કહ્યું છે તેમ પુદ્ગલાસ્તિકાયના બે પ્રદેશની વક્તવ્યતાને વિષે પણ કહેવું. હે ભગવન્ ! જ્યાં પુદ્ગલા સ્તિકાયના ત્રણ પ્રદેશ અવગાઢ છે ત્યાં કેટલા ધર્માસ્તિકાયના પ્રદેશો અવગાઢ હોય ? કદાચ એક, કદાચ બે અને કદાચ ત્રણ પ્રદેશો અવગાઢ હોય. એ પ્રમાણે અધર્માસ્તિ કાયિ અનેઆકાશાસ્તિકાયના સંબન્ધે કહેવું. બાકી જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિ- કાય અને અદ્ધાસમયને આશ્રયી જેમ બે પુદ્ગલપ્રદેશસંબન્ધે કહ્યું તેમ ત્રણ પુદ્ગલપ્રદેશ સંબન્ધે પણ કહેવું.એ પ્રમાણે આદિના ત્રણ અસ્તિકાયને વિષે એક એક પ્રદેશ વધા રવો, બાકીનાને વિષે જેમ બે પુદ્ગલાસ્તિકાયના પ્રદેશસંબન્ધે કહ્યું તે યાવત્-દશ પ્રદેશ સંબન્ધે પણ કહેવું. એટલે જ્યાં પુદ્ગલાસ્તિકાયના દશ પ્રદેશો અવગાઢ હોય ત્યાં ધર્માસ્તિકાયનો કદાચિત્ એક પ્રદેશ,યાવત્-કદાચિત્ દશ પ્રદેશો અવગાઢ હોય. જ્યાં સંખ્યાતા પુદ્ગલાસ્તિકાયના પ્રદેશો અવગાઢ હોય ત્યાં ધર્માસ્તિકાયનો કદાચિત્ એક પ્રદેશ, કદાચિત્ બે પ્રદેશ, યાવત્-કદાચિત્ દશ પ્રદેશો, યાવત્-સંખ્યાતા પ્રદેશો અવ ગાઢ હોય. અસંખ્યાતા પુદ્ગલાસ્તિકાયના પ્રદેશો જ્યાં અવગાઢ-રહેલા હોય ત્યાં ધર્માસ્તિકાયનો એક પ્રદેશ, યાવત્-કદાચિત્ સંખ્યાતા પ્રદેશો, અને કદાચિત્ અસંખ્યા તા પ્રદેશો અવગાઢ હોય. જેમ અસંખ્યાતા પુદ્ગલાસ્તિકાયના પ્રદેશો માટે કહ્યું તેમ અનન્ત પ્રદેશો માટે પણ જાણવું.

હે ભગવન્ ! જ્યાં એક અદ્ધાસમય અવગાઢ હોય ત્યાં કેટલા ધર્માસ્તિકાયના પ્રદેશો રહેલા હોય ? એક પ્રદેશ. કેટલા અધર્માસ્તિકાયના પ્રદેશો રહેલા હોય ? એક પ્રદેશ. કેટલા આકાશાસ્તિકાયના પ્રદેશો રહેલા હોય ? એક પ્રદેશ રહેલો હોય. કેટલા જીવાસ્તિકાયના પ્રદેશો રહેલા હોય ? અનન્ત પ્રદેશો રહેલા હોય. એ પ્રમાણે યાવત્ અદ્ધાસમય સુધી જાણવું. હે ભગવન્ ! જ્યાં એક ધર્માસ્તિકાય અવગાઢ હોય ત્યાં કેટલા ધર્માસ્તિકાયના પ્રદેશો રહેલા હોય ? ત્યાં ધર્માસ્તિકાયનો એક પણ પ્રદેશ રહેલો ન હોય. કેટલા અધર્માસ્તિકાયના પ્રદેશો રહેલા હોય ? અસંખ્યાતા. કેટલા આકાશાસ્તિ કાયના પ્રદેશો રહેલા હોય ? અસંખ્યાતા. કેટલા જીવાસ્તિકાયના પ્રદેશો હોય ? અનન્તા હોય. એ પ્રમાણે યાવત્ અદ્ધાસમય સુધી જાણવું. હે ભગવન્ ! જ્યાં એક અધર્માસ્તિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાય અવગાઢ હોય ત્યાં કેટલા ધર્માસ્તિકાયના પ્રદેશો રહેલા હોય ? અસંખ્યાતા. કેટલા અધર્માસ્તિકાયના પ્રદેશો રહેલા હોય ? એક પણ પ્રદેશ ન હોય. બાકી ધર્માસ્તિકાયની પેઠે જાણવું. સર્વ ધર્માસ્તિકાયાદિ દ્રવ્યને 'સ્વસ્થાનકે એક પણ પ્રદેશ નથી' એ પ્રમાણે કહેવું અને પરસ્થાન કે આદિના ત્રણ દ્રવ્યને અસંખ્યાતા' કહેવા, અને પાછળત્રણદ્રવ્યને 'અનન્તા' યાવત્ અદ્ધાસમય સુધી કહેવા યાવત્ કેટલા અદ્ધાસમય અવગાઢ હોય ? એક પણ નથી.

હે ભગવન્ ! જ્યાં એક પૃથિવીકાયિકજીવ અવગાઢ હોય ત્યાં બીજા કેટલા પૃથિવીકાયિકજીવો રહેલા હોય ? અસંખ્યાતા કેટલા અપ્કાયિકજીવો અવગાઢ હોય ? અસંખ્યાતા. કેટલા તેઉકાયિક જીવો રહેલા હોય ? અસંખ્યાતા. કેટલા વાયુકાયિકાજીવો રહેલા હોય ? અસંખ્યાતા. કેટલા વનસ્પતિકાયિકો રહેલા હોય ? અનન્તા. હે ભગવન્ ! જ્યાં એક અપ્કાયિક રહેલો હોય ત્યાં કેટલા પૃથિવીકાયિકજીવો રહેલા હોય ? અસંખ્યાતા.કેટલા અપ્કાયિકો રહેલા હોય ? અસંખ્યાતા પૃથિવીકાયિકની જેમ સર્વની સઘળી વક્તવ્યતા યાવત્- વનસ્પતિકાય સુધી કહેવી.

[૫૮૧]હે ભગવન્ ! આ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય,આકાશાસ્તિ- કાયને વિશે કોઈપુરુષ બેસવાને, ઉભોરહેવાને, નીચેબેસવાને અને આળોટવાને શક્તિમાન્ હોય ? હે ગૌતમ ! આ અર્થ યથાર્થ નથી, પરન્તુ તે સ્થાને તો અનન્તા જીવો અવગાઢ- છે. હે ભગવન્ ! શા હેતુથી એમ કહો છો ? હે ગૌતમ ! જેમ કોઈ કૂટાગારશાળા હોય, તેને અંદર ને બહાર લીપી હોય ચારે તરફથી ઢાંકેલી હોય, અને તેનાં બારણાં પણ બન્ધ કર્યા હોય-ઈત્યાદિ રાજપ્રશ્નીયસૂત્રમાં કહ્યા પ્રમાણે જાણવું. યાવત્ તે કૂટાગાર શાળાના દ્વારના કમાડને બંધ કરી, તેની મધ્યભાગમાં જઘન્યથી એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટથી એક હજાર દીવાઓ સળગાવે. ખરેખર તે દીવાઓનું તેજ પરસ્પર મળીને પરસ્પર સ્પર્શ કરીને, યાવત્ એક બીજા સાથે એકરુપે થઈને રહે ? હા, ભગવન્ ! રહે, હે ગૌતમ ! કોઈ પણ પુરુષને તે દિવાઓ તેજમાં બેસવાને યાવત્- શક્તિમાન થાય ? હે ભગવન્ ! એ અર્થ યોગ્ય નથી, પણ અનન્તા જીવો ત્યાં અવગાઢ-રહેલા હોય છે, તે માટે હે ગૌતમ ! એમ કહેવાય છે કે યાવત્-'અનન્તા જીવો ત્યાં અવગાઢ હોય છે'

[૫૮૨]હે ભગવન્ ! લોકનો બરાબર સમ- ભાગ ક્યાં કહેલો છે ? સર્વથી સંક્ષિપ્ત ભાગ ક્યાં કહેલો છે ? હે ગૌતમ. આ રત્નપ્રભાપૃથિવીના ઉપર અને નીચેના ક્ષુદ્ર પ્રતરને વિશે હે ભગવન્ ! ક્યાં વિગ્રહવિગ્રહિક- ભાગ છે ? હે ગૌતમ ! જ્યાં વિગ્રહકંડક-છે ત્યાં લોકરુપશરીર વક્રતાયુક્ત છે.

[૫૮૩] ભગવન્ ! લોકનું સંસ્થાન કેવા પ્રકારે કહ્યું છે ? હે ગૌતમ ! સુપ્રતિષ્ઠક- આકારે જેમ સાતમાં શતકના પ્રથમ ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે યાવત્-'સંસારનો અન્ત કરે છે'-ત્યાં સુધી. હે ભગવન્ ! આ અધોલોક, તિર્યગલોક, અને ઉર્ધ્વલોમાં ક્યો લોક કોનાથી યાવત્-વિશેષાધિક છે ? સર્વથી થોડો તિર્યગ્લોક છે, તેથી અસંખ્યાતગુણ ઉર્ધ્વલોક છે અને તેથી વિશેષાધિક અધોલોક છે.'હે ભગવન્ ! તે એમજ છે,

**શતક:૧૩-ઉદ્દેસો::૪ ની મુનિ દીપરત્ન સાગરે ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેસો-૫

[૫૮૪]હે ભગવન્ ! નૈરયિકો શું સચિત્તાહારી છે, અચિત્તાહારી છે કે મિશ્રાહારી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે? હે ગૌતમ ! તેઓ સચિત્ત કે નહીં, પરન્તુ અચિતાહારી છે. અસુરકુમારો એ પ્રમાણે જાણવા. અહીં;પ્રજ્ઞાપના'નાવદ-૨૮ઉદ્દેસો-૧કહેવોપ્રથમ નૈયરિક ઉદ્દેશકસમગ્રકહેવો.

**શતક : ૫ ઉદ્દેસાઃ:૫ની મુનિ દીપરત્નસાગરે કરેલ,ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેસો-૬

[૫૮૫]રાજગૃહનગરમાં (ભગવાન્ ગૌતમ) યાવત્-આ પ્રમાણે બોલ્યા કે- હે ભગવન્ ! નારકી સાંતર- ઉપજે, કે નિરન્તર હે ગૌતમ! અસુરકુમારો પણ એ પ્રમાણે જેમ ગાંગેય ઉદ્દેશકમાં કહ્યું છે તેમ ઉત્પાદ અને ઉદ્દવર્તના સંબંધે બે દંડકો યાવત્-વૈમાનિકો બંને રીતે. ચ્યવે છે ત્યાં સુધી કહેવા.

[૫૮૬]હે ભગવન્ ! અસુરકુમારના ઈન્દ્ર અને રાજા ચમરનો ચરમચંચા નામે આવાસ ક્યાં કહ્યો છે? હે ગૌતમ! જંબૂદ્વીપ નામે દ્વીપમાં મેરુ પર્વતની દક્ષિણ તિર્યંગ્ અસંખ્યાતાદ્વીપસમુદ્રો ઉલ્લંઘીને બીજા શતકના આઠમાં સભા ઉદ્દેશકમાં-જે વક્તવ્યતા કહી છે તે સમગ્ર અહિં કહેવી, પરંતુ તેમાં આ વિશેષ છે કે તિગિચ્છકકૂટ નામે ઉત્પાત પર્વત, ચમરચંચાનામે રાજધાની, ચમરચંચ નામે આવાસપર્વત,-ઈત્યાદિ બધું તે પ્રમાણે કહેવું, યાવત્-૩૧૬૨૨૭ યોજન સાડા તેર અંગુલ-એટલી ચમરચંચા ની પરિધિ છે. તે ચમરચંચા રાજધાનીથી દક્ષિણ-પશ્ચિમ દિશાએ ૬૫૫૫૩૫ ૫૦૦૦૦ યોજન અરુણોદક સમુદ્રમાં તિર્ચ્છા ગયા બાદ અહિં અસુરકુમારના ઈંદ્ર અને રાજાચમર નો ચમરચંચા નામે આવાસ કહ્યો, છે. તે લંબાઈ અને પહોળાઈમાં ચોરાશી હજાર યોજન છે. તેની પરિધિ ૨૬૫૬૩૨ યોજનથી કંઈક વિશેષાધિક છે. તે આવાસ એક પ્રાકારની ચોતરફ વિંટાએલો છે. તે પ્રાકાર ઉંચો દોઢસો યોજન છે. એ પ્રમાણ ચમરચ-ંચા રાજધાનીની બધી વક્તવ્યતા યાવત્ "ચાર પ્રાસાદ પંક્તિઓ છે"-ત્યાં સુધી કહેવી, પરન્તુ પાંચ સભા ન કહેવી. હે ભગવન્ ! અસુરેન્દ્ર અસુર કુમારના રાજા ચમર ચરમચ-ંચ, નામે આવાસમાં રહે છે? એ અર્થ યથાર્થ નથી. હે ગૌતમ ! જેમકે આ મનુષ્યલોકમાં ઉપકારક પીઠબદ્ધ ઘરો, ઉદ્યાનમાં રહેલા લોકને નગરપ્રવેશગૃહો નગરનિર્ગમ- ઘરો અને વારિધારાયુક્ત ઘરો હોય, ત્યાં ઘણાં પુરુષો અને સ્ત્રીઓ બેસે, સુવે ઈત્યાદિ રાજપ્રશ્નીય સુત્રમાં કહ્યા પ્રમાણે આવત્ ! 'કલ્યાણરુપ ફલ અને વૃત્તિવિશેષને અનુભવતાં રહે છે' ત્યાં સુધી કહેવું, પણ ત્યાં રહેઠાણ કરતાં નથી, એ પ્રમાણે હે ગૌતમ ! અસુરેન્દ્ર અસુરકુમારના રાજા ચમરનો ચમરચંચ નામે આવાસ કેવલ ક્રીડા અને રતિ નિમિત્ત છે, અને બીજે સ્થળે તે પોતાનો વાસ કરે છે, 'હે ભગવન્ ! તે એ પ્રમાણે છે, હે ભગવન્ ! તે એ પ્રમાણે છે.'

[૫૮૭]ત્યારબાદ શ્રમણભગવંતમહાવીર કોઈ દિવસે રાજગૃહ નગરથકી અને ગુણસિલક ચૈત્યથકી યાવદ્ વિહાર કરે છે. તે કાલે તે સમયે ચંપા નામની નગરી હતી. પૂર્ણભદ્ર ચૈત્ય હતુ. ત્યારબાદ શ્રમણભગવંત મહાવીર અન્ય કોઈ દિવસે અનુક્રમે ગમન કરતાં, યાવત્ વિહાર કરતાં જ્યાં ચંપા નગરી છે. અને જ્યાં પૂર્ણભદ્ર ચૈત્ય છે ત્યાં આવે છે, ત્યાં આવીને યાવદ્ વિહરે છે. તે કાલે તે સમયે સિંધૂ સૌવીર દેશને વિષે વીતભયનગર હતું. તે વીતભયનગરની બહાર ઉત્તરપૂર્વ દિશાએ મૃગવન ઉદ્યાન હતું. તે સર્વ ઋતુના પુષ્પાદિકથી સમૃદ્ધ હતું. ઈત્યાદિ તે વીતભય નગરને વિષે ઉદાયનરાજા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતો. તે મહાહિમવાન જેવો ઈત્યાદિ વર્ણન જાણવું. તે ઉદાયન રાજાને પ્રભાવતી દેવી (રાણી) હતી, તે સુકુમાલહાથપગવાળી ઈત્યાદિ વર્ણન જાણવું. તે ઉદાયન રાજાને પ્રભાવતીદેવીથી થયેલો અભીચિકુમાર પુત્ર હતો. તે સુકુમાલ-ઈત્યાદિ વર્ણન શિવભદ્રની પેઠે જાણવું. યાવત્ તે રાજ્યની ચિંતા કરતો વિહરે છે. તે ઉદાયનરાજાને પોતાનો ભાણેજ કેશીકુમાર હતો. તે સુકુમાલહાથપગવાળો અને યાવત્-સુરુપ હતો. તે ઉદાયન રાજા સિંધૂસૌવીર પ્રમુખ સોળ દેશ, વીતભયપ્રમુખ ૩૬૩ નગર અને આકારનું તથા જેને છત્ર ચામરઅનેવાલવ્યંજનઆપેલાછેએવામહાસેનપ્રમુખદશમુકુટબદ્ધરાજાઓ,અને એવા ઘણા રાજા, યુવરાજ, તલવર યાવત્-સાર્થવાહ પ્રમુખનું અધિપતિપણું કરતો, રાજ્યનું પાલન કરતો, જીવાજીવ તત્વને જાણતો, શ્રમણોનો ઉપાસક થઈને યાવત્-વિહરે છે.

ત્યારબાદ તે ઉદાયન રાજા અન્ય કોઈ દિવસે જ્યાં પોષધશાળા છે ત્યાં આવે છે, અને શંખશ્રમણોપાસકની પેઠે યાવત્-વિહરે છે. ત્યારબાદ તે ઉદાયન રાજાને મધ્ય રાત્રીને સમયે ધર્મજાગરણ કરતાં આવા પ્રકારનો આ સંકલ્પ યાવત્ત-ઉત્પન્ન થયો-"તે ગામ, આકર, નગર, ખેડ, કર્બટ, મંડબ, દ્રોણમુખ, પટ્ટન, આશ્રમ, સંબાધ અને સન્નિવેશ ધન્ય છે, જ્યાં શ્રમણ ભગવંત મહાવીર વિચરે છે, તે રાજા, શેઠ, તલવર યાવદ્-સાર્થવાહ પ્રમુખ ધન્ય છે, જેઓ શ્રમણ ભગવંત મહાવીને વંદન-નમસ્કાર કરે છે અને યાવત્-પર્યુપાસના કરે છે. જો શ્રમણ ભગવંત મહાવીર અનુક્રમે વિચરતા એક ગામથી બીજે ગામ જતા, યાવદ્- અહિં સમોસરે , અને આ વીતભય નગરની બહાર મૃગવન નામે ઉદ્યાનમાં યથાયોગ્ય અવગ્રહને ગ્રહણ કરી સંયમ અને તપવડે આત્માને ભાવિત કરતા યાવદ્-વિચરે તો હું વંદન કરું, યાવત્-તેમની પર્યુપાસના કરું. ત્યારબાદ શ્રમણ ભગવંત મહાવીર ઉદાયન રાજાના આવા પ્રકારના સંકલ્પને જાણીને ચંપા નગરીથી અને પૂર્ણભદ્ર ચૈત્ય થકી નીકળે છે, નીકળીને " અનુક્રમે ગમન કરતાં, એક ગામથી બીજે ગામ યાવત્-વિહરતા, જ્યાં સિંધુસૌવીર દેશ છે, જ્યાં વીતમય નગર છે, અને જ્યાં મૃગવન નામે ઉદ્યાન છે ત્યાં આવે છે, તે સમયે વીતભય નગરમાં શૃંગાટક- ઈત્યાદિ માર્ગોમાં યાવદ્-પરિષદ્ પર્યુપાસના કરેછે. ત્યારપછી ભગવાન્ મહાવીર આવ્યાની આ વાતથી વિદિત થયેલા તે ઉદાયન રાજાએ હર્ષિત અને સંતુષ્ટ થઈને કૌટુંબિક પુરુષોને બોલાવી આ પ્રમાણે કહ્યુ કે-"હે દેવાનુપ્રિયો! તમે શીઘ્ર વીતભય નગરને અંદર અને બાહર સાફ કરાવો"- ઈત્યાદિ બધું ઔપપાતિક સૂત્રમાં કૂણિક સંબન્ધે કહ્યું છે તેમ અહિં પણ કહેવું. યાવત્-તે પર્યુપાસના કરે છે તથા પ્રભાવતી પ્રમુખ દેવીઓ પણ તેજ પ્રમાણે યાવત્ પર્યુપાસના કરે છે. ત્યારબાદ (ભગવંતે) ધર્મ કથા કહીં. પછી તે ઉદાયન રાજા શ્રમણ હર્ષિત અને સંતુષ્ટ થઈ ઉઠી ઉભો થાય છે,શ્રમણભગવંતમહાવીરને ત્રણપ્રદક્ષિણા કરી યાવત્-નમસ્કાર કરીને આ પ્રમાણે બોલ્યો-'હે ભગવન્!એ એ પ્રમાણે જ છે, હે ભગવન્ ! તે તે પ્રકારે છે' યાવત્-જે પ્રકારે આ તમે કહો છો પરન્તુ એટલો વિશેષ છે કે, હે દેવાનુપ્રિય! અભીચિકુમારને રાજ્યને વિશે સ્થાપન કરું, અને ત્યારબાદ હું દેવાનુંપ્રિય એવા આપની પાસે મુંડ થઈને યાવત્ પ્રવ્રજ્યાનો સ્વીકાર કરું. યહે દેવાનુપ્રિય ! જેમ સુખ થાય તેમ કરો, પ્રતિબંધ ન કરો.' ત્યારબાદ શ્રમણભગવંત મહાવીરને વંદન અને નમસ્કાર કરે છે, વંદન અને નમસ્કાર કરીને તે અભિષેક યોગ્ય (પટ્ટ) હસ્તી પર ચઢી શ્રમણ ભગવંત મહાવીરની પાસેથી અને મૃગવન નામના ઉદ્યાન થી નીકળીને જ્યાં વીતભય નામે

નાગર છે તે તરફ જવાનો તેણે વિચાર કર્યો.

ત્યાર પછી તે ઉદાયન રાજાને આવા પ્રકારનો આ સંકલ્પ યાવત્-ઉત્પન્ન થયો કે 'એ પ્રમાણે ખરેખર અભીચિકુમાર મારે એક પુત્ર છે અને તે મને ઈષ્ટ અને પ્રિય છે, યાવત્-તેનું નામ શ્રમણ પણ દુર્લભ છે, તો પછી તેનું દર્શન દુર્લભ હોય તેમાં શું કહેવું? તે માટે જો હું અભીચિકુમારને રાજ્યને વિશે સ્થાપીને શ્રમણ ભગવંત મહાવીરની પાસે મુંડ થઈ યાવત્-પ્રવ્રજ્યા ગ્રહણ કરું. તો અભીચિકુમાર રાજ્ય, રાષ્ટ્ર, યાવત્-જનપદમાં અને મનુષ્યસંબંધી કામભોગોમાં મૂર્છિત, ગૃદ્ધ, ગ્રથિત અને તલ્લીન થઈ અનાદિ અનંત અને દીર્ઘમાર્ગવાળા ચારગતિ રુપ સંસાર અટવીને વિશે પરિભ્રમણ કરશે, તે માટે અભીચિકુમારને રાજ્યને વિષે સ્થાપન કરી યાવત્ પ્રવ્રજ્યા લેવી એ શ્રેયરુપ નથી, પરંતુ મારે મારા ભાણેજ કેશીકુમારને રાજ્યને વિષે સ્થાપન કરીને પ્રવ્રજ્યા લેવી શ્રેયરુપ છે'- એમ વિચાર કરેછે. એમ વિચારીને જ્યાં વીતભય નગર છે, ત્યાં આવી જ્યાં પોતાનું ઘર છે, અને જ્યાં બહારની ઉપસ્થાનશાળા છે ત્યાં આવે છે, અભિષેકને યોગ્ય પટ્ટ હસ્તીને ઊભો રાખીને નીચે ઉતરે છે, જ્યાં સિંહાસન છે, ત્યાં આવીને ઉત્તમ સિંહાસન ઉપર પૂર્વ દિશાસન્મુખ બેસે છે, કૌટુંબિક પુરુષોને એ પ્રમાણે કહ્યું-'હે દેવાનુપ્રિયો! શીઘ્ર વીતભય નગરને બહાર અને અંદરથી સાફ કરાવો'-ઈત્યાદિ ત્યારપછી તે ઉદાયન રાજાએ બીજીવાર કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું-'હે દેવાનુપ્રિયો! શીઘ્ર કેશીકુમારનો મહા અર્થવાળો વિપુલ રાજ્યાભિષેક કરો.' એ પ્રમાણે જેમ શિવભદ્રકુમારનો રાજ્યાભિષેક કહ્યો છે તેમ અહિં 'દીર્ઘાયુષી થાઓ'-ત્યાં સુધી કહેવો. હવે તે યાવત્ ઈષ્ટજનથી પરિવૃત થઈ સિંધૂસૌવીર પ્રમુખ સોળ દેશો, વીતભય પ્રમુખ ત્રણસો ત્રેસઠ નગરો અને ખાણોનું તથા મહાસેન પ્રમુખ દશ રાજાઓ, અન્ય બીજા ઘણાં રાજા અને યુવરાજ વગેરેનું સ્વામિપણું યાવત્-કરતો, પાલન કરતો વિહર' એમ કહી'જય જય'શબ્દ બોલે છે. ત્યારે તે કેશીકુમાર રાજા થયો. યાવદ્-તે વિહરે છે.

ત્યારબાદ ઉદાયન રાજા કેશી રાજા પાસે (દીક્ષા લેવાની) રજા માગે છે, ત્યાર પછી તે કેશીરાજા કૌટુંબિક પુરુષોને બોલાવે છે. ઈત્યાદિ જેમ જમાલિ સંબંધે કહ્યું તેમ યાવદ્-નિષ્ક્રમણાભિષેક-દીક્ષાભિષેક કરે છે.ત્યારપછી અનેક ગણનાયક વગેરેના પરિવાર યુક્ત તે કેશી રાજા ઉદાયન રાજાને ઉત્તમ સિંહાસન ઉપર પૂર્વદિશા સન્મુખ બેસાડીને એકસો આઠ સોનાના કળશો વડે અભિષેક કરે છે- ઈત્યાદિ જેમ જમાલિ સંબંધે કહ્યું છે તેમ કહેવું, યાવત્ તે કેશી રાજાએ એ પ્રમાણે કહ્યું કે 'હે દેવાનુપ્રિય! કુત્રિકાપણથી (હું એક રજોહરણ અને એક પાત્ર) મંગાવવા ઈચ્છું છું.-ઈત્યાદિ જેમ જમાલિ સંબન્ધે કહ્યું તેમ અહિં જાણવું. પરન્તુ એટલો વિશેષ છે કે જેને પ્રિયનો વિયોગ દુઃસહ છે એવી પદ્માવતી અગ્રકેશોને ગ્રહણ કરે છે. ત્યાર બાદ કેશી રાજા બીજીવાર પણ ઉત્તર દિશા તરફ સિંહાસન ગોઠવાવીને ઉદાયન રાજાનો શ્વેત અને પીત કળશો વડે અભિષેક કરેછે. બાકી બધું જમાલિની પેઠે જાણવું. યાવત્- તે ઉદાયન રાજા શિબિકા થકી ઉતરીને જ્યાં શ્રમણભગવંત મહાવીર છે, ત્યાં આવીને ત્રણવાર વંદન- નમસ્કાર કરી ઉત્તર-પૂર્વ દિશા- તરફ જઈને પોતે જ આભરણ, માલા અને અલંકારને મૂકે છે- ઈત્યાદિ પૂર્વ પ્રમાણે કહેવું. યાવત્-પદ્માવતી તેને ગ્રહણ કરે છે. અને યાવત્ હે સ્વામિન્ ! સંયમને વિષે પ્રયત્ન કરજો, યાવત્-પ્રમાદ ન કરશો'-એમ કહી કેશી રાજા અને પદ્માવતી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રમણ ભગવંત મહાવીરને વંદન અને નમસ્કાર કરે છે. વંદન અને નમસ્કાર કરીને એ તો પોતાને સ્થાનકે ગયા પછી ઉદાયન રાજા પોતાની મેળે પંચ મિષ્ટિક લોચ કરે છે- બાકીનું વૃત્તાંત ઋષભદત્તની પેઠે જાણવું, યાવત્-તે સર્વ દુઃખથી રહિત થાય છે.

[૫૮૮]ત્યાર પછી અન્ય કોઈ દિવસે અભીચિકુમારને મધ્યરાત્રિને સમયે કુટુંબજાગરણ કરતાં આવા પ્રકારનો આ વિચાર ઉત્પન્ન થયો'એ પ્રમાણે ખરેખર હું ઉદાયન રાજાનો પુત્ર અને પ્રભાદેવની કુક્ષિથી ઉત્પન્ન થયો છું, અને તે ઉદાયન રાજાએ મને છોડી પોતાના ભાણેજ કેશિકુમારને રાજ્ય ઉપર બેસાડી શ્રમણ ભગવંત મહાવીર-ની પાસે યાવત્-પ્રવ્રજ્યા લીધી'-આવા પ્રકારના આ મોટા અપ્રીતિરુપ માનસિક આંતર દુઃખથી પીડિત થયેલો તે અભીચિકુમાર પોતાના અંતઃપુરના પરિવારસહિત પોતાની સામગ્રી લઈને નીકળે છે, એક ગામથી બીજે ગામ જતાં જ્યાં ચંપાનગરી છે, અને જ્યાં કૂણિક રાજા છે ત્યાં આવીકૂણિકનો આશ્રય કરી વિહરે છે. અને ત્યાં પણ તને વિપુલ ભોગની સામગ્રી પ્રાપ્ત થઈ છે. પછી તે અભીચિકુમાર શ્રાવક પણ થયો. અને જીવાજીવ તત્વનો જ્ઞાતા થઈ યાવત્-વિહરે છે, તો પણ તે અભીચિકુમાર ઉદાયન રાજર્ષિને વિષે વૈરના અનુબન્ધથી યુક્ત હતો. તે કાલે તે સમયે આ રત્નપ્રભા પૃથિવીના નરકાવાસોની પાસે ચોસઠ લાખ અસુરકુમારના આવાસો કહ્યા છે, હવે તે અભીચિકુમાર ઘણાં વર્ષો સુધી શ્રમણોપાસક પર્યાયને પાળી અર્ધમાસિક સંલેખનાથી ત્રીશભક્તો અનશનપણે વ્યતીત કરી, તે પાપ સ્થાનકની આલોચના અને પ્રતિક્રમણ કર્યા સિવાય મરણસમયે કાળધર્મ પામી આ અસુરકુમારવાસોમાંના આતાવરુપ અસુરકુમાર દેવપણે ઉત્પન્ન થયો. ત્યાં તેની એક પલ્યોપમની સ્થિતિ કહી છે. હે ભગવન્ ! તે અભીચિદેવ આયુઃક્ષય તથા ભવક્ષય થયા પછી મરણ પામી ક્યાં જશે-ક્યાં ઉત્પન્ન થશે? હે ગૌતમ! મહાવિદેહ ક્ષેત્રને વિષે સિદ્ધ થશે, યાવત્-સર્વ દુઃખોનો અંત કરશે. 'હે ભગવન્ ! તે એમજ છે, એમ કહી ભગવન્ ગૌતમ યાવત્-વિહરે છે.

**શતકઃ૧૩-ઉદ્દેશઃ૬ની મુનિ દીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેસો-૭

[૫૮૯]રાજગૃહનગરમાં ગૌતમ યાવત્-આ પ્રમાણે બોલ્યા કે, હે ભગવન્ ! ભાષા એ આત્મા-રુપ છે કે તેથી અન્ય છે? હે ગૌતમ! ભાષા એ આત્મા નથી, પણ તેથી અન્ય છે. હે ભગવન્ ! ભાષા રુપી-છે કે અરુપી- હે ગૌતમ! ભાષા રુપી છે, હે ભગવન્ ! ભાષા સચિત-છે કે અચિત- છે? હે ગૌતમ! સચિતનથી, પણ અચિતછે. હે ભગવન્ ! ભાષા જીવરુપ-છે કે અજીવસ્વરુપ ? હે ગૌતમ! ભાષા અજીવરુપ છે. હે ભગવન્ ! જીવોને ભાષા હોય કે અજીવોને ? હે ગૌતમ ! જીવોને ભાષા હોય છે, પણ અજીવોને ભાષા નથી હોતી. હે ભગવન્ ! શું (બોલાયા) પૂર્વે ભાષા કહેવાય, બોલાતી હોય ત્યારે ભાષા કહેવાય, કે બોલાયા પછી ભાષા કહેવાય ? હે ગૌતમ! બોલાતી હોયત્યારે ભાષા કહેવાય. બાકીન કહેવાય. હે ભગવન્ ! શું બોલાયા પહેલાં ભાષા ભેદાય, કે બોલાયા પછી ભાષા ભેદાય ? હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી પણ બોલાતી હોય ત્યારે ભાષા ભેદાય. હે ભગવન્ ! ભાષા કેટલા પ્રકારની કહી છે ? હે ગૌતમ! ચારપ્રકારની -સત્ય, મૃષા- સત્યમૃષા- અને અસત્યામૃષા-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૫૯૦]મન એ આત્મ છે, કે તેથી અન્ય મન છે ? હે ગૌતમ! મન એ આત્મા નથી, પણ મન અન્ય છે- ઈત્યાદિ જેમ ભાષા સંબન્ધે કહ્યું, તેમ મનસંબન્ધે પણ જાણવું,

[૫૯૧]હે ભગવન્ ! કાય-શરીર આત્મા છે કે તેથી અન્ય-? હે ગૌતમ! તે બંને છે.

હે ભગવન્ ! કાય રુપી છે કે અરુપી છે ? હે ગૌતમ! કાય રુપી પણ છે અને કાય અરુપી પણ છે. એ પ્રમાણે પૂર્વવત્ એક એક પ્રશ્ન કરવો. હે ગૌતમ! કાય સચિત્ત પણ છે અને અચિત્ત પણ છે, કાય જીવરુપ પણ છે અને અજીવરુપ પણ છે, તથા કાય જીવોને હોય છે, તેમ અજીવોને પણ હોય છે. હે ભગવન્ ! પૂર્વે કાય હોય ?-ઈત્યાદિ પ્રશ્ન હે ગૌતમ! કાય-શરીર પૂર્વ પણ હોય,-પુદ્‌ગલોના ગ્રહણ સમયે પણ કાય હોય, અને -પુદ્‌ગલ ગ્રહણ સમય વીત્યા પછી પણ કાય હોય. હે ભગવન્ ! કાય પૂર્વ ભેદાય ?-ઈત્યાદિ પ્રશ્ન હે ગૌતમ! પૂર્વે પણ કાય ભેદાય, યાવત્ પછીપણ -ભેદાય.

હે ભગવન્ ! કાય કેટલા પ્રકારે કહેલ છે ? હે ગૌતમ ! સાત પ્રકારે ઔદારિક, ઔદારિકમિશ્ર, વૈક્રિય વૈક્રિયમિશ્ર, આહારક આહારકમિશ્ર, અને કાર્મણ.

[૫૯૨]હે ભગવન્ ! મરણ કેટલા પ્રકારે કહ્યું છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારનું- આવીચિમરણ, અવધિમરણ, આત્યંતિકમરણ, બાલમરણ, પંડિતમરણ. આવીચિક મરણ કેટલા પ્રકારે ? હે ગૌતમ પાંચપ્રકારે. દ્રવ્યાવીચિકમરણ, ક્ષેત્રાવીચિકમરણ, કાલા વીચિકમરણ, ભાવાવીચિકમરણ, અને ભવાવીચિકમરણ. દ્રવ્યાવી ચિકમરણ કેટલા પ્રકારે. હે ગૌતમ ચાર પ્રકારે. નૈરયિક દ્રવ્યાવીચિકમરણ, તિર્યંચયોનિકદ્રવ્યા વીચિક મરણ, મનુષ્યદ્રવ્યાવીચિકમરણ, દેવદ્રવ્યાવીચકમરણ.એમ શા હેતુથી નૈરયિ કદ્રવ્યાવી ચિકમરણ કહો છો ? હે ગૌતમ ! નારકજીવપણે વર્તતા નારકોએ જે દ્રવ્યોને નૈરયિક આયુષપણે ગ્રહ્યાંછે, બાંધેલાંછે, પુષ્ટ કર્યાંછે, કરેલાં છે, પ્રસ્થાપિત્ત કર્યા છે, નિવિષ્ટ- પ્રવેશેલાંછે, અભિનિવિષ્ટ-અત્યંતગાઢ પ્રવેશેલાંછે, અને ઉદયાભિમુખ થયેલાં છે તે દ્રવ્યોને આવિચિક છોડે છે તે હેતુથી દ્રવ્યાવીચિકમરણ નૈરયિકદ્રવ્યાવીચિકમરણ કહેવાયછે. એ પ્રમાણે યાવત્-દેવદ્રવ્યાવીચિકમરણ જાણવું. હે ભગવન્ ! ક્ષેત્રાવીચિક મરણ કેટલા પ્રકારે કહ્યું છે ? હે ગૌતમ ! ચાર પ્રકારે.નૈરયિકક્ષેત્રાવીચિકમરણ, યાવત્- દેવ ક્ષેત્રાવી ચિકમરણ. હે ભગવન્ ! તે એ પ્રમાણએ શા હેતુથી નારકક્ષેત્રા વીચિકમરણ કહેવાય છે ? હે ગૌતમ ! નારકક્ષેત્રમાં વર્તતા નારક જીવોએ જે દ્રવ્યોને પોતે નારકાયુ ષપણે ગ્રહણ કરેલાં છે, દ્રવ્યાવીચિકમરણ સંબંધે કહેલું છે તે અહિં કહેવું, તે માટે નૈરયિ કક્ષે ત્રાવીચિકમરણ કહેવાય છે.અને એ પ્રમાણે યાવત્-ભાવાવીચિકમરણ પણ જાણવું.

હે ભગવન્ ! અવધિમરણ કેટલા પ્રકારે કહ્યું છે ? હે ગૌતમ ! પાચં પ્રકારે-દ્રવ્યા વધિમરણ, ક્ષેત્રાવધિમરણ,યાવત્ ભાવાવધિમરણ. હે ભગવન્ ! દ્રવ્યાવધિમરણ કેટલા પ્રકારે કહ્યું છે ? હે ગૌતમ! ચાર પ્રકારે કહ્યું છે. તે આ પ્રમાણે-નૈરયિકદ્રવ્યાવધિ મરણ, યાવત્-દેવદ્રવ્યાવધિમરણ. હે ભગવન્ ! નૈરયિકદ્રવ્યાવધિમરણ શા માટે કહેવાય છે ? હે ગૌતમ ! નારકપણે વર્તતા જીવો જે દ્રવ્યોને સાંપ્રત કાલે મૂકે છે, અને વળી તે નારકો થઈને તેજ દ્રવ્યોને ભવિષ્યકાળે ફરીથી પણ છોડશે, તે માટે હે ગૌતમ! નૈરયિક દ્રવ્યાવધિમરણ કહેવાય છે. એ પ્રમાણે દેવદ્રવ્યાવધિમરણ પણ જાણવું. તથા એ પાઠ વરે ક્ષેત્રાવધિમરણ, યાવત્ ભવાવધિમરણ જાણવું. હે ભગવન્ ! આત્યંતિકમરણ કેટલા પ્રકારે કહ્યું છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારે.દ્રવ્યાત્યંતિકમરણ, યાવત્ ભવાંતિકમરણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દ્રવ્યાંતિક મરણચાર પ્રકારે- નારક દ્રવ્યાતિકમરણ યાવત્-દેવદ્રવ્યાત્યંતિ કમરણ. હે ભગવન્ ! શા હેતુથી 'નૈરયિકદ્રવ્યાત્યંતિકમરણ' કહેવાય છે ? હે ગૌતમ! નારકપણે વર્તતા જે નારક જીવો જે દ્રવ્યોને સાંપ્રત કાળે છોડે છે, તે નૈરયિકો તે દ્રવ્યોને ભવિષ્યકાળે ફરી વાર નહિ છોડે, હે ગૌતમ! તે હેતુથી.એ પ્રમાણે યાવત્ દેવદ્રવ્યાન્તિકમરણ પણ જાણવું, તથા એ પ્રમાણે ક્ષેત્રાત્યન્તિકમરણ, યાવત્-ભાવાત્યંતિકમરણ જાણવું. હે ભગવન્ ! બાલમરણ કેટલા પ્રકારે કહ્યું છે ? હે ગૌતમ! બાર પ્રકારે વલવમરણ, ઈત્યાદિ સ્કન્દકના અધિકારમાં કહ્યાં પ્રમાણે યાવત્- ગૃધ્રસ્પૃષ્ટમરણ .

હે ભગવન્ ! પંડિતમરણ કેટલા પ્રકારે કહ્યું છે ? હે ગૌતમ ! બે પ્રકારે- પાદપોગમન ભક્તપ્રત્યાખ્યાન હે ભગવન્ ! પાદપોપગમન મરણ કેટલા પ્રકારે. બે પ્રકારનું નિર્હારિમ અનિર્હારિમ યાવત્-આ બંને પ્રકારનું પાદપોપગમન મરણ અવશ્ય અપ્રતિકર્મ હોય છે. હે ભગવન્ ! ભક્તપ્રત્યાખ્યાનરુપ મરણ કેટલા પ્રકારે કહ્યું છે ? એ પ્રમાણે પૂર્વે કહ્યા પ્રમાણે વિશેષ એ છે કે આ બન્નેપ્રકારનું ભક્તપ્રત્યાખ્યાનરુપમરણ અવશ્ય સપ્રતિકર્મ-શરીરસંસ્કારસહિત હોય છે. 'હે ભગવન્!તે એમજ છે,- એમ કહી વિહરે છે.

**શતકઃ૧૩-ઉદ્દેસોઃ૭ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેશકઃ૮

[૫૯૩]હે ભગવન્ ! કર્મની કેટલી પ્રકૃતિઓ કહી છે ? હે ગૌતમ! કર્મની આઠ પ્રકૃતિઓ કહી છે, અહીં પ્રજ્ઞાપના સુત્રનો બંધસ્થિતિ નામે સંપૂર્ણ ઉદ્દેશક કહેવો.

**શતકઃ૧૩-ઉદ્દેસા-૮ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેશક-૯

જૈનમ્ જયતિ શાસનમ્

[૫૯૪]રાજગૃહમાં(ભગવાન્ ગૌતમ) યાવત્-આ પ્રમાણે બોલ્યા કે હે ભગવાન્! જેમ કોઈ એક પુરુષ દોરડાથી બાંધેલી ઘટિકાને લઈને ગમન કરે, એ પ્રમાણે ભાવિતાત્મા સાધુ દોરડાથી બાંધેલી ઘટિકાનું કાર્ય હસ્તગત કરી પોતે ઉંચે આકાશમાં ઉડે ? હા ગૌતમ! ઉડે. હે ભગવન્ ! ભાવિતાત્મા અનગાર દોરડાથીબાંધેલી ઘટિકાને હાથમાં ધારણ કરવારુપ કેટલાં રુપો વિકુર્વવાને સમર્થ હોય ? હે ગૌતમ! 'જેમ કોઈ એક યુવાન પુરુષ યુવતિ સ્ત્રીને હાથ વડે આલિંગે'-ઈત્યાદિ એ પ્રકારે શતક-૩, ઉદેસા-૫-કહ્યા પ્રમાણે યાવત્- સંપ્રાપ્તિ કરવાવડે તેવાં રુપ વિકુર્વ્યા નથી, વિકુર્વતા નથી અને વિકુર્વશે પણ નહિં. જેમ કોઈ એક પુરષ હિરણ્યની પેટીને લઈને ગમન કરે, એ પ્રમાણે ભાવિતાત્મા અનગાર પણ હિરણ્યની પેટીને હસ્તગત કરી પોતે ગગનમાં ઉડે ? બાકી બધું પૂર્વવત્ જાણવું. એ પ્રકારે સુવર્ણની પેટી, રત્નની પેટી, વજ્રની પેટી, વસ્ત્રની પેટી અને ઘરેણાંની પેટીને લઈનેએ પ્રમાણે વાંસનીસાદડી,ઘાસનીસાદડી,ચર્મકટ, ચામડાથી ભરેલ ખાટલી વગેરે,અને ઉનનાકાંબળા, તથા લોઢાનાભારને, તાંબાના ભારને, કલઈનાભારને, સીસાનાભારને, હિરણ્યનાભારને, સુવર્ણનાભારને અને વજ્રનાભારને લઈને પણ ગમન કરે.

હે ભગવન્ ! જેમ કોઈ એક વડવાગુલી હોય અને તે પોતાના બન્ને પગ ઉંચા લટકાવી, ઉંચા પગ અને માથું નીચ રાખીને રહે, એ પ્રમાણે ભાવિતાત્મા અનગાર પણ વાગુલીના કૃત્યને પ્રાપ્ત થયેલો આકાશમાં ઉંચે ઉડે ? હા, ઉડે. એજ પ્રમાણએ

યજ્ઞોપવીતની વક્તવ્યતા પણ કહેવી. હે ભગવન્ ! જેમ કોઈ એક જળો હોય અને તે પોતાના શરીરને પાણીમાં પ્રેરી પ્રેરીને ગમન કરે, એ પ્રમાણએ ભાવિતાત્મા અનગાર તેવું રુપ વિકુર્વી આકાશમાં ગમન કરે ? બાકી બધું વાગુલીનો પેઠે જાણવું. હે ભગવન્ ! જેમ કોઈ એક બીજંબીજક પક્ષી હોય, અને તે પોતાના બન્ને પગને ઘોડાની પેઠે સાથે ઉપાડતું ગમન કરે, એ પ્રમાણે ભાવિતાત્મા અનગાર ઉડે ? બધું પૂર્વની પેઠે જાણવું. જેમ કોઈ એક બિલાડક નામે પક્ષી હોય, અનેતે એક વૃક્ષની બીજા વૃક્ષે જતું, બીજા વૃક્ષથી ત્રીજા વૃક્ષે જતુ ગતિ કરે, એ પ્રમાણે ભાવિતાત્મા અનગાર કરે ? હા ગમન કરે. બાકી બધું પૂર્વ પ્રમાણે જાણવું. જેમ કોઈ એક જીવંજીવક નામે પક્ષી હોય, અને તે પણ પોતાના બન્ને પગને ઘોડાની પેઠે સાથે ઉપાડતું ગતિ કરે, એજ પ્રમાણે ભાવિતાત્મા અનગાર પણ આકાશમાં ઉડે ? બાકી બધું પૂર્વ પેઠે જાણવું. જેમ કોઈ એક હંસ હોય અન તે આ કાંઠેથી બીજે કાંઠે રમતો રમતો ગતિ કરે, એ પ્રમાણે ભાવિતાત્મા અનગાર પણ ગગનમાં ઉડે ? જાણવું. જેમ કોઈ એક સમુદ્રવાયસ હોય, અને તે એક તરંગથી બીજા તરંગ જતો ગતિ કરે, એ પ્રમાણે (ભાવિતાત્મા સાધુ પોતે એવા આકારે ગગનમાં ગતિ કરે ?) તે પ્રમાણે જાણવું.

જેમ કોઈ એક પુરુષ ચક્રને લઈને ગતિ કરે, એજ પ્રમાણે ભાવિતાત્મા અનગાર પોતે આકાશમાં ઉડે ? બધું પૂર્વે કહેલી દોરડાથી બાંધેલ ઘટિકાની પેઠે જાણવું. એજ પ્રમાણે છત્ર તથા ચામરને લઈને ગમન કરે. જેમ કોઈ એક પુરુષ રત્નને લઈને ગમન કરે, એ પ્રમાણે વજ્ર, વૈડુર્ય, યાવત્-રિષ્ટ એ પ્રમાણે ઉત્પલને હસ્તગત કરી, પદ્મને હસ્તગત કરી, એ પ્રમાણે યાવત્-કોઈ એક પુરુષ સહસ્રપત્રને લઈને ગતિ કરે, તેમ ભાવિતાત્મા અનગાર પોતે એવા આકારે આકાશમાં ગતિ કરે ? એ પ્રમાણે જાણવું. હે ભગવન્ ! જેમ કોઈ એક પુરુષ -કમળની ડાંડલીને તોડી તોડીને ગતિ કરે, તે પ્રમાણે અનગાર પણ પોતે બિસકૃત્યને પ્રાપ્ત કરી- ગગનમાં ગમન કરે ? પૂર્વવત જાણવું. જેમ કોઈ એક કમલનો છોડ પાણીમાં કાયને ડુબાડી રહે, એ પ્રમાણે ભાવિતાત્મા અનગાર પોતે એવા આકારે ગગનમાં ઉડે ? બાકી બધું વાગુલીને પેઠે જાણવું. જેમ કોઈ એક વનખંડ હોય, અને તે કાળો, કાળા પ્રકાશવાળો, યાવત્ મેઘના સમૂહરુપ, પ્રસન્નતા દેનાર હોય, એ જ પ્રમાણે ભાવિતાત્મા અનગાર પણ પોતે વનખંડના કૃત્યને પ્રાપ્ત કરી ગગનમાં ઉડે ? બાકી બધું પૂર્વ પ્રમાણે જાણવું. જેમ કોઈ એક પુષ્કરિણી-વાવ હોય, અને તે ચોખંડી, સમાન કાંઠાવાળી, જેને અનુક્રમે સુશોભિત વપ્ર-વંડી છે એવી, પોપટ વગેરે પક્ષીઓના મોટા શબ્દવાળી, તેઓના મધુર સ્વરવાળી અને પ્રસન્નતા આપનાર હોય, એ પ્રમાણે ભાવિતાત્મા અનગાર પણ પુષ્કરિણીના કૃત્યને પ્રાપ્ત કરી આકાશમાં ઉડે ? હા ઉડે. હે ભગવન્ ! ભાવિતાત્મા અનગાર પુષ્કરિણીના કૃત્યને પ્રાપ્ત કેટલાં રુપો વિકુર્વવાને સમર્થ થાય ? બાકી પૂર્વ પ્રમાણે જાણવું, પણ તે સંપ્રાપ્તિથી યાવત્-વિકુર્વશે નહિ. (પૂર્વોક્ત રુપો) માયાવાળો વિકુર્વે કે માયારહિત (અનગાર) વિકુર્વે ? હે ગૌતમ! માયાવાળો વિકુર્વે, પણ માયારહિત સાધુ ન વિકુર્વે. માયાવાળો સાધુ વિકુર્વવાળારુપ પ્રમાદ સ્થાનકની આલોચના અને પ્રતિક્રમણ કર્યા સિવાય કાળ કરે-ઈત્યાદિ તૃતીય શતકના ચોથા ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે જાણવું. 'હે ભગવન્ ! તે એમજ છે, હે ભગવન્ ! તે એમજ છે'

**શતકઃ૧૩-ઉદ્દેસા-૯ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

## ઉદ્દેશકઃ૧૦

[૫૯૫]હે ભગવન્ ! છાદ્મસ્થિક સમુદ્ઘાતો કેટલા કહ્યા છે ? હે ગૌતમ !-વેદનાસમુદ્ઘાત ઈત્યાદિ પ્રજ્ઞાપનાસૂત્રના સમુદ્ઘાત પદમાં કહ્યા પ્રમાણે યાવત્-આહારસમુદ્ઘાત સુધી જાણવા. 'હે ભગવન્ ! તે એમજ છે, એમજ છે.'

**શતકઃ૧૩ ઉદ્દેસાઃ ૧૦ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

**શતકઃ૧૩-ગુર્જરછાયાપૂર્ણ**

## શતકઃ૧૪

### -:ઉદ્દેસોઃ૧:-

[૫૯૬]ચરમ, ઉન્માદ, શરીર, પુદ્ગલ, અગ્નિ, કિમાહાર, સંશ્લિષ્ટ, અંતર, અનગાર અને કેવલી એ દશ ઉદ્દેસા આ શતકમાં છે.

[૫૯૭]રાજગૃહ નગરમાં (ભગવાન્ ગૌતમ યાવદ્ આ પ્રમાણે બોલ્યા કે, હે ભગવન્ ! અનગાર(જેણે ચરમ-દેવાવાસનું ઉલ્લંઘન કર્યુ છે, અને હજી પરમ દેવાવાસ-ને પ્રાપ્ત થયો નથી, આ અવસરે તે કાળ કરે- તો તેની ક્યાં ગતિ થાય અને ક્યાં ઉત્પાદ થાય ? હે ગૌતમ ! ચરમ દેવાવાસ અને પરમ દેવાવાસની પાસે તે લેશ્યાવાળાં દેવાવાસ-ો છે ત્યાં તેની ગતિ અને ત્યાં તેનો ઉત્પાદ કહેલો છે. તે સાધુ ત્યાં જઈને ન પોતાની પૂર્વ લેશ્યાને વિરાધે- છોડે તો તે કર્મલેશ્યા-ભાવલેશ્યાથી પડે છે, અને તો તે ત્યાં જઈને વિરાધે તો તેજ લેશ્યાના આશ્રય થકી વિહરે છે.

[૫૯૮]ભગવન્ ! ભાવિતાત્માઅનગાર ચરમ- અસુરકુમારાવાસને ઓળંગી ગયો છે અને પરમ અસુરકુમારાવાસને પ્રાપ્ત થયો નથી, તે જો આ અવસરે મરણ પામે તો તે ક્યાં ઉપજે ? એ પ્રમાણે જાણવું. એ રીતે યાવત્-સ્તનિતકુમારાવાસ, જ્યોતિષિકાવાસ અને વૈમાનિકાવાસપર્યન્ત-'વિહરે છે' ત્યાં સુધી જાણવું. હે ભગવન્!નૈરયિકોની કેવા પ્રકારની શીઘ્ર ગતિ કહી છે, અને તેઓના કેવા પ્રકારની શીઘ્ર ગતિનો વિષય (સમય) કહ્યો છે ? હે ગૌતમ ! જેમ કોઈ એક પુરુષ તરુણ, બલિષ્ઠ, યુગવાળો અને યાવત્ નિપુણ શિલ્પશાસ્ત્રનો જ્ઞાતા હોય, તે પોતાના સંકુચિત હાથને પસારે અને પસારેલા હાથને સંકુચિત કરે, પસારેલી મુઠિને સંકુચિત કરે, અને સંકોચેલી મુઠીને પસારે-ઉઘાડેલી આંખને મીંચી દે અને મીંચેલી આંખને ઉઘાડે, હે ગૌતમ! (નારકોની) આવા પ્રકારની-શીઘ્રગતિ અથવા શીઘ્રગતિનો વિષય હોય ? આ અર્થ સમર્થ-યથાર્થ નથી. નારકો એકસમયની ?જુગતિવડે અને બે સમય કે ત્રણ સમયની વિગ્રહગતિવડે ઉત્પન્ન થાય છે. હે ગૌતમ! તેવા પ્રકારે શીઘ્રગતિનો વિષય કહ્યો છે. એ પ્રમાણે યાવદ્-વૈમાનિકો સુધી જાણવું. પરન્તુ વિશેષ એ છે કે, એકેન્દ્રિયોને (ઉત્કૃષ્ટ;) ચાર સમયની વિગ્રહગતિ કહેવી. બાકી બધું પૂર્વ પ્રમાણે જાણવું.

[૫૯૯]શું નૈરયિકો અનન્તરોપપન્ન છે, પરંપરોપપન્ન છે, અનન્તપરંપરાનુપપન્ન છે ? હે ગૌતમ! તે ત્રણ છે. હે ભગવન્ ! એ પ્રમાણે શા હેતુથી કહો છો ? હે ગૌતમ! જે નૈરયિકો પ્રથમ સમયે ઉત્પન્ન થયા છે તેઓ 'અનન્તરોપપન્ન' કહેવાય છે, જે નૈરયિકોની ઉત્પત્તિમાં પ્રથમ સમય સિવાય દ્વિતીયાદિ સમયો વ્યતીત થાય છે. તેઓ 'પરંપરોપપન્ન'



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કહેવાય છે અને જે નૈરયિકો વિગ્રહગતિને પ્રાપ્ત થાય છે તે 'અનન્તરપરંપરાનુપન્ન' કહેવાય છે, એ પ્રમાણે નિરન્તર યાવત્-વૈમાનિકો સુધી કહેવું. હે ભગવન્ ! અનન્તરોપપન્ન નૈરયિકો શું નૈરયિકનું આયુષ બાંધે, દેવનું આયુષ બાંધે ? હે ગૌતમ! તેઓ નૈરયિકનું આયુષ ન બાંધે, યાવદ્-દેવનું આયુષ પણ ન બાંધે. પરંપરોપન્ન નૈરયિકો શું નૈરયિકનું આયુષ બાંધે, યાવદ્-દેવનું આયુષ બાંધે ? હે ગૌતમ! તેઓ નૈરયિકનું આયુષ બાંધતા નથી, તિર્યંચનું આયુંષ બાંધે છે, મનુષ્યનું આયુષ પણ બાંધે છે, દેવનું બાંધતા નથી. હે ભગવન્ . અનન્તરપરંપરાનુંપપન્ન નૈરયિકોનું આયુષ બાંધે-ઈત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ! તેઓ નૈરયિકનું યાવત્-દેવાયુષ પણ ન બાંધે. એ પ્રમાણે યાવદ્ વૈમાનિકો સુધી જાણવું. પરન્તુ એટલો વિશેષ છે કે પરંપરોપન્ન પંચેન્દ્રિયતિર્યંચયોનિકો અને મનુષ્યો ચારે પ્રકારના આયુષ બાંધે છે. હે ભગવન્ ! શું નૈરયિકો અનન્તરનિર્ગત અને અન્તર-પરમ્પરાનિર્ગત છે ? હે ગૌતમ! હે ભગવન્ ! એ પ્રમાણે શા હેતુથી કહો છો ? જેઓ પ્રથમ સમયે નીકળેલા છે તે અનન્તરનિર્ગત, જેઓ દ્વિતીયાદિ સમયથી નિકળેલા છે તેઓ પરંપરનિર્ગત, અને જેઓ વિગ્રહગતિને પ્રાપ્ત થયેલા છે તેઓ અનન્તરપરંપરાનિર્ગત છે.એ પ્રમાણે યાવદ્-વૈમાનિકો સુધી કહેવું. હે ભગવન્ ! અનન્તરનિર્ગત નારકો શું નરકાયુષ યાવદ્- દેવાયુષ બાંધે, હે ગૌતમ! તેઓ નારરકાયુષ યાવત્-દેવાયુષ ન બાંધે.

હે ભગવન્ ! પરંપરનિર્ગત નારકો શું નારકાયુષ બાંધે-ઈત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ! તેઓ ચારે બાંધે હે ભગવન્ ! અનન્તરપરંપરનિર્ગત નારકો શું નારકાયુષ બાંધે ? ઈત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ! એએકે ન બાંધે.એ પ્રમાણે સમગ્ર યાવદ્-વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્ ! નૈરયિકો શું અનન્તરખેદોપપન્ન છે, પરંપરાખેદોપપન્ન છે કે અનન્તરપરંપરખેદાનુપપન્ન છે ? હે ગૌતમ! એ નૈરયિકો ત્રણે પ્રકારના છે. એ પ્રમાણે એ અભિલાપથી પૂર્વ પ્રમાણે ચાર દંડકો કહેવા"હે ભગવન્ ! તે એમજ છે, હે ભગવન્ ! તે એમજ છે', એમ કહી (ભગવાન્ ગૌતમ) યાવદ્-વિહરે છે.

**શતકઃ૧૪-ઉદ્દેસઃ૧ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેશકઃ૨

[૬૦૦]હે ભગવન્ ! કેટલા પ્રકારનો ઉન્માદ કહ્યો છે ? હે ગૌતમ! બે પ્રકારનો. યક્ષના આવેશરુપ, અને મોહનીયકર્મના ઉદયથી થયેલો. તેમાં જે યક્ષવેશરુપ ઉન્માદ છે તે સુખપૂર્વક વેદી શકાય અને સુખપૂર્વક મૂકી શકાય તેવો છે, અને તેમાં જે મોહનીયકર્મના ઉદયથી થયેલો ઉન્માદ છે તે દુઃખપૂર્વક વેદવા લાયક અને દુઃખપૂર્વક મૂકી શકાય તેવો છે. હે ભગવન્ ! નૈરયિકોને કેટલા પ્રકારનો ઉન્માદ કહ્યો છે ? હે ગૌતમ! બે પ્રકારનો પૂર્વવત્ હે ભગવન્ ! આપ એમ શા હેતુથી કહો છો ? હે ગૌતમ! દેવ તે નૈરયિકના ઉપર અશુભ પુદ્ગલોનો પ્રક્ષેપ કરે અને તે અશુભ પુદ્ગલોના પ્રક્ષેપથી તે નારક યક્ષાવેશરુપ ઉન્માદને પ્રાપ્ત થાય અને મોહનીય કર્મના ઉદયથી મોહનીયજન્ય ઉન્માદને પામે, માટે હે ભગવન્ અસુરકુમારોને કેટલા પ્રકારનો ઉન્માદ કહ્યો છે ? હે ગૌતમ! નૈરયિકની પેઠે યાવત્ બે પ્રકારનો.પરન્તુ વિશેષ એ છે કે તેનાથી મહર્દ્ધિક-દેવ તેના ઉપર અશુભ પુદ્ગલોનો પ્રક્ષેપ કરે, તે થી તે યક્ષાવેશરુપ ઉન્માદને પ્રાપ્ત થાય. અથવા મોહનીયકર્મના ઉદયથી મોહનીયજન્ય ઉન્માદને પ્રાપ્ત થાય. બાકી બધું પૂર્વ પ્રમાણે પ્રમાણે યાવત્-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્તનિતકુમાર સુધી જાણવું. પૃથિવીકાયિકથી આરંભી યાવત્ મનુષ્યોને નૈરયિકની પેઠે જાણવું.જેમ અસુરકુમારોનેકહ્યું તેમવાનવ્યંતર,જ્યોતિષિકઅનેવૈમાનિક-વિશે જાણવું.

[૬૦૧]હે ભગવન્ ! શું એમ છે કે કાલે વરસનાર પર્જન્ય(મેઘ) વૃષ્ટિકાય ને વરસાવે ? હા, ગૌતમ! વૃષ્ટિ કરે. હે ભગવાન્ ! જ્યારે દેવેન્દ્રશક્ર વૃષ્ટિ કરવાની ઈચ્છાવાળો હોય ત્યારે તે વૃષ્ટિ કેવી રીતે કરે ? હે ગૌતમ! શક્ર અભ્યન્તરપરિષદના દેવોને બોલાવે છે અને દેવો મધ્યમપરિષદના દેવોને બોલાવે છે, તે દેવો બહારની પરિષદના દેવોને બોલાવે છે, તે દેવો બહારબહારના દેવોને બોલાવે છે, અને તે દેવો આભિયોગિક દેવોને બોલાવે છે, દેવો વૃષ્ટિકાયિક દેવોને બોલાવે છે, પછી તે બોલાવેલ વૃષ્ટિકાયિક દેવો વૃષ્ટિ કરે છે ? એ પ્રમાણે અસુરકુમારદેવો વૃષ્ટિ કરેછે. એ પ્રમાણે નાગકુમાર યાવત્-સ્તનિત કુમારોસુધીજાણવું.વાનવ્યંતરજ્યોતિષિકઅનેવૈમાનિકસબન્ધેપણએ પ્રમાણે જાણવું.

[૬૦૨]હે ભગવન્ ! દેવેન્દ્ર અને દેવના રાજા ઈશાન જ્યારે તમસ્કાયને કરવાને ઈચ્છે ત્યારે તે તેને કેવી રીતે કરે ? હે ગૌતમ! ત્યારે દેવેન્દ્ર અને દેવના રાજા ઈશાન અભ્યન્તર પરિષદના દેવોને બોલાવે છે, દેવોયાવત્-બોલાવેલા તે આભિયોગિક દેવો તમસ્કાયિક દેવોને બોલાવે છે, અને ત્યાર પછી બોલાવેલ તે તમસ્કાયિક દેવો તમસ્કાય કરે છે, હે ગૌતમ! એ પ્રમાણે દેવેન્દ્ર અનેદેવના રાજા ઈશાન તમસ્કાય કરે છે.હે ભગવન્ ! શું એમ છે કે અસુરકુમાર દેવો પણ તમસ્કાયને કરે ? હે ગૌતમ! હા, કરે છે હે ભગવન્ ! અસુરકુમાર દેવો શા હેતુથી તમસ્કાય કરે છે ? હે ગૌતમ! ક્રીડા કે રતિનિમિત્તે, શત્રુને મોહપમાડવા નિમિત્તે, છુપાવેલા દ્રવ્યને સાચવવા નિમિત્તે અથવા પોતાના શરીરને ઢાંકી દેવા નિમિત્તે એ પ્રમાણે યાવત્ વૈમાનિકો સુધી જાણવું. 'હે ભગવન્ ! તે એમજ છે'એમ કહી યાવદ્ (ભગવાન્ ગૌતમ) વિહરે છે.

જૈનસાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**શતકઃ૧૪-ઉદ્દેસાઃ૨ ની મુનિદીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેશકઃ ૩

[૬૦૩]હે ભગવન્ ! મહાકાય-મોટા પરિવારવાળો અને મોટા શરીરવાળો દેવ ભાવિતાત્મા અનગારની વચ્ચે થઈને જાય ? હે ગૌતમ! કેટલા એક દેવ જાય, અને કેટલા એક દેવ ન જાય. હે ભગવન્ ! આપ એમ શા હેતુથી કહો છો? હે ગૌતમ! દેવો બે પ્રકારના કહ્યા છે,-માયીમિથ્યા દૃષ્ટિઉપપન્ન અને અમાયીસમ્યગ્દૃષ્ટિઉપપન્ન, તેમાં જે માયી મિથ્યાદૃષ્ટિઉપપન્ન દેવો છે તે ભાવિતાત્મા અનગારને જુએ છે અને જોઈને વાંદતો નથી, નમતો નથી, સત્કાર કરતો નથી, સન્માન કરતો નથી, અને કલ્યાણરુપ અને મંગલભૂત દેવચૈત્યની પેઠે યાવત્-તેની પર્યુપાસના કરતો નથી, તેથી તે દેવ ભાવિતાત્મા અનગારની વચ્ચે થઈને જાય. તેમાં જે અમાયીસમ્યગ્દૃષ્ટિઉપપન્ન દેવો છે, તે ભાવિતાત્મા અનગારને જુએ છે, જોઈને વાંદે છે, નમે છે, યાવત્-તેની પર્યુપાસના કરે છે, તેથી તે ભાવિતાત્મા અનગારની વચ્ચે થઈને ન જાય હે ભગવન્ ! ઘણાં પરિવારવાળા અને મહાશરીરવાળા અસુરકુમારો ઈત્યાદિ પ્રશ્ન પૂર્વવત્ જાણવું. એ પ્રમાણે યાવત્ વૈમાનિકો સુધી કહેવો. હે ભગવન્ ! નારકોમાં સત્કાર, સન્માન કૃતિકર્મ,અંજલિકરણ આસનાભિગ્રહ,આસનાનુપ્રદાન, ઈત્યાદિ વિનય છે ? હે ગૌતમ! એ અર્થ સમર્થ-

[૬૦૪]હે ભગવન્ ! અસુરકુમારોમાં સત્કાર, સન્માન વગેરે વિનય છે ? હે

ગૌતમ! હા છે. એ પ્રમાણે યાવત્-સ્તનિતકુમારો સુધી જાણવું. જેમ નૈરયિકોને કહ્યું તેમ પૃથિવીકાયિકથી આરંભી યાવત્-ચતુરિન્દ્રિય જીવો સંબન્ધે પણ જાણવું. હે ભગવન્ ! પંચેન્દ્રિયતિર્યંચયોનિકોમાં સત્કાર, ઈત્યાદિ વિનય હોય છે ? હે ગૌતમ! હા, હોય છે. પરન્તુ આસનાભિગ્રહ- આસનાનુપ્રદાન-ઈત્યાદિ વિનય હોતો નથી. મનુષ્યો અને યાવદ્ વૈમાનિકોને જેમ અસુરકુમારને કહ્યું તેમ કહેવું.

[૬૦૫]હે ભગવન્ ! અલ્પ ઋદ્ધિવાળો દેવ મહા ઋદ્ધિવાળા દેવની વચ્ચે થઈ જાય? હેગૌતમ! એ અર્થ સમર્થ- નથી. સમાન ઋદ્ધિવાળો દેવ સમાન?દ્ધિવાળા દેવની વચ્ચે થઈને જાય ? હે ગૌતમ! એ અર્થ યથાર્થ નથી. પણ જો તે પ્રમત્ત હોય તો તેની વચ્ચે થઈને જાય. શું શસ્ત્રથી પ્રહાર કરીને જવા સમર્થ થાય કે પ્રહાર કર્યા સિવાય હે ગૌતમ! શસ્ત્રપ્રહાર કરીને જવા સમર્થ થાય, પણ પ્રહાર કર્યા સિવાય જવા સમર્થ ન થાય. હે ભગવન્ ! શું તે પ્રથમ શસ્ત્રપ્રહાર કરે અને પછી જાય કે પહેલાં જાય ને પછી શસ્ત્રપ્રહાર કરે ? ઈત્યાદિ આ પ્રકારના અભિલાપથી દશમ શતકના આત્મર્દ્ધિક; ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે સમગ્રપણે ચાર દંડકો કહેવા.

[૬૦૬]હે ભગવન્ ! રત્નપ્રભાપૃથિવીના નારકો કેવા પ્રકારના પુદ્ગલપરિણામને અનુભવતા વિહરેછે ? તેઓ અનિષ્ટ, યાવત્-મનને નહિ ગમતાં પુદ્ગલપરિણામને અનુભવતા વિહરેછે. એ પ્રમાણે યાવત્-સાતમી નરકપૃથિવીના નારકો સુધી જાણવું. એ રીતે યાવત્-વેદનાપરિણામને પણ અનુભવે છે-ઈત્યાદિ જેમ જીવાભિગમ સૂત્રના બીજા નૈરયિક ઉદ્દેશકમાં કહ્યું છે તે પ્રમાણે અહિં કહેવું. યાવત્- હે ભગવન્ ! સાતમી નરપૃથિવીના નૈરયિકો કેવા પ્રકારના પરિગ્રહસંજ્ઞાપરિણામને અનુભવ છે ? હે ગૌતમ! તેઓ અનિષ્ટ, યાવત્-મનને નહિ ગમતા પરિગ્રહસંજ્ઞા પરિણામનો અનુભવ કરતા વિહરે છે. 'હે ભગવન્ ! તે એમજ છે, હે ભગવન્ ! તે એમજ છે.

**શતકઃ૧૪-ઉદ્દેસઃ૩ ની મુનિ દીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેશકઃ૪

[૬૦૭]હે ભગવન્ ! આ પુદ્ગલ અનન્ત-અને શાશ્વત અતીતકાલને વિષે એક સમય સુધી રુક્ષસ્પર્શવાળો, એક સમય સુધી અરુક્ષ સ્નિગ્ધસ્પર્શવાળો, તથા એક સમય સુધી રુક્ષ અને સ્નિગ્ધ-બંને પ્રકારના સ્પર્શવાળો હતો ? અને પૂર્વ કરણ-અને વિસ્રાકરણથી અનેક વર્ણવાળા અને અનેકરુપવાળા પરિણામરુપે પરિણત થયો હતો ? હવે તે અનેક વર્ણાદિપરિણામ ક્ષીણ થાય ત્યાર પછી તે પુદ્ગલ એકવર્ણવાળો અને એકરુપવાળો હતો ? હા ગૌતમ! આ પુદ્ગલ અતીતકાલને વિષે-ઈત્યાદિ યાવત્-'એકરુપવાળો હતો'-ત્યાં સુધી સમગ્ર પાઠ કહેવો.

[૬૦૮]હે ભગવન્. આ પુદ્ગલ શાશ્વત વર્તમાન કાળને વિષે પ્રશ્ન પૂર્વપ્રમાણે ઉત્તર જાણવો, એ પ્રમાણે અનાગતકાલ સંબન્ધે પણ જાણવું. હે ભગવન્ . અનન્ત- અને શાશ્વત અતીતકાલને વિષે પુદ્ગલસ્કન્ધ વિશે પ્રશ્ન. એ પ્રમાણે જેમ પુદ્ગલસંબન્ધે કહ્યું તેમ સ્કન્ધસંબન્ધે પણ જાણવું. હે ભગવન્ ! આ જીવ અનન્ત-અપરિમિત અને શાશ્વત અતીતકાલને વિષે એક સમય દુઃખી, એક સમય અદુઃખી-સુખી, તથા એક સમય દુઃખી કે સુખી હતો ? અને પૂર્વ કરણથી-અનેક પ્રકારના સુખિપણું અને દુઃખિપણું-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઈત્યાદિ ભાવવાળા, અને અનેકરુપવાળા પરિણામરુપે પરિણત થયો હતો ? ત્યારપછી વેદવા લાયક જ્ઞાનાવરણાદિ કર્મની નિર્જરા થયા બાદ જીવ એકભાવવાળો અને એકરુપ વાળો હતો ? હા, ગૌતમ! આ જીવ યાવત્-એક રુપવાળો હતો. એ પ્રમાણે શાશ્વત એવા વર્તમાનસમયસંબન્ધે તથા અનન્ત અને શાશ્વત ભવિષ્યકાલ સંબન્ધે પણ જાણવું

[૬૦૯]હે ભગવન્ ! પરમાણુપુદ્ગલ શાશ્વત છે કે અશાશ્વત છે ? હે ગૌતમ! તે કથંચિત્ શાશ્વત છે અને કથંચિત્ અશાશ્વત્ છે. હે ભગવન્ ! આપ એમ શા હેતુથી કહો છો ? હે ગૌતમ! દ્રવ્યાર્થરુપે તે પરમાણુપુદ્ગલ શાશ્વત છે, અન વર્ણપર્યાયવડે યાવત્-સ્પર્શપર્યાયવડે અશાશ્વત છે, માટે તે હેતુથી હે ગૌતમ! એમ કહ્યું છે

[૬૧૦]હે ભગવન્ ! શું પરમાણુપુદ્ગલ ચરમ છે કે અચરમ છે ? હે ગૌતમ! દ્રવ્યની અપેક્ષાએ ચરમ નથી, પણ અચરમ છે, ક્ષેત્રાદેશથી કાલાદેશથી ભાવાદેશથી કથંચિત્ ચરમ અને કથંચિત્ અચરમ છે.

[૬૧૧]હે ભગવન્ ! પરિણામ કેટલા પ્રકારનો કહ્યો છે ? હે ગૌતમ ! બે પ્રકારનો. જીવપરિણામ અને અજીવપરિણામ. એ પ્રમાણે અહીં (પ્રજ્ઞાપનાનું) પરિણામપદ સંપૂર્ણ કહેવું. 'હે ભગવન્ ! તે એમજ છે, હે ભગવન્ ! તે એમજ છે'-

**શતકઃ૧૪-ઉદ્દેસોઃઃ૪ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેસો-૫

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

[૬૧૨]હે ભગવન્ ! નારક અગ્નિકાયના મધ્યભાગમાં થઈને જાય ? હે ગૌતમ ! કોઈ એક નારક જાય અને કોઈ એક નારક ન જાય. નૈરયિકો બે પ્રકારના છે. વિગ્રહગતિને પ્રાપ્ત થયેલા, અને અવિગ્રહગતિસમાપન્ન- તેમાં જે વિગ્રહગતિને પ્રાપ્ત થયેલ નારક છે તે અગ્નિકાયના મધ્યમાં થઈને જાય. તે ત્યાં બળે ? આ અર્થ યથાર્થ નથી, કેમકે તેને અગ્નિ રુપ શસ્ત્ર અસર કરતું નથી. તેમાં જે અવિગ્રહગતિને પ્રાપ્ત થયેલ નારક છે તે અગ્નિ કાયની મધ્યમાં થઈને જાય. હે ભગવન્ ! અસુરકુમારો અગ્નિકાયની વચ્ચે થઈને જાય ?- હે ગૌતમ!-ઈત્યાદિ બધું નારકની પેઠે જાણવું. એ પ્રમાણે યાવત્-સ્તનિતકુમારો સુધી જાણવું. એકેન્દ્રિયો સંબન્ધે નૈરયિકની પેઠે જાણવું.

હે ભગવન્ ! બેઈન્દ્રિય જીવો અગ્નિકાયની મધ્યમાં થઈને જાય ? જેમ અસુર કુમારો સંબન્ધે કહ્યું તેમ બેઈન્દ્રિય સંબન્ધે કહેવું. પરન્તુ વિશેષ એ છે કે 'જે બેઈન્દ્રિય અગ્નિ વચ્ચે થઈને જાય, તે ત્યાં બળે ? હા, તે ત્યાં બળે'-એમ કહેવું. યાવત્-ચઉરિન્દ્રિય સુધી જાણવું. હે ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યગ્યોનિક જીવ અગ્નિની વચ્ચે થઈને જાય ?- યાવત્ તેમાં જે વિગ્રહગતિને પ્રાપ્ત થયેલાં પંચેન્દ્રિયતિર્યંચયોનિકો છે તે નૈરયિકોની પેઠે જાણવા, યાવત્-'તેને શસ્ત્ર અસર કરતું નથી.' જે પંચેન્દ્રિયતિર્યંચો અવિગ્રહગતિને પ્રાપ્ત થયેલા છે તે બે પ્રકારના કહ્યા છે, - ઋદ્ધિપ્રાપ્તઅને ઋદ્ધિને અપ્રાપ્ત તેમાં જે પંચેન્દ્રિય તિર્યંચો ઋદ્ધિને પ્રાપ્ત થયેલા છે, તેમાંથી કોઈ એક અગ્નિની વચ્ચે થઈને જાય અને કોઈ એક અગ્નિની વચ્ચે થઈને ન જાય છે. જે અગ્નિ વચ્ચે થઈને જાય છે તે ત્યાં બળે ? એ અર્થ સમર્થ-યથાર્થ નથી, કેમકે તેને શસ્ત્ર અસર કરતું નથી. તેમાં જે પંચેન્દ્રિયતિર્યંચો ઋદ્ધિને પ્રાપ્ત થયેલા નથી તેમાંથી કોઈ એક અગ્નિ વચ્ચે થઈને જાય અને કોઈ એક ન જાય. જે જાય તે બળે ? હા, બળે,એ પ્રમાણે મનુષ્ય સંબન્ધે પણ જાણવું. જેમ અસુરકુમારો સંબન્ધે

કહ્યું, તેમ વાનવ્યંતર, જ્યોતિષિક અને વૈમાનિક સંબન્ધે પણ કહેવું.

[૬૧૩]નારકો દશ સ્થાનોને અનુભવતા વિહરે છે, અનિષ્ટ શબ્દ, અનિષ્ટરુપ, અનિષ્ટગંધ, અનિષ્ટરસ, અનિષ્ટસ્પર્શ, અનિષ્ટગતિ, અનિષ્ટસ્થિતિ, અનિષ્ટ લાવણ્ય અનિષ્ટ યશઃકીર્તિ અને અનિષ્ટ ઉત્થાન, કર્મ, બલ, વીર્ય તથા પુરુષકારકપરાક્રમ. અસુરકુમારો દશ સ્થાનોને અનુભવતા વિહરે છે. ઈષ્ટશબ્દ, ઈષ્ટરુપ, યાવત્- ઈષ્ટ ઉત્થાન, કર્મબલ, વીર્ય અને પુરુષકાર પરાક્રમ-એ પ્રમાણે યાવત્-સ્તનિતકુમારો સુધી જાણવું. પૃથિવિકાયિકો છ સ્થાનોને અનુભવતા વિહરેછે,-ઈષ્ટાનિટસ્પર્શ, ઈષ્ટાનિષ્ટ ગતિ, યાવત્- 'ઈષ્ટાનિષ્ટ પુરુષકાર-પરાક્રમ'-એ પ્રમાણે યાવત્-વનસ્પતિકાયિક સુધી જાણવું, બેઈન્દ્રિય જીવો સાત સ્થાનોને અનુભવતા વિહરે છે, ઈષ્ટાનિષ્ટ રસ-ઈત્યાદિ સમગ્ર એકેન્દ્રિયોની પેઠે અહિં કહેવું. તેઈન્દ્રિય જીવો આઠ સ્થાનોને અનુભવતા વિહરે છે, ઈષ્ટાનિષ્ટ ગન્ધ-ઈત્યાદિ બધું બેઈન્દ્રિયોની પેઠે કહેવું. ચઉરિન્દ્રિય જીવો નવ સ્થાનોને અનુભવતા વિહરે છે, ઈષ્ટાનિષ્ટ રુપ ઈત્યાદિ બધું તેઈન્દ્રિય જીવોની પેઠે જાણવું. પંચેન્દ્રિયતિર્યંચયોનિકો દશ સ્થાનકોને અનુભવતા વિહરેછે, - ઈષ્ટાનિષ્ટશબ્દ-ઈત્યાદિ યાવત્-પારક્રમ.એ પ્રમાણે મનુષ્યો પણ જાણવા. અસુરકુમાર ની જેમ વાનવ્યંતર જ્યોતિષિક વૈમાનિક સંબન્ધે કહેવું.

હે ભગવન્ ! મોટી ઋદ્ધિવાળો યાવત્-મોટા સુખવાળો દેવ બહારના-પુદ્ગલોને ગ્રહણ કર્યા સિવાય તિર્છા પર્વતને તે તિર્છી (પ્રાકારની) ભીંતને ઉલ્લંઘવા સમર્થ થાય ? હે ગૌતમ! એ અર્થ યથાર્થ નથી. હે ભગવન્ ! મોટી ઋદ્ધિવાળો યાવત્-મોટા સુખવાળો દેવ બહાર ના પુદ્ગલોને ગ્રહણ કરી તિર્છા ઉલ્લંઘવા સમર્થ છે ? હા ગૌતમ! સમર્થ છે. 'હે ભગવન્ ! તે એમજ છે, હે ભગવન્ ! તે એમજ છે'-

**શતકઃ૧૪-ઉદ્દેસાઃ:૫ ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

**ઉદ્દેશકઃ ૬**

[૬૧૫]રાજગૃહમાં (ભગવન્ ગૌતમ) આ પ્રમાણે બોલ્યા કે હે ભગવન્ ! નારકો શો આહાર કરે, અને તે શો પરિણામ થાય, તેની યોનિ કેવી હોય, અને તેની સ્થિતિ-નું કારણ શું છે ? હે ગૌતમ! નારકો પુદ્ગલનો આહાર કરે, અને તેનો પુદ્ગલરુપે પરિણામ થાય, પુદ્ગલો એજ તેની યોનિ- છે, પુદ્ગલો એ તેની નરકમાં સ્થિતિનું કારણ છે. તથા તે નારકપણાનું નિમિત્તભૂત કર્મવાળા છે, કર્મપુદ્ગલથી તેઓની સ્થિતિ છે, અને કર્મને લીધે અન્ય પર્યાયને પ્રાપ્ત થાય યાવદ્-વૈમાનિકો .

[૬૧૬]હે ભગવન્ ! નારકો વીચિદ્રવ્યોનો આહાર કરે છે કે અવીચિ દ્રવ્યોનો ? હે ગૌતમ જેનારકો એક પ્રદેશ પણ ન્યૂન દ્રવ્યોનો આહાર કરે છે તેઓ વીચિ દ્રવ્યોનો અહાર કરે છે અને જે નૈરયિકો પરિપૂર્ણ દ્રવ્યોનો આહાર કરે છે. તેઓ અવીચિ દ્રવ્યોનો આહાર કરે છે, એ પ્રમાણે યાવદ્-વૈમાનિકો આહાર કરે છે' ત્યાં સુધી જાણવું.

[૬૧૭]હે ભગવન્ ! દેવોનો ઈન્દ્ર અને દેવોનો રાજા શક્ર જ્યારે ભોગવવા યોગ્ય દિવ્ય ભોગોને ભોગવવાને ઈચ્છે ત્યારે તે તેને તે વખતે કેવી રીતે ભોગવે ? હે ગૌતમ! ત્યારે તે દેવોનો ઈન્દ્ર અને દેવોનો રાજા શક્ર એક મોટું ચક્રના જેવું સ્થાન વિકુર્વે છે, તેની લંબાઈ અને પહોળાઈ એક લાખ યોજનની અને તેની પરિધિ ત્રણ લાખ યાવત્ અર્ધાંગુલ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. તે ચક્રના આકારવાળા સ્થાનની ઉપર બરોબર સમ અને રમણીય ભૂમિભાગ કહેલો છે. યાવત્-'મનોજ્ઞ સ્પર્શ હોય છે.' ત્યાં સુધી જાણવું. તે ચક્રાકારવાળા તે સ્થાનની બરોબર મધ્યભાગે એક મોટો પ્રાસાદાવતંસક- વિકુર્વે છે. તે ઉંચાઈમાં પાંચસો યોજન અને તેનો વિષ્કંભ- અઢીસો યોજનનો છે. તે પ્રાસાદ અત્યંન્ત ઉંચો ઈત્યાદિ પ્રાસાદવર્ણન જાણવું. યાવત્-તે પ્રતિરુપ-સુંદર અને દર્શનીય છે. તથા તે પ્રાસાદાવતંકસકનો-ઉપરનો ભાગ પદ્મ અને લતાઓના ચિત્રામણથી વિચિત્ર અને યાવદ્ દર્શનીય છે.વળી તે પ્રાસાદાવતંસકનોઅંદરનો ભાગ બરાબર સમઅને રમણીય છે,યાવત્-'ત્યાં મણિઓ નો સ્પર્શ હોય છે'- વળી ત્યાં આઠ યોજન ઉંચી એક મણિપીઠિકા છે, અને તે વૈમાનિકોની મણિપીઠિકા જેવી જાણવી. તે મણિપીઠીકાની ઉપર એક મોટી દેવશય્યા વિકુર્વે છે, તે દેવશય્યાનું વર્ણન યાવત્ 'પ્રતિરુપ' છે ત્યાં સુધી કહેવું. ત્યાં શક્ર પોતપોતાના પરિવાર યુક્તઆઠ પટ્ટરાણીઓ સાથેગન્ધર્વાનીક અને નાટ્યાનીક સાથે મોટેથી-વગાડેલા નાટ્ય, ગીત અને વાજિંત્રના શબ્દવડે યાવત્-ભોગવવા યોગ્ય દિવ્ય ભોગોને ભોગવતો વિહરે છે.

હે ભગવન્ ! દેવેન્દ્ર અને દેવનો રાજા ઈશાન દિવ્ય ભોગોને ભોગવવા ઈચ્છે ત્યારે તે કેવી રીતે ભોગવે ? જેમ શક્ર સંબન્ધે કહ્યું તેમ ઈશાન સંબન્ધે પણ સમગ્ર કહેવું. એ પ્રમાણે સનત્કુમારને વિષે પણ જાણવું, પરન્તુ વિશેષ એ છે કે એ પ્રાસાદાવતંસક ઉંચાઈમાં છસો યોજન અને પહોળાઈમાં ત્રણસો યોજન છે. તથા તે મણિપીઠિકાની ઉપર એક મોટું સિંહાસન સપરિવાર-ઈત્યાદિ કહેવું. તેમાં સનત્કુમાર બહોંતર હજાર સામાનિક દેવો સાથે, યાવત્-બે લાખ અઠચાશી હજાર આત્મરક્ષક દેવો સાથે, અને સનત્કુમાર કલ્પમાં રહેનારા ઘણાં વૈમાનિક દેવો અને દેવીઓ સાથે પરિવૃત્ત થઈ યાવત્-વિહરે છે. એ પ્રમાણે જેમ સનત્કુમાર સંબન્ધે કહ્યું, તેમ યાવત્ પ્રાણત તથા અચ્યુત દેવલોક સુધી જાણવું. પરન્તુ વિશેષ એ છે કે, જેનો જેટલો પરિવાર હોય તેનો તેટલો અહિં કહેવો. પોત પોતાના કલ્પના વિમાનોની ઉંચાઈના જેટલી પ્રાસાદની ઉંચાઈ જાણવી. અન ઉંચાઈના અડધા ભાગ જેટલો તેનો વિસ્તાર જાણવો, યાવત્-અચ્યુત દેવલોકનો પ્રાસાદાવતંસક નવસો યોજન ઉંચો છે, અને સાડા ચારસો યોજન પહોળો છે. તેમાં હે ગૌતમ! દેવેન્દ્ર દેવરાજ અચ્યુત દશ હજાર સામાનિક દેવો સાથે યાવદ્-વિહરે છે. બાકી બધું પૂર્વ પ્રમાણે જાણવું. 'હે ભગવન્ ! તે એમજ છે, એમજ છે'-

**શતકઃ૧૪-ઉદ્દેસોઃઃ ૬ની મુનિ દીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેશકઃ૭

[૬૧૮]રાજગૃહમાં યાવત્-પરિષદ્ વાંદીને પાછી ગઈ. "હે ગૌતમ! તું મારી સાથે ઘણાં કાળ સુધી સ્નેહથી બંધાયેલ છે, ઘણા લાંબા કાળથી મારી પ્રશંસા કરી છે, તારો મારી સાથે ઘણા લાંબા કાળથી પરિચય છે, તે ઘણાં લાંબા કાળથી મારી સેવા કરી છે, તું ઘણાં લાંબા કાળથી મને અનુસર્યો છે, હે ગૌતમ! તું ઘણાં લાંબા સંબન્ધે છે,વધારે શું ? પણ મરણ પછી શરીરનો નાશ થવા બાદ અહીંથી આપણે બન્ને સરખા, એકાર્થ-સિદ્ધિક્ષેત્રમાં રહેવાવાળાં) વિશેષતા અને ભેદરહિત થઈશું.

[૬૧૯]હે ભગવન્ ! જેમ આપણે બન્ને આ અર્થને જાણીએછીએ અને જોઈએ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છીએ, તેમ અનુત્તરૌપપાતિક દેવો પણ એ વાતને જાણે છે કે જુએ છે ? હા, ગૌતમ! તેમજ છે. હે ભગવન્ ! એ પ્રમાણે આપ શા હેતુથી કહો છો? ગૌતમ! અનુત્તરૌપપાતિક દેવોએ મનોદ્રવ્યની અનંત વર્ગણાઓ મેળવી છે, પ્રાપ્ત કરી છે, અને વ્યાપ્ત કરી છે, માટે હે ગૌતમ! એમ કહેવાય છે કે તેઓ જાણે છે અને જુએ છે.

[૬૨૦]હે ભગવન્ ! કેટલા પ્રકારે તુલ્ય છે ? હે ગૌતમ ! તુલ્ય છ પ્રકારે. દ્રવ્યતુલ્ય, ક્ષેત્રતુલ્ય, કાલતુલ્ય, ભવતુલ્ય, ભાવતુલ્ય અને સંસ્થાનતુલ્ય. હે ભગવન્ ! દ્રવ્યતુલ્ય એ 'દ્રવ્યતુલ્ય' એમ કહેવાય ? હે ગૌતમ! એક પરમાણુપુદ્‌ગલ બીજા પરમાણુપુદ્‌ગલની સાથે દ્રવ્યથી તુલ્ય છે, પણ પરમાણુંપુદ્રલ પરમાણુપુદ્રલ સિવાયના બીજા પદાર્થ સાથે દ્રવ્યથી તુલ્ય નથી, એ પ્રમાણે દ્વિપ્રદેશિક સ્કન્ધ (બીજા) દ્વિપ્રદેશિક સ્કન્ધની સાથે દ્રવ્યથી તુલ્ય છે, પણ દ્વિપ્રદેશિક સ્કન્ધ દ્વિપ્રદેશિક સ્કન્ધ સિવાયના બીજા પદાર્થ સાથે દ્રવ્યથી તુલ્ય નથી. એ પ્રમાણે યાવત્-તુલ્યઅસં ખ્યાતપ્રદેશિક સ્કન્ધ તથા તુલ્યઅનન્ત પ્રદેશિક સ્કન્ધ સંબન્ધે પણ જાણવું. માટે હે ગૌતમ! તે કારણથી દ્રવ્યતુલ્ય એ 'દ્રવ્યતુલ્ય' કહેવાય છે. હે ભગવન્ ! ક્ષેત્રતુલ્ય એ 'ક્ષેત્ર તુલ્ય' શા કારણથી કહેવાય છે? હે ગૌતમ! આકાશના એક પ્રદેશાવગાઢ પુદ્‌ગલ દ્રવ્ય પ્રદેશમાં રહેલ પુદ્‌ગલદ્રવ્યની સાથે ક્ષેત્રથી તુલ્ય કહેવાય છે, પણ એક પ્રદેશમાં રહેલ પુદ્‌ગલદ્રવ્ય સિવાયના દ્રવ્ય સાથે ક્ષેત્રથી તુલ્ય નથી. એ પ્રમાણે યાવત્ તુલ્યઅસંખ્યાતપ્રદેશાવગાઢ સ્કન્ધ સંબન્ધે પણ જાણવું. માટે તે હેતુથી એ 'ક્ષેત્રતુલ્ય' કહેવાય છે.

હે ભગવન્ ! કાલતુલ્ય એ 'કાલતુલ્ય' શા હેતુથી કહેવાય છે ? હે ગૌતમ! એક સમયની સ્થિતિવાળું પુદ્રલદ્‌ગવ્ય એક સમયની સ્થિતિવાળા પુદ્‌ગલની સાથે કાલની તુલ્ય છે. એક સમયની સ્થિતિવાળું પુદ્‌ગલદ્રવ્ય એક સમયની સ્થિતિ સિવાયના પુદ્‌ગલ દ્રવ્યની સાથે કાલથી તુલ્ય નથી. એ પ્રમાણે યાવત્-જાણવું. તુલ્યઅસંખ્યાત સમયની પુદ્‌ગલદ્રવ્ય સંબન્ધે પણ જાણવું. તે હેતુથી એ પ્રમાણે કાલતુલ્ય એ 'કાલતુલ્ય' કહેવાય છે. હે ભગવન્ ! શા હેતુથી એમ કહેવાય છે કે- ભવતુલ્ય એ 'ભવ તુલ્ય' છે ? હે ગૌતમ! નારક જીવ નારકની સાથે ભવરુપે તુલ્ય છે, નારક નારક સિવાયના બીજા જીવ સાથે ભવરુપે તુલ્ય નથી. તે પ્રમાણે તિર્યચયોનિક, મનુષ્ય અને દેવસંબન્ધે પણ જાણવું. હે ભગવન્ ! શા હેતુથી એમ કહેવાય છે કે-ભાવતુલ્ય એ 'ભાવતુલ્ય' છે ? હે ગૌતમ! હે ભગવન્ ! શા હેતુથી એમ કહેવાય છે કે-ભાવતુલ્ય એ 'ભાવતુલ્ય' છે હે ગૌતમ! એકગુણ કાળાવર્ણવાળું પુદ્‌ગલદ્રવ્ય એકગુણ કાળાવર્ણવાળું પુદ્‌ગલદ્રવ્યની સાથે ભાવથી તુલ્ય છે, પરન્તુ એકગુણ કાળાવર્ણવાળું પુદ્‌ગલદ્રવ્ય એકગુણકાળાવર્ણ સિવાયના બીજા પુદ્‌ગલદ્રવ્ય સાથે ભાવતુલ્ય નથી. એ પ્રમાણે યાવદ્ તુલ્યઅસંખ્યાત ગુણકાળા અને તુલ્યઅનંતગુણકાળા પુદ્‌ગલદ્રવ્ય પણ એ પ્રમાણે જાણવું. જેમ કાળાવર્ણ વાળું પુદ્‌ગલદ્રવ્ય સંબન્ધે કહ્યું, તેમ નીલ (લીલા) રાતા, પીળા અને શુક્લ પુદ્‌ગલદ્રવ્ય સંબન્ધે પણ જાણવું. એ પ્રમાણે સુગંધી, દુર્ગંધી, કટુક યાવદ્ મધુર દ્રવ્ય સંબન્ધે તથા કર્કશ યાવદ્-રુક્ષ પુદ્‌ગલદ્રવ્ય સંબન્ધે જાણવું. ઔદયિક ભાવ ઔદયિક ભાવની સાથે ભાવથી તુલ્ય છે. ઔદયિક ભાવ સિવાયના બીજા ભાવ સાથે ભાવથી તુલ્ય નથી. એ પ્રમાણે ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, તથા પારિણામિક ભાવસંબન્ધે જાણવું. સાંનિપાતિક ભાવ સાંનિપાતિક ભાવની સાથે ભાવથી તુલ્ય છે. તે હેતુથી હે ગૌતમ!

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એમ કહેવાય છે કે ભાવતુલ્ય એ 'ભાવતુલ્ય' છે. હે ભગવન્ ! શા હેતુથી એમ કહેવાય છે કે-સંસ્થાનતુલ્ય એ 'સંસ્થાનતુલ્ય' છે ? હે ગૌતમ! પરિમંડલ સંસ્થાન પરિમંડલ સંસ્થાનની સાથે સંસ્થાનવડે તુલ્ય છે, પરિમંડલસંસ્થાન તે સિવાયના બીજા સંસ્થાનની સાથે સંસ્થાનવડે તુલ્ય નથી. તે પ્રમાણે વૃત્ત, સંસ્થાન, ત્ર્યસ્ર સંસ્થાન, ચતુરસ્ર- અને, આયત-લાંબું સંસ્થાન પણ જાણવું. તથા સમચતુરસ્ર સંસ્થાન સમચુતરસ્ર સંસ્થાનની સાથે સંસ્થાનની તુલ્ય છે, પણ સમચતુરસ્ર સિવાયના બીજાં સંસ્થાનની સાથે સંસ્થા નથી તુલ્ય નથી. એ પ્રમાણે ન્યગ્રોધપરિમંડલ, અને યાવત્-હુંડ સંસ્થાન સુધી જાણવું. તે હેતુથી યાવત્-સંસ્થાનતુલ્ય એ 'સંસ્થાનતુલ્ય' કહેવાય છે.

[૬૨૧]હે ભગવન્. ભક્તપ્રત્યાખ્યાન કરનાર અનગાર મૂર્છિત, યાવત્-અત્યન્ત આસક્ત થઈને આહાર કરે, અને પછી સ્વભાવથી કાલ-મારણાંતિક સમુદ્ઘાત કરે, ત્યારે પછી અમૂર્છિત- અગૃદ્ધ- યાવત્-અનાસક્ત થઈ આહાર કરે ? હા, ગૌતમ! ભક્ત પ્રત્યાખ્યાન કરનાર અનગાર-ઈત્યાદિ પૂર્વ પ્રમાણે આહાર કરે. હે ભગવન્ ! શા હેતુથી એમ કહેવાય છે હે ગૌતમ ! તે પ્રથમ મૂર્છિત છે પછી સ્વભાવ થી અમૂર્છિત થાય છે તે હેતુથી ભક્તપ્રત્યાખ્યાન કરનાર અનગાર પૂર્વ પ્રમાણએ યાવત્ 'આહાર કરે છે.'

[૬૨૨]હે ભગવન્ શું લવસત્તમ દેવો એ લવસત્તમ દેવો છે ? હા ગૌતમ ! હે ભગવન્ ! લવસત્તમ દેવો એ 'લવસત્તમ દેવો' એમ શા હેતુથી કહેવાય છે ? હે ગૌતમ! જેમ કોઈ જુવાન પુરુષ યાવત્-નિપુણ શિલ્પનો જ્ઞાતા હોય, અને તે પાકેલ, લવણાને યોગ્ય થયેલા, પીળાં થયેલા અને પીળીનાળવાળા શાલિ, વ્રીહિ, ગહું જવ ને જવજવ ને એકઠા કરી, મુષ્ટિવડે ગ્રહણ કરી 'આ કાપ્યા' એ પ્રમાણે શીઘ્રતાપૂર્વક નવીન પાણી ચડાવેલ તીક્ષ્ણ દાતરવાડાવડે સાત લવ જેટલા સમયમાં કાપી નાખે, જો તે દેવોનું એટલું આયુષ્ય વધારે હોત તો તે દેવો તેજ ભવમાં સિદ્ધ થાત, યાવત્ સર્વ દુઃખોનો અન્ત કરત. માટે તે હેતુથી એ દેવો 'લવસત્તમ' કહેવાય છે.

[૬૨૩]હે ભગવન્ ! અનુત્તરૌપપતિક દેવો છે ? હા ગૌતમ! છે. હે ભગવન્ ! શા હેતુથી તેઓ 'અનુત્તરૌપપાતિક' એમ કહેવાય છે ? હે ગૌતમ! અનુત્તરૌપપાતિકદેવની પાસે અનુત્તર શબ્દો, યાવત્-અનુત્તર સ્પર્શો હોય છે, માટે. હે ભગવન્ ! કેટલું કર્મ બાકી રહેવાથી અનુત્તરૌપપાતિકદેવપણે ઉત્પન્ન થાય ? હે ગૌતમ! શ્રમણ નિર્ગ્રન્થ છટ્ઠ ભકત વડે જેટલા કર્મની નિર્જરા કરે તેટલું કર્મ બાકી રહેવાથી. અનુત્તરૌપપાતિકદેવપણે ઉત્પન્ન થાય છે. 'હે ભગવન્ ! તે એમજ છે, હે ભગવન્ ! તે એમજ છે'-

**શતકઃ૧૪-ઉદ્દેસોઃઃ ૭ ની મુનિ દીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેશકઃ ૮

[૬૨૪]હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથિવી અને શર્કરાપ્રભા પૃથિવીનું અબાધા વડે- કેટલું અન્તર કહેલું છે ? હે ગૌતમ! અસંખ્યલાખ યોજના હે ભગવન્ ! શર્કરાપ્રભા અને વાલુકાપ્રભા પૃથિવીનું કેટલું અબાધાવડે અંતર કહ્યું છે ? હે ગૌતમ ! પૂર્વવત્ જાણવું એ પ્રમાણે યાવત્-તમા-અને અધઃસપ્તમ-પૃથિવી સુધી જાણવું. હે ભગવન્ ! સાતમી નરક પૃથિવી અને અલોક કેટલું અબાધાવડે અંતર કહ્યું છે ? હે ગૌતમ! અસંખ્ય લાખ યોજન. હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથિવી અને જ્યોતિષિકનું કેટલું અબાધાવડે અંતર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કહ્યું છે- હે ગૌતમ! સાતસો ને નેવું યોજન. હે ભગવન્ ! જ્યોતિષિક અને સૌધર્મ-ઈશાનકલ્પનું કેટલું અન્તર કહ્યું છે ? હે ગૌતમ! અસંખ્યાતા યોજન હે ભગવન્ ! સૌધર્મ-ઈશાન અને સનત્કુમાર-માહેન્દ્રનું કેટલું અંતર કહ્યું છે ? પૂર્વપ્રમાણે જાણવું.

હે ભગવન્ ! સનત્કુમાર-માહેન્દ્ર અને બ્રહ્મલોક કલ્પનું કેટલું અન્તર હોય છે ? પૂર્વ પ્રમાણે જાણવું. બ્રહ્મલોક અને લાંતકકલ્પ વચ્ચે કેટલું અંતર છે ? પૂર્વવત જાણવું. લાંતક અને મહાશુક્ર કલ્પનું કેટલું અંતર હોય છે ? પૂર્વવત્ જાણવું. એ પ્રમાણે મહાશુક્ર કલ્પ અને સહસ્રારનું અન્તર જાણવું. તથા સહસ્રાર અને આનત-પ્રાણતકલ્પોનું, આનત-પ્રાણતકલ્પ અને આરણ-આચ્યુતકલ્પનું, આરણ-અચ્યુતકલ્પ અને ગ્રૈવેયકનું અને ગ્રૈવેયક અને અનુત્તરવિમાનનું અન્તર પૂર્વવત્ જાણવું. હે ભગવન્ ! અનુત્તરવિમાન અને ઈષત્પ્રાગ્ભારા પૃથિવીનું કેટલું અન્તર હોય છે ? હે ગૌતમ! બાર યોજનનું. હે ભગવન્ ઈષત્પ્રાગ્ભારા પૃથિવી અને અલોકનું કેટલું અબાધા વડે અંતર કહ્યું છે ? હે ગૌતમ ! કંઈક ન્યૂન એક યોજન.

[૬૨૫] ભગવન્ ! ગરમીથી પીડિત થયેલો, તૃષાથી હણાયેલો અને દાવાનળની જાળથી બળેલો આ શાલવૃક્ષ કાલમાસે-મરણસમયે કાલ કરી ક્યાં જશે અને ક્યાં ઉત્પન્ન થશે ? હે ગૌતમ! આજ રાજગૃહ નગરમાં શાલવૃક્ષપણે ફરીથી ઉત્પન્ન થશે, અને તે ત્યાં અર્ચિત, વંદિત, પૂજિત, સત્કારિત, સમ્માનિત અને દિવ્ય-પ્રધાનભૂત થશે. તથા સત્યરુપ-સત્યાવપાત-જેનું પ્રતિહારિપણું સાંનિધ્ય કર્યું છે એવો, તથા જેની પીઠ-ચોતરો લીંપેલો અને ધોળેલો છે એવો તે થશે. હે ભગવન્ ! ત્યાંથી મરણ પામી ક્યાં જશે અને ક્યાં ઉત્પન્ન થશે ? હે ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે, તથા યાવત્-સર્વ દુઃખોનો અન્ત કરશે. હે ભગવન્ ! સૂર્યની ગરમીથી હણાયેલ, તૃષાથી પીડિત થયેલ તથા દાવાનળની જાળથી બળેલી આ શાલયષ્ટિકાશાલવૃક્ષની નાની શાખાઓ કાલ માસે -મરણ સમયે કાલ કરી ક્યા જશે અને ક્યાં ઉત્પન્ન થશે ? હે ગૌતમ! આ જ જંબૂદ્વીપના ભારતવર્ષમાં વિન્ધ્યાચલની તળેટીમાં 'માહેશ્વરી'નગરીમાં તે શાલ્મલી વૃક્ષરુપે ઉત્પન્ન થશે, અને તે ત્યાં અર્ચિત, વંદિત અને પૂજિત થશે, તથા યાવત્-તેનો ચોતરો લીંપેલો, ધોળેલો અને પૂજિત થશે. હે ભગવન્ ! તે ત્યાંથી મરણ પામી ક્યાં જશે અને ક્યાં ઉત્પન્ન થશે ? ઈત્યાદિ બધું શાલવૃક્ષની પેઠે જાણવું.

[૬૨૬]હે ભગવન્ ! ગરમીથીહણાયેલી, તૃષાથીપીડાયેલ અને દવાગ્નિથી બળી ગયેલ આ ઉંબરવૃક્ષની શાખા મરણસમયે કાલ કરી ક્યાં જશે, ક્યાં ઉત્પન્ન થશે ? હે ગૌતમ! તે આજ જંબૂદ્વીપના ભારતવર્ષમાં પાટલિપુત્ર નામના નગમાં પાટલિવૃક્ષપણે ઉત્પન્ન થશે અને ત્યાં તે અર્ચિત, વંદિત અને યાવત્-પૂજનીય થશે. તે ત્યાંથી મરણ પામી ક્યાં જશે, ક્યાં ઉત્પન્ન થશે ? એ બધું પૂર્વની પેઠે જાણવું, તે કાલે, તે સમયે અંબડ પરિવ્રાજકના સાતમો શિષ્યો ગ્રીષ્મકાળના સમયને વિષે વિહાર કરતા-ઈત્યાદિ બધું ઉવવાઈ માં કહ્યા પ્રમાણે અહિં કહેવું. યાવત્-'તેઓ આરાધક થયા'-

[૬૨૭]હે ભગવન્ ! ઘણાં માણસો પરસ્પર આ પ્રમાણે કહે છે કે, અંબડ પરિવ્રાજક કાંપિલ્યપુર નગરમાં સો ઘેર જમે છે' ઈત્યાદિ બધું ઔપપાતિક સૂત્રમાં કહ્યા પ્રમાણે જાણવુ યાવત્ દૃઢપ્રતિજ્ઞાની પેઠે યાવત્-'સર્વ દુઃખોનો અન્ત કરશે.'

[૬૨૮]હે ભગવન્ ! શું એમ છે કે અવ્યાબાધ દેવો એ 'અવ્યાબાધ દેવો' (કહેવાય

છે ? હા ગૌતમ! એમ છે. હે ભગવાન્ ! શા હેતુથી એમ કહેવાય છે ? એક એક અવ્યાબાધ દેવ એક એક પુરુષની એક એક પાંપણ ઉપર દિવ્ય દેવર્ધિ, દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવાનુભાવ અને દિવ્ય નાટ્યવિધિને બતાવી શકવા સમર્થ છે, પરન્તુ તે પુરુષને સ્વલ્પ દુઃખ થવા દેતો નથી, તેમ તેના અવયવનો છેદ પણ કરતો નથી. એવી સૂક્ષ્મતાપૂર્વક બતાવી શકે છે, તે હેતુથી કહેવાય છે. એ 'અવ્યાબાધ'

[૬૨૯]હે ભગવન્ ! દેવના ઈન્દ્ર અને દેવના રાજા શક્ર(કોઈ) પુરુષના માથાને હાથવડે કાપી નાખી કમંડલુમાં નાખવા સમર્થ છે ? હા, સમર્થ છે. તે તે વખતે કમંડલમાં કેવી રીતે નાંખે ? તે શક્ર માથાને છેદીને, ભેદી ભેદીને, કૂટી કૂટીને અને ચૂર્ણ કરી કરીને કમંડલુમાં નાંખે, અને ત્યાર પછી તુરતજ મેળવે- એટલું સૂક્ષ્મ કરી કમંડલમાં નાંખે, તેના અવયવોનો છેદ કરે તો પણ તે પુરુષને જરા પણ પીડા ઉત્પન્ન ન થાય.

[૬૩૦]હે ભગવન્!શું એમ છે કે તે જૃંભક દેવો તે જૃંભક(સ્વચ્છન્દચારી)દેવોછે ? હા, ગૌતમ! એમ છે. હે ભગવન્ ! ક્યા હેતુથી હે ગૌતમ! હંમેશા પ્રમોદવાળા, અત્યન્ત ક્રીડાશીલ, કંદર્પને વિષે રતિવાળા અને મૈથુન સેવવાના સ્વભાવવાળા હોયછે,જે તે દેવો-ને ગુસ્સે થયેલો જુએ છે, તે પુરુષો ઘણો અપયશ પામે છે, તથા જેઓ તે દેવોને તુષ્ટ થયેલા જુએ છે તેઓ ઘણો યશ પામે છે, માટે હે ભગવન્ . જૃંભક દેવો કેટલા પ્રકારના કહ્યા છે ? હે ગૌતમ! દશ પ્રકારના. અન્નજૃંભક, પાનજૃંભક, વસ્ત્રજૃંભક, ગૃહજૃંભક, શયનજૃંભક, પુષ્પજૃંભક, વિદ્યાજૃંભક, અને અવ્યક્ત જૃંભક. તેઓ ચિત્ર, વિચિત્ર, યમક અને સમક પર્વતોમાં તથા કાંચનપર્વતોમાં વસે છે. હે ભગવન્ ! જૃંભક દેવોની સ્થિતિ કેટલા કાળની કહી છે ? હે ગૌતમ! એક પલ્યોપમની. 'હે ભગવન્ ! તે એમજ છે, હે ભગવન્ ! તે એમજ છે'-એમ કહી ભગવાન્ ગૌતમ યાવદ્ વિહરે છે.

**શતકઃ૧૪-ઉદ્દેસાઃ ૮ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેસા-૯

[૬૩૧]હે ભગવન્ ! ભાવિતાત્મા અનગાર જે પોતાની કર્મ લેશ્યને જાણતો નથી, અને જોતો નથી. તે સરુપી-સશરીરી અને કર્મ-લેશ્યાસહિત જીવને જાણે અને જુએ ? હા, ગૌતમ! તેમજ છે. હે ભગવન્ ! રુપી- સકર્મલેશ્ય- પુદ્ગલસ્કન્ધો પ્રકાશિત થાય છે. ? હા, ગૌતમ! તેવા પુદ્ગલસ્કન્ધો પ્રકાશિત થાય છે. હે ભગવન્ ! રુપવાળા અને કર્મને યોગ્ય અથવા કર્મસંબન્ધી લેશ્યાના જે પુદ્ગલો પ્રકાશિત થાય છે, યાવત્ પ્રભાસિત થાય છે તે કેટલા છે ? હે ગૌતમ! ચંદ્ર અને સૂર્યના વિમાનોથી જે આ બહાર નીકળેલી લેશ્યાઓ છે તેઓ અવભાસિત થાય છે, પ્રભાસિત થાય છે, એ પ્રમાણે હે ગૌતમ! એ બધા રુપયુક્ત, કર્મને યોગ્ય લેશ્યાવાળા પુદ્ગલો પ્રકાશિત થાય છે.

[૬૩૨]હે ભગવન્ ! શું નૈરયિકોનું આત્ત-સુખકારક પુદ્ગલો હોય છે કે અનાત્ત-દુઃખકારક પુદ્ગલો હોય છે ? હે ગૌતમ! તેઓને આત્ત પુદ્ગલો નથી પણ અનાત્ત પુદ્ગલો હોય છે. હે ભગવન્ ! શું અસુરકુમારને આત્ત-સુખકારક પુદ્ગલો હોય છે કે અનાત્ત પુદ્ગલો હોય છે ? હે ગૌતમ! તેઓને આત્ત પુદ્ગલોહોય છે, પણ અનાત્ત પુદ્ગલો હોતા નથી. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમાર સુધી જાણવું. હે ભગવન્ ! શું પૃથિવીકાયિકોનો પ્રશ્ન હે ગૌતમ! તેઓને આત્ત પુદ્ગલો પણ હોય છે, અને અનાત્ત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પુદ્ગલો પણ હોય છે. એ પ્રમાણે યાવત્-મનુષ્યો સુધી જાણવું. વાનવ્યંતર, જ્યોતિષિક અને વૈમાનિકોને અસુરકુમારોની પેઠે જાણવું. હે ભગવન્ ! શું નારકોને હે ગૌતમ! તેઓને ઈષ્ટ પુદ્ગલો હોતા નથી, પણ અનિષ્ટ પુદ્ગલો હોય છે. જેમ આત્ત પુદ્ગલો સંબન્ધે કહ્યું, તેમ ઈષ્ટ, કાંત પ્રિય અને મનોજ્ઞ પુદ્ગલો સંબન્ધે પણ કહેવું. વળી એ પ્રમાણે અહિં પાંચ દંડક કહેવા.

[૬૩૩]હે ભગવન્ . મહર્દ્ધિક યાવત્-મોટા સુખવાળો દેવ હજાર રુપોને વિકુર્વીને હજાર ભાષા બોલાવા સમર્થ છે ? હા, ગૌતમ! તેમ કરવા સમર્થ છે. હે ભગવન્ ! તે એક ભાષા છે કે હજાર છે ? હે ગૌતમ! તે એક ભાષા છે પણ હજાર ભાષા નથી.

[૬૩૪]તે કાલે, તે સમયે ભગવંત ગૌતમેં તુરંતનો ઉગેલો અને જાસુદના પુષ્પના પુંજ જેવો રાતો બાલસૂર્ય જોયો, તે સૂર્યને જોઈને શ્રદ્ધાવાળા, અને યાવત્-જેને પ્રશ્ન કુતૂહલ ઉત્પન્ન થયું છે એવા ભગવંત ગૌતમ સ્વામી જ્યાં શ્રમણ ભગવંત મહાવીર છે ત્યાં આવ્યા, અને યાવત્-નમીને યાવત્-આ પ્રમાણે બોલ્યા- હે ભગવન્ ! સૂર્ય એ શું છે અને હે ભગવન્ ! સુર્યનો અર્થ શો છે ? હે ગૌતમ! સૂર્ય એ શુભ પદાર્થ છે, અને સૂર્યનો અર્થ પણ શુભ છે. હે ભગવન્ ! સૂર્ય એ શું છે કે એની સૂર્યની પ્રભા એ શું છે ? પૂર્વ પ્રમાણે જાણવું. એ પ્રમાણે છાયા-પ્રતિબિંબ અને લેશ્યા-પ્રકાશના સમૂહ સંબન્ધે પણ જાણવું.

[૬૩૫]ભગવન્ ! જે આ શ્રમણ નિર્ગ્રંથો આર્યપણે વિહરે છે, તેઓ કોની તેજો લેશ્યાને-સુખને અતિક્રમે છે ? હે ગૌતમ! એક માસના પર્યાયવાળો શ્રમણ નિર્ગ્રંથ વાન વ્યંતર દેવોની તેજો લેશ્યાને-સુખને અતિક્રમે છે, બે માસના પર્યાયવાળો શ્રમણનિર્ગ્રંથ અસુરેન્દ્ર સિવાયના ભવનવાસી દેવોની તેજોલેશ્યાને-એ પ્રમાણે ત્રણમાસના પર્યાય વાળો શ્રમણનિર્ગ્રન્થ અસુરકુમાર દેવોની તેજોલેશ્યાને, ચારમાસનાપર્યાયવાળો શ્રમણ નિર્ગ્રન્થ ગ્રહગણ, નક્ષત્ર અને તારારુપ જ્યોતિષિક દેવોની તેજોલેશ્યાને પાંચમાસના પર્યાયવાળો શ્રમણનિર્ગ્રંથ સૌધર્મ અને ઈશાનવાસી દેવોની,સાતમાસનાપર્યાયવાળો શ્રમણનિર્ગ્રન્થ સનત્કુમારઅને માહેન્દ્ર દેવોની,આઠ માસના પર્યાયવાળો શ્રમણ નિર્ગ્રન્થ બ્રહ્મલોક અને લાંતક દેવોની, નવમાસનાપર્યાયવાળો શ્રમણનિર્ગ્રન્થ મહાશુક્ર અને સહસ્રારદેવોની દશમાસનાપર્યાયવાળો શ્રમણ નિર્ગ્રન્થ આનત, પ્રાણત, આરણ અને અચ્યુત દેવોની, અગીયારમાસના પર્યાયવાળો શ્રમણ નિર્ગ્રન્થ ગ્રૈવેયક દેવોની અને બાર માસના પર્યાયવાળો શ્રમણ નિર્ગ્રનથ અનુત્તરૌપપાતિક દેવોની તેજોલેશ્યાને અતિક્રમે છે. ત્યારબાદ શુદ્ધ અને શુદ્ધતર પરિણામવાળો થઈને પછી સિદ્ધ થાય છે, યાવત્-સર્વ દુઃખોનો અન્ત કરે છે. 'હે ભગવન્ ! તે એમજ છે, તે એમજ છે'-એમ કહી યાવદ્ વિહરે છે.

**શતકઃ૧૪-ઉદ્દેસોઃ૯ ની મુનિ દીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેશકઃ૧૦

[૬૩૬]હે ભગવન્ ! કેવલજ્ઞાની જાણે અને જુએ ? હા, જાણે અને જુએ. જેમ કેવલજ્ઞાની છદ્મસ્થને જાણે અને જુએ તેમ સિદ્ધ પણ જીવને જાણે અને જુએ ? હા, ગૌતમ! જાણે અને જુએ. હે ભગવન્ ! કેવલજ્ઞાની આધોવધિકને-જાણે અને જુએ ? હા, ગૌતમ! જાણે અને જુએ. એમ પરમા વધિજ્ઞાનીને પણ જાણે અને જુએ. એ પ્રમાણે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કેવલજ્ઞાની અને સિદ્ધને પણ જાણે, યાવત્- જેમ 'હે ભગવન્ ! કેવજ્ઞાની સિદ્ધને જાણે અને જુએ તેમ સિદ્ધ પણ સિદ્ધને જાણે અને જુએ ? હા, જાણે અને જુએ. હે ભગવન્ ! કેવલજ્ઞાની બોલે અથવા પ્રશ્નો ઉત્તર કહે ? હા, ગૌતમ! કેવલી બોલે અથવા પ્રશ્નનો ઉત્તર કહે. હે ભગવન્ ! તે પ્રમાણે સિદ્ધ પણ બોલે અથવા પ્રશ્નનો ઉત્તર આપે ? હે ગૌતમ! એ અર્થ સમર્થ-યુક્ત નથી, અર્થાત્ સિદ્ધ બોલે નહિ. હે ભગવન્ ! ક્યા હેતુથી એમ કહો છો ? હે ગૌતમ! કેવલજ્ઞાની ઉત્થાન- કર્મ ગમનાદિ ક્રિયા, બલ, વીર્ય અને પુરુષકાર-પરાક્રમ સહિત હોય છે પણ સિદ્ધો ઉત્થાનરહિત, યાવત્-પુરુષકાર-પરાક્રમ રહિત હોય છે, માટે. હે ભગવન્ ! કેવલજ્ઞાની પોતાની આંખ ઉઘાડે અને મીંચે ? હા, ગૌતમ! આંખ ઉઘાડે અને મીંચે, એજ પ્રમાણે શરીરને સંકુચિત કરે અને પ્રસારે, ઊભા રહે, બેસે અને આડે પડખે થાય, તથા શય્યા (વસતિ) અને નૈષધિકી કરે.

હે ભગવન્ ! કેવલી રત્નપ્રભા પૃથિવીને આ 'રત્નપ્રભા પૃથિવી' એ પ્રમાણે જાણે અને દેખે ? હા ગૌતમ! જાણે અને દેખે. હે ભગવન્ ! તે પ્રમાણે સિદ્ધ પણ રત્નપ્રભા પૃથિવીને 'રત્નપ્રભા'-એમ જાણે ને દેખે ? હા ગૌતમ! ભગવન્ ! કેવલજ્ઞાની શર્કરાપ્રભા પૃથિવીને 'શર્કરાપ્રભાપૃથિવી' એ પ્રમાણે જાણે અને દેખે ? પૂર્વ પ્રમાણે જાણવું. એ પ્રમાણે યાવત્-સાતમી નરકપૃથિવી સુધી જાણવું. હે ભગવન્ ! કેવલી સૌધર્મકલ્પને 'સૌધર્મ કલ્પ' એમ જાણે અને દેખે ? હા, ગૌતમ! જાણે અને દેખે. એ પ્રમાણે ઈશાન અને યાવત્ અચ્યુતકલ્પ સુધી જાણવું. હે ભગવન્ ! કેવલજ્ઞાની ગ્રૈવેયકવિમાનને 'ગ્રૈવેયકવિમાન' એ પ્રમાણે જાણે અને દેખે ? પૂર્વ પ્રમાણે જાણવું. એ પ્રમાણે યાવત્-અનુત્તરવિમાન સંબન્ધે પણ જાણવું. હે ભગવન્ ! કેવલજ્ઞાની ઈષત્પ્રાગ્ભારા પૃથિવીને 'ઈષત્પ્રાગ્ભારા પૃથિવી' એ પ્રમાણે જાણે અને દેખે ? એ પ્રમાણે જાણવું. હે ભગવન્ ! કેવલજ્ઞાની પરમાણુંપુદ્ગલને 'પરમાણુપુદ્ગલ' એ પ્રમાણે જાણે અને દેખે ? હા, ગૌતમ! એ પ્રમાણે દ્વિપ્રદેશિક સ્કન્ધ, અને યાવત્-જેમ હે ભગવન્ ! કેવલજ્ઞાની અનન્તપ્રદેશિક સ્કન્ધને 'અનન્તપ્રદેશિક સ્કન્ધ' એમ જાણે અને દેખે તેમ સિદ્ધ પણ અનન્તપ્રદેશિક સ્કન્ધને યાવત્-જુએ ? હા, જાણે અને જુએ. 'હે ભગવન્ ! તે એમજ છે, હે ભગવન્ ! તે એમજ છે'.

**શતકઃ૧૪-ઉદેસોઃઃ૧૦ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

**શતકઃ૧૪-ગુર્જરછાયાપૂર્ણ**

## શતકઃ૧૫

ભગવતી શ્રુતદેવતાને નમસ્કાર. તે કાલે અને તે સમયે શ્રાવસ્તી નામે નગરી હતી. તે શ્રાવાસ્તી નગરીની ઉત્તર-પૂર્વ દિશાએ કોષ્ઠકચૈત્ય હતું. તે શ્રાવસ્તી નગરીમાં આજીવિક મતની ઉપાસિકા હાલાહલ નામે કુંભારણ રહેતી હતી. તે ઋદ્ધિવાળી યાવત્-કોઈથી પરાભવ ન પામે તેવી હતી. તેણે આજીવિકના સિદ્ધાંતનો અર્થ ગ્રહણ કર્યો હતો, અર્થ પૂછ્યો હતો અને અર્થનો નિશ્ચય કર્યો હતો. તેના અસ્થિની મજ્જા પ્રેમ અને અનુરાગવડે રંગાએલી હતી. 'હે આયુષ્મન્ ! આજીવિકાના સિદ્ધાંતરુપ અર્થ તેજ ખરો અર્થ છે અને તેજ પરમાર્થ છે, બાકી સર્વ અનર્થ'- એ પ્રમાણે તે આજીવિકાના સિદ્ધાંતવડે આત્માને ભાવિત કરતી વિહરતી હતી. તે કાલે અને તે સમયે ચોવીશવર્ષના દીક્ષાપર્યાયવાળો મંખલિપુત્ર ગોશાલક હાલાહલા નામે કુંભારણના કુંભકારાપણમાં

જૈન સાઈટ JAINSITE

આજીવિકસંઘવડે પરિવૃતથઈ આજીવિકસિદ્ધાંતવડે આત્માને ભાવિત કરતો વિહરે છે. તે વખતે તે મંખલિપુત્ર ગોશાલકની પાસે અન્ય કોઈ દિવસે આ છ દિશાચરો પૂર્વશ્રુતમાં કહેલા આઠ પ્રકારના નિમિત્ત, (નવમાં) ગીતમાર્ગ અને દશમાં નૃત્યમાર્ગને પોતપોતાની મતિના દર્શનવડે (પૂર્વશ્રુતમાંથી) ઉદ્ધરી મંખલિ પુત્ર સર્વ ભૂતો, સર્વ જીવો અને સર્વ સત્વોને આ છ બાબતના અનતિક્રમણીય ઉત્તર આપે છે, લાભ, અલાભ, સુખ, દુઃખ, જીવિત અને મરણ. ત્યારપછી તે મંખલિપુત્ર ગોશાલક અષ્ટાંગ મહાનિમિત્તના કોઈક એવા ઉપદેશમાત્રવડે શ્રાવસ્તીનગરીમાં અજિન છતાં 'હું જિન છું' એમ પ્રલાપ કરતો. અર્હત્ નહિ છતાં 'હું અર્હત્ છું' એમ મિથ્યા બકવાદ કરતો, કેવલી નહિ છતાં 'હું કેવલી છું' એમ નિરર્થક બોલતો, સર્વજ્ઞ નહિ છતાં 'હું સર્વજ્ઞ છું' એમ મિથ્યા કથન કરતો અને અજિન છતાં જિન શબ્દનો પ્રકાશ કરતો વિચરે છે.

[૬૩૮]ત્યાર બાદ શ્રાવસ્તીનગરીમાં શૃંગાટકના આકારવાળા ત્રિક યાવત્-રાજમાર્ગોને વિષે ઘણાં માણસો પરસ્પર એ પ્રમાણે કહે છે, યાવત્-એમ પ્રરુપે છે કે'હે દેવાનુપ્રિય! એ પ્રમાણે ખરેખર મંખલિપુત્ર ગોશાલક જિન થઈને પોતાને જિન કહેતો, યાવત્-જિન શબ્દનો પ્રકાશ કરતો વિચરે છે, તો એ પ્રમાણે કેમ માની શકાય' ? તે કાલે તે સમયે મહાવીર સ્વામી સમોસર્યા, યાવત્-પર્ષદા (પા) પછી ગઈ તે કાલે-તે સમયે શ્રમણભગવંતમહાવીરના જ્યેષ્ઠ અંતેવાસી ગૌતમગોત્રીય ઈન્દ્રભૂતિ નામે અનગાર યાવત્-છઠ્ઠ છઠ્ઠને પારણે ઈત્યાદિ બીજા શતકના નિર્ગ્રન્થ ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણએ યાવત્-ગોચરી માટે ફરતાં ઘણાં માણસોનો શબ્દ સાંભળે છે, ઘણાં માણસો પરસ્પર આ પ્રમાણે કહે છે કે, 'હે દેવાનુપ્રિય! ખરેખર મંખલિપુત્ર ગોશાલક જિન થઈને પોતાને જિન કહેતો, યાવત્-જિન શબ્દનો પ્રકાશ કરતો વિચરે છે, તો એ પ્રમાણે કેમ માની શકાય' ? ત્યારબાદ ભગવાન ગૌતમ યાવત્-ભાતપાણી દેખાડી યાવત્-પર્યુપાસના કરતા આ પ્રમાણે બોલ્યા-'એ પ્રમાણે ખરેખર હે ભગવન્ ! ઈત્યાદિ પૂર્વોક્ત કહેવું, યાવત્-તે ગોશાલક જિન શબ્દનો પ્રકાશ કરતો વિહરે છે, તો હે ભગવન્ ! એ પ્રમાણે કેમ હોય ? માટે હે ભગવન્ મંખલિપુત્ર ગોશાલકના જન્મથી આરંભીને અન્ત સુધીનો આપનાથી કહેવાયેલો વૃત્તાન્ત સાંભળવા ઈચ્છું છું' 'હે ગૌતમ! જે ઘણાં માણસો પરસ્પર આ પ્રમાણે કહે છે, તે મિથ્યા છે.'એ પ્રમાણે ખરેખર આ મંખલિપુત્રગોશાલકનો મંખલિનામે મંખજાતિનો પિતા હતો. તેને ભદ્રા નામે સ્ત્રી હતી. તે સુકુમાલ હાથપગ વાળી, યાવત્-પ્રતિરુપ-સુંદર હતી. ત્યાર બાદ તે ભદ્રા નામે સ્ત્રી અન્ય કોઈ દિવસે ગર્ભિણી થઈ. તે કાલે અને તે સમયે સરવણ નામે ગામ હતું. તે ઋદ્ધિવાળું, ઉપદ્રવરહિત, યાવત્-દેવલોક સમાન પ્રકાશવાળું અને મનને પ્રસન્નતા આપનાર હતું. તે સરવણ નામે ગામને વિષે ગોબહુલ નામે બ્રાહ્મણ રહેતો હતો. તે ધનિક, યાવત્-કોઈથી પરાભવ ન પામે તેવો અને ઋગ્વેદ-ઈત્યાદિ યાવત્ બ્રાહ્મણના શાસ્ત્રોને વિષે નિપુણ હતો. તે ગોબહુલ બ્રાહ્મણને એક ગોશાલા હતી. તે વખતે તે મંખલિ નામે મંખભિક્ષાચાર અન્ય કોઈ દિવસે ગર્ભિણી એવી ભદ્રા નામે સ્ત્રી સાથે ચિત્રનું પાટીયું હાથમાં લઈ ભિક્ષાચર પણાવડે આત્માને ભાવિત કરતો અનુક્રમે વિચરતો એક ગામથી બીજે ગામ જતો જ્યાં શરવણ નામે સન્નિવેશ-ગ્રામ છે અને જ્યાં ગોબહુલ નામે બ્રાહ્મણની ગોશાલા છે ત્યાં આવ્યો, ત્યાં આવીને ગોબહુલ નામે બ્રાહ્મણની ગોશાલાના એકભાગનું પોતાનું રાચ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રચીલું મૂક્યું, મૂકીને શરવળ નામે ગામમાં ઉચ્ચ, નીચ અને મધ્યમ કુળના ઘર સમુદાય માં ભિક્ષાચર્યા માટે ફરતો રહેવા માટે ચોતરફ સ્થાનની ગવેષણાં કરવા લાગ્યો, કોઈ પણ સ્થળે રહેવાનું સ્થાન નહિ મળતાં તેણે ગોબહુ બ્રાહ્મણની ગોશાળાના એક ભાગમાં વર્ષા ઋતુ માટે આવાસ કર્યો. તે વખતે તે ભદ્રાનામે સ્ત્રીએ પૂરા નવમાસ અને સાડા સાત દિવસ વીત્યા પછી સુકુમાલહાથપગવાળા અને યાવત્-સુન્દર એવા પુત્રને જન્મ આપ્યો. ત્યાર બાદ તે બાળકના માત-પિતાએ અગિયારમો દિવસ વીત્યા પછી યાવદ્-બારમે દિવસે આ આવા પ્રકારનું ગુણયુક્ત અન ગુણનિષ્પન્ન 'ગોશાલક' એવું નામ પાડ્યું. ત્યાર બાદ તે બાળક બાલ્યાવસ્થાનો ત્યાગ કરી વિજ્ઞાનવડે પરિણત મતિવાળો થઈ યૌવનને પ્રાપ્ત થયો અને પોતેજ સ્વતંત્ર ચિત્રપટ હાથમાં લઈ મંખપણાવડે આત્માને ભાવિત કરતો વિહરવા લાગ્યો.

[૬૩૯]તે કાલે અને તે સમયે હે ગૌતમ! મેં ત્રીશ વર્ષ સુધી ગૃહવાસમાં રહીને માતાપિતા દેવગત થયા પછી એ પ્રમાણે- ભાવનાઅધ્યયનને વિશે કહ્યા પ્રમાણે 'માતા પિતા જીવતા દીક્ષા નહિ લઉં' આવો અભિગ્રહ પૂર્ણ થયો જાણી સુવર્ણનો ત્યાગ કરી, બળનો ત્યાગ કરી-ઈત્યાદિ યાવત્-એક દેવદૂષ્ય વસ્ત્રને ગ્રહણ કરી મુંડ-દીક્ષિત થઈને ગૃહસ્થાવાસનો ત્યાગ કરી પ્રવ્રજ્યાનો સ્વીકાર કર્યો. તે વખતે બીજા વર્ષે માસ માસ ક્ષમણ કરતાં કરતાં અનુક્રમે વિહાર કરતાં, એક ગામથી બીજે ગામ જતાં જ્યાં રાજગૃહ નગર છે, જ્યાં નાલંદાનો બાહ્ય ભાગ છે અને જ્યાં તંતુવાય- વણકરની શાળા છે ત્યાં આવ્યો,આવીને યથાયોગ્ય અવગ્રહને ગ્રહણ કરી તંતુવાયની શાળાના એક ભાગમાં વર્ષા ઋતુમાં રહ્યો. ત્યાર બાદ હે ગૌતમ! હું પ્રથમમાસક્ષમણનો સ્વીકાર કરી વિહરવા લાગ્યો.તે સમયેમંખલિપુત્રગોશાલકચિત્રપટ હાથમાંગ્રહણકરીમંખપણાવડે આત્માને ભાવિત કરતો અનુક્રમે વિચરતો, યાવત્- જ્યાં રાજગૃહ નગર છે, જ્યાં નાલંદાનો બાહ્ય ભાગ છે અને જ્યાં વણકરની શાળા છે ત્યાં આવ્યો, ત્યાં આવીને રાજગૃહનગરમાં ઉંચ નીચ અને મધ્યમ કુળમાં આહારને માટે જતો, યાવત્-બીજે ક્યાંય પણ વસતિ નહિ મળતાં તે તંતુયવાયની શાળાના એક ભાગમાં જ્યાં હું રહેલો હતો ત્યાં વર્ષા ઋતુમાં રહેવા માટે આવ્યો. ત્યારબાદ હે ગૌતમ! હું પ્રથમ માસક્ષમણ પારણાને દિવસે તંતુવાય નીશાળા થકી બહાર નીકળી નાલંદાના બહારના ભાગના મધ્ય ભાગમાં થઈ જ્યાં રાજ ગૃહ નગર છે ત્યાં આવ્યો. રાજગૃહ નગરમાં ઉચ્ચ,નીચ અને મધ્યમ કુળમાં યાવત્-આહાર માટે ફરતા મેં વિજયગાથાપતિના ઘરમાં પ્રવેશ કર્યો. તે વખતે તે વિજયનામે ગાથાપતિ મને આવતાં જોયો, મને આવતા જોઈને પ્રસન્ન અને સંતુષ્ટ થઈ તે તુરત આસનથી ઉઠ્યો, ઉઠીને જલદી સિંહાસનથી ઉતરી પાદુકાનો ત્યાગ કરી એક સાડી વાળું ઉત્તરાસંગ કરી, અંજલિવડે હાથ જોડી સાત આઠ પગલાં મારી સામો આવ્યો,મને ત્રણપ્રદક્ષિણા કરી, વંદન અને નમસ્કાર કર્યા,'મને પુષ્કળ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ આહારથી પ્રતિલાભીશ'-એમ વિચારી તે સંતુષ્ટ થયો, પ્રતિલા ભતાં પણ સંતુષ્ટ થયો, પ્રતિલાભ્યા બાદ પણ સંતુષ્ટ થયો, અને ત્યાર પછી તે વિજય ગાથાપતિએ દ્રવ્યની શુદ્ધિથી, દાયકની શુદ્ધિથી અને પાત્રની શુદ્ધિથી તથા ત્રિવિધ-મન, વચન, કાયાની શુદ્ધિથી અને ત્રિકરણ શુદ્ધિથી દાનવડે મને પ્રતિલાભવાથી દેવનું આયુષ બાંધ્યું, સંસાર અલ્પ કર્યો અને તેના ઘરમાં આ પાંચ દિવ્યો પ્રગટ થયાં, તે આ પ્રમાણે-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વસુંધરાનીવૃષ્ટિ, પાંચવર્ણના પુષ્પોનીવૃષ્ટિ, ધ્વજારુપ વસ્ત્રનીવૃષ્ટિ, દેવદુંદુભિનું વાગવું અને આકાશને વિષે 'આશ્ચર્યકારી દાન, આશ્ચર્યકારી દાન'-એવી ઉદ્ઘોષણા. ત્યાર બાદ રાજગૃહ નગરમાં શૃંગાટક-ત્રિકમાર્ગ, યાવત્-રાજમાર્ગમાં ઘણાં માણસો પરસ્પર એમ કહે છે, યાવત્-એવી પ્રરુપણા કરે છે કે 'હે દેવાનુપ્રિય! વિજયગાથાપતિ ધન્ય છે, કૃતાર્થ છે, પુણ્યશાળી છે, કૃતલક્ષણ છે, ઉભય લોક સાર્થક છે અને વિજયગાથ પાપતિનું થી આ પાંચ દિવ્યો પ્રગટ થયા, મનુષ્યસંબન્ધી જન્મ અને જીવિતનું ફલ પ્રશંસનીય છે.' ત્યારબાદ તે મંખલિપુત્ર ગોશાલક ઘણા માણસો પાસેથી આ વાત સાંભળી, અવધારી જેને સંશય અને કુતૂહલ ઉત્પન્ન થયા છે એવો તે વિજયગૃહપતિના ઘેર આવ્યો. આવીને તેણે વિજયગૃહપતિના અને સંતુષ્ટ થઈને તે ગોશાલક જ્યાં હું હતો ત્યાં આવ્યો, ત્યાં આવી મને ત્રણવાર પ્રદક્ષિણા કરી, વંદન નમસ્કાર કરી તેણે આ પ્રમાણે કહ્યું-'હે ભગવન્ ! તમે મારા ધર્માચાર્ય છો અને હું તમારો ધર્મશિષ્ય છું.' તે વખતે હે ગૌતમ! મેં મંખલિપુત્ર ગોશાલકની આ વાતનો આદર ન કર્યો, તેમ સ્વીકાર ન કર્યો, પરન્તુ હું મૌન રહ્યો ત્યાર બાદ ગૌતમ! હું રાજગૃહ નગર થકી નીકળી નાલંદાના બહારના મધ્યભાગમાં થઈ જ્યાં તંતુવાયની શાળા છે ત્યાં આવ્યો, ત્યાં આવી બીજા માસક્ષમણનો સ્વીકાર કરી વિહરવા લાગ્યો. ત્યાર પછી પારણાને વિષે તંતુવાયની શાળાથી નીકળી નાલંદાના બહારના મધ્યભાગમાં થઈ જ્યાં રાજગૃહ નગર છે ત્યાં યાવદ્-ભિક્ષા માટે જતાં આનંદગૃહપતિના ઘેર પ્રવેશ કર્યો. ત્યારબાદ તે આનંદગૃહ પતિ મને આવતો જોઈ-ઈત્યાદિ બધો વૃત્તાંત વિજયગૃહપતિની પેઠે જાણવો, પરન્તુ એટલો વિશેષ છે કે 'મને અનેક પ્રકારની ભોજન વિધિથી પ્રતિલાભીશ'- એમ વિચારી તે આનંદગૃહપતિ સંતુષ્ટ થયો-ઈત્યાદિ, યાવત્-હું ત્રીજા માસક્ષમણનો સ્વીકાર કરી વિહરવા લાગ્યો. ત્યાર બાદ હે ગૌતમ! મેં ત્રીજા માસક્ષમણના પારણાને વિષે તતુંવાય ની શાળાથી બહાર નીકળી યાવત્-ભિક્ષાએ જતાં સુનન્દગૃહપતિના ઘેર પ્રવેશ કર્યો. ત્યારબાદ તેસુનન્દગૃહપતિએ-ઈત્યાદિ સર્વ વૃત્તાન્ત વિજયગૃપતિની પેઠે જાણવો, પરન્તુ એટલો વિશેષ છે કે તેણ મને સર્વકામના ગુણયુક્ત ભોજનવડે પ્રતિલાભ્યો. ત્યાર પછી હું ચોથા માસક્ષમણનો સ્વીકાર કરી વિહરવા લાગ્યો. હવે તે નાલંદાના બાહરના ભાગથી થોડે દૂર એક કોલ્લાકસન્નિવેશ હતો. તે કોલ્લાક સન્નિવેશને વિષે બહુલ નામે બ્રાહ્મણ વસતો હતો. તે ધનિક, યાવત્ કોઈથી પરાભવ ન પામે તેવો હતો, તે ઋગ્વેદ-ઈત્યાદ બ્રાહ્મણોના શાસ્ત્ર તથા રીત-રીવાજમાં કુશળ હતો. ત્યારબાદ તે બહુલ નામે બ્રાહ્મણે કાર્તિક ચાતુર્માસની પ્રતિપદાને વિષે પુષ્કળ મધુ-ખાંડ અને ઘી-સંયુક્ત પર માન્ન-ક્ષીરવડે બ્રાહ્મણોને જમાડ્યા. તે વખતે હે ગૌતમ! હું ચોથા માસક્ષમણના પારણા ને વિષે તંતુવાયની શાળાથી નીકળી નાલંદાના બહારના મધ્ય ભાગમાં થઈને કોલ્લાક નામેસન્નિવેશહતોત્યાં આવ્યો,ત્યાં આવી ઉચ્ચ,નીચ અને મધ્યમ કુળમાં યાવત્-ભિક્ષા ચર્યાએ જતાં મેં બહુલ બ્રાહ્મણના ઘેર પ્રવેશ કર્યો. ત્યાર પછી તે બહુલ બ્રાહ્મણે મને આવાતાં જોયો-ઈત્યાદિ પૂર્વ પ્રમાણે કહેવું. યાવત્-'મને મધુ અને ઘૃત સંયુક્ત પરમાન્ન વડે પ્રતિલાભીશ' એમ ધારી તે સંતુષ્ટ થયો-બાકી બધું વિજયગૃહપતિની પેઠે જાણવું,

ત્યારબાદ મંખલિપુત્રગોશાલકે મને તન્તુવાયની શાળામાં નહિ જોવાથી રાજ ગૃહ નગરની બહાર ને અંદર ચોતરફ મારી ગવેષણા તપાસ કરી, પરંતુ મારી ક્યાંય

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

પણ શ્રુતિ, ક્ષુતિ-શબ્દ કે પ્રવૃત્તિ નહિ મળવાથી જ્યાં તન્તુવાયની શાળા હતી ત્યાં તે ગયો, ત્યાં જઈને તેણે શાટિકા-પાટિકા- કુંડીઓ, ઉપાનહ-અને ચિત્રપટને બ્રાહ્મણોને આપીને દાઢી અને મુંછનું મુંડન કરાવ્યું. ત્યારબાદ તન્તુવાયની શાળા થકી નીકળી નાલંદાના બાહેરની મધ્ય ભાગમાં થઈ જ્યાં કોલ્લાકસન્નિવેશ છે ત્યાં આવ્યો. ત્યારપછી બહારના ભાગમાં ઘણાં માણસો પરસ્પર આ પ્રમાણે કહે છે, યાવત્-પ્રરુપે છે કે-'હે દેવાનુપ્રિયો! બહુલ નામે બ્રાહ્મણ ધન્ય છે'-ઈત્યાદિ પૂર્વ કહ્યા પ્રમાણે કહેવું, તે વખતે ઘણાં માણસો પાસેથી આ વાત સાંભળીને અને અવધારીને મંખલિપુત્ર ગોશાલકને આવા પ્રકારનો આ વિચાર યાવત્-ઉત્પન્ન થયો-'મારા ધર્માચાર્ય અને ધર્મોપદેશક શ્રમણ ભગવન્ મહાવીરને જેવી ઋદ્ધિ, દ્યુતિ-તેજ, યશ, બલ, વીર્ય અને પુરુષકાર-પરાક્રમ લબ્ધ છે, પ્રાપ્ત થયેલ છે, સન્મુખ થયેલ છે, તેવા પ્રકારની ઋદ્ધિ, દ્યુતિ-તેજ, યાવત્-પુરુષકાર-પરાક્રમ અન્ય કોઈ તેવા પ્રકારના શ્રમણ યા બ્રાહ્મણને લબ્ધ, પ્રાપ્ત કે સન્મુખ થયેલ નથી, તે માટે અવશ્ય અહિં મારા ધર્માચાર્ય અને ધર્મોપદેશક શ્રમણ ભગવંત મહાવીર હશે'-એમ વિચારી તે કોલ્લાક સન્નિવેશની બહાર અને અંદર ચોતરફ મારી માર્ગણા અને ગવેષણા કરવા લાગ્યો. ચોતરફ મારી ગવેષણા કરતાં કોલ્લાક સન્નિવેષના બહારના ભાગમાં મનોજ્ઞ ભૂમિને વિષે તે મને મળ્યો. ત્યારબાદ તે મંખલિ પુત્ર ગોશાલક પ્રસન્ન અને સંતુષ્ટ થઈ મને ત્રણવાર પ્રદક્ષિણા કરી યાવત્ નમસ્કાર કરી આ પ્રમાણે બોલ્યો-'હે ભગવન્!તમે મારા ધર્માચાર્ય છો,અને હું તમારો શિષ્ય છું'. ત્યારે હે ગૌતમ! મેં મંખલિપુત્ર ગોશાલકની એ વાતને સ્વીકારી. ત્યારબાદ હે ગૌતમ! હું મંખ લિપુત્રગોશાલકની સાથે પ્રણીતભૂમીને વિષે છ સુધી લાભ,અલાભ,સુખ,દુઃખ, સત્કાર અને અસત્કારનો અનુભવ કરતો અને તેની અનિત્યતા વિચાર કરતો વિહરવા લાગ્યો.

ત્યારબાદ હે ગૌતમ! અન્ય કોઈ દિવસે શરદ કાળના સમયમાં જ્યારે વૃષ્ટિ થતી ન હોતી ત્યારે મેં મંખલિપુત્ર ગોશાલકની સાથે સિદ્ધાર્થ ગ્રામનગરથી કૂર્મગ્રામ તરફ જવા માટે પ્રયાણ કર્યું, સિદ્ધાર્થ ગ્રામનગરની વચ્ચે અહિં એક મોટો તલનો છોડ પત્ર વાળો, પુષ્પવાળો,હરિતપણાથી અત્યંત શોભતો અને શોભાવડે અત્યંત અધિક અધિક દીપતો હતો. હવે તે ગોશાલકે તે તલના છોડને જોયો. જોઈને મને વંદન અને નમસ્કાર કરી કહ્યું કે 'હે ભગવન્ ! આ તલનો છોડ નીપજશે કે નહિ નીપજે ? આ સાત તલના પુષ્પના જીવો મરી મરીને ક્યાં જશે અને ક્યાં ઉપજશે ? હે ગૌતમ! ત્યારે મેં આ પ્રમાણે કહ્યું-'હે ગોશાલક ! આ તલનો છોડ નીપજશે,આ સાત તલના પુષ્પના જીવો મરી મરીને આજ તલના છોડની એક તલફળીને વિષે સાત તલરુપે ઉપજશે.' ત્યારે મારી આ વાતની મંખલિપુત્ર ગોશાલકે શ્રદ્ધા, પ્રતીતિ તેમ રુચિ ન કરી,'મારા નિમિત્તે આ મિથ્યાવાદી થાઓ'-એમ સમજી મારી પાસેથી ધીમે ધીમે ગયો, અને તે તલના છોડને માટીસહિતના મૂળથી ઉખેડી નાંખ્યો, ઉખેડીને તેને એકાન્તે મૂક્યો. હે ગૌતમ! તત્કાલ જ આકાશમાં દિવ્ય વાદળં થયું, અને તે દિવ્ય વાદળ ક્ષણવારમાં જ ગર્જના કરવા લાગ્યું, એકદમ વીજળી ચમકવા લાગી, અને તુરતજ અત્યંત પાણી અને અત્યંત કાદવ ન થાય તેવી થોડા પાણીનાં બિંદુવાળી, રજ અને ધૂળને શાંત કરનાર એવી દિવ્યઉદકની વૃષ્ટિ થઈ. જેથી કરી તે તલનો છોડ સ્થિર થયો, વિશેષ સ્થિર થયો, ઉગ્યો અને બદ્ધમૂળ થઈ ત્યાં જ પ્રતિષ્ઠિત થયો. તે સાત તલ પુષ્પના જીવો મરણ પામી પામીને તેજ તલના છોડની



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તલફળીમાં સાત ઉત્પન્ન થયા.

[૬૪૦]ત્યારબાદ હે ગૌતમ! હું ગોશાલકની સાથે જ્યાં કૂર્મગ્રામ નગરે આવ્યો. તે વખતે તે કૂર્મગ્રામનગરની બહાર વેશ્યાયન નામે બાલતપસ્વી નિરંત છઠ્ઠ છઠ્ઠના તપ કરવાવડે પોતાના બન્ને હાથ ઉંચા રાખી રાખીને સૂર્યના સન્મુખા ઉભો રહી આતાપના ભૂમિને વિષે આતાપના લેતો વિહરતો હતો. સૂર્યના તેજવડે તપેલી યૂકાઓ ચોતરફથી નીકળતી હતી, અને તે સર્વ પ્રાણ, ભૂત, જીવ અને સત્વની દયાને માટે પડી ગયેલી તે યૂકાઓને પાછી ત્યાં ને ત્યાં મૂકતો હતો. હવે તે મંખલિપુત્રગોશાલકે વેશ્યાયન બાલત પસ્વીને જોયો, જોઈને મારી પાસેથી તે ધીમે ધીમે પાછો ગયો. પાછો જઈને વેશ્યાય નબાલતપસ્વીને એ પ્રમાણે કહ્યું- 'શું તમે મુનિ છો કે મુનિક-ચસકેલ છો, કે યૂકાના શય્યાતર છો' ? જ્યારે મંખલિપુત્ર ગોશાલકે બીજી વાર અને ત્રીજી વાર એ પ્રમાણે ક્હયું ત્યારે તે વેશ્યાયન નામે બાલ તપસ્વી એકદમ કુપિત થયો અને યાવત્-ક્રોધે ધમ ધમાયમાન થઈને આતાપનાભૂમિથી નીચે ઉતર્યો. નીચે આવીને તેજસસમુદ્‌ઘાત કરી સાત આઠ પગલા પાછો ખસી મંખલિ પુત્ર ગોશાલકના વધને માટે તેણે શરીરમાંથી તેજોલેશ્યા કાઢી. ત્યારબાદ હે ગૌતમ! મંખલિપુત્ર ગોશાલકના ઉપર અનુકંપાથી વેશ્યા યનબાલતપસ્વીની તેજો લેશ્યાનું પ્રતિસંહરણ કરવા માટે આ પ્રસંગે મેં શીત તેજોલેશ્યા બહાર કાઢી, અને ઉષ્ણ તેજોલેશ્યાનો પ્રતિઘાત કર્યો. ત્યાર પછી તે વેશ્યાયન બાલત પસ્વીએ મારી શીતતેજોલેશ્યાથી પોતાની ઉષ્ણતેજોલેશ્યાને પ્રતિઘાત થયેલો જાણીને અને મંખલિપુત્ર ગોશાલકના શરીરને કંઈ પણ થોડી કે વધારે પીડા અથવા અવયવોનો છેદ નહિ કરાયેલો જોઈને પોતાની ઉષ્ણ તેજોલેશ્યાને પાછી ખેંચી લીધી, તે આ પ્રમાણે બોલ્યા-'હે ભગવન્ ! મેં જાણ્યુ' ત્યાર પછી મંખલિપુત્ર ગોશાલકે મને એ પ્રમાણે કહ્યું કે'હે ભગવન્'! આ યૂકાના શય્યાતર બાલતપસ્વીએ આપને 'હે ભગવન્ ! મેં જાણ્યું, હે ભગ વન્ ! મેં જાણ્યું'-એમ શું કહ્યું ? ત્યારે હે ગૌતમ! ગોશાલકને મેં સમગ્ર વૃતાંત્ કહ્યો. કહ્યું કે- ત્યારબાદ મંખલિપુત્ર ગોશાલકને મેં એ પ્રમાણે કહ્યું-'હે ગોશાલક! જે નખસહિત વાળેલી અડદના બાકળાની મુઠીવડે અને એક વિકટાશય-એક ચુકુલ પાણી વડે નિર-ન્તર છઠ્ઠ છઠ્ઠનો તપ કરી ઉંચા હાથ રાખી રાખીને યાવત્-વિહરે તો તેને છ માસને અન્તે (અપ્રયોગકાળે) સંક્ષિપ્ત અને (પ્રયોગકાળે) વિસ્તીર્ણ એવી તેજોલેશ્યો પ્રાપ્ત થાય.' ત્યાર પછી મંખલિપુત્ર ગોશાલકે મારા આ કથનનો વિનયવડે સારી રીતે સ્વીકાર કર્યો.

[૬૪૨]ત્યારબાદ હે ગૌતમ! અન્ય કોઈ દિવસે મંખલિપુત્ર ગોશાલકની સાથે કૂર્મગ્રામનગરથી સિદ્ધાર્થગ્રામનગર તરફ જવા માટે મેં પ્રયાણ કર્યું. જ્યારે અમે જ્યાં તે તલનો છોડ હતો તે પ્રદેશ તરફ તુરત આવ્યા ત્યારે મંખલિપુત્ર ગોશાલક મને એ પ્રમાણે કહ્યું, 'હે ભગવન્ ! તમે તમને તે વખતે એ પ્રમાણે કહ્યું હતું, યાવત્-એમ પ્રરુપ્યું હતું કે'હે ગોશાલક! આ તલનો છોડ નીપજશે,'ઈત્યાદિ તે મિથ્યા-અસત્ય થયું. 'હે ગોશાલક! તે વખતે એ પ્રમાણે કહેતાં, યાવત્-પ્રરુપણા કરતા મારા એ કથનની તુ શ્રદ્ધા કરતો ન હોતો, પ્રતીતિ કરતો ન હોતો, રુચિ કરતો નહોતો, યાવત્-તેને માટીસહિત ઉખાડીને એકાંત મૂક્યો. હે ગોશાલક! તે વખતે તત્ક્ષણમાં આકાશમાં દિવ્ય વાદળ પ્રગટ થયું, યાવત્-તે તલના છોડની એક તકલીફમાં સાત તલરુપે ઉત્પન્ન થયા છે. તે માટે હે ગોશાલક! તે તલનો છોડ નિષ્પન્ન થયો છે, એ પ્રમાણે ગોશાલકે એ પ્રમાણે કહેતાં યાવત્-પ્રરુપષણા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરતાં મારા આ કથનની શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ ન કરી, જ્યાં તે તલનો છોડ હતો ત્યાં જઈને તેણે તે ગણતાં આવા પ્રકારનો આ સંકલ્પ યાવત્-ઉત્પન્ન થયો કે 'એ પ્રમાણે ખરેખર સર્વ જીવો પણ મરીને તેજ શરીરમાં ઉત્પન્ન થાય છે. હે ગૌતમ! મંખલિપુત્ર ગોશાલકનો આ પરિવર્તવાદ છે. અને હે ગૌતમ! મારી પાસેથી (તેજોલેશ્યાનો ઉપદેશ) ગ્રહણ કરીને મંખલિપુત્ર ગોશાલકનું આ અપક્રમણ છે.

[૬૪૩]ત્યાર પછી મંખલિપુત્ર ગોશાલક નખસહિત અને અડદના બાકુળાની મુઠીવડે અને એક ચુલુક પાણીવડે નિરન્તર છટ્ઠ છટ્ઠનો તપ કરી ઉંચા હાથ રાખી રાખીને વિચરેછે. છ માસને અન્તે સંક્ષિપ્ત અને વિપુલ તેજોલેશ્યા ઉત્પન્ન થઈ.

[૬૪૪]ત્યાર પછી તે મંખલિપુત્ર ગોશાલકને અન્ય કોઈ દિવસે આ છ દિશાચરો આવી મળ્યા.-શાન-ઈત્યાદિ સર્વ પૂર્વોક્ત યાવત્-'જિન નહિ છતાં જિન શબ્દને પ્રકાશિત કરતો તે વિહરે છે' ત્યાં સુધી કહેવું' માટે હે ગૌતમ! મંખલિપુત્ર ગોશાલક ખરી રીતે જિન નથી, પરન્તુ જિનનો પ્રલાપ કરતો, યાવત્-જિન શબ્દનો પ્રકાશ કરતો વિહરે છે. ત્યાર બાદ અત્યન્ત મોટી પર્ષદા શિવરાજર્ષિના ચરિત્રને વિષે કહ્યું છે તેમ વાંદીને પાછી ગઈ ત્યાર પછી શ્રાવસ્તીનગરીમાં શૃંગાટક-ત્રિક માર્ગ, યાવત્-રાજમાર્ગમાં ઘણાં માણસો પરસ્પર યાવત્-પ્રરુપણા કરે છે કે હે 'દેવાનુપ્રિયો! મંખલિપુત્ર ગોશાલક જિન થઈ જિનનો પ્રલાપ કરતો યાવત્ વિહરે છે, તે મિથ્યા-અસત્ય છે. શ્રમણ ભગવાન્ મહાવીર જિન છે, અને જિન પ્રલાપી, યાવત્-જિન શબ્દનો પ્રકાશ કરતા વિહરે છે.' ત્યારબાદ તે મંખલિપુત્ર ગોશા લક ઘણા માણસો પાસેથી આ કથન સાંભળી, વિચારી, અત્યન્ત ગુસ્સે થયો, યાવત્-અતિશય ક્રોધે બળતો તે આતાપનાભૂમિથી નીચે ઉતર્યો, આત્તાપના ભૂમિથી નીચે ઉતરી શ્રાવસ્તીનગરીના મધ્યભાગમાં થઈને જ્યાં હાલાહલા કુંભારણા નો કુંભકા રાપણ-છે ત્યાં આવ્યો,આજી વિકા સંઘવડે સહિત અત્યન્ત અમર્ષને ધારણ કરતો એ પ્રમાણે વિહરવા લાગ્યો.

[૬૪૫]તે કાલે અને તે સમયે શ્રમણ ભગવન્ મહાવીરના શિષ્ય આનન્દ સાથે સ્થવિર પ્રકૃતિના ભદ્ર અને યાવદ્-વિનીત હતા. તે છટ્ઠ છટ્ઠ નિરન્તર તપકર્મ કરવાવડે અને સંયમવડે આત્માવડે ભાવિત કરતા વિહરતા હતા. હવે તે આનંદ સ્થવિરે પારણાને દિવસે પ્રથમ પૌરુષીને વિષે ઈત્યાદિ ગૌતમ સ્વામીની પેઠે રજા માગી, અને યાવત્-ગોચરીએ જતા હાલાહલા કુંભારણના-હાટથી થોડે દૂર ગયા. તે વખતે મંખલિપુત્ર ગોશાલકે હાલાહલા કુંભારણના હાટથી થોડે દૂર જતાં આનન્દ સ્થવિરને જોયા, જોઈને કહ્યું કે 'હે આનન્દ! અહિં આવ, અને એક મારું દૃષ્ટાંત સાંભલ, જ્યારે મંખલિપુત્ર ગો શાલકે એ પ્રમાણે કહ્યું એટલે તે આનન્દ સ્થવિર ત્યાં આવ્યાં.' હે આનન્દ! એ પ્રમાણે ખરેખર આજથી ઘણા કાલ પહેલાં અનેક પ્રકારના ધનના અર્થી, ધનના લોભી, ધનની ગવેષણા કરનારા, ધનના કાંક્ષી અને ધનની તૃષ્ણાવાળા કેટલા એક વણિકો ધન મેળ વવા માટે અનેક પ્રકારના પુષ્કળ-સુંદર ભાંડ-લઈને તથા ગાડી અને ગાડાઓના સમૂહ વડે પુષ્કળ અનાજ અને પાણીરુપ પાથેય ગ્રહણ કરીને એક મોટી ગામરહિત, પાણીના પ્રવાહરહિત, સાર્થાદિકના આગમન રહિત અને લાંબા માર્ગવાળી અટવીમાં પ્રવેશ કર્યો,' ત્યાર પછી તે વણિકોનું પૂર્વે લીધેલું પાણી અનુક્રમે પીતાં પીતાં ખૂટ્યું. ત્યારે તૃષાથી પીડાતા તે વણિકોએ પરસ્પર બોલાવીને આ પ્રમાણે કહયું- આપણે પાણીની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચોતરફ ગવેષણા કરવી શ્રેયસ્કર છે'- એમ વિચાર કરી પાણીની ચોતરફ તપાસ કરી. તેઓને એકમોટું વનખંડ પ્રાપ્ત થયું. જે વનખંડ શ્યામ અને શ્યામ કાન્તિવાળું યાવત્-મહામેઘના સમૂહ જેવું, પ્રસન્નતા ઉત્પન્ન કરનાર અને યાવત્-સુન્દર હતું. તે વનખંડના બરોબર મધ્ય ભાગમાં તેઓએ એક મોટો વલ્મિક-રાફડો જોયો. તે વલ્મિકને સિંહની કેશવાળી જેવા અવયવોવાળઆં ઉંચા તાર તે તીર્છા-વિસ્તીર્ણ, નીચે અર્ધ સર્પના જેવાં, અર્ધ સર્પની આકૃતિવાળાં, પ્રસન્નતા ઉત્પન્ન કરનાર અને યાવત્-સુન્દર હતાં. તે વલ્મિકને જોઈને પ્રસન્ન અને સંતુષ્ટ થયા. તે વલ્મિકને ચાર ઉંચા યાવત્-પ્રતિરુપ-સુન્દર શિખરો છે, તે માટે હે દેવાનુપ્રિયો! આ વલ્મિકનું પહેલું શિખર ફોડવું એ શ્રેયસ્કર છે, કે જેથી આપણે પુષ્કળ ઉત્તમ પાણી પ્રાપ્ત કરીએ'. ત્યાર પછી તે વલ્મિકના પ્રથમ શિખરને ફોડ્યું. તેથી તેઓને ત્યાં સ્વચ્છ, હિતકારક, ઉત્તમ, હલકું અને સ્ફટિકના વર્ણ જેવું, પુષ્કળ અને ઉત્તમ પાણી પ્રાપ્ત થયું. ત્યાર પછી પ્રસન્ન અને સંતુષ્ટ થયેલા તે વણિકોએ પાણી પીધું, અને (બળદ વગેરે) વાહનોને પાણી પાયું, પાત્રો ભર્યાં, બીજી વાર તેઓએ પરસ્પર આ પ્રમાણે કહ્યું, 'હે દેવાનુપ્રિયો! હવે આપણે આ વલ્મિકના બીજા શિખરને ભેદવું શ્રેયસ્કર-યોગ્ય છે, કે જેથી આપણે અહિં ઉદાર અને ઉત્તમ સુવર્ણ પ્રાપ્ત કરીએ' ત્યાર બાદ બીજા શિખરને પણ ફોડ્યું. તેથી તેમાં સ્વચ્છ, ઉત્તમ, તાપને સહન કરનાર મહાઅર્થવાળું-મહાપ્રયોજનવાળું અને મહામૂલ્યવાળું પુષ્કળ ઉત્તમ સુવર્ણ પ્રાપ્ત કર્યું. સુવર્ણને પ્રાપ્ત કરવાથી પ્રસન્ન અને સંતુષ્ટ થયેલા તે વણિકોએ પાત્રો ભર્યાં, પાત્રો ભરીને વાહનો ભર્યા ત્રીજી વાર તેઓ પરસ્પર એ પ્રમાણે બોલ્યા-'હે દેવાનુપ્રિયો! આપણે હવે આ વલ્મિકનું ત્રીજું શિખર પણ ફોડવું શ્રેયસ્કર છે, કે જેથી અહિં ઉદાર એવું મણિરત્ન પ્રાપ્ત કરીએ,' ત્યાર પછી ત્રીજું શિખર પણ ભેદ્યું. તેથી તેઓએ ત્યાં વિમલ નિર્મલ, અત્યન્ત ગોળ, નિષ્કલ-ત્રાસાદિદોષિરહિત, મહાઅર્થ-મહાપ્રયોજનવાળું, મહામૂલ્ય વાળું અને ઉદાર એવું મણિરત્ન પ્રાપ્ત કર્યું. મણિરત્ન પ્રાપ્ત કરવાથી હૃષ્ટ અને સંતુષ્ટ થયેલા તે વણિકોએ પાત્રો ભર્યાં, પાત્રો ભરીને વાહનો ભર્યા, ચોથીવાર પણ એક બીજાને કહ્યું કે 'હે દેવાનુંપ્રિયો! એ પ્રમાણે આપણે હવે આ વલ્મિકના ચોથા શિખરને પણ ભેદવું યોગ્ય છે, કે જેથી આપણે ઉત્તમ, યાવત્ વજ્રરત્ન પ્રાપ્ત કરીએ.' ત્યારપછી તે વણિકોના હિતની ઈચ્છાવાળો, સુખની ઈચ્છાવાળો, પથ્યની ઈચ્છાવાળો, અનુકમ્પાવાળો, નિશ્રેઃ યસ-કલ્યાણની ઈચ્છાવાળો, તેમજ હિત, સુખ અને નિશ્રેઃયસની ઈચ્છાવાળો એક વણિક હતો, તેણે તે વણિકોને એ પ્રમાણે કહ્યું-'હે દેવાનુપ્રિયો! આપણે આ ચોથું શિખર ભેદવું યોગ્ય નથી, કારણકે ચોથું શિખર કદાચ આપણને ઉપદ્રવ કરનાર થાય' ત્યાર તે વણિકોએ તેના કથનમાં શ્રદ્ધા ન કરી, યાવત્-રુચિ ન કરી, તે વલ્મિકના ચોથા શિખરને પણ ભેદ્યું. તેથી તેઓ ત્યા ઉગ્રવિષવાળો, પ્રચંડવિષવાળો, ઘોરવિષવાળો, મહાવિષ વાળો, અતિકાયવાળો, મોટા શરીરવાલો અને મષી તથા મૂષાના સમાન કાળાવર્ણ વાલો, દૃષ્ટિના વિષ અને રોષવડે પૂર્ણ, મષીના ઢગલાના જેવી કાન્તિવાળો, લાલ આંખ વાળો, જેને ચપલ અને સાથે ચાલતી બે જીભો છે એવો, પૃથિવીતલમાં વેણિસમાન, ઉત્કટ સ્પષ્ટ વક્ર જટિલ-કેશવાળીયુક્ત અને વિસ્તીર્ણ ફણાનો આટોપ કરવામાં દક્ષ, આકર-ખાણને વિષે અગ્નિથી તપાવેલા લોઢાના જેવો ધમધમાયમાન શબ્દ જેનો એવો, નહિ જાણી શકાય તેવો ઉગ્ર અને તીવ્ર રોષવાળો, શ્વાનના મુખપેઠે ત્વરિત અને ચપલ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શબ્દ કરતો એવો દૃષ્ટિવિષ સર્પ સ્પર્શ્યો. ત્યારબાદ તે વણિકોએ તે દૃષ્ટિવિષ સર્પનો સ્પર્શ કર્યો એટલે અત્યન્ત ગુસ્સે થયેલા, અને યાવત્-ક્રોધથી બળતા તેમ ધીમે ધીમે ઉઠી સરસરાટ કરતા વલ્મિકના શિખર ઉપર ચઢીને સૂર્યને જોઈને તે વણિકોને અનિમિષ દૃષ્ટિવડે ચોતરફ જોયા. તે વણિકોને પાત્ર વિગેરે ઉપકરણસહિત એક પ્રહારવડે કૂટા ઘાત-પેઠે જલ્દી ભસ્મરાશિરુપ કર્યા. તે વણિકોમાં જે વણિક તે વણિકોના હિતની ઈચ્છા વાલો, યાવત્-હિત, સુખ અને નિઃશ્રેયસ-કલ્યાણની ઈચ્છાવાળો હતો તેના ઉપર દયાથી તે દેવે પાત્ર વગેરે ઉપકરણ સહિત તેને પોતાના નગરે મૂક્યો." એ પ્રમાણે હે આનન્દ! તારા પણ ધર્માચાર્ય અને ધર્મોપદેશક શ્રમણ જ્ઞાતપુત્રે ઉદાર પર્યાય-અવસ્થા પ્રાપ્ત કર્યો છે, અને તેની દેવો, મનુષ્યો અને અસુરોસહિત આ જીવલોકમાં 'શ્રમણ ભગવન્ મહાવીર, શ્રમણ ભગવાન્ મહાવીર'- એવી ઉદાર કીર્તિ, વર્ણ, શબ્દ અને શ્લોક-યશ વ્યાપ્ત થયા છે, વ્યાકુલ થયા છે, અને સ્તવાયા છે. તે જો મને તે આજ કંઈ પણ કહેશે તો મારા તપના તેજવડે એક ઘાએ કૂટાઘાત-પેઠે જેમ સર્પે વણિકોને બાળ્યા તેમ બાળીને ભસ્મ કરીશ. હે આનન્દ! જેમ તે વણિકોનું હિત ઈચ્છનાર યાવત્-નિઃશ્રેયસ-કલ્યાણ ઈચ્છનાર તે વણિકને દેવતાએ અનુકંપાથી પાત્રો વગેરે ઉપકરણ સહિત પોતાને નગરે મુક્યો તેમ હું તારું સંરક્ષણ અને સંગોપન કરીશ, તે માટે હે આનન્દ! તું જા, અને તારા ધર્માચાર્ય અને ધર્મોપદેશક શ્રમણ જ્ઞાતપુત્રને આ વાત કહે. ત્યારબાદ મંખલિપુત્ર ગોશાલાએ તે આનન્દ સ્થવિરને આ પ્રમાણે કહ્યું એટલે તે ભય પામ્યા. અને જ્યાં શ્રમણ ભગવાન્ મહાવીર હતા, ત્યાં આવ્યા. ત્રણવાર પ્રદક્ષિણા કરી વંદન અને નમસમકાર કરી આ પ્રમાણે બોલ્યા-'હે ભગવન્ ! ખરેખર એ પ્રમાણે સર્વ વૃતાંત કહ્યો.

[૬૪૬]હે ભગવન્ ! મંખલિપુત્ર ગોશાલક પોતાના તપના તેજવડે એક ઘાએ કૂટાઘાતની પેઠે ભસ્મરાશિ કરવાને-સમર્થ છે, હે ભગવન્. મંખલિપુત્ર ગોશાલક નો યાવત્ તેમ કરવાનો વિષય છે, હે આનન્દ! મંખલિપુત્ર ગોશાલક તપના તેજવડે યાવત્-કરવાને-સમર્થ છે, તેમ કરવાનો યાવદ્ વિષય છે, પરન્તુ અરિહંત ભગવંતને બાળી ભસ્મ કરવા સમર્થ નથી, તો પણ તેમને પરિતાપ-દુઃખ ઉત્પન્ન કરવા સમર્થ છે. મંખલિ પુત્ર ગોશાલકનું જેટલું તપનું તેજ છે, તેથી અનગાર ભગવંતનું અનન્તગુણ વિશિષ્ટ તપતેજ છે, તેના કરતા અનન્ત ગુણ વિશિષ્ટ તપોબલ સ્થવિર ભગવંતોનું છે કેમકે સ્થવિર ભગવંતો ક્ષમા કરવામાં સમર્થ હોય છે. હે આનન્દ! સ્થવિર ભગવંતોનું જેટલું તપોબલ હોય છે, તેથી અનન્તગુણ વિશિષ્ટ તપોબલ અરિહંત ભગવંતોનું હોય છે, કારણ કે અરિહંત ભગવંતો ક્ષમા કરવામાં સમર્થ હોય છે

[૬૪૭]હે આનંદ! તે માટે તુ જા, અને ગૌતમાદિ શ્રમણ નિર્ગ્રન્થોને આ વાત કહે કે-'હે આર્યો! તમે કોઈ મંખલિપુત્ર ગોશાલકની સાથે ધર્મસંબન્ધી પ્રતિચોદના ન કરશો, ધર્મસંબન્ધી પ્રતિસારણા ન કરાવશો, અને ધર્મસંન્ધી પ્રત્યુપચાર વડે તેનો તિરસ્કાર ન કરશો. મંખલિપુત્રગોશાલકે શ્રમણનિર્ગ્રન્થો સાથે મિથ્યાત્વ-મ્લેચ્છપણું અથવા અનાર્યપણું વિશેષતઃ આદર્યું છે' ત્યાર પછી શ્રમણ ભગવાન્ મહાવીરે એ પ્રમાણે કહ્યું એટલે તે આનન્દ સ્થવિર શ્રમણ ભગવંત મહાવીરને વાંદી અને નમી ગૌતમાદિ શ્રમણ નિર્ગ્રન્થોને બોલાવીને આ પ્રમાણે કહ્યું કે હે આર્યો ! તમે કોઈ મંખલિપુત્ર ગોશાલકને ધર્મસંબન્ધી તેના મતને પ્રતિકૂલ વચન ન કહેશો, યાવત્-તેણે નિર્ગ્રન્થોની સાથે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિશેષતઃ અનાર્યપણું આદર્યું છે.

[૬૪૮]જેટલામાં આનન્દ સ્થવિર ગૌતમાદિ શ્રમણ નિર્ગ્રન્થોને આ વાત કહે છે તેટલામાં હાલાહલા કુંભારણનાહાટથી નીકળી આજીવિકસંઘસહિત ઘણા અમર્ષને ધારણ કરતો મંખલિપુત્રગોશાલક શીઘ્ર અને ત્વરિત ગતિએ યાવત્ ભગવંત મહાવીર છે ત્યાં આવ્યો.શ્રમણભગવંતમહાવીરને આ પ્રમાણે કહ્યું-'હે આયુષ્માન કાશ્પ ગોત્રીયા મને એ પ્રમાણે સારું કહો છો, હે આયુષ્યમાન્ કાશ્યપ! તમે મને એમ ઠીક કહો છો કે 'મંખલિપુત્ર ગોશાલક મારો ધર્મસંબન્ધી શિષ્ય છે' જે મંખલિપુત્ર ગોશાલક તમારો ધર્મ સંબન્ધી શિષ્ય હતો તે શુકલ-પવિત્ર અને શુક્લભિતાજિવાળો-પવિત્ર પરિણામવાળો થઈને મરણસમયે કાળ કરી કોઈપણ દેવલોકને વિષે દેવપણે ઉત્પન્ન થયો છે, હું કૌડિન્યાયનગોત્રીય ઉદાયી નામે છું, અને મેં ગૌતમ પુત્ર અર્જુનના શરીરનો ત્યાગ કરી મંખલિપુત્ર ગોશાલકના શરીરમાં પ્રવેશ કરીને આ સાતમો પ્રવૃત્તિપરિહાર-શરીરાન્ત પ્રવેશ કર્યો છે. વળી હે આયુષ્મન્ કાશ્યપ! જે કોઈ અમારા સિદ્ધાન્તને અનુ સારે મોક્ષે ગયેલા છે, જાય છે અને જશે તે સર્વે ૮૪૦૮૬૦૩ કર્મના ભેદોનો અનુક્રમે ક્ષય કર્યા પછી સિદ્ધ થાય છે, બુદ્ધ થાયછે, મૂકાયછે, નિર્વાણ પામેછે, અને સર્વ દુઃખનો અન્ત કર્યો છે, કરે છે ને કરશે. જેમાં ગંગા મહાનદી જ્યાંથી નીકળે છે અને જ્યાં સમાપ્ત થાય છે. તે ગંગાનો અદ્ધા-માર્ગ આયામ વડે પાંચસો યોજન છે, વિષ્કંભ અર્ધ યોજન છે, અને ઉંડાઈમાં પાંચસો ધનુષ છે-એ રીતે ગંગાપ્રમાણે સાત ગંગાઓ મળીને એક મહાગંગા થાય છે, સાત મહાગંગાઓ મળી એક સાદીન ગંગા થાય છે, સાત સાદીન ગંગાઓ મળીને એક મૃત્યુગંગા થાય છે, સાત મૃત્યુંગંગા મળીને એક લોહિતગંગા થાય છે, સાત લોહિતગંગાઓ મળીને એક અવંતી ગંગા થાય છે, સાત અવન્તી ગંગાઓ મળીને એક પરમાવતી ગંગા થાય છે. એ પ્રમાણે પૂર્વાપર મળીને ૧૧૭૬૪૯ ગંગા નદીઓ થાય છે-એમ કહ્યું છે. તે ગંગાનદીની વાલુકાકણનો બે પ્રકારે ઉદ્ધાર કહ્યો છે, સૂક્ષ્મબોંદિક લેવરરુપ અને બાદરબોંદિકલેવરરુપ. તેમાં સૂક્ષ્મ બોંદિકલેવરરુપ ઉદ્ધાર છે તે સ્થાપી રાખવા યોગ્ય છે.( તેમાં જે બાદરબોંદિકલેવરરુપ ઉદ્ધાર છે તેમાંથી સો સો વર્ષે એક એક વાલુકાના કણનો અપહાર કરીએ અને જેટલા કાળે ગંગાના સમુદાયરુપ તે કોઠો ક્ષીણ થાય, નીરજ થાય, નિર્લેપ થાય અને નિષ્ઠિત થાય ત્યારે સરપ્રમાણ કાલ કહેવાય છે. એવા પ્રકારના ત્રણ લાખ સરપ્રમાણ કાળવડે એક મહાકલ્પ થાય છે. ચોરાી લાખ મહાકલ્પે એક મહામાનસ થાય છે અનન્ત સંપૂથ અનન્તજીવના સમુદાયરુપ નિકાયથી જીવ ચ્યવી સંપૂથ-દેવભવને વિષે ઉપરના માનસ-સરપ્રમાણ આયુષવડે ઉત્પન્ન થાય છે, અને તે ત્યાં દીવ્ય અને ભોગ્ય એવા ભોગોને ભોગવતો વિહરે છે. હવે દેવલોકથી આયુષનો, ભવનો અને સ્થિતિનો ક્ષયથી તુરતજ ચ્યવીસને પ્રથમ સંજ્ઞી ગર્ભજ પંચે ન્દ્રિય મનુષ્યપણે ઉત્પન્ન થાય છે. ત્યારબાદ તે ત્યાંથી ચ્યવીને તુરતજ મધ્યમ માનસ-સરપ્રમાણ આયુષવડે સંપૂથ-દેવનિકાયવિષે ઉત્પન્ન થાય છે. ત્યાં દિવ્ય ભોગવવા યોગ્ય ભોગોને ભોગવી યાવત્-વિહરી તે દેવલોકથી આયુષના ક્ષયથી યાવત્ ચ્યવીને બીજા સંજ્ઞીગર્ભ મનુષ્યને વિષે જન્મે છે. ત્યાર પછી ત્યાંથી નીકળી તુરત હેઠેના માનસ પ્રમાણ આયુષ વડે સંપૂથ-દેવનિકાયને વિષે ઉપજે છે. ત્યા દિવ્ય ભોગોને ભોગવી ત્યાંથી ચ્યવી ત્રીજા સંજ્ઞીગર્ભ મનુષ્યને વિષે જન્મ છે. ત્યાંથી ચ્યવી ચોથા સંજ્ઞીગર્ભ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મનુષ્યને વિશે ઉપજે છે. ત્યાંથી ચ્યવીને તુરત મધ્યમ માનસોત્તર આયુષવડે સંપૂથ-દેવનિકાયમાં ઉપજે છે. ત્યા દિવ્ય ભોગો ભોગવી યાવત્-ત્યાંથી ચ્યવી પાંચમાં સંજ્ઞી ગર્ભ-ગર્ભજ મનુષ્યમાં ઉત્પન્ન થાય છે. ત્યાંથી ચ્યવીને તુરત હેઠેના માનસોત્તર આયુષ સહિત સંપૂથ-દેવનિકાયમાં ઉપજે છે. ત્યાં દિવ્ય ભોગો ભોગવી યાવત્-ચ્યવી છઠ્ઠા સંજ્ઞી ગર્ભજ મનુષ્યોમાં ઉપજે છે. ત્યાંથી નીકળી તુરત બ્રહ્મલોક નામે કલ્પ-દેવલોક કહ્યો છે, તે પૂર્વ તથા પશ્ચિમ લાંબો છે, અને ઉત્તર તથા દક્ષિણ વિસ્તારવાળો છે, જેમ પ્રજ્ઞાપન સૂત્રના સ્થાનપદને વિષે કહ્યું છે એમ અહિં જાણવું, યાવત્-તેમાં પાંચ અવતંસક વિમાનો કહ્યા છે, અશોકાવસંતક, યાવત્ પ્રતિરુપ સુન્દર છે, તે દેવલોકમાં ઉત્પન્ન થાય છે. ત્યાં દશ સાગરોપમ સુધી દિવ્ય ભોગો ભોગવીને યાવત્-ત્યાંથી ચ્યવીને સાતમા સંજ્ઞીગર્ભ-ગર્ભજ મનુષ્યમાં ઉપજે છે. ત્યાં નવ માસ બરોબર પૂર્ણ થયા પછી અને સાડાસાત દિવસ વ્યતીત થયા બાદ સુકુમાર, ભદ્ર,મૃદુ અને દર્ભના કુંડલની પેઠે સંકુચિત કેશવાળો, કર્ણના આભૂષણવડે જેના ગાલને સ્પર્શ થયો છે એવો, દેવ કુમારસમાન કાન્તિવાળો બાળક જન્મ્યો, હે કાશ્યપ. તે હું છું. ત્યાર પછી કુમારાવસ્થામાં પ્રવ્રજ્યાવડે, કુમારાવસ્થામાં બ્રહ્મચર્ય વડે અવિદ્ધકર્ણ બુદ્ધિવાળા એવા મને પ્રવ્રજ્યાં ગ્રહણ કરવાની બુદ્ધિ થઈ અને સાત પ્રવૃત્ત પરિહાર-શરીરાન્તરને વિષે સંચાર કર્યો, તે આ પ્રમાણે-એણેયક, મલ્લારામ, મંડિક, રોહ, ભારદ્વાજ, ગૌતમપુત્ર અર્જુન અને મંખલિપુત્ર ગોશાલકના શરીમાં પ્રવેશ કર્યો. તેમાં જે પ્રથમ પ્રવૃત્તપરિહાર-રાજગૃહનગરની બહાર મંડિકુક્ષિ ચૈત્યને વિષે કુંડિયાયન ગોત્રીય ઉદાયનના શરીરનો ત્યાગ કરી એણેકયના શરીરમાં પ્રવેશ કર્યો. બાવીશ વર્ષ સુધી પ્રથમ શરીરાન્તરમાં પરાવર્તન કર્યું. બીજા શરીરાન્તરપ્રવેશમાં ઉદ્દંડપુર નગરની બહાર ચન્દ્રાવતરણ ચૈત્યને વિષે એણેયકના શરી રનો ત્યાગ કરી મલ્લા રામના શરીરમાં પ્રવેશ કર્યો, એકવીશ વરસ સુધી બીજા શરીરાન્તર માં પરાવર્તન કર્યું. ત્રીજા શરીરાન્તરપ્રવેશમાં ચંપાનગરીની બહાર અંગ મંદિરનામે ચૈત્યને વિષે મલ્લારામના શરીરનો ત્યાગ કરી મંડિકના શરીરમાં પ્રવેશ કર્યો, અને વીસ વર્ષ સુધી ત્રીજું શરીરાન્તર પરાવર્તન કર્યું. તેમાં જે ચોથું શરીરાન્તર પરાવર્તન છે તે વારાણસી નગરીથી બહાર કામમહાવન ચૈત્ય વિષે મંડિકના શરીરનો ત્યાગ કરી રોહકના શરીરમાં પ્રવેશ કર્યો, ત્યાં ઓગણીશ વર્ષ સુધી ચોથું શરીરાન્તર પરાવર્તન કર્યું. તેમાં જે પાંચમું શરીરાન્તર પરાવર્તન છે તે આલભિકા નગરીની બહાર પ્રાપ્તકાલ ચૈત્યને વિષે રોહના શરીરનો ત્યાગ કરી ભારદ્વાજના શરીરમાં પ્રવેશ કર્યો.અઢાર વર્ષ સુધી પાંચમું શરીરાન્તર પરાવર્તન કર્યું. તેમાં જે છઠ્ઠું શરીરાન્તર પરાવર્તન છે તે વૈશાલી નગરીની બહાર કુંડિયાયનચૈત્યને વિષે ભારદ્વાજ શરીરનો ત્યાગ કરી ગૌતમપુત્ર અર્જુનના શરીરમાં પ્રવેશ કર્યો, ત્યાં સત્તર વર્ષ સુધી છઠ્ઠું શરીરાન્તર પરાવર્તન કર્યું. તેમાં જે સાતમું શરીરાન્તર પરાવર્તન છે તે આજ શ્રાવસ્તી નગરીને વિષે હાલાહલા કુંભારણના હાટને વિષે ગૌતમપુત્ર અર્જુનના શરીરનો ત્યાગ કરી મંખલિપુત્ર ગોશાલકનું શરીર સમર્થ, સ્થિર, ધ્રુવ, ધારણ કરવા યોગ્ય, શીતને, ઉષ્ણતાને, ક્ષુધાને, વિવિધ ડાંસ મચ્છર વગેરે પરિષહ અને ઉપસર્ગને સહન કરવાર, તથા સ્થિરસંઘયણવાળું છે'-એમ સમજી તેમાં મે પ્રવેશે કર્યો, અને તેમાં સોળ વરસસુધી આ સાતમું શરીરાન્તરપરાવર્તન કર્યું છે. એ પ્રમાણે હે આયુષ્મન્ કાશ્યપ . મેં એકસો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેત્રીશ વર્ષમાં સાત શરીરાન્તર પરાવર્તન કર્યા છે એમ મેં કહ્યું છે. તે માટે હે આયુષ્મન્ કાશ્યપ! તમે મને એ પ્રમાણે સારું કહો છોએ પ્રમાણે ઠીક કહો છો 'મંખલિપુત્ર ગોશાલક મારો ધર્માન્તેવાસી છે'.

[૬૪૯]શ્રમણ ભગવાન્ મહાવીરે કહ્યું,-'હે ગોશાલક! જેમ કોઈ ચોર હોય અને તે ગ્રામવાસી જનોથી પરાભવ પામતો કોઈ ગર્તા, ગુફા, દુર્ગ, નિમ્ન, પર્વત કે વિષમપ્રદેશને નહિ પ્રાપ્ત કરતો એક મોટા ઉનના લોભથી, શણના લોભથી, કપાસના લોભથી અને તૃણના અગ્ર ભાગથી પોતાને ઢાંકીને રહે, અને તે નહિ ઢંકાયા છતાં હું ઢંકાયેલ છું એમ પોતાને માને, અપ્રચ્છન્ન છતાં પોતાને પ્રચ્છન્ન માને, નહિ સંતાવા છતાં પોતાને સંતાયેલ માને, અપલાપિત છતાં પોતાને ગુપ્ત માને, એ પ્રમાણે હે ગોશાલક! તું પણ અન્ય નહિ છતાં હું અન્ય છું-એમ પોતાને દેખાડે છે. તે માટે હે ગોશાલક! એમ નહિ કર, હે ગોશાલક! એમ કરવાને તું યોગ્ય નથી.

[૬૫૦]શ્રમણ ભગવાન્ મહાવીરે એ પ્રમાણે કહ્યું એટલે તે મંખલિપુત્ર ગોશાલક એકદમ ગુસ્સે થયો અને શ્રમણ ભગવાન્ મહાવીરને અનેક પ્રકારના અનુચિત વચનો વડે આક્રોશ કરવા લાગ્યો, ઉદ્ધર્ષણા વડે તિરસ્કાર કરવા લાગ્યો, નિર્ભિર્ત્સના વડે નિર્ભિત્સિચ કરવા લાગ્યો, નિશ્છોટના વડે હલકા પાડવા પ્રયત્ન કરવા લાગ્યો, અને તેમ કરી તે ગોશાલક આ પ્રમાણે બોલ્યો-"કદાચિત્- હું એમ માનું છું કે તું નષ્ટ થયો છે, વિનષ્ટ થયો છે, ભ્રષ્ટ થયો છે, અને કદાચિત્ નષ્ટ, વિનષ્ટ અને ભ્રષ્ટ થયો છે, કદાચિત્ તું આજે હઈશ નહિ, તને મારાથી સુખ થવાનું નથી."

[૬૫૧]તે કાલે અને તે સમયે શ્રમણ ભગવંત મહાવીર અન્તેવાસી-શિષ્ય પૂર્વ દેશમાં ઉત્પન્ન થયેલા સર્વાનુભૂતિ નામ અનુસાર ભદ્ર પ્રકૃતિના અને યાવત્ વિનીત હતા. તે પોતાના ધર્માચાર્યના અનુરાગથી આ ગોશાલકની વાતની અશ્રદ્ધા કરતાં ઉઠ્યા, મંખલિપુત્ર ગોશાલકને આ પ્રમાણે કહ્યું-"હે ગોશાલક! જે તેવા પ્રકારના શ્રમણ કે બ્રાહ્મણની પાસે એક પણ આર્યનિર્દોષ અને ધાર્મિક સુવચન સાંભળે છે તે પણ તેને વંદન અને નમસ્કાર કરે છે, યાવત્-તે કલ્યાણકર અને મંગલકર દેવના ચૈત્યની પેઠે તેની પર્યુપાસના કરે છે, પણ તારે માટે શું કહેવું ?ભગવંતે તને શિષ્યરુપે સ્વીકાર કર્યો. તને મુંડ્યો, તને વ્રતસમાચાર શીખવ્યો, તને શિક્ષિત કર્યો અને તને બહુશ્રુત કર્યો, તો પણ તેં ભગવંતની સાથે અનાર્યપણું આદર્યું છે, તે માટે હે ગોશાલક! એમ નહીં કર, તું એમ કરવાને યોગ્ય નથી. આ તેજ તારી પ્રકૃતિ છે, અન્ય નથી." એ પ્રમાણે સર્વાનુભૂતિ અનગારે કહ્યું એટલે તે ગોશાલક ગુસ્સે થયો, અને સર્વાનુભૂતિ અનગારને પોતાના તપથી તેજથી એક પ્રહારે કહી કૂટાઘાત પેઠે બાળી ભસ્મ કર્યા. બીજી પણ શ્રમણ ભગવંત મહાવીરને અનેક પ્રકારની આક્રોશના વડે આક્રોશ કર્યો, યાવત્ 'મારાથી તમને સુખ થવાનું નથી.' તે કાલે અને તે સમયે શ્રમણ ભગવાન્ મહાવીરના અન્તેવાસી કોશલદેશમાં ઉત્પન્ન થયેલા સુનક્ષત્ર નામે અનગાર ભદ્રપ્રકૃતિના અને યાવત્-વિનીત હતા. તે ધર્માચાર્યના અનુરાગથી-ઈત્યાદિ જેમ સર્વાનુભૂતિ સંબંન્ધે કહ્યું તેમ અહિં કહેવું, એટલે તે ગોશાલક અત્યંત ગુસ્સે થયો, અને સુનક્ષત્ર અનગારને તેણે તપના તેજથી બાળ્યા. મંખલિપુત્ર ગોશાલકવડે તપના તેજથી બળેલા સુનક્ષત્ર અનગારે શ્રમણ ભગવંત મહાવીરને ત્રણવાર પ્રદક્ષિણા કરી વન્દન અને નમસ્કાર કર્યા. વન્દન અને નમસ્કાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરી સ્વયમેવ પાંચ મહાવ્રતનો ઉચ્ચાર કરી સાધુઓ અને સાધ્વીઓને ખમાવ્યા, ખમાવીને આલોચના અને પ્રતિક્રમણ કરી સમાધિને પ્રાપ્ત થઈ તે અનુક્રમે કાળધર્મને પામ્યાં.

ત્યારબાદ મંખલિપુત્ર ગોશાલકસુનક્ષત્ર અનગારનેતપનાતેજથીબાળીને બીજી વાર શ્રમણભગવંત મહાવીરને અનેક પ્રકારના અનુચિત વચનોથી આક્રોશ કરવા લાગ્યો-ઈત્યાદિ પૂર્વોક્ત સર્વ કહેવું,ત્યારે શ્રમણ ભગવાન્ મહાવીરે કહ્યું કે'હે ગોશાલક ! જે તેવા પ્રકારના શ્રમણ અને બ્રાહ્મણનું તે તેની યાવત્- પર્યુપાસના કરે છે, તો હે ગોશાલક! તારે માટે તો શું કહેવું ! ! મેં તને પ્રવ્રજ્યા આપી, યાવત્-મેં તને બહુશ્રુત કર્યો, અને તે મારી સાથે મિથ્યાત્વ-અનાર્યપણું આદર્યું છે. માટે એમ નહિ કર, યાવત્- તે આ તારી જ પ્રકૃતિ છે, અન્ય નથી' તે મંખલિપુત્ર ગોશાલક અત્યંત ગુસ્સે થયો, અને તૈજસ સમુદ્ઘાત કરી, સાત આઠ પગલા પાછો ખસી તેણે શ્રમણ ભગવંત મહાવીરનો વધ કરવામાટે શરીરમાંથી તેજોલેશ્યા બહાર કાઢી જેમ કોઈ વાતોત્કાલિકા કે વંટોળીઓ હોય તે પર્વત, ભીંત, સ્તંભ કે સ્તૂપવડે આવરણ કરાયેલો કે નિવારણ કરાયેલો હોય તો પણ તેને વિષે સમર્થ થતો નથી, વિશેષ સમર્થ થતો નથી, એ પ્રમાણે ગોશાલકની તપોજન્ય તેજોલેશ્યા શ્રમણ ભગવંત મહાવીરનો વધ કરવા માટે શરીરમાંથી બહાર કાઢ્યા છતાં તેને વિષે સમર્થ થતી નથી, વિશેષ સમર્થ થતી નથી, પણ ગમનાગમન કરે છે. પ્રદક્ષિણા કરે છે, પ્રદક્ષિણા કરી ઉંચે આકાશમાં ઉછળે છે, અને ત્યાંથી સ્ખલિત થઈને પાછી ફરતી ગોશાલકના શરીરને બાળતી શરીરની અંદર પ્રવિષ્ટ થાયછે. ત્યાર બાદ પોતાની તેજોલેશ્યાવડે પરાભવને પ્રાપ્ત થયેલા મંખલિપુત્ર ગોશાલકને એ પ્રમાણે કહ્યું કે 'હે ગોશાલક! હું તારી તપોજન્ય તેજોલેશ્યાથી પરાભવ પામી છ માસને અન્તે યાવત્-કાળ કરીશ નહિં, પણ બીજા સોળ વરસ સુધી જિન-તીર્થંકરપણે ગન્ધહસ્તીની પેઠે વિચરીશ, પરન્તુ હે ગોશાલક! તું પોતેજ તારા તેજથી પરાભવ પામી સાત રાત્રિને અન્તે પિતજ્વરતી પીડિત શરીરવાળો થઈ છદ્મસ્થાવસ્થામાં કાળ કરીશ.' ત્યારપછી શ્રાવસ્તી નગરીમાં ત્રિકોણ માર્ગમાં યાવત્-રાજમાર્ગમાં ઘણાં માણસો પરસ્પર આ પ્રમાણે કહે છે, યાવત્ આ પ્રમાણે પ્રરુપે છે-' એ પ્રમાણે ખરેખર શ્રાવસ્તી નગરીની બહાર કોષ્ઠક ચૈત્યને વિષે બે જિનો પરસ્પર કહે છે, તેમાં એક આ પ્રમાણે કહે છે કે 'તુ પ્રથમ કાળ કરીશ' અને બીજા એમ કહે છે કે 'તુ પ્રથમ કાળ કરીશ.' તેમાં કોણ સમ્યગ્વાદી છે, અને કોણ મિથ્યાવાદી છે? તેમાં જે જે પ્રધાન માણસો છે તે બોલે છે કે શ્રમણ ભગવાન્ મહાવીર સમ્યગ્વાદી છે, અને મંખલિપુત્ર ગોશાલક મિથ્યાવાદી છે." શ્રમણ ભગવાન્ મહાવીરે કહ્યું કે 'હે આર્યો! જેમ કોઈ તૃણનો રાશિ, કાષ્ઠનો રાશિ, પાંદડાનોરાશિ, ત્વચા-છાણનારાશિ, તુષ-ફોતરાનોરાશિ, ભુસાનોરાશિ,અને કચરાનો રાશિ અગ્નિથી દગ્ધ થયેલો, અગ્નિથી યુક્ત અને અગ્નિથી પરિણમેલો હોય તો તે જેનું તેજ હણાયું છે, જેનું તેજ ગયેલું છે, જેનું તેજ નષ્ટ થયું છે, જેનું તેજ ભ્રષ્ટ થયું છે, જેનું તેજ લુપ્ત થયેલું છે અને જેનું તેજ વિનષ્ટ થયેલું છે એવો યાવત્-થાય, એ પ્રમાણે મંખલિપુત્ર ગોશાલક મારો વધ કરવા માટે શરીરમાંથી તેજો લેશ્યા બહાર કાઢીને જેનું તેજ હણાયું છે એવો,યાવત્-વિનષ્ટતેજવાળો થયો છે, માટે તમારી ઈચ્છાથી તમે મંખલિપુત્ર ગોશાલકની સાથે ધાર્મિક પ્રતિચોદના કરો, ધાર્મિક પ્રતિસારણા-કરાવો, ધાર્મિક પ્રતિસારણા કરો, તેમજ અર્થ-પ્રયોજન, હેતું, પ્રશ્ન, વ્યાકરણ-ઉત્તર અને કારણ વડે પૂછેલા પ્રશ્નનો ઉત્તર ન આપી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શકે તેમ નિરુત્તર કરો.'

જ્યારે શ્રમણ ભગવંત મહાવીરે એ પ્રમાણે કહ્યું ત્યારે શ્રમણ નિર્ગ્રન્થો શ્રમણ ભગવંત મહાવીરને વાંદે છે, નમે છે, વંદન-નમસ્કાર કરી જ્યાં ગોશાલક મંખલિપુત્ર છે ત્યાં આવી ધર્મસંબન્ધી પ્રતિચોદના કરે છે. યાવત્-તેને નિરુત્તર કરે છે. યાવત્-તેને નિરુત્તર કર્યો એટલે મંખલિપુત્ર ગોશાલક અત્યન્ત ગુસ્સે થયો અને યાવત્-ક્રોધથી અત્યંત પ્રજ્વલિત થયો, પરન્તુ શ્રમણનિર્ગ્રન્થોના શરીરને કંઈપણ પીડા કે ઉપદ્રવ કરવાને તથા તેના કોઈ અવયવનો છેદ કરવાને સમર્થ ન થયો. ત્યાર પછી આજીવિક સ્થવિરો શ્રમણનિર્ગ્રન્થો વડે ધર્મસંબન્ધી તેના મતથી પ્રતિકૂલ પણે કહેવાયેલા, યાવત્-નિરુત્તર કરાયેલા, અત્યન્ત ગુસ્સે કરાયેલા, યાવત્-ક્રોધથી બળતા, શ્રમણ અને નિર્ગ્રન્થના શરીરને કંઈપણ પીડા-ઉપદ્રવ કે અવયવોનો છેદ નહિ કરતા એવા મંખલિ- પુત્ર ગોશાલકને જોઈને તેની પાસેથી પોતે નીકળ્યા, અને ત્યાંથી નીકળી જ્યાં આવીને શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વાર પ્રદક્ષિણા કરી, વાંદી અને નમીને શ્રમણભગવાન્ મહાવીરનો આશ્રય કરી વિહરવા લાગ્યા, અને કેટલા પણ આજીવિકા સ્થવિરો મંખલિપુત્ર ગોશાલકનો આશ્રય કરી વિહરવા લાગ્યાં. ત્યારબાદ ગોશાલક જેને માટે શીઘ્ર આવ્યો હતો તે કાર્યને નહિ સાધતો, દિશાઓ તરફ લાંબી દૃષ્ટિથી જોતો દીર્ઘ અને ઉષ્ણ નીસાસા નાંખતો, દાઢિના વાળને ખેંચતો, ડોકની પાછળના ભાગને ખજવાળતો, પુતપ્રદેશને પ્રસ્ફોટિક કરતો, હસ્તને હલાવતો અને બન્ને પગ વડે ભૂમિને કૂટતો, 'હા હા ! અરે! હું હણાયો, છું'-એમ વિચારી અને જ્યાં હાલાહલાનામે કુંભારણનું હાટ છે ત્યાં આવ્યો. ત્યાં આવીને હાલાહલા કુંભારણના કુંભકારાપણમાં જેના હાથમાં આમ્રફળ રહેલું છે એવો, મદ્યપાન કરતો,વારંવાર ગાતો,વારંવાર નાચતો,વારંવાર હાલાહલાકુંભારણને અંજલિ કરતોઅનેમાટીનાભાજનમાં રહેલા શીતલમાટીનાપાણી વડે ગાત્રને સીંચતો વિહરે છે.

[૬૫૨] હે આર્યો! મંખલિપુત્ર ગોશાલકે મારો વધ કરવા માટે શરીરથકી તેજો લેશ્યા કાઢી હતી અંગ, બંગ, મગધ, મલય, માલવ, ઈચ્છ, વત્સ, કૌત્સ, પાટ, લાટ, વજ, મૌલી,કાશી,કોશલ,અબાધ અને સંભુક્તર-એ સોળ દેશનો ઘાત કરવા માટે,વધ કરવા માટે, ઉચ્છેદન કરવા માટે, ભસ્મ કરવા માટે સમર્થ હતી. વળી હે આર્યો! મંખલિપુત્ર ગોશાલક હાલાહલા કુંભારણના કુંભકારાપણમાં આમ્રફળ હાથમાં ગ્રહણ કરી મદ્ય પાન કરતો, વારંવાર યાવત્-અંજલિકર્મ કરતો વિહરે છે તે અવદ્ય-દોષને પ્રચ્છાદન-ઢાંકવા માટે આ આઠ ચરમ-છેલ્લી વસ્તુ કહે છે. તે આ પ્રમાણે- ચરમપાન, ચરમગાન, ચરમ નાટ્ય, ચરમઅંજલિકર્મ, ચરમપુષ્કલ સંવર્તમહામેઘ, ચરમસેચનક ગન્ધહસ્તી, ચરમ મહાશિલાકંટક સંગ્રામ અને હું આ અવસર્પિણીમાં ચોવીસ તીર્થંકરો આ ચરમ તીર્થંકરપણે સિદ્ધ થઈશ, અને યાવત્-'સર્વ દુઃખોનો અન્ત કરીશ'. વળી હે આર્યો! મંખલિપુત્ર ગોશાલક માટીના પાત્રમાં રહેલા માટીમિશ્રિત શીત પાણીવડે શરીરને સીંચતો વિચરે છે તે અવદ્યને પણ ઢાંકવાને માટે આ ચાર પ્રકારના પાનક-પીણાં અને ચાર નહિ પીવા યોગ્ય અપાનક જાણવે છે. પાણી કેટલા પ્રકારે કહ્યું છે? ચાર પ્રકારે. પૃષ્ઠથી પડેલું, હાથથી મસળેલું, સૂર્યના તાપથી તપેલું, અને શિલાથકી પડેલું એ પ્રમાણે પાણી કહ્યું.

અપાનક કેટલા પ્રકારે છે? ચાર પ્રકારે છે. સ્થાલનું પાણી, વૃક્ષાદિની છાલનું પાણી, શીંગોનું પાણી અન શુદ્ધ પાણી સ્થાલપાણી કેવા પ્રકારે કહ્યું છે? જે ઉદકથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભીંજાયેલો સ્થાળ, પાણીથી ભીનો વારક કરવડો, પાણીથી ભીનો મોટો ઘટ, પાણીથી ભીનો નાનો ઘટ, તેનો હાથથી સ્પર્શ કરે પણ પાણી ન પીએ તે સ્થાલ પાણી, ત્વચાપાણી કેવા પ્રકારનું છે ? જે આંબો, અંબાડગ-ઈત્યાદિ પ્રયોગ પદમાં કહ્યા પ્રમાણએ યાવત્-બોર, તિંદુરુક સુધી જાણવા, તે તરુણ-અપક્વ અને કાચા હોય, તેને મુખમાં નાંખી થોડું ચાવે, વિશેષ ચાવે, પણ પાણી ન પીએ તે ત્વચાપાણી. શીંગોનું પાણી કેવા પ્રકારનું છે ? જે વટાણાની શીંગ, મગની શીંગ, અડદની શીંગ કે શિંબલીની શીંગ વગેરે તરુણઅને કાચી હોય તેને મુખમાં થોડું ચાવે કે વિશેષ ચાવે, પણ તેનું પાણી ન પીએ તે શીંગોનં પાણી કહેવાય. શુદ્ધ પાણી કેવા પ્રકારનું છે ? જે છ માસ સુધી શુદ્ધ ખાદિમં આહારને ખાય, તેમાં બે માસ સુધી પૃથિવીરુપ સંસ્તારકને વિષે રહે, બે માસ સુધી લાકડાના સંસ્તારકને વિષે રહે, અને બે માસ સુધી દર્ભના સંસ્તારકને વિષે રહે, તેને બરોબર પૂર્ણ થયેલા છ માસની છેલ્લી રાત્રીએ મહર્દ્ધિક અને યાવત્-મહાસુખવાળા બે દેવો તેની પાસે પ્રગટ થાય, પૂર્ણભદ્ર અને માણિભદ્ર, ત્યાર પછી તે દેવો શીતલ અને આર્દ્ર હસ્ત વડે શરીરના અવયવોને સ્પર્શ કરે, જે તે દેવોને અનુમોદે, એટલે તેના આ કાર્યને સારું જાણે તે આશીવિષપણે કર્મ કરે, જે તે દેવોને ન અનુમોદે, તેના પોતાના શરીરમાં અગ્નિકાય ઉત્પન્ન થાય, અને તે પોતાના તેજ વડે શરીરને બાળે, અને ત્યાર પછી તે સિદ્ધ થાય, યાવત્-સર્વ દુઃખનો અન્ત કરે, તે શુદ્ધ પાનક કહેવાય.

તે શ્રાવસ્તી નગરીમાં અયંપુલનામે આજીવીકમતનો ઉપાસક-શ્રાવક રહેતો હતો. તે ધનિક, યાવત્ કોઈથી પરાભવ ન પામે તેઓ અને હાલાહલા કુંભારણની પેઠે યાવત્-વિહરતો હતો. ત્યારપછી તે અયંપુલઆજીવિકોપાસકને અન્ય કોઈ દિવસે કુટુંબ જાગરણ કરતા મધ્યરાત્રિના સમયે આવા પ્રકારનો આ સંકલ્પ યાવત્-ઉત્પન્ન થયો કે "કેવા આકારે હલ્લા કહેલી છે" ? ત્યાર પછી તે અયંપુલ આજીવિકોપાસકને બીજી વાર આવા પ્રકારનો આ સંકલ્પ ઉત્પન્ન થયો કે"એ પ્રમાણે ખરેખર મારા ધર્માચાર્ય અને ધર્મોપદેશક મંખલિપુત્ર ગોશાલક ઉત્પન્ન થયેલા જ્ઞાન-દર્શનને ધારણ કરનારા, યાવત્-સર્વજ્ઞ અને સર્વદર્શી છે, તેઓ આજ શ્રાવસ્તીનગરીમાં હાલાહલા કુંભારણના-હાટમાં આજીવિકસંઘસહિત વિહરે છે. તે માટે મારે આવતી કાલે યાવત્-સૂર્યોદય થયે મંખલિ પુત્ર ગૌશાલકને વંદન કરી, પર્યુપાસનાકરી આવા પ્રકારનો આ પ્રશ્ન પૂછવો શ્રેયરુપ છે"-એમ વિચારી કાલે યાવત્-સૂર્યોદય થયે સ્નાન કરી, બલિકર્મ કરી, અલ્પ અને મહામૂલ્ય આભરણવડે શરીરને અલંકૃત કરી, પોતાના ઘર થકી બહાર નીકળી, પગે ચાલી, શ્રાવસ્તી નગરીના મધ્યભાગમાં થઈ, જ્યાં કુંભકારાપણ છે. ત્યાં આવી જેના હાથમાં આમ્રફલ રહેલું છે એવા શરીરના અવયવને સંચિત્ મંખલિપુત્ર ગોશાલકને જુએ છે, જોઈને તે લજ્જિત, વિલખો અને વ્રીડિત થઈ ધીમે ધીમે પાછો જાય છે. ત્યાર પછી તે આજીવિક સ્થવિરોએ લજ્જિત યાવત્-પાછા જતા આજીવિકોપાસક અયંપુલને જોઈ કહ્યું,-'હે અયંપુલ! અહિં આવ'. ખરેખર તને મધ્યરાત્રિના સમયે યાવત્-કેવા આકારવાળી હલ્લા કહેલી છે ? (એવો સંકલ્પ થયો હતો ?) ઈત્યાદિ પૂર્વોક્ત સર્વ કહેવું, યાવત્- આ વાત સત્ય છે ? હા સત્ય છે. હે અયંપુલ ! વળી તારા ધર્માચાર્ય અને ધર્મો-'પદેશક મંખલપુત્ર ગોશાલક હાલાહલા કુંભારણના કુંભારણના કુંભકારા- પણામાં આમ્રફલ હાથમાં લઈ યાવત્-અંજલિ કરતાં વિહરે છે, તેમાં પણ તે ભગવાન્ આઠ ચર-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મની પ્રરુપણા કરે છે. તે આ પ્રમાણએ- ચરમપાનક, યાવત્-સર્વ દુઃખનો અન્ત કરશે. વળી હે અયંપુલ! તારા ધર્માચાર્ય અને ધર્મોપદેશક મંખલિપુત્ર ગોશાલક શીતલ માટી પાણી વડે યાવત્-શરીરને છાંટતા યાવત્-વિહરે છે, તેમાં પણ તે ભગવાન્ ચાર પાનક અને ચાર અપાનક પ્રરુપે છે. પાનક કેવા પ્રકારે છે ? યાવત્-ત્યાર પછી તે સિદ્ધ થાય છે, યાવત્-'સર્વ દુઃખોનો અન્ત કરે છે'. તે માટે હે અયંપુલ! તું જા, અને આ તારા ધર્માચાર્ય અને ધર્મોપદેશક મંખલિપુત્ર ગોશાલકને આવા પ્રકારનો આ પ્રશ્ન પૂછશે.'

ત્યાર બાદ તે અયંપુલ આજીવિક સ્થવિરોએ એ પ્રમાણે કહ્યું એટલે હૃષ્ટ અને સંતુષ્ટ થઈ ઉઠ્યો, ઉઠીને ત્યાં મંખલિપુત્ર ગોશાલક હતો ત્યાં જવા તેણે વિચાર કર્યો. ત્યારે તે આજીવિક સ્થવિરોએ મંખલિપુત્ર ગોશાલકને આમ્રફલ એક સ્થળે મૂકાવવા માટે સંકેત કર્યો. ત્યાર પછી તે આજીવિકોપાસક અયંપુલ જ્યા મંખલિપુત્ર ગોશાલક હતો ત્યાં આવી મંખલિપુત્ર ગોશાલકને ત્રણ વાર પ્રદક્ષિણા કરી યાવત્-પર્યુપાસના કરે છે. 'અયંપુલ! ખરેખર તને મધ્યરાત્રિના સમયે યાવત્ તને સંકલ્પ થયો હતો, અને જ્યાં હું છું ત્યાં મારી પાસે તું શીઘ્ર આવ્યો, ખરેખર આ વાત સત્ય છે' ? હા સત્ય છે તે માટે ખરેખર આ આમ્રની ગોટલી નથી, પરન્તુ તે આમ્રફળની છાલ છે.ત્યારબાદ મંખલિપુત્ર ગોશાલકે આવા પ્રકારનો આ પ્રશ્નનો ઉત્તર આપ્યો એટલે પ્રસન્ન-સંતુષ્ટ અને જેનું ચિત્ત આકર્ષિત થયું છે એવો આજીવિકોપાસક અયંપુલ મંખલિપુત્ર ગોશાલકને વંદન-નમસ્કાર કરી પ્રશ્નો પૂછે છે, પ્રશ્નો પૂછીને અર્થ ગ્રહણ કરે છે, અર્થ ગ્રહણ કરી ઉઠી યાવત્-તે પાછો જાય છે. ત્યારબાદ મંખલિપુત્ર પોતાનું મરણ (નજીક) જાણીને આજીવિ સ્થવિરોને બોલાવ્યા, અને બોલાવી તેણે એ પ્રમાણે કહ્યું-"હે દેવાનુપ્રિયો! જ્યારે મને કાલધર્મ પ્રાપ્ત થયેલો જાણો ત્યારે સુગંધી ગન્ધોદક વડે સ્નાન કરાવજો, છેડાવાળા અને સુકુમાળ ગન્ધકાષાય વસ્ત્રવડે શરીરને સાફ કરજો, સરસ ગોશીર્ષચન્દનવડે શરીરને વિલેપન કરજો, વિલેપન કરી મહામૂલ્ય હંસના ચિહ્નવાળા પટશાટકને પહેરાવજો, સર્વાલંકારથી વિભૂષિત કરજો, હજાર પુરુષોથી ઉપાડવા લાયક શીબિકામાં બેસાડજો, શ્રાવસ્તી નગરીમાં શૃંગાટકના આકારવાળા યાવત્-રાજમાર્ગમાં મોટા મોટા શબ્દથી ઉદ્ઘોષણા કરતા આ પ્રમાણે કહેજો-"એ પ્રમાણે ખરેખર હે દેવાનુપ્રિયો! મંખલિપુત્ર ગોશાલક જિન,જિનપ્રલાપી,યાવત્-જિનશબ્દને પ્રકાશ કરતા વિહરીને આ અવસર્પિણીના છેલ્લા તીર્થંકર થઈને સિદ્ધ થયા, યાવત્-સર્વદુઃખરહિત થયા-આ પ્રમાણે ?ઋદ્ધિ અને સત્કારના સમુદાયથી મારા શરીરને બહાર કાઢજો." ત્યારે તે આજીવિક સ્થવિરોએ મંખલિપુત્ર ગોશાલકની એ વાતનો વિનયપૂર્વક સ્વીકાર કર્યો.

[૬૫૩]હવે તે મંખલિપુત્રગોશાલકને સાત રાત્રી પરિણમતાં-સમ્યક્ત્વ પ્રાપ્ત થયું, અને તેને આવા પ્રકારનો અધ્યવસાય- ઉત્પન્ન થયો-"હું ખરેખર જિન નથી, તો પણ જિનપ્રલાપી, યાવત્ જિન શબ્દને પ્રકાશતો વિહર્યો છું. હું શ્રમણનો ઘાત કરનાર, શ્રમણને મારનાર, શ્રમણનો પ્રત્યનીક, આચાર્ય અને ઉપાધ્યાયનો અપયશ કરનાર, અવર્ણવાદકારક અને અપકીર્તિ કરનાર મંખલિપુત્ર ગોશાલક છું. તથા ઘણી અસદ્ ભાવનાવડે અને મિથ્યાત્વાભિનિવેશ વડે પોતાને, પરને અને બન્નેને વ્યુદ્ગ્રાહિત-કરતો, વ્યુત્પાદિત મારા પોતાની તેજોલેશ્યા વડે પરાભવ પામી સાત રાત્રીના અન્તે પિત્તજ્વરથી વ્યાપ્ત શરીરવાળો થઈ દાહની ઉત્પત્તિથી છદ્મસ્થાવસ્થમાં જ કાલ કરીશ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રમણ ભગવાન્ મહાવીર જિન છે અને જિનપ્રલાપી યાવત્-જિનશબ્દને પ્રકાશિત કરતા વિહરે છે- " એમ વિચારી આજીવિક સ્થવિરોને બોલાવેછે, બોલાવીને અનેક પ્રકારના સોગન આપે છે, આ પ્રમાણે બોલ્યા-"હું ખરેખર જિન નથી, પણ જિનપ્રલાપી યાવત્-જિનશબ્દને પ્રકાશ કરતો વિહર્યો છું, હું શ્રમણનો ઘાત કરનાર ગોશાલક છું, યાવત્-છદ્મસ્થાવસ્થામાં કાળ કરીશ. શ્રમણ ભગવાન્ મહાવીર જિન, જિન પ્રલાપી, યાવત્-જિનશબ્દનો પ્રકાશ કરતા વિહરે છે, તે માટે હે દેવાનુપ્રિયો! તમે મને કાળધર્મ પામેલો જાણીને મારા ડાબા પગને દોરડાવતી બાંધી ત્રણવાર મુખમાં થૂંકજો.યાવત્-રાજમાર્ગને વિષે ઘસડતા અત્યન્ત મોટે શબ્દે ઉદ્‌ઘોષણા કરતા કરતા એમ કહેજો કે 'હે ગોશાલક જિન નથી, યાવત્-છદ્મસ્થાવસ્થામાં જ કાળધર્મ પામ્યો છે. શ્રમણ ભગવાન્ જિન અને જિનપ્રલાપી થઈ યાવત્-વિહરે છે,- એમ કહીને તે (ગોશાલક) કાળધર્મ પામ્યો.

[૬૫૪]ત્યારપછી આજીવિક સ્થવિરોએ મંખલિપુત્ર ગોશાલકને કાળધર્મ પામેલા જાણીને હાલાહલા કુંભારણના કુંભકારાપણના દ્વાર -બન્ધ કર્યા.શ્રાવસ્તી નગરીને આળેખીને ગોશાલકના શરીને ડાબે પગે દોરડા વડે બાંધીને ત્રણવાર મુખમાં થૂંકીને શ્રાવસ્તી નગરીના શૃંગાટકના આકારવાળા, યાવત્-રાજમાર્ગને વિષે ઘસડતા ધીમા ધીમા શબ્દથી ઉદ્‌ઘોષણા કરતા કરતા આ પ્રમાણે બોલ્યા- યાવત્ પદ્મસ્થાવસ્થામાં જ કાળધર્મ પામ્યો છે. શ્રમણ ભગવાન્ મહાવીર જિન, અને જિન પ્રલાપી થઈને યાવત્-વિહરે છે." એ પ્રમાણે તેઓ શપથથી છૂટા થાય છે, અને બીજી વાર તેની પૂજા અને સત્કારને સ્થિર કરવામાટે મંખલિપુત્ર ગોશાલકના ડાબા પગથી દોરડું છોડી નાંખે છે, ગોશાલકના શરીરને સુગન્ધી ગન્ધોદક વડે સ્નાન કરાવે છે-ઈત્યાદિ પૂર્વોક્ત કહેવું. યાવત્-અત્યન્ત મોટી ઋદ્ધિ અને સત્કારના સમુદાયથી મંખલિપુત્ર ગોશાલકના શરીર-ને બહાર કાઢે છે.

જૈન સાઇટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

[૬૫૫]ત્યારપછી શ્રમણભગવાન્‌મહાવીર અન્ય કોઈ દિવસે શ્રાવસ્તી નગરીથી અને કોષ્ઠક ચૈત્યથી નીકળી બહારના દેશોમાં વિહરે છે. તે કાલે તે સમયે મેંઢિક ગ્રામ નામે નગર હતું. તે મેંઢિકગ્રામનગરની બહાર ઉત્તર-પૂર્વ દિશાને વિષે અહિં સાળ કોષ્ઠક ચૈત્ય હતું. યાવત્-પૃથિવીશિલાપટ્ટ હતો. તે સાળકોષ્ઠ ચૈત્યની થોડા દૂર અહિં મોટું એક માલુકા વૃક્ષનું વન હતું. તે શ્યામ, શ્યામકાન્તિવાળું, યાવત્-મહામેઘના સમૂહના જેવું હતું. વળી તે પત્રવાળું, પુષ્પવાળું, ફળવાળું, હરિતવર્ણવડે અત્યન્ત દેદીપ્યામાન અને શ્રી-શોભાવડે અત્યન્ત સુશોભિત હતું. તે મેંઢિકગ્રામનગરમાં રેવતીનામે ગૃહપત્ની રહેતી હતી. તેય ઋદ્ધિવાળી અને કોઈથી પરાભવ ન પામે તેવી હતી. તે સમયે શ્રમણ ભગવાન્ મહાવીર અન્ય કોઈ દિવસે ત્યાં આવ્યા, યાવત્-પર્ષદા વાંદીને પાછી ગઈ. તે વખતે શ્રમણ ભગવંત મહાવીરના શરીરને વિષે મહાન્ પીડાકારી,-અત્યન્ત દાહ કરનાર, યાવત્-દુઃખે સહન કરવા યોગ્ય, યાવત્-જેણે પિત્તજ્વર વડે શરીર વ્યાપ્ત કર્યું છે એવો અને જેમાં દાહ ઉત્પન્ન થાય છે એવો રોગ પેદા થયો, અને તેથી લોહીવાળા ઝાડા થવા લાગ્યા. ચાર વર્ણના મનુષ્યો કહે છે કે-"એ પ્રમાણે ખરેખર શ્રમણ ભગવાન્ મહાવીર મંખલિપુત્ર ગોશાલકના તપના તેજવડે પરાભવ પામી છે માસને અન્તે પિત્તજ્વરયુક્ત શરીરવાળા થઈને દાહની ઉત્પત્તિની છદ્મસ્થાવસ્થમાં કાળ કરશે." તે કાળે તે સમયે શ્રમણ ભગવાન્ મહાવીરના અન્તેવાસી- સિંહઅનગાર પ્રકૃતિ વડે ભદ્ર,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યાવત્-વિનીત હતા. તે માલુકાવનથી થોડે દૂર નિરન્તર છઠ્ઠનો તપ કરવાવડે બાહુ ઉંચા પ્રમાણે ખરેખર મારા ધર્માચાર્ય અને ધર્મોપદેશક શ્રમણ ભગવંત મહાવીરના શરીરને વિષે અત્યન્ત દાહ કરનાર, મહાન્ પીડાકારી રોગ પેદા થયો છે-ઈત્યાદિ યાવત્-તે છદ્મસ્થાવસ્થામાં કાળધર્મ પામશે, અન્યતીર્થકો કહેશે કે તે છદ્મસ્થાવસ્થામાં કાળધર્મ પામ્યા"- આવા પ્રકારના આ મોટા માનસિક દુઃખવડે પીડિત થયેલ તે (સિંહઅનગાર) આતાપના ભૂમિથી નીચે ઉતરી જ્યાં માલુકાવન છે ત્યાં આવીને તેણે મોટા શબ્દથી કુહુકુહુ (હુઠવો મૂકી)એ રીતે અત્યન્ત રુદન કર્યું. શ્રમણ ભગવાન્ મહાવીરે કહ્યું-"હે આર્યો! એ પ્રમાણે ખરેખર મારા અન્તેવાસી સિંહઅનગાર પ્રકૃતિવડે ભદ્ર છે-ઈત્યાદિ પૂર્વોક્ત કહેવું, યાવત્-તેણે અત્યન્ત રુદન કર્યું, તે માટે હે આર્યો! જાઓ, અને તમે તેને બોલાવો." એટલે તે શ્રમણ નિર્ગ્રન્થો જ્યાં સિંહ અનગાર છે ત્યાં આવે છે, ત્યાં આવીને તેણે કહ્યું-"હે સિંહ! ધર્માચાર્ય તમને બોલાવે છે." ત્યારે તે સિંહ અનગાર જ્યાં શ્રમણ ભગવંત મહાવીર છે ત્યાં આવે છે, ત્રણવાર પ્રદક્ષિણા કરે છે, યાવત્-પર્યુપાસના કરે છે. શ્રમણ ભગંવત મહાવીરે કહ્યું-'હે સિંહ! ખરેખર ધ્યાનાન્તરીકામાં વર્તતા અને આવા પ્રકારનો આ સંકલ્પ થયો હતો, યાવત્-તેં અત્યન્ત રુદન કર્યું હતું ? હે સિંહ! ખરેખર આ વાત સત્ય છે? હા, સત્ય છે. હે સિંહ! હું નકકી મંખલિપુત્ર ગોશાલકના તપના તેજથી પરાભવ પામી છમાસને અન્તે યાવત્ કાળ કરીશ નહિ, હું બીજા સોળ વરસ જિનપણે ગન્ધહસ્તિના પેઠે વિચરીશ. તે માટે તું મેંઢિકગ્રામ નગરમાં રેવતી ગૃહપત્નીના ઘેર જા, ત્યાં રેવતી ગૃહપત્નીએ મારે માટે બે કોહળાના ફળો સંસ્કાર કરી તૈયાર કર્યા છે, તેનું મારે પ્રયોજન નથી, પરન્તુ બીજો ગઈકાલે કરેલો-માર્જારનામે વાયુને શાન્ત કરનાર બીજોરા પાક છે, તેને લાવ, ત્યાર પછી તે સિંહ અનગાર પ્રસન્ન અને સંતુષ્ટ, યાવત્ પ્રફૂલ્લિતહૃદયવાળા થઈ શ્રમણ ભગવંત મહાવીરને વંદન અને નમસ્કાર કરી ત્વરા, ચપળતા ને ઉતાવળરહિતપણે મુખવસ્ત્રિકાનું પ્રતિલેખન કરી ગૌતમ સ્વામીની પેઠે જ્યાં શ્રમણ ભગવંત મહાવીર છે ત્યાં આવે છે. ત્યાં આવી શ્રમણ ભગવંત મહાવીરને વંદન અને નમસ્કાર કરી યાવત્-જ્યાં મેંઢિકગ્રામ નામે નગર છે ત્યાં આવે છે, રેવતી ગૃહપત્નીનું ઘર છે, ત્યાં આવી તેણે રેવતી ગૃહપત્નીના ઘરમાં પ્રવેશ કર્યો. ત્યારે તે રેવતી ગૃહપત્નીએ સિંહ અનગારને આવતા જોયા, જોઈને પ્રસન્ન અને સંતુષ્ટ થઈ જલ્દી આસનથી ઉભી થઈ, સિંહ અનગારની સામે સાત આઠ પગલાં સામી ગઈ, ત્રણવાર પ્રદક્ષિણા કરી વંદન અને નમસ્કાર કરી એ પ્રમાણે કહ્યું-"હે દેવાનુપ્રિય! આગમનનું પ્રયોજન કહો." ત્યારે તે સિંહ અનગારે રેવતી ગૃહપત્નીને એમ કહ્યું-" બીજોરાપાક છે તેને આપો, તેનું પ્રયોજન છે." ત્યારે તે રેવતી ગૃહપત્નીએ સિંહ અનગારને એ પ્રમાણે કહ્યું-'હે સિંહ! કોણ આ જ્ઞાની કે તપસ્વી છે કે જેણે તને આ રહસ્ય અર્થ તુરત કહ્યો, અને જેથી તું જાણે છે ?'-એ પ્રમાણે સ્કન્દકના અધિકારમાં કહ્યા પ્રમાણે અહિં કહેવું, યાવત્-જેથી (ભગવંતના કથનથી) હું જાણું છું, ત્યારે તે રેવતી ગૃહપત્ની સિંહ અનગારની એ વાત સાંભળી હૃદયમાં અવધારી હૃષ્ટ અને સંતુષ્ટ થઈ જ્યાં ભક્તગૃહ-રસોડું છે ત્યાં આવીને પાત્ર નીચે મૂકે છે, સિંહ અનગારના પાત્રને વિષે તે સર્વ (બીજોરા પાક) આપે છે. તે સમયે તે રેવતી ગૃહપત્નીએ દ્રવ્યશુદ્ધ એવા યાવત્-તે દાનવડે સિંહ અનગારને પ્રતિલાભિત કરવાથી દેવાયુષ બાંધ્યું, યાવત્-વિજયની પેઠે રેવતીએ 'જન્મ અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીવિતવ્યનું ફળ પ્રાપ્ત કર્યું,'-એવી ઉદ્‌ઘોષણા થઈ. હવે તે સિંહઅનગાર ભગવંત પાસે આવીને તે સર્વ સારી રીતે મૂકે છે ત્યારે તે ભગવંત મહાવીર મૂર્છા-રહિત, યાવત્-તૃષ્ણારહિતપણે સર્પ જેમ બિલમાં પેસે તેમ પોતે તે આહારને શરીરરુપ કોષ્ઠમાં નાંખે છે. પછી શ્રમણ ભગવંત મહાવીરનો તે મહાન્ પીડાકારી રોગ તુરત જ શાન્ત થયો. તે હૃષ્ટ,રોગરહિત અને બલવાનશરીરવાળા થયા. શ્રમણો તુષ્ટ થયા, શ્રમણીઓ, શ્રાવકો, શ્રાવિકાઓ , દેવો, દેવીઓ, અને દેવ, મનુષ્ય અને અસુરો સહિત સમગ્ર વિશ્વ સંતુષ્ટ થયું કે 'શ્રમણ ભગવાન્ મહાવીર હૃષ્ટ-રોગરહિત થયા.'

[૬૫૬]ભગવાન્ ગૌતમે 'ભગવન્'! એમ કહી શ્રમણ ભગવાન્ મહાવીરને વંદન અને નમસ્કાર કરી એ પ્રમાણે કહ્યું-એ પ્રમાણે ખરેખર દેવાનુપ્રિય એવા આપના અન્તેવાસી પૂર્વદિશમાં ઉત્પન્ન થયેલા સર્વાનુભૂતિ નામે અનગાર પ્રકૃતિના ભદ્ર હતા, યાવત્-વિનીત હતા, હે ભગવન્ ! જ્યારે તેને મંખલિપુત્ર ગોશાલકે તપના તેજથી ભસ્મ રાશિરુપ કર્યા ત્યારે તે મરીને ક્યાં ગયા, ક્યાં ઉત્પન્ન થયા ? "એ પ્રમાણે ખરેખર હે ગૌતમ! તે સહસ્રાર કલ્પમાં દેવરુપે ઉત્પન્ન થયા. ત્યાં તેની અઢાર સાગરોપમની સ્થિતિ છે. તેની તે દેવલોકથી આયુષનો ક્ષય થવાથી અને સ્થિતિ ક્ષય થતા યાવત્-મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે, યાવત્-સર્વ દુઃખોનો અન્ત કરશે. એ પ્રમાણે ખરેખર દેવાનુપ્રિય એવા આપના શિષ્ય કોશલ દેશમાં ઉત્પન્ન થયેલા સુક્ષત્ર નામે અનગાર વિષયક પ્રશ્ન હે ગૌતમ! એ પ્રમાણે ખરેખર મારો શિષ્ય સુનક્ષત્ર અનગાર અચ્યુત દેવપણે ઉત્પન્ન થયો. ત્યાં તેની બાવીશ સાગરોપમની સ્થિતિ છે. બાકી બધું સર્વાનુભૂતિ સંબન્ધે કહ્યું છે તેમ અહિં જાણવું, યાવત્-સર્વ દુઃખોનો અન્ત કરશે.

[૬૫૭]એ પ્રમાણે ખરેખર આપનો અન્તેવાસી કુશિષ્યમંખલિપુત્ર ગોશાલક મરણ સમયે કાળ કરીને ક્યાં ગયો, ક્યાં ઉત્પન્ન થયો ? હે ગૌતમ! તે મરણસમયે કાળ કરીને યાવત્-અચ્યુત કલ્પને વિષે દેવપણે ઉત્પન્ન થયો. ત્યાં તેની બાવીશ સાગરોપમની સ્થિતિ છે. તે આયુષના ક્ષય થવાથી યાવત્-ક્યાં ઉત્પન્ન થશે ? હે ગૌતમ! આ જંબૂદ્વીપ નામે દ્વીપમાં ભરત ક્ષેત્રને વિષે વિન્ધ્યાચલ પર્વતની તળેટીમાં પુંડનામે દેશને વિષે શતદ્વારનામે નગરમાં સંમુતિ નામે રાજાને ભદ્રા નામે ભાર્યાની કુક્ષિને વિષે પુત્રરુપે ઉત્પન્ન થશે. તે ત્યાં નવ મારા બરોબર પૂર્ણ થયા બાદ અને સાડા સાત દિવસ વીત્યા પછી યાવત્-સુન્દર બાળકને જન્મ આપશે.

જે રાત્રિને વિષે તે બાળકનો જન્મ થશે, તે રાત્રિને વિષે શતદ્વાર નામે નગરમાં અંદર અને બહાર અનેક ભારપ્રમાણ અને અનેક કુંભપ્રમાણ વૃષ્ટિરુપ પદ્મની વૃષ્ટિ અને રત્નની વૃષ્ટિ થશે. તે વખતે તે બાળકના માત-પિતા અગીરયારમો દિવસ વીત્યા પછી બારમે દિવસે આવા પ્રકારનું ગુણયુક્ત અને ગુણનિષ્પન્ન 'મહાપદ્મ' એવું નામ પડશે. ત્યાર પછી તે મહાપદ્મ બાળકને માતાપિતા કંઈક અધિક આઠ વર્ષનો થયેલો જાણીને સારા તિથિ, કરણ, દિવસ નક્ષત્ર અને મુહૂર્તને વિષે અત્યન્ત મોટા રાજ્યાભિષેકવડે અભિષેક કરશે. હવે તે રાજા થશે, તે મહાહિમવાન્ આદિ પર્વતની જેમ બળવાળો થશે-ઈત્યાદિ વર્ણન જાણવું, હવે અન્ય કોઈ દિવસે તે મહાપદ્મ રાજાનું મહર્દ્ધિક યાવત્-મહાસુખવાળા બે દેવો સેનાકર્મ કરશે.-પૂર્ણભદ્ર અને માણિભદ્ર. તે વખતે તે મહાપદ્મ રાજાનું 'દેવસન' એવું બીજું નામ થશે. ત્યારબાદ તે દેવસેન રાજાને અન્ય કોઈ દિવસે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્વેત, નિર્મલ શંખના તળીયાસમાન અને ચાર દન્તવાળું હસ્તિરત્ન ઉત્પન્ન થશે, ત્યારે તે દેવસેન રાજા શ્વેત, નિર્મલ શંખના તળસમાન અને ચાર દન્તવાળા હસ્તિરત્ન ઉપર ચઢીને શતદ્વાર નગરના મધ્યભાગમાં થઈને વાંરવાર જશે અને નીકળશે. તેને આધારે તે દેવસેન રાજાનું 'વિમલવાહન' એવું ત્રીજું નામ પડશે.

ત્યારબાદ તે વિમલવાહન રાજા અન્ય કોઈ દિવસે શ્રમણ નિર્ગ્રન્થોની સાથે મિથ્યાત્વ-અનાર્યપણું આચરશે, કેટલાક શ્રમણ નિર્ગ્રન્થોનો આક્રોશ કરશે, કેટલાએ-કની હાંસી કરશે, કેટલાકને જુદા પાડશે, કેટલાકની નિર્ભિર્ત્સના કરશે, કેટલાકને બાંધશે, કેટલાકને રોકશે, કેટલાકના અવયવોને છેદ કરશે, કેટલાકને મારશે, ઉપદ્રવ કરશે, કેટલાકના વસ્ત્ર, પાત્ર કાંબલ અને પાદપુંચ્છન છેદશે, ભેદશે, અપહરણ કરશે, ભાત-પાણીનો વિચ્છેદ કરશે, નગરથી બહાર કાઢશે અને કેટલાએકને દેશથી બહાર કાઢશે. તે સમયે શતદ્વાર નગરને વિષે ઘણા માંડલિક રાજાઓ અને યુવરાજાઓ યાવત્ પરસ્પર કહેશે કે 'હે દેવાનુપ્રિયો ! એ આપણને શ્રેયરુપ નથી, આ વિમલવાહન રાજાને શ્રેયરુપ નથી, તેમજ આ રાજ્યને, આ રાષ્ટ્રને, બલને, વાહનને, પુરને, અન્તઃપુરને કે દેશને શ્રેયરુપ નથી કે જે વિમલવાહન રાજાએ શ્રમણ નિર્ગ્રન્થોની સાથે મિથ્યા-અનાર્ય પણું સ્વીકાર્યું છે. તે માટે આપણે વિમલવાહન રાજાને આ વાત જણાવવી યોગ્ય છે.'- એમ વિચારી જ્યાં વિમલવાહન રાજા છે ત્યાં આવેછે, ત્યાં આવીને કરતલ પરિગૃહીત કરીને હાથ જોડીને વિમલવાહન રાજાને જય અને વિજયથી વધાવેછે. વધાવીને એમ કહેશે કે'હે દેવાનુ- પ્રિય! આપ શ્રમણ નિર્ગ્રન્થોની સાથે મિથ્યા-અનાર્યપણાને આચરતા કેટલાએકનો આક્રોશ કરો છો, યાવત્-કેટલાએકને દેશથી બહાર કાઢો છો, તે આપને શ્રેયરુપ નથી, એ અમને પણ શ્રેયરુપ નથી, તેમજ આ રાજ્યને, યાવત્-દેશને શ્રેયરુપ નથી માટે આ કાર્યથી અટકો.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

જ્યારે એ ઘણાં માંડલિક રાજાઓ, યુવરાજાઓ યાવત્-સાર્થવાહકપ્રમુખ આ બાબત વિનતિ કરશે ત્યારે તે વિમલવાહન રાજા ધર્મ નથી, તપ નથી'-એવી બુદ્ધિથી મિથ્યા વિનંય વડે આ વાત કબૂલ કરશે. હવે તે શતદ્વાર નગરની ઉત્તર-પૂર્વ દિશાએ અહિં સુભૂમિભાગ નામે ઉદ્યાન હશે. તે સર્વ ઋતુના પુષ્પાદિકયુક્ત-ઈત્યાદિ વર્ણન જાણવું. તે કાલે તે સમયે વિમલનામે તીર્થંકરના પ્રપૌત્ર-શિષ્ય પરંપરામાં થયેલા સુમં ગલ અનગાર હશે. તે જાતિસંપન્ન-ઈત્યાદિ ધર્મઘોષ અનગારના વર્ણન પ્રમાણે વર્ણન કરવું, યાવત્-સંક્ષિપ્ત અને વિપુલ તેજોલેશ્યાવાળા, ત્રણ જ્ઞાન વડે સહિત તે સુમંગલ નામે અનગાર સુભૂમિભાગ નામે ઉદ્યાનથી થોડે દૂર નિરન્તર છઠ્ઠનો તપ કરવાવડે યાવત્-આતાપના લેતા વિહરશે. હવે તે વિમલવાહન રાજા અન્ય કોઈ દિવસે રથચર્યા કરવા નિકળશે ત્યારે સુમંલ અનગારને જોશે. યાવત્- ક્રોધતી અત્યન્ત બળતો એવો તે રાજા રથના અગ્રભાગ વડે સુમંગલ અનગારને અભિઘાત કરી પાડી નાંખશે. ત્યારે તે સુમંગલ અનગાર ધીમે ધીમે ઉઠશે, ઉઠીને બીજીવાર ઉંચા હાથ કરીને આતાપના લેતા વિહરશે, ત્યારે તે વિમલવાહનરાજા સુમંગલઅનગારને બીજીવાર પાડી નાંખશે. ત્યારે તે સુમંગલઅનગાર ધીમે ધીમે ઉઠશે, ઉઠીને અવધિજ્ઞાન પ્રયુજશે, વિમલવાહનરાજાને અતીતકાળે અવધિજ્ઞાન વડે જોશે,જોઈને વિમલવાહન રાજાને એમ કહેશે"તું ખરેખર વિમલવાહન રાજા નથી, પણ આ ભવથી ત્રીજા ભવમાં મંખલિપુત્ર ગોશાલકનામે હતો,

અને શ્રમણનો ઘાત કરનાર તું છદ્મસ્થાવસ્થમાં કાળધર્મ પામ્યો હતો, જો કે તે વખતે, સર્વાનુભૂતિ અનગારે સમર્થ છતાં પણ તારો અપરાધ સમ્યક્ પ્રકારે સહન કર્યો, તેની ક્ષમા કરી, તિતિક્ષા કરી અને તેને અધ્યાસિત કર્યો, સુનક્ષત્ર અનગારે પણ યાવત્-અધ્યાસિત-સહન કર્યો, શ્રમણ ભગવાન્ મહાવીરે સમર્થ છતાં પણ યાવત્-સહન કર્યો, પરન્તુ ખરેખર હું તે પ્રમાણે સમ્યક્ સહન નહિ કરું, હું ઘોડા, રથ અને સારથિસહિત તને મારા તપના તેજથી એકઘાએ કૂટાઘાત- કરીશ."

જ્યારે તે સુમંગલ અનગારે એ પ્રમાણે કહ્યું ત્યારે અત્યન્ત ગુસ્સે થયેલો અને યાવત્ અત્યન્ત ક્રોધથી બળતો તે વિમલવાહનરાજા સુમંગલ અનગારને ત્રીજી વાર પાડી નાંખશે. ત્યારે અત્યન્ત ગુસ્સે થયેલા અને યાવત્-ક્રોધથી બળતા એવા તે સુમંગલ અનગાર આતાપના ભૂમિથી ઉતરી તૈજસ સમુદ્ઘાત કરીને, સાત આઠ પગલાં પાછા જઈ ઘોડા, રથ અને સારથિસહિત વિમલવાહન રાજાને ભસ્મરાશિરુપ કરશે. હે ભગવાન્ ! સુમંગલઅનગાર ઘોડાસહિત, યાવત્-વિમલ- વાહન રાજાને ભસ્મરાશિ રુપ કરીને ક્યાં જશે, ક્યાં ઉત્પન્ન થશે ? હે ગૌતમ! ઘણા પ્રકારના છઠ્ઠ, અઠ્ઠમ, દશંમ દ્વાદશ ભક્ત યાવત્-વિચિત્ર તપકર્મવડે આત્માને ભાવિત કરતા ઘણાં વરસ સુધી શ્રમણ પણાના પર્યાયને પાળશે, પાળીને માસિક સંલેખના વડે સાઠભક્ત અનશનપણે વીતા વીને આલોચના અને પ્રતિક્રમણ કરી સમાધિને પ્રાપ્ત થઈ સર્વાર્થસિદ્ધ મહાવિમાનમાં દેવપણે ઉપજશે. ત્યાં સુમંગલ દેવની પણ જઘન્ય અને ઉત્કૃષ્ટરહિત એવી તેત્રીશ સાગરોપમની સ્થિતિ હશે. તે સુમંગલ દેવ તે દેવલોકથી યાવત્-ભવના ક્ષય થવાથી મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે, યાવત્ સર્વ દુઃખોનો અન્ત કરશે.

[૬૫૮]હે ભગવન્ ! જ્યારે સુમંગલ અનગાર ઘોડાસહિત વિમલવાહન રાજાને યાવત્-ભસ્મરાશિરુપ કરશે ત્યાર બાદ તે ક્યાં જશે, ક્યાં ઉત્પન્ન થશે ? હે ગૌતમ! અધઃસપ્તમ પૃથિવીમાં ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા નરકને વિષે નારકપણે ઉત્પન્ન થશે. ત્યાંથી ચ્યવીને તુરત મત્સ્યોને વિષે ઉત્પન્ન થશે. ત્યાં પણ શસ્ત્રવડે વધ થવાથી દાહની પીડા વડે મરણસમયે કાળ કરીને બીજીવાર પણ અધઃસપ્તમ નરકપૃથિવીમા ઉત્કૃષ્ટસ્થિતિવાળા નરકાવાસને વિષે નારકપણે ઉત્પન્ન થશે. ત્યાંથી અન્તરરહિતપણે ચ્યવી બીજીવાર પણ મત્સ્યોમાં ઉત્પન્ન થશે. ત્યાં પણ શસ્ત્રવડે વધ થવાથી યાવત્-કાળ કરીને છઠ્ઠી તમા નામે નરકપૃથિવીમાં ઉત્કૃષ્ટ કાળી સ્થિતિવાળા નરકમાં નૈરયિકપણે ઉત્પન્ન થશે. ત્યાંથી નીકળી તુરતજ સ્ત્રીને વિષે ઉત્પન્ન થશે. ત્યાં પણ શસ્ત્રદ્વારા વધ થતાં દાહની પીડાથી યાવત્-બીજીવાર છઠ્ઠી તમા પૃથિવીમાં ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા નરકમાં નારકપણે ઉત્પન્ન થશે. યાવત્-ત્યાંથી નીકળીને બીજીવાર પણ સ્ત્રીઓમાં ઉત્પન્ન થશે. ત્યાં પણ શસ્ત્રવડે વધ થવાથી યાવત્-કાળ કરીને પાંચમી ધૂમપ્રભાને વિષે ઉત્કૃષ્ટકાળની સ્થિતિવાળા નરકાવાસમાં યાવત્-ઉત્પન્ન થશે. ત્યાંથી નીકળીને ઉરઃપરિસર્પમાં ઉત્પન્ન થશે. ત્યાં પણ શસ્ત્રવડે વધ થવાથી કાળ કરીને બીજીવાર પાંચમીનરક પૃથિવીમાં ઉત્પન્ન થઈ, ત્યાંથી નીકળી યાવત્-બીજીવાર ઉરઃપરિસર્પોમાં ઉત્પન્ન થશે. ત્યાંથી યાવત્-કાળ કરીને ચોથી પંકપ્રભાપૃથિવીમાં ઉત્કૃષ્ટકાળની સ્થિતિવાળા નરકને વિષે નારકપણે ઉત્પન્ન થઈ, યાવત્-ત્યાંથી નીકળી સિંહોમાં ઉત્પન્ન થશે, ત્યાં પણ શસ્ત્રવડે વધ થવાથી તે પ્રમાણેજ યાવત્-કાળ કરીને બીજીવાર ચોથી પંકપ્રભામાં ઉત્પન્ન



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થઈ, યાવત્-ત્યાંથી નીકળી બીજીવાર સિંહોમાં ઉત્પન્ન થશે, ત્યાંથી યાવત્-કાળ કરીને ત્રીજી વાલુકાપ્રભામાં ઉત્કૃષ્ટકાળની સ્થિતિવાળા નરકાવાસમાં ઉત્પન્ન થઈ, ત્યાંથી નીકળી પક્ષીઓમાં ઉત્પન્ન થશે. ત્યાં પણ શસ્ત્ર વડે વધ કરી ત્યાંથી બીજી શર્કરાપ્રભામાં ઉત્પન્ન થઈ, યાવત્ -ત્યાંથી નીકળી સરીસૃપ ને વિશે ઉપજશે. ત્યાં શસ્ત્રવડે વધ થવાથી યાવત્-કાળ કરી બીજીવાર શર્કરાપ્રભાને વિશે યાવત્-ઉત્પન્ન થશે. અને ત્યાંથી નીકળી બીજીવાર સરીસૃપ ઉત્પન્ન થશે. યાવત્ કાળ કરીને આ રત્નપ્રભાપૃથિવીને વિષે ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા નરકાવાસમાં નૈરયિકપણે ઉત્પન્ન થશે. યાવત્-ત્યાંથી નીકળીને સંજ્ઞીને વિષે ઉપજશે. ત્યાં પણ શસ્ત્રવડે વધ થવાથી યાવત્-કાળ કરી અસંજ્ઞીમાં ઉત્પન્ન થશે. ત્યાંપણ શસ્ત્રવડે વધ થતાં યાવત્-કાળ કરીને બીજીવાર પણ આ રત્નપ્રભાપૃથિવીમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગની સ્થિતિવાળા નરકાવાસમાં નારકપણે ઉત્પન્ન થશે. હવે ત્યાંથી યાવત્ નીકળીને જે ખેચરના ભેદો છે,-ચર્મ પક્ષીઓ લોમપક્ષીઓ સમુદ્રકપક્ષીઓ અને વિતત પક્ષીઓમાં એક લાખ વાર મરણ પામી પામીને ત્યાં વારંવાર ઉત્પન્ન થશે. સર્વત્ર શસ્ત્રવધ થવાથી દાહની ઉત્પત્તિવડે મરણસમયે કાળ કરી જે આ ભુજપરિસર્પના ભેદો છે,ઘો, નોળીઆ-ઈત્યાદિ પ્રજ્ઞાપના સૂત્રના પ્રથમ પદને વિષે કહ્યું છે તે પ્રમાણે જાણવું. જીવોમાં અનેક લાખવાર મરણ પામી પુનઃ ત્યાં વારંવાર ઉત્પન્ થશે. બાકી બધું ખેચરની પેઠે જાણવું. યાવત્-કાળ કરી જે આ ઉરઃપરિસર્પના ભેદો હોય છે,-સાપ, અજગર, આશાલિકા અને મહોરગ, તેમાં અનેક લાખવાર મરણ પામી ઉત્પન્ન થશે, ત્યાંથી યાવત્-કાળ કરી જે આ જલચરના ભેદો હોય છે, -કચ્છપ યાવત્-સુંસુમાર, તેઓમાં અનેક લાખવાર ઉપજશે, યાવત્-કાળ કરી જે આ ચઉરિન્દ્રિય જીવોના ભેદો છે,-અંધિક, પૌત્રિક-ઈત્યાદિ-જેમ પ્રજ્ઞાપનાસૂત્રના પ્રથમ પ્રજ્ઞાપનાપદમાં કહ્યા પ્રમાણે યાવત્-ગોમયકીડાઓમાં અનેક લાખવાર ઉપજશે. ત્યાં ઉત્પન્ન થઈ કાળ કરી જે આ તેઈન્દ્રિય જીવોના ભેદો છે,-ઉપચિત, યાવત્-હસ્તિશૌંડ, તેઓમાં ઉત્પનન્ન થઈ યાવત્ કાળ કરી જે આ બેઈન્દ્રિયોના ભેદો છે,-પુલાકૃમિ યાવત્-સમુદ્રલિક્ષા, તેઓમાં અનેક લાખવાર મરણ પામી ઉત્પન્ન થશે. વિશેષ કરીને કટુક વૃક્ષોમાં અને કટુક વેલીમાં ઉપજશે, અને સર્વ સ્થળે શસ્ત્રવડે વધ થવાથી યાવત્-કાળ કરીને જે આ વાયુકાયિકના છે,-પૂર્વનો વાયુ, તેમાં અનેક લાખવાર ઉત્પન્ન થશે. યાવત્-કાળ કરી જે આ તેઉકાયિકના ભેદો છે,-અંગારા, યાવત્-સૂર્યકાન્તમણિ નિશ્રિત અગ્નિ, તેમાં અનેક લાખવાર ઉત્પન્ન થશે. ઉત્પન્ન થઈ જે આ અપ્કાયિકના ભેદો છે,-ઝાકળનું પાણી,યાવત્-કાળ કરીને જે આ પૃથિવીકાયિકના ભેદો છે,પૃથિવી, શર્કરા-કાંકરા, યાવત્ સૂર્યકાન્તમણિ, તેઓમાં અનેક લાખવાર ઉત્પન્ન થશે. વિશેષતઃ ખરબાદરપૃથિ વીકાયિકને વિષે, સર્વત્ર શસ્ત્રવડે વધ થવાને લીધે યાવત્-કાળ કરીને રાજગૃહનગરની બહાર વેશ્યાપણે ઉત્પન્ન થશે. ત્યાં પણ શસ્ત્રવડે વધ થતાં યાવત્-કાળ કરી બીજીવાર રાજગૃહ નગરની અંદર વેશ્યાપણે ઉત્પન્ન થશે.ત્યાં પણ શસ્ત્રવડે વધ થવાથી યાવત્-કાળકરીને.

[૬૫૯]આજ જંબૂદ્વીપમાં ભારત વર્ષને વિષે વિન્ધ્યાચલપર્વતની પાસે બિભેલ નામે ગામમાં બ્રાહ્મણકુળને વિષે પુત્રીપણે ઉત્પન્ન થશે. તે પુત્રી જ્યારે બાલ્યભાવનો ત્યાગ કરી યૌવનને પ્રાપ્ત થશે ત્યારે તેના માતાપિતા ઉચિત દ્રવ્ય અને ઉચિત વિનયવડે યોગ્ય ભર્તાને ભાર્યાપણે આપશે. તે પુત્રી તેની સ્ત્રી થશે. તે ઈષ્ટ, કાન્ત, યાવત્-અનુમત,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઘરેણાના કરંડીયા જેવી, તેલની કુલ્લીની પેઠે અત્યંત સુરક્ષિત, વસ્ત્રની પેટીની પેઠે સારી રીતે રાખેલી અને રત્નના કરંડીયાની પેઠે સારી રીતે રક્ષણ કરાયેલી હશે. તે શીત, ઉષ્ણ, યાવત્-પરિષહ અને ઉપદ્રવો ન સ્પર્શે માટે અત્યંત સંગોપિત- હશે. કોઈ દિવસે તે બ્રાહ્મણપુત્રી ગર્ભિણી થશે,જતાં રસ્તામાં બળી મરણસમયે કાળ કરી દક્ષિણદિશાના અગ્નિકુમાર દેવોમાં દેવપણે ઉત્પન્ન થશે.

ત્યાંથી અન્તરરહિતપણે ચ્યવીને મનુષ્યના દેહને ધારણ કરી માત્ર બોધિ-પામશે. કેવલ સમ્યગ્દર્શને પામી મુંડ થઈ ગૃહવાસનો ત્યાગ કરી -દીક્ષા ગ્રહણ કરશે. ત્યાં પણ શ્રમણપણું વિરાધી મરણસમયે કાળ કરી દક્ષિણ નિકાયના નાગકુમાર દેવોમાં દેવપણે ઉત્પન્ન થશે. ત્યાર પછી તે ત્યાંથી યાવત્-નીકળી મનુષ્ય શરીર પ્રાપ્ત કરી-ઈત્યાદી પૂર્વોક્ત કહેવું, હવે તે ત્યાં અન્તરરહિપણે ચ્યવી-ઈત્યાદિ એ પાઠ વડે દક્ષિણ નિકાયના સુવર્ણકુમારને વિષે, વિદ્યુત્કુમારને વિષે, એમ યાવત્-અગ્નિકુમાર સિવાય દક્ષિણ નિકાયના સ્તનિત કુમારને વિષે ઉત્પન્ન થશે. યાવત્-તે ત્યાંથી નિકળી મનુષ્ય શરીર પ્રાપ્ત કરશે, યાવત્-શ્રમણપણું વિરાધી જ્યોતિષિક દેવમાં ઉત્પન્ન થશે. હવે તે ત્યાંથી અન્તરરહિતપણે ચ્યવીને મનુષ્યશરીર પ્રાપ્ત કરશે, અને કેવળ સમ્યગ્દર્શનનો અનુભવ કરશે, ત્યાં પણ શ્રમણપણું વિરાધ્યા સિવાય મરણસમયે કાળ કરી ઈશાનદેવ લોકમાં દેવપણે ઉત્પન્ન થશે. ત્યાંથી ચ્યવી મનુષ્યશરીર પ્રાપ્ત કરશે. ત્યાં પણ શ્રમણપણું વિરાધ્યા સિવાય મરણસમયે કાળ કરી સનત્કુમાર દેવલોમાં દેવપણે ઉત્પન્ન થશે. ત્યાંથી ચ્યવી તેમ બ્રહ્મદેલવોક, મહાશુક્ર, આનત અને આરણ દેવલોકને વિષે જાણવું. હવે તે ત્યાંથી ચ્યવી યાવત્-શ્રમણપણાને વિરાધ્યા સિવાય મરણસમયે કાળ કરીને સર્વાર્થસિદ્ધ મહાવિમાનને વિષે દેવપણે ઉત્પન્ન થશે. ત્યાંથી અન્તરરહિત ચ્યવી મહા વિદેહક્ષેત્રને વિષે જે આ આવા પ્રકારના ધનિક, યાવત્-કોઈથી પરાભવ નહિ પામે તેવાં કુળોમાં પુત્રરુપે ઉત્પન્ન થશે. એ પ્રમાણે જેમ ઔપપાતિકસૂત્રને વિષે દૃઢપ્રતિજ્ઞાની વક્તવ્યતા કહી છે તે સઘળી વક્તવ્યતા અહિં કહેવી, યાવત્-તેને ઉત્તમ કેવલજ્ઞાન અને કેવલદર્શન ઉત્પન્ન થશે.

ત્યારબાદ તે દૃઢપ્રતિજ્ઞ કેવલી પોતાનો અતીત કાળ જોઈને શ્રમણ નિર્ગ્રન્થોને બોલાવીને એ પ્રમાણે કહેશે 'હે આર્યો! એ પ્રમાણે ખરેખર આજથી ઘણાં કાળ પહેલાં હું મંખલિપુત્ર ગોશાલક નામે હતો, અને હું શ્રમણોનો ઘાત કરી યાવત્-છદ્મસ્થાવસ્થામાં કાળધર્મ પામ્યો. હે આર્યો! તે નિમિત્તે હું અનાદિ, અનન્ત અને દીર્ઘમાર્ગવાળા ચારગતિ રુપ સંસારાટવીમાં ભમ્યો. તે માટે તમે કોઈ આચાર્યના પ્રત્યનીક- થશો, ઉપાધ્યાયના પ્રત્યનીક ન થશો, આચાર્ય અને ઉપાધ્યાયના અયશ કરનારા, અવર્ણવાદ કરનારા અને અકીર્તિ કરનારા ન થશો, અને એ પ્રમાણે મારી પેઠે અનાદિ, અનન્ત યાવત્-સંસારાટવીમાં ન ભમશો. ત્યાર પછી તે શ્રમણ નિર્ગ્રન્થો સાંભળી, અવધારી ભય પામી, ત્રસ્ત થઈ, અને સંસારના ભયથી ઉદ્વિગ્ન થઈ દૃઢપ્રતિજ્ઞકેવલીને વંદન કરશે, પાપસ્થાપકની આલોચના અને નિન્દા કરશે, યાવત્-ચારિત્રનો સ્વીકાર કરશે. ત્યારપછી દૃઢપ્રતિજ્ઞ કેવલી ઘણા વર્ષ પર્યન્ત કેવલપર્યાયને પાળી પોતાનું આયુષ થોડું બાકી જાણીને ભક્ત પ્રત્યાખ્યાન કરશે, એ પ્રમાણે ઉવવાઇ સૂત્રમાં કહ્યા પ્રમાણે યાવત્-સર્વ દુઃખોનો અન્ત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરશે. 'હે ભગવન્ . તે એમજ છે,

**શતકઃ૧૫ની મુનિ દીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## શતક. ૧૬

### -:ઉદ્દેસો-૧ :-

[૬૬૦]અધિકરણી-જરાદિ, કર્મ, યાવતિક, ગંગદત્ત, સ્વપ્ર, ઉપયોગ લોક સ્વરુપ, બલીન્દ્ર, અવધિજ્ઞાન, દ્વીપકુમાર, તથા ઉદધિકુમાર, દિક્કુમાર અને સ્તનિત કુમાર એ પ્રમાણે ચૌદ ઉદ્દેશકો આ શતકમાં આવે છે.

[૬૬૧]તે કાળે તે સમયે રાજગૃહ નગરમાં યાવત્-પર્યુપાસના કરતા (ભગવાન્ ગૌતમ) આ પ્રમાણે બોલ્યા કે-હે ભગવન્ ! અધિકરણી ઉપર વાયુકાય ઉત્પન્ન થાય ? હે ગૌતમ! હા, થાય. હે ભગવન્ ! તે વાયુકાયનો બીજા કોઈ પદાર્થ સાથે સ્પર્શ થાય તોજ તે મરે કે સ્પર્શ થયા સિવાય પણ મરે ? હે ગૌતમ! તેનો બીજો પદાર્થ સાથે સ્પર્શ થાય તોજ મરે, હે ભગવન્ ! તે શરીરસહિત ભવાન્તરે જાય કે શરીરરહિત જાય ? હે ગૌતમ! આ બાબતમાં જેમ સ્કંદકના ઉદ્દેશકમાં કહ્યું છે, તે પ્રમાણે જાણવું.

[૬૬૨]સગડીમાં અગ્નિકાય કેટલા કાળ સુધી રહે ? જઘન્યથી અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટથી ત્રણ રાત્રિ. વળી વાયુકાયિક જીવો પણ ઉત્પન્ન થાય.

[૬૬૩]હે ભગવન્, લોઢાને તપાવવાની ભટ્ઠીમાં લોઢાના સાંડસા વડે લોઢાને ઉંચું કે નીચું કરનાર પુરુષને કેટલી ક્રિયાઓ લાગે ? હે ગૌતમ! કાયિકીથી માંડીને પ્રાણા તિપાત ક્રિયા સુધીની પાંચ ક્રિયાઓ લાગે છે. વળી જે જીવોના શરીરથી લોઢું બન્યું છે, લોઢાની ભટ્ઠી બની છે, સાંડસો બન્યો છે, અંગારા બન્યા છે, અંગારાકર્ષણી બની છે અને ધમણ બની છે તે બધા જીવોને પણ કાયિકી યાવત્-પાંચ ક્રિયાઓ લાગે છે. હે ભગવન્ ! લોઢાની ભટ્ઠીમાંથી લોઢાના સાંડસા વડે લોઢાને લઈ એરણ ઉપર લેતા અને મૂકતા પુરુષને કેટલેય ક્રિયાઓ લાગે ? હે ગૌતમ! કાયિકી યાવત્-પ્રાણાતિપાત સુધીની પાંચ ક્રિયાઓ લાગે છે. વળી જે જીવોના શરીરથી લોઢું બન્યુ છે, સાંડસો બન્યો છે, ચર્મેષ્ટક-ધણ બન્યો છે, નાનો હથોડો બન્યો છે. એરણ બની છે, એરણ ખોડવાનું લાકડું બન્યું છે, ગરમ લોઢાને ઠારવાની પાણીની દ્રોણી બની છે અને અધિકરણશાળા બની છે તે જીવોને પણ કાયિકી યાવત્-પાંચ ક્રિયાઓ લાગે છે.

[૬૬૪]હે ભગવન્ ! જીવ અધિકરણી-છે કે અધિકરણ છે ? હે ગૌતમ! હે ભગવન્ ! એ પ્રમાણે શા હેતુથી કહો છો છે.' ? હે ગૌતમ! અવિરતિને આશ્રયી, નૈરયિક અધિકરણી છે કે અધિકરણ છે ? હે ગૌતમ! બંને છે. જેમ જીવ સંબંધે કહ્યું તેમ નૈરયિક સંબંધે પણ જાણવું, અને એ પ્રમાણે યાવત્-નિરંતર વૈમાનિક સુધીના જીવ સંબન્ધે પણ જાણવું. હે ભગવન્ ! શું જીવ સાધિકરણી છે કે નિરધિકરણી છે ? હે ગૌતમ! જીવ સાધિકરણી છે, પણ નિરધિકરણી નથી. હે ભગવન્ ! એ પ્રમાણે શા હેતુથી કહો છો કે 'જીવ સાધિકરણી છે અને નિરધિકરણી નથી' ? હે ગૌતમ! અવિરતિને આશ્રયી,એ પ્રમાણે યાવત્-વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્ શું જીવ આત્માધિકરણી છે, પરાધિકરણી છે કે તદુભયાધિકરણી છે ? હે ગૌતમ! ત્રણે છે. એ પ્રમાણે શા હેતથી કહો છો? હે ગૌતમ! અવિરતિને આશ્રયી,એ પ્રમાણે યાવત્-વૈમાનિકો સુધી જાણવું. હે

જૈન સાઈટ JAINSITE

ભગવન્ ! શું જીવોનું અધિકરણ આત્મપ્ર- યોગથી થાય છે. પરપ્રયોગથી થાય છે કે તદુભયપ્રયોગથી થાય છે ? હે ગૌતમ! ત્રણે રીતે તે એ પ્રમાણે આપ શા સંબધી કહો છો હે ગૌતમ! અવિરતિને આશ્રીને એ પ્રમાણે યાવત્-વૈમાનિકો સુધી જાણવું.

[૬૬૫]હે ભગવન્ . શરીરો કેટલાં કહ્યાં છે ? હે ગૌતમ! પાંચ. ઔદારિક, યાવત્ કાર્મણ. હે ભગવન્ ! ઈંદ્રિયો કેટલી કહી છે ? હે ગૌતમ! પાંચ. શ્રોત્રેદ્રિય, યાવત્ સ્પર્શે ન્દ્રિય હે ભગવન્. યોગ કેટલા છે ? હે ગૌતમ! ત્રણ મનયોગ, વચનયોગ અને કાયયોગ. હે ભગવન્ ઔદારિક શરીરને બાંધતો જીવ અધિકરણી છે કે અધિકરણ છે ? હે ગૌતમ! તે બંને છે.એ પ્રમાણે શા હેતુથી કહો છો ? હે ગૌતમ! અવિરતિને આશ્રયી. હે ભગવન્ ! ઔદારિક શરીરને બાંધતો પૃથ્વીકાયિક જીવ અધિકરણી છે કે અધિકરણ છે ? હે ગૌતમ! પૂર્વ પ્રમાણે જાણવું. અને એ પ્રમાણે યાવત્ મનુષ્યો સુધી જાણવું. એ પ્રમાણે વૈક્રિય શરીર સંબંધે પણ સમજવું, પણ તેમાં એ વિશેષ છે કે જે જીવોને જે શરીર હોય તેમના વિશે તે શરીર સંબન્ધે કહેવું. હે ભગવન્ ! આહારક શરીરને બાંધતો જીવ અધિકરણી છે-ઈત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ! તે અધિકરણી પણ છે અને અધિકરણ પણ છે. હે ભગવન્ ! તે એ પ્રમાણે શા હેતુથી કહો છો કે ? હે ગૌતમ! પ્રમાદને આશ્રયી, એ પ્રમાણે મનુષ્ય સંબંધે પણ જાણવું. ઔદારિક શરીરની પેઠે તૈજેસ શરીર સંબંધે પણ કહેવું, પણ તેમાં વિશેષ એ છે કે, સર્વ જીવોને વિષે એ પ્રમાણે સમજવું. એજ પ્રમાણે કાર્મણ શરીર વિષે પણ જાણવું.હે ભગવન્!શ્રોત્રેન્દ્રિયનેબાંધતો જીવ અધિકરણી છે કે અધિકરણછે ? હે ગૌતમ! જેમ ઔદારિક શરીરને વિષે કહેલું છે તેમ શ્રોતેન્દ્રિયને વિષે પણ કહેવું. વિશેષ એ છે કે જે જીવોને શ્રોત્રેન્દ્રિય હોય તેમના વિષે તે કહેવું. એ પ્રમાણે ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેંદ્રિય, જિહ્વેદ્રિય, અને સ્પર્શેન્દ્રિય સંબંધે પણ જાણવું. વિશેષ એ કે જે જીવોને જે ઈન્દ્રિય હોય તેમના વિષે તે ઈન્દ્રિય સંબન્ધે કહેવું. હે ભગવન્ ! મનોયોગને બાંધતો જીવ અધિકરણી છે કે અધિકરણ છે ? હે ગૌતમ ! જેમ શ્રોત્રેન્દ્રિયના વિષયમાં કહ્યું છે તેમ આ વિષયમાં પણ બધું કહેવું. એ પ્રમાણે વચનયોગ સંબન્ધે પણ સમજવું. વિશેષ એ કે વચનયોગમાં એકેદ્રિય જીવો ન લેવા. એ પ્રમાણે કાયયોગ સંબન્ધે જાણવું. અને તેમાં વિશેષ એ કે કાયયોગ સર્વજીવોને હોવાથી સર્વના વિષે તે સમજવું. એ પ્રમાણે યાવત્-વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્ ! તે એમજ છે.

**શતકઃ૧૬ ઉદ્દેસાઃ૧ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેશકઃ૨

[૬૬૬]રાજગૃહમાં (ભગવાન્ ગૌતમ) યાવત્-આ પ્રમાણે બોલ્યા કે, ભગવન્ ! શું જીવોને જરા-અને શોક હોય છે ? હે ગૌતમ! બંને છે. તે આ પ્રમાણે શા હેતુથી કહો છો? હે ગૌતમ! જે જીવોને શારીરિક વેદના હોય છે તે જીવોને જરા હોય છે, અને જે જીવો-ને માનસિક વેદના હોય છે તે જીવોને શોક હોય છે, એ પ્રમાણે નૈરયિકોયાવત્-સ્તનિતકુમારો સુધી જાણવું. હે ભગવન્ ! પૃથિવીકાયિકોનો હે ગૌતમ! પૃથિવીકાયિકને જરા હોય છે, પણ શોક નથી હોતો. તેને શું કારણ હે ગૌતમ! પૃથિવીકાયિકો શારીરિક વેદનાન અનુભવે છે, પણ માનસિક વેદનાને અનુભવતા નથી માટે એ પ્રમાણે યાવત્-ચતુરિંદ્રિય જીવો સુધી જાણવું. બાકીના જીવો માટે સામાન્ય જીવોની પેઠે સમજવું. અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ પ્રમાણે યાવત્-વૈમાનિકો સુધી કહેવું.

[૬૬૭]તે કાલે તે સમયે શક્ર, દેવેંદ્ર, દેવરાજ, વજ્રપાણિ, પુરંદર યાવત્-સુખને ભોગવતો વિહરે છે, અને પોતાના વિશાળ અવધિજ્ઞાન વડે આ સમસ્ત જંબૂદ્વીપને અવલોકતો શ્રમણ ભગવંત મહાવીરને જુએ છે. અહીં તૃતીય શતકમાં કહેલ ઈશાનેન્દ્રની વક્તવ્યતા પ્રમાણે શક્રની બધી વક્તવ્યતા કહેવી. વિશેષ એ છે કે આ શક્ર આભિયોગિક દેવોને બોલાવતો નથી. એનો સેનાધિપતિ હરિનૈગમેષી દેવ છે. ઘંટા સુઘોષા છે, પાલક નામે દેવ વિમાનનો બનાવનાર છે, એનો નિકળવાનો માર્ગ ઉત્તર દિશાએ છે, દક્ષિણ પૂર્વમાં રતિકર પર્વત છે. બાકી બધું તેજ પ્રમાણે જાણવું. શ્રમણ ભગવંત મહાવીરે ધર્મકથા કહી. યાવત્-સભા પાછી ગઈ. ત્યારબાદ તે શક્ર, દેવેન્દ્ર, દેવરાજ શ્રમણ ભગવંત મહાવીર પાસેથી ધર્મને સાંભલી, અવધારી હર્ષવાળો અને સંતોષવાલો થઈ શ્રમણ ભગવંત મહાવીરને વાંદી, નમી આ પ્રમાણે બોલ્યો- હે ભગવન્ અવગ્રહ કેટલા પ્રકારનો કહ્યો છે ? હે શક્ર પાંચ પ્રકારનો દેવેન્દ્રાવગ્રહ, રાજાવગ્રહ, ગૃહપતિઅવગ્રહ, સાગારિકાવગ્રહ અને સાધર્મિકાવગ્રહ. જે આ શ્રમણ નિર્ગ્રન્થો આજકાલ વિચરે છે તેઓનું હું અવગ્રહની અનુજ્ઞા આપું છું. એમ કહી તે શક્ર શ્રમણ ભગવંત મહાવીરને વાંદી નમી તેજ દિવ્ય વિમાન ઉપર બેસી જ્યાંથી આવ્યો હતો ત્યાં ચાલ્યો ગયો. ગૌતમ બોલ્યા કે-હે ભગવન્ . શક્ર દેવેન્દ્ર દેવરાજે જે આપને પૂર્વ પ્રમાણે તે અર્થ સત્ય છે ? હા ગૌતમ! એ અર્થ સત્ય છે.

[૬૬૮]હે ભગવન્ ! શક્ર દેવેંદ્ર દેવરાજ શું સત્યવાદી છે કે મિથ્યાવાદી છે ? હે ગૌતમ! તે સત્યવાદી છે પણ મિથ્યાવાદી નથી. શક્ર દેવેન્દ્ર દેવરાજ સત્યભાષા બોલે છે, મૃષા ભાષા બોલે છે, સત્યમૃષ ભાષા બોલે છે કે અસત્યામૃષા ભાષા બોલે છે ? હે ગૌતમ! તે ચારે ભાષા બોલે. હે ભગવન્ ! શક્ર દેવેન્દ્ર દેવરાજ સાવદ્ય ભાષા બોલે કે નિરવદ્ય ? હે ગૌતમ! બંને હે ભગવન્ તેનું શું કારણ હે ગૌતમ! શક્ર દેવેદ્ર દેવરાજ જ્યારે સૂક્ષ્મ કાય-હસ્ત અથવા વસ્ત્ર વડે મુખ ઢાંક્યા વિના બોલે ત્યારે તે સાવદ્ય ભાષા બોલે છે અને મુખ ઢાંકીને બોલે ત્યારે તે નિરવદ્ય ભાષા બોલે છે, હે ભગવન્ . શક્ર દેવેન્દ્ર દેવરાજ ભવસિદ્ધિક છે, અભવસિદ્ધિક છે, સમ્યગ્દૃષ્ટિ છે, (કે મિથ્યાદૃષ્ટિ છે ?) જેમ ત્રીજા શતકના પ્રથમ ઉદ્દેશકમાં સનત્કુમાર માટે કહ્યું છે તેમ અહિં પણ જાણવું. અને તે યાવત્-'અચરમ નથી' એ પીઠ સુધી કહેવું.

[૬૬૯]હે ભગવન્ ! જીવોના કર્મો ચૈતન્યકૃત હોય છે કે અચૈતન્યકૃત હોય છે ? હે ગૌતમ! જીવોની કર્મો ચૈતન્યકૃત હોય છે પણ અચૈતન્યકૃત નથી હોતા. હે ભગવન્ ! તેનું શું કારણ છે ? અજીવો જ આહારરુપે, શરીરરુપે અને કલેવરરુપે ઉપચિત કરેલા પુદ્ગલો તે તે રુપે પરિણમે છે, માટે અચૈતન્યકૃત કર્મો નથી. તથા દુઃસ્થાનરુપે, દુઃશય્યારુપે, અને દુર્નિષદ્યારુપે તે તે પુદ્ગલો પરિણમે છે માટે અચૈતન્યકૃત કર્મપુદ્ગલો નથી. તથા તે આતંકરુપે પરિણમી જીવનના વધ માટે થાય છે, સંકલ્પરુપે પરિણમી જીવને વધ માટે થાય છે અને મરણાંતરુપે પરિણમી જીવના વધ માટે થાય છે માટે કર્મ પુદ્ગલો અચૈતન્યકૃત નથી. એ પ્રમાણે નૈરયિકો યાવત્-વૈમાનિકો સંબંધે જાણવું.

**શતકઃ૧૬, ઉદ્દેસાઃ૨ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ઉદ્દેશકઃ૩

[૬૭૦]રાજગૃહમાં (ભગવાન્ ગૌતમ) યાવત્-આ પ્રમાણે બોલ્યા કે- ભગવન્ ! કેટલી કર્મપ્રકૃતિઓ કહી છે ? હે ગૌતમ! આઠ - જ્ઞાનાવરણીય, યાવત્-અંતરાય એ પ્રમાણે યાવત્-વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્ જ્ઞાનાવરણીય કર્મને વેદતો જીવ બીજી કેટલી કર્મપ્રકૃતિઓ વેદે છે ? હે ગૌતમ! આઠે કર્મપ્રકૃતિઓને વેદે છે. એ પ્રમાણે અહીં પ્રજ્ઞાપનસૂત્રમાં કહેલ 'વેદાવેદ,' 'વેદાબંધ' 'બંધાવેદ,' તથા 'બંધાબંધ' નામનો ઉદ્દેશક પણ કહેવો. એ પ્રમાણે યાવદ્ વૈમાનિકો સુધી જાણવું.

[૬૭૧]ત્યારબાદ શ્રમણ ભગવંત મહાવીરે અન્ય કોઈ દિવસે રાજગૃહ નગરના ગુણસિલકચૈત્યથી નીકળી બહારના બીજા દેશોમાં વિહાર કર્યો. તે કાળે તે સમયે ઉલ્લુકતીરનગર હતું. તે ઉલ્લુકતીરનગરની બહાર ઈશાન કોણમાં એકબૂંજક ચૈત્ય હતું. ત્યાર પછી અનુક્રમે વિચરતા શ્રમણ ભગવંત મહાવીર અન્ય કોઈ દિવસે એકજંબૂક ચૈત્યમાં સમોસર્યા, યાવત્-સભા પાછી ગઈ. ત્યાર પછી આ પ્રમાણે બોલ્યા. હે ભગવન્ છઠ્ઠ છઠ્ઠના તપપૂર્વક યાવત્-નિરંતર આતાપના લેતા ભાવિતાત્મા એવા અનગારને દિવસના પૂર્વાર્ધ ભાગમાં પોતાના હાથ, પગ, યાવત્-ઉરુ-સાથળને સંકોચવા કે પહોળા કરવા કલ્પતા નથી, અને દિવસના પશ્ચિમાર્ધ ભાગમાં પોતાના હાથ, પગ, યાવત્-ઉરુને સંકોચવા અને પોહળા કરવા કલ્પે છે. હવે તે અનગારને અર્શો લટકતા હોય અને તે અર્શોને કોઈ વૈદ્ય જુએ, જોઈને તે અર્શોને કાપવાને તે ઋષિને ભૂમિ ઉપર સૂવાડીને તેના અર્શો કાપે તો હે ભગવાન્ ! તે કાપનાર વૈદ્યને ક્રિયા લાગે કે જેના અર્શો કપાય તેને ધર્માંતરાય રુપ ક્રિયા સિવાય બીજી પણ ક્રિયા લાગે ? હે ગૌતમ! હા, જે કાપે છે, તેને (શુભ) ક્રિયા લાગે છે, અને જેના અર્શો કપાય છે તેને ધર્માંતરાય સિવાય બીજી ક્રિયા નથી લાગતી

**શતકઃ૧૬ ની ઉદ્દેસોઃઃ૩ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જર છાયા પૂર્ણ**

## ઉદ્દેશકઃ૪

[૬૭૨]રાજગૃહમાં યાવત્-આ પ્રમાણે બોલ્યા કે-હે ભગવન્ . અન્નગ્લાયક શ્રમણ નિર્ગ્રંથ જેટલું કર્મ ખપાવે તેટલું કર્મ નૈરયિક જીવો નરકમાં એક વરસે, અનેક વરસે કે સો વરસે ખપાવે ? હે ગૌતમ! એ અર્થ સમર્થ-નથી । ચતુર્થભક્ત કરનાર શ્રમણ નિર્ગ્રંથ જેટલું કર્મ ખપાવે તેટલું ધર્મ નૈરયિક જીવો નરકમાં સો વરસે, અનેક સો વરસે કે હજાર વરસે ખપાવે ? હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી. છઠ્ઠ ભક્ત સંબંધ પ્રશ્ન હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી. અષ્ટમ ભક્ત કરી શ્રમણ નિર્ગ્રંથ જેટલું કર્મ ખપાવે તેટલું કર્મ નૈરયિકો નરકમાં એક લાખ વરસે, અનેક લાખ વરસે કે એક કરોડ વરસે ખપાવે ? હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! દશમ ભક્ત કરનારો શ્રમણ નિગ્રન્થ જેટલું કર્મ ખપાવે તેટલું કર્મ નૈરયિક જીવો નરકમાં એક કરોડ વરસે, અનેક કરોડ વરસે કે કોટાકોટી વરસે ખપાવે ? હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી.

હે ભગવન્ ! એ પ્રમાણે આપ શા હેતુથી કહો છો ? હે ગૌતમ! જેમ કોઈ એક ઘરડો, ઘડપણથી જર્જરિત શરીરવાળો, ઢીલા પડી ગયેલા અને ચામડીના વળીયા વડે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વ્યાપ્ત થયેલા ગાત્રવાળો, થોડા અને પડી ગયેલા દાંતવાળો, ગરમીથી વ્યાકુળ થયેલો, તરસથી પીડાએલ, દુઃખી ભૂખ્યો તરસ્યો, દુર્બલ અને માનસિક કલેશવાળો પુરુષ હોય અને તે એક મોટા કોશંબ નામના વૃક્ષની સૂકી, વાંકી ચૂકી ગાંઠોવાળી, ચિકણી, વાંકી અને નિરાધાર રહેલી ગંડિકા ઉપર મુંડ પરશું વડે પ્રહાર કરે, તો તે પુરુષ મોટા મોટા શબ્દો કરે પણ મોટા મોટા કકડા ન કરી શકે. એજ પ્રમાણે હે ગૌતમ! નૈરયિકોએ પોતાના પાપ કર્મો ગાઢ કર્યા છે, ચિકણા કર્યા છે- યાવત્- તેથી તે નૈરયિકો નિર્વાણરુપ ફળવાળા થતા નથી. વળી જેમ કોઈ એક પુરુષ એરણ ઉપર ઘણ મારતો મોટા શબ્દ કરે યાવત્-મહાપર્યવસાનવાળા થઈ. તથા જેમ કોઈ એક તરુણ, બલવાન્, યાવત્-મેધાવી અને નિપુણ કારીગરી પુરુષ એક મોટા શિમળાના વૃક્ષની લીલી, જટાવિનાની, ગાંઠી વિનાની, ચિકાશ વિનાની, સીધી અને આધારવાળી ગંડિકા ઉપર તીક્ષ્ણ કુહાડાવડે પ્રહાર કરે તો તે પુરુષ મોટા મોટા શબ્દો કરતો નથી પણ મોટા મોટા દળને ફાડે છે, એજ પ્રમાણે હે ગૌતમ! જે શ્રમણ નિર્ગ્રંથોએ પોતાના કર્મોને યથાસ્થૂલ, શિથિલ યાવત્-નિષ્ઠિત કરેલાં છે, યાવત્-તે કર્મો શીઘ્ર જ નાશ પામે છે અને યાવત્-તેઓ મહાપર્યવ સાનવાળા થાય છે. વળી જેમ કોઈ એક પુરુષ સૂકા ઘાસના પૂળાને યાવત્-અગ્નિમાં ફેંકે તથા પાણીના ટીપાને તપાવેલ લોઢાના કઢાયામાં નાખે તો તે જલદી નાશ પામે એ પ્રમાણે શ્રમણ નિર્ગ્રન્થના કર્મ શીઘ્ર વિધ્વસ્ત થાય છે-ઈત્યાદિ માટે હે ગૌતમ! તે હેતુથી એમ કહ્યું છે કે 'અન્નગ્લાયક શ્રમણ નિર્ગ્રન્થ જેટલું કર્મ ખપાવે' ઈત્યાદિ બધું પૂર્વ પ્રમાણે કહેવું-યાવત્ તેટલું કર્મ કોટાકોટી વરસે પણ નૈરયિક જીવ ન ખપાવે.

**શતકઃ૧૬-ઉદ્દેસાઃ૪ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેશકઃ૫

[૬૭૩]તે કાળે, તે સમયે ઉલ્લુકતીર નગર હતું. એકજંબૂક ચૈત્ય હતું. તે કાળે તે સમયે સ્વામી સમોસર્યા યાવત્-સભા પર્યુપાસના કરે છે. તે કાળે તે સમયે શક્ર દેવેન્દ્ર દેવરાજ વજ્રપાણિ-ઈત્યાદિ જેમ બીજા ઉદ્દેશકમાં કહેવામાં આવ્યું છે તેમ દિવ્ય વિમાન વડે અહીં આવ્યો, અને યાવત્-જે તરફ શ્રમણ ભગવંત મહાવીર હતા તે તરફ જઈ યાવત્-નમી આ પ્રમાણે બોલ્યો. હે ભગવન્ ! મોટી ઋદ્ધિવાળો યાવત્-મોટા સુખવાળો દેવ બહારના પુદ્ગલોને ગ્રહણ કર્યા સિવાય અહીં આવવા સમર્થ છે ? હે શક્ર! ના, એ અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! મોટી ઋદ્ધિવાળો દેવ યાવત્-એજ પ્રમાણે બહારના પુદ્ગલોને ગ્રહણ કરીને અહીં આવવા સમર્થ છે ? હે શક્ર! હા સમર્થ છે. હે ભગવન્ ! મોટી ઋદ્ધિવાળો દેવ યાવત્-એજ પ્રમાણે બહારના પુદ્ગલોને ગ્રહણ કરીને જવાને, બોલવાને, ઉત્તરદેવોને, આંખઉઘાડવાને કે આંખમીંચવાને, શરીરના અવયવોને સંકોચવાને કે પહોળાં કરવાને સ્થાન શય્યા કે નિષદ્યાને ભોગવવાને, વિકુર્વવાને અને પરિચારણા-કરવાને સમર્થ છે ? હા, યાવત્-સમર્થ છે. તે દેવેન્દ્ર દેવરાજ પૂર્વોક્ત સંક્ષિપ્ત આઠ પ્રશ્નો પૂછી અને ઉત્સુકતા- પૂર્વક ભગવંત મહાવીરને વાંદી તેજ દિવ્ય વિમાન ઉપર ચઢી જ્યાંથી આવ્યો હતો ત્યાં તે પાછો ચાલ્યો ગયો.

[૬૭૪] ગૌતમ આ પ્રમાણે બોલ્યા કે-હે ભગવન્ ! અન્ય દિવસે દેવેન્દ્ર દેવરાજ શક્ર દેવાનુપ્રિય આપને વંદન, નમન, સત્કાર યાવત્-પર્યુપાસના કરે છે, પણ હે ભગવન્ !

જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આજે તો તે શક્ર આપને સંક્ષિપ્ત આઠ પ્રશ્નો પૂછી અને ઉત્સુકતાપૂર્વક વાંદી નમી યાવત્-કેમ ચાલ્યો ગયો ? -'હે ગૌતમ! એ પ્રમાણે ખરેખર તે કાળે તે સમયે મહાશુક્રકલ્પના મહા સામાન્યવિમાનમાં મોટી ઋદ્ધિવાળા, યાવત્-મોટા સુખવાળા બે દેવો એકજ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. તેમાં એક માયી મિથ્યાદૃષ્ટિરુપે ઉત્પન્ન થયો અને એક અમાયી સમ્યગ્દૃષ્ટિરુપે ઉત્પન્ન થયો. ત્યાર પછી ઉત્પન્ન થયેલા તે માયિમિથ્યાદૃષ્ટિ દેવે ઉત્પન્ન થયેલા આમાયિસમ્યગ્દૃષ્ટિ દેવને આ પ્રમાણે કહ્યું કે- પરિણામ પામતા પુદ્ગલો 'પરિણત' ન કહેવાય, પણ 'અપરિણત' કહેવાય. ત્યારબાદ ઉત્પન્ન થયેલા તે અમાયી સમ્યગ દૃષ્ટિ દેવે આ પ્રમાણે કહ્યું કે-પરિણામ પામતા પુદ્ગલો 'પરિણત' કહેવાય, પણ 'અપરિણત'ન કહેવાય, એ પ્રમાણે કહી ઉત્પન્ન થયેલા તે અમાયિસમ્યગદૃષ્ટિ દેવે ઉત્પન્ન થયેલા માયિમિથ્યાદૃષ્ટિ દેવને આ પ્રકારનો સંકલ્પ ઉત્પન્ન થયો કે શ્રમણ ભગવંત મહાવીરને વાંદી યાવત્-પર્યુપાસી આ પ્રકારનો પ્રશ્ન પૂછવો ત્યારબાદ તે દેવેન્દ્ર દેવરાજ શક્ર મારી તરફ આવતા તે દેવની તેવા પ્રકારની દિવ્યદેવર્ધિ, દિવ્યદેવદ્યુતિ, દિવ્ય દેવપ્રભાવ અને દિવ્ય તેજોરાશિને ન સહન કરતો આઠ સંક્ષિપ્ત પ્રશ્નો પૂછી અને ઉત્સુકતાપૂર્વક વાંદી યાવત્-ચાલ્યો ગયો.

[૬૭૫]જે વખતે શ્રમણ ભગવંત મહાવીર પૂર્વ પ્રમાણેની વાત પૂજ્ય ગૌતમને કહી રહ્યા છે તેજ વખતે તે (સમ્યગ્દૃષ્ટિ દેવ) ત્યાં શીઘ્ર આવ્યો અને પછી તે દેવે શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વાર પ્રદક્ષિણા કરી વાંદી નમી આ પ્રમાણે કહ્યું કે-હે ભગવન્ ! મહાશુક્ર કલ્પમાં મહાસામાન્ય નામના વિમાનમાં ઉત્પન્ન થયેલા માયી મિથ્યાદૃષ્ટિ દેવે મને આ પ્રમાણે કહ્યું કે 'પરિણત' કહેવાય. તો હે ભગવન્ ! એ મારું કથન કેવું છે ? શ્રમણ ભગવંત મહાવીરે કહ્યું કે-હે ગંગદત્ત! હું પણ એ પ્રમાણે કહું છું, કે પરિણામ પામતા પુદ્ગલો યાવત્ 'અપરિણત' નથી પણ 'પરિણત' છે, અને તે અર્થ સત્ય છે. ત્યાર પછી શ્રમણ ભગવંત મહાવીર પાસેથી એ વાતને સાંભળી અવધારી તે ગંગદત્ત દેવ હર્ષવાળો અને સંતોષવાળો થઈ શ્રમણ ભગવંત મહાવીરને વાંદી નથી બહુ દૂર નહિ અને બહુ નજીક નહી એવી રીતે પાસે બેસી તેઓની પર્યુપાસના કરે છે. પછી શ્રમણ ભગવંત મહાવીરે ધર્મકથા કહી, યાવત્-તે આરાધક થયો. પછી તે ગંગદત્ત દેવ હર્ષ અને સંતોષયુક્ત થઈ ઉભો થયો, શ્રમણ ભગવંત મહાવીરને વાંદી, નમી આ પ્રમાણે બોલ્યો કે- હે ભગવંત! હું ભવસિદ્ધિક છું કે અભવસિદ્ધિક છું ? જેમ સૂર્યાભદેવ સંબન્ધે કહ્યું તેની પેઠે બધું જાણવું, યાવત્ તે ગંગદત્ત દેવ બત્રીસ પ્રકારના નાટક દેખાડી જ્યાંથી આવ્યો હતો ત્યાંથી પાછો ચાલ્યો ગયો.

[૬૭૬]' ગૌતમે શ્રમણ ભગવંત મહાવીરને કહ્યું, કે-હે ભગવન્ ! એ ગંગદત્ત દેવની તે દિવ્ય દેવર્ધિ, દિવ્ય દેવદ્યુતિ યાવત્-ક્યાં ગઈ ? હે ગૌતમ! તે દિવ્ય દેવર્ધિ તે ગંગદત્ત દેવના શરીરમાં ગઈ, આ સ્થળે પૂર્વોક્ત કૂટાગાર શાળાનો દૃષ્ટાંત જાણવો. ગંગદત્ત દેવે તે દિવ્ય દેવર્ધિ અને દિવ્ય દેવદ્યુતિ શાથી મેળવી, યાવત્ તેને શાથી અભિસમન્વાગત-પ્રાપ્ત થઈ ? શ્રમણ ભગવંત મહાવીરે કહ્યું કે-હે ગૌતમ તે કાળે તે સમયે આજ જંબૂદ્વીપમાં, ભારતવર્ષમાં હસ્તિનાપુર નામનું નગર હતું. ત્યાં સહસ્રા ભવણ નામનું ઉદ્યાન હતું. તે હસ્તિનાપુર નગરમાં આઢ્ય, યાવત્-અપરિભૂત એવો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગંગદત્ત નામનો ગૃહપતિ રહેતો હતો. તે કાળે, તે સમયે આદિકર, યાવત્-સર્વજ્ઞ, સર્વદર્શી, આકાશગત ચક્રસહિત, યાવત્-દેવોવડે ખેંચાતા ધર્મધ્વજયુક્ત, શિષ્યગણથી સંપરિવૃત્ત થઈ પૂર્વાનુપૂર્વી વિચરતા અને ગ્રામાનુગ્રામ વિહરતા યાવત્-શ્રીમનિસુવ્રત નામે અરહંત યાવત્- વિહરવા લાગ્યા. સભા વાંદવા નીકળી અને યાવત્ પર્યુપાસના કરવા લાગી. ત્યારબાદ તે ગંગદત્ત નામે ગૃહપતિ આવી રીતે શ્રીમુનિ- સુવ્રત સ્વામી આવ્યાની વાત સાંભળી હર્ષવાળો અને સંતોષવાળો થઈ યાવત્-બલિકર્મ કરી શરીરને શણગારી પોતાના ઘરથી નીકળ્યો, નીકળી જ્યાં શ્રીમુનિસુવ્રત અરહંત હતા ત્યાં આવી ત્રણ વાર પ્રદક્ષિણા કરી,યાવત્-ત્રણ પ્રકારની પર્યુપાસનાવડેપર્યુપાસના કરવા લાગ્યો.

ત્યાર પછી તે શ્રીમુનિસુવ્રત સ્વામીએ ધર્મકથા કહી યાવત્-સભા પાછી ગઈ. ત્યારબાદ તે ગંગદત્ત નામે ગૃહપતિ ધર્મને સાંભળી, અવધારી હર્ષ તથા સંતોષયુક્ત થઈ ઊભો થયો, ઉઠીને શ્રીમુનુસુવ્રત સ્વામીને વાંદી, નમી આ પ્રમાણે બોલ્યો કે હે ભગવન્ ! હું નિર્ગ્રંથના પ્રવચનમાં શ્રદ્ધા કરું છું, યાવત્-આપ જે પ્રમાણે કહો છો તે તેમજ માનું છું. વિશેષ એ કે હે દેવાનુપ્રિય! મારા મોટા પુત્રને કુટંબીને મુખ્યભૂત સ્થાપીને આપ દેવાનુપ્રિયની પાસે મુંડ થઈ યાવત્ પ્રવ્રજ્યા લેવા ઈચ્છું છું, હે દેવાનુપ્રિય ! જેમ સુખ થાય તેમ કર, વિલંબ ન કર. ત્યારે તે હર્ષયુક્ત અને સંતોષયુક્ત થઈ મુનિસુવ્રત સ્વામીને વાંદી, નમી જ્યાં પોતાનું ઘર છે ત્યાં આવ્યો. આવીને વિપુલ અશન, પાન-યાવત્ તૈયાર કરાવી પોતાના મિત્ર, જ્ઞાતિ સ્વજન વગેરેને નોતર્યા. પછી સ્નાન કરી પૂરણ શેઠની પેઠે યાવત્-પોતાના મોટા પુત્રને કુટુંબમાં મુખ્ય તરીકે સ્થાપી પોતાના મિત્ર, જ્ઞાતિ, સ્વજન વગેરેને તથા મોટા પુત્રને પૂછી હજાર પુરુષવડે ઉપાડી શકાય તેવી શિબિકામાં બેસી, પોતાના મિત્ર, જ્ઞાતિ, સ્વજન યાવત્ પરિવારવડે તથા મોટા પુત્રવડે અનુસરાતો સર્વ ઋદ્ધિસહિત યાવત્ વાજિંત્રના થતા ઘોષપૂર્વક હસ્તિનાપુરની વચ્ચોવચ્ચ નિકળી જે તરફ સહસ્રાબ્રવણ નામે ઉદ્યાન છે, તે તરફ આવી તીર્થકરના છત્રાદિ અતિશય જોઈ યાવત્-ઉદાયન રાજાની પેઠે યાવત્-પોતાની મેળેજ પોતાના ઘરેણા ઉતાર્યા અને પોતાની મેળેજ પંચમુષ્ટિક લોચ કર્યો. ત્યારબાદ ઉદાયી રાજાની પેઠે દીક્ષા લીધી. યાવત્-તેજ પ્રમાણે અગીયાર અંગો ભણ્યો, યાવત્-એક માસની સંલેખના વડે સાઠ ભક્ત-અનશનપણે વીતાવી આલોચન-પ્રતિક્રમણ કરી સમાધિપૂર્વક મરણસમયે મૃત્યુ પ્રાપ્ત કરી તે મહાશુક્રકલ્પમાં મહાસામાન્ય નામના વિમાનમાં ઉપપાત સભાના દેવશયનીયમાં યાવત્-ગંગદત્ત દેવપણે ઉત્પન્ન થયો. પછી પાંચ પ્રકારની પર્યાપ્તિ વડે પર્યાપ્તપણાને પામ્યો. તે પર્યાપ્તિના પાંચ પ્રકાર આ પ્રમાણે છે- આહારપર્યાપ્તિ, યાવત્-ભાષા-મનઃપર્યાપ્તિ. એ પ્રમાણે હે ગૌતમ! તે ગંગદત્ત દેવે તે દિવ્ય દેવર્ધિ પૂર્વોક્ત કારણથી યાવત્ પ્રાપ્ત કરી છે. હે ભગવન્ ! તે ગંગદત્ત દેવની સ્થિતિ કેટલા કાળની કહી છે! હે ગૌતમ! તેની સ્થિતિ સત્તર સાગરોપમની કહી છે. હે ભગવન્ ! તે ગંગદત્ત દેવ તેના આયુષનો ક્ષય થયા પછી તે દેવલોકથી નીકળી ક્યાં જશે. હે ગૌતમ ! તે મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે, યાવત્-સર્વ દુઃખોનો નાશ કરશે. 'હે ભગવન્ ! તે એમજ છે, હે ભગવન્ ! તે એમજ છે.'

**શતકઃ૧૬-ઉદેસોઃ૫ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ઉદ્દેશકઃ૬

[૬૭૭] હે ભગવન્ ! સ્વપ્નદર્શન કેટલા પ્રકારનું કહ્યું છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારનું યથાતથ્ય, પ્રતાન, ચિંતા, તદ્વિપરીત, અને અવ્યક્ત સ્વપ્રદર્શન.

હે ભગવન્ ! સૂતેલો પ્રાણી સ્વપ્ર જુએ, જાગતો પ્રાણી સ્વપ્ર જુએ કે સૂતો જાગતો પ્રાણી સ્વપ્ર જુએ ? હે ગૌતમ ! સૂતેલો પ્રાણી સ્વપ્ર ન જુએ, જાગતો પ્રાણી સ્વપ્ર ન જુએ પણ સૂતો જાગતો પ્રાણી સ્વપ્રને જુએ. હે ભગવન્ ! જીવો સૂતેલા છે, જાગૃત છે કે સૂતા-જાગતા છે ? હે ગૌતમ! તે ત્રણે છે. હે ભગવન્ ! નૈરયિકો સૂતેલા છે-ઈત્યાદિ પ્રશ્ન. સૂતેલા છે, પણ જાગતા કે સૂતા-જાગતા નથી. એ પ્રમાણે યાવત્- ચઉરિન્દ્રિય સંબન્ધે પણ જાણવું.પંચેન્દ્રિય તિર્યંચયોનિકો સુતેલા છે-ઈત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ! તેઓ સૂતેલા છે અનેસૂતા-જાગતા નથી.એ પ્રમાણે યાવત્- ચઉરિન્દ્રિય સંબન્ધે પણ જાણવું. હે ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચયોનિકો સુતેલા છે-ઈત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! તેઓ સૂતેલા છે અને સૂતા-જાગતા પણ છે. પણ (તદ્દન) જાગતા નથી. મનુષ્યના પ્રશ્નમાં સામાન્ય જીવોની પેઠે જાણવું. વાનવ્યંતર, જ્યોતિષિક અને વૈમાનિક દેવોના પ્રશ્નમાં નૈરયિકોની પેઠે સમજવું.

[૬૭૮]હે ભગવન્ ! સંવૃત્ત જીવ સ્વપ્ર જુએ, અસંવૃત્ત જીવ સ્વપ્ર જુએ કે સંવૃત્તા સંવૃત જીવ સ્વપ્ર જુએ ? હે ગૌતમ ! એ ત્રણે જીવો સ્વપ્ર જુએ, પણ સંવૃત્ત જીવ સત્ય સ્વપ્ર જુએ, અસંવૃત્ત જીવ જે સ્વપ્ર જુએ તે સત્ય પણ હોય અસત્ય પણ હોય, તથા અસંવૃત્તની પેઠે સંવૃત્તાસંવૃત્ત જીવ પણ સ્વપ્ર જુએ. હે ભગવન્ ! જીવો સંવૃત્ત છે, અસંવૃત્ત છે કે સંવૃત્તાસંવૃત્ત છે ? હે ગૌતમ ! ત્રણે પ્રકારના છે. જેમ સુપ્ત જીવોનું વર્ણન કરેલું છે તેમ અહીં પણ સમજવું. હે ભગવન્ ! સ્વપ્ર કેટલા પ્રકારના કહ્યાં છે? હે ગૌતમ ! બેંતાલીશ પ્રકારના મહાસ્વપ્ર કેટલા પ્રકારનાં કહ્યા છે ? હે ગૌતમ ! બધા મળીને બહોંતેર સ્વપ્નો કહ્યાં છે. હે ભગવન્ જ્યારે તીર્થંકરનો જીવ ગર્ભમાં અવતરે ત્યારે તીર્થંકરની માતાઓ કેટલા મહાસ્વપ્ર જોઈને જાગે ? હે ગૌતમ ! ચૌદ મહાસ્વપ્નો જોઈને જાગે છે. તે આ પ્રમાણે હાથી, બળદ, સિંહ, યાવત્- અગ્નિ.

જૈન સાઈટ JAINSITE.com જ્ઞાન જ્યોતિ સાગરમ્

હે ભગવન્ ! જ્યારે ચક્રવર્તીનો જીવ ગર્ભમાં અવતરે ત્યારે ચક્રવર્તીની માતાઓ કેટલા મહાસ્વપ્ર જોઈને જાગે ? હે ગૌતમ ચૌદ મહાસ્વપ્નો-તીર્થંકરની માતાઓની પેઠેજ જુએ છે અને પછી જાગે છે, એજ પ્રમાણે વાસુદેવની માતાની સ્વપ્રસંબન્ધે પૃચ્છા ! હે ગૌતમ ! કોઈ પણ સાત મહાસ્વપ્નો જોઈને જાગે છે. એ પ્રમાણે બલદેવની માતાઓ કોઈ પણ ચાર મહાસ્વપ્નો જોઈને જાગે છે. ! માંડલિક રાજાઓની માતાઓ એ ચૌદ સ્વપ્નોમાંથી કોઈ પણ એક મહાસ્વપ્રને જોઈને જાગે છે.

[૬૭૯]જ્યારે શ્રમણ ભગવંત મહાવીર છદ્મસ્થપણામાં હતા ત્યારે તેઓ એક રાત્રિના છેલ્લા પ્રહરમાં આ દશ મહાસ્વપ્નો જોઈને જાગ્યા. તે આ પ્રમાણે- 'એક મોટા ભયંકર અને તેજસ્વી રુપવાળા તાડ જેવા પિશાચને પરાજિત કર્યો,' એક મોટા ધોળી પાંખવાળા પુંસ્કોકિલને તેઓએ સ્વપ્રમાં જોયો એક મોટા ચિત્રવિચિત્ર પાંખવાળા પુંસ્કોકિલને સ્વપ્રમાં જોયો, એક મહાન્ સર્વરત્નમય માલાયુગલને સ્વપ્નમાં એક મોટા અને ધોળા ગાયના ધણને સ્વપ્રમાં જોયો જોયો ચારે બાજુથી કુસુમિત થયેલા એક મોટા પદ્મસરોવરને સ્વપ્રમાં જોયો 'હજારો તરંગ અને કલ્લોલોથી વ્યાપ્ત એક મહાસાગરને

પોતે હાથવડે તર્યો તેજથી જળહળતા એક મોટા સૂર્યને એક મોટા માનુષોત્તર પર્વતને લીલા વૈડૂર્યના વર્ણ જેવા પોતાના આંતરડાવડે સર્વ બાજુએથી આવેષ્ટિત અને પરિવેષ્ટિત જોયો. અને એક મહાન્ મંદર (મેરુ) પર્વતની ચૂલિકા ઉપર સિંહાસનમાં બેઠેલ પોતાના આત્માને જોઈ તેઓ જાગ્યા

શ્રમણ ભગવંત મહાવીર જે ભયંકર અને તેજસ્વી રુપાવાળા તથા તાડના જેવા એક પિશાચને પરાજિત કરેલો મોહનીય કર્મને મૂળથી નષ્ટ કર્યું. જો એક મોટો ધોળી પાંખવાળો યાવત્-પુંસ્કોકિલ જોયો તેથી શુક્લ ધ્યાનને પ્રાપ્ત કરી વિહર્યા. જે એક મોટો ચિત્ર વિચિત્ર પાંખવાળો યાવત્-પુંસ્કોકિલ જોયો તેથી વિચિત્ર સ્વયમ અને પરસમયના દ્વાદશાંગગણિપિટક કહ્યું,આ પ્રમાણે છે- આચાર, સૂત્રકૃત, યાવત્ દૃષ્ટિવાદ.જે એક મહાન્ સર્વરત્નમય માલાયુગલ જોયું અને જાગ્યા તેથી બે પ્રકારનો ધર્મ કહ્યો,-સાગારધર્મ અને અનગારધર્મ. જો એક ધોળી ગાયનું મહાન્ ધણ જોઈને જાગ્યા તેથી ચાર પ્રકારનો સંઘ થયો,-સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા.જે એક મોટું યાવત્-પદ્મ સરોવર જોઈને જાગ્યા તેથી ભવનવાસી, વાનવ્યંતર, જ્યોતિષિક અને વૈમાનિક એક ચાર પ્રકારના દેવોને પ્રતિબોધ કર્યો. જે એક મોટા યાવત્ મહાસાગરને પોતે હાથ વડે તરેલો જોયો અનાદિ અને અનન્ત યાવત્-સંસારરુપ કાંતારને પાર કર્યો. જે તેજથી ઝળહળતો એક મોટો સૂર્ય જોયો તેથી અનંત, અનુત્તર, નિરાવરણ, નિર્વ્યાઘાત, સમગ્ર અને પ્રતિપૂર્ણ એવું કેવળ જ્ઞાન અને કેવળ દર્શન ઉત્પન્ન થયું. એક મોટા માનુષોત્તર પર્વતને નીલ વૈડૂર્યના વર્ણ જેવા, પોતાના આંતરડાથી ચારે બાજુએ આવેષ્ટિત અને પરિવેષ્ટિત કરેલો જોયો તેથી દેવલોક મનુષ્યલોક અને અસુરલોકમાં-“આ શ્રમણ ભગવંત મહાવીર છે” એવી ઉદાર કીર્તિ, સ્તુતિ, સન્માન અને યશ પ્રાપ્ત થયા. પોતાના આત્માને મંદરપર્વતની ચૂલિકા પરના સિંહાસનમાં બેઠેલો જોયો અને જોઈને જાગ્યા તેથી શ્રમણ ભગવંત મહાવીરે કેવળી થઈ દેવ, મનુષ્ય અને અસુર યુક્ત પરિષદમાં બેસી ધર્મ કહ્યો,

[૬૮૦]કોઈ સ્ત્રી અથવા પુરુષ સ્વપ્નને અંતે એક મોટી અશ્વપંક્તિ, ગજપંક્તિ, યાવત્-વૃષભ પંક્તિને જુએ અને તેના ઉપર ચઢે તથા તે ઉપર પોતે ચઢ્યો છે એમ પોતાને માને, અને એ પ્રમાણે જોઈ જો તુરત જાગે તો તે તેજ ભવમાં સિદ્ધ થાય, યાવત્ સર્વ દુઃખોનો નાશ કરે. કોઈ સ્ત્રી અથવા પુરુષ સ્વપ્નને અન્તે સમુદ્રને બન્ને પડખે અડકેલું તથા પૂર્વ અને પશ્ચિમ તરફ લાંબું એક મોટું દામણ જુએ અને તેને વીંટાળે અને તે પોતે વીંટાલ્યું છે એમ પોતાને માને તથા તે પ્રકારે જોઈ શીઘ્ર જાગે તો તેજ ભવમાં સિદ્ધ થાય, યાવત્-સર્વ દુઃખોનો નાશ કરે. કોઈ સ્ત્રી અથવા પુરુષ બન્ને બાજુએ લોકાન્તને સ્પર્શેલુ તથા પૂર્વ અને પશ્ચિમે લાંબુ એક મોટું દોરડું જુએ અને તેને કાપી નાખે અને તે પોતે કાપી નાંખ્યું છે એમ પોતાને માને તથા તે પ્રકારે જોઈ શીઘ્ર જાગે તો તે યાવત્-સર્વ દુઃખોનો નાશ કરે. કોઈ સ્ત્રી અથવા પુરુષ સ્વપ્નને અન્તે એક મોટા લોઢાના, તાંબાના, કથીરના, અને સીસાના ઢગલાને જુએ અને તે ઉપર ચઢે અને પોતે તે ઉપર ચઢ્યો છે એમ પોતાને માને તથા એમ જોઈ શીઘ્ર જાગે તો તે યાવત્-બે ભવમાં સિદ્ધ થાય, યાવત્-સર્વ દુઃખોનો નાશ કરે. કોઈ સ્ત્રી અથવા પુરુષ સ્વપ્નને છેડે એક મોટા હિરણ્ય-રુપાના, સુવર્ણના, રત્નપ્રભા ના અને વજ્રના ઢગલાને જુએ અને તે ઉપર ચઢે અને પોતે તે ઉપર ચઢ્યો છે એમ પોતાને માને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તથા તુરત જાગે તો તેજ ભવમાં સિદ્ધ થાય, યાવત્ સર્વ દુઃખનો નાશ કરે. કોઈ સ્ત્રી કે પુરુષ સ્વપ્નને અન્તે એક મોટા ઘાસના ઢગલાને, યાવત્ કચરાના ઢગલાને જુએ અને તેને વિખેરે અને પોતે વિખેર્યો છે એમ પોતાને માને અને જો તુરત જાગે તો તેજ ભવમાં યાવત્-સર્વદુઃખનો નાશ કરે.કોઈ સ્ત્રી કે પુરુષ સ્વપ્નને અન્તે એક મોટા શરસ્તંભને,વીરણ સ્તંભને વંશીમૂલસ્તંભને કે વલ્લિમૂલસ્તંભને જુએ અને તેને ઉખેડે અને પોતે તેને ઉખેડ્યોછે એમ પોતાનેમાને અને પછી શીઘ્રજાગે તોતે જભવમાં યાવત્-સર્વદુઃખોનો નાશ કરે.

કોઈ સ્ત્રી યા પુરુષ સ્વપ્નને છેડે એક મોટા ક્ષીરકુંભને, દધિકુંભને, ધૃતકુંભને અને મધુકુંભને જુએ અને તેને ઉપાડે તથા પોતે તેને ઉપાડ્યો છે એમ પોતાને માને, પછી શીઘ્ર જાગે તો તેજ ભવમાં યાવત્-સર્વ દુઃખોનો નાશ કરે. કોઈ સ્ત્રી કે પુરુષ સ્વપ્નને અન્તે એક મોટા સુરાના વિકટ કુંભને, સૌવીરના મોટા કુંભને, તૈલકુંભને કે વસાકુંભને જુએ, તેને ભેદે અને પોતે તેને ભેદી નાખ્યો છે એમ પોતાને માને પછી તુરત જાગે તો બે ભવમાં યાવત્-સર્વ દુઃખોનો નાશ કરે. કોઈ સ્ત્રી કે પુરુષ સ્વપ્નને અન્તે કુસુમિત એવા એક મોટા પદ્મ સરોવરને જુએ,યાવત્ પછી તુરત જાગે તો તેજ ભવમાં યાવત્-સર્વ દુઃખનો નાશ કરે. કોઈ સ્ત્રી કે પુરુષ સ્વપ્નને અન્તે તરંગો અને કલ્લોલોથી વ્યાપ્ત એક મોટા સાગરને જુએ યાવત્ શીઘ્ર જાગે તો તેજ ભવમાં યાવત્-સર્વ દુઃખોનો નાશ કરે. કોઈ સ્ત્રી કે પુરુષ સ્વપ્નને અન્તે સર્વ રત્નમય એક મોટું વિમાન જુએ, યાવત્ શીઘ્ર જાગે તો તેજ ભવમાં યાવત્-સર્વ દુઃખોનો નાશ કરે.

[૬૮૧]હે ભગવન્ ! કોષ્ઠપુટો, યાવત્-કેતકીટો યાવત્-એક સ્થાનથી સ્થાનાન્તરે લઈ જવાતા હોય ત્યારે પવનાનુસારે જે (તેમની ગંધ) વાય છે તો તે કોષ્ઠ વાય છે કે યાવત્-કેતકી વાય છે? હે ગૌતમ!કોષ્ઠકપુટો કે કેતકીપુટો વાતા નથી. પણ ગંધના જે પુદ્ગલો છે તે વાય છે. 'હે ભગવન્ ! તે એમજ છે, હે ભગવન્ ! તે એમજ છે'.

**શતકઃ૧૬-ઉદ્દેસાઃ:૬ની મુનિદીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેશક-૭

[૬૮૨]હે ભગવન્ ! કેટલા પ્રકારનો ઉપયોગ કહ્યો છે ? હે ગૌતમ ! બે પ્રકારનો . જેમ પ્રજ્ઞાપના સૂત્રમાના ઉપયોગ પદમાં કહેવામાં આવ્યું છે તેમ અહીં બધું કહેવું. તેમજ અહીં ત્રીસમું 'પશ્ચાત્તાપદ' પણ સમગ્ર કહેવું. 'હે ભગવન્ ! તે એમજ છે,

**શતકઃ૧૬-ઉદ્દેસોઃ:૭ની મુનિ દીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેશકઃ૮

[૬૮૩]હે ભગવન્ ! લોક કેટલો મોટો કહ્યો છે ? હે ગૌતમ ! લોક અત્યન્ત મોટો કહ્યો છે. જેમ બારમાં શતકમાં કહ્યું છે તેમ અહીં પણ લોક સંબંધી બધી હકીકત કહેવી, હે ભગવન્ ! લોકના પૂર્વ ચરમાંતમાં જીવો છે, જીવદેશો છે, જીવપ્રદેશો છે, અજીવો છે, અજીવદેશો છે, કે અજીવપ્રદેશો છે ? હે ગૌતમ ! ત્યાં જીવો નથી, પણ જીવદેશો છે, જીવપ્રદેશો છે, અજીવો છે અજીવદેશો છે અને અજીવ પ્રદેશો પણ છે. જે જીવદેશો છે તે અવશ્ય એકેન્દ્રિય જીવના જે દેશો છે, અથવા એકેન્દ્રિયના દેશો અને અનિન્દ્રિયનો (એક) દેશ છે-ઈત્યાદિ બધું દશમાં શતકમાં કહેલ આગ્નેયી દિશાની વક્તવ્યતા પ્રમાણે

કહેવું. વિશેષ એ કે, દેશોના વિષયમાં અનિદ્રિયો માટે પ્રથમ ભાંગો ન કહેવો. ત્યાં જે અરુપી અજીવો રહેલા છે તે છ પ્રકારના છે અને અદ્ધાસમય (કાળ) નથી.

હે ભગવન્ ! લોકના દક્ષિણ દિશાના ચરમાંતમાં જીવો છે ઈત્યાદિ સર્વ પૂર્ણ પ્રમાણે પૂછવું. પૂર્વ પ્રમાણેજ બધું કહેવું, અને એ પ્રમાણે પશ્ચિમ ચરમાંતમાં ઉત્તર ચરમાંતમાં પણ સમજવું. લોકના ઉપરના ચરમાંતમાં જીવો છે-ઈત્યાદિ હે ગૌતમ ! ત્યાં જીવો નથી, પણ જીવદેશો છે, જીવપ્રદેશો છે, યાવત્-અજીવપ્રદેશો પણ છે. જે જીવદેશો છે તે અવશ્ય એકેન્દ્રિયોનો દેશો અને અનિંદ્રિયોના દેશો છે. અથવા એકેદ્રિયોના દેશો, અનિન્દ્રિયોના દેશો અને બેઈન્દ્રિયો નો એક દેશ છે. અથવા એકેન્દ્રિયોના દેશો અનિન્દ્રિયોના દેશો અને બેઈન્દ્રિયોના દેશો છ. એમ વચલા ભાંગા સિવાયના ત્રિકસંયોગી બીજા બધા ભાંગા કહેવા.પંચેન્દ્રિયો સુધી કહેવું. ત્યાં જે જીવપ્રદેશો છે તે અવશ્ય એકેન્દ્રિયોના પ્રદેશો અને અનિન્દ્રિયોના પ્રદેશો છે. અથવા એકેન્દ્રિયોના પ્રદેશો, અનિદ્રિયોના પ્રદેશો, અને એક બેઈન્દ્રિયના પ્રદેશો છે. અથવા એકેન્દ્રિયોના પ્રદેશો, અનિદ્રિયોના પ્રદેશો અને બેઈન્દ્રિયોન પ્રદેશો છે. એ પ્રમાણે પ્રથમ ભાંગા સિવાયના બીજા બધા કહેવા.યાવત્-પંચેન્દ્રિય સુધી જાણવું. અને દશમાં શતકમાં કહેલ તમા દિશાની વક્તવ્યતા પ્રમાણે અહીં અજીવોની વક્તવ્યતા કહેવી.

હે ભગવન્ ! લોકના હેઠળના ચરમાંતમાં શું જીવો છે-ઈત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! ત્યાં જીવો નથી, જીવ દેશો છે, જીવપ્રદેશો છે, યાવત્-અજીવના પ્રદેશો પણ છે. જે જીવદેશો છે તે અવશ્ય એકેંદ્રિયના દેશો છે. અથવા એકેંદ્રિયોના દેશો અને બેઈંદ્રિયનો દેશ છે. અથવા એકેંદ્રિયોના દેશો અને બેઈંદ્રિયોના દેશો છે. એ પ્રમાણે વચલા ભાંગ સિવાય બીજા બધા ભાંગા કહેવા, અને તે યાવત્-અનિંદ્રિયો સુધી જાણવું. સર્વના પ્રદેશોની બાબતમાં પૂર્વ ચરમાંતના પ્રશ્નોત્તર પ્રમાણે જાણવું, પણ તેમાં પ્રથમ ભાંગો ન કહેવા. અજીવોની બાબતમાં ઉપરના ચરમાંતમાં કહ્યા પ્રમાણે બધું કહેવું. હેભગવન્ ! આ રત્નપ્રભાપૃથ્વીના પૂર્વ ચરમાંતમાં જીવો છે-ઈત્યાદિ પૃચ્છા હે ગૌતમ! ત્યાં જીવો નથી. જેમ લોકના ચાર ચરમાંત કહ્યા તેમ રત્નપ્રભાના પણ ચારે ચરમાંત જાણવા. દશમાં શતકમાં કહેલ વિમલા દિશાની વક્તવ્યતા પ્રમાણે આ રત્નપ્રભાના ઉપરના ચરમાંતની તેથા રત્નપ્રભા પૃથ્વીનો નીચલો ચરમાંત પણ લોકની નીચેના ચરમાંતની પેઠે જાણવી. પરન્તુ વિશેષ એ કે જીવદેશોના સંબંધે પંચેન્દ્રિયોમાં ત્રણ ભાંગા કહેવું. રત્નપ્રભા પૃથ્વીના ચાર ચરમાંતની પેઠે શર્કરાપ્રભા પૃથિવીના પણ ચાર ચરમાંત કહેવા. એ પ્રમાણે યાવત્-સાતમી પૃથિવી સુધી જાણવું. તથા સૌધર્મ (દેવલોક) યાવત્ ઉચ્ચુત્ સંબંધે પણ એજ પ્રમાણે સમજવું. ગ્રૈવેયક વિમાનો સંબંધે પણ તેજ પ્રમાણે જાણવું. પણ તેમાં વિશેષ એ છે કે ઉપલા અને હેઠલા ચરમાંત વિષે દેશો સંબંધે પંચેંદ્રિયોમાં પણ વચલો ભાંગો ન કહેવો. બાકીનું બધું પૂર્વ પ્રમાણે જ કહેવું. તથા ગ્રૈવેયક વિમાનની પેઠે અનુત્તર વિમાનની અને ઈષત્પ્રાગ્ભારા પૃથિવીની પણ વક્તવ્યતા કહેવી.

[૬૮૪] ભગવન્ ! પરમાણુ એકસમયમાં લોકના પૂર્વચરમાંતથી-પશ્ચિમચરમાંતમાં, પશ્ચિમચરમાંતથી પૂર્વચરમાંતમાં, દક્ષિણચરમાંતથી ઉત્તર ચરમાંતમાં, ઉત્તર ચરમાંતથી યાવત્ ઉપરનાચરમાંતમાં જાય? ગૌતમ ! હા

[૬૮૫]હે ભગવન્ ! 'વરસાદ વરસે છે કે નથી વરસતો' એ (જાણવાને) માટે કોઈ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પુરુષ પોતાનો હાથ, પગ, બાહુ, કે ઉરુ સંકોચે કે પસારે તો તે પુરુષને કેટલી ક્રિયા લાગે ? હે ગૌતમ ! તે પુરુષને કાયિકી વગેરે પાંચે ક્રિયાઓ લાગે.

[૬૮૬]હે ભગવન્ ! મોટી ઋદ્ધિવાળો યાવત્-મોટા સુખવાળો દેવ લોકાંતમાં રહીને અલોકમાં પોતાના હાથને, યાવત્-ઉરુને સંકોચવા કે પસારવા સમર્થ છે ? હે ગૌતમ ! તે અર્થ સમર્થ નથી. હે ગૌતમ! જીવોને આહારોપચિત, શરીરોપચિત અને કલેવરોપચિત પુદ્ગલો હોય છે, તથા પુદ્ગલોને આશ્રયીનેજ જીવોનો અને અજીવોનો ગતિપર્યાય કહેવાય છે. અલોકમાં તો જીવો નથી. તેમ પુદ્ગલો પણ નથી માટે તે હેતુથી પૂર્વોક્ત દેવ યાવત્-પસારવા સમર્થ નથી. 'હે ભગવન્ ! તે એમજ છે, એમજ છે.'

**શતકઃ૧૬-ઉદ્દેસોઃઃ૮ની મુનિ દીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેશકઃ૯

[૬૮૭]હે ભગવન્ ! વૈરોચનેન્દ્ર અને વૈરોચન રાજા એવા બલિની સુધર્મા સભા ક્યાં કહેલી છે ? હે ગૌતમ ! જંબૂદ્વીપ નામે દ્વીપમાં મંદર પર્વતની ઉત્તરે તિરછું અસંખેય ઈત્યાદિ જેમ ચરમની હકીકતમાં કહ્યું છે તેમ અરુણવરદ્વીપની બાહ્યવેદિકાથી અરુણવરસમુદ્રમાં ૪૨૦૦૦ યોજન અવગાહ્યા પછી વૈરોચનેન્દ્ર અને રોચનરાજા એવા બલિનો રુચકેંદ્ર નામનો ઉત્પાત પર્વત કહ્યો છે. તે ઉત્પાત પરર્વેત તેનું પ્રમાણ તિગિચ્છકૂટ પર્વતની પેઠે જાણવું યાવત્ રુચકેન્દ્ર નામનો અર્થ પણ તે પ્રમાણે કહેવો. વિશેષ એ કે અહિં રુચકેન્દ્રની પ્રભાવાળાં ઉત્પલાદિ જાણવાં.બાકી બધું તેજ પ્રમાણે યાવત્-તે બલિચંચા રાજધાનીનું તથા અન્યોનું (આધિપત્ય કરતો વિહરે છે.) ત્યાં સુધી કહેવું. તે રુચકેન્દ્ર ઉત્પાત પર્વતની ઉત્તરે ઈત્યાદિ પૂર્વવત્ યાવત્-ચાલી હજાર યોજન ગયા પછી ત્યાં બલિની 'બલિચંચા'નામની રાજધાનીકહીછેતેરાજધાનીનો વિષ્કંભ વિસ્તાર એકલાખ યોજન છે. બાકીનું વધું પ્રમાણ પૂર્વ પ્રમાણે જાણવું. વિશેષ એ કે બલિની સ્થિતિ સાગરોપમ કરતાં કંઈક અધિક કહી છે. 'હે ભગવન્ !તે એમજ છે,હેભગવન્!તે એમજ છે.'

**શતકઃ૧૬-ઉદ્દેસોઃઃ૯ની મુનિદીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેશકઃ૧૦-૧૪

[૬૮૮]હે ભગવન્ ! અવધિજ્ઞાન કેટલા પ્રકારે કહ્યું છે ? બે પ્રકારે.અહિં 'પ્રજ્ઞાપના'નું તેત્રીસમું પદ સંપૂર્ણ કહેવું. હે ભગવન્ ! તે એમજ છે, યાવદ્-વિહરે છે.

[૬૮૯]હે ભગવન્ ! દ્વીપકુમારો બધા સમાન આહારવાળાછે, સમાન ઉચ્છ્-વાસ-નિઃશ્વાસવાળા છે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. અહિં જેમ પ્રથમ શતકના દ્વિતીય ઉદ્દેશકમાં દ્વીપકુમારોની વક્તવ્યતા કહેલી છે તે બધી કહેવી, હે ભગવન્ ! દ્વીપકુમારોને કેટલી લેશ્યાઓ કહી છે ? હે ગૌતમ ! ચાર. કૃષ્ણલેશ્યા, યાવત્- તેજોલેશ્યા. હે ભગવન્ ! યાવત્-તેજોલેશ્યાવાળા એ દ્વીપકુમારોમાં કોણ કોનાથી યાવત્-વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા દ્વીપકુમારો તેજોલેશ્યાવાળા છે, કાપોતલેશ્યાવાળા અસંખેયગુણા છે, તેથી નીલલેશ્યાવાળા વિશેષાધિક છે, અને તેના કરતાં કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે. હે ભગવન્ ! એ દ્વીપકુમારોમાં કોણ કોનાથી અલ્પર્ધિક છે અને મહર્ધિક છે ? હે ગૌતમ ! કૃષ્ણલેશ્યાવાળા કરતાં નીલલેશ્યાવાળા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દ્વીપકુમારો મહર્ધિક છે. યાવત્-તેજોલેશ્યાવાળઆ સૌથી મહર્ધિક છે.

[૬૯૦-૬૯૨]હે ભગવન્ ! શું ઉદધિકુમારો બધા સમાન આહારવાળા છે- ઈત્યાદિ પૂર્વ પ્રમાણે પ્રશ્ન. પૂર્વ પ્રમાણેજ બધું જાણવું. 'હે ભગવન્ ! તે એમજ છે, હે ભગવન્ ! તે એમજ છે'- એ પ્રમાણે દિકકુમારો વિષે તેરમો ઉદ્દેશક જાણવો અને એ પ્રમાણે સ્તનિત કુમારો વિષે ચૌદમો ઉદ્દેશક સમજવો. 'હે ભગવન્ ! તે એમજ છે.

**શતકઃ૧૬-ઉદ્દેસા-૧૦-૧૪ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## શતકઃ૧૭

### -:ઉદ્દેસો-૧:-

[૬૯૩-૬૯૪]શ્રુતદેવના ભગવતીને નમસ્કાર કુંજર,- સંયતાદિ શૈલેશી, ક્રિયા, ઈશાનેન્દ્ર, પૃથિવીકાયિક, અપ્કાયિક, વાયુકાયિક, એકેન્દ્રિય, નાગકુમાર, સુવર્ણકુમાર, વિદ્યુત્કુમાર અને અગ્નિકુમાર એ સત્તર ઉદ્દેશકો કહેવાશે.

[૬૯૫]રાજગૃહમાં નગરમાં યાવત્- આ પ્રમાણે બોલ્યા- હે ભગવન્ ! ઉદાયી નામે પ્રધાન હસ્તી કઈ ગતિમાંથી મરણ પામી તુરત અહીં ઉદાયી નામે પ્રધાન હસ્તીપણે ઉત્પન્ન થયો છે ? હે ગૌતમ ! અસુરકુમાર દેવ થકી મરણ પામી હે ભગવન્ ! આ ઉદાયી નામે હસ્તી ક્યાં ઉત્પન્ન થશે ? હે ગૌતમ ! આ રત્નપ્રભા પૃથિવીને વિષે એક સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિવાળા નરકાવાસમાં નૈરયિકપણે ઉત્પન્ન થશે. હે ભગવન્ ! તે ત્યાંથી મરણ પામી તુરત ક્યાં જશે, ક્યાં ઉત્પન્ન થશે ? હે ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ સિદ્ધ થશે, ભૂતાનંદ નામે પ્રધાન હસ્તી કઈ ગતિમાંથી મરણ પામી તુરત અહિં ભૂતાનંદ નામે હસ્તીપણે ઉત્પન્ન થયો છે ? જેમ ઉદાયી નામે હસ્તીની વક્તવ્યતા કહી એમ ભૂતાનંદની પણ જાણવી. યાવત્-સર્વ દુઃખોનો અન્ત કરશે.

[૬૯૬]હે ભગવન્ ! કોઈ પુરુષ તાડના ઝાડ ઉપર ચઢે, અને ત્યાં રહેલા તાડના ફળને હલાવે કે નીચે પાડે તો તે પુરુષને કેટલી ક્રિયાઓ લાગે ? હે ગૌતમ ! તે પુરષને કાયિકી વગેરે પાંચ ક્રિયાઓ લાગે. જે જીવોના શરીરદ્વારા તાડ વૃક્ષ તથા તાડનું ફળ ઉત્પન્ન થયું છે તે જીવોને પણ કાયિકી વગેરે પાંચ ક્રિયાઓ લાગે. હે ભગવન્ ! તે તાડનું ફળ પોતાના ભારને લીધે યાવત્-નીચે પડે, અને નીચે પડતા તે તાડના ફળદ્વારા જે જીવો હણાય, યાવત્-જીવિતથી જૂદા થાય, તો તેથી તે ફળ તોડનાર પુરુષને કેટલી ક્રિયાઓ લાગે ? હે ગૌતમ ! કાયિકી વગેરે ક્રિયાઓ લાગે, જે જીવોના શરીરથી તાડનું વૃક્ષ નીપજ્યું છે તે જીવોને યાવત્ ચાર ક્રિયાઓ લાગે, અને જે જીવોના શરીરથી તાડનું ફળ નીપજ્યું છે તે જીવોને તો કાયિકી યાવત્ પાંચે ક્રિયાઓ લાગે. તથા જે જીવો સ્વાભાવિક રીતે નીચે પડતાં તાડના ફળના ઉપકારક થાય છે તે જીવોને પણ કાયિકી યાવત્- પાંચે ક્રિયાઓ લાગે. હે ભગવન્ ! કોઈ પુરુષ ઝાડના મૂળને હલાવે કે નીચે પાડે તો તે પુરુષને કેટલી ક્રિયા લાગે?હે ગૌતમ!કાયિકી વગેરે પાંચે ક્રિયાઓ લાગે,અને જે જીવોના શરીર થી મૂળ યાવત્ બીજ નીપજ્યાં છે તે જીવોને પણ કાયિકી વગેરે પાંચે ક્રિયાઓ લાગે.

હે ભગવન્ ! ત્યાર પછી તે મૂળ પોતાના ભારને લીધે નીચે પડે અને બીજા જીવોનું ઘાતક થાય તો તેથી મૂળને હલાવનાર તે પુરુષને કેટલી ક્રિયા લાગે ? હે ગૌતમ ! કાયિકી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વગેરે ચાર ક્રિયાઓ લાગે. તથા જે જીવોના શરીરથી કંદ નીપજ્યો છે, યાવત્-બીજ નીપજ્યું છે તે જીવોને કાયિકી યાવત્-ચાર ક્રિયાઓ લાગે. વળી જે જીવોના શરીરથી મૂળ નીપજ્યું છે તે જીવોને કાયિકી યાવત્-પાંચ ક્રિયાઓ લાગે. તથા જે જીવો સ્વાભાવિક રીતે નીચે પડતાં મૂળના ઉપગ્રાહક-છે તે જીવોને પણ કાયિકી વગેરે પાંચ ક્રિયાઓ લાગે છે. હે ભગવન્ ! કોઈ પુરુષ વૃક્ષના કંદને હલાવે તો તેને કેટલી ક્રિયા લાગે ? હેગૌતમ ! પાંચ ક્રિયાઓ લાગે. તથા જે જીવોના શરીરથી મૂળ યાવત્-બીજ નીપજ્યું છે તે જીવોને પણ પાંચ ક્રિયાઓ લાગે છે. હે ભગવન્ ! ત્યાર પછી તે કન્દ પોતાના ભારને લીધે નીચે પડે અને યાવત્-જીવોનો ઘાત કરે તો તે પુરુષને કેટલી ક્રિયાઓ લાગે ? ચાર ક્રિયાઓ લાગે. તથા જે જીવોના શરીરોથી કંદ નીપજ્યો છે તે જીવોને યાવત્ પાંચે ક્રિયાઓ લાગે. વળી જે જીવો સ્વાભાવિક રીતે નીચે પડતાં તે કંદના ઉપકારક હોય તે જીવોને પણ ક્રિયાઓ લાગે. જેમ કંદ સંબન્ધે વક્તવ્યતા કહી તેમ યાવત્-બીજ સંબન્ધે પણ જાણવી.

[૬૯૭]હે ભગવન્ ! કેટલાં શરીરો કહ્યાં છે ? હે ગૌતમ ! પાંચ -ઔદારિક, યાવત્ કાર્મણ. કેટલી ઈન્દ્રિયો કહી છે ? હે ગૌતમ ! પાંચ, શ્રોત્રેન્દ્રિય, યાવત્ સ્પર્શેન્દ્રિય. યોગ કેટલા પ્રકારનો કહ્યો છે ? હે ગૌતમ ! ત્રણ-મન-યોગ, વચનયોગ અને કાયયોગ. ઔદારિક શરીરને બાંધતો જીવ કેટલી ક્રિયાવાળો હોય ? હે ગૌતમ ! કોઈવાર ત્રણ ક્રિયાવાળો, કોઈવાર ચારક્રિયાવાળો અને કોઈવાર પાંચ ક્રિયાવાળો હોય. એ રીતે પૃથિવીકાયિક સંબન્ધે કહેવું. તથા એ પ્રમાણે ક્રમથી યાવત્-મનુષ્ય સુધી જાણવું. હે ભગવન્ ! ઔદારિક શરીરને બાંધતા અનેક જીવોને કેટલી ક્રિયાઓ લાગે ? હે ગૌતમ ! તેઓને કદાચિત ત્રણ ક્રિયાઓ,કદાચિત્ચારક્રિયાઓ અનેકદાચિત્પાંચક્રિયાઓલાગે.એપ્રમાણે યાવત્ પૃથિવીકાયિકો સુધી જાણવું. તથા એ ક્રમથી યાવત્-મનુષ્યો સુધી જાણવું. એ પ્રમાણે વૈક્રિય શરીર સંબન્ધે પણ બે દંડકો કહેવા. પરન્તુ જે જીવોને વૈક્રિય શરીર હોય તે જીવોને આશ્રયી કહેવું. એ પ્રમાણે યાવત્-કાર્મણ શરીર સુધી સમજવું. શ્રોત્રેન્દ્રિયથી આરંભી યાવત્-સ્પર્શેન્દ્રિય સુધી વળી મનયોગ, યાવત્કાયયોગ વિષે પણ એ પ્રમાણે કહેવું, પરન્તુ જેને જેયોગહોય તેને તે યોગસંબન્ધે કહેવુંએમ બધા મળીનેછવ્વીસ દંડકો કહેવા.

[૬૯૮]હે ભગવન્ ! ભાવ કેટલા પ્રકારના કહ્યા છ ? હે ગૌતમ ! ભાવ છે પ્રકારના -ઔદાયિક, ઔપશમિક, યાવત્-સાંનિપાતિક. હે ભગવન્ ! ઔદયિક ભાવ કેટલા પ્રકારે કહ્યો છે. હે ગૌતમ ! બે પ્રકારે-ઔદયિક અને ઉદયનિષ્પન્ન. એ પ્રમાણે આ અભિલાપ વડે અનુયોગદ્વાર- માં જેમ છ નામની વક્તવ્યતા કહી છે તે બધી અહિં કહેવી. યાવત્-એ પ્રમાણે સાંનિપાતિક ભાવ સુધી કહેવું. 'હે ભગવન્ ! તે એમજ છે,

**શતકઃ૧૭-ઉદ્દેસાઃ૧ ની મુનિ દીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેશકઃ૨

[૬૯૯]હે ભગવન્ ! સંયમ, પ્રાણાતિપાતાદિથી વિરતિવાળો અને જેણે પાપકર્મ નો પ્રતિઘાત અને પ્રત્યાખ્યાન કર્યુ છે એવો જીવ ચારિત્ર ધર્મમાં સ્થિત હોય, અસંયત, અવિરત અને જેણે પાપકર્મનો પ્રતિઘાત અને પ્રત્યાખ્યાન કર્યુ નથી એવો જીવ અધર્મમાં સ્થિત હોય, તથા સંયતાસંયત જીવ ધર્માધર્મમાં સ્થિત હોય ? હે ગૌતમ ! હોય. હે ભગવન્ ! એ ધર્મમાં, અધર્મમાં અને ધર્માધર્મમાં કોઈ જીવ બેસવાને યાવત્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

-આળોટવાને સમર્થ છે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી સંયત, વિરત અને જેણે પાપ કર્મનું પ્રત્યાખ્યાન કર્યું છે એવો જીવ ધર્મમાં સ્થિત હોય અસંયત, અવિરત અને જેણે પાપકર્મનું પ્રત્યાખ્યાન કર્યુ નથી એવો જીવ અધર્મમાં સ્થિત હોય તથા સંયતાસંયત જીવ ધર્માધર્મમાં સ્થિત હોય- હે ભગવન્ ! શું જીવો ધર્મમાં સ્થિત હોય, અધર્મમાં સ્થિત હોય કે ધર્માધર્મમાં સ્થિત હોય ? હે ગૌતમ ! એ પ્રમાણે નૈરયિક સંબન્ધે પૃચ્છા કરવી. હે ગૌતમ ! નૈરયિકો ધર્મમાં સ્થિત ન હોય, તેમ ધર્માધર્મમાં સ્થિત ન હોય, પણ અધર્મમાં સ્થિત હોય. એ પ્રમાણે યાવત્-ચઉરિન્દ્રિય જીવો સુધી જાણવું. પંચેન્દ્રિય તિર્યંચ જીવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! પંચેન્દ્રિય તિર્યંચ જીવો ધર્મમાં સ્થિત નથી, પણ તેઓ અધર્મમાં અને ધર્માધર્મમાં સ્થિત છે. મનુષ્યોને વિષે સામાન્ય જીવોની પેઠે વક્તવ્યતા કહેવી. વાનવ્યંતરો, જ્યોતિષિકો અને વૈમાનિકો વિશે એ પ્રમાણે જાણવું.

[૭૦૦]હે ભગવન્ ! અન્યતીર્થંકો એમ કહે છે, યાવત્ એમ પ્રરુપે છે કે 'શ્રમણો પંડિત કહેવાય છે અને શ્રમણોપાસકો બાલપંડિત કહેવાય છે, પણ જે જીવને એક પણ જીવના વધની અવિરતિ છે તે જીવ 'એકાન્ત બાલ' કહેવાય. આ સત્ય કેમ હોય ? હે ગૌતમ ! જે અન્યતીર્થિકો આ પ્રમાણે કહે છે તેઓએ મિથ્યા- કહ્યું છે, હું આ પ્રમાણે કહું છું- ખરેખર શ્રમણ પંડિત છે અને શ્રમણોપાસકો બાલપંડિત છે, પણ જે જીવે એક પણ પ્રાણીના વધની વિરતિ કરી છે તે જીવ 'એકાંન્તબાલ' ન કહેવાય. નૈરયિકો સંબન્ધે એ પ્રમાણે પ્રશ્ન હે ગૌતમ ! નૈરયિકો બાળ છે, પણ પંડિત નથી, તેમ બાલપંડિત પણ નથી. એ પ્રમાણે યાવત્-ચઉરિંદ્રિયો સુધી જાણવું. પંચેંદ્રિય તિર્યંચો સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! પંચેંદ્રિય તિર્યંચો બાલ અને બાલપંડિત હોય છે, પણ પંડિત હોતા નથી. મનુષ્યો સંબંધે સામાન્ય જીવોની વક્તવ્યતા કહેવી. તથા વાનવ્યંતર, જ્યોતિષિક અને વૈમાનિક સંબંધે નૈરયિકની વક્તવ્યતા કહેવી.

જૈનમ્ જયતિ શાસનમ્

[૭૦૧]હે ભગવન્ અન્યતીર્થંકો આ પ્રમાણે કહે છે, યાવત્ પ્રરુપે છે કે પ્રાણા તિપાતમાં, યાવત્-મિથ્યાદર્શલ્યમાં વર્તતા પ્રાણીનો જીવ અન્ય છે અને જીવાત્મા તેથી અન્યછે, પ્રાણાતિપાતવિરમણમાં, યાવત્-પરિગ્રહવિરમણમાં, ક્રોધના ત્યાગમાં યાવત્ -મિથ્યાદર્શનશલ્યના ત્યાગમાં વર્તતા પ્રાણીનો જીવ અન્ય છે અને તેથી તેનો જીવાત્મા અન્ય છે. ઔત્પત્તિકી બુદ્ધિમાં, યાવત્-પારિણામિકી બુદ્ધિમાં વર્તમાન પ્રાણીનો જીવ અન્ય છે અને તેથી જીવાત્મા અન્ય છે, અવગ્રહ, યાવત્ ધારણામાં વર્તમાન પ્રાણીનો જીવ અન્ય છે અને જીવાત્મા અન્યછે, ઉત્થાનમાં,યાવત્-પુરુષકાર-પરાક્રમમાં વર્તમાન પ્રાણીનો જીવ અન્ય છે અને જીવાત્મા અન્ય છે, નૈરયિકપણામાં, પંચેન્દ્રિતિર્યંચપણામાં, મનુષ્યપણામાં તથા દેવપણામાં વર્તમાન જીવ અન્ય છે અને જીવાત્મા અન્ય છે, જ્ઞાનાવ રણીયમાં મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિમાં, ચક્ષુદર્શન, યાવત્ કેવલ દર્શનમાં, આભિનિબોધિકજ્ઞાન, યાવત્ કેવળ- જ્ઞાનમાં, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અને કાર્મણ શરીરમાં, તથા મનોયોગ, વચનયોગ, અને કાયયોગમાં, સાકારોપયોગ અને અનાકારોપયોગમાં વર્તમાન પ્રાણીનો જીવ અન્ય છે અને તેનો જીવાત્મા અન્ય છે. તે કેમ સત્ય હોય ? હે ગૌતમ ! જે અન્યતીર્થિકો એ પ્રમાણે કહે છે, યાવત્-તેઓ મિથ્યા કહે છે. 'પ્રાણાતિપાત યાવત્-મિથ્યાદર્શનમાં વર્તમાન પ્રાણીનો તેજ જીવ છે અને તેજ જીવાત્મા છે, યાવત્-અનાકારોપયોગમાં વર્તમાન પ્રાણીનો તેજ જીવ છે અને તેજ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીવાત્મા છે."

[૭૦૨]હે ભગવન્ ! મોટી ઋદ્ધિવાળો, યાવત્-મોટા સુખવાળો દેવ પહેલાં રુપી હોઈને-મૂર્તને સ્વરુપ ધારણ કરી પછી અરુપી રુપ વિકુર્વવાને સમર્થ છે ? તે અર્થ સમર્થ નથી. હું એ જાણું છું, હું એ જોઉં છું, હું એ નિશ્ચિત જાણું છું, હું એ સર્વથા જાણું છું, મેં એ જાણ્યું છે, મેં એ જોયું છે, મેં નિશ્ચિત જાણ્યું છે અને મે એ સર્વથા જાણ્યું છે કે, તેવા પ્રકારના રુપવાળા, કર્મવાળા, રાગવાળા, વેદવાળા, મોહવાળા, લેશ્યાવાળા, શરીરવાળા, અને શરીરથી નહિ મૂકાયેલા- જીવને વિશે એમ જણાય છે, તે આ પ્રમાણે-તે શરીરયુક્ત જીવમાં-કાળાપણું, યાવત્-ધોળાપણું, સુગંધિપણું કે દુર્ગંધિપણું, કડવાપણું કે યાવત્ મધુરપણું, તથા કર્કશપણું તે યાવત્-રુક્ષપણું હોય છે, માટે હે ગૌતમ ! તે હેતુથી યાવત્-તે દેવ પૂર્વ પ્રમાણે વિકુર્વવા સમર્થ નથી.

**શતકઃ૧૭-ઉદ્દેસોઃ૨ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેશકઃ૩

[૭૦૩]હે ભગવન્ ! શૈલેશી અવસ્થાને પ્રાપ્ત થયેલ અનગાર શું સદા નિરન્તર કંપે, અને યાવત્-તે તે ભાવે પરિણમે ? એ અર્થ સમર્થ નથી, માત્ર એક પરપ્રયોગ વિના ન કંપે. હે ભગવન્ ! એજના (કંપન) કેટલા પ્રકારની કહી છે ? હે ગૌતમ ! પાંચપ્રકારની. દ્રવ્યએજના,યાવત્ ભવએજના. હે ભગવન્ ! દ્રવ્યએજના કેટલા પ્રકારની કહી છે ? હે ગૌતમ ! ચાર પ્રકારની નૈરયિકદ્રવ્યએજના, યાવત્ દેવદ્રવ્યએજના. હે ભગવન્ ! શા કારણથી 'નૈરયિકદ્રવ્યએજના' કહેવામાં આવે છે ? હે ગૌતમ ! જે માટે નૈરયિકો નૈરયિકદ્રવ્યમાં વર્તતા હતા, વર્તે છે અને વર્તશે, તે નૈરયિકોએ નૈરયિકદ્રવ્યમાં વર્તતા નૈરયિકદ્રવ્યની એજના કરી હતી, કરે છે અને કરશે, તે માટે મનુષ્યદ્રવ્યએજના અને દેવદ્રવ્યએજના પણ જાણવી. હે ભગવન્ ! ક્ષેત્રએજના કેટલા પ્રકારની કહી છે ? હે ગૌતમ ! ચાર પ્રકારની-નૈરયિક ક્ષેત્રએજના, યાવત્-દેવક્ષેત્રએજના. હે ભગવન્ ! નૈરયિકક્ષેત્રએજના કહેવાનું શું કારણ ? પૂર્વ પ્રમાણે જાણવું. વિશેષ એ કે નૈરયિકદ્રવ્યએજનાને બદલે નૈરયિકક્ષેત્રએજના કહેવી. અને એમ યાવત્-દેવ ક્ષેત્રએજના સુધી જાણવું. તથા કાલએજના, ભવ્યએજના અને ભાવએજના વિષે પણ એ પ્રમાણે જાણવું.

[૭૦૪]હે ભગવન્ ! ચલના કેટલા પ્રકારની કહી છે ? ત્રણ પ્રકારની શરીર-ચલના, ઈન્દ્રિયચલના અને યોગચલના. હે ભગવન્ ! શરીરચલના કેટલા પ્રકારની કહી છે ? પાંચ પ્રકારની. ઔદારિકશરીરચલના, યાવત્-કાર્મણશરીરચલના. હે ભગવન્ ! ઈન્દ્રિયચલના કેટલા પ્રકારની કહી છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારની. શ્રોત્રેન્દ્રિયચલના, યાવત્-સ્પર્શેન્દ્રિયચલના. હે ભગવન્ ! યોગચલના કેટલા પ્રકારની કહી છે ? ત્રણ પ્રકારની. મનોયોગચલના, વચનયોગચલના અને કાયયોગચલના. હે ભગવન્ ! શા હેતુથી ઔદારિકશરીરચલના કહેવાય છે ?હે ગૌતમ!જે માટે ઔદારિક શરીરમાં વર્તતા જીવોએ ઔદારિક શરીરયોગ્ય દ્રવ્યોને ઔદારિકશરીરપણે પરિણમાવતા ઔદારિકશરીરની ચલના કરી છે, કરે છે અને કરશે, તે કારણથી એમ કહ્યું.

હે ભગવન્ ! શા કારણથી વૈક્રિયશરીરચલના કહેવામાં આવે છે ? પૂર્વ પ્રમાણે બધું જાણવું. વિશેષ એ કે 'વૈક્રિયશરીરને વિષે વર્તતા' ઈત્યાદિ કહેવું. એજ પ્રમાણે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યાવત્-કાર્મણશરીર ચલના સુધી જાણવું. હે ભગવન્ ! શા કારણથી શ્રોત્રેન્દ્રિયચલના કહેવામાં આવે છે ? એ પ્રમાણે કાયયોગચલના પણ જણાવી.

[૭૦૫]હે ભગવન્ ! સંવેગ-નિર્વેદ-ગુરુઓની તથા સાધર્મિકોની સેવા, પાપોની આલોચના-નિંદા-ગર્હા-ક્ષમાપના, ઉપશાંતતા, શ્રુતસહાયતા ઉપયોગ, શ્રોત્રેન્દ્રિયસંવર, યાવત્-સ્પર્શેન્દ્રિયસંવર, યોગપ્રત્યા- ખ્યાન, શરીરપ્રત્યાખ્યાન, કષાયપ્રત્યાખ્યાન, સંભોગપ્રત્યાખ્યાન, ઉપધિપ્રત્યાખ્યાન,વચનસંગોપન,-કાયસંગોપન, ક્રોધનો ત્યાગ, યાવત્-મિથ્યાદર્શનશલ્યનો ત્યાગ, જ્ઞાનસંપન્નતા, દર્શનસંપન્નતા, ચારિત્રસંપન્નતા, ક્ષુધાદિ વેદનામાં સહનશીલતા અને મરણાન્તિક કષ્ટમાં સહનશીલતા-એ બધા પદોનું હે આયુષ્મન્ શ્રમણ ! અન્તિમ ફળ શું કહ્યું છે ? હે ગૌતમ ! મોક્ષ કહ્યું છે. "હે ભગવન્ ! તે એમજ છે. તે એમજ છે."

**શતકઃ૧૭-ઉદ્દેસાઃઃ૩ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેશકઃ૪

[૭૦૬]તે કાળે તે સમયે રાજગૃહ નગરમાં (ભગવાન્ ગૌતમ) યાવત્-આ પ્રમાણે બોલ્યા કે, હે ભગવન્ ! જીવો વડે પ્રાણાતિપાત દ્વારા ક્રિયા-કર્મ કરાય છે ? હા, કરાય છે. હે ભગવન્ ! તે ક્રિયા સ્પૃષ્ટ કે અસ્પૃષ્ટ ? હે ગૌતમ ! તે સ્પૃષ્ટ કરાય, પણ અસ્પૃષ્ટ ન કરાય-ઈત્યાદિ બધું પ્રથમ શતકના છઠ્ઠા ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે કહેવું, યાવત્-તે ક્રિયા અનુક્રમે કરાય છે, પણ અનુક્રમ વિના કરાતી નથી. એ પ્રમાણે યાવત્-વૈમાનિકો સુધી જાણવું. પરન્તુ વિશેષ એ કે જીવો અને એકેન્દ્રિયો વ્યાઘાત સિવાય છ એ દિશામાંથી આવેલાં કર્મ કરે છે, અને જો વ્યાઘાત હોય તો કદાચ ત્રણ કે, ચાર કે પાંચ દિશામાંથી, આવેલાં કર્મ કરે છે. હે ભગવન્ ! જીવો મૃષાવાદદ્વારા કર્મ કે છે ? હા, કરે છે. હે ભગવન્ ! શું તે ક્રિયા- સ્પૃષ્ટ કરાય-ઈત્યાદિ પ્રશ્ન. જેમ પ્રાણાતિપાત સંબન્ધે દંડક કહ્યો છે તેમ મૃષાવાદ સંબન્ધે પણ કહેવો. એમ અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહસંબન્ધે પાંચે દંડકો કહેવા. હે ભગવન્ ! જે સમયે જીવો પ્રાણાતિપાતદ્વારા (કર્મ) કરે છે તે સમયે ભગવન્ ! તે સ્પૃષ્ટ કર્મ કરે છે કે અસ્પૃષ્ટ કર્મ કરે છે ? પૂર્વ પ્રમાણે જાણવું. યાવત્-તે 'અનાનુપૂર્વીકૃત નથી' ત્યાં સુધી કહેવું. એ પ્રમાણે-યાવત્- ક્રમથી વૈમાનિકો સુધી યાવત્-પરિગ્રહ સંબન્ધે જાણવું. હે ભગવન્ ! જે ક્ષેત્રમાં જીવો પ્રાણાતિપાત દ્વારા કર્મ કરે છે તે ક્ષેત્રમાં સ્પૃષ્ટ કે અસ્પૃષ્ટ કર્મ કરે છે-ઈત્યાદિ પ્રશ્ન. પૂર્વ પ્રમાણે ઉત્તર કહેવો. યાવત્-પરિગ્રહ સુધી જાણવું. એમ પાંચે દંડકો કહેવા. હે ભગવન્ ! જે પ્રદેશમાં જીવો પ્રાણાતિપાત દ્વારા કર્મ કરે છે તે પ્રદેશમાં શું સ્પૃષ્ટ કર્મ કરે છે કે અસ્પૃષ્ટ કર્મ કરે છે-ઈત્યાદિ પૂર્વ પ્રમાણે દંડક કહેવો. એ પ્રમાણે યાવત્-પરિગ્રહ સુધી જાણવું. એમ બધા મળીને વિશ દંડકો કહેવા.

[૭૦૭]હે ભગવન્ ! જીવોને જે દુઃખ છે તે શું આત્મકૃત છે પરકૃત છે કે ઉભયકૃત છે ? હે ગૌતમ ! જીવોને જે દુઃખ છે તે આત્મકૃત છે, પરકૃત નથી. તેમ ઉભયકૃત પણ નથી, એ પ્રમાણે ક્રમથી યાવત્-વૈમાનિકો સુધી જાણવું. જીવો શું આત્મકૃત દુઃખ વેદે છે, પરકૃત દુઃખ વેદ છે કે તદુભયકૃત દુઃખ વેદે છે ? જીવો આત્મકૃત દુઃખ વેદે છે, પરકૃત કે ઉભયકૃત દુઃખ વેદતા નથી. એ પ્રમાણે યાવત્-વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્ ! જીવોને જે વેદના છે તે શું આત્મકૃત છે, -ઈત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! વેદના આત્મકૃત છે, પરકૃત કે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉભયકૃત નથી. એ પ્રમાણે યાવત્-વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્ ! જીવો શું આત્મ કૃત વેદનાને વેદે છે, હે ગૌતમ ! જીવો આત્મકૃત વેદનાને વેદે છે, પરકૃત કે ઉભયકૃત નહીં એ પ્રમાણે યાવત્-વૈમાનિકો સુધી જાણવું

**શતકઃ૧૭-ઉદ્દેસો-૪ની મુનિ દીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેશકઃ૫

[૭૦૮]હે ભગવન્ ! દેવેંદ્ર દેવરાજ ઈશાનની સુધર્મા સભા ક્યાં કહી છે ? હે ગૌતમ ! જંબૂદ્વીપ નામે દ્વીપમાં મંદરપર્વતની ઉત્તરે આ રત્નપ્રભાના પૃથિવીના અત્યન્ત સમ અને રમણીય ભૂમિભાગથી ઉપર ચંદ્ર અને સૂર્યને મૂકીને આગળ ગયા પછી-યાવત્-સ્થાનપદમાં કહ્યા પ્રમાણે મધ્યભાગમાં ઈશાનાવ- સંતક વિમાન આવે છે. તે સાડા બાર લાખ યોજન લાંબુ અને પહોળું છે-ઈત્યાદિ યાવત્-દશમ શતકમાં શક્રવિમાનની વક્તવ્યતા કહી છે તે બધી અહીં ઈશાન સંબંધે કહેવી. તે ઈશાનેન્દ્રને આયુષ કિંચિત્ અધિક બે સાગરોપમનું છે, યાવત્-દેવેંદ્ર દેવરાજ ઈશાન છે.

**શતકઃ૧૭ ઉદ્દેસોઃઃ૫ ની મુનિ દીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેશકઃ૬

[૭૦૯]હે ભગવન્ ! જે પૃથિવીકાયિક જીવ આ રત્નપ્રભા પૃથિવીમાં મરણ સમુદ્દઘાત કરીને સૌધર્મકલ્પમાં પૃથિવીકાયિકપણે ઉત્પન્ન થવાને યોગ્ય છે તે ! શું પ્રથમ ઉત્પન્ન થાય અને પછી આહાર કરે-પુદ્ગલ ગ્રહણ કરે કે પ્રથમ પુદ્ગલ ગ્રહણ કરે અને પછી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! તે શા કારણથી ? હે ગૌતમ ! પૃથિવીકાયિકોને ત્રણ સમુદ્દઘાતો કહ્યા છે,-વેદના સમુદ્દઘાત, કષાય સમુદ્દઘાત અને મરણાંતિક સમુદ્દઘાત. જ્યારે જીવ મારણાં- તિક સમુદ્દઘાત કરે છે ત્યારે દેશથી પણ સમુદ્દઘાત કરે છે અને સર્વથી પણ સમુદ્દઘાત કરે છે. જ્યારે દેશથી સમુદ્દઘાત કરે છે ત્યારે પ્રથમ પુદ્ગલ ગ્રહણ કરે છે અને પછી ઉત્પન્ન થાય છે, જ્યારે સર્વથી સમુદ્દઘાત કરે છે ત્યારે પ્રથમ ઉત્પન્ન થાય છે અને પછી પુદ્ગલ ગ્રહણ કરે છે. હે ભગવન્ ! પૃથિવીકાયિક જીવ આ રત્નપ્રભા પૃથિવીમાં યાવત્-મરણસમુદ્દઘાત કરી જે ઈશાનકલ્પમાં પૃથિવીકા- યિકપણે ઉત્પન્ન થવાને યોગ્ય છે-ઈત્યાદિ પૃચ્છા. પૂર્વ પ્રમાણે જાણવું. એમ યાવત્-અચ્યુત, ગ્રૈવેયક, અનુ ત્તર વિમાન અને ઈષત્પ્રાગ્ભારા પૃથિવી સંબન્ધે પણ જાણવું. હે ભગવન્ ! જે પૃથિવી કાયિક જીવ આ શર્કરાપ્રભા પૃથિવીમાં મરણસમુદ્દઘાત કરીને સૌધર્મકલ્પમાં પૃથિવીકા યિકપણે ઉત્પન્ન થવાને યોગ્ય છે-ઈત્યાદિ પ્રશ્ન. જેમ રત્નપ્રભા પૃથિવીના પૃથિવીકાયિક નો ઉત્પાદ કહ્યો છે તેમ શર્કરાપ્રભા નો કહેવો. યાવત્-એ પ્રમાણે ઈષત્પ્રાગ્ભારા પૃથિવી સુધી જાણવું. તથા જેમ રત્નપ્રભાના પૃથિવીકાયિકની વક્તવ્યતા કહી તેમ યાવત્-સાતમી નરકપૃથિવી સુધીમાં મરણસમુદ્દઘાતથી સમવહત થયેલા જીવનો ઈષત્પ્રા-ગ્ભારામાં ઉપપાત કહેવો.

**શતકઃ૧૭-ઉદ્દેસોઃઃ૬ની ગુર્જરછાયાપૂર્ણ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ઉદ્દેશકઃ૭

[૭૧૦]હે ભગવન્ ! જે પૃથિવીકાયિક જીવ સૌધર્મકલ્પમાં મરણસમુદ્દઘાત કરી આ રત્નપ્રભા પૃથિવીમાં પૃથિવીકાયિકપણે ઉત્પન્ન થવાને યોગ્ય છે તે પ્રથમ ઉત્પન્ન થાય અને પછી આહાર કરે-ઈત્યાદિ પ્રશ્ન. રત્નપ્રભાપૃથિવીના પૃથિવીકાયિકજીવની સૌધર્મ કલ્પના પૃથિવીકાયિક જીવનો પણ સાતે નરક પૃથિવીમાં યાવત્ ઉપપાત કહેવો. તથા જેમ સૌધર્મકલ્પના પૃથિવીકાયિક જીવનો સર્વ પૃથિવીઓમાં ઉપપાત કહ્યો છે તેમ બધા સ્વર્ગો, યાવત્-ઈષત્પ્રાગ્ભારાપૃથિવીના પૃથિવીકાયિક જીવનો પણ સર્વ પૃથિવીઓમાં યાવત્-સાતમી નરકપૃથિવી સુધી ઉપ- પાત કહેવા. 'હે ભગવન્ ! તે એમજ છે,

**શતકઃ૧૭-ઉદ્દેસોઃ:૭ની મુનિ દીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેશકઃ૮

[૭૧૧]હે ભગવન્ ! જે અપ્કાયિક જીવ આ રત્નપ્રભા પૃથિવીમાં મરણસમુદ્દઘાત કરીને સૌધર્મકલ્પમાં અપ્કાયિકપણે ઉત્પન્ન થવાને યોગ્ય છે-ઈત્યાદિ પ્રશ્ન. જેમ પૃથિવી કાયિકસંબન્ધે કહ્યું છે તેમ અપ્કાયિકસંબન્ધે પણ બધા કલ્પોમાં કહેવું, યાવત્-ઈષત્પ્રા ગ્ભારા પૃથિવીમાં કહેવો. તથા જેમ રત્નપ્રભાના અપ્કાયિક જીવનો ઉપપાત કહ્યો છે તેમ યાવત્-સાતમી પૃથિવીના અપ્કાયિક જીવનો પણ યાવત્-ઈષત્પ્રાગ્ભારા પૃથિવી સુધી ઉપપાત કહેવો. 'હે ભગવન્ ! તે એમજ છે,

**શતકઃ૧૭-ઉદ્દેસોઃ:૮ મુનિ દીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ.**

## ઉદ્દેશકઃ૯

[૭૧૨]હે ભગવન્ ! જે અપ્કાયિક જીવ સૌધર્મકલ્પમાં મરણસમુદ્દઘાતને પ્રાપ્ત થઈને આ રત્નપ્રભાના ઘનોદધિવલયોમાં અપ્કાયિકપણે ઉત્પન્ન થવાને યોગ્ય છે, ઈત્યાદિ પ્રશ્ન ! બાકી બધું પૂર્વ પ્રમાણે જાણવું. જેમ સૌધર્મકલ્પના અપ્કાયિકને ઉપપાત કહ્યો તેમ યાવત્-ઈષત્પ્રાગ્ભારાપૃથિવીના અપ્કાયિક જીવનો યાવત્-અધઃ સપ્તમ પૃથિવી સુધી ઉપપાત કહેવો.

**શતકઃ૧૭-ઉદ્દેસોઃ:૯ ની મુનિ દીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેશકઃ૧૦ થી ૧૭

[૭૧૩]હે ભગવન્ ! જે વાયુકાયિક જીવ આ રત્નપ્રભામાં મરણસમુદ્દઘાતને પ્રાપ્ત થઈને સૌધર્મકલ્પમાં વાયુકાયિકપણે ઉત્પન્ન થવાને યોગ્ય છે ઈત્યાદિ પ્રશ્ન. જેમ પૃથિવીકાયિકસંબન્ધે કહેવામાં આવ્યું છે તેમ વાયુકાયિકસંબન્ધે પણ જાણવું. વિશેષ એ કે વાયુકાયિકને ચાર સમુદ્દઘાત હોય છે,-વેદનાસમુદ્દઘાત,યાવત્-વૈક્રિયસમુદ્દઘાત. તે વાયુકાયિક મરણાંતિક સમુદ્દઘાતવડે સમ વહત થઈ દેશથી સમુદ્દઘાત કરે છે-ઈત્યાદિ બાકી બધું તેજ પ્રમાણે જાણવું, યાવત્-સાતમી નરકપૃથિવીમાં સમુદ્દઘાતને પ્રાપ્ત થયેલ વાયુકાયિકનો ઈષત્પ્રાગ્ભારા ઉપપાત કહેવો.

[૭૧૪]હે ભગવન્ ! બે વાયુકાયિક જીવ સૌધર્મકલ્પમાં સમુદ્દઘાત કરી આ રત્નપ્રભાપૃથિવીના ઘનવાત, ઘનવાતવલયો કે તનુવાતવલયોમાં વાયુકાયિકપણે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉત્પન્ન થવાને યોગ્ય છે ઈત્યાદિ પ્રશ્ન. બાકી બધું પૂર્વ પ્રમાણે જાણવું. અને જેમ સૌધર્મ કલ્પના વાયુકાયિકનો સાતે પૃથિવીમાં ઉપપાત કહ્યો છે તે પ્રમાણે યાવત્-ઈષત્પ્રાગ્ભારા પૃથિવીના વાયુકાયિકનો યાવત્-અધઃસપ્તમ પૃથિવીપર્યંત ઉપપાત કહેવો.

[૭૧૫]હે ભગવન્ ! બધા એકેન્દ્રિય જીવો સમાન આહારવાળા છે, સમાન શરીરવાળા છે-ઈત્યાદિ પ્રશ્ન જેમ પ્રથમ શતકના દ્વિતીય ઉદ્દેશકમાં પૃથિવીકાયિકની વક્તવ્યતા કહી છે તેમ અહીં એકેન્દ્રિયો સંબન્ધે પણ કહેવા. હે ભગવન્ ! એકેન્દ્રિયોને કેટલી લેશ્યાઓ કહી છે ? ચાર કૃષ્ણલેશ્યા, યાવત્-તેજોલેશ્યા. હે ભગવન્ ! કૃષ્ણલેશ્યા વાળા, યાવત્- વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા તેજોલેશ્યાવાળા એકેન્દ્રિયો છે, તેથી અનંતગુણ અધિક કાપોતલેશ્યાવાળા છે, તેથી વિશેષાધિક નીલલેશ્યાવાળા છે, અને તેથી વિશેષાધિક કૃષ્ણલેશ્યાવાળા છે. હે ભગવન્ ! એ કૃષ્ણલેશ્યા વાળા, યાવત્- તેજોલેશ્યાવાળા એકેન્દ્રિયોની ઋદ્ધિ-સામર્થ્ય સંબન્ધે પ્રશ્ન.જેમ દ્વીપકુમારોની ઋદ્ધિ કહી છે તેમ એકેન્દ્રિયોની કહેવી.

[૭૧૬]બધા નાગકુમારો સમાન આહારવાળા છે-ઈત્યાદિ પ્રશ્ન. જેમ સોળમાં શતકના દ્વીપકુમાર ઉદ્દેશકમાં કહેવામાં આવ્યું છે તેમ યાવત્-ઋદ્ધિ સુધી કહેવું.'

[૭૧૭]હે ભગવન્ ! બધા સુવર્ણકુમારો સમાન આહારવાળા છે-ઈત્યાદિ પ્રશ્ન. પૂર્વ પ્રમાણે બધું જાણવું. હે ભગવન્ ! તે એમજ છે, હે ભગવન્ ! તે એમજ છે.

[૭૧૮]હે ભગવન્ ! બધા વિદ્યુત્કુમારો સમાન આહારવાળા છે-ઈત્યાદિ પ્રશ્ન. પૂર્વ પ્રમાણે બધું જાણવું. 'હે ભગવન્ ! તે એમજ છે, હે ભગવન્ ! તે એમજ છે.'

[૭૧૯]હે ભગવન્ ! બધા વાયુકુમારો સમાન આહારવાળા છે-ઈત્યાદિ પ્રશ્ન. પૂર્વ પ્રમાણે બધું જાણવું. હે ભગવન્ ! એમજ છે, હે ભગવન્ ! તે એમજ છે.

[૭૨૦]હે ભગવન્ ! બધા અગ્નિકુમારો સમાન આહારવાળા છે-ઈત્યાદિ પ્રશ્ન. પૂર્વ પ્રમાણે બધું જાણવું. હે ભગવન્ ! તે એમજ છે, હે ભગવન્ ! તે એમજ છે.

**શતક:૧૭-ઉદ્દેસો-૧૦ થી ૧૭ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## શતક:૧૮

### -: ઉદ્દેસો:૧ :-

[૭૨૨]તે કાળે, તે સમયે રાજગૃહ નગરમાં યાવત્-આ પ્રમાણે બોલ્યા-હે ભગવન્ ! જીવ જીવભાવવડે પ્રથમ છે કે અપ્રથમ છે ? હે ગૌતમ ! તે પ્રથમ નથી, પણ અપ્રથમ છે. એ પ્રમાણે નૈરયિકો યાવત્-વૈમાનિકો જાણવા. હે ભગવન્ ! સિદ્ધ સિદ્ધભાવવડે પ્રથમ છે કે અપ્રથમ છે ? હે ગૌતમ ! તે પ્રથમ છે, પણ અપ્રથમ નથી. હે ભગવન્ ! જીવો જીવભાવવડે પ્રથમ છે કે અપ્રથમ છે ? હે ગૌતમ ! પ્રથમ નથી પણ અપ્રથમ છે. એ પ્રમાણે યાવત્-વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્ ! સિદ્ધો સિદ્ધભાવવડે પ્રથમ છે કે અપ્રથમ છે- હે ગૌતમ ! તે પ્રથમ છે, પણ અપ્રથમ નથી. હે ભગવન્ ! આહારક જીવ આહારકભાવ વડે પ્રથમ છે કે અપ્રથમ છે ? હે ગૌતમ ! તે પ્રથમ નથી, પણ અપ્રથમ છે. એ પ્રમાણે યાવત્- વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્ ! અનાહારક જીવ અનાહારકભાવવડે પ્રથમ છે- ઈત્યાદિ પૃચ્છા. હે ગૌતમ ! કદાચ પ્રથમ હોય અને કદાચ અપ્રથમ પણ હોય. હે ભગવન્ !

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નૈરયિક અનાહારકભાવવડે પ્રથમ છે-ઈત્યાદિ પ્રશ્ન. એ પ્રમાણે નૈરયિક યાવત્-વૈમાનિક અનાહારકભાવવડે પ્રથમ નથી, પણ અપ્રથમ છે. સિદ્ધ અનાહારકભાવવડે પ્રથમ છે, પણ અપ્રથમ નથી. હે ભગવન્ ! અનાહારક જીવો અનાહારકભાવવડે પ્રથમ છે-ઈત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! પ્રથમ પણ છે અને અપ્રથમ પણ છે નૈરયિકો યાવત્-વૈમાનિકો અનાહારકભાવવડે પ્રથમ નથી પણ અપ્રથમ છે. અને સિદ્ધો અનાહારકભાવવડે પ્રથમ છે પણ અપ્રથમ નથી. એમ એક એક દંડકે પ્રશ્ન કરવો. આહારકજીવની પેઠે ભવસિદ્ધિક જીવો ભવસિદ્ધિકપણે પ્રથમ નથી. પણ અપ્રથમ છે-ઈત્યાદિએજ પ્રમાણે અભવ સિદ્ધિક પણ કહેવા. હે ભગવન્ ! નોભવસિદ્ધિક-નોઅભવસિદ્ધિક (સિદ્ધ) જીવ નોભવ સિદ્ધિક-નો અભવસિદ્ધિકભાવ- વડે પ્રથમ છે-ઈત્યાદિ પૃચ્છા. હે ગૌતમ ! તે પ્રથમ છે પણ અપ્રથમ નથી. હે ભગવન્ ! નોભવસિદ્ધિક-નોઅભવસિદ્ધિક સિદ્ધિક નો ભવસિદ્ધિક-નોઅભવસિદ્ધિકભાવવડે પ્રથમ છે કે અપ્રથમ છે- પૂર્વ પ્રમાણે જાણવું.

હે ભગવન્ ! સંજ્ઞી જીવ સંજ્ઞીભાવવડે પ્રથમ છે-ઈત્યાદિ પૃચ્છા. હે ગૌતમ ! પ્રથમ નથી પણ અપ્રથમ છે. એ પ્રમાણે વિકલેન્દ્રિય સિવાય વૈમાનિકો સુધી જાણવું. અસંજ્ઞી જીવોને પણ એજ વક્તવ્યતા કહેવી. યાવત્-વાનવ્યંતરો સુધી સમજવું. નોસંજ્ઞીનોઅ સંજ્ઞી જીવ, મનુષ્ય અને સિદ્ધ નોસંજ્ઞી-નોઅસંજ્ઞીભાવવડે પ્રથમ છે પણ અપ્રથમ નથી. હે ભગવન્ ! સલેશ્ય જીવ સલેશ્યભાવવડે પ્રથમ છે-ઈત્યાદિ પ્રશ્ન.આહારક જીવની પેઠે અપ્રથમ જાણવો.વળી કૃષ્ણલેશ્યા યાવત્-શુક્લલેશ્યાસંબંધે પણએમજ જાણવું. વિશેષ એ કે, જે લેશ્યા જેને હોય તે લેશ્યા તેને કહેવી. લેશ્યારહિત જીવ, મનુષ્ય અને સિદ્ધપદમાં અલેશ્યાભાવવડે નોસંજ્ઞી પેઠે પ્રથમપણું જાણવું. હે ભગવન્ ! સમ્યગ્દૃષ્ટિ જીવ સમ્યગ્ દૃષ્ટિવડે પ્રથમ હોય-ઈત્યાદિ પ્રશ્ન. તે કદાચ પ્રથમ પણ હોય અને અપ્રથમ પણ હોય. એ પ્રમાણે એકેન્દ્રિય સિવાય બીજા બધા દંડકે યાવત્-વૈમાનિકો સુધી જાણવું. સમ્યગ્દૃષ્ટિ ભાવ વડે સિદ્ધો પ્રથમ છે, પણ અપ્રથમ નથી. મિથ્યા દૃષ્ટિભાવવડે આહારકભાવની વક્તવ્યતા પ્રમાણે જીવને બધી વક્તવ્યતા કહેવી. મિશ્રદૃષ્ટિભાવવડે સમ્યગ્દૃષ્ટિ ભાવની વક્તવ્યતા પ્રમાણે જીવને બધી વક્તવ્યતા કહેવી. વિશેષ એ કે, જે જીવને મિશ્રદૃષ્ટિ હોય તેને તે કહેવી. સંયત જીવ અને મનુષ્યના સંબંધમાં સમ્યગ્દૃષ્ટિ જીવની પેઠે બધું કહેવું. અસંયત આહારક જીવની પેઠે (અપ્રથમ) સમજવો. અને સંયતાસંયત જીવ, પંચેન્દ્રિયતિર્યંચ તથા મનુષ્ય એ ત્રણ પદે સમ્યગ્દૃષ્ટિની પેઠે કદાચ પ્રથમ અને કદાચ અપ્રથમ જાણવા. વળી નોસસંયત નોઅસંયત તેમ નોસં- યતાસંયત એવા જીવ અને સિદ્ધ પ્રથમ છે પણ અપ્રથમ નથી.

સકષાયી, ક્રોધકષાયી યાવત્-લોભકષાયી એ બધા આહારક જીવની પેઠે અપ્રથમ સમજવા તથા અકષાયી જીવ કદાચ પ્રથમ પણ હોય અને કદાચ અપ્રથમ પણ હોય, એ પ્રમાણે અકષાયી મનુષ્ય સંબંધે પણ જાણવું. પણ અકષાયી સિદ્ધોતો બહુવચનવડે અકષાયી પ્રથમ છે પણ અપ્રથમ નથી. જ્ઞાની જીવો સમ્યગ્દૃષ્ટિ જીવની પેઠે કદાચ પ્રથમ અને કદાચ અપ્રથમ જાણવા. આભિનિબોધિકજ્ઞાની યાવત્-મનઃપર્યવ જ્ઞાની એ પ્રમાણે સમજવા. વિશેષ એકે જે જીવને જે જ્ઞાન હોય તે તેને કહેવું. કેવલજ્ઞાની જીવ, મનુષ્ય અને સિદ્ધ એ બધા પ્રથમ છે, પણ અપ્રથમ નથી. અજ્ઞાની, મતિઅજ્ઞાની શ્રુતઅજ્ઞાની અને વિભંગજ્ઞાની એ બધા આહારક જીવોની પેઠે જાણવા. સંયોગી,

જૈન સાઈટ JAINSITE

મનયોગી, વચનયોગી અને કાયયોગી એ બધા આહારક જીવોની પેઠે અપ્રથમ જાણવા. વિશેષ એ કે, જે જીવોને જે યોગ હોય તેને તે યોગ કહેવો. અયોગી જીવ, મનુષ્ય અને સિદ્ધ એ બધા પ્રથમ છે પણ અપ્રથમ નથી.

સાકારોપયોગવાળા અને અનાકારોપયોગવાળા એ બંન્ને અનાહારક જીવની પેઠે જાણવા. સવેદક-યાવત્ નપુંસકવેદવાળા એ બધા આહારકજીવોની પેઠે અપ્રથમ જાણવા. વિશેષ એ કે, જે જીવને જે વેદ હોય તેને તે કહેવો. અવેદક- જીવ, મનુષ્ય અને સિદ્ધ અકષાયી જીવની પેઠે જાણવા. સશરીર જીવો આહારક જીવની પેઠે સમજવા, અને એ પ્રમાણે યાવત્-કાર્મણશરીરવાળા સંબંધે પણ જાણવું. જે જીવને જે શરીર હોય તે તેને કહેવું. વિશેષ એ કે, આહારકશરીરવાલા સમ્યગ્દૃષ્ટિ જીવોની પેઠે કદાચ પ્રથમ અને કદાચ અપ્રથમ સમજવા, અશરીરી- જીવ અને સિદ્ધ એ બન્ને પ્રથમ છે પણ અપ્રથમ નથી. પાંચ પર્યાપ્તિવડે પર્યાપ્ત અને પાંચ અપર્યાપ્તિવડે અપર્યાપ્ત આહારક જીવની પેઠે અપ્રથમ સમજવા. વિશેષ એ કે જેને જે પર્યાપ્તિ હોય તે તેને કહેવી. એ પ્રમાણે યાવત્-વૈમાનિકો સુધી સમજવું. પ્રથમ અને અપ્રથમના સ્વરુપને જણાવનારી આ ગાથા કહે છે-"જે જીવે જે ભાવ-અવસ્થા પૂર્વે પ્રાપ્ત કરેલ છે તે ભાવની અપેક્ષાએ તે જીવ અપ્રથમ કહેવાય છે, અને તે સિવાય પૂર્વે નહિ પ્રાપ્ત થયેલ પણ પ્રથમ વાર પ્રાપ્ત થયેલા ભાવોની અપેક્ષાએ તે જીવો પ્રથમ કહેવાય છે."

[૭૨૪]હે ભગનવ્ !જીવ જીવત્વભાવવડે ચરમ છે કે અચરમ છે ? હે ગૌતમ ! ચરમ નથી પણઅચરમ છે.હે ભગવન્!નૈરયિક નૈરયિકભાવવડે ચરમ છે કે અચરમ છે ? હે ગૌતમ ! તે કદાચ ચરમ પણ છે અને કદાચ અચરમ પણ છે. એ પ્રમાણે યાવત્-વૈમાનિકો સુધી જાણવું. સિદ્ધને જીવની પેઠે જાણવું. જીવો સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! જીવો ચરમ નથી પણ અચરમ છે. નૈરયિકો નૈરયિકોભાવવડે ચરમ પણ છે અને અચરમ પણ છે, એ પ્રમાણે યાવત્-વૈમાનિકો સુધી જાણવું. સિદ્ધો જીવોની પેઠે અચરમ જાણવા.

આહારક સર્વત્ર કદાચ ચરમ પણ હોય અને કદાચ અચરમ પણ હોય, અનાહારક જીવ અને સિદ્ધ બન્ને સ્થાને ચરમ ન હોય પણ અચરમ હોય. બાકીના નૈરયિકાદિ સ્થાનોમાં અનાહારક આહારક જીવની પેઠે કદાચ ચરમ હોય અને કદાચ અચરમ હોય. ભવસિદ્ધિક જીવપદમાં ચરમ છે પણ અચરમ નથી. અને બાકીના સ્થાનોમાં આહારકની પેઠે કદાચ ચરમ હોય અને કદાચ અચરમ હોય. અભવસિદ્ધિક જીવ સર્વત્ર ચરમ નથી પણ અચરમછે. તથા નોભવસિદ્ધિક-નોઅભવસિદ્ધિક જીવ એ બન્ને પદે અભવ-સિદ્ધિકની પેઠે અચરમ જાણવા. સંજ્ઞી અને અસંજ્ઞી બન્ને કદાચિત્ ચમર અને કદાચિત્ અચરમ સમજવા. તથા નોસંજ્ઞીનોઅસંજ્ઞી જીવ અને સિદ્ધ એ બન્ને અચરમ છે. અને મનુષ્ય પદે ચરમ છે. લેશ્યાસહિત યાવત્-શુક્લલેશ્યાવાળો આહારકની પેઠે જાણવો. વિશેષ એ કે, જેને જે લેશ્યા હોય તે તેને કહેવી. લેશ્યારહિત જીવ નોસંજ્ઞીનોઅસંજ્ઞીની પેઠે જાણવો. સમ્યગ્દૃષ્ટિ અનાહારક પેઠે અને મિથ્યાદૃષ્ટિ આહારકની પેઠે જાણવો. એકેન્દ્રિય તથા વિકલેન્દ્રિય સિવાયનો મિશ્રદૃષ્ટિ જીવ કદાચ ચરમ અને કદાચ અચરમ પણ હોય છે.

સંયત જીવ તથા મનુષ્ય એ બન્ને પદે આહારકની પેઠે જાણવા. વળી અસંયત અને સંયતાસંયત પણ તેજ પ્રમાણે સમજવા. વિશેષ એ કે, જે જેને હોય તેને તે કહેવું. તથા

નોસંયત-નોઅસંયત-નોસંયતાસંયત નોભવસિદ્ધિક-નોઅભવસિદ્ધિકની પેઠે અચરમ સમજવા. સકષાયી યાવત્-લોભકષાયી સર્વસ્થાનોમાં આહારકની પેઠે સમજવા. અકષાયી-જીવ અને સિદ્ધ એ બન્ને ચરમ નથી પણ અચરમ છે. અને અકષાયી મનુષ્ય કદાચ ચરમ પણ હોય છે અને કદાચ અચરમ પણ હોય છે. જ્ઞાની સર્વત્ર સમ્યગ્દૃષ્ટિની પેઠે બન્ને પ્રકારના જાણવા. મતિજ્ઞાની યાવત્-મનઃપર્યવજ્ઞાની આહારકની પેઠે સમજવા. વિશેષ એ કે, જેને જે જ્ઞાન હોય તેને તે કહેવું. કેવળજ્ઞાની, નોસંજ્ઞી-નોઅસંજ્ઞીની પેઠે અચરમ જાણવા. તથા અજ્ઞાની યાવત્-વિભંગજ્ઞાની આહારકની પેઠે બન્ને પ્રકારના સમજવા. સયોગી યાવત્-કાયયોગી આહારકની પેઠે સમજવા. વિશેષ એ કે, જેને જે યોગ હોય તે તેને કહેવો અને. અયોગી નોસંજ્ઞી નોઅસંજ્ઞીની પેઠે જાણવા. સાકારોપયોગવાળા અને અનાકારોપયોગવાળા અનાહારકની પેઠે ચરમ અને અચરમ જાણવા. સવેદક યાવત્-નપુંસકવેદવાળા આહારકની પેઠે જાણવા. અવેદક અકષાયીની પેઠે સમજવા. સશરીરી યાવત્- કાર્મણશરીરવાળા આહારકની પેઠે જાણવા. વિશેષ એ કે, જેને જે શરીર હોય તેને તે કહેવું. અશરીરી, નોભવસિદ્ધિક-નોઅભવસિદ્ધિક સિદ્ધની પેઠે સમજવા. પાંચ પર્યાપ્તિવડે પર્યાપ્ત અને પાંચઅપર્યાપ્તિવડે અપર્યાપ્ત સંબંધે સર્વત્ર આહારકની પેઠે દંડક કહેવો.

[૭૨૫-૭૨૬]"જે જીવ જે ભાવને ફરીવાર પામશે, તે ભાવની અપેક્ષાએ તે જીવ અચરમ કહેવાય છે, અને જે જીવને જે ભાવનો તદ્દન વિયોગ હોય છે, તે ભાવની અપેક્ષાએ તે જીવ ચરમ કહેવાય છે." 'હે ભગવન્ ! તે એમજ છે તે એમજ છે.

**શતકઃ૧૮-ઉદ્દેસોઃ૧નીમુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

**-ઃ ઉદ્દેશકઃ૨ ઃ-**

જૈન સાઇટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

[૭૨૭]તે કાળે, તે સમયે વિશાખાનગરી હતી. અને ત્યાં બહુપુત્રિક ચૈત્ય હતું. મહાવીર સ્વામી સમવસર્યા યાવત્-પરિષદ્ પર્યુપાસના કરે છે. તે કાલે, તે સમયે શક્ર દેવેન્દ્ર, દેવરાજ, વજ્રપાણિ, પુરંદર-ઈત્યાદિ સોળમાં શતકના બીજા ઉદ્દેશકમાં શક્રની વક્તવ્યતા કહી છે તે પ્રમાણે યાવત્-તે દિવ્યવિમાનમાં બેસીને આવ્યો. વિશેષ એ કે, આ સ્થળે આભિયોગિક દેવો પણ હોય છે. યાવત્-તેણે આવી બત્રીશ પ્રકારનો નાટ્યવિધિ દેખાડ્યો. અને તે જ્યાંથી આવ્યો હતો ત્યાં પાછો જેમ તૃતીયશતકમાં ઈશાનેન્દ્ર સંબંધે કૂટાગાર શાળાનો દૃષ્ટાંત અને પૂર્વભવનો પ્રશ્ન કર્યો છે તેમ આ સ્થળે યાવત્-તેને 'ઋદ્ધિ અભિમુખ થઈ' ત્યાં સુધી બધું કહેવું. હે ગૌતમ ! આ જંબૂદ્વીપના ભારતવર્ષમાં હસ્તિનાપુરનગર હતુ. સહસ્રામ્રવનઉદ્યાન હતું. તે હસ્તિનાગપુર નગરમાં ધનિક યાવત્-કોઈથી પરાભવ ન પામે એવો, વણિકોમાં પહેલું આસન પ્રાપ્ત કરનાર, એક હજાર અને આઠ વણિકોના ઘણા કાર્યોમાં, કારણોમાં અને કુટુમ્બોમાં યાવત્-ચક્ષુરુપ એવો કાર્તિક નામે શેઠ રહેતો હતો. જેમ રાજપ્રશ્નીયસૂત્રમાં ચિત્રસારથિનું વર્ણન કર્યું છે તેમ અહિં બધું વર્ણન કરવું. વળી તે કાર્તિકશેઠ એક હજાર આઠ વણિકોનું અને પોતાના કુટુમ્બનું અધિ- પતિપણું કરતો યાવત્-પાલન કરતો રહેતો હતો. તે શ્રમણોપાસક તથા જીવાજીવ તત્વોનો જાણકાર હતો.

તે કાળે, તે સમયે ધર્મના આદિકર-ઈત્યાદિ વર્ણન જેમ સોળમાં શતકમાં કર-

વામાં આવ્યું છે તેવા મુનિસુવ્રત તીર્થંકર સમોસર્યા અને યાવત્-પર્ષદાએ પર્યુપાસના કરી. ત્યારબાદ કાર્તિકશેઠ ભગવંત આવ્યાની વાત સાંભળી હર્ષવાળો અને સંતુષ્ટ થયો-ઈત્યાદિ જેમ અગીયારમાં શતકમાં કહેવામાં આવ્યું છે એવા સુદર્શન શેઠની પેઠે વાંદવા નીકળ્યો અને યાવત્-તેણે ભગવંતની પર્યુપાસના કરી વગેરે બધું કહેવું. પછી મુનિસુવ્રત અર્હતે કાર્તિક શેઠને ધર્મકથા કહી, યાવત્-પરિષદ્ પાછી ગઈ. યાવત્-આપ જે પ્રમાણે કહો છો. પરન્તુ હે દેવાનુપ્રિય ! એક હજાર આઠ વણિકોને પૂછી મોટા પુત્રને કુટુમ્બનો ભાર સોંપી દેવાનુપ્રિય એવા આપની પાસે પ્રવ્રજ્યા લેવા ઈચ્છું છું. શ્રીમુનિ સુવ્રત ભગવંતે કહ્યું કે,'જેમ સુખ થાય તેમ કરો, યાવત્-પ્રતિબંધ ન કરો.' ત્યારબાદ કાર્તિક શેઠ યાવત્-ત્યાંથી નીકળી જ્યાં હસ્તિનાગપુર નગર છે, યાવત્-પ્રવ્રજ્યા લેવા ઈચ્છુ છું. માટે હે દેવાનુપ્રિયો ! તમે શું કરવા ઈચ્છો છો, શી પ્રવૃત્તિ કરવા ધારો છો, તમારા હૃદયને શું ઈષ્ટ છે, અને તમારું સામર્થ્ય શુ છે ?' ત્યારબાદ તે એક હજાર આઠ વણિકોએ તે કાર્તિકશેઠને આ પ્રમાણે કહ્યું- 'હે દેવાનુપ્રિયો! અમે પણ સંસારભયથી ઉદ્વિગ્ન થયા છીએ, જન્મ અને મરણથી ભય પામ્યા છીએ. તો આપની સાથે મુનિસુવ્રત અર્હતની પાસે મુંડ થઈને ગૃહત્યાગ કરી અનગારપણું ગ્રહણ કરીશું. ત્યારબાદ તે કાર્તિકશેઠે તે એક હજાર આઠ વણિકોને આ પ્રમાણે કહ્યું કે, હે દેવાનુપ્રિયો ! યાવત્-પ્રવ્રજ્યા લેવા ઈચ્છતા હો તો તમે તમારે ઘેર જાઓ, અને પુષ્કળ અશનાદિ યાવત્-તૈયાર કરાવી, મિત્ર જ્ઞાતી વગેરેને બોલાવી યાવત્-જ્યેષ્ઠ કુટુમ્બનો ભાર સોંપી અને મિત્રાદિક તથા જ્યેષ્ઠ પુત્રને પૂછી હજાર પુરુષો વડે ઉચકી શકાય તેવી શિબિકામાં બેસી, અને માર્ગમાં તમારી પાછળ ચાલતા મિત્ર જ્ઞાતિ યાવત્-પરિવાર વડે અને જ્યેષ્ઠ પુત્ર વડે અનુસરાયેલા, સર્વઋદ્ધિથી યુક્ત યાવત્-વાદ્યોના ઘોષપૂર્વક વિલંબ કર્યા સિવાય મારી પાસે આવો. ત્યાર પછી કાર્તિક શેઠના એ કથનને વિનયપૂર્વક સ્વીકારી તે બધા વણિકો પોતપોતાને ઘેર ગયા યાવત્-સર્વઋદ્ધિયુક્ત વાદ્યના ઘોષપૂર્વક તેઓ તુરત કાર્તિક શેઠ-ની પાસે હાજર થયા.

ત્યારબાદ તે કાર્તિક શેઠે ગંગદત્તની પેઠે પુષ્કળ અશન-યાવત્ તૈયાર કરાવ્યા. યાવત્-વાદ્યના ઘોષપૂર્વક ગંગદત્તની પેઠે નીકળ્યો, અને શ્રી મુનિસુવ્રત અર્હત આ પ્રમાણે બોલ્યો-'હે ભગવન્ ! આ સંસાર ચોતરફ સળગી રહેલો છે, આ સંસાર અત્યન્ત પ્રજ્વલિત થઈ રહેલો છે, આ સંસાર ચો તરફ અત્યંત પ્રજ્વલિત થઈ રહેલો છે. માટે આપની પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરવી એ મને શ્રેયરુપ થશે તેથી તે ભગવન્ ! આ એક હજાર આઠ વણિકો સાથે હું આપની પાસે સ્વયમેવ પ્રવ્રજ્યા લેવાને અને આપે કહેલ ધર્મ સાંભળવાને ઈચ્છું છું.' ત્યારપછી શ્રીમુનિસુવ્રત અર્હત તે કાર્તિક શેઠને એક હજાર આઠ વણિકો સાથે પ્રવ્રજ્યા આપી અને યાવત્-ધર્મોપદેશ કર્યો-'હે દેવાનુપ્રિયો ! આ પ્રમાણે રહેવું-ઈત્યાદિ યાવત્-આ પ્રમાણે સંયમનું પાલન કરવું.' ત્યારબાદ તે કાર્તિકશેઠે એકહજારઆઠવણિકો સાથે મુનિસુવ્રત અર્હંત કહેલા આવા પ્રકારના ધાર્મિક ઉપદે શોનો સારી રીતે સ્વીકારી કર્યો, અને તેણે તેમની આજ્ઞા પ્રમાણે તેવીજ રીતે આચરણ કર્યું, યાવત્-સંયમનું પાલન કર્યું. ત્યાર બાદ તે કાર્તિકશેઠ એકહજારઆઠ વણિકો સાથે અનગાર થયા, ઈર્યાસમિતિયુક્ત અને યાવત્-ગુપ્ત બ્રહ્મચારી- થયા. પછી તે કાર્તિક અનગારે મુનિસુવ્રતઅર્હતના તેવાપ્રકારના સ્થવિરોની પાસે સામયિકથી આરંભી ચૌદ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૂર્વ પર્યંત અધ્યયન કર્યું, અને ઘણા ઉપવાસ, છઠ્ઠ તથા અઠ્ઠમોથી યાવત્-આત્માને ભાવિત કરતા સમ્પૂર્ણ બાર વરસ શ્રમણપર્યાય પાળ્યો. ત્યારબાદ તે કાર્તિક શેઠ એક માસની સંલેખના તપ વડે શરીરને શોષવી સાઠ ભક્ત અનશનપણે વીતાવી, આલો-ચના કરી યાવત્-કાળ કરી સૌધર્મકલ્પમાં સૌધર્માવિસંતક વિમાનમાં આવેલી ઉપપાતસભામાં દેવશયનીય વિષે યાવત્-શક્ર-દેવેન્દ્રપણે ઉત્પન્ન થયા. ત્યાર પછી હમણાં ઉત્પન્ન થયેલ શક્ર સ્થિતિ બે સાગરોપમની છે. બાકી બધું તેજ પ્રમાણે જાણવું. 'હે ભગવન્ ! તે એમજ છે.

**શતકઃ૧૮-ઉદ્દેસોઃ:૨ ની મુનિ દીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેશકઃ૩

[૭૨૮]તે કાળે, તે સમયે રાજગૃહ નામે નગર હતું. ગુણસિલક ચૈત્ય હતું. યાવત્-પર્ષદા પાછીગઈ. તે કાળે, તે સમયે શ્રમણભગવંતમહાવીરના અંતેવાસી યાવત્-ભદ્રપ્રકૃતિવાળા માકંદીપુત્ર અનગારે, મંડિતપુત્ર અનગારની જેમ પર્યુપાસના કરતાં પ્રશ્ન કર્યો-હે ભગવન્ ! કાપોતલેશ્યાવાળો, પૃથિવીકાયિક જીવ, કાપોતલેશ્યાવાળા પૃથિવીકાયિકોમાંથી મરણ પામી તુરતજ મનુષ્યના શરીરને પ્રાપ્ત કરી, કેવલજ્ઞાન પ્રાપ્ત કરે અને ત્યારબાદ સિદ્ધ થાય, યાવત્-સર્વદુઃખોનો નાશ કરે ? હે માકંદિપુત્ર ! હા, કરે. હે ભગવન્ ! કાપોતલેશ્યાવાલો અપ્કાયિક, કાપોતલેશ્યાવાળા અપ્કાયિકોમાંથી મરણ પામી તુરતજ મનુષ્યશરીર પ્રાપ્ત કરી કેવલજ્ઞાન પ્રાપ્ત કરે અને ત્યાર બાદ સિદ્ધ થાય, યાવત્-સર્વ દુઃખોનો નાશ કરે ? હે માકંદિકપુત્ર ! હા, કરે. કાપોતલેશ્યાવાળો વનસ્પતિ કાયિક જીવ, વનસ્પતિકાયિકમાંથી નીકળી-ઈત્યાદિ પ્રશ્ન અને ઉત્તર પૂર્વ પ્રમાણે જાણવા. માકંદિકપુત્ર અનગાર શ્રમણ ભગવંત મહાવીરને વાંદી, નમી જ્યાં શ્રમણ નિર્ગ્રન્થો છે ત્યાં આવી તે શ્રમણ નિર્ગ્રન્થોને તેણે આ પ્રમાણે કહ્યું-'હે આર્યો ! કાપોત લેશ્યાવાળો પૃથિવીકાયિક અપ્કાયિક અને વનસ્પતિકાયિક જીવ પણ યાવત્-સર્વ દુઃખોનો નાશ કરે.' એ પ્રમાણે કથન કરતા યાવત્-પ્રરુપણા કરતા માકંદિકપુત્ર અનગારની આ વાતને તે શ્રમણ નિર્ગ્રન્થોએ માન્ય ન કરી અને તેઓ જ્યાં શ્રમણ ભગવંત મહાવીર બિરાજમાન હતા ત્યાં આવ્યા, યાવત્-તેઓ આ પ્રમાણે બોલ્યા-કાપોતલેશ્યા વાળો અપ્કાયિક અને કાપોતલેશ્યાવાળો વનસ્પતિકાયિક યાવત્-સર્વદુઃખોનો નાશ કરે છે. તો હે ભગવન્ ! તે એમ કેવી રીતે હોય ? 'હે આર્યો!' માકંદિકપુત્ર અનગારે તમને જે કહ્યું છે, યાવત્-જે પ્રરુપ્યું છે તે વાત સત્ય છે, હે આર્યો ! હું પણ એજ પ્રમાણે કહું છું કે કૃષ્ણલેશ્યાવાળો પૃથિવીકાયિક કૃષ્ણલેશ્યાવાળા પૃથિવીકાયિકોથી નીકળી તુરત યાવત્-સર્વ દુઃખોનો નાશ કરે, એ પ્રમાણે અપ્કાયિક તથા વનસ્પતિકાયિક પણ યાવત્-સર્વ દુઃખોનો નાશ કરે.-એમ કહી તે શ્રમણનિર્ગંથો શ્રમણભગવંતમહાવીરને વાંદી નમી, જ્યાં માકંદિકપુત્ર અનગાર છે ત્યાં આવ્યા, ત્યાં આવીને તેઓને માકંદિકપુત્ર અનગારને વાંદી નમી એ બાબત સમ્યગ્ રીતે વિનયપૂર્વક વારંવાર ખમાવ્યા.

[૭૨૯]ત્યાર પછી માકંદિકપુત્ર અનગાર શ્રમણ ભગવંત મહાવીર પાસે આવી-ને ભગવંતને વાંદી નમી આ પ્રમાણે કહ્યું-બધા કર્મને વેદતા, બધાકર્મને નિર્જરતા, સર્વમરણે મરતા અને સર્વશરીરને છોડતા, તથા ચરમ- કર્મને વેદતા, ચરમકર્મને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નિર્જરતા, ચરમશરીરને છોડતા, ચરમ મરણે મરતા તથા મારણાન્તિક કર્મને વેદતા, મારણાન્તિક કર્મને નિર્જરતા, મારણાન્તિકે મરણ અને મારણાન્તિકશરીરને છોડતા ભાવિતાત્મા અનગારના જે ચરમ-નિર્જરાના પુદ્ગલો છે તે પુદ્ગલોને સૂક્ષ્મ કહેવામાં આવ્યા છે, અને તે પુદ્લો સમગ્ર લોકને અવગાહીને રહે છે ? હા, માકંદિકપુત્ર ! ભાવિતાત્મા અનગારના તે ચરમ નિર્જરાપુદ્ગલો યાવત્-સમગ્ર લોકને વ્યાપીને રહે છે. હે ભગવન્ ! છદ્મસ્થ મનુષ્ય તે નિર્જરા પુદ્લોનું પરસ્પર જુદાપણું યાવત્-નાનાપણું જાણે અને જુએ ? 'જેમ પ્રથમ ઈન્દ્રિયોદ્દેશકમાં કહેવામાં આવ્યું છે તે પ્રમાણે યાવત્-એમ વૈમાનિકો સુધી કહેવું. તેમાં જેઓ ઉપયોગયુક્ત છે તેઓ તે પુદ્ગલોને જાણે છે, જુએ છે અને ગ્રહણ કરે છે. તે કારણ માટે એ સમગ્ર નિક્ષેપ- કહેવો. હે ભગવન્ ! નૈરયિકો સંબંધે પ્રશ્ન. તેઓ નિર્જરાપુદ્લોને જાણતા નથી, જોતા નથી, પણ તેનો આહાર કરે છે. એમ યાવત્-પંચેન્દ્રિતિર્યંચયોનિક સુધી જાણવું.

હે ભગવન્ ! મનુષ્યો શું નિર્જરા પુદ્લોને જાણે છે, જુએ છે અને આહારે છે-ગ્રહણ કરે છે, કે જાણતા નથી, જોતા નથી અને ગ્રહણ કરતા નથી ? હે ગૌતમ ! કેટલાક જાણે છે, જુએ છે અને આહારે છે, અને કેટલાક જાણતા નથી, જોતા નથી પણ તેઓનો આહાર કરે છે. હે ભગવન્ ! શા માટે ? હે ગૌતમ ! મનુષ્ય બે પ્રકારના કહ્યા છે, સંજ્ઞીરુપ- અને અસંજ્ઞીરુપ તેમાં જે અસંજ્ઞીરુપ છે તે જાણતા નથી, જોતા નથી, પણ તે નિર્જરા પુદ્ગલોનો આહાર કરે છે, અને જે સંજ્ઞીરુપ છે તે પણ બે પ્રકારના છે, ઉપયુક્ત અને અનુપયુક્ત. તેમાં જે વિશિષ્ટ જ્ઞાનના ઉપયોગ રહિત છે તે જાણતા નથી, જોતા નથી, પણ આહાર કરે છે. જે વિશિષ્ટ ઉપયોગવાળા છે તેઓ તેને જાણે છે, જુએ છે અને તેનો આહાર કરે છે, તે કારણથી હે ગૌતમ ! એમ કહેવાય છે કે કેટલાંક જાણતા નથી, જોતા નથી પણ તેનો આહાર કરે છે અને કેટલાંક જાણે છે, જુએ છે અને તેનો આહાર પણ કરે છે,' વાણવ્યંતર અને જ્યોતિષ્કોની વક્તવ્યતા નૈરયિકો પ્રમાણે સમજવી. હે ભગવન્ ! વૈમાનિકો સંબંધે પ્રશ્ન હે ગૌતમ ! મનુષ્યોની જેમ વૈમાનિકોની વક્તવ્યતા જાણવી. પરન્તુ વિશેષ એ છે કે, વૈમાનિકો બે પ્રકારના કહ્યા છે, તે આ પ્રમાણે-માયી મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિ. તેમાં જે માયીમિથ્યાદૃષ્ટિદેવ છે તેઓ નિર્જરાપુદ્ગલોને જાણતાનથી, જોતાનથી પણ આહારેછે. તથા જે અમાયી સમ્યગ્દૃષ્ટિછે, તે બેપ્રકારના અનન્તરોપપન્નક અને પરંપરોપપન્નક. તેમાં જે અનંતરોપપન્નક- છે તે જાણતા નથી, જોતાં નથી, પણ આહારે છે, અને જે પરંપરોપપન્નક છે તે બે પ્રકારના -પર્યાપ્તક અને અપર્યાપ્તક. તેમાં જે અપર્યાપ્તક છે તે જાણતા નથી, જોતા નથી, પણ આહારે છે. જે પર્યાપ્તક છે તે બે પ્રકારના- ઉપયુક્ત અને અનુપયુક્ત. તેમાં જે અનુપયુક્ત છે તે જાણતા નથી, જોતાં નથી પણ આહારે છે.

[૭૩૦]હે ભગવન્ ! બંધ કેટલા પ્રકારનો કહ્યો છે ? હે માકન્દિકપુત્ર ! બંધ બે પ્રકારનો દ્રવ્ય-બંધ અને ભાવબંધ. દ્રવ્યબંધ કેટલા પ્રકારનો કહ્યો છે ? હે માકંદિકપુત્ર ! બે પ્રકારનો પ્રયોગબન્ધ અને વિસ્રસાબન્ધ (સ્વાભાવિકબન્ધ) હે ભગવન્ ! વિસ્રસા બંધ કેટલા પ્રકારનો કહ્યો છે ? હે માકંદિકપુત્ર ! તે બે પ્રકારનો-સાદિ વિસ્રસાબન્ધ અને અનાદિ વિસ્રસાબન્ધ. પ્રયોગબન્ધ કેટલા પ્રકારનો કહ્યો છે ? તે બે પ્રકારનો-શિથિલ બન્ધવાળો બન્ધ અને ગાઢબન્ધનવાળો બન્ધ. હે ભગવન્ ! ભાવબન્ધ કેટલા પ્રકારનો

કહ્યો છે ? બે પ્રકારનો મૂલપ્રકૃતિકબન્ધ અને ઉત્તરપ્રકૃતિબન્ધ.

હે ભગવન્ ! નૈરયિકોને કેટલા પ્રકારનો ભાવબન્ધ કહ્યો છે ? હે માકંદિકપુત્ર ! તેઓને બે પ્રકારનો ભાવબન્ધ-મૂળપ્રકૃતિબન્ધ અને ઉત્તરપ્રકૃતિ બન્ધ. એ પ્રમાણે યાવત્-વૈમાનિકો સુધી જાણવું.જ્ઞાનાવરણીય કર્મનો ભાવબન્ધકેટલાપ્રકારનોકહ્યોછે ? તે બે પ્રકારનો -મૂલપ્રકૃતિબન્ધ અને ઉત્તરપ્રકૃતિબન્ધ. હે ભગવન્ ! નૈરયિકોને જ્ઞાનાવ રણીય કર્મનો ભાવબન્ધ કેટલા પ્રકારનો કહ્યો છે ? હે માકંદિકપુત્ર ! તે બે પ્રકારનો મૂલપ્રકૃતિબન્ધ અને ઉત્તરપ્રકૃતિબન્ધ. એ પ્રમાણે યાવત્-વૈમાનિકો સુધી જેમ જ્ઞાના વરણીય સંબંધે દંડક કહ્યો તેમ યાવત્-અંતરાયકર્મ સુધી દંડક કહેવો.

[૭૩૧]હે ભગવન્ ! જીવે જે પાપ કર્મ કર્યું છે અને યાવત્-હવે પછી કરશે, તેમાં પરસ્પર કાંઈ ભેદ છે ? હે માકંદિકપુત્ર ! હા, છે. શા હેતુથી એમ કહો છો?હે માકંદિકપુત્ર ! જેમ કોઈ એક પુરુષ ધનુષને ગ્રહણ કરી, બાણ લઈ અમુક આકારે ઊભો રહી ધનુષને કાન સુધી ખેંચી છેવટે તે બાણને આકાશમાં ઉંચે ફેંકે, તો આકાશમાં ઉંચે ફેંકેલા તે બાણના કંપનમાં ભેદ છે ? યાવત્-તેં તે ભાવે પરિણમે છે તેમાં ભેદ છે ? હે ભગવન્ ! હા, છે. તો હે માકંદિકપુત્ર ! તે કારણથી એમ કહી શકાય છે કે,'યાવત્-તે કર્મના તે તે રુપાદિ પરિણામમાં પણ ભેદ છે.'

[૭૩૨]હે ભગવન્ ! નૈરયિકોએ જે પાપ કર્મ કર્યું છે અને યાવત્-જે કરશે, તે પાપ કર્મમાં કાંઈ ભેદ છે ? હે માકંદિપુત્ર ! હા ભેદ છે. એ પ્રમાણે યાવત્-વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્ ! નૈરયિકો જે પુદ્દગલોને આહારપણે ગ્રહણ કરે છે, ભવિષ્યકાળમાં તે પુદ્દલોનો કેટલામો ભાગ આહાર રુપે ગૃહીત થાય છે અને કેટલામો ભાગ નિર્જરે છે-ત્યજે છે ? હે માકંદિકપુત્ર ! આહાર ગ્રહણ કરેલા પુદ્દગલોને અસંખ્યાતમો ભાગ આહારરુપે ગૃહીત થાય છે, અને અનંતમો ભાગ નિર્જરે છે. હે ભગવન્ ! એ નિર્જરાના પુદ્દલો ઉપર બેસવાને યાવત્-સૂવાને કોઈ પુરુષ સમર્થ છે ? એ અર્થ સમર્થ નથી. હે આયુષ્મન્ ! શ્રમણ ! એ નિર્જરાના પુદ્દલો અનાધાર રુપ કહેલા છે. તેઓ કોઈ પણ ધારણ કરવાને સમર્થ નથી. એમ કહ્યું છે. 'હે ભગવન્ ! તે એમજ છે,

**શતકઃ૧૮-ઉદ્દેસોઃ ૩ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેશકઃ૪

[૭૩૩]તે કાળે, તે સમયે રાજગૃહમાં યાવત્-ભગવાન્ ગૌતમે આ પ્રમાણે કહ્યું કે પ્રાણાતિપાત, યાવત્-મિથ્યાવાદર્શનશલ્ય, પ્રાણાતિપાત- વિરમણ, મૃષાવાદવિરમરણ યાવત્-મિથ્યાદર્શનશલ્યવિવેક, પૃથિવીકાયિક, યાવત્-વનસ્પતિકાયિક, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, શરીરરહિત જીવ, પરમાણુપુદ્દલ, શૈલેશીને પ્રાપ્ત થયેલો અનગાર, અને સ્થૂલાકારવાળા બધા કલેવરો-બે- ઈંદ્રિયાદિ જીવો એ બધા મળીને બે પ્રકારના છે, તેમાંના કેટલાંક જીવદ્રવ્યરુપ છે અને કેટલાક અજીવદ્રવ્યરુપ છે તો હે ભગવન્ ! શું એ બધા જીવના પરિભાગોમાં આવે છે ? હે ગૌતમ ! તેમાંના કેટલાંક, જીવના પરિભોગોમાં આવે છે અને કેટલાક પરિભોગોમાં નથી આવતા. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો હે ગૌતમ ! એ બધા મળીને જીવદ્રવ્યરુપ અને અજીવ- દ્રવ્યરુપ બે પ્રકારના છે, અને તે બધા જીવના પરિભોગમાં આવે છે. વળી પ્રાણાતિપાત વિરમણ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યાવત્‌, મિથ્યાદર્શનશલ્ય ત્યાગ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, યાવત્-પર- માણુ પુદ્ગલ, તથા શૈલેશીપ્રાપ્તઅનગાર, એ બધા મળીને જીવદ્રવ્યરુપ અને અજીવદ્રવ્યરુપ બે પ્રકારના છે. તે જીવના પરિભોગમાં આવતા નથી.

[૭૩૪]હે ભગવન્‌ ! કષાય કેટલા કહ્યા છે ? હે ગૌતમ ! ચાર કષાયો કહ્યા છે. અહિં સમગ્ર કષાયપદ યાવત્-લોભના વેદન વડે નિર્જરા કરશે'-ત્યાં સુધી કહેવું. હે ભગવન્‌ ! કેટલાં-યુગ્મો-કહ્યાં છે, હે ગૌતમ ! ચાર યુગ્મો કૃતયુગ્મ ત્ર્યોજ, દ્વાપરયુગ્મ અને કલ્યોજ. હે ભગવન્‌ ! એમ ચાર રાશિઓ કહેવાનું શું કારણ ? હે ગૌતમ ! જે રાશિ માંથી ચાર ચાર કાઢતાં છેવટે ચાર બાકી રહે તે રાશિ કૃતયુગ્મ. જે રાશિમાંથી ચાર કાઢતાં છેવટે ત્રણ બાકી રહે તે રાશિ ત્ર્યોજ. જેમાથી ચાર ચાર કાઢતાં છેવટે બે બાકી રહે તે રાશિને દ્વાપરયુગ્મ કહે છે, અને જે રાશિમાંથી ચાર ચાર કાઢતાં એક બાકી રહે તે રાશિને કલ્યોજ કહે છે. શું નૈરયિકો કૃતયુગ્મરાશિરુપ છે, યાવત્‌ કલ્યોજરુપ છે ? હે ગૌતમ ! તેઓ જઘન્યપદે કૃતયુગ્મ છે અને ઉત્કૃષ્ટપણે ત્ર્યોજ છે. તથા અજઘન્યોત્કૃષ્ટ પદે કદાચ કૃતયુગ્મરુપ હોય, યાવત્-કદાચ કલ્યોજરુપ પણ હોય, એ પ્રમાણે યાવત્-સ્તનિતકુમારો સુધી જાણવું. વનસ્પતિકાયિકો સંબંધે પ્રશ્ન. તેઓ જઘન્યપદ અને ઉત્કૃષ્ટપદની અપેક્ષાએ અપદ છે. પણ મધ્યમપદની અપેક્ષાએ કદાચ કૃતયુગ્મ અને યાવત્-કદાચ કલ્યોજરુપ હોય છે.

બેઇંદ્રિયો સંબંધે પ્રશ્ન. તેઓ જઘન્યપદની અપેક્ષાએ કૃતયુગ્મ અને ઉત્કૃષ્ટપદે દ્વાપરયુગ્મ, મધ્યમપદે કદાચ કૃતયુગ્મ અને ઉત્કૃષ્ટપદે દ્વાપર- યુગ્મ તથા મધ્યમપદે કદાચ કૃતયુગ્મ અને યાવત્-કદાચ કલ્યોજરુપ હોય એ પ્રમાણે યાવત્-ચઉરિંદ્રિય જીવો સુધી જાણવું. બાકીના એકેંદ્રિયો, બેઇંદ્રિયોની પેઠે જાણવા. પંચેદ્રિયતિર્યંચો અને યાવત્-વૈમાનિકો નૈરયિકોની પેઠે સમજવા. અને સિદ્ધો વનસ્પતિ- કાયિકોની પેઠે જાણવા. શું સ્ત્રીઓ કૃતયુગ્મ છે-ઈત્યાદિ પ્રશ્ન. તેઓ જઘન્ય ઉત્કૃષ્ટ પદે કૃતયુગ્મ છે, મધ્યમ પદે કદાચ કૃતયુગ્મ્‌ અને કદાચ કલ્યોજરુપ હોયછે. એ પ્રમાણે અસુરકુમારની યાવત્-સ્તનિતકુમારનીસ્ત્રીઓ હોયછે. તિર્યંચયોનિક મનુષ્યસ્ત્રીઓ યાવત્-વાનવ્યંતર, જ્યોતિષિક અને વૈમાનિકસ્ત્રીઓ પણ જાણવી.

[૭૩૫]ભગવન્‌ ! જેટલા અલ્પઆયુષવાળા અંધકવહ્નિજીવો છે તેટલા ઉત્કૃષ્ટ આયુષવાળા અંધકવહ્નિ જીવો છે ? હે ગૌતમ ! હા,

**શતકઃ૧૮-ઉદ્દેસાઃઃ૪ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેશકઃ૫

[૭૩૬]હે ભગવન્‌ ! એક અસુરકુમારવાસમાં બે અસુરકુમારો અસુરકુમાર દેવપણે ઉત્પન્ન થયા. તેમાંનો એક અસુરકુમાર દેવ પ્રસન્નતા ઉત્પન્ન કરનાર, દર્શનીય, સુંદર અનેમનોહર છે, બીજો અસુરકુમાર દેવ નથી, તો શુંકારણ? હે ગૌતમ ! અસુર-કુમાર દેવો બે પ્રકારના -વૈક્રિય અને અવૈક્રિય તેમાં જે અસુરકુમાર દેવ વિભૂષિત શરીર-વાળો છે તે પ્રસન્નતા ઉત્પન્ન કરનાર અને મનોહર છે, અને જે અસુરકુમાર દેવ અવિ-ભૂષિત શરીરવાળો છે તે પ્રસન્નતા ઉત્પન્ન કરનાર અને મનોહર નથી. શા કારણથી હે ગૌતમ ! 'આ મનુષ્યલોકમાં જેમ કોઈ બે પુરુષો હોય, તેમાં એક પુરુષ આભૂષણોથી

અલંકૃત અને વિભૂષિત હોય અને એક પુરુષ અલંકૃત અને વિભૂષિત ન હોય. એ બન્ને પુરુષોમાં ક્યો પુરુષ પ્રસન્નતા ઉત્પન્ન કરનાર અને મનોહર હોય અને ક્યો પુરુષ અપ્રસન્નતા કરનાર યાવત્-અમનોહર હોય, હે ભગવન્ ! તેમાં જે પુરુષ અલંકૃત વિભૂષિત હોય છે તે પુરુષ પ્રાસાદીય યાવત્-મનોહર છે અને જે પુરુષ અલંકૃત વિભૂ ષિત નથી હોતો તે પુરુષ પ્રાસાદીય યાવત્મનોહર નથી. તે માટે હેગૌતમ ! તે અસુરકુમાર યાવત્-મનોહર નથી. હે ભગવન્ ! બે નાગકુમારદેવો એક નાગકુમારાવાસમાં નાગકુમાર દેવ પણે ઉત્પન્ન થયા-ઈત્યાદિ પ્રશ્ન. પૂર્વ પ્રમાણે સમજવું. એ પ્રમાણે યાવત્- સ્તનિતકુમારો સુધી જાણવું. વ્યાનવ્યંતર,જ્યોતિષિક અને વૈમાનિક સંબંધે પણ એજ પ્રમાણે જાણવું.

[૭૩૭]હે ભગવન્ ! એક નરકાવાસમાં બે નૈરયિકો નૈરયિકપણે ઉત્પન્ન થાય, તેમાંનો એક મહાકર્મવાળો યાવત્-મહાવેદનાવાળો હોય, અને એક અલ્પ કર્મવાળો યાવત્-અલ્પવેદનાવાળો હોય એમ કેવી રીતે હોય ? નૈરયિકો બે પ્રકારના માયી મિથ્યા દૃષ્ટિ અમાયિસમ્યગ્દૃષ્ટિ જે માયિમિથ્યાદૃષ્ટિ છે, તેઓ મહાકર્મવાળા, યાવત્-મહાવેદ નાવાળા હોય જે સમાયી સમ્યગ્દૃષ્ટિ છે તેઓ અલ્પકર્મવાળા, યાવત્-અલ્પવેદના વાળા હોય બે અસુરકુમારો સંબંધે પ્રશ્ન. એ પ્રમાણે એમ એકેંદ્રિય અને વિકલેંદ્રિય સિવાય યાવત્ વૈમાનિકો સુધી જાણવું.

[૭૩૮]હે ભગવન્ ! જે નૈરયિક મરીને તુરત જ પછીના સમયે પંચેદ્રિય તિર્યંત યોનીકમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તે ક્યા આયુષનો અનુભવ કરે ? હે ગૌતમ ! તે નૈરયિક આયુષનો અને પંચેદ્રિયતિર્યંચયોનિકનું આયુષ આગળ કરેછે ઉદયાભિમુખ કરે છે. એ પ્રમાણે મનુષ્ય વિષે પણ સમજવું. વિશેષ એ કે, તે મનુષ્યનું આયુષ ઉદયાભિમુખ કરે છે. જે અસુરકુમાર મરીને પછીના સમયે તુરત જ પૃથિવીકાયિક જીવોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે-ઈત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! જે અસુરકુમારના આયુષનો અનુભવ કરે છે અને પૃથિવીકાયિકનું આયુષ ઉદયાભિમુખ કરે છે. એમ જે જીવ જ્યાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, તેનું આયુષ ઉદયાભિમુખ કરે છે અને જ્યાં રહેલો છે તેનું આયુષ અનુભવે છે. એ પ્રમાણે યાવત્-વૈમાનિકો સુધી જાણવું. વિશેષ એ કે, જે પૃથિવીકાયિક જીવ પૃથિવી કાયિકમાં જ ઉત્પન્ન થવાને યોગ્ય છે તે પૃથિવીકાયિકનું આયુષ અનુભવે છે અને બીજું પૃથિવીકાયિકનું આયુષ ઉદયાભિમુખ કરે છે. એમ યાવત્-મનુષ્યો સુધી સ્વસ્થાનમાં ઉત્પાદ સંબંધે કહેવું. પરસ્થાનમાં પણ પૂર્વ પ્રકારે કહેવું.

[૭૩૯]હે ભગવન્ ! એક અસુરકુમારાવાસમાં બે અસુરકુમારો અસુરકુમાર દેવપણે ઉત્પન્ન થાય, તેમાંથી એક અસુરકુમારદેવ ઋજુ સરલ રુપ વિકુર્વવા ધારે તો તે ઋજુ વિકુર્વી શકે છે અને વાંકું રુપ વિકુર્વવા ધારે તો તે વાંકુ વિકુર્વી શકે છે અને એક અસુરકુમારદેવ ઋજુ વિકુર્વવા ધારે તો તે વાંકું રુપ વિકુર્વી શકે છે અને જો વાંકુ વિકુર્વવા ધારે તો તે ઋજુરુપ વિકુર્વી શકે છે. તેનું શું કારણ ? હે ગૌતમ ! અસુરકુમારદેવો બે પ્રકારના કહ્યા છે, માયી મિથ્યાદૃષ્ટિ , અમાયી સમ્યગ્દૃષ્ટિ . તેમાં જે માયી મિથ્યાદૃષ્ટિ છે તે ઋજુરુપ વિકુર્વવા ધારે તો વાંકુ કરે છે, જેવું રુપ વિકુર્વવા ધારે છે તેવું રુપ વિકુર્વી શકતો નથી. અને જે અમાયી સમ્યગ્દૃષ્ટિ અસુરકુમાર છે તે ઋજુરુપ વિકુર્વવા ધારે તો તે તેવું રુપ યાવત્-વિકુર્વી શકે છે. હે ભગવન્ ! બે નાગકુમારો-ઈત્યાદિ પ્રશ્ન અને ઉત્તર પૂર્વ પ્રમાણે જાણવા. એ પ્રમાણે યાવત્-સ્તનિતકુમારો સુધી જાણવું. વાનવ્યંતરો, જ્યોતિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ષિકો અને વૈમાનિકો સંબંધે પણ એમજ જાણવું.

**શતકઃ૧૮-ઉદ્દેસોઃઃ૫ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેશકઃ ૬

[૭૪૦]હે ભગવન્ ! ફાણિત-પ્રવાહી ગોળ કેટલા વર્ણ, ગંધ, રસ અને સ્પર્શવાળો હોયછે ? હે ગૌતમ ! અહિં નૈશ્ચયિક અને વ્યાવહારિક એ બે નયો વિવક્ષિત છે, વ્યાવ હારિકનયની અપેક્ષાએ ફાણિત ગોળ મધુર રસવાળો કહ્યો છે, અને નૈશ્ચયિક નયની અપેક્ષાએ પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શવાળો છે. હે ભગવન્ ! ભ્રમર કેટલા વર્ણવાળો છે-ઈત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! વ્યાવહારિકનયની દૃષ્ટિથી ભ્રમર કાળો છે, અને નૈશ્ચયિકનયની દૃષ્ટિથી ભ્રમર પૂર્વવત્ છે. પોપટની પાંખ ઈત્યાદિ પ્રશ્ન વ્યાવહારિક નયની અપેક્ષાએ પોપટની પાંખ લીલી છે અને નૈશ્ચયિક નયની અપેક્ષાએ પૂર્વ કહ્યા પ્રમાણે જાણવી. એમ એ પાઠ વડે રાતી મજીઠી, પીળી હળદર, ધોળોશંખ, સુગંધીકુષ્ઠ, દુર્ગંધીમડદુ, તિક્ત-કડવો લીમડો, કટુક-તીખી સુંઠ, તુરું કોઠું, ખાટી આમલી, મધુર-ગળી ખાંડ, કર્કશવજ્ર, મૃદુ-સુંવાળુંમાખણ, ભારેલોઢું, હળવું ઉલુકપત્ર, ઠંડોહિમ, ઉષ્ણઅગ્નિકાય, અને સ્નિગ્ધતેલ વિશે પણ જાણવું. હે ભગવન્ ! રાખ કેટલા વર્ણવાળી હોય-ઈત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! વ્યાવહારિક નયની અપેક્ષાએ રાખ લુખી છે, નિશ્ચય નયની અપેક્ષાએ રાખ પૂર્વવત્ છે.

[૭૪૧]હે ભગવન્ ! પરમાણુપુદ્ગલ કેટલા વર્ણવાળો, યાવત્-કેટલા સ્પર્શવાળો હોય છે ? હે ગૌતમ ! એકવર્ણવાળો, એકગંધવાળો, એકરસવાળો અને બે સ્પર્શવાળો હોય છે. હે ભગવન્ ! દ્વિપ્રદેશિક સ્કંધ કેટલા વર્ણવાળો-ઈત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! કદાચ એક વર્ણવાળો, કદાચ બે વર્ણવાળો, કદાચ એક ગંધવાળો કદાચ બે ગંધવાળો, કદાચ એક રસવાળો કદાચ બે રસવાળો, અને કદાચ બે સ્પર્શવાળો, કદાચ ત્રણ સ્પર્શવાળો, અને કદાચ ચાર સ્પર્શવાળો પણ હોય છે. એ પ્રમાણે ત્રિપ્રદેશિક સ્કંધ પણ જાણવો, વિશેષ એ કે તે કદાચ એક વર્ણવાળો, કદાચ બે વર્ણવાળો અને કદાચ ત્રણ વર્ણવાળો હોય, એમ રસસંબંધે પણ એ પ્રમાણે યાવત્-ત્રણ રસવાળો હોય. બાકી બધું દ્વિપ્રદેશિક સ્કંધની પેઠે જાણવું. એમ ચતુષ્પ્રદેશિક સ્કંધ વિષે પણ જાણવું. વિશેષ એ કે, તે કદાચ એક વર્ણવાળો, યાવત્-કદાચ ચાર વર્ણવાળો પણ હોય. રસ સંબંધે પણ એમ જ જાણવું. અને બાકી બધું પૂર્વોક્ત રીતે સમજવું. એ રીતે પંચપ્રદેશિક સ્કંધને વિષે પણ સમજવું. વિશેષ એ કે તે કદાચ એક વર્ણવાળો, યાવત્-કદાચ પાંચ વર્ણવાળો પણ હોય, એ પ્રમાણે રસને વિષે પણ જાણવું. ગંધ અને સ્પર્શ પૂર્વવત્ જાણવા. જેમ પંચપ્રદેશિક સ્કંધ સંબંધે કહ્યું, તેમ યાવત્-અસંખ્યાતપ્રદેશિક સ્કંધ સંબંધે પણ કહેવું. હે ભગવન્ ! સૂક્ષ્મપરિ-ણામવાળો અનંતપ્રદેશિક સ્કંધ કેટલા વર્ણવાળો હોય-ઈત્યાદિ પ્રશ્ન. પંચ પ્રદેશિક-સ્કંધની પેઠે બધું કહેવું. હે ભગવન્ ! બાદર-સ્થૂળપરિણામવાળો અનંતપ્રદે શિક સ્કંધ, કેટલા વર્ણવાળો હોય-ઈત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! તે કદાચ એક વર્ણવાળો, યાવત્-કદાચ પાંચ વર્ણવાળો, કદાચ એક ગંધવાળો, કદાચ બે ગંધવાળો, કદાચ એક રસવાળો, યાવત્ કદાચ પાંચ રસવાળો કદાચ ચાર સ્પર્શવાળો, યાવત્ કદાચ આઠ સ્પર્શવાળો પણ હોય.

**શતકઃ૧૮-ઉદ્દેસોઃઃ૬ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ઉદેસાઃ ૭

[૭૪૨]રાજગૃહ નગરમાં ભગવાન્ ગૌતમ યાવત્-આ પ્રમાણે બોલ્યા કે હે ભગવન્ ! અન્યતીર્થિકો આ પ્રમાણે કહે છે, યાવત્-પ્રરુપે છે કે, એ પ્રમાણે ખરેખર કેવલી યક્ષના આવેશથી આવિષ્ટ થઈને કદાચ બે ભાષા બોલે છે, મૃષાભાષા અને સત્ય -મૃષાભાષા.' એ પ્રમાણે કેમ હોઈ શકે ? જે અન્યતીર્થકોએ યાવત્-એમ જે કહ્યું છે, તેઓએ તે અસત્ય કહ્યું છે. કેવલી તો પાપવ્યાપાર વિનાની અને બીજાનો ઉપઘાત ન કરે તેવી બે ભાષા કદાચ બોલે છે. સત્ય અને અસત્યામૃષા.

[૭૪૩]હે ભગવન્ ! ઉપધિ કેટલા પ્રકારનો કહ્યો છે ? હે ગૌતમ ! ત્રણ પ્રકારનો કર્મોપધિ, શરીરોપધિ, બાહ્યભાંડમાત્રોપકરણોપધિ. હે ભગવન્ ! નૈરયિકોને કેટલા પ્રકારનો ઉપધિ ? બે પ્રકારનો. કર્મરુપ અને શરીરરુપ. એકેંદ્રિય જીવો સિવાય બધા જીવોને યાવત્-વૈમાનિકો સુધી ત્રણે પ્રકારનો ઉપધિ હોય છે. એકેંદ્રિય જીવોને કર્મરુપ અને શરીરરુપ એમ બે પ્રકારનો ઉપધિ હોય છે. હે ભગવન્ ! ઉપધિ કેટલા પ્રકારનો કહ્યો છે ? ત્રણ પ્રકારનો, સચિત, અચિત અને મિશ્ર, એ પ્રમાણે નૈરયિકોથી માંડી યાવત્-વૈમાનિકો સુધી જાણવો.

હે ભગવન્ ! પરિગ્રહ કેટલા પ્રકારનો કહ્યો છે ? હે ગૌતમ ! પરિગ્રહ ત્રણ પ્રકારનો છે. કર્મપરિગ્રહ, શરીરપરિગ્રહ અને બાહ્ય વસ્ત્રપાત્રાદિ ઉપકરણ રુપ પરિગ્રહ. હે ભગવન્ ! નૈરયિકોને કેટલા પ્રકારનો પરિગ્રહ હોય છે ? જેમની ઉપધિ પરિગ્રહ વિષે પણ બે દંડક કહેવા. હે ભગવન્ ! પ્રણિધાન કેટલા પ્રકારનું કહ્યું છે ? ત્રણ પ્રકારનું મનપ્રણિધાન, વચનપ્રણિધાન અને કાયપ્રણિધાન. હે ભગવન્ ! નૈરયિકોને કેટલા પ્રકારનું પ્રણિધાન હોય છે ? ઉપર કહ્યા પ્રમાણે જાણવું. એમ યાવત્-સ્તનિતકુમારો સુધી સમજવું. હે ભગવન્ ! પૃથિવીકાયિક સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! તેઓને એક કાયપ્રણિધાન હોય છે, એ પ્રમાણે યાવત્ વનસ્પતિકાયિક જીવો સુધી જાણવું. હે ભગવન્ ! બેઈન્દ્રિય જીવ સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! તેઓને બે પ્રકારનું પ્રણિધાન હોય છે. વચનપ્રણિધાન અને કાયપ્રણિધાન. એ પ્રમાણે યાવત્-ચઉરિન્દ્રિય જીવો સુધી જાણવું. બાકી બધા જીવોને યાવત્ વૈમાનિકો સુધી ત્રણે પ્રકારનું પ્રણિધાન હોય છે. હે ભગવન્ ! દુષ્પ્રણિધાન કેટલા પ્રકારનું કહ્યું છે ? ત્રણ પ્રકારનું કહ્યું. મનદુષ્પ્રણિધાન, વચનદુષ્પ્રણધાન અને કાય દુષ્પ્રણિધાન, ની જેમ પ્રણિધાન દુષ્પ્રણિધાન વિષે પણ કહેવો. હે ભગવન્ ! સુપ્રણિધાન કેટલા પ્રકારનું છે ? ત્રણ પ્રકાનું છે. તે મનસુપ્રણિધાન, વચનસુપ્રણિધાન અને કાય સુપ્રણિધાન. મનુષ્યોને કેટલા પ્રકારનું સુપ્રણિધાન હોય છે ? ત્રણે પ્રકારનું યાવત્-વૈમાનિકો સુધી જાણવું. '

[૭૪૪]તે કાળે તે સમયે રાજગૃહનગર હતું. ગુણસિલક ચૈત્ય હતું. યાવત્-પૃથિવીશિલાપટ્ટ હતી. તે ગુણસિલકચૈત્યની આસપાસ ઘણા અન્યતીર્થિકો રહેતા હતા. -કાલોદયી, શૈલોદાયી-ઈત્યાદિ સપ્તમ શતકના અન્યતીર્થિક ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે હવે તે રાજગૃહ નગરમાં આઢ્ય- યાવત્-કોઈથી પરાભવ ન પામે તેવો અને જીવાદિ તત્વોનો જાણકાર, મુદ્રક નામે શ્રમણોપાસક- રહેતો હતો. ત્યાર પછી અહિં અન્ય કોઈ એક દિવસે અનુક્રમે વિહાર કરતા, યાવત્-શ્રમણભગવંતમહાવીર સમો

જૈન સાઈટ JAINSITE

સર્યા. પર્ષદા યાવત્-પર્યુપાસના કરે છે. ત્યારબાદ શ્રમણ ભગવંત મહાવીર આવ્યાની આ વાત સાંભળી, હૃષ્ટ અને સંતુષ્ટ હૃદયવાળો થયેલો મુદ્રક શ્રમણોપાસક, સ્નાન કરી યાવત્-શરીરને અલંકૃત કરી પોતાના ઘરથી બહાર નીકળી પગે ચાલી રાજગૃહ નગરની વચ્ચોવચ્ચ થઈને તે અન્યતીર્થિકોની બહૂ દૂર નહિ તેમ બહુ પાસે નહિ એવી રીતે જાય છે. ત્યારે તે અન્યતીર્થિકોએ તે મુદ્રક શ્રમણોપાસકને પોતાની પાસે થઈને જતો જોઈ. પરસ્પર એક બીજાને બોલાવી આ પ્રમાણે કહ્યું,-'હે દેવાનુપ્રિયો ! એ પ્રમાણે ખરેખર આપણને આ વાત અત્યંત વિદિત છે, અને આ મુદ્રક શ્રમણોપાસક આપણી પાસે થઈને જાય છે, તે દેવાનુપ્રિયો ! આપણે તે વાત મુદ્રક શ્રમણોપાસકને પૂછવી યોગ્ય છે' એમ વિચારી આ પ્રમાણે કહ્યું,- હે મુદ્રક ! એ પ્રમાણે ખરેખર તારા ધર્માચાર્ય અને ધર્મોપદેશક શ્રમણ જ્ઞાતપુત્ર પાંચ અસ્તિકાય પ્રરુપે છે-ઈત્યાદિ સાતમાં શતકના અન્યતીર્થીક ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે બધું કહેવું. યાવત્-હે મુદ્રક ! એમ એવી રીતે માની શકાય ? ત્યાર પછી તે મુદ્રક શ્રમણોપાસકે તે અન્યતીર્થિકોને આ પ્રમાણે કહ્યું-'જો કોઈ કાર્ય કરે તો આપણે તેને કાર્યદ્વારા જાણી શકીએ કે જોઈ શકીએ. પણ જો તે પોતાનું કાર્ય ન કરે તો આપણે તેને જાણી કે જોઈ શકતા પણ નથી.' ત્યાર પછી તે અન્યતીર્થિકોએ કહ્યું-'હે મુદ્રક ! તું આ કેવો શ્રમણોપાસક છો કે જે તું આ વાત જાણતો નથી અને જોતો નથી.' ?

ત્યારપછી તે મુદ્રકશ્રમણોપાસકે તે અન્યતીર્થિકોને કહ્યું- પવન વાય છે એ બરોબર છે ? હા, બરોબર છે, તમે વાતા એવા પવનનું રુપ જુઓ છો ? ના, ગંધગુણ વાલા પુદ્ગલો છે ? હા, છે. તે ગંધગુણવાળા પુદ્ગલોનું રુપ તમે જુઓ છો ? એ અર્થ સમર્થ નથી-અરણિના કાષ્ઠ સાથે અગ્નિ છે ? હા, છે. તે અરણિના કાષ્ઠમાં રહેલા અગ્નિનું રુપ તમે જુઓ છો ? ના, હે આયુષ્મન્ ! સમુદ્રના પેલે પાર રહેલાં રુપો છે ? હા, છે. હે આયુષ્મન્ ! રુપોને તમે જુઓ છો ? ના, એ પ્રમાણે હું, તમે કે બીજો કોઈ છદ્મસ્થ, જેને ન જાણે કે ન દેખે તે બધું ન હોય તો ઘણાં લોકનો અભાવ થશે'-એમ કહીને તે મુદ્રકે તે અન્યતીર્થિકોનો પરાભવ કર્યો- એમ નિરુત્તર કરીને તે મુદ્રક શ્રમણોપાસકે જ્યાં ગુણસિલક ચૈત્ય છે અને જ્યાં શ્રમણભગવંતમહાવીર છે ત્યાં આવીને પાંચ પ્રકારના અભિગમ વડે શ્રમણ ભગવંત મહાવીરની પાસે જઈને યાવત્-પર્યુપાસના કરી. ત્યારબાદ 'હે મુદ્રક'! એમ સંબોધી શ્રમણ ભગવંત મહાવીરે કહ્યું તેં તે અન્યતીર્થિકોને બરોબર કહ્યું, હે મુદ્રક ! તેં તે અન્યતીર્થિકોને એ પ્રમાણે ઠીક ઉત્તર આપ્યો, હે મુદ્રક ! જે કોઈ જાણ્યા, દેખ્યા કે સાંભળ્યા સિવાય જે કોઈ અદૃષ્ટ, અશ્રુત, અસંમત કે અવિજ્ઞાત અર્થને, હેતુને, પ્રશ્ન કે ઉત્તરને ઘણા માણસોની વચ્ચે કહે છે, જણાવે છે,યાવત્-દર્શાવે છે, તે અર્હતોની, અર્હતે કહેલા ધર્મની, કેવલજ્ઞાની ની અને કેવલીએ કહેલા ધર્મની આશાતના કરે છે, જ્યારે શ્રમણ ભગવંત મહાવીરે તે મુદ્રક શ્રમણોપાસકને એમ કહ્યું ત્યારે તે હૃષ્ટ અને સંતુષ્ટ થઈ યાવત્-પર્યુપાસના કરી. ત્યાર પછી શ્રમણ ભગવંત મહાવીરે તે મુદ્રક શ્રમણોપાસક અને તે પર્ષદાને ધર્મકથા કહી, યાવત્-તે પર્ષદા પાછી ગઈ. પછી તે મુદ્રક શ્રમણોપાસક યાવત્-ધર્મોપદેશ સાંભળી હૃષ્ટ અને સંતુષ્ટ થઈ પ્રશ્નો પૂછ્યા, અર્થો જાણ્યા, અને ત્યાર બાદ ઉભા થઈ શ્રમણ ભગવંત મહાવીરને વાંદી નમી યાવત્-તે પાછો ગયો. ગૌતમે કહ્યું કે ભગવન્ ! શ્રમણોપાસક આપ દેવાનુપ્રિયની પાસે યાવત્-પ્રવ્રજ્યા લેવા સમર્થ છે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી-ઈત્યાદિ જેમ શંખ શ્રમણોપાસક સંબન્ધે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કહ્યું હતું તેમ યાવત્-અરુણાભવિમાનમાં દેવ તરીકે ઉત્પન્ન થઈ યાવત્-સર્વ દુઃખોનો અન્ત કરશે.

[૭૪૫]હે ભગવન્ ! મહર્દ્ધિક યાવત્- મોટા સુખવાળો દેવ હજાર રુપો વિકુર્વવા, પરસ્પર સંગ્રામ કરવા સમર્થ છે ? હા ગૌતમ ! છે. તે વિકુર્વેલાં શરીરો એક જીવની સાથે સંબંધવાળા હોય છે કે અનેક જીવ સાથે સંબંધવાળાં હોય છે ? હે ગૌતમ ! તે બધાં શરીરો એક જીવ સાથે સંબન્ધવાળા હોય છે, પણ અનેક જીવ સાથે નથી. હે ભગવન્ ! તે શરીરનો પરસ્પર અંતરો- એક જીવ વડે સંબદ્ધ છે કે અનેક જીવ વડે હે ગૌતમ!તે શરીરો વચ્ચેનાં અંતરો એક જીવ વડે સંબદ્ધ નથી. હે ભગવન્ ! કોઈ પુરષ તે શરીરો વચ્ચેના આંતરાઓને પોતાના હાથવડે, પગવડે સ્પર્શો કરતો યાવત્-તીક્ષ્ણ શસ્ત્ર વડે છેદતો કાંઈ પણ પીડા ઉત્પન્ન કરી શકે ? ઈત્યાદિ આઠમાં શતકના ત્રીજા ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે યાવત્- ત્યાં શસ્ત્ર અસર કરી શકે નહિં' ત્યાં સુધી કહેવું.

[૭૪૬]હે ભગવન્ ! દેવ અને અસુરોનો સંગ્રામ થાય છે ? હે ગૌતમ ! હા, થાય છે. હે ભગવન્ ! જ્યારે દેવ અને અસુરોનો સંગ્રામ થતો હોય ત્યારે તે દેવોને કઈ વસ્તુ શસ્ત્રરુપે પરિણત થાય ? હે ગૌતમ ! તણખલું, લાકડું, પાંદડું કે કાંકરો વગેરે જે કોઈ વસ્તુનો સ્પર્શ કરે તે વસ્તુ તે દેવોને શસ્ત્રરુપે પરિણત થાય છે. જેમ દેવોને કોઈ પણ વસ્તુ સ્પર્શમાત્રથી શસ્ત્રરુપે પરિણત થાય છે તેમ અસુરોને પણ થાય ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી, પણ અસુરકુમાર દેવોને તો હંમેશા વિકુર્વેલા શસ્ત્રરત્નો હોય છે.

[૭૪૭]હે ભગવન્ ! મોટી ઋદ્ધિવાળો યાવત્-મોટા સુખવાળો દેવ, લવણસમુદ્રની ચોતરફ ફરી શીઘ્ર આવવા સમર્થ છે ? હા, સમર્થ છે. હે ભગવન્ ! મોટીઋદ્ધિવાળો યાવત્-દેવ ઘાતકિખંડ દ્વીપની ચારે તરફ ફરી શીઘ્ર આવવા સમર્થ છે ? હા, સમર્થ છે. એ પ્રમાણે યાવત્-રુચકરવર દ્વીપ સુધી ચોતરફ આંટો મારી શીઘ્ર આવવા સમર્થ છે ? હા સમર્થ છે. ત્યાર પછી આગળના દ્વીપ-સમુદ્ર સુધી જાય, પણ તેની ચારે બાજુ ફરે નહિ.

[૭૪૮]હે ભગવન્ ! શું એવા દેવો છે કે, જેઓ અનંત (શુભપ્રકૃતિરુપ) કર્માંશોને જઘન્યથી એકસો, બસો કે ત્રણસો વર્ષે અને ઉત્કૃષ્ટથી પાંચસો વર્ષે ખપાવે ? હા, એવા દેવો છે. હે ભગવન્ ! એવા દેવો છે કે, જેઓ અનંત કર્માંશો જઘન્યથી એક હજાર, બે હજાર કે ત્રણ હજાર વર્ષે અને ઉત્કૃષ્ટથી પાંચ હજાર વર્ષે ખપાવે ? હા, છે. હે ભગવન્ ! એવા દેવો છે, કે જેઓ અનંત કર્માંશો ને જઘન્યથી એક લાખ, બે લાખ કે ત્રણ લાખ વરસે અને ઉત્કૃષ્ટથી પાંચ લાખ વરસે ખપાવે ? હા, છે. હે ભગવન્ ! એવા કયા દેવો છે કે જેઓ અનંત કર્માંશોને જઘન્યથી એક સો વર્ષે યાવત્-પાંચસો વરસે ખપાવે ? યાવત્-પાંચ હજાર વર્ષે ખપાવે ? યાવત્-પાંચ લાખ વરસે ખપાવે ? હે ગૌતમ ! વાનવ્યંતકર દેવો એકસો વર્ષે અનંતકર્માંશોને ખપાવે, અસુરેન્દ્ર સિવાયના ભવનવાસી દેવો અનંતકર્માંશોને બસો વરસે ખપાવે, અસુરકુમાર દેવો અનંતકર્માંશોને ત્રણસો વર્ષે ખપાવે, ગ્રહ-નક્ષત્ર અને તારારુપ જ્યોતિષિક દેવો ચારસો વરસે ખપાવે, તથા જ્યોતિષિકના રાજા અને જ્યોતિષિકના ઈન્દ્ર, ચન્દ્ર અને સૂર્ય પાંચસો વરસે ખપાવે, સૌધર્મ અને ઈશાન કલ્પના દેવો એક હજાર વર્ષે ખપાવે, સનત્કુમાર અને માહેન્દ્રના દેવો બે હજાર વર્ષે ખપાવે, એમ એ સૂત્રના પાઠ વડે બ્રહ્મલોક અને લાંતકના દેવો ત્રણ હજાર વર્ષે, મહાશુક્ર અને સહસ્રારના દેવો ચાર હજાર વર્ષે, આનત-પ્રાણત અને આરણ-અચ્યુતના દેવો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાંચ હજાર વર્ષે હેઠલા ગ્રૈવેયકના દેવો એક લાખ વર્ષે, વચલાગ્રૈવેયકના દેવો બે લાખ વર્ષે, ઉપરનાગ્રૈવેયકના દેવો ત્રણ લાખ વર્ષે, વિજય, વૈજયંત, જયંત અને અપરાજિતના દેવો ચારલાખ વર્ષે, અને સર્વાર્થસિદ્ધના દેવો પાંચ લાખ વર્ષે અનંત કર્માંશોને ખપાવે છે.

**શતકઃ૧૮-ઉદ્દેસોઃઃ૭ની મુનિ દીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેશકઃ૮

[૭૪૯]ગૌતમ બોલ્યા કે, હે ભગવન્ ! આગળ અને બાજુએ યુગ પ્રમાણે ભૂમિને જોઈને ગમન કરતાં ભાવિતાત્મા અનગારના પગ નીચે કુકડીનું બચ્ચું, બતકનું બચ્ચું કે કુલિંગચ્છાય આવીને મરણ પામે તો તે અનગારનને શું ઐર્યાપથિકી ક્રિયા લાગે કે સાંપરાયિકી ક્રિયા લાગે ? ઐર્યાપથિકી ક્રિયા લાગે, પણ સાંપરાયિકી ક્રિયા ન લાગે. એમ શા હેતુથી કહો છો-ઈત્યાદિ પ્રશ્ન અને ઉત્તર સાતમા શતકના સંવૃત્ત ઉદેશક કહ્યા પ્રમાણે જાણશો. યાવત્-અર્થનો નિક્ષેપ-નિગમન કરવો. ત્યાર પછી શ્રમણ ભગવંત મહાવીર બહારના દેશોમાં વિહાર કરે છે. તે કાળે, તે સમયે રાજગૃહનગર હતું. યાવત્-પૃથિવીશિલાપટ્ટ હતો. તે ગુણસિલક ચૈત્યની આસપાસ ઘણા અન્યતીર્થિકો રહેતા હતા. ત્યાં શ્રમણ ભગવંત મહાવીર સમોસર્યા. યાવત્-પર્ષદા વાંદીને પાછી ગઈ. તે કાળે તે સમયે શ્રમણ ભગંવત મહાવીરના મોટા શિષ્ય ઈન્દ્રભૂતિઅનગાર યાવત્-ઢીંચણ ઉંચા રાખી સંયમથી આત્માને ભાવિત કરતા વિહરે છે. ત્યારે અન્યતીર્થિકો જ્યાં ભગવંત ગૌતમ છે ત્યા આવ્યા, અને કહ્યું-'હે આર્યો ! તમે ત્રિવીધે અસંયત- અને યાવત્ એકાંત બાલ-વિરતિરહિત છો.'

[૭૫૦]ત્યારપછી ભગવંત ગૌતમે અન્યતીર્થિકોને આ પ્રમાણે કહ્યું,-'હે આર્યો ! ક્યા કારણથી અમે ત્રિવિધે અસંયત યાવત એકાંત બાલ છીએ' ? ત્યારે તે અન્યતીર્થિકોએ કહ્યું,-'હે આર્યો ! તમે ગમન કરતાં જીવોને આક્રાન્ત કરોછો દબાવો છો, મારો છો, યાવત્-ઉપદ્રવ છો, માટે તમે ત્રિવિધ ત્રિવિધે સંયમરહિત અને એકાંત બાલ છો.' ત્યાર ભગવંત ગૌતમે કહ્યું-'હે આર્યો ! અમે ગમન કરતાં પ્રાણોને કચરતા નથી, યાવત્-તેને પીડા કરતા નથી. પણ અમે ગમન કરતા કાય, સંયમયોગ અને ગમનને આશ્રયી જોઈ જોઈને, ચાલીએ છીએ, તે માટે પ્રાણોને નહિ કચરતા તેમ યાવત્-નહિ પીડા કરતા અમે ત્રિવિધે યાવત્-એકાંત પંડિત વિરતિસહિત છીએ. હે આર્યો ! તમે પોતેજ ત્રિવિધે ત્રિવિધે યાવત્ એકાંત બાલ-વિરતિરહિત છો.' ત્યારબાદ તે અન્યતીર્થિકોએ કહ્યું કે, હે આર્યો ! અમે શા હેતુથી ત્રિવિધ ત્રિવિધે અસંયત યાવત્ એકાંત બાલ-વિરતિરહિત છીએ ? હે આર્યો ! તમે હાલતાં ચાલતાં જીવોને કચરો છો, યાવત્-તેને ઉપદ્રવ કરો છો તેથી. એ પ્રમાણે ભગવંત ગૌતમે તે અન્યતીર્થિકોને નિરુત્તર કર્યા. ત્યાર પછી તેમણે જ્યાં શ્રમણ ભગવંત મહાવીર બિરાજમાન હતા ત્યાં આવી યાવત્-પર્યુપાસના કરી. શ્રમણ ભગવંત મહાવીરે કહ્યું કે, હે ગૌતમ ! તેં તે અન્યતીર્થિકોને ઠીક કહ્યું, હે ગૌતમ ! તેં તે અન્યતીર્થિકોને એ પ્રમાણે સારું કહ્યું, હે ગૌતમ ! મારા ઘણાં શિષ્યો શ્રમણ નિર્ગ્રંથો છદ્મસ્થ છે, જેઓ તારી પેઠે એ પ્રમાણે ઉત્તર દેવાને સમર્થ નથી, ત્યારે પ્રસન્ન અને સંતુષ્ટ થઈ પૂજ્ય ગૌતમે શ્રમણ ભગવંત મહાવીરને વાંદી નમી આ પ્રમાણે કહ્યું-

[૭૫૧]હે ભગવન્ ! શું છદ્મસ્થ મનુષ્ય પરમાણુપુદ્દલને જાણે અને જુએ કે ન જાણે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને ન જુએ ? કોઈ જાણે, પણ જુએ નહિ, અને કોઈ જાણે નહિ અને જુએ પણ નહિ.

હે ભગવન્ ! શું છદ્મસ્થ મનુષ્ય દ્વિપ્રદેશિક સ્કંધને જાણે અને જુએ કે ન જાણે અને ન જુએ ? પૂર્વ પ્રમાણે જાણવું યાવત્-અસંખ્યાતપ્રદેશિક સ્કંધ સુધી કહેવું. શું છદ્મસ્થ મનુષ્ય અનંતપ્રદેશિક સ્કંધને જાણે-ઈત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! કોઈ જાણે અને જુએ, કોઈ જાણે પણ જુએ નહિ, કોઈ જાણે નહિ પણ જુએ અને કોઈ જાણે નહિ તેમ જુએ પણ નહિ. આધોવધિક-મનુષ્ય પરમાણુપુદ્દલને જાણે-ઈત્યાદિ પ્રશ્ન. છદ્મસ્થની જેમ અવધિજ્ઞાનીને પણ કહેવું. એ પ્રમાણે યાવત્-અનંતપ્રદેશિક સ્કંધ સુધી જાણવું. પરમાવધિજ્ઞાની મનુષ્ય પરમાણુ પુદ્‌ગલને જે સમયે જાણે તે સમયે જુએ, અને જે સમયે જુએ તે સમયે જાણે ? એ અર્થ યથાર્થ નથી. હે ભગવન્ ! એમ શા હેતુથી કહો છો.? હે ગૌતમ ! તે પરમાવધિજ્ઞાનીનું જ્ઞાન સાકાર અને દર્શન અનાકાર હોય છે, માટે. એ પ્રમાણે યાવત્-અનંતપ્રદેશિક સ્કંધ સુધી સમજવું. હે ભગવન્ ! કેવલજ્ઞાની પરમાણુપુદ્દલને જે સમયે જાણે તે સમયે જુએ-ઈત્યાદિ પ્રશ્ન. જેમ પરમાવધિજ્ઞાનીને કહ્યું, તેમ કેવલજ્ઞાનીને પણ કહેવું. એ પ્રમાણે યાવત્-અનંતપ્રદેશિક સ્કંધ સુધી જાણવું. 'હે ભગવન્ ! તે એમજ છે. હે ભગવન્ ! તે એમજ છે.'

**શતકઃ૧૮-ઉદ્દેસઃ૮ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેશકઃ૯

[૭૫૨]રાજગૃહનગરમાં ભગવન્ ગૌતમ યાવત્-આ પ્રમાણે બોલ્યા કે, હે ભગવન્ ! ભવ્યદ્રવ્યનૈરયિકો છે ? હે ગૌતમ ! હા છે, શા કારણથી ? હે ગૌતમ ! જે કોઈ પંચેન્દ્રિય તિર્યંચી કે મનુષ્ય નૈરયિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, તે 'ભવ્યદ્રવ્યનૈરયિક' કહેવાય છે. એ પ્રમાણે યાવત્-'સ્તનિતકુમારો' સુધી જાણવું. હે ભગવન્ ! 'ભવ્યદ્રવ્યપૃથિવીકાયિકો' શા હેતુથી કહેવાય છે ? હે ગૌતમ ! જે કોઈ તિર્યંચ, મનુષ્ય કે દેવ પૃથિવીકાયિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય હોય છે તે 'ભવ્યદ્રવ્યપૃથિવીકાયિક' કહેવાય છે. એ પ્રમાણે 'અપ્કાયિક' અને 'વનસ્પતિકાયિક' જાણવા. અગ્નિકાય, વાયુકાય,દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય અને ચઉરિંદ્રિય વિષે જે કોઈ તિર્યંચકે મનુષ્ય ઉત્પન્ન થવાને યોગ્ય હોય તે 'ભવ્યદ્રવ્યઅગ્નિકાયાદિ' કહેવાય છે. જે કોઈ નૈરયિક, તિર્યંચયોનિક, મનુષ્ય, દેવ કે પંચેન્દ્રિયતિર્યંચયોનિક પંચેન્દ્રિયતિર્યંતયોનિકમાં ઉત્પન્ન થવાને યોગ્ય હોય તે 'ભવ્ય દ્રવ્યપંચેન્દ્રિયતિર્યંતયોનિક' કહેવાય છે. એ પ્રમાણે મનુષ્યો સંબંધે પણ જાણવું. વાન વ્યંતર, જ્યોતિષિકો અને વૈમાનિકો નૈરયિકોની પેઠે જાણવા. હે ભગવન્ ! ભવ્ય દ્રવ્ય નૈરયિકની કેટલા કાળની સ્થિતિ કહી છે ? જઘન્યથી અંતર્મૂહૂર્ત અને ઉત્કૃષ્ટથી પૂર્વકોટિ વર્ષની. ભવ્યદ્રવ્ય અસુરકુમારની સ્થિતિ જઘન્યથી અંત મૂહર્તની અને ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમની. યાવત્-સ્તનિતકુમારો સુધી જાણવું. હે ભગવન્ ! ભવ્યદ્રવ્યપૃથિવીકાયિકની સ્થિતિ કેટલી જઘન્યથી અંતર્મૂહૂર્તની અજે ઉત્કૃષ્ટથી કાંઈક અધિક બે સાગરોપમની. એ પ્રમાણે અપ્કાયિક સંબન્ધે પણ જાણવું. ભવ્યદ્રવ્યઅગ્નિકાયિક અને ભવ્યદ્રવ્ય વાયુકાયિક સંબન્ધે નૈરયિકની પેઠે સમજવું. વનસ્પતિકાયિક જે પૃથિવીકાયિક સમાન જાણવું. ભવ્ય દ્રવ્ય બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિયની સ્થિતિ નૈરયિકની પેઠે જાણવી. વળી ભવ્યદ્રવ્યપંચેન્દ્રિયતિર્યંચયોનિકની સ્થિતિ જઘન્યથીઅંતર્મૂહૂર્તની અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉત્કૃષ્ટથી તેત્રીશસાગરોપમની. એજ પ્રમાણે મનુષ્યવિષે જાણવું. વાનવ્યંતર, જ્યોતિષિક તથા વૈમાનિક અસુરકુમારની પેઠે સમજવા.

**શતકઃ૧૮-ઉદ્દેસો-૯ની મુનિ દીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેશકઃ ૧૦

[૭૫૩]રાજગૃહ નગરમાં ભગવાન્ ગૌતમ યાવત્-આ પ્રમાણે બોલ્યા કે, હે ભગવન્ ! ભાવિતાત્મા અનગાર, તરવારની ધાર ઉપર કે અસ્ત્રાની ધાર ઉપર રહે ? હે ગૌતમ ! હા રહે. હે ભગવન્ ! ત્યાં તે છેદાય કે ભેદાય ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ- નથી. ઈત્યાદિ બધી શતક-૫ પરમાણુપુદ્દલની વક્તવ્યતા યાવત્- 'ભાવિતાત્મા અનગાર ઉદકાવર્તમાં યાવત્-પ્રવેશ કરે ?-ઈત્યાદિ યાવત્ કહેવી.

[૭૫૪]પરમાણુપુદ્ગલ વાયુકાયવડે સ્પૃષ્ટ- છે કે વાયુકાય પરમાણુપુદ્ગલ વડે સ્પૃષ્ટ-છે ? પરમાણું પુદ્ગલ વાયુકાય વડે વ્યાપ્ત છે, પણ વાયુકાય પરમાણુપુદ્ગલ વડે વ્યાપ્ત નથી. દ્વિપ્રદેશિક સ્કંધ વાયુકાય વડે સ્પૃષ્ટ- છે કે વાયુકાય દ્વિપ્રદેશિક સ્કંધ વડે સ્પૃષ્ટ-છે ? પૂર્વ વત્ યાવત્-અસંખ્યાતપ્રદેશિકસ્કંધ સુધી સમજવું. અનંતપ્રદેશિક સ્કંધ વાયુકાયવડે સ્પૃષ્ટ છે-ઈત્યાદિ પ્રશ્ન. અનંતપ્રદેશિક સ્કંધ વાયુકાયવડે સ્પૃષ્ટ છે, પણ વાયુકાય અનંતપ્રદેશિક સ્કંધ વડે કદાચ સ્પૃષ્ટ હોય અને કદાચ સ્પૃષ્ટન હોય.હેભગવન્ ! બસ્તિવાયુકાયવડે સ્પૃષ્ટ છે પ્રશ્ન હે ગૌતમ ! બસ્તિ વાયુકાયવડે સ્પૃષ્ટ છે, પણ વાયુકાય બસ્તિ વડે સ્પૃષ્ટ- નથી.

[૭૫૫]હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથિવીની નીચે વર્ણથી કાળા, લીલાં, પીળાં, લાલ, અને ધોળાં, ગંધથી સુગંધી અને દુર્ગંધી રસથી કડવાં, તીખાં, તૂરાં, ખાટાં અને મીઠાં, સ્પર્શથી કર્કશ, કોમળ, ભારે હળવાં, ઠંઢા, ઉનાં, ચીકણાં અને લુખા દ્રવ્યો અન્યોન્ય બદ્ધ, અન્યોન્ય સ્પૃષ્ટ, યાવત્-અન્યોન્ય સંબદ્ધ થયેલાં છે ? હે ગૌતમ ! છે. એ પ્રમાણે યાવત્-અધઃસપ્તમપૃથિવી સુધી જાણવું. હે ભગવન્ ! સૌધર્મ કલ્પની નીચે-ઈત્યાદિ પ્રશ્ન. પૂર્વ પ્રમાણેજ યાવત્-ઈષત્પ્રગ્ભારા સુધી જાણવું. પછી છે.

[૭૫૬]તે કાળે તે સમયે વાણિજ્યગ્રામનગર હતું. દૂતિપલાશ ચૈત્ય હતું. તે વાણિજ્યગ્રામનગરમાં સોમિલબ્રાહ્મણ રહેતો હતો, તે આઢ્ય- યાવત્-અપરિભૂત- હતો, તથા ઋગ્વેદ યાવત્-બીજા બ્રાહ્મણના શાસ્ત્રોમાં કુશળ હતો. તે પાંચસો શિષ્યો તથા પોતાના કુટુંબનું અધિપતિપણું કરતો યાવત્-રહેતો હતો. ત્યારબાદ કોઈ દિવસે શ્રમણ ભગવંત મહાવીર ત્યાં સમોસર્યા. યાવત્-પર્ષદા પર્યુપાસના કરે છે. શ્રમણ ભગવંતમહાવીર આવ્યાની આ વાત સાંભળી તે સોમિલબ્રાહ્મણને આવા પ્રકારનો યાવત્-સંકલ્પ થયો કે, "એ પ્રમાણે શ્રમણ જ્ઞાતપુત્ર સુખપૂર્વક અહિં આવ્યા છે, અને યાવત્-દૂતિપલાશ ચૈત્યમાં યથાયોગ્ય અવગ્રહને ગ્રહણ કરી યાવત્-વિહરે છે, તો હું તે શ્રમણ જ્ઞાતપુત્રની પાસે જાઉં. અને તેને આ આવા પ્રકારના અર્થો, યાવત્ વ્યાકરણો- ઉત્તરો પૂછું. જો તે મને આવા પ્રકારના આ અર્થ અને યાવત્-પ્રશ્નના ઉત્તરો કહેશે તો તેમને વાંદીશ નમીશ, યાવત્-તેમની પર્યુપાસના કરીશ, જો મને આ અર્થો અને પ્રશ્નોત્તરો નહિ કહે તો આ અર્થ અને ઉત્તરો વડે નિરુત્તર કરીશ." એમ વિચારી શ્રમણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભગવંત મહાવીરની થોડે દૂર પાસે બેસી તેણે તેમને આ પ્રમાણે કહ્યું- હે ભગવન્ ! તમને યાત્રા, યાપનીય, અવ્યાબાધ અને પ્રાસુક વિહાર છે ? હે સોમિલ ! તપ, નિયમ, સંયમ, સ્વાધ્યાય, ધ્યાન અને આવશ્યકાદિક યોગોમાં જે મારી-પ્રવૃત્તિ છે તે મારી યાત્રા છે. હે ભગવન્ ! તમને યાપનીય એ શું છે ? હે સોમિલ ! યાપનીય બે પ્રકારનું છે,-ઈન્દ્રિયયાપનીય અને નોઈન્દ્રિયયાપનીય. શ્રોત્રેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેદ્રિય, જિહ્‌વેન્દ્રિય અને સ્પર્શનેન્દ્રિય-એ પાંચે ઈન્દ્રિયો ઉપઘાત રહિત મારે અધીન વર્તે છે તે મારે ઈન્દ્રયયાપનીય છે.

હે ભગવન્ ! નોઈન્દ્રિયયાપનીય એ શું ? હે સોમિલ ! જે મારા ક્રોધ, માન, માયા અને લોભ એ ચારે કષાયો વ્યુચ્છિન્ન થયેલા છે અને ઉદયમાં આવતા નથી તે નોઈંદ્રિય યાપનીય છે. હે ભગવન્ ! તમને અવ્યાબાધ એ શું છે ? જે મારા વાત, પિત્ત, કફ અને સંનિપાતજન્ય અનેક પ્રકારના શરીરસંબંધી દોષો-રોગાંતકો ઉપશાંત થયા છે અને ઉદયમાં આવતા નથી તે અવ્યાબાધ છે. તમારે પ્રાસુકવિહાર એ શું છે ? હે સોમિલ ! આરામો, ઉદ્યાનો, દેવકુલો, સભાઓ, પરબો તથા સ્ત્રી, પશું અને નપુંસકરહિત વસતિઓમાં નિર્દોષ અને એષણીય પીઠ, ફલક, શય્યા અને સંથારાને પ્રાપ્ત કરીને હું વિહરું છું તે પ્રાસુક વિહાર છે. સરિસવો આપને ભક્ષ્ય છે કે અભક્ષ્ય છે ? હે સોમિલ ! સરિસવ મારે ભક્ષ્ય પણ છે અને અભક્ષ્ય પણ છે. તારા બ્રાહ્મણના નયોમાં-શાસ્ત્રોમાં બે પ્રકારના સરિસવ કહ્યા છે,-મિત્રસરિસવ અને ધાન્યસરિસવ. તેમાં જે મિત્રસરિવસર છે તે ત્રણ પ્રકારના કહ્યા છે, -સહજાત-સાથે ઉછરેલા અને સાથે ધૂળમાં રમેલા. તે ત્રણે પ્રકારના સરિસવા સમાનવયસ્ક-મિત્રો શ્રમણ નિર્ગ્રન્થને અભક્ષ્ય છે. અને જે ધાન્યસરિસવ છે તે બે પ્રકારના કહ્યા છે. -શસ્ત્રપરિણત અને અશસ્ત્રપરિણત. તેમાં જે અશસ્ત્રપરિણત-તે શ્રમણનિર્ગ્રન્થોને અભક્ષ્ય છે. અને શસ્ત્રપરિણત બે પ્રકારના કહ્યા છે, -એષણીય- અને અનેષણીય- તેમાં જે અનેષણીય છે તે શ્રમણ નિર્ગ્રંથોને અભક્ષ્ય છે. વળી જે એષણીય સરિસવો છે તે બે પ્રકારના કહ્યા છે, યાંચિત-અયાચિત- તેમાં જે અયાચિત સરિસવ છે, તે શ્રમણ નિર્ગ્રન્થોને અભક્ષ્ય છે, અને જે યાચિત્ સરિસવ છે, તે બે પ્રકારના છે, -મળેલા અને નહિ મળેલા. તેમાં જે નહિ મળેલા છે તે અભક્ષ્ય છે, અને જે મળેલા છે તે શ્રમણ નિર્ગન્થોને ભક્ષ્ય છે.

હે ભગવન્ ! માસ તમારે ભક્ષ્ય છે કે અભક્ષ્ય છે ? હે સોમિલ ! માસ મારે ભક્ષ્ય પણ છે અને અભક્ષ્ય પણ છે. તારા બ્રાહ્મણના નયોમાં માસ બે પ્રકારના કહ્યા, દ્રવ્યમાસ અને કાલમાસ. તેમાં બે કાળમાસ છે તે શ્રાવણથી માંડી અષાઢ માસ સુધી બાર પ્રકારના છે, તે શ્રમણનિર્ગ્રન્થોને અભક્ષ્ય છે. તેમાં જે દ્રવ્યમાસ છે તે બે પ્રકારે છે, અર્થમાસ અને ધાન્ય માસ. તેમાં જે અર્થમાસ છે તે બે પ્રકારના સુવર્ણ માસઅને રૌપ્યમાસ. તે શ્રમણ નિર્ગ્રન્થનેઅભક્ષ્ય છે. વળી જે ધાન્યમાસ છે તે બે પ્રકારના છે-શસ્ત્રપરિણતઅને અશસ્ત્રપરિણત છે-ઈત્યાદિ જેમ ધાન્યસરસવ સંબંધે કહ્યું તેમ ધાન્યમાસ સંબન્ધે પણ જાણવું.

[૭૫૭]હે ભગવન્ ! આપને કુલત્થા ભક્ષ્ય છે કે અભક્ષ્ય છે ? હે સોમિલ ! બને. તારા બ્રાહ્મણશાસ્ત્રમાં કુલત્થાબેપ્રકારે છે સ્ત્રીકુલત્થા અને ધાન્યકુલત્થા તેમાં જે સ્ત્રીકુલત્થા છે તે ત્રણ પ્રકારે કુલકન્યકા, કુલવધૂ અને કુલમાતા. તે શ્રમણનિર્ગ્રન્થોને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અભક્ષ્યછે.તેમાં જે ધાન્યકુલત્થા છે-ઈત્યાદિ-વક્તવ્યતા ધાન્યસરિસવ પ્રમાણે જાણવી. આપ એક છો કે બે છો, અક્ષય છો, અવ્યય છો, અવસ્થિત છો કે અનેક ભૂત, વર્તમાન અને ભાવી પરિણામને યોગ્ય છો ? હે સોમિલ ! હું એક પણ છું, યાવત્-અનેક ભૂત, વર્તમાન અને ભાવી પરિણામોને યોગ્ય છું. હું દ્રવ્યરુપે એક છું અને જ્ઞાનરુપે અને દર્શન રુપે બે પ્રકારે પણ છું. પ્રદેશરુપે હું અક્ષય છું, અવ્યય છું અને અવસ્થિત પણ છું, ઉપયોગ ની દૃષ્ટિએ હું અનેક ભૂત વર્તમાન અને ભાવી પરિણામને યોગ્ય છું. અહિં સોમિલ બ્રાહ્મણ પ્રતિબોધ પામ્યો, ને તે શ્રમણ ભગવંતમહાવીરને વંદન-નમસ્કાર કરે છે-ઈત્યાદિ સ્કંદકની પેઠે કહેવું । હે દેવાનુપ્રિય ! આપની પાસે જેમ ઘણાં રાજેશ્વર-વગેરે ઈત્યાદિ રાજપ્રશ્નીય સૂત્રમાં ચિત્રકનું વર્ણન છે તેમ યાવત્-બાર પ્રકારનો શ્રાવક ધર્મ અંગીકર કરે છે' યાવત્ જીવાજીવાદિક તત્વોને જાણતો યાવત્-વિહરે છે. ગૌતમ બોલ્યા હે ભગવન્ ! સોમિલબ્રાહ્મણ આપ દેવાનુપ્રિયની પાસે મુંડ થઈ અનગારપણું લેવા સમર્થ છે-ઈત્યાદિ જેમ શંખ શ્રાવકની વક્તવ્યતા કહી છે તે પ્રમાણે યાવત્ 'સર્વ દુઃખોનો અંત કરશે' ત્યાં સુધી બધી વક્તવ્યતા કહેવી.

**શતકઃ૧૮-ઉદ્દેસોઃઃ૧૦ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

**શતકઃ૧૮-ગુર્જરછાયાપૂર્ણ**

## શતકઃ૧૯

### -: ઉદ્દેસકઃ૧-૨ :-

[૭૫૮]લેશ્યા, ગર્ભ,પૃથિવી, નારકો, ચરમ, દ્વીપભવન, નિવૃત્તિ, કરણ, અને વાન વ્યન્તર, દશ ઉદ્દેશકો છે.

[૭૫૯]ગૌતમ આ પ્રમાણે બોલ્યા હે ભગવન્ ! લેશ્યાઓ કેટલી કહી છે ? હે ગૌતમ ! પ્રજ્ઞાપના સૂત્રનો ચોથો લેશ્યા ઉદ્દેશક અહિં સમગ્ર કહેવો.

[૭૬૦]હે ભગવન્ ! લેશ્યાઓ કેટલી કહી છે ? એ પ્રમાણે પ્રજ્ઞાપના સૂત્રના સત્તરમાં પદનો છઠ્ઠો ગર્ભોદ્દિશક સમ્પૂર્ણ કહેવો.

**શતકઃ૧૯-ઉદ્દેસોઃઃ૧-૨ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

### ઉદ્દેશકઃ૩

[૭૬૧]હે ભગવન્ ! કદાચ બે યાવત્-ચાર પાંચ પૃથિવીકાયિકો એકઠા થઈને એક સાધારણ શરીર, બાંધ્યા પછી આહાર કરે પછી તે આહારને પરિણમાવે, અને ત્યાર બાદ શરીરનો બંધ કરે ? એ અર્થ સમર્થનથી. પૃથિવીકાયિકો પ્રત્યેક-જૂદો જૂદો આહાર કરવાવાળા અને તે આહારનો જૂદો જૂદો પરિણામ કરવાવાળા હોય છે, હે ભગવન્ ! તે પૃથિવીકાયિક જીવોને કેટલી લેશ્યાઓ કહી છે ? ચાર. કૃષ્ણલેશ્યા, યાવત્ તેજોલેશ્યા. તે જીવો સમ્યગ્દૃષ્ટિ છે, મિથ્યાદૃષ્ટિ છે કે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ છે ? હે ગૌતમ ! તેઓ સમ્યગ્દૃષ્ટિ નથી, મિશ્રદૃષ્ટિ નથી, પણ તેઓ મિથ્યાદૃષ્ટિ છે.

હે ભગવન્ ! શું તે (પૃથિવીકાયિક) જીવો જ્ઞાની છે કે અજ્ઞાની છે ? હે ગૌતમ ! તેઓ જ્ઞાની નથી, પણ અજ્ઞાની છે, અને તેઓને અવશ્ય બે અજ્ઞાન હોય છે.મતિઅજ્ઞાન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને શ્રુતઅજ્ઞાન. હે ભગવન્ ! શું તે પૃથિવીકાયિક જીવો મનોયોગી, વચનયોગી કે કાયયોગી છે ? હે ગૌતમ ! તેઓ કાયયોગવાળા છે. હે ભગવન્ ! શું તે જીવોને સાકાર-જ્ઞાનોપયોગ હોય છે કે નિરાકાર-દર્શનોપયોગ ઉપયોગ હોય છે ? હે ગૌતમ ! બંને. હે ભગવન્ ! તે જીવો કેવો આહાર કરે છે ? હે ગૌતમ ! તેઓ દ્રવ્યથી અનંત પ્રદેશવાળાં પુદ્ગલોનો આહાર કરે છે-ઈત્યાદિ બધું પ્રજ્ઞાપનાસૂત્રના પ્રથમ આહારોદ્દેશકમાં કહ્યા પ્રમાણે જાણવું. હે ભગવન્ ! તે જીવો જે આહાર કરે છે તેનો ચય થાય છે અને આહાર નથી કરતા તેનો ચય નથી થતો, તથા જે આહારનો ચય થયેલો હોય છે તે આહાર બહાર નીકળે છે અનેશરીર-ઈન્દ્રિયપણે પરિણમે છે ? હે ગૌતમ ! તેમજ છે. હે ભગવન્ ! તે જીવોને 'અમે આહાર કરીએ છીએ' એવીં સંજ્ઞા, પ્રજ્ઞા, મન અને વચન છે ? એ અર્થ યથાર્થ નથી. હે ભગવન્ ! તે જીવોને 'અમે ઈષ્ટ કે અનિષ્ટ સ્પર્શને અનુભવીએ છીએ' એની સંજ્ઞા, પ્રજ્ઞા, મન અને વચન છે ? એ અર્થ સમર્થ-યથાર્થ નથી. હે ભગવન્ ! 'તે પૃથિવી- કાયિક જીવો પ્રાણાતિપાત યાવત્-મિથ્યાદર્શન શલ્યમાં રહેલ એમકહેવાયછે ? હે ગૌતમ ! તે જીવો જે બીજા પૃથિવીકાયિકાદિ જીવોની હિંસાદિ કરે છે એમ કહેવાય છે તે જીવોને એવો ભેદ જ્ઞાત નથી.

હે ભગવન્ ! તે જીવો ક્યાંથી આવીને ઉત્પન્ન થાય?-ઈત્યાદિ. જેમ વ્યુત્ક્રાન્તિ પદમાં પૃથિવીકાયિકોનો ઉત્પાદ કહેલ છે તેમ અહિં કહેવો. તે પૃથિવીકાયિક જીવોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી બાવીશ હજાર. હે ભગવન્ ! તે જીવોને કેટલા સમુદ્ઘાત કહ્યા છે ? હે ગૌતમ ! ત્રણવેદના સમુદ્ઘાત, કષાય સમુદ્ઘાત અને મારણાન્તિક સમુદ્ઘાત. હે ભગવન્ ! શું તે જીવો મારણાન્તિક સમુદ્ઘાત કરીને મરે કે મારણાન્તિક સમુદ્ઘાત કર્યા સિવાય મરે ? બંને હે ભગવન્ ! તેઓ મરીને તુરત ક્યાં જાય, ક્યાં ઉત્પન્ન થાય ? વ્યુત્ક્રાન્તિ પદમાં કહ્યા પ્રમાણે. હે ભગવન્ ! કદાચ બે, ત્રણ કે પાંચ અપ્કાયિકો ભેગા થઈને એક સાધારણ શરીર બાંધે અને પછી આહાર કરે ? પૃથિવીકાયિકોને આશ્રયી જે પાઠ કહેવામાં આવેલ છે તે અહિં ઉદ્વર્તના દ્વાર સુધી કહેવો. પરન્તુ અપ્કાયિકોની સ્થિતિ ઉત્કૃષ્ટથી સાત હજાર વર્ષની જાણવી. હે ભગવન્ ! યાવત્-ચાર કે પાંચ અગ્નિકાયિક જીવો ભેગા થઈ એક સાધારણ શરીર બાંધે ઈત્યાદિ પૂર્વવત્ પ્રશ્ન અને ઉત્તર કહેવો. પરન્તુ વિશેષ એ છે કે તેઓનો ઉપપાત, સ્થિતિ અને ઉદ્વર્તના પ્રજ્ઞાપનાસૂત્રમાં કહ્યા પ્રમાણે જાણવા, વાયુકાયિકોને પણ એ પ્રમાણે જાણવું, પરન્તુ એટલો વિશેષ કે તેઓને ચાર સમુદ્ઘાત હોય છે. હે ભગવન્ ! કદાચ યાવત્-ચાર કે પાંચ વનસ્પતિકાયિકો ભેગા થઈને એક સાધારણ શરીર બાંધે ? ઈત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. પણ અનંતવનસ્પતિકાયિક જીવો ભેગા થઈને એક સાધારણ શરીર બાંધે છે, ઈત્યાદિ બધું અગ્નિકાયિકોની પેઠે યાવત્-'ઉદ્વર્તે છે ત્યાંસુધી' કહેવું. વિશેષ એ કે તેઓને આહાર અવશ્ય છ દિશાનો હોય છે, વળી તેઓની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ અન્તર્મૂહૂર્તની હોય છે.

[૭૬૨]હે ભગવન્ ! સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા પૃથિવીકાયિકો, યાવત્વનસ્પતિકાયિકોની કોની અવગાહનાકોનાથીયાવદ્-વિશેષાધિક છે?હે ગૌતમ ! અપર્યાપ્તસૂક્ષ્મનિગોદની જઘન્યઅવગાહના સૌથી થોડીછે, અપર્યાપ્તસૂક્ષ્મ વાયુકાયિકની જઘન્ય અવગાહના તેથી અસંખ્યગુણ છે, અપર્યાપ્તસૂક્ષ્મ અગ્નિકાયની જઘન્ય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અવગાહના તેથી અસંખ્યગુણછે, અપર્યાપ્ત સૂક્ષ્મ અપ્કાયની જઘન્ય અવ- ગાહના તેથી અસંખ્યગુણ છે, અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિકની જઘન્ય અવગાહના તેથી અસંખ્ય ગુણ છે.અપર્યાપ્ત બાદર વાયુકાયિકની જઘન્ય અવગાહના તેથી અસંખ્ય- ગુણ છે, તેથી અપર્યાપ્ત બાદર અગ્નિકાયની જઘન્ય અવગાહનાઅસંખ્યગુણછે,તેથી અપર્યાપ્ત બાદર અપ્કાયિકની જઘન્ય અવગાહના અસંખ્યગુણ છે, તેથી અપર્યાપ્ત બાદર પૃથિવીકાયિકની જઘન્ય અવગાહના અસંખ્યગુણ છે, તેથી પર્યાપ્ત અને અપર્યાપ્ત પ્રત્યેક શરીર વાળા બાદર વનસ્પતિકાયિકની અને બાદર નિગોદની જઘન્ય અવગાહના અસંખ્યાત ગુણ અને પરસ્પર સરખી છે. તેથી પર્યાપ્ત સૂક્ષ્મ નિગોદની જઘન્ય અવગાહના અસં ખ્યાત ગુણછેતેથી અપર્યાપ્તસૂક્ષ્મનિગોદની ઉત્કૃષ્ટ અવગાહના વિશેષાધિક છે, તેનાથી પર્યાપ્તસૂક્ષ્મનિગોદની ઉત્કૃષ્ટ અવગાહના વિશેષાધિક છે, તેથી પર્યાયસૂક્ષ્મવાયુકાયની જઘન્યઅવગાહના અસંખ્યાતગુણ છે, તેથી અપર્યાપ્ત સૂક્ષ્મવાયુકાયની ઉત્કૃષ્ટઅવગાહના વિશેષાધિક છે, તેનાથી અપર્યાપ્ત સૂક્ષ્મ વાયુકાયની પેઠે સૂક્ષ્મ અગ્નિકાય પર્યાપ્તની જઘન્ય અવગાહના અસંખ્યાતગૂણ, અને તેથી અપર્યાપ્ત સૂક્ષ્મ અગ્નિકાયની ઉત્કૃષ્ટ અવગાહનાઅનેપર્યાપ્તનીઉત્કૃષ્ટઅવગાહના ઉત્તરોઉત્તર વિશેષાધિક જાણવી. એમ સૂક્ષ્મઅપ્કાયઅનેસૂક્ષ્મ પૃથિવીકાયસંબંધે પણ જાણવું.એ પ્રમાણે બાદર વાયુકાયિક બાદર અગ્નિકાયિક બાદર અપ્કાયિક અને બાદર પૃથિવીકાયિક સંબંધે પણ સમજવું.એ બધાને એમ ત્રિવિધપાઠવડે કહેવું.તેથી પર્યાપ્તબાદર નિગોદની જઘન્ય અવગાહના અસંખ્યાતગુણ છે, તેથી અપર્યાપ્ત બાદર નિગોદની ઉત્કૃષ્ટઅવગાહના વિશેષાધિકછે, તેથી પર્યાપ્ત બાદર નિગોદની ઉત્કૃષ્ટ અવગાહના વિશેષાધિક છે, તેથી પ્રત્યેક શરીરવાળા પર્યાપ્ત બાદર વનસ્પતિકાયિકની જઘન્ય અવગાહના અસંખ્યાત ગુણ છે, તેથી પ્રત્યેક શરીરવાળા અપર્યાપ્ત બાદર વનસ્પતિકાયિકની ઉત્કૃષ્ટ અવગાહના અસંખ્યાતગુણ છે અને તેથી પ્રત્યેક શરીરવાળા બાદર વનસ્પતિકાયિકની ઉત્કૃષ્ટ અવગાહના અસંખ્યાતગુણ છે.

[૭૬૩]હે ભગવન્ ! પૃથિવીકાયિક, યાવત્ વનસ્પતિકાયિક એ બધામાં કઈ કાય સૌથી સૂક્ષ્મ અને સૂક્ષ્મતર છે ? હે ગૌતમ ! વનસ્પતિકાયિક સૌથી સૂક્ષ્મ અને સૂક્ષ્મતર છે. હે ભગવન્ ! એ પૃથિવીકાય, યાવત્ વાયુકાયમાં કઈ સર્વથી સૂક્ષ્મ અને સૂક્ષ્મતર છે ? હે ગૌતમ ! વાયુકાય સૌથી સૂક્ષ્મ અને સૂક્ષ્મતર છે. હે ભગવન્ ! એ પૃથિવીકાય, અપ્કાય અને તેજસ્કાયમાં પ્રશ્ન અગ્નિકાય સૌથી સૂક્ષ્મ અને સૂક્ષ્મતર છે. હે ભગવન્ ! એ પૃથિવીકાય,અપ્કાય સૌથી સૂક્ષ્મ અને સૂક્ષ્મતર છે. હે ભગવન્ એ પૃથિવીકાય, યાવત્ કઈ કાય સૌથી બાદર અને બાદરતર છે ? હે ગૌતમ ! વનસ્પતિકાય સૌથી બાદર અને બાદરતર છે. હે ભગવન્ ! એ પૃથિવીકાય, યાવત્ વાયુકાયમાં પ્રશ્ન પૃથિવીકાય સૌથી બાદર અને બાદરતર છે. હે ભગવન્ ! એ અપ્કાય, અગ્નિકાય, અને વાયુકાયમાં પ્રશ્ન અપ્કાય સૌથી બાદર અને બાદરતર છે. હે ભગવન્ ! એ અગ્નિકાય અને વાયુકાયમાં પ્રશ્ન અગ્નિકાય સૌથી બાદર અને બાદરતર છે.

[૭૬૪]હે ભગવન્ ! પૃથિવીકાયિકોનું કેટલું મોટું શરીર કહ્યું છે ? હે ગૌતમ ! અનંત સૂક્ષ્મ વનસ્પતિકાયિકોના જેટલાં શરીરો થાય તેટલું એક સૂક્ષ્મ વાયુકાયનું શરીર છે. અસંખ્ય સૂક્ષ્મ વાયુકાયનાં જેટલાં શરીરો થાય તેટલું એક સૂક્ષ્મ અગ્નિકાયનું શરીર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. અસંખ્ય સુક્ષ્મઅગ્નિકાયનાં જેટલાં શરીરો થાયછે, તેટલું એક સૂક્ષ્મ અપ્કાયનું શરીર છે, અસંખ્ય સૂક્ષ્મ અપ્કાયનાં જેટલાં શરીરો થાય તેટલું એક સૂક્ષ્મ પૃથિવીકાયનું શરીર છે, અસંખ્ય સૂક્ષ્મપૃથિવીકયનાં જેટલાં શરીરો થાય તેટલું એક બાદર વાયુકાયનું શરીર છે, અસંખ્ય બાદર વાયુકાયના જેટલાં શરીરો થાય તેટલું એક બાદર અગ્નિ કાયનું શરીર છે, અસંખ્ય બાદર અગ્નિકાયનાં જેટલાં શરીરો થાય, તેટલું એક બાદર અપ્કાયનું શરીર છે અને અસંખ્ય બાદર અપ્કાયનાં જેટલાં શરીરો થાય તેટલું એક બાદર પૃથિવીકાયનું શરીર છે.પૃથિવીકાયના શરીર કેટલી મોટી અવગાહના કહી છે ? હે ગૌતમ ! જેમકે કોઈ એક ચાર દિશાનાં સ્વામી ચક્રવર્તી રાજાની ચંદન ઘસનારી દાસી હોય, તે દાસી યુવાન, બલવાન, યુગવાન ઉંમર લાયક, નીરોગી-ઈત્યાદિ વર્ણન જાણવું, યાવત્-અત્યંત કલાકુશળ હોય, પરન્તુ 'ચમેષ્ટ, દ્રુઘણ, અને મૌષ્ટિકાદિ વ્યાયામ ના સાધનોથી મજબૂત થયેલા શરીરવાળી' એ વિશેષણ ન કહેવું. પૂર્વોક્ત એવી એ દાસી ચૂર્ણ વાટવાની વજ્રની કઠણ શિલા ઉપર વજ્રમય કઠણ પાષાણવડે લાખના દડા જેટલા એક મોટા પૃથિવીકાયના પિંડને લઈને તેને વારંવાર એકઠો કરી કરીને, તેનો સંક્ષેપ કરી કરીને વાટે, યાવત્-'આ તુરતમાં વાટી નાખું છું' એમ ધારી એકવીસ વાર પીસે, તો પણ હે ગૌતમ ! તેમાં કેટલાએક પૃથિવીકાયિકોને તે શિલા અને વાટવાના પાષાણનો માત્ર સ્પર્શ થાય છે અને કેટલાએકને સ્પર્શ પણ થતો નથી, કેટલાએકને સંઘર્ષ થાય છે અને કેટલા એકને સંઘર્ષ પણ થતો નથી, કેટલાએકને પીડા થાય છે અને કેટલા એકને પીડા પણ થતો નથી, કેટલાએક મરે છે અને કેટલાએક મરતા પણ નથી, તથા કેટલાએક પીસાયછેઅને કેટલા એક પીસાતા પણ નથી.પૃથિવીકાયના શરીરની એટલી અવગાહની કહી છે. હે ભગવન્ ! જ્યારે પૃથિવીકાય દબાય ત્યારે તે કેવી પીડાનો અનુ ભવ કરે ? હે ગૌતમ !જેમ કોઈ એક પુરુષ જુવાન, બલવાન, યાવત્-અત્યન્તકળા કુશળ હોય, તે બીજા કોઈ ઘડપણથી જીર્ણ થયેલા શરીરવાળા યાવત્-દુબળા ગ્લાન પુરષના માથામાં પોતાના બન્ને હાથે મારે તો તે પુરુષના બન્ને હાથના મારથી ઘવાયેલો તે વૃદ્ધ પુરુષ કેવી પીડા અનુભવે ? તે પૃથિવીકાય જ્યારે દબાય ત્યારે તે પુરુષની વેદના કરતાં પણ અનિષ્ટતર, અપ્રિય અને અણગમતી એવી ઘણી વેદના અનુભવે. હે ભગવન્ ! જ્યારે અપ્કાયિક જીવનો સ્પર્શ થાય ત્યારે હે ગૌતમ ! જેમ પૃથિવીકાય સંબંધે કહ્યું તેમ અપ્કાય સંબંધે પણ કહેવું, એ પ્રમાણે અગ્નિકાય, વાયુકાય, અને વનસ્પિકાય સંબંધે પણ જાણવું.

**શતકઃ૧૯-ઉદ્દેસોઃઃ૩ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેશકઃ૪

[૭૬૫]હે ભગવન્ ! નૈરયિકો મહાસ્રવ મોટી ક્રિયાવાળા, મોટી વેદનાવાળા અને મોટી નિર્જરાવાળા હોય ? એ અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! નૈરયિકો મોટા આસ્રવ વાળા, મોટી ક્રિયાવાળા, મોટી વેદનાવાળા અને થોડી નિર્જરાવાળા હોય ? હે ગૌતમ ! હા હોય. હે ભગવન્ ! નૈરયિકો મોટા આસ્રવવાળા, મટી ક્રિયાવાળા, અલ્પ વેદનાવાળા અને મોટી નિર્જરાવાળા હોય ? એ અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! નૈરયિકો મોટા આસ્રવ વાળા, મોટી ક્રિયાવાળા, અલ્પ વેદનાવાળા અને અલ્પ નિર્જરાવાળા હોય ? એ અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! નૈરયિકો મહાઆસ્રવવાળા, અલ્પ ક્રિયાવાળા, મોટી વેદના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાળા અને મોટી નિર્જરાવાળા હોય ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી.

હે ભગવન્ ! નૈરયિકો મોટા આશ્રવવાળા, અલ્પ ક્રિયાવાળા, મોટી વેદનાવાળા અને અલ્પ નિર્જરાવાળા હોય ? એ અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! નૈરયિકો મોટા આશ્રવ વાળા, અલ્પ ક્રિયાવાળા, અલ્પ વેદનાવાળા અને મહાનિર્જરાવાળા હોય ?એ અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! નૈરયિકો મોટા આશ્રવવાળા, અલ્પ ક્રિયાવાળા, અલ્પ વેદનાવાળા અને અલ્પ નિર્જરાવાળા હોય ? એ અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! નૈરયિકો અલ્પ આશ્રવ વાળા, મોટી ક્રિયાવાળા, મોટી વેદનાવાળા અને મોટી નિર્જરાવાળા હોય ? એ અર્થ સમર્થ નથી. હે ભગવન્ નૈરયિકો અલ્પ આશ્રવવાળા, મોટી ક્રિયાવાળા, મોટી વેદનાવાળા અને અલ્પ નિર્જરાવાળા હોય ? એ અર્થ સમર્થ નથી.

હે ભગવન્ ! નૈરયિકો અલ્પ આશ્રવવાળા, મોટી ક્રિયાવાળા, અલ્પ વેદનાવાળા અને મોટી નિર્જરાવાળા હોય ? એ અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! નૈરયિકો અલ્પ આશ્રવ વાળા, મોટી ક્રિયાવાળા,અલ્પ વેદનાવાળા અને અલ્પ નિર્જરાવાળા હોય?એ અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! નૈરયિકો અલ્પ આશ્રવવાળા, અલ્પ ક્રિયાવાળા, મોટી વેદનાવાળા અને મોટી નિર્જરાવાળા હોય ? એ અર્થ સમર્થ નથી. હે ભગવન્ નૈરયિકો અલ્પ આસ્રવ વાળા, અલ્પ ક્રિયાવાળા,મોટી વેદનાવાળા અને અલ્પ નિર્જરાવાળા હોય?એ અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! નૈરયિકો થોડા આશ્રવવાળા, થોડી ક્રિયાવાળા, થોડી વેદનાવાળા અને મોટી નિર્જરાવાળા હોય ? એ અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! નૈરયિકો અલ્પ આશ્રવ વાળા અલ્પ ક્રિયાવાળા અલ્પ વેદનાવાળા અને અલ્પ નિર્જરાવાળા હોય ? એ અર્થ સમર્થ નથી. એ પ્રમાણે સોળ ભાંગા જાણવા. હે ભગવન્ ! અસુરકુમારો મોટા આશ્રવવાળા, મોટી ક્રિયાવાળા, મોટી વેદનાવાળા અને મોટી નિર્જરાવાળા હોય ? એ અર્થ સમર્થ નથી. એ પ્રમાણે અહિં ચોથો ભાંગો કહેવો, અને બાકીના પંદર ભાંગાઓનો પ્રતિષેધ કરવો. એમ યાવત્-સ્તનિકતુમારો સુધી જાણવું. હે ભગવન્ ! પૃથિવીકાયિકો માટે આશ્રવ વાળા, મોટી ક્રિયાવાળા, મોટી વેદનાવાળા અને મોટી નિર્જરવાળા હોય ? હા હોય.-એ પ્રમાણે યાવત્- હે ભગવન્ ! પૃથિવીકાયિકો અલ્પ આશ્રવવાળા, અલ્પ ક્રિયાવાળા, અલ્પ વેદનાવાળા અને અલ્પ નિર્જરાવાળા હોય? ગૌતમ ! હા, હોય. એ પ્રમાણે યાવત્-મનુષ્યો સુધી જાણવું. વાનવ્યંતરો, જ્યોતિષિકો તથા વૈમાનિકો અસુરકુમારોની પેઠે કહેવા.

**શતકઃ૧૯-ઉદ્દેસોઃ:૪ની મુનિદીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેશકઃ૫

[૭૬૬] હે ભગવન્ ! નૈરયિકો ચરમ-અલ્પ આયુષવાળા અને પરમ-અધિક આયુષવાળા છે ? હે ગૌતમ ! છે. હે ભગવન્ ! ચરમ નૈરયિકો કરતાં પરમ નૈરયિકો મહા કર્મવાળા, મહાક્રિયાવાળા, મહાઆસ્રવવાળા, અને મહાવેદનાવાળા હોય છે ? તથા પરમ-અધિકસ્થિતિવાળા નૈરયિકો કરતાં ચરમ-અલ્પસ્થિતિવાળા નૈરયિકો અલ્પકર્મ વાળા, અલ્પક્રિયાવાળા, અલ્પઆસ્રવવાળા અને અલ્પવેદનાવાળા હોય છે?હા ગૌતમ ! હોય છે, શા હેતુથી એમ કહો છો ? હે ગૌતમ આયુષની સ્થિતિને આશ્રયી હે ભગવન્ ! અસુરકુમારો અલ્પઆયુષવાળા અને અધિક આયુષવાળા પણ હોય છે ? પૂર્વે કહ્યા પ્રમાણે જાણવું. પણ વિશેષ એ કે અહીં પૂર્વ કરતાં વિપરીત કહેવું. અધિકઆયુષવાળા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અસુરકુમારો અલ્પ કર્મવાળા, અને અલ્પ આયુષવાળા અસુરકુમારો મહાકર્મવાળા હોય છે. બાકી બધું તેજ પ્રમાણે કહેવું, યાવત્-સ્તનિતકુમારો સુધી જાણવું. જેમ નૈરયિકો કહ્યા તેમ પૃથિવીકાયિકાદિ યાવત્-મનુષ્યો સુધી કહેવા, અસુરકુમારોની પેઠે વાન વ્યંતરો, જ્યોતિષિકો, વૈમાનિકો કહેવા.

[૭૬૭]હે ભગવન્! વેદના કેટલા પ્રકારની ? હે ગૌતમ ! વેદના બે પ્રકારની . નિંદા જ્ઞાનપૂર્વક વેદના અને અનિંદા-અજ્ઞાનપૂર્વક વેદના. હે ભગવન્ ! શું નૈરયિકો જ્ઞાનપૂર્વક વેદનાને વેદે-કે અજ્ઞાનપૂર્વક ? પ્રજ્ઞાપનાસૂત્રમાં કહ્યા પ્રમાણે અહિં કહેવું. એ પ્રમાણે યાવત્-વૈમાનિકો સુધી જાણવું. 'હે ભગવન્ ! તે એમજ છે.

**શતકઃ૧૯-ઉદ્દેસોઃઃ૫ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેશકઃ ૬

[૭૬૮] હે ભગવન્ ! દ્વીપ અને સમુદ્રો ક્યાં કહ્યા છે, કેટલા કહ્યા છે, કેવા આકારે કહ્યા છે ? જીવા- ભિગમસૂત્રમાં કહેલ દ્વીપસમુદ્રોદ્દેશક યાવત્-પરિણામ, જીવનો ઉપપાત અને યાવત્-અનંતવાર' ઘટિત વાક્ય સુધી કહેવો.

**શતકઃ૧૯-ઉદ્દેસોઃઃ ૬ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેશકઃ૭

[૭૬૯]અસુરકુમારોના ભવનાવાસો કેટલા લાખ કહ્યા છે ? ચોસઠ લાખ. તે ભવનાવાસો કેવા છે ? હે ગૌતમ ! તે ભવનાવાસો સર્વરત્નમય, સ્વચ્છ, સુંવાળા, યાવત્-પ્રતિરુપ-સુન્દર છે અને ત્યાં ઘણાં જીવો અને પુદ્‌ગલો ઉપજે છે અને વિનાશ પામે છે, તથા ચ્યવે છે અને ઉપજે છે. તે ભવનો દ્રવ્યાર્થિકપણે શાશ્વત છે અને વર્ણ યાવત્-સ્પર્શપર્યાયોવડે અશાશ્વત છે. એ પ્રમાણે યાવત્-સ્તનિતકુમારો સુધી જાણવું.

હે ભગવન્ ! વાનવ્યન્તરોના ભૂમિની અન્તર્ગત કેટલા લાખ નગરો કહ્યાં છે ? અસંખ્યાતા. તે વાનવ્યન્તરના નગરો કેવાં છે ? પૂર્વ પ્રમાણે. જ્યોતિષિકના કેટલા લાખ વિમાનાવાસો કહ્યા છે ? અસંખ્યલાખ. તે વિમાનાવાસો કેવા છે ? હે ગૌતમ ! તે વિમાના વાસો બધા સ્ફટિકમય અને સ્વચ્છ છે. બાકી બધું પૂર્વ પ્રમાણે સૌધર્મ કલ્પમાં કેટલા લાખ વિમાનાવાસો કહ્યાં છે ? બત્રીશ લાખ. તે બધા વિમાનાવાસો કેવા છે ? હે ગૌતમ ! તે બધા સર્વ રત્નમય અને સ્વચ્છ છે. બાકી બધું પૂર્વ પ્રમાણે યાવત્-અનુત્તરવિમાન સુધી જાણવું, વિશેષ એ કે જ્યાં જેટલા ભવનો કે વિમાનો હોય ત્યાં તેટલાં કહેવા.

**શતકઃ૧૯-ઉદ્દેસોઃઃ૭ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેશકઃ૮

[૭૭૦]હે ભગવન્ ! જીવનિવૃત્તિ કેટલા પ્રકારની કહી છે ? પાંચ પ્રકારની. એકેન્દ્રિયજીવનિવૃત્તિ, યાવત્-પંચેન્દ્રિય- જીવનિવૃત્તિ. એકેન્દ્રિયજીવનિવૃત્તિ કેટલા પ્રકારની કહી છે ? પાંચ પ્રકારની. પૃથિવીકાયિક એકેન્દ્રિય જીવનિવૃત્તિ, યાવત્ વન સ્પતિકાયિક એકેન્દ્રિય જીવનિવૃત્તિ. પૃથિવીકાયિક એકેન્દ્રિય જીવનિવૃત્તિ કેટલા પ્રકાર ની કહી છે ? બે પ્રકારની. સૂક્ષ્મ- પૃથિવીકાયિક-એકેન્દ્રય જીવનિવૃત્તિ અને બાદર

જૈન સાઈટ JAINSITE

પૃથિવીકાયિક-એકેન્દ્રિયજીવનિવૃત્તિ. એ પ્રમાણે એ પાઠ વડે મહદ બંધના અધિકારમાં જેમ તૈજસશરીરનો ભેદ કહ્યો છે તેમ અહિં કહેવો. યાવત્ સર્વાર્થસિદ્ધ અનુત્તરૌપ પાતિક વૈમાનિક દેવપંચેન્દ્રિય જીવનિવૃત્તિ કેટલા પ્રકારે કહી છે ? બે પ્રકારે. પર્યાપ્ત સર્વાર્થસિદ્ધ અનુત્તરૌપપાતિક યાવત્-દેવપંચેન્દ્રિયજીવનિવૃત્તિ અને અપર્યાપ્ત સર્વાર્થ-સિદ્ધ અનુત્તરૌપપાતિક યાવત્-દેવપંચેન્દ્રિય જીવનિવૃત્તિ.

હે ભગવન્ ! કર્મનિવૃત્તિ કેટલા પ્રકારની કહી છે ? આઠ પ્રકારની. જ્ઞાનાવરણીય કર્મનિવૃત્તિ, યાવત્ અંતરાય કર્મનિ- વૃત્તિ. હે ભગવન્ ! નૈરયિકોને કેટલા પ્રકારની કર્મનિવૃત્તિ કહી છે, પૂર્વવત્ એ પ્રમાણે યાવત્-વૈમાનિક સુધી જાણવું. હે ભગવન્ ! શરીરનિવૃત્તિ કેટલા પ્રકારની કહી છે ? પાંચ પ્રકારની.ઔદારિકશરીરનિવૃત્તિ યાવત્-કાર્મણશરીરનિવૃત્તિ. હે ભગવન્ ! નૈરયિકોને શરીર નિવૃત્તિ પ્રશ્ન પૂર્વ પ્રમાણે.એ પ્રમાણે યાવદ્-વૈમાનિકોને જાણવું. વિશેષ એ કે, જેને જેટલાં શરીરો હોય તેને તેટલાં કહેવાં. હે ભગવન્ ! સર્વેન્દ્રિયનિવૃત્તિ કેટલા પ્રકારની કહી છે ? પાંચ પ્રકારની. શ્રોત્રે ન્દ્રિયનિવૃત્તિ યાવત્-સ્પર્શેન્દ્રિયનિવૃત્તિ. એ પ્રમાણે નૈર-યિકો યાવત્-સ્તનિતકુમારો સંબન્ધે જાણવું. હે ભગવન્ ! પૃથિવીકાયિકોને કેટલી ઈન્દ્રિયનિવૃત્તિ કહી છે ? એક સ્પર્શેન્દ્રિયનિવૃત્તિ. એ પ્રમાણે જેને જેટલી ઈન્દ્રિયો હોય તેને તેટલી ઈન્દ્રિયનિવૃત્તિ કહેવી. એ પ્રમાણે યાવત્-વૈમાનિકો સુધી જાણવું.

હે ભગવન્ ! ભાષાનિવૃત્તિ કેટલા પ્રકારની કહી છે ? ચાર પ્રકારની. સત્યભાષા નિવૃત્તિ, યાવત્ એ પ્રમાણે એકેન્દ્રિય સિવાય યાવત્-વૈમાનિકો સુધી જેને જે ભાષા હોય તેને તેટલી ભાષાનિવૃત્તિ કહેવી.મનોનિવૃત્તિ કેટલા પ્રકારની. પૂર્વવત્ એ પ્રમાણે એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય સિવાય યાવત્-વૈમાનિકો સુધી જાણવું. કષાય- નિવૃત્તિ ચાર પ્રકારની. ક્રોધકષાયનિવૃત્તિ, યાવત્-લોભકષાય- નિર્વૃત્તિ. એ પ્રમાણે-યાવત્-વૈમાનિક સુધી જાણવું. વર્ણનિર્વૃત્તિ પાંચ પ્રકારની. કાળાવર્ણની નિવૃત્તિ, યાવત્-શ્વેતવર્ણની નિર્વૃત્તિ. એ પ્રમાણે યાવત્-વૈમાનિકો સુધી જાણવું. એમ બે પ્રકારની ગંધનિર્વૃત્તિ, પાંચપ્રકારની રસનિર્વૃત્તિ અને આઠ પ્રકારની સ્પર્શનિર્વૃત્તિ યાવત્-વૈમાનિક સુધી કહેવી.

હે ભગવન્ ! સંસ્થાનનિર્વૃત્તિ કેટલા પ્રકારે કહી છે ? છ પ્રકારની. સમુચતુરસ્ર સંસ્થાનનિર્વૃત્તિ, યાવત્-હુંડસંસ્થાન- નિર્વૃત્તિ. હે ભગવન્ ! નૈરયિકોને કેટલી સંસ્થાન નિર્વૃત્તિ છે ? એક હુંડસંસ્થાનનિર્વૃત્તિ કહી છે. અસુરકુમાર સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! તેઓને એક સમચતુરસ્રસંસ્થાનનિર્વૃત્તિ છે. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમારો સુધી જાણવું. હે ભગવન્ ! પૃથિવીકાયિકોને આશ્રયી પ્રશ્ન. હે ગૌતમ ! તેઓને એક મસૂર અને ચંદ્રકાર- સંસ્થાનનિર્વૃત્તિ છે. એમ જેને જે સંસ્થાન હોય તેને તે યાવત્-વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્ ! સંજ્ઞાનિર્વૃત્તિ કેટલા પ્રકારે કહી છે ? ચાર પ્રકારે. આહારસંજ્ઞા નિર્વૃત્તિ, યાવત્-પરિગ્રહસંજ્ઞાનિર્વૃત્તિ. એ રીતે યાવત્-વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્ ! લેશ્યાનિર્વૃત્તિ કેટલા પ્રકારે કહી છે ? છ પ્રકારે. કૃષ્ણલેશ્યાનિર્વૃત્તિ, યાવત્-શુક્લ- લેશ્યાનિર્વૃત્તિ. એ પ્રમાણે યાવત્ વૈમાનિકો સુધી જેને જે લેશ્યા હોય તે તેને લેશ્યાનિર્વૃત્તિ કહેવી. હે ભગવન્ ! દૃષ્ટિનિર્વૃત્તિ કેટલા પ્રકારે કહી છે ? ત્રણ પ્રકારની. સમ્યગ્દૃષ્ટિનિર્વૃત્તિ, યાવત્ દૃષ્ટિનિર્વૃત્તિ. એ પ્રમાણે યાવત્-વૈમાનિકો સુધી જેને જે દૃષ્ટિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય તેને તે દૃષ્ટિનિર્વૃત્તિ કહેવી.

હે ભગવન્ ! જ્ઞાનનિર્વૃત્તિ કેટલા પ્રકારે કહી છે ? પાંચ પ્રકારની. આભિનિબોધિકજ્ઞાનનિર્વૃત્તિ, યાવત્-કેવલજ્ઞાન- નિર્વૃત્તિ. એ પ્રમાણે એકેન્દ્રિય સિવાય યાવત્-વૈમાનિકો સુધી જેને જેટલાં જ્ઞાન હોય તેને તેટલી નિર્વૃત્તિ કહેવી. અજ્ઞાનનિર્વૃત્તિ કેટલા પ્રકારની કહી છે. ત્રણ પ્રકારે. મતિઅજ્ઞાનનિર્વૃત્તિ, શ્રુતઅજ્ઞાન- નિર્વૃત્તિ અને વિભંગજ્ઞાન નિર્વૃત્તિ. એ પ્રમાણે યાવત્-વૈમાનિકો સુધી જેને જેટલાં અજ્ઞાનો હોય તેને તેટલી અજ્ઞાનનિર્વૃત્તિ કહેવી. યોગનિર્વૃત્તિ કેટલા પ્રકારે કહી છે ? ત્રણ પ્રકારે. મનોયોગ નિર્વૃત્તિ, યાવત્ કાયયોગનિર્વૃત્તિ. એ રીતે યાવત્ વૈમાનિકો સુધી જેને જેટલા યોગો હોય તેને તેટલી યોગનિર્વૃત્તિ કહેવી. ઉપયોગનિર્વૃત્તિ કેટલા પ્રકારે કહી છે ? બે પ્રકારની. સાકારોપ- યોગનિર્વૃત્તિ અને નિરાકારોપયોગનિર્વૃત્તિ એ પ્રમાણે યાવત્-વૈમાનિકો સુધી જાણવું.

[૭૭૧-૭૭૩]"જીવ, કર્મપ્રકૃતિ, શરીર, સર્વેન્દ્રિય, ભાષા, મન, કષાય, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સંસ્થાન, લેશ્યા, દૃષ્ટિ, જ્ઞાન, ઉપયોગ અને યોગ એ બધાની નિર્વૃત્તિ આ ઉદ્દેશકમાં કહી છે" 'હે ભગવન્ ! તે એમજ છે, હે ભગવન્ ! તે એમજ છે'.

**શતકઃ૧૯-ઉદ્દેસોઃઃ૮ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેશકઃ૯

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

[૭૭૪]હે ભગવન્ ! કરણ કેટલા પ્રકારે કહ્યું છે ? પાંચ પ્રકારે. દ્રવ્યકરણ, યાવત્ ભાવકરણ. હે ભગવન્ ! નૈરયિકોને કેટલા પ્રકારનું કરણ કહ્યું છે ? પાંચે પ્રકારનું. એ પ્રમાણે યાવત્-વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્ ! શરીરકરણ કેટલા પ્રકારનું કહ્યું છે ? પાંચ પ્રકારનું.ઔદારિકશરીરકરણ, યાવત્ કાર્મણશરીરકરણ. એ પ્રમાણે યાવત્-વૈમાનિકો સુધી જાણવું. જેને જેટલાં શરીરો હોય તેને તેટલાં શરીરકરણો કહેવા. હે ભગવન્ ! ઈંદ્રિયકરણ કેટલા પ્રકારનું કહ્યું છે ? પાંચ પ્રકારનું. શ્રોત્રેન્દ્રિયકરણ, યાવત્-સ્પર્શેન્દ્રિયકરણ. એ પ્રમાણે યાવત્-વૈમાનિકો સુધી જેને જેટલી ઈંદ્રિયો હોય તેને તેટલાં ઈંદ્રિયકરણ કહેવાં. એમ એ ક્રમવડે ચાર પ્રકારે ભાષાકરણ, ચાર પ્રકારે મનકરણ, ચાર પ્રકારે કષાયકરણ, સાત પ્રકારે સમુદ્ઘાતકરણ, ચાર પ્રકારે સંજ્ઞાકરણ, છ પ્રકારે લેશ્યાકરણ, અને ત્રણ પ્રકારે દૃષ્ટિકરણ કહેવું. વેદકરણ ત્રણપ્રકારનું છે, સ્ત્રીવેદકરણ, પુરુષવેદકરણ, અને નપુંસકવેદકરણ. એ સઘળું નૈરયિકોથી માંડી યાવત્-વૈમાનિકો સુધી જેને જે હોય તેને તે બધું કહેવું.

હે ભગવન્ ! પ્રાણાતિપાતકરણ કેટલા પ્રકારે કહ્યું છે ? પાંચ પ્રકારે. એકેન્દ્રિય પ્રાણાતિપાતકરણ, યાવત્-પંચેન્દ્રિયપ્રાણાતિપાતકરણ. એ પ્રમાણે સઘળું યાવત્-વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્ ! પુદ્ગલકરણ કેટલા પ્રકારે કહ્યું છે ? પાંચ પ્રકારે. વર્ણકરણ, ગંધકરણ, રસકરણ, સ્પર્શકરણ અને સંસ્થાનકરણ. હે ભગવન્ ! વર્ણકરણ કેટલા પ્રકારનું કહ્યું છે ? પાંચ પ્રકારનું. કૃષ્ણવર્ણકરણ, યાવત્-શ્વેતવર્ણકરણ. એ પ્રમાણે પુદ્ગલકરણના વર્ણાદિ ભેદો કહેવા. એમ બે પ્રકારે ગંધકરણ, પાંચ પ્રકારે રસકરણ અને આઠ પ્રકારે સ્પર્શકરણ અને સંસ્થાનકરણ પાંચ પ્રકારે કહ્યું છે.

[૭૭૫-૭૭૬]દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, ભવ, શરીર, કરણ ઈંદ્રિયકરણ ભાષા, મન,

કષાય, સમુદ્ઘાત, સંજ્ઞા, લેશ્યા, દૃષ્ટિ, છેદ પ્રાણાતિપાતકરણ, પુદ્ગલકરણ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સંસ્થાન-આટલી વસ્તુ કહી.

**શતકઃ૧૯-ઉદ્દેસોઃ:૯ની મુનિ દીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

**ઉદ્દેશકઃ૧૦**

[૭૭૭-૭૭૮]બધા વાનવ્યન્તરો સમાનઆહારવાળા હોય છે-ઈત્યાદિ પ્રશ્ન. સોળમાં શતકમાં દ્વીપકુમારોદ્દેશકમાં કહ્યા પ્રમાણે યાવત્-'અલ્પર્ધિક સુધી જાણવું.

**શતકઃ૧૯-ઉદ્દેસઃ૧૦ની મુનિ દીપરત્ન સાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

**શતકઃ૧૯-ગુર્જરછાયાપૂર્ણ**

**શતકઃ૨૦**

**-ઃ ઉદ્દેસઃ૧ઃ-**

[૭૭૯]બેઈન્દ્રિય, આકા, પ્રાણાતિપાતિ, ઈન્દ્રિયોપચય, પરમાણું, અન્ત, બન્ધ, 'ભૂમિ, ચારણા,અને સોપક્રમ એ દશ ઉદ્દેશકો છે.

[૭૮૦] હે ભગવન્ ! કદાચિત્-બે યાવત્-ચાર કે પાંચ બેઈન્દ્રિય જીવો એકઠા થઈને એક સાધારણ શરીર બાંધે, ત્યાર પછી આહાર કરે, તેને પરિણમાવે અને પછી વિશિષ્ટ શરીર બાંધે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. કારણ કે બેઈન્દ્રિય જીવો જુદા જુદા આહાર કરનારા અને તેના ભિન્ન ભિન્ન પરિણામ કરનારા હોય છે, બેઈન્દ્રિય જીવો-ને કેટલી લેશ્યાઓ કહી છે ? કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા અને કાપોતલેશ્યા, એ પ્રમાણે જેમ ઓગણીશમાં શતકમાં તેજસ્કાયિક જીવો વિષે કહ્યું છે, તેમ અહિં પણ યાવત્-'ઉદ્વર્તે' ત્યાં સુધી કહેવું. વિશેષ એ કે, બેઈન્દ્રિય જીવો સમ્યગ્દૃષ્ટિ પણ હોય છે અને મિથ્યાદૃષ્ટિ પણ હોય છે, પણ સમ્યગ્મિથ્યાદૃષ્ટિ હોતા નથી. તેઓને અવશ્ય બે જ્ઞાન કે બે અજ્ઞાન હોય છે, તેઓને મનોયોગ નથી, પણ વચનયોગ અને કાયયોગ હોય છે. તેઓને અવશ્ય છ દિશાનો આહાર હોય છે. હે ભગવન્ ! તે જીવોને 'અમે ઈષ્ટ અને અનિષ્ટ રસને તથા ઈષ્ટ અને અનિષ્ટ સ્પર્શને અનુભવીએ છીએ' એવી સંજ્ઞા, પ્રજ્ઞા, મન કે વચન હોય છે ? એ અર્થ સમર્થ નથી, તેઓની જઘન્ય સ્થિતિ-અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સ્થિતિ બાર વરસ ની છે. બાકીનું બધું પૂર્વ પ્રમાણે જાણવું. એ પ્રમાણે તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિય જીવો સંબંધે પણ કહેવું. માત્ર સ્થિતિમાં અને ઈન્દ્રિયોમાં વિશેષ છે, બાકી બધું પૂર્વ પ્રમાણે જાણવું. સ્થિતિ પ્રજ્ઞાપનનાસૂત્રમાં કહ્યા પ્રમાણે જાણવી.

હે ભગવન્ ! કદાચિત્ યાવત્-ચાર પાંચ પંચેન્દ્રિયો ભેગા મળીને એક સાધારણ શરીર બાંધે ? બધું બેઈન્દ્રિયોની પેઠે કહેવું. વિશેષ એ કે તેઓને છ એ લેશ્યાઓ હોય છે, સમ્યગ્, મિથ્યાત્વ અને મિશ્ર એ ત્રણે દૃષ્ટિ હોય છે, ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજનાએ-વિકલ્પે હોય છે અને યોગ ત્રણે હોય છે. હે ભગવન્ ! તે જીવોને 'અમે આહાર કરીએ છીએ'-એવી સંજ્ઞા, પ્રજ્ઞા, મન કે વચન હોય છે ? હે ગૌતમ ! કેટલાક જીવોને હોય છે, અને કેટલાંક જીવોને ન હોય. હે ભગવન્ ! તે જીવોને 'અમે ઈષ્ટ કે અનિષ્ટ રુપ, ગંધ, રસ અને સ્પર્શને અનુભવીએ છીએ'-એવી સંજ્ઞા, યાવત્-વચન હોય છે ? હે ગૌતમ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કેટલાએક જીવોને કેટલાએક જીવોને નથી હોતું. પણ તેઓ તે શબ્દ વગેરેનો અનુભવ તો કરે છે. હે ભગવન્ ! તે જીવો 'પ્રાણાતિપાતમાં રહેલા છે'-ઈત્યાદિ કહેવાય ? હે ગૌતમ ! તે જીવોમાંના કેટલાએક 'પ્રાણાતિપાતમાં યાવત્-મિથ્યાદર્શન- શલ્યમાં પણ રહેલા છે'- એમ કહેવાય છે અને કેટલાએક જીવો રહેલા છે'-એમ કહેવાતું નથી. જેમ જીવોના પ્રાણાતિપાત-હિંસા વગેરે તેઓ કરે છે, તે જીવોમાંના પણ કેટલાએક જીવોને 'અમે હણાઈએ છીએ અને આ અમારા ઘાતક છે' એવું ભેદજ્ઞાન હોય છે અને કેટલાએક જીવોને એવું ભેદજ્ઞાન હોતું નથી. તેમાં ઉપપાત સર્વજીવોથી યાવત્-સર્વાર્થસિદ્ધથી પણ હોય છે. સ્થિતિ જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી તેત્રીશ સાગરોપમ હોય છે. તેઓને (પંચેન્દ્રિયોને)કેવલિસમુદ્ઘાત સિવાય બાકીના છસમુદ્ઘાતોજાણવા. ઉદ્વર્તના મરીને તેઓ યાવત્-સર્વાર્થસિદ્ધ સુધી બધે જાય છે, બાકી બધું બેઈન્દ્રિયોની પેઠે જાણવું. હે ભગવન્ ! પૂર્વોક્ત બેઈન્દ્રિય યાવત્-પંચેન્દ્રિય જીવોમાં ક્યાં જીવો કોનાથી યાવત્-વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા પંચેન્દ્રિય જીવો છે, તેથી અનુક્રમે યાવત્ બેઈન્દ્રિય જીવો વિશેષાધિક છે. 'હે ભગવન્ ! તે એમજ છે, હે ભગવંન્ ! તે એમજ છે'

**શતકઃ૨૦-ઉદ્દેસોઃ૧ની મુનિદીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેશકઃ૨

[૭૮૧]હે ભગવન્ ! આકાશ કેટલા પ્રકારનું કહ્યું છે ? બે પ્રકારનું. લોકાકાશ અને અલોકાવાશ. હે ભગવન્ ! લોકાકાશ એ શું જીવરુપ છે, જીવદેશરુપ છે-ઈત્યાદિ બીજા શતકના અસ્તિ ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે અહિં કહેવું. ધર્માસ્તિકાય કેવડો મોટો છે ? ધર્માસ્તિકાય લોકરુપ, લોકમાત્ર, લોકપ્રમાણ અને લોક વડે સ્પર્શાયેલો છે અને લોકને અવગાહીને રહ્યો છે.' એ પ્રમાણે યાવત્-પુદ્ગલાસ્તિકાય સુધી જાણવું. હે ભગવન્ ! અધોલોક ધર્માસ્તિકાયના કેટલા ભાગને અવગાહીને રહ્યો છે ? કંઈક અધિક અર્ધ ભાગને અવગાહીને રહ્યો છે. એ પ્રમાણે જેમ બીજા શતકમાં કહ્યું છે તેમ અહિં કહેવું. યાવત્-ઈષત્પ્રાગ્ભારા પૃથિવીએ લોકાકાશનો સંખ્યાતમો ભાગ અવગાહ્યો નથી, પણ અસંખ્યાતમો ભાગ અવગાહ્યો છે, સંખ્યાતમા ભાગો અવગાહ્યા નથી, અસંખ્યાતમા ભાગો અવગાહ્યા નથી, તેમ સર્વ લોકને પણ અવગાહ્યો નથી.'

[૭૮૨]હે ભગવન્ ! ધર્માસ્તિકાયના અભિવચનો-કેટલાં કહ્યાં છે ? અનેક અભિવચનો કહ્યાં છે,ધર્મ,ધર્માસ્તિકાય, પ્રાણાતિપાતવિરમણ, મૃષાવાદવિરમણ, એ પ્રમાણે યાવત્-પરિગ્રહવિરમણ, ક્રોધનોત્યાગ,યાવત્-મિથ્યાદર્શનશલ્યનો ત્યાગ, ઈર્યાસમિતિ, યાવત્ ઉચ્ચાર-પ્રસ્રવણખેલજલ્લસિંઘાનકપારિષ્ઠપનિકાસમિતિ, મનગુપ્તિ, વચન ગુપ્તિ, કાયગુપ્તિ-એ બધાં અને તેનાં જેવા બીજા શબ્દો તે સર્વે ધર્માસ્તિકાયનાં અભિ વચનો છે. હે ભગવન્ ! અધર્માસ્તિકાયનાં કેટલાં અભિવચનો કહ્યાં છે ? અનેક અભિ વચનો કહ્યાં છે, અધર્મ, અધર્માસ્તિકાય, પ્રાણાતિપાત, યાવત્-મિથ્યાદર્શન-શલ્ય, ઈર્યાસંબંન્ધીઅસમિતિ, યાવત્- ઉચ્ચારણપ્રસ્રવણ-પારિષ્ઠાપનિકાસંબંન્ધી અસમિતિ, મનનીઅગુપ્તિ, કાયની અગુપ્તિ-એ-બધા અને તેનાં જેવાં બીજાં અનેક વચનો છે. હે ભગ વન્ ! આકાશાસ્તિ- કાય સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! તેનાં અનેક અભિવચનો કહ્યાં છે, આકાશ, આકાશાસ્તિકાય, ગગન, નભ, સમ, વિષમ, ખહ, વિહાય, વીચિ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિવર, અંબર,અંબરસ છિદ્ર, શુષિર, માર્ગ, વિમુખ અર્દ વ્યર્દ, આધાર, વ્યોમ, ભાજન, અંતરિક્ષ, શ્યામસ અવકાશાંતર, અગમ સ્ફટિક-સ્વચ્છ અને અનંત-એ બધાં અને તેના જેવા બીજા અનેક શબ્દો છે.

હે ભગવન્ ! જીવાસ્તિકાયનાં કેટલાં અભિવચનો કહ્યાં છે ? અનેક અભિ વચનો કહ્યાં છે, જીવ, જીવાસ્તિકાય, પ્રાણ, ભૂત, સત્વ, વિજ્ઞ, ચેતા જેતાં-આત્મા, રંગણ હિંડુક-પુદ્ગલ, માનવ કર્તા, વિકર્તા જગત્-જંતુ, યોનિ સ્વંયભૂતિ, શરીરી,નાયક-અને અન્તરાત્મા. એ બધાં અને તેના જેવા બીજા અનેક શબ્દો. પુદ્ગલાસ્તિકાય સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! તેનાં અનેક અભિવચનો કહ્યાં છે, પુદ્ગલ, પુદ્ગલાસ્તિકાય, પરમાણુંપુદ્ગલ, દ્વિપ્રદેશિક, ત્રિપ્રદેશિક, યાવત્-અસંખ્યાતપ્રદેશિક અને અનંતપ્રદેશિક સ્કંધ. એ બધાં અને તેનાં જેવાં બીજાં અનેક શબ્દો છે.

**શતકઃ૨૦-ઉદ્દેસઃ૨ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેશકઃ૩

[૭૮૩] હે ભગવન્ ! પ્રાણાતિપાત, યાવત્-મિથ્યાદર્શનશલ્ય, પ્રાણાતિપાતવિરમણ, યાવત્-મિથ્યાદર્શન શલ્યવિવેક ઔત્પત્તિકી, યાવત્-પારિણામિકી,અવગ્રહ, યાવત્ -ધારણા, ઉત્થાન, કર્મ, બળ, વીર્ય, પુરુષકારપરાક્રમ, નૈરયિકપણું, અસુરકુમાર પણું, યાવત્-વૈમાનિકપણું, જ્ઞાનાવરણીય, યાવત્-અંતરાય, કૃષ્ણલેશ્યા, યાવત્-શુક્લ લેશ્યા,સમ્યગ્દૃષ્ટિ,મિથ્યાદૃષ્ટિ,મિશ્રદૃષ્ટિ, ચક્ષુદર્શન, યાવત્ કેવલ દર્શન, આભિનિબોધિકજ્ઞાન, યાવત્-વિભંગજ્ઞાન, આહારસંજ્ઞા, યાવત્, મૈથુનસંજ્ઞા, ઔદારિકશરીર, યાવત્-કાર્મણશરીર, મનોયોગ, વચનયોગ, કાય યોગ, સાકાર ઉપયોગ અને નિરાકાર ઉપયોગ,એ બધાં અને બીજાં અને જેવા ધર્મો આત્મા સિવાયઅન્યત્ર પરિણમતા નથી ? હે ગૌતમ ! ના, બીજે પરિણમતા નથી.

[૭૮૪] હે ભગવન્ ! ગર્ભમાં ઉત્પન્ન થતો જીવ કેટલા વર્ણ, ગંધ, રસ અને સ્પર્શવાળા પરિણામ વડે પરિણમે છે ? બારમાં શતકમાં કહ્યા પ્રમાણે અહિં કહેવું. યાવત્-કર્મથી જગત્ છે, કર્મ સિવાય, તેનો વિવિધરુપે પરિણામ થતો નથી.

**શતકઃ૨૦-ઉદ્દેસો-૩ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેશકઃ૪

[૭૮૫] ઈન્દ્રિયોપચય કેટલા પ્રકારનો કહ્યો છે ? પાંચ પ્રકારનો. શ્રોત્રેન્દ્રિયોપચય-ઈત્યાદિ પ્રજ્ઞાપનાના ઈન્દ્રિયઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે કહેવું.

**શતકઃ૨૦-ઉદ્દેસોઃઃ૪ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેશકઃ૫

[૭૮૬]હે ભગવન્ ! પરમાણુપુદ્ગલ કેટલા વર્ણવાળો, કેટલા ગંધવાળો, કેટલા રસવાળો અને કેટલા સ્પર્શવાળા છે ? હે ગૌતમ ! તે એક વર્ણવાળો, એક ગંધવાળો, એક રસવાળો અને બે સ્પર્શવાળો છે. તે આ પ્રમાણે-જો તે એક વર્ણવાળો હોય તો, કદાચ કાળો, યાવત્ ધોળો હોય. જો તે એક ગંધવાળો હોય તો કદાચ સુગંધી અને કદાચ દુર્ગંધી

હોય. જો તે એક રસવાળો હોય તો કદાચ કડવો, યાવત્ કદાચ મધુર હોય જો તે બે સ્પર્શવાળો હોય તો કદાચ શીત અને સ્નિગ્ધ, કદાચ શીત અને રુક્ષ, કદાચ ઉષ્ણ અને સ્નિગ્ધ, કદાચ ઉષ્ણ અને રુક્ષ હોય. હે ભગવન્ ! દ્વિપ્રદેશિક સ્કંધ કેટલા વર્ણવાળા હોય-ઈત્યાદિ પ્રશ્ન. અઢારમાં શતકમાં છઠ્ઠા ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે કહેવું, યાવત્-'તે કદાચ ચાર સ્પર્શવાળો હોય.' જો તે એક વર્ણવાળો હોય તો કદાચ કાળો હોય અને યાવત્-કદાચ ધોળો હોય જો તે બે વર્ણવાળો હોય તો કદાચ કાળો અને લીલો, કદાચ પીળો અને ધોળો હોય. એ પ્રમાણે દ્વિકસંયોગી દશ ભંગા જાણવા. જો તે ગંધવાળો હોય તો કદાચ સુગંધી હોય અને કદાચ દુર્ગંધી હોય. જો તે બે ગંધવાળો હોય તો સુગંધી અને દુર્ગન્ધી બન્ને ગંધ વાળો હોય. જેમ વર્ણોમાં ભાંગા કહ્યા, તેમ રસોમાં પણ ભાંગાઓ જાણવા. હવે જો તે બે સ્પર્શવાળો હોય તો તે કદાચ સર્વશીત હોય અને તેનો એક દેશ ભાગ સ્નિગ્ધ હોય અને એક દેશ શીત અને એક દેશ ઉષ્ણ હોય, અથવા કદાચ સર્વ રુક્ષ હોય અને એક દેશ શીત અનેએકદેશ ઉષ્ણ હોય. હવે જો તે ચાર સ્પર્શવાળો હોય તો તેનો એક દેશ શીત, એક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ અને એક દેશ રુક્ષ હોય. એ પ્રમાણે સ્પર્શના નવ ભાંગા જાણવા.

હે ભગવન્ ! ત્રિપ્રદેશિક સ્કંધ કેટલા વર્ણવાળો હોય-ઈત્યાદિ પ્રશ્ન. જેમ અઢારમા શતકના છઠ્ઠા ઉદ્દેશકમાં કહ્યું છે તેમ કહેવું. જો એક વર્ણવાળો હોય તો કદાચ કાળો હોય અને યાવત્-કદાચ ધોળો પણ હોય. જો તે બે વર્ણવાળો હોય તો તેનો એક અંશ કદાચ કાળો અને એક અંશ લીલો હોય, કદાચ તેનો એક અંશ કાળો અને બીજા બે અંશો લીલા હોય, કદાચ બે દેશો કાળા અને એક દેશ લીલો હોય. કદાચ એક અંશ કાળો અને એક અંશ રાતો હોય. અથવા કદાચ તેનો એક દેશ કાળો અને અનેક દેશો રાતા હોય. કદાચ અનેક દેશો કાળા અને એક દેશ રાતો હોય. એ પ્રમાણે બધા મળીને દસ દ્વિક સંયોગના ત્રીશ ભાંગા થાય છે. હવે જો તે ત્રિપ્રદેશિકસ્કંધ ત્રણ વર્ણવાળો હોય તો કદાચ કાળો, લીલો અને રાતો, કદાચ કાળો, લીલો અને પીળો, કદાચ કાળો, લીલો અને ધોળો, કદાચ કાળો, રાતો અને પીળો, કદાચ કાળો, રાતો અને ધોળો, કદાચ કાળો, પીળો અને ધોળો હોય. એ પ્રમાણે એ દસ ત્રિકસંયોગી ભાંગાઓ જાણવા. હવે તો એક ગંધવાળો હોય તો કદાચ સુગંધી હોય અને કદાચ દુર્ગંધી હોય. જો બે ગંધવાળો હોય તો કદાચ સુગંધી અને દુર્ગંધી હોય. અહિં એક વચન અને બહુ વચનને આશ્રયી ત્રણ ભાંગા જાણવા.જેમ વર્ણને આશ્રયી ભાંગા કહ્યાં, તેમ રસોને આશ્રયીને પણ ભાંગા જાણવા. જો તે બે સ્પર્શવાળા હોય તો કદાચ શીત અને સ્નિગ્ધ હોય-ઈત્યાદિ ચાર ભાંગા દ્વિપ્રદેશિકસ્કંધની પેઠે અહિં કહેવા. જો ત્રણ સ્પર્શવાળો હોય તો સર્વ શીત અને તેનો એક દેશ સ્નિગ્ધ અને એક દેશ રુક્ષ હોય. અથવા સર્વ શીત, એક દેશ સ્નિગ્ધ અને અનેક દેશો રુક્ષ હોય. અથવા સર્વ શીત, અનેક દેશો સ્નિગ્ધ અને એક દેશ રુક્ષ હોય. કદાચ સર્વ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ અને એક દેશ રુક્ષ હોય. અહિં પણ પૂર્વ પ્રમાણે ત્રણ ભાંગા જાણવા. જો તે ચાર સ્પર્શ વાળો હોય તો તેનો એક દેશ શીત, એક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ અને એક દેશ રુક્ષ હોય. એ પ્રમાણે એકવચન તથા બહુવચનને આશ્રીને બધાં ભેદ કહેવા એ પ્રમાણે આ ત્રિપ્રદેશિક સ્કંધને વિષે સ્પર્શોના બધા મળીને પચીશ ભાંગા થાય.

હે ભગવન્ ! ચતુષ્પ્રદેશિક સ્કંધ કેટલા વર્ણવાળો હોય-ઈત્યાદિ પ્રશ્ન. જેમ અઢારમાં શતકમાં કહ્યું છે, તે પ્રમાણે અહિં કહેવું. જો તે એક વર્ણવાળો હોય તો તે કદાચ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાળો હોય અને યાવત્-ધોળો હોય જો તે બે વર્ણવાળો હોય તો કદાચ તેનો એક અંશ કાળો અને એક અંશ લીલો હોય, કદાચ તેનો એક દેશ કાળો અને અનેક દેશો લીલા હોય. કદાચ અનેક દેશો કાળા અને એક દેશ લીલો હોય. દ્વિકસંયોગના ચાલીશ ભાંગા થાય છે. જો તે ત્રણ વર્ણવાળો હોય તો કદાચ કાળો, લીલો અને રાતો હોય. અથવા એક દેશ કાળો, એક દેશ લીલો અને અનેક દેશો રાતા હોય. અથવા એક દેશ કાળો, અનેક દેશો લીલા અને એક દેશ રાતો હોય. અથવા અનેક દેશો કાળા, એક દેશ લીલો અને એક દેશ રાતો હોય. એ પ્રમાણે એક ત્રિકસંયોગીની ચતુર્ભંગી જાણવી. એજ પ્રમાણે સર્વે વર્ણના મળીને દશ ત્રિકસંયોગ થાય એ બધા મળીને ચાલીશ ભાંગા થાય છે. જો તે ચાર વર્ણવાળો હોય તો કદાચ કાળો, લીલો, રાતો અને પીળો હોય. કદાચ કાળો, લીલો, રાતો અને ધોળો હોય. અથવા કદાચ કાળો, લીલો, પીળો અને ધોળો હોય. અથવા કદાચ કાળો, રાતો, પીળો, અને ધોળો હોય. અથવા કદાચ લીલો, રાતો, પીળો અને ધોળો હોય. એ પ્રમાણે બધા મળીને બધા મળીને ચતુષ્કસંયોગના પાંચ ભાંગ થાય છે અને બધા મળીને વર્ણને આશ્રયી નેવું ભાંગા થાય છે.

જો તે ચતુઃપ્રદેશિક સ્કન્ધ એક ગંધવાળો હોય તો કદાચ સુગંધી હોય અને કદાચ દુર્ગંધી હોય. જો બે ગંધવાળો હોય તો તે કદાચ સુગંધી અને દુર્ગંધી હોય. જેમ વર્ણોના ભાંગાઓ કહ્યા તેમ રસોના ભાંગાઓ જાણવા. જો બે સ્પર્શવાળો હોય તો તેના પરમાણુપુદ્ગલની પેઠે (ચાર) ભાંગા કહેવા. જો તે ત્રણ સ્પર્શવાળો હોય તો સર્વ શીત હોય અને તેનો એક દેશ સ્નિગ્ધ અને એક દેશ રુક્ષ હોય. એ પ્રમાણે યાવત્ બધા મળીને ત્રણ સ્પર્શના સોળ ભાંગા થાય છે. કદાચ ચાર સ્પર્શવાળો હોય તો તેનો એક દેશ શીત, એક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ અને એક દેશ રુક્ષ હોય. એ પ્રમાણે એકવચન અને બહુવચનને આશ્રીને યાવત્ સ્પર્શના સોળ ભાંગા કહેવા. યાવત્- (દ્વિક સંયોગી, ત્રિકસંયોગી, અને ચતુઃસંયોગી) સ્પર્શ સંબંધે છત્રીશ ભાંગા થાય છે.

હે ભગવન્!પાંચ પ્રદેશવાળો સ્કંધ કેટલા વર્ણવાળો હોય-ઈત્યાદિ પ્રશ્ન.હેગૌતમ ! અઢારમાં શતકમાં કહ્યાં પ્રમાણે યાવત્-'તે કદાચ ચાર સ્પર્શવાળો કહ્યો છે' ત્યાં સુધી જાણવું. જો તે એક વર્ણવાળો કે બે વર્ણવાળો હોય તો ચાર પ્રદેશવાળા સ્કન્ધની પેઠે તેના ભાંગા જાણવા. જો તે ત્રણ વર્ણવાળો હોય તો કદાચ તેનો એક દેશ કાળો, એક દેશ લીલો અને એક દેશ રાતો હોય.એ પ્રમાણે સર્વે વર્ણના એકવચન તથા બહુવચન આશ્રીને દશ ત્રિકસંયોગના સીત્તેર ભાંગા થાય છે. હવે જો તે ચાર સ્પર્શવાળો હોય તો કદાચ એક દેશ કાળો, એક દેશ લીલો, એક દેશ રાતો અને એક દેશ પીળો હોય. એ પ્રમાણે સર્વે વર્ણના એકવચન બહુવચન ને આશ્રીને ચતુઃસંયોગના પચીશ ભાંગા થાય છે. વળી જો તે પાંચ વર્ણવાળો હોય તો કાળો,લીલો,રાતો, પીળો અને ધોળા હોય. એ પ્રમાણે અસંયોગી, દ્વિક સંયોગી,ત્રિકસંયોગી,ચતુઃ-સંયોગી, અને પંચસંયોગી-એમ બધા મળીને વર્ણના ભાંગા થાય છે.ગંધ સંબંધે ચતુષ્પ્રદેશિક સ્કંધની પેઠે છ ભાંગા જાણવા. અને વર્ણોની પેઠે રસનાપણ ભાંગા જાણવા.તેમજસ્પર્શનાભાંગાપણ ચતુષ્પ્રદેશિક સ્કંધની પેઠે જાણવા.

હે ભગવન્ ! છ પ્રદેશવાળો સ્કંધ કેટલા વર્ણવાળો હોય ?-ઈત્યાદિ પ્રશ્ન. જેમ પંચપ્રદેશિક સ્કન્ધ માટે કહ્યું છે તેમ તે યાવત્-'કદાચ ચાર સ્પર્શવાળો હોય' ત્યાં સુધી બધું કહેવું. જો તે એક કે બે વર્ણવાળો હોય તો એક વર્ણ અને બે વર્ણના ભાંગા પંચપ્રદેશિ-

જૈન સાઈટ JAINSITE જૈનાજ્ઞાન શાળા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કની પેઠે જાણવા. જો ત્રણ વર્ણવાળો હોય તો કદાચ કાળો, લીલો અને રાતો હોય, એ પ્રમાણે પંચ પ્રદેશિક સ્કંધના સાત ભાંગા કહ્યા છે તેમ અહિં કહેવા. યાવત્-' એક ત્રિકસંયોગના આઠ ભાંગા જાણવા. એવા દશ ત્રિક સંયો- ગના એંશી ભાંગા થાય. જો તે ચાર વર્ણવાળો હોય તો કદાચ એક દેશ કાળો, લીલો, રાતો અને પીળો હોય,એ પ્રમાણે સર્વ વર્ણના એક તથા બહુવચન આશ્રીને ચતુઃસંયોગી અગીયાર ભાંગા થયા. એવા પાંચ ચતુઃસંયોગ ના પંચાવન ભાંગા થાય છે. હવે જો તે પાંચવર્ણવાળો હોય તો કદાચ એક દેશ કાળો, લીલો, રાતો, પીળો અને ધોળો હોય, એ પ્રમાણે એક તથા બહુવચનને આશ્રીને છ ભાંગા સમજવા. એ પ્રમાણે (અસંયોગી, દ્વિકસંયોગી, ત્રિકસંયોગી, ચતુઃ સંયોગી અને પંચસં-યોગી-સર્વ મળીને વર્ણને આશ્રયી) ભાંગા થાય છે. ગંધ સંબંધે પંચપ્રદેશિકની પેઠે ભાંગા જાણવા, રસો વર્ણોની પેઠે જાણવા. અને સ્પર્શના ચતુષ્પ્રદે શિક સ્કંધની પેઠે ભાંગા જાણવા.

હે ભગવન્ ! સાત પ્રદેશવાળો સ્કંધ કેટલા વર્ણવાળો હોય ?-ઈત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! જેમ પંચપ્રદેશિક સ્કંધ સંબંધે કહ્યું તેમ અહિં પણ કહેવું. યાવત્-'કદાચ ચાર સ્પર્શવાળો.' જો તે એક વર્ણવાળો-ઈત્યાદિ હોય તો એક વર્ણ, બે વર્ણ અને ત્રણ વર્ણના ભાંગા છ પ્રદેશિક સ્કંધની પેઠે જાણવા. હવે જો તે કદાચ ચાર વર્ણવાળો હોય તો કદાચ એક દેશ કાળો, લીલો, રાતો અને પીળો હોય.,એ પ્રમાણે એક તથા બહુવચનને આશ્રીને ચતુષ્કસંયોગમાં પંદર ભાંગા કહેવા, પાંચ ચતુષ્કસંયોગ થઈને કુલ પંચોત્તેર ભાંગા થાય છે. જો તે પાંચવર્ણવાળો હોય તો કદાચ એક દેશ કાળો, લીલો, રાતો, પીળો, અને ધોળો હોય, એ રીતે એક તથા બહુ વચનને આશ્રીને સોળ ભાંગાઓ થાય છે. અસંયોગી, દ્વિકસંયોગી, ત્રિકસંયોગિ, ચતુષ્કસંયોગી અને પંચસંયોગી સોળ. બધા મળીને વર્ણને આશ્રયી બસો ને સોળ ભાંગા થાય છે. ગંધ સંબંધે ચતુષ્પ્રદેશિક સ્કંધની પેઠે જાણવું. અહિં જેમ વર્ણના કહ્યા તેમ રસના ભાંગા જાણવા અને સ્પર્શના ભાંગા ચતુષ્પ્રદેશિક સ્કંધની પેઠે જાણવા.

હે ભગવન્ ! આઠ પ્રદેશવાલો સ્કંધ કેટલા વર્ણવાળો હોય ?-ઈત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! તે કદાચ એક વર્ણવાળો હોય-ઈત્યાદિ સપ્તપ્રદેશિક સ્કંધની પેઠે યાવત્-કદાચ 'ચાર સ્પર્શવાળો હોય વગેરે કહેવું.' હવે જો તે એક વર્ણવાળો-ઈત્યાદિ હોય તો તેના એક વર્ણ, બે વર્ણ અને ત્રણ વર્ણના ભાંગાઓ સપ્તપ્રદેશિક સ્કંધની પેઠે સમજવા. જો તે ચારવર્ણવાળો હોય તો, કદાચ તેનો એક દેશ કાળો, લીલો, રાતો અને પીળો હોય. કદાચ તેનો એક દેશ કાળો, લીલો, રાતો અને અનેક દેશો પીળા હોય. એ પ્રમાણે સપ્તપ્રદેશિક સ્કંધની પેઠે પંદર ભાંગા જાણવા, સોળમો ભંગ-કદાચ અનેક દેશો કાળા, લીલા, રાતા અને પીળા હોય. એક ચતુષ્કસંયોગમાં સોળ ભાંગાઓ થાય છે. બધા મળીને પાંચ ચતુષ્કસંયોગના સોળ એંશી ભાંગા થાય છે. હવે જો તે પાંચ વર્ણવાળો હોય તો કદાચ એક દેશ કાળો, લીલો, રાતો, પીળો, અને ધોળો હોય, કદાચ એક દેશ કાળો, લીલો, રાતો, પીળો અને અનેક દેશો ધોળા હોય. એ પ્રમાણે અનુક્રમે ભાંગાઓ કહેવા, એ પ્રમાણે એ પંચ સંયોગના પૂર્વોક્ત છવ્વીસ ભાંગાઓ થાય છે. અને પૂર્વોપર બધા મળીને અસંયોગી, દ્વિકસંયોગી, ત્રિકસંયોગી, ચતુઃસંયોગી અને પંચસંયોગી-એમ વર્ણના બસો ને એકત્રીશ ભાંગાઓ થાય છે. ગંધ સંબંધે સપ્તપ્રદેશિકની પેઠે ભાંગાઓ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમજવા. વર્ણોની પેઠે રસો કહેવો, અને સ્પર્શના ભાંગા ચતુષ્પ્રદેશિકની પેઠે કહેવા.

હે ભગવન્ ! નવ પ્રદેશિક સ્કંધ કેટલા વર્ણવાળો હોય ?-ઈત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! અષ્ટપ્રદેશિક સ્કંધની પેઠે કદાચ એક વર્ણવાળો યાવત્-'કદાચ ચાર સ્પર્શવાળો હોય છે.' જો તે એક વર્ણવાળો ઈત્યાદિ હોય તો એક, બે, ત્રણ અને ચાર વર્ણના ભાંગાઓ અષ્ટપ્રદેશિક સ્કંધની પેઠે જાણવા. હવે જો તે પાંચવર્ણવાળો હોય તો કદાચ એક દેશ કાળો, લીલો, રાતો, પીળો અને ધોળો હોય, એ પ્રમાણે ક્રમ પૂર્વક એકત્રીશ ભાંગાઓ કહેવા. એમ વર્ણને આશ્રયી અસંયોગી, દ્વિકસંયોગી, ત્રિકસંયોગી, ચતુઃસંયોગી અને પંચસંયોગી-બધા મળીને બસો ને છત્રીસ ભાંગા થાય છે. ગંધસંબંધે અષ્ટપ્રદેશિકની જેમ કહેવું. રસ સંબંધે પોતાના વર્ણની જેમ જાણવું અને સ્પર્શ સંબંધે ચતુષ્પ્રદેશિક સ્કંધની પેઠે કહેવું.

હે ભગવન્ ! દશપ્રદેશિક સ્કંધ સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! નવપ્રદેશિક સ્કંધની પેઠે કદાચ એક વર્ણવાળો હોય, યાવત્-કદાચ ચાર સ્પર્શવાળો હોય. જો તે એક વર્ણવાળો ઈત્યાદિ હોય તો, એક, બે, ત્રણ અને ચાર વર્ણ સંબંધે નવપ્રદેશિક સ્કંધની જેમ કહેવું. જો તે પાંચ વર્ણવાળો હોય તો પણ નવપ્રદેશિકની પેઠે જ જાણવું. પણ વિશેષ એ કે, અહિં બત્રીશમો ભાંગો અધિક કહેવો. એ પ્રમાણે અસંયોગી, દ્વિકસંયોગી, ત્રિકસંયોગી, ચતુઃસંયોગી અને પંચસંયોગી-બધા મળીને બસોને સાડત્રીશ ભાંગા થાય છે. ગંધ સંબંધે નવપ્રદેશિક સ્કન્ધની પેઠે ભાંગા કહેવા. રસના ભાંગા પોતાના વર્ણની પેઠે જાણવા. અને સ્પર્શ સંબંધી ભાંગા ચતુષ્પ્રદેશિક પેઠે જાણવા. જેમ દશપ્રદેશિક સ્કંધ કહ્યો તેમ સંખ્યાતપ્રદેશિક, અસંખ્યાતપ્રદેશિક અને સૂક્ષ્મ- પરિણામવાળો અનંત પ્રદેશિક સ્કંધ પણ જાણવો.

જૈન સાઈટ JAINSITE.com

[૭૮૭] હે ભગવન્ ! બાદરપરિણામવાળો (સ્થૂળ) અનંતપ્રદેશિક સ્કંધ કેટલા વર્ણવાળો હોય ?-ઈત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! અઢારમાં શતકમાં કહ્યા પ્રમાણે યાવત્-'તે કદાચ આઠ સ્પર્શવાળો પણ કહ્યો છે' ત્યાં સુધી જાણવું. તેના વર્ણ, ગંધ અને રસના ભાંગાઓ દશપ્રદેશિક સ્કંધની પેઠે જાણવા. હવે જો તે ચારસ્પર્શવાળો હોય તો, કદાચ સર્વ કર્કશ, સર્વ ગુરુ, સર્વ શીત અને સર્વ સ્નિગ્ધ હોય, કદાચ સર્વ કર્કશ, સર્વ ગુરુ, સર્વ શીત અને સર્વ રુક્ષ હોય, કદાચ સર્વ કર્કશ, સર્વ ગુરુ, સર્વ ઉષ્ણ અને સર્વ સ્નિગ્ધ હોય, કદાચ સર્વ કર્કશ, સર્વ ગુરુ, સર્વ ઉષ્ણ અને સર્વ રુક્ષ હોય, કદાચ સર્વ કર્કશ, સર્વ લઘુ, સર્વ શીત અને સર્વ સ્નિગ્ધ હોય, કદાચ સર્વ કર્કશ, સર્વ લઘુ સર્વ સર્વ શીત અને સર્વ રુક્ષ હોય, કદાચ સર્વ કર્કશ, સર્વ લઘુ, સર્વ ઉષ્ણ અને સર્વ સ્નિગ્ધ હોય, કદાચ સર્વ કર્કશ, સર્વ લઘુ, સર્વ ઉષ્ણ અને સર્વ રુક્ષ હોય, કદાચ સર્વ મૃદુ-કોમળ, સર્વ ગુરુ, સર્વ શીત અને સર્વ સ્નિગ્ધ હોય, કદાચ સર્વ મૃદુ, સર્વ ગુરુ, સર્વ શીત અને સર્વ રુક્ષ હોય, કદાચ સર્વ મૃદુ, સર્વ ગુરુ, સર્વ ઉષ્ણ અને સર્વ સ્નિગ્ધ હોય, કદાચ સર્વ મૃદુ, સર્વ ગુરુ, સર્વ ઉષ્ણ અને સર્વ રુક્ષ હોય, કદાચ સર્વ મૃદુ, સર્વ લઘુ, સર્વ શીત અને સર્વ સ્નિગ્ધ હોય, કદાચ સર્વ મૃદુ, સર્વ લઘુ, સર્વ શીત અને સર્વ રુક્ષ હોય, કદાચ સર્વ મૃદુ, સર્વ લઘુ, સર્વ મૃદુ, સર્વ લઘુ, સર્વ ઉષ્ણ અને સર્વ સ્નિગ્ધ હોય, કદાચ સર્વ મૃદુ, સર્વ લઘુ, સર્વ ઉષ્ણ અને સર્વ રુક્ષ હોય. એ સોળ ભાંગાઓ જાણવા.

હવે જો તે પાંચસ્પર્શવાળો હોય તો સર્વ કર્કશ, સર્વ ગુરુ, સર્વ શીત, એક દેશ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્નિગ્ધ અને એક દેશ રુક્ષ હોય, અથવા સર્વ કર્કશ, સર્વ ગુરુ, સર્વ શીત, એક દેશ સ્નિગ્ધ અને અનેક દેશો રુક્ષ હોય, અથવા સર્વ કર્કશ, સર્વ ગુરુ, સર્વ શીત, અનેક દેશો સ્નિગ્ધ અને એક દેશ રુક્ષ હોય, અથવા સર્વ કર્કશ, સર્વ ગુરુસ સર્વ શીત, અનેક દેશો સ્નિગ્ધ અને અનેક દેશો રુક્ષ હોય, અથવા કદાચ સર્વ કર્કશ, સર્વ ગુરુ, ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ અને એક દેશ રુક્ષ હોય, (અહિં ઉપર પ્રમાણે ચાર ભાંગા જાણવા.) યાવત્ એ પ્રમાણે બધાં સ્પર્શ ને એક તથા બહુવચન આશ્રીને બધાં મળીને પાંચ સ્પર્શનો એકસોને અઠ્યાવીશ ભાંગા થાય છે.

હવે જો તે છ સ્પર્શવાળો હોય તો સર્વ કર્કશ, સર્વ ગુરુ, એક દેશ શીત, એક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ અને એક દેશ રુક્ષ હોય, કદાચ સર્વ કર્કશ, સર્વ ગુરુ, એક દેશ શીત, એક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ અને અનેક દેશો રુક્ષ હોય, એ પ્રમાણે યાવત્-યાવત્-કદાચ સર્વ ઉષ્ણ, સર્વ રુક્ષ અનેક દેશો કર્કશ, અનેક દેશો મૃદુ, અનેક દેશો ગુરુ અને અનેક દેશો લઘુ હોય. એ પ્રમાણે અહિં પણ ચોસઠ ભાંગા જાણવા. તે બધા મળીને છ સ્પર્શ સંબંધે કુલ ૩૮૪ ભાંગા થાય છે.

હવે જો તે સાત સ્પર્શવાળો હોય તો સર્વ કર્કશ, એક દેશ ગુરુ, એક દેશ લઘુ, એક દેશ શીત, એક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ અને એક દેશ રુક્ષ હોય, કદાચ સર્વ કર્કશ, એક દેશ ગુરુ, એક દેશ લઘુ, એક દેશ શીત, એક દેશ ઉષ્ણ, અનેક દેશો સ્નિગ્ધ અને અનેક દેશો રુક્ષ હોય. (એ પ્રમાણે ચાર ભાંગા કરવા.) યાવત્ એ પ્રમાણે એક દેશ તથા અનેક દેશને આશ્રીને સોળ ભાંગા અહિં પણ કહેવા. કદાચ સર્વ કર્કશ, અનેક દેશો ગુરુ, એક દેશ લઘુ, એક દેશ શીત, એક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ અને એક દેશ રુક્ષ હોય. અહિં પણ સોળ ભાંગા કહેવા. કદાચ સર્વ કર્કશ, અનેક દેશો ગુરુ, અનેક દેશો લઘુ, એક દેશ શીત, એક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ અને એક દેશ રુક્ષ હોય. એ પણ સોળ ભાંગા કહેવા. એ પ્રમાણે એ ચોસઠ ભાંગા 'કર્કશ' સાથે કહ્યાં. એ રીતે દરેક સ્પર્શ સાથે ગણતા યાવત્-સર્વ રુક્ષ, અનેક દેશો મૃદુ, અનેક દેશો ગુરુ, અનેક દેશો લઘુ, અનેક દેશો શીત અને અનેક દેશો ઉષ્ણ હોય. એ રીતે બધા મળીને સાત સ્પર્શના પાંચસોને બાર ભાંગા થાય છે.

જો તે આઠ સ્પર્શવાળો હોય તો કદાચ એક દેશ કર્કશ, એક દેશ મૃદુ, એક દેશ ગુરુ, એક દેશ લઘુ, એક દેશ શીત, એક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ અને એક દેશ રુક્ષ હોય. (અહિં ચાર ભાંગા કરવા.) એ પ્રમાણે ચાર ચતુષ્કના સોળ ભાંગા કરવા. કદાચ એક દેશ કર્કશ, એક દેશ મૃદુ, એક દેવ ગરુ, અનેક દેશો લઘુ, એક દેશ શીત, એક દેશ ઉષ્ણ, એક દેશ સ્નિગ્ધ અને એક દેશ રુક્ષ હોય. એ પ્રમાણે 'ગુરુ' ને એક વચનમાં અને 'લઘુ'ને બહુવચનમાં રાખી (ઉપરના જ) સોળ ભાંગા કરવા. પ્રમાણે એ બધા મળીને ચોસઠ ભાંગા 'કર્કશ અને મૃદુ' ને એક વચનમાં રાખવાથી થાય. તેમાં કર્કશને એક વચનમાં અને મૃદુને અનેક વચનમાં રાખી એજ પ્રમાણે બીજા ચોસઠ ભાંગા કરવા. વળી તેમાં કર્કશને બહુવચનમાં અને મૃદુને એક વચનમાં રાખી પુનઃ ચોસઠ ભાંગા કરવા. વળી પણ કર્કશ અને મૃદુ બંન્નેને બહુસંખ્યામાં રાખી બીજા ચોસઠ ભાંગા કરવા. એ બધા મળીને આઠ સ્પર્શને બસો ને છપ્પન્ન ભાંગા થાય છે. એ પ્રમાણે બાદર પરિણામવાળા અનંતપ્રદેશિક સ્કંધમાં સ્પર્શના સર્વ સંયોગોને આશ્રયી બધા મળીને ૧૨૯૬ ભાંગા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થાય છે.

[૭૮૮]હે ભગવન્ ! પરમાણુ કેટલા પ્રકારનો કહ્યો છે ? ચાર પ્રકારનો, દ્રવ્યપર માણુ, યાવત્ ભાવ- પરમાણુ. હે ભગવન્ ! દ્રવ્યપરમાણુ કેટલા પ્રકારનો કહ્યો છે ? ચાર પ્રકારનો. અછેદ્ય,અભેદ્ય, અદાહ્ય અને અગ્રાહ્ય. હે ભગવન્ ! ક્ષેત્રપરમાણુ કેટલા પ્રકારનો કહ્યો છે?ચાર પ્રકારનો.અનર્ધ, અમધ્ય, અપ્રદેશ અને અવિભાગ. હે ભગવન્ ! કાલપરમાણુકેટલાપ્રકારનોકહ્યોછે?ચારપ્રકારનો.અવર્ણ,અગંધ,અરસ અને અસ્પર્શ. હે ભગવન્ ! ભાવપરમાણુ કેટલા પ્રકારનો કહ્યો છે ? હે ગૌતમ ! ચાર પ્રકારનો. વર્ણવાળો, ગંધવાળો, રસવાળો, સ્પર્શ- વાળો. હે ભગવન્ ! તે એમજ છે.

**શતકઃ૨૦-ઉદ્દેસોઃઃ૫ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેશકઃ૬

[૭૮૯]હે ભગવન્ ! જે પૃથિવીકાયિક જીવ, આ રત્નપ્રભાપૃથિવી અને શર્કરા-પ્રભાપૃથિવીની વચ્ચે મરણસમુદ્ઘાત કરીને સૌધર્મકલ્પમાં પૃથિવીકાયિકપણે ઉત્પન્ન થવાને યોગ્ય છે, તે શું પહેલાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, તે શું પહેલાં ઉત્પન્ન થઈ પછી આહાર કરે કે પહેલાં આહાર કરીને પછી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! તે બંને રીતે આહાર કરે-ઈત્યાદિ સત્તરમાં શતકના છઠ્ઠા ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે કહેવી. પણ વિશેષ એ કે, ત્યાં પૃથિવીકાયિકો 'સંપ્રાપ્ત કરે-પુદ્દલગ્રહણ કરે' એ કથન છે અને અહિં 'આહાર કરે' એમ કહેવાનું છે. હે ભગવન્ જે પૃથિવીકાયિક આ રત્નપ્રભા અને શર્કરાપ્રભાપૃથિવીની વચ્ચે મરણસમુદ્ઘાત કરીને ઈશાનકલ્પમાં પૃથિવીકાયિકપણે ઉત્પન્ન થવાને યોગ્ય છે, તે શું પહેલાં ઉત્પન્ન થાય અને પછી આહાર કરે-ઈત્યાદિ પ્રશ્ન. પૂર્વ પ્રમાણે જાણવું. એ પ્રમાણે યાવત્-ઈષત્પ્રાગ્ભારા પૃથિવી સુધી ઉપપાત કહેવો. હે ભગવન્ ! જે પૃથિવી-કાયિક શર્કરાપ્રભા અને વાલુકાપ્રભા પૃથિવીની વચ્ચે મરણસમુદ્ઘાત કરીને સૌધર્મ-કલ્પમાં યાવત્ ઈષત્પ્રાગ્ભારા પૃથિવીમાં ઉત્પન્ન થવાને યોગ્ય હોય-ઈત્યાદિ પ્રશ્ન અને ઉત્તર પૂર્વવત્ જાણવો. એ પ્રમાણે એ ક્રમવડે યાવત્-તમા અને અધઃસપ્તમ પૃથિવીની વચ્ચે મરણસમુદ્ઘાતપૂર્વક પૃથિવીકાયિકનો સૌધર્મકલ્પમાં યાવત્-ઈષત્પ્રા- ગ્ભારા પૃથિવીમાં ઉપપાત કહેવો. હે ભગવન્ ! જે પૃથિવીકાયિક સૌધર્મ-ઈશાન અને સનત્કુ માર-માહેન્દ્રકલ્પની વચ્ચે મરણસમુદ્ઘાત કરીને આ રત્નપ્રભા પૃથિવીમાં પૃથિવી કાયિકપણે ઉત્પન્ન થવાને યોગ્ય હોય તે શું પહેલાં ઉત્પન્ન થઈને પછી આહાર કરે તે પહેલાં આહાર કરીને પછી ઉત્પન્ન થાય ? બધુ પૂર્વ પ્રમાણે જાણવું. હે ભગવન્ ! જે પૃથિવીકાયિક સૌધર્મ-ઈશાન અને સનત્કુમાર-માહેન્દ્ર કલ્પની વચ્ચે મરણસમુદ્ઘાત કરીને શર્કરા- પ્રભા પૃથિવીમાં પૃથિવીકાયિકપણે ઉત્પન્ન થવાને યોગ્ય હોય-ઈત્યાદિ પ્રશ્ન. પૂર્વ પ્રમાણે જાણવું. તે પ્રમાણે યાવત્- અધઃસપ્તમ પૃથિવી સુધી ઉપપાત કહેવો. એમ સનત્કુમાર માહેન્દ્ર અને બ્રહ્મલોક કલ્પની વચ્ચે મરણસમુદ્ઘાત કરી પુનઃ યાવત્-અધઃસપ્તમ નરક સુધી, એમ લાંતક અને મહાશુક્ર કલ્પની વચ્ચે, મહાશુક્ર અને સહસ્રાર કલ્પની વચ્ચે, સહસ્રાર અને આનત-પ્રાણતકલ્પની વચ્ચે, આનત-પ્રાણત અને આરણ અચ્યુતકલ્પનીવચ્ચે,આરણ-અચ્યુતઅને ગ્રૈવેયકવિમાનની વચ્ચે, ગ્રૈવેયકવિમાન અને અનુત્તરવિમાનની વચ્ચે તથા અનુત્તરવિમાન અને ઈષત્પ્રાગ્ભારા પૃથિવીના વચ્ચે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મરણસમુદ્ઘાત કરવાપૂર્વક રત્નપ્રભાથી આરંભી અધઃસપ્તમ પૃથિવી સુધી પૃથિવી કાયિકનો ઉપપાત કહેવો.

[૭૯૦]હે ભગવન્ ! જે અપ્કાયિક આ રત્નપ્રભા અને શર્કરપ્રભા પૃથિવીની વચ્ચે મરણસમુદ્ઘાત કરીને સૌધર્મકલ્પમાં અપ્કાયિકપણ ઉત્પન્ન થવાને યોગ્ય છે-ઈત્યાદિ બધું પૃથિવીકાયિકની પેઠે જાણવું એ પ્રમાણે પહેલા અને બીજી પૃથિવીની વચ્ચે મરણ સમુદ્ઘાતને પ્રાપ્ત થયેલ અપ્કાયિકનો યાવત્-ઈષત્પ્રાગ્ભારા પૃથિવી સુધી ઉપપાત કહેવો. એ પ્રમાણે એ ક્રમ વડે યાવત્-તમા અને અધઃસપ્તમ પૃથિવીની વચ્ચે મરણસમુદ્ઘાતને પ્રાપ્ત થયેલ અપ્કાયિકનો યાવત્-ઈષત્પ્રાગ્ભારા પૃથિવી સુધી અપ્કાયિકપણે ઉપપાત કહેવો.

હે ભગવન્ ! જે અપ્કાયિક સૌધર્મ-ઈશાન અને સનત્કુમાર-માહેન્દ્રકલ્પની વચ્ચે મરણસમુદ્ઘાત કરીને આ રત્નપ્રભાપૃથિવીમાં ઘનોદધિ અને ઘનોદધિવલયોમાં અપ્કાયિકપણે ઉત્પન્ન થવાને યોગ્ય છે-ઈત્યાદિ બધું પૂર્વવત્ કહેવું. એ પ્રમાણે પૂર્વે કહેલા આંતરાઓમાં મરણસમુદ્ઘાતને પ્રાપ્ત થયેલ અપ્કાયિકનો અધઃસપ્તમ પૃથિવી સુધીના ઘનોદધિઅનેઘનોદધિવલયોમાં અપ્કાયિકપણે ઉપપાત કહેવો યાવત્-અનુત્તર વિમાન અને ઈષત્પ્રાગ્ભારા પૃથિવીની વચ્ચે મરણસમુદ્ઘાતને પ્રાપ્ત થયેલ અપ્કાયિકને યાવત્-સાતમી પૃથિવી સુધી ઘનોદધિ અને ઘનોદધિવલયોમાં અપ્કાયિ- પણે ઉપપાત કહેવો.

[૭૯૧]જે વાયુકાયિક આ રત્નપ્રભા અને શર્કરાપ્રભા પૃથિવીની વચ્ચે મરણ સમુદ્ઘાત કરીને સૌધર્મકલ્પમાં વાયુકાયિકપણે ઉત્પન્ન થવાને યોગ્ય છે-ઈત્યાદિ પ્રશ્ન. જેમ સત્તરમાં શતકના વાયુકાયિક ઉદ્દેશકમાં કહ્યું છે તે પ્રમાણે અહિં પણ કહેવું વિશેષ એ કે, રત્નપ્રભાદિ પૃથિવાઓના અંતરામાં મરણ સમુદ્ઘાતસંબન્ધે કહેવું. એ પ્રમાણે યાવત્-અનુત્તર વિમાન અને ઈષત્પ્રાગ્ભારાપૃથિવીની વચ્ચે મરણસમુદ્ઘાત કરીને જે વાયુકાયિક ઘનવાત અને તનુવાતમાં તથા ઘનવાત અને તનુવાતમાં વલયોમાં વાયુ કાયિકપણે ઉત્પન્ન થવાને યોગ્ય હોય-ઈત્યાદિ બધું પૂર્વવત.

**શતકઃ૨૦-ઉદ્દેસોઃ૬ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેશકઃ૭

[૭૯૨]હે ભગવન્ ! બંધ કેટલા પ્રકારનો કહ્યો છે ? ત્રણ પ્રકારનો. જીવ-પ્રયોગ બંધ,અનંતરબંધ અને પરપરબંધ.હે ભગવન્!નૈરયિકોને કેટલા પ્રકારનો બંધ કહ્યો છે ? પૂર્વ પ્રમાણે જાણવું. એમ યાવત્-વૈમાનિકો સુધી કહેવું. હે ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મનો બંધ કેટલા પ્રકારનો કહ્યો છે ? પૂર્વપ્રમાણે ત્રણ પ્રકારના. હે ભગવન્ ! નૈરયિકોને જ્ઞાનાવરણીય કર્મનો બંધ કેટલા પ્રકારનો કહ્યો છે ? પૂર્વ પ્રમાણે જાણવું. એ પ્રમાણે યાવત્-વૈમાનિકો સુધી જ્ઞાનાવરણીયનો બંધ કહેવો. એ રીતે યાવત્-અંતરાય કર્મનો બંધ પણ જાણવો. હે ભગવન્ ! જ્ઞાનાવરણીયોદય કર્મનો બંધ કેટલા પ્રકારનો કહ્યો છે ? હે ગૌતમ ! પૂર્વની પેઠે ત્રણ પ્રકારનો. એ પ્રમાણે નૈરયિકો અને યાવત્-વૈમાનિકોને પણ બંધ કહેવો. એમ યાવત્-અંતરાયોદય કર્મનો બંધ પણ જાણવો.

હે ભગવન્ ! સ્ત્રીવેદનો બંધ કેટલા પ્રકારનો કહ્યો છે ? હે ગૌતમ ! પૂર્વ પ્રમાણે ત્રણ પ્રકારનો. અસુરકુમારોને સ્ત્રીવેદનો બંધ કેટલા પ્રકારનો કહ્યો છે ? હે ગૌતમ ! પૂર્વની

પેઠે ત્રણ પ્રકારનો કહ્યો છે, એ પ્રમાણે યાવત્-વૈમાનિકો સુધી જાણવું. વિશેષ એ કે, જેને સ્ત્રીવેદ હોય તેને તે કહેવો. એમ પુરુષવેદ અને નપુંસકવેદ સંબંધે પણ એ પ્રમાણે યાવત્-વૈમાનિકો સુધી કહેવું. વિશેષ એ કે જેને જે વેદ હોય તેને તે કહેવો. હે ભગવન્ ! દર્શનમોહનીયકર્મનો બંધ કેટલા પ્રકારનો કહ્યો છે ? હે ગૌતમ ! પૂર્વ પ્રમાણે ત્રણ પ્રકારનો કહ્યો છે, એ પ્રમાણે નિરંતર યાવત્-વૈમાનિકો સુધી કહેવું. તથા એ રીતે ચારિત્રમોહનીય સંબંધે પણ યાવત્-વૈમાનિકો સુધી કહેવું. એ ક્રમ વડે ઔદારિકશરીર, યાવત્-કાર્મણ શરીરનો, આહાર, સંજ્ઞા, યાવત્-પરિગ્રહસંજ્ઞાનો, કૃષ્ણલેશ્યા, યાવત્-શુક્લલેશ્યાનો, સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિનો,મતિજ્ઞાનનો, યાવત્વિભંગજ્ઞાનનો વિષયનો, એ બધાનો બંધ હે ભગ વન્ ! કેટલા પ્રકારનો કહ્યો છે ? ત્રણ પ્રકારનો. અને તે બધા સંબંધે ચોવીશ દંડકો કહેવા. વિશેષ એ કે, જેને જે હોય તે તેને કહેવું.

**શતકઃ૨૦-ઉદ્દેસોઃ:૭ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેશકઃ૮

[૭૯૩]હે ભગવન્ ! કર્મભૂમિઓ કેટલી કહી છે ? હે ગૌતમ ! પંદર. પાંચ ભરત, પાંચ ઐરવત અને પાંચ મહાવિદેહ. હે ભગવન્ ! અકર્મભૂમિઓ કેટલી કહી છે ? હે ગૌતમ ! ત્રીશ. પાંચ હૈમવત, પાંચ હૈરણ્યવત, પાંચ હરિવર્ષ, પાંચ રમ્યકવર્ષ, પાંચ દેવકુરુ અને પાંચ ઉત્તરકુરુ. હે ભગવન્ ! એ ત્રીશ અકર્મભૂમિઓમાં ઉત્સર્પિણી અને અવસર્પિણીરુપ કાળ છે ? એ અર્થ સમર્થ નથી.

[૭૯૪]હે ભગવન્ ! એ પાંચ ભરતોમાં અને પાંચ એરવતોમાં ઉત્સર્પિણી અને અવસર્પિણીરુપ કાળ છે ? હા છે. એ પાંચ મહાવિદેહમાં ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળ છે ? નથી. હે ભગવન્ ! એ પાંચ મહાવિદેહોમાં અરહંત ભગવંતો પાંચ મહાવ્રત વાળા અને પ્રતિક્રમણ સહિત ધર્મનો ઉપદેશ કરે છે ? એ અર્થ સમર્થ નથી. પરન્તુ એ પાંચ ભરતોમાં અને પાંચ એરવતોમાં પહેલાં અને છેલ્લા એ બે અરહંત ભગવંતો પાંચમહાવ્રતવાળા તથા પ્રતિક્રમણસહિત ધર્મનો ઉપદેશ કરે છે, બાકીના અરહન્ત ભગ- વંતો ચારમહાવ્રતવાળા ધર્મનો ઉપદેશ કરે છે. વળી એ પાંચ મહાવિદેહમાં પણ અરહંત ભગવંતો ચારમહાવ્રતવાળા ધર્મનો ઉપદેશ કરે છે. હે ભગવન્ ! જંબૂદ્વીપ નામે દ્વીપના ભારતવર્ષમાં આ અવસર્પિણીમાં કેટલા તીર્થંકરો થયા છે ? હે ગૌતમ ! ચોવીશ તીર્થંકરો થયા છે, ઋષભ, અજિત, સંભવ, અભિનંદન, સુમતિ, પદ્મપ્રભ, સુપાર્શ્વ, ચન્દ્ર પ્રભ, પુષ્પદંત-સુવિધિ, શીતલ, શ્રેયાંસ, વાસુજ્ય, વિમલ, અનંત, ધર્મ, શાંતિ, કુંથુ, અર, મલ્લિ, મુનિસુવ્રત, નમિ, નેમિ, પાર્શ્વ અને વર્ધમાન. હે ભગવન્ ! એ ચોવીશ તીર્થંકરોનાં કેટલા અંતરો કહ્યાં છે ? હે ગૌતમ ! ત્રેવીશ અંતરો કહ્યાં છે.

[૭૯૫]હે ભગવન્ ! જિનોના ત્રેવીશ અંતરોમાં ક્યા જિનના અંતરમાં કાલિકશ્રુતનો વિચ્છેદ કહ્યો છે ? હે ગૌતમ ! એ ત્રેવીશ જિનાંતરોમાં પહેલાં અને છેલ્લા આઠ આઠ જિનાંતરોમાં. કાલિકશ્રુતનો અવિચ્છેદ કહ્યો છે, અને વચલા સાત જિનાંતરોમાં કાલિકશ્રુતનો વિચ્છેદ કહ્યો છે. દૃષ્ટિવાદનો વિચ્છેદ તો બધાય જિનાંતરોમાં કહ્યો છે.

[૭૯૬]હે ભગવન્ ! જંબૂદ્વીપ નામે દ્વીપના ભારતવર્ષમાં આ અવસર્પિણીમાં આપ દેવાનુપ્રિયનું પૂર્વગત શ્રુત કેટલા કાળ સુધી રહેશે ? એક હજાર વર્ષ સુધી રહેશે. હે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભગવન્ ! બાકી બધા તીર્થંકરોનું પૂર્વગત શ્રુત કેટલા કાળ સુધી રહ્યું હતું ? હે ગૌતમ ! કેટલાંક તીર્થંકરોનું સંખ્યાતા કાળ સુધી અને કેટલાક તીર્થંકરોનું અસંખ્યાતા કાળ સુધી પૂર્વગત શ્રુત રહ્યું હતું.

[૭૯૭]હે ભગવન્ ! જંબૂદ્વીપ નામે દ્વીપના ભારતવર્ષમાં આ અવસર્પિણીકાળમાં આપ દેવાનુંપ્રિયનું તીર્થ કેટલા કાળ સુધી રહેશે ? એકવીશ હજાર વર્ષ.

[૭૯૮]હે ભગવન્ ! જેમ જંબૂદ્વીપ નામે દ્વીપના ભારતવર્ષમાં આ અવસર્પિણીકાળમાં આપ દેવાનુંપ્રિયનું તીર્થ એકવીશ હજાર વર્ષ સુધી રહેશે તેમ હે ભગવન્ ! જંબૂદ્વીપના ભારતવર્ષમાં ભાવી તીર્થંકરોમાંના છેલ્લા તીર્થંકરનું તીર્થ કેટલા કાળ સુધી રહેશે ? હે ગૌતમ ! ઋષભ દેવ અર્હંતનો જેટલો જિનપર્યાય કહ્યો છે, તેટલાં વર્ષ.

[૭૯૯]હે ભગવન્ ! તીર્થ એ તીર્થ છે કે તીર્થંકર તીર્થ છે ? હે ગૌતમ ! અર્હંત તો અવશ્ય તીર્થંકર છે, (પણ તીર્થ નથી). પરન્તુ ચાર પ્રકારનો શ્રમણ પ્રધાન સંઘ-સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવક અને શ્રાવિકા તે તીર્થ રુપ છે.

[૮૦૦] હે ભગવન્ ! પ્રવચન એ પ્રવચન છે, કે પ્રવચની એ પ્રવચન છે ? હે ગૌતમ ! અર્હંત તો અવશ્ય પ્રવચની છે, અને દ્વાદશાંગગટિપિટક પ્રવચન છે, તે આ પ્રમાણે- આચારંગ યાવત્-દૃષ્ટિવાદ. હે ભગવન્ ! જે આ ઉગ્રકુલના, ભોગકુલના, રાજન્યકુલના, ઈક્ષ્વાકુકુલના, જ્ઞાતાકુ- લના અને કૌરવ્યકુલના ક્ષત્રીયો, એ બધા આ ધર્મમાં પ્રવેશ કરે છે અને પ્રવેશ કરીને આઠ પ્રકારના કર્મરુપ રજોમલને ધુએ છે, ત્યાર પછી તેઓ સિદ્ધ થાય છે, યાવત્-સર્વ દુઃખોનો અંત કરે છે ? હે ગૌતમ ! હા, કરે છે, અને કેટલાક કોઈએક દેવલોકોમાં દેવપણે ઉત્પન્ન થાય છે. હે ભગવન્ ! દેવલોકો કેટલા પ્રકારના કહ્યા છે ? ચાર પ્રકારના. ભવનવાસી, વાનવ્યંતર, જ્યોતિષિક અને વૈમાનિકો, 'હે ભગવન્ ! તે એમજ છે, તે એમજ છે.'

JAINSITE

**શતકઃ૨૦-ઉદ્દેસોઃઃ૮ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેશકઃ૯

[૮૦૧]હે ભગવન્ ! ચારણો કેટલા પ્રકારના કહ્યા છે ? બે પ્રકારના. વિદ્યાચારણ અને જંઘાચારણ. હે ભગવન્ ! વિદ્યા- ચારણ મુનિને 'વિદ્યાચારણ' એમ શા હેતુથી કહેવાય છે ? હે ગૌતમ ! નિરંતર છઠ્ઠ છઠ્ઠના તપ કર્મવડે અને પૂર્વગતશ્રુતરુપ વિદ્યાવડે ઉત્તરગુણલબ્ધિ-પ્રાપ્ત થયેલા મુનિને વિદ્યાચારણ નામે ઉપલબ્ધિને-પ્રાપ્ત થયેલા મુનિને વિદ્યાચરણ નામે લબ્ધિ ઉત્પન્ન થાય છે, વિદ્યાચારણથી કેવી શીઘ્ર ગતિ હોય, હે ગૌતમ ! આ જંબૂદ્વીપ નામે દ્વીપની યાવત્-કાંઈક વિશેષાધિક પરિધિ છે, તે સંપૂર્ણ જંબૂદ્વીપને કોઈએક મહર્દ્ધિક યાવત્-મોટા સુખવાળો દેવ યાવત્-'આ ફરું છું' એમ કહી ત્રણ ચપટી વગાડે તેટલી વારમાં ત્રણવાર ફરીને પાછો શીઘ્ર આવે, હે ગૌતમ ! વિદ્યાચારણની તેવી શીઘ્ર ગતિ અને શીઘ્ર ગતિનો વિષય કહ્યો છે.

હે ભગવન્ ! વિદ્યાચરણની તિર્યગ્ગતિનો વિષય કેટલો કહ્યો છે ? હે ગૌતમ ! તે વિદ્યાચરણ એક ઉત્પાત-પગલાવડે માનુષોત્તર પર્વત ઉપર સમવસરણ (સ્થિતિ) કરે- ત્યાં જાય, ત્યાં જઈને ત્યાં રહેલા ચૈત્યોને વાંદે, બીજાલ ઉત્પાતવડે નંદીશ્વરદ્વીપમાં સમવ સરણ-કરે, ત્યાં રહેલાં ચૈત્યોને વાંદી પછી ત્યાંથી પાછો વળી અને અહિંના ચૈત્યો વાંદે.

વિદ્યાચરણની ઉર્ધ્વ ગતિનો વિષય કેટલો કહ્યો છે ? એક ઉત્પાતવડે નંદનવનમાં સમવ સરણ કરે, ત્યાં રહેલાં ચૈત્યોને વાંદે, પછી બીજા ઉત્પાતવડે પાંડુકવનમાં સમવસરણ કરે, ત્યાં રહેલાં ચૈત્યોને વાંદે, પછી ત્યાંથી પાછો આવી અહિં રહેલાં ચૈત્યોને વાંદે, વળી હે ગૌતમ ! જો તે વિદ્યાચારણ, ગમનાગમન સંબંધી પાપસ્થાપકને આલોચ્યા કે પ્રતિ ક્રમ્યા સિવાય કાળ કરે તો તે આરાધક થતો નથી, અને જો તે ,સ્થાનને આલોચી તથા પ્રતિક્રમણ કરે તો તે આરાધક થાય છે.

[૮૦૨]હે ભગવન્ ! જંઘાચારણને 'જંઘાચારણ' શા હેતુથી કહેવાય છે ? હે ગૌતમ ! નિરંતર અઠ્ઠમ અઠ્ઠમના તપકર્મવડે આત્માને ભાવતા મુનિને જંઘાચારણ નામે લબ્ધિ ઉત્પન્ન થાય છે. માટે 'જંઘાચારણ' એમ કહેવાય છે. હે ભગવન્ ! જંઘાચારણની કેવી શીઘ્ર ગતિ હોય છે, હે ગૌતમ ! આ જંબૂદ્વીપ નામે દ્વીપની પરિધિ-ઈત્યાદિ જેમ વિદ્યાચારણ સંબંધે કહ્યું છે તેમ અહિં કહેવું, પણ વિશેષ એ કે, આ જંબૂદ્વીપને યાવત્-ત્રણ ચપટી વગાડે એટલી વારમાં એકવીશ વાર ફરીને આવે, હે ગૌતમ ! તેવી જંઘા ચારણની શીઘ્ર ગતિ છે,જંઘાચારણની તિર્યગ્ ગતિનો વિષય કેટલો કહ્યો છે?હે ગૌતમ ! તે જંઘાચારણ એક ઉત્પાતવડે રુચકવરદ્વીપમાં સમવસરણ કરે, પછી ત્યાં રહેલા ચૈત્યોને વાંદે, વાંદી ત્યાંથી પાછા વળતાં બીજા ઉત્પાતવડે નંદીશ્વરદ્વીપમાં સમવસરણ કરે, પછી ત્યાંનાં ચૈત્યોને વાંદી,અહિં શીઘ્ર આવી અહિંના ચૈત્યોને વાંદે, હે ભગવન્ ! જંઘાચારણની ગતિ અને ગતિવિષય ઉંચે કેટલો કહ્યો છે ? હે ગૌતમ ! તે જંઘાચારણ એક ઉત્પાત વડે પાંડુકવનમાં સમવસરણ કરે, પછી ત્યાંના ચૈત્યો વાંદી, ત્યાંથી પાછા વળતાં બીજા ઉત્પાતવડે નંદનવનમાં સમવસરણ કરે, પછી ત્યાંના ચૈત્યો વાંદી ત્યાંથી અહિં આવી, અહિંના ચૈત્યોને વાંદે, વળી જો તે જંઘાચારણ તે સ્થાનને આલોચ્યા કે પ્રતિક્રમ્યા સિવાય કાળ કરે તો તે આરાધક થતો નથી. અને તે સ્થાનકને આલોચી કે પ્રતિક્રમી કાળ કરે તો તે આરાધક થાય છે.

**શતકઃ૨૦-ઉદ્દેસોઃ૯ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેશકઃ૧૦

[૮૦૩]હે ભગવન્ ! શું જીવો સોપક્રમઆયુષવાળા હોયછે કે નિરુપક્રમ આયુષ વાળા બને. નૈરયિકો સોપક્રમ આયુષવાળા હોતા નથી પણ નિરુપક્રમઆયુષવાળી હોયછે. એ પ્રમાણે યાવત્-સ્તનિતકુમારો સુધી જાણવું. પૃથિવીકાયિકો જીવોની પેઠે બન્ને પ્રકારના જાણવા. એ પ્રમાણે યાવત્-મનુષ્યો સુધી સમજવું. તેમજ વાનવ્યંતર, જ્યોતિષિક અને વૈમાનિકોને નૈરયિકોની પેઠે જાણવા.

[૮૦૪]હે ભગવન્ ! શું નૈરયિકો આત્મોપક્રમવડે-ઉપક્રમી-ઉત્પન્ન થાયછે, પરોપક્રમવડે-પૂર્વભવના આયુષને ઘટાડી ઉત્પન્ન થાયછે, કે નિરુપક્રમવડે-પૂરેપૂરું આયુષ ભોગવીને ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! ત્રણે રીતે. એ પ્રમાણે યાવત્-વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્ ! શું નૈરયિકો આત્મોપક્રમવડે ઉદ્વર્તે-મરે છે, પરોપક્રમવડે ઉદ્વર્તે છે કે નિરુપક્રમવડે ઉદ્વર્તે છે। હે ગૌતમ ! તેઓ નિરુપક્રમવડે ઉદ્વર્તે છે. એ પ્રમાણે યાવત્-સ્તનિતકુમારો સુધી જાણવું. પૃથિવીકાયિકો અને યાવત્-મનુષ્યો ત્રણે-વડે ઉદ્વર્તે છે. બાકી બધા નૈરયિકોની પેઠે જાણવા. વિશેષ એ કે જ્યોતિષિકો અને વૈમાનિકો 'ચ્યવે'

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એમ કહેવું. હે ભગવન્ ! નૈરયિકો આત્મર્દ્ધિ-વડે ઉપજે છે કે પરર્દ્ધિ-વડે છે ? હે ગૌતમ ! તેઓ પોતાના સામર્થ્યવડે ઉપજે છે, પણ બીજાના સામર્થ્યવડે ઉપજતા નથી. એ પ્રમાણે યાવત્-વૈમાનિકો સુધી કહેવું. હે ભગવન્ ! શું નૈરયિકો આત્મર્દ્ધિ વડે ઉદ્વર્તે છે કે અન્યના સામર્થ્યવડે ઉદ્વર્તે છે ? હે ગૌતમ ! તેઓ આત્મશક્તિવડે ઉદ્વર્તે છે પણ પરની શક્તિવડે ઉદ્વર્તતા નથી. એ પ્રમાણે યાવત્-વૈમાનિકો સુધી જાણવું. વિશેષ એ કે જ્યોતિષિક અને વૈમાનિકો 'ચ્યવે છે' એવો અભિલાપ-કહેવો. હે ભગવન્ ! શું નૈરયિકો પોતાના કર્મ વડે ઉત્પન્ન થાય છે કે બીજાના કર્મવડે ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! તેઓ પોતાના કર્મવડે ઉત્પન્ન થાય છે, પણ બીજાના કર્મવડે ઉત્પન્ન થતા નથી. એ રીતે યાવત્-વૈમાનિકો સુધી જાણવું. અને એ પ્રમાણે ઉદ્વર્તનાનો દંડક પણ કહેવો. હે ભગવન્ ! નૈરયિકો આત્મપ્રયોગ-વડે ઉત્પન્ન થાય છે, કે પરપ્રયોગવડે ? હે ગૌતમ ! તેઓ આત્મપ્રયોગવડે ઉત્પન્ન થાય છે અને પરપ્રયોગવડે ઉત્પન્ન થતા નથી. એ પ્રમાણે યાવત્-વૈમાનિકો સુધી જાણવું. તથા ઉદ્વર્તના દંડક પણ એજ પ્રમાણે કહેવો.

[૮૦૫]હે ભગવન્ ! શું નૈરયકિ કતિસંચિત-એક સમયે સંખ્યાતા ઉત્પન્ન થયેલા, અકતિસંચિત-એક સમયે અસંખ્યાતા ઉત્પન્ન થયેલા કે અવકતવ્યસંચિત-એકસમયે એક જ ઉત્પન્ન થયેલા હોય છે ? હે ગૌતમ ! ત્રણે. જે નૈરયિકો નરકગતિમાં એક સાથે સંખ્યાતા પ્રવેશ કરે છે તે કતિસંચિત્ છે, વળી જે નૈરયિકો અસંખ્યાતા પ્રવેશ કરે છે તે નૈરયિકો અકતિ- સંચિત છે, અને જે નૈરયિકો એક એક પ્રવેશ કરે છે તે નૈરયિકો યાવત્-અવક્તવ્યસંચિત છે. એ પ્રમાણે યાવત્-સ્તનિતકુમારો સુધી જાણવું. હે ભગવન્ ! પૃથિવીકાયિકો કતિસંચિત છે-ઈત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! તેઓ કતિસંચિત નથી, અવક તવ્ય સંચિત નથી પણ અકતિસંચિત છે. પૃથિવીકાયિકો એક સાથે અસંખ્ય પ્રવેશ કરે છે માટે તેઓ અકતિસંચિત છે, એ પ્રમાણે યાવત્ વનસ્પતિકાયિક જીવો સુધી જાણવું. બેઈન્દ્રિયથી યાવત્-વૈમાનિકો સુધી નૈરયિકોની પેઠે જાણવા.

હે ભગવન્ ! શું સિદ્ધો કતિસંચિત છે-ઈત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! સિદ્ધો કતિસંચિત અને અવક્તવ્યસંચિત છે પણ અકતિ સંચિત નથી. હે ભગવન ! કતિ સંચિત આદિ નૈરિયકોનું અલ્પ બહુત્વ કઈ રીતે છે ? હે ગૌતમ અવક્ત વ્યસંચિત નૈરયિકો સૌથી થોડા છે, કતિસંચિત નૈરયિકો સંખ્યાતગુણ છે અને અકતિસંચિત નૈરયિકો અસંખ્યાતગુણ છે. એ પ્રમાણે એકેન્દ્રિય સિવાય યાવત્-વૈમાનિકો સુધી અલ્પબહુત્વ કહેવુ. એકેન્દ્રિયોનું અલ્પબહુત્વ નથી. હે ભગવન્ ! કતિ- સંચિત અને અવક્તવ્યસંચિત સિદ્ધોમાં કોણ કોનાથી યાવત્-વિશેષાધિક છે ? હે ગૌતમ ! કતિસંચિત સિદ્ધો સૌથી થોડા છે, અને અવક્તવ્યસંચિત સિદ્ધો સંખ્યાતગુણ છે. હે ભગવન્ ! શું નૈરયિકો ષટ્કસમર્જિત-એક સાથે છ ઉત્પન્ન થયેલા હોય છે. નોષટ્ક- સમર્જિત-એકથી આરંભી પાંચ સુધી ઉત્પન્ન થયેલા હોય છે ? એક ષટ્ક અને એક નોષ- ટકની સંખ્યામાં ઉત્પન્ન થયેલા હોય છે. અનેક ષટકની સંખ્યાવડે કે અનેક ષટ્ક અને એક નોષટકની સંખ્યાવડે ઉત્પન્ન થયેલા હોય છે ? હે ગૌતમ ! નૈરયિકો તે બધી રીતે ઉત્પન્ન થાય છે. જે નૈરયિકો એક સમયે છની સંખ્યાથી પ્રવેશ કરે છે તે નૈરયિકો ષટ્કસમર્જિત કહેવાય છે, જે નૈરયિક જધન્ય એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટ પાંચ સંખ્યાવડે પ્રવેશ કરે છે તે નૈરયિકો નોષટ્કસમાર્જિત કહેવાય છે, યાવત્ જે નૈરયિકો અનેક ષટ્ક તથા જધન્યથી એક, બે, કે ત્રણ અને ઉત્કૃષ્ટ પાંચ સંખ્યાવડે પ્રવેશ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરે છે તે નૈરયિકો અનેક ષટ્ક તથા નોષટક્ સમાર્જિત કહેવાય છે. યાવત્-અનેક ષટક્વડે અને નોષટકવડે સમર્જિત પણ હોય છે. એ પ્રમાણે યાવત્-સ્તનિતકુમારો સુધી જાણવું.

હે ભગવન્ ! શું પૃથિવીકાયિકો ષટકસમર્જિત છે-ઈત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! પૃથિવીકાયિકો ષટક્સમર્જિત નથી. નોષટ્કસમર્જિત નથી. એક ષટ્ક અને નોષટ્કવડે સમર્જિત નથી, પણ અનેક ષટ્કોવડે સમર્જિત છે, અને અનેક ષટ્ક તથા નોષટકવડે પણ સમર્જિત છે. જે પૃથિવીકાયિકો અનેક ષટકોવડે પ્રવેશ કરે છે તે પૃથિવીકાયિકો અનેક ષટક સમર્જિત છે, અને જે પૃથિવીકાયિકો અનેક ષટકો તથા જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટ પાંચની સંખ્યા વડે પ્રવેશ કરે છે તે પૃથિવીકાયિકો અને ષટકો તથા નોષટ્ક વડે પણ સમર્જિત કહેવાય છે, એ પ્રમાણે યાવત્-વનસ્પતિકાયિકો સુધી જાણવું. અને બેઈન્દ્રિયથી આરંભી યાવત્-વૈમાનિકો અને સિદ્ધો નૈરયિકોની પેઠે જાણવા. હે ભગવન્ ! ષટ્કસ- મર્જિત, નોષટ્કસમર્જિત, એક ષટ્ક અને નોષટ્કવડે સમર્જિત, અનેક ષટ્ક સમર્જિત, અનેક ષટ્ક તથા નોષટ્કસમર્જિત નૈરયિકોમાં કોણ કોનાથી યાવત્-વિશેષા ધિક છે ? હે ગૌતમ ! એક ષટ્કસમર્જિત નૈરયિકો સૌથી થોડા છે, નોષટકસમર્જિત નૈરયિકો સંખ્યાતગુણ છે, તેથી એક ષટ્ક અને નોષટ્કવડે સમર્જિત નૈરયિકો સંખ્યાત ગુણા છે. તેથી અનેક ષટ્ક સમર્જિત નૈરયિકો અસંખ્યાતગુણા છે, અને તેથી અનેક ષટ્ક તથા નોષટ્કસમર્જિત નૈરયિકો સંખ્યાતગુણો છે. એ પ્રમાણે યાવત્-સ્તનિતકુમારો સુધી જાણવું. હે ભગવન્ ! અનેકષટ્કસમર્જિત તથા અનેક ષટ્કો અને નોષટ્કસમર્જિત પૃથિવીકાયિકોમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? હે ગૌતમ ! અનેકષટ્કવડે સમર્જિત પૃથિવીકાયિકો સૌથી થોડા છે. અને તેથી અનેક ષટ્કો તથા નોષટ્ક સમર્જિત્ પૃથિવીકાયિકો સંખ્યાતગુણ છે. એ પ્રમાણે યાવત્-વનસ્પતિકાયિકો સુધી જાણવું. બેઈ- ન્દ્રિયો યાવત્-વૈમાનિકો નૈરયિકોની પેઠે જાણવા. હે ભગવન્ ! ષટ્કસમર્જિત, નોષટ્ક- સમર્જિત, યાવત્-અનેક ષટ્ક અને નોષટ્ક સમર્જિત સિદ્ધોમાં કોણ કોનાથી યાવત્- વિશેષાધિક છે ? હે ગૌતમ ! અનેક ષટ્કો તથા નોષટ્કસમર્જિત સિદ્ધો સૌથી થોડા છે. તેથી અનેક ષટ્કસમર્જિત સિદ્ધો સંખ્યાતગુણ છે, તેથી એક ષટ્ક તથા નોષટ્કસમર્જિત સિદ્ધો સંખ્યાતગુણ છે, તેથી ષટ્કસમર્જિત સિદ્ધો સંખ્યાતગુણ છે, અને તેથી નોષટ્ક સમર્જિત સિદ્ધો સંખ્યાતગુણ છે.

હે ભગવન્ ! શું નૈરયિકો દ્વાદશસમર્જિત છે, નોદ્વાદશસમર્જિત છે, દ્વાદશ અને નોદ્વાદશસમર્જિત છે, અનેક દ્વાદરા સમર્જિત છે, કે અનેક દ્વાદરા તથા નોદ્વાદશસમર્જિત છે ? હે ગૌતમ ! નૈરયિકો દ્વાદશસમર્જિત પણ છે, યાવત્-અનેક દ્વાદશ તથા નોદ્વાદશ સમર્જિત પણ છે. જે નૈરયિકો એક સમયે બારની સંખ્યામાં પ્રવેશ કરે છે તેઓ દ્વાદશ સમર્જિત છે, જે નૈરયિકો જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી અગિયાર પ્રવેશ કરે છે તેઓ નોદ્વાદશસમર્જિત છે, યાવત્ જે નારકો એક સમયે અનેક બાર તથા જઘન્યથી એક, બે કે ત્રણ ઉત્કૃષ્ટથી અગિયાર પ્રવેશ કરે છે તેઓ અનેક દ્વાદશ અને નોદ્વાદશ સમર્જિતછે.એપ્રમાણેયાવત્-સ્તનિતકુમારો સુધીજાણવું.હે ભગવન્!શું પૃથિવીકાયિકો દ્વાદશ- સમર્જિત છે-ઈત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! પૃથિવીકાયિકો દ્વાદશસમર્જિત નથી, નોદ્વા દશ-સમર્જિત નથી, દ્વાદશ તથા નોદ્વાદશ સમર્જિત નથી, પણ અનેક દ્વાદશ સમર્જિત, તેમ જ અનેક દ્વાદશ તથા નોદ્વાદશ સમર્જિત છે. હે ભગવન્ ! આપ શા હેતુથી એમ કહો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છો કે તેઓ યાવત્-અનેક દ્વાદશો અને નોદ્વાદશસમર્જિત છે ? હે ગૌતમ ! જે પૃથિવી કાયિકો એક સમયે અનેક બારની સંખ્યામાં પ્રવેશ કરે છે તે અનેક દ્વાદશસમ ર્જિત કહેવાય છે,અને જે પૃથિવીકાયિકો એક સમયે અનેક દ્વાદશ તથા નોદ્વાદશ-એકથી અગિ યાર સુધી પ્રવેશ કરે છે તેઓ અનેક દ્વાદશ તથા નોદ્વાદશસમર્જિત કહેવાય છે. એ પ્રમાણે યાવત્-વનસ્પતિકાયિકો સુધી જાણવું. તથા બેઈન્દ્રિયથીમાંડી વૈમાનિકો સુધીના જીવો અને સિદ્ધો નૈરયિકોની પેઠે જાણવા.

દ્વાદશસમર્જિત,નોદ્વાદશસમર્જિત, દ્વાદશ તથા નોદ્વાદશસમર્જિત, અનેક દ્વાદશ સમર્જિત અને અનેક દ્વાદશ તથા નોદ્વાશસમર્જિત એવા નૈરયિકાદિક સર્વનું અલ્પ બહુત્વ જેમ ષટ્કસમર્જિતોનું અલ્પબહુત્વ કહ્યું હતું તેમ કહેવું. વિશેષ એ કે ષટ્કને સ્થાને દ્વાદશનો પાઠ કહેવો. હે ભગવન્ ! શું નૈરયિકો એક સમયે ચોરાસી સમર્જિત-એક સમયે ચોરાસીની સંખ્યામાં ઉત્પન્ન થયેલા છે, નોચોરાશીસમર્જિત-ચોરાસી અને નોચો રાસી સમર્જિત-અનેક ચોરાસી સમર્જિત છે, કે અનેક ચોરાસી અને નોચોરાસી સમ ર્જિત છે ? હે ગૌતમ ! નૈરયિકો ચોરાશી સમર્જિત છે, અને યાવત્-અનેક ચોરાસી તથા નોચોરાસીસમર્જિત પણ છે. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમારો સુધી જાણવું. પૃથિવીકા યિકો સંબંધે એ પ્રમાણે અનેક ચોરાસી સમર્જિત અને અનેક ચોરાસી તથા નોચોરા-સીસમર્જિત એ-બે ભંગો કહેવા. એમ યાવત્-વનસ્પતિકાયિકો સુધી જાણવું. બેઈન્દ્રિયો ને યાવત્-વૈમાનિકો પણ નૈરયિ- કોની પેઠે કહેવા. સિદ્ધો સંબંધે પ્રશ્ન. હે ગૌતમ ! સિદ્ધો ચોરાસીસમર્જિત છે, નોચોરાસીસમર્જિત છે, ચોરાસી તથા નોચોરાસીસમર્જિત છે, પણ અનેક ચોરાસીસમર્જિત નથી અને અનેક ચોરાસી તથા નોચોરાસીસમર્જિત પણ નથી. જે સિદ્ધો એક સમયે ચોરાસીની સંખ્યામાં પ્રવેશ કરે છે તેઓ ચોરાસીસમર્જિત છે, જે સિદ્ધો જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટ ત્ર્યાસીની સંખ્યામાં પ્રવેશ કરે છે તેઓ નોચોરાસી સમર્જિત છે, બે સિદ્ધો એક સમયે એક ચોરાસી અને જઘન્યથી એકસ બે કે ત્રણ અને ઉત્કૃષ્ટ ત્ર્યાસી સુધી પ્રવેશ કરે છે તેઓ ચોરાસી તથા નોચોરાસીસમ-ર્જિત છે.ચોરાશીસમર્જિત, નોચોરાસીસમર્જિત-ઈત્યાદિ યાવત્-બધા નૈરયિકોનું અલ્પ બહુત્વ ષટ્કસમર્જિતોની પેઠે કહેવું. એ પ્રમાણે યાવત્-વૈમાનિકો સુધી જાણવું. વિશેષ એ કે, અહિં ષટ્કને બદલે ચોરાસીનો પાઠ કહેવો. હે ભગવન્ ચોરાસીસમર્જિત, નોચોરા સીસમર્જિત અને ચોરાસીનોચોરાસીસમર્જિત સિદ્ધોમાં કોણ કોનાથી યાવત્-વિશેષા ધિક છે ? હે ગૌતમ ચોરાસી તથા નોચોરાસીસમર્જિત સિદ્ધો સૌથી થોડા છે, તેથી ચોરા-સીસમર્જિત સિદ્ધો અનંત ગુણ છે અને નોચોરાસીસમર્જિત સિદ્ધો અનંતગુણ છે,

**શતકઃ૨૦-ઉદ્દેસો-૧૦ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

**શતકઃ૨૦ ગુર્જરછાયાપૂર્ણ**

## શતકઃ૨૧

###卐 વર્ગઃ૧ 卐

### -: ઉદ્દેશકઃ૧ :-

[૮૦૬]શાલિ, કલાય, અળસી, વાંસ, ઈક્ષુ, દર્ભ, અભ્ર, તુલસી, એ પ્રમાણે દશ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દશ ઉદ્દેશકમાં સમૂહરુપ આઠ વર્ગ અને એંશી ઉદ્દેશકો કહેવાના છે.

[૮૦૭] ભગવન્ ! શાલિ, વ્રીહિ, ઘઉ, યાવત્-જવજવ-એ બધાના મૂળતરીકે જે જીવો ઉત્પન્ન થાય છે, તે જીવો ક્યાંથી આવીને ઉપજે છે ?-શું નૈરયિકોથી આવીને ઉપજે છે કે તિર્યંચો,મનુષ્યો અને દેવોથી પણ આવીને ઉપજે છે ? વ્યુત્કાન્તિપદમાં કહ્યા પ્રમાણે તેઓનો ઉપપાત જાણવો. વિશેષ એ કે તેઓ દેવગતિથી આવીને મૂળપણે ઉપજતા નથી. હે ભગવન્ ! તે જીવો એક સમયે કેટલા ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા કે અસંખ્યાતા. તેઓનો અપહાર ઉત્પલોદ્દેશકમાં કહ્યા પ્રમાણે જાણવો. હે ભગવન્ ! તે જીવોના શરીરની કેટલી અવગાહના છે ? જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી ધનુષપૃથકત્વ-કહી છે. હે ભગવન્ ! શું તે જીવો જ્ઞાનાવર- ણીયકર્મના બંધક છે કે અબંધક છે ? જેમ ઉત્પલોદ્દેશકમાં કહ્યું છે કે તે પ્રમાણે અહિં કહેવું. એ પ્રમાણે કર્મના વેદક સંબંધે જાણવું. ઉદય અને ઉદીરણા વિષે પણ એ પ્રમાણે સમજવું.

હે ભગવન્ ! શું તે જીવો કૃષ્ણલેશ્યાવાળા, નીલલેશ્યાવાળા કે કાપોતલેશ્યાવાળા હોય ? અહિં લેશ્યાસંબંધે છવ્વીસ ભાંગા કહેવા. દૃષ્ટિ અને યાવત્-ઈન્દ્રિયો સંબંધે ઉત્પલોદ્દેશકમાં કહ્યા પ્રમાણે કહેવું. હે ભગવન્ ! શાલિ, વ્રીહિ, ગોધૂમ, યાવત્-જવજવ- એ બધાના મૂળનો જીવ કાળથી કાળ સુધી રહે ? હે ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, અને ઉત્કૃષ્ટથી અસંખ્યાતા કાળ સુધી રહે. હે ભગવન્ ! શાલિ, વ્રીહિ, ગોધૂમ, યાવત્-જવજવ -એ બધાના મૂળનો જીવ પૃથિવીકાયિકમાં ઉત્પન્ન થાય, પાછો ફરીને શાલિ, વ્રીહિ અને યાવત્-જવજવના મૂળપણે ઉપજે-એ પ્રમાણે કેટલા કાળ સુધી સેવે-? જેમ ઉત્પલ ઉદ્દેશકમાં કહ્યું છે તે પ્રમાણે અહિં કહેવું. અને એ અભિલાપ વડે યાવત્-મનુષ્ય સુધી સમજવું. વળી તેઓનો આહાર પણ ઉત્પલોદ્દેશકમાં કહ્યા પ્રમાણે જાણવો. સ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી વર્ષપૃથકત્વ સમજવી. વળી સમુદ્ઘાત, સમવહત- અને ઉદ્વર્તના ઉત્પલોદ્દેશકમાં કહ્યા પ્રમાણે જાણવી. હે ભગવન્ ! સર્વપ્રાણો, યાવત્-સર્વ સત્વો શાલિ, વ્રીહિ, યાવત્-જવજવના મૂળના જીવપણે પૂર્વ ઉત્પન્ન થયેલા છે ? હા અનેક વાર ઉત્પન્ન થયેલા છે. 'હે ભગવન્ ! તે એમજ છે.

**શતકઃ૨૧-વર્ગઃ૧-ઉદ્દેસો-૧ની મુનિ દીપરત્નસાગરે કહેલ ગુર્જરછાયાપૂર્ણ**

**વર્ગઃ૧-ઉદ્દેસાઃ૨ થી ૧૦**

[૮૦૮-૮૧૪]હે ભગવન્ ! શાલિ, વ્રીહિ, યાવત્-જવજવ-એ બધાના કંદરુપે જે જીવો ઉત્પન્ન થાય છે તેઓ ક્યાંથી આવીને ઉપજે છે ? આ કંદના અધિકારમાં તેજ સમગ્ર મૂળનો ઉદ્દેશક યાવત્-'અનેક વાર અથવા અનંતવાર ઉત્પન્ન થયેલા છે' ત્યાં સુધી કહેવો. વિશેષ એ કે મૂળને બદલે કંદનો પાઠ કહેવો. એ પ્રમાણે સ્કંધ સંબંધે તથા ત્વચા, શાખા, પ્રવાલ-કુંપળો અને પાંદડાં સંબંધે પણ એક એક ઉદ્દેશક કહેવો. વળી પુષ્પસંબંધે પણ પૂર્વની પેઠે ઉદ્દેશક કહેવો. પણ તેમાં વિશેષ એ કે 'પુષ્પમાં દેવો પણ ઉત્પન્ન થાય છે' એમ કહેવું. જેમ ઉત્પલોદ્દેશકમાં ચાર લેશ્યા અને તેના એંશી ભાંગા કહ્યા છે તેમ અહિં કહેવા. અવગાહના જઘન્યઅંગુલનોઅસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ અંગુલપૃથકત્વ-જાણવી. જેમ પુષ્પ સંબંધે કહ્યું તેમ ફળ અને બીજા સંબન્ધે પણ સમગ્ર ઉદ્દેશક કહેવો. એ પ્રમાણે



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ દશ ઉદ્દેશકો જાણવા.

**શતકઃ૨૧-વર્ગ-૧ ઉદ્દેસોઃ: ૨ થી ૧૦ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

**વર્ગઃ૨ થી ૮**

[૮૧૫-૮૨૧]હે ભગવન્ ! કલાય-વટાળા, મસુર, તલ, મગ, અડદ, વાલ, કલથી, આલિસંદક, સટિન અને પલિમંથક-ચળા-એ બધાના મૂળપણે જે જીવો ઉત્પન્ન થાય છે તે ક્યાંથી આવીને ઉપજે છે ? પૂર્વ કહ્યા પ્રમાણે મૂળાદિક દશ ઉદ્દેશકો અહિં કહેવા હે ભગવન્ ! અળસી, કુસુંબ, કોદ્રવ, કાંગ, રાગ, તુવેર, કોદૂસા, સણ, સરસવ અને મૂળક બીજ-એ વનસ્પતિના મૂળપણે જે જીવો ઉત્પન્ન થાય છે તે જીવો ક્યાંથી આવીને ઉપજેછે ? અહિં પણ શાલિઉદ્દેશકની પેઠે જાણવુ. હે ભગવન્ ! વાંસ, વેણુ, કનક, કર્કાવંશ, ચારુ વંશ, દંડા, કુડા, વિમા, ચંડા, વેણુકા અને કલ્યાણી-એ બધી વનસ્પતિના મૂળપણે જે જીવો ઉત્પન્ન થાય છે તે જીવો ક્યાંથી આવીને ઉપજે છે ? પૂર્વ પ્રમાણે. વિશેષ એ કે અહિં કોઈ પણ ઠેકાણે દેવો ઉત્પન્ન થતા નથી. ત્રણ લેશ્યાઓ તથા તે સંબંધે છવ્વીસ ભાંગા કહેવા. હે ભગવન્ ! ઈક્ષુ-શેલડી, ઈક્ષુવાટિકા, વીરણ, ઈક્કડ, ભમાસ, સુંઠ, વેત્ર (નેદ) તિમિર, સતપોરગ અને નડએ બધી વનસ્પતિના મૂળપણે જે જીવો ઉપજે છે તેઓ ક્યાંથી આવીને ઉપજે છે ? જેમ વંશવર્ગસંબંધે કહ્યું છે તેમ અહિં પણ મૂળાદિક દશ ઉદ્દેશકો કહેવા. વિશેષ એ કે સ્કંધોદ્દેશકમાં 'દેવો પણ ઉત્પન્ન થાય છે અને તેઓને ચાર લેશ્યાઓ હોય છે'-એમ કહેવું, હે ભગવન્ ! સેડિય, ભંતિય દર્ભ, કોંતિય, દર્ભકુશ, પર્વક, પોદેઈલઅર્જુનઆષાઢક,રોહિતક,સમુ,વખીત,ભૂસ,એરંડ,કુરુકુંદ,કરકર,સુંઠ, વિભંગ, મધુરયણ થરગ, શિલ્પિક અને સુંકલિતૃણ-એ બધાના મૂળ તરીકે જે જીવો ઉપજે છે, તેઓ ક્યાંથી આવીને ઉપજે છે ? એ પ્રમાણે સમગ્ર વંશવર્ગની પેઠે જાણવું હે ભગવન્ ! અભ્રરુહ, વાયણ, હરિતક, તાંદળજો, તૃણ, વત્થુલ, પોરક, માર્જારક, બિલ્લી પાલ્લક, દગ-પિપ્પલી, દવ્વિ-દર્વી, સ્વસ્તિક, શાડમંડુક, મૂલક, સરસર, અંબિલશાક, જિયતંગ, એ બધાના મૂળપણે જે જીવો ઉપજે છે તે જીવો ક્યાંથી આવીને ઉપજે છે ? પૂર્વોક્ત વંશવર્ગની પેઠે.કહેવા.હે ભગવન્!તુલસી,કૃષ્ણ,દરાલ, ફણેજ્જા, અજ્જા, ચૂતણા, ચોરા, જીરા, દમણાં, મરુયા, ઈંદીવર, અને શતપુષ્પ-એ બધાના મૂળપણે જે જીવો ઉપજે છે તે જીવો ક્યાંથી આવીને ઉપજે છે ? વંશવર્ગની પેઠે કહેવું. એ પ્રમાણે એ બધા મળીને આઠ વર્ગના એંશી ઉદ્દેશકો જાણવા.

**શતકઃ૨૧-વર્ગઃ૨ થી ૮ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

**શતક-૨૧-ગુર્જરછાયાપૂર્ણ**

## શતક-૨૨

### 卐 વર્ગઃ૧ 卐

[૮૨૨-૮૨૩]તાલ, એકબીજાવાળુ વૃક્ષ, બહુબીજ, ગુચ્છ, ગુલ્મ, વલ્લિ, પ્રમાણે દશ દશ ઉદ્દેશકના છ વર્ગ છે. હે ભગવન્ ! તાડ, તમાલ, તક્કલિ, તેતલિ, સાલ, સરલ-દેવાદાર, સારગલ્લ, યાવત્-કેતકી કેલ, કંદકી, ચર્મવૃક્ષ, ગુંદવૃક્ષ, હિંગવૃક્ષ, લવંગવૃક્ષ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સોપારીનું વૃક્ષ, ખજૂરી અને નાળીયેરી- એ બધાના મૂળપણે જે જીવો ઉપજે છે તે જીવો ક્યાંથી આવીને ઉપજે છે ? શાલિવર્ગની પેઠે કહેવું. પરન્તુ તેમાં વિશેષ એ છે કે આ વૃક્ષના મૂળ, કંદ, સ્કંધ, છાલ, અને શાખા-એ પાંચે ઉદ્દેશકમાં દેવો આવી ઉપજતા નથી, તેથી ત્યાં તેઓને ત્રણ લેશ્યાઓ હોય છે. તેઓની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ દશહજાર વર્ષ છે, અને બાકીના પાંચ ઉદ્દેશકમાં દેવો ઉત્પન્ન થાય છે, માટે ત્યાં તેઓને ચાર લેશ્યાઓ હોય છે. તેઓની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ વર્ષપૃથક્ત્વ હોય છે. અવગાહના-શરીર પ્રમાણે મૂળ અને કંદની ધનુષપૃથક્ત્વ, તથા શાખાની ગાઉપૃથક્ત્વ હોય છે, પ્રવાલ અને પાંદડાની અવગાહના ધનુષપૃથક્ત્વ, પુષ્પની હસ્તપૃથક્ત્વ અને બીજની અંગુલપૃથક્ત્વ ઉત્કૃષ્ટ અવગાહના હોય છે. એ બધાની જઘન્ય અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની જાણવી.

**શતકઃ ૨૨-વર્ગઃ૧ ની મુનિ દીપરત્નસાગરે કહેલ ગુર્જરછાયા પૂર્ણ**

## ✠ વર્ગઃ૨ થી ૬ ✠

[૮૨૪-૮૨૮] હે ભગવન્ ! લીમડો, આંબો, જાંબૂ, કોશંબ, અંકોલ્લ, પીલુ, સેલુ, સલ્લીક, મોચકી, માલુક, બકુલ, પલાશ, કરંજ, પુત્રંજીવક, અરિષ્ટ-બહેડા, હરડે, મિલામા,ઉંબેભરિકા, ક્ષીરિણી, ધાવડી, પ્રિયાલ-પૂતિનિંબ, સેણ્હય, પાસિય, સીસમ, અતમી નાગકેસર, નાગવૃક્ષ, શ્રીપર્ણી અને અશોક-એ બધા વૃક્ષો મૂળપણે જે જીવો ઉપજે છે તે જીવો ક્યાંથી આવીને ઉપજે છે ? એ પ્રમાણે અહિં પણ મૂલાદિક દશ ઉદ્દેશકો સમગ્ર તાડવર્ગની પેઠે કહેવો. હે ભગવન્ ! અગસ્તિક, તિંદુક, બોર, કોઠી, અંબાડગ, બીજોરું, બિલ્વ,આલમક,ફણસ,દાડિમ,અશ્વત્થ-, ઉંબરો, વડ, ન્યગ્રોધ, નંદિવૃક્ષો, પીપર, સતર, વૃક્ષવૃક્ષ કાકોદુંબરી, કસ્તુંભરિ, દેવદાલિ, તિલક, લચુક, છત્રૌધ, શિરિષ, સપ્તપર્ણ-સાદડ, દધિપર્ણ, લોધ્રક, ધવ, ચંદન, અર્જુના, નીપ, કુટજ અને કદંબ-એ પ્રશ્ન એ બધું તાડવર્ગની પેઠે કહેવું. હે ભગવન્ ! વેંગણ, અલ્લર, પોંડઈ-ઈત્યાદિ વૃક્ષોના નામો પ્રજ્ઞાપનાસૂત્રની ગાથાને અનુસારે યાવત્-ગંજ, પાટલા, વાસી અને અંકોલ્લ સંબંધે પ્રશ્ન અહિં પણ મૂળાદિક યાવત્-બીજપર્યંત ઉદ્દેશકો વંશવર્ગની પેઠે કહેવા. હે ભગવન્ ! સિરિયક, નવમાલિકા, કોરંટક, બંધુજીવક, મળો- જ્જા-ઈત્યાદિ બધાં નામો પ્રજ્ઞાપના સૂત્ર અનુસારે યાવત્-નલિની, કુંદ અને મહાજાતિ સંબંધે પ્રશ્ન અહિં પણ શાલિવર્ગની પેઠે મૂલાદિક દશ ઉદ્દેસકો સમગ્ર કહેવા. હે ભગવન્ ! પૂસ ફલિકા, કાલિંગી, તુંબડી, ત્રપુષી-એલવાલુંકી-ઈત્યાદિ નામો પ્રજ્ઞાપનસૂત્રોની ગાથાને અનુસારે તાડવર્ગમાં કહ્યા પ્રમાણે સમજવાં, યાવત્-દધિફોલ્લઈ, કાકલિ, સોકલિ અને અર્કબોંદી, એ સંબંધે પ્રશ્ન અહિં પણ તાડવર્ગની પેઠે મૂળાદિક દશ ઉદ્દેશકો સંપૂર્ણ કહેવા. વિશેષ એ કે ફલોદ્દેશકમાં ફલની જઘન્ય અવગાહના અંગુલના અસંખ્યાતમાં ભાગની અને ઉત્કૃષ્ટ ધનુષપૃથક્ત્વ-હોય છે. બધે સ્થળે સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ બેથી નવ વરસની જાણવી. એ પ્રમાણે છ વર્ગના મળીને સાઠ ઉદ્દેશકો થાય છે.

**શતકઃ૨૨-વર્ગઃ૨ થી ૬ની મુનિ દીપરત્નસાગરે કહેલ ગુર્જરછાયાપૂર્ણ**

**શતક-૨૨ ગુર્જરછાયાપૂર્ણ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## શતક-૨૩

## 卐 વર્ગઃ૧ થી ૫ 卐

[૮૨૯-૮૩૪]શ્રી શ્રુતદેવતા ભગવતીને નમસ્કાર આલુક, લોહી, અવક, પાઠા, માષપર્ણી, એ પ્રમાણે પાંચ વર્ગના દસ દસ ઉદ્દેશકો મળીને પચાસ ઉદ્દેશકો છે. હે ભગવન્ ! આલુક,મૂળા, આદુ, હળદર, રુર, કંડરિક, જીરું, ક્ષીરવિરાલી કિટ્ટિ, કુંદુ, કૃષ્ણ, કડસુ, મધુ, પયલઈ, મધુસિંગી, નિરુહા, સર્પસુ- ગંધા, છિન્નરુહા અને બીજારુહા-એ બધા વૃક્ષોના મૂળપણે જે જીવો ઉપજે છે તે જીવો ક્યાંથી આવીને ઉપજે છે ? અહિં વંશવર્ગની પેઠે મૂળાદિક દશ ઉદ્દેશકો કહેવો. વિશેષ એ કે તેઓનું પરિમાણ જઘન્યથી એક સમયે એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાતા, અસંખ્યાતા અને અનંતા આવીને ઉપજે છે. તેઓનો અપહાર આ પ્રમાણે છે-જો તે અનંત જીવો, સમયે સમયે અપહરીએ તો અનંત ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળે અપહરાય, પણ એ પ્રમાણે અપહરાતા નથી. વળી તેઓની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્તની છે. હે ભગવન્ ! લોહી, નીહૂ, થીહૂ, થિમગા, અશ્વકર્ણી, સિંહકર્ણી, સીઉંઢી અને મુસુંઢી સંબંધે પ્રશ્ન આલુવર્ગની પેઠે અહિં પણ મૂળાદિક દશ ઉદ્દેશકો કહેવા. પરંતુ વિશેષ એ કે, અવગાહના તાડવર્ગની પેઠે જાણવી. હે ભગવન્ ! આય, કાય, કુહુણા, કુંદુરુક્ક, અવ્વેહલિય, સફા, સેજ્જા, છત્રા, વંશાનિકા અને કુમારી-સંબંધે પ્રશ્ન બધું આલુવર્ગની પેઠે કહેવું. અને એ પ્રમાણે દશે ઉદ્દેશકો કહેવા. વિશેષ એ કે અવગાહના તાડવર્ગની પેઠે કહેવી. હે ભગવન્ ! પાઠા, મૃગવાલુંકી, મધુરરસા, રાજવલ્લી, પદ્મા, મોઢરી, દંતી, અને ચંડી-સંબંધે પ્રશ્ન આલુ વર્ગની પેઠે અહિં પણ મૂળાદિક દસ ઉદ્દેશકો કહેવા. વિશેષ એ કે શરીરનું પ્રમાણ વલ્લી ની પેઠે જાણવું. હે ભગવન્ ! માષપર્ણી, મુદ્ગપર્ણી, જીવક, કરેણુક, કાકોલી, ક્ષીરકાકોલી, ભંગી, ણહી, કૃમિરાશિ, ભદ્ર-લાંગલી, પઉય કિણ્ણાપુલય, પાઢ હરેણુકા અને લોહી-, સંબંધે પ્રશ્ન આલુવર્ગની પેઠે અહિં પણ મૂળાદિક દશ ઉદ્દેશકો કહેવો. એ પ્રમાણે અહિં આ પાંચ વર્ગોમાં બધા મળીને પચાસ ઉદ્દેશકો કહેવા. બધે સ્થાને દેવો ઉપજતા નથી, તેથી દરેક સ્થાન પ્રથમની ત્રણજ લેશ્યાઓ હોય છે.

**શતકઃ૨૩ ગુર્જરછાયાપૂર્ણ**

## શતકઃ ૨૪

## 卐 ઉદ્દેસોઃઃ૧ 卐

[૮૩૫-૮૩૭]ઉપપાત, પરિમાણ, સંઘયણ, ઉંચાઈ, સંસ્થાન-લેશ્યા, દૃષ્ટિ, જ્ઞાન અજ્ઞાન, યોગ, ઉપયોગ, સંજ્ઞા, કષાય, ઈન્દ્રિય, સમુદ્ઘાત, વેંદના, વેદ, આયુ, અધ્ય વસાય, અનુબંધ, અને કાયસંવેધ એ રીતે ચોવીશ ઉદ્દેશકો છે.

[૮૩૮] ભગવન્ ! નૈરયિકો ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે, શું નૈરયિકોથી યાવત્ દેવોથી આવી ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! નૈરયિકો નૈરયિકોથી કે દેવોથી આવી ઉત્પન્ન થતા નથી, પણ તિર્યંચયોનિકોથી અને મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય છે. હે ભગવન્ ! જો તિર્યંચયોનિકોથી આવે તો શું એકેન્દ્રિય તિર્યંચયોનિકોથી આવીને ઉત્પન્ન થાય છે કે યાવત્ પંચેન્દ્રિય તિર્યંચયોનિકોથી હે ગૌતમ ! એકેન્દ્રિય યાવત્ ચઉરિન્દ્રિય તિર્યંચયોનિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કોથી આવી ઉત્પન્ન થતા નથી, પણ પંચેન્દ્રિય તિર્યંચયોનિકોથી આવી ઉત્પન્ન થાય છે. હે ભગવન્ જો નૈરયિકો પંચેન્દ્રિય તિર્યંચયોનિકોથી આવે તો શું સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકોથી કે અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકોથી આવી ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! બંનેથી હે ભગવન્ ! જો અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકથી આવી ઉત્પન્ન થાય છે તો શું જલચરોથી, સ્થલચરોથી કે ખેચરોથી ? હે ગૌતમ ! ત્રણેથી. જો તેઓ ત્રણેથી આવી ઉત્પન્ન થાય છે તો શું તે પર્યાપ્તા કે અપર્યાપ્તા જલચર, સ્થલચરો કે ખેચરોથી આવી ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! પર્યાપ્ત જલચરો અને ખેચરોથી આવી ઉત્પન્ન થાય છે, પણ અપર્યાપ્તથી આવી ઉત્પન્ન થતા નથી.

પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવ, જે નૈરયિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તે કેટલી નરકપૃથિવીમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! તે પ્રથમ રત્નપ્રભા નરકપૃથિવીમાં ઉત્પન્ન થાય. હે ભગવન્ ! તે કેટલા કાળના આયુષવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ!તે જઘન્ય દસ હજારવર્ષઅને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમાં ભાગની સ્થિતિ વાળાનૈરયિકોમાં.તેઓએકસમયે કેટલા ઉત્પન્ન થાય?હે ગૌતમ!જઘન્યથી એક,બેકે ત્રણ અને ઉત્કૃષ્ટા સંખ્યાતા કે અસંખ્યાતા. તે અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોના શરીર ક્યાં સંઘયણવાળા હોય?હે ગૌતમ ! સેવાર્તસંઘયળવાળાં. તે જીવોની કેટલી મોટી શરીરાવગાહના-હોય?હે ગૌતમ!જઘન્ય અંગુલના અસંખ્યાતમાં ભાગની અને ઉત્કૃષ્ટ એક હજાર યોજનની. તેઓના શરીરોનું ક્યું સંસ્થાન હોય છે ? હે ગૌતમ ! હુંડકસંસ્થાન.

હે ભગવન્ ! (અસંજ્ઞી પંચેન્દ્રિયતિર્યંચોને) કેટલી લેશ્યાઓ કહી છે ? ત્રણ કૃષ્ણ લેશ્યા, નીલલેશ્યા, અને કાપોતલેશ્યા. હે ભગવન્ ! શું તે જીવો સમ્યગ્દૃષ્ટિ છે, મિથ્યાદૃષ્ટિ છે કે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ છે ? હે ગૌતમ ! તેઓ સમ્યગ્દૃષ્ટિ કે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ નથી, પણ મિથ્યાદૃષ્ટિ છે. હે ભગવન્ ! તે જીવો જ્ઞાની છે કે અજ્ઞાની ? હે ગૌતમ ! તેઓ જ્ઞાની નથી, પણ અજ્ઞાની છે અને તેઓને અવશ્ય બે અજ્ઞાન હોય મતિઅજ્ઞાન અને શ્રુત અજ્ઞાન. હે ભગવાન્ ! તેઓ મનયોગવાળા, વચનયોગળાળા કે કાયયોગવાળા છે ? હે ગૌતમ ! તેઓ મનોયોગવાળા નથી પણ વચનયોગ અને કાયયોગવાળા છે. હે ભગવન્ ! તે જીવો સાકાર ઉપયોગવાળા છે કે અનાકાર ઉપયોગવાળા છે ? બંને.

હે ભગવન્ ! તે જીવોને કેટલી સંજ્ઞાઓ હોય છે ? ચાર. આહારસંજ્ઞા, યાવત્ પરિગ્રહસંજ્ઞા. હે ભગવન્ ! તે જીવોને કેટલા કષાયો હોય છે ? ચાર. ક્રોધકષાય, યાવત્ લોભકષાય. તે જીવોને કેટલી ઈન્દ્રિયો હોય છે ? પાંચ. શ્રોત્રેન્દ્રિય, યાવત્-સ્પર્શેન્દ્રિય. તે જીવોને કેટલા સમુદ્ઘાતો કહ્યા છે ? ત્રણ. વેદનાસમુદ્ઘાત, કષાયસમુદ્ઘાત અને મારણાન્તિક સમુદ્ઘાત.હે ભગવન્!શું તે જીવો સાતા-અનુભવે છે કે અસાતા- અનુભવે છે ? હે ગૌતમ ! બંને.

હે ભગવન્ ! તે જીવોને ક્યો વેદ છે ? હે ગૌતમ ! નપુસંકવેદ છે. હે ભગવન્ ! તેઓની કેટલા કાળની સ્થિતિ-કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટથી પૂર્વકોટીની. તેઓના અધ્યવસાયસ્થાનો કેટલા કહ્યાં છે ? હે ગૌતમ ! અસંખ્યાતા. તે અધ્યવસાયસ્થાનો પ્રશસ્ત છે કે અપ્રશસ્ત છે ? હે ગૌતમ ! બંને. હે ભગવન્ ! તે જીવ પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકરુપે કેટલા કાળ સુધી રહે ? હે ગૌતમ ! જઘન્યથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અંતર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટ પૂર્વકોટી સુધી રહે. હે ભગવન્ ! તે પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક થાય, પછી રત્નપ્રભા પૃથિવીમાં નૈરયિકપણે ઉપજે અને ફરીવાર પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક થાય-એમ કેટલો કાળ સેવે, કેટલો કાળ ગમનાગમન કરે ? હે ગૌતમ ! ભવની અપેક્ષાએ બે ભવ અને કાળની અપેક્ષાએ જઘન્ય અન્તર્મુહૂર્ત અધિક દસહજાર વર્ષ તથા ઉત્કૃષ્ટથી પૂર્વકોટી અધિક પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ-પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવની રત્નપ્રભા પૃથિવીમાં નૈરયિક સ્થિતિ કેટલી ? હે ગૌતમ ! તે જઘન્ય દસ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ પણ દસ હજાર વર્ષની. હે ભગવન્ ! તે એક સમયે કેટલા ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! પૂર્વે કહેલી બધી વક્તવ્યતા યાવત્-'અનુબંધ' સુધી અહિં કહેવી.

હે ભગવન્ ! પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક થઈ જઘન્યસ્થિતિવાળા રત્નપ્રભા પૃથિવીના નૈરયિકપણે ઉત્પન્ન થાય, અને પુનઃ પર્યાપ્ત તિર્યંચયોનિક થાય-એમ યાવત્ કેટલા કાળ સુધી ગતિ અગતિ કરે ? હે ગૌતમ ! ભવની અપેક્ષાએ બે ભવ અને કાળની અપેક્ષાએ જઘન્ય અન્તર્મુહૂર્ત અધિક દસ હજાર વર્ષ, તથા ઉત્કૃષ્ટ પૂર્વકોટી અધિક દસ હજાર વર્ષ. પર્યાપ્ત અસંજ્ઞીપંચેન્દ્રિયતિર્યંચયોનિકની જ્ઞાનપ્રભાને વિશે ઉત્કૃષ્ટસ્થિતિકેટલી?હેગૌતમ!જઘન્ય અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમાં ભાગની. હે ભગવન્ ! તે જીવો એક સમયે કેટલા ઉત્પન્ન થાય-ઈત્યાદિ બાકીની બધી હકીકત યાવત્-અનુબંધ સુધી પૂર્વની પેઠે કહેવી. હે ભગવન્ ! તે પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિક થાય, પછી ઉત્કૃષ્ટ સ્થિતિવાળા રત્નપ્રભામાં નૈરયિકપણે ઉત્પન્ન થાય, વળી પાછો પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિક થાય-એમ કેટલા કાળ સુધી યાવત્-ગમનાગમન કરે ? હે ગૌતમ ! ભવની અપેક્ષાએ બે ભવો અને કાળની અપેક્ષાએ જઘન્ય અન્તર્મુહૂર્ત અધિક પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ તથા ઉત્કૃષ્ટ પૂર્વકોટી અધિક પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ-જઘન્યસ્થિતિવાળા પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિક જીવ, ની રત્નપ્રભા પૃથિવીમાં સ્થિતિ કેટલી ? હે ગૌતમ ! જઘન્ય દસ હજાર વર્ષની સ્થિતિવાળા અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગની. હે ભગવન્ ! તે જઘન્યઆયુષવાળા અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકો એક સમયે કેટલા ઉત્પન્ન થાય-ઈત્યાદિ બધી વક્તવ્યતા પૂર્વની પેઠે કહેવી. પણ તેમાં આયુષ, અધ્યવસાય અને અનુ બંધ સંબંધે વિશેષતા આ પ્રમાણે છે-આયુષ જઘન્ય અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત છે. હે ભગ વન્ ! તેઓને કેટલાં અધ્યવસાયો હોય છે ? અસંખ્યાતા. તે અધ્યવસાયો પ્રશસ્ત છે કે અપ્રશસ્ત છે ? હે ગૌતમ ! તે પ્રશસ્ત નથી પણ અપ્રશસ્ત છે. અનુબંધ અન્તર્મુહૂર્ત છે.

હે ભગવન્ ! જઘન્યસ્થિતિવાળો પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવ થાય, પછી રત્નપ્રભામાં નૈરયિકપણે ઉત્પન્ન થાય અને પાછો જઘન્યસ્થિતિવાળો પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક થાય-એમ કેટલા કાળસુધી સેવે, ક્યાં સુધી ગમના-ગમન કરે ? હે ગૌતમ ! ભવની અપેક્ષાએ બે ભવ સુધી અને કાળની અપેક્ષાએ જઘન્ય અન્તર્મુહૂર્ત અધિક દસ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત અધિક પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ-જઘન્ય આયુષવાળો પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવ, રત્નપ્રભા- પૃથિવીમાં જઘન્ય કેટલા આયુષ્યવાળો ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ દસ હજાર વર્ષના આયુષવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય. હે ભગવન્ ! તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીવો એક સમયે કેટલા ઉત્પન્ન થાય-ઈત્યાદિ બધી વક્તવ્યતા પૂર્વવત્ જાણવી.

હે ભગવન્ ! તે (પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચો) એક સમયે કેટલા ઉત્પન્ન થાય-ઈત્યાદિ બધી વક્તવ્યતા પૂર્વની જાણવી. તે જઘન્યસ્થિતિવાળો પર્યાપ્ત અસંજ્ઞી તિર્યંચયોનિક થઈ ઉત્કૃષ્ટ સ્થિતિવાળા રત્નપ્રભા નૈરયિકોમાં ઉત્પન્ન થાય અને પાછો પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક થાય-એમ કેટલા કાળ સુધી યાવત્-ગમનાગમન કરે ? હે ગૌતમ ! ભવની અપેક્ષાએ બે ભવ અને કાળની અપેક્ષાએ જઘન્ય અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત અધિક પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ-ઉત્કૃષ્ટ આયુષવાળો પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવ, વિશે પ્રશ્ન જઘન્યથી દસ હજારવર્ષની અને ઉત્કૃષ્ટથી પલ્યોપમના અસંખ્યાતમાં ભાગની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય. હે ભગવન્ ! તે જીવો એક સમયે કેટલા ઉત્પન્ન થાય-ઈત્યાદિ બધી વક્તવ્યતા સામાન્ય પાઠમાં કહ્યા પ્રમાણે જાણવી. પરન્તુ સ્થિતિ અને અનુબંધ એ બે બાબત વિશેષતા છે. સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ પૂર્વકોટી વર્ષની છે અને અનુબંધ પણ એ પ્રમાણે જ જાણવો. તે ઉત્કૃષ્ટસ્થિતિવાળો પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક થઈ રત્નપ્રભામાં નૈરયિક પણ ઉપજે અને પુનઃ ઉત્કૃષ્ટ સ્થિતિવાળો અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક થાય-એમ કેટલા કાળ સુધી યાવત્-ગમનાગમન કરે ? હે ગૌતમ ! ભવની અપેક્ષાએ બે ભવસુધી અને કાળની અપેક્ષાએ જઘન્ય દશ હજારવર્ષ અધિક પૂર્વકોટી, અને ઉત્કૃષ્ટ પૂર્વકોટી અધિક પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ-ઉત્કૃષ્ટ સ્થિતિવાળો પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવ જે જઘન્યસ્થિતિવાળા સંબંધે પ્રશ્ન જઘન્યથી અને ઉત્કૃષ્ટ દસ હજાર વર્ષની સ્થિતિવાળા નૈરયિકમોમાં ઉત્પન્ન થાય.

હે ભગવન્ ! તે જીવો એક સમયે કેટલા ઉત્પન્ન થાય ? બાકી બધું યાવત્-અનુબંધ સુધી સાતમા ગમમાં કહ્યા પ્રમાણે જાણવું. હે ભગવન્ ! તે ઉત્કૃષ્ટ સ્થિતિવાળો પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક થઈ જઘન્ય સ્થિતિવાળો રત્નપ્રભાનૈરયિકોમાં ઉત્પન્ન થાય અને પુનઃ ઉત્કૃષ્ટસ્થિતિવાળો પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક થાય-એમ કેટલો કાળ યાવત્-ગમનાગમન કરે ? ગૌતમ ! ભવની અપેક્ષાએ બે ભવ સુધી અને કાળની અપેક્ષાએ જઘન્ય અને ઉત્કૃષ્ટ પૂર્વકોટી અધિક દસ હજાર વર્ષ-ઉત્કૃષ્ટ સ્થિતિ વાળો પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક, જે ઉત્કૃષ્ટ સ્થિતિવાળા રત્નપ્રભા નૈરયિ કોમાં ઉપજવાને યોગ્ય છે તે જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ ની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય. હે ભગવન્ ! તે જીવો એક સમયે કેટલા ઉત્પન્ન થાય-ઈત્યાદિ સાતમાં ગમમાં કહ્યા પ્રમાણે જાણવું. હે ભગવન્ ! તે ઉત્કૃષ્ટ સ્થિતિવાળો પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક થઈ ઉત્કૃષ્ટસ્થિતિવાળા રત્નપ્રભા નૈરયિકોમાં યાવત્-ગમનાગમન કરે ? હે ગૌતમ ! ભવની અપેક્ષાએ બે ભવ અને કાળની અપેક્ષાએ જઘન્ય અને ઉત્કૃષ્ટ પૂર્વકોટી અધિક પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ-એ પ્રમાણે ઔઘિક-સામાન્ય ત્રણ ગમ, જઘન્યકાળની સ્થિતિવાળા સંબંધે ત્રણ ગમ અને ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા સંબંધે ત્રણ ગમ-એ બધા મળીને નવ ગમો થાય છે. હે ભગવન્ ! જો (નૈરયિકો) સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકોથી આવી ઉત્પન્ન થાય તો શું સંખ્યાતા વર્ષના આયુષવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકથી આવી ઉત્પન્ન થાય કે અસંખ્યાતા વર્ષના આયુષવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકથી ? સંખ્યાતા વર્ષના આયુષવાળા સંજ્ઞી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પંચેન્દ્રિય તિર્યંચયોનિકથી આવી ઉત્પન્ન થાય. તે જલચરોથી આવી ઉત્પન્ન થાય-ઈત્યાદિ બધું અસંજ્ઞીની પેઠે જાણવું.

[૮૪૦]હે ભગવન્ ! પર્યાપ્ત સંખ્યાતા વર્ષના આયુષવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકો જે નૈરયિમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તે કેટલી નરક પૃથિવીઓમાં ઉત્પન્ન થાય ? સાતેમાં હે ભગવન્ ! પર્યાપ્ત સંખ્યાતા વર્ષના આયુષવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિક જીવો, તે રત્નપ્રભા પૃથિવીના નૈરયિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, તેની સ્થિતિનો પ્રશ્ન હે ગૌતમ ! જઘન્ય દસ હજાર વર્ષની સ્થિતિવાળા અને ઉત્કૃષ્ટ સાગ રોપમની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય. હે ભગવન્ ! તે એક સમયે ઉપજે-ઈત્યાદિ બધું અસંજ્ઞીની પેઠે. હે ભગવન્ ! તે જીવોનાં શરીરો કેટલા સંઘયળવાળાં હોય છે ? છએ સંઘયણવાળાં. શરીરની ઉંચાઈ અસંજ્ઞીની પેઠે જઘન્ય અંગુલનો અસંખ્યાત મો ભાગ અને ઉત્કૃષ્ટ અને હજાર યોજન હોય છે. હે ભગવન્ ! તેઓનાં શરીરો ક્યાં સંસ્થાનવાળાં હોય છે ? છએ સંસ્થાનવાળાં હોય છે.

હે ભગવન્ ! તે સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોને કેટલી લેશ્યાઓ હોય છે ? હે ગૌતમ ! છએ લેશ્યાઓ હોય છે. તેઓને દૃષ્ટિ ત્રણે હોય છે, તથા ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજનાએ-વિકલ્પે હોય છે. યોગ ત્રણે હોય છે. બાકી બધું અસંજ્ઞીની પેઠે યાવત્-અનુબંધ સુધી જાણવું. પણ વિશેષ એ છે કે તેઓને પ્રથમના પાંચ સમુદ્ઘાતો હોય છે. વેદ ત્રણે હોય છે. હે ભગવન્ ! પર્યાપ્ત સંખ્યાતા વર્ષના આયુષવાળો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવ, જે જઘન્ય આયુષવાળા રત્નપ્રભાના નૈરયિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તે કેટલા વર્ષની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પણ દસ હજાર વર્ષની સ્થિતિવાળા. હે ભગવન્ ! તે જીવો એક સમયે કેટલા ઉત્પન્ન થાય-ઈત્યાદિ પ્રશ્ન. પૂર્વોક્ત પ્રથમ ગમ સંપૂર્ણ કહેવો, યાવત્-કાલાદેશ વડે જઘન્ય અન્તર્મુહૂર્ત અધિક દસ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટથી ચાલીશ હજાર વર્ષ અધિક ચાર પૂર્વકોટી-એટલો કાળ સેવે, યાવત્-ગમના ગમન કરે. તે ઉત્કૃષ્ટ સ્થિતિ વાળા રત્ન પ્રભાનૈરયિકોમાં ઉત્પન્ન થાય તો જઘન્ય અને ઉત્કૃષ્ટ પણ સાગરોપમ સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય. બાકી પરિણામથી માંડી ભવાદેશ સુધીનો પૂર્વોક્ત પ્રથમ ગમક અહિં જાણવો. હે ભગવન્ ! જઘન્ય સ્થિતિવાળો પર્યાપ્ત સંખ્યાતા વર્ષના આયુષ વાળો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવ, જે રત્નપ્રભા પૃથિવીમાં નૈરયિકોપણે ઉત્પન્ન થવાને યોગ્ય છે તે વિશે પ્રશ્ન હે ગૌતમ ! તે જઘન્યથી દસ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટથી સાગરોપમની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય. હે ભગવન્ ! તે જીવો એક સમયે કેટલા ઉત્પન્ન થાય-ઈત્યાદિ બધી વક્તવ્યતા માટે પ્રથમ ગમક કહેવો. પણ આ આઠ બાબત સંબંધે વિશેષતા છે-તેઓના શરીરની ઉંચાઈ જઘન્યથી અંગુલનો અસંખ્યાતો ભાગ અને ઉત્કૃષ્ટથી ધનુષપૃથકત્વ- તેઓને પ્રથમની ત્રણ લેશ્યાઓ હોય, મિથ્યાદૃષ્ટિ હોય છે, બે અજ્ઞાનવાળા હોય છે. તેઓને પ્રથમના ત્રણ સમુદ્ઘાતો હોય છે. આયુષ, અધ્યવસાય અને અનુબંધ અસંજ્ઞીની પેઠે જાણવા. તે જઘન્ય કાળની સ્થિતિ વાળા રત્નપ્રભા નૈરયિકમાં ઉત્પન્ન થાય તો જઘન્ય અને ઉત્કૃષ્ટ દસ હજાર વર્ષની સ્થિતિ વાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય. હે ભગવન્ ! તે જીવો એક સમયે કેટલા ઉત્પન્ન થાય-ઈત્યાદિ સંબંધે સંપૂર્ણ ચોથો ગમ કહેવો. યાવત્-કાળની અપેક્ષાએ જઘન્ય અન્તર્મુહૂર્ત અધિક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દસ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ ચાર અન્તર્મુહૂર્ત અધિક ચાલીશ હજાર વર્ષ-એટલો કાળ સેવે, યાવત્-ગમનાગમન કરે.

તે ઉત્કૃષ્ટ સ્થિતિવાળા રત્નપ્રભા નૈરયિકોમાં ઉત્પન્ન થાય તો જઘન્ય અને ઉત્કૃષ્ટ સાગરોપમ સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય. હે ભગવન્ ! તે જીવો એક સમયે કેટલા ઉપજે-ઈત્યાદિ ચોથો ગમ સંમ્પૂર્ણ કહેવો. ઉત્કૃષ્ટ સ્થિતિવાળો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવ, જે રત્નપ્રભા પૃથિવીમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તે કેટલા વર્ષની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! તે જઘન્યથી દસ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટથી એક સાગરોપમની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય. હે ભગવન્ ! તે જીવો એક સમયે કેટલા ઉત્પન્ન થાય ઈત્યાદિ-પરિમાણથી માંડી ભવાદેશ સુધીની વક્તવ્યતા કહેવા માટે એઓનો (સંજ્ઞી પંચેન્દ્રિયોનો) પ્રથમ ગમ કહેવો. પરન્તુ વિશેષ એ કે સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ પૂર્વકોટી વર્ષની છે. એ પ્રમાણે અનુબંધ પણ જાણવો. તથા કાળની અપેક્ષાએ જઘન્યથી દસહજાર વર્ષ અધિક પૂર્વકોટી વર્ષ અને ઉત્કૃષ્ટથી ચાર પૂર્વકોટી અધિક ચાર સાગરોપમ-એટલો કાળ યાવત્-ગમનાગમન કરે. જો તે જઘન્ય સ્થિતિવાળા રત્નપ્રભા પૃથિવીના નૈરયિકોમાં ઉત્પન્ન થાય તો તે જઘન્ય અને ઉત્કૃષ્ટ દસ હજાર વર્ષની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય.

હે ભગવન્ ! તે જીવો એક સમયે કેટલા ઉત્પન્ન થાય-ઈત્યાદિ યાવત્-ભવાદેશ સુધી સાતમો ગમ કહેવો. કાળની અપેક્ષાએ જઘન્યથી દસ હજાર અધિક પૂર્વકોટી વર્ષ અને ઉત્કૃષ્ટથી ચાલીશ હજાર અધિક ચાર પૂર્વકોટી વર્ષ-એટલો કાળ યાવત્ ગમનાગમન કરે. હે ભગવન્ ! ઉત્કૃષ્ટ સ્થિતિવાળો પર્યાપ્ત યાવત્-તિર્યંચયોનિક, જે ઉત્કૃષ્ટ સ્થિતિવાળા, રત્નપ્રભા નૈરયિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તેનો સ્થિતિ વિશે પ્રશ્ન. જઘન્યથી અને ઉત્કૃષ્ટથી એક સાગરોપમની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય. હે ભગવન્ ! તે જીવો એક સમયે કેટલા ઉત્પન્ન થાય-ઈત્યાદિ યાવત્-ભવાદેશ સુધી પૂર્વે કહેલ સાતમો ગમ સંપૂર્ણ કહેવો. એ પ્રમાણે એ નવ ગમો જાણવા. અને નવે ગમોમાં પ્રારંભ અને ઉપસંહાર અસંજ્ઞીની પેઠે કહેવો. હે ભગવન્ ! પર્યાપ્ત સંખ્યાતા વર્ષના આયુષવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવ, જે શર્કરાપ્રભા પૃથિવીમાં નૈરયિકપણે ઉત્પન્ન થવાને યોગ્ય છે,તે કેટલા વર્ષની સ્થિતિવાળા નૈરયિકોમાંઉત્પન્ન થાય?હે ગૌતમ ! તે જઘન્યથી એક સાગરોપમની અને ઉત્કૃષ્ટથી ત્રણ સાગરોપમની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય. હે ભગવન્ ! તે જીવો એક સમયે કેટલા ઉત્પન્ન થાય ? રત્નપ્રભા નરકમાં ઉત્પન્ન થનાર પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક સમગ્ર વક્તવ્યતા અહિં ભવાદેશ સુધી કહેવી. તથા કાળની અપેક્ષાએ અન્તર્મુહૂર્ત અધિક સાગરોપમ અને ઉત્કૃષ્ટથી ચાર પૂર્વકોટી અધિક બાર સાગરોપમ-એટલો કાળ યાવત્-ગમનાગમન કરે. એ પ્રમાણે રત્નપ્રભા પૃથિવીના ગમકની સમાન નવે ગમક જાણવા. પણ વિશેષ એ છે કે બધા ગમકોમાં નૈરયિકની સ્થિતિ અને સંવેધને વિષે 'સાગરોપમો' કહેવા. અને એમ યાવત્- છઠ્ઠી નરક પૃથિવી સુધી જાણવું. પરન્તુ જે નરક પૃથિવીમાં જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ જેટલા કાળની હોય તે સ્થિતિને તેજ ક્રમથી ચારગુણી કરવી, હવે સંઘયણને આશ્રયી વાલુકાપ્રભામાં વજ્રઋષભનારાચ, યાવત્-કીલિકા એ પાંચ સંઘયણવાળા, પંકપ્રભામાં પ્રથમના ચાર સંઘયણવાળા, ધૂમપ્રભામાં પ્રથમના ત્રણ સંઘયણવાળા અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તમઃપ્રભામાં પ્રથમના બે સંઘયણવાળાં નારકો ઉત્પન્ન થાય છે.

હે ભગવન્ ! પર્યાપ્ત સંખ્યાતા વર્ષના આયુષવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક, જે સપ્તમ નરક પૃથિવીના નૈરયિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તે કેટલા વર્ષની સ્થિતિ વાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! જઘન્ય બાવીશ સાગરોપમની અને ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમની સ્થિતિવાળા નૈરયિકો ઉત્પન્ન થાય. હે ભગવન્ ! તે જીવો એક સમયે કેટલા ઉત્પન્ન થાય-ઈત્યાદિ રત્નપ્રભાના નવ ગમકોની અને બીજી બધી વક્ત વ્યતા કહેવી. પણ વિશેષ એ કે ત્યાં વજ્રઋષભનારાચ સંઘયણવાળા ઉપજે છે, સ્ત્રીવેદ વાળા જીવો ત્યાં ઉત્પન્ન થતા નથી, બાકી બધું યાવત્-અનુબંધ સુધી પૂર્વોક્ત કહેવું. સંવેધ-જઘન્યથી ભવની અપેક્ષાએ ત્રણ ભવ અને ઉત્કૃષ્ટ સાત ભવ, તથા કાળની અપે ક્ષાએ જઘન્ય બે અન્તર્મુહૂર્ત અધિક બાવીશ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ચાર પૂર્વકોટી અધિક છાસઠ સાગરોપમ-એટલો કાળ યાવત્-ગમનાગમન કરે. તે જઘન્ય સ્થિતિ વાળા સપ્તમ નરક પૃથિવીના નૈરયિકોમાં ઉત્પન્ન થાય-ઈત્યાદિ વક્તવ્યતા યાવત્-ભવાદેશ સુધી પૂર્વવત્ જઘન્યથી કાળાદેશ પણ તેજ પ્રકારે કહેવો, તે જીવ ઉત્કૃષ્ટસ્થિતિ વાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય-ઈત્યાદિ વક્તવ્યતા યાવત્-અનુબંધ સુધી પૂર્વ પ્રમાણે કહેવી ભવની અપેક્ષાએ જઘન્યથી ત્રણ ભવ અને ઉત્કૃષ્ટથી પાંચ ભવ, તથા કાળની અપેક્ષાએ જઘન્ય બે અન્તર્મુહૂર્ત અધિક તેત્રીશ સાગરોપમ અને ઉત્કૃષ્ટથી ત્રણ પૂર્વ કોટી અધિક છાસઠ સાગરોપમ-એટલો કાળ યાવત્-ગમનાગમન કરે.

જો તે જીવ પોતે જઘન્ય સ્થિતિવાળો હોય અને તે સપ્તમ નરક પૃથિવીના નૈરયિકો માં ઉત્પન્ન થાય-તે સંબંધે બધી વક્તવ્યતા રત્નપ્રભામાં ઉત્પન્ન થનાર જઘન્યસ્થિતિ વાળા સંજ્ઞી પંચેન્દ્રિયની વક્તવ્યતા પ્રમાણે યાવત્-ભવાદેશ સુધી કહેવી. પરન્તુ વિશેષ એ કે તે પ્રથમ સંઘયણવાળો હોય છે, અને સ્ત્રીવેદી હોતો નથી. ભવની અપેક્ષાએ જઘન્ય ત્રણ ભવ અને ઉત્કૃષ્ટ સાત ભવ, તથા કાળની અપેક્ષાએ જઘન્ય બે અન્તર્મુહૂર્ત અધિક બાવીશ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ચાર અન્તર્મુહૂર્ત અધિક છાસઠ સાગરોપમ-એટલો કાળ યાવત્-ગમનાગમન કરે. તે જઘન્યસ્થિતિવાળા સપ્તમ નરક પૃથિવીમાં નૈરયિકપણે ઉત્પન્ન થાય તો તે સંબંધે ચોથો ગમ યાવત્-કાલાદેશ સુધી સમગ્ર કહેવો. તે ઉત્કૃષ્ટ સ્થિતિવાળા સપ્તમ નરક પૃથિવીના નૈરયિકોમાં ઉત્પન્ન થાય તો તે સંબંધે યાવત્-અનુ બંધ સુધી પૂર્વોક્ત વક્તવ્યતા કહેવી. ભવની અપેક્ષાએ જઘન્ય ત્રણ ભવ, ઉત્કૃષ્ટ પાંચ ભવ, કાળની અપેક્ષાએ જઘન્ય બે અન્તર્મુહૂર્ત અધિક તેત્રીશ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ત્રણ અન્તર્મુહૂર્ત અધિક છાસઠ સાગરોપમ-એટલો કાળ યાવત્-ગમનાગમન કરે. તે પોતે ઉત્કૃષ્ટ સ્થિતિવાળો હોય અને સપ્તમ નરક પૃથિવીમાં ઉત્પન્ન થાય તો તે જઘન્ય બાવીશ સાગરોપમની અને ઉત્કૃષ્ટ તેત્રીશ સોગરોપમની સ્થિતિ- વાળા નૈરયિ કોમાં ઉત્પન્ન થાય. હે ભગવન્ ! તે જીવો એક સમયે કેટલા ઉત્પન્ન થાય-ઈત્યાદિ બધી વક્ત વ્યતા સપ્તમ નરક પૃથિવીના પ્રથમ ગમકની પેઠે યાવત્-ભવાદેશ સુધી કહેવી. પરન્તુ વિશેષ એ કે સ્થિતિ અને અનુબંધ જઘન્ય અને ઉત્કૃષ્ટ પૂર્વકોટી જાણવો. સંવેધ કાળની અપેક્ષાએ જઘન્ય બે પૂર્વકોટી અધિક બાવીશ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ચાર પૂર્વકોટી અધિક છાસઠ સાગરોપમ-એટલો કાળ યાવત્-ગમનાગમન કરે. જો તે જઘન્ય-સ્થિતિવાળા સપ્તમ નરકપૃથિવીના નૈરયિકોમાં નૈરયિકોમાં ઉત્પન્ન થાય તો તે સંબંધે તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ વક્તવ્યતા અને સંવેધ સાતમા ગમકની પેઠે કહેવો. જો તે ઉત્કૃષ્ટ સ્થિતિવાળો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક ઉત્કૃષ્ટસ્થિતિવાળા સપ્તમ નરકપૃથિવીના નૈરયિકોમાં ઉત્પન્ન થાય તો એ જ પૂર્વોક્ત વક્તવ્યતા યાવદ્-અનુબંધ સુધી કહેવી. સંવેધ-ભવની અપેક્ષાએ જઘન્ય ત્રણ ભવ અને ઉત્કૃષ્ટ પાંચ ભવ તથા કાળની અપેક્ષા એ જઘન્યથી બે પૂર્વકોટી અધિક તેત્રીશ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ત્રણ પૂર્વકોટી અધિક છાસઠ સાગરોપમ-એટલો કાળ યાવત્-ગમનાગમન કરે.

[૮૪૧]જો તે (નારક) મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય તો શું સંજ્ઞી મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય કે અસંજ્ઞી મનુષ્યોથી ? હે ગૌતમ ! તે સંજ્ઞી મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય, હે ભગવન્ ! જો તે સંજ્ઞી મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય તો શું સંખ્યાતા વર્ષના આયુષવાળા સંજ્ઞી મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય કે અસંખ્યાતા વર્ષના આયુષવાળા સંજ્ઞી મનુષ્યોથી ? હે ગૌતમ ! તે સંખ્યાતા વર્ષના આયુષવાળા સંજ્ઞી મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય, જો તે સંખ્યાતા વર્ષના આયુષવાળા સંજ્ઞી મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય તો શું પર્યાપ્તા સંખ્યાતા વર્ષના આયુષવાળા સંજ્ઞી મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય કે અપર્યાપ્તા સંખ્યાતા વર્ષના આયુષવાળા હે ગૌતમ ! તે પર્યાપ્તા, સંખ્યાતા વર્ષના આયુષ વાળા સંજ્ઞી મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય, હે ભગવન્ ! સંખ્યાતા વર્ષના આયુષવાળો પર્યાપ્ત સંજ્ઞી મનુષ્યો જે નૈરયિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, તે હે ભગવન્ ! કેટલી નરકપૃથિવીઓમાં ઉત્પન્ન થાય ? તે સાતે.

હે ભગવન્ ! સંખ્યાતા વર્ષના આયુષવાળો પર્યાપ્ત સંજ્ઞી મનુષ્ય, જે રત્નપ્રભાના નૈરયિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, તે હે ભગવન્ ! કેટલા કાળની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! તે જઘન્યથી દસ હજાર આયુષવાળા અને ઉત્કૃષ્ટથી એક સાગરોપમના આયુષવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય. હે ભગવન્ ! તેઓ એક સમયે કેટલા ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! જઘન્યથી એક બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા. તેઓને છએ સંઘયણ હોય છે. શરીર ઉંચાઈ જઘન્ય બેથી નવ આંગળ પ્રમાણ અને ઉત્કૃષ્ટ પાંચસો ધનુષ પ્રમાણે હોય છે. બાકી બધું સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકની પેઠે યાવત્-ભવાદેશ સુધી કહેવું. પણ વિશેષ એકે મનુષ્યોને ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજનાએ હોય છે. કેવલિસમુદ્ઘાત સિવાય છ સમુદ્ઘાત હોય છે. સ્થિતિ અને અનુબંધ જઘન્યથી માસપૃથકત્વ-અને ઉત્કૃષ્ટ પૂર્વકોટીનો હોય છે. સંવેધકાળની અપેક્ષાએ જઘન્યથી માસપૃથકત્વ અધિક દસ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ ચાર પૂર્વકોટી અધિક ચાર સાગરોપમ-એટલો કાળ યાવત્ ગમનાગમન કરે.જોતે મનુષ્ય કાળની સ્થિતિવાળા રત્નપ્રભા નૈરયિકોમાં ઉત્પન્ન થાય તો તેને ઉપર કહેલી સર્વ વક્તવ્યતા કહેવી. પણ વિશેષ એ છે કે કાળની અપેક્ષાએ જઘન્ય માસપૃથકત્વ અધિક દસ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ ચાર પૂર્વકોટી અધિક ચાલીશ હજાર વર્ષ-એટલો કાળ યાવત્-ગમનાગમન કરે. જો તે મનુષ્ય ઉત્કૃષ્ટ સ્થિતિવાળા રત્નપ્રભા નૈરયિકોમાં ઉત્પન્ન થાય તો તે જ પૂર્વોક્ત વક્તવ્યતા કહેવી. પણ વિશેષ એ કે કાળાદેશથી માસપૃથકત્વ અધિક એક સાગરોપમ અને ઉત્કૃષ્ટ અને પૂર્વકોટી અધિક ચાર સાગરોપમ-એટલો કાળ યાવત્-ગમનાગમન કરે. જો તે મનુષ્ય પોતે જઘન્ય કાળની સ્થિતિવાળો હોય અને રત્નપ્રભા નૈરયિકોમાં ઉત્પન્ન થાય તો તેને પણ એ જ વક્તવ્યતા કહેવી. એમાં આ પંચ બાબતની વિશેષતા છે-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેઓના શરીરની અવગાહના જઘન્ય અને ઉત્કૃષ્ટ અંગુલપૃથ- ક્ત્વ હોય છે, તેઓને ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજનાએ હોય છે, પ્રથમના પાંચ સમુદ્‌ઘાતો હોય છે, સ્થિતિ અને અનુબંધ જઘન્ય અને ઉત્કૃષ્ટ માસપૃથકત્વ હોય છે. બાકી બધું યાવત્-ભવાદેશ સુધી પૂર્વ પ્રમાણે જાણવું. કાળની અપેક્ષાએ જઘન્યથી માસપૃથક્ત્વ અધિક દસ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ ચાર માસપૃથકત્વ અધિક ચાર સાગ- રોપમ-એટલો કાળ યાવત્-ગમનાગમન કરે.

જો તે મનુષ્ય જઘન્યકાળની સ્થિતિવાળા રત્નપ્રભા નૈરયિકોમાં ઉત્પન્ન થાય તો તેને પૂર્વોક્ત ચોથા ગમકના સમાન વક્તવ્યતા કહેવી. પણ વિશેષ એ કે કાળની અપેક્ષાએ જઘન્ય માસપૃથકત્વ અધિક દસ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ ચાર માસપૃથકત્વ અધિક ચાલીશ હજાર વર્ષ-એટલો કાળ યાવત્-ગમનાગમન કરે. હવે તેજ મનુષ્ય ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા રત્નપ્રભા નૈરયિકોમાં ઉત્પન્ન થાય તો તેને એજ ગમક કહેવો. પણ વિશેષ એ કે કાળા દેશ વડે જઘન્ય માસપૃથક્ત્વ અધિક સાગરોપમ અને ઉત્કૃષ્ટ ચાર માસપૃથક્ત્વ અધિક ચાર સાગરોપમ-એટલો કાળ યાવત્-ગમનાગમન કરે. જો તે મનુષ્ય પોતે ઉત્કૃષ્ટ સ્થિતિવાળો હોય અને રત્નપ્રભા નૈરયિકોમાં ઉત્પન્ન થાય તો તે સંબંધે પ્રથમ ગમક કહેવો. પણ વિશેષ એ કે શરીરની અવગાહના જઘન્ય અન ઉત્કૃષ્ટ પાંચસો ધનુષની હોય છે. સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ પૂર્વકોટી વર્ષની અને અનુબંધ પણ તે પ્રમાણે જાણવો. કાળની અપેક્ષાએ જઘન્ય પૂર્વકોટી અધિક દસ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ ચાર પૂર્વકોટી અધિક ચાર સાગરોપમ-એટલો કાળ યાવત્-ગમનાગમન કરે. જો તે જ મનુષ્ય જઘન્યકાળની સ્થિતિવાળા રત્નપ્રભા નૈરયિકોમાં ઉત્પન્ન થાય તો તે સંબંધે એ જ સાતમા ગમકની વક્તવ્યતા કહેવી. પણ વિશેષ એ કે કાળની અપેક્ષાએ જઘન્ય દશ હજાર વર્ષ અધિક પૂર્વકોટી અને ઉત્કૃષ્ટ ચાલીશ હજાર વર્ષ અધિક ચાર પૂર્વકોટી-એટલો કાળ યાવત્ ગમનાગમન કરે. જો તે ઉત્કૃષ્ટસ્થિતિ વાળો મનુષ્ય ઉત્કૃષ્ટ સ્થિતિવાળા રત્નપ્રભા નૈરયિકોમાં ઉત્પન્ન થાય તો તેને સાતમાં ગમકની વક્તવ્યતા કહેવી. પણ વિશેષ એ છે કે કાળની અપેક્ષાએ જઘન્ય પૂર્વકોટી અધિક સાગરોપમ અને ઉત્કૃષ્ટ ચાર પૂર્વકોટી અધિક ચાર સાગરોપમ-એટલો કાળ યાવત્-ગમનાગમન કરે.

હે ભગવન્ ! સંખ્યાતા વર્ષના આયુષવાળો પર્યાપ્ત સંજ્ઞી મનુષ્ય જે શર્કરા-પ્રભામાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તે કેટલા વર્ષના આયુષવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! જઘન્યથી એક સાગરોપમની અને ઉત્કૃષ્ટથી ત્રણ સાગરોપમની સ્થિતિ વાળા નૈરયિકોમાં. તે જીવો એક સમયે કેટલા ઉત્પન્ન થાય ? અહિં રત્નપ્રભા નૈરયિકોનો ગમક કહેવો. પરન્તુ વિશેષ એ કે શરીરની અવગાહના જઘન્યથી રત્નિપૃથિક્ત્વ-અને ઉત્કૃષ્ટ પાંચસો ધનુષ હોય છે. સ્થિતિ જઘન્યથી વર્ષપૃથક્ત્વ અને ઉત્કૃષ્ટ પૂર્વકોટી વર્ષની હોય છે. એવી રીતે અનુબંધ પણ જાણવો. બાકી બધું તે જ પૂર્વોક્ત યાવત્-ભવાદેશ સુધી કહેવું. કાળની અપેક્ષાએ જઘન્ય વર્ષપૃથકત્વ અધિક એક સાગરોપમ અને ઉત્કૃષ્ટ ચાર પૂર્વ- કોટી અધિક બાર સાગરોપમ-એટલો કાળ યાવત્-ગમનાગમન કરે. એ પ્રમાણે ઔઘિક ત્રણે ગમકમાં મનુષ્યોની વક્તવ્યતા કહેવી. પણ વિશેષ એ છે કે નૈરયિકની સ્થિતિ અને કાળાદેશ વડે તેનો સંવેધ જાણવો. તે સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત

Jainsite.com જૈનમ્ જયતિ શાસનમ્

મનુષ્ય પોતે જઘન્ય કાળની સ્થિતિવાળો હોય અને તે શર્કરાપ્રભામાં ઉત્પન્ન થાય તો તે સંબંધે ત્રણે ગમકમાં એ પૂર્વોક્ત વક્તવ્યતા કહેવી. પણ વિશેષ એ કે શરીરની ઉંચાઈ જઘન્યથી અને ઉત્કૃષ્ટ બેથી નવ હાથ સુધીની હોય છે, અને આયુષ જઘન્ય તથા ઉત્કૃષ્ટ વર્ષપૃથક્ત્વ હોય છે. અનુબંધ પણ એ જ પ્રમાણે જાણવો. બાકી બધું સામાન્ય ગમકની પેઠે કહેવું. અને સર્વ સંવેધ પણ વિચારીને કહેવો. જો તે મનુષ્ય પોતે ઉત્કૃષ્ટ- કાળની સ્થિતિવાળો હોય અને તે શર્કરાપ્રભામાં નૈરયિક થાય તો તે સંબંધે ત્રણે ગમ- કોમાં આ પ્રમાણે વિશેષતા છે-શરીરની અવગાહના જઘન્ય અને ઉત્કૃષ્ટ પાંચસો ધનુષની હોય છે, સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ પૂર્વકોટીની હોય છે, અનુબંધ પણ એ જ પ્રમાણે જાણવો. બાકી બધું પ્રથમ ગમકની પેઠે સમજવું. પણ વિશેષ એ કે નૈરયિકની સ્થિતિ અને કાયસંવેધ વિચારીને કહેવો. એ પ્રમાણે યાવત્-છઠ્ઠી નરક પૃથિકી સુધી જાણવું. પણ વિશેષ એ કે નૈરયિકની સ્થિતિ અને કાયસંવેધ વિચારીને કહેવો. એ પ્રમાણે યાવત્-છઠ્ઠી નરક પૃથિવી સુધી જાણવું. પણ વિશેષ એ છે કે ત્રીજી નરકથી માંડી તિર્યંચયોનિકની પેઠે એક એક સંઘયણ ઘટાડવું, અને કાળાદેશ પણ તેમજ કહેવો. પણ વિશેષ એ છે કે અહિં મનુષ્યોની સ્થિતિ કહેવી.

[૮૪૨]હે ભગવન્! સંખ્યાતા વર્ષના આયુષવાળો પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્ય જે સપ્તમ નરક પૃથિવીના નૈરયિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તે હે ભગવન્ ! કેટલા કાળની સ્થિતિવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! તે જઘન્યથી બાવીશ સાગ રોપમની સ્થિતિવાળા અને ઉત્કૃષ્ટથી તેત્રીશ સાગરોપમની સ્થિતિવાળા નૈરયિ-કોમાં ઉત્પન્ન થાય. હે ભગવન્ ! તે જીવો એક સમયે કેટલા ઉત્પન્ન થાય ? બાકીની બધી વક્તવ્યતા શર્કરાપ્રભા પૃથિવીના ગમકની પેઠે જાણવી. પરન્તુ વિશેષ એ છે કે સપ્તમ નરકમાં પ્રથમ સંઘયણવાળા ઉપજે છે, અને સ્ત્રીવેદવાળા નથી ઉપજતાં, બાકી બધું યાવત્-અનુબંધ સુધી પૂર્વવત્ જાણવું. ભવાદેશથી બે ભવ, અને કાળાદેશથી જઘન્ય વર્ષપૃથક્ત્વ અધિક બાવીશ સાગરોપમ તથા ઉત્કૃષ્ટથી પૂર્વકોટી અધિક તેત્રીશ સાગ- રોપમ-એટલો કાળ યાવત્ ગમનાગમન કરે. જો તે જ મનુષ્ય જઘન્યકાળ કે ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા સપ્તમ નરકમાં નૈરયિકપણે ઉત્પન્ન થાય તો તેને પણ એ જ વક્ત વ્યતા કહેવી. પણ વિશેષ એ છે કે સંવેધ વિચારીને કહેવો. જો તે સંજ્ઞી મનુષ્યો પોતે જઘન્યકાળની સ્થિતિવાળો હોય અને સપ્તમ પૃથિવીના નૈરયિકોમાં ઉત્પન્ન થાય તો તેને ત્રણે ગમકોમાં એ જ વક્તવ્યતા કહેવી. પણ વિશેષ એ કે શરીરની અવગાહના જઘન્ય અને ઉત્કૃષ્ટ બેથી નવ હાથ સુધી તથા સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ વર્ષપૃથક્ત્વ હોય છે. એ પ્રમાણે અનુબંધ પણ જાણવો. તથા સંવેધ ધ્યાન રાખીને કહેવો. જો તે સંજ્ઞી મનુષ્ય પોતે ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળો હોય અને સપ્તમ નરક પૃથિવીમાં ઉત્પન્ન થાય તો તેને ત્રણે ગમકમાં એ જ પૂર્વોક્ત વક્તવ્યતા કહેવી. પરન્તુ વિશેષ એ છે કે શરીરની ઉંચાઈ જઘન્ય અને ઉત્કૃષ્ટ પાંચસો ધનુષની હોય છે, સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ પૂર્વકોટી વર્ષની હોય છે. એ પ્રમાણે અનુબંધ પણ જાણવો. તથા ઉપર કહેલા નવે ગામોમાં નૈરયિ- કની સ્થિતિ અને સંવેધ વિચારીને કહેવો. યાવત્-નવમાં ગમકમાં કાળની અપેક્ષાએ જઘન્ય અને ઉત્કૃષ્ટ પૂર્વકોટી અધિક તેત્રીશ સાગરોપમ-એટલો કાળ સેવે.

**શતકઃ૨૪-ઉદ્દેસોઃ૧ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ઉદ્દેશકઃ૨

[૮૪૩]હે ભગવન્ ! અસુરકુમારો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે-હે ગૌતમ ! તેઓ તિર્યંચયોથી અને મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે બધું યાવત્-નૈરયિકોદ્દેશકની પેઠે જાણવું. યાવત્- હે ભગવન્ ! પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવ જે અસુરકુમારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, તે કેટલા કાળની સ્થિતિવાળા અસુરકુમારોમાં ઉત્પન્ન થાય ?હે ગૌતમ ! જઘન્ય દસ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગની સ્થિતિવાળામાં. તે જીવો એક સમયે કેટલા ઉત્પન્ન થાય ? એ પ્રમાણે રત્નપ્રભાનાગમકની પેઠે નવ ગમકોઅહિં કહેવા.પણ વિશેષ એ કે જ્યારે તે પોતે જઘન્ય કાળની સ્થિતિવાળો હોય ત્યારે તેના (વચલા) ત્રણે ગમકોમાં અધ્યવસાયો પ્રશસ્ત હોય છે,જો સંજ્ઞીપંચેન્દ્રિય તિર્યંચયોનિકોથી આવી ઉત્પન્ન થાય તો શું સંખ્યાત વર્ષના આયુષવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકોથી આવી ઉત્પન્ન થાય કે અસંખ્યાત વર્ષના આયુષવાળાથી હે ગૌતમ ! હે ભગવન્ ! અસંખ્યાતવર્ષના આયુષવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિક, જે અસુરકુમારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તે કેટલા કાળની સ્થિતિવાળા અસુર કુમારોમાં ઉત્પન્ન થાય ? જઘન્ય દસ હજારવર્ષની અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની.

હે ભગવન્ ! તે એક સમયે કેટલા ઉત્પન્ન થાય- જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાતા ઉત્પન્ન થાય. તેઓ વજ્રઋષભનારાચસંઘયણવાળા હોય છે. તેઓના શરીરની ઉંચાઈ જઘન્ય ધનુષપૃથકત્વ અને ઉત્કૃષ્ટ છ ગાઉની હોય છે. તેઓ સમુચતુરસ્ર સંસ્થાનવાળા હોયછે, મિથ્યાદૃષ્ટિ હોય છે. અજ્ઞાની છે અને તેને અવસ્ય મતિ અજ્ઞાન અને શ્રુત અજ્ઞાન હોય છે. યોગ ત્રણે હોય છે. ઉપયોગ બન્ને હોય છે. ચાર સંજ્ઞાઓ, ચાર કષાયો અને પાંચ ઈન્દ્રિયો હોય છે. સમુદ્ઘાત પ્રથમના ત્રણે હોય છે. સમુદ્ઘાત કરીને અને કર્યા વિના પણ મરે છે. વેદના બન્ને પ્રકારની હોયછે. પુરુષવેદ અને સ્ત્રીવેદ-એમ બે વેદ હોય છે, સ્થિતિ જઘન્યથી કાંઈક અધિક પૂર્વકોટી અને ઉત્કૃષ્ટિ ત્રણ પલ્યોપમની હોય છે. અધ્યવસાયો બન્ને પ્રકારના હોય છે. સ્થિતિની પેઠે અનુબંધ પણ જાણવો. કાયસંવેધ-ભવની અપેક્ષાએ બે ભવ અને કાળની અપેક્ષાએ જઘન્યથી કંઈક અધિક પૂર્વકોટી સહિત દસ હજાર વર્ષ તથા ઉત્કૃષ્ટ છે પલ્યોપમ એટલો કાળ યાવત-ગમનાગમન કરે. જો તે જઘન્યકાળની સ્થિતિવાળા અસુરકુમારનાં ઉત્પન્ન થાય તો તેને એજ પૂર્વોક્ત વક્તવ્યતા કહેવી. પણ અહિં અસુરકુમારની સ્થિતિ અને સંવેધ વિચારીને કહેવો. જો તે ઉત્કૃષ્ટકાળની સ્થિતિવાળા અસુરકુમારમાં ઉત્પન્ન થાય તો તે જઘન્ય અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની સ્થિતિવાળા અસુરકુમારોમાં ઉત્પન્ન થાય-ઈત્યાદિ પૂર્વોક્ત વક્તવ્યતા કહેવી. પણ વિશેષ એ છે કે તેની સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની હોય છે. એ પ્રમાણે અનુબંધ પણ જાણવો. કાળની અપેક્ષાએ જઘન્ય અને ઉત્કૃષ્ટ છે પલ્યોપમ-એટલો કાળ યાવત્-ગમનાગમન કરે, બાકી બધું પૂર્વે કહ્યા પ્રમાણે જાણવું. જો તે પોતે જઘન્યકાળની સ્થિતિવાળો હોય અને અસુરકુમારમાં ઉત્પન્ન થાય તો તે જઘન્ય દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ કાંઈક અધિક પૂર્વકોટી વર્ષના આયુષવાળા અસુરકુમારમાં ઉત્પન્ન થાય. હે ભગવન્ ! તે જીવો એક સમયે કેટલા ઉત્પન્ન થાય ? બાકી બધું યાવત્-ભવાદેશ સુધી તેજ પ્રમાણે જાણવું. વિશેષ એ છે કે શરીરની ઉંચાઈ જઘન્યથી બેથી નવ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધનુષ સુધી અને ઉત્કૃષ્ટ કાંઈક અધિક એક હજાર ધનુષ હોય છે. સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ કાંઈક અધિક પૂર્વકોટી વર્ષની હોય છે. એ પ્રમાણે અનુબંધ પણ જાણવો. કાળની અપેક્ષાએ જઘન્યથી કાંઈક અધિક પૂર્વકોટી સહિત દસ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ કાંઈક અધિક બે પૂર્વકોટી વર્ષ-એટલો કાળ યાવત્-ગમનાગમન કરે.

જો તે જઘન્યકાળની સ્થિતિવાળા અસુરકુમારમાં ઉત્પન્ન થાય તો તેને એજ વક્તવ્યતા કહેવી. પણ વિશેષ એ કે અહિં અસુરકુમાર સ્થિતિ અને સંવેધ વિચારીને કહેવો. હવે જો તેજ જીવ ઉત્કૃષ્ટકાળની સ્થિતિવાળા અસુરકુમારમાં ઉત્પન્ન થાય તો જઘન્ય અને ઉત્કૃષ્ટ કાંઈક અધિક પૂર્વકોટી વર્ષની સ્થિતિવાળાં અસુરકુમારમાં ઉત્પન્ન થાય. બાકી બધું પૂર્વે કહ્યા પ્રમાણે જાણવું. પણ વિશેષ એ કે કાળાદેશથી જઘન્ય અને ઉત્કૃષ્ટ કાંઈક અધિક બે પૂર્વકોટી વર્ષ-એટલો કાળ યાવત્-ગમનાગમન કરે. હવે તેજ પોતે ઉત્કૃષ્ટકાળની સ્થિતિવાળો હોય અને અસુરકુમારમાં ઉત્પન્ન થાય તો તેને પ્રથમ ગમક કહેવો. પણ વિશેષ એ કે સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની હોય છે, તથા અનુબંધ પણ એજ પ્રમાણે જાણવો. કાળાદેશથી જઘન્ય દસ હજાર વર્ષ અધિક ત્રણ પલ્યોપમ અને ઉત્કૃષ્ટ છ પલ્યોપમ એટલો કાળ યાવત્-ગમનાગમન કરે. જો તે જઘન્ય કાળની સ્થિતિવાળા અસુરકુમારમાં ઉત્પન્ન થાય તો તેને એજ વક્તવ્યતા કહેવી. પણ વિશેષ એ કે અહિં અસુરકુમારની સ્થિતિ અને સંવેધ વિચારીને કહેવો. જો તે ઉત્કૃષ્ટકાળની સ્થિતિવાળા અસુરકુમારમાં ઉત્પન્ન થાય તો તે જઘન્ય અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની સ્થિતિવાળા અસુરકુમારમાં ઉત્પન્ન થાય-ઈત્યાદિ પૂર્વોક્ત વક્તવ્યતા કહેવી. પણ વિશેષ એ કે કાળની અપેક્ષાએ જઘન્ય અને ઉત્કૃષ્ટ છ પલ્યોપમ-એટલો કાળ યાવત્-ગમનાગમન કરે.

હે ભગવન્ ! જો તે અસુરકુમારો સંખ્યાતા વર્ષના આયુષવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોથી આવીને ઉત્પન્ન થાય તો શું જલચરોથી આવી ઉત્પન્ન થાય-ઈત્યાદિ યાવત્-'હે ભગવન્ ! પર્યાપ્ત સંખ્યાતા વર્ષના આયુષવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યચયોનિક જે અસુરકુમારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તે હે ભગવન્ ! કેટલા કાળની સ્થિતિવાળા અસુરકુમારોમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! જઘન્ય દસ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ કાંઈક અધિક એક સાગરોપમની સ્થિતિવાળા જીવોએક સમયે કેટલા ઉત્પન્ન થાય ? પૂર્વે કહ્યા પ્રમાણે રત્નપ્રભાપૃથિવીના સમાન નવે ગમકો જાણવા. પણ વિશેષ એ કે જ્યારે પોતે જઘન્યકાળની સ્થિતિવાળો હોય ત્યારે વચ્ચેના ત્રણે ગમોમાં આ ભેદ જાણવો. તેને ચાર લેશ્યાઓ હોય છે, અધ્યવસાયો પ્રશસ્ત હોય છે, સંવેધ કાંઈક અધિક સાગરોપમથી કરવો. જો તે અસુરકુમારો મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય તો શું સંજ્ઞી મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય કે અસંજ્ઞી મનુષ્યોથી આવી તેઓ સંજ્ઞી મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય, જો તેઓ સંજ્ઞી મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય તો શું સંખ્યાતા વર્ષના આયુષવાળા સંજ્ઞી મનુષ્યોથી કે અસંખ્યાતા વર્ષના આયુષવાળા સંજ્ઞી મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! તે બંને.

હે ભગવન્ ! અસંખ્યાતા વર્ષના આયુષવાળો સંજ્ઞી મનુષ્ય, જે અસુરકુમારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તે કેટલા કાળની સ્થિતિવાળા અસુરકુમારમાં ઉત્પન્ન થાય, ? હે ગૌતમ ! જઘન્ય દસ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની સ્થિતિવાળામાં એ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રમાણે અસંખ્યાત વર્ષના આયુષવાળા તિર્યંચયોનિ- કોની પેઠે પ્રથમ ત્રણ ગમકો જાણવા. પણ વિશેષ એ કે શરીરની ઉંચાઈ પ્રથમ અને દ્વિતીય ગમકમાં કાંઈક અધિક પાંચસો ધનુષ અને ઉત્કૃષ્ટથી ત્રણ ગાઉના હોય છે, ત્રીજા ગમકમાં શરીરની ઉંચાઈજઘન્ય અને ઉત્કૃષ્ટ પણ ત્રણ ગાઉની જાણવી. બાકી બધું તિર્યંચયોનિકની પેઠે જાણવું. જો તે પોતે જઘન્યકાળની સ્થિતિવાળો હોય તેને જઘન્યકાળની સ્થિતવાળા તિર્યંચયોનિકો પેઠે ત્રણે ગમો કહેવા. પણ વિશેષ એ કે અહિં ત્રણે ગમમાં શરીરની ઉંચાઈ જઘન્ય અને ઉત્કૃષ્ટ કાંઈક અધિક પાંચસો ધનુષ જાણવી. બાકી બધું પૂર્વોક્ત કહેવું. જો તે પોતે ઉત્કૃષ્ટકાળની સ્થિતિવાળો હોય તો તે સંબંધે પણ પૂર્વોક્ત છેલ્લા ત્રણે ગમો કહેવા. પણ વિશેષ એ કે ત્રણે ગમોમાં શરીરનું પ્રમાણ જઘન્ય અને ઉત્કૃષ્ટ ત્રણ ગાઉનું હોય છે. જો તે અસુરકુમારો સંખ્યાતા વર્ષના આયુષવાળા સંજ્ઞી મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય તો શું પર્યાપ્ત સંખ્યાતા વર્ષના આયુષવાળા કે અપર્યાપ્ત વર્ષના આયુષવાળા સંજ્ઞી મનુષ્યોતી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! પર્યાપ્ત સંખ્યાતા વર્ષના આયુષવાળા સંજ્ઞી મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય,પર્યાપ્ત સંખ્યાતા વર્ષના આયુષવાળો સંજ્ઞી મનુષ્યો, જે અસુરકુમારો ઉત્પન્ન થવાને યોગ્યછેતેકેટલાકાળની સ્થિતિવાળા અસુરકુમારોમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! જઘન્ય દસ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ કાંઈક અધિક સાગરોપમ હે ભગવન્ ! તે જીવો એક સમયે કેટલા ઉત્પન્ન થાય ? એ પ્રમાણે જેમ રત્નપ્રભામાં ઉત્પન્ન થનાર મનુષ્યોના નવગમો કહ્યા તેમ અહિં પણ નવ ગમો કહેવા. પણ વિશેષ એ કે અહીં સંવેધ પૂર્વકોટી સહિત સાગરોપ- મનો કહેવો.

**શતકઃ૨૪-ઉદ્દેસા-૨ મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## ઉદ્દેશકો-૩-૧૧

[૮૪૪-૮૪૫] ભગવાન્ ! નાગકુમારો કયાંથી આવીને ઉત્પન્ન થાય છે હે ગૌતમ ! તેઓ તિર્યંચોથી અને મનુષ્યોથી આવીને ઉત્પન્ન થાય છે. જો તેઓ તિર્યંચયોથી આવી ઉત્પન્ન થાય છે-ઈત્યાદિ જેમ અસુરકુમારોની વક્તવ્યતા કહી તેમ એઓની પણ વક્તવ્યતા યાવત્ અસંજ્ઞી સુધી કહેવી. જો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકોથી આવી ઉત્પન્ન થાય તો શું સંખ્યાતા વર્ષના આયુષવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકોથી આવી ઉત્પન્ન થાય કે અસંખ્યાતા વર્ષના આયુષવાળા હે ગૌતમ ! તેઓ બન્ને પ્રકારના તિર્યંચ-યોનિકોથી આવી ઉત્પન્ન થાય. હે ભગવન્ ! અસંખ્યાત વર્ષના આયુષવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક, જે નાગકુમારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તે કેટલા કાળની સ્થિતિવાળા નાગકુમારોમાં ઉત્પન્ન થાય ? તે જઘન્યથી દશ હજાર વર્ષની ઉત્કૃષ્ટથી કાંઈક ન્યૂન બે પલ્યોપમની તે જીવો એક સમયે કેટલા ઉત્પન્ન થાય-ઈત્યાદિ અસુર- કુમારમાં ઉત્પન્ન થનાર અસંખ્યાતા વર્ષના આયુષવાળા તિર્યંચોનો યાવત્-ભવાદેશ સુધી સમગ્ર પાઠ કહેવો. કાળની અપેક્ષાએ જઘન્ય કાંઈક અધિક પૂર્વકોટી સહિત દસ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ કાંઈ ન્યૂન પાંચ પલ્યોપમ-એટલો કાળ યાવત્-ગમનાગમન કરે.

તે જીવ જઘન્યકાળની ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા નાગકુમારમાં ઉત્પન્ન થાય તો તેને પણ એ જ વક્તવ્યતા કહેવી. પણ વિશેષ એ કે જઘન્ય સ્થિતિ કાંઈક ન્યૂન બે પલ્યોપમની અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની હોય છે. યાવત્-ભવાદેશ સુધી જાણવુ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાળાદેશથી જઘન્ય કાંઈક ન્યૂન ચાર પલ્યોપમ અને ઉત્કૃષ્ટ કાંઈક ન્યૂન પાંચ પલ્યોપમ-એટલો કાળ યાવત્-ગમનાગમન કરે. જો તે જીવ પોતે જઘન્ય કાળની સ્થિતિવાળો હોય તો તેને પણ ત્રણે ગમકોમાં અસુરકુમારોમાં ઉત્પન્ન થનાર જઘન્ય કાળની સ્થિતિવાળા પેઠે બધું કહેવું. જો તે જીવ પોતે જઘન્ય કાળની સ્થિતિવાળો હોય તો તેને પણ ત્રણે ગમકોમાં અસુરકુમારોમાં ઉત્પન્ન થનાર જઘન્ય કાળની સ્થિતિવાળા પેઠે બધું કહેવું. જો તે પોતે ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળો હોય તો તેને પણ ત્રણે ગમકો અસુરકુમારોમાં ઉત્પન્ન થતા તિર્યંચયોનિકની પેઠે કહેવા. પણ વિશેષ એ કે અહીં નાગકુમારોની સ્થિતિ અને સંવેધ કહેવો. જો તે નાગકુમારો સંખ્યાતા વર્ષના આયુષવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિ- કોથી આવી ઉત્પન્ન થાય તો શું તેઓ પર્યાપ્ત કે અપર્યાપ્ત સંખ્યાતા વર્ષના આયુષવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકોથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! તેઓ પર્યાપ્તા સંખ્યાતાવર્ષના આયુષવાળા સંજ્ઞીતિર્યંચયોનિકથી આવી ઉત્પન્નથાય.

હે ભગવન્ ! પર્યાપ્ત સંખ્યાતા વર્ષના આયુષવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક, જે નાગકુમારમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, તે કેટલા કાળની સ્થિતિવાળા નાગકુમારમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! જઘન્ય દસ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ કાંઈક ન્યૂન બે પલ્યોપ-લમની -ઈત્યાદિ જેમ અસુરકુમારોની ઉત્પન્ન થતા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચની વક્તવ્યતા કહી છે તેમ અહીં નવે ગમકોમાં કહેવી. પણ વિશેષ એ કે અહીં નાગકુમારની સ્થિતિ અને સંવેધ જાણવો. જો તેઓ મનુષ્યો આવી ઉત્પન્ન થાય તો શું સંજ્ઞી મનુષ્યોથી આવીઉત્પન્ન થાય ? કે અસંજ્ઞી મનુષ્યોથી આવી સંજ્ઞી મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય.-ઈત્યાદિ જેમ અસુર- કુમારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય મનુષ્યોની વક્તવ્યતા કહી છે તેમ કહેવી. યાવત્- હે ભગવન્ ! અસંખ્યાતા વર્ષના આયુષવાળા સંજ્ઞી મનુષ્ય જે નાગકુ મારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, તે કેટલા કાળની સ્થિતિવાળા નાગકુમારોમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! જઘન્ય દસહજારવર્ષની અને ઉત્કૃષ્ટ કાંઈક ન્યૂન બે પલ્યોપમની. એ પ્રમાણે બધું અસંખ્યાત વર્ષના આયુષવાળા તિર્યંચોયનિકોના નાગકુમારોમાં ઉત્પન્ન થવા સંબંધે આદિના ત્રણ ગમકો મુજબ જાણવું. પણ વિશેષ એ કે પ્રથમ અને બીજા ગમકમાં શરીરનું પ્રમાણ જઘન્ય કાંઈક અધિક પાંચસો ધનુષ અને ઉત્કૃષ્ટ ત્રણ ગાઉનું છે. ત્રીજા ગમકમાં શરીરની ઉંચાઈ જઘન્ય કાંઈક ન્યૂન બે ગાઉ અને ઉત્કૃષ્ટ ત્રણ ગાઉની છે. બાકી બધું તે પ્રમાણે જાણવું. જો તે પોતે જઘન્ય કાળની સ્થિતિવાળો હોય તો તેને પણ ત્રણે ગમકોમાં અસુરકુમારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય અસંખ્યાતા વર્ષના આયુષ વાળાસંજ્ઞી મનુષ્યની પેઠે બધી હકીકત કહેવી.

જો તે પોતે ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળો હોય તો તે સંબંધે પણ ત્રણે ગમકોમાં અસુરકુમારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા સંજ્ઞી અસંખ્યાત-વર્ષીય મનુષ્યની પેઠે જાણવું. પણ વિશેષ એ કે અહીં નાગકુમારોની સ્થિતિ અને સંવેધ જાણવો. જો તેઓ સંખ્યાતા વર્ષના આયુષવાળા સંજ્ઞી મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય તો શું પર્યાપ્તા સંખ્યાતા વર્ષના આયુષવાળા સંજ્ઞી મનુષ્યોથી કે અપર્યાપ્તા સંખ્યાતા વર્ષના આયુષવાળાથી ? તેઓ પર્યાપ્તા સંખ્યાતા વર્ષના આયુષવાળા સંજ્ઞી મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય, ભગવન્ ! પર્યાપ્તા સંખ્યાતા વર્ષના આયુષવાળા સંજ્ઞી મનુષ્ય જે નાગ કુમારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તે કેટલા કાળની સ્થિતિવાળા નાગકુમારોમાં ઉત્પન્ન



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થાય ? હે ગૌતમ ! કનિષ્ઠ દસ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ કાંઈક ન્યૂન બે પલ્યોપમની.- ઈત્યાદિ જેમ અસુર- કુમારોમાં ઉત્પન્ન થવાને યોગ્ય મનુષ્યની વક્તવ્યતા કહી છે તેમ અહીં પણ નવે ગમકોમાં બધી કહેવી. પણ વિશેષ એ કે અહીંઆ નાગકુમારની સ્થિતિ અને સંવેધ જાણવો. સુવર્ણકુમારથી સ્તનિતકુમારસુધીના આઠે ઉદ્દેશકો નાગકુમારોની પેઠે કહેવા.

**શતક- ૨૪, ઉદ્દેસા-૩ થી ૧૧ ની દીપરત્નસાગરે કરેલ ગુર્જર છાયાપૂર્ણ**

## ઉદ્દેશકઃ ૧૨ થી ૧૯

[૮૪૬]પૃથિવીકાયિકો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે- ? હે ગૌતમ ! તિર્યંચ, મનુષ્ય અને દેવોથી આવી ઉત્પન્ન થાય છે. જો તેઓ તિર્યંચયોનિકોથી આવી ઉત્પન્ન થાય, તો શું એકેન્દ્રિય તિર્યંચયોનિકોથી આવી ઉત્પન્ન થાય-ઈત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! જેમ વ્યુત્ક્રાન્તિપદમાં કહ્યું છે તે પ્રમાણે અહિં ઉપપાત કહેવો, યાવત્-'હે ભગવન્ ! જો તેઓ બાદર પૃથિવીકાયિક એકેન્દ્રિય તિર્યંચયોનિકોથી આવી ઉત્પન્ન થાય તો શું પર્યાપ્ત બાદર પૃથિવીકાયિકથી કે અપર્યાપ્ત બાદર પૃથિવીકાયિકથી આવી યાવત્-ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! બંને થી હે ભગવન્ જે પૃથિવીકાયિક પૃથિવીકાયિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તે કેટલા કાળની સ્થિતિવાળઆ પૃથિવીકાયિકોમાં ઉત્પન્ન થાય ? ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્તની ઉત્કૃષ્ટ બાવીશહજારવર્ષની. તે જીવો એક સમયે કેટલા ઉત્પન્ન થાય?હે ગૌતમ! તેઓ સમયે સમયે નિરંતર અસંખ્યાતા ઉત્પન્ન થાય. તેઓ છેવટ્ઠ સંઘયણવાળા હોયછે. તેઓનું શરીર જઘન્ય અને ઉત્કૃષ્ટ પણ અંગુલના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ હોય છે. તેઓનું સંસ્થાન- મસુરની દાળ જેવું છે. ચાર લેશ્યાઓ હોય છે. મિથ્યા દૃષ્ટિ હોય છે. અજ્ઞાની હોય છે, તેઓને અવશ્ય મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન હોય છે. તેઓ કાયયોગી છે. ઉપયોગ બન્ને પ્રકારનો છે, ચાર સંજ્ઞાઓ અને ચારે કષાયો હોય છે. એક સ્પર્શેન્દ્રિય હોય છે. આદિના ત્રણ સમુદ્ઘાતો અને વેદના બન્ને પ્રકારની હોય છે. તેઓને નપુંસક વેદ હોય છે. સ્થિતિ જઘન્ય અન્તર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ બાવીશ હજાર વર્ષની હોય છે. અધ્યવસાયો બન્ને પ્રકારના હોય છે. અનુબંધ સ્થિતિ પ્રમાણે જાણવો.

હે ભગવન્ ! તે પૃથિવીકાયિક મરીને પૃથિવીકાયકપણે ઉત્પન્ન થાય, પુનઃપૃથિવીકાયિક થાય-એમ કેટલા કાળ સુધી સેવે-કેટલા કાળ સુધી ગમનાગમન કરે ? હે ગૌતમ ! ભવની અપેક્ષાએ જઘન્ય બે ભવ અને ઉત્કૃષ્ટ સંખ્યાતા ભવો, કાળની અપેક્ષાએ જઘન્ય બે અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અસંખ્યાતા વર્ષ. જો તે પૃથિવીકાયિક જઘન્ય કાળની સ્થિતિવાળા પૃથિવીકાયિકમાં ઉત્પન્ન થાય તો તે જઘન્ય અને ઉત્કૃષ્ટ અન્ત મુહૂર્તની સ્થિતિવાળા પૃથિવીકાયિકમાં ઉત્પન્ન થાય. એ પ્રમાણે બધી વક્તવ્યતા કહેવી. જો તે પૃથિવીકાયિક ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા પૃથિવીકાયિકમાં ઉત્પન્ન થાયતો તે જઘન્ય અને ઉત્કૃષ્ટ બાવીશહજારવર્ષની સ્થિતિવાળા પૃથિવીકાયિકમાં ઉત્પન્ન થાય. બાકી બધું અનુબંધ સુધી પૂર્વે કહ્યા પ્રમાણે જાણવું. પણ વિશેષ એ કે જઘન્ય એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાતા કે અસંખ્યાતા ઉત્પન્ન થાય છે. ભવની અપેક્ષાએ જઘન્ય બે ભવ અને ઉત્કૃષ્ટ આઠ ભવ તથા કાળની અપેક્ષાએ જઘન્ય અન્તર્મુહૂર્ત અધિક બાવીશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ એક લાખને છોતરે હજાર વર્ષ એટલો કાળ યાવત્- ગમનાગમન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરે. જો તે પૃથિવીકાયિક પોતે જઘન્ય કાળની સ્થિતિવાળો હોય અને પૃથિવીકાયિકમાં ઉત્પન્ન થાય તો તે સંબંધે પૂર્વોક્ત પ્રથમ ગમક કહેવો. વિશેષ એ કે અહીં ત્રણ લેશ્યાઓ હોય છે. સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્તની હોય છે. અધ્યવસાય અપ્રશસ્ત હોય છે. અનુબંધ સ્થિતિ સમાન જાણવો.

જો તે પૃથિવીકાયિક જઘન્ય કાળની સ્થિતિવાળા પૃથિવીકાયિકમાં ઉત્પન્ન થાય તો તેને પૂર્વોક્ત ચોથા ગમકમાં કહેલી વક્તવ્યત કહેવી. જો તે પૃથિવીકાયિક ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા પૃથિવીકાયિકમાં ઉત્પન્ન થાય તો તે સંબંધે એજ વક્તવ્યતા કહેવી. પણ વિશેષ એ કે જઘન્ય એક, બે અને ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાતા કે અસંખ્યાતા ઉત્પન્ન થાય. યાવત્-ભવાદેશથી જઘન્ય બે ભવ અને ઉત્કૃષ્ટથી આઠ ભવ તથા કાળની અપેક્ષા એ જઘન્ય અન્તર્મુહૂર્ત અધિક બાવીશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટથી ચાર અન્તર્મુહૂર્ત અધિક અઠ્યાશી હજાર વર્ષ-એટલો કાળ યાવત્-ગમનાગમન કરે. જો તે પોતે ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળો હોય તો તેને એ પ્રમાણે ત્રીજા ગમકના સમાન આખો ગમક કહેવો. પણ વિશેષ એ કે તેની પોતાની સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ બાવીશ હજાર વર્ષની હોય છે. જો તે જીવ જઘન્યકાળની સ્થિતિવાળા પૃથિવીકાયિકમાં ઉત્પન્ન થાય, તો તે જઘન્ય અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત સ્થિતિવાળામાં ઉત્પન્ન થાય-એ પ્રમાણે અહીં સાતમાં ગમકની વક્તવ્યતા યાવત્-ભવાદેશ સુધી કહેવી. કાળાદેશથી જઘન્ય અન્તર્મુહૂર્ત અધિક બાવીશહજારવર્ષ અને ઉત્કૃષ્ટ ચાર અન્તર્મુહૂર્ત અધિક અઠ્યાવીશ હજાર વર્ષ-એટલો કાળ યાવત્-ગમનાગમન કરે. જો તે જીવ ઉત્કૃષ્ટકાળની સ્થિતિવાળા પૃથિવીકાયિકમાં ઉત્પન્ન થાય તો જઘન્ય અને ઉત્કૃષ્ટ બાવીશ હજાર વર્ષની સ્થિતિ વાળા પૃથિવીકાયિકમાં ઉત્પન્ન થાય. અહીં બધી સપ્તમ ગમકની વક્તવ્યતા યાવત્-ભવાદેશ સુધી કહેવી. કાળાદેશથી જઘન્ય ચુમ્માલીશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ એક લાખને છોંતેર હજાર વર્ષ-એટલો યાવત્-ગમનાગમન કરે.

જો તે (પૃથિવીકાયિક) અપ્કાયિક એકેન્દ્રિય તિર્યંચયોનિકથી આવી ઉત્પન્ન થાય તો શું સૂક્ષ્મ અપ્કાયિકથી કે બાદર અપ્કાયિકથી આવી ઉત્પન્ન થાય-ઈત્યાદિ પૃથિવીકાયિકની પેઠે સૂક્ષ્મ, બાદર, પર્યાપ્તા, અપર્યાપ્તા-એ ચાર ભેદ કહેવા. હે ભગવન્ ! જે અપ્કાયિક પૃથિવીકાયિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તે કેટલા કાળની સ્થિતિવાળા પૃથિવીકાયિકમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ બાવીશ હજાર વર્ષની એ પ્રમાણે પૃથિવીકાયિકની પેઠે અહિં અપ્કાય સંબંધે પણ નવે ગમકો કહેવા. પણ વિશેષ એ કે અપ્કાયિકના શરીરનું સંસ્થાન સ્તિબુકપાણીના પરપોટા આકારે છે. સ્થિતિ જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સાત હજાર વર્ષની. હોય છે. અનુબંધ પણ એ પ્રમાણે જાણવો. એ રીતે ત્રણે ગમમાં જાણવું. ત્રીજા, છટ્ઠા, સાતમાં, આઠમાં અને નવમાં ગમમાં સંવેધ ભવાદેશથી જઘન્ય બે ભવ અને ઉત્કૃષ્ટ આઠ ભવ હોય છે, તથા બાકીના ચારે ગમમાં જઘન્ય બે ભવ અને ઉત્કૃષ્ટ અસંખ્યાતાભવો હોયછે. ત્રીજા ગમમાં કાળાદેશથી જઘન્ય અન્તર્મુહૂર્ત અધિક બાવીશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટથી એક લાખ અને સોળ હજાર વર્ષ-એટલો કાળ યાવત્-ગમનાગમન કરે. છટ્ઠા ગમમાં કાળાદેશથી જઘન્ય અન્તર્મુહૂર્ત અધિક બાવીશહજારવર્ષ અને ઉત્કૃષ્ટ ચાર અન્તર્મુહૂર્ત અધિક અઠ્યાવીસ હજાર વર્ષ-એટલો કાળ યાવત્-ગમનાગમન કરે. સાતમાં ગમમાં :

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાલાદેશથી જઘન્ય અન્તર્મુહૂર્ત અધિક સાત હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ એક લાખને સોળ હજાર વર્ષ- યાવત્-ગમનાગમન કરે. આઠમાં ગમમાં કાલાદેશથી જઘન્ય અન્તર્મુહૂર્ત અધિક સાત હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ અઠ્યાશી હજાર વર્ષે ગમના ગમન કરે તથા નવમાં ગમમાં ભવાદેશ થી જઘન્ય બે ભવ અને ઉત્કૃષ્ટ આઠ ભવો તથા કાળાદેશ થી જઘન્ય ઓગળત્રીસહજારવર્ષઅનેઉત્કૃષ્ટએકલાખ સોળ હજાર વર્ષ-યાવત્-ગમનાગમન કરે.

હે ભગવન્ ! જો તે તેઉકાયથી આવી ઉપજે તે તેઉકાયિકને પણ એજ વક્તવ્યતા કહેવી. પણ વિશેષ એ કે નવે ગમમાં લેશ્યાઓ કહેવી. તેઉકાયનું સંસ્થાન સોયના સમૂહના આકારે હોય છે. અને સ્થિતિ (ત્રણ અહોરાત્રની) જાણવી. ત્રીજા ગમમાં કાળાદેશથી જઘન્ય અન્તર્મુહૂર્ત અધિક બાવીશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ બાર અહોરાત્ર અધિક અઠ્યાવીસ હજાર વર્ષ એટલો કાળ-યાવત્-ગમનાગમન કરે. જો તેઓ વાયુ કાયિકાથી આવી ઉત્પન્ન થાય તો તેને તેજસ્કાયિકોની પેઠે નવે ગમકો કહેવા. પણ વિશેષ એ કે વાયુકાયિકોના શરીરનો આકાર ધ્વજાના આકારે હોય છે. સંવેધ હજારો વર્ષવડે કરવો. ત્રીજા ગમમાં કાળાદેશથી જઘન્ય અન્તર્મુહૂર્ત અધિક હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ એક લાખ વર્ષ- જો તેઓ વનસ્પતિકાયિકોથી આવી ઉત્પન્ન થાય તો-ઈત્યાદિ વનસ્પતિ કાયિકના નવે ગમકો અપ્કાયિકની પેઠે કહેવા. પણ વિશેષ એ કે વનસ્પતિના શરીરો અનેક પ્રકારનાં સંસ્થાન-આકૃતિવાળા હોય છે. પહેલાં અને છેલ્લા ત્રણે ગમકોમાં શરીરનું પ્રમાણ જઘન્ય અંગુલના અસંખ્યા- તમાં ભાગ જેટલું અને ઉત્કૃષ્ટ એક હજાર યોજન કરતાં અધિક હોય છે. મધ્યમના ત્રણે ગમમાં પૃથિવીકાયિકોની પેઠે જાણવું. ત્રીજા ગમમાં કાળની અપેક્ષાએ જઘન્ય અન્તર્મુહૂર્ત અધિક બાવીશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ એક લાખને અઠ્યાવીસ હજાર વર્ષ-એટલો કાળ યાવત્-ગમનાગમન કરે.

[૮૪૭]જો તેઓ બેઈન્દ્રિયથી આવી ઉત્પન્ન થાય તો શું પર્યાપ્તા બેઈન્દ્રિયથી કે અપર્યાપ્તા બેઈન્દ્રિયથી બન્ને.જે બેઈન્દ્રિય, પૃથિવીકાયિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, તેની સ્થિતિનો પ્રશ્ન જઘન્ય અન્તર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ બાવીશ હજાર વર્ષ. તે જીવો એક સમયે કેટલા ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! જઘન્ય એક, બે કે ત્રણ, અને ઉત્કૃષ્ટ સંખ્યાતા કે અસંખ્યાતા ઉત્પન્ન થાય. તેઓ છેવટ્ઠ સંઘયણવાળા હોયછે. તેઓના શરીરનું પ્રમાણ જઘન્ય અંગુલના અસંખ્યાતમાભાગ પ્રમાણ અને ઉત્કૃષ્ટ બારયોજન. હુંડકસંસ્થાન વાળ,ત્રણ લેશ્યાઓ,ઓ સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ હોય છે, તેઓને બે જ્ઞાન અને બે અજ્ઞાન અવશ્ય હોય છે. તેઓ વચનયોગી અને કાયયોગી હોય છે. ઉપયોગ બન્ને પ્રકારનો. ચારસંજ્ઞાઓ, ચારકષાયો,જીહ્વેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિય અને ત્રણ સમુદ્ઘાતો હોય છે. બાકી બધું પૃથિવીકાયિકોની પેઠે કહેવું. પણ વિશેષ એ કે સ્થિતિ જઘન્ય અન્તર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ બાર વર્ષની હોય છે. એ પ્રમાણે અનુબંધ પણ જાણવો.ભવા દેશથી જઘન્ય બે ભવ અને ઉત્કૃષ્ટ સંખ્યાતા ભવો તથા કાળાદેશથી જઘન્ય બે અન્ત મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સંખ્યાતો કાળજો તે બેઈન્દ્રિય જઘન્ય કાળની સ્થિતિવાળા પૃથિવી કાયિકમાં ઉત્પન્ન થાય તો તેને બધી એ જ પૂર્વોક્ત વક્તવ્યતા કહેવી. જો તે બેઈન્દ્રિય, ઉત્કૃષ્ટકાળની સ્થિતિવાળા પૃથિવીકાયિકમાં ઉત્પન્ન થાય તો તેને પણ આ જ વક્તવ્યતા કહેવી. વિશેષ એકે ભવાદેશથી જઘન્ય બે ભવ અને ઉત્કૃષ્ટ આઠભવ, તથા કાલાદેશથી જઘન્ય અન્તર્મુહૂર્ત અધિક બાવીશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ અડતાલીશ વર્ષ અધિક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અઠ્યાવીસ હજાર વર્ષ.

જો તે બેઈન્દ્રિય જઘન્યકાળની સ્થિતિવાળો હોય અને તે પૃથિવીકાયિકમાં ઉત્પન્ન થાય તો તેને પણ ત્રણે ગમકોમાં પૂર્વોક્ત વક્તવ્યતા કહેવી. પણ અહિં આ સાત વિશેષતા છે-શરીરનું પ્રમાણ પૃથિવીકાયિકોની પેઠે જાણવું, મિથ્યાદૃષ્ટિ છે.અવશ્ય બે અજ્ઞાન હોય, કાયયોગ છે, સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્તની હોય છે, અધ્યવસાયો અપ્રશસ્ત હોય છે. અનુબંધ સ્થિતિની પેઠે જાણવો. તથા બીજા ત્રિકના પ્રથમના બે ગમકોમાં સંવેધ પણ તે જ પ્રમાણે જાણવો. ત્રીજા ગમકમાં ભવાદેશ તે જ પ્રમાણે જાણવો. અને કાલાદેશથી જઘન્ય અન્તર્મુહૂર્ત અધિક બાવીશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ ચાર અન્તર્મુહૂર્ત અધિક ૨૮૦૦૦ વર્ષ-એટલી કાળ યાવત્-ગમનાગમન કરે. જો તે બેઈન્દ્રિય ઉત્કૃષ્ટકાળની સ્થિતિવાળો હોય અને પૃથિવીકાયિકમાં ઉત્પન્ન થાય તેને ઔધિક ગમક સમાન ત્રણ ગમક કહેવા. પણ વિશેષ કે એ ત્રમ ગમોમાં સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ બાર વર્ષની હોય છે, અનુબંધ પણ એ જ પ્રમાણે છે. ભવાદેશથી જઘન્ય બે ભવ અને ઉત્કૃષ્ટ આઠ ભવ તથા કાળાદેશથી વિચારીને સંવેધ કહેવો. યાવત્-નવમાં ગમમાં જઘન્ય બાર વર્ષ અધિક બાવીશ હજાર વર્ષ, અને ઉત્કૃષ્ટ અડતાલીશ વર્ષ અધિક અઠ્યાશી હજાર વર્ષ-એટલો કાળ યાવત્-ગમનાગમન કરે. જો તે પૃથિવીકાયિકો તેઈન્દ્રિયોથી આવી ઉત્પન્ન થાય તો તેને પણ એ પ્રમાણે નવ ગમતો કહેવા. પણ વિશેષ એ કે પ્રથમના ત્રણે ગમકમાં શરીરનું પ્રમાણ જઘન્ય અંગુલના અસંખ્યાતમાં ભાગનું અને ઉત્કૃષ્ટ ત્રણ ગાઉનું હોય છે. ત્રણ ઈન્દ્રિયો હોય છે. સ્થિતિ જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ઓગળપચાસ રાત્રિદિવસની છે. ત્રીજા ગમકમાં કાળની અપેક્ષાએ જઘન્ય અન્તર્મુહૂર્ત અધિક બાવીશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ એકસો છનું રાત્રિદિવસ અધિક અઠ્યાસી હજાર વર્ષ-એટલો કાળ યાવત્-ગમનાગમન કરે. વચ્ચેના ત્રણ ગમકો છેલ્લા ત્રણ ગમ પણ એમ જ જાણવા. પણ વિશેષ એ કે સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ ઓગળપચાસ રાત્રિદિવસની છે.

જો તે પૃથિવીકાયિકો ચઉરિન્દ્રિથી આવી ઉપજે તો તેને પણ એ જ પ્રમાણે નવે ગમો કહેવા. પરન્તુ આ નીચેની વિશેષતા જાણવી. 'શરીરની અવગાહના જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ ચાર ગાઉની, સ્થિતિ જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ છ માસની, અનુબંધ પણ એમજ જાણવો. ઈન્દ્રિયો ચાર હોય છે.' યાવત્-નવમાં ગમકમાં કાળાદેશથી જઘન્ય છ માસ અધિક બાવીશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ ચોવીશ માસ અધિક અઠ્યાવીસ હજાર વર્ષ.

હે ભગવન્ ! જો તે પૃથિવીકાયિક પંચેન્દ્રિય તિર્યંચયોનિકોથી આવી ઉત્પન્ન થાય, તો શું સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકોથી આવી ઉત્પન્ન થાય કે અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકોથી બન્ને.જો તે અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકોથી આવી ઉત્પન્ન થાય, તો શું જલચરોથી આવી ઉત્પન્ન થાય કે યાવત્-પર્યાપ્ત કે અપર્યાપ્તાથી આવી ઉત્પન્ન થાય ? બંને.હે ભગવન્ ! અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક, જે પૃથિવીકાયિ- કમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, તે કેટલા કાળની સ્થિતિવાળા પૃથિવીકાયિકોમાં ઉત્પન્ન થાય ? જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ બાવીશ હજાર વર્ષ.

હે ભગવન્ ! તે અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચો એક સમયે કેટલા ઉત્પન્ન થાય-ઈત્યાદિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એમ બેઈન્દ્રિયના ઔધિક ગમકની વક્તવ્યતા અહિં કહેવી. પણ વિશેષ એ કે અહિં શરીરની જઘન્ય અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ એક હજાર યોજન જેટલી છે. તેઓને પાંચ ઈન્દ્રિયો છે. સ્થિતિ અને અનુબંધ જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પૂર્વકોટીની છે. ભવની અપેક્ષાએ જઘન્ય બે ભવ ઉત્કૃષ્ટ આઠ ભવ તથા કાળની અપેક્ષાએ જઘન્ય બે અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અઠ્યાવીસ હજાર વર્ષ અધિક ચાર પૂર્વકોટીનવે ગમકોમાં ભવની અપેક્ષાએ જઘન્ય બે ભવ અને ઉત્કૃષ્ટ આઠ ભવ હોય છે. અને કાળની અપેક્ષાએ ઉપયોગપૂર્વક કાયસંવેધ કહેવો. પણ વિશેષ એકે વચ્ચે ના ત્રણે ગમકોમાં બેઈન્દ્રિયના વચ્ચેના ગમકો પેઠે જાણવું. અને છેલ્લા ત્રણે ગમકોમાં આના પ્રથમના ત્રણ ગમકોની પેઠે સમજવું. પણ વિશેષ એ કે સ્થિતિ અને અનુબંધ જઘન્ય તથા ઉત્કૃષ્ટ પૂર્વકોટી હોય છે. જો તે પૃથિવીકાયિક સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિકોથી આવી ઉત્પન્ન થાય તો શું સંખ્યાતા વર્ષના આયુષવાળા કે અસંખ્યાતા વર્ષના આયુષવાળાથી આવી ઉત્- પન્ન થાય ? હે ગૌતમ ! તે સંખ્યાતા વર્ષના આયુષ વાળા તિર્યંચયોનિકોથી આવી ઉત્પન્ન થાય.

જો સંખ્યાતા વર્ષના આયુષવાળા સં.પં. તિર્યંચયોનિકોથી આવી ઉત્પન્ન થાય તો શું જલચરોથી આવી ઉત્પન્ન થાય-ઈત્યાદિ બાકીની બધી વક્તવ્યતા અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચની પેઠે જાણવી. યાવત્ હે ભગવન્ ! તેએક સમયે કેટલા ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! જેમ રત્નપ્રભામાં ઉપજવાને યોગ્ય સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચની વક્ત- વ્યતા કહી છે. તેમ અહિં પણ કહેવી. પણ વિશેષ એએ કે શરીરની અવગાહના જઘન્ય અંગુલનો અસંખ્યા તમો ભાગ અને ઉત્કૃષ્ટ એક હજાર યોજન હોય છે.એ પ્રમાણે નવે ગમકોમાં બધો સંવેધ અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચની પેઠે કહેવો. પ્રથમના ત્રણે અને વચ્ચેના ત્રણે ગમકોમાં પણ એ જ લબ્ધિ કહેવી. પણ વચ્ચેના ત્રણે ગમકોમાં આ નવ વિશેષતાઓ છે-'શરીરની અવગાહના જઘન્ય અને ઉત્કૃષ્ટ અંગુલનો અસંખ્યાતમો ભાગ,ત્રણ લેશ્યાઓમિથ્યા દૃષ્ટિ બે અજ્ઞાન કાયયોગ, ત્રણ સમુદઘાતો હોય છે, સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ અન્ત મુહૂર્ત હોય છે, અધ્યવસાયો અપ્રશસ્ત છે અને અનુબંધ સ્થિતિની પ્રમાણે જાણવો.' તથા છેલ્લા ત્રણે આલા- પકમાં પ્રથમ ગમકની પેઠે વક્તવ્યતા કહેવી. પણ વિશેષ એ કે સ્થિતિ અને અનુબંધ જઘન્ય અને ઉત્કૃષ્ટ પૂર્વકોટીની હોય છે.

[૮૪૮]હે ભગવન્ ! જો તે પૃથિવીકાયિકો મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય તો શું સંજ્ઞી મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય કે અસંજ્ઞી મનુષ્યોથી અસંજ્ઞી મનુષ્ય, જે પૃથિવી કાયિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તે કેટલા કાળની સ્થિતિવાળા પૃથિવીકાયિકમાં ઉત્પન્ન થાય ? જેમ જઘન્યકાળની સ્થિતિવાળા અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક સંબંન્ધે ત્રણ ગમો કહ્યા છે તેમ આ સંબંધે પણ સામાન્ય ત્રણ ગમકો સંમ્પૂર્ણ કહેવા અને બાકીના છ ગમકો ન કહેવા. જો તેઓ સંજ્ઞી મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય તો શું સંખ્યાતા વર્ષના આયુષવાળા કે અસંખ્યાતા વર્ષના આયુષવાળા સંજ્ઞી મનુષ્યોથી તેઓ સંખ્યાતા વર્ષ આયુષવાળા સંજ્ઞી મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય, જો તેઓ સંખ્યા તા વર્ષના આયુષવાળા મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય તો શું પર્યાપ્ત કે અપર્યાપ્તા ? બન્ને.

હે ભગવન્ ! સંખ્યાતા વર્ષના આયુષવાળા પર્યાપ્તા સંજ્ઞી મનુષ્ય, જે પૃથિવીકા- યિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તે કેટલા કાળની સ્થિતિવાળા પૃથિવીકાયિકોમાં ઉત્પન્ન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થાય ? હે ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ બાવીશ હજાર વર્ષ તે જીવો એક સમયે કેટલા ઉત્પન્ન થાય ? રત્નપ્રભામાં ઉત્પન્ન થવાને યોગ્ય મનુષ્યની જે વક્તવ્યતા કહી છે તે અહિં ત્રણે આલાપકમાં કહેવી. પણ વિશેષ એ કે શરીરની અવગાહના જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ પાંચસો ધનુષ હોય છે, સ્થિતિ જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પૂર્વકોટીની છે. એ પ્રમાણે અનુબંધ પણ જાણવો. સંવેધ જેમ સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચનો કહ્યો છે તેમ નવે ગમોમાં કહેવો. વચ્ચેના ત્રણ ગમોમાં સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચની વક્તવ્યતા કહેવી. તથા છેલ્લા ત્રણ ગમકો આ ઔધિક-સામાન્ય ગમની પેઠે કહેવા.વિશેષ એ કે શરીરની અવગા- હનાજઘન્યઅનેઉત્કૃષ્ટપાંચસો ધનુષ ની હોય છે. સ્થિતિ અને અનુબંધ જઘન્ય અને ઉત્કૃષ્ટ પૂર્વકોટીની હોય છે.જો તે પૃથિ વીકાયિકો દેવોથી આવી ઉત્પન્ન થાય તો કે કયા દેવોથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! ચારે દેવોથી જો તે ભવનપતિ દેવોથી આવી ઉત્પન્ન થાય તો શું અસુરકુમારોથી આવી ઉત્પન્ન થાય કે યાવત્-સ્તનિતકુમારોથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! તે સર્વેથી.

હે ભગવન્ ! અસુરકુમાર જે પૃથિવીકાયિકમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તે કેટલા કાળની સ્થિતિવાળા પૃથિવીકાયિકમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ બાવીસ હજાર વર્ષની સ્થિતિવાળા. તે અસુરકુમારો એક સમયે કેટલા ઉત્પન્ન થાય ? તેઓ જઘન્ય એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાતા કે અસંખ્યાતા ઉત્પન્ન થાય. હે ભગવન્ ! તે જીવોનાં શરીરો કેટલા સંઘયણવાળાં હોય છે ? છ પ્રકારના. સંઘયણ રહિત હોય છે હે ભગવન્ ! તે જીવોનાં શરીરોની કેટલી મોટી અવગાહના કહી છે ? હે ગૌતમ ! તેઓને ભવધારણીય અને ઉત્તરવૈક્રિય અને બે જાતની અવગાહના હોય છે. તેમાં જે ભવધારણીય અવગાહના છે તે જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ સાત હાથની છે, અને જે ઉત્તરવૈક્રિય અવગાહના છે તે જઘન્ય અંગુલનો સંખ્યાત મો ભાગ અને ઉત્કૃષ્ટ એક લાખ યોજન હોય છે. હે ભગવન્ ! તે જીવોનાં શરીરો કેટલા સંસ્થાનવાળાં હોય છે ? હે ગૌતમ !ભવધારણીય શરીર છે તેને સમચતુરસ્ર સંસ્થાન હોય છે, અને જે ઉત્તરવૈક્રિય છે તે અનેક પ્રકારનું સંસ્થાન હોય છે. લેશ્યાઓ ચાર છે. દૃષ્ટિ ત્રણે, ત્રમ જ્ઞાન અવશ્ય હોય,અજ્ઞાન ત્રણ ભજનાએ હોય છે.ત્રણ યોગ, બન્ને ઉપયોગ, ચાર સંજ્ઞાઓ, ચાર કષાયો, પાંચ ઈન્દ્રિયો અને પાંચ સમુદ્ઘાત હોય છે. વેદના બન્ને પ્રકારની હોય છે. સ્ત્રીવેદ અને પુરુષવેદ હોય છે સ્થિતિ જઘન્ય દસ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ કાંઈક અધિક સાગરોપમ હોય છે. અધ્યવસાયોબન્ને.અનુબંધ સ્થિ તિની પેઠે જાણવી.ભવની અપેક્ષાએ બે ભવ અને કાળની અપેક્ષાએ જઘન્ય અન્તર્મુહૂર્ત અધિક દસ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ બાવીશ હજાર વર્ષ અધિક સાધિક સાગરોપમ પણ વિશેષ એ કે મધ્યના ત્રણ અને છેલ્લા ત્રણ ગમોમાં અસુરકુમારોની સ્થિતિસંબંન્ધે વિશેષતા હોય છે, બાકી બધી ઔધિક વક્તવ્યતા અને કાયસંવેધ જાણવો. સંવેધમાં બધે ઠેકાણે બે ભવ જાણવા. એ પ્રમાણે યાવત્-ગમમાં કાળાદેશથી જઘન્ય અને ઉત્કૃષ્ટ સાધિક સાગરોપમ સહિત બાવીશ હજાર વર્ષ-એટલો કાળ યાવત્-ગતિઅગતિ કરે.

હે ભગવન્ ! જે નાગકુમાર દેવ પૃથિવીકાયિકમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તે કેટલા કાળની સ્થિતિવાળા પૃથિવીકાયિકમાં ઉત્પન્ન થાય. અહિં પૂર્વોક્ત બધી અસુરકુમારોની વક્તવ્યતા યાવત્-ભવાદેશ સુધી કહેવી. પણ વિશેષ એ કે સ્થિતિ જઘન્ય દસ હજાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વર્ષ અને ઉત્કૃષ્ટ કાંઈક ન્યૂન બે પલ્યોપમની હોય છે. એ પ્રમાણે અનુબંધે પણ જાણવો. કાળની અપેક્ષાએ જઘન્ય અન્તર્મુહૂર્ત અધિક દસ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ કાંઈક ન્યૂન બે પલ્યોપમ સહિત બાવીશ હજાર વર્ષ નવે આલાપકો અસુરકુમારના આલાપકની પેઠે જાણવા. પણ વિશેષ એ કે અહિં સ્થિતિ અને કાળાદેશ (ભિન્ન) જાણવો. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમારો સુધી જાણવું. જો તેઓ વાનવ્યન્તરોથી આવી ઉત્પન્ન થાય તો શું પિશાચ વાનવ્યન્તરોથી, કે યાવત્-ગાંધર્વવ્યાનવ્યન્તરોથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! સર્વેથી વાનવ્યન્તરદેવ જે પૃથિવીકાયિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તે કેટલા કાળની સ્થિતિવાળા પૃથિવીકાયિકોમાં આવી ઉત્પન્ન થાય ? અહિં પણ અસુરકુમારોની પેઠે નવે ગમકો કહેવા. પણ વિશેષ એ કે અહિં સ્થિતિ તથા કાળાદેશ (ભિન્ન) જાણવો. સ્થિતિ જઘન્ય દસ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ પલ્યોપમની હોય છે. જો તેઓ જ્યોતિષ્ક દેવોથી આવી ઉત્પન્ન થાય તો કયા જ્યોતિષ્ક દેવોથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! સર્વેથી જે જ્યોતિષ્કદેવ પૃથિવીકાયિકમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, તે કેટલા કાળની સ્થિતિવાળા પૃથિવીકાયિકમાં ઉત્પન્ન થાય ? અહિં અસુરકુમારોના લબ્ધિ-વક્તવ્ય તાની પેઠે સઘળી વક્તવ્યતા કહેવી. પણ વિશેષ એ કે તેઓને એક તેજોલેશ્યા હોય છે. ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન અવશ્ય હોય છે. સ્થિતિ જઘન્ય પલ્યોપમનો આઠમો ભાગ અને ઉત્કૃષ્ટ એક લાખ વર્ષ અધિક એક પલ્યોપમ હોય છે. એ પ્રમાણે અનુબંધ પણ જાણવો. (સંવેધ) કાળની અપેક્ષાએ જઘન્ય અન્તર્મુહૂર્ત અધિક પલ્યોપમનો આઠમો ભાગ અને ઉત્કૃષ્ટ એક લાખ બાવીશ હજાર વર્ષ અધિક એક પલ્યોપમએ પ્રમાણે બાકી ના આઠ ગમો પણ જાણવા. પણ વિશેષ એ કે અહિં સ્થિતિ અને કાળાદેશ (પૂર્વ કરતાં ભિન્ન) જાણવો.

જો તેઓ વૈમાનિકો દેવોથી આવી ઉત્પન્ન થાય, તો શું કલ્પોપપન્નક વૈમાનિક દેવોથી આવી ઉત્પન્ન થાય, કે કલ્પાતીત વૈમાનિક દેવોથી આવી ઉત્પન્ન થાય? હે ગૌતમ ! તેઓ કલ્પોપપન્નક વૈમાનિક દેવોથી આવી ઉત્પન્ન થાય,જો તેઓ કલ્પોપપન્ન વૈમાનિક દેવોથી આવી ઉત્પન્ન થાય તો શું સૌધર્મકલ્પોપપન્ન કે યાવત્-અચ્યુત કલ્પોપપન્ન વૈમાનિક દેવોથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! સૌધર્મ અને ઈશાન કલ્પોપપન્ન દેવોથી આવી ઉત્પન્ન થાય, જે સૌધર્મકલ્પોપપન્ન વૈમાનિક દેવ પૃથિવીકાયિકમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, તે કેટલા કાળની સ્થિતિવાળા પૃથિવીકાયિકમાં ઉત્પન્ન થાય ? અહિં જ્યોતિ ષિકના ગમકની પેઠે કહેવી. પણ વિશેષ એ કે સ્થિતિ અને અનુબંધ જઘન્ય પલ્યોપમ અને ઉત્કૃષ્ટ બે સાગરોપમ હોય છે. (સંવેધ) કાળની અપેક્ષાએ જઘન્ય અન્તર્મુહૂર્ત અધિક પલ્યોપમ અને ઉત્કૃષ્ટ બાવીશ હજાર વર્ષ અધિક બે સાગરોપમ બાકીના આઠે ગમો જાણવા. પરન્તુ વિશેષ એ કે અહિં સ્થિતિ અને કાળાદેશ (પૂર્વ કરતાં ભિન્ન) જાણવો. હે ભગવન્ ! જે ઈશાનદેવ, પૃથિવીકાયિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે-ઈત્યાદિ સંબંધે પણ નવે ગમો કહેવા. પણ વિશેષ એ કે સ્થિતિ, અનુબંધ જઘન્ય સાધિક, પલ્યોપમ, અને ઉત્કૃષ્ટ સાધિક બે સાગરોપમ.

[૮૪૯-૮૫૫]હે ભગવન્ ! અપ્કાયિકો ક્યાંથી આવીને ઉત્પન્ન થાય-ઈત્યાદિ જેમ પૃથિવીકાયિકના ઉદ્દેશકમાં કહ્યું છે તેમ જાણવું, પરન્તુ વિશેષ એ કે અહીં સ્થિતિ અને સંવેધ જુદો જાણવો. તેજસ્કાયિકો ક્યાંથી આવીને ઉત્પન્ન થાય-ઈત્યાદિ પૃથિવીકાયિક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉદ્દેશકની પેઠે આ ઉદ્દેશક પણ કહેવો. પણ વિશેષ એ કે અહીં સ્થિતિ અને સંવેધ (ભિન્ન) જાણવો-તથા તેજસ્કાયિકો દેવોથી આવી ઉત્પન્ન થતા નથી.વાયુકાયિકો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે-ઈત્યાદિ જેમ તેજસ્કાયિક ઉદ્દેશકમાં કહ્યું છે તેમ કહેવું. પણ વિશેષ એ કે અહીં સ્થિતિ અને સંવેધ (ભિન્ન) જાણવો. વનસ્પતિકાયિકો ક્યાંથી આવી ઉત્પન્ન થાય-ઈત્યાદિ પૃથિવીકાયિકના ઉદ્દેશકની પેઠે આ ઉદ્દેશક કહેવો. પણ વિશેષ એ કે જ્યારે વનસ્પતિકાયિક વનસ્પતિકાયિકોમાં ઉત્પન્ન થાય ત્યારે પહેલાં, બીજા, ચોથા અને પાંચમાં આલાપકમાં 'પ્રતિસમય નિરન્તર અનંત જીવો ઉત્પન્ન થાય છે'-એમ કહેવું. ભવની અપેક્ષાએ જઘન્ય બે ભવ અને ઉત્કૃષ્ટ અનંત ભવ તથા કાળની અપેક્ષાએ જઘન્ય બે અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનંત કાળ બાકીના પાંચ આલાપકોમાં તેજ રીતે આઠ ભવ જાણવા. પણ વિશેષ એ કે અહીં સ્થિતિ અને સંવેધ એ ભિન્ન ભિન્ન જાણવા. બેઈન્દ્રિય જીવો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે-ઈત્યાદિ યાવત્ જે પૃથિવીકાયિક જીવ બેઈન્દ્રિયમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તે કેટલા કાળની સ્થિતિવાળા બેઈન્દ્રિયમાં ઉત્પન્ન થાય ? અહિં પૂર્વોક્ત પૃથિવીકાયિકની વક્તવ્યતા કહેવી, હે ભગવન્ ! તેઈન્દ્રિયો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે-ઈત્યાદિ બેઈન્દ્રિયના ઉદ્દેશકની પેઠે ત્રીન્દ્રિયો સંબંધે પણ કહેવું. વિશેષ એ કે અહીં સ્થિતિ અને સંવેધ (ભિન્ન ભિન્ન) જાણવો. તેજસ્કાયિકોની સાથે (તેઈન્દ્રિયોને સંવેધ) ત્રીજા ગમમાં ઉત્કૃષ્ટ બસોને આઠ રાત્રિદિવસોનો હોય છે અને બેઈન્દ્રિયોની સાથે ત્રીજા ગમમાં ઉત્કૃષ્ટ એકસો છન્નું રાત્રિદિવસ અધિક અડતાલીશ વર્ષ હોય છે. તેઈન્દ્રિયોની સાથે ત્રીજા ગમમાં ઉત્કૃષ્ટ ત્રણસોને બાણું રાત્રિદિવસ જાણવો. એ પ્રમાણે યાવત્-સંજ્ઞી મનુષ્ય સુધી સર્વત્ર જાણવું. ચઉરિન્દ્રિય જીવો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ? જેમ તેઈન્દ્રિયોનો ઉદ્દેશક કહ્યો તેમ ચઉરિન્દ્રિયો સંબંધે પણ કહેવો. પરન્તુ વિશેષ એ કે સ્થિતિ અને સંવેધ ભિન્ન જાણવો.

## શતક-૨૪ ઉદ્દેશકઃ૨૦

[૮૫૬]હે ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચયોનિકો ક્યાંથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! ચારે ગતિથી.જો તેઓ નૈરયિકોથી આવી ઉત્પન્ન થાય તો શું રત્નપ્રભા પૃથિવીના નૈરયિકોથી કે યાવત્-અધઃસપ્તમ પૃથિવીના નૈરયિકોથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! તેસાતેથી રત્નપ્રભા પૃથિવીનો નૈરયિક જે પંચેન્દ્રિય તિર્યંચયોનિકોથી ઉત્પન્ન થવાને યોગ્ય છે તે કેટલા કાળની સ્થિતિવાળા તિર્યંચોમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! તે જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પૂર્વકોટીની સ્થિતિવાળા પંચેન્દ્રિય તિર્યંચોમાં ઉત્પન્ન થાય. હે ભગવન્ ! તે જીવો એક સમયે કેટલા ઉત્પન્ન થાય ? જેમ અસુરકુમારની વક્તવ્યતા કહી છે તેમ અહિં કહેવી. પણ વિશેષ એ કે સંઘયણમાં અનિષ્ટ અને અમનોજ્ઞ પુદ્ગલો યાવત્-પરિણમે છે. અવગાહના ભવધારણીય અને ઉત્તરવૈક્રિય-એમ બે પ્રકારની છે. તેમાં જે ભવધારણીય શરીરની અવગાહના છે તે જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગ- ની અને ઉત્કૃષ્ટ સાત ધનુષ, ત્રણ હાથ, અને છ અંગુલની છે. તથા જે ઉત્તરવૈક્રિય શરીરની અવગાહના છે તે જઘન્ય અંગુલનો સંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ પંદર ધનુષ અને અઢી હાથની હોય છે. હે ભગવન્ ! તે જીવોનાં શરીરો કેટલાં સંસ્થાનવાળાં કહ્યાં છે ? હુંડકસંસ્થાન હોય છે, તેને એક કાપોતલેશ્યા છે. સમુદ્ઘાત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચાર છે.નપુંસક વેદ છે. સ્થિતિ જઘન્ય દસ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ સાગરોપમની પ્રમાણે છે. એ પ્રમાણે અનુબંધ પણ જાણવો. ભવની અપેક્ષાએ જઘન્ય બે ભવ અને ઉત્કૃષ્ટ આઠ ભવ, તથા કાળની અપેક્ષાએ જઘન્ય અન્તર્મુહૂર્ત અધિક દસ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ ચાર પૂર્વકોટી અધિક ચાર સાગરોપમ.

જો તે (રત્નપ્રભા નૈરયિક) જઘન્ય કાળની સ્થિતિવાળા પંચેન્દ્રિ તિર્યંચમાં ઉત્પન્ન થાય તો જઘન્ય અને ઉત્કૃષ્ટ પણ અન્તર્મુહૂર્ત સ્થિતિવાળા પંચેન્દ્રિય તિર્યંચમાં ઉત્પન્ન થાય. બાકી બધું પૂર્વે કહ્યા પ્રમાણે કહેવું. પણ વિશેષ એ કે કાળની અપેક્ષાએ જઘન્ય ઉપર પ્રમાણે અને ઉત્કૃષ્ટ ચાર અન્તર્મુહૂર્ત અધિક ચાર સાગરોપમ-એટલો કાળ યાવત્-ગતિઅગતિ કરે. એ પ્રમાણે બાકીના સાત ગમો જેમ નૈરયિકઉદ્દેશકમાં સંજ્ઞી પંચેન્દ્રિયો સાથે કહ્યા છે તેમ અહિં પણ જાણવા. વચ્ચેના ત્રણ ગમકો અને છેલ્લા ત્રણ ગમકોમાં સ્થિતિની વિશેષતા છે. બધે ઠેકાણે સ્થિતિ અને સંવેધ ભિન્ન ભિન્ન વિચારીને કહેવો. હે ભગવન્ ! શર્કરાપ્રભાનો નૈરયિક જે પંચેન્દ્રિય તિર્યંચોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે-ઈત્યાદિ જેમ રત્નપ્રભા સંબંધે ગમકો કહ્યા છે તેમ શર્કરાપ્રભા સંબંધે પણ નવ ગમકો કહેવા. પરન્તુ વિશેષ એ કે શરીરનીઅવગાહના-સંસ્થાનપદમાં કહ્યા પ્રમાણે જાણવી. તેને ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન અવશ્ય હોય છે. સ્થિતિ અને અનુબંધ પૂર્વે કહેલ છે. એ પ્રમાણે નવે ગમો વિચારપૂર્વક કહેવા. એમ યાવત્-છઠ્ઠી નરકપૃથિવી સુધી જાણવું. પણ વિશેષ એ કે અહીં અવગાહના, લેશ્યા, સ્થિતિ, અનુબંધ અને સંવેધ ભિન્ન ભિન્ન જાણવા. હે ભગવન્ ! અધઃસપ્તમ નરકપૃથિવીનો નૈરયિક જે પંચેન્દ્રિય તિર્યંચયોનિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તે કેટલા કાળની સ્થિતિવાળા પંચેન્દ્રિય તિર્યંચમાં ઉત્પન્ન થાય ? પૂર્વ પ્રમાણે નવે ગમકો કહેવો. વિશેષ એ કે અહીં અવગાહના, લેશ્યા, સ્થિતિ અને અનુબંધ ભિન્ન ભિન્ન જાણવા. સંવેધ-ભવની અપેક્ષાએ જઘન્ય બે ભવ અને ઉત્કૃષ્ટ છ ભવ, તથા કાળની અપેક્ષાએ જઘન્ય અન્તર્મુહૂર્ત અધિક બાવીશ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ત્રણ પૂર્વકોટી અધિક છાસઠ સાગરોપમ-એટલો કાળ યાવત્-ગમનાગમન કરે. પહેલા છ એ ગમકોમાં જઘન્ય બે ભવ અને ઉત્કૃષ્ટ છ ભવ, તથા પાછળના ત્રણે ગમ કોમાં જઘન્ય બે ભવ અને ઉત્કૃષ્ટ ચાર ભવ જાણવા. નવે ગમકોમાં પ્રથમ ગમકની પેઠે વક્તવ્યતા કહેવી. પણ બીજા ગમમાં સ્થિતિ વિશેષતા છે. તથા કાળની અપેક્ષાએ જઘન્ય અન્તર્મુહૂર્ત અધિક બાવીશ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ત્રણ અન્તર્મુહૂર્ત અધિક છાસઠ સાગરોમપ-એટલો કાળ યાવત્-ગમનાગમ કરે. ત્રીજા ગમમાં જઘન્ય પૂર્વકોટી અધિક બાવીશ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ત્રણ પૂર્વકોટી અધિક છાસઠ સાગરોપમ, ચોથા ગમમાં જઘન્ય અન્તર્મુહૂર્ત અધિક બાવીશ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ત્રણ પૂર્વકોટી અધિક છાસઠ સાગરોપમ, પાંચમાં ગમમાં જઘન્ય અન્તર્મુહૂર્ત અધિક બાવીશ સાગ રોપમ અને ઉત્કૃષ્ટ ત્રણ અન્તર્મુહૂર્ત અધિક છાસઠ સાગરોપમ, છઠ્ઠા ગમમાં જઘન્ય પૂર્વકોટી અધિક બાવીશ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ત્રણ પૂર્વકોટી અધિક છાસઠ સાગ રોપમ, સાતમાં ગમમાં જઘન્ય અન્તર્મુહૂર્ત અધિક તેત્રીશ સાગરોપમ અને ઉત્કૃષ્ટ બે પૂર્વકોટી અધિક છાસઠ સાગરોપમ, આઠમાં ગમમાં જઘન્ય અન્તર્મુહૂર્ત અધિક તેત્રીશ સાગ- રોપમ, અને ઉત્કૃષ્ટ બે અન્તર્મુહૂર્ત અધિક છાસઠ સાગરોપમ, તથા નવમા ગમમાં જઘન્ય પૂર્વકોટી અધિક તેત્રીશ સાગરોપમ અને ઉત્કૃષ્ટ બે પૂર્વકોટી અધિક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છાસઠ સાગરોપમ-એટલો કાળ યાવત્-ગમનાગમન કરે. જો તે તિર્યંચયોનિકોથી આવી ઉત્પન્ન થાય તો શું એકેન્દ્રિય તિર્યંચયોનિકથી આવી ઉત્પન્ન થાય-ઈત્યાદિ પૃથિવીકાયિક ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે અહી ઉપપાત કહેવો. યાવત્- હે ભગવન્ ! જે પૃથિવીકાયિક, પંચેન્દ્રિય તિર્યંચયોનિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તે કેટલા કાળની સ્થિતિવાળઆ પંચેન્દ્રિય તિર્યંચયોનિકોમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અને પૂર્વકોટીની સ્થિતિવાળામાં ઉત્પન્ન થાય. હે ભગવન્ ! તે (પૃથિવીકાયિકો) એક સમયે કેટલા ઉત્પન્ન થાય-ઈત્યાદિ પરિણામથી માંડી અનુબંધ સુધી જે પોતાના સ્વસ્થાનમાં વક્તવ્યતા કહી છે તેજ પ્રમાણે અહિં પણ કહેવી. પરન્તુ વિશેષ એ કે નવે ગમકોમાં પરિણામ જઘન્ય એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાતા કે અસંખ્યાતા ઉત્પન્ન થાય છે. સંવેધ-ભવની અપેક્ષાએ નવે ગમોમાં જઘન્ય બે ભવ અને ઉત્કૃષ્ટ આઠ ભવ જાણવા. બાકી બધું પૂર્વે કહ્યા પ્રમાણે જાણવુ. કાળની અપેક્ષાએ બન્નેની સ્થિતિ એકઠી કરવાવડે સંવેધ કરવો. જો તે અપ્કાયિકોથી આવી ઉત્પન્ન થાય તો-ઈત્યાદિ પૂર્વ પ્રમાણે અપ્કાય સંબંધે પણ કહેવું. અને એ પ્રમાણે યાવત્-ચાઉરિન્દ્રિય સુધીનો ઉપપાત કહેવો. પરન્તુ સર્વ ઠેકાણે પોતપોતાની વક્તવ્યતા કહેવી. નવે ગમકોમાં ભવાદેશ જઘન્ય બે ભવ અને ઉત્કૃષ્ટ આઠ ભવ, તથા કાળાદેશ બન્નેની સ્થિતિ જોડીને કરવો. જે પ્રમાણે પૃથિવીકાયિકોમાં ઉત્પન્ન થનારની વક્તવ્યતા કહી છે તેજ પ્રમાણે બધા ગમોમાં બધા જીવો સંબંધે કહેવી, અને બધે ઠેકાણે સ્થિતિ અને સંવેધ ભિન્ન જાણવો.હે ભગવન્ ! જો તે પંચેન્દ્રિય તિર્યંચયોનિકોથી આવી ઉત્પન્ન થાય તો શું સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિકથી આવી ઉત્પન્ન થાય કે અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકોથીઆવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! બન્ને પ્રકારથી ઈત્યાદિ પૃથિવીકાયિકોમાં ઉત્પન્ન થનાર તિર્યંચોના ભેદો કહ્યા છે તેમ અહીં પણ કહેવા. યાવત્ હે ભગવન્ ! અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક, જે પંચેન્દ્રિય તિર્યંચયોનિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તે કેટલા કાળની સ્થિતિવાળા પંચેન્દ્રિય તિર્યંચમાં ઉત્પન્ન થાય?હે ગૌતમ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગની સ્થિતિવાળા પંચેન્દ્રિય તિર્યંચમાં ઉત્પન્ન થાય. હે ભગવન્ ! તેએક સમયે કેટલા ઉત્પન્ન થાય-ઈત્યાદિ સંબંધે પૃથિવીકાયિકમાં ઉત્પન્ન થનાર અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોની વક્તવ્યતા કહી છે તે આ પ્રમાણે યાવત્-ભવાદેશ સુધી કહેવી. કાળની અપેક્ષાએ જઘન્ય બે અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પૂર્વકોટીપૃથકત્વ અધિક પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ બીજા ગમમાં પણ એજ વક્તવ્યતા કહેવી. પણ વિશેષ એ કે કાળાદેશથી જઘન્ય બે અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ચાર અન્તર્મુહૂર્ત અધિક ચાર પૂર્વકોટી એટલો કાળ યાવત્-ગતિઆગતિ કરે.

જો તે ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિકોમાં ઉત્પન્ન થાય તો જઘન્ય અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમાં ભાગની સ્થિતિવાળા સંજ્ઞી તિર્યંચ માં ઉત્પન્ન થાય. હે ભગવન્ ! તે જીવો એક સમયે કેટલા ઉત્પન્ન થાય-ઈત્યાદિ જેમ રત્નપ્રભા પૃથિવીમાં ઉત્પન્ન થનાર અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચની વક્તવ્યતા કહી છે તેમ યાવત્-કાળાદેશ સુધી બધી વક્તવ્યતા કહેવી. પણ વિશેષ એ કે પરિણામ-જઘન્ય એક, બે, કે ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાતા ઉત્પન્ન થાય છે. બાકી બધું તે પ્રમાણે જાણવું. જો તે પોતે જઘન્યકાળની સ્થિતિવાળો હોય તો જઘન્ય અન્તર્મુહૂર્તની સ્થિતિવાળો અને ઉત્કૃષ્ટ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૂર્વકોટી વર્ષની સ્થિતિવાળો સંજ્ઞી પં.તિર્યંચમાં ઉત્પન્ન થાય. હે ભગવન્ ! તે જીવો એક સમયે કેટલા ઉત્પન્ન થાય-ઈત્યાદિ પૃથિવીકાયિકોમાં ઉત્પન્ન થતા જઘન્ય આયુષવાળા અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચને વચ્ચેના ત્રણ ગમમાં જેમ કહ્યું છે તેમ અહિં અનુબંધ સુધી બધું કહેવું. ભવાદેશથી જઘન્ય બે ભવ અને ઉત્કૃષ્ટ આઠ ભવ તથા કાળાદેશ વડે જઘન્ય બે અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ચાર અન્તર્મુહૂર્ત અધિક ચાર પૂર્વકોટી વર્ષ એટલો કાળ યાવત્-ગમનાગમન કરે. જો તેજઘન્ય કાળની સ્થિતિવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોમાં ઉત્પન્ન થાય તો તેને પણ એજ વક્તવ્યતા કહેવી. પણ વિશેષ એ કે કાળાદેશથી જઘન્ય બે અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ આઠ અન્તર્મુહૂર્ત જો તે જ ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા સંજ્ઞી પંચેન્દ્રિયતિર્યંચયોનિકોમાં ઉત્પન્ન થાય તો જઘન્ય અને ઉત્કૃષ્ટ પૂર્વકોટી વર્ષની સ્થિતિ વાળા સંજ્ઞી પં.તિર્યંચમાં ઉત્પન્ન થાય. અહીં એજ પૂર્વોક્ત વક્તવ્યતા કહેવી. પણ વિશેષ એ કે અહીં કાળાદેશ ભિન્ન જાણવો. જો તે જ જીવ પોતે ઉત્કૃષ્ટકાળની સ્થિતિવાળો હોય તો તેને પ્રથમ ગમકની વક્તવ્યતા કહેવી. પણ વિશેષ એ કે સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ પૂર્વકોટીની હોય છે. કાળાદેશથી જઘન્ય અન્તર્મુહૂર્ત અધિક પૂર્વકોટી અને ઉત્કૃષ્ટ પૂર્વ કોટીપૃથક્ત્વ અધિક પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ જો તે જીવ જઘન્યકાળની સ્થિતિ વાળો તિર્યંચમાં ઉત્પન્ન થાય તો તેને પણ એજ વક્તવ્યતા કહેવી. પણ વિશેષ એ કે કાળાદેશથી જઘન્ય અન્તર્મુહૂર્ત અધિક પૂર્વકોટી અને ઉત્કૃષ્ટ ચાર.

જો તે ઉત્કૃષ્ટકાળની સ્થિતિવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચમાં ઉત્પન્ન થાય તો તે જઘન્ય અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગની સ્થિતિવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચમાં, ઉત્પન્ન થાય-ઈત્યાદિ જેમ રત્નપ્રભામાં ઉત્પન્ન થનાર અસંજ્ઞી પંચેન્દ્રિયની વક્તવ્યતા કહી છે તેમ યાવત્-કાળાદેશ સુધી બધી વક્તવ્યતા કહેવી. પરન્તુ આના ત્રીજા ગમમાં કહ્યા પ્રમાણે પરિમાણ કહેવું.જો તે સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકોથી આવી ઉત્પન્ન થાય તો શું સંખ્યાતા વર્ષના આયુષવાળા કે અંસખ્યાતા વર્ષના આયુષ વાળામાંથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! તેઓ સંખ્યાતા વર્ષના આયુષવાળા તિર્યંચોમાંથી આવી ઉત્પન્ન થાય, જો તેઓ સંખ્યાતા વર્ષના આયુષવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચમાંથી આવી ઉત્પન્ન થાય તો શું પર્યાપ્ત કે અપર્યાપ્ત સંખ્યાતા વર્ષના આયુષવાળા સંજ્ઞી પં તિર્યંચમાંથી આવી ઉત્પન્ન થાય ? બન્નેમાંથીસંખ્યાતા વર્ષના આયુષવાળાસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક,જે સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તે કેટલા કાળની સ્થિતિવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક, જેમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની સ્થિતિવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચમાં ઉત્પન્ન થાય. તેએક સમયે કેટલા ઉત્પન્ન થાય-ઇત્યાદિ રત્નપ્રભામાં ઉત્પન્ન થનાર આ સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચના પ્રથમ ગમકની પેઠે બધું જાણવું. પરન્તુ શરીરપ્રમાણ જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ એક હજાર યોજન હોય છે. કાળાદેશથી જઘન્ય બે અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પૂર્વકોટી પૃથક્ત્વ અધિક ત્રણ પલ્યોપમ જો તે જ જીવ જઘન્યકાળની સ્થિતિવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ માં ઉત્પન્ન થાય તો તેને એ જ પૂર્વોક્ત વક્તવ્યતા કહેવી. પરન્તુ કાળાદેશથી જઘન્ય બે અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ચાર અન્તર્મુહૂર્ત અધિક ચાર પૂર્વકોટી-એટલો કાળ યાવત્-ગમનાગમન કરે. જો તે જ ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા સંજ્ઞી પં તિર્યંચમાં ઉત્પન્ન થાય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તો જઘન્ય અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની સ્થિતિવાળા સંજ્ઞી પં તિર્યંચમાં ઉત્પન્ન થાય-ઈત્યાદિ પૂર્વોક્ત વક્તવ્યતા કહેવી. પણ પરિમાણ-જઘન્ય એક, બે ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાતા જીવો ઉત્પન્ન થાય. તેનું શરીર જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ એક હજાર યોજન હોય છે. બાકી બધું પૂર્વે કહ્યા પ્રમાણે યાવત્ અનુબંધ સુધી જાણવું. ભવાદેશથી બે ભવ અને કાળાદેશથી જઘન્ય અન્તર્મુહૂર્ત અધિક ત્રણ તથા ઉત્કૃષ્ટ પૂર્વકોટી અધિક ત્રણ પલ્યોપમ.

જો તે પોતે જ જઘન્ય સ્થિતિવાળો હોય તો તે જઘન્ય અન્તર્મુહૂર્ત આયુષવાળા અને ઉત્કૃષ્ટ પૂર્વકોટીની સ્થિતિવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકમાં ઉત્પન્ન થાય. તેને પૃથિવીકાયિકમાં ઉત્પન્ન થતા આજ સંજ્ઞી પંચેન્દ્રિયની જે વક્તવ્યતા કહી છે તે આ ઉદ્દેશકમાં મધ્યના ચોથા, પાંચમા અને છઠ્ઠા એ ત્રણ ગમકમાં કહેવી. અને અસંજ્ઞી પંચેન્દ્રિયને મધ્યના ત્રણ ગમકમાં જે સંવેધ કહ્યો છે તે પ્રમાણે અહિં કહેવો. જો તે પોતે ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળો હોય તો તેને પ્રથમ ગમકની પેઠે કહેવું. પરન્તુ સ્થિતિ અને અનુબંધ જઘન્ય તથા ઉત્કૃષ્ટ પૂર્વકોટી હોય છે. કાળાદેશથી જઘન્ય અન્તર્મુહૂર્ત અધિક પૂર્વકોટી અને ઉત્કૃષ્ટ પૂર્વકોટી પૃથકત્વ અધિક ત્રણ પલ્યોપમ-એટલો કાળ યાવત્-ગમનાગમન કરે જો તે જ જીવ જઘન્ય સ્થિતિવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકમાં ઉત્પન્ન થાય તો તેને એ જ પૂર્વોક્ત વક્તવ્યતા કહેવી. પણ વિશેષ એ કે કાળાદેશથી જઘન્ય અન્તર્મુહૂર્ત અધિક પૂર્વકોટી અને ઉત્કૃષ્ટ ચાર અન્તર્મુહૂર્ત અધિક ચાર પૂર્વકોટી-એટલો કાળ યાવત્-ગમનાગમન કરે. જો તે ઉત્કૃષ્ટકાળની સ્થિતિવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકમાં ઉત્પન્ન થાય તો તે જઘન્ય અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની સ્થિતિવાળા સં પં તિર્યંચમાં ઉત્પન્ન થાય. બાકી બધું પૂર્વે કહ્યા પ્રમાણે જાણવું. પણ વિશેષ એ કે પરિમાણ અને અવગાહના આના ત્રીજા ગમકમાં કહ્યા પ્રમાણે જાણવાં. ભવાદેશથી બે ભવ અને કાળાદેશથી જઘન્ય અને ઉત્કૃષ્ટ પૂર્વકોટી અધિક ત્રણ પલ્યોપમ જોમનુષ્યોથી આવી ઉત્પન્ન થાય તો શું સંજ્ઞી કે અસંજ્ઞી મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! એ બન્નેથી અસંજ્ઞી મનુષ્ય, જે પંચેન્દ્રિય તિર્યંચયોનિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તે કેટલા કાળની સ્થિતિવાળા સંજ્ઞી પં તિર્યંચમાં ઉત્પન્ન થાય ? જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પૂર્વકોટીની સ્થિતિ. પૃથિવીકાયિકોમાં ઉત્પન્ન થનાર અસંજ્ઞી મનુષ્યની પ્રથમના ત્રણ ગમકમાં જે વક્તવ્યતા કહી છે તે અહીં પ્રથમના ત્રણે ગમકમાં કહેવી. અને સંવેધ અસંજ્ઞી પંચેન્દ્રિયના મધ્યમ ત્રણ ગમકમાં કહ્યો છે તે પ્રમાણે અહિં કહેવો.

હે ભગવન્ ! જો સંજ્ઞી મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય તો શું સંખ્યાતા કે અસંખ્યાતા વર્ષના આયુષવાળા સંજ્ઞી મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! તેઓ સંખ્યાતા વર્ષના આયુષવાળા સંજ્ઞી મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય, તેઓ પર્યાપ્તા ને અપર્યાપ્ત બન્ને પ્રકારના મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય. તે જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની સ્થિતિવાળા સં પં તિર્યંચમાં ઉત્પન્ન થાય. હે ભગવન્ ! તે સંજ્ઞી મનુષ્યો એક સમયે કેટલા ઉત્પન્ન થાય-ઈત્યાદિ પૃથિવીકાયિકોમાં ઉત્પન્ન થતા એ જ સંજ્ઞી મનુષ્યની પ્રથમ ગમકમાં કહેલી વક્તવ્યતા યાવત્-ભવાદેશ સુધી અહીં કહેવી. કાળાદેશથી જઘન્ય બે અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પૂર્વકોટી પૃથકત્વ અધિક ત્રણ પલ્યોપમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જો તે સંજ્ઞી મનુષ્ય જઘન્ય કાળની સ્થિતિવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકમાં ઉત્પન્ન થાય તો તેને એ જ પૂર્વોક્ત વક્તવ્યતા કહેવી. પરન્તુ કાળાદેશથી જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ચાર અન્તર્મુહૂર્ત અધિક ચાર પૂર્વકોટી વર્ષ-એટલો કાળ યાવત્ ગમનાગમન કરે. જો તે જ મનુષ્ય ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા તિર્યંચમાં ઉત્પન્ન થાય તો તે જઘન્યઅનેઉત્કૃષ્ટત્રણપલ્યોપમનીસ્થિતિવાળા સંજ્ઞી પં તિર્યંચમાં ઉત્પન્ન થાય. (અહીં પણ) એ જ પૂર્વોક્ત વક્તવ્યતા કહેવી. પણ વિશેષ એ કે શરીરપ્રમાણ જઘન્ય અંગુલ પૃથકત્વ અને ઉત્કૃષ્ટ પાંચસો ધનુષ હોય છે. આયુષ જઘન્ય માસપૃથકત્વ અને ઉત્કૃષ્ટ પૂર્વકોટી હોયછે. એ પ્રમાણે અનુબંધ પણ જાણવો. ભવાદેશથી બે ભવ તથા કાળાદેશથી જઘન્ય માસપૃથકત્વ અધિક ત્રણપલ્યોપમ ઉત્કૃષ્ટ પૂર્વકોટી અધિક ત્રણ પલ્યોપમ.

જો તે સંજ્ઞી મનુષ્ય પોતે જઘન્યસ્થિતિવાળો હોય તો તેને જેમ પંચેન્દ્રિય તિર્યંચમાં ઉત્પન્ન થતા પંચેન્દ્રિય તિર્યંચની મધ્યમ ત્રણ ગમકોની વક્તવ્યતા કહી છે તેમ આની પણ મધ્યમ ત્રણ ગમકોની બધી વક્તવ્યતા કહેવી. પણ એ કે પરિમાણ 'ઉત્કૃષ્ટ સંખ્યાતા ઉપજે' એમ કહેવું, અને બાકી બધુ પૂર્વે કહ્યા પ્રમાણે જાણવું. જો તે પોતે ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળો હોય તો તેને પ્રથમ ગમકની વક્તવ્યતા કહેવી. પણ વિશેષ એ કે શરીરની અવગાહના જઘન્ય અને ઉત્કૃષ્ટ પાંચસો ધનુષની હોય છે. સ્થિતિ અને અનુબંધ જઘન્ય અને ઉત્કૃષ્ટ પૂર્વકોટી હોય છે. બાકી બધુ યાવત્-ભવાદેશ સુધી તે જ પ્રાણે જાણવું. કાળાદેશથી જઘન્ય અન્તર્મુહૂર્ત અધિક પૂર્વકોટી અને ઉત્કૃષ્ટ પૂર્વકોટી પૃથકત્વ અધિક ત્રણ પલ્યોપમ જો તે જ મનુષ્ય જઘન્ય સ્થિતિવાળા તિર્યંચમાં ઉત્પન્ન થાય તો તેને એ જ વક્તવ્યતા કહેવી. પણ વિશેષ એ કે કાળાદેશથી જઘન્ય અન્તર્મુહૂર્ત અધિક પૂર્વકોટી અને ઉત્કૃષ્ટ ચાર અન્તર્મુહૂર્ત અધિક ચાર પૂર્વકોટી જો તે જ મનુષ્ય ઉત્કૃષ્ટકાળની સ્થિતિવાળા સંજ્ઞી પં તિર્યંચયોનિકમાં ઉત્પન્ન થાય તો તે જઘન્ય અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની સ્થિતિવાળા સંજ્ઞી પં તિર્યંચમાં ઉત્પન્ન થાય. અહિં પૂર્વોક્ત સાતમા ગમકની વક્તવ્યતા કહેવી. ભવાદેશથી બે ભવ અને કાળાદેશથી જઘન્ય અને ઉત્કૃષ્ટ પૂર્વકોટી અધિક ત્રણ પલ્યોપમ તેઓ ભવનવાસી દેવોથી, અને યાવત્-વૈમાનિક દેવોથી પણ આવી ઉત્પન્નથાય.

તેઓ અસુરકુમારોથી, યાવત્-સ્તનિતકુમાર ભવનવાસી દેવોથી આવી ઉત્પન્ન થાય છે. હે ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પૂર્વકોટીની સ્થિતિવાળા સંજ્ઞી પં તિર્યંચમાં ઉત્પન્ન થાય. તેને નવે ગમકમાં જે વક્તવ્યતા પૃથિવીકાયિકોમાં ઉત્પન્ન થતા અસુરકુમારોની કહી છે તેમ કહેવી. એ પ્રમાણે યાવત્-ઈશાનદેવ લોક સુધી પણ તે પ્રમાણે વક્તવ્યતા કહેવી. ભવાદેશ બધે ઠેકાણે ઉત્કૃષ્ટ આઠ ભવ જઘન્ય બે ભવ હોય છે. અહીં સર્વ ઠેકાણે સ્થિતિ અને સંવેધ ભિન્ન જાણવો. હે ભગવન્ ! જે નાગકુમાર, પંચેન્દ્રિય તિર્યંચયોનિ- કોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તે કેટલા કાળની સ્થિતિવાળા સં પં તિર્યંચમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! અહીં બધી પૂર્વોક્ત વક્તવ્યતા કહેવી. પણ વિશેષ એ કે સ્થિતિ અને સંવેધ (ભિન્ન) જાણવો. એ પ્રમાણે યાવત્-સ્તનિતકુમારો સુધી જાણવું. હે ભગવન્ ! જો તે (સંજ્ઞી પં તિર્યંચો) વાનવ્યન્તરોથી આવી ઉત્પન્ન થાય તો શું પિશાચ વાનવ્યન્તરોથી આવી ઉત્પન્ન થાય-ઈત્યાદિ બધું પૂર્વે કહ્યા પ્રમાણે જાણવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યાવત્- હે ભગવન્ ! જે વાનવ્યન્તર, પંચેન્દ્રિય તિર્યંચયોનિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તે કેટલા કાળની સ્થિતિવાળા સંજ્ઞી પં તિર્યંચમાં ઉત્પન્ન થાય ? પૂર્વે કહ્યા પ્રમાણે જાણવું. પણ વિશેષ એ કે અહીં સ્થિતિ અને સંવેધ ભિન્ન જાણવો.

જો તે જ્યોતિષિકોથી આવી ઉત્પન્ન થાય તો તેને પૂર્વે કહ્યા પ્રમાણે-પૃથિવી કાયિકમાં ઉત્પન્ન થતા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચને કહ્યા પ્રમાણે ઉપપાત કહેવો. યાવત્- હે ભગવન્ ! જે જ્યોતિષિક, પંચેન્દ્રિય તિર્યંચયોનિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તે કેટલા કાળની સ્થિતિવાળા સં પં તિર્યંચમાં ઉત્પન્ન થાય ? એ જ પૂર્વોક્ત વક્તવ્યતા જેમ પૃથિવીકાયિક ઉદ્દેશકમાં કહેલી છે તેમ કહેવી. નવે ગમકમાં આઠ ભવો જાણવા. યાવત્-કાળાદેશથી જઘન્ય અન્તર્મૂહૂર્ત અધિક પલ્યોપમનો આઠમો ભાગ અને ઉત્કૃષ્ટ ચાર પૂર્વકોટી અધિક પલ્યોપમ-એટલો કાળ યાવત્-ગતિઆગતિ કરે. એ પ્રમાણે નવે ગમ કોમાં જાણવું. પણ વિશેષ એ કે અહીં સ્થિતિ અને સંવેધ ભિન્ન જાણવો. જો તેઓ વૈમાનિક દેવોથી આવી ઉત્પન્ન થાય, પણ કલ્પાતીત વૈમાનિક દેવોથી આવી ન ઉત્પન્ન થાય. જો કલ્પોપપન્ન વૈમાનિક દેવોથી આવી ઉત્પન્ન થાય તો યાવત્-સહસ્રાર કલ્પોપ પન્નક વૈમાનિક દેવોથી આવી ઉત્પન્ન થાય, પણ આનત કલ્પોપન્નક, યાવત્-અચ્યુત કલ્પોપન્નકથી આવી ઉત્પન્ન ન થાય. હે ભગવન્ ! જે સૌધર્મ દેવ, પંચેન્દ્રિય તિર્યંચયો નિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તે કેટલા કાળની સ્થિતિવાળા પંચેન્દ્રિય તિર્યંચમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! તે જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પૂર્વકોટી આયુષવળા પંચેન્દ્રિય તિર્યંચમાં ઉત્પન્ન થાય. બાકી બધું નવે ગમકોને આશ્રયી પૃથિવીકાયિક ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે કહેવું. પણ વિશેષ એ કે નવે ગમકોમાં સંવેધ-ભવની અપેક્ષાએ જઘન્ય બે ભવ અને ઉત્કૃષ્ટ આઠ ભવનો હોય છે. સ્થિતિ અને કાળાદેશ (ભિન્ન ભિન્ન) જાણવા. એ પ્રમાણે ઈશાન દેવ સંબંધે પણ જાણવું. તથા એ જ ક્રમવડે બાકી બધા દેવોના યાવત્-સહસ્રાર દેવ સુધી ઉપપાત કહેવો. પરન્તુ અવગાહના, અવગાહનાસંસ્થાન પદમાં કહ્યા પ્રમાણે જાણવી. લેશ્યા-સનત્કુમાર, માહેન્દ્ર અને બ્રહ્મલોકમાં એક પદ્મ લેશ્યા અને બાકી બધાને એક શુક્લલેશ્યા જાણવી. વેદમાં સ્ત્રીવેદવાળા અને નપુંસક વેદવાળા નથી, પણ પુરુષવેદવાળા હોય છે. સ્થિતિપદમાં કહ્યા પ્રમાણે આયુષ અને અનુબંધ જાણવો. બાકી બધું ઈશાન દેવોની પેઠે જાણવું, તેમજ અહિં કાયસંવેધ જુદો કહેવો. 'હે ભગવન્ ! તે એમજ છે, હે ભગવન્ ! તે એમજ છે'.

**શતક : ૨૪-ઉદ્દેસા : ૨૦ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## -: ઉદ્દેશક : ૨૧ :-

[૮૫૭] હે ભગવન્ ! મનુષ્યો ક્યાંથી આવી ઉત્પન્ન થાય ? શું નૈરયિકોથી, કે યાવત્-દેવોથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! તેઓ નૈરયિકોથી આવી ઉત્પન્ન થાય, યાવત્-દેવોથી પણ આવી ઉત્પન્ન થાય. એ પ્રમાણે અહીં પંચેન્દ્રિય તિર્યંચયોનિક ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે ઉપપાત કહેવો. યાવત્-છઠ્ઠી તમા પૃથિવીના નૈરયિકોથી આવી ઉત્પન્ન થાય, પણ સાતમી તમતમા પૃથિવીના નૈરયિકોથી આવી ન ઉત્પન્ન થાય. હે ભગવન્ ! રત્નપ્રભાપૃથિવીનો નૈરયિક જે મનુષ્યોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તે કેટલા કાળની સ્થિતિવાળા મનુષ્યમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! તે જઘન્યે બે માસથી આરંભી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નવ માસ સુધીની અને ઉત્કૃષ્ટ પૂર્વકોટીની સ્થિતિવાળા મનુષ્યમાં ઉત્પન્ન થાય. બાકી બધી વક્તવ્યતા પંચેન્દ્રિય તિર્યંચયોનિકમાં ઉત્પન્ન થતા રત્નપ્રભાનૈરયિકની પેઠે કહેવી. પરન્તુ પરિમાણ-જઘન્ય એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાતા ઉત્પન્ન થાય છે. જેમ ત્યાં અન્તર્મુહૂર્તવડે સંવેધ કર્યો છે તેમ અહીં માસપૃથકત્વવડે સંવેધ કરવો. બાકી બધું પૂર્વે કહ્યા પ્રમાણે જાણવું, રત્નપ્રભાની વક્તવ્યતાની પેઠે શર્કરાપ્રભાની પણ વક્તવ્યતા કહેવી. પણ વિશેષ એ કે જઘન્ય વર્ષપૃથકત્વની સ્થિતિવાળા અને ઉત્કૃષ્ટ પૂર્વકોટીની સ્થિતિવાળા મનુષ્યમાં ઉત્પન્ન થાય. તથા અવગાહના, લેશ્યા, જ્ઞાન, સ્થિતિ, અનુબંધ અને સંવેધ અને તેની વિશેષતા તિર્યંચયોનિકના ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે જાણવી. એ પ્રમાણે યાવત્-તમા પૃથિવીના નૈરયિક સુધી જાણવું. જો તેઓ તિર્યંચયોનિકોથી આવી ઉત્પન્ન થાય તો શું એકેન્દ્રિય તિર્યંચોયનિકોથી કે યાવત્-પંચેન્દ્રિય તિર્યંચયોનિકોથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! હે ગૌતમ ! એકેન્દ્રિય તિર્યંચયો નકોથી આવી ઉત્પન્ન થાય-ઈત્યાદિ વક્તવ્યતા પંચેન્દ્રિયતિર્યંચયોનિક ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે જાણવી. પણ વિશેષ એ કે, તેજસ્કાય અને વાયુકાયને નિષેધ કરવો. [ત્યાંથી આવી મનુષ્યમાં ઉત્પન્ન ન થાય.] બાકી બધું પૂર્વે કહ્યા પ્રમાણે જાણવું. યાવત્-

હે ભગવન્ ! જે પૃથિવીકાયિક, મનુષ્યોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તે કાટલા કાળની સ્થિતિવાળા મનુષ્યમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! તે જઘન્ય અન્તર્મૂહૂર્ત અને ઉત્કૃષ્ટ પૂર્વકોટીની સ્થિતિવાળા મનુષ્યમાં ઉત્પન્ન થાય. હે ભગવન્ ! તે (પૃથિવી કાયિકો) એક સમયે કેટલા ઉત્પન્ન થાય-ઈત્યાદિ પંચેન્દ્રિય તિર્યંચયોનિકમાં ઉત્પન્ન થતા પૃથિવીકાયિકની પેઠે અહીં મનુષ્યમાં ઉત્પન્ન થનાર પૃથિવીકાયિકની વક્તવ્યતા નવે ગમકોમાં કહેવી. વિશેષ એ કે ત્રીજા, છઠ્ઠા, અને નવમા ગમકમાં પરિમાણ જઘન્ય એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાતા ઉત્પન્ન થાય છે. જ્યારે (પૃથિવીકાયિક) પોતે જઘન્યકાળની સ્થિતિવાળો હોય ત્યારે [મધ્યમના ત્રણ ગમકમાંના] પ્રથમ ગમકમાં અધ્યવસાયો પ્રશસ્ત અને અપ્રશસ્ત બન્ને પ્રકારના હોય છે. બીજા ગમકમાં અપ્રશસ્ત અને ત્રીજા ગમકમાં પ્રશસ્ત હોય છે. બાકી બધું પૂર્વે કહ્યા પ્રમાણે જાણવું. હે ભગવન્ ! જો તેઓ (મનુષ્યો) અપ્કાયિકોથી આવી ઉત્પન્ન થાય તો અપ્કાયિકોને તથા વનસ્પતિ કાયિકોને પૂર્વોક્ત વક્તવ્યતા કહેવી. એ પ્રમાણે યાવત્-ચઉરિન્દ્રિયો સુધી જાણવું. અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક, સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિક, અસંજ્ઞી મનુષ્ય અને સંજ્ઞી મનુષ્ય એ બધાને પંચેન્દ્રિય તિર્યંચયોનિક- ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે કહેવું. પરન્તુ એ કે બધાને પરિમાણ અને અધ્યવસાયોની ભિન્નતા પૃથિવીકાયિકને આજ ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે જાણવી. બાકી બધું પૂર્વોક્ત જાણવું. હે ભગવન્ ! જો તેઓ (મનુષ્યો) દેવોથી આવી ઉત્પન્ન થાય તો શું ભવનવાસી, વ્યાનવ્યન્તર, જ્યોતિષિક કે વૈમાનિક દેવોથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! તેઓ ભવનવાસી દેવોથી, યાવત્-વૈમાનિક દેવોથી પણ આવી ઉત્પન્ન થાય. હે ભગવન્ ! જો તે ભવનવાસી દેવોથી આવી ઉત્પન્ન થાય તો શું અસુરકુમારોથી આવી ઉત્પન્ન થાય કે યાવત્-સ્તનિતકુમારોથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! તેઓ અસુરકુમારોથી, યાવત્-સ્તનિતકુમારોથી પણ આવી ઉત્પન્ન થાય.

હે ભગવન્ ! અસુરકુમારદેવ, જે મનુષ્યમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તે કેટલા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાળની સ્થિતિવાળા મનુષ્યમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! તે જઘન્ય માસપૃથકત્વ અને ઉત્કૃષ્ટ પૂર્વકોટીની સ્થિતિવાળા મનુષ્યમાં ઉત્પન્ન થાય. એ પ્રમાણે પંચેન્દ્રિય તિર્યચયોનિકના ઉદ્દેશકમાં જે વક્તવ્યતા કહી છે તે વક્તવ્યતા અહિં પણ કહેવી. પણ વિશેષ એ કે જેમ ત્યાં જઘન્ય અન્તર્મુહૂર્તની સ્થિતિવાળા તિર્યચમાં ઉત્પન્ન થવાનું કહ્યું છે તેમ અહીં માસપૃથકત્વની સ્થિતિવાળામાં ઉત્પન્ન થવાનું કહેવું. પરિમાણ-જઘન્ય એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાતા ઉત્પન્ન થાય છે. બાકી બધું પૂર્વે કહ્યા પ્રમાણે જાણવું. એ પ્રમાણે યાવત્-ઈશાનદેવો સુધી વક્તવ્યતા કહેવી. જેમ પંચેન્દ્રિયતિર્યચયોનિકઉદ્દેશકમાં કહ્યું છે તેમ સનત્કુમારથી માંડી યાવત્-સહસ્રારસુધીના દેવો સંબંધે કહેવું. પણ વિશેષ એ કે પરિમાણ જઘન્ય એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાતા ઉત્પન્ન થાય છે. તેઓ જઘન્ય વર્ષપૃથકત્વ સ્થિતિવાળા અને ઉત્કૃષ્ટ પૂર્વકોટીની સ્થિતિવાળા મનુષ્યમાં ઉત્પન્ન થાય છે. બાકી બધું પૂર્વે કહ્યા પ્રમાણે કહેવું. સંવેધ જઘન્ય વર્ષપૃથકત્વ અને ઉત્કૃષ્ટ પૂર્વકોટી વડે કરવો. હે ભગવન્ ! જે આનતદેવ, મનુષ્યોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તે કેટલા કાળની સ્થિતિવાળા મનુષ્યોમાં ઉત્પન્ન થાય. હે ગૌતમ ! જઘન્ય વર્ષપૃથકત્વની અને ઉત્કૃષ્ટ પૂર્વકોટીની સ્થિતિવાળા મનુષ્યમાં ઉત્પન્ન થાય.

હે ભગવન્ ! તે (મનુષ્યો) એક સમયે કેટલા ઉત્પન્ન થાય-ઈત્યાદિ જેમ સહસ્રાર દેવની વક્તવ્યતા કહી છે તેમ કહેવી.પણઅવગાહના,સ્થિતિઅને અનુબંધની વિશેષતા જાણવી. ભવાદેશથી જઘન્ય બે ભવ અને ઉત્કૃષ્ટ છ ભવ તથા કાળાદેશથી જઘન્ય વર્ષ પૃથકત્વ અધિક અઢાર સાગરોપમ, અને ઉત્કૃષ્ટ ત્રણ પૂર્વકોટી અધિક સત્તાવન સાગરોપમ એ પ્રમાણે નવે ગમકોમાં જાણવું. પરન્તુ વિશેષ એ કે સ્થિતિ, અનુબંધ અને સંવેધ ભેદપૂર્વક જાણવો. એ પ્રમાણે યાવત્-અચ્યુત દેવ સુધી સમજવું. વિશેષ એ કે સ્થિતિ, અનુબંધ અને સંવેધ ભિન્ન ભિન્ન જાણવા. પ્રાણત દેવની સ્થિતિ ત્રણગુણી કરતાં સાઠ સાગરોપમ, આરણની ત્રેસઠ સાગરોપમ, અને અચ્યુતદેવની છાસઠ સાગરોપમ સ્થિતિ થાય છે. હે ગૌતમ ! તેઓ ગ્રૈવેયક અને અનુત્તરોપ- પાતિક એ બન્ને પ્રકારના કલ્પાતીત દેવોથી આવી ઉત્પન્ન થાય. હે ગૌતમ ! તેઓ સૌથી નીચેના યાવત્-સૌથી ઉપરના ગ્રૈવેયકકલ્પાતીત દેવોથી પણ ઉત્પન્ન થાય. હે ગૌતમ ! તે જઘન્ય વર્ષપૃથકત્વ અને ઉત્કૃષ્ટ પૂર્વકોટીની સ્થિતિવાળા મનુષ્યમાં ઉત્પન્ન થાય. બાકી બધી વક્તવ્યતા આનત દેવની પેઠે કહેવી. પરન્તુ હે ગૌતમ ! તેને એક ભવધારણીય શરીર હોય છે અને તેની અવગાહના જઘન્ય અંગુલનો અંસખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ બે હાથની હોય છે. તેને એક ભવાધારણીય શરીર સમચતુરસ્ર સંસ્થાનવાળું હોય છે. પાંચ સમુદ્ઘાતો હોય છે, તે આ પ્રમાણે- વેદના સમુદ્ઘાત અને યાવત્-તૈજસ સમુદ્ઘાત. પણ તેઓએ વૈક્રિય કે તૈજસ સમુદ્ઘાત કર્યો નથી, કરતા નથી અને કરશે પણ નહિ. સ્થિતિ અને અનુબંધ જઘન્ય બાવીશ સાગ- રોપમ તથા ઉત્કૃષ્ટ એકત્રીશ સાગરોપમ હોય છે. કાળાદેશથી જઘન્ય વર્ષપૃથકત્વ અધિક ત્રાણું સાગરોપમ અને ઉત્કૃષ્ટ ત્રણ પૂર્વકોટી અધિક ત્રાણું સાગરોપમ બાકીના આઠે ગમકોમાં પણ એ પ્રમાણે જાણવું. વિશેષ એ કે સ્થિતિ અને સંવેધ (ભિન્ન) જાણવો.

હે ગૌતમ ! તેઓ વિજય અનુત્તરોપપાતિકથી યાવત્-સર્વાર્થસિદ્ધ અનુત્તરૌપ પાતિકથી આવીને ઉત્પન્નથાય છે. હે ભગવન્ ! અનુત્તરૌપપાતિક વિજય, વૈજયંત,


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જયંત અને અપરાજિત દેવ, જે મનુષ્યમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, તે કેટલા કાળની સ્થિતિવાળા મનુષ્યમાં ઉત્પન્ન થાય ? ઈત્યાદિ જેમ ગ્રૈવેયક દેવો સંબંધે કહ્યું તેમ અહીં કહેવું. વિશેષ એ કે અવગાહના જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ એક હાથની હોય છે. તે સમ્યગ્દૃષ્ટિ હોય છે હોતા. જ્ઞાની હોય છે તેને અવશ્ય મતિ, શ્રુત અને અવધિ-એ ત્રણ જ્ઞાન હોય છે. તેઓની સ્થિતિ જઘન્ય એકત્રીશ સાગરોપમની અને ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમની છે. બાકી બધું પૂર્વે કહ્યા પ્રમાણે જાણવું. ભવાદેશથી જઘન્ય બે ભવ, અને ઉત્કૃષ્ટ ચાર ભવ, તથા કાળાદેશથી જઘન્ય વર્ષપૃથકત્વ અધિક એકત્રીશ સાગરોપમ અને ઉત્કૃષ્ટ બે પૂર્વકોટી અધિક છાસઠ સાગરોપમ એ પ્રમાણે બાકીના આઠે ગમકો કહેવા. પરન્તુ વિશેષ એ કે સ્થિતિ, અનુબંધ અને સંવેધ (ભિન્ન ભિન્ન) જાણવો. તથા બાકી બધું પૂર્વે કહ્યા પ્રમાણે જાણવું. હે ભગવન્ ! સર્વાર્થસિદ્ધ દેવ, જે મનુષ્યોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તે કેટલા કાળની સ્થિતિવાળા મનુષ્યમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! તેઓની વક્તવ્યતા વિજયાદિદેવની વક્તવ્યતા પેઠે કહેવી. વિશેષ એ કે અવગાહના જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ એક હાથની હોય છે. તે સમ્યગ્દૃષ્ટિ હોય છે જ્ઞાની હોય છે તેને અવશ્યત્રણ જ્ઞાન હોય છે. તેઓની સ્થિતિ જઘન્ય એકત્રીશ સાગરોપમની અને ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમની છે. ભવાદેશથી જઘન્ય બે ભવ, અને ઉત્કૃષ્ટ ચાર ભવ, તથા કાળાદેશથી જઘન્ય વર્ષપૃથકત્વ અધિક એકત્રીશ સાગરોપમ અને ઉત્કૃષ્ટ બે પૂર્વકોટી અધિક છાસઠ સાગરોપમએ પ્રમાણે બાકીના આઠે ગમકો કહેવા. પરન્તુ વિશેષ એ કે સ્થિતિ, અનુબંધ અને સંવેધ (ભિન્ન ભિન્ન) જાણવો.સર્વાર્થસિદ્ધ દેવ, જે મનુષ્યોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તે કેટલા કાળની સ્થિતિવાળા મનુષ્યમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! તેઓની વક્તવ્યતા વિજયાદિદેવની વક્તવ્યતાપેઠે કહેવી.વિશેષ એકે તેત્રીશ સાગરોપમની સ્થિતિ હોય છે. એ પ્રમાણે અનુ બંધપણજાણવો.ભવાદેશથીબેભવતથાકાળાદેશથીજઘન્ય વર્ષપૃથકત્વ અધિક તેત્રીશ સાગરોપમ અને ઉત્કૃષ્ટથી પૂર્વકોટી અધિક તેત્રીશ સાગરોપમજો તે (સર્વાર્થ સિદ્ધ દેવ) જઘન્યકાળની સ્થિતિવાળા મનુષ્યમાં ઉત્પન્ન થાય તો તેને એ જ વક્તવ્યતા કહેવી. પણ વિશેષ એ કે કાળાદેશથી જઘન્ય અને ઉત્કૃષ્ટ વર્ષપૃથકત્વ અધિક તેત્રીશ સાગરોપમ જો તે ઉત્કૃષ્ટકાળની સ્થિતિવાળા મનુષ્યમાં ઉત્પન્ન થાય તો તેને પણ એ જ વક્તવ્યતા કહેવી. પરન્તુ વિશેષ એ કે કાળાદેશથી જઘન્ય અને ઉત્કૃષ્ટ પૂર્વકોટી અધિક તેત્રીશ સાગરોપમઅહીંઆ ત્રણ ગમકો જ કહેવાના છે, બાકીના ગમકો અહીં કહેવાના નથી.

## -: શતક-૨૪ ઉદ્દેશકઃ ૨૨ :-

[૮૫૮] હે ભગવન્ ! વાનવ્યન્તર દેવો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ઈત્યાદિજેમ નાગકુમારના ઉદ્દેશકમાં કહ્યું છે તે પ્રમાણે અસંજ્ઞી સુધી બધી વક્તવ્યતા કહેવી. જો તે (વાનવ્યન્તર દેવ) સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યચયોનિકથી આવી ઉત્પન્ન થાય-ઈત્યાદિ યાવત્-પૂર્વ પ્રમાણે જાણવું. હે ગૌતમ ! તે જઘન્ય દસ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ પલ્યોપમની સ્થિતિવાળા વાનવ્યંતરમાં ઉત્પન્ન થાય. બાકી બધું નાગકુમારના ઉદ્દેશકમાં કહ્યું છે તેમ જાણવું. યાવત્-કાળાદેશથી જઘન્ય કાંઈક અધિક પૂર્વકોટી સહિત દસ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ ચાર પલ્યોપમ જો તે જઘન્યકાળની સ્થિતિવાળા વાનવ્યન્તરમાં ઉત્પન્ન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થાય તો તે સંબંધે નાગકુમારના બીજા ગમકમાં કહેલી વક્તવ્યતા કહેવી.જો તે જ ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળા વાનવ્યન્તરમાં ઉત્પન્ન થાય તો જઘન્ય અને ઉત્કૃષ્ટ પલ્યોપમની સ્થિતિવાળા વાનવ્યન્તરમાં ઉત્પન્ન થાય-ઇત્યાદિ પૂર્વોક્ત વક્તવ્યતા કહેવી. પણ વિશેષ એ કે તેની સ્થિતિ જઘન્ય પલ્યોપમની અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની જાણવી. સંવેધ જઘન્ય બે પલ્યોપમ અને ઉત્કૃષ્ટ ચાર પલ્યોપમનો હોય મધ્યમના અને છેલ્લા ત્રણ ગમકો નાગકુમારના ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે કહેવા. પરન્તુ વિશેષ એ કે સ્થિતિ અને સંવેધ ભિન્ન ભિન્ન જાણવો. સંખ્યાતા વર્ષના આયુષવાળા સં પં તિર્યંચોની વક્તવ્યતા તે જ પ્રમાણે જાણવી. પણ વિશેષ એ કે સ્થિતિ અને અનુબંધ ભિન્ન ભિન્ન જાણવો. તથા સંવેધ બન્નેની સ્થિતિને એકઠી કરીને કહેવો. જો તેઓ (વાનવ્યન્તરો) મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય તો તેને નાગકુમારના ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે અસંખ્યાતા વર્ષના આયુષવાળા મનુષ્યોની વક્તવ્યતા કહેવી. પણ વિશેષ એ કે ત્રીજા ગમકમાં સ્થિતિ જઘન્ય પલ્યોપમની અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની જાણવી. અવગાહના જઘન્યથી એક ગાઉ અને ઉત્કૃષ્ટ ત્રણ ગાઉની હોય છે. બાકી બધું પૂર્વ કહ્યા પ્રમાણે જાણવું. વળી તેનો સંવેધ આજ ઉદ્દેશકમાં જેમ અસંખ્યાતા વર્ષના આયુષવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચનો કહ્યો છે તેમ કહેવો. તથા જેમ નાગકુમારના ઉદ્દેશકમાં કહ્યું છે તે પ્રમાણે સંખ્યાતા વર્ષના આયુષવાળા સંજ્ઞી મનુષ્યોની વક્તવ્યતા કહેવી. પણ વિશેષ એ કે વાનવ્યન્તરની સ્થિતિ અને સંવેધ ભિન્ન જાણવો.

જૈન સાઇટ JAINSITE.com

## -: શતક-૨૪ ઉદ્દેશક : ૨૩ :-

[૮૫૯] હે ભગવન્ ! જ્યોતિષિકો ક્યાંથી આવી ઉત્પન્ન થાય ? શું નૈરયિકોથી-ઇત્યાદિ ભેદ કહેવો. યાવત્-તેઓ સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય, હે ગૌતમ ! સંખ્યાતા કે અસંખ્યાતા વર્ષના આયુષવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય. હે ગૌતમ ! તે જઘન્ય પલ્યોપમના આઠમા ભાગની અને ઉત્કૃષ્ટ એક લાખ વર્ષ અધિક એક પલ્યોપમની સ્થિતિવાળા જ્યોતિષિકોમાં ઉત્પન્ન થાય. બાકી બધું અસુરકુમારના ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે જાણવું. વિશેષ એ કે જઘન્ય સ્થિતિ પલ્યોપમના આઠમા ભાગની અને ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમની હોય છે. અનુબંધ પણ એ પ્રમાણે જાણવો. પરન્તુ કાળાદેશથી જઘન્ય પલ્યોપમના બે આઠમા ભાગ અને ઉત્કૃષ્ટ લાખ વર્ષ અધિક ચાર પલ્યોપમ જો તે જઘન્યકાળની સ્થિતિવાળા જ્યોતિષિકમાં ઉત્પન્ન થાય તો જઘન્ય અને ઉત્કૃષ્ટ પલ્યોપમના આઠમા ભાગની સ્થિતિવાળા જ્યોતિષિકમાં ઉત્પન્ન થાય-ઇત્યાદિ.

જો તે જ જીવ ઉત્કૃષ્ટકાળની સ્થિતિવાળા જ્યોતિષિકમાં ઉત્પન્ન થાય તો તેને પણ એ જ વક્તવ્યતા કહેવી. પરન્તુ સ્થિતિ જઘન્ય એક લાખ વર્ષ અધિક પલ્યોપમ અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની હોય છે. અનુબંધ પણ એ જ પ્રમાણે જાણવો. કાળાદેશથી જઘન્ય બે લાખ વર્ષ અધિક બે પલ્યોપમ અને ઉત્કૃષ્ટ એક લાખ વર્ષ અધિક કાળની સ્થિતિવાળો હોય અને જ્યોતિષિકમાં ઉત્પન્ન થાય તો તે જઘન્ય અને ઉત્કૃષ્ટ પલ્યોપમના આઠમા ભાગની સ્થિતિવાળા જ્યોતિષિકમાં ઉત્પન્ન થાય.એક સમયે કેટલા ઉત્પન્ન થાય ? પૂર્વોક્ત વક્તવ્યતા કહેવી. વિશેષ એ કે શરીરનું પ્રમાણ જઘન્ય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધનુષપૃથકત્વ અને ઉત્કૃષ્ટ અઢારસો ધનુષ કરતાં કાંઈક અધિક હોય છે. સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ પલ્યોપમના આઠમા ભાગની અને અનુબંધ પણ એ જ પ્રમાણે હોય છે. બાકી બધું પૂર્વે કહ્યા પ્રમાણે જાણવું. કાળાદેશથી જઘન્ય અને ઉત્કૃષ્ટ પલ્યોપમના બે આઠમાભાગજઘન્યકાળનીસ્થિતિવાળામાટે આ એક જ ગમ હોય છે. જો તે પોતે ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળો હોય તો તેને સામાન્ય ગમકની જેમ વક્તવ્યતા કહેવી. પરન્તુ સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની જાણવી. અનુબંધ પણ એ જ પ્રમાણે છે. પણ વિશેષ એ કે, સ્થિતિ અને સંવેધ ભેદપૂર્વક જાણવો.જો તેઓ સંખ્યાતા વર્ષના આયુષવાળાસંજ્ઞીપણતિર્યંચોથીઆવીઉત્પન્નથાયતોઅસુરકુમારોમાંઉત્પન્નથતા સંખ્યાતા વર્ષના આયુષવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચની તિર્યંચની પેઠે નવે ગમકો કહેવા.

જો તેઓ મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય તો તેને બધી વિશેષતા પૂર્વે કહેલા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચની પેઠે કહેવી. યાવત્‌જેમ જ્યોતિષિકોમાં ઉત્પન્ન થતા અસંખ્યાતા વર્ષના આયુષવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચને સાત ગમકો કહ્યા છે તેમ જ મનુષ્યોને પણ સાત ગમકો કહેવા. અવગાહના જઘન્ય કાંઈક અધિક નવસો ધનુષ અને ઉત્કૃષ્ટ ત્રણ ગાઉની હોય છે. મધ્યમના ગમકમાં જઘન્ય અને ઉત્કૃષ્ટ કાંઈક અધિક નવસો ધનુષ અને છેલ્લા ત્રણ ગમકોમાં જઘન્ય અને ઉત્કૃષ્ટ ત્રણ ગાઉની છે.

## -: શતક-૨૪ ઉદ્દેશકઃ ૨૪ :-

[૮૬૦] હે ભગવન્ ! સૌધર્મદેવો ક્યાંથી આવી ઉત્પન્ન થાય ? શું નૈરયિકોથી આવી ઉત્પન્ન થાય-ઈત્યાદિ. ત્રેવીશમા જ્યોતિષિક ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે ભેદ કહેવો. હે ગૌતમ ! જઘન્ય પલ્યોપમની અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની સ્થિતિવાળા સૌધર્મદેવોમાં ઉત્પન્ન થાય. હે ભગવન્ ! તે જીવો એક સમયે કેટલા ઉત્પન્ન થાય-ઈત્યાદિ બાકીની હકીકત જ્યોતિષિકમાં ઉત્પન્ન થતા અસંખ્યાતા વર્ષના આયુષવાળા સંજ્ઞી તિર્યંચની પેઠે કહેવી. પરન્તુ વિશેષ એ કે તે સમ્યગ્દૃષ્ટિ પણ હોય અને મિથ્યાદૃષ્ટિ પણ હોય, જ્ઞાની પણ હોય અને અજ્ઞાની પણ હોય. તેઓને બે જ્ઞાન કે બે અજ્ઞાન અવશ્ય હોય છે. તેઓની સ્થિતિ જઘન્ય પલ્યોપમની અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની હોય છે. એ પ્રમાણે અનુબંધ પણ જાણવો. કાળાદેશથી જઘન્ય બે પલ્યોપમ અને ઉત્કૃષ્ટ છ પલ્યોપમ હવે જો તે જઘન્યકાળની સ્થિતિવાળા સૌધર્મદેવમાં ઉત્પન્ન થાય તો તેને એ જ વક્તવ્યતા કહેવી. વિશેષ એ કે કાળાદેશથી જઘન્ય બે પલ્યોપમ અને ઉત્કૃષ્ટ ચાર પલ્યોપમ.

જો તે જ જીવ ઉત્કૃષ્ટકાળની સ્થિતિવાળા સૌધર્મ દેવમાં ઉત્પન્ન થાય તો જઘન્ય અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની સ્થિતિવાળા સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થાય-ઈત્યાદિ પૂર્વોક્ત વક્તવ્યતા કહેવી. વિશેષ એ કે સ્થિતિ જઘન્ય અને ઉત્ત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની જાણવી. કાલાદેશથી જઘન્ય અને ઉત્કૃષ્ટ છ પલ્યોપમજો તે પોતે જઘન્ય સ્થિતિવાળો હોય તો તે જઘન્ય અને ઉત્કૃષ્ટ પલ્યોપમની સ્થિતિવાળા સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થાય. વિશેષ એ કે શરીરનું પ્રમાણ જઘન્ય ધનુષપૃથકત્વ અને ઉત્કૃષ્ટ બે ગાઉનું હોય છે. સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ પલ્યોપમની હોય છે. કાલાદેશથી જઘન્ય અને ઉત્કૃષ્ટ બે પલ્યોપમ જો તેઓ સંખ્યાતા વર્ષના આયુષવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોથી આવી ઉત્પન્ન થાય તો તેને અસુરકુમારોમાં ઉત્પન્ન થતા સંખ્યાતા વર્ષના આયુષવાળા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તિર્યંચની પેઠે નવે ગમકો કહેવા.જ્યારે તે પોતે જઘન્ય સ્થિતિવાળો હોય ત્યારે ત્રણે ગમકોમાં સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ હોય, બે જ્ઞાન અને બે અજ્ઞાન અવશ્ય હોય. બાકી બધું પૂર્વ કહ્યા પ્રમાણે જાણવું. હે ભગવન્ ! જો તે મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય તો-ઇત્યાદિ જ્યોતિષિકમાં ઉત્પન્ન થતા સંજ્ઞી મનુષયની પેઠે ભેદ કહેવો. યાવત્-સૌધર્મકલ્પમાં ઉત્પન્ન થતા અસંખ્યવર્ષના આયુષવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકની પેઠે સાતે ગમકો કહેવા. વિશેષ એ કે પ્રથમના બે ગમકમાં શરીરનું પ્રમાણ જઘન્ય એક ગાઉનું અને ઉત્કૃષ્ટ ત્રણ ગાઉનું, ત્રીજા ગમકમાં જઘન્ય અને ઉત્કૃષ્ટ ત્રણ ગાઉનું, ચોથા ગમકમાં જઘન્ય અને ઉત્કૃષ્ટ એક ગાઉનું, અને છેલ્લા ત્રણ ગમકોમાં જઘન્ય અને ઉત્કૃષ્ટ ત્રણ ગાઉનું હોય છે.

હે ભગવન્ ! જો તે સંખ્યાતા વર્ષના આયુષવાળા સંજ્ઞી મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય-ઇત્યાદિ અસુરકુમારોમાં ઉત્પન્ન થતા સંખ્યાતા વર્ષના આયુષવાળા સંજ્ઞી મનુષ્યોની પેઠે નવે ગમકો કહેવા. વિશેષ એ કે અહીં સૌધર્મદેવની સ્થિતિ અને સંવેધ ભિન્ન જાણવો. ઈશાનદેવોની વક્તવ્યતા સૌધર્મદેવની પેઠે કહેવી. પરન્તુ જે સ્થાનોમાં અસંખ્યાત વર્ષના આયુષવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનિકની પલ્યોપ- મની સ્થિતિ કહી છે, તે સ્થાનોમાં અહીં કાંઇક અધિક પલ્યોપમની કહેવી. ચોથા ગમકમાં શરીરનું પ્રમાણ જઘન્ય ધનુષપૃથકત્વ અને ઉત્કૃષ્ટ કાંઇક અધિક બે ગાઉનું હોય છે.અસંખ્યાતા વર્ષના આયુષવાળા સંજ્ઞી મનુષ્યની સ્થિતિ તેમજ જાણવી જે સ્થાનોમાં શરીરનું પ્રમાણ ગાઉનું કહ્યુ છે તે સ્થાનોમાં અહીં સાધિક ગાઉ કહેવું.સૌધર્મમાં ઉત્પન્ન થનાર સંખ્યાતા વર્ષના આયુષવાળા તિર્યંચયોનિકો અને મનુષ્યો સંબંધે નવે ગમકો કહ્યા છે તેમ ઈશાન દેવો સંબંધે અહીં કહેવા.સનત્કુમારદેવો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ? શર્કરાપ્રભાના નૈરયિકો પેઠે તેનો ઉપપાત કહેવો. યાવત્ ઇત્યાદિ પરિમાણથી માંડી ભવાદેશ સુધીની બધી વક્તવ્યતા સૌધર્મમાં ઉત્પન્ન થનાર સંખ્યાતા વર્ષના આયુષવાળા સંજ્ઞી તિર્યંચની પેઠે કહેવી. જ્યારે તે પોતે જઘન્ય સ્થિતિવાળો હોય ત્યારે ત્રણે ગમકોમાં પ્રથમની પાંચે લેશ્યાઓ જાણવી.

જો મનુષ્યોથી આવી ઉત્પન્ન થાય તો તેને શર્કરાપ્રમાણમાં ઉપજતા મનુષ્યોની પેઠે નવે ગમકો કહેવા. વિશેષ એ કે અહીં સનત્કુમારની સ્થિતિ અને સંવેધ જુદો જાણવો. હે ભગવન્ ! માહેન્દ્ર દેવો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ? જેમ સનત્કુમાર દેવની વક્તવ્યતા કહી છે તેમ માહેન્દ્રદેવોની પણ જાણવી. વિશેષ એ કે, માહેન્દ્ર દેવોની સ્થિતિ સનત્કુમાર દેવો કરતાં કાંઇક વધારે કહેવી. એ પ્રમાણે બ્રહ્મલોકના દેવોની પણ વક્તવ્યતા કહેવી.એ પ્રમાણે યાવત્-સહસ્રાર દેવલોક સુધી જાણવું. લાંતક વગેરે દેવલોકમાં ઉત્પન્ન થતા જઘન્યસ્થિતિવાળા તિર્યંચયોનિકને ત્રણે ગમકોમાં છ એ લેશ્યાઓ જાણવી. બ્રહ્મલોક અને લાંતકમાં પ્રથમના પાંચ સંઘયણ હોય છે, મહાશુક્ર અને સહસ્રારકમાં પ્રથમના ચાર સંઘયણવાળા ઉપજે છે.આનત દેવો ક્યાંથી આવી ઉત્પન્ન થાય ? સહસ્રાર દેવોની પેઠે ઉપપાત કહેવો. વિશેષ એ કે અહીં તિર્યંચયોનિકોનો નિષેધ કરવો.સહસ્રારદેવોમાં ઉત્પન્ન થનાર મનુષ્યોની વક્તવ્યતા અહીં કહેવી. વિશેષ એ કે પ્રથમના ત્રણ સંઘયણો અહિં કહેવા.ભવાદેશથી જઘન્ય ત્રણ ભવ અને ઉત્કૃષ્ટ સાત ભવ તથા કાળાદેશથી જઘન્ય બે વર્ષપૃથકત્વ અધિક અઢાર સાગરોપમ અને ઉત્કૃષ્ટ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચારપૂર્વકોટી અધિક સત્તાવન સાગરોપમએ પ્રમાણે બાકીના આઠ ગમકો કહેવા. એ પ્રમાણે યાવત્-અચ્યુતદેવ સુધી જાણવું. અનતાદિ ચારે સ્વર્ગોમાં પ્રથમના ત્રણ સંઘયણ વાળા ઉપજે છે. હે ભગવન્ ! ગ્રૈવેયક દેવો ક્યાંથી આવી ઉત્પન્ન થાય-ઇત્યાદિ પૂર્વોક્ત વક્તવ્યતા કહેવી. વિશેષ એ કે અહીં પ્રથમના બે સંઘયણવાળા ઉપજે છે.

હે ભગવન્ ! વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત દેવો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે-ઇત્યાદિ પૂર્વોક્ત બધી વક્તવ્યતા યાવત્-અનુબંધ સુધી કહેવી. વિશેષ એ કે અહીં પ્રથમ સંઘયણવાળા ઉપજે છે, ભવાદેશથી જઘન્ય ત્રણ ભવ અને ઉત્કૃષ્ટ પાંચ ભવ સુધી તથા કાળાદેશથી જઘન્ય બે વર્ષપૃથકત્વ અધિક એકત્રીશ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ત્રણ પૂર્વકોટી અધિક છાસઠ સાગરોપમ મનુષ્યને નવે ગમકોમાં ગ્રૈવેયકમાં ઉત્પન્ન થનાર મનુષ્યની પેઠે લબ્ધિ-ઉત્પત્તિ કહેવી. વિશેષ એ કે ત્યાં પ્રથમ સંઘયણવાળો ઉપજે છે. સર્વાર્થસિદ્ધના દેવોનો ઉપપાત વિજયાદિકની પેઠે કહેવો. અને તે યાવત્ તેઓ જઘન્ય અને ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમની સ્થિતિવાળા સર્વાર્થસિદ્ધ દેવોમાં ઉત્પન્ન થાય. એ સંબંધે બીજી બધી વક્તવ્યતા વિજયાદિકમાં ઉત્પન્ન થતા મનુષ્યની પેઠે કહેવી. વિશેષ એ કે ભવાદેશથી ત્રણ ભવ અને કાળાદેશથી જઘન્ય બે વર્ષપૃથકત્વ અધિક તેત્રીશ સાગરોપમ તથા ઉત્કૃષ્ટ બે પૂર્વકોટી અધિક તેત્રીશ સાગરોપમ જો તે પોતે જઘન્ય કાળની સ્થિતિવાળો હોય તો તેને પણ એ જ પૂર્વોક્ત વક્તવ્યતા કહેવી. વિશેષ એ કે શરીરનું પ્રમાણ બેથી નવ હાથ, અને સ્થિતિ બેથી નવ વર્ષ સુધીની જાણવી. જો તેપોતે ઉત્કૃષ્ટકાળની સ્થિતિવાળો હોય તો તેને એ જ પૂર્વોક્ત વક્તવ્યતા કહેવી. વિશેષ એ કે શરીરનું પ્રમાણ જઘન્ય અને ઉત્કૃષ્ટ પાંચસો ધનુષનું તથા સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ પૂર્વકોટીની હોય છે. કાળાદેશથી જઘન્ય અને ઉત્કૃષ્ટ બે પૂર્વકોટી અધિક તેત્રીશ સાગરોપમ સર્વાર્થસિદ્ધ દેવોને આ ત્રણ ગમકો જ હોય છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**શતક : ૨૪ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## શતક : ૨૫

### -: ઉદ્દેશક : ૧ :-

[૮૬૧] લેશ્યા, દ્રવ્ય, સંસ્થાન, યુગ્મ, પર્યાવાદિ, પુલાકાદિ, શ્રમણો, ઓઘ, ભવ્ય, અભવ્ય, સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ, આ બાર ઉદ્દેશકો કહેવાના છે.

[૮૬૨] કેટલી લેશ્યાઓ કહી છે ? હે ગૌતમ ! છ. પ્રથમ શતકના બીજા ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે લેશ્યાઓનો વિભાગ અને તેનું અલ્પબહુત્વ યાવત્-ચાર પ્રકારના દેવો અને ચાર પ્રકારની દેવીઓના મિશ્ર અલ્પબહુત્વ સુધી કહેવું.

[૮૬૩] હે ભગવન્ ! સંસારી જીવો કેટલા પ્રકારના કહ્યા છે ? હે ગૌતમ ! સંસારી જીવો ચૌદ પ્રકારના કહ્યા છે, અપર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિય, પર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિય, અપર્યાપ્ત બાદર એકેન્દ્રિય, પર્યાપ્ત બાદર એકેન્દ્રિય, અપર્યાપ્ત બેઇન્દ્રિય, પર્યાપ્ત બેઇન્દ્રિય, એ પ્રમાણે પર્યાપ્ત અને અપર્યાપ્ત તેઇન્દ્રિય, પર્યાપ્ત ને અપર્યાપ્ત ચઉરિન્દ્રિય, અપર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય, અપર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય અને પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય. હે ગૌતમ ! સૂક્ષ્મ અપર્યાપ્ત જીવનો જઘન્ય યોગ સૌથી થોડો છે.

તેથી બાદર અપર્યાપ્ત જીવનો તેથી બેઈન્દ્રિય અપર્યાપ્તનો તેથી તેઈન્દ્રિય અપર્યાપ્તનો તેથી ચઉરિન્દ્રિય અપર્યાપ્તનો તેથી અપર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિયનો તેથી અપર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિયનો તેથી પર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિયનો તેથી પર્યાપ્ત બાદર એકેન્દ્રિયનો તેથી અપર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિયનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાત ગુણ છે. તેથી અપર્યાપ્ત બાદર એકેન્દ્રિયનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાત ગુણ છે. તેથી પર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિયનો ઉત્કૃષ્ટ યોગ તેથી પર્યાપ્ત બાદર એકેન્દ્રિયનો ઉત્કૃષ્ટ યોગ તેથી પર્યાપ્ત બેઈન્દ્રિયનો જઘન્ય યાગએ પ્રમાણે પર્યાપ્ત તેઈન્દ્રિય, યવાત્-પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિયનો જઘન્ય યોગ (ઉત્તરોત્તર) અસંખ્યાગ ગુણ છે. તેથી અપર્યાપ્ત બેઈન્દ્રિયનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાત ગુણ છે. એ પ્રમાણે અપર્યાપ્ત તેઈન્દ્રિય, ચુઉરિન્દ્રિય, યાવત્-સંજ્ઞી પંચેન્દ્રિયનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાત ગુણ છે. તેથી પર્યાપ્ત બેઈન્દ્રિયનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાત ગુણ છે. એ પ્રમાણે અપર્યાપ્ત તેઈન્દ્રિયનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાત ગુણ છે. તેથી પર્યાપ્ત ચઉરિન્દ્રિયનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાત ગુણ છે. તેથી પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિયનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાત ગુણ છે.અને તેથી પર્યાપ્ત સંજ્ઞીપંચેન્દ્રિયનોઉત્કૃષ્ટ યોગ અસંખ્યાત ગુણ છે.

[૮૬૪] હે ભગવન્ ! પ્રથમ સમયે ઉત્પન્ન થયેલા બે નૈરયિકો સમાન યોગવાળા હોય કે વિષમ યોગવાળા હોય ? હે ગૌતમ ! બંને. હે ગૌતમ ! આહારક નારકથી અનાહારક નારક અને અનાહારકથી આહારક નારક કદાચ હીન યોગવાળો, કદાચ તુલ્ય યોગવાળો અને કદાચ અધિક યોગવાળો હોય. જો તે હીનયોગવાળો હોય તો તે અસંખ્યાતમા ભાગ હીન, સંખ્યાતમા ભાગ હીન, સંખ્યાતગુણ હીન કે અસંખ્યાત ગુણ હીન હોય. જો અધિક યોગવાળો હોય તો અસંખ્યાતમા ભાગ અધિક, સંખ્યાતમા ભાગ અધિક, સંખ્યાત ગુણ અધિક કે અસંખ્યાત ગુણ અધિક હોય છે. એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું.

[૮૬૫] હે ભગવન્ ! કેટલા પ્રકારનો યોગ કહ્યો છે ? હે ગૌતમ ! પંદર પ્રકારનો. યાવત્ અસત્યમૃષામનોયોગ, સત્યવચનયોગ, અસત્યમૃષાવચનયોગ, ઔદારિક શરીરકાયયોગ, યાવત્ કાર્મણશરીરકાયયોગ. હે ગૌતમ ! કાર્મણ શરીરનો જઘન્ય યોગ સૌથી અલ્પ છે , તેથી ઔદારિકમિશ્રનો જઘન્ય યોગ અસંખ્યાત ગુણ છે, તેથી વૈક્રિયમિશ્રનો જઘન્ય યોગ તેથી ઔદારિક શરીરનો જઘન્ય યોગ તેથી વૈક્રિય શરીરનો જઘન્ય યોગ તેથી કાર્મણ શરીરનો ઉત્કૃષ્ટ યોગ તેથી આહારકમિશ્રનો જઘન્ય યોગ તેથી આહારાકશરીરનો ઉત્કૃષ્ટ યોગ તેથી ઔદારિકમિશ્ર અને વૈક્રિયમિશ્રનો ઉત્કૃષ્ટ યોગ તેથી અસત્યમૃષા મનોયોગના જઘન્ય યોગ તેથી આહારક શરીરનો જઘન્ય યોગ તેથી ત્રણ પ્રકારના મનોયોગ અને ચાર પ્રકારના વચનયોગ-એ સાતનો જઘન્ય યોગ અંસખ્યાતગુણઅનેપરસ્પરતુલ્યહોયછે,તેથીઆહારક શરીરનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યા ગુણ હોય છે, તેથી ઔદારિક શરીર, વૈક્રિયશરીર, ચાર પ્રકારના મનોયોગ અને ચાર પ્રકારના વચનયોગ-દસનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યાતગુણ અને પરસ્પર તુલ્ય હોય છે.

## -: શતક-૨૫ ઉદ્દેશક : ૨ :-

[૮૬૬] હે ભગવન્ ! દ્રવ્યો કેટલાં પ્રકારનાં કહ્યાં છે ? બે પ્રકારનાં.જીવદ્રવ્ય અને અજીવદ્રવ્ય. હે ભગવન્ ! અજીવદ્રવ્યો કેટલાં પ્રકારનાં કહ્યાં છે ? બે પ્રકારનાં.રૂપી

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

અજીવદ્રવ્યો અને અરૂપી અજીવદ્રવ્યો, પ્રજ્ઞાપના સૂત્રના પાંચમા પદમાં અજીવપર્યવો સંબન્ધે કહ્યું છે તેમ અહિં અજીવ દ્રવ્યસંબંધે.

[૮૬૭] હે ભગવન્ ! શું જીવદ્રવ્યો સંખ્યાતા છે, અસંખ્યાતા છે કે અનંત છે ? હે ગૌતમ ! જીવોઅનંત છે. હે ગૌતમ ! નૈરયિક અસંખ્ય છે, યાવત્-વાયુકાયિક અસંખ્ય છે, વનસ્પતિકાયિકો અનંત છે, બેઈંદ્રિયો અને એ પ્રમાણે યાવત્-વૈમાનિકો અસંખ્યાતા છે, તથા સિદ્ધો અનંત છે. અજીવદ્રવ્યો જીવદ્રવ્યોના પરિભોગમાં તુરત આવે કે જીવદ્રવ્યો અજીવદ્રવ્યોના પરિભોગમાં તુરત આવે ? હે ગૌતમ ! અજીવદ્રવ્યો જીવદ્રવ્યોના પરિભોગમાં તુરત આવે હે ગૌતમ ! જીવદ્રવ્યો અજીવદ્રવ્યોને ગ્રહણ કરે છે અને ગ્રહણ કરી તેને પાંચ શરીરરૂપે,પાંચ ઈન્દ્રિયપણે, મનોયોગ, વચનયોગ અને કાયયોગ તથા શ્વાસોચ્છ્વાસપણે પરિણમાવે, તે કારણથી અજીવદ્રવ્યો જીવદ્રવ્યોના પરિભોગમાં યાવત્-તુરત આવે છે, અજીવદ્રવ્યો નૈરયિકોના પરિભાગોમાં તુરત આવે કે નૈરયિકો અજીવ દ્રવ્યોના પરિભોગમાં તુરત આવે ? હે ગૌતમ ! અજીવદ્રવ્યો નૈરયિકોના પરિભોગમાં શીઘ્ર આવે છે, નૈરયિકો અજીવદ્રવ્યોને ગ્રહણ કરે છે અને ગ્રહણ કરીને વૈક્રિય, તૈજસ, અને કાર્મણશરીરરૂપે, શ્રોત્રેંદ્રિય યાવત્-સ્પર્શેન્દ્રિયરૂપે તથા શ્વાસોચ્છ્વાસરૂપે પરિણમાવે છે.એ રીતે યાવત્-વૈમાનિકો સુધી જાણવું. પરન્તુ જેને જેટલાં શરીર, ઈન્દ્રિય અને યોગ હોય તેટલાં તેને કહેવાં.

[૮૬૮] હે ભગવન્ ! અસંખ્ય લોકાકાશમાં અનંત દ્રવ્યો રહી શકે ? હે ગૌતમ ! હા, લોકના એક આકાશપ્રદેશમાં કેટલી દિશાઓથી પુદ્ગલો એકઠાં થાય ? હે ગૌતમ ! વ્યાઘાત ન હોય તો છ એઅને જો પ્રતિબંધ હોય તો કદાચ ત્રણ કદાચ ચાર અને કદાચ પાંચ દિશામાંથી આવી પુદ્ગલો એકઠાં થાય છે. હે ભગવન્ ! લોકના એક આકાશ પ્રદેશમાં કેટલી દિશાઓ- માંથી આવી પુદ્ગલો છેદાય-છૂટાં થાય ? હે ગૌતમ ! પૂર્વ પ્રમાણે જાણવું. એ પ્રમાણે સ્કન્ધરૂપે પુદ્ગલો ઉપચિત થાય અને અપચિત થાય.

[૮૬૯] હે ભગવન્ ! જીવ પુદ્ગલ દ્રવ્યોને ઔદારિકશરીરપણે ગ્રહણ કરે તે સ્થિત દ્રવ્યોને ગ્રહણ કરે કે અસ્થિત દ્રવ્યોને ગ્રહણ કરે ? હે ગૌતમ ! બંનને. શું તે દ્રવ્યોને દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી ગ્રહણ કરે ? હે ગૌતમ ! હા કરે. દ્રવ્યથી અનંત પ્રદેશિક દ્રવ્યને ગ્રહણ કરે છે. ક્ષેત્રથી અસંખ્ય પ્રદેશાશ્રિત દ્રવ્યને ગ્રહણ કરે છે. એ પ્રમાણે પ્રજ્ઞાપનાસૂત્રના પ્રથમ આહારોદ્દેશકમાં કહ્યા પ્રમાણે યાવત્-'પ્રતિબંધ સિવાય છ એ દિશાઓમાંથી અને પ્રતિબંધ હોય તો કદાચ ત્રણ, કદાચ ચાર અને કદાચ પાંચ દિશામાંથી આવેલા પુદ્ગલોને ગ્રહણ કરે' જીવ જે પુદ્ગલ દ્રવ્યોને વૈક્રિય- શરીરપણે ગ્રહણ કરે તે સ્થિત દ્રવ્યો હોય છે કે અસ્થિત દ્રવ્યો હોય છે ? હે ગૌતમ ! પૂર્વ પ્રમાણે જાણવું. વિશેષ એ કે વૈક્રિયશરીરપણે જે દ્રવ્યોને ગ્રહણ કરે છે તે અવશ્ય છએ દિશા માંથી આવેલા હોય છે.એ પ્રમાણે આહારકશરીર સંબંધે પણ જાણવું. જીવ જે દ્રવ્યોને તૈજસશરીરપણે ગ્રહણ કરે છે, તે દ્રવ્યો સ્થિત હોય તો ગ્રહણ કરે છે, બાકી બધું ઔદા રિક શરીરની પેઠે જાણવું. તથા કાર્મણ શરીર સંબંધે પણ એમજ સમજવું, એ પ્રમાણે યાવત્-'ભાવથી પણ ગ્રહણ કરે છે' ત્યાં સુધી કહેવું.

હે ભગવન્ ! દ્રવ્યથી જે દ્રવ્યોને ગ્રહણ કરે છે, તે દ્રવ્યો શુંએક પ્રદેશવાળાં ગ્રહણ કરે, ઈત્યાદિ પ્રશ્ન. એ પ્રમાણે ભાષાપદમાં કહ્યા પ્રમાણે યાવત્-ક્રમપૂર્વક ગ્રહણ કરે છે, તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કેટલી દિશામાંથી આવેલા પુદ્ગલોને ગ્રહણ કરે છે ? હે ગૌતમ ! પ્રતિબંધ સિવાય-ઔદારિક શરીરની પેઠે જાણવું. હે ભગવન્ ! જે જીવ જે દ્રવ્યોને શ્રોત્રેંદ્રિયપણે ગ્રહણ કરે છે-ઇત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! વૈક્રિય શરીરની પેઠે યાવત્-જિહ્વેંદ્રિય સુધી જાણવું, અને સ્પર્શેન્દ્રિય સંબંધે ઔદારિક શરીરની પેઠે સમજવું. મનોયોગ સંબંધે કાર્મણ શરીરની પેઠે જાણવું. પણ વિશેષ એકે અવશ્ય છએ દિશામાંથી આવેલાં પુદ્ગલો ગ્રહણ કરે છે. એ પ્રમાણે વચનયોગ સંબંધે પણ જાણવું. કાયયોગ સંબંધે ઔદારિક શરીરની પેઠે સમજવું. હે ભગવન્ ! જીવ જે દ્રવ્યોને શ્વાસોચ્છ્વાસપણે ગ્રહણ કરે છે-ઇત્યાદિ પ્રશ્ન. ઔદારિક શરીરની પેઠે જાણવું, કોઈ આચાર્યો 'જેને જે હોય તેને તે કહેવું'- એ પદોને ચોવીસ દંડકે કહે છે.

## -: શતક-૨૫ ઉદ્દેસોઃ ૩ :-

[૮૭૦] હે ભગવન્ ! સંસ્થાનો કેટલાં કહ્યાં છે ? હે ગૌતમ ! છ.પરિમંડલ, વૃત્ત, ત્ર્યસ્ર, ચતુસ્ર, આયત અને અનિત્થંસ્થપરિમંડલાદિથી ભિન્ન આકારવાળું.! પરિમંડલ સંસ્થાનદ્રવ્યાર્થરૂપે અનંત છે. હે ભગવન્ ! વૃત્ત સંસ્થાન દ્રવ્યાર્થરૂપે શું સંખ્યાતા છે-ઇત્યાદિ પ્રશ્ન. પૂર્વ પ્રમાણે જાણવું. એમ યાવત્-અનિત્થસ્થસંસ્થાન સુધી જાણવું. એ પ્રમાણે પ્રદેશાર્થપણે અને દ્રવ્યાર્થ-પ્રદેશાર્થપણે પણ સમજવું. હે ગૌતમ ! દ્રવ્યાર્થરૂપે પરિમંડલ સંસ્થાનો સૌથી થોડાં છે, તેથી વૃત્ત સંસ્થાનો દ્રવ્યાર્થરૂપે સંખ્યાતગુણાં છે. તેથી ચતુરસ્ર સંસ્થાનો દ્રવ્યાર્થરૂપે સંખ્યાતગુણાં છે, તેથી ત્ર્યસ્રસંસ્થાનો દ્રવ્યાર્થરૂપે સંખ્યાતગુણાં છે, તેથી આયત સંસ્થાનો દ્રવ્યાર્થરૂપે સંખ્યાતગુણાં છે, અને તેથી અનિત્થસ્થ સંસ્થાનો દ્રવ્યાર્થરૂપે અસંખ્યાતગુણાં છે. પ્રદેશાર્થરૂપે પરિમંડલ સંસ્થાનો સૌથી થોડાં છે, તેથી વૃત્ત સંસ્થાનો પ્રદેશાર્થરૂપે સંખ્યાતગુણાં છે-ઇત્યાદિ જેમ દ્રવ્યાર્થરૂપે કહ્યુ છે તેમ પ્રદેશાર્થરૂપે કહેવું. દ્રવ્યાર્થ-પ્રદેશાર્થરૂપે-પરિમંડલ સંસ્થાનો સૌથી થોડાં છે-ઇત્યાદિ દ્રવ્યાર્થ સંબન્ધી પૂર્વોક્ત ગમક-પાઠ કહેવો, દ્રવ્યાર્થરૂપે અનિત્થંસ્થ સંસ્થાનો કરતાં પરિમંડલ સંસ્થાનો પ્રદેશાર્થરૂપે અંસખ્યાતગુણ છે, તેથી વૃત્તસંસ્થાનો પ્રદેશાર્થરૂપે સંખ્યાતગુણાં છે-ઇત્યાદિ પૂર્વોક્ત પ્રદેશાર્થપણાનો પાઠકહેવો.

[૮૭૧] હે ભગવન્ ! કેટલા સંસ્થાનો કહ્યાં છે ? હે ગૌતમ ! પાંચ સંસ્થાનકહ્યાં છે, તે આ પ્રમાણે- પરિમંડલ, યાવત્-આયત.પરિમંડલ સંસ્થાનો અનંત છે. હે ભગવન્ ! વૃત્ત સંસ્થાન શું સંખ્યાતાં છે-ઇત્યાદિ પ્રશ્ન. પૂર્વ પ્રમાણે સમજવું. એ પ્રમાણે યાવત્-આયત સંસ્થાન સુધી જાણવું. હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથિવીમાં પરિમંડલ સંસ્થાનો અનંત છે. હે ભગવન્ ! વૃત્ત સંસ્થાનો શું સંખ્યાતા છે, અસંખ્યાતા છે-ઇત્યાદિ પ્રશ્ન. પૂર્વ પ્રમાણે. યાવત્-આયત સંસ્થાન સુધી સમજવું. હે ભગવન્ ! શર્કરાપ્રભા પૃથિવીમાં પરિમંડલ સંસ્થાનો શું સંખ્યાતા છે-ઇત્યાદિ પ્રશ્ન. પૂર્વે કહ્યા પ્રમાણે જાણવું. એ પ્રમાણે યાવત્ -આયત સંસ્થાન સુધી સમજવું. યાવત્-અધઃસપ્તમ પૃથિવી સુધી એ પ્રમાણે જાણવું.

હે ભગવન્ ! સૌધર્મ કલ્પમાં પરિમંડલ સંસ્થાનો શું સંખ્યાતા છે-ઇત્યાદિ પ્રશ્ન. પૂર્વે કહ્યા પ્રમાણે જાણવું. એમ યાવત્-અચ્યુતકલ્પ સુધી જાણવું. હે ભગવન્ ! ગ્રૈવેયક વિમાનોમાં શું પરિમંડલ સંસ્થાનો સંખ્યાતા છે-ઇત્યાદિ પ્રશ્ન. પૂર્વે કહ્યા પ્રમાણે જાણવું. એમ યાવત્-અનુત્તર વિમાનો તથા ઈષત્પ્રાગ્ભારાને વિષે પણ સમજવું. જ્યાં એક

યવાકાર પરિમંડલસંસ્થાનસમુદાય છે ત્યાં યવાકાર પરિમંડલસમુદાય સિવાય બીજાં પરિમંડલ સંસ્થાનો અનંતછે.હે ભગવન્!ત્યાં વૃત્ત સંસ્થાનો શું સંખ્યાતા છે, અસંખ્યાતા છે કે અનંત છે ? પૂર્વ પ્રમાણે જાણવું. એમ યાવત્-આયત સંસ્થાન સુધી સમજવું. હે ભગવન્ ! જ્યાંએક વૃત્ત સંસ્થાન છે ત્યાં પરિમંડલ સંસ્થાનો કેટલાં છે ? પૂર્વે કહ્યા પ્રમાણે જાણવું, ત્યાં વૃત્ત સંસ્થાનો પણ એજ પ્રમાણે અનન્ત સમજવાં. એ પ્રમાણે યાવત્-આયત સંસ્થાન સુધી જાણવું.આ રત્નપ્રભા પૃથિવીમાં જ્યાં યવાકારનિષ્પાદક એક પરિમંડલ સંસ્થાન સમુદાય છે ત્યાં બીજા પરિમંડલ સંસ્થાનો શું સંખ્યાતા છે-ઈત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! સંખ્યાતા નથી, પણ અનંત છે. હે ભગવન્ ! વૃત્ત સંસ્થાનો શું સંખ્યાતા છે-ઈત્યાદિ પ્રશ્ન. એ પ્રમાણે (અનંત) છે. એમ યાવત્-આયત સુધી જાણવું. હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથિવીમાં જ્યાં એક વૃત્તસંસ્થાનસમુદાય હોય છે ત્યાં પરિમંડલ સંસ્થાનોઅનંત છે. વૃત્ત સંસ્થાનો પણ એજ પ્રમાણે જાણવા. એમ આયત સંસ્થાન સુધી સમજવું. યાવત્-અધઃસપ્તમ પૃથિવી, કલ્પો અને ઈષત્પ્રાગ્ભારા પૃથિવીને વિષે પણ સમજવું.

[૮૭૨] હે ભગવન્ ! વૃત્ત સંસ્થાન કેટલા પ્રદેશવાળું છે અને કેટલા આકાશ પ્રદેશમાં અવગાઢ-રહેલું છે ? હે ગૌતમ ! વૃત્ત સંસ્થાન બે પ્રકારનું કહ્યુ છે, ઘનવૃત્ત અને પ્રતરવૃત્ત. તેમાં જે પ્રતરવૃત્ત છે, તે બે પ્રકારનુંઓજપ્રદેશવાળું અને પાંચ આકાશ પ્રદેશમાં અવગાઢ છે, તથા ઉત્કૃષ્ટ અનંત પ્રદેશવાળું અને અસંખ્યાત આકાશપ્રદેશમાં અવગાઢ છે. તેમાં જે યુગ્મપ્રદેશવાળું પ્રતરવૃત્ત છે તે જઘન્ય બાર પ્રદેશવાળું અને બાર આકાશ પ્રદેશમાં અવગાઢ છે, તથા ઉત્કૃષ્ટ અનંત પ્રદેશવાળું અને અસંખ્યાત આકાશ પ્રદેશમાં અવગાઢ છે. તેમાં જે ઘનવૃત્ત છે તે બે પ્રકારનું કહ્યું છે. તે આ પ્રમાણે-ઓજ પ્રદેશિક અને યુગ્મપ્રદેશિક તેમાં જે ઓજપ્રદેશિક ઘનવૃત્ત છે તે જઘન્ય સાત પ્રદેશવાળું અનેસાત આકાશ પ્રદેશમાં અવગાઢ છે, અને ઉત્કૃષ્ટ અનંત પ્રદેશવાળું અને અસંખ્યાત આકાશ પ્રદેશમાં અવગાઢ છે. તેમાં જે યુગ્મપ્રદેશિક ઘનવૃત્ત છે તે જઘન્ય બત્રીશ પ્રદેશ વાળું અને બત્રીશ આકાશ પ્રદેશમાં અવગાઢ છે, અને ઉત્કૃષ્ટથી અનંત પ્રદેશવાળું અને અસંખ્ય આકાશ પ્રદેશમાં અવગાઢ છે. હે ગૌતમ ! ત્ર્યસ્ર સંસ્થાન બે પ્રકારનું કહ્યુ છે. ઘન ત્ર્યસ્ર અને પ્રતરત્ર્યસ્ર . તેમાં જે પ્રતર ત્ર્યસ્ર છે તે બે પ્રકારનું ઓજપ્રદેશિક અને યુગ્મપ્રદેશિક. તેમાં જે ઓજપ્રદેશિક પ્રતર ત્ર્યસ્ર છે તે જઘન્ય ત્રણ પ્રદેશવાળું અને ત્રણ આકાશ પ્રદશમાં અવગાઢ છે, તથા ઉત્કૃષ્ટથી અનંતપ્રદેશવાળું અને અસંખ્ય આકાશ પ્રદેશમાં અવગાઢ છે. તેમાં જે યુગ્મ પ્રદેશિક પ્રતર ત્ર્યસ્ર છે તે જઘન્ય છ પ્રદેશવાળું અને છ આકાશ પ્રદેશમા અવગાઢ છે, અને ઉત્કૃષ્ટથી અનંત પ્રદેશવાળું અને અસંખ્ય આકાશ પ્રદેશમાં અવગાઢ છે. તેમાં જે ઘન ત્ર્યસ્ર છે તે બે પ્રકારનું કહ્યું છે, તે આ પ્રમણે-ઓજ પ્રદેશિક અને યુગ્મપ્રદેશિક, તેમાં જે ઓજપ્રદેશિક ઘન ત્ર્યસ્ર છે તે જઘન્ય પાંત્રીશ પ્રદેશવાળું અને પાંત્રીશ આકાશ પ્રદેશમાં અવગાઢ છે. ઉત્કૃષ્ટ અનંત પ્રદેશવાળું અને અંસખ્ય પ્રદેશમાં અવગાઢ છે. તેમાં જે યુગ્મપ્રદેશિક ઘન ત્ર્યસ્ર છે તે જઘન્ય ચાર પ્રદેશવાળું અને ચાર આકાશ પ્રદેશમાં અવગાઢ છે, તથા ઉત્કૃષ્ટથી અનંત પ્રદેશવાળું અને અસંખ્ય પ્રદેશમાં અવગાઢ છે.

હે ભગવન્ ! ચતુરસ્ર સંસ્થાન કેટલા પ્રદેશવાળું છે અને કેટલા આકાશ પ્રદેશમાં અવગાઢ હોય છે ? હે ગૌતમ ! ચતુરસ્રસંસ્થાન બે પ્રકારનું છે, તેના વૃત્ત સંસ્થાનની પેઠે

ઘન ચતુરસ્ર અને પ્રતર ચતુરસ્ર ભેદ કહેવા. યાવત્-તેમાં જે ઓજ પ્રદેશિક પ્રતર ચતુરસ્ર છે તે જઘન્ય નવ પ્રદેશવાળું અને નવ આકાશ પ્રદેશમાં અવગાઢ છે, અને ઉત્કૃષ્ટ અનંત પ્રદેશવાળું અને અસંખ્ય આકાશપ્રદેશમાં અવગાઢ છે. અને જે યુગ્મ પ્રદેશિક પ્રતર ચતુરસ્ર છે તે જઘન્ય ચાર પ્રદેશવાળું અને ચાર આકાશ પ્રદેશમાં અવગાઢ છે, અને ઉત્કૃષ્ટ અનંત પ્રદેશવાળું અને અંસખ્ય આકાશપ્રદેશમાં અવગાઢ છે. તેમાં જે ઘન ચતુરસ્ર છે તે બે પ્રકારનું તેમાં જે ઓજપ્રદેશિક ઘન ચતુરસ્રછે તે જઘન્ય સત્તાવીશ પ્રદેશવાળું અને સત્તાવીશ આકાશ પ્રદેશમાં અવગાઢ છે, તથા ઉત્કૃષ્ટ અનંતપ્રદેશ વાળું અને અસંખ્ય આકાશ પ્રદેશમાં અવગાઢ છે. અને જે યુગ્મ પ્રદેશિક ઘન ચતુરસ્ર છે તે જઘન્ય આઠ પ્રદેશવાળું અને આઠ આકાશ પ્રદેશમાં અવગાઢ છે, અને ઉત્કૃષ્ટ અનંત પ્રદેશવાળું અને અસંખ્ય આકાશ પ્રદેશમાં અવગાઢ છે. હે ગૌતમ ! આયત સંસ્થાન ત્રણ પ્રકારનું છે, તેમાં જે શ્રેણિ આયત છે તે બે પ્રકારનું છે, તે આ પ્રમાણે-ઓજપ્રદેશિક અને યુગ્મપ્રદેશિક. તેમાં જે ઓજપ્રદેશિક શ્રેણિ આયત છે તે જઘન્ય ત્રણ પ્રદેશવાળું અને ત્રણ આકાશપ્રદેશમાં અવગાઢ છે, અને ઉત્કૃષ્ટ અનંત પ્રદેશવાળું અને અસંખ્ય આકાશપ્રદેશમાં અવગાઢ છે. જે યુગ્મપ્રદેશિક શ્રેણિ આયત છે તે જઘન્ય બે પ્રદેશવાળું અને બે આકાશપ્રદેશમાં અવગાઢ છે, તથા ઉત્કૃષ્ટ અનંત પ્રદેશવાળું અને અંસખ્ય આકાશપ્રદેશમાં અવગાઢ છે. તેમાં જે પ્રતરાયત છે તે બે પ્રકારનું જે ઓજ પ્રદેશિક પ્રતરાય છે તે જઘન્ય પંદર પ્રદેશવાળું અને પંદર આકાશપ્રદેશમાં અવગાઢ છે, અને ઉત્કૃષ્ટ અનંત પ્રદેશવાળું અને અસંખ્ય આકાશ પ્રદેશમાં અવગાઢ છે. તેમાં જે યુગ્મપ્રદેશિક પ્રતરાયત તે જઘન્ય છ પ્રદેશવાળું અને છ આકાશ પ્રદેશમાં અવગાઢ છે, અને ઉત્કૃષ્ટ અનંત પ્રદેશવાળું અને અસંખ્યાત આકાશ પ્રદેશમાં અવગાઢ છે. તેમાં જે ઘનાયત છે તે બે પ્રકારનું કહ્યુ છે, તે આ પ્રમાણે-ઓજપ્રદેશિક અને યુગ્મપ્રદેશિક. તેમાં જે ઓજપ્રદેશિક ઘનાયત છે તે જઘન્ય પિસ્તાળીશ પ્રદેશવાળું અને પિસ્તાળીશ આકાશ પ્રદેશમાં અવગાઢ છે, અને ઉત્કૃષ્ટ અનંત પ્રદેશવાળું અને અસંખ્યાત આકાશ પ્રદેશમાં અવગાઢ છે. તેમાં જે યુગ્મપ્રદેશિક ઘનાયત છે તે જઘન્ય બાર પ્રદેશવાળું અને બાર આકાશ પ્રદેશમાં અવગાઢ છે, તથા ઉત્કૃષ્ટ અનંત પ્રદેશવાળું અને અસંખ્ય આકાશ પ્રદેશમાં અવગાઢ છે.

[૮૭૩] હે ભગવન્ ! પરિમંડલ સંસ્થાન કેટલા પ્રદેશવાળું, અને કેટલા આકાશ પ્રદેશમાં અવગાઢ હોય ? હે ગૌતમ ! પરિમંડલ સંસ્થાન બે પ્રકારનું ઘન પરિમંડલ અને પ્રતર પરિમંડલ, તેમાં જે પ્રતર પરિમંડલ છે તે જઘન્ય વીશ પ્રદેશવાળું અને વીશ આકાશ પ્રદેશમાં અવગાઢ છે, અને ઉત્કૃષ્ટ અનંત પ્રદેશવાળું અને અસંખ્યાત આકાશ પ્રદેશમાં અવગાઢ છે. તેમાં જે ઘન પરિમંડલ છે તે જઘન્ય ચાળીશ પ્રદેશવાળું અને ચાળીસ આકાશ પ્રદેશમાં અવગાઢ છે, તથા ઉત્કૃષ્ટ અનંત પ્રદેશવાળું અને અસંખ્ય પ્રદેશમાં અવગાઢ છે. પરિમંડલ સંસ્થાન તે કૃતયુગ્મ નથી, ત્ર્યોજ નથી, દ્વાપરયુગ્મ નથી, પણ કલ્યોજરૂપ છે. એ ભગવન્ ! વૃત્તસંસ્થાન દ્રવ્યાર્થપણે શું કૃતયુગ્મ છે-ઇત્યાદિ પ્રશ્ન. ઉત્તર પૂર્વ પ્રમાણે જાણવો. એ પ્રમાણે યાવત્-આયત સંસ્થાન સુધી સમજવું. પરિમંડલ સંસ્થાનો સામાન્યતઃ સર્વસમુદિતરૂપે કદાચ કૃતયુગ્મ, કદાચ ત્ર્યોજ, કદાચ દ્વાપરયુગ્મ, અને કદાચ કલ્યો- જરૂપ હોય છે. તથા પ્રત્યેકની અપેક્ષાએ કૃતયુગ્મ રૂપ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નથી, ત્ર્યોજ નથી, દ્વાપરયુગ્મ નથી, પણ કલ્યોજરૂપ છે. એ પ્રમાણે યાવત્-આયત સંસ્થાન સુધી જાણવું.

પરિમંડલ સંસ્થાન પ્રદેશાર્થપણે કદાચ કૃતયુગ્મ હોય, કદાચ ત્ર્યોજ, કદાચ દ્વાપર યુગ્મ ને કદાચ કલ્યોજરૂપ હોય છે. એ પ્રમાણે યાવત્-આયત સંસ્થાન સુધી જાણવું. પરિમંડલ સંસ્થાનો પ્રદેશાર્થપણે સામાન્યરૂપે કદાચ કૃતયુગ્મ હોય, યાવત્-કદાચ કલ્યો જરૂપ પણ હોય.એક એકની અપેક્ષાએ કૃતયુગ્મ યાવત્ કલ્યોજરૂપ પણ હોય. એ પ્રમાણે યાવત્-આયત સંસ્થાનો સુધી જાણવું. પરિમંડલ સંસ્થાન કૃતયુગ્મપ્રદેશાવગાઢ છે, પણ ત્ર્યોજ યાવત્ તેમ કલ્યોજપ્રદેશાવગાઢ પણ નથી. વૃત્ત સંસ્થાન તે કદાચ કૃતયુગ્મ પ્રદેશાવગાઢ હોય, યાવત્ કલ્યોજપ્રદેશાવગાઢ હોય, પણ દ્વાપરયુગ્મપ્રદેશાવગાઢ ન હોય.ત્ર્યસ્ર તે કદાચ કૃતયુગ્મપ્રદેશાવગાઢ દ્વાપરયુગ્મ પ્રદેશાવગાઢ હોય, પણ કલ્યોજ પ્રદેશાવગાઢ ન હોય.

ચતુરસ્ર સંસ્થાન વૃત્તસંસ્થાનની પેઠે જાણવું. આયતસંસ્થાન તે કદાચ કૃતયુગ્મ પ્રદેશાવગાઢ હોય અને યાવત્-કદાચ કલ્યોજપ્રદેશાવગાઢ પણ હોય. હે ભગવન્ ! પરિમંડલ સંસ્થાનો શું કૃતયુગ્મપ્રદેશાવગાઢ હોય, ત્ર્યોજપ્રદેશા- વગાઢ હોય-ઈત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! તે સામાન્યતઃ બધાં મળીને તથા વિધાનદેશ-એક એકની અપેક્ષાએ કૃતયુગ્મપ્રદેશાવગાઢ છે, હે ભગવન્ ! વૃત્ત સંસ્થાનો શું કૃતયુગ્મપ્રદેશાવગાઢ છે- ઈત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! તે સામાન્યતઃ બધાં મળીને કૃત- યુગ્મપ્રદેશાવગાઢ છે, વિધાન દેશ વડે કૃતયુગ્મપ્રદેશાવગાઢ પણ છે, ત્ર્યોજપ્રદેશાવગાઢ પણ છે, દ્વાપરયુગ્મ પ્રદેશાવગાઢ નથી, પણ કલ્યોજપ્રદેશાવગાઢ છે.

હે ભગવન્ ! ત્ર્યસ્રસંસ્થાનો શું કૃતયુગ્મપ્રદેશાવગાઢ છે-ઈત્યાદિ પ્રશ્ન.હે ગૌતમ ! સામાન્ય વિવક્ષાએ કૃતયુગ્મપ્રદેશાવગાઢ છે, પણ ત્ર્યોજ, દ્વાપર કે કલ્યોજ પ્રદેશાવગાઢ નથી. વિશેષની અપેક્ષાએ કૃતયુગ્મપ્રદેશાવાગઢ પણ છે, ત્ર્યોજપ્રદેશાવગાઢ પણ છે, પણ દ્વાપરયુગ્મપ્રદેશાવગાઢ નથી, કલ્યોજ પ્રદેશાવગાઢ છે. ચતુરસ્ર-સંસ્થાનો વૃત્ત સંસ્થાનની પેઠે જાણવાં. આયત સંસ્થાનો તે ઓધાદેશવડે કૃતયુગ્મપ્રદેશાવગાઢ છે, વિધાનાદેશવડે કૃતયુગ્મપ્રદેશાવગાઢ પણ છે અને યાવત્-કલ્યોજપ્રદેશાવગાઢ પણ છે. પરિમંડલ સંસ્થાન કદાચ કૃતયુગ્મસમયની યાવત્-કદાચ કલ્યોજસમયની સ્થિતિવાળું પણ છે. એ પ્રમાણે યાવત્-આયત સંસ્થાન સુધી જાણવું.પરિમંડલ સંસ્થાનો ઓધાદેશ વડે કદાચ કૃતયુગ્મસમયની સ્થિતિવાળાં છે, યાવત્-કદાચ કલ્યોજસમયની સ્થિતિ વાળાં પણ છે. વિધાનાદેશવડે કૃતયુગ્મ સમયની સ્થિતિવાળાં પણ છે, યાવત્-કલ્યોજ સમયની સ્થિતિવાળાં પણ છે. એ પ્રમાણે યાવત્-આયત સંસ્થાને સુધી સમજવું. પરિ મંડલ સંસ્થાનના કાળાવર્ણના પર્યાયો કદાચ કૃતયુગ્મરૂપ હોય-ઈત્યાદિ પૂર્વોક્ત પાઠવડે જેમ સ્થિતિ સંબન્ધે કહ્યું છે તેમ કહેવું. એમ લીલા વગેરે પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ, અને આઠ સ્પર્શ સંબન્ધે યાવત્-રુક્ષ સ્પર્શપર્યવો સુધી કહેવું.

[૮૭૪] હે ભગવન્ ! (આકાશપ્રદેશની) શ્રેણિઓ દ્રવ્યરૂપે શું સંખ્યાતી છે, અસંખ્યાતી છે, કે અનંત છે ? હે ગૌતમ ! તે અનંત છે. પૂર્વ અને પશ્ચિમ લાંબી શ્રેણિઓ દ્રવ્યરૂપે અનંત જાણવીઃ એજ પ્રમાણે દક્ષિણ અને ઉત્તર લાંબી તથા ઊધ્વ અને અધો લાંબી શ્રેણિઓ સંબંધે પણ જાણવું. લોકાકાશની શ્રેણિઓ દ્રવ્યરૂપે અસંખ્યાતી છે. પૂર્વ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને પશ્ચિમ લાંબી લોકાકાશની શ્રેણિઓ અસંખ્યાતી જાણવી. દક્ષિણ અને ઉત્તર લાંબી તથા ઊર્ધ્વ અને અધો લાંબી લોકાકાશની શ્રેણિઓ સંબંધે પણ એ પ્રમાણે જાણવું. અલોકાકાશની શ્રેણિઓએ દ્રવ્યરૂપે અનંત છે. એ પ્રમાણે પૂર્વ અને પશ્ચિમ લાંબી, દક્ષિણ અને ઉત્તરમાં લાંબી તથા ઉંચે અને નીચે લાંબી અલોકાકાશની શ્રેણિઓ સંબન્ધે પણ જાણવું.

હે ભગવન્ ! આકાશની શ્રેણિઓ પ્રદેશરૂપે શું સંખ્યાતી છે-ઇત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! જેમ દ્રવ્યરૂપે કહ્યું છે તેમ પ્રદેશરૂપે પણ કહેવું. એ પ્રમાણે યાવત્-ઊર્ધ્વ અને અધો લાંબી બધી શ્રેણિઓ અનંતજાણવીલોકાકાશની શ્રેણિઓ પ્રદેશરૂપે કોઈ સંખ્યાત પ્રદેશરૂપ છે, કોઈ અસંખ્યાત પ્રદેશરૂપ છે, એ પ્રમાણે પૂર્વ અને પશ્ચિમ, દક્ષિણ અને ઉત્તર લાંબી શ્રેણિઓ જાણવી. તથા ઊર્ધ્વ અને અધો લાંબી લોકાકાશની શ્રેણિઓ અસંખ્યાત પ્રદેશાત્મક છે. અલોકાકાશની શ્રેણિઓ કોઈક સંખ્યાત પ્રદેશરૂપ હોય, કોઈ અસંખ્યાત પ્રદેશરૂપ હોય અને કોઈ અનંતપ્રદેશાત્મક પણ હોય. પૂર્વ અને પશ્ચિમ લાંબી અલોકાકશની શ્રેણિઓ અનંત પ્રદેશની હોય છે. એ પ્રમાણે દક્ષિણ અને ઉત્તર લાંબી શ્રેણિઓ સંબંધે પણ જાણવું. ઉંચે અને નીચે લાંબી અલોકાકાશની શ્રેણિઓ કદાચ તે સંખ્યાત પ્રદેશની હોય,કદાચઅસંખ્યાતપ્રદેશની હોય,અનેકદાચ અનંત પ્રદેશની હોય.

[૮૭૫] હે ભગવન્ ! શ્રેણિઓ શું સાદિ- સપર્યવસિત-છે, સાદિ અને અન્તરહિત છે, અનાદિ અને સાન્ત છે કે અનાદિ અને અનન્ત છે ? હે ગૌતમ ! અનાદિ અને અનન્ત છે. એ પ્રમાણે યાવત્-ઊર્ધ્વ અને અધો લાંબી શ્રેણિઓ સંબંધે સમજવું. લોકાકાશની શ્રેણિઓ તે સાદિ અને સાન્ત છે, એ પ્રમાણે યાવત્-ઊર્ધ્વ અને અધો લાંબી શ્રેણિઓ સંબંધે પણ જાણવું. અલોકાકાશની શ્રેણિઓ કોઈક સાદિ અને સાન્ત હોય, કોઈક સાદિ અને અનન્ત હોય, કોઈક અનાદિ અને સાન્ત હોય, તથા કોઈક અનાદિ અને અનન્ત હોય. એ પ્રમાણે પુર્વ પશ્ચિમ લાંબી અને દક્ષિણ-ઉત્તર લાંબી શ્રેણિઓ સંબંધે જાણવું. પરન્તુ તે સાદિ અને સાંત નથી, પણ કોઈક સાદિ અને અનંત છે- તથા સા- માન્ય શ્રેણિઓની પેઠે ઊર્ધ્વ-અધો લાંબી શ્રેણિઓ સંબંધે પણ પૂર્વ પ્રમાણે ચાર ભાંગા કરવા.આકાશની શ્રેણિઓ દ્રવ્યાર્થપણે- કૃતયુગ્મરૂપ છે. પણ ત્ર્યોજ, દ્વાપરયુગ્મ કે કલ્યોજરૂપ નથી. એ પ્રમાણે યાવત્-ઊર્ધ્વ અને અધો લાંબી શ્રેણિઓ સંબન્ધે પણ જાણવું. તથા લોકાકાશની અને અલોકાકાશની શ્રેણિઓ પણ એ પ્રમાણે કૃતયુગ્મરૂપ જાણવી.

શ્રેણિઓ પ્રદેશાર્થપણે- પૂર્વે કહ્યા પ્રમાણે જાણવી. એ પ્રમાણે યાવત્-ઊર્ધ્વ અને અધો લાંબી શ્રેણિઓ જાણવી. લોકાકાશની શ્રેણિઓ પ્રદેશરૂપે તે કદાચ કૃતયુગ્મ છે, ત્ર્યોજ નથી,કદાચ દ્વારયુગ્મ છે,પણ કલ્યોજરૂપ નથી. એ પ્રમાણે પૂર્વ-પશ્ચિમ અને દક્ષિણ -ઉત્તર લાંબી શ્રેણિઓ સંબંધે જાણવું. ઊર્ધ્વ અને અધો લાંબી લોકાકાશની શ્રેણિઓ તે કૃતયુગ્મ રૂપ છે, અલોકાકાશની શ્રેણિઓ પ્રદેશરૂપે કોઈ કૃતયુગ્મ રૂપ હોય, યાવત્-કોઈ કલ્યોજ રૂપ પણ હોય. એમ પૂર્વ અને પશ્ચિમ લાંબી તથા દક્ષિણ અને ઉત્તર લાંબી શ્રેણિઓ સંબન્ધે જાણવું. ઊર્ધ્વ અને અધો લાંબી શ્રેણિઓ સંબન્ધે પણ એમજ સમજવું, પરન્તુ તે કલ્યોજરૂપ નથી.

[૮૭૬] હે ભગવન્ ! કેટલી શ્રેણિઓ કહી છે ? હે ગૌતમ ! સાત શ્રેણિઓ કહી છે. તે આ પ્રમાણે ઋજ્વાયત-એકતઃ વક્ર- ઉભયતઃ વક્રા-બે તરફ વાંકી,-એક તરફ લોકનાડી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સિવાયનાઆકાશવાળી.-બેતરફ લોકનાડી સિવાયના આકાશવાળી,-મંડલાકાર ગતિ વાળી, તથા અર્ધમંડલકાર ગતિવાળી.પરમાણુ પુદ્ગલની ગતિ અનુશ્રેણિ-થાય છે, પણ વિશ્રેણિ- થતી નથી. હે ભગવન્ ! દ્વિપ્રદેશિક સ્કન્ધની ગતિ શ્રેણિને અનુસારે થાય છે કે શ્રેણિ વિના થાય છે ? પૂર્વે કહ્યા પ્રમાણ જાણવું. એમ યાવત્-અનંત પ્રદેશિક સ્કંધ સંબંધે પણ સમજવું. હે ભગવન્ ! નૈરયિકોની ગતિ શ્રેણિને ગતિ શ્રેણિને અનુસારે થાય છે કે શ્રેણિ સિવાય થાય છે ? પૂર્વે કહ્યા પ્રમાણે જાણવું. એમ યાવત્-વૈમાનિકો સુધી જાણવું.

[૮૭૭] હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથિવીમાં કેટલા લાખ નરકાવાસો કહ્યા છે ? ત્રીશ લાખ -ઈત્યાદિ યાવત્-અનુત્તર વિમાન સુધી કહેવું.

[૮૭૮] હે ભગવન્ ! ગણિપિટક- કેટલા પ્રકારનું કહ્યું છે ? હે ગૌતમ ! બાર અંગવાળું.- આચારાંગ યાવત્-દૃષ્ટિવાદ. હે ભગવન્ ! આચારાંગ એ શું છે ? હે ગૌતમ ! આચારાંગમાં શ્રમણ નિર્ગ્રંથોનો આચાર, ગોચર-ભિક્ષાવિધિ-ઈત્યાદિ ચારિત્ર ધર્મની પ્રરૂપણા કરાય છે. નંદી સૂત્રાનુ સાર જાણવું

[૮૭૯] "પ્રથમ સૂત્રાર્થમાત્ર કહેવો, બીજો નિર્યુક્તિમિશ્ર અર્થ કહેવો, અને ત્રીજું સર્વ અર્થનું કથન કરવું. આ અનુયોગ સંબંધે વિધિ છે.

[૮૮૦] હે ભગવન્ ! એ નૈરયિકો, યાવત્-દેવો અને સિદ્ધો-એ પાંચ ગતિના સમુદાયમાં કયા જીવો કોનાથી યાવત્-વિશેષાધિક હોય છે ? હે ગૌતમ ! પ્રજ્ઞાપના સૂત્રના બહુવક્તવ્યતા પદમાં કહ્યા પ્રમાણે અલ્પબહુત્વ જાણવું. તથા આઠ ગતિના સમુદાયનું પણ અલ્પબહુત્વ જાણવું. હે ભગવન્ !સેન્દ્રિય, એકેન્દ્રિય યાવત્-અનિન્દ્રિય જીવોમાં કયા જીવો કોનાથી યાવત્-વિશેષાધિક છે ? એ સંબન્ધે પણ પ્રજ્ઞાપનનાના બહુવક્તવ્યતા પદમાં કહેલ સામાન્ય પદ કહેવું. સકાયિકોનું પણ તેજ પ્રમાણે સામાન્ય અલ્પબહુત્વ કહેવું. હે ભગવન્ ! એ જીવ અને પુદ્ગલ યાવત્-સર્વ પર્યાયોમાં કયા કોનાથી યાવત્-વિશેષાધિક છે-ઈત્યાદિ- યાવત્ બહુવક્તવ્યતામાં કહ્યા પ્રમાણે અલ્પબહુત્વ કહેવું. હે ભગવન્ ! એ આયુષ કર્મના બંધક અને અબંધક ઇત્યાદિ જીવોમાં બહુવક્તવ્યતામાં કહ્યા પ્રમાણેજાણવું.

## શતક-૨૫ ઉદ્દેસો-૪

[૮૮૧] હે ભગવન્ ! કેટલાં યુગ્મો-રાશિઓ કહ્યાં છે ? હે ગૌતમ ! ચાર -કૃતયુગ્મ અને યાવત્-કલ્યોજ. અઢારમા શતકના ચોથા ઉદ્દેશ- કમાં કહ્યા પ્રમાણે અહિં જાણવું, યાવત્- નૈરયિકોને વિષે વિષે ચાર યુગ્મો કહ્યાં છે, એ પ્રમાણે યાવત્-વાયુકાયિક સુધી જાણવું.વનસ્પતિકાયિકોમાં કદાચિત્ કૃતયુગ્મ હોય, કદાચિત્ ત્ર્યોજ હોય, કદાચિત્ દ્વાપરયુગ્મ હોય, અને કદાચિત્ કલ્યોજ હોય. ઉપપાતની અપેક્ષાએ એ પ્રમાણે કહ્યું છે, નૈરયિકોની પેઠે બેઈંદ્રિયો વિષે સમજવું. તથા એ પ્રમાણે યાવત્-વૈમાનિકો સુધી જાણવું. સિદ્ધો વનસ્પતિકાયિકોની પેઠે જાણવા. સર્વ દ્રવ્યો છ પ્રકારનાં કહ્યાં છે, તે આ પ્રમાણે ધર્માસ્તિકાય, યાવત્-અદ્ધા સમય .

હે ભગવન્ ! ધર્માસ્તિકાય દ્રવ્યાર્થરૂપે કૃતયુગ્મ છે કે યાવત્-કલ્યોજ છે ? હે ગૌતમ ! કલ્યોજ છે. એ પ્રમાણે અધર્માસ્તિકાય તથા આકાશાસ્તિકાય સંબંધે પણ જાણવું. જીવાસ્તિકાય દ્રવ્યરૂપે કૃતયુગ્મરૂપ છે, પણ ત્ર્યોજ, દ્વાપર કે કલ્યોજરૂપ નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પુદ્ગલાસ્તિકાય કદાચ કૃતયુગ્મ હોય અને યાવત્-કદાચ કલ્યોજ, રૂપ પણ હોય. જીવાસ્તિ- કાયની પેઠે અદ્ધાસમય પણજાણવો. ધર્માસ્તિકાય પ્રદેશાર્થરૂપે તે કૃતયુગ્મ છે,એ પ્રમાણે યાવત્-અદ્ધા સમય સુધી જાણવું. હે ભગવન્ ! એ ધર્માસ્તિકાય, અધર્મા સ્તિકાય, યાવત્-અદ્ધાસમયોનું દ્રવ્યાર્થરૂપે અલ્પબહુત્વ કેવી રીતે છે ? બહુવક્તવ્ય તામાં કહ્યા પ્રમાણે કહેવું. ધર્માસ્તિકાય અવગાઢ છે, પણ અનવગાઢ નથી.

હે ભગવન્ ! જો તે અવગાઢ છે તો શું સંખ્યાત પ્રદેશમાં અવગાઢ-આશ્રિત છે, અસંખ્યાત પ્રદેશમાં આશ્રિત છે કે અનંત પ્રદેશમાં આશ્રિત છે ? હે ગૌતમ ! તે લોકા-કાશના અસંખ્યાત પ્રદેશમાં આશ્રિત છે.અસંખ્યાત આકાશપ્રદેશમાં તે કૃતયુગ્મ રાશિ વાળા પ્રદેશમાં આશ્રિત છે, પણ ત્ર્યોજ, દ્વાપર કે કલ્યોજ રાશિવાળા પ્રદેશમાં આશ્રિત નથી. એ પ્રમાણે અધર્માસ્તિકાય, યાવત્ અદ્ધાસમય સંબંધે પણ જાણવું. હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથિવી કોઈને આશ્રિત છે કે અનાશ્રિત છે ? ગૌતમ ! ધર્માસ્તિકાયની પેઠે જાણવું. એ પ્રમાણે યાવત્-અધઃસપ્તમ પૃથિવી સુધી જાણવું. તથા સૌધર્મ અને યાવત્-ઈષત્પ્રાગ્ભારા પૃથિવી સંબંધે પણ એમજ સમજવું.

[૮૮૨] હે ભગવન્ ! જીવ દ્રવ્યાર્થરૂપે શું કૃતયુગ્મ છે-ઈત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! તે કૃતયુગ્મ, ત્ર્યોજ કે દ્વાપરયુગ્મ રૂપ નથી, પણ કલ્યોજ રૂપ છે. એ પ્રમાણે નૈરયિક યાવત્-સિદ્ધ સુધી જાણવું. ! જીવો સામાન્યતઃ- બધા મળીને કૃતયુગ્મ છે, અને વિશેષ-એક એ-કની અપેક્ષાએ કલ્યોજરૂપ છે.નૈરયિકો સંબન્ધે દ્રવ્યાર્થરૂપે પ્રશ્ન. હે ગૌતમ ! નૈરયિકો સામાન્યતઃ કદાચ કૃતયુગ્મ અને યાવત્-કદાચ કલ્યોજ પણ હોય, અને વિશેષ-વ્યક્તિની અપેક્ષાએ કલ્યોજ રૂપ છે. એ પ્રમાણે યાવત્-સિદ્ધો સુધી જાણવું. જીવપ્રદેશની અપેક્ષા એ જીવ કૃતયુગ્મ છે, અને શરીરપ્રદેશની અપેક્ષાએ કદાચ કૃતયુગ્મ હોય અને યાવત્-કદાચ કલ્યોજ પણ હોય. એ પ્રમાણેયાવત્-વૈમાનિકો સુધી જાણવું. સિદ્ધ પ્રદેશાર્થપણે કૃતયુગ્મ છે, જીવપ્રદેશોની અપેક્ષાએ જીવો સામાન્ય અને વિશેષરૂપે કૃતયુગ્મ છે, અને શરીરપ્રદેશોની અપેક્ષાએ સામાન્યતઃ કદાચ કૃતયુગ્મ હોય અને યાવત્-કદાચ કલ્યોજ પણ હોય. વિશેષની અપેક્ષાએ કૃતયુગ્મ પણ હોય અને યાવત્-કલ્યોજ પણ હોય. એ પ્રમાણે નૈરયિકોથી આરંભી યાવત્-વૈમાનિકો સુધી જાણવું. સામાન્ય અને વિશેષને આશ્રયી સિદ્ધો કૃતયુગ્મ છે, પણ ત્ર્યોજ, દ્વાપર કે કલ્યોજ રૂપ નથી.

[૮૮૩] હે ભગવન્ ! શું જીવ આકાશના કૃતયુગ્મ સંખ્યાવાળા પ્રદેશોને આશ્રયી રહેલો છે-ઈત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! કદાચ કૃતયુગ્મ પ્રદેશોને આશ્રયી રહેલો હોય અને યાવત્-કદાચ કલ્યોજ પ્રદેશોને આશ્રયી રહેલો હોય છે. એ પ્રમાણે યાવત્-સિદ્ધ સુધી જાણવું. જીવો આકાશના કૃતયુગ્મ પ્રદેશોને સામાન્ય રૂપે આશ્રયી રહેલા છે, અને વિશેષરૂપે કૃતયુગ્મ પ્રદેશોને આશ્રયી રહેલા છે, યાવત્-કલ્યોજ પ્રદેશોને આશ્રયી રહેલા છે.નૈરયિકો સામાન્ય રૂપે કદાચ કૃતયુગ્મ પ્રદેશોને યાવત્-કદાચ કલ્યોજ પ્રદેશોને આશ્રીય રહેલા હોય. વિશેષરૂપે કૃતયુગ્મ યાવત્-કલ્યોજ પ્રદેશાવગાઢ પણ હોય. એકે ન્દ્રિય અને સિદ્ધ સિવાય બાકીના બધા જીવો માટે એજ પ્રમાણે જાણવું. સિદ્ધો અને એકેન્દ્રિયો સામાન્ય જીવોની પેઠે જાણવા. જીવ કૃતયુગ્મ સમયની સ્થિતિવાળો છે, પણ ત્ર્યોજ, દ્વાપર કે કલ્યોજ સમયની સ્થિતિવાળો નથી. નૈરયિક કદાચ કૃતયુગ્મ સયમની અને કદાચ કલ્યોજ સમયની સ્થિતિવાળો હોય. એ પ્રમાણે યાવત્-વૈમાનિક સુધી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જાણવું. સિદ્ધને જીવની પેઠે જાણવું. જીવો સામાન્યાદેશ અને વિશેષાદેશની અપેક્ષાએ કૃતયુગ્મ સમયની સ્થિતિવાળા હોય છે, નૈરયિકો સામાન્યાદેશની અપેક્ષાએ કદાચ કૃત યુગ્મ સમયની યાવત્ કદાચ કલ્યોજ સમયની સ્થિતિવાળા પણ હોય. તથા વિશેષાદેશની અપેક્ષાએ કૃતયુગ્મ સમયની અને યાવત્-કલ્યોજ સમયની સ્થિતિવાળા પણ હોય. એ પ્રમાણેયાવત્-વૈમાનિકો સુધી જાણવું. સામાન્ય જીવોની પેઠે સિદ્ધોને પણ સમજવું.

[૮૮૪] હે ભગવન્ ! શું જીવના કાળાવર્ણના પર્યાયો કૃતયુગ્મ રાશિરૂપ પ્રશ્ન. હે ગૌતમ ! જીવપ્રદેશોની અપેક્ષાએ તે કૃતયુગ્મ, ત્ર્યોજ, દ્વાપર કે કલ્યોજ રૂપ નથી; પણ શરીર પ્રદેશોની અપેક્ષાએ તે કદાચ કૃતયુગ્મ રૂપ હોય, યાવત્-કલ્યોજ રૂપ પણ હોય. એ પ્રમાણે યાવત્-વૈમાનિક સુધી જાણવું તથા સિદ્ધ સંબન્ધે આ વિષય બાબત કાંઇ ન પૂછવું. હે ભગવન્ ! શું જીવોના કાળા વર્ણપર્યાયો જીવ પ્રદેશોને આશ્રયી સામાન્યા દેશથી અને વિશેષાદેશથી કૃતયુગ્મ રૂપ નથી, અને યાવત્-કલ્યોજ રૂપ પણ નથી. શરીર પ્રદેશોની અપેક્ષાએ સામાન્યાદેશથી કદાચ કૃતયુગ્મ અને યાવત્-કદાચ કલ્યોજ રૂપ પણ હોય, વિશેષાદેશથી કૃતયુગ્મ, યાવત્-કલ્યોજરાશિરૂપ પણ હોય. એ પ્રમાણે યાવત્-વૈમાનિકો સુધી જાણવું. તથા એ પ્રમાણે એક વચન અને બહુચનવડે લીલા વર્ણના પર્યાયોનો યાવત્-રુક્ષ સ્પર્શ પર્યાયો સુધી જાણવું. જીવના આભિનિબોધિ કજ્ઞાનપર્યાયો કદાચ કૃતયુગ્મ રૂપ હોય અને યાવત્-કદાચ કલ્યોજ રૂપ પણ હોય. એ પ્રમાણે એકેન્દ્રિય સિવાયના જીવોને યાવત્-વૈમાનિક સુધી જાણવા. જીવો આભિનિ બોધિક જ્ઞાન પર્યાયો વડે તે સામાન્યાદેશથી કદાચ કૃતયુગ્મ અને કદાચ કલ્યોજ રૂપ પણ હોય, તથા વિશેષાદેશથી કૃતયુગ્મ, યાવત્-કલ્યોજ રૂપ પણ હોય. એ પ્રમાણે એકે ન્દ્રિય સિવાયના જીવોને યાવત્-વૈમાનિકો સુધી જાણવું. શ્રુતજ્ઞાનના પર્યાયો અને અવધિ- જ્ઞાનના પર્યાયો સંબન્ધે એમજ સમજવું. પણ વિશેષ એ કે, વિકલેંદ્રિય જીવોને અવધિ- જ્ઞાન હોતું નથી. એમ મનઃપર્યવજ્ઞાનના પર્યાયો સંબન્ધે પણ જાણવું, પણ વિશેષ એ કે, તે સામાન્ય જીવો અને મનુષ્યોને હોય છે,પણ બાકીના દંડકોમાં હોતું નથી.

હે ભગવન્ ! જીવના કેવલજ્ઞાનના પર્યાયો શું કૃતયુગ્મ રાશિરૂપ છે-ઇત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! તે કૃતયુગ્મરૂપ છે, પણ ત્ર્યોજ, દ્વાપર કે કલ્યોજ રૂપ નથી. એ પ્રમાણે મનુષ્ય તથા સિદ્ધ સંબંધે પણ સમજવું. જીવોના કેવલજ્ઞાનના પર્યાયો સામાન્ય અને વિશેષા દેશવડે કૃતયુગ્મ રૂપ છે, એ પ્રમાણે મનુષ્યો અને સિદ્ધો સંબંધે પણ જાણવું. જીવ મતિ અજ્ઞાનના પર્યાયોવડે જેમ આભિનિબોધિક જ્ઞાનના પર્યાયો સંબન્ધે બે દંડકો કહ્યા છે તેમજ અહિં કહેવા.શ્રુત અજ્ઞાન,વિભંગજ્ઞાન,ચક્ષુદર્શન અચક્ષુદર્શનઅને અવધિદર્શન ના પર્યાયો સંબન્ધે પણ એ જ પ્રમાણે કહેવું. વિશેષ એ કે, શ્રુતઅજ્ઞાનાદિમાંથી જેને જે હોયતેતેનેકહેવું.તથાકેવલદર્શનનાપર્યાયોસંબન્ધેકેવલજ્ઞાનના પર્યાયોની પેઠે સમજવું.

[૮૮૫] હે ભગવન્ ! કેટલાં શરીરો કહ્યાં છે ? હે ગૌતમ ! પાંચ શરીરો કહ્યાં છે, તે આ પ્રમાણે-ઔદારિક, યાવત્ કાર્મણ. અહિં પ્રજ્ઞાપનાસૂત્રનું બધું શરીરપદ કહેવું.

[૮૮૬] હે ભગવન્ ! શું જીવો સકંપ હોય છે કે નિષ્કંપ હોય છે ? હે ગૌતમ ! બંને જીવો બે પ્રકારના -સંસારસમાપન્ન-અસંસારસમાપન્નક-મુક્ત, તેમાં જે અસંસારસ માપન્ન જીવો છે તે બે પ્રકારના -અનંતર સિદ્ધ અને પરંપર સિદ્ધ. તેમાં જે જીવો પરંપર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સિદ્ધ છે તે નિષ્કંપ છે, અને જે જીવો અનંતર સિદ્ધ છે તે સકંપ છે. અનન્તર સિદ્ધો સર્વાંશે સકંપ છે. તેમાં જે સંસારને પ્રાપ્ત થયેલા જીવો છે તે બે પ્રકારે-શૈલેશીને પ્રાપ્ત થયેલા અને શૈલેશીને અપ્રાપ્ત. તેમાં જે શૈલેશીને પ્રાપ્ત જીવો છે તે નિષ્કંપ છે અને જે શૈલેશીને પ્રાપ્ત થયેલા નથી તે સકંપ છે. તે અંશતઃ સકંપ છે અને સર્વાંશે પણ સકંપ છે. તે હેતુથી યાવત્-તે નિષ્કંપ પણ છે. નૈરયિકો અંશતઃ સકંપ છે અને સર્વાંશે પણ સકંપ છે. નૈરયિકો બે પ્રકારના-વિગ્રહગતિને પ્રાપ્ત થયેલા અને વિગ્રહ ગતિને નહિ પ્રાપ્ત થયેલા. તેમાં જે વિગ્રહ ગતિને પ્રાપ્ત થયેલા છે તે સર્વાંશે સકંપ છે. અને જે વિગ્રહગતિને પ્રાપ્ત થયેલા નથી તે અમુક અંશે સકંપ છે. એ પ્રમાણે યાવત્-વૈમાનિકો સધી જાણવું.

[૮૮૭] હે ભગવન્ ! શું પરમાણુપુદ્ગલો સંખ્યાતા છે, સંખ્યાતા છે કે અનંત છે ? હે ગૌતમ ! અનંત છે. એ પ્રમાણે યાવત્-અનંત પ્રદેશવાળા સ્કંધો સુધી જાણવું. આકાશ ના એક પ્રદેશમાં રહેલાં પુદ્ગલો પૂર્વે કહ્યા પ્રમાણે જાણવું. એ રીતે યાવત્-અસંખ્યાત પ્રદેશમાં રહેલાં પુદ્ગલો વિષે પણ સમજવું. હે ભગવન્ ! એક સમયની સ્થિતિવાળાં પુદ્ગલો શું સંખ્યાતા છે-ઇત્યાદિ પ્રશ્ન. પૂર્વે કહ્યા પ્રમાણે જાણવું. એ પ્રમાણે યાવત્-અસંખ્યાતા સમયની સ્થિતિવાળાં પુદ્ગલો સંબંધે પણ જાણવું. હે ભગવન્ ! એકગુણ કાળાં પુદ્ગલો શું સંખ્યાતા હોય-ઇત્યાદિ પ્રશ્ન. પૂર્વે કહ્યા પ્રમાણે જાણવું. એ પ્રમાણે યાવત્-અનંતગુણ કાળાં પુદ્ગલો સંબન્ધે પણ સમ- જવું. એમ એજ રીતે બાકીના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ સંબંધે સમજવું. દ્વિપ્રદેશિક સ્કંધો કરતાં પરમાણુ પુદ્ગલો દ્રવ્યાર્થરૂપે ઘણાં છે. હે ગૌતમ ! ત્રિપ્રદેશિક સ્કંધો કરતાં દ્વિપ્રદેશિક સ્કંધો દ્રવ્યાર્થપણે ઘણા છે. એ પ્રમાણે એ ગમક-પાઠ વડે યાવત્-દશ પ્રદેશવાળા સ્કંધો કરતાં નવ પ્રદેશ વાળા સ્કંધો દ્રવ્યાર્થપણે ઘણા છે. દશ પ્રદેશવાળા સ્કંધો કરતાં સંખ્યાત પ્રદેશવાળા સ્કંધો દ્રવ્યાર્થરૂપે ઘણા છે. સંખ્યાત પ્રદેશિક સ્કંધો કરતાં અસંખ્યાત પ્રદે- શિક સ્કંધો દ્રવ્યાર્થપણે ઘણા છે. દ્રવ્યાર્થ રૂપે અનંત પ્રદેશિક સ્કંધો કરતાં અસંખ્યાત પ્રદેશિક સ્કંધો ઘણા છે.

[૮૮૮]હે ગૌતમ ! પ્રદેશાર્થરૂપે પરમાણુપુદ્ગલો કરતાં દ્વિપ્રદેશિક સ્કંધો ઘણા છે. એમ આ પાઠ વડે યાવત્- અનંત પ્રદેશિક સ્કંધો કરતાં અસંખ્ય પ્રદેશિક સ્કંધો પ્રદેશાર્થપણે ઘણા છે. હે ગૌતમ ! બે પ્રદેશમાં રહેલા કરતાં એક પ્રદેશમાં રહેલા પુદ્ગલો દ્રવ્યાર્થરૂપે વિશેષાધિક છે. એ પ્રમાણે એ પાઠવડે યાવત્ સંખ્યાતાપ્રદેશમાં રહેલા પુદ્ગલો કરતાં અસંખ્યાતા પ્રદેશમાં રહેલા પુદ્ગલો દ્રવ્યાર્થરૂપે ઘણાં છે.

હે ગૌતમ ! એક પ્રદેશમાં રહેલા પુદ્ગલો કરતા બે પ્રદેશમાં રહેલા પુદ્ગલો પ્રદેશાર્થરૂપે વિશેષાધિક છે. એ પ્રમાણે યાવત્- સંખ્યાતા પ્રદેશમાં રહેલા પુદ્ગલો કરતાં અંસખ્યાત પ્રદેશમાં રહેલા પુદ્ગલો પ્રદેશાર્થરૂપે ઘણાં છે. હે ભગવન્ ! એક સમયની સ્થિતિવાળાં અને બે સમયની સ્થિતિવાળાં દ્રવ્યાર્થરૂપે કયાં પુદ્ગલો કોનાથી યાવત્-વિશેષાધિક છે ? જેમ અવગાહનાની વક્તવ્યતા કહી છે તેમ સ્થિતિની પણ વક્તવ્યતા કહેવી. હે ભગવન્ ! એક ગુણ કાળાં અને દ્વિગુણ કાળાં પુદ્ગલોમાં દ્રવ્યાર્થ રૂપે કયા પુદ્ગલો કોનાથી વિશેષાધિક છે-ઇત્યાદિ પરમાણુપુદ્ગલાદિની વક્તવ્યતાની પેઠે બધી વક્તવ્યતા કહેવી. એ પ્રમાણે બધા વર્ણ, ગંધ ને રસ સંબંધે પણ વક્તવ્યતા કહેવી. હે ગૌતમ ! એકગુણ કર્કશ પુદ્ગલો કરતાં દ્વિગુણ કર્કશ પુદ્ગલો દ્રવ્યાર્થરૂપે વિશેષાધિક



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. એ પ્રમાણે યાવત્-અસંખ્યાતગુણ કર્કશ પુદ્ગલો કરતાં અનંતગુણ કર્કશ પુદ્ગલો દ્રવ્યાર્થપણે ઘણાં છે. એ પ્રમાણે પ્રદેશાર્થપણે પણ સર્વત્ર પ્રશ્ન કરવો. જેમ કર્કશ સ્પર્શ સંબંધે કહ્યું છે તેમ બધાં સ્પર્શ સંબન્ધે વર્ણની પેઠે કહેવું.

હે ગૌતમ ! દ્રવ્યાર્થરૂપે સૌથી થોડા અનંતપ્રદેશિક સ્કંધો છે. તેથી પરમાણુ પુદ્ગલો દ્રવ્યાર્થરૂપે અનંતગુણ છે, તેથી સંખ્યાતપ્રદેશિક સ્કંધો દ્રવ્યાર્થરૂપે સંખ્યાત ગુણ છે, તેથી અસંખ્યાતપ્રદેશિક સ્કંધો દ્રવ્યાર્થરૂપે અસંખ્યાતગુણ છે. પ્રદેશાર્થરૂપે-અનંત પ્રદેશવાળા સ્કંધો પ્રદેશાર્થરૂપે સૌથી થોડા છે, તેથી પરમાણુપુદ્ગલો અપ્રદેશાર્થરૂપે અનંતગુણ છે,તેથી સંખ્યાતપ્રદેશિક સ્કંધો પ્રદેશાર્થરૂપે સંખ્યાતગુણછે,તેથી અસંખ્યાત પ્રદેશિક સ્કંધો પ્રદેશાર્થરૂપે અસંખ્યાત- ગુણ છે, દ્રવ્યાર્થરૂપે-અનંતપ્રદેશિક સ્કંધો દ્રવ્યાર્થરૂપે સૌથી થોડા છે, અને તેજ સ્કંધો પ્રદેશાર્થરૂપે અનંતગુણ છે; તેથી પરમાણુ પુદ્ગલો દ્રવ્યાર્થ-અપ્રદેશાર્થરૂપે અનંતગુણ છે, તેથી સંખ્યાતપ્રદેશિક સ્કંધો દ્રવ્યાર્થરૂપે સંખ્યાતગુણ છે, અને તેથી તેજ સ્કંધો પ્રદેશાર્થરૂપે સંખ્યાતગુણ છે, તેથી અસંખ્યાત પ્રદેશિક સ્કંધો દ્રવ્યાર્થરૂપે અસંખ્યાત ગુણ છે, અને તેથી તે જ સ્કંધો પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગુણ છે. હે ગૌતમ ! એક પ્રદેશમાં રહી શકે તેવા પુદ્ગલો દ્રવ્યાર્થરૂપે સૌથી થોડાં છે, તેથી સંખ્યાત પ્રદેશમાં રહી શકે તેવા પુદ્ગલો દ્રવ્યાર્થરૂપે સંખ્યાતગુણ છે, તેથી અસંખ્યાત પ્રદેશમાં રહી શકે તેવા પુદ્ગલો દ્રવ્યાર્થરૂપે અસંખ્યાતગુણ છે. પ્રદેશાર્થરૂપે-એક પ્રદેશમાં રહી શકે તેવા પુદ્ગલો અપ્રદેશાર્થપણે સૌથી થોડાં છે, તેથી સંખ્યાતા પ્રદેશમાં રહી શકે તેવા પુદ્ગલો પ્રદેશાર્થરૂપે સંખ્યાતગુણ છે, તેથી અસંખ્યાત પ્રદેશમાં રહેલાપુદ્ગલો પ્રદેશાર્થરૂપેઅસંખ્યાતગુણછે.દ્રવ્યાર્થ-પ્રદેશાર્થરૂપે-એજ પ્રમાણે જાણવું હે ભગવન્ ! એક સમયની સ્થિતિવાળા, સંખ્યાત સમયની સ્થિતિવાળા અને અસંખ્યાત સમયની સ્થિતિવાળા એ પુદ્ગલોમાં કયાં કોનાથી યાવત્-વિશેષાધિક છે ? જેમ અવગાહના સંબંધે અલ્પબહુત્વ કહ્યું છે, તેમ સ્થિતિ સંબન્ધે પણ અલ્પબહુત્વ કહેવું.

હે ભગવન્ ! એકગુણ કાળા, સંખ્યાતગુણ કાળા, અસંખ્યાતગુણ કાળા અને અનંતગુણ કાળા એ પુદ્ગલોમાં દ્રવ્યાર્થરૂપે, પ્રદેશાર્થરૂપે અને દ્રવ્યાર્થપ્રદેશાર્થરૂપે અને કયા પુદ્ગલો કોનાથી યાવદ્-વિશેષાધિક છે ? જેમ પરમાણુપુદ્ગલોનું અલ્પબહુત્વ કહ્યું છે તેમ એઓનું પણ અલ્પબહુત્વ કહેવું. એમ કાળા સિવાયના બાકીના વર્ણ, ગંધ અને રસ સંબંધે પણ જાણવું. હે ગૌતમ ! એકગુણ કર્કશ પુદ્ગલો દ્રવ્યાર્થરૂપે સૌથી થોડાં છે, તેથી સંખ્યાતગુણ કર્કશ પુદ્ગલો દ્રવ્યાર્થરૂપે સંખ્યાતગુણા છે,તેથી અસંખ્યાતગુણ કર્કશ પુદ્ગલો દ્રવ્યાર્થરૂપે અસંખ્યાત- ગુણ છે, તેથી અનંતગુણ કર્કશ પુદ્ગલો દ્રવ્યાર્થ રૂપે અનંતગુણ છે. પ્રદેશાર્થરૂપે પણ એ જ રીતે જાણવું. પરન્તુ વિશેષ એ કે, સંખ્યાતગુણ કર્કશ પુદ્ગલો પ્રદેશાર્થરૂપે અસંખ્યાત- ગુણા છે. બાકી બધું પૂર્વ કહ્યા પ્રમાણે જાણવું. દ્રવ્યાર્થપ્રદેશાર્થરૂપે-એજ રીતે મૃદુ, ગુરુ અને લઘુ સ્પર્શોનું પણ અલ્બ બહુત્વ કહેવું. શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રુક્ષ સ્પર્શોનું અલ્પબહુત્વ વર્ણોની પેઠે જાણવું.

[૮૮૯] હે ભગવન્ ! શું પરમાણુપુદ્ગલ દ્રવ્યાર્થરૂપે કૃતયુગ્મ છે, ત્ર્યોજ છે, દ્વાપર યુગ્મ છે કે કલ્યોજ છે ? હે ગૌતમ ! પણ કલ્યોજરૂપ છે. એ પ્રમાણે યાવત્-અનંતપ્રદેશિક સ્કંધ સુધી જાણવું. શું પરમાણુપુદ્ગલો દ્રવ્યાર્થપણે કદાચ સામાન્યા- દેશથી કૃતયુગ્મ હોય, યાવત્-કદાચ કલ્યોજ રૂપ હોય. અને વિશેષાદેશથી કલ્યોજરૂપ હોય છે. એ પ્રમાણે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યાવત્-અનંત પ્રદેશિક સ્કંધો સુધી જાણવું. પરમાણુપુદ્ગલ પ્રદેશાર્થરૂપે કલ્યોજરૂપ છે. દ્વિપ્રદેશિક સ્કંધ દ્વાપરયુગ્મ છે. ત્રિપ્રદેશિક સ્કંધ ત્ર્યોજ છે. ચાર પ્રદેશવાળા સ્કંધ કૃત યુગ્મ છે, પરમાણુપુદ્ગલની પેઠે પાંચ પ્રદેશવાળો સ્કંધ, દ્વિપ્રદેશિક સ્કન્ધની પેઠે ષટ્પ્રદે શિક સ્કંધ, ત્રિપ્રદેશિક સ્કન્ધની પેઠે સપ્ત પ્રદેશિક સ્કંધ, ચતુઃ- પ્રદેશિકની પેઠે આઠ પ્રદેશવાળો સ્કંધ, પરમાણુપુદ્ગલની પેઠે નવ પ્રદેશિક સ્કંધ અનં દ્વિપ્રદેશિક સ્કન્ધની પેઠે દશપ્રદેશિક સ્કંધ જાણવો.

સંખ્યાતપ્રદેશિક સ્કંધ કદાચ કૃતયુગ્મ હોય અને યાવત્-કદાચ કલ્યોજરૂપ હોય. એ પ્રમાણે અસંખ્યાત પ્રદેશિક તથા અનંતપ્રદેશિક સ્કંધ સંબંધે જાણવું. હે ભગવન્ ! પરમાણુપુદ્ગલો પ્રદેશાર્થપણે સામાન્યાદેશથી કદાચ કૃતયુગ્મ છે, અને યાવત્-કદાચ કલ્યોજ છે. તથા વિશેષાદેશની અપેક્ષાએ પણ કલ્યોજ છે. દ્વિપ્રદેશિક સ્કંધો સામાન્ય દેશની અપેક્ષાએ કદાચ કૃતયુગ્મ હોય અને કદાચ દ્વાપરયુગ્મ હોય, વશેષની અપેક્ષાએ દ્વાપરયુગ્મ રાશિરૂપ હોય. ત્રિપ્રદેશિક સ્કંધો સામાન્યાદેશથી કદાચ કૃતયુગ્મ, યાવત્-કદાચ કલ્યોજ હોય, વિશેષાદેશથી ત્ર્યોજ હોય. ચતુષ્પ્રદેશિક સ્કન્ધો સામાન્યાદેશ અને વિશેષાદેશની અપેક્ષાએ કૃતયુગ્મરૂપ છે, પંચપ્રદેશિક સ્કન્ધો પરમાણુપુદ્ગલની પેઠે જાણવા. છપ્રદેશિક સ્કન્ધોને દ્વિપ્રદેશિક સ્કન્ધોની પેઠે જાણવું. સપ્તપ્રદેશિક સ્કન્ધો ત્રપ્રદેશિક સ્કન્ધોની પેઠે અષ્ટપ્રદેશિક સ્કન્ધો ચતુષ્પ્રદેશિકની પેઠે, નવપ્રદેશિક સ્કન્ધો પરમાણુપુદ્ગલોની જેમ અને દશપ્રદેશિક સ્કન્ધો દ્વિપ્રદેશિક સ્કન્ધોની પેઠે જાણવા. સંખ્યાતપ્રદેશિક સ્કન્ધો સામાન્યાદેશથી અને વિશષાદેશથી પણ કદાચ કૃતયુગ્મરૂપ યાવત્-કદાચ કલ્યોજરૂપ પણ હોય. એમ અસખ્યાત પ્રદેશિક અને અનન્તપ્રદેશિક સ્કન્ધો જાણવા.

[૮૯૦] પરમાણુપુદ્ગલ કલ્યોજપ્રદેશાવગાઢ હોય. દ્વિપ્રદેશિક સકંધ પણ કદાચ દ્વાપરયુગ્મ કે કદાચ કલ્યોજ પ્રદેશાશ્રિત છે. ત્રિપ્રદેશિક સ્કંધ કદાચ ત્ર્યોજ, દ્વાપરયુગ્મ કે કલ્યોજપ્રદેશાશ્રિત હોય છે. ચતુઃપ્રદેશિક સ્કંધ તે કદાચ કૃતયુગ્મપ્રદેશા શ્રિત હોય છે અને યાવત્-કદાચ કલ્યોજપ્રદેશાશ્રિત હોય છે. એ પ્રમાણે યાવત્-અનંત પ્રદેશિક સ્કંધ સુધી જાણવું.

[૮૯૧]પરમાણુપુદ્ગલો સામાન્યાદેશથી કૃતયુગ્મ પ્રદેશાશ્રિત હોય છે, વિશેષાદેશથી કલ્યોજપ્રદેશાશ્રિત હોય છે. દ્વિપ્રદેશિક સ્કંધો સામાન્યાદેશથી કૃતયુગ્મ પ્રદેશાવગાઢ છે, વિશેષાદેશથી દ્વાપરયુગ્મ પ્રદેશાશ્રિત અને કલ્યોજપ્રદેશિત છે. ત્રિપ્રદે શિક સ્કન્ધ સામાન્યાદેશથી કૃતયુગ્મપ્રદેશાશ્રિત છે, વિશેષાદેશથી કૃતયુગ્મપ્રદેશા શ્રિત નથી, પણ ત્ર્યોજ, દ્વાપર કે કલ્યોજપ્રદેશાશ્રિત હોય છે. ચતુઃપ્રદેશિક સ્કંધો સામા ન્યાદેશથી કૃતયુગ્મપ્રદેશાશ્રિત હોય છે, તથા વિશેષાદેશથી કૃતયુગ્મપ્રદેશાશ્રિત હોય છે,યાવત્-કલ્યોજપ્રદેશાશ્રિતપણહોયછે.એપ્રમાણેયાવત્-અનંતપ્રદેશિકસ્કંધો જાણવું. શું પરમાણુપદ્ગલ કદાચ કૃતયુગ્મસમયની સ્થિતિવાળું હોય છે, યાવત્-કદાચ કલ્યોજ સમયની સ્થિતિવાળું હોય છે. એ પ્રમાણે યાવત્-અનંતપ્રદેશિક સ્કંધ સુધી જાણવું.

પરમાણુપુદ્ગલો સામાન્યાદેશથી કદાચ કૃતયુગ્મ અને યાવત્-કદાચ કલ્યોજ સમયની સ્થિતિવાળાં હોય. તથા વિશેષાદેશથી કૃતયુગ્મ- સમયની યાવત્-કલ્યોજ સમયની સ્થિતિવાળાં પણ હોય. એ પ્રમાણે યાવત્-અનંતપ્રદેશિક સ્કંધો સુધી જાણવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરમાણુપુદ્ગલના કાળા વર્ણપર્યાયો કૃતયુગ્મરૂપ છે, ત્ર્યોજ છે-ઈત્યાદિ જેમ સ્થિતિની વક્તવ્યતા કહી તેમ સર્વ વર્ણની વક્તવ્યતા કહેવી. એમ બધા ગંધો અને રસોને વિષે પણ એજ પ્રમાણે જાણવું. અનંતપ્રદેશિક સ્કંધના કર્કશસ્પર્શપર્યાયો કદાચ કૃતયુગ્મ છે અનેયાવત્-કદાચકલ્યોજરૂપ છે. અનંતપ્રદેશવાળાસ્કંધોનાકર્કશસ્પર્શપર્યાયો સામાન્યાદેશથી કદાચ કૃતયુગ્મ અને યાવત્-કદાચ કલ્યોજ રૂપ પણ હોય છે. વિશેષાદેશથી કૃતયુગ્મ પણ છે અને યાવત્-કલ્યોજરૂપ પણ છે. એ પ્રમાણે મૃદુ- ગુરુ-અને લઘુ-એ સ્પર્શ કહેવા. અને શીત-ઠંડો, ઉષ્ણ-ઉનો, સ્નિગ્ધ-ચિકણો અને રુક્ષ-લુખો- એ સ્પર્શો વર્ણોની પેઠે કહેવા.પરમાણુપુદ્ગલ સાર્ધ નથી, પણ અનર્ધ છે. બે પ્રદેશવાળો સ્કંધ સાર્ધ છે, પણ અનર્ધ નથી. એ રીતે પરમાણુપુદ્ગલની પેઠે ત્રણ પ્રદેશવાળો સ્કંધ, બે પ્રદેશવાળા સ્કંધની પેઠે ચાર પ્રદેશવાળો સ્કંધ, ત્રણ પ્રદેશવાળાની પેઠે પાંચ પ્રદેશવાળો સ્કંધ, બે પ્રદેશવાળાની પેઠે છ પ્રદેશવાળો સ્કંધ, ત્રણ પ્રદેશવાળાની પેઠે સાત પ્રદેશવાળો સ્કંધ, બે પ્રદેશવાળાની પેઠે આઠ પ્રદેશવાળો સ્કંધ, ત્રણ પ્રદેશવાળાની પેઠે નવ પ્રદેશવાળો સ્કંધ અને બે પ્રદેશવાળાની પેઠે દશ પ્રદેશવાળો સ્કંધ સમજવો.

હે ભગવન્ ! શું સંખ્યાતપ્રદેશવાળો સ્કંધ સાર્ધ છે કે અનર્ધ છે ? હે ગૌતમ ! તે કદાચ સાર્ધ છે અને કદાચ અનર્ધ છે. એ પ્રમાણે અસંખ્યાત પ્રદેશવાળા તથા અનંત પ્રદેશવાળા સ્કંધ સંબંધે પણ સમજવું. પરમાણુપુદ્ગલો તે સાર્ધ પણ છે અને અનર્ધ પણ છે. એ પ્રમાણે યાવત્-અનંત પ્રદેશવાળા સ્કંધો સુધી સમજવું. શું પરમાણુપુદ્ગલ કદાચ સંકપ છે અને કદાચ નિષ્કંપ પણ છે. એ પ્રમાણે યાવત્-અનંતપ્રદેશિક સ્કંધ સુધી જાણવું.પરમાણુપુદ્ગલજઘન્યએકસમયસુધીઅનેઉત્કૃષ્ટ આવલિકાના અસંખ્યાતમા ભાગ સુધી સકંપ રહે.

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

પરમાણુપુદ્ગલ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અસંખ્યાતા કાળ સુધી નિષ્કંપ રહે. એ પ્રમાણે યાવત્-અનંતપ્રદેશિક સ્કંધ સુધી જાણવું.પરમાણુપુદ્ગલો સદા કાળ કંપાયમાન રહે. પરમાણુપુદ્ગલો સદા કાળ નિષ્કંપ રહે. એ પ્રમાણે યાવત્ અનંતપ્રદેશ વાળા સ્કંધો સુધી જાણવું. હે ભગવન્ ! સકંપ પરમાણુપુદ્ગલને કેટલા કાળનું અંતર હોય ? હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અસંખ્ય કાળનું અંતર હોય. હોય.

હે ભગવન્ ! નિષ્કંપ પરમાણુપુદ્ગલનું કેટલા કાળનું અંતર હોય ?-નિષ્કંપ પરમાણુપુદ્ગલ કંપીને પાછો કેટલે કાળે નિષ્કંપ થાય ? હે ગૌતમ ! સ્વસ્થાનને આશ્રયી જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ આવલિકાના અસંખ્ય ભાગનું તથા પરસ્થાનને આશ્રયી જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અસંખ્ય કાળનું અંતર હોય.સકમ્પ બે પ્રદેશવાળા સ્કંધને સ્વસ્થાનની અપેક્ષાએ જઘન્ય એક સમયનું અને ઉત્કૃષ્ટ અંસખ્યાત કાળનું તથા પરસ્થાનની અપેક્ષાએ જઘન્ય એક સમયનું અને ઉત્કૃષ્ટ અનંત કાળનું અંતર હોય.બે પ્રદેશ વળા નિષ્કંપ સ્કંધને સ્વસ્થાનની અપેક્ષાએ જઘન્ય એક સમયનું અને ઉત્કૃષ્ટ આવલિકાના અસંખ્ય ભાગનું તથા પરસ્થાનની અપેક્ષાએ જઘન્ય એક સમયનું અને ઉત્કૃષ્ટ અનંત કાળનું અંતર હોય. એ પ્રમાણે યાવત્-અનંતપ્રદેશિક સ્કંધ સુધી જાણવું. સકંપ પરમાણુપુદ્ગલોનું અંતર નથી. નિષ્કંપ પરમાણુપુદ્ગલોનું અંતર નથી. એ પ્રમાણે યાવત્-અનંતપ્રદેશિક સ્કંધો સુધી જાણવું. સકંપ પરમાણુપુદ્ગલો સૌથી થોડાં છે, અને નિષ્કંપ પરમાણુ- પુદ્ગલો અસંખ્યાતગુણાં છે. એ પ્રમાણે યાવત્-અસંખ્યાત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રદેશવાળાં સ્કંધો સુધી જાણવું. હે ભગવન્ ! એ પૂર્વોક્ત સકંપ અને નિષ્કંપ અનંત પ્રદેશવાળા સ્કંધોમાં કયા સ્કન્ધો કોનાથી યાવત્-વિશેષાધિક છે ? હે ગૌતમ ! અનંત પ્રદેશવાળા નિષ્કંપ સ્કંધો સૌથી થોડા છે, અને તેથી અનંત પ્રદેશવાળા સકંપ સ્કંધો અનંતગુણા છે.

અનંત પ્રદેશવાળા નિષ્કંપ સ્કંધો દ્રવ્યાર્થપણે સૌથી થોડા છે. તેથી અનંત પ્રદેશ વાળા સકંપ સ્કંધો દ્રવ્યાર્થપણે અનંતગુણા છે. તેથી સકંપ પરમાણુપુદ્ગલો દ્રવ્યાર્થપણે અનંતગુણાં છે. તેથી સંખ્યાત પ્રદેશવાળા સકંપ સ્કંધો દ્રવ્યાર્થપણે અસંખ્યાતગુણાં છે. તેથી અસંખ્યાત પ્રદેશવાળા સકંપ સ્કંધો દ્રવ્યાર્થપણે અસંખ્યાતગુણાં છે. તેથી નિષ્કંપ પરમાણુપુદ્ગલો દ્રવ્યાર્થપણે અસંખ્યાતગુણાં છે. તેથી સંખ્યાત પ્રદેશવાળા નિષ્કંપ સ્કંધો દ્રવ્યાર્થપણે સંખ્યાતગુણાં છે. તેથી અસંખ્યાત પ્રદેશવાળા નિષ્કંપ સ્કંધો દ્રવ્યાર્થ પણે અસંખ્યાતગુણાં છે. પ્રદેશાર્થપણે પણ એજ રીતે આઠ વિકલ્પો જાણવા. વિશેષ એ કે, પરમાણુપુદ્ગલો (પ્રદેશાર્થને બદલે) અપ્રદેશાર્થપણે કહેવાં. સંખ્યાત પ્રદેશવાળા નિષ્કંપ સ્કંધો પ્રદેશાર્થપણે અસંખ્યાતગુણા છે. બાકી બધું તેજ પ્રમાણે સમજવું. દ્રવ્યાર્થ -પ્રદેશાર્થપણે- અનંતપ્રદેશવાળા નિષ્કંપ સ્કંધો પૂર્વવત્ જાણવા છે.

હે ભગવન્ ! શું પરમાણુપુદ્ગલ અમુક અંશે કંપે છે, સર્વ અંશે કંપે છે, કે નિષ્કંપ છે ? હે ગૌતમ ! તે અમુક અંશે કંપતો નથી, પણ કદાચ સર્વ અંશે કંપે છે અને કદાચ નિષ્કંપ રહે છે. શું દ્વિપ્રદેશિક સ્કંધ કદાચ અમુક અંશે કંપે છે, કદાચ સર્વ અંશે કંપે છે અને કદાચ નિષ્કંપ પણ રહે છે. એ પ્રમાણે યાવત્-અનંત પ્રદેશવાળા સ્કંધ સુધી જાણવું. પરમાણુપુદ્ગલો સર્વ અંશે કંપે છે અને નિષ્કંપ પણ રહે છે. દ્વિપ્રદેશિક સ્કંધો અમુક અંશે કંપે છે, સર્વ અંશે પણ કંપે છે અને નિષ્કંપ પણ રહે છે. એ પ્રમાણે યાવત્-અનંત પ્રદેશવાળા સ્કંધ સુધી જાણવું. પરમાણુપુદ્ગલજઘન્ય એક સમય સુધી અને ઉત્કૃષ્ટ આવલિકાના અંસખ્યાતમા ભાગ સુધી સકંપ હોય.જઘન્યથી એક સમય સુધી અને ઉત્કૃષ્ટ અસંખ્યાત કાળ સુધી નિષ્કંપ રહે.

હે ભગવન્ ! દ્વિપ્રદેશિક સ્કંધ કેટલા કાળ સુધી દેશથી-અમુક અંશે કંપે ? હે ગૌતમ ! તે જઘન્ય એક સમય સુધી અને ઉત્કૃષ્ટ આવલિકાના અસંખ્યાતમા ભાગ સુધી દેશથી કંપે. જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ આવલિકાના અસંખ્યાતમા ભાગ સુધી સર્વ અંશે કંપે. જઘન્ય એક સમય સુધી અને ઉત્કૃષ્ટ અસંખ્ય કાળ સુધી નિષ્કંપ રહે. એ પ્રમાણે યાવત્-અનંતપ્રદેશિક સ્કંધ સુધી જાણવું. પરમાણુપુદ્ગલો સદા કાળ કંપે. તેઓ બધો કાળ નિષ્કંપ રહે. બે પ્રદેશવાળા સ્કંધો બધો કાળ દેશથી કંપે. તેઓ બધો કાળ સર્વ અંશે કંપે. તેઓ બધો કાળ નિષ્કંપ રહે. એ પ્રમાણે યાવત્-અનંત પ્રદેશવાળા સ્કંધો સુધી જાણવું. હે ભગવન્ ! સર્વાંશે સકંપ પરમાણુપુદ્ગલનું કેટલા કાળનું અંતર હોય ? હે ગૌતમ ! સ્વસ્થાનને આશ્રયી જઘન્ય એક સમયનું અને ઉત્કૃષ્ટ અસંખ્યાત કાળનું અંતર હોય. તથા પરસ્થાનની અપેક્ષાએ જઘન્ય એક સમયનું અને ઉત્કૃષ્ટ અસંખ્ય કાળનું અંતર હોય. નિષ્કંપ પરમાણુપુદ્ગલનુંસ્વસ્થાનને આશ્રયી જઘન્ય એક સમયનું અને ઉત્કૃષ્ટ આવલિકાના અસંખ્યાતમા ભાગનું અંતર હોય. તથા પરસ્થાનને આશ્રયી જઘન્ય એક સમયનું અને ઉત્કૃષ્ટ અસંખ્યાત કાળનું અંતર હોય.

અંશતઃ સકંપ દ્વિપ્રદેશિક સ્કંધને દેશથી-અનંત કાળનું અંતર હોય. સર્વ અંશે

સકંપ દ્વિપ્રદેશિક સ્કંધને દેશથી-અમુક અંશે સકંપ દ્વિપ્રદેશિક સ્કંધની પેઠે તેનું અંતર જાણવું. નિષ્કંપ દ્વિપ્રદેશિક સ્કંધને સ્વસ્થાનની અપેક્ષાએ જઘન્ય એક સમયનું અને ઉત્કૃષ્ટ આવલિકાના અસંખ્યાતમા ભાગનું; તથા પરસ્થાનની અપેક્ષાએ જઘન્ય એક સમયનું અને ઉત્કૃષ્ટ અનંત કાળનું અંતર હોય. એ પ્રમાણે યાવત્-અનંતપ્રદેશિક સ્કંધ સુધી જાણવું. સર્વાંશે સકંપ પરમાણુપુદ્ગલોને અંતર નથી. નિષ્કંપ પરમાણુપુદ્ગલોને તેઓનું અંતર નથી. અમુક અંશે સકંપ દ્વિપ્રદેશિક સ્કંધોને અંતર નથી. સર્વાંશે સકંપ દ્વિપ્રદેશિક સ્કંધોને અંતર નથી. નિષ્કંપ દ્વિપ્રદેશિક સ્કંધોને તેઓને અંતર નથી, એ પ્રમાણે યાવત્-અનંત પ્રદેશવાળા સ્કંધો સુધી સમજવું.

હે ભગવન્ ! સકંપ અને નિષ્કંપ એ પરમાણુપુદ્ગલોમાં કયા પરમાણુપુદ્ગલો કોનાથી યાવત્-વિશેષાધિક હોય ? હે ગૌતમ ! સકંપ પરમાણુપુદ્ગલો સૌથી થોડાં છે, અને તેથી નિષ્કંપ પરમાણુપુદ્ગલો અસંખ્યાતગુણાં છે.સર્વાંશ સકંપ દ્વિપ્રદેશિક સ્કંધો સૌથી થોડા છે, તેથી અંશતઃ સકંપ દ્વિપ્રદેશિક સ્કંધો અસંખ્યાત ગુણા છે અને તેથી અકંપ દ્વિપ્રદેશિક સ્કંધો અસંખ્યાત- ગુણા છે. એ પ્રમાણે યાવત્-અસંખ્યાતપ્રદેશિક સ્કંધો સુધી જાણવું. હે ગૌતમ ! સર્વાંશ સકંપ અનંતપ્રદેશિક સ્કંધો સૌથી થોડા છે, તેથી નિષ્કંપ અનંત પ્રદેશિક સ્કંધો અનંતગુણા છે, અને તેથી અંશતઃ અનંતપ્રદેશિક સ્કંધો પણ અનંતગુણા છે. હે ગૌતમ ! સર્વાંશ સકંપ અનંતપ્રદેશિક સ્કંધો દ્રવ્યાર્થપણે સૌથી થોડા છે છે. નિષ્કંપ અનંતપ્રદેશિક સ્કંધો દ્રવ્યાર્થપણે અનંતગુણા છે. અંશતઃ સકંપ અનંત પ્રદેશિક સ્કંધો દ્રવ્યાર્થપણે અનંતગુણા છે. સર્વાંશ સકંપ અસંખ્યાતપ્રદેશિક સ્કંધો દ્રવ્યાર્થપણે અસંખ્યાતગુણ છે. સર્વાંશે સકંપ સંખ્યાતપ્રદેશિક સ્કંધો દ્રવ્યાર્થપણે અસંખ્યાતગુણા છે. સર્વાંશે સકંપ પરમાણુપુદ્ગલો દ્રવ્યાર્થપણે અસંખ્યાતગુણા છે. અંશતઃ સકંપ સંખ્યાતપ્રદેશિક સ્કંધો દ્રવ્યાર્થપણે અસંખ્યાતગુણા છે. અંશતઃ સકંપ અસંખ્યાતપ્રદેશિક સ્કંધો દ્રવ્યાર્થપણે અસંખ્યાતગુણા છે. નિષ્કંપ પરમાણુપુદ્ગલો દ્રવ્યાર્થપણે અસંખ્યાતગુણા છે. નિષ્કંપ સંખ્યાતપ્રદેશિક સ્કંધો દ્રવ્યાર્થપણે સંખ્યાત-ગુણા છે. નિષ્કંપ અસંખ્યાતપ્રદેશિક સ્કંધો દ્રવ્યાર્થપણે અસંખ્યાતગુણા છે. પ્રદેશાર્થ-પણે-સર્વાંશે સકંપ અનંતપ્રદેશિક સ્કંધો પ્રદેશાર્થપણે સૌથી થોડા છે. એ પ્રમાણે પ્રદે-શાર્થપણે પણ જાણવું. વિશેષ એ કે, પરમાણુપુદ્ગલો અપ્રદેશાર્થપણે કહેવાં. સંખ્યાત-પ્રદેશિક નિષ્કંપ સ્કંધો પ્રદેશાર્થપણે અસંખ્યાતગુણા છે. દ્રવ્યાર્થપ્રદેશાર્થપણે-સર્વાંશે સકંપ સંખ્યાતપ્રદેશિક સ્કંધો દ્રવ્યાર્થપણે સૌથી થોડા છે. અને તેજ સ્કંધો પ્રદેશાર્થપણે અનંતગુણા છે. અનંતપ્રદેશિક નિષ્કંપ સ્કંધો દ્રવ્યાર્થપણે અનંતગુણા છે. અને તેજ સ્કંધો પ્રદેશાર્થપણે અનંતગુણા છે. અંશતઃ સકંપ અનંત- પ્રદેશિક સ્કંધો દ્રવ્યાર્થપણે અનંતગુણા છે. અને તેજ સ્કંધો પ્રદેશાર્થપણે અનંતગુણા છે. સર્વાંશે સકંપ અસંખ્યાત પ્રદેશિક સ્કંધો દ્રવ્યાર્થપણે અનંતગુણા છે. અને તેજ પ્રદેશાર્થ- પણે અસંખ્યાતગુણા છે. સર્વાંશે સકંપ સંખ્યાતપ્રદેશિક સ્કંધો દ્રવ્યાર્થપણે અસંખ્યાત- ગુણા છે. અને તેજ સ્કંધો પ્રદેશાર્થપણે સંખ્યાતગુણા છે. સર્વાંશે સકંપ પરમાણુપુદ્ગલો દ્રવ્યાર્થ-અપ્રદેશાર્થપણે અસંખ્યાતગુણા છે. અંશતઃ સકંપ સંખ્યાત પ્રદેશિક સ્કંધો દ્રવ્યાર્થપણે અસંખ્યાતગુણા છે. અને તેજ સ્કંધો પ્રદેશાર્થપણે સંખ્યાતગુણા છે. અંશતઃ સકંપ અસંખ્યાતપ્રદેશિક સ્કંધો દ્રવ્યાર્થપણે અસંખ્યાતગુણા છે. અને તેજ સ્કંધો પ્રદેશાર્થપણે અસંખ્યાતગુણા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નિષ્કંપ પરમાણુપુદ્ગલો દ્રવ્યાર્થ-અપ્રદેશાર્થપણે અસંખ્યાતગુણા છે. સંખ્યાત પ્રદેશિક નિષ્કંપ સ્કંધો દ્રવ્યાર્થપણે સંખ્યાતગુણા અને તેજ સ્કંધો પ્રદેશાર્થપણે સંખ્યાત ગુણા છે. અસંખ્યાત પ્રદેશિક નિષ્કંપ સ્કંધો દ્રવ્યાર્થપણે અસંખ્યાતગુણા છે. અને તેજ સ્કંધો પ્રદેશાર્થપણે અસંખ્યાતગુણા છે.

[૮૯૨] હે ભગવન્ ! ધર્માસ્તિકાયના મધ્ય પ્રદેશો કેટલા કહ્યા છે ? અધર્માસ્તિ કાયના મધ્ય પ્રદેશો, આકાશાસ્તિકાયના મધ્ય એજ પ્રમાણે જાણવું. જીવાસ્તિકાયના આઠ મધ્ય પ્રદેશોકહ્યાછે.હેભગવન્!જીવાસ્તિકાયનાએઆઠમધ્યપ્રદેશો આકાશાસ્તિ કાયનાકેટલા પ્રદેશોમાં સમાઇ શકે?હે ગૌતમ ! તે જઘન્ય એક, બે, ત્રણ, ચાર, પાંચ, અને છ પ્રદેશમાં સમાય તથા ઉત્કૃષ્ટ આઠ પ્રદેશમાં સમાય, પણ સાત પ્રદેશમાં ન સમાય.

## -: શતક-૨૫ ઉદ્દેશક-૫ :-

[૮૯૩] હે ભગવન્ ! પર્યવો કેટલા પ્રકારના કહ્યા છે ? બે પ્રકારના જીવપર્યયો અને અજીવપર્યવો. અહિં પ્રજ્ઞાપનાસૂત્રનું પર્યવપદ કહેવું.

[૮૯૪] હે ભગવન્ ! આવલિકા સંખ્યાત સમયરૂપ છે, અસંખ્યાતા સમયરૂપ છે કે અનંત સમયરૂપ છે ? હે ગૌતમ ! અસંખ્યાત સમયરૂપ છે. હે ભગવન્ ! આનપ્રાણ-શ્વાસોચ્છ્વાસ એ શું સંખ્યાત સમયરૂપ છે-ઇત્યાદિ પ્રશ્ન.ર્વ પ્રમાણે જાણવું. હે ભગવન્ ! સ્તોક સંખ્યાતા સમયરૂપ છે-ઇત્યાદિ પ્રશ્ન. એજ પ્રમાણે જાણવું. અને એ પ્રમાણે લવ, મુહૂર્ત,અહોરાત્ર,પક્ષ,માસ, ઋતુ, અયન, સંવત્સર, યુગ, સો વર્ષ, હજાર વર્ષ, લાખ વર્ષ, પૂર્વાંગ, પૂર્વ, ત્રુટિતાંગ, ત્રુટિત, અટટાંગ, અટટ, અવવાંગ, અવવ, હૂહૂકાંગ, હૂહૂક, ઉત્પ લાંગ, ઉત્પલ, પદ્માંગ, પદ્મ, નલિનાંગ, નલિન, અચ્છનિપૂરાંગ, અચ્છનિપૂર, અયુતાંગ, અયુત, નયુતાંગ, નયૂત પ્રયુતાંગ, પ્રયુત, ચૂલિકાંગ, ચૂલિકા, શીર્ષપ્ર- હેલિકાંગ, શીર્ષ પ્રહેલિકા, પલ્યોપમ, સાગરોપમ, અવસર્પિણી ને ઉત્સર્પિણીના સમયો સંબંધે પણ જાણવું. પુદ્ગલપરિવર્ત એ શું સંખ્યાત સમયરૂપ છે, અસંખ્યાત સમયરૂપ છે કે અનંત સમયરૂપ છે ? હે ગૌતમ ! અનંત સમયરૂપ છે. એ પ્રમાણે ભૂતકાળ, ભવિષ્યકાળ તથા સર્વકાળ વિષે પણ જાણવું.આવલિકાઓ સંખ્યાતા સમયરૂપ નથી, પણ કદાચ અસંખ્યાતા સમયરૂપ હોય, અને કદાચ અનંત સમયરૂપ હોય. હે ભગવન્ ! આનપ્રાણો શું સંખ્યાતા સમયરૂપ છે-ઇત્યાદિ પ્રશ્ન. પૂર્વ પ્રમાણે જાણવું. અને એ પ્રમાણે યાવત્-અવસર્પિણીઓ સુધી જાણવું. પુદ્ગલપરિવર્તો સંખ્યાતા સમયરૂપ નથી, અસંખ્યાતા સમયરૂપ નથી, પણ અનંત સમયરૂપ છે. હે ભગવન્ ! આનપ્રાણ એ શું સંખ્યાતી આવલિકીરૂપે છે-ઇત્યાદિ પ્રશ્ન. સંખ્યાતી આવલિકારૂપ છે, એ પ્રમાણે સ્તોક યાવત્-શીર્ષપ્રહેલિકા સુધી પણ એમ જાણવું.

હે ભગવન્ ! પલ્યોપમ શું સંખ્યાતી આવલિકારૂપ છે-ઇત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! તે અસંખ્યાતી આવલિકારૂપ છે. એ પ્રમાણે સાગરોપમ, અવસર્પિણી અને ઉત્સર્પિણી સંબંધે પણ જાણવું. પુદ્ગલપરિવર્ત અનંત આલલિકારૂપ છે. એ પ્રમાણે યાવત્-સર્વાદ્ધા સુધી જાણવું. હે ભગવન્ ! આનપ્રાણો શું સંખ્યાતી આવલિકા- રૂપ છે-ઇત્યાદિ પ્રશ્ન. તે કદાચ સંખ્યાતી આવલિકારૂપ હોય, કદાચ અસંખ્યાતી આવલિકારૂપ પણ હોય અને કદાચ અનંત આવલિકારૂપ પણ હોય. એ પ્રમાણે યાવત્-શીર્ષપ્રહેલિકા સુધી જાણવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પલ્યોપમો તે સંખ્યાતી આવલિકારૂપ નથી, પણ કદાચ અસંખ્યાતી અને કદાચ અનંત આવલિકારૂપ છે. એ પ્રમાણે યાવત્-ઉત્સર્પિણીઓ સુધી જાણવું. હે ભગવન્ ! પુદ્ગલ પરિવર્તો શું સંખ્યાતી આવલિકારૂપ છે-ઈત્યાદિ પ્રશ્ન. અનંત આવલિકારૂપ છે. સ્તોક શું સંખ્યાતા આનપ્રાણરૂપ છે કે અસંખ્યાતા આનપ્રાણરૂપ છે-ત્યાદિ પ્રશ્ન. આવલિકા ની જેમ આનપ્રાણ સંબંધે પણ જાણવું. એ પ્રમાણે એ પૂર્વોક્ત ગમ-પાઠવડે યાવત્-શીર્ષપ્રહેલિકા સુધી સમજવું. હે ભગવન્ ! સાગરોપમ શું સંખ્યાતા પલ્યોપમરૂપ છે-ઈત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! તે સંખ્યાતા પલ્યોપમરૂપ છે, એ પ્રમાણે અવસર્પિણી અને ઉત્સર્પિણી સંબન્ધે પણ જાણવું.

હે ભગવન્ ! પુદ્ગલપરિવર્ત શું સંખ્યાતા પલ્યોપમરૂપ છે-ઈત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! અનંત પલ્યોપમરૂપ છે. એ પ્રમાણે યાવત્-સર્વાદ્ધા સુધી જાણવું. સાગરોપમનો કદાચ સંખ્યાતા પલ્યોપમરૂપ હોય છે, કદાચ અસંખ્યાતા પલ્યોપમરૂપ હોય છે અને કદાચ અનંત પલ્યોપમરૂપ પણ હોય છે. એ પ્રમાણે યાવત્-અવસર્પિણી તથા ઉત્સર્પિણી સંબંધે પણ જાણવું. હે ભગવન્ ! પુદ્ગલપરિવર્તો શું સંખ્યાતા પલ્યોપમરૂપ છે-ઈત્યાદિ પ્રશ્ન. તે અનંત પલ્યોપમરૂપ છે. હે ભગવન્ ! અવસર્પિણી શું સંખ્યાતા સાગરોપમો છે-ઈત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! પલ્યોપમની જેમ સાગરોપમની પણ વક્તવ્યતા કહેવી. હે ભગવન્ ! પુદ્ગલપરિવર્ત શું સંખ્યાતી ઉત્સર્પિણી અને અવસર્પિણીરૂપ છે-ઈત્યાદિ પ્રશ્ન. તે અનંત ઉત્સર્પિણી અને અવસર્પિણીરૂપ છે. એ પ્રમાણે યાવત્-સર્વાદ્ધા સુધી જાણવું. પુદ્ગલપરિવર્તો હે ગૌતમ ! તે અનંત ઉત્સર્પિણીઓ અને અવસર્પિણીઓ છે. હે ભગવન્ ! અતીતાદ્ધા-ભૂતકાળ એ શું સંખ્યાતા પુદ્ગલપરિવર્તો છે-ઈત્યાદિ પ્રશ્ન. તે અનંત પુદ્ગલપરિવર્તો છે. એ પ્રમાણે અનાગત કાળ અને સર્વાદ્ધા વિષે પણ જાણવું.

[૮૯૫] હે ભગવન્ ! અનાગતાદ્ધા-ભવિષ્યકાળ શું સંખ્યાતા અતીતાદ્ધારૂપ છે, અસંખ્યાતા અતીતાદ્ધારૂપ છે કે અનંત તીતાદ્ધારૂપ છે ? હે ગૌતમ ! ભવિષ્યકાળ અતીતાદ્ધા-ભૂતકાળથી અનાગતાદ્ધા-ભવિષ્યકાળ એક સમય અધિક છે અને ભવિષ્ય કાળ કરતાં ભૂતકાળ એક સમય ન્યૂન છે.અતીતાદ્ધા-ભૂતકાળ કરતાં સર્વાદ્ધા કાંઈક અધિક બમણો છે, અને અતીતાદ્ધા-ભૂતકાળ સર્વાદ્ધા કરતાં કાંઈક ન્યૂન અર્ધભાગરૂપ છે. ભવિષ્યકાળ કરતાં સર્વાદ્ધા કાંઈક ન્યૂન બમણો છે, અને અનાગતાદ્ધા સર્વાદ્ધા કરતાં કાંઈક અધિક અરધો છે.

[૮૯૬] હે ભગવન્ ! નિગોદો કેટલા પ્રકારના કહ્યા છે ? હે ગૌતમ ! બે પ્રકારના-નિગોદો અને નિગોદજીવો. નિગોદો બે પ્રકારના સૂક્ષ્મનિગોદ અને બાદરનિગોદ. એ પ્રમાણે જીવાભિગમ સૂત્રમાં કહ્યા પ્રમાણે બધા નિગોદો કહેવા.

[૮૯૭] હે ભગવન્ ! નામ-ભાવ કેટલા પ્રકારનું કહ્યું છે ? હે ગૌતમ ! નામ-ભાવ છ પ્રકારનું કહ્યું છે. તે આ પ્રમાણે-ઔદયિક, યાવત્-સાંનિપાતિક. હે ભગવન્ ! ઔદયિક નામ-ભાવ કેટલા પ્રકારનું છે ? હે ગૌતમ ! બે પ્રકારનું ઉદય ઉદયનિષ્પન્ન. એ પ્રમાણે બધું સત્તરમા શતકના પ્રથમ ઉદ્દેશકમાં ભાવ સંબન્ધે કહ્યું છે તે પ્રમાણે અહિં પણ કહેવું. પણ તેમાં વિશેષ પ્રમાણે છે-ત્યાં ભાવ સંબન્ધે કહ્યું છે અને અહીં નામ સંબંધે યાવત્-સંનિપાતિક સુધી કહેવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

-: શતક-૨૫ ઉદ્દેશક ૬ :-

[૮૯૮-૯૦૦] છત્રીશ વિષયો છે- પ્રજ્ઞાપન, વેદ, રાગ, કલ્પ, ચારિત્ર; પ્રતિસેવના, જ્ઞાન, તીર્થ, લિંગ, શરીર, ક્ષેત્ર, કાળ, ગતિ, સંયમ, નિકાશ- યોગ, ઉપયોગ, કષાય, લેશ્યા, પરિણામ, બન્ધ, વેદ- ઉદીરણા, ઉપસંપદ્-સંજ્ઞા, આહાર, ભવ, આકર્ષ, કાળ માન, અન્તર, સમુદ્ઘાત, ક્ષેત્ર સ્પર્શના, ભાવ, પરિમાણ, અને અલ્પબહુત્વ.

[૯૦૧] ભગવન્ ! નિર્ગ્રન્થો કેટલા કહ્યા છે ? પાંચ પ્રકારના પુલાક, બકુશ, કુશીલ, નિર્ગ્રન્થ અને સ્નાતક. પુલાકના પાંચ પ્રકાર જ્ઞાનપુલાક, દર્શનપુલાક, ચારિત્ર પુલાક, લિંગપુલાક અને યથાસૂક્ષ્મપુલાક. બકુશના પાંચ પ્રકાર આભોગબકુશ, અનાભોગબકુશ,સંવૃતબકુશ, અસંવૃતબકુશ અને પાંચમો યથાસૂક્ષ્મ- બકુશ. કુશીલના બે પ્રકાર પ્રતિસેવનાકુશીલ અને કષાયકુશીલ. પ્રતિસેવનાકુશીલના પાંચ પ્રકાર જ્ઞાન પ્રતિસેવનાકુશીલ, યથાસૂક્ષ્મપ્રતિસેવનાકુશીલ.

હે ભગવન્ ! કષાયકુશીલના કેટલા પ્રકાર કહ્યા છે ? પાંચ પ્રકાર-જ્ઞાનકષાય કુશીલ, યથાસૂક્ષ્મકષાયકુશીલ. નિર્ગ્રંથના પાંચ પ્રકાર પ્રથમસમયવર્તીનિર્ગ્રંથ, અપ્રથમ સમયવર્તી નિર્ગ્રંથ, ચરમસમયવર્તીનિર્ગ્રંથ, અચરમસમવયવર્તી નિર્ગ્રંથ અને પાંચમો યથાસૂક્ષ્મ નિર્ગ્રંથ. સ્નાતકના પાંચ પ્રકાર-અચ્છવી અશબલ- અકર્માંશ સંશુદ્ધ જ્ઞાન અને દર્શનને ધરનાર- પાંચમો અપરિસ્રાવી. હે ભગવન્ ! શું પુલાક નિર્ગ્રંથ વેદસહિત છે કે વેદરહિત છે ? વેદસહિત છે, તે સ્ત્રીવેદવાળો નથી, પણ પુરુષવેદવાળો અને પુરુષનપુંસકવેદવાળો છે.

બકુશ તે સ્ત્રીવેદવાળો, પુરુષવેદવાળો અને પુરુષન- પુંસકવેદવાળો હોય છે. એ પ્રમાણે પ્રતિસેવનાકુશીલ પણ જાણવો. કષાયકુશીલ વેદસહિત પણ હોય અને વેદરહિત પણ હોય. હે ભગવન્ તે ઉપશાંતવેદવાળો પણ હોય અને ક્ષીણવેદવાળો પણ હોય. તેને બકુશની પેઠે ત્રણે વેદ હોય. નિર્ગ્રંથ વેદસહિત નથી, પણ વેદરહિત છે. હે ગૌતમ ! તે ઉપશાંતવેદ પણ હોય અને ક્ષીણવેદ પણ હોય. સ્નાતક નિર્ગ્રંથની પેઠે વેદરહિત હોય. પણ વિશેષ એ કે, સ્નાતક ઉપશાંતવેદ ન હોય, પણ ક્ષીણવેદ હોય.

[૯૦૨] હે ભગવન્ ! શું પુલાક રાગસહિત હોય કે વીતરાગ હોય ? હે ગૌતમ ! પુલાક રાગસહિત હોય, એ પ્રમાણે યાવત્-કષાયકુશીલ સુધી જાણવું. નિર્ગ્રંથ તે સરાગ નથી, પણ વીતરાગ હોય છે. હે ગૌતમ ! તે ઉપશાંતકષાય વીતરાગ હોય અને ક્ષીણકષાય વીતરાગ પણ હોય. એ પ્રમાણે સ્નાતક પણ જાણવો. વિશેષ એ કે સ્નાતક ઉપશાંત કષાય વીતરાગ ન હોય, પણ ક્ષીણકષાય વીતરાગ હોય.

[૯૦૩] હે ભગવન્ ! શું પુલાક સ્થિતિકલ્પમાં હોય કે અસ્થિતકલ્પમાં હોય ? હે ગૌતમ ! તે સ્થિતકલ્પમાં પણ હોય અને અસ્થિતકલ્પમાં પણ હોય. એ પ્રમાણે યાવત્-સ્નાતક સુધી જાણવું. પુલાક જિનકલ્પમાં ન હોય, કલ્પાતીત ન હોય, પણ સ્થવિરકલ્પમાં હોય. બકુશ જિનકલ્પમાં હોય અને સ્થવિરકલ્પમાં હોય, પણ કલ્પાતીત ન હોય. એ પ્રમાણે પ્રતિસેવનાકુશીલ વિષે પણ સમજવું. કષાયકુશીલ જિનકલ્પમાં હોય, સ્થવિર કલ્પમાં હોય, અને કલ્પાતીત પણ હોય.નિર્ગ્રંથ જિનકલ્પમાં અને સ્થવિરકલ્પમાં ન હોય, પણ કલ્પાતીત હોય. એ પ્રમાણે સ્નાતક સંબંધે પણ જાણવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૯૦૪] હે ભગવન્ ! શું પુલાક સામાયિક સંયમમાં હોય, છેદોપસ્થાનીય સંયમ-માં હોય, પરિહારવિશુદ્ધ સંયમમાં હોય, સૂક્ષ્મસંપરાય સંયમમાં હોય કે યથાખ્યાત સંયમમાં હોય ? હે ગૌતમ ! તે સામાયિક સંયમમાં અને છેદોપસ્થાપનીય સંયમમાં હોય, એ પ્રમાણે બકુશ અને પ્રતિસેવનાકુશીલ પણ સમજવો. કષાયકુશીલ કયા સંયમમાં હોય?સામાયિકસંયમ, અનેયાવત્-સૂક્ષ્મસંપરાયસંયમમાંહોય,પણયથાખ્યાત સંયમ માં ન હોય. નિર્ગ્રંથ યથાખ્યાત સંયમમાં હોય. એ પ્રમાણે સ્નાતક વિષે પણ સમજવું.

[૯૦૫] હે ભગવન્ ! શું પુલાક ચારિત્રી પ્રતિસેવક (સંયમવિરાધક) હોય કે અપ્રતિસેવક સંયમારાધક હોય ? હે ગૌતમ ! તે પ્રતિસેવક હોય, પણ અપ્રતિસેવક ન હોય. તે મૂલગુણનો પ્રતિસેવક-વિરાધક હોય અને ઉત્તરગુણનો પણ પ્રતિસેવક હોય. મૂલગુણની વિરાધના કરતો પાંચ આસ્રવોમાંના કોઈ પણ આસ્રવને સેવે. તથા ઉત્તર ગુણની વિરાધના કરતો દશ પ્રકારના પ્રત્યાખ્યાનમાંથી કોઈ એક પ્રત્યાખ્યાનને વિરાધે. બકુશ વિરાધક હોય, પણ અવિરાધક ન હોય. તે મૂલગુણનો વિરાધક ન હોય, પણ ઉત્તરગુણનો વિરાધક હોય. ઉત્તરગુણને વિરાધતો દશ પ્રકારના પ્રત્યાખ્યાનમાંથી કોઈ એક પ્રત્યાખ્યાનને વિરાધે. પુલાકની પેઠે પ્રતિસેવનાકુશીલ પણ જાણવો. કષાય કુશીલ વિરાધક ન હોય, પણ આરાધક હોય. એ પ્રમાણે નિર્ગ્રંથ અને સ્નાતક વિષેપણ સમજવું.

[૯૦૬] હે ભગવન્ ! પુલાક કેટલા જ્ઞાનોમાં વર્તે ? હે ગૌતમ ! બે જ્ઞાનોમાં હોય કે ત્રણ જ્ઞાનોમાં હોય. એ પ્રમાણે બકુશ અને પ્રતિસેવનાકુશીલ પણ જાણવો. કષાયકુશીલ બે જ્ઞાનોમાં હોય, ત્રણ જ્ઞાનોમાં હોય, અથવા ચાર જ્ઞાનોમાં પણ હોય. જ્યારે તે બે જ્ઞાનોમાં હોય ત્યારે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનમાં હોય. જ્યારે તે ત્રણ જ્ઞાનમાં હોય ત્યારે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાનમાં હોય, અથવા મતિ, શ્રુત અને મનઃપર્યવ જ્ઞાનમાં હોય. અને જ્યારે તે ચાર જ્ઞાનમાં હોય ત્યારે મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવ જ્ઞાનમાં હોય. એ પ્રમાણે નિર્ગ્રંથવિષે પણ જાણવું.સ્નાતક એક કેવલજ્ઞાનમાં હોય.

[૯૦૭] હે ભગવન્ ! પુલાક કેટલું શ્રુત ભણે ? હે ગૌતમ ! પુલાક જઘન્ય નવમા પૂર્વની ત્રીજી આચાર વસ્તુ સુધી ભણે અને ઉત્કૃષ્ટ સંપૂર્ણ નવ પૂર્વોને ભણે. બકુશ જઘન્ય આઠ પ્રવચન માતા સુધી અને ઉત્કૃષ્ટ દશ પૂર્વો ભણે. એ પ્રમાણે પ્રતિસેવનાકુશીલ પણ જાણવો. કષાયકુશીલ જઘન્ય આઠ પ્રવચન માતા ભણે અને ઉત્કૃષ્ટ ચૌદ પૂર્વો ભણે. એ પ્રમાણે નિર્ગ્રંથ વિષે પણ જાણવું. સ્નાતક શ્રુતરહિત હોય.

[૯૦૮]હે ભગવન્!શું પુલાક તીર્થમાં હોય કે તીર્થના અભાવમાં હોય? હે ગૌતમ ! તે તીર્થમાં હોય, પણ તીર્થના અભાવમાં ન હોય. એ પ્રમાણે બકુશ અને પ્રતિસેવના-કુશીલ પણ જાણવો. કષાયકુશીલ તીર્થમાં હોય અને અતીર્થમાં પણ હોય. તે તીર્થંકર પણ હોય કે પ્રત્યેકબુદ્ધ પણ હોય. એ પ્રમાણે નિર્ગ્રંથ અને સ્નાતક વિષે પણ જાણવું.

[૯૦૯] હે ભગવન્ ! શું પુલાક સ્વલિંગમાં હોય, અન્યલિંગમાં હોય કે ગૃહસ્થ લિંગમાં હોય ? હે ગૌતમ ! હોય ભાવલિંગને આશ્રયી અવશ્ય સ્વલિંગમાં હોય. એ પ્રમાણે યાવત્ સ્નાતક સુધી જાણવું.

[૯૧૦] હે ભગવન્ ! પુલાક કેટલા શરીરોમાં હોય ? હે ગૌતમ ! ઔદારિક, તૈજસ અને કાર્મણ-એ ત્રણ શરીરોમાં હોય. બકુશ ત્રણ શરીર કે ચાર શરીરમાં હોય. ઔદારિક, તૈજસ અને કાર્મણ શરીરમાં અથવા ઔદારિક, વૈક્રિય, તૈજસ અને કાર્મણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શરીરમાં હોય. એ પ્રમાણે પ્રતિસેવનાકુશીલ પણ જાણવો. કષાયકુશીલ ત્રણ, ચાર કે પાંચ શરીરમાં હોય. અથવા ઔદારિક, તૈજસ અને કાર્મણ ઔદારિક વૈક્રિય, તૈજસ અને કાર્મણ ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ શરીરમાં હોય. નિર્ગ્રંથ અને સ્નાતકને પુલાકની પેઠે જાણવા.

[૯૧૧] હે ભગવન્ ! શું પુલાક કર્મભૂમિમાં હોય કે અકર્મભૂમિમાં હોય ? હે ગૌતમ ! જન્મ અને સદ્ભાવને અપેક્ષી કર્મભૂમિમાં હોય, બકુશ જન્મ અને સદ્ભાવને આશ્રયી કર્મભૂમિમાં હોય, અને સંહરણને અપેક્ષી કર્મભૂમિમાં પણ હોય અને અકર્મ ભૂમિમાં પણ હોય. એ પ્રમાણે યાવત્-સ્નાતક સુધી જાણવું.

[૯૧૨] હે ભગવન્ ! શું પુલાક અવસર્પિણી કાળમાં હોય, ઉત્સર્પિણી કાળમાં હોય કે નોઆઅવસર્પિણી-નોઉત્સર્પિણી કાળે હોય ? હે ગૌતમ ! ત્રણે માં હે ગૌતમ ! જન્મની અપેક્ષાએ પુલાવ- અવસર્પિણી કાળે સુષમસુષમા અને સુષમા કાળે ન હોય, પણ સુષમદુઃષમા કાળે હોય, દુઃષમસુષમા કાળે હોય, દુઃષમા કાળે ન હોય અને દુઃષમ દુઃષમા કાળે પણ ન હોય. તથા સદ્ભાવની અપે- ક્ષાએ સુષમ- દુઃષમા કાળે હોય, દુઃષમ સુષમાકાળે હોય ને દુઃષમા કાળે હોય. ઉત્સર્પિણી કાળે જન્મને આશ્રયી દુઃષમા કાળે હોય, દુઃષમસુષમા કાળે હોય, સુષમદુઃષમા કાળે હોય,સદ્ભાવને આશ્રયી દુઃષમ સુષમા કાળે હોય, સુષમદુઃષમા કાળે હોય,

જો તે (પુલાકો) નોઉત્સર્પિણી-નોઅવસર્પિણી કાળે હોય તો હે ગૌતમ ! જન્મ અને સદ્ભાવને આશ્રયી સુષમસુષમા સમાન કાળને વિષે ન હોય, સુષમાસમાન કાળે ન હોય, સુષમદુઃષમાસમાન કાળે ન હોય, પણ દુઃષમસુષમાસમાન કાળે હોય.બકુશ અવસર્પિણી કાળે હોય, ઉત્સર્પિણી કાળે હોય, પણ નોઉત્સર્પિણી-નોઅવસર્પિણી કાળે ન હોય. તે બકુશ અવસર્પિણી કાળે જન્મ અને સદ્ભાવને અપેક્ષી સુષમદુઃષમા કાળે હોય, દુઃષમસુષમા કાળે હોય કે દુઃષમાકાળે હોય, સંહરણને અપેક્ષી કોઈ પણ હોય. બકુશ ઉત્સર્પિણી કાળે જન્મને આશ્રયી બધું પુલાકની પેઠે જાણવું. સદ્ભાવને આશ્રયી પણ પુલાકની પેઠે જાણવું.સંહરણને અપેક્ષી કોઈ પણ કાળે હોય. બકુશ નોઅવસર્પિણી-નોઉત્સર્પિણી કાળે જન્મ અને સદ્ભાવને આશ્રયી પુલાકની પેઠે જાણવું,સંહરણને અપેક્ષી કોઈ પણ કાળે હોય. નીજેમ બકુશ પ્રતિસેવનાકુશીલ અને કષાયકુશીલ જાણવો. નિર્ગ્રંથ અને સ્નાતક પણ પુલાકની પેઠે સમજવા. વિશેષ એ નિર્ગ્રંથ અને સ્નાતક સંહરણને આશ્રયી સર્વ કાળે હોય.

[૯૧૩] હે ભગવન્ ! પુલાક મરણ પામીને કઈ ગતિમાં જાય ? હે ગૌતમ ! દેવગતિમાં જાય. દેવગતિમાં વૈમાનિકમાં ઉત્પન્ન થતો પુલાક જઘન્યથી સૌધર્મ કલ્પમાં અને ઉત્કૃષ્ટ સહસ્રાર કલ્પમાં ઉત્પન્ન થાય. બકુશ વિષે પણ એજ પ્રમાણે જાણવું. વિશેષ એ કે તે ઉત્કૃષ્ટ અચ્યુત કલ્પમાં ઉત્પન્ન થાય. બકુશની પેઠે પ્રતિસેવનાકુશીલ વિષે પણ સમજવું. અને પુલાકની પેઠે કષાયકુશીલને પણ જાણવું. વિશેષ એ કે, કષાયકુશીલ ઉત્કૃષ્ટ અનુત્તરવિમાનમાં ઉત્પન્ન થાય. ને પણ નિર્ગ્રંથ એ પ્રમાણે જાણવું. યાવત્-વૈમાનિકોમાં ઉત્પન્ન થતો જઘન્ય અને ઉત્કૃષ્ટ સિવાય એક અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થાય. સ્નાતક એક સિદ્ધગતિમાં જાય.

દેવોમાં ઉત્પન્ન થતો પુલાક હે ગૌતમ ! અવિરાધનાને આશ્રયી ઈંદ્રપણે ઉત્પન્ન

થાય, સામાનિકપણે ઉત્પન્ન થાય, ત્રાયસ્ત્રિંશકદેવપણે ઉત્પન્ન થાય અને લોકપાલપણે ઉત્પન્ન થાય, પણ અહમિંદ્રપણે ન ઉત્પન્ન થાય. અને વિરાધના કરીને ભવનપતિ વગેરે કોઈ પણ દેવમાં ઉત્પન્ન થાય. એ પ્રમાણે બકુશ અને પ્રતિસેવનાકુશીલ જાણવો. કષાય કુશીલ સંયમની વિરાધના ન કરી હોય તો તે ઈંદ્રપણે, યાવત્-અહમિંદ્રપણે ઉત્પન્ન થાય, અને સંયમ વિરાધના કરી હોય તો તે ભવનપતિ વગેરે કોઈ પણ દેવમાં ઉત્પન્ન થાય. નિર્ગ્રંથ સંયમની અવિરાધનાને આશ્રયી અહમિંદ્રપણે થાય, સંયમની વિરાધનાને આશ્રયી ભવનવાસી વગેરે કોઈ પણ દેવપણે ઉત્પન્ન થાય. હે ભગવન્ ! દેવલોકમાં ઉત્પન્ન થતા પુલાકની કેટલા કાળ સુધીની કહી છે ? હે ગૌતમ ! જઘન્ય પલ્યોપમ પૃથકત્વ અને ઉત્કૃષ્ટ અઢાર સાગરોપમની. બકુશની જઘન્ય બેથી નવ પલ્યોપમ સુધી ની અને ઉત્કૃષ્ટ બાવીસ સાગરોપમ સુધીની સ્થિતિ કહી છે. એ પ્રમાણે પ્રતિસેવના કુશીલ વિષે પણ સમજવું. કષાય- કુશીલની જઘન્ય બેથી નવ પલ્યોપમ સુધીની અને ઉત્કૃષ્ટ તેત્રીશ સાગપરોપમની સ્થિતિ કહી છે. નિર્ગ્રંથનીજઘન્ય અને ઉત્કૃષ્ટ સિવાય તેત્રીશ સાગરોપમની સ્થિતિ કહી છે.

[૯૧૪] હે ભગવન્ ! પુલાકને કેટલાં સંયમસ્થાનો કહેલાં છે ? હે ગૌતમ ! અસંખ્યાતા સંયમસ્થાનો કહ્યાં છે. એ પ્રમાણે યાવત્-કષાયકુશીલ સુધી જાણવું. નિર્ગ્રંથને કેટલાં સંયમસ્થાનો જઘન્ય અને ઉત્કૃષ્ટ સિવાય એક સંયમસ્થાન કહ્યું છે. એ પ્રમાણે સ્નાતક વિષે પણ જાણવું. હે ભગવન્ ! એ પૂર્વોક્ત પુલાક, બકુશ, પ્રતિસેવના કુશીલ, કષાયકુશીલ, નિર્ગ્રંથ અને સ્નાતકના સંયમ- સ્થાનોમાં ક્યાં કોનાથી યાવત્-વિશેષાધિક છે ? હે ગૌતમ ! નિર્ગ્રંથ અને સ્નાતકને સર્વ કરતાં અલ્પ જઘન્ય અનુત્કૃષ્ટ એકજ સંયમસ્થાન છે. તેથી પુલાકને અસંખ્યાતગુણાં સંયમસ્થાનો છે. તેથી બકુશને અસંખ્યાતગુણાં સંયમસ્થાનો છે. તેથી પ્રતિસેવના- કુશીલને અસંખ્યાતગુણાં સંયમ સ્થાનો છે. તેથી કષાયકુશીલને અસંખ્યાતગુણાં સંયમસ્થાનો છે.

[૯૧૫] હે ભગવન્ ! પુલાકને કેટલા ચારિત્રપર્યવો હોય ? અનન્ત ચારિત્રપર્યવો. એ પ્રમાણે યાવત્-સ્નાતક સુધી જાણવું. હે ભગવન્ ! પુલાક સ્વસ્થાનસંનિકર્ષ-પોતાના સજાતીય ચારિત્રપર્યાયોની અપેક્ષાએ શું હીન હોય,તુલ્ય હોયકેઅધિકહોય?હે ગૌતમ ! કદાચ હીન હોય, કદાચ તુલ્ય હોય, અને કદાચ અધિક હોય. જો હીન હોય તો અનંત-ભાગ હીન હોય, અસંખ્યભાગ હીન હોય, સંખ્યાતભાગ હીન હોય, સંખ્યાતગુણ હીન હોય, અસંખ્યાતગુણ હીન હોય અને અનંતગુણ હીન હોય. જો અધિક હોય તો અનંત-ભાગ અધિક હોય, અસંખ્યભાગ અધિક હોય, સંખ્યાતભાગ અધિક હોય, સંખ્યાત-ગુણ અધિક હોય, અસંખ્યાતગુણ અધિક હોય અને અનંતગુણ અધિક હોય. હે ભગ-વન્!પુલાક (પોતાના ચારિત્રપર્યયોવડે) બકુશના પરસ્થાનસંનિકર્ષ-વિજાતીય ચારિત્ર-પર્યાયોની અપેક્ષાએ શું હીન છે, તુલ્ય છે કે અધિક છે ? હે ગૌતમ ! હીન છે, પણ તુલ્ય કે અધિક નથી, અને તે અનંતગુણ હીન છે. એ પ્રમાણે પ્રતિસેવનાકુશીલના ચારિત્ર- પર્યા-યની અપેક્ષાએ પુલાક અનન્તગુણ હીન છે. પુલાક જેમ સ્વસ્થાન-સજાતીય પર્યાયની અપેક્ષાએ છ સ્થાનપતિત કહ્યો છે તેમ કષાયકુશીલની સાથે પણ છ સ્થાનપતિત જાણવો. બકુશની પેઠે નિર્ગ્રંથની સાથે જાણવું. એમ સ્નાતકની સાથે પણ સમજવું.

હે ભગવન્ ! બકુશ પુલાકના પરસ્થાન-વિજાતીય ચારિત્રપર્યાયની અપેક્ષાએ શું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હીન છે, તુલ્ય છે કે અધિક છે ? હે ગૌતમ !અધિક છે, અને તે અનંતગુણ અધિક છે. બકુશ પુલાકના પસ્થાન અધિક છે, અને તે અનંતગુણ અધિક છે. બકુશ બકુશના સજાતીય ચારિત્રપર્યાયને આશ્રયી કદાચ હીન હોય, કદાચ તુલ્ય હોય, અને કદાચ અધિક હોય. જો હીન હોય તો તે છસ્થાનક પતિત હોય. બકુશ પ્રતિસેવનાકુશીલના વિજાતીય ચારિત્રપર્યવોથી શું હીન છે ? હા ગૌતમ ! છસ્થાનકપતિત હોય. એ પ્રમાણે કષાયકુશીલની અપેક્ષાએ પણ જાણવું. બકુશ નિર્ગ્રંથના વિજાતીય ચારિત્રપર્યાયની અપેક્ષાએ હીન છે, અને તે અનંતગુણ હીન છે. એ પ્રમાણે સ્નાતકની અપેક્ષાએ પણ સમજવું. તથા પ્રતિસેવનાકુશીલને એજ પ્રમાણે બકુશની વક્તવ્યતા કહેવી. કષાયકુશીલને એજ પ્રમાણે જાણવું. પરન્તુ પુલાકની અપેક્ષાએ કષાયકુશીલ છસ્થાનપતિત હોય છે.

નિર્ગ્રંથ પુલાકના પરસ્થાનસંનિકર્ષ હે ગૌતમ ! તે હીન નથી, તુલ્ય નથી પણ અધિક છે, અને તે અનંતગુણ અધિક છે. એ પ્રમાણે યાવત્-કષાયકુશીલના સંબંધની અપેક્ષાએ પણ જાણવું.નિર્ગ્રંથ નિર્ગ્રંથના સજાતીય ચારિત્રપર્યવોથી તુલ્ય છે. એ પ્રમાણે સ્નાતકની અપેક્ષાએ પણ સમજવું.સ્નાતક પુલાકના વિજાતીય ચારિત્રપર્યવોથી જેમ નિર્ગ્રંથ સંબન્ધે વક્તવ્યતા કહી તેમ સ્નાતક સંબન્ધે પણ કહેવી. હે ગૌતમ ! પુલાક અને કષાયકુશીલના જઘન્ય ચારિત્રપર્યવો પરસ્પર તુલ્ય છે અને તેથી થોડા છે. તેથી પુલાકના ઉત્કૃષ્ટ ચારિત્રપર્યવો અનંતગુણ છે. તેથી બકુશ અને પ્રતિસેવનાકુશીલના જઘન્ય ચારિત્રપર્યવો અનંતગુણ અને પરસ્પર તુલ્ય છે. તેથી બકુશના ઉત્કૃષ્ટ ચારિત્ર પર્યવો અનંતગુણ છે. તેથી પ્રતિસેવનાકુશીલના ઉત્કૃષ્ટ ચારિત્રપર્યવો અનંતગુણ છે. તેથી કષાયકુશીલના ઉત્કૃષ્ટ ચારિત્રપર્યવો અનંતગુણ છે. તેથી નિર્ગ્રંથ અને સ્નાતક બન્નેના અજઘન્ય તથા અનુત્કૃષ્ટ ચારિત્રપર્યવો અનંતગુણ અને પરસ્પર તુલ્ય છે.

[૯૧૬] હે ભગવન્ ! પુલાક સયોગી હોય કે અયોગી હોય ? હે ગૌતમ ! સયોગી હોય, હે ગૌતમ ! તે મનયોગી હોય, વચનયોગી હોય અને કાયયોગી પણ હોય. એ પ્રમાણે યાવત્-નિર્ગ્રંથ સુધી જાણવું. સ્નાતક તે સયોગી પણ હોય અને અયોગી પણ હોય.જો તે સયોગી હોય તોબધું પુલાકની પેઠે જાણવું.

[૯૧૭] હે ભગવન્ ! શું પુલાક સાકાર ઉપયોગવાળો છે કે અનાકાર ? હે ગૌતમ ! તે બંને છે. એ પ્રમાણે યાવત્-સ્નાતક સુધી જાણવું.

[૯૧૮] હે ભગવન્ ! પુલાક સકષાયી હોય કે કષાય રહિત હોય ? હે ગૌતમ ! તે સકષાયી હોય, તેને ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાય હોય. એ પ્રમાણે બકુશ તથા પ્રતિસેવનાકુશીલ પણ જાણવો. કષાયકુશીલ તે કષાયવાળો હોય, તેને ચાર, ત્રણ, બે અને એક કષાય હોય. જો તેને ચાર કષાયો હોય તો સંજ્વલન ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાય હોય. જો તેને ત્રણ કષાયો હોય તો સંજ્વલન માન, માયા અને લોભ એ ત્રણ કષાય હોય. યાવત્એક કષાય હોય તો એક સંજ્વલન લોભ હોય. નિર્ગ્રંથ તે કષાયવાળો ન હોય, તે ઉપશાંતકષાય હોય અને ક્ષીણકષાય પણ હોય. એ પ્રમાણે સ્નાતક સંબન્ધે પણ સમજવું. પરન્તુ સ્નાતક ક્ષીણકષાય જ હોય.

[૯૧૯] હે ભગવન્ ! શું પુલાક લેશ્યાવાળો હોય કે લેશ્યારહિત હોય ? હે ગૌતમ ! લેશ્યાવાળો હોય, તેને ત્રણ વિશુદ્ધ લેશ્યા હોય. તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા. એ પ્રમાણે બકુશ તથા પ્રતિસેવનાકુશીલસંબન્ધે પણ સમજવું. કષાયકુશીલ લેશ્યા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાળો તે લેશ્યાવાળો હોય, તેને છ લેશ્યા હોય. તે આ પ્રમાણે-કૃષ્ણલેશ્યા યાવત્- શુક્લ લેશ્યા.નિર્ગ્રંથ લેશ્યાવાળો હોય, તેને એક શુક્લલેશ્યા હોય. સ્નાતક લેશ્યાવાળો હોય અને લેશ્યારહિત પણ હોય. જો તે લેશ્યાવાળો હોય તો તેને એક પરમશુક્લ લેશ્યા હોય.

[૯૨૦] હે ભગવન્ ! પુલાક વધતા પરિણામવાળો હોય, ઘટતા પરિણામવાળો હોય કે સ્થિર પરિણામવાળો હોય ? હે ગૌતમ ! ત્રણે હોય એ પ્રમાણે યાવત્-કષાયકુશીલ સુધી જાણવું.નિર્ગ્રંથ તે વધતા પરિણામવાળો હોય, સ્થિરપરિણામવાળો હોય,એ પ્રમાણે સ્નાતક સંબન્ધે પણ જાણવું. હે ભગવન્ ! પુલાક કેટલા કાળ સુધી વધતા પરિ ણામવાળો હોય ? હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત સુધી પુલાક જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત સુધી હીયમાનપરિણામવાળો હોય. કેટલા કાળ સુધી સ્થિર પરિણામવાળો હોય ? હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ સાત સમય સુધી સ્થિર પરિણામવાળો હોય. એ પ્રમાણે યાવત્-કષાયકુશીલ સંબન્ધે પણ સમજવું.નિર્ગ્રંથજઘન્યઅને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત સુધી વધતા પરિણામવાળો હોય. જઘન્ય એક સમય સુધી અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત સુધી સ્થિર પરિણામવાળો હોય. સ્નાતક જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત સુધી વધતા પરિણામ- વાળો હોય. સ્નાતક જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ કાંઈક ન્યૂન પૂર્વકોટી વર્ષ સુધી તે સ્થિર પરિણામવાળો હોય.

[૯૨૧] હે ભગવન્ ! પુલાક કેટલી કર્મપ્રકૃતિઓને બાંધે ? હે ગૌતમ ! તે એક આયુષ સિવાયની સાત કર્મપ્રકૃતિઓને બાંધે.બકુશ સાત કે આઠ કર્મપ્રકૃતિઓને બાંધે. જો સાત કર્મને બાંધે તો આયુષ સિવાયના સાત કર્મને બાંધે, અને જો આઠ પ્રકૃતિઓ બાંધે તો સંપૂર્ણ આઠ પ્રકૃતિઓ બાંધે. એ પ્રમાણે પ્રતિસેવનાકુશીલ પણ જાણવો. કષાય- કુશીલ સાત આઠ કે છ કર્મપ્રકૃતિઓને બાંધે, જો સાતને બાંધે તો આયુષ સિવાયની સાત બાંધે, તો પ્રતિપૂર્ણ આઠ પ્રકૃતિઓને બાંધે, અને છને બાંધે તો આયુષ અને મોહનીય સિવાયની છ કર્મપ્રકૃતિઓને બાંધે. નિર્ગ્રંથ માત્ર એક વેદનીય કર્મને બાંધે. સ્નાતક એક કર્મપ્રકૃતિને બાંધે, અથવા ન બાંધે. જો એકને બાંધે તો એક-વેદનીયકર્મને બાંધે.

[૯૨૨] હે ભગવન્ ! પુલાક કેટલી કર્મપ્રકૃતિને વેદે-અનુભવે ? હે ગૌતમ ! તે અવશ્ય આઠે કર્મપ્રકૃતિઓને વેદે. એ પ્રમાણે યાવત્-કષાયકુશીલ સંબન્ધે જાણવું. નિર્ગ્રંથ મોહનીય સિવાયની સાત કર્મપ્રકૃતિઓને વેદે.સ્નાતક વેદનીય, આયુષ, નામ અને ગોત્ર-એ ચાર કર્મપ્રકૃતિઓને વેદે.

[૯૨૩] હે ભગવન્ ! પુલાક કેટલી કર્મપ્રકૃતિઓને ઉદીરે ? હે ગૌતમ ! આયુષ અને વેદનીય સિવાય છ કર્મપ્રકૃતિઓને ઉદીરે. બકુશ સાત, આઠ કે છ કર્મપ્રકૃતિઓને ઉદીરે. જો તે સાતને ઉદીરે તો આયુષ સિવાયની સાત કર્મપ્રકૃતિઓને ઉદીરે, જો આઠ પ્રકૃતિઓને ઉદીરે તો સંપૂર્ણ આઠે કર્મપ્રકૃતિઓને ઉદીરે, અને જો છને ઉદીરે તો આયુષ અને વેદનીય સિવાયની છ કર્મપ્રકૃતિઓને ઉદીરે. પ્રતિસેવનાકુશીલ પણ એજ પ્રમાણે સમજવો. કષાયકુશીલ સાત, આઠ, છ કે પાંચ કર્મપ્રકૃતિઓને ઉદીરે. સાતને ઉદીરતો આયુષ સિવાયની સાત કર્મપ્રકૃતિઓને ઉદીરે, આઠને ઉદીરતો સંપૂર્ણ આઠ કર્મપ્રકૃતિ ઓને ઉદીરે, છને ઉદીરતો આયુષ અને વેદનીય સિવાયની છ પ્રકૃતિઓને ઉદીરે, અને પાંચને ઉદીરતો આયુષ, વેદનીય તથા મોહનીય સિવાયની પાંચ કર્મપ્રકૃતિઓને ઉદીરે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નિર્ગ્રંથ પાંચ કે બે કર્મપ્રકૃતિઓને ઉદીરે. પાંચને ઉદીરતો આયુષ, વેદનીય અને મોહનીય સિવાયની પાંચ કર્મપ્રકૃતિઓને ઉદીરે, અને બેને ઉદીરતો નામ અને ગોત્ર એ બે કર્મપ્રકૃતિઓ ઉદીરે.સ્નાતક બે કર્મને ઉદીરે અથવા ન ઉદીરે. બે ને ઉદીરેતો નામ અને ગોત્ર કર્મને ઉદીરે છે.

[૯૨૪] હે ભગવન્ ! પુલાક પુલાકપણાનો ત્યાગ કરતો શેનો ત્યાગ કરે અને શું પ્રાપ્ત કરે ? હે ગૌતમ ! પુલાકપણાનો ત્યાગ કરે અને કષાયકુશીલપણું પામે કે અસંયતપણું પામે. બકુશ બકુશપણાને છોડતો બકુશપણું છોડે અને પ્રતિસેવાકુશીલપણું, કષાયકુશીલપણું, અસંયમ કે સંયમાસંયમને પામે. પ્રતિસેવનાકુશીલ પ્રતિસેવનાકુશીલપણું છોડે અને બકુશપણું, કષાયકુશીલપણું, અસંયમ કે સંયમાસંયમ પામે. કષાય કુશીલ કષાયકુશીલપણું છોડતો કષાયકુશીલપણું છોડે અને પુલાકપણું, બકુશપણું, પ્રતિસેવનાકુશીલપણું, નિર્ગ્રંથપણું, અસંયમ કે સંયમાસંયમને પામે. નિર્ગ્રંથ નિર્ગ્રંથપણું છોડતો નિર્ગ્રંથપણું છોડે અને કષાયકુશીલપણું, સ્નાતકપણું કે અસંયમ પામે.સ્નાતક સ્નાતકપણું છોડતો સ્નાતકપણું છોડે અને સિદ્ધગતિને પામે.

[૯૨૫] હે ભગવન્ ! પુલાક સંજ્ઞોપયુક્ત છે કે નોસંજ્ઞોપયુક્ત છે ? હે ગૌતમ ! સંજ્ઞોપયુક્ત નથી, પણ નોસંજ્ઞોપયુક્ત છે. બકુશ સંજ્ઞોપયુક્ત છે અને નોસંજ્ઞોપયુક્ત પણ છે. એ પ્રમાણે પ્રતિસેવનાકુશીલ અને કષાય- કુશીલ પણ જાણવા. સ્નાતક અને નિર્ગ્રંથ પુલાકની પેઠે જાણવા.

[૯૨૬] હે ભગવન્ ! શું પુલાક આહારક હોય કે અનાહારક હોય ? હે ગૌતમ ! આહારક હોય, પણ અનાહારક ન હોય. એ પ્રમાણે યાવત્-નિર્ગ્રંથ સુધી જાણવું. સ્નાતક આહારક પણ હોય અને અનાહારક પણ હોય.

[૯૨૭] હે ભગવન્ ! પુલાકને કેટલાં ભવગ્રહણ થાય ? હે ગૌતમ ! જઘન્ય એક અને ઉત્કૃષ્ટ ત્રણ ભવગ્રહણ થાય. બકુશને જઘન્ય એક ઉત્કૃષ્ટ આઠ એ પ્રમાણે પ્રતિસેવનાકુશીલ અને કષાયકુશીલ સંબન્ધે પણ જાણવું. તથા પુલાકની પેઠે નિર્ગ્રંથને પણ જાણવો.

[૯૨૭] હે ભગવન્ ! સ્નાતકને કેટલાં ભવગ્રહણ થાય ? હે ગૌતમ એક ભવગ્રહણ થાય. હે ભગવન્ ! પુલાકને એક ભવમાં કેટલા આકર્ષ (ચારિત્રપ્રાપ્તિ) કહેલા છે ? હે ગૌતમ ! જઘન્ય એક અને ઉત્કૃષ્ટ ત્રણ આકર્ષ થાય. બકુશને એક ભવમાં જઘન્ય એક અને ઉત્કૃષ્ટ શતપૃથકત્વ આકર્ષ થાય. એ પ્રમાણે પ્રતિસેવનાકુશીલ અને કષાયકુશીલ સંબન્ધે પણ જાણવું.નિર્ગ્રન્થને જઘન્ય એક અને ઉત્કૃષ્ટ બે આકર્ષ થાય. સ્નાતકને એક ભવમાં એક આકર્ષ થાય.

[૯૨૮] હે ભગવન્ ! પુલાકને અનેક ભવમાં કેટલા આકર્ષ થાય ? હે ગૌતમ ! તેને જઘન્ય બે અને ઉત્કૃષ્ટ સાત આકર્ષ થાય.બકુશને અનેક ભવમાં જઘન્ય બે અને ઉત્કૃષ્ટ બે હજારથી નવ હજાર સુધી આકર્ષ હોય. એ પ્રમાણે યાવત્-કષાયકુશીલ સંબંધે પણ જાણવું. નિર્ગ્રંથને અનેક ભવમાં જઘન્ય બે અને ઉત્કૃષ્ટ પાંચ આકર્ષ થાય. સ્નાતકને અનેક ભવમાં એક પણ આકર્ષ ન થાય.

[૯૨૯] હે ભગવન્ ! પુલાક કાળની અપેક્ષાએ કેટલા કાળ સુધી રહે ? હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત સુધી રહે. બકુશ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ કંઈક

જૈન સાઈટ JAINSITE.com

ન્યૂન પૂર્વકોટિ વર્ષ સુધી રહે. એ પ્રમાણે પ્રતિસેવનાકુશીલ અને કશાયકુશીલ વિષે પણ સમજવું. નિર્ગ્રંથ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ કંઈક ન્યૂન પૂર્વકોટિ વર્ષ સુધી રહે. પુલાકો તેઓ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત સુધી રહે. બકુશો તેઓ સર્વ કાળ રહે. એ પ્રમાણે યાવત્-કષાયકુશીલો સુધી જાણવું. નિર્ગ્રંથો પુલાકોની પેઠે જાણવા, અને સ્નાતકો બકુશોની પેઠે જાણવા.

[૯૩૦] હે ભગવન્ ! પુલાકને કેટલા કાળ સુધીનું અંતર હોય ? હે ગૌતમ ! જઘન્ય અંતર્મૂહૂર્ત અને ઉત્કૃષ્ટ અનંત કાળનું અંતર હોય. કાળથી અનંત અવસર્પિણી-ઉત્સર્પિણીનું, અને ક્ષેત્રથી કંઈક ન્યૂન અપાર્ધ પુદ્ગલપરાવર્તનું અંતર હોય છે. એ પ્રમાણે યાવત્-નિર્ગ્રંથ સુધી જાણવું. સ્નાતકને અંતર નથી. પુલાકોને જઘન્ય એક સમય, અને ઉત્કૃષ્ટ સંખ્યાતા વર્ષોનું અંતર હોય. બકુશોને અંતર નથી. એ પ્રમાણે યાવત્-કષાય કુશીલો સુધી જાણવું. નિર્ગ્રંથોને જઘન્ય એક સમય, અને ઉત્કૃષ્ટ છ માસનું અંતર હોય. સ્નાતકો બકુશોની પેઠે જાણવા.

[૯૩૧] હે ભગવન્ ! પુલાકને કેટલા સમુદ્ઘાતો કહ્યા છે ? હે ગૌતમ ! ત્રણ વેદનાસમુદ્ઘાત, કષાયસમુદ્ઘાત અને મારણાંતિકસમુદ્ઘાત. બકુશને પાંચ સમુદ્ઘાતો કહ્યા છે, વેદનાસમુદ્ઘાત અને યાવત્-તૈજસમુદ્ઘાત. એ પ્રમાણે પ્રતિસેવના કુશીલ-ને પણ જાણવું. કષાયકુશીલને છ સમુદ્ઘાતો કહ્યા છે. વેદનાસમુદ્ઘાતો અને યાવત્-આહારકસમુદ્ઘાત. નિર્ગ્રંથને એક પણ સમુદ્ઘાત નથી. સ્નાતકને એક કેવલી સમુદ યાત હોય.

[૯૩૨] હે ભગવન્ ! પુલાક લોકના સંખ્યાતમા ભાગમાં રહે, અસંખ્યાતમા ભાગમાં રહે, સંખ્યાતા ભાગોમાં રહે, અસંખ્યાતા ભાગોમાં રહે કે સર્વ લોકમાં રહે ? હે ગૌતમ ! સંખ્યાતામા ભાગમાં ન રહે, સંખ્યાતા ભાગોમાં ન રહે, અસંખ્યાતા ભાગોમાં ન રહે અને આખા લોકમાં પણ ન રહે, કિંતુ લોકના અસંખ્યાતમા ભાગમાં રહે. એ પ્રમાણે યાવત્-નિર્ગ્રંથ સુધી સમજવું.સ્નાતક અસંખ્યાતમા ભાગમાં રહે, અસંખ્યાત ભાગોમાં રહે અને સંપૂર્ણ લોકમાં પણ રહે.

[૯૩૩] હે ભગવન્ ! શું પુલાક લોકના સંખ્યાતમા ભાગને સ્પર્શે કે અસંખ્યાતમા ભાગને સ્પર્શે ? જેમ અવગાહના કહી તેમ સ્પર્શના પણ જાણવી. એ પ્રમાણે યાવત્-સ્નાતક સુધી સમજવું.

[૯૩૪] હે ભગવન્ ! પુલાક કયા ભાવમાં હોય ? હે ગૌતમ ! ક્ષાયોપશમિક ભાવમાં હોય. એ પ્રમાણે યાવત્ કષાયકુશીલ સુધી જાણવું. નિર્ગ્રંથ તે ઔપશમિક કે ક્ષાયિક ભાવમાં પણ હોય. સ્નાતક તે ક્ષાયિક ભાવમાં હોય.

[૯૩૫] હે ભગવન્ ! એક સમયે કેટલા પુલાકો હોય ? હે ગૌતમ ! પ્રતિપદ્યમાન પુલાકને આશ્રયી કદાચ હોય અને કદાચ ન હોય. હોય તો જઘન્ય એક, બે કે ત્રણ હોય, અને ઉત્કૃષ્ટ શતપૃથકત્વ હોય. તથા પૂર્વપ્રતિપન્ન પુલાકોની અપેક્ષાએ કદાચ પુલાકો હોય અને ન હોય. જો હોય તો જઘન્ય એક, બે કે ત્રણ હોય,અને ઉત્કૃષ્ટ સહસ્રપૃથકત્વ એક સમયેબકુશો પ્રતિપદ્યમાન બકુશોને આશ્રયી કદાચ હોય અને કદાચ ન હોય. જો હોય તો જઘન્ય એક, બે અને ત્રણ હોય. તથા ઉત્કૃષ્ટ શતપૃથકત્વ હોય. પૂર્વપ્રતિપન્ન બકુશો જઘન્ય અને ઉત્કૃષ્ટ બે ક્રોડથીનવ ક્રોડ સુધી હોય.એક સમયે કષાયકુશીલો

પ્રતિપદ્યમાન કષાયકુશીલો કદાચ હોય અને કદાચ ન હોય. જો હોય તો જઘન્ય એક, બે અને ત્રણ હોય, અને ઉત્કૃષ્ટ બે હજારથી નવ હજાર સુધી હોય. પૂર્વપ્રતિપન્ન કષાય કુશીલોને આશ્રયી જઘન્ય અને બે ક્રોડથી નવ ક્રોડ સુધી હોય.એક સમયે નિર્ગ્રંથો પ્રતિપદ્યમાન નિર્ગ્રન્થો કદાચ હોય અને કદાચ ન હોય. જો હોય તો જઘન્ય એક બે અને ત્રણ હોય અને ઉત્કૃષ્ટ એકસોને આઠ ક્ષપકશ્રેણિવાળા અને ચોપન ઉપશમ શ્રેણિવાળા મળીને એકસોને બાસઠ હોય. પૂર્વપ્રતિપન્ન નિર્ગ્રંથો કદાચ હોય હોય અને કદાચ ન હોય. જો હોય તો જઘન્ય એક બે કે ત્રણ નિર્ગ્રંથ ઉત્કૃષ્ટ બસોથી નવસો સુધી હોય. એક સમયે સ્નાતકો પ્રતિપદ્યમાન કદાચ હોય અને કદાચ ન હોય. જો હોય તો જઘન્ય એક, બે અને ત્રણ હોય અને ઉત્કૃષ્ટ આઠસો હોય. પૂર્વપ્રતિપન્ન સ્નાતકો જઘન્ય અને ઉત્કૃષ્ટ બે ક્રોડથી નવ ક્રોડ સુધી હોય. પુલાક, બકુશ, પ્રતિસેવનાકુશીલ, કષાયકુશીલ, નિર્ગ્રંથ અને સ્નાતક, એ બધામાં નિર્ગ્રંથો સૌથી થોડા છે, તે કરતાં અનુક્રમે પુલાકો સ્નાતકો બકુશો પ્રતિસેવનાકુશીલોઅને કષાયકુશીલો સંખ્યાતગુણ છે.

## -: શતક-૨૫ ઉદ્દેશક : ૭ :-

[૯૩૬] હે ભગવન્ ! કેટલા સંયતો કહ્યા છે ? હે ગૌતમ ! પાંચ સામાયિકસંયત, છેદોપસ્થાપનીયસંત, પરિહારવિશુદ્ધિસકસંયત, સૂક્ષ્મસંપરાયસંયત અને યથાખ્યાત સંયત.સામાયિકસંયત બે પ્રકારે કહ્યા છે, ઇત્વરિક (અલ્પકાલીક) અને યાવત્કથિક (જીવનપર્યંત).છદોપસ્થાપનીયસંયતના બે પ્રકારે કહ્યા છે, સાતિચાર અને નિરતિ ચાર.પરિહારવિશુદ્ધિક સંયતનબે પ્રકારે નિર્વિશમાનક (તપ કરનાર) અને નિર્વિષ્ટ કાયિક (વૈયાવૃત્ત્ય કરનાર).સૂક્ષ્મસંપરાય સંયત બે પ્રકારે સંક્લિશ્યમાનકઅને વિશુધ્ય માનક (ઉપશમશ્રેણિ કે ક્ષપકશ્રેણિ પર ચઢતો).

[૯૩૭-૯૪૧]હે ભગવન્ ! યથાખ્યાત સંયતના કેટલા પ્રકાર કહ્યા છે ? હે ગૌતમ ! બે છદ્મસ્થ અને કેવળી. સામાયિકસ્વીકાર્યા પછી ચાર મહાવ્રતરૂપ પ્રધાન ધર્મને મન, વચન અને કાયથી ત્રિવિધે જે પાળે તે 'સામાયિકસંયત' કહેવાય. પૂર્વના પર્યાયનો છેદ કરી જે પોતાના આત્માને પાંચ મહાવ્રતરૂપ ધર્મમાં સ્થાપે તે 'છેદોપસ્થાપનીયસંયત' કહેવાય છે. જે પાંચ મહાવ્રતરૂપ અને ઉત્તમોત્તમ ધર્મને ત્રિવિધે પાળતો અમુક પ્રકારનું તપ કરે તે 'પરિહારવિશુદ્ધિકસંયત' કહેવાય છે. જે લોભના અણુઓને વેદતો ચારિત્ર મોહને ઉપશમાવે કે ક્ષય કરે તે 'સૂક્ષ્મસંપરાય'કહેવાય છે અને તે યથાખ્યાતસંયતથી કંઇક ન્યૂન હોય છે. મોહનીય કર્મ ઉપશાન્ત કે ક્ષીણ થયા પછી જે છદ્મસ્થ હોય કે જિન હોય તે 'યથાખ્યાતસંયત' કહેવાય.

[૯૪૨] હે ભગવન્ ! સામાયિક સંયત વેદવાળો હોય કે વેદવિરહિત હોય ? બંને. જો વેદવાળો સામાયિકસંયત હોય તો તેને બધી હકીકત કષાયકુશીલની પેઠે જાણવી. એ પ્રમાણે છેદોપસ્થાપનીય- સંયત પણ સમજવો. પરિહારવિશુદ્ધિક સંયત સંબંધી હકીકત પુલાકની પેઠે જાણવી. સૂક્ષ્મસંપરાય સંયત અને યથાખ્યાત સંયત નિર્ગ્રંથની પેઠે (અવેદક) જાણવા. હે ભગવન્ ! શું સામાયિક સંયત રાગવાળો હોય કે વીતરાગ હોય ? હે ગૌતમ ! તે રાગવાળો હોય, પણ વીતરાગ ન હોય. એ પ્રમાણે સૂક્ષ્મસંપરાય સંયત સંબંધે પણ જાણવું. યથાખ્યાત સંયતને નિર્ગ્રંથની પેઠે જાણવું. સામાયિક સંયત



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્થિતકલ્પમાં પણ હોય અને અસ્થિતકલ્પમાં પણ હોય. શું છેદોપસ્થાપનીય સંયત સ્થિતકલ્પમાં હોય, એ પ્રમાણે પરિહાર- વિશુદ્ધિક સંયતને પણ જાણવું. અને બાકીના બધા સામાયિક સંયતની પેઠે જાણવા. હે ભગવન્ ! શું સામાયિકસંયત જિનકલ્પમાં હોય, સ્થવિરકલ્પમાં હોય કે કલ્પાતીત હોય ? હે ગૌતમ ! તે જિનકલ્પમાં હોય-ઈત્યાદિ બાકી બધું કષાયકુશીલની પેઠે જાણવું. છેદોપસ્થાપનીય અને પરિહારવિશુદ્ધિકની હકીકત બકુશની પેઠે જાણવી અને બાકી બધા નિર્ગ્રંથની પેઠે સમજવા.

[૯૪૩]સામાયિકસંયત પુલાક પણ હોય, બકુશ પણ હોય, યાવત્-કષાયકુશીલ હોય, પણ નિર્ગ્રંથ કે સ્નાતક ન હોય. એ પ્રમાણે છેદોપસ્થાપનીયસંયત સંબંધે પણ જાણવું.પરિહારવિશુદ્ધિકસંયત કષાયકુશીલ હોય. એ પ્રમાણે સૂક્ષ્મસંપરાય સંયત પણ જાણવો. યથાખ્યાત- સંયત નિર્ગ્રંથ હોય અથવા સ્નાતક હોય. હે ભગવન્ ! શું સામાયિકસંયત પ્રતિસેવક-ચારિત્રવિરાધક હોય કે અપ્રતિસેવક ? હે ગૌતમ ! બંને બાકી બધું પુલાકની પેઠે જાણવું. સામાયિકસંયતની પેઠે છેદોપસ્થાપનીય સંયત પણ જાણવો.પરિહારવિશુદ્ધિક સંયતઅપ્રતિસેવક છે. એ પ્રમાણે યાવત્-યથાખ્યાત સંયત સુધી જાણવું.

હે ભગવન્ ! સામાયિકસંયતને કેટલાં જ્ઞાન હોય ? હે ગૌતમ ! તેને બે, ત્રણ કે ચાર જ્ઞાન હોય. એ પ્રમાણે કષાયકુશીલની પેઠે ચાર જ્ઞાન ભજનાએ હોય છે. એ પ્રમાણે યાવત્-સૂક્ષ્મસંપરાય સંયત સુધી જાણવું. તથા જ્ઞાનોદ્દેશકમાં કહ્યા પ્રમાણે યથાખ્યાત સંયતને પાંચ જ્ઞાન ભજનાએ હોય છે. હે ભગવન્ ! સામાયિકસંયત કેટલું શ્રુત ભણે ? હે ગૌતમ ! તે જઘન્ય આઠ પ્રવચનમાતા રૂપ શ્રુતનું અધ્યયન કરે-ઈત્યાદિ બધી હકીકત કષાયકુશીલની પેઠે જાણવી. તથા એજ રીતે છેદોપસ્થાપનીયસંયતને પણ સમજવું. પરિહારવિશુદ્ધિકસંયત જઘન્ય નવમા પૂર્વની ત્રીજી આચારવસ્તુ સુધી, અને ઉત્કૃષ્ટ અપૂર્ણ દસ પૂર્વો ભણે. તથા સૂક્ષ્મસંપરાય સંયત સામાયિકસંયતની પેઠે જાણવો. યથાખ્યાતસંયત જઘન્ય આઠ પ્રવચનમાતા રૂપ ઉત્કૃષ્ટ ચૌદ પૂર્વ ભણે અથવા શ્રુતરહિત (કેવલી) હોય. હે ભગવન્ ! શું સામાયિક સંયત તીર્થમાં હોય કે તીર્થના અભાવમાં હોય ? હે ગૌતમ ! બંનેમાં ઈત્યાદિ બધી હકીકત કષાયકુશીલની પેઠે જાણવી. છેદોપસ્થાપનીય અને પરિહાર- વિશુદ્ધિક પુલાકની પેઠે જાણવા, અને બાકી બધા સામાયિકસંયતની પેઠે જાણવા.

હે ભગવન્ ! શું સામાયિકસંયત સ્વલિંગ-સાધુના લિંગમાં હોય, અન્ય-તાપ સાદિના લિંગમાં હોય કે ગૃહસ્થના લિંગમાં હોય ? તે સંબંધી બધી હકીકત પુલાકની પેઠે જાણવી. એ પ્રમાણે છેદોપસ્થાપનીય સંયત માટે પણ જાણવું. પરિહારવિશુદ્ધિક સંયત તે દ્રવ્યલિંગ અને ભાવલિંગ આશ્રયી સ્વલિંગમાં હોય, બાકી બધું સામાયિકસંયતની પેઠે જાણવું. હે ભગવન્ ! સામાયિક સંયતને ત્રણ, ચાર, કે પાંચ શરીર હોય-ઈત્યાદિ બધું કષાયકુશીલની પેઠે જાણવું. એ પ્રમાણે છેદોપસ્થાપનીય સંયત વિષે પણ જાણવું. બાકીના બધા સંયતો પુલાકની પેઠે સમજવા. સામાયિક સંયત જન્મ અને સદ્ભાવ બન્નેની અપેક્ષાએ કર્મભૂમિમાં થાય, ઈત્યાદિ બધું બકુશની પેઠે જાણવું. એ રીતે છેદોપસ્થાપનીય સંયતને પણ સમજવું. પરિહારવિશુદ્ધિકને પુલાકની પેઠે જાણવું અને બાકી બધા સંયતો સામાયિકસંયતની પેઠે જાણવા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૯૪૪] હે ભગવન્ ! શું સામાયિકસંયત ઉત્સર્પિણીકાળે થાય, અવસર્પિણીકાળે થાય કે નોઉત્સર્પિણી-નોઅવસર્પિણીકાળે થાય ? હે ગૌતમ ! તે ઉત્સર્પિણીકાળે થાય-ઈત્યાદિ બધું બકુશની પેઠે જાણવું. એ પ્રમાણે છેદોપસ્થાપનીય સંયત પણ જાણવો. પણ વિશેષ એ કે જન્મ અને સદ્ભાવની અપેક્ષાએ ચારે પરિભાગમાં સમાન કાળે ન હોય. અને સંહરણની અપેક્ષાએ ચારમાંથી કોઈ પણ એક પરિભાગમાં હોય. બાકી બધું પૂર્વે કહ્યા પ્રમાણે જાણવું. પરિહારવિશુદ્ધિક સંયતઅવસર્પિણી અને ઉત્સર્પિણીકાળે પણ હોય,જો તે અવસર્પિણી કે ઉત્સર્પિણીકાળે હોય તો, તે સંબંધે પુલાકની પેઠે સમજવું. સૂક્ષ્મસંપરાય સંયત નિર્ગ્રંથની પેઠેજાણવો. એ પ્રમાણે યથાખ્યાત સંયત પણ જાણવો.

[૯૪૫] હે ભગવન્ ! સામાયિકસંયત કાળગત થયા પછી કઇ ગતિમાં જાય ? હે ગૌતમ ! દેવગતિમાં જાય. દેવગતિમાં જતો સામાયિકસંયતભવનવાસીમાં ન ઉત્પન્ન થાય-ઈત્યાદિ બધી વક્તવ્યતા કષાયકુશીલની પેઠે જાણવી. એ પ્રમાણે છેદોપસ્થાપનીય સંયત સંબંધે પણ જાણવું. પરિહારવિશુદ્ધિક સંયત પુલાકની પેઠે અને સૂક્ષ્મસંપરાય નિર્ગ્રંથની પેઠેજાણવા. યથાખ્યાત સંયત અનુત્તરવિમાનમાં ઉત્પન્ન થાય અને કેટલાક તો સિદ્ધ થાય યાવત્-સર્વ દુઃખનો અન્ત કરનાર થાય.સામાયિકસંયતની ઉત્પત્તિ સંયમની અવિરાધનાને અપેક્ષી-ઇત્યાદિ બધું કષાયકુશીલની પેઠે જાણવું. છેદોપસ્થાપનીય સંયતને પણ એ પ્રમાણે સમજવું. પુલાકની પેઠે પરિહારવિશુદ્ધિક અને બાકી બધા નિર્ગ્રંથની પેઠે જાણવા. દેવલોકમાં ઉત્પન્ન થતા સામાયિકસંયતની જઘન્ય બે પલ્યોપમની અને ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમની સ્થિતિ કહી છે. એ પ્રમાણે છેદોપસ્થાપનીય સંયત વિષે પણ સમજવું. પરિહારવિશુદ્ધિક સંયતનીદેવીસ્થતિ જઘન્ય બે પલ્યોપમની અને ઉત્કૃષ્ટ અઢાર સાગરોપમની કહી છે. બાકીના બધા સંયતો સંબંધે નિર્ગ્રંથની પેઠે જાણવું.

[૯૪૬]હે ભગવન્ ! સામાયિકસંયતનાં કેટલાં સંયમસ્થાનો કહ્યાં છે ? હે ગૌતમ ! અસંખ્ય સંયમસ્થાનો કહ્યાં છે. એ પ્રમાણે યાવત્-પરિહારવિશુદ્ધિક સુધી જાણવું. સૂક્ષ્મસંપરાયસંયતનાં અસંખ્ય સંયમસ્થાનો છે અને તેની અંતર્મુહૂર્તની સ્થિતિ છે. યથાખ્યાત- સંયતનાં એક સંયમસ્થાન કહ્યું છે. હે ગૌતમ ! યથાખ્યાત સંયતનું અજઘન્ય અનુત્કૃષ્ટ એક સંયમસ્થાન હોવાથી સૌથી અલ્પ છે, તેથી સૂક્ષ્મ- સંપરાય સંયતનાં અંતર્મૂહૂર્ત સુધી રહેનારા સંયમસ્થાનો અસંખ્યગુણાં છે, તેથી પરિ- હારવિશુદ્ધિકનાં સંયમસ્થાનો અસંખ્યગુણાં છે, તેથી સામાયિકસંયત અને છેદો- પસ્થાપનીયસંયતના સંયમસ્થાનો અસંખ્યગુણાં છે અને પરસ્પર સરખાં છે.

[૯૪૭] હે ભગવન્ ! સામાયિકસંયતના કેટલા ચારિત્રપર્યવો કહ્યા છે ? અનંત. એ પ્રમાણે યાવત્-યથાખ્યાતસંયત સુધી જાણવું. સામાયિકસંયત બીજા સામાયિક સંયતના સજાતીય ચારિત્રપર્યાયની અપેક્ષાએ કદાચ હીન હોય, તુલ્ય હોય અને અધિક હોય અને તેમાં-હીનાધિકપણામાં છ સ્થાન પતિત હોય. એક સામાયિકસંયત છેદોપ સ્થાપનીયસંયતના વિજાતીયચારિત્રપર્યાયના સંબન્ધની અપેક્ષાએ કદાચ હીન હોય-ઈત્યાદિ છ સ્થાન પતિત હોય. એ પ્રમાણે પરિહારવિશુદ્ધિક સંબંધે પણ સમજવું.એક સામાયિકસંયત સૂક્ષ્મસંપરાયસંયતના વિજાતીયચારિત્રપર્યાયની અપેક્ષાએ હીન હોય, તુલ્ય ન હોય, તે અધિક પણ ન હોય. તેમાં પણ અનંતગુણ હીન છે. એ પ્રમાણે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યથાખ્યાતસંયત સંબંધે પણ જાણવું. એ પ્રમાણે છેદોપસ્થાપનીય પણ નીચેના ત્રણે ચારિત્રની અપેક્ષાએ છ સ્થાનપતિત છે અને ઉપરના બે ચારિત્રથી તેજ પ્રમાણે અનન્ત ગુણ હીન છે. જેમ છેદોપસ્થાપનીયસંયત વિષે કહ્યું તેમ પરિહારવિશુદ્ધિક સંબંધે પણ જાણવું.

હે ભગવન્ ! સૂક્ષ્મસંપરાયસંયત સામાયિકસંયતના વિજાતીય પર્યાયોની અપેક્ષાએ શું હીન છે- ઈત્યાદિ પૃચ્છા. હે ગૌતમ ! તે હીન નથી, સરખો નથી, પણ અધિક છે અને તે અનંત ગુણ અધિક છે. એ પ્રમાણે છેદોપસ્થાપનીય અને પરિહારવિશુદ્ધિકની સાથે જાણવું. પોતાના સજાતીય પર્યાયની અપેક્ષાએ કદાચ હીન હોય, કદાચ તુલ્ય હોય અને કદાચ અધિક હોય. જો હીન હોય તો અનંતગુણ હીન હોય, જો અધિક હોય તો અનંતગુણ અધિક હોય. સૂક્ષ્મસંપરાયસંયત યથાખ્યાતસંયતના વિજાતીય ચારિત્રપર્યાયોની અપેક્ષાએ હીન છે, અધિક છે. અને તે અનંતગુણ હીન છે. યથાખ્યાત સંયત નીચેના ચારેની અપેક્ષાએહીનનથી,તુલ્ય નથી,પણ અધિક છે અને તે અનંતગુણ અધિક છે. પોતાના સ્થાનમાં હીન અને અધિક નથી પણ સરખા છે. હે ગૌતમ ! સામાયિક સંયત અને છેદોપસ્થાપ- નીય સંયત-એ બન્નેના જઘન્ય ચારિત્રપર્યવો પરસ્પર સરખા અને સૌથી થોડા છે, તેથી પરિહારવિશુદ્ધિક સંયતના જઘન્ય ચારિત્ર પર્યવો અનંત ગુણા છે, અને તેથી તેનાજ ઉત્કૃષ્ટ ચારિત્રપર્યવો અનંત ગુણા છે, તેથી સામાયિક સંયત અને છેદોપસ્થાપનીય સંયતના ઉત્કૃષ્ટ ચારિત્રપર્યવો અનંતગુણા અને પરસ્પર સરખા છે, તેથી સૂક્ષ્મસંપરાય સંયતના જઘન્ય ચારિત્રપર્યવો અનંતગુણા છે અને તેથી તેનાજ ઉત્કૃષ્ટ ચારિત્રપર્યવો અનંતગુણા છે, અને તેથી યથાખ્યાત સંયતના અજઘન્ય અને અનુત્કૃષ્ટ ચારિત્રપર્યવો અનંતગુણા છે. સામાયિક સંયતસયોગી હોય-ઈત્યાદિ બધું પુલાકની પેઠે જાણવું. એ પ્રમાણે યાવત્-સૂક્ષ્મસંપરાય સંયત સંબંધે સમજવું. અને યથાખ્યાત સંયત સંબંધે સ્નાતકની પેઠેજાણવું.

હે ભગવન્ ! શું સામાયિકસંયત સાકાર-જ્ઞાનઉપોયગવાળો હોય કે અનાકાર-દર્શન ઉપયોગવાળો હોય ? હે ગૌતમ ! સાકારઉપયોગવાળો હોય-ઈત્યાદિ બધું પુલાક ની પેઠે જાણવું. એ રીતે યાવત્-યથાખ્યાત સંયત સંબંધે સમજવું. વિશેષ એ કે સૂક્ષ્મ સંપરાય સંયત સાકાર ઉપયોગવાળો હોય, પણ અનાકાર ઉપયોગવાળો ન હોય. સામ ાયિક સંયત તે કષાયવાળો હોય, ઈત્યાદિ કષાયકુશીલની પેઠેજાણવું. એ પ્રમાણે છેદોપ સ્થાપનીય પણ જાણવો. પરિહારવિશુદ્ધિક સંયતને પુલાકની પેઠે જાણવું. સૂક્ષ્મસંપરાય સંયત કષાયવાળો હોય, તેને માત્ર એક સંજ્વલ લોભ હોય. યથાખ્યાત સંયત સંબંધે નિર્ગ્રંથની પેઠે જાણવું. સામાયિક સંયત લેશ્યાસહિત હોય-ઈત્યાદિ બધું કષાયકુશીલની પેઠે જાણવું.છેદોપસ્થાપનીયને પણ એ પ્રમાણે જાણવું.પુલાકની પેઠ પરિહારવિશુદ્ધિકને સમજવું. સૂક્ષ્મસંપરાય સંયત નિર્ગ્રંથની પેઠે જાણવો. અને સ્નાતકની પેઠે યથાખ્યાત સંયત વિષે જાણવું. પરન્તુ જો લેશ્યાસહિત હોય તો તે એક શુક્લલેશ્યાવાળો હોય.

[૯૪૮] હે ભગવન્ ! શું સામાયિક સંયત ચઢતા પરિણામવાળો હોય, હીયમાન કે સ્થિર પરિણામવાળો હોય ? હે ગૌતમ ! તે ચઢતા પરિણામવાળો હોય-ઈત્યાદિ બધું પુલાકની પેઠેજાણવું. એ પ્રમાણે યાવત્-પરિહારવિશુદ્ધિક સંયત સુધી સમજવું. શું સૂક્ષ્મસંપરાયસંયત ચઢતા પરિણાવાળો હોય, પડતા પરિણામવાળો હોય, યથાખ્યાત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંયતને નિર્ગ્રંથની પેઠે જાણવું.સામાયિક સંયત જઘન્ય એક સમય સુધી ચઢતા પરિણામવાળો હોય ઈત્યાદિ બધું પુલાકની પેઠેજાણવું તથા એ પ્રમાણે યાવત્-પરિહાર વિશુદ્ધિક સંબંધે પણ સમજવું.સૂક્ષ્મસંપરાયસંયતજઘન્ય એક સમય સુધી અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત સુધી ચઢતા પરિણામવાળો હોય. તે કેટલા કાળ સુધી પડતા પરિણામવાળો હોય ? પૂર્વની પેઠે જાણવું. યથાખ્યાત સંયત તે જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત સુધી ચઢતા પરિણામવાળો હોય. તે જઘન્ય એક સમય, અને ઉત્કૃષ્ટ અંશતઃ ન્યૂન પૂર્વકોટિ સુધી સ્થિર પરિણામવાળો હોય.

[૯૪૯] હે ભગવન્ ! સામાયિક સંયત કેટલી કર્મપ્રકૃતિઓને બાંધે ? હે ગૌતમ ! તે સાત કે આઠ કર્મ પ્રકૃતિઓને બાંધે-ઈત્યાદિ બધું બકુશની પેઠે જાણવું. એ પ્રમાણે યાવત્-પરિહારવિશુદ્ધિક સંયત સુધી સમજવું.સૂક્ષ્મસંપરાયસંયત આયુષ અને મોહનીય સિવાય છ કર્મપ્રકૃતિઓને બાંધે. યથાખ્યાત સંયત સંબંધે સ્નાતકની પેઠે જાણવું. સામાયિક સંયત અવશ્ય આઠ કર્મપ્રકૃતિઓને વેદે. એ પ્રમાણેયાવત્-સૂક્ષ્મસંપરાય સુધી જાણવું.યથાખ્યાતસંયત સાત કર્મપ્રકૃતિઓને વેદે કે ચાર કર્મપ્રકૃતિઓને વેદે. જ્યારે તે સાત કર્મને વેદતો હોય ત્યારે મોહનીય સિવાયના સાત કર્મને વેદે, અને જ્યારે તે ચાર પ્રકારનાં કર્મને વેદતો હોય ત્યારે વેદનીય, આયુષ, નામ અને ગોત્રને વેદે. સામાયિક સંયત સાત કર્મપ્રકૃતિઓને ઉદીરે-ઈત્યાદિ બધું બકુશની પેઠે જાણવું. યાવત્-પરિહારવિશુદ્ધિક એ પ્રમાણે જાણવો. સૂક્ષ્મસંપરાય છ અથવા પાંચ કર્મપ્રકૃતિઓની ઉદીરણા કરે. જો છ કર્મની ઉદીરણા કરે તો આયુષ અને વેદનીય સિવાય બાકીનાં છ કર્મની ઉદીરણા કરે. જો પાંચ કર્મની ઉદીરણા કરે તો આયુષ, વેદનીય અને મોહનીય કર્મ સિવાય બાકીનાં પાંચ કર્મની ઉદીરણા કરે. યથાખ્યાતસંયત તે પાંચ કે બે કર્મપ્રકૃતિ ઓને ઉદીરે, અથવા કોઈ કર્મની ઉદીરણા ન કરે. જો પાંચ કર્મની ઉદીરણા કરે તો આયુષ, વેદનીય અને મોહનીય કર્મ સિવાય બાકીનાં પાંચ કર્મની ઉદીરણા કરે-ઈત્યાદિ બધું નિર્ગ્રંથની પેઠે જાણવું.

[૯૫૦] હે ભગવન્ ! સામાયિક સંયત સામાયિકસંયતપણાનો ત્યાગ કરતો શું છોડે, શું પ્રાપ્ત કરે ? હે ગૌતમ ! સામાયિકસંયતપણાનો ત્યાગ કરે અને છેદોપસ્થાપનીયસંયતપણું, સૂક્ષ્મસંપરાયસંયતપણું, અસંયમ કે સંયમાસંયમ-દેશવિરતિપણું પ્રાપ્ત કરે. છેદોપસ્થાપનીય સંયત છેદોપસ્થાપનીયસંયતપણાનો ત્યાગ કરે અને સામાયિક સંયતપણું, પરિહારવિશુદ્ધિક સંયતપણું, સૂક્ષ્મસંપરાયસંયતપણું, અસંયમ કે દેશવિરતિપણું પ્રાપ્ત કરે. પરિહારવિશુદ્ધિક પરિહારવિશુદ્ધિકસંયતપણાનો ત્યાગ કરે અને છેદોપસ્થાપનીયસંયતપણું કે અસંયમ પ્રાપ્ત કરે. સૂક્ષ્મસંપરાય સૂક્ષ્મસંપરાય સંયતપણાનો ત્યાગ કરે અને સામાયિક સંયતપણું,છેદોપસ્થાપનીયસંતયપણું, યથાખ્યાતસંયતપણું કે અસંયમ પ્રાપ્ત કરે. યથાખ્યાતસંયત યથાખ્યાતસંયતપણાનો ત્યાગ કરે અને સૂક્ષ્મસંપરાય સંયમ, અસંયમ કે સિદ્ધિગતિને પ્રાપ્ત કરે.

[૯૫૧] હે ભગવન્ ! શું સામાયિક સંયત સંજ્ઞોપયુક્ત હોય કે નોસંજ્ઞોપયુક્ત ? તે સંજ્ઞોપયુક્ત હોય-ઈત્યાદિ બધું બકુશની પેઠે જાણવું. એ પ્રમાણે યાવત્-પરિહાર વિશુદ્ધિક સંયત સુધી જાણવું. સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત સંબન્ધે પુલાકની પેઠે જાણવું.સામાયિક સંયત આહારક હોય કે અનાહારક હોય ? પુલાકની પેઠેજાણવું. એ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રીતે યાવત્-સૂક્ષ્મસંપરાય સુધી સમજવું. યથાખ્યાત સંયત સ્નાતકની પેઠે જાણવો. સામાયિકસંયત જઘન્ય એક ભવ અને ઉત્કૃષ્ટ આઠ ભવગ્રહણ કરે. એ પ્રમાણે છેદો પસ્થાપનીય વિષે પણ જાણવું. પરિહારવિશુદ્ધિક જઘન્ય એક ભવ અને ઉત્કૃષ્ટ ત્રણ ભવગ્રહણ કરે એ પ્રમાણે યાવત્-યથાખ્યાત સંયત સંબંધે જાણવું.

[૯૫૨] હે ભગવન્ ! સામાયિક સંયતને એક ભવમાં ગ્રહણ કરી શકાય તેવા કેટલા આકર્ષ કહ્યા છે જઘન્ય ઈત્યાદિ બધું બકુશની પેઠે સમજવું. હે ભગવન્ ! છેદોપ સ્થાપનીય સંયતનેજઘન્ય એક અને ઉત્કૃષ્ટ વીશપૃથકત્વ આકર્ષ કહ્યા છે. પરિહાર વિશુદ્ધિકને જઘન્ય એક અને ઉત્કૃષ્ટ ત્રણ આકર્ષ કહ્યા છે. સૂક્ષ્મસંપરાયને જઘન્ય એક ઉત્કૃષ્ટ ચાર આકર્ષ કહ્યા છે. યથાખ્યાતને જઘન્ય એક અને ઉત્કૃષ્ટ બે આકર્ષ હોય છે. સામાયિક સંયતને ભવમાં ગ્રહણ કરી શકાય તેવા આકર્ષ ઈત્યાદિ બધું બકુશની પેઠે જાણવું. છેદોપસ્થાપનીય સંયતને જઘન્ય બે અને ઉત્કૃષ્ટ નવસો ઉપર અને હજારની અંદર આકર્ષો કહ્યા છે.પરિહારવિશુદ્ધિકને જઘન્ય બે અને ઉત્કૃષ્ટ સાત, સૂક્ષ્મસં પરાયને જઘન્ય બે અને ઉત્કૃષ્ટ નવ તથા યથાખ્યાતને જઘન્ય બે અને ઉત્કૃષ્ટ પાંચ આકર્ષો કહ્યા છે.

[૯૫૩] હે ભગવન્ ! સામાયિક સંયત કાળથી ક્યાં સુધી હોય ? હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ કાંઈક ઊણા-નવ વરસ ન્યૂન પૂર્વકોટિ વર્ષ સુધી હોય. એ પ્રમાણે છેદોપસ્થાપનીય સંબંધે પણ સમજવું-પરિહારવિશુદ્ધિક જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ કાંઈક ન્યૂન ઓગણત્રીશ વર્ષ ઊણી પૂર્વકોટિ વર્ષ સુધી હોય. સૂક્ષ્મસંપરાય સંબંધે નિર્ગ્રંથની પેઠેજાણવું. યથાખ્યાતને સામાયિક સંયતની જેમ સમજવું. સામાયિક સંયતો સર્વ કાળે હોય. છેદોપસ્થાપનીય સંયતો જઘન્ય અઢીસો વર્ષ સુધી અને ઉત્કૃષ્ટ પચાસલાખ ક્રોડ સાગરોપમ સુધી હોય.પરિહારવિશુદ્ધિક સંયતો જઘન્ય કાંઈક ઊણા બસો વર્ષ સુધી અને ઉત્કૃષ્ટ કાંઈક ન્યૂન બે પૂર્વકોટિ વર્ષ સુધી હોય. સૂક્ષ્મસંપરાય સંયતો જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અંતર્મૂહૂર્ત સુધી હોય. યથાખ્યાત સંયતો સામા યિક સંયતોની પેઠે જાણવા.

હે ભગવન્ ! સામાયિક સંયતને કેટલા કાળનું અંતર હોય ? હે ગૌતમ ! જઘન્ય ઈત્યાદિ બધું પુલાકની પેઠે જાણવું. એ રીતે યાવત્-યથાખ્યાત સંયત સુધી સમજવું. સામાયિક સંયતોને કાળનુંઅંતર નથી. છેદોપસ્થાપનીય સંયતોને જઘન્ય ત્રેસઠ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ અઢાર કોડાકોડિ સાગરોપમનું અંતર હોય છે. પરિહારવિશુદ્ધિક સંયતોને જઘન્ય ચોરાશી હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ અઢાર કોડાકોડી સાગરોપમનું અંતર હોય. સૂક્ષ્મસંપરાયો નિર્ગ્રંથોની પેઠે જાણવા. અને યથાખ્યાત સંયતો સામાયિક સંયતોની જેમ સમજવા.

હે ભગવન્ ! સામાયિક સંયતને કેટલા સમુદ્ઘાતો કહ્યા છે ? હે ગૌતમ ! છ. તે કષાયકુશીલની પેઠે જાણવા. એ પ્રમાણે છેદો- પસ્થાપનીય સંયત સંબંધે પણ સમજવું. પુલાકની પેઠે પરિહારવિશુદ્ધિકને જાણવું. નિર્ગ્રંથની પેઠે સૂક્ષ્મસંપરાય સંબંધે જાણવું, અને સ્નાતકને યથાખ્યાત સંયત સંબંધે પણ સમજવું. સામાયિક સંયત લોકના સંખ્યાતમા ભાગે ન હોય-ઈત્યાદિ પુલાકની પેઠે જાણવું. એ રીતે યાવત્-સૂક્ષ્મસંપરાય સુધી જાણવું. તથા સ્નાતકની પેઠે યથાખ્યાત સંયતને વિષે સમજવું.શું સામાયિક સંયત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લોકના જેટલા ભાગમાં હોય તેટલા ભાગનો સ્પર્શ કરે, સામાયિક સંયત ક્ષાયોપશમિક ભાવમાં હોય. એ રીતે યાવત્-સૂક્ષ્મસંપરાય સુધી જાણવું. યથાખ્યાત સંયતઔપશમિક કે ક્ષાયિક ભાવમાં હોય.

હે ભગવન્ ! સામાયિક સંયતો એક સમયે કેટલા હોય ? હે ગૌતમ ! પ્રતિપદ્યમાન સામાયિક સંયતોની અપેક્ષાએ-ઈત્યાદિ બધું કષાયકુશીલની પેઠે જાણવું. છેદોપસ્થાપનીય સંયતો એક સમયે પ્રતિપદ્યમાનને આશ્રયી છેદોપસ્થાપનીય સંયતો કદાચ હોય અને કદાચ ન હોય. જો હોય તો જઘન્ય એક, બે ત્રણ ઉત્કૃષ્ટ બસોથી નવસો સુધી હોય. પૂર્વપ્રતિપન્નને આશ્રયી જેઓ પૂર્વે છેદોપસ્થાપનીય ચારિત્રને પ્રાપ્ત થયેલા છે તેઓની અપેક્ષાએ-કદાચ હોય અને ન હોય. જો હોય તો જઘન્ય અને ઉત્કૃષ્ટ બસોથી નવસો ક્રોડ સુધી હોય.પરિહારવિશુદ્ધિકો પુલાકોની પેઠેઅનેસૂક્ષ્મસંપરાયોનિર્ગ્રંથોનીપેઠે જાણવા. યથાખ્યાત સંયતો એક સમયે પ્રતિપદ્યમાન યથાખ્યાત સંયતોની અપેક્ષાએ કદાચ હોય અને કદાચ ન હોય. જો હોય તો જઘન્ય એક, બે અને ત્રણ તથા ઉત્કૃષ્ટ એકસો બાસઠ હોય. તેમાં એકસો આઠ ક્ષપકો અને ચોપન ઉપશમકો હોય. પૂર્વપ્રતિપન્નને આશ્રયી જઘન્ય અને ઉત્કૃષ્ટ બે ક્રોડથી નવ ક્રોડ સુધી હોય. હે ગૌતમ ! સૂક્ષ્મસંપરાય સંયતો સૌથી થોડા છે, તેથી પરિહારવિશુદ્ધિક સંયતો સંખ્યાતગુણા છે, તેથી યથાખ્યાત સંયતો તેથી છેદોપસ્થાપનીય સંયતો અને તેથી સામાયિક સંયતો અનુક્રમ સંખ્યાતગુણા છે.

[૯૫૪-૯૫૯] હે ભગવન્ ! પ્રતિસેવના કેટલા પ્રકારની કહી છે ? હે ગૌતમ ! દસ પ્રકારની. દર્પપ્રતિસેવના પ્રમાદથીથતી, અનાભોગથીથતી,આતુરપણાથીથતી, આપદાથીથતી,સંકીર્ણતાથીથતી, સહસાકારથીથતી,ભયથીથતી, પ્રદ્વેષ અને વિમર્શ-શૈક્ષકાદિની પરીક્ષા કરવાથી થતી પ્રતિસેવના આલોચનાના દસ દોષો કહ્યા છે, પ્રસન્ન થયેલા ગુરુ થોડું પ્રાયશ્ચિત્ત આપશે માટે તેને સેવાદિથી પ્રસન્ન કરી તેની પાસે દોષની આલોચના કરવી, તદ્દન નાનો અપરાધ જણાવવાથી આચાર્ય થોડું પ્રાયશ્ચિત્ત આપશે એમ અનુમાન કરી પોતાના અપરાધનું સ્વતઃ આલોચન કરવું, જે અપરાધ આચાર્યાદિકે જોયો હોય તેનું જ આલોચન કરવું, માત્ર મોટા અતિચારોનું જ આલોચન કરવું, જે સૂક્ષ્મ અતિચારોનું આલોચન કરે તે સ્થૂલ અતિચારોનું આલોચન કેમ ન કરે એવો આચાર્યનો વિશ્વાસ ઉત્પન્ન કરવા સૂક્ષ્મ અતિચારોનું જ આલોચન કરવું, ઘણી શરમ આવવાને લીધે પ્રચ્છન્ન આલોચન કરવું, બીજાને સંભળાવવા ખૂબ જોરથી બોલીને આલોચન કરવું, એકજ અતિચારની ઘણા ગુરુ પાસે આલોચના કરવી, અગીતાર્થની પાસે આલોચના કરવી, અને જે દોષનું આલોચન કરવાનું છે તે દોષને સેવનાર આચાર્ય પાસે તેનું આલોચન કરવું. દસ ગુણોથી યુક્ત અનગાર પોતાના દોષની આલોચના કરવાને યોગ્ય છે- ઉત્તમ જાતિ- વાળો, ઉત્તમ કુળવાળો, વિનયવાન્, જ્ઞાનવાન્, દર્શન સંપન્ન ચારિત્રસંપન્ન, ક્ષમાવાળો, દાન્ત અમાયી, સરળ અને અપશ્ચા- ત્તાપી આઠ ગુણોથી યુક્ત સાધુ આલોચના આપવાને યોગ્ય છે- આચારવાન્, આધારવાન્-વ્યવહારવાન્,અપવ્રીડક, પ્રકુર્વક, અપરિસ્રાવી, નિર્યાપક-અપાયદર્શી.

[૯૬૦-૯૬૧] સામાચારી દસ પ્રકારની "ઈચ્છાકાર, મિથ્યાકાર, તથા- કાર, આવશ્યકી, નૈષેધિકી, આપૃચ્છના, પ્રતિપૃચ્છના, છંદના, નિમંત્રણા, ઉપ સંપદા છે."

[૯૬૨] પ્રાયશ્ચિત્તના દસ પ્રકાર કહ્યા છે- આલોચનાને યોગ્ય, પ્રતિક્રમણને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યોગ્ય, આલોચના અને પ્રતિક્રમણ બન્નેને યોગ્ય, વિવેક, કાયોત્સર્ગને યોગ્ય, તપને યોગ્ય, દીક્ષાપર્યાયના છેદને યોગ્ય, મૂળને યોગ્ય-ફરીથી મહાવ્રત લેવા યોગ્ય, અનવસ્થાપ્યાર્હ, પારાંચિક.

[૯૬૩-૯૬૯] તપના બે પ્રકાર છે-બાહ્ય અને અભ્યન્તર. બાહ્ય તપના છ પ્રકાર છે- અનશન, ઊનોદરી,ભિક્ષાચર્યા, રસનો ત્યાગ કરવો, કાયક્લેશ-પ્રતિસંલીનતા અનશનના બે પ્રકાર ઇત્વરિક-યાવત્કથિક ઇત્વરિક અનશન અનેક પ્રકારનું કહ્યું છે, તે આ પ્રમાણે-ચતુર્થ ભક્ત,ષષ્ઠ ભક્ત,અષ્ટમ ભક્ત,દશમ ભક્ત,દ્વાદશ ભક્ત, ચતુર્દશ ભક્ત, અર્ધમાસિક ભક્ત, માસિક ભક્ત, દ્વિમાસિકભક્ત, ત્રિમાસિકભક્ત, યાવત્-ષટ્માસિક ભક્ત યાવત્કથિત અનશનના બે પ્રકાર છે.-પાદપોપગમન અને ભક્તપ્રત્યાખ્યાન. પાદપોપગમનના બે પ્રકાર છે, તે આ પ્રમાણે-નિર્હારિમ અને અનિર્હારિમ. તેમાં અનિર્હારિમ અનશન અવશ્ય સેવાદિ પ્રતિકર્મરહિત છે. ભક્તપ્રત્યાખ્યાનના બે પ્રકાર છે-નિર્હારિમ અને અનિર્હારિમ. તે બન્ને અવશ્ય સેવાદિ પ્રતિકર્મવાળાં છે.

ઊનોદરિકાના બે પ્રકાર છે, -દ્રવ્યઊનોદરિકા અને ભાવઊનોદરિકા. દ્રવ્યઊનોદરિકાના બે પ્રકાર છે, -ઉપકરણદ્રવ્ય-ઊનોદરિકા અને ભક્તપાનદ્રવ્ય- ઊનોદરિકા. ઉપકરણદ્રવ્યઊનોદરિકાના ત્રણ પ્રકારએક વસ્ત્ર, એક પાત્ર, સંયતોએ ત્યાગ કરેલા વસ્ત્ર પાત્ર સિવાયના ઉપકરણોનો ઉપભોગ કરવો. કુકડીના ઈંડા પ્રમાણ આઠ કોળિયા આહાર લે તે અલ્પાહારી કહેવાય અને જે બાર કોળિયા આહાર લે-ઇત્યાદિ બધું સાતમા શતકના પ્રથમ ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે યાવત્-'તે પ્રકામ રસનો ભોજી ન કહેવોય'-ત્યાં સુધી કહેવું. ભાવઊનોદરિકા અનેક પ્રકારની ક્રોધ ઓછો કરવો, યાવત્-લોભ ઓછો કરવો; અલ્પ બોલવું, ધીમે બોલવું, ગુસ્સામાં નિરર્થક બહુ પ્રલાપ ન કરવો, હૃદયસ્થ કોપ ઓછો કરવો.

ભિક્ષાચર્યા અનેક પ્રકારની છે. દ્રવ્યાભિગ્રહચરભિક્ષામાં અમુક ચીજોને જ ગ્રહણ કરવાના નિયમપૂર્વક ભિક્ષા કરે, અમુક ક્ષેત્રના અભિગ્રહ પૂર્વક ભિક્ષા કરે-ઇત્યાદિ જેમ ઔપપાતિક સૂત્રમાં કહ્યું છે તેમ જાણવું.

રસપરિત્યાગના અનેક પ્રકાર છે. ઘૃતાદિ વિકૃતિ (વિગઇ) નો ત્યાગ કરવો, સ્નિગ્ધ રસવાળું ભોજન ન કરવું-ઇત્યાદિ જેમ ઔપપાતિક સૂત્રમાં કહ્યું છે તેમ જાણવું.

કાયક્લેશ અનેક પ્રકારનો છે. કાયોત્સર્ગાદિ આસને રહેવું, ઉત્કટાસને રહેવું-ઇત્યાદિ ઔપપાતિક સૂત્રમાં કહ્યું છે તેમ જાણવું.

પ્રતિસંલીનતા ચાર પ્રકારની ઇન્દ્રિયપ્રતિસંલીનતા, કષાયપ્રતિસંલીનતા, યોગ સંલીનતા, અને વિવિક્તશયનાસનસેવન, ઇંદ્રિયપ્રતિ-સંલીનતાના પાંચ પ્રકાર છે-શ્રોત્રેન્દ્રિયના વિષય પ્રચારને રોકવો કે શ્રોત્રેન્દ્રિદ્વારા પ્રાપ્ત થયેલ વિષયમાં રાગદ્વેષનો નિરોધ કરવો, યાવત્ સ્પર્શનેન્દ્રિયના વિષય પ્રચારનો નિરોધ કરવો અને સ્પર્શનેન્દ્રિય દ્વારા અનુભવેલ પદાર્થોને વિષે રાગદ્વેષનો નિગ્રહ કરવો. કષાયપ્રતિસંલીનતાના ચાર પ્રકાર છે- ક્રોધના ઉદયનો નિરોધ કરવો, અથવા ઉદય પ્રાપ્ત ક્રોધને નિષ્ફળ કરવો. એ પ્રમાણે યાવત્-લોભના ઉદયનો નિરોધ કરવો કે ઉદય પ્રાપ્તલોભને નિષ્ફળ કરવો. યોગસંલીનતાના ત્રણ પ્રકાર છે- અકુશલ મનનો નિરોધ કરવો કુશલ મનની પ્રવૃત્તિ કરવી અને મનને એકાગ્રસ્થિર કરવું. અકુશલ વચનનો નિરોધ કરવો, કુશલ વચન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બોલવું અને વચનને સ્થિર કરવું. સારી રીતે સમાધિપૂર્વક પ્રશાંતથઈ હાથ પગને સંકોચી કાચબાની પેઠે ગુપ્તેન્દ્રિય થઈ આલીન અને પ્રલીન-સ્થિર રહેવું.જે આરામોમાં, ઉદ્યાનોમાં-ઈત્યાદિ સોમિલના ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે યાવત્-શય્યા અને સંથારાને લઈને વિહરે તે વિવિક્ત શય્યાસન.

અભ્યંતર તપ કેટલા પ્રકારનું છે ? હે ગૌતમ ! છ પ્રકારનું છે. પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, ધ્યાન અને વ્યુત્સર્ગ.

પ્રાયશ્ચિત્ત દસ પ્રકારનું -આલોચનાને યોગ્ય અને યાવત્-પારાંચિતકને યોગ્ય.

વિનયના સાત પ્રકાર છે. જ્ઞાનનો વિનય, દર્શનનો વિનય, ચારિત્રવિનય, મનરૂપ વિનય, વચનરૂપ વિનય, કાયરૂપ વિનય અને લોકોપચાર વિનય. જ્ઞાનનો વિનય પાંચ પ્રકારનો છે- આભિનિબોધિક વિનય, યાવત્-કેવલજ્ઞાનનો વિનય. દર્શનનો વિનય બે પ્રકારનો છે. શુશ્રૂષાવિનય અને અનાશાતનારૂપ વિનય. શુશ્રૂષાવનિયના કેટલા પ્રકાર છે ? શુશ્રૂષા વિનય અનેક પ્રકારનો છે. સત્કાર કરવો, સન્માન કરવું વગેરે-ચૌદમા શતકના ત્રીજા ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે અનાશાતના વિનયના પિસ્તાળીશ ભેદ છે. તે આ પ્રમાણે- અરિહંતોની અનાશાતના, અરિહંતોએ કહેલ ધર્મની અનાશાતના, આચાર્યોની, ઉપાધ્યાયોની, સ્થવિરોની, કુળની, ગણની, સંઘની, ક્રિયાની, સમાનધાર્મિકની, મતિજ્ઞાનની અને યાવત્-કેવળ જ્ઞાનની અનાશાતના, અને એજ રીતે અરિહંતાદિ પંદરની ભક્તિ અને બહુમાન, તથા એઓના ગુણોના કીર્તનવડે તેની કીર્તિ કરવી. એ રીતે અનાશાતના વિનયના પિસ્તાળીશ પ્રકાર છે. ચારિત્રવિનય પાંચ પ્રકારનો છે. સામાયિકચારિત્રવિનય, અને યાવત્-યથાખ્યાતચારિત્રવિનય. મનવિનયના બે પ્રકારે -પ્રશસ્તમનવિનય અપ્રશસ્તમનવિનય. પ્રશસ્ત મનવિનયના સાત પ્રકાર છે. પાપરહિત,ક્રોધાદિઅવદ્યરહિત, કાયિક્યાદિક્રિયામાંઆસક્તિરહિત, શોકાદિ ઉપક્લેશ રહિત, આશ્રવરહિત, સ્વપરને આયાસ કરવા રહિત, અને જીવોને ભય ન ઉત્પન્ન કરવો. અપ્રશસ્ત મનવિનયના સાત પ્રકાર છે. પાપરૂપ, અવદ્યવાળો, કાયિક્યાદિ ક્રિયામાં આસક્તિસહિત,શોકાદિઉપકલેશયુક્ત, આશ્રવસહિત, સ્વ-પરને આયાસ ઉત્પન્ન કરનાર અને જીવોને ભય ઉપજાવનાર. વચનવિનયના બે પ્રકાર છે-પ્રશસ્ત વચનવિનય અને અપ્રશસ્ત વચનવિનય. પ્રશસ્ત વચનવિનયમાં સાત પ્રકાર કહ્યા છે. પાપરહિત, અસાવદ્ય, યાવત્-જીવોને ભય ન ઉપજાવવો. અપ્રશસ્ત વચનવિનયના સાત પ્રકાર છે. પાપસહિત, સાવદ્ય અને યાવત્-જીવોને ભય ઉપજાવવો. કાયવિનયમાં બે પ્રકાર છે. પ્રશસ્ત કાયવિનય અને અપ્રશસ્ત કાયવિનય. પ્રશસ્ત કાયવિનયના સાત પ્રકાર છે. તે આ પ્રમાણે- સાવધાનતાપૂર્વક જવું, સાવધાનપૂર્વક સ્થિતિ કરવી, સાવધાનતાપૂર્વક બેસવું, સાવધાનતાપૂર્વક આળોટવું, સાવધાનતાપૂર્વક ઉલ્લંઘન કરવું, સાવધાનતાપૂર્વક વધારે ઉલ્લંઘન કરવું અને સાવધાનપૂર્વક બધી ઈંદ્રિયોની પ્રવૃત્તિ કરવી. અપ્રશસ્તકાયરૂપ વિનયના સાત પ્રકાર છે.સાવધાનતા સિવાય જવું, યાવત્-સાવધાનતા સિવાય બધી ઈંદ્રિયોના પ્રવૃત્તિ કરવી. લોકોપચારવિનયના સાત પ્રકાર છે.ગુર્વાદિ વડિલવર્ગની પાસે રહેવું, તેઓની ઈચ્છાપ્રમાણે વર્તવું, કાર્યની સિદ્ધિ માટે હેતુઓની સવડ કરી આપવી, કરેલા ઉપકારનો બદલો દેવો, રોગીઓની સંભાળ રાખવી, દેશકાલજ્ઞતા-અવસરોચિત પ્રવૃત્તિ કરવી અને સર્વ કાર્યોમાં અનુકૂલપણે વર્તવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વૈયાવૃત્ત્યના દસ પ્રકાર છે.આચાર્યનું વૈયાકૃત્ય, ઉપાધ્યાયનું, સ્થવિરનું, તપસ્વીનું, રોગીનું, શૈક્ષનું, કુલ, ગણ, સંઘનું અને સાધર્મિકનું વૈયાવૃત્ત્ય.

સ્વાધ્યાયના પાંચ પ્રકાર છે.વાચના, પૃચ્છના, પુનરાવર્તન, ચિંતનઅને ધર્મકથા. ધ્યાનના ચાર પ્રકાર છે. આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુક્લધ્યાન. આર્તધ્યાનના ચાર પ્રકાર છે.અનિષ્ટ વસ્તુઓની પ્રાપ્તિ થતાં તેના વિયોગનું ચિન્તન કરવું, ઈષ્ટ વસ્તુઓની પ્રાપ્તિ થતાં તેના અવિયોગનું ચિંતન કરવું, રોગાદિ કષ્ટ પ્રાપ્ત થતાં તેના વિયોગનું ચિંતન કરવું અને પ્રીતિ ઉત્પન્ન કરનાર કામભોગાદિકની પ્રાપ્તિમાં તેના અવિયોગનું ચિંતન કરવું. આર્તધ્યાનનાં ચાર લક્ષણ કહ્યાં છે. આક્રંદન દીનતા, આંસુઓ પાડવા અને વારંવાર ક્લેશયુક્ત બોલવું. રૌદ્રધ્યાનના ચાર પ્રકાર કહ્યા છે. હિંસાનુંબન્ધી, મૃષાનુબન્ધી, સ્તેયાનુબન્ધી અને સંરક્ષણાનુબંધી રૌદ્ર ધ્યાનનાં ચાર લક્ષણ કહ્યાં છે. ઓસન્નદોષ, બહુલદોષ,અજ્ઞાનદોષ, અને આમરણાન્તદોષ ધર્મધ્યાનના ચાર પ્રકાર છે. તે આ પ્રમાણે-આજ્ઞાવિચય, અપાય વિચય, વિપાકવિચય અને સંસ્થાનવિચય ધર્મધ્યાનનાં ચાર લક્ષણો કહ્યાં છે. આજ્ઞા રુચિ, નિસર્ગરુચિ, સૂત્રરુચિ અને અવગાઢરુચિ ધર્મધ્યાનનાં ચાર આલંબનો કહ્યાં છે.વાચના, પ્રતિપૃચ્છના, પરિવર્તના અને ધર્મકથાકરવી. ધર્મધ્યાનની ચાર ભાવનાઓ કહી છે. એકત્વભાવના, અનિત્યભાવના, અશરણભાવના અને સંસારભાવના. શુક્લ ધ્યાનના ચાર પ્રકાર કહ્યા છે. પૃથકત્વવિતર્ક સવિચાર, એકત્વવિતર્ક અવિચાર, સૂક્ષ્મ ક્રિય અનિ- વૃત્તિ અને સમુચ્છિન્નક્રિય અપ્રતિપાતિ. શુક્લધ્યાનનાં ચાર લક્ષણો કહ્યાં છે. ક્ષમા, નિઃસ્પૃહતા, આર્જવ અને માર્દવ શુક્લધ્યાનનાં ચાર આલંબન કહ્યાં છે. અવ્યથા, અસંમોહ, વિવેક અને વ્યુત્સર્ગ શુક્લધ્યાનની ચાર ભાવનાઓ છે, સંસારના અનંતવૃત્તિપણા સંબન્ધે વિચાર, પ્રત્યેક ક્ષણે વસ્તુઓમાં થતા વિપરિણામ સંબંધે વિચાર, સંસારના અશુભ-પણા સંબંધે ચિંતન અને હિંસાદિ જન્ય અનર્થોનો વિચાર.

વ્યુત્સર્ગના બે પ્રકાર છે. દ્રવ્યવ્યુત્સર્ગ અને ભાવવ્યુત્સર્ગ. દ્રવ્યવ્યુત્સર્ગના ચાર પ્રકાર -ગણવ્યુત્સર્ગ, શરીરવ્યુત્સર્ગ, ઉપધિવ્યુત્સર્ગ અને આહાર-પાણીનો વ્યુત્સર્ગ. ભાવવ્યુત્સર્ગના ત્રણ પ્રકાર છે. કષાયવ્યુસ્તસર્ગ, સંસારવ્યુત્સર્ગ અને કર્મવ્યુત્સર્ગ. કષાયવ્યુત્સર્ગના ચાર પ્રકાર છે. -ક્રોધવ્યુત્સર્ગ, યાવત્ લોભવ્યુત્સર્ગ. સંસાર-વ્યુત્સર્ગના ચાર પ્રકાર -નૈરયિકસંસારવ્યુત્સર્ગ, યાવત્-દેવસંસારવ્યુત્સર્ગ. કર્મવ્યુત્સર્ગના આઠ પ્રકાર -જ્ઞાનાવરણીયકર્મવ્યુત્સર્ગ યાવત્અંતરાયકર્મવ્યુત્સર્ગ.

## -: શતક : ૨૫ - ઉદ્દેશક ૮ :-

[૯૭૦] ભગવન્ ! નૈરયિકો કેવી રીતે ઉત્પન્ન થાય છે ? જેમ કોઇ એક કૂદનારો કૂદતો કૂદતો અધ્યવસાય વડે તે સ્થળને તજીને ભવિષ્યમાં આગ- ળના બીજા સ્થાનને મેળવીને વિહરે છે એજ રીતે એ જીવો પણ કૂદનારાની પેઠે કૂદતા અધ્યવસાય-પરિણામ જન્ય ક્રિયાના સાધનથી તે ભવને છોડી દઈને ભવિષ્યમાં મેળવવા યોગ્ય આગળના ભવને મેળવીને વિહરે છે. તે નારકોની ગતિ કેવી શીઘ્ર હોય છે જેમ કોઈ પુરુષ તરુણ અને બલવાન્ હોય-ઈત્યાદિ ચૌદમા શતકના પહેલા ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે જાણવું. યાવત્ તે ત્રણ સમયની વિગ્રહગતિથી ઉત્પન્ન થાય છે, તેમ તે જીવોની તેવી શીઘ્રગતિ છે અને તે

જૈન સાઈટ JAINSITE

પ્રકારે તે જીવોનો શીઘ્ર ગતિવિષય છે. તે જીવો પોતાનાપરિણામરૂપ અને મન વગરેના વ્યાપારરૂપ કર્મબંધના હેતુ-દ્વારા પરભવનું આયુષ બાંધે છે. તે જીવોના આયુષનો ક્ષય થવાથી, તે જીવોના ભવનો ક્ષય થવાથી અને તે જીવોની સ્થિતિનો નાશ થવાથી તે જીવોની ગતિ પ્રવર્તે છે.

હે ભગવન્ ! તે જીવો શું પોતાની ઋદ્ધિથી-શક્તિથી ઉપજે છે કે પારકી ઋદ્ધિથી ઉપજે છે ? હે ગૌતમ ! તે જીવો પોતાની ઋદ્ધિથી ઉપજે છે, પણ પરની ઋદ્ધિથી ઉપજતા નથી. હે ગૌતમ ! તે જીવો પોતાના કર્મથી ઉપજે છે, પણ પારકા કર્મથી નથી ઉપજતા. હે ગૌતમ ! તે જીવો પોતાના પ્રયોગથી ઉપજે છે, પણ પારકા પ્રયોગથી ઉપજતા નથી. હે ગૌતમ ! જેમ નૈરયિક વિષે કહ્યું તેમ બધું અસુરકુમાર સંબંધે પણ જાણવું, યાવત્-'તેઓ પોતાના પ્રયોગથી ઉત્પન્ન થાય છે, પણ પરપ્રયોગથી ઉત્પન્ન થતા નથી.' એ પ્રમાણે એકેંદ્રિય સિવાય યાવત્- વૈમાનિક સુધી બધા જીવો સંબંધે સમજવું. એકેંદ્રિયો વિષે પણ તેજ પ્રકારે જાણવું, માત્ર વિશેષ એ કે, તેઓની વિગ્રહગતિ ચાર સમયની હોય છે.

## -: શતક: ૨૫ ઉદ્દેશક ૯ થી ૧૨ :-

[૯૭૧] હે ભગવન્ ! ભવસિદ્ધિક નૈરયિકો કેવી રીતે ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! 'જેમ કોઈ એક કૂદનારો કૂદતો કૂદતો'- ઇત્યાદિ પૂર્વોક્ત સમજવું. બાકી બધું તે જ રીતે યાવત્-વૈમાનિક સુધી સમજવું. 'હે ભગવન્ ! તે એમજ છે, હે ભગવન્ ! તે એમજ છે.'

[૯૭૨] હે ભગવન્ ! અભવસિદ્ધિક નૈરયિકો કેવી રીતે ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! 'જેમ કોઇ એક કૂદનારો કૂદતો કૂદતો'-ઇત્યાદિ બાકીનું બધું પૂર્વોક્ત જાણવું, અને એ રીતે યાવત્-વૈમાનિક સુધી સમજવું. 'હે ભગવન્ ! તે એમજ છે, હે ભગવન્ ! તે એમજ છે.'

[૯૭૩] હે ભગવન્ ! સમ્યગ્દૃષ્ટિ નૈરયિકો કેવી રીતે ઉપજે ? હે ગૌતમ ! જેમ કોઈ કૂદનાર કૂદતો કૂદતો-ઇત્યાદિ બાકીનું બધું પૂર્વોક્ત જાણવું. એ પ્રમાણે એકેન્દ્રિય સિવાય યાવત્-વૈમાનિક સુધી જાણવું. 'હે ભગવન્ ! તે એમજ છે.'

[૯૭૪] મિથ્યાદૃષ્ટિ નૈરયિકો કેવી રીતે ઉપજે ? હે ગૌતમ ! જેમ કોઈ કૂદનાર કૂદતો કૂદતો-ઇત્યાદિ બાકીનું બધું વૈમાનિક સુધી જાણવું. 'હે ભગવન્ ! તે એમજ છે.

**શતક: ૨૫-ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## -: શતક: ૨૬ :-

### -: ઉદ્દેશો-૧ :-

[૯૭૫] આ શતકમાં અગિયાર ઉદ્દેશકો છે અને તેમાં પ્રત્યેક ઉદ્દેશકે જીવો, લેશ્યાઓ, પાક્ષિકો દૃષ્ટિ, અજ્ઞાન, જ્ઞાન, સંજ્ઞા, વેદ, કષાય, યોગ અને ઉપયોગ-એમ અગિયાર સ્થાનો-વિષયોને આશ્રયી બન્ધવક્તવ્યતા કહેવાની છે.

[૯૭૬]હે ભગવન્ ! શું જીવે પાપકર્મ બાંધ્યું, બાંધે છે અને બાંધશે ? અથવા શું જીવે પાપકર્મ બાંધ્યું, બાંધે છે અને નહીં બાંધશે ? અથવા શું જીવે પાપકર્મ બાંધ્યું, નથી બાંધતો અને બાંધશે ? અથવા શું જીવે પાપકર્મ બાંધ્યું, નથી બાંધતો અને નહીં બાંધશે ? હે ગૌતમ ! કોઈ જીવે પાપકર્મ બાંધ્યું છે, બાંધે છે અને બાંધશે, કોઈ જીવે પાપકર્મ બાંધ્યું છે, બાંધે છે અને બાંધશો નહીં, કોઈ જીવે પાપ કર્મ બાંધ્યું છે, નથી બાંધતો અને બાંધશો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તથા કોઇ જીવો પાપ કર્મ બાંધ્યું છે, નથી બાંધતો અને બાંધશે નહીં. લેશ્યાસંબંધ કોઇ લેશ્યાવાળો જીવ પાપ કર્મ બાંધતો હતો, બાંધે છે અને બાંધશે-ઇત્યાદિ ચારે ભાંગા જાણવા. સાકાર ઉપયોગવાળા અને અનકાર ઉપયોગવાળા-એ બધાં પદોમાં પહેલો અને બીજો-એ બે ભાંગા કહેવા.અસુરકુમારને પણ એ પ્રમાણે વક્તવ્યતા કહેવી. પરન્તુ વિશેષ એ કે તેઓને તેજોલેશ્યા, સ્ત્રીવેદ અને પુરુષવેદ અધિક કહેવો અને નપુંસકવેદ ન કહેવો. બધે પહેલો અને બીજો ભાંગો કહેવો. એ રીતે યાવત્-સ્તનિતકુમાર સુધી જાણવું.એમ પૃથિવીકાયિક,અપ્કાયિક અને યાવત્-પંચેન્દ્રિય તિર્યંચયોનિકને પણ સર્વત્ર પહેલો અને બીજો-એ બે ભાંગા જાણવા. પરન્તુ વિશેષ એ કે, જે જીવને જે લેશ્યા, દૃષ્ટિ, જ્ઞાન, અજ્ઞાન, વેદ અને યોગ હોય તે તેને કહેવો, અને બાકી બધું તેજ પ્રમાણે જાણવું. મનુષ્યને જીવપદ સંબંધે કહી છે તે બધી વક્તવ્યતા કહેવી. અસુરકુમારની પેઠે વાનવ્યંતરને જાણવું. તથા જ્યોતિષિક અને વૈમાનિક સંબંધે પણ એજ રીતે સમજવું. પરન્તુ વિશેષ એ કે અહીં લેશ્યાઓ કહેવી અને બાકી બધું તે જ પ્રમાણે કહેવું.

[૯૭૯]હે ભગવન્ !શું જીવે જ્ઞાનાવરણીય કર્મ બાંધ્યું હતું બાંધે છે અને બાંધશે ? હે ગૌતમ ! જેમ પાપ કર્મ સંબંધે વક્તવ્યતા કહી તે પ્રમાણે જ્ઞાનાવરણીય કર્મ સંબંધે પણ કહેવી. પરન્તુ વિશેષ એ કે, જીવપદ અને મનુષ્યપદમાં સકષાયી યાવત્-લોભકષાયીને આશ્રયી પહેલો અને બીજો ભાંગો કહેવો. બાકી બધું તેમજ કહેવું. એ પ્રમાણે યાવત્-વૈમાનિક સુધી જાણવું. જ્ઞાનાવરણીય કર્મની પેઠે દર્શનાવરણીય કર્મનો પણ સંપૂર્ણ દંડક કહેવો. જીવની વેદનીય કર્મ સંબંધ પૃચ્છા. હે ગૌતમ ! કોઇ જીવે બાંધ્યું હતું, બાંધે છે અને બાંધશે, કોઇ જીવે બાંધ્યું હતું, બાંધે છે અને બાંધશે નહીં. કોઇ જીવે બાંધ્યું હતું, નથી બાંધતો અને બાંધશે નહીં. લેશ્યાવાળા જીવને પણ એજ રીતે ત્રીજા ભંગ સિવાય બાકીના ત્રણે ભાંગા જાણવા. કૃષ્ણલેશ્યાવાળા યાવત્-પદ્મલેશ્યાવાળા જીવોને પહેલો અને બીજો ભાંગો અને શુલ્કલેશ્યાવાળા જીવોને ત્રીજા ભાંગા સિવાયના બાકીના (ત્રણે) ભાંગા જાણવા. લેશ્યારહિત જીવોને છેલ્લો ભાંગો જાણવો. કૃષ્ણપાક્ષિક જીવોને પહેલો અને બીજો અને શુલ્કપક્ષવાળા જીવોને ત્રીજા ભાંગા સિવાયના બાકીના ત્રણે ભાંગા કહેવા. એ પ્રમાણે સમ્યગ્દૃષ્ટિ જીવને વિષે પણ જાણવું. મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિ સંબંધે બે ભાંગા જાણવા. જ્ઞાનીને ત્રીજા ભાંગા સિવાય બાકીના ત્રણે ભાંગા કહેવા. આભિનિબોધિક- જ્ઞાની અને યાવત્ મનઃપર્યવજ્ઞાનીને પહેલો અને બીજો ભાંગો કહેવો, અને કેવલજ્ઞાનીને ત્રીજા ભાંગા સિવાય બાકીના ત્રણે ભાંગા કહેવા. એ પ્રમાણે નોસંજ્ઞામાં ઉપયુક્ત, વેદરહિત, અકષાયી, સાકાર ઉપયોગવાળા અને અનાકાર ઉપયોગવાળાએ બધા જીવોને ત્રીજા ભાંગા સિવાય બાકીના (ત્રણે) ભાંગા કહેવા. અયોગી જીવને છેલ્લો ભાંગો અને બાકી બધે સ્થળે પહેલો અને બીજો એમ બે ભાંગા જાણવા. શું નૈરયિક જીવે વેદનીય કર્મ બાંધ્યું હતું, -ઇત્યાદિ પૃચ્છા. પૂર્વ પ્રમાણે જાણવું. એ રીતે નૈરયિકોથી માંડી યાવત્-વૈમાનિક સુધી જેને જે હોય તેને તે કહેવું. તથા બધે પહેલો અને બીજો ભાંગો સમજવો. પરન્તુ વિશેષ એ કે, જીવની પેઠે મનુષ્યો સંબંધે કહેવું. જેમ પાપકર્મ સંબંધે કહ્યું તેમ મોહનીય કર્મ સંબંધે પણ જાણવું. એ પ્રમાણે યાવત્-વૈમાનિક સુધી સમજવું.

[૯૮૦] હે ભગવન્ ! શું જીવે આયુષ કર્મ બાંધ્યું હતું, બાંધે છે-ઇત્યાદિ પૃચ્છા. હે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગૌતમ ! કોઇ જીવે બાંધ્યું હતું- ઇત્યાદિ ચારે ભાંગા જાણવા. લેશ્યાવાળા જીવો અને યાવત્-શુક્લલેશ્યાવાળા જીવોને ચાર ભાંગા જાણવા, અને લેશ્યારહિત જીવને છેલ્લો ભાંગો જાણવો. કૃષ્ણપાક્ષિક સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! કોઇ જીવે આયુષ બાંધ્યું હતું, બાંધે છે અને બાંધશે. અથવા કોઇ જીવે આયુષ બાંધ્યું હતું, નથી બાંધતો અને બાંધશે. શુક્લપાક્ષિક, સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ જીવોને ચારે ભાંગા જાણવા. સમ્યગ્મિથ્યા-દૃષ્ટિ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ ! કોઇક મિથ્યાદૃષ્ટિ જીવે આયુષ બાંધ્યું હતું, બાંધતો નથી અને બાંધશે, કોઇક જીવે બાંધ્યું હતું, નથી બાંધતો અને બાંધશે નહીં. જ્ઞાની, યાવત્-અવધિજ્ઞાનીને ચારે ભાંગા કહેવા. કોઇક મનઃપર્યવજ્ઞાનીએ આયુષ બાંધ્યું હતું, બાંધે છે અને બાંધશે. કોઇએ બાંધ્યું હતું, નથી બાંધતો અને બાંધશે નહીં. કેવલજ્ઞાનીને છેલ્લો ભાંગો જાણવો. એજ પ્રકારે એ ક્રમવડે નોસંજ્ઞામાં ઉપયુક્ત જીવ સંબંધે બીજા ભાંગા સિવાય બાકીના ત્રણે ભાંગા મનઃપર્યવજ્ઞાનીની પેઠે જાણવા. વેદરહિત અને અકષાયી જીવને સમ્યગ્મિથ્યાદૃષ્ટિની પેઠે ત્રીજો અને ચોથો ભાંગો કહેવો, અયોગીને વિષે છેલ્લો ભાંગો કહેવો અને બાકીનાં પદોને વિષે ચારે ભાંગા યાવત્-અનાકાર ઉપયોગવાળા જીવ સુધી જાણવા.

હે ભગવન્ ! શું નૈરયિક જીવે આયુષ કર્મ બાંધ્યું હતું-ઇત્યાદિ પૃચ્છા. હે ગૌતમ ! કોઇક નૈરયિક જીવે બાંધ્યું હતું-ઇત્યાદિ ચાર ભાંગા કહેવા. એ પ્રમાણે બધે સ્થાને પણ નૈરયિકો સંબંધે ચાર ભાંગા જાણવા. પરન્તુ વિશેષ એ કે, કૃષ્ણલેશ્યાવાળા અને કૃષ્ણ-પાક્ષિકને પહેલો અને ત્રીજો ભાંગો જાણવો, સમ્યગ્મિથ્યાદૃષ્ટિમાં ત્રીજો અને ચોથો ભાંગો કહેવો.અસુરકુમારોમાં એજ રીતે જાણવું, પણ વિશેષ એ કે કૃષ્ણલેશ્યાવાળા જીવોને ચાર ભાંગા કહેવા. બાકી બધું નૈરયિકોની પેઠે સમજવું. એ રીતે યાવત્-સ્તનિત કુમારો સુધી જાણવું. પૃથિવીકાયિકોને બધે ઠેકાણે ચારે ભાંગા કહેવા. પણ વિશેષ એ કે કૃષ્ણ પાક્ષિકમાંપહેલોઅને ત્રીજો ભાંગો કહેવો.તેજોલેશ્યાવાળા સંબંધે પ્રશ્ન.હે ગૌતમ ! તેણે બાંધ્યું હતું, બાંધતો નથી અને બાધશે. બાકી બધે સ્થળે ચાર ભાંગા કહેવા. એ પ્રમાણે અપ્કાયિક અને વનસ્પતિકાયિકને પણ બધું જાણવું. તેજસ્કાયિક અને વાયુ-કાયિકને વિષે બધે પહેલો અને ત્રીજો ભાંગો કહેવો. બેઇંદ્રિય, તેઇંદ્રિય અને ચઉરિંદ્રિયને બધે પહેલો અને ત્રીજો ભાંગો જાણવો.પણ વિશેષ એ કે, સમ્યકત્વ, જ્ઞાન, આભિનિબો-ધિકજ્ઞાન અને શ્રુતજ્ઞાન સંબંધે ત્રીજો ભાંગો કહેવો. પંચેન્દ્રિય તિર્યંચયોનિકોને કૃષ્ણ-પાક્ષિક સંબંધે પહેલો અને ત્રીજો ભાંગો કહેવો. સમ્યગ્મિથ્યાત્વમાં ત્રીજો અને ચોથો ભાંગો કહેવો. સમ્યકત્વ, જ્ઞાન, આભિનિબોધિકજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન-એ પાંચે પદોમાં બીજા ભાંગા સિવાય બાકીના ત્રણે ભાંગા કહેવા, અને બાકીનાં પદોમાં ચારે ભાંગાકહેવા.જેમજીવોસંબન્ધે કહ્યુ છે તેમ મનુષ્યોને પણ કહેવું. પણ વિશેષ એ કે, સમ્ય કત્વ,ઔધિકજ્ઞાન,મતિજ્ઞાન,શ્રુતજ્ઞાનઅનેઅવધિજ્ઞાન-એબધાપદોમાં બીજા ભાંગા સિવાય બાકીના ત્રણે ભાંગા કહેવા; અને બાકી બધું પૂર્વોક્ત જાણવું. જેમ અસુરકુમારો સંબંધે કહ્યું છે. તેમ વાનવ્યંતર, જ્યોતિષિક અને વૈમાનિક સંબંધે પણ કહેવું. જેમ જ્ઞાનાવરણીય કર્મ સંબંધે કહ્યું છે તેમ નામ, ગોત્ર અને અંતરાય સંબંધે પણ કહેવું.

## -: શતકઃ૨૬ ઉદ્દેશકઃ૨ :-

[૯૮૧] હે ભગવન્ ! શું અનન્તરોપપન્ન નૈરયિકે પાપ કર્મ બાધ્યું હતું-ઇત્યાદિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૂર્વવત્ પૃચ્છા. હે ગૌતમ !કોઈએ બાંધ્યું હતું-ઈત્યાદિ પહેલો અને બીજો ભાંગો કહેવો. હે ભગવન્ ! શું લેશ્યાવાળા અનન્તરોપપન્ન નૈરયિકે પાપકર્મ બાંધ્યું હતું-ઈત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! અહીં પહેલો અને બીજો ભાંગો કહેવો. એમ લેશ્યાદિ બધા પદોમાં પહેલો અને બીજો ભાંગો કહેવો. પણ સમ્યગ્મિથ્યાત્વ મનોયોગ અને વચનયોગ સંબન્ધે ન પૂછવું. એ પ્રમાણે યાવત્-સ્તનિતકુમારો સુધી જાણવું. બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, અને ચઉરિન્દ્રિયને વચનયોગ ન કહેવો. પંચેન્દ્રિય તિર્યંચયોનિકોને સમ્યગ્મિથ્યાત્વ, અવધિજ્ઞાન, વિભંગ જ્ઞાન, મનોયોગ અને વચનયોગ-એ પાંચ પદો ન કહેવાં. મનુષ્યોને અલેશ્યપણું, સમ્ય ગ્મિથ્યાત્વ, મનઃપર્યવજ્ઞાન, કેવલજ્ઞાન, વિભંગજ્ઞાન, નોસંજ્ઞોપયોગ,અવેદક, અકષા યિત્વ, મનોયોગ, વચનયોગ અને અયેગિત્વ-એ અગિ- યાર પદો ન કહેવા. જેમ નૈરયિ કોને કહ્યું છે તેમ વાનવ્યંતર, જ્યોતિષિક અને વૈમાનિકને પણ પૂર્વોક્ત ત્રણ પદ ન કહેવા. બાકીનાં બધા સ્થાને પહેલો અને બીજો ભાંગો જાણવો. એકેન્દ્રિયને સર્વત્ર પહેલો અને બીજો ભાંગો કહેવો. જેમ પાપકર્મ સંબન્ધે કહ્યું તેમ જ્ઞાનાવરણીય કર્મ સંબંધે પણ દંડક કહેવો. એ રીતે આયુષ સિવાય યાવત્-અંતરાય કર્મ પણ દંડક કહેવો.અનંતરોપપન્ન નૈરયિકે પૂર્વે આયુષ કર્મ બાંધ્યું હતું, બાંધતો નથી અને બાંધશે.લેશ્યાવાળા અનન્ત રોપપન્ન નૈરયિકે આયુષ કર્મ સંબંધે ત્રીજો ભાંગો જાણવો. એ પ્રમાણે યાવત્-અનાકાર ઉપયોગ સુધી બધે ત્રીજો ભાંગો જાણવો. એમ મનુષ્ય સિવાય યાવત્-વૈમાનિકો સુધી જાણવું. મનુષ્યોને બધે ત્રીજો અને ચોથો ભાંગો જાણવો. પરન્તુ વિશેષ એ કે, કૃષ્ણપાક્ષિકને ત્રીજો ભાંગો કહેવો. બધામાં પૂર્વ પ્રમાણે ભિન્નતા જાણવી.

JAINSITE.com

## -: શતક : ૨૬ ઉદ્દેશક : ૩ થી ૧૦ :-

[૯૮૨] હે ભગવન્ ! શું પરંપરોપપન્ન નૈરયિકે પાપકર્મ બાંધ્યું હતું-ઈત્યાદિ પૃચ્છા. કોઈકે બાંધ્યું હતું-ઈત્યાદિ પહેલો અને બીજો ભાંગો સમજવો. જેમ પ્રથમ ઉદ્દેશક કહ્યો છે તેમ પરંપરોપપન્ન નૈરયિકાદિસંબંધે પાપકર્માદિ નવ દંડક સહિત આ ઉદ્દેશક કહેવો. આઠ કર્મ પ્રકૃતિઓમાં જેને જે કર્મની વક્તવ્યતા કહી છે તેને તે કર્મની વક્તવ્યતા કહેવી. એ પ્રમાણે યાવત્-અનાકાર ઉપયોગવાળા વૈમાનિકો સુધી જાણવું.

[૯૮૩] હે ભગવન્ ! શું અનંતરાવગાઢ નૈરયિકે પાપ કર્મ બાંધ્યું હતું-ઈત્યાદિ પૃચ્છા. હે ગૌતમ ! જેમ અનંતરોપપન્નની સાથે પાપકર્માદિ નવદંડકસંગૃહીત ઉદ્દેશક કહ્યો તેમ અનંતરાવગાઢ નૈરયિકાદિ સંબંધે પણ વૈમાનિક સુધી ઉદ્દેશક કહેવો.

[૯૮૪] હે ભગવન્ ! શું પરંપરાવગાઢ નૈરયિકે પાપકર્મ બાંધ્યું હતું-ઈત્યાદિ પૃચ્છા.જેમ પરંપરોપપન્નક સંબન્ધે ઉદ્દેશક કહ્યો તેમ પરંપરાવગાઢ સંબંધે પણ કહેવો.

[૯૮૫] હે ભગવન્ ! શું અનન્તરાહારક (આહારના પ્રથમસમયે વર્તમાન) નૈર યિકે પાપકર્મ બાંધ્યું હતું-ઈત્યાદિ પૃચ્છા. હે ગૌતમ ! જેમ અનન્તરોપપન્ન સંબન્ધે ઉદ્દેશક કહ્યો તેમ અનન્તરાબક સંબંધે પણ સંપૂર્ણ ઉદ્દેશક કહેવો. 'હે ભગવન્ ! તે એમજ છે, હે ભગવન્ ! તે એમજ છે.

[૯૮૬]શું પરંપરહારક નૈરયિકે પાપકર્મ બાંધ્યું-ઈત્યાદિ પૃચ્છા. પરંપરોપપન્નક સંબંધે ઉદ્દેશક કહ્યો છે તે જ રીતે પરંપરાહારક સંબંધે પણ કહેવો.

[૯૮૭] હે ભગવન્ ! શું અનંતરપર્યાપ્ત નૈરયિકે પાપ કર્મ બાંધ્યું હતું-ઈત્યાદિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૃચ્છા.જેમ અનન્તરોપપન્ન સંબંધે ઉદ્દેશક કહ્યો તેમ અનંતરપર્યાપ્તક સંબંધે કહેવું.

[૯૮૮]શું પરંપરપર્યાપ્ત નૈરયિકે પાપકર્મ બાંધ્યું હતું-ઈત્યાદિ પૃચ્છા. જેમ પરંપરોપપન્નક સંબંધે ઉદ્દેશક કહ્યો છે તેમ પરંપરપર્યાપ્ત સંબંધે કહેવું.

[૯૮૯] હે ભગવન્ ! શું ચરમ નૈરયિકે પાપકર્મ બાંધ્યું હતું-ઈત્યાદિ પૃચ્છા. પરંપરોપપન્નકની જેમ ચરમ નૈરયિકાદિ સંબંધે પણ કહેવું.

## -:શતક:૨૬-ઉદ્દેસો-૧૧:-

[૯૯૦] હે ભગવન્ ! શું અચરમ નૈરયિકે પાપકર્મ બાંધ્યું હતું-ઈત્યાદિ પૃચ્છા. હે ગૌતમ ! પ્રથમ ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે પહેલો અને બીજો-એમ બે ભાંગા બધે સ્થળે યાવત્-પંચેન્દ્રિય તિર્યંચયોનિક સુધી કહેવા.અચરમ મનુષ્યે કોઈએ પાપકર્મ બાંધ્યું હતું, બાંધે છે અને બાંધશે; કોઈએ બાંધ્યું હતું, બાંધે છે અને બાંધશે નહિ, કોઈએ બાંધ્યું હતું, નથી બાંધતો અને બાંધશે. લેશ્યાવાળા અચરમ મનુષ્યના પાપકર્મ સંબંધે ઉપર કહ્યા પ્રમાણે છેલ્લા સિવાયના બાકીના (ત્રણ) ભાંગા કહેવા. એ રીતે યાવત્-વૈમાનિકો સુધી સમજવું. દર્શનાવરણીય કર્મ સંબંધે પણ એ રીતે બધું જાણવું. વેદનીય કર્મ સંબંધે બધે સ્થળે પહેલો અને બીજો ભાંગો-એમ બે યાવત્-વૈમાનિકો સુધી જાણવા. વિશેષ એ કે, મનુષ્યપદમાં લેશ્યા- રહિત, કેવળી અને અયોગી અચરમ મનુષ્ય નથી. હે ભગવન્ ! શું અચરમ નૈરયિકે મોહનીય કર્મ બાંધ્યું હતું-ઈત્યાદિ પૃચ્છા. હે ગૌતમ ! જેમ પાપકર્મ સંબંધે કહ્યું તેમ બધું યાવત્-વૈમાનિકો સુધી જાણવું.અચરમ નૈરયિકના આયુષ કર્મ સંબંધે પહેલો અને બીજો ભાંગો જાણવો. એ રીતે બધાં પદોમાં પણ જાણવું. નૈરયિકો વિષે પહેલો અને ત્રીજો ભાંગો કહેવો. વિશેષ એ કે, સમ્યકત્વમિથ્યા- ત્વમાં ત્રીજો ભાંગો જાણવો. એ રીતે યાવત્-સ્તનિતકુમારો સુધી જાણવું. પૃથિવી- કાયિક, અપ્કાયિક અને વનસ્પતિકાયિકોને તેજોલેશ્યામાં ત્રીજો ભાંગો કહેવો. બાકી બધાં પદોમાં બધે સ્થળે પહેલો અને ત્રીજો ભાંગો જાણવો. અગ્નિકાયિક અને વાયુ- કાયિકોને બધે સ્થળે પ્રથમ અને તૃતીય ભાંગો કહેવો. બેઈંદ્રિય, તેઈંદ્રિય અને ચઉરિ- ન્દ્રિયને વિષે પણ એમજ જાણવાં. પણ વિશેષ એ કે સમ્યકત્વ, ઔધિકજ્ઞાન, આભિ- નિબોધિક જ્ઞાન અને શ્રુત જ્ઞાન-એ ચારે સ્થાનોમાં ત્રીજો ભાંગો સમજવો. પંચેન્દ્રિય તિર્યંચયોનિકોને સમ્યગ્મિ થ્યાત્વમાં ત્રીજો ભાંગો અને બાકીનાં સ્થાનોમાં સર્વત્ર પ્રથમ અને તૃતીય ભાંગો જાણવો. મનુષ્યોને સમ્યગ્મિથ્યાત્વ, અવેદક, અને અકષાયી-એ ત્રણ પદોમાં ત્રીજો ભાંગો જાણવો. લેશ્યારહિત, કેવલજ્ઞાન અને અયોગી સંબંધે પ્રશ્ન ન કરવો. બાકી બધાં પદોમાં સર્વત્ર પ્રથમ અને તૃતીય ભાંગો કહેવો. જેમ નૈરયિકો સંબંધે કહ્યું તેમ વાન વ્યંતર, જ્યોતિષિક અને વૈમાનિકો સંબંધે પણ જાણવું. જેમ જ્ઞાનાવરણીય કર્મસંબંધે જણાવ્યું તેમ નામ, ગોત્ર અને અંતરાય સંબંધે બધું સમજવું.

**શતક:૨૬-નીમુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## -:શતક-૨૭:-

[૯૯૧] હે ગૌતમ ! કોઈક જીવે પાપકર્મ કર્યું હતું, કરે છે અને કરશે. કોઈક જીવે કર્યું હતું, કરે છે અને કરશે નહિ. કોઈક જીવે કર્યું હતું, કરતો નથી અને કરશે. અને કોઈક જીવે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કર્યું હતું, કરતો નથી અને કરશે નહિ. હે ભગવન્ ! લેશ્યાવાળા જીવો પાપ કર્મ કર્યું હતું-ઇત્યાદિ પૂર્વોક્ત પાઠ વડે બંધિશતકમાં બે વક્તવ્યતા કહી છે તે બધી વક્તવ્યતા અહીં કહેવી. તેમજ નવ દંડક સહિત અગિયાર ઉદ્દેશકો પણ અહીં કહેવા.

**શતક : ૨૭ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## -: શતક : ૨૮:-

### -: ઉદ્દેશક ૧ થી ૧૧ :-

[૯૯૨] હે ભગવન્ ! જીવોએ કઇ ગતિમાં પાપ કર્મનું સમર્જન-ગ્રહણ કર્યું હતું અને કઇ ગતિમાં પાપ કર્મનું આચરણ કર્યું હતું ? હે ગૌતમ ! બધા જીવો તિર્યંચયોનિમાં હતા, અથવા બધા જીવો તિર્યંચયોનિમાં અને નૈરયિકોમાં હતા, અથવા બધા જીવો તિર્યંચયોનિમાં અને મનુષ્યોમાં હતા અથવા બધા જીવો તિર્યંચયોનિમાં અને દેવોમાં હતા, અથવા બધા જીવો તિર્યંચયોનિમાં, નૈરયિકોમાં અને મનુષ્યોમાં હતા, અથવા બધા જીવો તિર્યંચયોનિમાં, નૈરયિકોમાં અને દેવોમાં હતા, અથવા બધા જીવો તિર્યંચ-યોનિમાં, મનુષ્યોમાં અને દેવોમાં હતા, અથવા બધા તિર્યંચયોનિમાં, નૈરયિકોમાં, મનુષ્યોમાં અને દેવોમાં હતા. [અને તે ગતિમાં તેઓએ પાપકર્મનું સમર્જન ને સમાચરણ કર્યું હતું.] લેષ્યાવાળા જીવોનામાં પાપ કર્મનું સમર્જન અને સમાચરણ સંબંધે પૂર્વની પેઠે જાણવું. કૃષ્ણલેશ્યાવાળા યાવત્-અલેશ્યા-કૃષ્ણપાક્ષિક, શુક્લપાક્ષિક, યાવત્-અનાકાર ઉપયોગવાળા સંબંધે પણ એજ પ્રમાણે સમજવું.હે ભગવન્ ! નૈરયિકોએ કઇ ગતિમાં પાપકર્મ ઉપાર્જન કર્યું હતું અને કઇ ગતિમાં પાપ કર્મનું આચરણ કર્યું હતું ? હે ગૌતમ ! બધાય જીવો તિર્યંચ- યોનિકોમાં હતા-ઇત્યાદિ પૂર્વની પેઠે આઠે ભાંગા કહેવા, એ પ્રમાણે યાવત્-અનાકારોપયોગવાળા સંબંધે સમજવું. અને યાવત્-વૈમાનિકો સુધી એજ રીતે જાણવું. એમ જ્ઞાનાવરણીય, યાવત્-અંતરાય કર્મવડે પણ દંડક કહેવો. એમ જીવથી માંડીને વૈમાનિક પર્યન્ત નવ દંડક થાય છે.

[૯૯૩] હે ભગવન્ ! અનંતપરોપપન્ન નૈરયિકોએ કઇ ગતિમાં પાપ કર્મનું સમર્જન કર્યું અને કઇ ગતિમાં પાપ કર્મનું સમાચરણ કર્યું?હે ગૌતમ ! તે બધા ય તિર્યગ્યોનિકોમાં હતા. એમ અહીં પણ આઠ ભાંગા જાણવા. અનંત-રોપપન્નક નૈરયિકોને અપેક્ષી જેને જે લેશ્યાદિક અનાકાર ઉપયોગ સુધી હોય તે બધું વિકલ્પથી યાવત્-વૈમાનિકો સુધી કહેવું. પણ વિશેષ એ કે, જે અનંતરોપપન્ન જીવોમાં જે જે બાબત (મિશ્રદૃષ્ટિ, મનોયોગ, વચનયોગાદિ) પરિહાર કરવા યોગ્ય હોય તે તે બાબત બંધિ શતકમાં કહ્યા પ્રમાણે પરિહરવી. એ રીતે જ્ઞાનાવરણીય અને યાવત્-અંતરાય કર્મ વડે પણ નવ દંડકસહિત આ ઉદ્દેશક કહેવો.

[૯૯૪] એમ એજ ક્રમથી જેમ બંધિશતકમાં ઉદ્દેશકોની પરિપાટી કહી છે તેમ અહીં પણ આઠે ભાંગામાં જાણવી. પરન્તુ વિશેષ એ કે, જેને જે હોય તેને તે છેલ્લા ઉદ્દેશક સુધી કહેવું. એમ બધા મળીને અગિયાર ઉદ્દેશકો થાય છે.

**શતકઃ ૨૮ -ઉદેસા - ૧ થી ૧૧ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## શતક : ૨૯

### -: ઉદ્દેસક-૧ થી ૧૧ :-

[૯૯૫] હે ભગવન્ ! શું ઘણા જીવો પાપ કર્મને ભોગવવાની શરુઆત એક કાળે કરે છે અને તેનો અંત પણ એક કાળે કરે છે ? ભોગવવાની શરુઆત એક કાળે કરે છે અને તેનો અંત ભિન્ન કાળે કરે છે ? ભોગવવાની શરુઆત ભિન્ન કાળે કરે છે અને અંત એક કાળે કરે છે કે તેને ભોગવવાની શરુઆત ભિન્ન કાળે કરે છે અને તેનો અંત પણ ભિન્ન કાળે કરે છે ? હે ગૌતમ ! તેમજ છે. હે ગૌતમ ! જીવો ચાર પ્રકારના કહ્યા છે. કેટલાક જીવો સમાન કાળે આયુષના ઉદયવાળા અને સમકાળે ભવાન્તરમાં ઉત્પન્ન થયેલા, કેટલાક જીવો સમાન કાળે આયુષના ઉદયવાળા અને જુદા જુદા સમયે પરભવમાં ઉત્પન્ન થએલા, કેટલાક જુદા જુદા કાળે આયુષના ઉદયવાળા અને સાથે ઉત્પન્ન થયેલા તથા કેટલાક જુદા કાળે આયુષના ઉદયવાળા અને જુદા જુદા સમયે પરભવમાં ઉત્પન્ન.થયેલા હોય છે. તેમાં જે જીવો સમાનકાળે આયુષના ઉદયવાળા અને પરભવમાં સાથે ઉત્પન્ન થયેલા હોય છે તેઓ એકજ કાળે પાપ કર્મને ભોગવવાની શરુઆત કરે છે અને તેનો અંત પણ એક કાળે કરે છે. જે જીવો સમાન કાળે આયુષના ઉદયવાળા અને જુદા જુદા સમયે પરભવમાં ઉત્પન્ન થયેલા હોય છે તેઓ પાપ કર્મને ભોગવવાની શરુઆત એક કાળે કરે છે અને તેનો અંત પણ જુદા જુદા સમયે કરે છે. જે જીવો જુદા જુદા કાળે આયુષના ઉદયવાળા અને સાથે પરભવમાં ઉત્પન્ન થયેલા હોય છે તેઓ પાપ કર્મને ભોગવવાની શરુઆત જુદા જુદા કાળે કરે છે અને તેનો અંત એક કાળે કરે છે અને જે જીવો જુદા જુદા કાળે આયુષના ઉદયવાળા અને જુદા જુદા સમયે પરભવમાં ઉત્પન્ન થયેલા છે તેઓ પાપ કર્મને ભોગવવાની શરુઆત જુદા જુદા કાળે કરે છે અને તેનો અંત પણ જુદા જુદા કાળે કરે છે.

હે ભગવન્ ! શું લેશ્યાવાળા જીવો પાપ કર્મને ભોગવવાની શરુઆત એક કાળે કરે છે-ઈત્યાદિ પૂર્વ પ્રમાણે પૂછવું. હે ગૌતમ ! ઉત્તર પૂર્વ પ્રમાણેસમજવો. બધાં સ્થાનોમાં પણ યાવત્-અનાકાર ઉપયોગવાળા સુધી સમજવું. એ બધાં પદો પણ એ જ વક્તવ્યતાથી કહેવાં. હે ભગવન્ ! શું નૈરયિકો પાપ કર્મને ભોગવવાની શરુઆત એક કાળે કરે ઈત્યાદિ પૃચ્છા.જેમ જીવો સંબંધે આગળ જણાવ્યું તેમ નૈરયિકો સંબંધે પણ જાણવું. એમ યાવત્-અનાકાર ઉપયોગવાળા નૈરયિકો સંબંધે સમજવું. એજ પ્રકારે યાવત્-વૈમાનિકો સુધી જેને જે હોય તે તેને આજ ક્રમથી કહેવું. જેમ પાપ કર્મ સંબંધે દંડક કહ્યો તેમ ક્રમવડે જીવથી વૈમાનિકો સુધી આઠે કર્મપ્રકૃતિઓ સંબંધે આઠ દંડક કહેવા.

[૯૯૬] અનંતરોપપન્ન નૈરયિકોમાં કેટલાક એક કાળે પાપ કર્મને ભોગવવાની શરુઆત કરે છે અને તેનો અંત પણ એક કાળે જ કરે છે અને કેટલાક એક કાળે પાપ કર્મને ભોગવવાની શરુઆત કરે છે ને તેનો અંત જુદા જુદા સમયે કરે છે. હે ગૌતમ ! અનંતરોપપન્ન નૈરયિકો બે પ્રકારના કહ્યા છે. કેટલાક સમકાળે આયુષના ઉદયવાળા અને સમકાળે પરભવ- માં ઉત્પન્ન થયેલા, અને કેટલાક સમકાળે આયુષના ઉદયવાળા અને જુદા કાળે પાપ- કર્મને ભોગવવાની શરુઆત કરે છે અને તેનો અંત પણ એક કાળે કરે છે. તથા જેઓ સમકાળે આયુષના ઉદયવાળા અને જુદા જુદા સમયે પરભવમાં



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉત્પન્ન થયેલા છે તેઓ પાપ કર્મને ભોગવવાની શરુઆત તો એક કાળે કરે છે અને તેનો અંત જુદા જુદા કાળે કરે છે. હે ભગવન્ ! શું લેશ્યાવાળા અનંતરોપપન્ન નૈરયિકો પાપકર્મને ભોગવવાની શરુઆત એક કાળે કરે છે-ઇત્યાતિ પૃચ્છા. હે ગૌતમ ! પૂર્વની પેઠે જાણવું. એ રીતે યાવત્-અનાકાર ઉપયોગવાળા સુધી સમજવું. એમ અસુરકુમારો અને યાવત્- વૈમાનિકો સંબંધે પણ જાણવું. પણ વિશેષ એ કે, જેને જે હોય તેને તે કહેવું. એ પ્રમાણે જ્ઞાનાવરણીય કર્મ સંબંધે પણ દંડક કહેવો, અને એમ યાવત્-અંતરાય કર્મ સુધી જાણવું.

[૯૯૭] એમ એ પાઠવડે જેમ બંધિશતકમાં ઉદ્દેશકની પરિપાટિ કહી છે તે બધી ઉદ્દેશકની પરિપાટી અહીં પણ યાવત્-અચરમ ઉદ્દેશક સુધી કહેવી. અનન્તરસંબંધી ચારે ઉદ્દેશકોની એક વક્તવ્યતા કહેવી. બાકીના ઉદ્દેશકોની એક વક્તવ્યતા સમજવી.

**શતકઃ ૨૯-ઉદ્દેસા - ૧-૧૧ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## શતક-૩૦

### -:ઉદ્દેસો-૧

[૯૯૮] હે ભગવન્ ! કેટલા સમવસરણો-મતો-કહ્યા છે ? હે ગૌતમ ! ચાર. ક્રિયાવાદી, અક્રિયાવાદી, અજ્ઞાનવાદી અને વિનયવાદી. હે ભગવન્ ! શું જીવો ક્રિયા વાદી છે, અક્રિયાવાદી છે, અજ્ઞાનવાદી છે અને વિનયવાદી પણ છે. હે ભગવન્ ! શું લેશ્યાવાળા જીવો ક્રિયાવાદી છે-ઇત્યાદિ પૃચ્છા. હે ગૌતમ ! તેમજ છે. એ પ્રમાણે યાવત્-શુક્લલેશ્યાવાળા જીવો સંબંધે સમજવું. લેશ્યારહિત યાવત્ ક્રિયાવાદી છે, પણ અક્રિયાવાદી વિનયવાદીનથી. કૃષ્ણપાક્ષિક જીવો ક્રિયાવાદી નથી, પણ અક્રિયાવાદી યાવત્ વિનયવાદી છે. શુકલપાક્ષિકો લેશ્યાવાળા જીવોની પેઠે જાણવા અને સમ્યગ્દૃષ્ટિ જીવોલેશ્યારહિત જીવોની પેઠે જાણવા. મિથ્યાદૃષ્ટિને કૃષ્ણપાક્ષિક જીવોની પેઠે જાણવું.

હે ભગવન્ ! શું સમ્યગ્મિથ્યાદૃષ્ટિ જીવો ક્રિયાવાદી છે-ઇત્યાદિ પૃચ્છા.હે ગૌતમ ! તેઓ ક્રિયાવાદી નથી, અક્રિયાવાદી નથી, પણ અજ્ઞાનવાદી અને વિનયવાદી છે. લેશ્યા-રહિત જીવોની પેઠે જ્ઞાની અને યાવત્-કેવલજ્ઞાની જીવો જાણવા, તથા અજ્ઞાની અને યાવત્-વિભંગજ્ઞાનીજીવો કૃષ્ણપાક્ષિક જીવોની પેઠે જાણવા.આહારસંજ્ઞામાં યાવત્-પરિગ્રહસંજ્ઞામાં ઉપયોગવાળા જીવો લેશ્યાવાળા જીવોની જેમ જાણવા. નોસંજ્ઞામાં ઉપયોગવાળા જીવો લેશ્યારહિત જીવોની પેઠે જાણવા. વેદવાળા અને યાવત્-નપુંસક વેદવાળા લેશ્યાવાળા જીવોની પેઠે સમજવા. વેદરહિત જીવો લેશ્યા રહિત જીવોની જેમ જાણવા. સકષાયી અને યાવત્-લોભકષાયી લેશ્યાસહિત જીવોની જેમ સમજવા. અકષાયી જીવો લેશ્યારહિત જીવોની પેઠે જાણવા. યાવત્-કાયયોગી લેશ્યાવાળા જીવોની જેમ જાણવા. અયોગી જીવો લેશ્યારહિત જીવોની પેઠે સમજવા. સાકાર અને અનાકાર ઉપયોગવાળા જીવો સલેશ્ય જીવોની જેમ જાણવા. નૈરયિકો ક્રિયાવાદી છે, અને યાવત્-વિનયવાદી પણ છે. હે ભગવન્ ! શું લેશ્યાવાળા નૈરયિકો ક્રિયાવાદી છે-ઇત્યાદિ પૃચ્છા. હે ગૌતમ ! પૂર્વ પ્રમાણે જાણવું. એ રીતે યાવત્-કાપોતલેશ્યાવાળા નૈરયિકો સુધી જાણવું. કૃષ્ણપાક્ષિક નૈરયિકો ક્રિયાવાદી નથી. એ ક્રમ પ્રમાણે જીવો વિષે જે વક્તવ્યતા કહી છે તેજ વક્તવ્યતા નૈરયિકો સંબંધે પણ સમજવી. તથા એ રીતે યાવત્-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનાકાર ઉપયોગવાળા નૈરયિકો સુધી સમજવું. વિશેષ એ કે, જેને જે હોય તેને તે કહેવું, બાકીનું ન કહેવું.જેમ નૈરયિકો સંબંધે જણાવ્યું તેમ યાવત્-સ્તનિતકુમારો સુધી જાણવું. પૃથિવીકાયિકો ક્રિયાવાદી નથી,તેમ વિનયવાદી નથી,કિંતુ અક્રિયાવાદી છે અને અજ્ઞાન વાદી છે. એ પ્રમાણે પૃથિવીકાયિકોને લેશ્યાદિક જે જે પદો સંભવતાં હોય તે તે બધાં પદોમાં એ બે વચલાં સમવસરણો જાણવા. એ રીતે યાવત્-અનાકાર ઉપયોગવાળા પૃથિવીકાયિકો સુધી જાણવું. એમ યાવત્-ચઉરિંદ્રિય જીવો સંબંધે કહેવું. સર્વ સ્થાન કોમાં એ બે વચ્ચેના જ સમવસરણો જાણવાં. એઓનાં સમ્યકત્વ અને જ્ઞાનમાં પણ એ જ વચલાં સમવસરણો સમજવાં. પંચેંદ્રિય તિર્યંચયોનિકો સંબંધે જીવો- ની જેમ જાણવું. વિશેષ એ કે, જેને જે હોય તેને તે કહેવું. જીવો સંબંધે જે હકીકત કહી છે તે બધી તે જ રીતે મનુષ્યો સંબંધે પણ સમજવી. વાનવ્યંતર, જ્યોતિષિક અને વૈમાનિકોને અસુરકુમા રોની જેમ જાણવું.

હે ભગવન્ ! ક્રિયાવાદી જીવો કયું આયુષ બાંધે ? તેઓ નૈરયિક અને તિર્યંચ યોનિકનું આયુષ ન બાંધે પણ મનુષ્ય અને દેવનું આયુષ બાંધે. હે ગૌતમ ! તેઓ ભવનવાસી યાવત્ જ્યોતિષિક દેવનુંઆયુષ બાંધતા નથી, કિંતુ વૈમાનિક દેવનું આ-યુષ બાંધે છે.અક્રિયાવાદી જીવો નૈરયિકનું યાવત્-દેવનું આયુષ પણ બાંધે.એ પ્રમાણે અજ્ઞાનવાદી અને વિનયવાદી સંબંધે પણ સમજવું. લેશ્યા-વાળા ક્રિયાવાદી જીવો-નૈરયિકનું આયુષ નથી બાંધતા-ઇત્યાદિ જેમ જીવો સંબન્ધે ઉપર જણાવ્યું છે તેમ જ અહીં પણ ચારે સમવસરણોને આશ્રયી કહેવું.કૃષ્ણલેશ્યાવાળા ક્રિયાવાદી જીવો મનુષ્યનું આયુષ બાંધે છે. કૃષ્ણલેશ્યાવાળા અક્રિયાવાદી, અજ્ઞાનવાદી અને વિનય વાદી જીવો અને ચારે પ્રકારના આયુષનો બન્ધ કરે છે. એ જ રીતે નીલલેશ્યાવાળા અને કાપોતલેશ્યાવાળા સંબંધે પણ જાણવું.

હે ભગવન્ ! તેજોલેશ્યાવાળા ક્રિયાવાદી જીવો શું નૈરયિકનું આયુષ બાંધે-ઇત્યાદિ પૃચ્છા. હે ગૌતમ ! તેઓ મનુષ્ય અને દેવનું આયુષ બાંધે છે. જો તેઓ દેવોનું આયુશ બાંધે તો તે પૂર્વવત્ આયુષનો બન્ધ કરે છે. તેજોલેશ્યાવાળા અક્રિયાવાદી જીવો તિર્યંચ, મનુષ્ય અને દેવનું આયુષ બાંધે છે. એ જ રીતે અજ્ઞાનવાદી અને વિનયવાદી જીવો સંબંધે પણ સમજવું. જેમ તેજોલેશ્યાવાળા સંબંધે જણાવ્યું તેમ પદ્મલેશ્યાવાળા અને શુક્લલેશ્યાવાળા જીવો સંબંધે પણ સમજવું.લેશ્યારહિત ક્રિયાવાદી જીવોચારે આયુષ બાંધતા નથી. કૃષ્ણપાક્ષિક અક્રિયાવાદી જીવો તેઓ ચારે પ્રકારનાં આયુષો બાંધે છે. એ રીતે કૃષ્ણપાક્ષિક અજ્ઞાનવાદી અને વિનયવાદી વિષે પણ જાણવું. જેમ લેશ્યાવાળા જીવો સંબંધે કહ્યું છે તેમ શુક્લપાક્ષિક સંબંધે પણ જાણવું. સમ્યગ્દૃષ્ટિ ક્રિયાવાદી જીવો મનુષ્ય અને દેવનું આયુષ બાંધે છે. મિથ્યાદૃષ્ટિને કૃષ્ણપાક્ષિકોની જેમ જાણવું. હે ભગવન્ ! સમ્યગ્મિથ્યાદૃષ્ટિ અજ્ઞાનવાદી જીવો શું નૈરયિકનું આયુષ બાંધે-ઇત્યાદિ પૃચ્છા. હે ગૌતમ ! લેશ્યારહિત જીવોની પેઠે જાણવું. એ પ્રમાણે વિનયવાદી સંબંધે પણ સમજવું. જ્ઞાની, મતિજ્ઞાની, શ્રુતજ્ઞાની અને અવધિજ્ઞાનીને સમ્યગ્દૃષ્ટિની પેઠે સમજવું.

હે ભગવન્ ! મનઃપર્યવજ્ઞાની (ક્રિયાવાદી) જીવો શું નૈરયિકનું આયુષ બાંધે-ઇત્યાદિ પૃચ્છા. હે ગૌતમ ! તેઓ દેવનું આયુષ બાંધે છે. હે ગૌતમ ! તેઓ વૈમાનિક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેવનું આયુષ બાંધે છે. કેવલ- જ્ઞાનીને લેશ્યારહિત જીવોની પેઠે જાણવું. અજ્ઞાની, યાવત્-વિભંગજ્ઞાનીને કૃષ્ણ- પાક્ષિ- કોની જેમ સમજવું. ચારે સંજ્ઞામાં ઉપયોગવાળા જીવોને લેશ્યાવાળા જીવોની જેમ સમજવું. નોસંજ્ઞામાં ઉપયોગવાળા જીવોને મનઃપર્યવ જ્ઞાનીની જેમ જાણવું. વેદવાળા અને યાવત્-નપુંસકદેવવાળાને લેશ્યાવાળાની જેમ અને વેદ વિનાના જીવોને લેશ્યારહિત જીવની પેઠે સમજવું. કષાયવાળા અને યાવત્-લોભક ષાયવાળા જીવોને, લેશ્યાવાળા જીવની જેમ જાણવું. કષાયરહિત જીવોને, લેશ્યારહિત જીવોની જેમ જાણવું. યોગવાળા અને યાવત્-કાયયોગવાળા જીવો લેશ્યાવાળા જીવોની જેમ જાણવા. યોગરહિત જીવોને લેશ્યારહિત જીવોની પેઠે સમજવું. સાકારોપ-યોગવાળા અને અનાકારોપયોગવાળાને લેશ્યાવાળા જીવોની જેમ જાણવું.

[૯૯૯] હે ભગવન્ ! ક્રિયાવાદી નૈરયિકો શું નૈરયિકનું આયુષ બાંધે-ઇત્યાદિ પૃચ્છા. હે ગૌતમ ! તેઓ ફક્ત મનુષ્યનું આયુષ બાંધે છે.અક્રિયાવાદી નૈરયિકો તિર્યંચ અને મનુષ્યનું આયુષ બાંધે છે. એ પ્રમાણે અજ્ઞાનવાદી અને વિનયવાદી સંબંધે પણ જાણવું.લેશ્યાવાળા ક્રિયાવાદી નૈરયિકો બધા એક મનુષ્યનું જ આયુષ બાંધે છે; અને જેઓ અક્રિયાવાદી, અજ્ઞાનવાદી અને વિનયવાદી છે તેઓ બધાં સ્થાનોમાં પણ તિર્યંચ અને મનુષ્યનું આયુષ બાંધે છે. પણ વિશેષ એ કે, સમ્યગ્મિથ્યાદૃષ્ટિ ઉપરનાં અજ્ઞાન વાદી અને વિનયવાદી-એ બે સમવસરણમાં જેમ જીવપદમાં કહ્યું છે તેમ કોઇ પણ આયુષનો બન્ધ કરતો નથી. જેમ નૈરયિકોને કહ્યું તેમ યાવત્-સ્તનિતકુમારોને પણ સમ જવું. હે ભગવન્ ! અક્રિયાવાદી પૃથિવીકાયિકો તિર્યંચ અને મનુષ્યનું આયુષ બાંધે છે. એ પ્રમાણે અજ્ઞાનવાદી સંબંધે પણ સમજવું. હે ભગવન્ ! લેશ્યાવાળા પૃથિવીકાયિકો સંબન્ધે પૃચ્છા. એ પ્રમાણે જે જે પદ પૃથિવીકાયિક સંબંધે હોય તે તે પદ સંબંધી વચ્ચેના (અક્રિયાવાદી અને અજ્ઞાનવાદીના) બે સમવસરણોમાં પૂર્વે કહ્યા પ્રમાણે બે પ્રકારનું મનુષ્યાયુષ અને તિર્યંચાયુષ બાંધે છે. પરન્તુ તેજો- લેશ્યામાં કોઇ પણ આયુષનો બન્ધ કરતો નથી. એ રીતે અપ્કાયિક અને વનસ્પતિકાયિક સંબંધે પણ સમજવું. અગ્નિકાય અને વાયુકાય બધાં સ્થાનોમાં વચલાં બે સમવસરણોને આશ્રયી માત્ર તિર્યંચનું આયુષ બાંધે છે. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય જીવોને પૃથિવીકાયિકોની પેઠે જાણવું, પણ સમ્યકત્વ અને જ્ઞાનમાં તેઓ એક પણ આયુષનો બન્ધ કરતા નથી.

હે ભગવન્ ! ક્રિયાવાદી પંચેંદ્રિય તિર્યંચયોનિક જીવો શું નૈરયિકનું આયુષ બાંધે-ઇત્યાદિ પૃચ્છા. હે ગૌતમ ! મનઃપર્યવજ્ઞાનીને પેઠે જાણવું. અક્રિયાવાદી, અજ્ઞાનવાદી અને વિનયવાદી પંચેંદ્રિય તિર્યંચયોનિક જીવો ચારે પ્રકારના આયુષનો બન્ધ કરે છે. લેશ્યાવાળા જીવો ઔધિક પંચેન્દ્રિય તિર્યંચયોનિકની પેઠે કહેવા. કૃષ્ણ- લેશ્યાવાળા ક્રિયાવાદી પંચેંદ્રિય તિર્યંચયોનિક જીવો કોઇ આયુષ બાંધતા નથી. અક્રિ- યાવાદી, અજ્ઞાનવાદી અને વિનયવાદી ચારે પ્રકારના આયુષને બાંધે છે. જેમ કૃષ્ણ- લેશ્યા વાળાને કહ્યું તેમ નીલલેશ્યાવાળા અને કાપોતલેશ્યાવાળાને સમજવું. લેશ્યા- વાળાની જેમ તેજોલેશ્યાવાળા જાણવા. પરન્તુ અક્રિયાવાદી, અજ્ઞાનવાદી, અને વિનયવાદી દેવનું, તિર્યંચનું અને મનુષ્યનું આયુષ બાંધે છે. એ રીતે પદ્મલેશ્યાવાળા તથા શુક્લ લેશ્યાવાળાને પણ કહેવું. કૃષ્ણપાક્ષિક ત્રણ (ક્રિયાવાદી સિવાય બાકીનાં) સમવસરણો વડે ચારે પ્રકારનું આયુષ બાંધે છે. શુક્લપાક્ષિકને લેશ્યાવાળાની પેઠે જાણવું. સમ્ય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગ્દૃષ્ટિ મનઃપર્યવજ્ઞાનીની જેમ વૈમાનિકનું આયુષ બાંધે છે. કૃષ્ણપાક્ષિકોની જેમ મિથ્યાદૃષ્ટિ જાણવા. સમ્યગ્મિથ્યાદૃષ્ટિ એક પણ આયુષ બાંધતા નથી, અને તેઓને નૈરયિકોની જેમ છેલ્લા બે સમવસરણો જાણવા. જ્ઞાની અને યાવત્-અવધિજ્ઞાની સમ્યગ્દૃષ્ટિની જેમ જાણવા. અજ્ઞાની અને યાવત્-વિભંગજ્ઞાની કૃષ્ણપાક્ષિકોની જેમ જાણવા. બાકીના યાવત્-અનાકાર ઉપયોગવાળા સુધી અને બધાને લેશ્યાવાળાની જેમ જાણવું. જેમ પંચેંદ્રિય તિર્યંચયોનિકોની વક્તવ્યતા કહી છે એમ મનુષ્યોની પણ વક્તવ્યતા કહેવી. પરન્તુ મનઃપર્યવજ્ઞાની અને નોસંજ્ઞામાં ઉપયુક્ત જીવોને સમ્યગ્દૃષ્ટિ તિર્યંચયોનિકની જેમજાણવું.લેશ્યારહિત,કેવળજ્ઞાની,વેદરહિત,કષાયરહિત અને યોગ રહિત જીવો ઔધિક જીવોની જેમ આયુષ બાંધતા નથી. બાકી બધું પૂર્વ પ્રમાણે જાણવું. વાનવ્યંતર, જ્યોતિષિક અને વૈમાનિકોને અસુર- કુમારોની જેમ સમજવું. હે ભગવન્ ! શું ક્રિયાવાદી જીવો ભવસિદ્ધિક છે કે અભવસિ- દ્ધિક છે ? હે ગૌતમ ! તેઓ ભવસિદ્ધિક છે પણ અભવસિદ્ધિક નથી. હે ભગવન્ ! શું અક્રિયાવાદી જીવો ભવસિદ્ધિક પણ છે અને અભવસિદ્ધિક પણ છે. એ જ રીતે અજ્ઞાનવાદી અને વિનયવાદી સંબંધે પણ સમજવું.

હે ભગવન્!લેશ્યાવાળા ક્રિયાવાદી જીવો શું ભવસિદ્ધિક છે કે અભવસિદ્ધિક છે ? હે ગૌતમ ! તેઓ ભવસિદ્ધિક છે, પણ અભવસિદ્ધિક નથી. લેશ્યાવાળા અક્રિયાવાદી જીવો ભવસિદ્ધિક પણ છે અને અભવસિદ્ધિક પણ છે. એમ અજ્ઞાનવાદી અને વિનય વાદી સંબંધે પણ જાણવું. જેમ લેશ્યાવાળા કહ્યા તેમ યાવત્-શુક્લલેશ્યાવાળા પણ સમજવા.લેશ્યારહિત ક્રિયાવાદી જીવો ભવસિદ્ધિક છે, પણ અભવસિદ્ધિક નથી. એ પ્રમાણે એ અભિલાપવડે કૃષ્ણપાક્ષિક જીવો [ક્રિયાવાદી સિવાયના] ત્રણે સમવસર ણોમાં વિકલ્પે (ભવસિદ્ધિક) જાણવા. શુક્લપાક્ષિક જીવો ચારે સમવસરણોમાં ભવ સિદ્ધિક છે, સમ્યગ્દૃષ્ટિ લેશ્યા વિનાના જીવોની જેમ જાણવા,મિથ્યાદૃષ્ટિ કૃષ્ણપા ક્ષિકોની જેમ જાણવા અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિ અજ્ઞાનવાદી અને વિનયવાદી-એ બન્ને સમવસરણોમાં લેશ્યારહિત જીવોની જેમ જાણવા. જ્ઞાની અને યાવત્-કેવલજ્ઞાની જીવો ભવસિદ્ધિક જાણવા, અજ્ઞાની અને યાવત્-વિભંગજ્ઞાની જીવો કૃષ્ણપાક્ષિકની જેમ બન્ને પ્રકારના સમજવા. આહારસંજ્ઞામાં, યાવત્ પરિગ્રહસંજ્ઞામાં ઉપયોગવાળા લેશ્યાવાળા જીવોની જેમ જાણવા. નોસંજ્ઞામાં ઉપયુક્ત જીવો સમ્યગ્દૃષ્ટિની જેમ જાણવા. વેદવાળા અને યાવત્ નપુંસકવેદવાળા લેશ્યાવાળાની જેમ બન્ને પ્રકારના જાણવા. વેદરહિત જીવો સમ્યગ્દૃષ્ટિની પેઠે સમજવા. કષાયવાળા અને યાવત્-લોભક ષાયવાળાને લેશ્યાવાળાની જેમ જાણવું. કષાય રહિતજીવોને સમ્યગ્દૃષ્ટિ જીવોની જેમ જાણવું.યોગવાળા,યાવત્-કાયયોગવાળા જીવોને સમ્યગ્દૃષ્ટિ જીવોની જેમ સમજવા. સાકાર-જ્ઞાનોપયોગવાળા અને અનાકાર-દર્શનોપયોગવાળા જીવો લેશ્યાયુક્ત જીવો ની જેમ જાણવા. એ પ્રમાણે નૈરયિકો પણ કહેવા. વિશેષ એ કે, જેને જે હોય તેને તે જાણવું. એ રીતે અસુરકુમારો અને યાવત્-સ્તનિતકુમારો સંબંધે પણ જાણવું. પૃથિવીકાયિકો બધા સ્થાનકોમાં વચલા બન્ને સમવસરણોમાં ભવસિદ્ધિકો અને અભવસિદ્ધિકો હોય છે. એ રીતે યાવત્-વનસ્પતિકાયિકો સુધી સમજવું. બેઈંદ્રિય, તેઈંદ્રિય અને ચઉરિન્દ્રિય સંબંધે પણ એજ રીતે જાણવું. વિશેષ એ કે, તેઓને સમ્યક્ત્વ, અવધિજ્ઞાન, મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનમાં બન્ને વચલાં સમવસરણોને આશ્રયી ભવસિદ્ધિકો કહેવા, પંચેન્દ્રિય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તિર્યંચયોનિકોને નૈરયિકોની જેમ સમજવું. વિશેષ એ કે, જેને જે હોય તેને તે જાણવું. મનુષ્યોને ઔધિક જીવોની જેમ સમજવું. વાનવ્યંતર, જ્યોતિષિક અને વૈમાનિકોને અસુરકુમારોની જેમ સમજવું.

## શતકઃ ૩૦-ઉદ્દેસોઃ ૨

[૧૦૦૦] હે ભગવન્ ! અનંતરોપપન્નક નૈરયિકો શું ક્રિયાવાદી છે-ઇત્યાદિ પૃચ્છા. હે ગૌતમ ! તેઓ ક્રિયાવાદી પણ છે અને યાવત્-વિનયવાદી પણ છે. લેશ્યાવાળા અનંતરોપપન્નક નૈરયિકો જેમ પ્રથમ ઉદ્દેશકમાં વક્તવ્યતા કહી છે તેમ અહીં પણ કહેવી. વિશેષ એ કે, અનંતરોપપન્નક નૈરયિકોમાં જેને જે સંભવે તેને તે કહેવું. એ પ્રમાણે સર્વ જીવો યાવત્-વૈમાનિકોને પણ સમજવું. ક્રિયાવાદી અનન્તરોપપન્નક નૈરયિકો-નૈરયિક, તિર્યંચ, મનુષ્ય કે દેવનું આયુષ બાંધતા નથી. એજ રીતે અક્રિયાવાદી, અજ્ઞાન વાદી ને વિનયવાદી સંબન્ધે પણ જાણવું. લેશ્યાવાળા અનન્તરોપપન્નક ક્રિયાવાદી નૈર યિકો નૈરયિકનું યાવત્-દેવનું આયુષ બાંધતા નથી,. એ પ્રમાણે યાવત્-વૈમાનિકો સુધી સમજવું. એ રીતે સર્વ સ્થાનોમાં અનન્તરોપપન્નક નૈરયિકો કોઇ પણ આયુષનો બન્ધ કરતા નથી. એ પ્રમાણે યાવત્-અનાકાર ઉપયોગવાળા જીવો સુધી જાણવું. એમ યાવત્-વૈમાનિકો સુધી જાણવું. વિશેષ એ કે જેને જે હોય તે તેને કહેવું. ક્રિયાવાદી અનન્ત રોપપન્ન નૈરયિકો ભવસિદ્ધિક છે.

અક્રિયાવાદી સંબંધે પૃચ્છા. હે ગૌતમ ! તેઓ ભવસિદ્ધિક પણ છે અને અભવ-સિદ્ધિક પણ છે. એ પ્રમાણે અજ્ઞાનવાદી અને વિનયવાદી સંબંધે પણ સમજવું. લેશ્યા વાળા અનન્તરોપપન્ન ક્રિયાવાદી નૈરયિકો ભવસિદ્ધિક છે, એ પ્રમાણે એ અભિલાપથી જેમ ઔધિક ઉદ્દેશકમાં નૈરયિકોની વક્તવ્યતા કહી તેમ અહીં પણ કહેવી અને તે યાવત્-આનાકારોપયોગવાળા સુધી સમજવી. એ પ્રમાણે યાવત્-વૈમાનિકો સુધી જાણવું. પણ જેને જે હોય તેને તે કહેવું. આ તેનું લક્ષણ છે-જે ક્રિયાવાદી, શુક્લ- પાક્ષિક, અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિ તેઓ બધા ભવસિદ્ધિક હોય છે પણ અભવસિદ્ધિક હોતા નથી, અને બાકી બધા ભવસિદ્ધિક પણ હોય છે અને અભવસિદ્ધિક પણ હોય છે.

## શતકઃ ૩૦-ઉદ્દેસોઃ ૩ થી ૧૧

[૧૦૦૧] હે ભગવન્ ! પરંપરોપપન્નક નૈરયિકો શું ક્રિયાવાદી છે-ઇત્યાદિ પૃચ્છા. હે ગૌતમ ! જેમ ઔધિક ઉદ્દેશકમાં કહ્યું છે તેમ પરંપરોપપન્નક નૈરયિકો સંબંધે પણ નૈરયિકથી માંડી સમગ્ર ઉદ્દેશક તે જ પ્રકારે ત્રણ દંડક સહિત કહેવો.

[૧૦૦૨] એ પ્રમાણે એ ક્રમવડે બંધિશતકમાં ઉદ્દેશકોની જે પરિપાટી છે તે જ પરિપાટી અહીં પણ યાવત્-અચરમ ઉદ્દેશક સુધી જાણવી. વિશેષ એ કે, 'અનંતર' શબ્દઘટિત ચારે ઉદ્દેશકો એક ગમવાળા છે અને 'પરંપર' શબ્દઘટિત ચારે ઉદ્દેશકો એક ગમવાળા છે. એ રીતે 'ચરમ' અને 'અચરમ' શબ્દઘટિત ઉદ્દેશકો સંબંધે પણ સમજવું. વિશેષ એ કે લેશ્યારહિત, કેવળજ્ઞાની અને અયોગી સંબંધે અહીં કાંઇ પણ ન કહેવું અને બાકી બધું પૂર્વે કહ્યા પ્રમાણે જાણવું. 'હે ભગવન્ ! તે એમજ છે, હે ભગવન્ ! તે એમજ છે'

**શતકઃ ૩૦-ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## શતક : ૩૧

### ઉદ્દેસો-૧

[૧૦૦૩] હે ભગવન્ ! ક્ષુદ્ર યુગ્મો કેટલાં કહ્યાં છે ? હે ગૌતમ ! ચાર. કૃતયુગ્મ, ત્ર્યોજ, દ્વાપરયુગ્મ અને કલ્યોજ. હે ગૌતમ ! તે સંખ્યામાંથી ચાર ચારનો અપહાર કરતાં છેવટે ચાર બાકી રહે તે સંખ્યાને ક્ષુદ્ર કૃતયુગ્મ કહેવાય છે. જે સંખ્યામાંથી ચાર ચારનો અપહાર કરતાં છેવટે ત્રણ બાકી રહે તે સંખ્યાને ક્ષુદ્ર ત્ર્યોજ કહેવામાં આવે છે. જે સંખ્યામાંથી ચાર ચારનો અપહાર કરતાં છેવટે બે બાકી રહે તે સંખ્યાને ક્ષુદ્ર દ્વાપરયુગ્મ કહેવામાં આવે છે. અને જે સંખ્યામાંથી ચાર ચારનો અપહાર કરતાં છેવટે એક બાકી રહે તે સંખ્યા ક્ષુદ્ર કલ્યોજ કહેવાય છે. હે ભગવન્ ! ક્ષુદ્ર કૃતયુગ્મ રાશિ પ્રમાણ નૈરયિકો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! તેઓ નારયિકોથી આવી ઉત્પન્ન થતા નથી, ઇત્યાદિ નૈરયિકોનો ઉપપાત જેમ વ્યુત્ક્રાન્તિ પદમાં કહ્યો છે તેમ અહીં જાણવો. તે જીવો એક સમયે ચાર, આઠ, બાર, સોળ અથવા સંખ્યાતા કે અસંખ્યાતા ઉત્પન્ન થાય છે. હે ભગવન્ ! તે જીવો કેવી રીતે ઉપજે ? હે ગૌતમ ! જેમ કોઈ કૂદનાર કૂદતો ઇત્યાદિ પચીશમા શતકના આઠમા ઉદ્દેશકમાં નૈરયિકો સંબંધે જે વક્તવ્યતા કહી છે તે અહીં પણ કહેવી. યાવત્-તે આત્મપ્રયોગથી ઉત્પન્ન થાય છે, પણ પરપ્રયોગથી ઉત્પન્ન થતા નથી.

હે ભગવન્ ! ક્ષુદ્ર કૃતયુગ્મરાશિ પ્રમાણ રત્નપ્રભાના નૈરયિકો ક્યાંથી આવી ઉત્પન્ન થાય-ઇત્યાદિ પૃચ્છા. હે ગૌતમ ! જેમ સામાન્ય નૈરયિકોની વક્તવ્યતા કહી છે તેમ રત્નપ્રભાના નૈરયિકોની પણ કહેવી. યાવત્-તે પરપ્રયોગથી ઉપજતા નથી. એમ શર્કરાપ્રભા અને યાવત્-અધઃસપ્તમ પૃથિવી સંબંધે પણ જાણવું. એ રીતે વ્યુત્ક્રાન્તિ પદમાં કહ્યા પ્રમાણે અહીં ઉપપાત કહેવો. 'અસંજ્ઞી જીવો પહેલી નરક સુધી, સર્પો બીજી નરક સુધી અને પક્ષીઓ ત્રીજી નરક સુધી જાય છે'-ઇત્યાદિ ગાથા વડે ઉપપાત કહેવો. ક્ષુદ્ર ત્ર્યોજરાશિ પ્રમાણ નૈરયિકો ક્યાંથી આવી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! વ્યુત્ક્રાન્તિ પદમાં કહ્યા પ્રમાણે ઉપપાત કહેવો. તે જીવો એક સમયે ત્રણ, સાત, અગિયાર, પંદર, સંખ્યાતા કે અસંખ્યાતા ઉત્પન્ન થાય છે. બાકી બધું કૃતયુગ્મ નૈરયિકોની પેઠે જાણવું. એ પ્રમાણે યાવત્-સપ્તમ નરકપૃથિવી સુધી જાણવું. ક્ષુદ્ર દ્વાપરયુગ્મ પ્રમાણ નૈરયિકોની ઉત્પત્તિ સંબંધે જેમ ક્ષુદ્ર કૃતયુગ્મ સંબંધે કહ્યું છે તેમસમજવું. પરન્તુ પરિમાણ-બે છ, દશ, ચૌદ, સંખ્યાતા કે અસંખ્યાતા ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે યાવત્-અધઃસપ્તમ નરકપૃથિવી સુધી જાણવું. હે ભગવન્ ! ક્ષુદ્રકલ્યોજ રાશિ પ્રમાણ નેરયિકો ક્યાંથી આવી ઉત્પન્ન થાય-ઇત્યાદિ પૃચ્છા. જેમ ક્ષુદ્ર કૃતયુગ્મ સંબંધે કહ્યું છે તેમ આ સંબંધે પણ સમજવું. પરન્તુ પરિમાણમાં એક, પાંચ, નવ, તેર, સંખ્યાતા અથવા અસંખ્યાતા ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે યાવત્-સાતમી નરકપૃથિવી સુધી સમજવું.

## શતક : ૩૧ - ઉદ્દેસો : ૨

[૧૦૦૪] હે ભગવન્ ! ક્ષુદ્રકૃતયુગ્મરાશિપ્રાણ કૃષ્ણલેશ્યાવાળા નૈરયિકો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે-ઇત્યાદિ પૃચ્છા. ઔધિક ગમમાં કહ્યા પ્રમાણે અહીં પણ જાણવું, યાવત્-પરપ્રયોગથી ઉપજતા નથી. પણ વિશેષ એ કે, વ્યુત્કાંતિપદમાં કહ્યા પ્રમાણે ઉપપાત કહેવો અને ધૂમપ્રભાપૃથિવીના નૈરયિકો સંબન્ધે પ્રશ્ન ઉત્તર વગેરે બાકી બધું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૂર્વ કહ્યા પ્રમાણે જાણવું. હે ભગવન્ ! ક્ષુદ્રકૃતપૃથિવીના નૈરયિકો સંબન્ધે પ્રશ્ન ઉત્તર વગેરે બાકી બધું પૂર્વ કહ્યા પ્રમાણે જાણવું. હે ભગવન્ ! ક્ષુદ્રકૃતયુગ્મરાશિપ્રમાણ કૃષ્ણ-લેશ્યાવાળા ધૂમપ્રભાપૃથિવીના નૈરયિકો ક્યાંથી આવી ઉત્પન્ન થાય-ઈત્યાદિ પૃચ્છા. પૂર્વ પ્રમાણે બધું જાણવું. એ રીતે તમઃપ્રભા અને અધઃસપ્તમ નરકપૃથિવી સંબંધે પણ સમજવું. પણ વિશેષ એ કે, બધે સ્થળે ઉપપાત સંબંધે વ્યુત્ક્રાંતિપદમાં કહ્યા પ્રમાણે જાણવું. હે ભગવન્ ! ક્ષુદ્રત્ર્યોજરાશિપ્રમાણ કૃષ્ણલેશ્યાવાળા નૈરયિકો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે- ઈત્યાદિ પૃચ્છા. ઉપર કહ્યા પ્રમાણે જાણવું. પણ વિશેષ એ કે, ત્રણ, સાત, અગિયાર, પંદર, સંખ્યાતા કે અંસખ્યાતા ઉત્પન્ન થાય છે. બાકી બધું પૂર્વવત્ જાણવું. એમ યાવત્-અધઃસપ્તમ પૃથિવી સુધી જાણવું. હે ભગવન્ ! કૃષ્ણલેશ્યાવાળા ક્ષુદ્ર-દ્વાપરયુગ્મરાશિપ્રમાણ નૈરયિકો ક્યાંથી આવી ઉત્પન્ન થાય-ઈત્યાદિ પૃચ્છા. એજ પ્રમાણે જાણવું. પણ વિશેષ એ કે, બે, છ, દશ કે ચૌદઆવી ઉત્પન્ન થાય છે.એ પ્રમાણે ધૂમપ્રભા યાવત્-અધઃસપ્તમ પૃથિવી સુધી પણ જાણવું. હે ભગવન્ ! કૃષ્ણલેશ્યાવાળા ક્ષુદ્રકલ્યોજરાશિપ્રમાણ નૈરયિકો ક્યાંથી આવી ઉત્પન્ન થાય-ઈત્યાદિ પૃચ્છા.હે ગૌતમ ! એજ પ્રમાણે જાણવું. પણ વિશેષ એ કે, એક, પાંચ, નવ, તેર, સંખ્યાતા અથવા અસંખ્યાતા ઉત્પન્ન થાય છે.એ પ્રમાણે ધૂમપ્રભા, તમઃપ્રભા અને અધઃસપ્તમ નરકપૃથિવી સંબંધે પણ સમજવું.

જૈન સાઈટ JAINSITE

**શતકઃ ૩૧ -ઃ ઉદ્દેશક ૩ થી ૨૮ઃ-**

[૧૦૦૫] હે ભગવન્ ! નીલલેશ્યાવાળા ક્ષુદ્રકકૃતયુગ્મપ્રમિત નૈરયિકો ક્યાંથી આવી ઉત્પન્ન થાય ? કૃષ્ણલેશ્યાવાળા ક્ષુદ્રકૃતયુગ્મ નૈરયિકો સંબંધે કહ્યું છે તે જ પ્રમાણે અહીં પણ જાણવું. પરન્તુ વિશેષ એ કે વાલુકાપ્રભામાં જે ઉપપાત કહ્યો છે તે પ્રમાણે અહીં કહેવું. નીલલેશ્યાવાળા ક્ષુદ્રકકૃતતયુગ્મપ્રમિત નૈરયિકોને પણ એજ રીતે જાણવું. એ પ્રમાણે પંકપ્રભા અને ધૂમપ્રભા સંબંધે પણ જાણવું. એમ ચારે યુગ્મોમાં સમજવું. પણ વિશેષ એ કે, જેમ કૃષ્ણલેશ્યાના ઉદ્દેશકમાં કહ્યું છે તેમ પરિણામ જાણવું.

[૧૦૦૬] હે ભગવન્ ! કાપોતલેશ્યાવાળા ક્ષુદ્રકૃતયુગ્મરાશિપ્રમિત નૈરયિકો ક્યાંથી આવી ઉત્પન્ન થાય ? જેમ કૃષ્ણલેશ્યાવાળા ક્ષુદ્રકૃતયુગ્મ નૈરયિકો સંબંધે કહ્યું છે તેમ આ સંબંધે પણ કહેવું. પણ વિશેષ એ કે, રત્નપ્રભામાં જે ઉપપાત કહ્યો છે તે અહીં જાણવો હે ભગવન્ ! કાપોતલેશ્યાવાળા ક્ષુદ્રકૃતયુગ્મરાશિપ્રમાણ રત્નપ્રભાના નૈરયિકો ક્યાંથી આવી ઉત્પન્ન થાય ? પૂર્વે કહ્યા પ્રમાણે જાણવું. એ રીતે શર્કરાપ્રભામાં, વાલુકાપ્રભામાં પણ ચારે યુગ્મો વિષે સમજવું. પણ વિશેષ એ કે,કૃષ્ણલેશ્યા ઉદ્દેશકમાં જે પરિમાણ કહ્યું છે તે અહીં જાણવું.

[૧૦૦૭] હે ભગવન્ ! ક્ષુદ્રકૃતયુગ્મરાશિપ્રમાણ ભવસિદ્ધિક નૈરયિકો ક્યાંથી આવી ઉત્પન્ન થાય ? જેમ ઔધિક-સામાન્ય ગમ કહ્યો તેમ અહીં પણ નિરવશેષ જાણવું, યાવત્-તે પરપ્રયોગથી ઉત્પન્ન થતા નથી. હે ભગવન્ ! રત્નપ્રભા પૃથિવીના ક્ષુદ્રકૃતયુગ્મરાશિપ્રમાણ ભવસિદ્ધિક નૈરયિકો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે-ઈત્યાદિ પૃચ્છા. હે ગૌતમ ! પૂર્વે કહ્યા પ્રમાણે બધું જાણવું. એ પ્રમાણે યાવત્-અધઃસપ્તમ પૃથિવી સુધી સમજવું. એમ ભવસિદ્ધિક ક્ષુદ્રત્ર્યોજરાશિપ્રમિત નૈરયિકોને પણ જાણવું. એ

પ્રમાણે યાવત્-કલ્યોજ સુધી સમજવું. પણ પરિમાણ ભિન્ન જાણવું,

[૧૦૦૮] હે ભગવન્ ! કૃષ્ણલેશ્યાવાળા ભવસિદ્ધિક ક્ષુદ્રકૃતયુગ્મપ્રમાણ નૈરયિકો ક્યાંથી આવી ઉત્પન્ન થાય ? ઔધિક કૃષ્ણલેશ્યાના ઉદ્દેશકમાં જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે બધું ચારે યુગ્મોમાં જાણવું. યાવત્-હે ભગવન્ ! અધઃસપ્તમ પૃથિવીના કૃષ્ણ લેશ્યાવાળા ક્ષુદ્ર કલ્યોજ- રાશિપ્રમાણ નૈરયિકો ક્યાંથી આવી ઉત્પન્ન થાય ? પૂર્વવત્.

[૧૦૦૯] નીલલેશ્યાવાળા ભવસિદ્ધિક નૈરયિકો ચારે યુગ્મોમાં ઔધિક નીલ-લેશ્યા ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે કહેવા. 'હે ભગવન્ ! તે એમજ છે.

[૧૦૧૦] કાપોતલેશ્યાવાળા ભવસિદ્ધિક નૈરયિકોનો ચારે યુગ્મમાં ઔધિક કાપોત લેશ્યાઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે ઉપપાત કહેવો. 'હે ભગવન્ ! તે એમજ છે.

[૧૦૧૧] જેમ ભવસિદ્ધિકના ચાર ઉદ્દેશકો કહ્યા તેમ અભવસિદ્ધિકના પણ ચાર ઉદ્દેશકો કાપોતલેશ્યાઉદ્દેશક પર્યન્ત કહેવા. 'હે ભગવન્ ! તે એમજ છે.

[૧૦૧૨] એમ સમ્યગ્દૃષ્ટિના પણ લેશ્યા સાથે ચાર ઉદ્દેશકો કહેવા. પરંતુ પહેલા અને બીજા ઉદ્દેશકમાં સમ્યગ્દૃષ્ટિનો અધઃસપ્તમનરકપૃથિવીમાં ઉપપાત ન કહેવો.

[૧૦૧૩] મિથ્યાદૃષ્ટિના પણ ચારે ઉદ્દેશકો ભવસિદ્ધિકની પેઠે કહેવા.

[૧૦૧૪]કૃષ્ણપાક્ષિકના લેશ્યાસંયુક્ત ચાર ઉદ્દેશકો ભવસિદ્ધિક જેમ કહેવા.

[૧૦૧૫] શુક્લપાક્ષિકના પણ એમ ચાર ઉદ્દેશકો કહેવા. યાવત્ વાલુકાપ્રભા પૃથિવીના કાપોતલેશ્યાવાળાશુક્લપાક્ષિક ક્ષુદ્રકલ્યોજરાશિતપ્રમિત નૈરયિકો ક્યાંથી આવીને ઉત્પન્ન થાય ? પૂર્વવત્ જાણવું. યાવત્-પરપ્રયોગથી ઉત્પન્ન થતા નથી. બધા મળીને અઠ્યાવીશ ઉદ્દેશકો થાય છે.

JAINSITE .com

**શતકઃ ૩૧ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## શતકઃ ૩૨

[૧૦૧૬] હે ભગવન્ ! ક્ષુદ્રકૃતયુગ્મ રાશિરૂપ નૈરયિકો મરણ પામીને તુરત ક્યાં જાય, અને ક્યાં ઉત્પન્ન થાય ? વ્યુત્ક્રાન્તિપદમાં કહ્યા પ્રમાણે સમજવું. તે જીવો એક સમયે ચાર, આઠ, બાર, સોળ, સંખ્યાતા કે અસંખ્યાતા ઉદ્વર્તે છે. હે ભગવન્ ! તે જીવો કેવી રીતે ઉદ્વર્તે ? હે ગૌતમ ! જેમ કોઈ એક કૂદનાર-ઇત્યાદિ પૂર્વે કહેલ ગમક જાણવો. યાવત્-તે પોતાના પ્રયોગથી ઉદ્વર્તે છે, પણ પરપ્રયોગથી ઉદ્વર્તતા નથી. રત્નપ્રભા પૃથિવીના ક્ષુદ્ર કૃતયુગ્મ રાશિરૂપ નૈરયિકો નીકળીને ક્યાં જાય ? રત્નપ્રભાપૃથિવીના નૈરયિકોની ઉદ્વર્તના કહેવી. એ પ્રકારે યાવત્-અધઃસપ્તમ પૃથ્વી સુધી પણ ઉદ્વર્તના કહેવી. એમ ક્ષુદ્ર ત્ર્યોજયુગ્મ, ક્ષુદ્રક, દ્વાપરયુગ્મ અને ક્ષુદ્રક કલ્યોજ સંબંધે પણ સમજવું. પણ વિશેષ એ કે, પરિમાણ પૂર્વે કહ્યા પ્રમાણે જુદું જુદું જાણવું.

[૧૦૧૭] કૃષ્ણલેશ્યાવાળા ક્ષુદ્રકૃતયુગ્મરાશિરૂપ નૈરયિકો નીકળી ક્યાં જાય ? હે રીતે એ ક્રમવડે જેમ ઉપપાત શતકમાં અઠ્યાવીશ ઉદ્દેશકો કહ્યા છે તેમજ ઉદ્વર્તના શતકમાં પણ બધા મળીને અઠ્યાવીશ ઉદ્દેશકો કહેવા, પણ ['ઉત્પન્ન થાય છે'] તેને બદલે 'ઉદ્વર્તે છે' પાઠ કહેવો, બાકી બધું તેમજ જાણવું. 'હે ભગવન્ ! તે એમજ છે.

**શતકઃ ૩૨ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

-:શતક-૩૩:-

-: શતક શતક : ૧ :-

[૧૦૧૮] હે ભગવન્ ! એકેન્દ્રિય જીવો કેટલા પ્રકારના કહ્યા છે ? હે ગૌતમ ! પાંચ.પૃથિવીકાયિક અને યાવત્-વનસ્પતિકાયિક.પૃથિવીકાયિક જીવો બે પ્રકારના કહ્યા છે.સૂક્ષ્મ પૃથિવીકાયિક અને બાદર પૃથિવીકાયિક.સૂક્ષ્મપૃથિવીકાયિક જીવો બે પ્રકાર ના કહ્યા છે.પર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિક અને અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિક. બાદર પૃથિવીકાયિકો ઉપર કહ્યા પ્રમાણે જાણવું. એ પ્રમાણે અપ્કાયિકોના પણ ચાર ભેદ કહેવા. એ રીતે યાવત્-વસ્પતિકાયિક સુધી સમજવું.હે ભગવન્ ! અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિકોને કેટલી કર્મપ્રકૃતિઓ હોય ? હે ગૌતમ ! તેઓને આઠ કર્મપ્રકૃતિઓ હોય. જ્ઞાનાવરણીય અને યાવત્-અંતરાય. પર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિકોને આઠ કર્મપ્રકૃતિઓ હોય છે.સાનાવરણીય અને યાવત્-અંતરાય.

હે ભગવન્ ! અપર્યાપ્ત બાદર પૃથિવીકાયિકોને કેટલી કર્મપ્રકૃતિઓ હોય ? હે ગૌતમ ! પૂર્વ પ્રમાણે જાણવું. પર્યાપ્ત બાદર પૃથિવીકાયિકોને કર્મ પ્રકૃતિઓ હોય ? પૂર્વની પ્રમાણેજ જાણવું. એ રીતે એ ક્રમથી યાવત્-પર્યાપ્ત બાદર વનસ્પતિકાયિકો સુધી સમજવું. હે ભગવન્ ! અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવિકાયિકો સાત કર્મપ્રકૃતિઓ અને આઠ કર્મપ્રકૃતિઓ બાંધે છે. જ્યારે સાત કર્મપ્રકૃતિઓ બાંધે ત્યારે આયુષ સિવાયની સાત કર્મપ્રકૃતિઓ બાંધે અને જ્યારે આઠ કર્મપ્રકૃતિઓને બાંધે ત્યારે પરિપૂર્ણ આઠે કર્મ પ્રકૃતિઓ બાંધે. પર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિકોની પ્રકૃતિ સંબંધે પૂર્વ પ્રમાણે જાણવું. તથા એ રીતે સર્વ એકેન્દ્રિય સંબંધે દંડકો કહેવા. યાવત્ પર્યાપ્ત બાદર વનસ્પતિકાયિકો કર્મપ્રવૃતિઓ એજ પ્રમાણે જાણવું.અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વિકાયિકો ચૌદ કર્મપ્રકૃતિઓ વેદે. જ્ઞાનાવરણીય અને યાવત્- અંતરાય, તથા શ્રત્રેન્દ્રિયાવરણ, ચક્ષુરિંદ્રિયાવરણ, ઘ્રાણેંદ્રિયાવરણ, જિહ્વેન્દ્રિયાવરણ, સ્ત્રીવેદાવરણ અને પુરુષવેદાવરણ. એ રીતે, સૂક્ષ્મબાદર, પર્યાપ્ત અને અપર્યાપ્તના ચાર ભેદપૂર્વક યાવત્-પર્યાપ્ત બાદર વનસ્પતિ કાયિક સુધી સમજવું. યાવત્ પર્યાપ્ત બાદર વનસ્પતિકાયિકો ઉપર પ્રમાણે ચૌદ કર્મપ્રકૃતિઓને વેદે છે.

[૧૦૧૯] હે ભગવન્ ! અનંતરોપપન્ન એકેંદ્રિય જીવો કેટલા પ્રકારના કહ્યા છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે- પૃથિવીકાયિક, યાવત્-વનસ્પતિ કાયિક.અનંતરોપપન્ન પૃથિવીકાયિકો બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે-સૂક્ષ્મ પૃથિવીકાયિકો અને બાદર પૃથિવીકાયિકો. એ પ્રમાણે બે ભેદ વડે યાવત્-વનસ્પતિ કાયિક સુધી સમજવું. અનન્તરોપપન્ન સૂક્ષ્મપૃથિવીકાયિકોને આઠ કર્મપ્રકૃતિઓ કહી છે. જ્ઞાનાવરણીય યાવત્ અંતરાય. અનન્તરોપપન્ન બાદર પૃથિવીકાયિકોનેઆઠ કર્મપ્ર કૃતિઓ કહી છે. જ્ઞાનાવરણીય યાવત્-અંતરાય. એ પ્રમાણે યાવત્- અનંત- રોપપન્ન બાદર વનસ્પતિકાયિક સંબંધે જાણવું. અનન્તરોપપન્ન સૂક્ષ્મ પૃથિવીકાયિકો આયુષ સિવાય સાત કર્મપ્રકૃતિઓ બાંધે છે. એ પ્રમાણે યાવત્-અનંતરોપપન્ન બાદરવનસ્પતિ કાયિક સુધી જાણવું. અનન્તરોપપન્ન સૂક્ષ્મ પૃથિવીકાયિકો ચૌદ કર્મપ્રકૃતિઓને વેદે છે. જ્ઞાનાવરણીય અને યાવત્-પુરુષવેદાવરણ. એ પ્રમાણે યાવત્-અનંતરોપપન્ન બાદર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વનસ્પતિકાયિકો સુધી સમજવું.

[૧૦૨૦] હે ભગવન્ ! પરંપરોપપન્ન એકેન્દ્રિયો કેટલા પ્રકારના કહ્યા છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારના. પૃથિવીકાયિક-એ પ્રમાણે ઔધિક ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે પ્રત્યેકના ચાર ચાર ભેદ જાણવા. હે ભગવન્ ! પરંપરોપપન્ન અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવી કાયિકોને કેટલી કર્મપ્રકૃતિઓ હોય ? ઔધિક ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે નિરવશેષ કહેવું. યાવત્-ચૌદ કર્મપ્રકૃતિઓને વેદે છે.

[૧૦૨૧] અનન્તરોપપન્નની પેઠે અનન્તરાવગાઢ સંબંધે સમજવું. પરંપરો-પન્નની પેઠે પરંપરાવગાઢ સંબંધે સમજવું. અનન્તરોપપન્નની પેઠે અનન્તરાહારક સંબંધે સમજવું. પરંપરોપપન્નની પેઠે પરંપરાહારક સંબંધે સમજવું. અનંતરોપપન્નની પેઠે અનન્તર પર્યાપ્ત વિષે પણ જાણવું. પરંપરોપપન્ની પેઠે પરંપર પર્યાપ્ત સંબંધે સમજવું. પરંપરોપપન્નની પેઠે ચરમ સંબંધે પણ સમજવું. એ રીતે અચરમો સંબંધે પણ સમજવું. એ પ્રમાણે એ અગિયાર ઉદ્દેશકો કહ્યા.

## શતક: ૩૩ -- શતક-શતક ૨થી ૧૨

[૧૦૨૨] હે ભગવન્ ! કૃષ્ણલેશ્યાવાળા એકેન્દ્રિય જીવો કેટલા પ્રકારના કહ્યા છે પાંચ પ્રકારના પૃથિવીકાયિક અને યાવત્-વનસ્પતિકાયિક. કૃષ્ણલેશ્યાવાળા પૃથિવી-કાયિકો બે પ્રકારના છે, સૂક્ષ્મ પૃથિવીકાયિક ને બાદર પૃથિવીકાયિક. કૃષ્ણલેશ્યાવાળા સૂક્ષ્મ પૃથિવી- કાયિકો સંબંધે જેમ ઔધિક ઉદ્દેશકમાં કહ્યું છે તેમ એ અભિલાપ વડે ચાર ભેદો યાવત્-વનસ્પતિકાયિકો સુધી જાણવા. કૃષ્ણ- લેશ્યાવાળા અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિકોને કર્મપ્રકૃતિઓ જેમ ઔધિક ઉદ્દેશકમાં કહ્યુ છે તેમ કહેવી. તે કર્મપ્રકૃતિઓ તેવી રીતે બાંધે છે અને તેવી રીતે તેનું વેદન પણ કરે છે. હે ગૌતમ ! અનન્તરોપપન્નક કૃષ્ણલેશ્યાવાળા એકેન્દ્રિયો પાંચ પ્રકારના કહ્યા છે. એ રીતે એ અભિલાપ વડે પૂર્વની પ્રમાણે તેના બે ભેદ યાવત્-વનસ્પતિકાય સુધી જાણવા.

હે ભગવન્ ! અનન્તરોપપન્ન કૃષ્ણલેશ્યાવાળા સૂક્ષ્મ પૃથિવીકાયિકોને કેટલી કર્મપ્રકૃતિઓ કહી છે ? એ પ્રમાણે પૂર્વે કહેલા અભિલાપ વડે ઔધિક અનન્તરોપ-પન્નના ઉદ્દેશકમાં કહ્યાં પ્રમાણે યાવત્-'વેદે છે' ત્યાંસુધી જાણવું. પરંપરોપપન્ન એકેન્દ્રિયો પાંચ પ્રકારના કહ્યા છે, પૃથિવીકાયિકો વગેરે. એમ એ અભિલાપવડે તેજ પ્રકારે ચાર ભેદ યાવત્-વનસ્પતિકાય સુધી કહેવા. હે ભગવન્ ! પરંપરોપપન્ન કૃષ્ણ લેશ્યાવાળા અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિકોને કેટલી કર્મપ્રકૃતિઓ હોય છે ? એ પ્રમાણે એ અભિલાપવડે ઔધિક ઉદ્દેશકમાં કહેલ પરંપરોપપન્ન સંબંધી બધી હકીકત અહીં જાણવી. તેજ પ્રમાણે યાવત્-વેદે છે એ પ્રકારે એ અભિલાપવડે જેમ ઔધિક એકેન્દ્રિય શતકમાં અગિયાર ઉદ્દેશકો કહ્યા છે તેમ કૃષ્ણલેશ્યા શતકમાં પણ કહેવા, યાવત્-અચરમ અને ચરમ કૃષ્ણલેશ્યાવાળા એકેન્દ્રિયો સુધી કહેવું.

[૧૦૨૩-૧૦૨૫] જેમ કૃષ્ણલેશ્યાવાળા સંબંધે કહ્યું તેમ નીલલેશ્યાવાળા સંબન્ધે પણ શતક કહેવું.એ રીતે કાપોતલેશ્યાવાળા સંબંધે પણ શતક કહેવું. પણ વિશેષ એ કે, 'કાપોતલેશ્યાવાળા' એવો પાઠ કહેવો. હે ગૌતમ ! ભવસિદ્ધિક એકેન્દ્રિયો પાંચ પ્રકારના કહ્યા છે. પૃથિવીકાયિક અને યાવત્- વનસ્પતિકાયિક. એઓના ચારે ભેદ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વગેરે હકીકત વનસ્પતિકાયિક સુધી જાણવી. હે ભગવન્ ! ભવસિદ્ધિક અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિકોને કેટલી કર્મપ્રકૃતિ- ઓ હોય છે ? એ રીતે એ અભિલાપવડે પહેલું એ-કેંદ્રિય શતક કહ્યું છે તેમ આ ભવસિ- દ્ધિક શતક પણ કહેવું. ઉદ્દેશકોની પરિપાટી પણ તેજ રીતે યાવત્-અચરમ ઉદ્દેશક સુધી કહેવી.

[૧૦૨૬] હે ભગવન્ ! કૃષ્ણલેશ્યાવાળા ભવસિદ્ધિક એકેંદ્રિયો કેટલા પ્રકારના કહ્યા છે ? પાંચ પ્રકારના- પૃથિવીકાયિક અને યાવત્-વનસ્પતિકાયિક. કૃષ્ણલેશ્યાવાળા ભવસિદ્ધિક પૃથિવીકાયિકો બે પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે-પર્યાપ્તકો અને અપર્યાપ્તકો. એ રીતે બાદર પૃથિવીકાયિકો સંબંધે પણ સમજવું. એ અભિલાપવડે તેજ પ્રકારે ચાર ભેદો કહેવા. હે ભગવન્ ! કૃષ્ણલેશ્યાવાળા ભવસિદ્ધિક અપર્યાપ્ત સૂક્ષ્મપૃથિવીકાયિકોને કેટલી કર્મપ્રકૃતિઓ હોય છે ? એમ એ અભિલાપ વડે જેમ ઔધિક ઉદ્દેશકમાં કહ્યું છે તેમ આ સંબંધે યાવત્-'વેદે છે' ત્યાં સુધી સમજવું.

હે ભગવન્ ! અનન્તરોપપન્નક કૃષ્ણલેશ્યાવાળા ભવસિદ્ધિક એકેંદ્રિયો કેટલા પ્રકારના કહ્યા છે ? પાંચ પ્રકારના-અનન્તરોપપન્ન પૃથિવીકાયિક અને યાવત્-વનસ્પતિ કાયિક. હે ભગવન્ ! અનન્તરોપપન્ન કૃષ્ણલેશ્યાવાળા ભવસિદ્ધિક પૃથિવીકાયિકો બે પ્રકારના કહ્યા છે,-સૂક્ષ્મ પૃથિવીકાયિકો અને બાદર પૃથિવીકાયિકો-એ રીતે ભેદ કહેવા. હે ભગવન્ ! અનન્તરોપપન્ન કૃષ્ણલેશ્યાવાળા ભવસિદ્ધિક સૂક્ષ્મ- પૃથિવીકાયિકોને કેટલી કર્મપ્રકૃતિઓ હોય છે ? એ પ્રમાણે એ અભિલાપથી જેમ અનન્તરોપપન્ન સંબંધે ઔધિક ઉદ્દેશકમાં કહ્યું છે તેમજ આ સંબંધે પણ યાવત્-'વેદે છે' ત્યાં સુધી જાણવું. એ રીતે એ અભિલાપવડે ઔધિક શતકમાં કહ્યા પ્રમાણે અગિયાર ઉદ્દેશકો યાવત્-છેલ્લા 'અચરમ' નામના ઉદ્દેશક સુધી કહેવા.

[૧૦૨૭-૧૦૨૯] જે રીતે કૃષ્ણલેશ્યાવાળા ભવસિદ્ધિક એકેંદ્રિયો સંબંધે શતક કહ્યું છે તે જ રીતે નીલલેશ્યાવાળા ભવસિદ્ધિક એકેંદ્રિય વિષે પણ શતક કહેવું. એ જ કાપોતલેશ્યાવાળા ભવસિદ્ધિક એકેંદ્રિયો વિષે પણ શતક કહેવું. હે ભગવન્ ! અભવ-સિદ્ધિક એકેંદ્રિયો કેટલા પ્રકારના કહ્યા છે ? પાંચ પ્રકારના - પૃથિવીકાયિક અને યાવત્-વનસ્પતિકાયિક. એ પ્રમાણે જે રીતે ભવસિદ્ધિક સંબંધે શતક કહ્યું છે તે જ રીતે અભવસિદ્ધિકો સંબંધે પણ શતક કહેવું. પણ વિશેષ એ કે, 'ચરમ' અને અને 'અચરમ' સિવાયના નવ ઉદ્દેશકકહેવા.

[૧૦૩૦-૧૦૩૨] એ જ રીતે કૃષ્ણલેશ્યાવાળા તથા નીલલેશ્યાવાળા તથા કાપોતલેશ્યાવાળા અભવસિદ્ધિક એકેન્દ્રિય સંબંધે પણ શતક કહેવું. એ પ્રમાણે અભવસિદ્ધિક સંબંધે ચાર શતકો અને તેના નવ નવ ઉદ્દેશકો છે. એ રીતે એ બાર એ-કેંદ્રિય મહાયુગ્મ શતકો છે. હે ભગવન્ ! તે એમજ છે.

**શતક : ૩૩ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## -: શતક : ૩૪ :-

### 卐 શતક-શતક-૧ 卐 -: ઉદ્દેસક-૧ :-

[૧૦૩૩] હે ભગવન્ ! એકેન્દ્રિયો કેટલા પ્રકારના કહ્યા છે ? પાંચ પ્રકારના.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૃથિવીકાયિકો, યાવત્-વનસ્પતિ- કાયિકો. એમ પૂર્વોક્ત ચાર ભેદ યાવત્-વનસ્પતિ- કાયિક સુધી કહેવા. હે ભગવન્ ! અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિક જીવ, જે આ રત્નપ્રભા પૃથિવીના પૂર્વ ચરમાન્તમાં-પૂર્વ દિશાને છેડે મરણસમુદ્ઘાત કરીને આ રત્નપ્રભા પૃથિવીના પશ્ચિમ ચરમાન્તમાં-પશ્ચિમ દિશાને અન્તે અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિ - કપણે ઉત્પન્ન થવાને યોગ્ય છે, તે હે ભગવન્ ! કેટલા સમયની વિગ્રહ- ગતિથી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! એક સમય, બે સમય કે ત્રણ સમયની. હે ગૌતમ ! એ પ્રમાણે મેં સાત શ્રેણિઓ કહી છે, તે આ પ્રમાણે-ઋજ્વાયત એક તરફ વક્ર, દ્વિધા વક્ર, એકતઃ ખા દ્વિધાખા ચક્રવાલ અને અર્ધચક્રવાલ જો પૃથિવી- કાયિક ઋજ્વાયત શ્રેણિથી ઉત્પન્ન થાય તો તે એક સમયની વિગ્રહગતિથી ઉત્પન્ન થાય. જો એકવક્ર શ્રેણિથી ઉત્પન્ન થાય તો તે બે સમયની વિગ્રહગતિથી ઉત્પન્ન થાય. જો તે દ્વિધાવક્ર શ્રેણિથી ઉત્પન્ન થાય તો ત્રણ સમયની વિગ્રહગતિથી ઉત્પન્ન થાય.

હે ભગવન્ ! અપર્યાપ્ત સૂક્ષ્મપૃથિવીકાયિક જે આ રત્નપ્રભા પૃથિવીના પૂર્વ ચરમાન્તમાં મરણસમુદ્ઘાત કરીને આ રત્નપ્રભાપૃથિવીના પશ્ચિમ ચરમાન્તમાં પર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિકપણે ઉત્પન્ન થવાને યોગ્ય છે હે ભગવન્ ! કેટલા સમયની વિગ્રહ ગતિથી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! એક સમયની- ઈત્યાદિ બધું પૂર્વની પેઠે જાણવું. એમ અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિકનો પૂર્વચર- માન્તમાં મરણસમુદ્ઘાત કરાવી પશ્ચિમ ચરમાન્તમાં બાદર અપર્યાપ્ત પૃથિવીકાયિક-પણે ઉપપાત કહેવો અને પુનઃ ત્યાં જ પર્યાપ્તપણે ઉપપાત કહેવો. એ પ્રમાણે અપ્કાયિકને વિષે પૂર્વોક્ત ચાર આલાપક કહેવા. સૂક્ષ્મ અપર્યાપ્ત, સૂક્ષ્મ પર્યાપ્ત, બાદર અપર્યાપ્ત અને બાદર પર્યાપ્ત અપ્કાયિ કમાં ઉપપાત કહેવો. એમ સૂક્ષ્મ તેજસ્કાયિક અપર્યાપ્ત અને પર્યાપ્તમાં ઉપપાત કહેવો. હે ભગવન્ ! અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિક જે આ રત્નપ્રભા પૃથિવીના પૂર્વ ચરમાન્તમાં મરણસમુદ્ઘાત કરીને મનુષ્યક્ષેત્રમાં અપર્યાપ્ત બાદર તેજસ્કાયિકપણે ઉત્પન્ન થવાને યોગ્ય છે તે હે ભગવન્ ! કેટલા સમયની વિગ્રહ ગતિથી ઉત્પન્ન થાય ? બાકી બધું પૂર્વની પેઠે સમજવું. એમ પર્યાપ્ત બાદરતેજસ્કાયિ- કપણે પણ ઉપપાત કહેવો. જેમ સૂક્ષ્મ અને બાદર અપ્કાયિકમાં ઉપપાત કહ્યો તેમ સૂક્ષ્મ અને બાદર વાયુકાયિકમાં પણ ઉપપાત કહેવો. વનસ્પતિકાયિકમાં પણ એ પ્રમાણે જાણવું. પર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિકને પણ રત્નપ્રભા પૂર્વ ચરમાન્તમાં મરણ- સમુદ્ઘાત કરાવી અનુક્રમે એ વીશે સ્થાનોમાં યાવત્-બાદરપર્યાપ્ત વનસ્પતિકાયિક સુધી ઉત્પન્ન કરાવવો. એ પ્રમાણે અપર્યાપ્ત બાદર પૃથિવીકાયિક અને પર્યાપ્ત બાદર પૃથિવીકાયિકને પણ પૂર્વવત્ જાણવું. એમ પ્રમાણે અપ્કાયિકને પણ ચારે ગમકને આશ્રયી પૂર્વચરમાન્તમાં સમુદ્ઘાતપૂર્વક એ પૂર્વોક્ત વક્તવ્યતાવડે ઉપરના વીશ સ્થાનકોમાં ઉત્પન્ન કરાવવો. અપર્યાપ્ત અને પર્યાપ્ત બન્ને પ્રકારના સૂક્ષ્મ તેજસ્કાયને પણ એ જ વીશ સ્થાનકોમાં ઉપર કહ્યા પ્રમાણે ઉત્પન્ન કરાવવો.

હે ભગવન્ ! અપર્યાપ્ત બાદર તેજસ્કાય, જે મનુષ્યક્ષેત્રમાં મરણસમુદ્ઘાત કરી રત્નપ્રભા પૃથ્વીના પશ્ચિમ ચરમાન્તમાં અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિકાપણે ઉત્પન્ન થવાને યોગ્ય છે તે હે ભગવન્ ! કેટલા સમયની વિગ્રહગતિથી ઉત્પન્ન થાય ? બાકીનું પૂર્વની પેઠે જાણવું. એ રીતે ચારે પ્રકારના પૃથિવીકાયિકોમાં, ચારે પ્રકારના અપ્કાયિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કોમાં તથા અપર્યાપ્ત અને પર્યાપ્ત સૂક્ષ્મ તેજસ્કાયિકોમાં પણ ઉપજાવવો. હે ભગવન્ ! જે અપર્યાપ્ત બાદર તેજસ્કાયિક, જે મનુષ્યક્ષેત્રમાં મરણસમુદ્દ્ઘાત કરી મનુષ્ય ક્ષેત્રમાં અપર્યાપ્ત બાદર તેજસ્કાયિકપણે ઉત્પન્ન થવાને યોગ્ય હોય તે કેટલા સમયની વિગ્રહગતિથી ઉત્પન્ન થાય ? બાકી બધું પૂર્વની પેઠે જાણવું. અને એ જ રીતે તેને પર્યાપ્ત બાદર તેજસ્કાયપણે પણ ઉત્પન્ન કરાવવો. જેમ પૃથિવીકાયિકોમાં કહ્યું છે તેમ ચારે ભેદથી વાયુકાયિકપણે અને વનસ્પતિકાયિકપણે પણ ઉપજાવવો. એ રીતે પર્યાપ્ત બાદર તેજસ્કાયિકને પણ સમયક્ષેત્રમાં સમુદ્દ્ઘાત કરાવી એ જ વીશસ્થાનકોમાં ઉત્પન્ન કરાવવો. જેમ અપર્યાપ્તનો ઉપપાત કહ્યો તેમ સર્વત્ર પણ પર્યાપ્ત અને અપ-ર્યાપ્ત બાદર તેજસ્યિકોને સમયક્ષેત્રમાં ઉત્પન્ન કરાવવા અને સમુદ્દ્ઘાત કરાવવી. જેમ પૃથિવીકાયિકોનો ઉપપાત કહ્યો તેમ ચાર ભેદથી વાયુકાયિકો અને વનસ્પતિકાયિકોને પણ ઉપજાવવા. યાવત્- હે ભગવન્ ! જે પર્યાપ્ત બાદર વનસ્પતિ- કાયિક આ રત્નપ્રભા પૃથિવીના પૂર્વ ચરમાન્તમાં મરણસમુદ્દ્ઘાત કરી પશ્ચિમ ચરમાન્તમાં બાદર વનસ્પ તિકાયિકપણે ઉત્પન્ન થવાને યોગ્ય છે તે, કેટલા સમયની વિગ્રહગતિથી ઉત્પન્ન થાય ? બાકી બધું તેમજ જાણવું. હે ભગવન્ ! જે અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવી- કાયિક આ રત્નપ્રભા પૃથિવીના પશ્ચિમ ચરમાન્તમાં સમુદ્દ્ઘાત કરી પૂર્વ ચરમાન્તમાં અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિકપણે ઉત્પન્ન થવાને યોગ્ય છે તે કેટલા સમયની વિગ્રહગતિથી ઉત્પન્ન થાય ? બાકી બધું પૂર્વ પ્રમાણે જાણવું. એ પ્રમાણે જેમ પૂર્વ ચરમાન્તમાં સર્વપદોમાં સમુદ્દ્ઘાત કરી પશ્ચિમ ચર- માન્તમાં અને સમય ક્ષેત્રમાં ઉપપાત કહ્યો તથા જેનો સમયક્ષેત્રમાં સમુદ્દ્ઘાતપૂર્વક પશ્ચિમચરમાન્તમાં અને સમયક્ષેત્રમાં ઉપપાત કહ્યો તેમ એજ ક્રમવડે પશ્ચિમ ચરમાન્તમાં અને સમયક્ષેત્રમાં સમુદ્દ્ઘાતપૂર્વક પૂર્વ ચરમાન્તમાં અને સમયક્ષેત્રમાં ઉપપાત કહેવો. એ પ્રમાણે એ ગમવડે દક્ષિણના ચરમાન્તમાં સમુદ્દ્ઘાતપૂર્વક ઉત્તરના ચરમાન્તમાં અને સમયક્ષેત્રમાં ઉપપાત કહેવો, અને એ જ રીતે ઉત્તર ચરમાન્તમાં અને સમયક્ષેત્રમાં સમુદ્દ્ઘાત કરાવી દક્ષિણ ચરમાન્તમાં અને સમયક્ષેત્રમાં તેજ ગમવડે ઉપપાત કહેવો.

હે ભગવન્ ! જે અપર્યાપ્ત સૂક્ષ્મપૃથ્વીકાયિક, શર્કરાપ્રભાપૃથિવીના પૂર્વ ચર-માન્તમાં મરણસમુદ્દ્ઘાત કરીને શર્કરાપ્રભાના પશ્ચિમ ચરમાન્તમાં અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિકપણે ઉત્પન્ન થવાને યોગ્ય છે તે કેટલા સમયની વિગ્રહગતિથી ઉત્પન્ન થાય ? જેમ રત્નપ્રભાપૃથિવી સંબંધે કહ્યું તેમ આ સંબંધે સમજવું. એ રીતે અનુક્રમે યાવત્-પર્યાપ્ત સૂક્ષ્મ તેજસ્કાયિક સુધી જાણવું. હે ભગવન્ ! જે અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવી કાયિક, શર્કરાપ્રભાના પૂર્વ ચરમાન્તમાં મરણસમુદ્દ્ઘાત કરી પશ્ચિમ ચરમાન્તમાં અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિપણે ઉત્પન્ન થવાને યોગ્ય છે તે કેટલા સમયની વિગ્રહ ગતિથી ઉત્પન્ન થાય ? બે સમય કે ત્રણ સમયની બાકી પૂર્વવત્ જો એ રીતે પર્યાપ્ત બાદર તેજસ્કાયિક સંબંધે પણ જાણવું. બાકી બધું રત્નપ્રભાની જેમ સમજવું. જે પર્યાપ્ત અને અપર્યાપ્ત બાદર તેજસ્કાયિકો સમયક્ષેત્રમાં સમુદ્દ્ઘાત કરી બીજી પૃથિવીના પશ્ચિમ ચરમાન્તમાં ચારે પ્રકારના પૃથિવીકાયિકોને વિષે, ચારે પ્રકારના અપ્કાયિકોને વિષે, બે પ્રકારના તેજસ્કા- યિકોને વિષે, ચારે પ્રકારના વાયુકાયિકોને વિષે અને ચારે પ્રકારના વનસ્પતિકાયિકોને વિષે ઉત્પન્ન થાય છે તેઓને પણ બે સમયની કે ત્રણ સમયની

JAINSITE જૈન સાઈટ

વિગ્રહગતિથી ઉત્પન્ન કરાવવા. જ્યારે પર્યાપ્ત અને અપર્યાપ્ત બાદર તેજસ્કાયિકો તેઓમાંજ ઉત્પન્ન થાય ત્યારે તેને જેમ રત્નપ્રભા સંબંધે કહ્યું તેમ એક સમયની, બે સમયની અને ત્રણ સમયની વિગ્રહગતિ સમજવી, શર્કરાપ્રભામાં ની જેમ યાવત્-અધઃસપ્તમ પૃથિવી સુધી જાણવી.

[૧૦૩૪] હે ભગવન્ ! જે અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક જીવ અધોલોક ક્ષેત્રની ત્રસનાડીની બહારના ક્ષેત્રમાં મરણસમુદ્ઘાત કરી ઊર્ધ્વલોક ક્ષેત્રની ત્રસનાડીની બહારના ક્ષેત્રમાં અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિકપણે ઉત્પન્ન થવાને યોગ્ય છે તે હે ભગવન્ ! કેટલા સમયની વિગ્રહગતિથી ઉત્પન્ન થાય ? ત્રણ સમય કે ચાર સમય. હે ગૌતમ ! જે પર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક અધોલોક ક્ષેત્રની ત્રસનાડીના બહારના ક્ષેત્રમાં મરણસમુદ્ઘાત કરી ઊર્ધ્વલોક ક્ષેત્રની ત્રસનાડીના બહારના ક્ષેત્રમાં અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિકપણે એક પ્રતરમાં અનુશ્રેણી-માં ઉત્પન્ન થવાને યોગ્ય છે તે ત્રણ સમયની જે વિશ્રેણીમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તે ચાર સમયની વિગ્રહગતિથી ઉત્પન્ન થાય.એ રીતે પર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિકપણે અને યાવત્-પર્યાપ્ત સૂક્ષ્મ તેજસ્કાયિકપણે જે ઉપજે તે માટે પણ એમજ જાણવું. હે ભગવન્ ! જે અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વિકાયિક અધોલોક ક્ષેત્રની ત્રસનાડીની બહારના ક્ષેત્રમાં મરણસમુદ્ઘાત કરી સમયક્ષેત્રમાં અપર્યાપ્ત બાદર તેજસ્કાયિકપણે ઉત્પન્ન થવાને યોગ્ય છે તે, કેટલા સમયની વિગ્રહગતિથી ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! બે કે ત્રણ સમયની.બાકી પૂર્વવત્ એમ પર્યાપ્ત બાદર તેજસ્કાયિકોમાં પણ ઉપપાત કરાવવો. અપ્કાયિકની પેઠે વાયુકાયિક અને વનસ્પતિકાયિકપણે ચારે ભેદવડે ઉપપાત કરાવવો. એ પ્રમાણે જેમ અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક સંબંધે ગમક કહ્યો તેમ પર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક સંબંધે પણ ગમક કહેવો અને તેજ પ્રકારે તેને વીશે સ્થાનકમાં ઉપજાવવો. અધોલેકક્ષેત્રનીત્રસનાડીના બહારના ક્ષેત્રમાં મરણસમુદ્ઘાત કરી-ઈત્યાદિ પર્યાપ્ત અને અપર્યાપ્ત બાદર પૃથ્વીકાયિક સંબંધે પણ એમજ કહેવું. અને એ રીતે ચારે પ્રકારના અપ્કાયિક સંબંધે પણ કહેવું. બન્ને પ્રકારના સૂક્ષ્મ તેજસ્કાયને પણ એમજ જાણવું.

હે ભગવન્ ! જે અપર્યાપ્ત બાદર તેજસ્યાયિક સમયક્ષેત્રમાં મરણસમુદ્ઘાત કરી ઊર્ધ્વલોક ક્ષેત્રની ત્રસનાડીના બહારના ક્ષેત્રમાં અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વિકાયિકપણે ઉત્પન્ન થવાને યોગ્ય છે તે, હે ભગવન્ ! કેટલા સમયની વિગ્રહગતિથી ઉત્પન્ન થાય ? બે, ત્રણ કે ચાર સમયની બાકી પૂર્વવત્ હે ભગવન્ ! જે પર્યાપ્ત બાદર તેજસ્કાયિક સમયક્ષેત્રમાં મરણસમુદ્ઘાત કરીને ઊર્ધ્વલોક ક્ષેત્રની ત્રસના- ડીની બહારના ક્ષેત્રમાં પર્યાપ્ત સૂક્ષ્મ તેજસ્કાયિકપણે ઉત્પન્ન થવાને યોગ્ય છે તે હે ભગવન્ ! કેટલા સમયના વિગ્રહગતિથી ઉત્પન્નન થાય ? હે ગૌતમ ! બાકી બધું તેમજ જાણવું. હે ભગવન્ ! જે અપર્યાપ્ત બાદર તેજસ્કાયિક સમયક્ષેત્ર-મનુષ્યક્ષેત્રમાં સમુદ્- ઘાત કરી સમયક્ષેત્રમાં અપર્યાપ્ત બાદર તેજસ્કાયિકપણે ઉત્પન્ન થવાને યોગ્ય છે તે, કેટલા સમયની વિગ્રહગતિથી ઉત્પન્ન થાય ? એક બે કે ત્રણ સમયની.બાકી પૂર્વવત્ એમ પર્યાપ્ત બાદર તેજસ્કાયિકપણે પણ જાણવું. જેમ પૃથિવીકાયિકને વિષે ઉપપાત કહ્યો તેમ વાયુ-કાયિકોમાં અને વનસ્પતિકાયિકોમાં ચારે ભેદે ઉપપાત કહેવો. એ રીતે પર્યાપ્ત બાદર તેજસ્કાયિકનો પણ એજ સ્થાનકોમાં ઉપપાત કહેવો. જેમ વાયુકાયિક અને વનસ્પતિ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાયિકનો પૃથિવીકાયિકપણે ઉપપાત કહ્યો છે તેમ આ વિષે પણ ઉપપાત કહેવો.જે પર્યાપ્ત સૂક્ષ્મપૃથ્વીકાયિક ઊર્ધ્વલોક -ક્ષેત્રની ત્રસનાડીના બહારના ક્ષેત્રમાં મરણસ મુદ્દ્ઘાત કરીને અધોલોક ક્ષેત્રની ત્રસનાડીની બહારના ક્ષેત્રમાં અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિકપણે ઉત્પન્ન થવાને યોગ્ય છે પૂર્વ પ્રમાણે જાણવું.

ઊર્ધ્વલોક ક્ષેત્રની ત્રસનાડીની બહારના ક્ષેત્રમાં મરણસમુદ્દ્ઘાત કરી અધો-લોક ક્ષેત્રની ત્રસનાડીની બહારના ક્ષેત્રમાં ઉત્પન્ન થતા [પૃથિવીકાયિકાદિ] સંબંધે પણ તેજ સંપૂર્ણ ગમ કહેવો જે અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિક લોકના પૂર્વ ચરમાન્તમાં મરણ સમુદ્દ્ઘાત કરી લોકના પૂર્વ ચરમાન્તમાં અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિકપણે ઉત્પન્ન થવાને યોગ્ય છે તે એક બે ત્રણ કે ચાર સમયની વિગ્રહગતિથી ઉત્પન્ન થાય. મેં એ પ્રમાણે અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિક લોકના પૂર્વ ચરમાન્તમાં સમુદ્દ્ઘાત કરી લોકના પૂર્વ ચરમાન્તમાંજ અપર્યાપ્ત અને પર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિકોમાં, સૂક્ષ્મ અપ્કાયિકમાં, સૂક્ષ્મ તેજસ્કાયિકોમાં, સૂક્ષ્મ વાયુકાયિકોમાં, અપર્યાપ્ત અને પર્યાપ્ત બાદર વાયુકા- યિકોમાં, સૂક્ષ્મ વનસ્પતિકાયિકોમાં, અને અપર્યાપ્ત અને પર્યાપ્ત મળી એ બારે સ્થાનકોમાં ક્રમપૂર્વક કહેવો. સૂક્ષ્મ પૃથિવીકાયિકપર્યાપ્તનો એજ પ્રમાણે બારે સ્થાનકો માં સમગ્ર ઉપપાત કહેવો. એ રીતે એ ગમવડે યાવત્-પર્યાપ્ત સૂક્ષ્મ વનસ્પતિકાયિકનો પર્યાપ્ત સૂક્ષ્મ વનસ્પતિકાયિકોમાંજ ઉપપાત કહેવો.

હે ભગવન્ ! જે અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિક, લોકના પૂર્વ ચરમાન્તમાં સમુદ્દ્ઘાત કરી લોકના દક્ષિણ ચરમાન્તમાં અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિકપણે ઉત્પન્ન થવાને યોગ્ય છે તે હે ભગવન્ ! કેટલા સમયની વિગ્રહગતિથી ઉત્પન્ન થાય. હે ગૌતમ ! બાકી પૂર્વ વત્ એ રીતે એ ગમવડે પૂર્વ ચરમાન્તમાં સમુદ્દ્ઘાતપૂર્વક દક્ષિણ ચરમાન્તમાં ઉપજાવવો. યાવત્-પર્યાપ્ત સૂક્ષ્મવનસ્પતિકાયિકનો પર્યાપ્ત સૂક્ષ્મ વનસ્પતિકાયિકોમાં ઉપપાત કહેવો અને બધાને બે સમયની, ત્રણ સમયની અને ચાર સમયની વિગ્રહ ગતિ કહેવી. જે અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિક લોકના પૂર્વ ચરમાન્તમાં સમુદ્દ્ઘાત કરી લોકના પશ્ચિમ ચરમાંતમાં અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિકપણે ઉત્પન્ન થવાને યોગ્ય છે તે એક બે ત્રણ કે ચાર સમયની વિગ્રહગતિથી ઉત્પન્ન થાય. બાકી પૂર્વ પ્રમાણે જાણવું. જેમ પૂર્વ ચરમાંતમાં સમુદ્દ્ઘાત કરી પૂર્વ ચરમાંતમાંજ ઉપપાત કહ્યો તેમજ પૂર્વ ચરમાંતમાં સમુદ્દ્ઘાત કરવા પૂર્વક પશ્ચિમ ચરમાંતમાં બધાના ઉપપાત કહેવા. હે ભગવન્ ! જે અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિક લોકના પૂર્વ ચરમાંતમાં મરણસમુદ્દ્ઘાત કરી લોકના ઉત્તર ચરમાંતમાં અપર્યાપ્ત સૂક્ષામ પૃથિવીકાયિકપણે ઉત્પન્ન થવાને યોગ્ય છે તે કેટલા સમયની વિગ્રહગતિથી ઉત્પન્ન થાય ? જેમ પૂર્વ ચરમાંતમાં સમુદ્દ્ઘાતપૂર્વક દક્ષિણ ચરમાંતમાં ઉપપાત કહ્યો તેમ પૂર્વ ચરમાંતમાં સમુદ્દ્ઘાતપૂર્વક ઉત્તર ચરમાંતમાં ઉપપાત કહેવો.

જે અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિક લોકના દક્ષિણ ચરમાંતમાં મરણ- સમુદ્દ્ઘાત કરી લોકના દક્ષિણ ચરમાંતમાંજ અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિકપણે ઉત્પ- ન્ન થવાને યોગ્ય છે વિશેષ એ કે, બે સમય, ત્રણ સમય કે ચાર સમયની વિગ્રહગતિ જાણવી અને બાકી બધું તેમજ જાણવું. જેમ સ્વસ્થાનમાં કહ્યું તેમ દક્ષિણ ચરમાંતમાં સમુદ્દ્ઘાત અને ઉત્તર ચરમાંતમાં ઉપપાત કહેવો, અને એક સમય, બે સમય, ત્રણ સમય કે ચાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમયની વિગ્રહગતિ જાણવી. પશ્ચિમ ચરમાન્તની પેઠે પૂર્વ ચરમાંતને વિષે જાણવું. તેમજ બે ત્રણ કે ચાર સમયની વિગ્રહગતિ જાણવી. પશ્ચિમ ચરમાન્તની પેઠે પૂર્વ ચરમાં તને વિષે જાણવું. તેમજ બે ત્રણ કે ચાર સમયની વિગ્રહગતિ જાણવી. પશ્ચિમ ચરમાં તમાં સમુદ્ઘાત કરી અને પશ્ચિમ ચરમાંતમાં ઉત્પન્ન થતા પૃથિવીકાયિકાદિ સંબંધે જેમ સ્વસ્થાનમાં કહ્યું તેમ જાણવું. ઉત્તર ચરમાંતમાં ઉત્પન્ન થતા જીવોને આશ્રયી એક સમયની વિગ્રહગતિ નથી. બાકી બધું તેમજ જાણવું. પૂર્વ ચરમાંત સંબંધે સ્વસ્થાનની પેઠે સમજવું. દક્ષિણ ચરમાંતમાં એક સમયની વિગ્રહગતિ નથી અને બાકી બધું તેમજ સમજવું. ઉત્તરમાં સમુદ્ઘાતને પ્રાપ્ત થેલા અને ઉત્તરમાં ઉપજતા જીવો .સંબંધે સ્વસ્થાનની પેઠે જાણવું. ઉત્તરમાં સમુદ્ઘાતને પ્રાપ્ત થએલા અને પૂર્વમાં ઉત્પન્ન થતા પૃથિવીકાયિકાદિ સંબંધે પણ એજ રીતે સમજવું. વિશેષ એ કે, એક સમયની વિગ્રહ ગતિ નથી. ઉત્તરમાં સમુદ્ -ઘાતને પ્રાપ્ત થએલા અને દક્ષિમાં ઉત્પન્ન થતા જીવો સંબંધે સ્વસ્થાનની પેઠે જાણવું. ઉત્તરમાં સમુદ્ઘાતને પ્રાપ્ત થયેલા અને પશ્ચિમમાં ઉત્પન્ન થતા જીવોને આશ્રયી એક સમયની વિગ્રહગતિ નથી, બાકી બધું તેમજ જાણવું. હે ભગવન્ ! પર્યાપ્ત બાદર પૃથિવીકાયિકોનાં સ્થાનો ક્યાં કહ્યાં છે ? હે ગૌતમ ! તેઓનાં સ્થાન સ્વસ્થાનને અપેક્ષી આઠ પૃથિવીઓમાં છે-ઈત્યાદિ સ્થાનપદમાં, કહ્યા પ્રમાણે જાણવું, હે આયુષ્મન્ શ્રમણ ! તેઓ સર્વલોકમાં વ્યાપ્ત છે. હે ભગવન્ ! અપ- ર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવી કાયિકોને કેટલી કર્મપ્રકૃતિઓ કહી છે ? આઠ-જ્ઞાનાવરણીય અને યાવત્-અંતરાય. એ પ્રમાણે ચારે ભેદો વડે જેમ એકેંદ્રિય શતકમાં કહ્યું છે, તેમ યાવત્-પર્યાપ્ત બાદર વનસ્પતિકાયિક સુધી જાણવું.

હે ભગવન્ ! અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિકો કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે છે ? હે ગૌતમ ! સાત આઠ -ઈત્યાદિ જેમ એકેંદ્રિયશતકમાં કહ્યું છે જાણવું. અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિકો ચૌદ કર્મપ્રકૃતિઓને વેદે છે. તે આ પ્રમાણે-જ્ઞાનાવરણીય ઈત્યાદિ જેમ એકેંદ્રિય શતકમાં કહ્યું છે તેમ યાવત્-પુરુષવેદપ્રતિબન્ધક કર્મપ્રકૃતિક સુધી યાવત્-પર્યાપ્ત બાદર વનસ્પતિકાયિક સુધી જાણવું. હે ભગવન્ ! એકેન્દ્રિય જીવો ક્યાંથી આવી ઉત્પન્ન થાય ? જેમ વ્યુત્કાંતિપદમાં પૃથિ- વીકાયિકોનો ઉપપાત કહ્યો છે તેમ અહીં જાણવો. હે ભગવન્ ! એકેન્દ્રિય જીવોને કેટલા સમુદ્ઘાતો કહ્યા છે ? ચાર.- વેદનાસમુદ્ ઘાત, યાવત વૈક્રિયસમુદ્ઘાત. હે ગૌતમ ! કેટલાક તુલ્ય સ્થિતિવાળા એકેંદ્રિયો પરસ્પર તુલ્ય વિશેષાધિક કર્મબન્ધ કરે છે, કેટલાક તુલ્ય સ્થિતિવાળા ભિન્ન ભિન્ન વિશેષાધિક કર્મબન્ધ કરે છે, કેટલાક ભિન્ન ભિન્ન સ્થિતિ- વાળા તુલ્ય વિશેષાધિક કર્મબન્ધ કરે છે અને કેટલાક ભિન્ન ભિન્ન સ્થિતિવાળા ભિન્ન ભિન્ન વિશેષાધિક કર્મબંધ કરે છે. તેમાં જે સમાન આયુષવાળા અને સાથે ઉત્પન્ન થયેલા હોય છે તેઓ તુલ્યસ્થિતિવાળા છે અને તેઓ તુલ્ય વિશેષાધિક કર્મબંધ કરે છે. જેઓ સમાન આયુષવાળા અને જુદા જુદા સમયે ઉત્પન્ન થયેલા છે તેઓ તુલ્યસ્થિતિવાળા છે અને જુદું જુદું વિશેષાધિક કર્મ બાંધે છે. જેઓ જુદા જુદા આયુષવાળા અને સાથે ઉત્પન્ન થયેલા છે તેઓ જુદી જુદી સ્થિતિ વાળા છે અને તુલ્ય વિશેષાધિક કર્મબંધ કરે છે. તથા જેઓ જુદા જુદા આયુષવાળા અને જુદા જુદા સમયે ઉત્પન્ન થયેલા છે તેઓ ભિન્ન ભિન્ન સ્થિતિવાળા છે અને જુદું જુદું વિશેષાધિક કર્મ કરે છે.

33

જૈન સાઈટ JAINSITE જૈન જાગૃતિ અભિયાન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શતક : ૩૪ શતક-શતક-૧ -: ઉદ્દેશક ૨ :-

[૧૦૩૫] હે ભગવન્ ! અનન્તરોપપન્ન એકેંદ્રિયો કેટલા પ્રકારના કહ્યા છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારના. પૃથિવીકાયિક વગેરે. તેના બે ભેદ જેમ એકેંદ્રિય શતકોમાં કહ્યા છે તેમ યાવત્-બાદર વનસ્પતિકાયિક સુધી કહેવા. અનન્તરોપપન્ન બાદર પૃથિવી કાયિ- સ્વસ્થાનની અપેક્ષાએ આઠે પૃથિવીઓમાં, તે આ પ્રમાણે-રત્નપ્રભામાં-ઈત્યાદિ જેમ સ્થાનપદમાં કહ્યું છે તેમ યાવત્-દ્વીપોમાં અને સમુદ્રોમાં અનન્તરોપપન્ન પૃથિવી કાયોકોનાં સ્થાનો કહ્યાં છે. ઉપપાતની અપેક્ષાએ સર્વ લોકમાં અને સમુદ્ઘાતને આશ્રયી સર્વ લોકમાં છે. સ્વસ્થાનને અપેક્ષી તેઓ લોકના અસંખ્યાતમા ભાગમાં રહે છે. અનંતરોપપન્ન સૂક્ષ્મ પૃથિવીકાયિકો બધા એક પ્રકારના વિશેષતા યા ભિન્નતા રહિત છે. તથા તેઓ સર્વલોકમાં વ્યાપ્ત છે. એ રીતે એ ક્રમવડે બધા એકેંદ્રિયો સંબંધે કહેવું. તે બધાનાં સ્વસ્થાને સ્થાનપદમાં કહ્યા પ્રમાણે જાણવાં. જેમ પર્યાપ્ત બાદર એકેન્દ્રિયના ઉપપાત, સમુદ્ઘાત અને સ્વસ્થાનો કહ્યા છે તેમ અપર્યાપ્ત બાદર એ- કેંદ્રિયોનાં જાણવાં. જેમ સૂક્ષ્મ પૃથિવી- કાયિકોનાં ઉપપાત, સમુદ્ઘાત અને સ્વસ્થાનો કહ્યા છે તેમ બધા સૂક્ષ્મએકેન્દ્રિયોના યાવત્-વનસ્પતિકાયિકસુધીજાણવા.હે ભગવન્ ! અનન્તરોપપન્ન સૂક્ષ્મ પૃથિવી- કાયિકોને આઠ કર્મપ્રકૃતિઓ કહી છે-ઈત્યાદિ જેમ એ- કેંદ્રિય શતકોમાં અનન્તરોપપન્ન ઉદ્દેશકને વિષે કહ્યા પ્રમાણે કર્મપ્રકૃતિ- ઓ કહેવી. યાવત્-તેજ રીતે બાંધે છે, તે જ રીતે વેદે છે, યાવત્-અનન્તરોપપન્ન બાદર વનસ્પતિ કાયિક સુધી સમજવું. હે ભગવન્ ! અનન્તરોપપન્ન એકેંદ્રિયો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! જેમ ઔધિક ઉદ્દેશકમાં કહ્યું છે તેમ અહીં જાણવું.

હે ભગવન્ ! અનંતરોપપન્ન એકેંદ્રિયોને કેટલા સમુદ્ઘાતો કહ્યા છે ? બે. વેદના સમુદ્ઘાત અને કષાયસમુદ્ઘાત. તુલ્ય સ્થિતિવાળા- અનંતરોપપન્ન એકેંદ્રિયો કેટલાક તુલ્યસ્થિતિવાળા એકેંદ્રિયો તુલ્ય વિશેષાધિક કર્મ બાંધે છે, કેટલાક જુદું જુદું વિશેષા ધિક કર્મ બાંધે છે. હે ગૌતમ ! અનંતરોપપન્ન એકેંદ્રિયો બે પ્રકારના કહ્યા છે. તેમાં જે સમાન આયુષવાળા અને સાથે ઉત્પન્ન થયેલા છે તેઓ તુલ્ય સ્થિતિવાળા હોઈ તુલ્ય વિશેષાધિક કર્મ બાંધે છે અને જેઓ તુલ્ય સ્થિતિવાળા અને વિષમોપપન્ન-જુદા જુદા સમયે ઉત્પન્ન થયેલા છે તેઓ તુલ્યસ્થિતિવાળા અનેજુદું જુદું વિશેષાધિક કર્મ બાંધે છે.

શતક : ૩૪ શતક-શતક૧- -: ઉદ્દેશક ૩ થી ૧૧ :-

[૧૦૩૬] હે ભગવન્ ! પરંપરોપપન્ન એકેંદ્રિયો કેટલા પ્રકારના કહ્યા છે ? પાંચ પ્રકારના -પૃથિવીકાયિક વગેરે તેના ચાર ભેદ યાવત્-વનસ્પતિકાયિક સુધી જાણવા. હે ભગવન્ ! જે પરંપરોપપન્ન અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિક આ રત્નપ્રભા પૃથિવીના પૂર્વ ચરમાંતમાં મરણ સમુદ્ઘાત કરી આ રત્નપ્રભા પૃથિવીના યાવત્-પશ્ચિમ ચરમાંતમાં અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિકપણે ઉત્પન્ન થવાને યોગ્ય છે તે હે ભગવન્ ! કેટલા સમયની વિગ્રહગતિથી ઉપજે ? એ રીતે એ અભિલાપથી જેમ પ્રથમ ઉદ્દેશક કહ્યો તેમ યાવત્-લોકચરમાંત સુધી જાણવું. હે ભગવન્ ! પરંપરોપપન્ન બાદર પૃથિવીકાયિકોનાં સ્થાનો ક્યાં કહ્યાં છે ? હે ગૌતમ ! સ્વસ્થાનને અપેક્ષી આઠે પૃથિવીમાં છે. એ રીતે જેમ પ્રથમ ઉદ્દેશકમાં કહ્યું છે તેમ યાવત્-તુલ્યસ્થિતિવાળા સુધી જાણવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૧૦૩૭] એ રીતે બાકીના પણ આઠ ઉદ્દેશકો યાવત્-'અચરમ' સુધી કહેવા. પરંતુ વિશેષ એ કે, અનંતર ઉદ્દેશકો અનંતર જેવા અને પરંપર ઉદ્દેશકો પરંપર સમાન જાણવા. ચરમ અચરમ વિષે પણ એજ જાણવું. એ રીતે ૧૧- ઉદ્દેશકો કહેવા.

**શતક ૩૪ શતકશતક-૧-ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## -: શતક-૩૪, શતક-શતક ૨ થી ૧૨ :-

[૧૦૩૮] હે ભગવન્ ! કૃષ્ણલેશ્યાવાળા એકેંદ્રિયો કેટલા પ્રકારના કહ્યા છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારના. તેના ચાર ભેદ કૃષ્ણલેશ્યાવાળા એકેંદ્રિય શતકમાં કહ્યા પ્રમાણે યાવત્-વનસ્પતિકાયિક સુધી જાણવા. હે ભગવન્ ! જે કૃષ્ણલેશ્યાવાળો અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાયિક આ રત્નપ્રભા પૃથિવીના પૂર્વ ચરમાંતમાં સમુદ્ઘાત કરી પશ્ચિમ ચરમાંતમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે તે કેટલા સમયની વિગ્રહગતિથી ઉત્પન્ન થાય ? ઇત્યાદિ પાઠવડે જેમ ઔધિક ઉદ્દેશકમાં કહ્યું છે તેમ યાવત્-લોકના ચરમાંત સુધી સમજવું. સર્વત્ર કૃષ્ણલેશ્યાવાળામાં ઉપપાત કહેવો. હે ભગવન્ ! કૃષ્ણલેશ્યાવાળા પર્યાપ્ત બાદર પૃથિવીકાયિકોનાં સ્થાનો ક્યાં કહ્યાં છે? હે અભિલાપથી ઔધિક ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે યાવત્- 'તુલ્યસ્થિતિવાળા' સુધી સમજવું. એ અભિલાપથી જેમ પ્રથમ શ્રેણીશતક કહ્યું તેમજ બીજા શ્રેણિશતકના અગિયાર ઉદ્દેશકો કહેવા.

[૧૦૩૯-૧૦૪૧] એ પ્રમાણે નીલલેશ્યાવાળાઓ સંબંધે ત્રીજું શતક કહેવું. કાપોતલેશ્યાવાળાઓ સંબંધે પણ એજ રીતે ચોથું શતક કહેવું અને ભવસિદ્ધિક એ-કેંદ્રિયો સંબંધે પણ એજ પ્રકારે પાંચમું શતક કહેવું.

[૧૦૪૨] હે ભગવન્ ! કૃષ્ણલેશ્યાવાળા ભવસિદ્ધિક એકેન્દ્રિયો કેટલા પ્રકારના કહ્યા છે ? જેમ ઔધિક ઉદ્દેશકમાં કહ્યું છે તેમજ જાણવું.અનંતરોપપન્ન કૃષ્ણલેશ્યાવાળા ભવસિદ્ધિક એકેંદ્રિયોઅનંતરોપપન્નક સંબંધી ઔધિક ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે જાણવું. પરંપ- રોપપન્ન કૃષ્ણલેશ્યાવાળા ભવસિદ્ધિક એકેંદ્રિયો પાંચ પ્રકારના કહ્યા છે. એમ ઔધિક ચારે ભેદ યાવત્-વનસ્પતિકાયિક સુધી કહેવા. હે ભગવન્ ! જે પરંપરોપપન્ન કૃષ્ણલેશ્યાવાળો ભવસિદ્ધિક અપર્યાપ્ત સૂક્ષ્મપૃથિવીકાયિક આ રત્નપ્રભા પૃથિવીના- ઇત્યાદિ પૂર્વોક્ત પાઠવડે ઔધિક ઉદ્દેશક લોકચરમાંત સુધી કહેવો. સર્વત્ર કૃષ્ણલેશ્યા વાળા ભવસિદ્ધિકોમાં ઉપપાત કહેવો. હે ભગવન્ ! પરંપરોપપન્ન કૃષ્ણલેશ્યાવાળા ભવ સિદ્ધિક પર્યાપ્ત બાદર પૃથિવીકાયોકિનાં સ્થાનો ક્યાં કહ્યાં છે ? એમ એ અભિલાપથી તુલ્યસ્થિતિવાળા સુધી ઔધિક ઉદ્દેશક કહેવો. એ રીતે એ અભિલાપથી કૃષ્ણલેશ્યા વાળા ભવસિદ્ધિક એકેંદ્રિય સંબંધે પણ તે પ્રમાણે અગિયાર ઉદ્દેશક સહિત છઠ્ઠું શતક કહેવું.

[૧૦૪૩] નીલલેશ્યાવાળા ભવસિદ્ધિક એકેંદ્રિયો સંબંધે સાતમું શતક કહેવું. એ રીતે કાપોતલેશ્યાવાળા ભવસિદ્ધિક એકેંદ્રિયો સંબંધે પણ આઠમું શતક કહેવું. જેમ ભવસિદ્ધિકો સંબંધે ચાર શતકો કહ્યાં છે તેમ અભવસિદ્ધિકો સંબંધે પણ ચાર શતક કહેવાં. પણ વિશેષ એ કે, ચરમ અને અચરમ સિવાયના નવ ઉદ્દેશકો કહેવા. બાકી બધું તેમજ જાણવું. એમ એ બાર એકેંદ્રયશ્રેણીશતકો કહ્યાં. 'હે ભગવન્ ! તે એમજ છે,

**શતક : ૩૪ મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## શતક : ૩૫

### -: શતક-શતક : ૧ :-

### -: ઉદ્દેસો-૧ :-

[૧૦૪૪] હે ભગવન્ ! કેટલાં મહાયુગ્મો-મહારાશિઓ કહ્યાં છે ? હે ગૌતમ ! સોળ. કૃતયુગ્મકૃતયુગ્મ, કૃતયુગ્મત્ર્યોજ, કૃતયુગ્મ- દ્વાપરયુગ્મ, કૃતયુગ્મકલ્યોજ, ત્ર્યોજકૃતયુગ્મ, ત્ર્યોજત્ર્યોજ, ત્ર્યોજદ્વાપરયુગ્મ, ત્ર્યોજક- લ્યોજ, દ્વાપરયુગ્મકૃતયુગ્મ, દ્વાપરયુગ્મત્ર્યોજ, દ્વાપરયુગ્મદ્વાપરયુગ્મ, દ્વાપરયુગ્મ- કલ્યોજ, કલ્યોજકૃતયુગ્મ, કલ્યોજત્ર્યોજ, કલ્યોજદ્વાપરયુગ્મ, કલ્યોજકલ્યોજ. હે ગૌતમ ! જે રાશિને ચાર સંખ્યાના અપહારથી અપહારતાં ચાર બાકી રહે, અને તે રાશિના અપહારસયો પણ કૃતયુગ્મ હોય તો તે (રાશિ) કૃતયુગ્મકૃતયુગ્મ કહેવાય જે રાશિને ચાર સંખ્યાના અપહારથી અપહારતાં ત્રણ બાકી રહે અને તે રાશિના અપહારસમયો પણ કૃતયુગ્મ હોય તો તે રાશિ કૃતયુગ્મત્ર્યોજ કહેવાય. જે રાશિને ચાર સંખ્યાના અપહારથી અપહારતાં બે બાકી રહે અને તે રાશિના અપહારસમયો કૃતયુગ્મ હોય તો તે કૃતયુગ્મદ્વાપરયુગ્મ કહેવાય. જે રાશિને ચાર સંખ્યાના અપહારથી અપહારતાં એક બાકી રહે અને તે રાશિના અપહાર સમયો કૃતયુગ્મ હોય તો તે કૃતયુગ્મકલ્યોજ કહેવાય. યાવત્ એ પ્રમાણે બાકીના બધાં ભેદ જાણવા. માટે તે હેતુથી યાવત્-કલ્યોજકલ્યોજ સુધી સોળ મહાયુગ્મો કહ્યાં છે.

[૧૦૪૫] હે ભગવન્ ! કૃતયુગ્મકૃતયુગ્મ રાશિરૂપ એકેંદ્રિયો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ? ઇત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! જેમ ઉત્પલોદેશકમાં ઉપપાત કહ્યો છે તે પ્રમાણે અહીં ઉપપાત કહેવો. તે જીવો એક સમયે સોળ, સંખ્યાતા, અસંખ્યાતા કે અનંત જીવો ઉત્પન્ન થાય છે. હે ગૌતમ ! તે જીવો સમયે સમયે અનન્તા અપહરાય અને અનંત ઉત્સર્પિણી અને અનંત અવસર્પિણી સુધી અપહરીએ તો પણ તેઓ ખાલી થાય નહીં. તેઓની ઉંચાઈ ઉત્પલોદ્દેશકમાં કહ્યા પ્રમાણે જાણવી. તેઓ જ્ઞાનાવરણીય કર્મના બંધક છે, પણ અબંધક નથી. એ રીતે આયુષ સિવાય બધાં કર્મો વિષે જાણવું, તેઓ આયુષના બંધક પણ છે અને અબંધક પણ છે. તે જીવો જ્ઞાના- વરણયીના વેદક છે, પણ અવેદક નથી. એ પ્રમાણે બધા કર્મ સંબંધે સમજવું. હે ગૌતમ ! તેઓ સાતાના વેદક છે અને અસાતાના વેદક પણ છે. જેમ ઉત્પલ ઉદ્દેશકમાં કર્મ સંબંધે જે પરિપાટી કહી છે તે અહીં જાણવી. તેઓ બધાય કર્મોના ઉદયી છે પણ અનુદયી નથી. છ કર્મોના ઉદીરક છે, પણ અનુદીરક નથી. વેદનીય અને આયુષ કર્મના ઉદીરક પણ છે અને અનુદીરક પણ છે.

હે ભગવન્ ! શું તે જીવો કૃષ્ણલેશ્યાવાળા છે-ઇત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ ! તેઓ કૃષ્ણલેશ્યાવાળા, નીલલેશ્યાવાળા, કાપોતલેશ્યાવાળા તથા તેજોલેશ્યાવાળા છે. તેઓ મિથ્યાદૃષ્ટિઓ છે. અવશ્ય બે અજ્ઞાનવાળા છે.-મતિઅજ્ઞાનવાળા અને શ્રુતઅજ્ઞાન વાળા. માત્ર કાયયોગ- વાળા છે. સાકાર ઉપયોગવાળા છે અને અનાકાર ઉપયોગવાળા પણ છે. હે ભગવન્ ! તે એકેન્દ્રિય જીવોનાં શરીરો કેટલા વર્ષવાળાં હોય છે-ઇત્યાદિ ઉત્પલોદેશકમાં કહ્યા પ્રમાણે સર્વ અર્થના પ્રશ્નો કરવા. હે ગૌતમ ! ઇત્યાદિ ઉત્પલોદ્દેશકમાં કહ્યા પ્રમાણે જાણવા તેઓ ઉચ્છ્‌વાસવાળા, નિઃશ્વાસવાળા અને ઉચ્છ્‌વાસનિઃશ્વાસ વિનાના પણ છે. આહારક અને અનાહારક છે. અવિરતિવાળા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ક્રિયાવાળા છે, સાત પ્રકારના કર્મના બંધક છે અને આઠ પ્રકારના યાવત્-લોભકષાય વાળા છે. નપુંસકવેદવાળા છે. સ્ત્રીવેદબંધક છે, પુરુષવેદબંધક છે અને નપુંસકવેદ બંધક છે. અસંજ્ઞી છે. ઈંદ્રિયવાળા છે અને ઈંદ્રિયવિનાના છે. તે કૃતયુગ્મકૃતયુગ્મરાશિ રૂપ એકેંદ્રિયો જઘન્ય એક સમય સુધી અને ઉત્કૃષ્ટ અનંત ઉત્સર્પિણી અને અવસર્પિ-ણીસુધી વનસ્પતિકાયિકના કાળ પર્યન્ત હોય. સંવેધ કહેવાનો નથી. ઉત્પલ ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે આહાર કહેવો. પણ વિશેષ એ કે, તેઓ છએ દિશામાંથી આવેલો આહાર ગ્રહણ કરે છે, અને જો પ્રતિબંધ હોય તો કદાચ ત્રણ ચાર કે પાંચ દિશામાંથી આવેલા આહારને ગ્રહણ કરે છે. તેઓની સ્થિતિ જઘન્ય એક સમયની અને ઉત્કૃષ્ટ બાવીશ હજાર વર્ષની છે. તેઓને આદિના ચાર સમુદ્ઘાતો હોય છે. તે બધાય મારણાંતિક સમુદ્ઘાતથી મરે છે અને તે સિવાય પણ મરે છે. ઉત્પલોદ્દેશકમાંકહ્યા પ્રમાણે ઉદ્વર્તના કહેવી. હે ભગવન્ ! બધા પ્રાણો યાવત્-બધા સત્ત્વો કૃતયુગ્મકૃતયુગ્મ રાશિરૂપ એ-કેંદ્રિયપણે પૂર્વે ઉત્પન્ન થયા છે ? હે ગૌતમ ! હા, અનંતવાર પૂર્વે ઉત્પન્ન થયા છે.

હે ભગવન્ ! કૃતયુગ્મત્ર્યોજ રાશિરૂપ એકેંદ્રિયો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! પૂર્વની પેઠે ઉપપાત કહેવો. હે ભગવન્ ! તે જીવો એક સમયે ઓગણીશ, સંખ્યાતા, અસંખ્યાતા કે અનંત ઉત્પન્ન થાય છે. બાકી બધું કૃતયુગ્મકૃતયુગ્મ રાશિપ્ર માણ એકેંદ્રિયો સંબંધે જેમ કહ્યું તેમ યાવત્-'પૂર્વે અનંત- વાર ઉત્પન્ન થયા છે' ત્યાં સુધી જાણવું. હે ભગવન્ ! કૃતયુગ્મદ્વાપારયુગ્મપ્રમાણ એકેંદ્રિયો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! તેઓને ઉપપાત તેમજ જાણવો. તેઓ એક સમયે અઢાર, સંખ્યાતા, અસંખ્યાતા કે અનંત ઉત્પન્ન થાય છે. બાકી બધું તેમજ જાણવું. હે ભગવન્ ! કૃતયુગ્મ કલ્યોજરાશિપ્રમાણ એકેંદ્રિયો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! તેઓનો ઉપપાત તેમજ જાણવો. તેઓનું પરિમાણ-સત્તર, સંખ્યાતા, અસંખ્યાતા કે અનંત ઉત્પન્ન થાય છે. બાકી બધું તેમજ જાણવું. હે ભગવન્ ! ત્ર્યોજ- કૃતયુગ્મરાશિપ્રમાણ એ-કેંદ્રિયો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! ઉપપાત તેમજ જાણવો. તેઓનું પરિમાણ-એક સમયે બાર, સંખ્યાતા, અસંખ્યાતા કે અનંત ઉત્પન્ન થાય છે. બાકી બધું તેમજ જાણવું.

હે ભગવન્ ! ત્ર્યોજત્ર્યોજરાશિરૂપ એકેંદ્રિયો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ? ઉપપાત પૂર્વની પેઠે જાણવો. પરિમાણ-પ્રતિસમય પંદર, સંખ્યાતા, અસંખ્યાતા કે અનંત ઉત્પન્ન થાય છે. બાકી બધું તેમજ જાણવું.એ પ્રમાણે એ સોળે મહાયુગ્મોમાં એકજ પ્રકારનો ગમ જાણવો. માત્ર પરિમાણમાં વિશે- ષતા છે-ત્ર્યોજદ્વાપરયુગ્મમાં પરિમાણ ચૌદ સંખ્યાતા, અસંખ્યાતા કે અનંત ઉત્પન્ન થાય છે. ત્ર્યોજકલ્યોજમાં તેર, સંખ્યાતા, અસંખ્યાતા કે અનંત ઉત્પન્ન થાય છે. દ્વાપર- યુગ્મકૃતયુગ્મમાં આઠ, સંખ્યાતા, અસંખ્યાતા કે અનંત ઉત્પન્ન થાય છે. દ્વાપર- યુગ્મ- ત્ર્યોજમાં અગિયાર, સંખ્યાતા, અસંખ્યાતા કે અનંત ઉત્પન્ન થાય છે. દ્વાપર- યુગ્મ- દ્વાપરયુગ્મમાં દસ, સંખ્યાતા, અસંખ્યાતા કે અનંત ઉત્પન્ન થાય છે. દ્વાપર- યુગ્મ- કલ્યોજમાં નવ, સંખ્યાતા, અસંખ્યાતા કે અનંત ઉત્પન્ન થાય છે. કલ્યોજ- કૃતયુગ્મમાં ચાર, સંખ્યાતા, અસંખ્યાતા કે અનંત ઉત્પન્ન થાય છે. કલ્યોજકૃતયુગ્મમાં ચાર, સંખ્યાતા, અસંખ્યાતા કે અનંત ઉત્પન્ન થાય છે. કલ્યોજત્ર્યોજમાં સાત, સંખ્યાતા, અસંખ્યાતા કે અંત ઉત્પન્ન થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કલ્યોજદ્વાપરયુગ્મમાં છે, સંખ્યાતા, અસંખ્યાતા કે અનંત ઉત્પન્ન થાય છે. હે ભગવન્ ! કલ્યોજકલ્યોજરાશિપ્રમાણ એકેંદ્રિયો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ? ઉપપાત પૂર્વની પેઠે જાણવો. પરિમાણ-પાંચ, સંખ્યાતા, અસંખ્યાતા કે અનંત ઉત્પન્ન થાય છે. બાકી બધું તેમજ જાણવું.

## શતક : ૩૫ શતક શતક-૧-: ઉદ્દેશક ૨-૧૧ :-

[૧૦૪૬] હે ભગવન્ ! જેને ઉત્પન્ન થયાને પહેલો સમય થયો છે એવા કૃતયુગ્મકૃતયુગ્મરાશિરૂપ એકેન્દ્રિયો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! જેમ પ્રથમ ઉદ્દેશક કહ્યો તેમજ સોળ વાર પાઠના કથનપૂર્વક બીજો ઉદ્દેશક કહેવો. બાકી બધું તેમજ કહેવું. પરન્તુ દસ બાબત વિશેષતા છે- તેઓની અવગાહના- જઘન્ય અને ઉત્કૃષ્ટ અંગુલના અસંખ્યાતમાં ભાગની હોય છે. આયુષકર્મના અબંધક હોય છે. આયુષ કર્મના અનુદીરક હોય છે. ઉચ્છ્વાસવાળા નથી, નિઃશ્વાસવાળા નથી અને ઉચ્છ્વાસનિઃ શ્વાસવાળા પણ નથી. સાત પ્રકારના કર્મ બંધક હોય છે, હે ભગવન્ ! પ્રથમ સમયે ઉત્પન્ન થએલા કૃતયુગ્મકૃતયુગ્મરાશિરૂપ એકેંદ્રિયો એક સમય સુધી હોય. એ રીતે સ્થિતિ સંબંધે પણ સમજવું. તેઓને આદિના બે સમુદ્ઘાતો હોય છે. સમુદ્ઘાતવાળા સંબંધે અને ઉદ્વર્તના સંબંધે અસંભવ હોવાથી પૂછવાનું નથી અને બાકી બધું સોળે મહાયુગ્મોમાં તેજ પ્રમાણે જાણવું,

[૧૦૪૭-૧૦૫૦] હે ભગવન્ ! અપ્રથમ સમયના- કૃતયુગ્મકૃતયુગ્મ રાશિરૂપ એકેંદ્રિયો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ? જેમ પ્રથમ ઉદ્દેશક કહ્યો છે તેમજ આ ઉદ્દેશક પણ સોળે મહાયુગ્મોમાં સમજવો. ચરમ સમયના કૃતયુગ્મકૃતયુગ્મરૂપ એકેંદ્રિયો સંબંધે જેમ પ્રથમ સમય સંબંધે ઉદ્દેશક કહ્યો તેમ અહીં કહેવું. પણ દેવો અહીં ઉત્પન્ન થતા નથી. તેજોલેશ્યા સંબંધે પૂછવાનું નથી. બાકી બધું તેમજ જાણવું.અચરમસમય કૃતયુગ્મકૃતયુગ્મ રાશિરૂપ એકેન્દ્રિયો જેમ અપ્રથમ સમય સંબંધે ઉદ્દેશક કહ્યો છે તેમજ બધુ કહેવું. પ્રથમ સમયના કૃતયુગ્મકૃતયુગ્મપ્રમાણ એકેંદ્રિયો જેમ પ્રથમ સમય સંબંધી ઉદ્દેશક કહ્યો છે તેમજ બધું જાણવું.

[૧૦૫૧-૧૦૫૬] હે ભગવન્ ! પ્રથમ-અપ્રથમ સમયવર્તી કૃતયુગ્મકૃતયુગ્મરૂપ એકેન્દ્રિયો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! જેમ પ્રથમ સમય સંબંધી ઉદ્દેશક કહ્યો તેમજ અહીં પણ કહેવું.પ્રથમ-ચરમસમયવર્તી કૃતયુગ્મકૃતયુગ્મરાશિરૂપ એકેન્દ્રિયો જેમ ચરમઉદ્દેશક કહ્યો તેમજ બાકીનું બધું જાણવું. પ્રથમ-અચરમસમયવર્તી કૃતયુગ્મકૃતયુગ્મશિરૂપ એકેન્દ્રિયો જેમ બીજો ઉદ્દેશક કહ્યો તેમજ બધું સમજવું. ચરમ-ચરમસમયવર્તી કૃતયુગ્મકૃતયુગ્મરૂપ એકેન્દ્રિયો જેમ ચોથો ઉદ્દેશક કહ્યો તેમજ બધું જાણવું. ચરમ-અચરમસમ- યવર્તી કૃતયુગ્મકૃતયુગ્મરાશિરૂપ એકેન્દ્રિયો જેમ પ્રથમ સમય સંબંધે ઉદ્દેશક કહ્યો તેમજ બધું જાણવું. છે.

એ રીતે એ અગિયાર ઉદ્દેશકો કહેવા. પહેલો, ત્રીજો અને પાંચમો સરખા પાઠ વાળા છે, અને બાકીના આઠ ઉદ્દેશકો સરખા પાઠવાળા છે, પરન્તુ ચોથા, છઠ્ઠા, આઠમા અને દસમા ઉદ્દેશકમાં દેવો ઉપજતા નથી અને તેઓને તેજોલેશ્યા નથી.

**શતક : ૩૫/૧ ઉદ્દેસા : ૨ થી ૧૧ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

જૈન સાહિત્ય JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## શતક-૩૫-શતક : શતક : ૨ થી ૧૨

[૧૦૫૭] હે ભગવન્ ! કૃષ્ણલેશ્યાવાળા કૃતયુગ્મકૃતયુગ્મરાશિરૂપ એકેન્દ્રિયો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! ઔધિક ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે ઉપપાત જાણવો. પણ તેમાં આ વિશેષતા છે- તે જીવો કૃષ્ણલેશ્યાવાળા છે તે કૃષ્ણલેશ્યાવાળા કૃતયુગ્મકૃતયુગ્મ રૂપ એકેન્દ્રિયો કાળથી જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત સુધી હોય. એમ સ્થિતિ સંબંધે પણ જાણવું. બાકી બધું યાવત-તેમજ જાણવું. એ રીતે સોળે યુગ્મો કહેવા. પ્રથમ સમયના કૃષ્ણલેશ્યાવાળા કૃતયુગ્મકૃતયુગ્મ એકેન્દ્રિયો જેમ પ્રથમ સમયના ઉદ્દેશક સંબંધે કહ્યું તેમ જાણવું. પરન્તુ આ વિશેષતા છે-તે જીવો કૃષ્ણ લેશ્યાવાળા છે જેમ ઔધિક શતકમાં અગિયાર ઉદ્દેશકો કહ્યા તેમ કષ્ણલેશ્યાવાળા શતકમાં પણ અગિયાર ઉદ્દેશકો કહેવા. પહેલો, ત્રીજો અને પાંચમો સરખા પાઠવાળા છે અને બાકીના આઠ સરખા પાઠવાળા છે. વિશેષ એ કે ચોથા, આઠમા અને દસમા ઉદ્દેશકમાં દેવનો ઉપપાત થતો નથી.

એ રીતે નીલલેશ્યાવાળા તથા કાપોતલેશ્યાવાળા સંબંધે પણ કૃષ્ણલેશ્યાશતકની પેઠે કહેવું.ભવસિદ્ધિક કૃતયુગ્મકૃતયુગ્મ રૂપ એકેન્દ્રિયો જેમ ઔધિક કહ્યું તેમજ જાણવું. પરન્તુ અગિયારે ઉદ્દેશકોમાં- હે ભગવન્ ! સર્વ પ્રાણો, યાવત્-સર્વ સત્ત્વો ભવસિદ્ધિક કૃતયુગ્મકૃતયુગ્મરૂપ એકેંદ્રિયપણે પૂર્વે ઉત્પન્ન થયા છે ? હે ગૌતમ ! એ અર્થ યથાર્થ નથી. બાકી બધું તેમજ જાણવું. કૃષ્ણલેશ્યાવાળા ભવસિદ્ધિક કૃતયુગ્મકૃતયુગ્મપ્રમાણ એકેન્દ્રિયો સંબંધે પણ બીજા કૃષ્ણલેશ્યાશતકની પેઠે શતક કહેવું.એ રીતે નીલલેશ્યાવાળા ભવિસિદ્ધિક એકેંદ્રિયો સંબંધે પણ શતક કહેવું. એ રીતે કાપોત લેશ્યાવાળા ભવ- સિદ્ધિક એકેંદ્રિયો સંબંધે પણ અગિયાર ઉદ્દેશકો સહિત એમજ શતક કહેવું. એ રીતે એ ચાર ભવસિદ્ધિક શતકો જાણવાં. એ ચારે શતકોમાં-'સર્વ પ્રાણો, યાવત્-પૂર્વે ઉત્પન્ન થયા છે'-એ પ્રશ્નના ઉત્તરમાં એ અર્થ સમર્થ નથી-એમ કહેવું.એ રીતે જેમ ભવસિદ્ધિકો સંબંધે ચાર શતકો કહ્યા છે તેમ અભવસિદ્ધિકો સંબંધે પણ ચાર શતકો લેશ્યાસહિત કહેવાં. 'બધા પ્રાણો યાવત્-સત્ત્વો પૂર્વે ઉત્પન્ન થયા છે' ? એ પ્રશ્નના ઉત્તરમાં 'એ અર્થ નથી'-એમ કહેવું. એ રીતે એ બાર એકેંદ્રિય મહાયુગ્મશતકો છે.

**શતક : ૩૫ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## શતક : ૩૬

### શતકશતક : ૧

**-: ઉદ્દેશક ૧-૧૧ :-**

[૧૦૫૮] હે ભગવન્ ! કૃતયુગ્મકૃતયુગ્મરાશિપ્રમાણ બેઇન્દ્રિયો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! વ્યુત્ક્રાંતિપદમાં કહ્યા પ્રમાણે તેઓનો ઉત્પાદ જાણવો. પરિમાણ-તેઓ [એક સમયે] સોળ, સંખ્યાતા કે અસંખ્યાતા ઉત્પન્ન થાય છે. તેઓનો ઉત્પાદ જેમ ઉત્પલોદ્દેશકમાં કહ્યો છે તેમ જાણવો. તેઓનું શરીર જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલું હોય છે અને ઉત્કૃષ્ટથી બાર યોજન પ્રમાણ હોય છે. એ રીતે જેમ એકેંદ્રિયમહાયુગ્મરાશિ સંબંધે પ્રથમ ઉદ્દેશક કહ્યો તેમ બધું સમજવું. વિશેષ એ કે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અહીં ત્રણ લેશ્યાઓ હોય છે અને દેવોથી આવી ઉપજતા નથી. તેઓ સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ હોય છે, તેઓ જ્ઞાની અથવા અજ્ઞાની હોય છે. મનોયોગી નથી હોતા, પણ વચનયોગી અને કાયયોગી હોય છે. કૃતયુગ્મકૃતયુગ્મરાશિપ્રમાણ બેઇન્દ્રિયો કાલથી જઘન્ય એક સમય સુધી અને ઉત્કૃષ્ટ સંખ્યાતા કાળ સુધી હોય છે. તેઓની જઘન્ય સ્થિતિ એક સમયની અને ઉત્કૃષ્ટ સ્થિતિ બાર વરસની હોય છે. તેઓનો આહાર અવશ્ય છ દિશાનો હોય છે. તેઓને ત્રણ સમુદ્‌ઘાતો હોય છે. અને બાકી બધું તેમજ જાણવું. એ રીતે સોળે યુગ્મોમાં સમજવું.

[૧૦૫૯] પ્રથમસમયોત્પન્ન કૃતયુગ્મકૃતયુગ્મરાશિપ્રમાણ બેઇન્દ્રિયો જેમ એ-કેંદ્રિયમહાયુગ્મોના પ્રથમ સમય સબન્ધી ઉદ્દેશક કહ્યો છે તેમ અહીં જાણવું. જે દસ બાબતની વિશેષતા છે તે અહીં પણ જાણવી. અને અગિયારમી આ વિશેષતા છે-તેઓ માત્ર કાયયોગી હોય છે. બાકી બધું બેઇન્દ્રિયના પ્રથમ ઉદ્દેશકમાં કહ્યું છે તેમ સમજવું. જેમ એકેંદ્રિયમ- હાયુગ્મોમાં અગિયાર ઉદ્દેશકો કહ્યા તેમ અહીં પણ કહેવા. પણ વિશેષ એ કે, ચોથા, છઠ્ઠા, આઠમા અને દસમા ઉદ્દેશકમાં સમ્યકત્વ અને જ્ઞાન હોતા નથી. એ-કેંદ્રિયોની પેઠે પહેલો, ત્રીજો અને પાંચમો ઉદ્દેશક સરખા પાઠવાળા છે અને બાકીના આઠ ઉદ્દેશકો સરખા પાઠવાળા છે.

**શતકઃ ૩૬ શતક શતક-૧ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

## શતકઃ ૩૬-શતક-શતક ૨ થી ૧૨

[૧૦૬૦] હે ભગવન્ ! કૃષ્ણલેશ્યાવાળા કૃતયુગ્મકૃતયુગ્મપ્રમાણ બેઇન્દ્રિય જીવો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! એમજ જાણવું. કૃષ્ણલેશ્યાવાળા સંબંધે અગિયાર ઉદ્દેશકસહિત શતક કહેવું. પણ વિશેષ એ કે, કૃષ્ણલેશ્યાવળા એકે-ન્દ્રિયોની પેઠે લેશ્યાઓ-સ્થિતિકાળ અને આયુષસ્થિતિ જાણવી. એ પ્રમાણે નીલ-લેશ્યાવાળાઓ તથા કાપોતલેશ્યાવાળા સંબંધે પણ શતક કહેવું. ભવસિદ્ધિક કૃતયુગ્મ કૃતયુગ્મરાશિરૂપ બેઇન્દ્રિયો ક્યાંથી આવી ઉત્પન્ન થાય ? એમ ભવસિદ્ધિક સંબંધે ચાર શતકો પૂર્વના પાઠવડે જાણવા. વિશેષ એ કે સર્વ પ્રાણો અહીં પૂર્વે અનન્તવાર ઉત્પન્ન થયા છે ? તેના ઉત્તરમાં નિષેધ કરવો. બાકી બધું તેમજ જાણવું. ચાર ઔધિક શતકો પણ તેમજ જાણવાં. જેમ ભવસિદ્ધિક સંબંધે ચાર શતકો કહ્યાં તેમ અભવસિદ્ધિક સંબંધે પણ ચાર શતકો કહેવાં. વિશેષ એ કે, તેઓમાં સમ્યકત્વ અને જ્ઞાન નથી.એ રીતે એ બાર બેઇન્દ્રિયમહાયુગ્મશતકો છે.

**શતક ૩૬ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## શતક-૩૭

[૧૦૬૧] હે ભગવન્ ! કૃતયગુમકૃતયગુમપ્રમાણ તેઇન્દ્રિય જીવો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ? એમ બેઇન્દ્રિયશતકોની પેઠે તેઇંદ્રિયસંબંધે પણ બાર શતકો કરવાં. પરન્તુ અવગાહના-શરીરનું પ્રમાણ જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ ત્રણ ગાઉની હોય છે. સ્થિતિ જઘન્ય એક સમયની અને ઉત્કૃષ્ટ ઓગણપચાસ રાત્રી-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દિવસની જાણવી. બાકી બધું તેમજ જાણવું.

**શતક : ૩૭ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## શતક : ૩૮

[૧૦૬૨] એજ પ્રમાણે ચઉરિંદ્રિયો સંબંધે બારશતકો કહેવાં. પણ અવગાહના-જઘન્ય અંગુલનોઅંસખ્યાતમોભાગ અને ઉત્કૃષ્ટ ચાર ગાઉની જાણવી. સ્થિતિ જઘન્ય એકસમય ઉત્કૃષ્ટ છમાસ. બાકી બધું બેઇન્દ્રિયોની પેઠે જાણવું છે'.

**શતક : ૩૮ ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## શતક : ૩૯

[૧૦૬૩]કૃતયુગ્મકૃતયુગ્મપ્રમાણ અસંજ્ઞી પંચેંદ્રિય-બેઇન્દ્રિયોની પેઠે અસંજ્ઞી ના પણ બાર શતકો કરવાં. પરન્તુ વિશેષ એ કે, અવગાહના- જઘન્ય અંગુલનો અસંખ્યાતમોભાગ ઉત્કૃષ્ટ એકહજારયોજન -સ્થિતિકાળ જઘન્ય એકસમય અને ઉત્કૃષ્ટ બે પૂર્વક્રોડથી નવ પૂર્વક્રોડ સુધીની સ્થિતિ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ પૂર્વકોટિ. બાકી બધું બેઇન્દ્રિયોની જેમ જાણવું.

**શતક : ૩૯ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયા પૂર્ણ**

## શતક:૪૦

### 卐 શતક-શતક:૧ 卐

#### -: ઉદ્દેસા::૧ થી ૧૧ :-

JAINSITE .com જૈન સાઈટ જનમ્ જયતિ શાસનમ્

[૧૦૬૪] કૃતયુગ્મકૃતયુગ્મરાશિરુપ સંજ્ઞી પંચેન્દ્રિયો ચારે ગતિમાંથી આવી ઉત્પન્ન થાય છે. સંખ્યાતા વર્ષના આયુષવાળા, અસંખ્યાતા વર્ષના આયુષવાળા પર્યાપ્ત તથા અપર્યાપ્ત જીવોથી આવી ઉત્પન્ન થાય છે, યાવત્-અનુત્તર વિમાન સુધી જાણવું. પરિણામ, ઉપહાર, અને અવગાહના સંબન્ધે જેમ અસંજ્ઞિપંચેન્દ્રિયો સંબંધે કહ્યું છે તેમ જાણવું. વેદનીય સિવાય સાત કર્મપ્રકૃતિના તેઓ બંધક છે અને અબંધક પણ છે, અને વેદનીયના તો બંધક જ મોહનીયના વેદક છે અને અવેદક પણ છે. અને બાકીની સાતે કર્મપ્રકૃતિના વેદક છે સાતાના અને અસાતાના વેદક છે. મોહનીય ઉદયવાળા છે અને-અનુદયવાળા પણ છે, અને તે સિવાય બાકીની સાતે કર્મપ્રકૃતિના ઉદયવાળા છે, પણ નામ અને ગોત્ર ઉદીરક છે બાકીની છએ કર્મપ્રકૃતિઓના ઉદીરક પણ છે અને અનુદીરક પણ છે. તેઓ કૃષ્ણલેશ્યાવાળા યાવત્-શુક્લલેશ્યાવાળા હોય છે, સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિ પણ હોય છે. જ્ઞાની અથવા અજ્ઞાની હોય છે. અને મનોયોગવાળા વચનયોગવાળા અને કાયયોગવાળા પણ હોય છે. તથા તેઓનો ઉપયોગ, વર્ણાદિ, ઉચ્છ્‌વાસ, નિઃશ્વાસ તથા આહારક ઈત્યાદિ એકેન્દ્રિયોની પેઠે જાણવું. તેઓ વિરતિવાળા, અવિરતિવાળા અને -દેશવિરતિવાળા હોય છે. તથા સક્રિય હોય છે તેઓ સપ્તવિધ કર્મના બંધક છે, યાવત્-એકવિધ કર્મના બંધક છે.

હે ગૌતમ ! તેઓ આહારસંજ્ઞાના ઉપયોગવાળા છે અને યાવત્-નોસંજ્ઞાના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપયોગવાળા છે. તેઓ ક્રોધકષાયી યાવત્-લોભકષાયી કે અકષાયી હોય છે. તેઓ સ્ત્રીવેદવાળા, પુરુષ- વેદવાળા, નપુંસકવેદવાળા અને યાવત-વેદરહિત હોય છે. સ્ત્રી વેદબંધક, પ્યાવત્- અબંધક પણ હોય છે. સંજ્ઞી હોય છે તેમ ઈન્દ્રિયવાળા હોય છે સંસ્થિતિકાળ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ કાંઈક અધિક બસોથી નવસો સાગરોપમ જાણવો. અવશ્ય છએ દિશાનો આહાર હોય છે. સ્થિતિ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમની છે. આદિના છએ સમુદ્ઘાતો હોય છે. મારણાંતિક સમુદ્ઘાતથી સમવહત થઈને મરે છે અને સમવહત થયા સિવાય પણ મરે છે. ઉપ- પાતની પેઠે ઉદ્વર્તના પણ જાણવી. અને તેનો ક્યાંય પણ નિષેધ નથી. એમ યાવત્-અનુત્તરવિમાન સુધી જાણવું. હે ભગવન્ ! બધાય પ્રાણો યાવત્-પૂર્વે અહીં અનંતવાર ઉત્પન્ન થયા છે ?એ પ્રમાણે સોળે યુગ્મોમાં યાવત્-અનંતવાર પૂર્વે ઉત્પન્ન થયા છે ત્યાં સુધી કહેવું. વિશેષ એ કે, પરિણામ બેઈન્દ્રિયોની પેઠે જાણવું અને બાકી બધું તેમજ સમજવું.

[૧૦૬૫]હે ભગવન્ ! પ્રથમ સમયના કૃતયુગ્મકૃતયુગ્મરાશિપ્રમાણ સંજ્ઞી પંચેન્દ્રિયો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ? તેઓનો ઉપપાત, પરિણામ અને આહાર પ્રથમ ઉદ્દેશકમાં કહ્યું છે તેમ જાણવો. તથા જેમ પ્રથમ સમયના બેઈન્દ્રિયોને કહ્યું તેમ અવગાહના, બંધ, વેદ, વેદના, ઉદયી અને ઉદીરકો સંબંધે જાણવું. તેમજ કૃષ્ણલેશ્યા-વાળા અને યાવત્-શુક્લલેશ્યાવાળા સંબંધે જાણવું. બાકી બધું પ્રથમ સમયના બેઈન્દ્રિ-યોની પેઠે સમજવું. પરન્તુ સ્ત્રીવેદવાળા, પુરુષવેદવાળા અને નપુંસકવેદવાળા હોય છે. સંજ્ઞીઓ અને અસંજ્ઞી-ઈત્યાદિ બાકી બધું તેમજ જાણવું. એ રીતે સોળે યુગ્મોમાં તેમજ સમજવું. તથા તેઓની પરિમાણ વગેરે બધી હકીકત પૂર્વની પેઠે જાણવી. એ પ્રમાણે અહીં પણ અગિયાર ઉદ્દેશકો તેમજ કહેવા. પ્રથમ, તૃતીય અને પંચમ ઉદ્દેશક સરખા પાઠવાળા છે, અને બાકીના આઠે ઉદ્દેશકો સરખા પાઠવાળા છે. તથા ચોથા, આઠમાં અને દશમાં ઉદ્દેશકમોમાં કોઈ પણ પ્રકારની વિશેષતા ન કરવી.

## શતકઃ૪૦ શતકશતક-૨થી ૨૧

[૧૦૬૬]હે ભગવન્ ! કૃષ્ણલેશ્યાવાળા કૃતયુગ્મકૃતયુગ્મરાશિપ્રમાણ સંજ્ઞી પંચેન્દ્રિયો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! જેમ સંજ્ઞી સંબંધે પ્રથમ ઉદ્દેશક કહ્યો છે તેમ આ પ્રમાણે સમજવો. વિશેષ એ કે બંધ, વેદ, ઉદયી, ઉદીરણા, લેશ્યા, બંધક, સંજ્ઞા, કષાય અને વેદબંધક-એ બધા જેમ બેઈન્દ્રિયોને કહ્યા છે તેમ અહીં કહેવા. કૃષ્ણલેશ્યાવાળા સંજ્ઞીને ત્રણે પ્રકારનો વેદ હોય છે, સ્થિતિ કાળ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત અધિક તેત્રીશ સાગરોપમ હોય છે. વિશેષ એ કે, સ્થિતિમાં અન્તર્મુહૂર્ત અધિક ન કહેવું. બાકી બધું જેમ તેઓના પ્રથમ ઉદ્દેશકમાં કહ્યું છે તેમ જાણવું. એમ સોળે યુગ્મોમાં કહેવું. પ્રથમ સમયના કૃષ્ણલેશ્યાવાળા કૃતયુગ્મ-કૃતયુગ્મરાશિપ્રમાણ સંજ્ઞી પંચેન્દ્રિયો જેમ પ્રથમ સમયના સંજ્ઞી પંચેન્દ્રિયોના ઉદ્દેશકમાં કહ્યું છે તેમજ બધું જાણવું. વિશેષ એ કે તે જીવો કૃષ્ણલેશ્યાવાળા છે એ રીતે સોળે યુગ્મોમાં કહેવું.

[૧૦૬૭]એ પ્રમાણે નીલલેશ્યાવાળા સંબંધે પણ શતક કહેવું. વિશેષ એ કે, સ્થિતિકાળ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમાં ભાગ અધિક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દસ સાગરોપમ જાણવો. એ પ્રમાણે સ્થિતિસંબંધે પણ સમજવું, તથા એ રીતે ત્રણે ઉદ્દેશકોમાં જાણવું તે રીતે કાપોતલેશ્યા સંબંધે પણ શતક કહેવું. પણ વિશેષ એ કે, સ્થિતિકાળ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમાં ભાગ અધિક ત્રણ સાગરોપમ. એ પ્રમાણે સ્થિતિ સંબંધે પણ સમજવું, તથા એમ ત્રણે ઉદ્દેશકોમાં જાણવું એમ તેજોલેશ્યા સંબંધે પણ શતક કહેવું. વિશેષ એ કે, સ્થિતિકાળ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યા- તમાં ભાગ અધિક બે સાગરોપમ હોય છે. એ રીતે સ્થિતિસંબંધે પણ સમજવું. વિશેષ એ કે નોસંજ્ઞાના ઉપયોગવાળા પણ હોય છે. એમ ત્રણે ઉદ્દેશકોમાં સમજવું.જેમ તેજોલેશ્યા સંબંધે શતક કહ્યું છે. તેમ પદ્મલેશ્યા સંબંધે પણ આ શતક સમજવું. વિશેષ એ કે સંસ્થિતિકાલ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત અધિક દસ સાગરોપમ છે. વિશેષ એ કે, અહીં અધિક અંતર્મુહૂર્ત ન કહેવું. બાકી બધું તેમજ જાણવું. એમ પાંચે શતકોમાં જેમ કૃષ્ણલેશ્યાના શતકમાં જે પાઠ કહ્યો છે તે પાઠ કહેવો.જેમ ઔધિક શતક કહ્યું છે તેમ શુક્લલેશ્યા સંબંધે પણ શતક કહેવું. વિશેષ એ કે, સ્થિતિકાળ અને સ્થિતિ સંબંધે કૃષ્ણ લેશ્યાશતકની જેમ જાણવું. ભગવન્ ! કૃતયુગ્મકૃતયુગ્મરાશિપ્રમાણ ભવસિદ્ધિક સંજ્ઞી પંચેન્દ્રિયો જેમ પહેલું સંજ્ઞીશતક કહ્યું છે તે પ્રમાણે ભવસિદ્ધિકના આલાપથી કહેવું. વિશેષ એ કે, બધા જીવો અહીં પૂર્વે ઉત્પન્ન થયા છે ? એ ઉપપાતના પ્રશ્નનો એ અર્થ સમર્થ નથી-એ નિષેધાત્મક ઉત્તર આપવો. કૃતયુગ્મકૃતયુગ્મરાશિપ્રમાણ કૃષ્ણલેશ્યાવાળા ભવસિદ્ધિક સંજ્ઞી પંચે- ન્દ્રિયો જેમ કૃષ્ણલેશ્યાવાળા સંબંધે ઔધિકશતક કહ્યું છે તેમ અહીં પણ જાણવું. એ રીતે નીલલેશ્યાવાળા ભવસિદ્ધિકો સંબંધે પણ શતક કહેવું.

જેમ સંજ્ઞી પંચેન્દ્રિયો સંબંધે સાત ઔધિક શતકો કહ્યાં છે રીતે ભવસિદ્ધિકો સંબંધે પણ સાત શતકો કરવાં. વિશેષ એ કે સાતે શતકોમાં સર્વ પ્રાણો પૂર્વે અહીં ઉત્પન્ન થયા છે- તે પ્રશ્નના ઉત્તરમાં યાવત્-'એ અર્થ સમર્થ નથી.'-એમ કહેવું. બાકી બધું તેમજ જાણવું. કૃતયુગ્મ- કૃતયુગ્મરાશિપ્રમાણ અભવસિદ્ધિક સંજ્ઞી પંચેન્દ્રિયો નો અનુત્તર વિમાન સિવાય બધેથી તેમજ ઉપપાત જાણવો. પરિમાણ, અપહાર, ઉંચાઈ, બંધ, વેદ, વેદન, ઉદય અને ઉદીરણા-એ બધું કૃષ્ણલેશ્યાશતકની પેઠે જાણવું. તેઓ કૃષ્ણલેશ્યા વાળા અને યાવત્-શુક્લલેશ્યાવાળા હોય છે, તેઓ મિથ્યાદૃષ્ટિ છે.અજ્ઞાની છે, એ રીતે જેમ કૃષ્ણલેશ્યાશતકમાં કહ્યું તેમ સમજવું. વિશેષ એ કે, તેઓ વિરતિરહિત છે. તેઓનો સ્થિતિકાળ અને સ્થિતિસંબંધે જેમ ઔધિક ઉદ્દેશકમાં કહ્યું છે તેમ સમજવું. તેઓને આદિનાં પાંચ સમુદ્ઘાતો હોય છે. ઉદ્વર્તના અનુત્તર વિમાનને વર્જીને પૂર્વની પેઠે જાણવી. "સર્વે પ્રાણીઓ પૂર્વે અહીં ઉત્પન્ન થયા છે"-એ પ્રશ્નના ઉત્તરમાં 'એ અર્થ સમર્થ નથી.' તેમ કહેવું. બાકી બધું કૃષ્ણલેશ્યાના શતકને વિષે કહ્યું છે તેમ કહેવું. એ રીતે સોળે યુગ્મોમાં જાણવું. પ્રથમ સમયના કૃતયુગ્મકૃતયુગ્મરાશિપ્રમાણ અભવસિદ્ધિક સંજ્ઞી પંચે- ન્દ્રિયો જેમ પ્રથમ સમયના સંજ્ઞીના ઉદ્દેશકમાં કહ્યું છે તેમજ સમજવું. વિશેષ એ કે, સમ્યક્ત્વ, સમ્યગ્મિથ્યાત્વ અને જ્ઞાન બધે નથી. બાકી બધું તેમજ જાણવું. એમ અહીં પણ અગિયાર ઉદ્દેશકો કહેવા. પહેલો, ત્રીજો, અને પાંચમો ઉદ્દેશક સરખા પાઠવાળા છે. અને બાકીના આઠે ઉદ્દેશકો સરખા પાઠવાળા છે. 'હે ભગવન્ ! તે એમજ છે. હે ભગવન્ ! કૃતયુગ્મકૃતયુગ્મરાશિપ્રમાણ કૃષ્ણલેશ્યાવાળા અભવસિદ્ધિક સંજ્ઞી પંચેન્દ્રિયો ક્યાંથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવી ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! જેમ એઓનું ઔધિક શતક કહ્યું છે તેમ કૃષ્ણલેશ્યા શતક પણ કહેવું. વિશેષ એ કે- તે જીવો કૃષ્ણલેશ્યાવાળા છે તેઓનો સ્થિતિકાળ અને સ્થિતિ સંબંધે જેમ કૃષ્ણલેશ્યાશતકમાં કહ્યું છે તેમ કહેવું, અને બાકી બધું તેમજ જાણવું. એ પ્રમાણે જેમ કૃષ્ણલેશ્યા સંબંધે શતક કહ્યું છે તેમ છએ લેશ્યા સંબંધે છ શતકો કહેવાં. વિશેષ એ કે, ઔધિક શતકમાં જણાવ્યા પ્રમાણે સ્થિતિકાળ અને સ્થિતિ જાણવી. તેમાં વિશેષ એ કે, શુક્લલેશ્યાનો ઉત્કૃષ્ટ સ્થિતિકાળ, અન્તર્મુહૂર્ત અધિક એકત્રીશ સાગરોપમ હોય છે અને સ્થિતિ પૂર્વોક્ત જ જાણવી. પણ જઘન્ય અંતર્મુહૂર્ત અધિક ન કહેવું. બધે સમ્યગ્જ્ઞાન નથી, વિરતિ, વિરતાવિરતિ અને અનુત્તર વિમાનથી આવીને ઉપજવું તે પણ નથી. બધા જીવો પૂર્વે અહીં ઉત્પન્ન થયા છે 'એ અર્થ સમર્થ નથી'

**શતકઃ૪૦-ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## શતકઃ૪૧

### -: ઉદ્દેશકઃ૧ :-

[૧૦૬૮]હે ભગવન્ ! કેટલાં રાશિયુગ્મો કહ્યાં છે ? હે ગૌતમ ! ચાર કૃતયુગ્મ અને યાવત્-કલ્યોજ. હે ગૌતમ ! જે રાશિમાંથી ચાર ચાર સંખ્યાનો અપહાર કરતાં છેવટે ચાર બાકી રહે તે રાશિયુગ્મ કૃતયુગ્મ કહેવાય છે, અને યાવત્-જે રાશિમાંથી ચાર ચાર સંખ્યાનો અપહાર કરતાં છેવટે એક બાકી રહે તે રાશિયુગ્મ કલ્યોજ કહેવાય છે. કૃતયુગ્મરાશિપ્રમાણ નૈરયિકો માટે જેમ વ્યુત્ક્રાંતિપદમાં ઉપપાત કહ્યો છે તેમ અહીં પણ કહેવો. તે જીવો એક સમયે ચાર, આઠ, બાર, સોળ, સંખ્યાતા કે અસંખ્યાતા ઉત્પન્ન થાય છે. હે ગૌતમ ! તેઓ સાંતર ઉત્પન્ન થાય છે અને નિરંતર પણ ઉત્પન્ન થાય છે. સાંતર ઉત્પન્ન થતા તેઓ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અસંખ્ય સમયનું અંતર કરીને ઉત્પન્ન થાય છે, અને નિરંતર ઉત્પન્ન થતા જઘન્ય બે સમય સુધી અને ઉત્કૃષ્ટ સંખ્યાતા સમય સુધી નિરંતર-ઉત્પન્ન થાય છે. હે ભગવન્ ! તે જીવો જે સમયે કૃતયુગ્મરાશિરુપ હોય તે સમયે ત્ર્યોજ્યરાશિરુપ હોય અને જે સમયે ત્ર્યોજ્યરાશિરુપ હોય તે સમયે કૃતયુગ્મ રાશિરુપ હોય ? હે ગૌતમ ! તે અર્થ સમર્થ-નથી.

જે સમયે કૃતયુગ્મરુપ હોય તે સમયે દ્વાપરયુગ્મરુપ હોય અને જે દ્વાપરયુગ્મ હોય તે સમયે કૃતયુગ્મરુપે હોય ? એ અર્થ સમર્થ નથી. જે સમયે કૃતયુગ્મરાશિરુપ હોય તે સમયે કલ્યોજરાશિરુપ હોય અને જે સમયે કલ્યોજરુપ હોય તે સમયે કૃતયુગ્મ-રાશિરુપ હોય ? એ અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! તે જીવો કેવી રીતે ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! જેમ કોઈ એક યુવક હોય અને તે જેમ કૂદતો કૂદતો પોતાને સ્થાનકે જાય છે- ઈત્યાદિ જેમ ઉપપાતશતકમાં કહ્યું છે તેમ બધું અહીં સમજવું. તેઓ આત્માના અસંયમથી ઉત્પન્ન થાય છે. હે ગૌતમ ! તેઓ આત્મસંય- મનો આશ્રય કરતા નથી પણ આત્માના અસંયમનો આશ્રય કરે છે.

જો તેઓ આત્માના અસંયમનો આશ્રય કરે છે તો શું લેશ્યાવાળા છે કે લેશ્યા રહિત છે ? હે ગૌતમ ! તેઓ લેશ્યાવાળા છે, પણ લેશ્યારહિત નથી. તેઓ લેશ્યાવાળા છે અને ક્રિયાવાળા છે, જો તેઓ ક્રિયાવાળા છે તો શું તેઓ તેજ ભવમાં સિદ્ધ થાય છે, યાવત્- કર્મનો અંત કરે ? હે ગૌતમ ! તે અર્થ સમર્થ નથી. હે ભગવન્!કૃતયુગ્મરાશિ પ્રમાણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અસુરકુમારો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! જેમ નૈરયિકો સંબંધે કહ્યું તેમ અસુરકુમારો સંબંધે પણ બધું જાણવું. એ રીતે યાવત્-પંચેન્દ્રિય તિર્યંચયોનિકો સુધી સમજવું. પણ વિશેષ એ કે, વનસ્પતિકાયિકો અસંખ્યા- તા કે અનંતા ઉત્પન્ન થાય છે. એ રીતે મનુષ્યો સંબંધે પણ સમજવું. યાવત્- આત્માના અસંયમથી ઉત્પન્ન થાય છે. જો તેઓ આત્માના અસંયમથી ઉત્પન્ન થાય તે ! આત્મસંયમનો પણ આશ્રય કરે છે અને આત્માના અસંયમનો પણ આશ્રય કરે છે.

હે ભગવન્ ! જો તેઓ આત્મસંયમનો આશ્રય કરે છે તેઓ લેશ્યાસહિત છે અને લેશ્યારહિત પણ છે. ગૌતમ ! ક્રિયારહિત છે. હે ગૌતમ ! તેઓ સિદ્ધ થાય છે યાવત્-સર્વ દુઃખનો અંત કરે છે. હે ભગવન્ ! જો તેઓ લેશ્યાવાળા છે તો શું તેઓ સક્રિય છે કે અક્રિય છે ? હે ગૌતમ ! તેઓ સક્રિય છે હે ગૌતમ ! કેટલાંક તેજ ભવમાં સિદ્ધ થાય છે, યાવત્-સર્વ દુઃખનો અંત કરે છે અને કેટલાક તે ભવમાં સિદ્ધ થતા નથી અને યાવત્-સર્વ દુઃખનો અંત કરતાં નથી. જો તેઓ આત્માના અસંયમનો આશ્રય કરે છે તો શું તેઓ લેશ્યાસહિત છે કે લેશ્યારહિત છે ? હે ગૌતમ ! તેઓ લેશ્યાસહિત છે, પણ લેશ્યારહિત નથી. હે ગૌતમ ! તેઓ સક્રિય છે, તેઓ સક્રિય છે તો શું તેજ ભવમાં સિદ્ધ થાય છે, યાવત્-સર્વ દુઃખનો અંત કરે છે ? હે ગૌતમ ! તે અર્થ સમર્થ નથી. વાનવ્યંતરો, જ્યોતિષિકો અને વૈમાનિકો-એ બધા નૈરયિકોની પેઠે જાણવા છે'.

## શતક:૪૧ ઉદ્દેશક:૨ થી ૨૮

[૧૦૬૯]હે ભગવન્ ! રાશિયુગ્મમાં ત્ર્યોજરાશિપ્રમાણ નૈરયિકો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! પૂર્વની પેઠે આ સંબંધે ઉદ્દેશક કહેવો. વિશેષ એ કે પરિમાણ- ત્રણ, સાત, અગિયાર, પંદર, સંખ્યાતા કે અસંખ્યાતા ઉત્પન્ન થાય છે. સાંતર સબંધે તેમજ જાણવું. હે ભગવન્ ! તે જીવો જે સમયે ત્ર્યોજરાશિપ્રમાણ છે તે સમયે કૃતયુગ્મ- પ્રમાણ છે કે જે સમયે કૃતયુગ્મ છે તે સમયે ત્ર્યોજપ્રમાણ છે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. હે ભગવન્ ! તે જીવો જે સમયે ત્ર્યોજરાશિપ્રમાણ છે તે સમયે દ્વાપરયુગ્મપ્રમાણ છે અને જે દ્વાપરયુગ્મરાશિ પ્રમાણ છે તે સમયે ત્ર્યોજરાશિપ્રમાણ છે ? હે ગૌતમ ! તે અર્થ સમર્થ નથી. એ રીતે કલ્યોજ રાશિની સાથે પણ સમજવું. અને બાકી બધું વૈમાનિકો સુધી તેમજ જાણવું. પરન્તુ બધાઓનો ઉપપાત વ્યુત્ક્રાંતિપદમાં કહ્યા પ્રમાણે જાણવો.

[૧૦૭૦]હે ભગવન્ ! રાશિયુગ્મમાં દ્વાપરયુગ્મરાશિપ્રમાણ નૈરયિકો ક્યાંથી ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! પૂર્વની પેઠે ઉદ્દેશક કહેવો. પણ પરિમાણ-બે, છ, દસ, સંખ્યાતા કે અસંખ્યાતા ઉત્પન્ન થાય છે અને સંવેધ પણ કહેવો. હે ભગવન્ ! તે જીવો જે સમયે દ્વાપરયુગ્મ છે તે સમયે કૃતયુગ્મ છે, કે જે સમયે કૃતયુગ્મ છે તે સમયે દ્વાપરયયુગ્મ છે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. એ રીતે ત્ર્યોજરાશિ અને કલ્યોજરાશિ સાથે પણ સમજવું. બાકી બધું પ્રથમોદ્દેશકની પેઠે યાવત્-વૈમાનિકો સુધી સમજવું.

[૧૦૭૧]હે ભગવન્ ! રાશિયુગ્મમાં કલ્યોજપ્રમાણ નૈરયિકો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ? પૂર્વ પ્રમાણે જાણવું. પરન્તુ પરિમાણ-એક, પાંચ, નવ, તેર, સંખ્યાતા કે અસંખ્યાતા ઉત્પન્ન થાય છે. સંવેધ પૂર્વની પેઠે જાણવો. હે ભગવન્ ! તે જીવો જે સમયે કલ્યોજરાશિપ્રમાણે છે તે સમયે કૃતયુગ્મરાશિપ્રમાણ છે અને જે સમયે કૃતયુગ્મરાશિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રમાણ છે તે સમયે કલ્યોજરાશિપ્રમાણ છે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. એ રીતે ત્ર્યોજ અને દ્વાપરયુગ્મ સાથે પણ કહેવું. બાકી બધું પ્રથમોદ્દેશકની પેઠે જાણવું

[૧૦૭૨]હે ભગવન્ ! રાશિયુગ્મમાં કૃતયુગ્મપ્રમાણ કૃષ્ણલેશ્યાવાળા નૈરયિકો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ? ધૂમપ્રભાની પેઠે ઉપપાત જાણવો. બાકી બધું જેમ પ્રથમોદ્દેશકમાં કહ્યું છે તેમ કહેવું. અસુરકુમારો સંબંધે પણ તેમજ જાણવું. એ રીતે યાવત્-વાનવ્યંતરો સુધી સમજવું. જેમ નૈરયિકોને કહ્યું તેમ મનુષ્યો સંબંધે પણ સમજવું. તેઓ આત્માના અસંયમનો આશ્રય કરે છે. 'તે લેશ્યારહિત છે, ક્રિયારહિત છે અને તેજ ભવમાં સિદ્ધ થાય છે' એટલું ન કહેવું. બધું પ્રથમોદ્દેશકની પેઠે સમજવું. કૃષ્ણ લશ્યાવાળા રાશિયુગ્મમા ત્ર્યોજયુગ્મપ્રમાણ સંબંધે પણ પૂર્વે પ્રમાણે ઉદ્દેશક કહેવો. દ્વાપરયુગ્મપ્રમાણ કૃષ્ણલેશ્યાવાળા સંબંધે પણ એમજ ઉદ્દેશક કહેવો કલ્યોજરાશિ પ્રમાણ કૃષ્ણલેશ્યાવાળા સંબંધે પણ એજ રીતે ઉદ્દેશક કહેવો. પરિમાણ અને સંવેધ ઔધિક ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે જાણવા. જેમ કૃષ્ણલેશ્યાવાળાઓ સંબંધે જણાવ્યું છે તેમ નીલલેશ્યાવાળાઓ વિષે પણ ચારે સંપૂર્ણ ઉદ્દેશકો કહેવા. પરન્તુ વાલુકાપ્રભાની પેઠે નૈરયિકોનો ઉપપાત કહેવો. કાપોતલેશ્યાવાળા સંબંધે પણ એજ રીતે ચાર ઉદ્દેશકો કહેવા. પરન્તુ નૈરયિકોનો ઉપપાત રત્નપ્રભાની જેમ જાણવો, હે ભગવન્ ! રાશિ યુગ્મ માં કૃતયુગ્મરાશિપ્રમાણ તેજોલેશ્યાવાળા અસુરકુમારો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ? પૂર્વની પેઠે જાણવું. પરન્તુ વિશેષ એ કે જેઓને તેજોલેશ્યા હોય તેઓ સંબંધેજ કહેવું. એ રીતે આ પણ કૃષ્ણલેશ્યા સરખા ચાર ઉદ્દેશકો કહેવા.એ રીતે પદ્મલેશ્યા સંબંધે પણ ચાર ઉદ્દેશકો કહેવા. પંચેન્દ્રિય તિર્યંચો, મનુષ્યો અને વૈમાનિકોને પદ્મલેશ્યા હોય છે અને બાકીનાઓને હોતા નથી. જેમ પદ્મલેશ્યા સંબંધે કહ્યું એમ શુક્લલેશ્યાને વિષે પણ ચાર ઉદ્દેશકો કહેવા. પરન્તુ મનુષ્યોને જેમ ઔધિક ઉદ્દેશકમાં કહ્યું છે તેમ જાણવું.

## શતકઃ૪૧-ઉદ્દેશકોઃઃ૨૯-૧૪૦

[૧૦૭૩]હે ભગવન્ ! ભવસિદ્ધિક રાશિયુગ્મમાં કૃતયુગ્મરાશિપ્રમાણ નૈરયિકો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ? જેમ પહેલાં ચાર ઔધિક ઉદ્દેશકો કહ્યા છે તેમજ આ સંબંધે પણ કહેવા. ભગવન્ ! કૃતયુગ્મરાશિપ્રમાણ કૃષ્ણલેશ્યાવાળા ભવસિદ્ધિક નૈરયિકો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! જેમ કૃષ્ણલેશ્યા સંબંધે ચાર ઉદ્દેશકો થાય છે તેમ આ ભવસિદ્ધિક કૃષ્ણલેશ્યાવાળા જીવો સંબંધે પણ ચાર ઉદ્દેશકો કહેવા. એ પ્રમાણે નીલલેશ્યાવાળા, કાપોત- લેશ્યાવાળા સંબંધે પણ ચાર ઉદ્દેશકો કહેવા. એમ તેજો લેશ્યા સંબંધે પણ ઔધિક સમાન ચાર ઉદ્દેશકો કહેવા. એ રીતે પદ્મલેશ્યાવાળા સંબંધે પણ ચાર ઉદ્દેશકો કહેવા. શુક્લલેશ્યાવાળા સંબંધે પણ ઓધિક સરખા ચાર ઉદ્દેશકો કહેવા.

[૧૦૭૪]હે ભગવન્ ! કૃતયુગ્મરાશિપ્રમાણ અભવસિદ્ધિક નૈરયિકો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ? પ્રથમ ઉદ્દેશકમાં કહ્યાં પ્રમાણે જાણવુ. પરન્તુ વિશેષ એ કે, મનુષ્યો અને નૈરયિકો સમાન રીતે કહેવા, અને બાકી બધુ તેમજ જાણવું. એ રીતે ચારે યુગ્મોમાં ચાર ઉદ્દેશકો કહેવા. કૃતયુગ્મરાશિપ્રમાણ કૃતલેશ્યાવાળા અભવસિદ્ધિક નૈરયિકો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે?એમ ચાર ઉદ્દેશકો કહેવા.એ રીતે નીલેશ્યાવાળા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાપોતલેશ્યાવાળા તેજોલેશ્યાવાળા અને પદ્મલેશ્યાવાળા સંબંધે પણ એજ પ્રકારે ચાર ઉદ્દેશકો કહેવા. શુક્લ- લેશ્યાવાળા અભવસિદ્ધિકો સંબંધે પણ ચાર ઉદ્દેશકો કહેવા.

[૧૦૭૫]હે ભગવન્ ! કૃતયુગ્મપ્રમાણે સમ્યગ્દૃષ્ટિ નૈરયિકોમાં ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ? જેમ પ્રથમ ઉદ્દેશક કહ્યો છે તેમ આ ઉદ્દેશક કહેવો. એમ ચારે યુગ્મોમાં ભવસિદ્ધિક સમાન ચાર ઉદ્દેશકો કહેવા. હે ભગવન્ ! કૃતયુગ્મરાશિપ્રમાણ કૃતલેશ્યા વાળા સમ્યગ્દૃષ્ટિ નૈરયિકો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ? એ સંબંધે પણ કૃષ્ણલેશ્યા વાળા જેમ ચારે ઉદ્દેશકો કહેવા. એ પ્રમાણે સમ્યગ્દૃષ્ટિઓને વિષે પણ ભવસિદ્ધિકની પેઠે અઠ્યાવીશ ઉદ્દેશકો કરવા.

[૧૦૭૬]કૃતયુગ્મરાશિપ્રમાણે મિથ્યાદૃષ્ટિ નૈરયિકો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ? મિથ્યાદૃષ્ટિના-ઉચ્ચારણથી અભવસિદ્ધિકના સમાન-૨૮ ઉદ્દેશકો કહેવા.

## શતકઃ૪૧-ઉદ્દેશક-૧૪૧-૧૯૬

[૧૦૭૭]હે ભગવન્ ! કૃતયુગ્મપ્રમાણ કૃષ્ણપાક્ષિક નૈરયિકો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ? અહીં પણ અભવસિદ્ધિકના સમાન અઠ્યાવીશ ઉદ્દેશકો કહેવા.

[૧૦૭૮]હે ભગવન્ ! કૃતયુગ્મપ્રમાણ શુક્લપાક્ષિક નૈરયિકો ક્યાંથી આવી ઉત્પન્ન થાય છે ? અહીં પણ ભવસિદ્ધિક સરખા અઠ્યાવીશ ઉદ્દેશકો થાય છે. એ પ્રમાણે એ બધા મળીને ૧૯૬ ઉદ્દેશકોનું રાશિયુગ્મશતક થાય છે. યાવત્-શુક્લલેશ્યાવાળા શુક્લ પાક્ષિક કાલ્યોજરાશિપ્રમાણ વૈમાનિકો યાવત્-જો ક્રિયાવાળા છે તો શું તેઓ તેજ ભવમાં સિદ્ધ થાય છે,યાવત્-સર્વ દુઃખોનો અંત કરે છે?એ અર્થ સમર્થ નથી.

[૧૦૭૯]ભગવાન્ ગૌતમ શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વાર પ્રદક્ષિણા કરે છે,પ્રદક્ષિણા કરી વાંદી નમે છે,નમીને ભગવાન્ ગૌતમ આ પ્રમાણે બોલ્યા-'હે ભગવન્ ! તે એમજ છે, હે ભગવન્ ! તે પ્રકારેજ છે, હે ભગવન્ ! એ સત્યજ છે, હે ભગવન્ ! તે અસંદિગ્ધ છે, હે ભગવન્ ! તે મને ઈચ્છિત છે, હે ભગવન્ ! તે મને પ્રતીચ્છિત-સ્વીકૃત છે, હે ભગવન્ ! તે સત્ય છે કે તમે જે કહો છો, 'અરિહંત ભગવંતોની વાણી પવિત્ર હોય છે. એમ કહી શ્રમણ ભગવંત મહાવીરને વાંદે છે, નમે છે, અને તપપૂર્વક આત્માને ભાવિત કરતા વિહરે છે. સર્વ ભગવતીના મળીને ૧૩૮ ઉદ્દેશકો અને ૧૯૨૫ શતકો થાય છે.

[૧૦૮૦-૧૦૮૧]ઉત્તમોઉત્તમ જ્ઞાનવડે સર્વદર્શી પુરુષોએ આ અંગમાં ચોરાશી લાખ પદો કહ્યા છે, તેમજ અપરિમિત ભાવ-વિધિ અને નિષેધો કહેલા છે. તપ, નિયમ, અને વિનયરુપ વેળા ભરતીવાળા, નિર્મળ જ્ઞાનરુપ વિપુલ પાણીવાળા, સેંકડો હેતુરુપ મહાન વેગવાળા અને ગુણથી વિશાળ એવા સંઘસમુદ્રના જય થાય છે.

**શતકઃ૪૧-ની મુનિ દીપરત્નસાગરે કરેલ ગુર્જરછાયાપૂર્ણ**

## શેષ-કથન

[૧૦૮૨-૧૦૮૭]ગૌતમાદિ ગણધરોને નમસ્કાર, ભગવતી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિને નમસ્કાર, દ્વાદશાંગ ગણિપિટકને નમસ્કાર. કાચબાની પેઠે સુંદર ચરણકમળવાળી, નહિ ચોળાયેલ કોરંટ વૃક્ષની કળી સમાન એવી પૂજ્ય શ્રુતદેવી મારા મતિઅજ્ઞાનનો નાશ કરો. વ્યાખ્યાપ્રજ્ઞપ્તિના આદિના આઠ શતકના બબ્બે ઉદ્દેશકોનો એક એક દિવસે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપદેશ કરાય છે. પરન્તુ પહેલી દિવસે ચોથા શતકના આઠ ઉદ્દેશકો અને બીજા દિવસે બે ઉદ્દેશકો ઉપદેશાય છે. નવમાં શતકથી આરંભી જેટલું જાણી શકાય તેટલું તેટલું એક એક દિવસે ઉપદેશાય છે, ઉત્કૃષ્ટપણે શતકનો પણ એક દિવસે ઉપદેશ કરાય છે. મધ્યમપણે બે દિવસે શતકનો અને જઘન્યપણે ત્રણ દિવસે શતકનો ઉપદેશ કરાય છે. એમ વીશમાં શતક સુધી જાણવુ. પરન્તુ પંદરમાં ગોશાલક શતકના એક દિવસે ઉપદેશ કરાય છે. જો બાકી રહે તો તેનો એક આર્યંબિલ કરીને ઉપદેશ કરાય છે, છતાં બાકી રહે તો બે આયંબિલ કરીને ઉપદેશ કરાય છે. એકવીશમાં, બાવીશમાં અને તેવીશમાં શતકનો એક એક દિવસે ઉપદેશ કરાય છે. ચોવીશમું શતક એક એક દિવસે છ છ ઉદ્દેશકો વડે એમ બે દિવસે ઉપદેશાય છે. પચીશમું શતક છ છ ઉદ્દેશકો વડે બે દિવસે ઉપદેશાય છે. બન્ધિશતકાદિ આઠ શતકો એક દિવસે, શ્રેણિશતાદિ બાર શતકો એક દિવસે, એકેન્દ્રિયના બાર મહાયુગ્મશતકો એક દિવસે, એમ બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયના બાર બાર શતકો તથા સંજ્ઞી પંચેન્દ્રિયના એક-વીશ મહાયુગ્મશતકો અને રાશિયુગ્મશતકો એક એક દિવસે ઉપદેશાય છે.

| ૫ | ભગવઈ-ગુર્જરછાયાપૂર્ણ |
|---|---|
| | પાંચમુ અંગસૂત્ર-ગુર્જરછાયાપૂર્ણ |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ॐ नमो अभिनव नाणस्स

આ આગમ સંપુટના મુખ્ય દ્રવ્યસહાયક

રત્નત્રયારાધકા સાધ્વીજી સૌમ્યગુણાશ્રીજી ની પ્રેરણાથી

૧- શાહ શાંતાબેન મનસુખલાલ બાબરીયા

૨- શાંતાબેન શાંતિલાલ પી. દામાણી

૩- મંજુલાબેન ગુણવંતલાલ વોરા

## આગમ દીપ પ્રકાશન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com